
# શ્રીમદ્ ભાગવત

## - શ્રી યોગેશ્વરજી




# Srimad Bhagavat

[ Principal stories of Bhagavat Puran in Gujarati ]

- Shri Yogeshwarji

## NOTICE

**સર્વ હક્ક લેખકને સ્વાધીન**

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.

☼ ☼ ☼ ☼ ☼



e-book

| | |
|---|---|
| Title | : Srimad Bhagavat |
| Language | : Gujarati |
| Version | : 2.1 |
| Pages | : 442 |
| Created | : March 9th 2008. |

☼ ☼ ☼ ☼ ☼

## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

☼ ☼ ☼ ☼ ☼

# નિવેદન

શ્રીમદ્ ભાગવતનું નામ ભારતવાસીઓથી અજાણ નથી. ભારતની બહારના પ્રદેશોમાં પણ એનો મંગલમય મહિમા ફેલાયેલો છે. મહર્ષિ વ્યાસની એ રસમય રચનાએ ધર્મપ્રેમી પ્રજાના હૃદયમાં ઘર કરેલું છે એવું કહીએ તો ચાલે. એનુ અધ્યયન, ચિંતન તથા મનન પ્રત્યેક ધર્મપ્રેમીએ કરવા જેવું છે.

ભગીરથે કરેલું ભાગીરથીનું અવતરણ જેમ અનેકને માટે અમોઘ આશીર્વાદરૂપ થયું છે તેમ, એથી અધિક પ્રમાણમાં આ જ્ઞાનભક્તિયુક્ત ભાગવતની ભાગીરથીએ અસંખ્ય સંતપ્ત આત્માઓની ઊંડી શાંતિ આપી છે, પ્રેરણા પૂરી પાડી છે અને નૂતન દૃષ્ટિ બક્ષી છે.

એના સુધામય સુખકારક સ્નાનનો મારો સઘળો સમય સફળ કે સાર્થક થયો છે તેમ બીજાનો પણ થશે જ એવી આશા રાખું તો એ અસ્થાને નહિ ગણાય.


— **શ્રી યોગેશ્વર.**

(મસૂરી, હિમાલય)

☼ ☼ ☼ ☼ ☼



**શ્રી યોગેશ્વરજીના હસ્તાક્ષર**



# અનુક્રમણિકા


## પ્રારંભ

૦૧. ભાગવતની પારાશીશી
૦૨. ઋષિપદની પ્રાપ્તિ
૦૩. ભાગવત વેદવિરોધી નથી
૦૪. ભાગવતનો ભાવાર્થ

## વંદન અને ફળશ્રુતિ

## ભાગવત માહાત્મ્ય

૦૧. ભક્તિ અને જ્ઞાનવૈરાગ્યરૂપી પુત્રો
૦૨. ગોકર્ણોપાખ્યાન

## પ્રથમ સ્કંધ

૦૧. મંગલાચરણ
૦૨. પરમ કલ્યાણનું સાધન
૦૩. મહર્ષિ વ્યાસનો અસંતોષ
૦૪. નારદજીના પૂર્વજન્મનો વૃતાંત
૦૫. ઉત્તરાના ઉદરમાં પરીક્ષિતની રક્ષા
૦૬. પરીક્ષિતનો જન્મ
૦૭. કલિયુગનાં ચાર આશ્રયસ્થાન
૦૮. પરીક્ષિતને શાપની પ્રાપ્તિ
૦૯. પરીક્ષિતનો પશ્ચાતાપ
૧૦. શુકદેવજીનું શુભાગમન

## દ્વિતીય સ્કંધ

૦૧. પરીક્ષિતના પ્રશ્નો
૦૨. જીવનની મંગલમયતા
૦૩. પરમાત્માના સ્વરૂપનું ચિંતન અને ધ્યાન
૦૪. યોગીઓની ગતિ વિશે
૦૫. સૃષ્ટિ સંબંધી પ્રશ્ન
૦૬. પ્રશ્નનો પ્રત્યુત્તર
૦૭. ભગવાનના લીલાવતાર

## તૃતીય સ્કંધ

૦૧. ઉદ્ધવ અને વિદુરનો મેળાપ
૦૨. વિદુર અને મૈત્રેયનો મેળાપ
૦૩. વિદુરનો બીજો પ્રશ્ન
૦૪. વરાહ અવતાર
૦૫. દિતિ અને કશ્યપ
૦૬. જય તથા વિજયને સનત્કુમારોનો શાપ
૦૭. કર્દમ ઋષિનું તપ
૦૮. માતા દેવહૂતિને ઉપદેશ
૦૯. સાંખ્યશાસ્ત્રની વિચારણા
૧૦. અષ્ટાંગયોગનો ઉપદેશ
૧૧. ભક્તિની મહત્તા
૧૨. માતા દેવહૂતિને જીવનમુક્તિપદની પ્રાપ્તિ

## ચતુર્થ સ્કંધ

૦૧. મહાદેવ તથા દક્ષનો વિરોધ
૦૨. દક્ષનો યજ્ઞ
૦૩. દક્ષનો નાશ
૦૪. દક્ષને પુનર્જીવનની પ્રાપ્તિ
૦૫. ધ્રુવચરિત્ર - ૧
૦૬. ધ્રુવચરિત્ર - ૨
૦૭. ધ્રુવચરિત્ર - ૩
૦૮. પૃથુનું પૃથ્વીપાલન
૦૯. પુરંજનોપાખ્યાન

## પંચમ સ્કંધ

૦૧. પ્રિયવ્રત
૦૨. ભગવાન ઋષભદેવ
૦૩. રાજર્ષિ ભરતનું ચરિત્ર
૦૪. જડભરત અને રહુગણ
૦૫. રહુગણના ઉદગાર

## ષષ્ઠ સ્કંધ

૦૧. ભાગવતનો સારસંદેશ
૦૨. અજામિલની જીવનકથા
૦૩. અજામિલની જીવનકથાનો સાર
૦૪. દધીચિ ઋષિની હિતભાવના
૦૫. વૃત્રાસુરની પ્રાર્થના
૦૬. વૃત્રાસુરનું પૂર્વચરિત્ર - ૧
૦૭. વૃત્રાસુરનું પૂર્વચરિત્ર - ૨

## સપ્તમ સ્કંધ

૦૧. હિરણ્યકશિપુની તપશ્ચર્યા અને વરપ્રાપ્તિ
૦૨. પ્રહલાદનો વિરોધ - ૧
૦૩. પ્રહલાદનો વિરોધ - ૨
૦૪. નૃસિંહ ભગવાનનું દર્શન
૦૫. સ્તુતિ અને વરદાન
૦૬. પ્રહલાદે માંગેલું વરદાન
૦૭. દેવર્ષિ નારદનો સમાગમ
૦૮. માયાસુરની કથા
૦૯. ધર્મનું રહસ્ય
૧૦. દત્તાત્રેય અને પ્રહલાદ
૧૧. સંસારમાં રહીને પરમાત્મપ્રાપ્તિ
૧૨. દેવર્ષિ નારદનો પૂર્વજન્મ

## અષ્ટમ સ્કંધ

૦૧. ગજેન્દ્રની કથા
૦૨. ગજેન્દ્રની પ્રાર્થના
૦૩. ગ્રાહ અને ગજેન્દ્રનું પૂર્વજીવન
૦૪. સમુદ્રમંથન
૦૫. અમૃતનો આવિર્ભાવ
૦૬. આધ્યાત્મિક સંદર્ભ
૦૭. મહાદેવજીનો મોહ
૦૮. બલિનો સ્વર્ગ પર વિજય
૦૯. પયોવ્રત
૧૦. ભગવાનનું પ્રાકટ્ય અને કર્મ
૧૧. કથા-વિચાર

## નવમ સ્કંધ

૦૧. એક સ્વાભાવિક પ્રશ્ન
૦૨. સુકન્યાનું ચરિત્ર
૦૩. અંબરીષ અને દુર્વાસા - ૧
૦૪. અંબરીષ અને દુર્વાસા - ૨
૦૫. દુર્વાસાની દુઃખનિવૃત્તિ
૦૬. સૌભરિ ઋષિનો સંમોહ
૦૭. ગંગાવતરણ
૦૮. રામાવતાર
૦૯. યયાતિના ઉદગારો
૧૦. રાજા રતિદેવની સ્થાપના

## દશમ સ્કંધ (પૂર્વાર્ધ)

૦૧. ભગવાન કૃષ્ણ વિશે
૦૨. કારાવાસમાં
૦૩. ભગવાન કૃષ્ણનું પ્રાકટ્ય - ૧
૦૪. ભગવાન કૃષ્ણનું પ્રાકટ્ય - ૨
૦૫. યોગમાયાની વાણી
૦૬. વાસુદેવ અને નંદ
૦૭. પૂતનાનો પ્રસંગ
૦૮. તૃણાવર્તનો ઉદ્ધાર
૦૯. નામકરણ સંસ્કાર અને બીજી લીલા
૧૦. યમલાર્જુનનો ઉદ્ધાર
૧૧. બકાસુર અને અઘાસુર
૧૨. બ્રહ્માને બોધપાઠ
૧૩. ધેનુકાસુર અને કાલિયનાગ
૧૪. પ્રલંબાસુર અને દાવાનલથી રક્ષા
૧૫. ચીરહરણ
૧૬. ગોવર્ધનધારણ
૧૭. રાસલીલા
૧૮. મથુરાગમન
૧૯. કંસનો નાશ
૨૦. ગુરૂકુળમાં
૨૧. ઉદ્ધવની વ્રજયાત્રા

## દશમ સ્કંધ (ઉત્તરાર્ધ)

૦૧. દ્વારકાપુરીની રચના
૦૨. કાળયવનનો નાશ
૦૩. લગ્ન
૦૪. સ્યમંતક મણિ
૦૫. ભૌમાસુર
૦૬. ઉષા અને અનિરુદ્ધનો મેળાપ
૦૭. પૌંડ્રક તથા કાશિરાજ
૦૮. ભગવાન કૃષ્ણની નિત્યચર્યા
૦૯. રાજસૂય યજ્ઞમાં
૧૦. કૃષ્ણ અને સુદામા
૧૧. કુરૂક્ષેત્રમાં
૧૨. સુભદ્રાહરણ
૧૩. વૃકાસુરનો નાશ
૧૪. વિષ્ણુ ભગવાનની શાંતિ

## એકાદશ સ્કંધ

૦૧. જીવનનું પરમ કલ્યાણ
૦૨. ભગવદ્ ભક્તનાં લક્ષણ
૦૩. માયામાંથી મુક્તિ
૦૪. નારાયણનું સ્વરૂપ

૦૫. અવતાર વિશે
૦૬. ભગવાનની ઉપાસના
૦૭. દત્તાત્રેયનાં ચોવીસ ગુરુ - ૧
૦૮. દત્તાત્રેયનાં ચોવીસ ગુરુ - ૨
૦૯. દત્તાત્રેયનાં ચોવીસ ગુરુ - ૩
૧૦. સત્સંગનો મહિમા
૧૧. સરળ સાધના માર્ગ
૧૨. ભગવાન કૃષ્ણનું સ્વધામગમન

## દ્વાદશ સ્કંધ

૦૧. છેલ્લી ભાગીરથી ધારા
૦૨. કલિયુગનાં લક્ષણો
૦૩. કલિયુગથી ઉગરવાનો ઉપાય
૦૪. છેવટનો સંદેશ
૦૫. જનમેજયનો યજ્ઞ
૦૬. માર્કંડેય મુનિની તપસ્યા તથા વરપ્રાપ્તિ

☼ ☼ ☼ ☼ ☼

# * પ્રારંભ *

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥



वसुदेवसुतं देवं कंसचाणूरमर्दनम् ।
देवकीपरमानन्दं कृष्णं वन्दे जगद् गुरूम् ॥

## [૧] ભાગવતની ભાગીરથી

ભાગવતની ભાગીરથી એવા શબ્દપ્રયોગને સાંભળીને કોઇને થશે કે ભાગીરથી અને એ પણ ભાગવતની ? શું ભાગવત એક ભાગીરથી છે ? ભાગવતને ભાગીરથી કહેવામાં તમારી કોઇ ભૂલ અથવા ગેરસમજ તો નથી થતી ? એવા એવા અનેકવિધ આશ્ચર્યોદ્દગાર કાઢનારને આપણે સંપૂર્ણ સહાનુભૂતિસહિત શાંતિપૂર્ણ સ્વરે કહીશું કે ના, ભાગવત એક ભવ્ય, પવિત્રતમ, પુણ્યમયી, અલૌકિક ભાગીરથી જ છે. ભાગીરથે પોતાના પિતૃઓના પરિત્રાણને માટે પૃથ્વી પર પ્રગટ કરેલી પેલી પુરાણપ્રસિદ્ધ, સર્વહિતકારી, ઋષિમુનિસેવિત, સરિતાઓના શિરમુકુટસમી, ભાગીરથી સ્થૂળ છે તો પુરાણોમાં પ્રમુખસ્થાન ધરાવતી, સર્વમંગલ કરનારી, ઋષિમુનિઓને જ નહિ પરંતુ સામાન્ય જનને પણ પ્રિય, શાસ્ત્રોના શિરમુકુટસરખી, આ ભાગીરથી સૂક્ષ્મ છે એટલું જ. બાકી આ ભાગવતની ભાગીરથીનો પ્રવાહ પણ એટલો જ, બલકે એથી પણ અધિક આનંદદાયક, પુણ્યપ્રદાયક, અલૌકિક અને આશીર્વાદરૂપ છે. ભાગીરથીની પેલી સ્થૂળ ધારા અમરાપુરીમાંથી આવીને પૃથ્વીના પવિત્ર પટ પર પ્રાદુર્ભાવ પામી એવું કહેવાય છે તો ભાગવતની ભાગીરથીની અંતરાત્માને અનુપ્રાણિત અને આલોકિત કરનારી મહાધારાનું મંગલમય અવતરણ સ્વર્ગની પેલી પારના વૈકુંઠ પ્રદેશમાંથી થયું હોય એવું લાગે છે. એ ભાગીરથીને માટે જગત જેમ તપસ્વીશ્રેષ્ઠ ભગીરથીનું ઋણી છે તેમ આ ભાગવતરૂપી ભાગીરથીને માટે ઋષિશ્રેષ્ઠ મહર્ષિપ્રવર વ્યાસનું ઋણી છે.

પેલી સ્થૂળ ભાગીરથીનું દર્શન, સ્પર્શન, સ્નાન અને પાન જેમ કલ્યાણકારક છે તેમ આ ભાગીરથીના સંબંધમાં પણ સમજી લેવાનું છે. પેલી સ્થૂળ ભાગીરથીની જેમ ભાગવતની આ સૂક્ષ્મ છતાં શક્તિશાળી શક્તિસંચારક ભાગીરથીએ આજ સુધી કેટલા અનાથને આશ્રય આપ્યો, કેટલા સંતપ્ત જીવોને શાંતિ આપી, કેટકેટલા શરણગત બનેલા અનુરાગી આત્માઓની કાયાપલટ કરી, અને કેટલાના જડ જીવનમાં ચેતનાપ્રદાયિકા નવી જ્યોતિ ભરીને અસાધારણ ગતિ ધરી, તેનો હિસાબ કોણ રજૂ કરી શકે ? એના તપઃપૂત તટપ્રદેશ પર તપસ્યા કરીને, એના સ્વર્ગસુખદ સૌંદર્યને આંખમાં અને અંતરમાં ભરીને, એના સુધાસભર સંગીતસ્વરોનું શ્રવણ કરીને, અને એના નિર્મળ નીરમાં નિમજ્જન કરીને, કોણે ક્યારે કેટલી કૃતાર્થતા મેળવી તે ચોક્કસપણે સંપૂર્ણ સ્વરૂપે કોણ કહી શકે ? અરે એનો આછોપાતળો ચિતાર આપવાનું સાહસ પણ કોણ કરી શકે ? જગત તો એ ભાગવતભાગીરથીના સુધામય શાંતિદાયક સલિલમાં મન મૂકીને સ્વૈરવિહાર અને સ્નાન કરનારા તથા ધન્ય બનનારા એકાદ પરીક્ષિતને જ જાણે છે, પરંતુ એવા બીજા કેટકેટલા અનામી અપરિચિત પરીક્ષિતો એવી રીતે એનો દેવદુર્લભ લાભ લઇને ધની તથા ધન્ય બની ગયા ને મૃત્યુંજય થવાની સાથે સાથે પોતાના મૂળભૂત પરમાત્મસ્વરૂપમાં પ્રતિષ્ઠિત થયા તેનું સંતોષકારક સરવૈયું કોણ કાઢી શકે તેમ છે ? ભાગવતની ભાગીરથીએ પેલા પરીક્ષિતની પેઠે બીજા કેટલાને નિર્ભય, નિર્મમ ને નિરહંકાર કર્યા તેમ જ અક્ષય પદ ધર્યા તે કોણ વર્ણવી શકે તેમ છે ? એનો અલૌકિક આશ્રય લઇને અને એમાં અવગાહન કરીને આજે પણ ભય, શોક તથા મોહમાંથી મુક્તિ મેળવીને કેટકેટલાં સ્ત્રીપુરુષો પાવન થતાં હશે

ને ભવિષ્યમાં કેટલાં પાવન થશે ને કૃતકામ બનશે તેના માહિતી કોણ પૂરી પાડી શકે તેમ છે ? એટલે ભાગવતની આ ભાગીરથી પેલી સ્થૂળ ભાગીરથીની જેમ-એથી પણ વધારે આશીર્વાદરૂપ છે એ નિર્વિવાદ છે.

એક બીજી વાત. ભાગીરથીનું પવિત્રતમ પ્રાકટય જેવી રીતે હિમાચ્છાદિત પર્વતપ્રદેશની વચ્ચેના ગોમુખમાંથી થયેલું દેખાય છે તેવી રીતે ભાગવતની ભાગીરથીનો પ્રાદુર્ભાવ ધીરગંભીર પ્રસન્નપ્રાણ પરમાત્માપરાયણ મહર્ષિ વ્યાસના પ્રાણપ્રદેશમાંથી થયેલો છે. પોતાની તાલબદ્ધ પ્રસન્નમધુર દ્રુતવિલંબિત ગતિથી આગળ વધતી ભાગીરથીના તટપ્રદેશ પર ભાતભાતનાં તીર્થો આવે છે તેવી રીતે ભાગવતની ભગીરથીના જ્ઞાનભક્તિસંયુત તપઃપૂત તટપ્રદેશ પર પણ જાતજાતનાં તીર્થો છે. તેના બાર સ્કંધોને તેનાં બાર મહાતીર્થો કહી શકાય. ત્યાં બ્રહ્મવિદ્યા તેમજ પ્રેમલક્ષણા ભક્તિની લલિત લહરી વાય છે ને જીવનની આત્યંતિક ધન્યતા પોતાનું ગીત ગાય છે.

ભાગવતની ભાગીરથીની એક બીજી વિશેષતા કે વિલક્ષણતા પણ જોવા જેવી છે. સામાન્ય રીતે સ્નાનાદિ કરવાની ઇચ્છાવાળો પુરુષ પોતે જ સરિતાની પાસે પહોંચતો હોય છે; સરિતા સ્વયં એની પાસે નથી પહોંચતી. પરંતુ ભાગવતની ભાગીરથીના સંબંધમાં એથી જુદું જ છે. પેલી ભાગીરથીની તો પાસે આપણે પોતે કાશી, પ્રયાગ કે હરિદ્વાર જઇને પહોંચવું પડે, પરંતુ ભાગવતની ભાગીરથીની અલૌકિકતા તો અવલોકો. એ અક્ષરદેહે અવતરીને શ્રવણ, મનન, નિદિધ્યાસન, પઠન-પાઠન તથા દર્શન-સ્પર્શરૂપે એની મેળે જ આપણું કલ્યાણ કરવા માટે આપણી પાસે પહોંચી જાય છે અને આપણને એની રીતે મદદરૂપ થાય છે. એને કામધેનુ કહી શકીએ, કલ્પવૃક્ષનું સુંદર નામ આપી શકીએ, કારણ કે આપણી સમસ્ત કામનાઓની કામચલાઉ કે કાયમી પૂર્તિ કરીને એ આપણને માટે આશીર્વાદરૂપ અથવા આનંદદાયક ઠરે છે, તો પણ આપણે એને ભાગીરથી જ કહીશું ને ભાગીરથી તરીકે જ ઓળખીશું. કારણ કે ભાગીરથી શબ્દની પાછળ જે સંસ્કારિતા છે, સાર સમાયેલો છે, જે લોકોત્તર પવિત્રતા, કલ્યાણકારકતા, ભૂતકાલીન પરંપરાગત ઇતિહાસની ઉદાત્તતા તથા આકર્ષકતા અને જાદુ છે તેનું દર્શન કામધેનું ને કલ્પવૃક્ષ જેવા બીજા શબ્દોમાં નથી થતું. કોઇની અંદર એટલી બધી ભાવમયતા નથી લાગતી. એ ભાગીરથીનું દર્શન, સ્પર્શન, આચમન અને સ્નાન સર્વપ્રકારે સુખદ તેમજ શ્રેયસ્કર છે. એની પ્રતીતિ જેમ જેમ અનુભવ થશે તેમ તેમ થયા વિના નહિ રહે.

☼ ☼ ☼ ☼ ☼

# [ ૨ ] ઋષિપદની પ્રાપ્તિ

ભાગવતના રચયિતા વ્યાસને ભારતીય સંસ્કૃતિના અવિભાજ્ય આત્મા કહી શકાય. ભારતીય સંસ્કૃતિમાં એમનું યોગદાન ઘણું મોટું છે. મોટું હોવાની સાથે સાથે મહામૂલ્યવાન પણ છે. એ યોગદાનને બાદ કરીએ તો ભારતીય સંસ્કૃતિનુ સાહિત્યગૌરવ ઘણું ઘટી જાય તેમ છે. એમણે ભારતને અને એ દ્વારા સમસ્ત માનવજાતિને વેદના વ્યવસ્થિત વિભાગો આપ્યા, બ્રહ્મસૂત્ર જેવા અસાધારણ ગ્રંથરત્નનું દાન કર્યું, ને ગીતા તથા અષ્ટાદશ પુરાણોનો મહામૂલો વ્યાધિવાર્ધક્યરહિત અમર વારસો પૂરો પાડયો. ભારતને, ભારતીય જીવનદૃષ્ટિને, સાધનાને તથા સંસ્કૃતિને સારી પેઠે સમજવા માટે એ ગ્રંથરત્નોનો પરિચય પ્રાપ્ત કર્યા વિના નથી ચાલે તેમ. સંસ્કૃતિના સૂત્રધાર અથવા પાલકપિતા જેવા જ્ઞાનના સાક્ષાત સ્વરૂપ સરખા વ્યાસને ઇશ્વરના ચોવાસ અવતારોમાંના એક કહીને ભારતીય સંસ્કૃતિએ એમનું જ નહિ પરંતુ પોતાનું પણ સત્માન કર્યું છે કે ગૌરવ વધાર્યું છે. એમને મહર્ષિ વ્યાસના નામથી પણ ઓળખવામાં આવે છે એ સર્વથા યોગ્ય જ છે.

ઋષિપદની પ્રાપ્તિ ધાર્યા જેટલી સહેલી નથી. એને માટે એકધારી સતત સાધનાની આવશ્યકતા પડે છે. પંડિત થવું, શાસ્ત્રી, આચાર્ય કે ઉપદેશક, જ્ઞાની તથા તપસ્વી બનવું એક વાત છે ને ઋષિ બનવું એ જુદી જ વાત છે. એક માણસ પંડિત, શાસ્ત્રી, આચાર્ય, ઉપદેશક, જ્ઞાની, તપસ્વી કે દાર્શનિક અથવા કથાકાર હોઇ શકે. ઋષિપદને વાકપટુતા કે અસાધારણ વિલક્ષણ વકતૃત્વશક્તિ સાથે, પ્રખર બૌદ્ધિક પ્રતિભા કે મેધા સાથે અથવા શાસ્ત્રજ્ઞાન સાથે સંબંધ નથી હોતો. એ સઘળાંથી સંપન્ન હોય કે ના હોય તો પણ માણસ ઋષિ બની શકે છે. ઋષિપદ તો જીવનની સુયોજિત અસાધારણ અમોઘ આત્મસાધનાનો એક વિશાળ વિકાસક્રમ છે. એ પદ પર પહોંચનાર સર્વપ્રકારે સુખી, શાંત ને સાર્થક થાય છે તથા ધન્ય બની જાય છે. એ પદ પર પહોંચવાનું સહેલું નથી. કોઇક વિરલ વ્યક્તિવિશેષ જ ત્યાં પહોંચી શકે છે. એ પદ પર પ્રતિષ્ઠિત થવા માટે સૌથી પહેલાં તો દૈવી સંપત્તિની અથવા સદગુણોની મૂર્તિ બનવાની કોશિશ કરવી પડે છે, વિચારો તથા ભાવોને ને વ્યવહારોને વિશદ કે ઉદાત્ત કરવા પડે છે, ને મન તથા ઇન્દ્રિયોના પોતાની ઉપરના આધિપત્યનો અંત આણીને એમની ઉપર શાસન કરતાં શીખવું પડે છે. એની સાથે સાથે આત્મસાક્ષાત્કારની અંતરંગ સાધનાનો આધાર લેવાનું અને ધ્યાનધારણા અથવા નામજપ દ્વારા આત્માના અતલ અનંત ઊંડાણમાં અવગાહન કરવાનું કાર્ય પણ એટલું જ આવશ્યક મનાય છે. એવા આહલાદક અનવરત અવગાહન દ્વારા એની પરિસીમાએ પહોંચીને છેવટે પોતાની અંદર રહેલી પરમાત્માની પરાત્પર સત્તાનો સાક્ષાત્કાર કરી લેવો પડે છે ને જીવનની ધન્યતાને અનુભવવી રહે છે. પરમાત્માની એ સત્તાની ઝાંખી સંપૂર્ણ સંસારમાં થવાથી ભેદભાવ, ભય, ભ્રાંતિ અને મોહનો નાશ થાય છે ને જીવન શાંતિથી સભર, સંવાદી ને સુધામય બની જાય છે. એવો પુરુષવિશેષ સાચા અર્થમાં ઋષિ બને છે કે ઋષિ તરીકે ઓળખી શકાય છે. એનું સમસ્ત જીવન એની સઘળી સાધનસંપત્તિ સાથે સંસારનું બની જાય છે ને સંસારના ઉપયોગમાં આવે છે. એ સંસારની મહામોંઘી મૂડી બને છે અને આશીર્વાદરૂપ થાય છે.

આપણી સંસ્કૃતિનો આ ઉચ્ચતમ આદર્શ છે. એણે ઋષિ બનવામાં જીવનની ધન્યતા માની છે. પ્રત્યેક માનવે એવા આપ્તકામ પરમાત્મદર્શી ઋષિ થવાનું છે અને એવા મુક્ત, પૂર્ણ ને કૃતકૃત્ય ઋષિ થવા માટે પ્રામાણિકપણે પુરુષાર્થ કરવાનો છે. જીવનનું ધ્યેય કેવળ શુષ્ક પંડિત, તાર્કિક કે દાર્શનિક થવાનું નથી પરંતુ ઋષિ થવાનું છે. આપણે ત્યાં ધર્મ, તત્વજ્ઞાન, સાધના, જ્ઞાન, ભક્તિ, યોગ તથા કર્મને એજ દૃષ્ટિથી જોવા તથા મૂલવવામાં આવે છે. એમની સાર્થકતા માનવને ઉત્તરોત્તર આગળ વધારીને ઋષિપદે પહોંચાડવામાં છે. એ માનવની આમૂલ ક્રાંતિ કરે છે, એને સાચા અર્થમાં માનવ બનાવે છે, તેમજ પુરુષોત્તમનો પ્રત્યક્ષ પરિચય કરાવીને પુરુષોત્તમતુલ્ય કરીને જીવનનું સંપૂર્ણ સાર્થક્ય ધરે છે. ભાગવતની ભાગીરથીને પૃથ્વીના પરિત્રાણ માટે પૃથ્વી પર પ્રવાહિત કરનાર વ્યાસ એ અર્થમાં એક આદર્શ ઋષિ હતા એટલું જ નહિ પરંતુ ઋષિના પણ ઋષિ-મહર્ષિ હતા એ જ્યારે જાણીએ છીએ ત્યારે એમની મહાનતાની પ્રતીતિ થયા વિના નથી રહેતી.

એવા ઋષિ અથવા મહર્ષિ વ્યાસે કરેલી ભાગવતરૂપી ભાગીરથીની રચના 'સ્વાન્તઃસુખાય' એટલે કે એમના પોતાના આત્મિક સુખની અનુભૂતિને માટે તો છે જ. ભાગવતની ભાગીરથીના પવિત્રતમ પ્રવાહનું પ્રાકટય એમણે પોતાના આત્મસ્થ અવિદ્યારૂપી અંધકારના અંત માટે, 'સ્વાન્તસ્તમશ્શાંતયે' અને જીવનની પરમ કૃતાર્થતા માટે જ કરેલું છે. એ એમનો એકમાત્ર પ્રધાન ઉદ્દેશ હતો. એ પ્રયોજનની પૂર્તિ એમણે સુચારુરૂપે કરી લીધી. પરંતુ એમની એ લોકોત્તર રચના દ્વારા 'સ્વાન્તઃસુખાય'ની સાથે સાથે 'પરજનહિતાય' નું એટલે કે બીજા મનુષ્યોના મંગલનું મધુમય ધ્યેય પણ આપોઆપ અથવા સહજ રીતે જ સિદ્ધ થયું છે. અને કેમ સિદ્ધ ના થાય ? પૃથ્વીના પદાર્થો દ્વારા દ્વિવિધ પ્રયોજનની પૂર્તિ થતી દેખાય છે. સૂર્ય ને ચંદ્ર સ્વયં પ્રકાશવાની સાથે સાથે પૃથ્વીને પણ સ્વાભાવિક રીતે જ પ્રકાશ ધરે છે. ફૂલ પોતે ખીલવાની સાથે સાથે ઉપવનની આકર્ષકતા, આહ્લાદકતા અને અમૃતમયતામાં અભિવૃદ્ધિ કરે છે. દીપક સ્વયં પ્રકાશિત થવાની સાથે સાથે આસપાસના વાયુમંડળને પ્રકાશે ભરે છે. સરિતા સિંધુની દિશામાં દોડે છે ખરી પરંતુ એનું દોડવાનું દુનિયાને માટે આશીર્વાદરૂપ ઠરે છે. એ બધાં આત્મલક્ષી બનીને પોતાને માટે જીવતાં કે કામ કરતાં દેખાતાં હોય તો પણ પરલક્ષી બની રહે છે અને બીજાને માટે ઉપયોગી બને છે. જીવન દ્વારા પણ એવી રીતે આત્મલક્ષી અને પરલક્ષી બંને પ્રકારના હેતુ સરે છે. એની દ્વારા પોતાની વ્યક્તિગત સમુન્નતિ સધાય છે તથા બીજાને મદદ મળતી રહે છે. સાહિત્યની સાધના અથવા પ્રવૃત્તિ પણ એમાં અપવાદરૂપ નથી.

કેટલાકને પ્રશ્ન થાય છે કે સાહિત્ય 'સ્વાન્તઃસુખાય' છે કે 'પરજનહિતાય' ? એ પ્રશ્નનો પ્રત્યુત્તર ઉપરની વિચારણામાં આવી જાય છે. એ દ્વારા પણ પોતાના સુખનો ને બીજાના હિતનો બેવડો હેતુ સ્વાભાવિકરીતે જ સધાય છે ને સધાવો જોઇએ. બીજાને મદદરૂપ થવાની વૃત્તિ કે પ્રવૃત્તિ તરફ ઉપેક્ષા રાખવાનું કે આંખમીંચામણા કરવાનું વલણ બરાબર નથી. એવું વલણ વ્યક્તિ તથા સમષ્ટિને સારું શ્રેયસ્કર ના કહી શકાય. એ સંદર્ભમાં જોઇએ તો મહર્ષિ વ્યાસે કરેલી ભાગવતરૂપી ભાગીરથીની રચના અનેકને માટે ઉપયોગી બની છે. ભવિષ્યની અસંખ્ય પેઢીઓ એમાંથી પ્રેરણા મેળવશે ને પ્રકાશ તથા શક્તિની નવી સામગ્રી પ્રાપ્ત કરશે. એને માટે સ્વનામધન્ય પ્રાતઃસ્મરણીય મહર્ષિ વ્યાસને જેટલા પણ અભિનંદન આપીએ એટલાં ઓછાં છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૩] ભાગવત વેદવિરોધી નથી

ભાગીરથીના પવિત્ર પ્રવાહનું પ્રાકટ્ય હિમાચ્છાદિત પર્વતપ્રદેશના ગોમુખ ધામમાં થતું દેખાય છે. ગોમુખથી આગળ વધીને એ પ્રવાહ ગંગોત્રીની પાસે આવે છે. અને એ પછી તો કેટલાય ભૂમિભાગોમાં ફરી વળે છે. ગંગોત્રીથી આગળ પ્રવાહિત થઇને ઉત્તરકાશીમાં, ટિહરીમાં ભીલંગના નદીનો સુભગ સંગમ થાય છે ત્યાં, અને એ પછી દેવપ્રયાગના પવિત્ર પુણ્યપ્રદેશમાં બદરીનાથથી વહી આવતી આકર્ષક અલકનંદા સાથેના સુમધુર નયનમનોહર સંગમમાં એનું જ અવલોકન કરી શકાય છે. એ પછી પણ એનો અંત આવે છે ખરો ? ના. અનુભવીઓ સારી પેઠે જાણે છે કે એ પછી ગંગા નામ ધારીને એજ ભાગીરથી ઊંચાઊંચા પર્વતપ્રદેશનો પરિત્યાગ કરીને સ્વૈરવિહાર કરવાની અભિલાષાથી પ્રેરાઇને સપાટ પ્રદેશમાં હૃષીકેશ અને હરિદ્વાર આગળ આવે છે અને વળી પાછી કાનપુર, પ્રયાગરાજ તથા કાશીની ધરતીને મહિમામયી કરવા માટે પહોંચી જાય છે. એ ભૂમિને પોતાના પરમ રસથી પરિપ્લાવિત કરીને કલકત્તામાં એ ખૂબ જ વિશાળ બને છે, સાગરમાં સમાવા સારુ અવનવું રૂપ ધરે છે, ને છેવટે ગંગાસાગરની આગળ સાગરમાં મળે છે. ગોમુખમાંથી પ્રકટીને પ્રવાહિત થનારી ભાગીરથી ગંગાનો દેહ ઉત્તરોત્તર વિસ્તરે છે. ગોમુખમાં અને ગંગાસાગર સુધીનાં અને એ પછીનાં બીજાં બધા સ્થળોમાં એ ભાગીરથી અથવા ગંગા જ કહેવાય છે. છતાં પણ જો કોઇ એમ કહે કે હું તો ગોમુખની કે ગંગોત્રીની જ ગંગાને માનું છું ને તે પછીની ઉત્તરકાશીની, ટિહરીની, હૃષીકેશની, હરિદ્વારની, કાનપુરની, પ્રયાગરાજની, કાશીની, કલકત્તાની તથા ગંગાસાગરની ગંગાને નથી માનતો તો તેના કથનને આપણે કેવું માનીશું ? આદર્શ અથવા વાસ્તવિક નહિ જ માનીએ પરંતુ અજ્ઞાનમૂલક, ભૂલભરેલું કે ભ્રાંત સમજીશું.

ભારતવર્ષના શુદ્ધતમ સનાતન સાંસ્કૃતિક પ્રવાહનું પણ એવું જ છે. એ પ્રવાહનું પ્રાકટ્ય વેદોમાં થાય છે ખરું, પરંતુ એ પછીથી એ પ્રવાહ આગળ વહેતો જ નથી ને ત્યાં જ પરિસમાપ્તિએ પહોંચે છે એવું નથી સમજવાનું. વેદોમાં પ્રાદુર્ભાવ પામેલો ભારતની પવિત્રતમ સાંસ્કૃતિક ગંગાનો એ પુણ્યપ્રદાયક પ્રવાહ ઉપનિષદોમાં આવિર્ભાવ પામે છે, અને ષટદર્શન, રામાયણ, મહાભારત તથા ભાગવત જેવા પુરાણગ્રંથો અને ગીતામાં પણ એ જ પુણ્યપ્રવાહનું દર્શન થાય છે. ત્યાં પણ એ પ્રવાહની પરિસમાપ્તિ નથી થતી. એ પુણ્યપ્રવાહ છેવટે બુદ્ધ અને શંકરના યુગમાં આવે છે, મધ્વાચાર્ય, નિમ્બાર્કાચાર્ય, રામાનુજાચાર્ય ને વલ્લભાચાર્ય, તિરુવલ્લુર, ગુરુ નાનકદેવ, ચૈતન્ય મહાપ્રભુ, કબીર, સમર્થ રામદાસ, તુકારામ, સંતશિરોમણી જ્ઞાનેશ્વર, સુરદાસ તથા તુલસીદાસના જમાનામાં આવે છે અને આખરે રામકૃષ્ણ પરમહંસદેવ, વિવેકાનંદ, દયાનંદ, રામતીર્થ, ટાગોર, શ્રી અરવિંદ અને રમણ મહર્ષિ જેવા મહાત્મા પુરુષોના તેમજ ગાંધીજી સરખા યુગપુરુષ અથવા યુગપ્રવર્તકના આધુનિક રૂપમાં પુનરાવતાર પામે છે. ભારતની સાધના અને સંસ્કૃતિનો ગંગાપ્રવાહ એવો વિશદ અને વિરાટ છે તથા ભવિષ્યમાં વધારે ને વધારે વ્યાપક ને વિશાળ બનશે. એ પ્રવાહને માટે આપણને-પ્રત્યેક ભારતવાસીને માન છે અને હોવું જોઇએ. ભારતીય સંસ્કૃતિનું હૃદય એ જુદા જુદા જણાતા પ્રવાહોમાં પ્રકટ થયું છે. છતાં પણ કેટલાક લોકો, સામાન્ય લોકો જ નહિ પરંતુ મોટા મોટા વિદ્વાનો પણ, એવું કહે છે કે અમે તો એક વેદને જ માનીએ છીએ ને તે સિવાયના ગીતા, રામાયણ,

મહાભારત કે ભાગવત જેવા બીજા કોઇયે ધર્મગ્રંથને નથી માનતા, તેને વાંચવા, વિચારવા, સાંભળવા કે સ્પર્શ કરવા પણ નથી માગતા, ત્યારે તેમની વાત કેવી વિચિત્ર લાગે છે ? જેમ કોઇ માણસ ગોમુખની કે ગંગોત્રીની જ ગંગાને માને ને એ સિવાયના બીજા બધા જ ગંગાપ્રવાહોને માનવાનો ઇન્કાર કરે તેવી. એવી વાતને યથાર્થ ના કહી શકાય.

કેટલાકની માન્યતા એવી છે કે ભાગવત વેદવિરોધી છે, પરંતુ એ માન્યતા નિરાધાર છે. ભાગવત વેદવિરોધી નથી પણ વેદાનુકૂળ છે. વેદની પરંપરામાં જ ચાલે છે ને આગળ વધે છે. વેદોની ગૂઢતમ આત્મજ્ઞાનની વાતો સામાન્ય કે અસામાન્ય માનવોને માટે સમજવાનું ધાર્યા જેટલું સહેલું નથી. ભાગવતમાં ઠેકઠેકાણે તેમનું લોકભાગ્ય, કથાત્મક ભાષ્ય કરવામાં આવ્યું છે. મોટા ભાગના મનુષ્યોને કથાઓ પ્રત્યે રુચિ હોય છે. કથાઓ દ્વારા પીરસાયલા તત્વજ્ઞાનનો આસ્વાદ મેળવવાનું એમને સારું સરળ બને છે. એ દૃષ્ટિએ જોતાં ભાગવતનું મૂલ્ય ઓછું નથી આંકવા જેવું. મહર્ષિ વ્યાસે કુશળ મનોવૈજ્ઞાનિકની પ્રગલ્ભ પ્રતિભાનો પરિચય કરાવતાં ભાગવત જેવા મહાગ્રંથની રચના કરીને માનવજાતિનું મંગલ કર્યું છે. એમનો એ ઉપકાર અજોડ છે. એ વેદોના પ્રકાંડ પંડિત અને અનન્ય આરાધક છે. એમણે લોકહિતની પરમકલ્યાણકારી ભાવનાથી પ્રેરાઇને વેદોના વ્યવસ્થિત વિભાગો કર્યા છે. એવા વિશાળ હૃદયના વેદાનુરાગી મહાપુરુષ વેદવિરોધી વાત કેવી રીતે કરે ને વેદવિરોધી ભાગવતગ્રંથનું નવનિર્માણ પણ કેવી રીતે કરી શકે ? એમને માટે એવી અનુચિત આશંકા કે કલ્પના કરવી એ એમને ના સમજવા બરાબર, એમની ઉપર અયોગ્ય આક્ષેપ કરવા બરાબર અને એમનું જાણ્યે કે અજાણ્યે અપમાન કરવા બરાબર છે.

જે લોકો ભાગવતને વાંચવા-વિચારવાની તસ્દી નથી લેતા તે જ વધારે ભાગે એવી અનુચિત વાતોને કર્યા કરે છે. ભાગવતને વાંચવા-વિચારવાથી એવી નિરાધાર ભ્રામક વાતોનો અંત આવે છે ને સમજાય છે કે ભાગવતમાં વેદના જ સિદ્ધાંતોનું અને આદર્શોનું વિશદ વિવરણ છે, અને વેદનું સ્થળે સ્થળે સ્મરણ તથા સન્માનસૂચક વર્ણન કરવામાં આવ્યું છે. ભાગવતના પ્રથમ સ્કંધના પ્રથમ અધ્યાયમાં મંગલાચરણના ત્રીજા સુંદર શ્લોક પરથી એની પરિપૂર્ણ પ્રતીતિ થાય છે.

આ રહ્યો એ સરસ સારવાહી શ્લોકઃ

**निगमकल्पतरोगर्लितं फलं शुकमुखादमृतद्रवसंयुतम् ।**
**पिबत भागवतं रसमालयं मुहुरहो रसिका भुवि भावुकाः ॥**

અર્થાત્ ભાગવત એ વેદરૂપી સુંદર સુવિશાળ કલ્પવૃક્ષનું પકિપક્વ સુમધુર ફળ છે. શુકના મુખથી ફળ જેવી રીતે ચખાતા વધારે સ્વાદિષ્ટ બને છે તેમ શુકદેવ સરખા મહાજ્ઞાની સંતશિરોમણિના શ્રીમુખના સંસર્ગથી એ અધિક અમૃતમય અને આસ્વાદ્ય બની ગયું છે. એ અમૃતરસથી ભરપુર છે. એ રસના ભંડાર જેવા ભાગવતના રસનું પાન પૃથ્વી પરના ભાવભક્તિવાળા જીવો વારંવાર કરો, રસિકો એના રસાસ્વાદનો લાભ લો, ને કૃતાર્થ બનો.

એ શ્લોકમાં ભાગવતને વેદરૂપી વિશાળ કલ્પવૃક્ષનું સ્વાદિષ્ટ સુધામય ફળ કહ્યું છે એ શું બતાવે છે ? સૌથી પહેલાં તો એ વર્ણનમાં વેદ પ્રત્યેનો આદરભાવ ને વેદના મંગલમય મહિમાનો સ્વીકાર જોવા મળે છે.

વેદને સૌથી પહેલાં મનોમન પરમપૂજ્યભાવે પ્રણામ કરવામાં આવે છે ને બીજી મહત્વની હકીકત પ્રત્યે અંગુલિનિર્દેશ. એ મહત્વની હકીકત કયી છે ? વૃક્ષમાં રસ તો હોય છે જ પરંતુ એ રસ ફળમાં પૂરેપૂરો પ્રકટ થાય છેઃ વૃક્ષની શાખાઓમાં ને વૃક્ષનાં પાંદડાંમાં પ્રકટ નથી થતો. ફળમાં વૃક્ષના હૃદયનો, રસનો, જીવનનો અને આત્માનો આવિર્ભાવ થાય છે. એવી રીતે ભાગવતમાં વેદના અપ્રકટ રસનો પ્રકટ રીતે અવતાર થયો છે. વેદમાં જે રસ સહેલાઇથી નથી દેખાતો તે રસનો આસ્વાદ ભાગવતમાં અનાયાસે કરી શકાય છે. ભાગવત તે રસનું મૂર્તિમંત સ્વરૂપ છે. એમાં રસ જ રસ છે. એનો આસ્વાદ લેનાર રસરુપ બની જાય છે. એ શ્લોક પરથી સહેલાઇથી સમજાશે કે ભાગવત વેદવિરોધી નથી ને વેદના જ સનાતન જીવનોપયોગી સંદેશને રસમય રીતે રજૂ કરનારો એક અદભુત મંગલ મહામૂલ્યવાન મહાગ્રંથ છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૪] ભાગવતનો ભાવાર્થ

ભાગવતમાં મોટે ભાગે શું છે ? ભાગવતમાં સમાવાયેલી શાશ્વત સામગ્રીનું સ્વરૂપ કેવું છે ? ભાગવતનો મહત્વનો સારસંદેશ શો છે અને ભાગવત શબ્દનો ભાવાર્થ શો છે ? ભાગવતનો અર્થ ભગવાનના એવો કરીએ તો કહી શકાય કે ભાગવત માનવમાત્રને જીવનમાં શાશ્વત સુખ, શાંતિ, મુક્તિ તથા પૂર્ણતા મેળવવા ને જીવનને સાચા અર્થમાં સફળ અને રસમય કરવા માટે ઇશ્વરાભિમુખ થવાનો કે ભગવાનના બનવાનો સંદેશ આપે છે. એનો આધાર લઇને સૌએ ભગવાનના બનવા અથવા ઇશ્વરમય જીવન જીવવા માટે પ્રયત્ન કરવાનો છે. એ પ્રયત્ન જેટલા પ્રમાણમાં સફળ થશે તેટલા પ્રમાણમાં જીવન ઉજ્જવળ બની શકશે. એને માટે માનવે પરીક્ષિતની પેઠે વિચાર કરતાં, વિવેકી બનતાં, ને દુન્યવી પદાર્થો તથા રસો અને આકર્ષણોમાંથી ઉપર ઉઠતાં કે ઉપરામ બનતાં શીખવાનું છે. એ છે ભાગવતનો મહત્વનો સારસંદેશ - પરીક્ષિતની પેઠે પરમાત્માભિમુખ બની, પરમાત્માના પરમપ્રેમને જગાવીને કાયમને કાજે નિર્ભય તથા કૃતાર્થ બની જવું.

ભાવતમાં સમાવાયેલી શાશ્વત સામગ્રીનું સ્વરૂપ કેવું છે અથવા ભાગવતમાં મોટે ભાગે શું છે એનો ખ્યાલ ભાગવત શબ્દ પરથી સારી રીતે ને સહેલાઇથી આવી શકે છે. ભાગવત શબ્દના અર્થ પ્રમાણે એમાં ભગવાન વિશેની ચર્ચાવિચારણાનો સમાવેશ થાય છે. ભગવાન એટલે શું, ભગવાનનું વાસ્તવિક સ્વરૂપ કેવું છે, ભગવાનનો અનુગ્રહ કેવી રીતે અનુભવી શકાય છે, ભગવાનનો સાક્ષાત્કાર કોને, ક્યારે ને ક્યા સાધનથી થઇ શકે છે, એમના સાક્ષાત્કારથી કેવો લાભ થાય છે, તેની વિશદ અને વિસ્તૃત છણાવટ એમાં કરવામાં આવી છે.

ભગવાનના પૃથ્વીના પરિત્રાણને માટે જે જે મહત્વના અવતારો થયા છે તેમનું વર્ણન તેમની દૈવી જ્વાજવલ્યમાન જીવનલીલા સાથે શ્રીમદ્ ભાગવતમાં ક્રમશઃ અને વિસ્તારથી જોવા મળે છે. એવી રીતે પણ એનું ભાગવત નામ સાર્થક છે. એ જીવનલીલાઓનું પઠન-પાઠન કે ગુણસંકીર્તન કરીને માનવ પરમાત્માભિમુખ બની, પરમાત્માના પ્રેમને જગાવી તથા વધારીને, પરમાત્માની સાથે સંબંધ બાંધીને જીવનને પરમાત્માના અસાધારણ અનુગ્રહથી અલંકૃત કરી શકે છે.

એ ઉપરાંત ભાગવતમાં એક બીજી અગત્યની વસ્તુવિશેષનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. એ વસ્તુ પરમભાગવતોના જીવનને લગતી છે. જગતમાં જન્મીને જગતના પરિવર્તનશીલ સ્થૂળ પદાર્થેમાંથી પોતાનાં મનને પાછું વાળીને જેમણે ભગવાનના ચારુ ચરણોમાં પરોવી દીધું, ને જેમણે મન વચન કાયાથી ભગવાનના બનીને ભગવાનના સાક્ષાત્કારની સાધના કરીને જીવનની સર્વોત્તમ સંસિદ્ધિ મેળવી, એવા બડભાગી પ્રાતઃસ્મરણીય પરમભક્તો કે ભાગવતોના જીવનવૃતાંતનો સમાવેશ પણ આ મહાગ્રંથમાં કરવામાં આવ્યો છે. એ દૃષ્ટિએ જોતાં પણ એનું ભાગવત નામ સંપૂર્ણ સાર્થક લાગે છે. એ બધા નાના મોટા જીવનવૃતાંતો આજે પણ એટલા જ પ્રેરક, પથપ્રદર્ષક અને પ્રકાશપ્રદાયક છે. એમની અંદર આત્માને અનુપ્રાણિત કરવાની અને અલૌકિક બનાવવાની શક્તિ છે. એટલે ભાગવતમાં મુખ્યત્વે ચાર વિષયો પર પ્રકાશ પાથરવામાં આવ્યો છેઃ

૧. ભગવાનના નિર્ગુણ નિરાકાર સ્વરૂપની સમ્યક્ સ્વાનુભવપૂર્ણ તલસ્પર્શી સૂક્ષ્માતિસૂક્ષ્મ વિચારણા

૨. ભગવાનના સગુણ સાકાર સ્વરૂપનું અથવા એમના અગત્યના અવતારોનું વર્ણન.

૩. ભગવાનના બનવા માગનારા કે બની ગયેલા ભક્તો અથવા પરમભાગવતોનાં રેખાચિત્રો અને

૪. માનવને નિર્ભય, નિર્મમ ને નિરહંકાર કરીને સ્વરૂપના સાક્ષાત્કાર દ્વારા ધન્ય બનાવનારી સાધના

એ ઉપરાંત ભાગવતમાં બીજા નાના મોટા જે પેટા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે એમનો ઉલ્લેખ અહીં નથી કરતો. એમની વિચારણા ભાગવતના રસાસ્વાદના સમય દરમિયાન આવશ્યકતાનુસાર ક્રમેક્રમે થતી રહેશે.

ભાગવતના સંબંધમાં કોઇએ કહ્યું છે કે વિદ્યાવતાં ભાગવતે પરીક્ષા ।

શૂરવીરના શૌર્યની પરીક્ષા જેમ સમરાંગણમાં થાય છે તેમ વિદ્વાનોની વિદ્વત્તાની પરીક્ષા ભાગવતમાં થઇ જાય છે. ભાગવત મહર્ષિ વ્યાસની સમાધિભાષાનો મહાગ્રંથ મનાય છે. એને સમજવામાં, સમજાવવામાં અને એમની અનેકવિધ કથાઓનું અર્થઘટન કરવામાં અથવા રહસ્ય ઉકેલવામાં મોટા મોટા પંડિતપ્રવરો, સાક્ષરો અથવા વિદ્વાનોની પણ કસોટી થાય છે. પરંતુ એ બાબતમાં મારે કશી ચિંતા કરવાની જરૂર નથી. કારણ કે હું કોઇ નાનો મોટો વિદ્વાન, સાક્ષર કે પંડિતપ્રવર નથી. હું તો પરમકૃપાળુ પરમાત્માનો એક સાધારણ શરણાગત અથવા પ્રેમી છું. મારા મનને, મારી બુદ્ધિને ને મારા જીવનની ગતિવિધિને તે જ ચલાવે છે. તે જ મારા જીવનના સર્વેશ્વર અને સૂત્રધાર છે, તેમની મહામંગલમયી ઇચ્છાથી જ હું આ મહાન ગ્રંથરત્નનું વિહંગાવલોકન કરવા તૈયાર થયો છું ને મારું કાર્ય એમનું પોતાનું હોઇને એમાં એ મને સફળમનોરથ કરશે જ. જે એમનો થાય છે અથવા એમના શ્રીચરણોમાં પોતાનું સર્વસમર્પણ કરે છે એનો સમગ્ર ભાર તે ઉપાડી લે છે. એને પછી કશી જ ચિંતા નથી રહેતી. તે જ મને દૃષ્ટિ આપશે, જ્યોતિ બક્ષશે, અને મને કેવળ નિમિત્ત બનાવીને પોતાનો ધારેલો અભિનય પૂરો કરશે. ભાગવતની વિચારણા કરવાનું કાર્ય કપરું છે તે જાણું છું, મહાસાગરને મથવાના, આકાશને આલિંગવાના ને મહામંડળને માપવાના કાર્ય કરતાં પણ કઠિન છે. પરંતુ તે કાર્ય મારે ક્યાં કરવાનું છે ? એને કરનારી અથવા કરવા પ્રેરનારી શક્તિ તો જુદી જ છે. વાંસળીએ વાદકને પોતાનું સર્વસમર્પણ કરી દીધું પછી એને કશી ચિંતા ક્યાં છે ? એની અંદર શક્તિસંચાર કરીને એની અંદરથી સંગીતમય સુધાસભર સુરાવલિની સૃષ્ટિ કરવાનું કાર્ય તો એના વાદકનું છે. એ કાર્ય એ આપોઆપ કરી લે છે.

ભાગવત કેવળ બૌદ્ધિક પ્રતિભાસંપન્ન શાસ્ત્ર છે એવું મને નથી લાગતું. એની અંદર હૃદય ઠલવાયું છે અથવા હૃદયનો રસરાસ રચાયો છે. એ ઉપરાંત એમાં અલૌકિક આત્માની આર્ષવાણીની અમોઘ અભિવ્યક્તિ થયેલી છેઃ એટલે ગમેતેવી ને તેટલી અસાધારણ બૌદ્ધિક પ્રતિભા હોય તો પણ કેવળ એને જ લઇને એની પાસે પહોંચવું અને એને સમજવા કે મૂલવવા પ્રવૃત્ત થવું બરાબર નથી. એની પાસે તો કેવળ બુદ્ધિ નહિ પરંતુ અંતર અને આત્મા લઇને પહોંચવું જોઇએ, અને એથી પણ વિશેષ આવશ્યક રહસ્યમય હકીકત તો એ છે કે પરમાત્માનો સ્નેહમય સંપર્ક સાધવો જોઇએ. તો જ, પરમાત્માની પરમ અનુકંપાથી જ, એને ઓછાવત્તા પ્રમાણમાં સમજી ને સમજાવી શકાય. પરમાત્મા પોતે જ એના રહસ્યોનું ઉદઘાટન કરી દે. મારી પાસે અંતર

અથવા આત્માની પણ અનોખી સંપત્તિ વિદ્યમાન નથી. તો પણ પરમાત્મામાં, એમની અનુકંપામાં અને એમની અસાધારણ શક્તિમાં મને વિશ્વાસ છે એટલે મારું કાર્ય સરળ ને સફળ થશે એવી આશા છે.

ભાગવતમાં વિદ્વાનોની પરીક્ષા તો થાય છે જ પરંતુ ભક્તજનો કે પ્રેમીઓની પણ પરીક્ષા થઇ જાય છે. એ સંદર્ભમાં કહી શકાય કેઃ

'भक्तिमतां भागवते परीक्षा' અથવા 'प्रेमवतां भागवते परीक्षा.'

☼ ☼ ☼ ☼ ☼

# વંદન અને ફળશ્રુતિ

ભાગવતની ભાગીરથીમાં સુખપૂર્વક સ્નાન કરવાની શરૂઆત કરતાં પહેલાં કેટલીક આવશ્યક અર્ચના-વંદનાની વિધિ પતાવી લઇએ. એના સિવાયનું આપણું સ્નાન વિધિપૂર્વક નહિ થાય. ભગવાન શ્રીકૃષ્ણ તો ભાગવતના મંગલમય મહાપ્રાણ છે. એમના વિના ભાગવત ભાગવત ના થઇ શક્યું હોત. ભાગવતમાંથી જો ભગવાન શ્રીકૃષ્ણને બાદ કરીએ કે કાઢી નાખીએ તો એની મજા જ મરી જાય, એનું સ્વરૂપ જ બદલાઇ જાય, અને એનું આકર્ષણ મૃતઃપાય થાય. અંગમાંથી આત્માને, સરિતામાંથી સલિલને, પ્રદીપમાંથી પ્રકાશને અને પુષ્પમાંથી પરિમલને લઇ લેવામાં આવે તો શેષ શું રહે ? એમની ચેતના જ ચાલી જાય અને એ બધા નિષ્પ્રાણ થાય. ભાગવતની ચેતના, આભા, સુંદરતા, મધુરિમા, વિલક્ષણતા, વિશેષતા અથવા અસાધારણતા પણ એવી રીતે ભગવાન કૃષ્ણ પર નિર્ભર છે. એમને લીધે જ એ ટકી છે ને વૃદ્ધિગત બની છે. ભાગવતના એકમાત્ર આરાધ્યદેવ એ જ છે. એ જ સદગતિપ્રદાયક અને સુખકારક છે. ભાગવતના પરમપ્રાપ્તવ્ય પણ એ જ છે. ભાગવત એમના જ મહિમાને પ્રકારાંતરે પ્રકટ કરે છે, એમના અલૌકિક અનુગ્રહની અનુભૂતિને માટે અનુરાગીઓના અંતરાત્માને અનુપ્રાણિત કરે છે, અને એમને આરાધનાનાં અમૂલખ પુષ્પો ધરે છે.

ભાગવતના સર્વેશ્વરસરખા એ ભગવાન કૃષ્ણને સૌથી પહેલાં પ્રેમપૂર્વક પ્રણામ કરી લઇએ. એમની અહેતુકી અમોઘ અનુકંપાથી આપણું સ્નાન અને પાન સહેલું બનશે. એ આપણને એમના શરણાગત સમજીને કૃપા કરશે, અને એમના તથા આપણા વાસ્તવિક સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવશે.

ભાગવતના ભગવાન શ્રીકૃષ્ણ કેવળ વ્યક્તિ નથી પરંતુ સમસ્ત સંસારમાં પ્રસરેલી અને સંસારની બહાર રહીને ચિરંતન રાસ રમી રહેલી સર્વેશ્વર પરમાત્માની શાશ્વત શક્તિ છે. અવનીના અભ્યુત્થાન માટે એમના સ્વરૂપે એ જ શક્તિનું અવતરણ અથવા પ્રકટીકરણ થયું છે. વેદે પુરુષસૂક્તમાં એમની જ પ્રશસ્તિ કરી છે ને ગીતાના પંદરમાં અધ્યાયમાં એમનું જ પુરુષોત્તમ શબ્દપ્રયોગ દ્વારા વર્ણન કરવામાં આવ્યું છે. એમનામાંથી, એમની દ્વારા જ જગત ઉત્પન્ન થાય છે, એમને લીધે જ અથવા એમની શક્તિથી શ્વાસ લે છે કે ટકે છે, અને એમના પ્રત્યે પ્રયાણ કરીને આખરે એમની અંદર પ્રવેશીને એમના પરમપ્રેમ પારાવારમાં વિલીન થાય છે. એ જ પરમતત્વ છે, પરમસત્ય છે, પરબ્રહ્મ છે, ને પરમપદ પણ એ જ છે, અથવા બીજી ભાષામાં કહીએ તો પરમતત્વ, પરમસત્ય, પરબ્રહ્મ કે પરમપદ સર્વ કાંઇ એમના રૂપે આ પાર્થિવ પૃથ્વી પર પ્રકટ થયું છે. એમનો આહ્લાદક અમૃતમય રસરાસ અનંતકાળથી અનવરત રીતે એકસરખો, આવશ્યક સંશોધન-સંવર્ધન સાથે ચાલ્યા જ કરે છે. એમની અનુકૂળતા ખાતર એ વચગાળાના વખતને માટે તિરોધાન થાય તે ભલે પરંતુ એમનો આત્યંતિક નાશ નથી થતો કે નથી થઇ શકતો. એ પૂર્ણ, મુક્ત, સર્વશક્તિમાન, સર્વવ્યાપક ને સર્વજ્ઞ છે. ભાગવતકાર ભગવાન કૃષ્ણને પ્રણામ કરતાં એમનો પરિચય એવી જ વિશાળતાપૂર્વક પૂરો પાડે છે. એ એમને કોઇ એક જ દેશવિશેષમાં વિરાજેલા માનીને અનુરાગની અંજલિ આપવાને બદલે વિશ્વમાં ને વિશ્વની બહાર વ્યાપક પરમચેતના કે પરબ્રહ્મ પરમાત્મા સમજીને ભાગવતના

માહાત્મ્યના પ્રથમ અધ્યાયના પ્રથમ શ્લોકમાં જ એમની સુંદર, સરસ, સારગર્ભિત પ્રશસ્તિ કરતાં એમને વંદે છે. ભાગવતના રચયિતા મહર્ષિ વ્યાસની પ્રગલ્ભ પ્રતિભાનો, વિશાળ આત્મદૃષ્ટિનો ને કમનીય કૃષ્ણપ્રીતિનો એમાં પરિચય થાય છે. આ રહ્યો એમના ભગવાન કૃષ્ણ પ્રત્યેના અસાધારણ અનુરાગથી આપ્લાવિત શ્લોકઃ

**सच्चिदानंदरुपाय विश्वोत्पयादिहेतवे ।**
**तापत्रविनाशय श्रीकृष्णाय वयं नुमः ॥**

'આધિભૌતિક, આધિદૈવિક, આધ્યાત્મિક ત્રિવિધ તાપોનો નાશ કરનારા, વિશ્વના પ્રાદુર્ભાવ, પોષણ અને વિસર્જન અથવા પ્રલયના કારણરુપ, સચ્ચિદાનંદસ્વરૂપ શ્રીકૃષ્ણ ભગવાનને અમે વંદન કરીએ છીએ.'

એ વંદના વેદાનુકૂળ છે કારણ કે વેદ પણ ભગવાનને સચ્ચિદાનંદ સ્વરૂપ, સૃષ્ટિના જન્મ, ધારણ ને મરણના હેતુ તેમજ શરણાગતોના ત્રિવિધ તાપને મટાડનારા માને છે. **सत्यं ज्ञानं अनंतं ब्रह्म । प्रज्ञानं ब्रह्म । सर्व खल्विदं ब्रह्म ।** કહીને શ્રુતિમાતાએ એમની જ જ્ઞાનપૂર્વક પ્રશસ્તિ કરી છે; એમને પોતાની રીતે વર્ણવવાનો પ્રયાસ કર્યો છે. ભાગવતની એ વેદાનુકૂળ વંદના સાથે આપણે પણ સૂર મિલાવીશું ને વધારામાં પ્રાર્થીશું કે પ્રભુ, તમે કૃપા કરીને અમારા ભાગવતભાગીરથીના સ્વર્ગીય સ્નાનને સુખદ, સફળ અથવા સાર્થક કરો. તમારા કમનીય કૃપાકટાક્ષ વિના અમારો પ્રયાસ કૃતાર્થ નહિ થઇ શકે એ ચોક્કસ છે. તમે પરીક્ષિતની ઉત્તરાના ઉદરમાં પ્રેમપૂર્વક રક્ષા કરેલી અને આખરે સ્વનામધન્ય શુકદેવનો સમાગમ કરાવી આપીને અવિદ્યાની ગ્રંથિ અને અશાંતિને હણેલી એમ વિશ્વના વિરોધાભાસી વિપરીત વાતાવરણની વચ્ચે અમારી પણ રક્ષા કરો અને અંતસ્થ અવિદ્યા તથા અશાંતિના અવશેષોનો અંત આણો.

એ પછી આપણે મહર્ષિ વ્યાસની વંદના કરી લઇએ. ભાગવતની ભાગીરથીના ભગીરથ એ જ છે. એમણે જ બીજા પુરાણગ્રંથોની પેઠે આ સુંદર પ્રેમરસ ભરપુર પુરાણગ્રંથની રચના કરી અને એ શાસ્ત્ર પોતાના પ્રિય પુત્ર શુકદેવને શીખવાડ્યું. એમની શક્તિ અત્યંત અસાધારણ છે. ભારતના આધ્યાત્મિક આકાશમાં એમની દ્વારા સ્થાન પામેલા વિભિન્ન ગ્રંથોરૂપી ગ્રહનક્ષત્રો પોતાનો પવિત્રતમ પ્રખર પ્રકાશ પાથરી રહ્યાં છે. એમાં ભાગવતનું સ્થાન સવિશેષ છે. એને સુચારુરુપે સમજવા માટે એમની મદદની અપેક્ષા રાખીએ.

પરીક્ષિતને એજ ભાગવતના શ્રવણનો દેવદુર્લભ અમોઘ લાભ આપીને કાયમને માટે ક્લેશમુક્ત અને કૃતાર્થ કરી દેનાર પરમભાગવત સંતશ્રેષ્ઠ શુકદેવજીનું વિસ્મરણ તો કરી શકાય જ કેવી રીતે ? એ જ્ઞાનીઓના જ્ઞાની, યોગીઓના યોગી, ભક્તોના ભક્ત અને ગુરુઓના ગુરુ છે. એમના પવિત્ર પાદપદ્મમાં પ્રેમપૂર્વક પ્રણામ કરીએ.

એ આત્માની અખંડ અનુભૂતિમાં નિમગ્ન હતા, સર્વત્ર પરમાત્માના પરમ પ્રકાશનું દર્શન કરતા. એમનો યજ્ઞોપવીત સંસ્કાર પણ સંપન્ન નહોતો થયો ત્યારે સંસારની અસારતાના અનુભવજ્ઞાનથી પ્રેરાઇને એ ગૃહત્યાગ કરીને વનમાં ચાલી નીકળ્યા તે વખતે એમના પિતા મહર્ષિ વ્યાસે વિરહથી વ્યાકુળ થઇને 'પુત્ર ! તું ક્યાં જાય છે ?' એવા પીડાજનક પોકારો પાડવા માંડ્યા. એ પોકારોના પ્રત્યુત્તરમાં શુકદેવ તો કશું ના બોલ્યા પરંતુ એમના તરફથી વૃક્ષોએ-સમસ્ત સૃષ્ટિએ જવાબ આપ્યો. એ જડચેતનાત્મક સમસ્ત સૃષ્ટિની

અંદર આત્મતત્વનો અખંડ અનુભવ કરતા એની સાથે એવા એકરૂપ બની ગયેલા. 'सर्वं कृष्णमयं जगत्' અથવા 'हरिरेव जगत्, जगदेव हरिः' ના સ્વાનુભવભાવમાં સતત સ્નાન કરીને તરબોળ બનેલા. એ ભાવ એમને સારુ શ્વાસોશ્વાસ લેવા જેટલો સ્વાભાવિક બની ગયેલો. શ્રીમદ્ ભાગવતના માહાત્મ્યના પ્રથમ અધ્યાયના દ્વિતીય શ્લોકમાં મહર્ષિ વ્યાસની વ્યાકુળતા અને શુકદેવની આત્મનિષ્ઠાનો પરિચય પ્રદાન કરતાં અત્યંત સુંદર રીતે કહેવામાં આવ્યું છે :

यं प्रव्रजन्तनमनुपेतमपेत कृत्यं द्वैपायनो विरहकातर आजुंहाव ।
पुत्रेति तन्मयतया तरवोऽभिनेदुस्तं सर्वभूतहृदयं मुनिमानतोऽस्मि ॥

એ શ્લોકમાં સંતશિરોમણિ શુકદેવને માટે 'સર્વભૂતહૃદયંમુનિમ્' એવો શબ્દપ્રયોગ કરવામાં આવ્યો છે. એ શબ્દપ્રયોગ સંપૂર્ણપણે સુયોગ્ય છે. એ મહામુનિ સર્વે ભૂતોના અથવા સમસ્ત સંસારના હૃદય અથવા આત્મા બની ગયેલા.

એ પ્રાતઃસ્મરણીય મહાપુરુષની લોકોત્તર મહાનતાની ઝાંખી કરાવતી એક સરસ કથા પણ જાણવા જેવી છે. મહર્ષિ વ્યાસ શુકદેવની વિરહવેદનાથી વ્યથિત થતા એક સુંદર સ્વચ્છ સરોવર પાસે પહોંચ્યા ત્યારે તેમને દૂરથી દેખીને એમાં સ્નાન કરતી સ્ત્રીઓ સંકોચમાં પડી. એ જોઇને એમની પાસે પહોંચેલા મહર્ષિને નવાઇ લાગી. તેમણે સ્ત્રીઓને પૂછ્યું કે હું તો સંસારનો સમ્યક અનુભવ કરીને પ્રૌઢાવસ્થાએ પહોંચ્યો છું. પરંતુ અહીંથી હમણાં જ પસાર થનારો મારો પ્રિય પુત્ર શુકદેવ હજુ ઉછરતી ઉંમરનો હોવા છતાં એને અવલોકીને તમને સહેજ પણ સંકોચ ના થયો તે શું આશ્ચર્યકારક નથી લાગતું ?

પેલી સુકુમારી સૌંદર્યવતી સ્ત્રીઓએ એ સાંભળીને ઉત્તર આપ્યો કે એમાં આશ્ચર્યકારક કહેવાય એવું કશું જ નથી. તમે પરમ વિદ્વાન છો, વયમાં મોટા છો; અને સંસારનો અનેકવિધ અનુભવ કરી ચૂક્યા છો એ સાચું છે પરંતુ એ પણ એટલું જ સાચું છે કે તમારી અંદર હજુ સ્ત્રી અને પુરુષની ભેદદૃષ્ટિ વિદ્યમાન છે. તમે સ્ત્રીને સ્ત્રી તરીકે અને પુરુષને પુરુષરૂપે જુઓ છો. એવું દ્વૈતભાવની અનુભૂતિ કરનારું મન કદીક બગડે કે વિકારવશ થાય પણ ખરું. પરંતુ તમારા સુપુત્ર શુકદેવની અવસ્થા અતિશય અલૌકિક અને અનોખી છે. એ તો કેવલાદ્વૈતભાવની પરમાનુભૂતિમાં પ્રતિષ્ઠિત હોઇ પરબ્રહ્મ પરમાત્મા સિવાય બીજું કશું જોતાં નથી. સ્ત્રી અને પુરુષના પાર્થિવ ભૌતિક ભેદમાંથી એમનું મન મુક્તિ મેળવીને અખંડ બ્રહ્માકારવૃત્તિમાં સ્થિર રહે છે. એ ચાલે છે ત્યારે ચાલતા હોય એવું પણ નથી લાગતું. એમને અવલોકીને અમને સહેજ પણ સંકોચ ના થાય એ સમજી શકાય તેવું છે.

મહર્ષિ વ્યાસ એમનો પ્રત્યુત્તર સાંભળીને સંતોષ પામ્યા. એ પ્રત્યુત્તર સંપૂર્ણ સાચો હતો એની પ્રતીતિ થઇ.

એવા આત્મદર્શી, આત્મરત, આત્મનિષ્ઠ ઋષિશ્રેષ્ઠ શુકદેવને પ્રેમપૂર્વક પ્રણામ છે ! એમનું મન નિત્યનિરંતર પરમાત્મામાં જ રમતું રહેતું. તો પણ ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યેના પરમ પ્રેમથી પ્રેરાઇને, સમાધિની અતીન્દ્રિય અવસ્થાને કામચલાઉ તિલાંજલિ આપીને, ભાવસમાધિમાં લીન બનીને, શ્રીમદ્ ભાગવતનું અસાધારણ રસાસ્વાદન કરાવ્યું છે; એવી રીતે એમણે એકલા પરીક્ષિત પર નહિ પરંતુ સમસ્ત સંસાર પર ઉપકાર કર્યો છે.

જીવનની ઉત્તરાવસ્થામાં શાપ સાંપડતાં મૃત્યુની સમીપતા સમજીને પોતાના જીવનના આત્યંતિક કલ્યાણને માટે શુકદેવજીના જેવા લોકોત્તર સિદ્ધ સદગુરુની શરણાગતિને સ્વીકારીને જીવનની ધન્યતાની પ્રાપ્તિ કરનારા પરીક્ષિતને પણ પ્રણામ કરીએ. એમણે ભાગવતનું રસપાન કરવાની સાથે સાથે અન્ય અનેકને અનંતકાળ સુધી એના રસપાનનો લહાવો પુરો પાડ્યો છે. આદર્શ જિજ્ઞાસુ મુમુક્ષ કે શરણાગત શિષ્ય કેવો હોય તે જો જાણવું હોય તો એમના જીવન દ્વારા સહેલાઇથી જાણી શકાય છે. મુક્તિ અથવા પૂર્ણતાની પ્રાપ્તિમાં અને પરમાત્માના સાક્ષાત્કારમાં વિશેષ વિલંબ નથી લાગતો પરંતુ તેને માટે પૂર્વ તૈયારીરુપે, પરીક્ષિત જેવી પિપાસા જોઇએ. પરીક્ષિતના જીવન દ્વારા એ પદાર્થપાઠની પ્રાપ્તિ થાય છે. લૌકિક તથા પારલૌકિક પદાર્થો પરથી ઉપરામ બનેલું મન સદગુરુના ચારુ ચરણમાં ચોંટી એમની નિર્દિષ્ટ સાધનાનુસાર ભાવભક્તિથી આગળ વધવા માંડે છે ત્યારે પ્રમાણમાં ઘણા ઓછા વખતમાં ક્લેશોમાંથી મુક્તિ મેળવે છે. પરીક્ષિતનું જીવન એની પરિપૂર્ણ પ્રતીતિ કરાવે છે.

પુરાણોના અધિકૃત વક્તા, પરમાત્માપરાયણ શ્રી સૂતજીને અને પરમજિજ્ઞાસુ શૌનકને પણ વંદન કરીએ. સૂતજી શુકદેવજીના સુયોગ્ય શિષ્ય છે. એ ભાતભાતની ભગવદવિષયક કથાઓના ભંડાર છે. શૌનક જેવા અસંખ્ય સત્પુરુષો એમના સુખદ સમાગમથી તેમજ પવિત્ર જ્ઞાનવર્ષણથી ધન્ય બન્યા છે. એ ભગવાનના ને ભગવદભક્તોના ગુણગાન કરતા થાકતા કે કંટાળતા ને પરિતૃપ્તિ પામતા નથી.

એ બંનેનો સુખદ સમાગમ જ્યાં બીજા કેટલાય ઋષિઓ સાથે થાય છે તે નૈમિષારણ્યની ભૂમિને પ્રણામ છે ! ગંગાતટવર્તી જે પરમપ્રદેશમાં પરીક્ષિત તથા શુકદેવનો સુખદ સમાગમ થયો ને ભાગીરથીના કલ્યાણકારક પીયૂષપ્રવાહનું પ્રાક્ટય થયું તે પુણ્યપ્રદેશને અને સંતશિરોમણિ શુકદેવની પવિત્ર પદરજથી પાવન બનનારી પૃથ્વીને પણ પ્રણામ હો !

ભારતભૂમિને વંદન હો ! સમસ્ત બ્રહ્માંડને વંદન હો ! સંતોને, તપસ્વીઓને, આપ્તકામ જ્ઞાનીજનોને, ભક્તોને તથા મુમુક્ષુઓને વંદન હો ! ભારતીય સંસ્કૃતિને અને એના પ્રાણનું પ્રતિનિધિત્વ કરતા ગ્રંથરત્ન ભાગવતને પણ પ્રણામ હો ! એ મહાગ્રંથ સાધકોની શંકા-કુશંકાઓનું નિરસન કરે છે ને ભેદભાવ, અશાંતિ અને અવિદ્યાથી આવૃત્ત આત્માઓને નવો પ્રેરક પ્રકાશ ધરે છે. એણે જીવનની નવી દૃષ્ટિ બક્ષી છે ને જીવનસાધનાને સરળ તથા સ્પષ્ટ કરી છે. આજે પણ એની અગત્ય એટલી જ, બલકે એથી પણ અધિક છે. સાંપ્રત સમયમાં માનવનું મન જ્યારે ભાતભાતની અશાંતિ, અસ્વસ્થતા, ભેદભાવના ને ભયવૃત્તિથી ઘેરાઇ ગયું છે ને ઘેરાઇ રહ્યું છે ત્યારે ભાગવત ઘણો મહત્વનો ફાળો આપી શકે તેમ છે. એનું શરણ લેનાર પ્રકાશની પ્રાપ્તિ કરશે ને જીવનની અનેકવિધ અટપટી સમસ્યાઓનો સુખદ સર્વાંગીણ ઉકેલ મેળવશે.

* * *

ત્યારે ભાગવતની ફળશ્રુતિ શું ?

ભાગવતની ફળશ્રુતિના સંબંધમાં જુદા જુદા શ્લોકો પ્રચલિત છે. તે શ્લોકોનો ઉલ્લેખ સમગ્રપણે કરવાને બદલે તેમનો સામાન્ય ઉલ્લેખ કરી જઇએ. એક શ્લોકમાં કહેવામાં આવ્યું છે કે જે પુરુષ

ભાગવતપુરાણનો પાઠ કરે છે તેને તે પાઠના એકેક અક્ષરના ઉચ્ચારણ સાથે કપિલા ગૌના દાનનું ફળ મળે છે.

नित्यं भागवतं यस्तु पुराणं पठते नरः ।
प्रत्यक्षरं भवेत्तस्य कपिलादानजं फलम् ॥

બીજા શ્લોકમાં કહેવામાં આવ્યું છે કે જે નિત્યપ્રતિ ભાગવત મહાપુરાણના અર્ધા અથવા અર્ધાના અર્ધા શ્લોકનો પણ પાઠ અથવા એનું શ્રવણ કરે છે તેને એક હજાર ગાયોના દાનનું ફળ મળે છે.

ત્રીજો શ્લોક કહે છે કે જે પ્રતિદિન પવિત્ર થઇને ભાગવતના એક શ્લોકનો પાઠ કરે છે તે મનુષ્ય અઢારે પુરાણોના પાઠના ફળની પ્રાપ્તિ કરી લે છે.

यः पठेत् प्रयचो नित्यं श्लोकं भागवतं सुत ।
अष्टादषपुराणानां फलमाप्नोति मानवः ॥

ચોથો શ્લોક કહે છે કે જ્યાં મારી રોજ કથા થાય છે ત્યાં વૈષ્ણવો વાસ કરે છે. જે મનુષ્યો ભાગવતશાસ્ત્રની પૂજા કરે છે તેમના પર કલિયુગનું શાસન નથી ચાલતું.

પાંચમાં શ્લોકમાં કહેવામાં આવ્યું છે કે કલિયુગમાં જ્યાં જ્યાં પવિત્ર ભાગવતશાસ્ત્ર રહે છે ત્યાં દેવતાઓની સાથે હું સદાયે હાજર રહું છું.

છઠ્ઠો શ્લોક કહે છે કે એટલું જ નહિ પરંતુ ત્યાં સરિતા, સાગર ને સરોવરના રૂપમાં સુપ્રસિદ્ધ સઘળાં તીર્થો વાસ કરે છે. એ ઉપરાંત સર્વે યજ્ઞો, સાત પુરીઓ અને પવિત્ર પર્વતો ઉપસ્થિત રહે છે.

ભાગવતની ફળશ્રુતિનું વર્ણન કરનારા કેટલાંક બીજા પરંપરાગત સુંદર શ્લોકાર્થો આ રહ્યા :

'યશ, ધર્મ, જય, પાપક્ષય તથા મોક્ષની પ્રાપ્તિને માટે હે લોકેશ ! ધર્માત્માજનોએ સદા મારા ભાગવતશાસ્ત્રનું શ્રવણ કરવું.'

'ભાગવતરુપી આ પાવન પુરાણ આયુ, આરોગ્ય અને શક્તિને પ્રદાન કરનાર છે. એનું પારાયણ કે શ્રવણ કરવાથી બધા પ્રકારના પાપકર્મોમાંથી મુક્તિ મેળવીને માનવ પુણ્યાત્મા બને છે.'

'જ્યાં જ્યાં ભાગવતની કથા થાય છે ત્યાં ત્યાં પોતાના વાછરડાની પાછળ પુત્રવત્સલા ગાય જાય છે તેમ હું પણ પહોંચી જઉં છું.'

'જે સર્વોત્તમ સાધનસામગ્રીથી સંપન્ન થઇને શ્રીમદ્ ભાગવતની કથા સાંભળે છે તે મને સહેલાઇથી પોતાનો કરી લે છે.'

અલબત્ત, એ ફળશ્રુતિને વિશાળ અર્થમાં લેવાની છે. ભાગવતનું પારાયણ કે શ્રવણ અને મનન જીવનમાં મહત્વના શકવર્તી ચમત્કૃતિજન્ય ફેરફારો કરી શકે છે અને એવાં ફેરફારો થતાં સર્વવિધ કલ્યાણની સિદ્ધિ થવામાં સંદેહ નથી રહેતો.

ભાગવતની ફળશ્રુતિનું વર્ણન પોતપોતાની મર્યાદામાં રહીને કરનારા આવા કેટલાય શ્લોકો લખાયેલા છે. એ શ્લોકો ભાગવતના પ્રેમીઓને પોતાની રીતે ઓછાવત્તા પ્રમાણમાં પ્રેરણા પાયા કરે છે. એ શ્લોકો અને એમના અર્થો એમની રીતે અગત્યના હોવા છતાં પણ ભાગવતની ફળશ્રુતિનો નિર્દેશ જુદા વધારે સારા શબ્દોમાં કરવામાં આવે એ આવશ્યક છે. એ દૃષ્ટિએ વિચારીએ તો નિસ્સંકોચપણે કહી શકાય કે

ભાગવતની મુખ્ય ને મહત્વની ફળશ્રુતિ, પ્રેરણા અથવા શિક્ષાદીક્ષા માનવ સાચા અર્થમાં ભાગવત થાય અથવા ભગવાનનો બની જાય તે જ છે. જે માનવ પરીક્ષિતની પેઠે ભગવાનનો થઇ જાય છે તેનું સમગ્ર વ્યક્તિત્વ બદલાઇ જાય છે અથવા ઉદાત્ત થાય છે. તેનો વિચાર, ભાવ અને આચાર ઉચ્ચ અને નિર્મળ બને છે. પરીક્ષિતની જેમ એ પણ ભયમુક્ત, નિર્વિકાર, શાંત ને પરમાત્માપરાયણ બની જાય છે. એ પરમાત્માની શ્રદ્ધાભક્તિથી સંપન્ન બનીને પરમાત્માની પરિપૂર્ણ કૃપા મેળવી લે છે.

આજે જે જીવન વિષયોનું છે ને વિષયોનું બનતું જાય છે તેને ભગવાનનું બનાવવાનો પ્રયત્ન કરવાનો છે. વિષયરસને બદલે ભગવાનનો પવિત્ર પ્રેમરસ કેળવવાનો છે. દુર્બુદ્ધિને બદલે સદબુદ્ધિની અને દુષ્કર્મોને બદલે સત્કર્મોની જીવનમાં પ્રતિષ્ઠા કરવાની છે. ભગવાનની કૃપાથી પોતાના સ્વાત્મસ્વરૂપનો સાક્ષાત્કાર કરીને કાળના ભયમાંથી મુક્તિ મેળવીને સર્વત્ર સ્વાત્મદર્શન કરતાં શીખવાનું છે. જે જગતમાં શ્વાસ લેવામાં આવે છે તે જગતને બનતી બધી જ રીતે ઉપયોગી થતાં ને તેમાં રહીને અનાસક્ત બનતાં શીખવાનું છે. ભાગવતના શ્રવણ-મનન, પઠન-પાઠન અને પારાયણથી એ પ્રયોજનોની પૂર્તિ થાય તો એની પાછળનો પરિશ્રમ સફળ સમજવો.

કેટલેક ઠેકાણે માણસો મૃતાત્માઓની સદગતિને માટે ભાગવતનો પાઠ કે ભાગવત સપ્તાહ કરાવે છે. એ પરંપરાનો આપણે વિરોધ નથી કરતા પરંતુ નમ્રાતિનમ્ર ભાવે એ પણ કહેવા માગીએ છીએ કે ભાગવતનો ઉપયોગ કેવળ મૃતાત્માઓના ઉધ્ધારને માટે કરવાને બદલે જીવંત મનુષ્યોના મંગલને માટે પણ કરાવો જોઇએ. ભાગવત મૃતાત્માઓને માટેનું મહાશાસ્ત્ર છે એવું માની-મનાવીને બેસી રહેવાને બદલે જીવંત મનુષ્યોને નિર્મળ, નીતિમાન, નિર્મમ, સેવાભાવથી ભરપૂર ઇશ્વરપરાયણ કરવાનું અને એમનો સમુધ્ધાર કરી આપવાનું જીવનશાસ્ત્ર છે એ ભૂલવું ના જોઇએ. એ જીવનને આદર્શ રીતે જીવવાની કળા શીખવે છે, અને જે આદર્શજીવન જીવે છે તેનું મરણ તો આદર્શ અથવા મંગલ બની જ જાય છે. આપણી આજુબાજુના જગતમાં કેટલાંય મનુષ્યો અવિદ્યાને લીધે જીવતાં જ દુર્ગતિ પામેલાં ને મરેલાં છે. વાસના, વિકારો, તૃષ્ણાઓ અને અહંતા-મમતાના શિકાર બનીને કેટલાંય ભૂતપ્રેતની પેઠે અમંગલ થઇને ફર્યા કરે છે. એમની અંદર સ્વસ્થતા, સ્થિરતા, પ્રસન્નતા તથા મધુમયતા નથી દેખાતી. ભાગવત એમને નવું જીવન બક્ષે છે અથવા અવનવો અવતાર આપે છે. એવા જીવંત માનવોના પુનરુધ્ધારની આવશ્યકતા કાંઇ ઓછી નથી. ભાગવત એ દિશામાં ખૂબ જ ઉપયોગી ઠરે છે. એટલે જીવનને નવીન ઓપ આપવાને માટે એનો આધાર લેવો જોઇએ. એવી રીતે જો વર્તમાન જીવનનો નવો અસાધારણ ઓપ આપવામાં આવે તો પિતૃઓ પરિતોષ અને પ્રશાંતિ પામે અને જ્યાં હોય ત્યાં ઉધ્ધારની લાગણી અનુભવે એમાં સંદેહ નથી. જીવનની એવી વાસ્તવિકતાનું ધ્યાન આપણે ત્યાં ઓછામાં ઓછું રાખવામાં આવે છે એ બરાબર નથી.

ભાગવતની ફળશ્રુતિ અથવા અનોખી શક્તિ વિશે પંડિત શ્રી મદનમોહન માલવીયા સંક્ષેપમાં છતાં સુંદર અને સચોટ રીતે લખે છે :

'આ પવિત્ર ગ્રંથ મનુષ્યમાત્રને માટે ઉપકારક છે. મનુષ્ય જ્યાં સુધી ભાગવતને વાંચેવિચારે નહિ અને એમાં શ્રદ્ધા કરતો ના થાય ત્યાં સુધી સમજી ના શકે કે એની અંદર જ્ઞાન-ભક્તિ-વૈરાગ્યનો કેટલો

વિશાળ સમુદ્ર ભરેલો છે ! ભાગવતનો અભ્યાસ કરવાથી કે લાભ લેવાથી સમસ્ત પ્રાણીઓમાં એક જ પરમાત્મા વિરાજમાન છે એવું જ્ઞાન એને થઇ જાય છે પછી એનું મન અધર્મ કરવા તરફ નથી વળતું; કારણ કે બીજાને હાનિ પહોંચાડવાનું કાર્ય પોતાને જ હાનિ પહોંચાડવા બરાબર થઇ રહે છે. એનું સમજપૂર્વકનું જ્ઞાન થવાથી મનુષ્ય સત્ય ધર્મમાં સ્થિર થાય છે, સ્વાભાવિક રીતે જ દયા ધર્મનું પાલન કરવા લાગે છે, અને કોઇયે અહિંસક અથવા નિર્દોષ પ્રાણીમાત્રને માટે દયાનો ભાવ સ્થાપિત કરવા માટે આનાથી અધિક અસરકારક અમોઘ શ્રેષ્ઠ કોઇ સાધન નથી.'

માનવની સુષુપ્ત સદ્દભાવનાઓને જગાડનારા તથા ઉત્તરોત્તર પરિપુષ્ટિ કરનારા આવા આશીર્વાદરુપ લોકહિતકારી ઉત્તમ ગ્રંથનો જેટલો પણ લાભ લેવામાં આવે એટલો ઓછો છે. એના મંગલમય જ્ઞાનયજ્ઞોનું આયોજન વધારે ને વધારે પ્રમાણમાં કરવાથી સરવાળો સૌને લાભ જ થશે. મનુષ્યોના મન ને જીવન ઉદાત્ત બનશે ને તેથી સમાજ શક્તિશાળી બનશે. સમાજનું સર્વાંગીણ શ્રેય સધાશે. એની વિશદ વિચારણા થવી જોઇએ અને એ વિચારણાના નિષ્કર્ષને આચારમાં અવતરિત કરવાનો પ્રયત્ન કરાવો જોઇએ. જે પ્રજા પાસે આવું ઉત્તમોત્તમ અધ્યાત્મશાસ્ત્ર છે તે પ્રજાને માટે કશું જ અશક્ય નથી. તે પ્રજા કદી પામર ના બને કે પદદલિત પણ ના રહી શકે. સંસ્કૃતિના સર્વોત્કૃષ્ટ સનાતન માર્ગમાં એની વિજયકૂચ નિશ્ચિત છે. એનું ભાગ્ય સદાને માટે ઉજ્જવળ છે. ભૌતિક અને આધ્યાત્મિક ઉભયવિધ અભ્યુત્થાનના માર્ગે એ સફળતાપૂર્વક આગળ વધીને શકવર્તી ફાળો આપી શકશે.

ભાગવતે મનુષ્યોના મન પર પોતાનો પ્રભાવ જમાવીને રાષ્ટ્રીય ભાવાત્મક એકતાની સિદ્ધિમાં મહત્વનો સહયોગ પ્રદાન કર્યો છે. એની અસર દેશકાલાતીત છે. એણે ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમના ભેદોને ભૂંસી નાખ્યા કે ગૌણ કર્યા છે. કાશ્મીરથી કન્યાકુમારી અને કચ્છથી કામરૂપ સુધીના સમગ્ર ભૂમિભાગમાં પોતાની આણ વરતાવી છે. ભદ્રાદ્રિ શંકરદેવ, વલ્લભાચાર્ય, ચૈતન્ય મહાપ્રભુ, જગન્નાથદાસ, વિદ્યાપતિ, જયદેવ, સુરદાસ, મહાત્મા એકનાથ, તુકારામ, નરસી ને દયારામ સૌના પર એની છાપ દેખાય છે. એવા તો અન્ય અસંખ્ય અજ્ઞાત કે ઓછા જ્ઞાત આત્માઓને એના સંસર્ગમાં આવવાનું સૌભાગ્ય સાંપડયું હશે, આજે પણ સાંપડતું હશે ને ભવિષ્યમાં સાંપડશે. એવી રીતે દેશકાલાતીત થઇને સર્વવ્યાપક પરમાત્મતત્વમાં પ્રતિષ્ઠા પામવાથી ભાગવતની ફળશ્રુતિ સાર્થક બને છે. કારણ કે ભાગવત માનવને સ્વાર્થી નહિ પણ નિઃસ્વાર્થ બનાવે છે, સંકુચિત અને સીમિત નહિ પણ વિશાળ અને અસીમ કરે છે, અને કોઇક પ્રદેશવિશેષના કે પૃથ્વીના નહિ પરંતુ પરમાત્માના થવાની પાવની પ્રેરણા પૂરી પાડે છે.

☼ ☼ ☼ ☼ ☼

# * ભાગવત માહાત્મ્ય *



**श्री भागवतरूप नत् पूज्येदभक्ति पूर्वकम् ।**
**अर्चकाया खिलान् कामान् प्रयच्छंति न संसय़ः ॥**

## [૧] ભક્તિ અને એના જ્ઞાન વૈરાગ્યરૂપી પુત્રો

ભારતમાં ગ્રંથો-વિશેષ કરીને અધ્યાત્મગ્રંથોના માહાત્મ્યની પરિપાટી પ્રાચીન કાળથી પ્રવર્તમાન છે. માહાત્મ્યમાં તે તે ગ્રંથરત્નની વિશેષતા અથવા વિલક્ષણતાનું વર્ણન કરવામાં આવે છે અને એના મહિમાનું જયગાન કરવાની સાથે સાથે એના આશ્રયથી મળતા નાના ને મોટા, ભૌતિક અને આધ્યાત્મિક લાભોનું રેખાચિત્ર રજુ કરવામાં આવે છે. એમનું પ્રધાન પ્રયોજન માનવના અંતરને એની તરફ અનુપ્રાણિત કરવાનું, એને માટે ભાવ જગવવાનું અને એ ગ્રંથવિશેષના શ્રવણ મનન અથવા નિદિધ્યાસનનો લાભ આપીને એનું સર્વવિધ અને મુખ્યત્વે આધ્યાત્મિક શ્રેય સાધવાનું હોય છે. માહાત્મ્યથી માનવની ગ્રંથવિષયક જિજ્ઞાસાવૃત્તિનું શમન તો ઓછેવત્તે અંશે થાય જ છે પરંતુ સાથે સાથે આ ગ્રંથના પઠનપાઠન કે પારાયણથી લાભ શો, એથી કોઇ વિશિષ્ટ લૌકિક કે પારલૌકિક હેતુ સધાય છે કે કેમ, એવા કોઇક હેતુની સિદ્ધિની સામાન્ય જેટલીય શક્યતા હોય તો એ ગ્રંથનો આશ્રય લઉં, એવી માનવમનની ભાવનાને જવાબ જડે છે. એ રીતે પણ માનવ એ સદ્દગ્રંથ તરફ વળે છે, એનો રસાસ્વાદ લેતો થાય છે, ને છેવટે એક અથવા બીજા પ્રકારે એનું શ્રેય સધાય છે. ગ્રંથોના માહાત્મ્ય પાછળની દૃષ્ટિ એવી રીતે સર્વોપયોગી, શ્રેયસ્કરી તથા મનોવૈજ્ઞાનિક છે. એને તટસ્થ રીતે વિચારીએ તો એને માટે સહાનુભૂતિ થયા વિના નથી રહેતી. એ એના સ્થાનમાં યોગ્ય જ નહિ, સુયોગ્ય લાગે છે.

ભાગવત પણ એ જ પરંપરાગત પ્રણાલીને અનુસરે છે ને એનાથી વંચિત રહેવાનું પસંદ કરતું નથી. એના આરંભમાં જ માહાત્મ્યના છ અધ્યાયો મૂકવામાં આવ્યા છે એમના ઉપરથી પ્રતીતિ થાય છે કે ભાગવતકાળના મનુષ્યની રુચિ પ્રકારાંતરે આજના મનુષ્યની રુચિ જેવી જ હતી. આજના મનુષ્યની જેમ એ પણ માહાત્મ્યના વાચન અને શ્રવણમાં રસ લેતો. અને શા માટે ના લે ? પ્રત્યેક ક્રિયાના લાભાલાભ કે ફળાફળનો વિચાર કરવો અથવા એના રેખાચિત્રને નજર આગળ રાખવું એ કાંઇ અસંસ્કૃત માનવની નિશાની નથીઃ સુસંસ્કૃત માનવની શોભા છે.

શ્રીમદ્ ભાગવતના માહાત્મ્યના પ્રથમ અધ્યાયના આરંભમાં જ આપણને નૈમિષારણ્ય પુણ્યક્ષેત્રનો પરિચય થાય છે. એ પુરાણપ્રસિદ્ધ પુણ્યક્ષેત્રમાં વિરાજતા પરમબુદ્ધિમાન સૂતજીને ભગવત્કથામૃતના રસાસ્વાદનમાં રત રહેનારા શૌનકે એમની સહજ પ્રશસ્તિ કરતાં કહ્યું કે તમારું જ્ઞાન અજ્ઞાનાંધકારનો અંત આણનાર કરોડો સૂર્યના સરખું પ્રખર છે. એ જ્ઞાનના અનંત અક્ષય ભંડારમાંથી કોઇ સુધાસભર સારગર્ભિત કથા કહો એવી અમારી ઇચ્છા છે. મારી જિજ્ઞાસા એ છે કે, ભક્તિ, જ્ઞાન તથા વૈરાગ્ય દ્વારા જાગનારા વિવેકની વૃદ્ધિ કેવી રીતે થાય છે તથા ભગવાનના ભક્તો માયામોહમાંથી કેવી રીતે મુક્તિ મેળવે છે ? આ ભયંકર કલિકાળમાં જીવો મોટે ભાગે આસુરીવૃત્તિવાળા બન્યા છે અને અનેકવિધ ક્લેશોથી આવૃત્ત થયા છે; એમને વિશુદ્ધ કરવા માટેનો સુંદર ઉપાય કયો છે ? તમે કોઇક એવી સાધના બતાવો જે સૌથી વધારે પવિત્ર, કલ્યાણકારી અને શાશ્વત અથવા સર્વે મનુષ્યો તથા સ્થળોને માટે ઉપયોગી હોય. અને જેનાથી શ્રીકૃષ્ણ ભગવાનની પ્રાપ્તિ કરાવી શકાતી હોય. ચિંતામણિ તો માત્ર લૌકિક સુખ આપે છે ને કલ્પવૃક્ષ સ્વર્ગીય

સુખસંપત્તિનું દાન કરે છે પરંતુ તમારા જેવા સદ્દગુરુ જો પ્રસન્ન થાય તો યોગીજનોને પણ દુર્લભ ભગવાનનું વૈકુંઠ ધામ આપી શકે છે.

શૌનકની જિજ્ઞાસાવૃત્તિ સનાતન છે. એમણે પૂછેલા પ્રશ્નો ને વ્યક્ત કરેલા વિચારો આજે પણ એટલા જ ઉપયોગી છે. આજે પણ કેટલાય મનુષ્યોને એ પ્રશ્નો સતાવી રહ્યા છે. સૂતજીએ આપેલો એમનો ઉત્તર પણ એવો જ સનાતન છે. એ ઉત્તર આજે પણ એવો જ પ્રેરક અને પથપ્રદર્શક છે. એ ઉત્તરનો સંક્ષિપ્ત સાર આ રહ્યો :

મનુષ્ય આસુરીવૃત્તિ તરફ ઢળતો જાય છે, મોહરત છે, વિવિધ ક્લેશોથી ઘેરાયલો છે. એમાંથી છૂટીને શાશ્વત સુખ, શાંતિ, મુક્તિ, પૂર્ણતા ને પરમાત્માની પ્રાપ્તિ કરવાની એની અભિલાષા છે. પરંતુ એ અભિલાષાની પૂર્તિ કેવી રીતે થાય ? જ્યાં સુધી મનુષ્યના અંતરમાં દુન્યવી પદાર્થો, વિષયો અને રસોનું આકર્ષણ છે ત્યાં સુધી એ અભિલાષા માત્ર અભિલાષા જ રહી જાય. એને કૃતાર્થ કરવા માટે ભગવાનના ભક્તિરસને જગાવવો ને વધારવો જોઇએ.

પરંતુ એ ભક્તિરસ જાગે ને વધે કેવી રીતે ? વિવેક તથા વૈરાગ્ય એમાં મદદરૂપ બની શકે, પરંતુ એને જગાવવાનો ને વધારવાનો અને વિવેક તથા વૈરાગ્યનેય જગાવવાનો કે વધારવાનો એકમાત્ર અમોઘ અકસીર ઉપાય ભક્તિરસ ભરપુર શાસ્ત્રગ્રંથના શ્રવણ અથવા સ્વાધ્યાયમાં અને પરમાત્માના ગુણાનુવાદમાં રહેલો છે. એથી સઘળા હેતુ સધાઇ રહે છે. ભાગવતશાસ્ત્રની રચના એટલા માટે જ થયેલી છે. કલિયુગના જીવોને કલિયુગના જુદા જુદા દોષોમાંથી મુક્ત કરીને, ભગવાનની ભક્તિથી ભરપુર બનાવીને ભગવાનની પરમકૃપા દ્વારા જીવનની ધન્યતાનો ઉપદેશ આપ્યો છે. એ ઉપદેશામૃતની આગળ સ્વર્ગલોકના અમૃતની કશી વિસાત નથી. પથ્થરનું મૂલ્ય પારસમણિની પાસે કેટલું હોઇ શકે ? જેને ભાગવતનો રસાનુભવ મળે છે તેને સારુ જીવનના આત્મિક અભ્યુત્થાનની સાધના સહજ બને છે. એને પછી બીજા કોઇ જ ધર્મગ્રંથનો આશ્રય લેવાની આવશ્યકતા નથી રહેતી. ભાગવત એક જ ગ્રંથ એના જીવનની સંસિદ્ધિ માટે પૂરતો થાય છે. એ જીવનવિકાસના સાધકના સઘળા લાડકોડ પૂરા કરે છે. એનો મહિમા કલ્પવૃક્ષ અને કામધેનુ કરતાં પણ વધારે છે, કારણ કે કલ્પવૃક્ષ ને કામધેનુ તો લૌકિક કામનાઓની પૂર્તિ કરે છે પરંતુ એ તો લૌકિક ને પારલૌકિક, ભૌતિક અને આધ્યાત્મિક બંને પ્રકારના વિકાસમાં સહાયતા પહોંચાડે છે અથવા કલ્યાણકારક ઠરે છે.

ભાગવતની એ પરમપ્રેરક અમોઘ સંજીવની શક્તિની પાછળ એના રચયિતા અને ઉદ્દગાતા મહર્ષિ વ્યાસ અને સ્વનામધન્ય શુકદેવજીની સ્વાનુભવસંપન્ન ઉચ્ચોચ્ચ પરમાત્મપ્રીતિનું બળ રહેલું છે. એ ગ્રંથ કોઇક જ્ઞાનનું પ્રદર્શન કરવા માગનારા શુષ્ક વિદ્વાનનો વાણીવિલાસ નથી: કોઇક દાર્શનિક કે પંડિતની પ્રખર બૌદ્ધિક પ્રતિભાનો ચમકારો નથી: કેવળ જડ કાવ્યવિનોદ પણ નથી: એ તો જીવનની આરાધના કે સાધના છે. પરમાત્માની પ્રસન્નતાના પ્રયોજનથી પ્રેરાઇને કરાયેલું ભાવોનું તર્પણ છે. પરમાત્માના ચારુ ચરણે અર્પણ કરવામાં આવેલો અનુરાગનો અર્ધ્ય છે. અંતરના અંતરતમના ગોમુખમાંથી નીકળેલી ભક્તિની ભાગીરથીનું

અસાધારણ અભિસરણ છે. એટલે તો એ આટલો બધો અસરકારક ઠરે છે ને પ્રેરક બને છે. એનો આશ્રય લેનાર સર્વપ્રકારે કૃતાર્થ થયા વિના નથી રહી શકતો.

પરમ ભાગવત સત્પુરુષશ્રેષ્ઠ સૂતજી શુકદેવજીના અનન્ય શિષ્ય હતા. એ શૌનકને ભાગવતના માહાત્મ્યમાં એક બીજી કથા કહી સંભળાવે છે. એ કથા દેવર્ષિ નારદના જીવન સાથે સંબંધ ધરાવનારી છે. દેવર્ષિ નારદ વિશાલાપુરીમાં પ્રવેશેલા સનકાદિ ચાર ઋષિઓને એ કથાથી પરિચિત કરે છે.

દેવર્ષિ નારદે પૃથ્વીને સર્વોત્તમ લોક સમજીને એની ઉપર વિચરણ કરવા માંડ્યું. પુષ્કર, પ્રયાગ, કાશી, ગોદાવરીતટવર્તી નાસિક, હરિદ્વાર, કુરુક્ષેત્ર, શ્રીરંગ અને સેતુબંધ જેવા તીર્થસ્થાનોમાં વિચરવા છતાં એમને સંતોષ ના થયો. કલિયુગનો પ્રભાવ સર્વત્ર જોવાં મળ્યો. દૈવી સંપત્તિનું સાર્વત્રિક દર્શન થવાને બદલે ચારે તરફ આસુરી સંપત્તિનું આધિપત્ય જોવા મળ્યું.

પૃથ્વીના પૃથક્ પૃથક્ પ્રદેશોમાંથી પસાર થતા નારદજી છેવટે ભગવાન કૃષ્ણની અલૌકિક લીલાભૂમિમાં આવી પહોંચ્યા. યમુનાતટવર્તી એ ભૂમિમાં એમણે એક અસાધારણ દૃશ્ય જોયું. એ દૃશ્ય એકદમ અનોખું, અદૃષ્ટપૂર્વ અને આશ્ચર્યકારક હતું. એને દેખીને એમનું અંતર સંવેદનશીલ બની ગયું. યમુના તટપ્રદેશ પર એક યુવતી બેઠેલી. એનું મુખમંડળ મ્લાન હતું. એની પાસે પડેલા બે વૃદ્ધ પુરુષો અચેતાવસ્થામાં જોરજોરથી શ્વાસ લઇ રહેલા. પેલી તરુણી સુકુમારી સ્ત્રી એમને અચેતાવસ્થામાંથી જગાડવાનો પ્રયત્ન કરતી અને એ પ્રયત્નમાં નિષ્ફળતા મળવાથી વચ્ચે વચ્ચે રોવા લાગતી. એ પોતાના સંરક્ષક પ્રિયતમ પરમાત્માને ચારે તરફ જોયા કરતી. બીજી અસંખ્ય સ્ત્રીઓ એની આજુબાજુ બેસીને એને પંખો કરતી તથા સમજાવતી.

એ અદૃષ્ટપૂર્વ દૃશ્યને દેખીને નારદજી એની પાસે પહોંચ્યા. એમને જોઇને પેલી યુવતી આદરપૂર્વક ઊભી થઇ ગઇ ને કહેવા લાગી: 'તમારું દર્શન સૌને સારું શ્રેયસ્કર છે. સંસારના સઘળાં પાપોનો નાશ કરવાની શક્તિવાળું છે. તમારાં સદ્દવચનોને સાંભળીને મારા દુઃખની નિવૃત્તિ થશે એવો મને વિશ્વાસ છે. તમારું દેવદુર્લભ દર્શન મનુષ્યને એમનેમ નથી મળતું. એને માટે મોટું ભાગ્ય જોઇએ છે.'

નારદજીએ એ સ્ત્રીનો પરિચય પૂછ્યો અને એના દુઃખનું અને એની અશાંતિનું કારણ કહેવા જણાવ્યું તો એણે કહ્યું કે મારું નામ ભક્તિ છે. આ બે પુરુષો બીજા કોઇ નથી પરંતુ જ્ઞાન તથા વૈરાગ્ય નામના મારા બે પુત્રો છે. પહેલાં એ અતિશય શક્તિશાળી હતા પરંતુ વખતના વીતવાની સાથે જડ અને જર્જરિત બની ગયા છે. એમની ચેતનાનો લોપ થયો છે. આ બીજી દેવીઓ મારી સેવા માટે આવેલી ગંગા જેવી સરિતાઓ છે. એ મારી સેવા કરે છે તો પણ મને શાંતિ નથી. મારી આપવીતી સાંભળીને તમે મને માર્ગદર્શન આપો ને શાંતિ પૂરી પાડો.

એ સુકુમારી દેવી શા માટે રડતી હતી ? એને કયું દુઃખ સતાવી રહેલું ? એ સર્વાંગસુંદરી સુકુમારી ભક્તિદેવી દ્રવિડ દેશમાં પ્રાદુર્ભાવ પામીને કર્ણાટકમાં વધેલી: મહારાષ્ટ્રમાં ક્યાંક ક્યાંક સન્માન પામેલી, પરંતુ ગુજરાતમાં વૃદ્ધાવસ્થાથી ઘેરાઇ ગયેલી. ત્યાં કલિયુગના પ્રભાવમાં પડેલા પાખંડીઓએ એને બેહાલ બનાવી દીધી. એ એના જ્ઞાન અને વૈરાગ્ય નામના પુત્રોની સાથે નિર્બળ અને નિસ્તેજ બની ગઇ. છેવટે

વૃંદાવનની પુણ્યભૂમિમાં પહોંચવાથી એને નવજીવન પ્રાપ્ત થયું અથવા એની કાયાપલટ થઇ ગઇ. પરંતુ એના પુત્રો તો એવા જ દીન તેમજ દુર્બળ રહ્યા. એમને લીધે એ અતિશય દુઃખી હતી.

દેવર્ષિ નારદે એની મનોવ્યથાને જાણીને જણાવ્યું કે ઘોર કલિયુગનું સામ્રાજ્ય ચારે તરફ સર્વત્ર છવાયલું હોવાથી જ્ઞાન, વૈરાગ્ય, તપ, યોગ તથા સદાચારનો લોપ થયો છે. આસુરી સંપત્તિ દૈવી સંપત્તિ પર વિજયી બનીને વિશ્વના વાયુમંડળમાં વ્યાપક બની છે. આવા વિપરીત વખતમાં પુત્રોની સાથે તારું દર્શન પણ દુર્લભ બની ગયું છે. મનુષ્યો સંસારના પદાર્થો ને ઇન્દ્રિયોના વિષયોમાં જ આસક્તિ કરી બેઠાં હોય ને ગળાડૂબ ડૂબી ગયા હોય ત્યાં ભક્તિ, જ્ઞાન કે વૈરાગ્યની વાતો ક્યાંથી કરે ને તેમાં રસ પણ ક્યાંથી લે ? વૃંદાવનના ધન્ય ધામમાં ભક્તિરસની અધિકતા હોવાથી તને નવયૌવનની અનાયાસે પ્રાપ્તિ થઇ છે પરંતુ જ્ઞાનવૈરાગ્યને પોતાનું પર્યાપ્ત પોષણ તો અહીં પણ નથી દેખાતું. એટલે એમની અવસ્થા લેશ પણ નથી બદલાઇ શકી. કલિયુગમાં તપ, યોગ ને સમાધિનું અનુષ્ઠાન અશક્ય જેવું ને અઘરું થઇ ગયું છે. એ બધાં સાધનોથી જે સર્વોત્તમ ભગવત્કૃપાનું ફળ નથી મળતું તે કેશવના કીર્તનથી મળે છે.

यतफलं नास्ति तपसा न योगेन समाधिना ।
तत्फलं लभते सम्यक् कलौ केशवकीर्तनात् ॥

છતાં પણ કેશવકીર્તનમાં પ્રવૃત થઇને જીવનને જ્ઞાન તેમ જ વૈરાગ્યથી વિભૂષિત કરીને ઇશ્વરપરાયણ બનવાનું કામ ધાર્યા જેટલું સહેલું નથી. એ કામ કોઇક ધન્ય વિરલ પુરુષવિશેષ જ કરે છે.

દેવી ! તારે આટલો બધો ખેદ કરવાનું કોઇ જ કારણ નથી. તું આટલી બધી ચિંતા ને વ્યથામાં શા માટે પડી છે ? ભગવાન શ્રીકૃષ્ણના ચારુ ચરણકમળનું ચિંતન, મનન ને ધ્યાન કરવાથી તથા એમના અલૌકિક અનુગ્રહનો અનુભવ કરાવનારી આરાધનાનો આધાર લેવાથી સઘળું દુઃખ દૂર થાય છે. કૌરવોના અત્યાચારથી દ્રૌપદીની રક્ષા કરનાર, ગોપીઓને ધન્યતા ધરનાર અને બીજા અનેક આત્માઓને માટે અમોઘ આશીર્વાદરૂપ બનનાર શ્રીકૃષ્ણની સંનિધિ આજે પણ સુલભ છે. એ ક્યાંય નથી ગયા. તું તો એમને પ્રાણથી પણ પ્યારી હોવાથી તારા બોલાવવાથી તો એ ઉત્તમ અને અનુત્તમ સઘળાં સ્થળોમાં પહોંચી જાય છે. કલિયુગમાં જ્ઞાનવૈરાગ્યની ઉપેક્ષા થયેલી હોવાથી એ રસહીન, દીન ને વૃદ્ધ બન્યા છે. તો પણ તારે કોઇ પ્રકારની ચિંતા કરવાની આવશ્યકતા નથી. હું એમના નવયૌવનનો ઉપાય વિચારું છું. કલિયુગમાં જે જીવો ભક્તિભાવથી સંપન્ન બનશે તે ભગવાનના પરમધામની પ્રાપ્તિ કરશે. એવા જીવોને સ્વપ્નમાં પણ યમદેવનું દર્શન નહિ થાય. પ્રેત, પિશાચ, દૈત્ય કે રાક્ષસ એમને નહિ સ્પર્શી શકે. કલિયુગમાં ભક્તિ જ સાર છે. ભક્તિથી ભગવાનની ઝાંખી થાય છે. ભક્તિની સાથે સંબંધવિચ્છેદ કરનારા લોકો દુઃખ અને અશાંતિ સિવાય કશું જ નથી મેળવતા.

નારદજીના સુધામય શબ્દો સાંભળીને ભક્તિને સંતોષ થયો. એણે એમને આત્મિક અભિનંદન આપ્યાં.

એ પછી નારદજી જ્ઞાનવૈરાગ્યને જગાડવાનો પ્રયત્ન કરવા લાગ્યા. એમની પાસે જઇને એમણે પોકારો પાડ્યા. વેદધ્વનિ, વેદાંતઘોષ અને ગીતાપારાયણના પ્રયોગો કર્યા. એથી માંડમાંડ જાગ્યા તો ખરા પરંતુ આંખ ના ઉઘાડી શક્યા ને બગાસા ખાતા ફરી પાછા સૂઇ ગયા.

એ દેખીને દેવર્ષિને ચિંતા થઇ ત્યારે એમણે આતુર અંતરે ઇશ્વરસ્મરણ કરવા માંડ્યું. એ વખતે સંભળાયલી આકાશવાણીએ એમને આશ્વાસન આપ્યું કે તમારો પરિશ્રમ સાર્થક થશે ને તમે સફળમનોરથ બનશો. તે માટેની સાધનાનો સદ્ઉપદેશ તમને સ્વનામધન્ય સંતપુરુષો પાસેથી પ્રાપ્ત થશે. એ સાધનાનું અદ્દભુત અનુષ્ઠાન સંપૂર્ણ થશે કે તરત જ જ્ઞાન તથા વૈરાગ્યને નવજીવનની પ્રાપ્તિ થશે અને સંસારમાં સર્વત્ર ભક્તિનો પ્રસાર સુલભ બનશે.

દેવર્ષિ એ અસ્પષ્ટ આકાશવાણીના મર્મને સુચારુરૂપે ના સમજ્યા. તો પણ એમાંથી આશ્વાસન મેળવીને જુદા જુદા પ્રદેશવિશેષોમાં વિચરવા લાગ્યા. ત્યાં મળતાં મુનિશ્વરોને એ અમોઘ સાધનાસંબંધી પૂછવા માંડ્યા પરંતુ કોઇ એના રહસ્યનું સ્પષ્ટીકરણ ના કરી શક્યું. સૌએ પોતપોતાની અશક્તિ જાહેર કરી.

છેવટે ભિન્નભિન્ન પ્રદેશોમાં પરિભ્રમણ કરતા એ બદરીનાથના પ્રશાંત પુણ્યપ્રદેશમાં આવી પહોંચ્યા. ત્યાં એમને સનકાદિ દિવ્ય ઋષિવરોનો દર્શનલાભ મળ્યો. એમના દર્શનથી એમની પ્રસન્નતાનો પાર ના રહ્યો. એમનું આયુષ્ય અનંત હોવા છતાં એ બહારથી જોતાં પાંચ વરસના બાળક જેવા દેખાતા. એ 'હરિઃશરણમ્' મંત્રનો નિરંતર જપ કરતા. નારદજીના પૂછવાથી એમણે આકાશવાણીએ સૂચવેલા સાધનવિશેષ પર પ્રકાશ ફેંકતા કહેવા માંડ્યું કે સંસારમાં જ્ઞાનયજ્ઞનું મહત્વ ઘણું મોટું છે. તે યજ્ઞથી શાંતિ ને મુક્તિ સહેલાઇથી મળી શકે છે. શ્રીમદ્ ભાગવતના પવિત્ર પારાયણ જેવો જ્ઞાનયજ્ઞ બીજો કોઇ જ નથી. એ સુંદર ભક્તિરસ ભરપૂર શાસ્ત્રના શબ્દો સાંભળવાથી ભક્તિ, જ્ઞાન ને વૈરાગ્યને અભિનવ શક્તિ સાંપડશે અને પ્રશાંતિ તથા પરમાનંદની પ્રાપ્તિ થશે. સિંહની ગર્જના સાંભળીને ભાગી જનારા બકરાંઘેટાં અને અન્ય વન્ય પશુપ્રાણીઓની પેઠે શ્રીમદ્ ભાગવતના મંગલમય જીવનપ્રદાયક જયઘોષથી કલિયુગના સમસ્ત દોષોમાંથી મુક્તિ મળશે.

એના અનુસંધાનમાં દેવર્ષિના સૂક્ષ્માતિસૂક્ષ્મ સરખા સંદેહનું પણ શમન કરવા જે શબ્દો કહેવામાં આવે છે તે ભાગવતના મહિમાના પરિચાયક હોવાથી ખૂબ જ સારગર્ભિત ને પ્રેરક છે. સનકાદિ ઋષિના કથનનો સાર એ છે કે ભાગવતની કથા વેદ તથા ઉપનિષદના સારરૂપ છે. એટલા માટે અત્યંત રસમયી અને ઉત્તમ લાગે છે. વૃક્ષનો રસ વૃક્ષના મૂળથી માંડીને એની શાખા સુધી સઘળે પ્રસાર પામે છે. પરંતુ એ રસનું ગ્રહણ શાખાઓમાં અને મૂળમાં, પત્રોમાં કે પુષ્પોમાં નથી થઇ શકતું. એનો આસ્વાદ પણ એમની દ્વારા નથી મળી શકતો. એનું ગ્રહણ અને આસ્વાદન તો ફળની મદદથી જ કરી શકાય છે. દૂધમાં ઘી રહે છે તો ખરું પરંતુ દૂધને સ્પર્શવાથી સ્વતંત્ર રીતે ગ્રહણ નથી કરી શકાતું. એ જ ઘીને દૂધથી અલગ કરવામાં આવે છે ત્યારે એ દેવતાઓને માટે પણ આસ્વાદ્ય બને છે. સાકર શેરડીની અંદર એના અણુઅણુમાં ઓતપ્રોત હોવા છતાં એનાથી છૂટી કરાય છે ત્યારે સ્વતંત્ર રીતે સ્વાદ આપે છે. તલમાં તેલ તો છે પણ તલને પકડવા માત્રથી જ હાથમાં નથી આવી શકતું. એને વિધિપૂર્વક અલગ કરવામાં આવે છે ત્યારે એનો ઉપભોગ સ્વતંત્ર રીતે જ કરી શકાય છે. ભાગવતની પરમરસમયી મહાકથાના સંબંધમાં પણ એવું જ સમજવાનું છે. એ વેદાદિ સંપૂર્ણ શાસ્ત્રોના સારરુપ છે. પરબ્રહ્મ પરમાત્માનો જે પ્રેમરસ જુદાં જુદાં શાસ્ત્રોમાં સુપ્તાવસ્થામાં પડેલો છે તે જ પ્રેમરસનો પરમપાવન પ્રવાહ ભાગવતમાં પ્રકટ રીતે વહ્યા કરે છે. એ પ્રવાહ બધી રીતે

કલ્યાણકારક છે. એને સામાન્ય સમજવાની ભૂલ નથી કરવાની. એ જ ભાગવત મહાપુરાણનો આધાર લેવાથી ભક્તિદેવીની મનોકામના પૂરી થશે અને એના જ્ઞાનવૈરાગ્યરૂપી પુત્રો નવજીવનની પ્રાપ્તિ કરશે.

પ્રજ્ઞાપૂત પવિત્ર મહાપુરુષોના દર્શન-સમાગમનો દેવદુર્લભ લાભ કોઇક બડભાગીને જ મળી શકે છે. અને મળે છે ત્યારે સર્વપ્રકારે કૃતાર્થ કરે છે. અનેક જન્મોના સંચિત સત્કર્મોના સમુચ્ચયના સુપરિણામરુપે સાંપડનારો સત્સંગ અજ્ઞાનજન્ય મોહ અને મદરૂપ અંધકારનો નાશ કરીને સદ્દબુદ્ધિના સૂર્યોદયને પ્રકાશિત કરે છે.

દેવર્ષિ નારદની જિજ્ઞાસાના જવાબમાં સનકાદિ ઋષિવરોએ કહ્યું કે હરિદ્વારની સમીપે આનંદ નામનો ગંગાનો ઘાટ છે. ત્યાં અસંખ્ય તપસ્વીગણો ને ઋષિઓ નિવાસ કરે છે અને દેવો તથા સિદ્ધો પણ એનું સેવન કરે છે. ત્યાં અસંખ્ય વૃક્ષો ને વલ્લરીઓ છે. એ ઘાટ નયનાભિરામ અને એકાંત પ્રદેશમાં આવેલો છે. ત્યાં સવર્ણ કમળોની સુવાસ સતત રીતે પ્રસર્યા કરે છે. સિંહ, હાથી ને હરણ જેવા પરસ્પર વિરોધી સ્વભાવના જીવો વેરભાવનો પરિત્યાગ કરીને ત્યાં પ્રેમપૂર્વક વિહાર કરે છે. ત્યાં જઇને ભાગવતના જ્ઞાનયજ્ઞનો આરંભ કરવાથી અભૂતપૂર્વ રસ પેદા થશે ને ફલ મળશે. ભાગવતના જ્ઞાનયજ્ઞનું જ્યાં આયોજન થાય છે ત્યાં ભક્તિ સ્વયં જ્ઞાનવૈરાગ્ય સાથે પહોંચી જાય છે એટલે એ ત્યાં આપોઆપ આવી પહોંચશે અને જ્ઞાનવૈરાગ્યની સાથે નવજીવનની પ્રાપ્તિ કરશે.

એ પછી દેવર્ષિ નારદ સાથે સ્વનામધન્ય સનકાદિ ઋષિવરો પણ ગંગાના પાવન પ્રદેશમાં હરિદ્વાર તીર્થમાં આવી પહોંચ્યા. ભગવત્કથાના રસિક ભક્તો, યોગીઓ ને ઋષિમુનિઓ પણ ભગવત્કથામૃતનું પાન કરવા માટે એ સુંદર ઐતિહાસિક સ્થળમાં એકઠા થયા. કથાશ્રવણનો દેવદુર્લભ લાભ આપવા માટે સનકાદિ ઋષિવરો દેવર્ષિ નારદે આપેલા સર્વોત્તમ આસન પર વિરાજમાન થયા. શ્રોતાઓએ એમને પૂજ્યભાવે પ્રણામ કર્યા. સર્વત્ર જયજયકાર, અભિનંદન અને શંખોનો ધ્વનિ થવા માંડ્યો. અબીલ-ગુલાલ અને પુષ્પોની વૃષ્ટિ થવા લાગી.

સનકાદિ આરંભમાં ભગવતનો મહિમા સંભળાવતાં કહેવા લાગ્યા કે **यस्य श्रवणमात्रेण मुक्तिः करतले स्थिता ।** એના શ્રવણમાત્રથી મુક્તિ મળી જાય છે.

**सदा सेव्या सदा सेव्या श्रीमद् भागवती कथा ।**
**यस्याः श्रवणमात्रेण हरिश्चितं समाश्नयेत् ॥**

શ્રીમદ્ ભાગવતની કથાનું સદા સેવન કરવું જોઇએ. એના શ્રવણમાત્રથી ભગવાનની ભક્તિ જાગે છે ને ભગવાન હૃદયમાં વિરાજે છે. આ ભાગવતગ્રંથમાં અઢાર હજાર શ્લોક, બાર સ્કંધ અને શુકદેવજી તથા પરીક્ષિતનો સંવાદ છે. જ્યાં સુધી ભક્તિરસથી ભરપુર સુંદર શાસ્ત્રની કથાના આસ્વાદનો અનુપમ અવસર જીવનમાં નથી આવતો ત્યાં સુધી જીવ અવિદ્યા તથા ભ્રાંતિનો શિકાર બનીને આવાગમનશીલ ઘોર સંસારચક્રમાં ફર્યા કરે છે. ભાગવતનો રસાસ્વાદ મળતાવેંત જ એ પરિભ્રમણનો પરિપૂર્ણપણે અંત આવે છે. જેને ભાગવતશ્રવણનો લાભ મળ્યો છે તે બીજા શાસ્ત્રોને ના વાંચે તો પણ શું ? તેથી તેને કશું જ નથી ખોવા જેવું. એક ભાગવત જ મુક્તિ આપવા માટે પર્યાપ્ત છે. જે ઘરમાં દિનપ્રતિદિન ભાગવતની કથા કરવામાં આવે છે તે ઘર તીર્થતુલ્ય પવિત્ર બની જાય છે ને એમાં નિવાસ કરનારા નિષ્પાપ થાય છે.

શ્રીમદ્ ભાગવતની કથા દુર્લભ છે. કોટિ જન્મોના પુણ્યોનો ઉદય થાય ત્યારે જ એની પ્રાપ્તિ થાય છે. એના સપ્તાહ શ્રવણનું સુફળ ઘણું મોટું છે. એ દરમિયાન પરમાત્માના પવિત્ર પ્રેમરસના ક્ષીરસાગરને ગાગરમાં ભરી દેવામાં આવે છે. એ સર્વપ્રકારે શ્રેયસ્કર છે. કલિકાળમાં આયુષ્ય અલ્પ છે, આધિ-વ્યાધિ અને ઉપાધિનો અંત નથી, મન પણ ચંચળ, મલિન અને અસંયમી તેમજ બીજી પણ પ્રતિકૂળતાઓ ઘણી હોવાથી સપ્તાહશ્રવણનો મહિમા વિશેષ માનવામાં આવ્યો છે તે યોગ્ય જ છે. સપ્તાહશ્રવણ સમજપૂર્વકનું તેમજ ઇશ્વરાભિમુખ બનાવનારું ને ઇશ્વરના અચિંત્ય અનુગ્રહથી અલંકૃત કરનારું હોય તો યજ્ઞથી, વ્રતથી, તપથી, તીર્થાટન કે તીર્થસેવનથી, યોગાભ્યાસથી, ધ્યાન અથવા જ્ઞાનથી પણ શ્રેષ્ઠ છે. એની ઉપકારકતા કે મંગલમયતાનું સવિસ્તર વર્ણન કોણ કરી શકે ? એની તુલના બીજા કશાની સાથે નથી થઇ શકે તેમ.

ભાગવતના માહાત્મ્યની મંગલમયી કથાનું વર્ણન સચોટ, સુંદર અને આહ્લાદક રીતે થઇ રહેલું એ જ વખતે એક આશ્ચર્યકારક ઘટના બની. એ સુંદર, શાંત, ભક્તિરસ ભરપુર સભાસ્થળમાં શ્રીકૃષ્ણ ગોવિંદ હરે મુરારે, હે નાથ નારાયણ વાસુદેવ જેવાં ભગવન્નામોનું ઉચ્ચારણ કરતી ભક્તિ તરુણાવસ્થા પ્રાપ્ત પોતાના જ્ઞાનવૈરાગ્યરૂપી સુપુત્રો સાથે ઉત્સાહયુક્ત હૃદયે આવી પહોંચી. એણે ભાગવતના અલૌકિક અર્થોના આભૂષણો પહેરેલાં. એને જોઇને સૌને નવાઇ લાગી ત્યારે સનકાદિએ જણાવ્યું કે એનું પ્રાકટ્ય હમણાં જ ભાગવતના ભાવાર્થમાંથી થયું છે.

ભક્તિદેવીએ એ મહાન ઋષિવરોનો આભાર માન્યો એટલે ઋષિવરોએ એને નિશ્ચિંત ને નિર્ભય બનવાનું કહીને ભગવદભક્તોના હૃદયમાં વિરાજવાનો આદેશ આપ્યો. એણે એ આદેશનું અનુસરણ કર્યું.

સંસારમાં સૌથી ધની ને ધન્ય તે જ છે જેના હૃદયમાં ભગવાનની ભક્તિનો વાસ છે. ભક્તિના શાશ્વત સૂત્રે બંધાઇને ભગવાન પોતાના પરમધામનો પરિત્યાગ કરીને એવા પ્રેમી ભક્ત પુરુષના હૃદયમાં વસવા માટે તૈયાર બને છે. મૃત્યુલોકમાં ભાગવત ભગવાનના સાક્ષાત સ્વરૂપ સરખું છે. એનો આશ્રય લઇને એને સાંભળવાથી અને સંભળાવવાથી ભગવાન શ્રીકૃષ્ણની સમતાની પ્રાપ્તિ થાય છે. એનો આશ્રય લેનારને અન્ય ધર્મો કે ધર્મગ્રંથોનો આશ્રય લેવાની આવશ્યકતા નથી પડતી.

ભાગવતનો અનુરાગપૂર્વક આશ્રય લેનાર આત્માના અસાધારણ ચિરવિસ્મૃત ગૌરવને અનુભવીને સમસ્ત પ્રકારના દૈન્ય અને ક્લૈબ્યથી મુક્તિ મેળવીને ભગવદભક્તિની સંપ્રાપ્તિથી ભગવાનના અલૌકિક અનુગ્રહની ને ભગવાનની સુખદ સંનિધિની અનુભૂતિ કરીને કૃતાર્થ બને છે. ભાગવતનું સાચું માહાત્મ્ય એ જ હોવાથી એનો પ્રતિઘોષ જીવનમાં જેમ જેમ અધિકાધિક પ્રમાણમાં પડે છે તેમ તેમ એનું અધ્યયન, સંભાષણ ને શ્રવણ સફળ બને છે. એટલે ભાગવતનો લાભ કેવળ લોકરંજન અથવા અર્થોપાર્જન, વિદ્વત્તાના પ્રદર્શન કે વાદવિવાદ માટે નથી લેવાનો : એનું પોપટપારાયણ કરીને કે એને સામુહિક કથાનું સાધન સમજીને પણ સંતોષ નથી માનવાનો. એનો સાચો સંબંધ જીવનપરિવર્તન સાથે, પરમાત્માની પ્રેમભક્તિને જગાવવા ને વધારવા માટે, ને પરમાત્માપરાયણતા કેળવીને પરમાત્માના સાક્ષાત્કારથી સાર્થક થવા માટે હોઇ, એનો ઉપયોગ એવા બધાં લક્ષ્યાંકોની સિદ્ધિને માટે જ કરવાનો છે.

માહાત્મ્યના આ અધ્યાયોમાં એ વસ્તુનું ખાસ પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે પરમાત્માના પરમાનુગ્રહની પ્રાપ્તિ માટે ભક્તિની આવશ્યકતા તો છે જ પરંતુ એની સાથેસાથે જ્ઞાન તથા વૈરાગ્ય પણ સુપ્તાવસ્થામાં, વ્યાધિગ્રસ્ત કે જીર્ણ હશે તો નહિ ચાલે. ભક્તિની સાથે એમનો સુખદ સહયોગ જોઇશે. સનકાદિ સરખા પ્રજ્ઞાપૂત પરમાત્માનિષ્ઠ સદગુરુની સવિશેષ કૃપાથી મન પરમાત્માભિમુખ બનીને ઋતંભરા પ્રજ્ઞાના હરિદ્વારમાં પ્રવેશીને નિર્મળ આત્માનંદના ઘાટ પર સ્થિતિ કરીને ઇશ્વરની એકનિષ્ઠ આરાધનામાં ઓતપ્રોત બનશે ત્યારે એના બધા જ મેલ દૂર થશે. ભક્તિ, જ્ઞાન ને વૈરાગ્યના સંસ્કારો પછી સોળ કળાએ ખીલી ઊઠશે.

એક બીજી વાત પણ ધ્યાનમાં રાખવાની છે. ભાગવતના માહાત્મ્યના આ બધા અધ્યાયોની રચના થઇ હશે ત્યારે ગુજરાતની ભક્તિવિષયક સ્થિતિ કદાચ સંતોષકારક નહિ હોય. એટલે તો માહાત્મ્યકારે **'ગુર્જરે જીર્ણતા ગતા'** 'હું ગુજરાતમાં જીર્ણાવસ્થાને પ્રાપ્ત થઇ એવું ભક્તિ દ્વારા જ કહેવડાવ્યું છે. એના પરથી કોઇએ એવું સમજવાનું નથી કે ગુજરાતની ભૂમિ ભક્તિવિહિન છે. માહાત્મ્યનું એ વિશિષ્ટ વર્ણન ક્યા સવિશેષ સમયને અનુલક્ષીને કરવામાં આવ્યું છે એનો સમુચિત ને સુસ્પષ્ટ નિર્ણય સંશોધનવૃત્તિવાળા વિચક્ષણ વિદ્વાનોએ કરવાનો છે. આપણને એ મુદ્દાની સાથે એટલો બધો સંબંધ નથી. પરંતુ આપણે પરિસ્થિતિની એટલી વાસ્તવિકતા પ્રત્યે અંગુલિનિર્દેશ અવશ્ય કરીશું કે ગુજરાતની ગૌરવશાલિની ભૂમિ એના ઇતિહાસના લગભગ બધા જ તબક્કાઓમાં શીલ, સંસ્કારિતા, શૂરવીરતા, સેવાભાવના અને ભક્તિની મૂડી રહી છે. મધ્યયુગ જેવા સમયમાં ને તે પછી પણ એમાં મોટા મોટા સંતો, તપસ્વીઓ, જ્ઞાનીઓ, દાનીઓ અને ભક્તો થયા છે. આધુનિક સમયમાં પણ મહર્ષિ દયાનંદ, ભિક્ષુ અખંડાનંદ ને મહાત્મા ગાંધી જેવા સત્પુરુષોની ચરણરજથી એ પુલકિત બની છે. એનો આરાધનાપરાયણ અલૌકિક અંતરાત્મા આજે પણ ભાતભાતના ભક્તો, સંતો અને નિષ્કામ કર્મયોગીઓના રૂપમાં મૂર્તિમંત થતો રહે છે. અને એની સામાન્ય અધિકાંશ પ્રજા ? એ પણ ભારતના કોઇ પણ બીજા પ્રદેશવિશેષની સરખામણીમાં આચારવિચારની, સેવાની, અતિથિસત્કારની શુદ્ધિની ને ભક્તિભાવની દૃષ્ટિએ ઉતરતી તો નથી જ દેખાતી, બલકે કેટલીય બાબતોમાં ચઢિયાતી લાગે છે. સંતો, મહંતો, કથાકારો ને સદ્દુપદેશકોનું ત્યાં સારી પેઠે પોષણ થાય છે. લોકોની ભક્તિભાવના ત્યાં પરિપક્વતા અથવા પ્રૌઢાવસ્થા પર પહોંચી છે. પ્રત્યેક સમાજમાં કેટલાક વિરોધીઓ તો રહેવાના જ. એવા વિપરીત વૃત્તિવાળા વિરોધીઓ ભક્તિનું ખંડન કરે એ સ્વાભાવિક છે. બાકી તો ગુજરાતની ભક્તિરસ ભરપુર શ્રદ્ધાસમન્વિત ભૂમિમાં આજે પણ જેટલાં સંકીર્તનો, સત્સંગો અને ભાગવત સપ્તાહો થાય છે એટલા બીજે ક્યાય નહિ થતાં હોય. એ દેવભૂમિમાં આજે ભક્તિભાવનો લોપ થયો છે એવું ભૂલેચૂકે પણ ના કહી શકાય.

* * *

સનકાદિ ઋષિઓના ભાગવત માહાત્મ્યના વર્ણનના એ અવર્ણનીય આનંદદાયક અવસર પર ભક્તવત્સલ ભગવાન પોતાના પરમ પવિત્ર પરમધામને પરિત્યાગીને ત્યાં પધાર્યા. અને કેમ ના પધારે ? જ્યાં ભગવાનની એકનિષ્ઠ ભક્તિનો ને વિશુદ્ધતમ જ્ઞાનવૈરાગ્યનો ઉદય થાય ત્યાં ભગવાનને પધાર્યા વિના ચાલે જ નહિ. એ જીવનમાં ભગવાનની સંનિધિ સહજ થઇ જાય. મનમાં રહેલા વાસનાના કે દુર્ભાવનાના

રહ્યાસહ્યા સૂક્ષ્માતિસૂક્ષ્મ અંકુરોનો પણ અંત આવવાથી ભગવાનના અનંત અનુગ્રહની અનુભૂતિ આપોઆપ થવા માંડે છે.

કથાશ્રવણ સારું સંમિલિત થયેલા સઘળા શ્રોતાઓએ ભગવાનની એ સુખદ સુધામયી સંનિધિનો સ્વાનુભવ કર્યો. હજુ તો મૂળ કથાના આરંભની વાર છે ત્યાં જ એની પૂર્વભૂમિકારૂપે શ્રોતાઓ એવા અલૌકિક અનુભવનો આસ્વાદ પામ્યા એમાં ભગવાનનો અસાધારણ અનુગ્રહ તો રહેલો જ છે પરંતુ શ્રોતા ને વક્તા બંનેની સદ્દભાવનાની સફળતા દેખાય છે.

## [૨] ગોકર્ણોપાખ્યાન

ભાગવતની ભાગીરથીના પવિત્ર તટપ્રદેશ પર જે કોઇ બેસે છે તે પાવન બને છે. જે એનું અમીમય અદ્દભૂત આચમન કરે છે તે કૃતાર્થ થાય છે. એના સુભગ સલિલમાં સ્નાન કરનારની કાયાપલટ થઇ જાય છે. એ અવનવો આહ્લાદક અવતાર ધારણ કરે છે. એના ભાવો, વિચારો ને જીવનવ્યવહારો ઉદાત્ત બને છે. એવું ના બને તો જ આશ્ચર્ય. માનવની એટલી નિર્બળતા. ભાગવતની ભાગીરથીમાં સ્નાન કરવા છતાં પણ જીવન જીવન ના થાય અને વિપથગામી જ બનતું જાય તો એ સ્નાનને સાચું સ્નાન ના કહી શકાય. એ સ્નાન બાહ્યાચાર પૂરતું ઉપલક સ્નાન બની રહે ખરું પરંતુ આત્માનો અપરોક્ષ અનુભવ કરાવનારું અથવા પરમાત્માની પાસે પહોંચાડનારું અંતરંગ સાધનાનું સ્વર્ગીય સોપાન ના બની શકે. સપ્તાહશ્રવણના રસિયાઓએ ને ભાગવતના વાચકો કે અભ્યાસીઓએ આ વાતને ખાસ યાદ રાખવાની છે.

એટલી અગત્યની સ્પષ્ટતા કર્યા પછી ભાગવત માહાત્મ્યના ચોથા અધ્યાયમાં ગોકર્ણોપાખ્યાનનો આરંભ થાય છે. એ ઉપાખ્યાનનું વર્ણન સનકાદિ ઋષિઓએ દેવર્ષિ નારદની આગળ કરેલું છે.

એ ઉપાખ્યાન ભારતના દક્ષિણ પ્રદેશ સાથે સંબંધ ધરાવે છે. પ્રાચીન સમયમાં તુંગભદ્રા નદીના તટ પર એક સુંદર શહેર હતું. તેમાં સર્વે વેદોનો વિશેષજ્ઞ, શ્રૌતા તથા સ્માર્ત કર્મોમાં કુશળ, સૂર્યસમાન પ્રતાપી અને પ્રભાવશાળી આત્મદેવ નામે બ્રાહ્મણ રહેતો. એ ધનવાન હોવા છતાં ભિક્ષાન્ન પર નિર્વાહ કરતો. એની પત્ની ધુન્ધુલી કુલીન તથા સુંદર હોવા છતાં પોતાની વાતને વળગી રહેવાના સ્વભાવવાળી હતી. એ બીજાની વાતો કરવામાં ને પારકી પંચાતમાં આનંદ માનતી, ગૃહકાર્યમાં કુશળ હોવા છતાં પણ કૃપણ અને ઝગડાખોર હતી.

એ બંનેની પાસે અર્થ અને ભોગવિલાસની પ્રચુર સામગ્રી વિદ્યમાન હોવા છતાં પણ એમને કોઇ સંતાન ના હોવાથી એમના મન ચિંતાતુર અને અશાંત રહેતાં. સંતાનની પ્રાપ્તિની કામનાથી પ્રેરાઇને એમણે કેટલાંક પુણ્યકર્મો કરવા માંડ્યા તથા દીનદુઃખીઓને દાન દેવામાં પણ પોતાના મનને પરોવી દીધું. તો પણ એમની મનોકામના ના ફળી અને એમનો આંતરિક અસંતોષ ના મટ્યો. એવી પ્રતિકૂળ પરિસ્થિતિથી પીડા પામીને આત્મદેવ ગૃહત્યાગ કરીને વનમાં નીકળી પડ્યો.

ત્યાં મધ્યાહ્ન સમયે તૃષાતુર બનીને એ એક તળાવ પાસે પહોંચ્યો. પાણી પીને પોતાના દુઃખનો વિચાર કરતો એ તળાવના તટ પર બેસી ગયો. ત્યાં બે ઘડી પછી એને એક સંતપુરુષનો સમાગમ થયો. સંતપુરુષે દુઃખનું કારણ પૂછવાથી એણે પોતાની આપવીતી કહી સંભળાવી.

એની આપવીતી સાંભળીને અને એને મુક્ત હૃદયે રડતો જોઇને એ સંતપુરુષના કાળજામાં કરુણા પેદા થઇ. એ યોગનિષ્ઠ હોવાથી એમણે આત્મદેવના ભવિષ્યનો સઘળો ઇતિહાસ જાણી લીધો ને જણાવ્યું કે સાત જન્મ સુધી તારા જીવનમાં કોઇ સંતાનપ્રાપ્તિની શક્યતા નથી. પરંતુ આત્મદેવ સંતાન વિનાના જીવનને સ્મશાન જેવું શુષ્ક ને નીરસ માનતો હોવાથી પોતાની માગણીમાં મક્કમ રહ્યો ત્યારે સંતપુરુષે એને પ્રસાદરૂપે એક ફળ આપ્યું અને એ ફળ એની પત્નીને ખવડાવવાનો આદેશ આપ્યો, સાથે સાથે એવું પણ

કહ્યું કે તારી પત્ની એક વરસ સુધી સત્ય, શૌચ, દયા ને દાનધર્મનું પાલન કરીને એકવાર ભોજન કરવાનો નિયમ રાખશે તો જે બાળક થશે તે સાત્વિક કે શુદ્ધ સ્વભાવવાળો થશે.

સંતપુરુષ એવું કહીને વિદાય થયા અને આત્મદેવ પોતાને ઘેર પાછો ફર્યો. ઘેર આવીને એણે પેલું ફળ ધુન્ધુલીને અર્પણ કર્યું, અને પોતે ક્યાંક ચાલ્યો ગયો. ધુન્ધુલીને પુત્રપ્રાપ્તિની આકાંક્ષા તો હતી જ પરંતુ એને માટે માતા તરીકે આરંભમાં જે કષ્ટ સહન કરવું પડે તે સહવાની એની તિલમાત્ર ઇચ્છા ન હતી. માતા તરીકેની વચગાળાની સાધના સિવાય જ એને પુત્રપ્રાપ્તિનું ફળ મેળવવું હતું. એણે એ ફળ ના ખાધું ને પોતાને ત્યાં આવેલી પોતાની બેનને બધી કથા કહી સંભળાવી. બેને એને આશ્વાસન આપીને કહ્યું કે મારાં પેટમાં જે બાળક છે તે હું સાનુકૂળ સમય આવતાં તને આપી દઇશ. મારા પતિને ધન આપીને સંતુષ્ટ કરવાથી તે પણ માની જશે. ત્યાં સુધી તું ઘરમાં ગર્ભવતીની પેઠે ગુપ્તરૂપે નિવાસ કર. આપણે એવી યુક્તિ કરીશું કે બધા લોકો એવું જ માનશે કે તારો પુત્ર છ મહિનાનો થઇને મૃત્યું પામ્યો. કોઇને એ વાતની કશી શંકા જ નહિ થાય. હું તારે ત્યાં આવીને રોજ એ પુત્રનું પાલનપોષણ કોઇને પણ કશી આશંકા ના થાય એવી રીતે કરતી રહીશ. તારા પતિએ તને આપેલું ફળ ગાયને ખવડાવી દે.

ધુન્ધલી એની બેનના કહ્યા પ્રમાણે બધું કરવા તૈયાર થઇ.

વખતના વીતવા સાથે પેલી સ્ત્રીને જ્યારે પુત્ર થયો ત્યારે એ પુત્ર એણે ધુન્ધલીને આપી દીધો. ધુન્ધલીએ આત્મદેવને જણાવ્યું કે મારું જીવન પુત્રપ્રાપ્તિથી ધન્ય બન્યું છે. લોકો પણ એ જાણીને આનંદ પામ્યા. ધુન્ધલીએ આત્મદેવને કહ્યું કે મારી છાતીમાં દૂધ નથી : મારી બેનને તાજેતરમાં જ થયેલા પુત્રનું અવસાન થયું હોવાથી એને આપણા ઘરમાં રાખો તો એ આપણા પુત્રનું પાલનપોષણ કરી શકે. આત્મદેવે ધુન્ધલીના પ્રસ્તાવનો સ્વાકાર કર્યો.

એમના એ નવજાત પુત્રનું નામ ધુન્ધુકારી રાખવામાં આવ્યું.

પેલી ગાયને સંતપુરુષની પ્રસાદીરુપે પ્રાપ્ત થયેલું જે ફળ ખવડાવવામાં આવેલું તેના પરિણામે એને પણ એક મનુષ્યાકાર બાળકનો જન્મ થયો. એ બાળક સર્વાંગ સુંદર, દિવ્ય, નિર્મળ ને સુવર્ણ સરખી સુંદર કાંતિવાળો હતો. એને દેખીને આત્મદેવની પ્રસન્નતાનો પાર ના રહ્યો. લોકો પણ પ્રસન્ન બનીને આત્મદેવના ભાગ્યની પ્રશંસા કરવા લાગ્યા. કોઇને ધુન્ધુલીએ છૂપાવેલા ગુપ્ત રહસ્યની ખબર ના પડી.

એ બાળકના ગાયના જેવા કાન જોઇને આત્મદેવે એનું નામ ગોકર્ણ રાખ્યું.

બંને બાળકો કાળક્રમે મોટા થયા પરંતુ બંનેના સ્વભાવો જુદા થયા. ધુન્ધુકારી દુષ્ટ પ્રકૃતિનો નીકળ્યો ને ગોકર્ણ પંડિત, જ્ઞાની તથા દૈવી સંપત્તિવાળો થયો. ધુન્ધુકારી આચારવિચાર રહિત હતો તથા ખાનપાનનો કશો ખ્યાલ ના રાખતો. એ ક્રોધી પણ ઘણો હતો. એ ચોરી કરતો, બીજા પર દ્વેષ રાખતો, બીજાના ઘરોને સળગાવી દેતો, બીજાનાં બાળકોને રમતાંરમતાં તેડીને કૂવામાં નાખી દેતો, હિંસા કરતો, શસ્ત્રો સાથે ફરતો, ને દીનદુઃખીને પરેશાન કરતો રહેતો. મોટો થતાં એણે વેશ્યાઓના મોહમાં પડીને આત્મદેવની સમસ્ત સંપત્તિનો નાશ કરી નાખ્યો, અને એક દિવસ માતાપિતાને મારીને ઘરમાંથી બધા વાસણો પણ ઉપાડી ગયો.

એનું વર્તન જોઇને આત્મદેવના શોકનો અંત ના રહ્યો. એને થયું કે આના કરતાં તો સંતાન વગરના રહેવાનું હજાર દરજ્જે સારું હતું. જે ઘરમાં કુપુત્રો પાકે છે તે ઘરની દશા દુઃખદ થઇ પડે છે. આત્મદેવ દુઃખના દરિયામાં ડૂબીને વિવિધ પ્રકારના વિલાપો કરવા લાગ્યો અને જીવનને અભિશાપ માનવા માંડ્યો ત્યારે જ્ઞાની ગોકર્ણે એની પાસે પહોંચીને સાંત્વના આપતાં કહ્યું કે સંસાર અસાર, દુઃખરૂપ અને મોહમાં નાંખીને મૂઢ બનાવનારો છે. પુત્ર ને ધનસંપત્તિનો મોહ નકામો છે. એમાં શાશ્વત સુખ કે શાંતિ નથી. ઇન્દ્ર કે ચક્રવર્તી રાજાને પણ સાચું ને સંપૂર્ણ સુખ નથી સાંપડતું. સુખ તો કેવળ વિરક્ત, એકાંતવાસી મુનિને જ મળી શકે છે. પુત્રના મોહનો પરિત્યાગ કરો. મોહથી નરકની પ્રાપ્તિ થાય છે. સંસારની આસક્તિનો અંત આણીને જીવનનું સાર્થક્ય સાધવા સારું સર્વ કાંઇ છોડીને વનમાં વસો એ જ બરાબર છે.

ઘરમાં રહીને અશાંતિપૂર્વક જીવવું અને અનેક પ્રકારનાં કષ્ટો ભોગવવાં એ કરતાં તો વનમાં વસવું વધારે સારું છે. ગોકર્ણના શબ્દો સાંભળીને આત્મદેવે વનમાં વસવાનો સંકલ્પ કર્યો.

મનુષ્યો અસ્થિ, માંસ અને રુધિરના માળખા જેવા શરીરને અજ્ઞાનને લીધે પોતાનું સ્વરૂપ સમજે છે અને એની અંદર આસક્તિ કરીને એમાં રહેલા આત્માનું દર્શન નથી કરતા. એને લીધે પોતાના ને બીજાના શરીરમાં બંધાઇ જાય છે ને દુઃખી થાય છે. વિવેકી પુરુષ શરીરના મોહમાંથી મનને ધીમે ધીમે ઉપરામ કરે, શરીરથી આત્માને અલગ જાણે, સંસારની ક્ષણભંગુરતાનો રોજ રોજ વિચાર કરે, અને કોઇ પણ પદાર્થમાં પ્રીતિ અથવા રાગ ના કરે. અત્યાર સુધી સંસારના વિનાશશીલ વિષયોનો રસ તો ચાખ્યો જ છે, પરંતુ હવે એ રસનો પરિત્યાગ કરીને વૈરાગ્યના રસનો આસ્વાદ લઇને ભક્તિના રંગથી રંગાઇ જાય.

વનમાં વસનારે કે વસતિમાં શ્વાસ લેનારે જીવનના શ્રેયને માટે એની સાથે બીજું શું કરવું જોઇએ ? સમસ્ત લૌકિક ધર્મોનો અથવા લૌકિક ખટપટોનો પરિત્યાગ કરવો જોઇએ. પરમાત્માના સાક્ષાત્કાર સારુ ભગવદ્ ભજનરૂપી ધર્મનું સેવન કરવું જોઇએ. એની સાથે સાથે સત્પુરુષોના સમાગમનો લાભ પણ લેવો જોઇએ. ગોકર્ણ આત્મદેવને કહે છે કે તમે પણ બધી લૌકિક લાલસાઓ અને ઉપાધિઓને તિલાંજલિ આપીને પરમ શ્રદ્ધાભક્તિપૂર્વક ભગવદ્દભજનમાં લાગી જાવ. બીજાના ગુણદોષના ચિંતનને છોડી દો ને ભગવાનની સેવા તથા કથાના રસનું જ પાન કરો.

धर्मं भजस्व सततं त्यज लोकधर्मान् सेवस्य साधुपुरुषांजहि कामतृष्णान् ।

आन्यस्य द्रोषगुणचिंतनमाशु मुकत्वा सेवाकथारसमहो नितरां पिब त्वम् ॥ (અધ્યાય ૪, શ્લોક ૮૦)

ભાગવતના અમર સુંદર સારગર્ભિત સાહિત્યભંડારમાં આ શ્લોકનો સમાવેશ સહેલાઇથી કરી શકાય છે. આ શ્લોક કંઠસ્થ કરવા જેવો અથવા વારંવાર વિચારવા યોગ્ય છે.

જીવ શિવનું સાચું શાશ્વત શરણ ક્યારે લઇ શકે ? જ્યારે એનું મન સંસારના પરિવર્તનશીલ પદાર્થો અથવા વિષયોમાંથી ઉપરામ બન્યું હોય, અને શિવનો મહિમા સહેજ પણ સમજાયો હોય, અથવા એના અંતરમાં સદ્દબુદ્ધિનો સૂર્યોદય થયો હોય ત્યારે. એને જ્યારે ભાન થાય છે કે જીવનના આ રંગીન રસમય રંગમંચ પર હું પ્રકૃતિના હાથમાં પરવશ બનીને મર્કટની પેઠે ઘણુંયે નાચી ચૂક્યોઃ હવે મારે આત્મનિષ્ઠ બનીને, સર્વતંત્ર સ્વતંત્ર થઇને આ નર્તનનો અંત આણવો જોઇએઃ ત્યારે એની અંતરંગ વેદના વધી જાય છે.

એનું હૃદય અને રોમરોમ રડી ઊઠે છે અને અણુએ અણુ ઇશ્વરના અલૌકિક અનુગ્રહ અથવા પાવન પ્રકાશને માટે ઝંખવા કે પ્રાર્થવા માંડે છે.

સંસારના અનેકવિધ અનુભવોમાંથી, ઘટનાઓના અનુકૂળ અને પ્રતિકૂળ પ્રવાહોમાંથી પસાર થઇને, સુચારુરૂપે, મને કે કમને, નાચ નાચી ચૂકેલા આત્મદેવના આત્મિક અભ્યુત્થાનનો સ્વર્ણ સમય છેક જ સમીપ આવી પહોંચ્યો હોવાથી, ગોકર્ણના આદેશને અનુસરીને એણે વનગમન કર્યું. એ વખતે એની ઉંમર સાઠ વરસની થઇ ચૂકેલી છતાં પણ બુદ્ધિ સ્વસ્થ હતી. સાઠ વરસે આત્મસાધના સારુ જાગવાનું લૌકિક રીતે આમ તો ઘણું મોડું કહેવાય તો પણ માણસ કુંભકર્ણની પેઠે અવિદ્યારૂપી ઘોર નિદ્રામાંથી જીવનભર જાગે જ નહિ એના કરતાં મોડે મોડે પણ જાગે એ આવકારદાયક છે જ. યુવાનીમાં જે જાગે જ નહિ તે વૃદ્ધાવસ્થામાં પણ ના જ જાગી શકે અને એની જાગૃતિ કલ્યાણકારક ના થાય એવું તો ના જ કહી શકાય. માણસ જાગીને ધર્માચરણ કરે તેનું મહત્વ છે. એવું અલ્પ ધર્માચરણ પણ ઉપયોગી ઠરે છે. એવું ધર્માચરણ કરતાં શરીર છૂટી જાય તો પણ એ મિથ્યા નથી થતું. નવા જન્મમાં એ નવા વારસાના રૂપમાં પ્રાપ્ત થઇને ઉત્તરોત્તર વધે છે ને ફળે છે.

આત્મદેવે અરણ્યમાં રહીને ભગવદ્દભજનમાં ને ભગવાનના ચિંતનમનન તથા નિદિધ્યાસનમાં મનને લગાડી દીધું. એણે નિત્ય નિયમપૂર્વક ભાગવતના ભગવાન કૃષ્ણના માહાત્મ્યથી મંડિત અને મઘમઘતા દશમ સ્કંધનો પાઠ પણ કરવા માંડ્યો. પરિણામે એની બુદ્ધિ, વૃત્તિ ને દૃષ્ટિ નિર્મળ તેમજ દૈવી બની, એમાં પરમાત્માની પવિત્રતમ પ્રીતિનો પ્રકાશ થયો, અને એને ભગવાન કૃષ્ણના દેવદુર્લભ દર્શન અને અનુપમ અનુગ્રહનો લાભ મળ્યો. એનું સમસ્ત જીવન ધન્ય બન્યું.

આત્મદેવ અનાત્મદેવ મટીને સાચા અર્થમાં આત્મદેવ બન્યો. આત્મદર્શી અને આત્માનિષ્ઠ થયો. આ કથા પ્રત્યેક માનવને મહત્વનો સંદેશ પ્રદાન કરે છે. માનવ એવી જ રીતે આત્મસ્વરૂપ છે. દેવોનો પણ દેવ આત્મદેવ છે. પરમાત્માની સાથે એનો અવિભાજ્ય અખંડ અબાધિત શાશ્વત સંબંધ છે. પરંતુ એ સંબંધનું એને વિસ્મરણ થયું છે. સંસારની વિષયાસક્તિને લીધે એ આત્મદેવને બદલે અનાત્મદેવ બની ગયો છે. એ વિષયાસક્તિનું, વિસ્મૃતિનું ને ભ્રાંતિનું મૂળભૂત મહત્વનું કારણ એની દુર્બુદ્ધિ અથવા અવિદ્યા છે. એ દુર્બુદ્ધિ જ એની સહચરી ધુન્ધુલી છે. એ પ્રજ્ઞાના પાવન પ્રકાશથી રહિત અને અંધકારમય હોવાથી એને સાચી સલાહ નથી આપી શકતી. તુંગ એટલે ઊંચા અનુપમ મહિમાવાળા અને ભદ્રા એટલે અખંડ સચ્ચિદાનંદસ્વરૂપ મંગલમય પરમાણુ કે સ્પંદનોવાળા શાંતિરૂપી સરિતાના તટવર્તી પ્રદેશમાં વસતો હોવા છતાં એ આત્મદેવ અત્યારે દુઃખી છે. સંસારમાં આસક્ત છે. એને ધુન્ધુકારી પુત્રની પ્રાપ્તિ થાય છે. ધુન્ધુલી જડ બુદ્ધિ કે વૃત્તિ અને આસુરી સંપતિપ્રાપ્ત વિપરીત દૃષ્ટિ જ આપી શકે. એ દૃષ્ટિ દુઃખદાયી ઠરે. એ જ ધુંધુકારી. ભેદદૃષ્ટિ. એ આત્મદેવને ગોકર્ણ પણ આવી મળે છે. એના કર્ણ ગાયના જેવા છે એટલે એ બહુશ્રુત છે. શાસ્ત્રજ્ઞ ને શાસ્ત્રાનુસાર સદાચારને માર્ગે ચાલવાનો આગ્રહ સેવનારી ભગવદ્દવૃત્તિ-પ્રજ્ઞા તે જ ગોકર્ણ છે. સંતની કૃપાથી એને એની પ્રાપ્તિ થાય છે. એની મદદથી એને જીવનનું સત્ય સમજાય છે અને એ પરમાત્મામાં પ્રતિષ્ઠિત

થવાની આરાધનાના આધાર લઇને આખરે ધુન્ધુલીને-અવિદ્યાજન્ય જડતાને પરિત્યાગીને સર્વ પ્રકારે કૃતાર્થ થાય છે. કથાનું મુખ્ય તાતપર્ય એ જ છે.

* * *

એ કથા ભાગવતના માહાત્મ્યના પાંચમા અધ્યાયમાં આગળ વિસ્તરે છે. એ વિસ્તારનું પણ વિહંગાવલોકન કરી લઇએ.

આત્મદેવના વનગમન પછી એક દિવસ ધુંધુકારીએ ધુન્ધુલીને પુષ્કળ મારપીટ કરીને કહ્યું કે ધન ક્યાં છુપાવ્યું છે તે કહી દે નહિ તો હમણાં તને મારી નાખું છું.

એથી ડરીને અને એના ઉપદ્રવોથી દુઃખી થઇને ધુન્ધુલીએ રાતના વખતે કૂવામાં પડીને પ્રાણત્યાગ કરી દીધો. ભાગવત સૂચવવા માગે છે કે કુપુત્રો સુખશાંતિપૂર્વક જીવવા તો નથી જ દેતા પણ મરવા યે નથી દેતા.

એ ઘટના પછી જ્ઞાની ગોકર્ણ તીર્થાટને નીકળી પડ્યો. એ સાચા અર્થમાં યોગનિષ્ઠ હોવાથી સુખદુઃખ, રાગદ્વેષ, લાભહાનિ તથા મિત્રશત્રુના વિરોધાભાસી ભાવોથી અને એમના પ્રભાવોથી પર હતો. યોગારૂઢ અથવા યોગનિષ્ઠ પુરુષ પ્રકૃતિના પરિવર્તનશીલ વિરોધાભાસી પ્રવાહોમાં આત્મજ્ઞાનનો આશ્રય લઇને એવી જ રીતે અલિપ્ત અથવા અચળ રહે છે. એનો આત્મા સર્વે પ્રકારની પરિસ્થિતિમાં ને સર્વે કાળ કે સ્થળમાં આત્માની અલૌકિકતાનો પરિત્યાગ નથી કરી શકતો.

ધુંધુકારી પાંચ વેશ્યાઓ સાથે ઘરમાં રહેવા લાગ્યો. એમના સંગમાં એની બુદ્ધિ નષ્ટ થવાથી એ અનેક પ્રકારનાં કુકર્મો કરવા માંડ્યો. એક દિવસ વેશ્યાઓએ એની પાસે ઘરેણાં માંગ્યા. એમની માગણીને સંતોષવા માટે એણે ઠેકઠેકાણે ચોરી કરીને એમને સુંદર વસ્ત્રો તથા આભૂષણો લાવી આપ્યાં. વેશ્યાઓ એથી પ્રસન્ન થઇને વિચારવા લાગી કે આ રોજ ચોરી કરતો લાગે છે. એક દિવસ એ ચોરી કરતાં પકડાશે ને પ્રાણદંડ પામશે. માટે ધનની સુરક્ષા માટે એને અત્યારથી જ મારી નાખીએ તો શું ખોટું ? એને મારી નાખીને ક્યાંક જતા રહેવામાં જ કલ્યાણ છે. એવું વિચારીને વેશ્યાઓએ નિદ્રાધીન ધુંધુકારીને દોરડાથી ગળું દબાવીને મારવાનો પ્રયત્ન કર્યો. પરંતુ એ પ્રયત્ન નિષ્ફળ જવાથી એના મુખ પર ભયંકર અંગારા નાખ્યા. એની વેદનાથી એ રીબાઇ રીબાઇને મૃત્યુ પામ્યો. એ પછી વેશ્યાઓએ એના મૃત શરીરને એક ખાડામાં દાટી દીધું.

એ હકીકતની ખબર કોઇને પણ ના પડી. કોઇક પૂછતું તો વેશ્યાઓ કહેતી કે આ વખતે તો અમારા પતિદેવ ધનોપાર્જનના પ્રયોજનથી પ્રેરાઇને ક્યાંક દૂર-સુદૂર જતા રહ્યા છે. એમને પાછા આવતાં એકાદ વરસ વીતી જશે.

વેશ્યાઓ ધુંધુકારીની સમસ્ત સંપત્તિ લઇને નાસી છૂટી. માહાત્મ્યકાર એ પ્રસંગને અનુલક્ષીને સૌને સાવધાન કરતાં કહે છે કે દુષ્ટ પ્રકૃતિની કુલટા સ્ત્રીઓનો વિશ્વાસ કદી પણ ના કરવો જોઇએ. જે એમનો વિશ્વાસ કરે છે તે દુઃખી થાય છે. એમની વાણી સુધામયી તથા કામીઓના હૃદયમાં રસનો સંચાર કરનારી પરંતુ એમનું હૃદય છરાની ધાર જેવું સુતીક્ષ્ણ કે નિર્દય હોય છે. એવી સ્ત્રીઓને મન કોણ પ્રિય હોય છે ? માહાત્મ્ય એ ભાવાર્થની અભિવ્યક્તિ કરતાં કહે છે :

स्त्रीणां नैव तुं विश्वासं दुष्टानां कार्येद् बुधः ।

विश्वासे यः स्थितो मूढः स दुःखैः परिभूयते ॥
सुधामयं वचो यासां कामिनां रसवर्धनम् ।
हृदयं क्षुरधाराभ प्रियः को नाम योषिताम् ॥
(અધ્યાય ૫, શ્લોક ૧૪-૧૫)

પરંતુ ભાગવત માહાત્મ્યના એ સ્વાનુભવપૂર્ણ શબ્દો એકલી સ્ત્રીઓના સંબંધમાં જ સાચા ઠરે છે એવું થોડું જ છે ? પુરુષોને પણ એ એટલા જ પ્રમાણમાં લાગુ પડે છે. અહીં વેશ્યાઓનો પ્રસંગ ચાલતો હોવાથી પ્રકારાંતરે એમના સરખી સ્ત્રીઓના સ્વભાવનું વર્ણન કરવામાં આવ્યું છે એ સાચું છે પરંતુ સ્વાર્થરત, ઇન્દ્રિયલોલુપ, મોહાસક્ત પુરુષોને પણ એ વર્ણનમાંથી બાકાત નથી રાખી શકાય તેમ. પુરુષ હોય કે સ્ત્રી, જે મોહાંધ બને છે એના સંબંધમાં એ જ નિયમ લાગુ પડે છે.

ધુંધુકારી દુર્ગતિ પામ્યો ને પ્રેત બન્યો.

જે કુકર્મપરાયણ બને છે ને પાંચ ઇન્દ્રિયો તથા સ્પર્શ, શબ્દ, રૂપ, રસ ને ગંધ જેવા પંચ વિષયોમાં-પાંચ વેશ્યાઓમાં આસક્ત થાય છે તે બધી રીતે નાશ પામે છે. કામ ક્રોધ, સંમોહ, સ્મૃતિવિભ્રમ, બુદ્ધિનાશ અને સર્વનાશનાં જે ક્રમિક દુષ્પરિણામો વિષયસંગના પરિણામે આવે છે તેનું વર્ણન ગીતાના બીજા અધ્યાયમાં કરવામાં આવ્યું છે.

એવા વિપથગામી માનવો જીવતા પ્રેત જેવા મનાય છે.

ગોકર્ણે ધુંધુકારીના મૃત્યુના સમાચાર સાંભળીને ગયાજીમાં વિધિપૂર્વક શ્રાદ્ધ કર્યું. એ ઉપરાંત જુદાં જુદાં પવિત્ર તીર્થસ્થાનોમાં એના શ્રાદ્ધની વિધિ કરવાનો આગ્રહ રાખ્યો.

એમ કરતાં કરતાં એક વાર એ તુંગભદ્રાતટવર્તી પોતાના મૂળ નગરમાં પહોંચી ગયો ને કોઇને માહિતી ના મળે તેમ રાતને વખતે જઇને પોતાના ઘરના આંગણામાં સૂઇ ગયો.

એને સૂતેલો જોઇને ધુંધુકારીએ મધ્યરાત્રી થતાં પોતાનું ભયંકર રૂપ બતાવવા માંડ્યું. હાથીનું, પાડાનું, ઘેટાનું, ઇન્દ્રનું અને અગ્નિનું રૂપ ધારણ કરતાં કરતાં છેવટે એ મનુષ્યની આકૃતિમાં પ્રકટ થયો. એના વિપરીત રૂપોને વિલોકીને એને કોઇક દુર્ગતિપ્રાપ્ત જીવ જાણીને ગોકર્ણે એનો પરિચય પૂછ્યો અને એના સંબંધી માહિતી માગી તો એ ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો. ગોકર્ણે એની ઉપર મંત્રેલું પાણી છાંટયું ત્યારે એણે જણાવ્યું કે હું તારો ભાઇ ધુંધુકારી છું. મારા પોતાના જ દુષ્કર્મથી મેં મારા બ્રાહ્મણત્વનો નાશ કરી નાખેલો. મારાં દુષ્કર્મનો અંત નથી.

એણે પોતાના અંતકાળની સઘળી હકીકત સંક્ષેપમાં કહીને જણાવ્યું કે મને પ્રેતયોનિની પ્રાપ્તિ થઇ છે અને હું કેવળ વાયુભક્ષણ કરીને જ જીવી રહ્યો છું. તું કરુણા તથા સ્નેહનો સાગર હોવાથી તને વિજ્ઞપ્તિ કરું છું કે મારા પર અનુગ્રહની વૃષ્ટિ વરસાવીને મને આ દયનીય દશામાંથી વહેલી તકે મુક્ત કર તેમ જ શાંતિ ધર.

ધુંધુકારી વિધિપૂર્વકના ગયાક્ષેત્રના પિંડદાનથી ને જુદાં જુદાં તીર્થોના તર્પણથી પણ શાંતિ નહોતો મેળવી શક્યો. અને કેવી રીતે મેળવી શકે ? શાંતિ ને મુક્તિનો એકમાત્ર મંગલમય અમોઘ માર્ગ પરમાત્માની

શરણાગતિ કે પ્રીતિનો છે, અને એમને સુદૃઢ કરવા માટે એમના સ્મરણ, મનન અથવા કથાશ્રવણનો છે. એનો આશ્રય લીધા સિવાય બંધનમુક્ત અને ક્લેશરહિત થવાનું અશક્ય છે.

ધુંધુકારીએ સ્પષ્ટતાપૂર્વક કહ્યું પણ ખરું કે ગયાક્ષેત્રનાં સેંકડો શ્રાદ્ધકર્મોથી પણ મારી મુક્તિ નહિ થઇ શકે. એને માટે તો કોઇ બીજો જ વધારે સારો, અત્યંત અસરકારક માર્ગ શોધી કાઢવો જોઇએ. એ સ્પષ્ટીકરણથી ગોકર્ણ વિચારમાં પડ્યો. એ કશા નિર્ણય પર ના પહોંચી શક્યો.

સવારે એના શુભાગમનના સમાચાર સાંભળીને બધા લોકો એકઠા થયા ત્યારે એણે રાત્રી દરમિયાન થયેલા આશ્ચર્યકારક અનુભવોની કથા કહી સંભળાવી. એ સાંભળીને સૌ વિચારમાં પડ્યા પરંતુ કોઇ નિર્ણય પર ના પહોંચી શક્યા. આખરે ભગવાન સૂર્યનારાયણની પ્રેરણાથી ગોકર્ણે ધુંધુકારીની મક્તિ માટે શ્રીમદ્દભાગવત સપ્તાહપારાયણનો સંકલ્પ કર્યો.

સપ્તાહપારાયણની માહિતી મળતાં જુદા જુદા સ્થળેથી રસિક અને જિજ્ઞાસુ શ્રોતાઓ કથાશ્રવણ કરવા આવવા માંડ્યા. અનાથ, દીન, હીન, દુઃખી સૌ મોટી સંખ્યામાં એકઠા થયા. સાક્ષર, ને નિરક્ષર, ધની ને નિર્ધન, સંયમી અને અસંયમી સૌના રૂપમાં મોટો માનવમહેરામણ ઊમટી પડ્યો. ગોકર્ણે વ્યાસપીઠ પર વિરાજીને કથા કહેવાનો આરંભ કર્યો ત્યારે પ્રેતાવસ્થાને પામેલો ધુંધુકારી પણ આવી પહોંચ્યો અને બેસવાને માટે સાનુકૂળ સ્થાનની શોધ કરવા લાગ્યો. એની નજર ત્યાં સીધા રાખેલા સાત ગાંઠવાળા વાંસ પર પડતાં એને પોતાને સારુ સાનુકૂળ સમજીને એની છેક નીચેના છિદ્રમાં પ્રવેશીને એ કથાશ્રવણ માટે બેસી ગયો.

ગોકર્ણે એક ભગવદ્દભક્ત જિજ્ઞાસુ બ્રાહ્મણને મુખ્ય શ્રોતા બનાવીને પ્રથમ સ્કંધથી જ ભાગવતની કથા સંભળાવવાનું શરુ કર્યું. સંધ્યા સમયે કથાની વિશ્રાંતિ વખતે એક અત્યંત આશ્ચર્યકારક અભૂતપૂર્વ ઘટના બની. સર્વે શ્રોતાજનોના દેખતાં પેલા વાંસની એક ગાંઠ મોટા અવાજ સાથે તૂટી ગઇ. એવી રીતે બીજે દિવસે બીજી, ત્રીજે દિવસે ત્રીજી, ચોથે દિવસે ચોથી અને સાતમે દિવસે સાતમી ગાંઠ તૂટી પડતાં શ્રીમદ્દભાગવતના કથામૃતથી પવિત્ર થયેલો ધુંધુકારી પ્રેતયોનિમાંથી તત્કાળ મુક્તિ મેળવીને અલૌકિક સ્વરૂપ ધારીને સૌની સમક્ષ ઊભો રહ્યો. એનું ઘન-શ્યામ સર્વાંગસુંદર શરીર પીતાંબર તથા તુલસીમાળાથી સુશોભિત હતું. એના મસ્તક પર મનોહર મુકુટ અને કાનમાં કુંડળ હતાં. એણે પોતાને મુક્ત કરવા માટે ગોકર્ણને અંતઃકરણપૂર્વક અભિનંદન આપ્યાં ને ભાગવતની કલ્યાણકારક કથાનાં ગુણગાન ગાયાં.

ભાગવતની કથા સપ્તાહપારાયણરૂપે થતી હોય કે છૂટક રીતે નિત્યપાઠના રૂપમાં કરાતી હોય - બધી જ રીતે કલ્યાણકારક છે. સામાન્ય પ્રવૃત્તિપરાયણ પુરુષોને સપ્તાહપારાયણનું આયોજન વધારે ઉપયોગી થાય છે અને અનુકૂળ પડે છે. એ દરમિયાન કેટલાક નિયમો તથા વ્રતોનું પરિપાલન કરવામાં આવે છે અને ગાગરમાં સાગરની જેમ શાસ્ત્રોના સ્વાદુ સારગર્ભિત સદુપદેશનો સંક્ષેપમાં છતાં સચોટ રીતે સ્વાદ સાંપડે છે. આસુરી વૃત્તિ તથા પ્રકૃત્તિમાં પડેલો મલિન આચારવિચારવાળો જીવંત પ્રેત જેવો દુર્ગતિપ્રાપ્ત પુરુષ એની મદદ મેળવીને પવિત્ર બની, દૈવી સંપત્તિમાં પ્રતિષ્ઠા પામીને પોતાની પ્રેતયોનિમાંથી છૂટીને સદ્દગતિ, સંતૃપ્તિ, શાંતિ પામે છે. પછી એ વિપથગામી નથી થઇ શક્તો કે પાપકર્મમાં પ્રવૃત્ત નથી બનતો. કથાશ્રવણથી આત્માના અલૌકિક જ્ઞાનનો ઉદય થતાં ને પરમાત્માના પવિત્રતમ પ્રેમનું પ્રાક્ટય સહજ બનતાં

એની કાયાપલટ થાય છે. અને એ નવા રૂપરંગ ધારણ કરે છે. એનું બધું જ અલૌકિક બને છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર અને મલિનતાની અવિદ્યાજનક સાતે ગાંઠો તૂટી જાય છે ને યોગવાસિષ્ઠયની પરિભાષામાં કહીએ તો સપ્તાહશ્રવણના સાતે દિવસો દરમિયાન જ્ઞાનની સાતે ભૂમિકાઓ-શુભેચ્છા, વિચારણા, સત્વાપત્તિ, તનુમાનસા, પદાર્થભાવિની, અસંસક્તિ અને તુર્યગા ની ક્રમશઃ અનુભૂતિ થતાં જીવન જયોતિર્મય ને ધન્ય બને છે. એટલા માટે અનિત્ય, અશુચિ અને કાળનો ગ્રાસ થઇ જનારા શરીરમાંથી મમત્વ ને મોહબુદ્ધિ ઘટાડીને પરમાત્મારૂપી પરમપદાર્થની પ્રાપ્તિને માટે કથાશ્રવણમાં અને એ દ્વારા પરમાત્મામાં પ્રીતિ પ્રકટાવીને પ્રયત્ન કરવો. સર્વ પ્રકારના દોષોની નિવૃત્તિ તથા પરમાત્માના અનંત અદ્દભુત અનુગ્રહની અનુભૂતિને માટે સપ્તાહશ્રવણ સરખું સરળ, સરસ, સચોટ અને સર્વોત્તમ સાધન બીજું કોઇ જ નથી. જે કથાશ્રવણ જડ અને શુષ્ક વાંસની ગાંઠોને પણ તોડી નાખે છે એ કથાશ્રવણ મનની અને અંતરની અવિદ્યાગાંઠોને શા માટે ના તોડે ? એની મદદથી અવિદ્યાની અંતઃકરણસ્થિતા ગ્રંથિનું છેદન થઇ જાય છે, સંશયો છેદાય છે, ને કર્મોનો પાશ કપાઇ જાય છે. એ સંબંધમાં ઉપનિષદના પેલા પ્રસિદ્ધ શ્લોકમાં ઉત્તરાર્ધમાં થોડુંક પરિવર્તન કરીને કહેવામાં આવ્યું છે :

**भिद्यते हृदयग्रंथिश्छिद्यन्ते सर्वसंशयाः ।**
**क्षीयंते चास्यकर्माणि सप्ताहश्रवणे कृते ॥**
(ભાગવતમાહાત્મ્ય, અધ્યાય ૫, શ્લોક ૬૫.)

માહાત્મ્યના આ શ્લોકમાં સપ્તાહશ્રવણ કૃતે એટલે કે સપ્તાહનું શ્રવણ કરવાથી એવું કહેવામાં આવ્યું છે અને ઉપનિષદના પેલા શ્લોકાર્ધના અંતભાગમાં તસ્મિન્દૃષ્ટે પરાવરે શબ્દપ્રયોગ કરવામાં આવ્યો છે. બાકીનો બીજો બધો ભાષાપ્રયોગ એક છે.

ભાગવતનું સપ્તાહપારાયણ એવી રીતે અત્યંત આશીર્વાદરૂપ છે. એને એક પ્રાણવાન પરબની સાથે સરખાવી શકાય અથવા સુવિશાળ સુંદર વૃક્ષની ઉપમા આપી શકાય. પરબની પાસે પહોંચવાથી અને એના પવિત્ર પીયૂષપાનથી તૃષા ટળે છે તેમ ભાગવતના શ્રવણમનનથી સુખશાંતિની અનંતકાળની પિપાસાનું સંપૂર્ણપણે શમન થાય છે. એની શીતળ સુધામયી છાયામાં સૌના તાપ-ત્રિતાપ ટળે છે ને સૌને આરામ મળે છે. એ એક સ્વર્ગીય સરિતા છે. એ આત્માને અમીમય કરે છે. અથવા તો એ સંગીતની એવી સુરાવલિ છે જે સૌને સૌન્દર્ય કે માધુર્યની સાથે સાથે શરીરધારણનું સાફલ્ય કે સાર્થક્ય ધરે છે. ઉપમાઓ અથવા સમતાઓ એની આગળ અધુરી કે સૂકી લાગે છે. એમ કહો કે એ એક અને અનુપમેય છે. ભાગવતકથારૂપી દિવ્યૌષધિ અકસીર બનીને બધાં જ દરદોને દૂર કરે છે. જેને એ પારસની પ્રાપ્તિ થાય છે તે સાચા અર્થમાં ધની ને ધન્ય બને છે. એની છત્રછાયામાં સર્વે સુખની સ્વાનુભૂતિ થાય છે. એ રસના આસ્વાદ પછી અન્ય લૌકિક-પારલૌકિક રસની આકાંક્ષા નથી રહેતી. એ રસ સમસ્ત જીવનને રસમય બનાવે છે. ભાગવતનો દેવદુર્લભ દૈવી રસ જેના હૃદયમાં રમવા માંડે છે તેની મુક્તિ નિશ્ચિત છે. તેને બદ્ધ બનાવી શકે એવું જગતમાં બીજું કશું જ નથી રહેતું.

ભાગવતની પ્રશંસાના અનેકવિધ ઉદ્દગારો કાઢીને ધુંધુકારીએ સંતોષાનુભવ કર્યો.

એ વખતે ત્યાં વૈકુંઠવાસી દિવ્ય પાર્ષદો સાથેનું એક વિમાન ઉતર્યું. એને લીધે આજુબાજુનું વાયુમંડળ આલોકિત બની ગયું. ધુંધુકારી સમુપસ્થિત સર્વે શ્રોતાઓના દેખતાં એમાં વિરાજમાન થયો. એ જોઇને કાંઇક આશ્ચર્યચકિત બનેલા ગોકર્ણે પાર્ષદોને પૂછયું કે અહીં અસંખ્ય શુદ્ધચિત્ત શ્રોતાઓ હોવા છતાં તમે તેમને માટે વિમાનો ના લાવ્યા અને કેવળ ધુંધુકારીને માટે જ લાવ્યા એ શું બરાબર કે ન્યાયોચિત છે ? સૌએ સમાન રીતે કથાશ્રવણ કર્યું હોવા છતાં ફળપ્રાપ્તિમાં આટલો બધો મોટો ભેદ કેમ દેખાય છે ?

પાર્ષદોએ એ પ્રશ્નના પ્રત્યુત્તરરૂપે જણાવ્યું કે સૌનું શ્રવણ બહારથી જોતાં સમાન છે એ સાચું પરંતુ એણે વિશેષમાં મનન પણ કરેલું છે. શ્રવણ મનનથી જ શોભી ઊઠે છે ને સફળ બને છે. ધુંધુકારીએ સાત દિવસ સુધી અનશન કરીને અતિશય ઉત્કટતાપૂર્વક શ્રવણ કર્યું છે અને એનું મનન તથા નિદિધ્યાસન પણ કરી લીધું છે. એથી એનું જ્ઞાન સુદૃઢ બન્યું છે. જે જ્ઞાન સુદૃઢ નથી બનતું તે પરિપૂર્ણ ફળ પ્રદાન નથી કરતું. ધ્યાન સિવાયનું શ્રવણ નિષ્ફળ જાય છે, સંદેહથી મંત્રનો નાશ થાય છે, અને એકાગ્રતાપૂર્વક જપનો આધાર ના લેવાથી એનો પણ જોઇતા પ્રમાણમાં લાભ નથી મળતો.

પાર્ષદોના એ વચનો ખરેખર વિચારવા જેવા છે. આજે ભાગવતની કથાનો આશ્રય લેવાય છે પરંતુ મોટે ભાગે કેવી રીતે લેવાય છે ? રુઢિ અથવા પરંપરાના પાલન માટે, પિતૃઓ કે સ્વજનોના સમુદ્ધારને માટે, અથવા પુણ્યપ્રાપ્તિના આશયથી, દેખાદેખી કે શોખને ખાતર. પોતાના જીવનસુધારની સાત્વિકી ઇચ્છાથી પ્રેરાઇને જીવનના ઉત્તરોત્તર આધ્યાત્મિક અભ્યુત્થાનને માટે એનો આધાર લેનારા કેટલા ? પ્રમાણમાં ઘણા જ થોડા. પિતૃઓના અથવા સ્વજનોના સમુદ્ધારની ઇચ્છા અમંગલ નથી, મંગલ છે; અશુભ નથી, શુભ છે; અને અનાવકારદાયક નથી પરંતુ આવકારદાયક છે. છતાં પણ એ શુભેચ્છાનું સેવન કરનારે સમજવું જોઇએ કે પોતે પણ પોતાના જીવનમાં સમુન્નતિ સાધીને સદ્દગતિની પ્રાપ્તિ કરવાની છે. રુઢિ કે પરંપરાના પાલનને માટે, પુણ્યપ્રાપ્તિના પ્રયોજનથી, અથવા દેખાદેખી કે શોખને ખાતર ભાગવતનો આશ્રય લેનારે જીવનવિકાસની દૃષ્ટિને મહત્વની માનીને એ દિશામાં આગળ વધવા તથા પરમાત્માની પ્રેમભક્તિને પ્રકટાવીને પરમાત્માના અસીમ અનુગ્રહનો અનુભવ કરવા એનો આશ્રય લેવો જોઇએ અને એ પણ ઉત્કટ સાચી શ્રદ્ધાભક્તિ અથવા લગનીથી પ્રેરાઇને, તો જીવનની ધન્યતાનું દિવ્ય વિમાન જરા પણ દૂર ના રહે. વૈકુંઠનો, પરમાત્માની સુખદ સંનિધિનો અથવા જીવનમુક્તિનો લાભ આજ દેહ દરમિયાન આ પાર્થિવ પૃથ્વી પર જ મળી રહે. એવા વિશાળ સંદર્ભમાં વિચારતાં ભાગવતનું શ્રવણ, મનન અને અધ્યયન એક અમોઘ સાધના છે.

ભાગવતનું શ્રવણ પોતાના દોષોને દૂર કરવાની ભાવના તથા પ્રવૃત્તિ સાથે જે એકાગ્રતા અને નિષ્ઠાપૂર્વક કરે છે તે ધુંધુકારીની પેઠે પુનરાવતાર પામે છે એમાં સંદેહ નથી.

ભગવાનના પાર્ષદોની સુચના પ્રમાણે શ્રાવણ માસમાં ગોકર્ણે એ જ શ્રોતાઓને ભાગવતના સપ્તાહશ્રવણનો ફરી વાર લાભ આપ્યો. એની પરિસમાપ્તિ સમયે સૌને પરમાત્માનો સાક્ષાત્કાર થયો. ભાગવતી ચેતના સર્વત્ર ફરી વળી. સૌને પરમાત્માની સુરદુર્લભ સંનિધિનો સ્વાદ સાંપડ્યો. સૌએ સારી રીતે શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરેલું એટલે જ એવું ઉત્તમોત્તમ ફળ મળી શક્યું. ગોકર્ણ પોતે તો

પરમાત્મામય બની જ ગયા પરંતુ બીજા બધાને પણ જીવનની ધન્યતાની પ્રાપ્તિ થઇ. ગોકર્ણની કૃપાથી એ દિવ્ય વિમાનોમાં વિરાજીને એમણે ભગવદ્ ધામમાં પ્રવેશ કર્યો.

જેની ગતિ કુંઠિત નથી, જે સર્વસ્થળે ને સર્વે કાળે છે તે વૈકુંઠ. માટે જ પરમાત્મા પરમ વૈકુંઠરૂપ છે. એમનું અનુસંધાન સાધનાર, એમનો આશ્રય લેનાર અને એમને તથા એમના આસાધારણ અનુગ્રહને અનુભવનાર અહર્નિશ વૈકુંઠમાં જ વસે છે. વૈકુંઠ એનાથી એક ક્ષણને માટે પણ દૂર નથી થતું.

વાયુ, જલ અને પાંદડાનું સેવન કરવાથી ને શરીરને સૂકવી દેવાથી, સુદીર્ઘ સમય સુધી ઘોર તપશ્ચર્યા કરવાથી તથા યોગાભ્યાસથી પણ જે સર્વોત્તમ સદ્દગતિ નથી સાંપડતી તે સપ્તાહશ્રવણથી સહેલાઇથી સાંપડી શકે છે. આ પવિત્ર કથાનકના શ્રવણથી પવિત્ર થવાય છે. એનો નિત્યપાઠ કરવાથી ભગવદ્દભક્તિ વધતાં ને ભગવદ્દદર્શનનો લાભ મળતાં અશાંતિ મટે છે ને અવિદ્યામાંથી મુક્તિ મળે છે.

*          *          *

ભાગવતમાહાત્મ્યના છેલ્લા અને છઠ્ઠા અધ્યાયમાં સપ્તાહયજ્ઞની વિધિનું વર્ણન કરવામાં આવ્યું છે અને એની સાથે સંબંધ ધરાવનારી કેટલીક મહત્વની વસ્તુઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. ભાગવતનો સપ્તાહયજ્ઞ સુયોગ્ય સમય જોઇને કરવો-કરાવવો જોઇએ અને એને માટે લગ્નને માટે જેટલો ધનપ્રબંધ કરવામાં આવે છે તેટલો ધનપ્રબંધ કરવો જોઇએ. એનો અર્થ એવો નથી કે નિર્ધન અથવા ઓછા ધનવાળા માનવો સપ્તાહયજ્ઞ કરી કે કરાવી ના શકે. એવો યજ્ઞ વ્યક્તિગત રીતે પણ કરી શકાય છે પરંતુ જેમની ઇચ્છા સમષ્ટિગત રીતે સામુહિકરૂપમાં કરવાની હોય એમને માટે વિવિધ પ્રચુર સાધનસામગ્રીની અને એને માટે ધનની આવશ્યકતા રહે છે જ.

કથાના આરંભ માટે ભાદ્રપદ, આશ્વિન, કાર્તિક, માર્ગશીર્ષ, આષાઢ અને શ્રાવણના છ મહિના મોક્ષપ્રાપ્તિ માટે મહત્વના મનાય છે. એનો અર્થ એવો તો નથી જ કે બીજા મહિનાઓનું સપ્તાહપારાયણ કે કથાશ્રવણ નિરર્થક ઠરે છે તેમ જ મોક્ષપ્રાપ્તિમાં બાધક બને છે. એ પોતાનું ઇપ્સિત ફળ આપે જ છે.

એ સપ્તાહપારાયણનો કે કથાશ્રવણનો લાભ વધારે ને વધારે લોકો લઇ શકે એવી વ્યવસ્થા કરવી જોઇએ. સુંદર મંડપ બાંધવો જોઇએ.

ભાગવતનો વક્તા કેવો હોવો જોઇએ ? કેવળ બૌદ્ધિક પ્રતિભાથી સંપન્ન, મેધાવી, શાસ્ત્રવિદ્, પંડિત કે પ્રવચનપટુ જ નહિ પરંતુ ભગવદ્દભક્ત, ભગવાનનો પ્રેમી અને ભગવાનની નિષ્ઠાવાળો. જે કેવળ આદર્શપ્રિય ના હોય પરંતુ આચાર પ્રેમી હોય. જે ભાગવતની કથાને શોખ, વ્યાપાર કે અર્થોપાર્જનનું સાધન સમજે છે તે વક્તા બનવાની યોગ્યતા નથી ધરાવતો. સાચો વક્તા કથાને સાધના માને છે ને જીવનની સંસિદ્ધિને સારુ એનો આધાર લે છે. એ દૈવી સંપત્તિથી સંપન્ન હોય છે ને વધારે ને વધારે સંપન્ન થવાની કોશિશ કરે છે. એ અનહંકારી અને રાગદ્વેષરહિત હોય છે. જે વિલાસી અથવા અસંયમી અને ઉદ્દંડ હોય એ આદર્શ વક્તા નથી થઇ શકતો. વક્તા ભગવદ્દભાવથી ભરપૂર હોય, કથાના ગૂઢ રહસ્યોને પ્રકટ કરવામાં કુશળ હોય, અને પોતે જે ઉપદેશ આપતો હોય તે પ્રમાણે જીવવામાં માનતો ને જીવતો હોય એ આવશ્યક મનાય છે. એવો વક્તા બીજી પર વિશેષ પ્રભાવ પાડી શકે છે. એના વિચાર, વચન અને વર્તનમાં એકરૂપતા હોય છે. એ બીજાના

ઉદ્ધારનો દાવો નથી કરતો પરંતુ પોતાના ઉત્કર્ષમાં માનતો ને એને માટે પ્રયત્ન કરતો હોય છે. એ ધનનો લોભી નથી હોતો. એનું મન હંમેશા ભગવાનમાં રહેતું ને રમતું હોય છે.

એવા વિશુદ્ધ જીવનવાળા વક્તાના મુખમાંથી કથાનો જે પુણ્યપ્રવાહ વહે છે એ અનેકને પાવન કરે છે. એની દ્વારા પ્રવાહિત થતી ભાગવતની ભાગીરથી અન્યને સારું શ્રેયસ્કર ઠરે છે.

જે વક્તા બીજાને માટે બોલે છે તે સામાન્ય કક્ષાનો છે. જે પોતાના લાભને માટે બોલે છે તે મધ્યમ કક્ષાનો અને જે બોલે છે તે પ્રમાણે જીવે છે તે ઉત્તમ કક્ષાનો કહેવાય છે. એવો વક્તા પોતાના વકતવ્ય સાથે એકરૂપ બની જાય છે. કથા કરતી વખતે એની અંદર સમય સમય પર અષ્ટ મહાભાવોનો ઉદય થાય છે ને કથા એને માટે ઇશ્વરની સ્વર્ગીય સંનિધિની સુખદ સ્વાનુભૂતિનું સાધન બની જાય છે.

એવા આદર્શ વક્તાઓ અથવા સાધકો વિરલ છે. સંસારમાં શાસ્ત્રી, પંડિત, ઉપદેશક અથવા આચાર્ય મળી શકે પરંતુ એવો અનુભવી વક્તાવિશેષ દુર્લભ છે. એનો મેળાપ થાય કે ના પણ થાય. તો પણ વિશેષ ને વિશેષ સુયોગ્ય વક્તાની પસંદગી તો કરવી જ.

વક્તાની પેઠે શ્રોતાએ પણ કેટલીક અનિવાર્યરૂપે આવશ્યક સુયોગ્યતાથી સંપન્ન બનવાનું છે. શ્રોતા જીવનના આધ્યાત્મિક ઉત્કર્ષ સારુ શ્રવણ કરવાની ભાવનાવાળો, શ્રદ્ધાળુ, નમ્ર તથા ગ્રહણશીલ હોવો જોઇએ. એ સર્વપ્રકારે સંયમી બનીને શ્રવણ કરે એ આવશ્યક છે. એ વિતંડાવાદી, વ્યર્થ વાદવિવાદ કરનારો અને શંકાકુશંકાથી ઘેરાયલો ના હોય તો સારું. એ સદ્દગુણી ને સદાચારી, જીવનનો પક્ષપાતી તથા પ્રેમી ને ભગવદ્દપ્રેમી હોવો જોઇએ. કથાશ્રવણને એ શોખ નહિ પરંતુ સાધના સમજે.

શ્રોતા મનની સ્થિરતા અથવા એકાગ્રતાપૂર્વક શ્રવણ કરે છે ત્યારે પ્રશાંતિના પાવન તીર્થની પ્રતિષ્ઠામાં વિલંબ નથી થતો. શ્રવણ કરતાં કરતાં એના અંતરમાં સંવેદન પેદા થાય છે અને અનુરાગનો અર્ણવ ઊછળવા માંડતાં અષ્ટ મહાભાવોનો તથા ઇશ્વરની સંનિધિનો સ્વાનુભવ એને સારુ સહજ બને છે. એનું જીવન કૃતાર્થ થાય છે. કથાશ્રવણથી મનના દોષો ક્રમશઃ દૂર થતાં સાયુજ્ય, સામીપ્ય, સાલોક્ય તેમજ સારુપ્ય ચારે પ્રકારની મુક્તિ આવી મળે છે.

આપણે ત્યા વૈષ્ણવ મતાનુસાર માનવામાં આવેલી ચાર પ્રકારની મુક્તિ મરણોત્તર છે પરંતુ આદર્શ ઇશ્વરભક્તને એમની પ્રાપ્તિ જીવન દરમિયાન જ થતી હોય છે. એના મનની બધીયે વૃત્તિઓ અને એનું સમસ્ત જીવન ઇશ્વર સાથે જોડાઇ જાય છે. એના હૃદયમાં ને રોમેરોમમાં ઇશ્વરની મંગલમયી મધુરી મૂર્તિ જ રમતી હોય છે. એના જીવનમાં ઇશ્વર સિવાયની બીજી કોઇ જ ઝંખના કે ચાહના શેષ નથી રહેતી. એ અવસ્થાને સાયુજ્ય મુક્તિની અવસ્થા કહી શકાય. ભક્ત સર્વસ્થળે ને સર્વે સમય દરમિયાન, કોઇ પણ પ્રવૃત્તિ કરતાં, ઇશ્વરની શાશ્વત સુખદ સંનિધિનો અનુભવ કરે છે. એ સદા ઇશ્વરની સમીપે જ રહેતો હોય છે. એ એની સામીપ્ય નામની મુક્તિ છે. કીટભ્રમર ન્યાયે ઇશ્વરનું સતત સ્મરણમનન તેમજ નિદિધ્યાસન કરનારો ભક્ત ઇશ્વરમય બની જાય છે; એના રૂપરંગ બદલાય છે; એની અંદર ઇશ્વરનો પવિત્રતમ પ્રકાશ અને ઇશ્વરના ગુણધર્મો ધીમે ધીમે પ્રકટવા માંડે છે; એને એની સારુપ્ય મુક્તિ કહી શકાય. અને ભક્ત બહારથી જોતાં આ પાર્થિવ પૃથ્વી પર કે મૃત્યુલોકમાં શ્વાસ લેતો હોવાં છતાં આજુબાજુ બધે જ ઇશ્વરની અલૌકિક સત્તાનો

અનુભવ કરતો ઇશ્વરના અમૃતમય લોકમાં જ વસતો ને વિહરતો હોય છે. **સર્વં ખલ્વિદં બ્રહ્મ'** નો અનુભવ એને સારું સ્વાભાવિક હોય છે. એટલે એ અખંડ રીતે સાલોક્ય મુક્તિને માણે છે એવું કહી શકાય.

આદર્શ શ્રોતા અને વક્તા બંનેને માટે ચતુર્વિધ મુક્તિની એવી અનુભૂતિ સહજ બને છે ત્યારે શ્રવણ તેમજ વક્તવ્ય બંને સફળ અથવા સાર્થક થાય છે.

ભાગવતની સુધામયી કથાનું શ્રવણ કરનાર મિતાહારી, ફળાહારી કે ઉપવાસી બનીને શ્રવણ કરે એવું સૂચવવાની સાથે સાથે ભાગવતના માહાત્મ્યમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે પ્રત્યેકે પોતાની પ્રકૃતિનો વિચાર કરીને અનુકૂળ નિયમનું પાલન કરવાથી જો કથાશ્રવણમાં વિક્ષેપ પડતો હોય તો ભોજન કરવું વધારે સારું છે. મુખ્ય મહત્વ કથાશ્રવણનું અને એ દ્વારા આત્મિક અભ્યુદયનું છે એ ના ભૂલવુ જોઇએ. ભાગવતનો એ વિચાર નૂતન તથા ક્રાંતિકારી છે.

માહાત્મ્યનો એક બીજો શ્લોક ખાસ ધ્યાન ખેંચે એવો ને યાદ રાખવા કે સમજવા જેવો છે :

**कामं क्रोधं मदं मानं मत्सरं लोभमेव च ।**
**दंभं मोहं तथा द्वेषं दुरयेश्च कथव्रती ॥**
**(**ભાગવતમાહાત્મ્ય, અધ્યાય ૬, શ્લોક ૪૭)

એ શ્લોક સુસ્પષ્ટ સંકેત કરે છે કે કથાશ્રવણ એક જીવનવિકાસની સુંદર સાધના છે. એનો આશ્રય લેનારે પોતાના જીવનવ્યવહારને ઉદાત્ત બનાવવો જોઇએ. કથાશ્રવણ કરતી વખતે અને એ પછી પણ જીવનની વિશુદ્ધિનો આગ્રહ રાખવો જોઇએ અને પાછળથી એવી વિશુદ્ધિ સ્વાભાવિક બની જવી જોઇએ. કથાશ્રવણ કરનારના શિર પર આદર્શ માનવ, ભક્ત ને ઇશ્વરના કૃપાપાત્ર પરમભાગવત થવાની જવાબદારી રહેલી છે. એણે સર્વે મહત્વના માનવોચિત મૂલ્યોને પોતાના જીવનમાં સ્થાપવા ને વિકસાવવા જોઇએ. કામ, ક્રોધ, મદ, અભિમાન, મોહ, મત્સર, લોભ, દંભ તથા દ્વેષ જેવાં આસુરી સંપત્તિનાં વિઘાતક તત્વોમાંથી મુક્તિ મેળવીને દૈવી સંપત્તિમાં સ્થિતિ કરવાનો પ્રામાણિક પ્રયાસ કરવો જોઇએ. એવા પ્રયાસના પરિણામે કથાશ્રવણ અમૂલખ આશીર્વાદરૂપ બની રહે છે.

એવા જ એક બીજા સરસ શ્લોકમાં કહેવામાં આવ્યું છે કે નિયમપૂર્વક કથાશ્રવણ કરનારે સત્ય, પવિત્રતા, દયા, મૌન, સરળતા, વિનય કે નમ્રતા અને ઉદારતાથી સંપન્ન થવું જોઇએ.

* * *

સપ્તાહયજ્ઞની સમાપ્તિ થતાં શ્રોતાઓએ વક્તાની તથા ભાગવતના પવિત્ર ગ્રંથની પૂજા કરવી. જનતાની વિવિધ રીતે સેવા કરવી. શ્રોતા વિરક્ત હોય તો એણે બીજે દિવસે ગીતા અથવા વિષ્ણુસહસ્ત્રનામનો પાઠ કરવો. વક્તાની શક્તિ પ્રમાણે સેવા કરીને કૃતજ્ઞતાને પ્રકટ કરવાનું વિધાન પણ માહાત્મ્યમાં કરેલું છે.

મહામુનિ સનકાદિએ સપ્તાહપર્યંત સંભળાવેલી ભાગવતકથાના શ્રવણથી જ્ઞાન, વૈરાગ્ય તથા ભક્તિને નવજીવનની પ્રાપ્તિ થઇ. એ જોઇને નારદજીની પ્રસન્નતાનો પાર ના રહ્યો. એમણે સનકાદિ ઋષિઓની પ્રેમભાવે પ્રશસ્તિ કરી.

ભાગવતની આ કથા એવી રીતે જ્ઞાન, ભક્તિ તથા વૈરાગ્યને નવજીવન બક્ષે છે.

દેવર્ષિ નારદની પ્રશસ્તિ વખતે એ સુંદર સ્થળમાં સોળ વરસ જેટલી વયવાળા, આત્મતૃપ્ત આત્માનંદમાં મગ્ન, આત્મદર્શી સંતશ્રેષ્ઠ શ્રી શુકદેવજી આવી પહોંચ્યા. એમને જોઇને સૌ ઊભા થયા. એમને ઉચ્ચ આસન પર બેસાડીને દેવર્ષિ નારદે એમની પૂજા કરી એટલે એમણે સુધાસભર સ્વરે જણાવ્યું કે મહામુનિ વ્યાસ રચિત શ્રીમદ્ ભાગવત મહાપુરાણમાં સત્ય તથા સર્વોત્તમ ધર્મનું નિરૂપણ કરવામાં આવ્યું છે. એનો આશ્રય લીધા પછી બીજા શાસ્ત્રો કે સાધનોનો આશ્રય લેવાની આવશ્યકતા નથી રહેતી. એ સમસ્ત પુરાણોનું તિલક અને ભક્તોનું શ્રેષ્ઠ ધન છે. જે ભક્તિભાવે એનું શ્રવણ કરે છે તથા એના મનન અથવા અધ્યયનમાં પ્રવૃત્ત રહે છે તે સહેલાઇથી શાંતિ, ઇશ્વરમયતા તેમજ મુક્તિ મેળવે છે. એમાં જે પરમ રસ છે તે રસ સ્વર્ગ, કૈલાસ કે વૈકુંઠમાં પણ નથી. એ રસનો નિત્યનિરંતર આસ્વાદ લો.

એજ વખતે સભામંડપમાં ભગવાનનું પ્રાકટય થયું. સૌ એમને જોઇને પ્રસન્ન થયાં. એમની સાથે પ્રહલાદ, બલિ, ઉદ્ધવ, અર્જુન જેવા પાર્ષદો હતા. એ બધા અન્ય ભગવદ્દભક્તોની સાથે ભાવવિભોર બનીને સંકીર્તન કરવા લાગ્યા. એના તાલબદ્ધ સ્વરોથી દિશાપ્રદિશાઓ ગૂંજી ઊઠી. ભક્તોએ ભગવાન પાસે માગ્યું કે જ્યાં જ્યાં સપ્તાહ-પારાયણ થાય ત્યાં ત્યાં તમે પાર્ષદો સાથે જરૂર પધારો. ભગવાને એમની ભાવનાનો સહર્ષ સ્વીકાર કર્યો. એ પછી એ અદૃશ્ય થઇ ગયા.

ભાગવતની ભાગીરથીના સેવનથી ભગવાનનો સાક્ષાત્કાર સહજ બને છે. એ સેવન સંસારમાં ડૂબેલા, ત્રિતાપથી સંતૃપ્ત બનેલા, આધિ વ્યાધિ ઉપાધિથી ઘેરાયલા, દુઃખી દરિદ્ર અને સૌ કોઇને સારું શ્રેયસ્કર છે.

* * *

ભાગવતના માહાત્મ્યમાં ભાગવતની કથાના વિવિધ વખતે કરાયલા પારાયણનો સંક્ષિપ્ત ઇતિહાસ પણ જોવા મળે છે. અભ્યાસીઓને માટે એ કાંઇક અંશે ઉપયોગી થઇ પડે એવો સંભવ હોવાથી એનું વિહંગાવલોકન કરી જઇએ.

સ્વનામધન્ય શુકદેવે પરીક્ષિતને ભાગવતની કલ્યાણકારક કથા ક્યારે કહી ? ભગવાન કૃષ્ણના સ્વધામગમન પછી કલિયુગના ત્રીસ વરસથી વિશેષ વખત વીતી ગયા પછી ભાદ્રપદ શુકલા નવમીના દિવસથી એમણે કથાનો આરંભ કર્યો. પરીક્ષિતના કથાશ્રવણ પછી કલિયુગના બસો વરસો વીતા ગયાં એટલે અષાઢ શુકલા નવમીના દિવસે ધુંધુકારીની સદ્દગતિ સારુ ગોકર્ણે કથાનો આરંભ કર્યો. અને સનકાદિએ એનું પુણ્યપ્રદાયક પારાયણ દેવર્ષિ નારદને નિમિત્ત બનાવીને કલિયુગના એ પછીનાં બીજાં ત્રીસ વર્ષ વધારે વ્યતીત થઇ ગયા પછી કાર્તિક શુકલા નવમીથી પ્રારંભ્યું. એ ત્રિવિધ અવસર પર પારાયણનો પ્રારંભ પ્રત્યેક મહિનાની શુકલા નવમીથી થયો છે એ સૂચક છે.

યમનો પ્રભાવ ચરાચરમાં સર્વત્ર ફેલાયલો હોવા છતાં ભાગવતની ભાગીરથીમાં સ્નાન કરનારા ભક્તો તથા શ્રેયાર્થીઓ એથી મુક્ત છે. એ ધન્ય, કૃતકૃત્ય ને અમૃતમયી બની જાય છે. કલિયુગના ક્લેશો તથા દોષોમાંથી મુક્તિ મેળવવા ભાગવતની ભાગીરથીના પુણ્યપ્રવાહમાં સ્નાન કરવા જેવી અકસીર ઔષધિ બીજી કોઇ નથી. એ ઔષધિ જીવનને મહોત્સવમય કરે છે ને મૃત્યુને મંગલ બનાવે છે.

**कलौ भागवती वार्ता भवरोगविनाशिनी ।**

ભાગવતમાહાત્મ્ય, અધ્યાય ૬, શ્લોક ૯૭.

એટલા માટે જ માહાત્મ્યના છઠ્ઠા અધ્યાયના ૯૮મા શ્લોકમાં સમુચિત રીતે જ કહેવામાં આવ્યું છે કે ભાગવતની કથાસુધાનો સદા સ્વાદ લેવો જોઇએ. એ કથા ભગવાન કૃષ્ણને ખૂબ જ પ્રિય અને એમના અલૌકિક અનુગ્રહની અનુભૂતિ કરાવનારી છે. એને લીધે પાપોનું શમન થાય છે, પાપ-બુદ્ધિ દૂર થાય છે, મુક્તિનો મહારસ મળે છે, ને ભક્તિભાવ વૃદ્ધિગત બને છે. એને પરિત્યાગીને બીજાં સાધનોનો આશ્રય લેવાથી કે તીર્થોનું સેવન કરવાથી શું વળવાનું છે ? ભાગવતનો આદરપૂર્વક આશ્રય લેવાથી સઘળા હેતુ સિદ્ધ થાય છે. આ રહ્યો એ સુંદર શ્લોક :

कृष्णप्रियं सकलकल्मषनाशनं च मुकत्येकहेतुमिह भक्तिविलासकारी ।
सन्तः कथानकमिदं पिबतादरेण लोके हि तीर्थपरिशीलनसेव्या किम् ॥

ભાગવતમાહાત્મ્યના આ અધ્યાયો પદ્મપુરાણના ઉત્તરખંડમાંથી લેવામાં આવેલા છે.

બીજા પુરાણો પુરાણોના સામાન્ય નામથી ઓળખાય છે પરંતુ ભાગવત મહાપુરાણ તરીકે પ્રખ્યાત છે. એના પરથી એની અસાધારણતાનું અનુમાન સહેલાઇથી કરી શકાય છે. એને પરમહંસોની સંહિતા પણ કહેવામાં આવે છે. એટલે તો સ્કંધોના અધ્યાયોની પરિસમાપ્તિ વખતે 'ઇતિ શ્રીમદ્દભાગવતે મહાપુરાણે પારમહંસ્યા સંહિતાયાં' શબ્દપ્રયોગ કરવામાં આવે છે. એ શબ્દપ્રયોગ પરથી કેટલાક એવું માને-મનાવે છે કે ભાગવત વિરક્તો, ત્યાગીઓ કે પરમહંસોને માટે જ છે અને સંસારીઓને એની સાથે કશું જ નથી લાગતુંવળગતું. એવી માન્યતા ભ્રામક છે. પરમહંસોનો અર્થ પરમ વિવેકી કે સદ્દબુદ્ધિસંપન્ન કરીએ તો તો કશી હરકત નથી, પરંતુ તેમ કરવાને બદલે ત્યાગી, વિરક્ત કે સંન્યાસી કરીને ભાગવતને તેમના પૂરતું જ મર્યાદિત રાખીને બીજા બધાને એના શ્રવણમનન અને અધ્યયનમાંથી વંચિત રાખીએ તે બરાબર નથી. એનું શ્રવણ, મનન અને અધ્યયન ત્યાગી ને રાગી, વિરક્ત ને રક્ત, સંન્યાસી ને સંસારી સૌને આવશ્યક અને શ્રેયસ્કર છે. આબાલવૃદ્ધ, બધાને માટે માટે એકસરખું ઉપયોગી છે. કેવળ કાળપથારી પર પડેલાને જ નહિ, જીવન જીવનાર અને જીવવાની આકાંક્ષા રાખનારને માટે પણ એ એવું જ આશીર્વાદરૂપ છે. એનો આશ્રય લેનાર શુભાશુભને, સત્યાસત્યને ને મુક્તિ તથા બંધનને ઓળખતાં ને પરમાત્મપરાયણ બનીને જાગ્રત રહીને અલિપ્તતાપૂર્વક જીવતાં શીખવે છે. એવું અમૃતમય જીવન અને એવું જીવન જીવવાની કળા સૌને સારુ શ્રેયસ્કર હોવાથી એ સંબંધમાં પ્રસરેલી ભ્રાંત ધારણા તથા માન્યતામાંથી મુક્તિ મેળવીને સર્વે જાતિના, આશ્રમના, વયના, દેશના ને કાળના લોકોએ એનો લાભ લેવો જોઇએ. એનો લાભ સૌને માટે ને સર્વ પ્રકારે જીવનવિકાસમાં પ્રેરક તથા કલ્યાણકારક થઇ પડશે. જે ભાગવતની ભાગીરથીના પવિત્રતમ પ્રવાહમાં નિયમપૂર્વક સ્નાન કરે છે અને જે સર્વશ્રેયસ્કર સુખદ સ્નાનનું સૌભગ્ય બીજાને પૂરું પાડે છે એ બંને એની અસરને જીવનમાં ઉતારીને યથાર્થ ફળની પ્રાપ્તિ કરે છે. એમને માટે કશું જ અશક્ય નથી રહેતું.

* * *

ભાગવતની સપ્તાહવિધિમાં સૂચવવામાં આવ્યું છે કે ભાગવતની કથા કરાવનારે ભાગવતના વક્તાને સુવર્ણસિંહાસન પર વિરાજિત ભાગવતનું પૂજા સહિત દાન કરવું, તેમજ બનતી દક્ષિણા આપવી. એ જાણીને કેટલાંકને નવાઇ લાગે છે પરંતુ એની પાછળનો મૂળભૂત ઉદ્દેશ સારી રીતે સમજવા જેવો છે. દીન, હીન કે કંગાળ જીવન કોઇનેય માટે આશીર્વાદરૂપ નથી બનતું, સાંસારિક માનવને માટે તો નહિ જ. જીવનમાં

માનવ અભાવમાં અથવા આર્થિક અગવડમાં જ જીવતો હોય તો એની ચિંતા એને કોરી ખાય એ સ્વાભાવિક છે. એવો માનવ પોતાના મનને શાસ્ત્રોના અધ્યયન-અધ્યાપનમાં, સાધનામાં અને જ્ઞાનપ્રચારમાં નિશ્ચિંતતાથી નથી લગાડી શકતો. એ ભૌતિક સમસ્યાઓમાંથી મુક્તિ મેળવે તથા સ્વસ્થ બને એ આવશ્યક છે. એટલા માટે એના જ્ઞાનનો લાભ લેનારનું કર્તવ્ય થઇ પડે છે કે એની બનતી બધી જ સંભાળ રાખીને એને ચિંતામુક્ત કરવાનો પ્રયાસ કરે. એ જે જ્ઞાનનો લાભ લે છે એની પાર્થિવ કિંમત તો ધન-ઐશ્વર્યથી નથી આંકી શકાય તેમ. તો પણ એના ઋણસ્વીકાર તરીકે બદલામાં જ્ઞાનદાતાની બનતી સેવા કરી છૂટે એ જરૂરી છે. એવા આદાનપ્રદાનથી જ સમાજ ટકી શકે ને જ્ઞાનોપદેશકો કે ધર્મપ્રચારકો કેવળ એ જ કલ્યાણકાર્યની પાછળ જીવનનો સમુચિત સદુપયોગ કરી શકે. એની પાછળ એ સંદેશો સમાયલો છે. એને એવા વિશાળ સંદર્ભમાં વિચારતાં શીખીએ તો એમાં કશું અનુચિત જેવું નહિ લાગે. સાથે સાથે ભાગવતના કથાકારોને ને ધર્મોપદેશકોને પણ આપણે બનતા નિઃસ્પૃહ બનવાની, નિર્લોભ થવાની કે બદલાની અપેક્ષા વિના કર્તવ્યભાવથી તથા પરમાત્મપ્રેમથી પ્રેરાઇને કથા કરવાની ને ઉપદેશ આપવાની ભલામણ કરીશું. કથા કે જ્ઞાનોપદેશને વ્યવસાય બનાવવાની અને અર્થોપાર્જનનું સાધન કરવાની જરૂર નથી. એ દ્વારા એમણે પોતાનો વ્યક્તિગત વિકાસ પણ સાધવાનો છે ને સહજ રીતે અયાચકવૃત્તિથી આવી મળે એને ગ્રહણ કરવાનું છે. એવી રીતે એમનો જીવનવ્યવહાર અન્યને માટે આદર્શ અને અનુકરણીય બની રહેશે.

* * *

ભાગવતસપ્તાહનો કથાક્રમ વક્તા પોતાની રુચિ, રસવૃત્તિ અથવા અનુકૂળતાને અનુસરીને યોગ્ય લાગે તેમ જાળવી શકે છે. એ સંબંધી પણ કોઇ એકધારો નિશ્ચિત નિયમ ના હોઇ શકે. તો પણ કથાના ક્રમસંબંધી પરંપરાથી ચાલતા આવતા ને સામાન્ય રીતે માન્ય રખાતા આ ઉદ્દગારો ખાસ યાદ રાખવા જેવા છે :

'આરંભના દિવસે કેવળ માહાત્મ્યશ્રવણ કરાવ્યા પછી પ્રથમ દિવસે મનુ-કર્દમ સંવાદ સુધી, બીજા દિવસે ભરતચરિત્ર સુધી, ત્રીજે દિવસે સાતમા સ્કંધની સમાપ્તિ સુધી, ચોથે દિવસે ભગવાન કૃષ્ણના પ્રાક્ટય સુધી, પાંચમે દિવસે રુકમણી વિવાહપર્યંત, અને છઠ્ઠે દિવસે હંસોપાખ્યાનપર્યંત કથા કરીને સાતમે દિવસે શેષ ભાગને પૂરો કરવો. એથી કથાની પૂર્ણાહુતિ નિર્વિઘ્ને થાય છે.'

☼ ☼ ☼ ☼ ☼

# - ભાગવત માહાત્મ્ય સંપૂર્ણ -

# * પ્રથમ સ્કંધ *



आद्रौ देवकी देवगर्भजनन गोपीगृहे बर्धनम् ।
माया पूतन जिवीतापहृननं गोवर्धनोद्धारणम् ॥
कंसच्छेदन कौरवादिहृननं कुन्तीसुता पालनम् ।
एतभ्दागतं पुराणकथितं श्रीकृष्ण लीलामृतम् ॥

## [૧] મંગલાચરણ

શ્રીમદ્ ભાગવતને ભાગીરથીનું શ્રવણમંગલ સુંદર અભિધાન આપીએ તો એના દ્વાદશ સ્કંધને એના દ્વાદશ અમૃતમય આહ્લાદક ઓવારા તરીકે ઓળખાવી શકાય. એ ઓવારા અવગાહનની અનુકૂળતા ખાતર ઊભા કરેલા છે. એમની દ્વારા એના અલૌકિક આત્માની અભિવ્યક્તિ થાય છે. એ અભિવ્યક્તિ આનંદદાયક, પુણ્યપ્રદાયક અને પ્રેરક છે.

પ્રથમ સ્કંધના પ્રારંભમાં જ મંગલાચરણના સુંદર શ્લોકની શરૂઆત થાય છેઃ

જન્માદ્યસ્ય યતોઽન્વયાદિતરતશ્ચાર્થેષ્વભિજ્ઞઃ સ્વરાટ<br>
તેને બ્રહ્મ હૃદા ય આદિકવયે મુહ્યન્તિ યત્સૂરયઃ ।

તેજોવારિમૃદાં યથા વિનિમયો યત્ર ત્રિસર્ગોઽમૃષા<br>
ધામ્ના સ્વેન સદા નિરસ્તકુહકં સત્ય પરં ધીમહિ ॥

જેને લીધે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને જગતનો લય કે પ્રલય થાય છે, જે જડ નથી પણ ચેતન છે અને બીજાથી પ્રકાશિત નથી પરંતુ સ્વયંપ્રકાશ છેઃ જે હિરણ્યગર્ભ કે બ્રહ્મા નથી પરંતુ જેણે બ્રહ્માને કેવળ સંકલ્પથી વેદનું પ્રદાન કર્યું છેઃ જેના સ્વરૂપની ચર્ચાવિચારણા કરતાં મોટા મોટા વિદ્વાનો ને મુનિઓ પણ મોહ પામે છે અને ભાતભાતના વિરોધાભાસી તર્કવિતર્કો કરે છેઃ જેવી રીતે સૂર્યનાં સોનેરી કિરણોમાં જલનું, જલમાં સ્થળનું ને સ્થળમાં જલનું વાસ્તવિક નહિ પરંતુ ભ્રમાત્મક દર્શન થાય છે તેવી રીતે જેની અંદર ત્રિગુણાત્મિકા જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિરૂપા સૃષ્ટિ મિથ્યા હોવાં છતાં પણ અધિષ્ઠાન સત્તાથી સત્ય સમી પ્રતીત થાય છેઃ તે પોતાના સ્વભાવગત જ્ઞાનના પવિત્રતમ પ્રકાશથી સંપૂર્ણપણે સર્વ કાળે ને સર્વ સ્થળે અવિદ્યારૂપી અંધકારથી મુક્ત રહેનાર પરમ સત્યનું અમે ધ્યાન કરીએ છીએ.'

એ સુંદર શ્લોકના આરંભમાં જ મહર્ષિ વ્યાસ પ્રણીત બ્રહ્મસુત્રના 'જન્માદ્યસ્ય યત્રઃ' સૂત્રનો સદ્દુપયોગ કરવામાં આવ્યો છે. એક જ લેખકની બે રચનાઓનું એ શાબ્દિક સામ્ય ખાસ ધ્યાન ખેંચે એવું છે. ભાગવતના પ્રથમ સ્કંધના પ્રારંભનો એ શ્લોક સૂચવે છે કે જગતના રૂપમાં પરમપ્રકાશમાન સ્વયંભૂ પરમાત્માની જ નિત્યલીલા થઇ રહી છે. એની અંદર અને બહાર, ઉપર અને નીચે, પરમાત્મા સિવાય બીજું કાંઇ છે જ નહિ. એ જ સર્વત્ર ને સર્વના રૂપમાં વ્યાપક છે. પરંતુ એમના વાસ્તવિક સ્વરૂપનો નિર્ણય અને સાક્ષાત્કાર માયાના પ્રખર પ્રભાવને લીધે મોટા મોટા મુનિવરો ને વિદ્વાનો પણ નથી કરી શકતા. એ પણ સંભ્રમમાં પડી જાય છે. જુદી જુદી તપશ્ચર્યાઓ અને સાધનાઓ એમની સાથે સંબંધ બાંધવા, એમનું અનુસંધાન સાધવા, અને એમના સર્વજ્ઞ, સર્વવ્યાપક, વાસ્તવિક સચ્ચિદાનંદ  સ્વરૂપનો સાક્ષાત્કાર કરવા માટે છે. એ સાક્ષાત્કાર જ જીવનમાં શાશ્વત સુખશાંતિની સ્થાપના કરી શકે છે અને અંતરના અણુઅણુને સંવાદે ભરે છે. જીવનમુક્તિનો અલૌકિક આસ્વાદ પણ એજ ધરે છે.

એ શ્લોકની એક બીજી લાક્ષણિકતા જોવા જેવી છે. એમા **'સત્યં પરં ધીમહિ'** શબ્દપ્રયોગ કરવામાં આવ્યો છે. ભાગવત વેદરૂપી વિશાળ કલ્પવૃક્ષનું પરિપક્વ સુંદર સ્વાદુ ફળ છે એટલે વેદવચન તથા વેદવિચારની છાયા પ્રતિછાયાથી સંપન્ન હોય એ સહેલાઇથી સમજી શકાય તેવું છે. વેદમાં **સત્યં જ્ઞાનં અનંત બ્રહ્મ** કહીને પરમાત્માને સત્યસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ અને અનંત કહેવામાં આવ્યા છે. એમને સચ્ચિદાનંદ પણ કહ્યા છે. ભાગવત એના અનુસંધાનમાં **સત્યં પરં ધીમહિ** એવો શબ્દપ્રયોગ કરતાં એ પરમ સનાતન સત્યસ્વરૂપ પરમાત્માનું અમે ધ્યાન ધરીએ છીએ એવું કહીને પરમાત્માને પરમ કે સનાતન સત્ય તરીકે ઓળખાવે છે. પરમાત્માનો પરિચય પ્રદાન કરનારાં જે અસંખ્ય નામો આપણે ત્યાં પ્રચલિત છે તેમાં એમનું સત્ય નામ સૌથી સારગર્ભિત, વિલક્ષણ અને સુંદર લાગે છે. સત્ય એટલે જે હતું, અને રહેશે તે પરમતત્વ. નિર્વિકારી ને નિર્લેપ. ત્રિકાલાબાધિત. જેનો કોઇ કાળે ને કારણે નાશ નથી થતો તે સર્વવ્યાપક સત્તા. પરમાત્માનો પરિચય એથી વધારે સારી ને સંપૂર્ણ રીતે બીજા કયા અભિધાન દ્વારા આપી શકાય ? એટલે જ પરમાત્માના પર્યાયરૂપે સત્ય નામ ખૂબ જ સાર્થક લાગે છે. એમનું ધ્યાન સત્યપ્રકાશની સમ્યક્ પ્રાપ્તિ માટે અથવા સત્યના સાક્ષાત્કાર સારુ કરવામાં આવે છે.

પરમાત્માની સર્વશક્તિમત્તા તથા સર્વવ્યાપકતાને સિદ્ધ કરવાનું કાર્ય વૈજ્ઞાનિક સંશોધનના સમયમાં હવે સરળ બન્યું છે. વિજ્ઞાન કહે છે કે પૃથ્વીના પ્રત્યેક પદાર્થમાં એટમ છે. એટમ વિના કોઇયે પદાર્થનું અસ્તિત્વ નથી હોઇ શકતું. એ એટમમાં ઇલેકટ્રોન, પ્રોટોન અને ન્યુટ્રોન એ ત્રણે તત્વો રહેલાં છે. આપણાં અધ્યાત્મશાસ્ત્રોએ એવી જ રીતે અનુભવના આધાર પર વરસો પહેલાં કહેલું કે સૌની અંદર, જડચેતનાત્મક સકળ સંસારમાં, આત્માનો અથવા પરમાત્માનો વાસ છે. એના સિવાય જગત કે જીવન બની જ  નથી શકતું. એ આત્મા કે પરમાત્મા પણ પેલા એટમની પેઠે સત્, ચિત્, આનંદ ત્રણ તત્વોથી સમન્વિત છે. એ અણુથી પણ અણુ અને મહાનથી પણ મહાન છે. વિજ્ઞાન એવી રીતે અધ્યાત્મના સુનિશ્ચિત સુવિદિત સિદ્ધાંતોને સમજવામાં સહાયતા કરે છે.

ભાગવત પરમાત્માની અભિન્ન અંતરંગ એકતાનું પ્રતિપાદન કરીને એમને સર્વ પ્રકારના દોષોથી રહિત બતાવીને એમના ધ્યાનની પવિત્ર પ્રેરણા પૂરી પાડે છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૨] પરમકલ્યાણનું સાધન

ભાગવતની ભાગીરથીના પુનિત પ્રવાહના પ્રાક્ટયના પ્રારંભમાં જ તીર્થધામ નૈમિષારણ્યમાં ઉચ્ચાસને વિરાજેલા પરમજ્ઞાની સૂતજીનો આપણને પરિચય થાય છે. નૈમિષારણ્યમાં શૌનકાદિ ઋષિઓએ પરમાત્માની પ્રાપ્તિની આકાંક્ષાથી એક અસાધારણ અભૂતપૂર્વ યજ્ઞનો આરંભ કર્યો. એ યજ્ઞમાં ઋષિઓએ સૂતજી પ્રત્યેના પરમાદરથી પ્રેરાઇને પૂછયું કે કલિયુગમાં આત્મસાધનાની અભિરુચિ અને પ્રવૃત્તિ એકદમ ઘટી ગઇ છે, જીવન ઓછું થઇ ગયું છે, અને ભયસ્થાનો, પ્રલોભનો, વિઘ્નો અને ઉપાધિઓનો પાર નથી, ત્યારે મનુષ્યોના પરમકલ્યાણનું અસરકારક સાધન કયું છે ? શાસ્ત્રો તો અલગ અલગ સાધનોનો ઉપદેશ આપે છે. એ બધાં જ સાધનો સરળ અને સચોટ નથી દેખાતાં. તો જે સર્વોત્તમ, સર્વસંમત સાધન હોય એને શ્રવણ કરવાની અમારી ઇચ્છા છે. તમે કેવળ શાસ્ત્રજ્ઞ નથી પરંતુ સ્વાનુભૂતિસંપન્ન હોવાથી સ્વાનુભૂતિના આધાર પર અમને એ અમોઘ સાધનવિશેષનો સંદેશ આપો. અમે એ પણ જાણવા માગીએ છીએ કે યદુવંશશિરોમણિ ભક્તવત્સલ ભગવાન કૃષ્ણ આ અવની પર શા માટે અવતીર્ણ થયેલા. ભગવાનનો અવતાર માનવજાતિના મંગલને માટે હોય છે. એ એમની યોગમાયાનો આશ્રય લઇને સ્વેચ્છાનુસાર લીલા કરે છે. એમના એ અવતારોના અને એમણે કરેલી લીલાઓના સંબંધમાં અમને વિસ્તારથી કહેવાની કૃપા કરો.

ઋષિઓની જિજ્ઞાસાના જવાબમાં સૂતજી મનુષ્યોના પરમ કલ્યાણનું અસરકારક અમોઘ સાધન બતાવે છે. એ સાધન કેવળ કલિયુગને માટે જ નહિ પરંતુ પ્રત્યેક યુગને માટે એકસરખું ઉપયોગી છે. પરમાત્મા પોતે કલ્યાણસ્વરૂપ હોવાથી પરમ કલ્યાણની કામનાવાળા પ્રત્યેક આત્માએ એમની સાથે સંબંધ બાંધવો જોઇએ. પરમાત્માનો સંબંધ વિચ્છેદ કરીને કોઇ પણ જીવનમાં સ્થિરતા, સંવાદિતા કે શાંતિ ના મેળવી શકે ને જીવનને મહોત્સવમય ના કરી શકે. મનુષ્ય બાહ્ય વિષયો અને ભોગોપભોગની પાછળ પડે છે, ભાતભાતના સંકલ્પવિકલ્પોનો આધાર લે છે અને એમની પૂર્તિ માટેના પ્રયત્નો કરે છેઃ એ ઉપરાંત અનેક પ્રકારની કામનાઓ તથા તૃષ્ણાઓમાં રમ્યા કરે છે. પરંતુ માનવજીવન ઇન્દ્રિયજન્ય વિષયોના તથા કામનાઓ અને લાલસાઓના ઉપભોગ માટે નથી. એનો મહિમા ઘણો મોટો અને એની શક્યતા ધાર્યા કરતાં ઘણી વધારે છે. એની સુષુપ્ત શક્તિઓને જાગ્રત કરી તથા વધારીને પોતાની અંદર તેમજ સમસ્ત સંસારમાં વિરાજમાન કે વ્યાપક પરમાત્માની પરમચેતનાનો સાક્ષાત્કાર કરીને બંધન, ક્લેશ તથા અશાંતિમાંથી મુક્તિ મેળવવામાં જ જીવનની સાર્થકતા સમાયલી છે. એવી મુક્તિ અને પરમાત્માની પ્રત્યક્ષ અનુભૂતિને માટે પ્રયત્નો કરવામાં અથવા સાધનાનું આલંબન લેવામાં જીવનનો સદ્ઉપયોગ રહેલો છે.

શાસ્ત્રો અને સ્વાનુભૂતિસંપન્ન સત્પુરુષોએ જ્ઞાન, કર્મ તથા યોગની સાધના પ્રત્યે અંગુલિનિર્દેશ કર્યો છે ખરો પરંતુ પરમાત્માની પવિત્રતમ પ્રખર પ્રેમભક્તિ વિના પરમાત્માનો સુખદ સર્વમંગલ શાંતિકારક સાક્ષાત્કાર કેવી રીતે થઇ શકે ને જીવન જ્યોતિર્મય કે મધુમય પણ કેવી રીતે બની શકે ? એટલા માટે, જીવનની સર્વોત્તમ ધન્યતાની રસાનુભૂતિ માટે, જીવનને ભક્તિમય બનાવવાની આવશ્યકતા છે. ભક્તિ દ્વારા પરમાત્માનું અનુસંધાન સધાય છે, પરમાત્માનાં ચારુ ચરણોમાં પ્રેમ જાગે છે અને પરમાત્માનો સાક્ષાત્કાર

સુલભ બને છે. એ એક એવું સાધન છે જેની મદદથી જ્ઞાન તેમજ યોગ ઉભય સાધનોનું ફળ સહેલાઇથી સાંપડી શકે છે, જીવન કૃતાર્થ, પ્રશાંત અને પૂર્ણ થાય છે.

એ ભક્તિના પ્રાદુર્ભાવને માટે સંતસમાગમ તથા કથાશ્રવણના સાધનો ઉપયોગી છે. નામસ્મરણ તેમજ સંકીર્તનની રુચિ કે રસવૃત્તિ પણ એમાં અત્યંત અગત્યનો ભાગ ભજવે છે. એ ઉપરાંત સચ્ચિદાનંદસ્વરૂપ પરમાત્માના ધ્યાનથી પણ ભક્તિભાવને વધારવામાં મદદ મળે છે. કલિયુગમાં પ્રલોભનો, વિઘ્નો કે ઉપાધિઓનો અંત નથી તો પણ ભક્તિનો આધાર લેવાથી જીવનપથ સરળ અથવા નિષ્કંટક બની જાય છે અને સાધનારૂપી યાત્રા નિર્વિઘ્ને પૂરી થાય છે. ભક્તિમાં અહંકારને કે દંભને તો સ્થાન જ નથી હોતું ; અને એની દ્વારા ઇશ્વરની સાથે સંબંધ બંધાવાથી ભક્તને ઇશ્વરની રક્ષાનો અલૌકિક લાભ મળે છે. એ જાણે છે અને અનુભવે છે કે જીવનની જટિલ અજ્ઞાત રહસ્યમયી મહાયાત્રામાં પોતે એકલો નથી. ઇશ્વરનો સંસર્ગ, સાથ, સ્નેહ અને સહયોગ એને સદાયે સાંપડયા કરે છે. પછી પ્રલોભનો કે ભયસ્થાનો કશાનો ભય કયાં છે ? ઇશ્વરનો અભયપ્રદ વરદ હસ્ત સદાને સારુ એના મસ્તક પર મંડાયેલો છે પછી કોઇ પ્રકારની નાની કે મોટી, સાધારણ કે અસાધારણ અને કાલ્પનિક કે વાસ્તવિક ચિંતા, વ્યથા કે ઉદ્વિગ્નતાને માટે અવકાશ જ ક્યાં છે ? ઇશ્વરની સુધામય, શક્તિસંચારક, સર્વવિધ શ્રેયસ્કરી છત્રછાયામાં એ પરમાનંદનો ને શાશ્વત સુખશાંતિનો અનુભવ કરે છે. ઇશ્વરે એના જીવનરથનું સારથિપદ સંભાળ્યું હોવાથી એ નિશ્ચલ ને નિર્ભય બને છે. એને માયાપતિનું શરણ લીધું હોવાથી માયાના વિષમય વિઘાતક વંટોળથી ગભરાવાનું નથી રહેતું. એ વંટોળ એનો વાળ પણ વાંકો નથી કરી શકતા.

એ ભક્તિ જેવું મહામૂલ્યવાન મહારસાયન બીજું કોઇ જ નથી. તનના, મનના અને અંતરના બધાં જ દુઃખદર્દો પર એ અકસીર ઠરે છે અને કાયમનું કલ્યાણ કરે છે. માટે શ્રેયાર્થીએ સર્વ સ્થળે ને સમયે એનો આધાર લેવો જોઇએ.

ભગવાનના ભક્તિયોગથી ભક્તનું ચંચળ મન ધીમે ધીમે સ્થિર થાય છે, એની બહિર્મુખ વૃત્તિનો અંત આવીને અંતર્મુખ વૃત્તિ વધવા માંડે છે, અને આખરે મન શાંત અને પવિત્ર બનતાં એમાં અલૌકિક આત્મજ્ઞાનનો આવિર્ભાવ સહજ બને છે. એ પછી આત્મદર્શનનો દેવદુર્લભ અમૂલખ લાભ દૂર નથી રહેતો. એના સુપરિણામરૂપે અવિદ્યાની અહંકારજન્ય સમસ્ત ગ્રંથિઓનું ભેદન થાય છે, સંશયો છેદાઇ જાય છે. અને કર્મોનો તેમજ એ કર્મોને લીધે પેદા થયેલી ને પ્રબળ બનેલી વાસનાઓનો ક્ષય સહજ બને છે.

સંસારમાં આત્મવિકાસની સાધનાનું આવું સુંદર, સુખદ, સર્વોત્તમ, શાસ્ત્રીય અને સચોટ સાધન છે પછી બીજાં અશિવ, ક્લેશકારક કે કલિષ્ટ સાધનોની પાછળ પડવાની શી આવશ્યકતા છે ?

કલિયુગનો કે બીજા કોઇયે યુગનો ભય રાખવાનું પ્રયોજન પણ પછી ક્યાં રહે છે ? ભક્તિની સાધના, સાધનાના સુમેરુશિખર પર પહોંચવા માટે પૂર્ણપણે પર્યાપ્ત છે.

* * *

પરમાત્મા પોતે નિર્ગુણ, નિરાકાર, અજન્મા અને અવિનાશી હોવાં છતાં પોતાની પરા અને અપરા પ્રકૃતિશક્તિનો આધાર લઇને સૃષ્ટિનું સર્જન કર્યું એ વાતનું વર્ણન વેદ પોતાની લાક્ષણિક રીતે કરે છે અને

શ્રીમદ્ ભાગવત એના અનુસંધાનમાં એનું સમ્યક્ સમર્થન કરતા વિચારોની અભિવ્યક્તિ કરી બતાવે છે. એ સૃષ્ટિના મંગલ માટે થયેલા એમના ભિન્નાભિન્ન વિશિષ્ટ અવતારોનાં રેખાચિત્રો પણ અંકિત કરે છે. જેવી રીતે કોઇક પ્રતાપી પરમ પ્રકાશપુંજમાંથી સહસ્ત્રો રશ્મિઓ નીકળે અથવા કોઇક અનંત જળભંડારમાંથી અનેક જુદા જુદા જળપ્રવાહો પ્રવાહિત થાય તેવી રીતે સત્વગુણના ભંડાર જેવા હરિના વિવિધ અવતારો થાય છે. એ બધા અવતારોમાં ભાગવતકાર ભગવાન કૃષ્ણને પૂર્ણાવતાર અથવા સ્વયં ભગવાન કહે છે. ભાગવતકાર સ્વનામધન્ય પ્રાતઃસ્મરણીય મહર્ષિ વ્યાસ શ્રી કૃષ્ણના સમકાલીન હતા. એમણે એમની જીવનલીલાનું સુચારુરુપે સમીપથી નિરીક્ષણ કરેલું. એ એમના વિશાળ વિશદ વ્યક્તિત્વના સાક્ષી હતા. એવા મહાપુરુષ પોતે જ જ્યારે એમના વિશે એવો અસાધારણ અભિપ્રાય આપે ત્યારે એનું મહત્વ ખૂબ જ વધી જાય એ સ્વાભાવિક છે. એ અભિપ્રાયને આવેશયુક્ત ના કહી શકાય. અતિશયોક્તિમાં પણ ના ખપાવાય. એની વાસ્તવિકતાનો વિચાર તો આપણે આગળ પર દસમા સ્કંધની વિચારણા વખતે કરીશું. અત્યારે તો એના પ્રત્યે કેવળ અંગુલિનિર્દેશ કરી લઇએ એટલું પર્યાપ્ત છે. ભાગવતકાર કહે છે કે એ અવતારો યુગેયુગે પ્રેરણા તથા પ્રકાશ પાથરીને સૃષ્ટિને સુખી કરે છે ને ધન્ય બનાવે છે. બીજા બધા અવતારો અંશાવતારો કહેવાય છે. એમની અંદર ભગવાનની કળાની અભિવ્યક્તિ આંશિક રીતે થયેલી, પરંતુ શ્રીકૃષ્ણ પૂર્ણાવતાર હતા. એમની અંદર ભગવાનની કળાનું પ્રાક્ટય પરિપૂર્ણપણે થયેલું. પોતાના એ મનોભાવોને વાચા આપતાં ભાગવતના રચયિતા મહર્ષિ વ્યાસ સંયમી છતાં સુંદર ભાષામાં કહે છે :

एते चांशकलाः पुंसः कृष्णस्तु भगवान स्वयम् ।
इन्द्रारिव्याकुलं लोकं मृडयन्ति युगेयुगे ॥
(પ્રથમ સ્કંધ, અધ્યાય ૩, શ્લોક ૨૮)

* * *

પ્રથમ સ્કંધના ત્રીજા અધ્યાયની પરિસમાપ્તિ પહેલાંના થોડાક ઉદ્દગારો ખાસ ઉલ્લેખનીય છે. સૂતજી એ ઉદ્દગારો દ્વારા સ્પષ્ટીકરણ કરતાં શૌનકાદિ મુનિવરોને જણાવે છે કે પૂર્વના પવિત્ર પ્રખર સંસ્કારો વિના ભગવાનના સ્મરણમનનમાં અને કથાશ્રવણમાં પ્રીતિ થતી નથી. તમને તેવી પ્રીતિ થઇ છે તે તમારું સર્વોત્તમ સદ્દભાગ્ય સૂચવે છે. શ્રીમદ્ ભાગવત નામનું આ મહાપુરાણ પરમાત્માના સુધાસભર સંકીર્તનરૂપ, વેદોસમાન સંપત્તિ આપનારું તથા સર્વવિધ કલ્યાણ કરનારું છે. એને રચ્યા પછી ભગવાન વેદવ્યાસે પોતાના જ્ઞાનીશ્રેષ્ઠ સુપુત્ર શુકદેવને એનો ઉપદેશ આપ્યો. સ્વનામધન્ય સંતશ્રેષ્ઠ શુકદેવે વેદો તથા ઇતિહાસોના અર્કરૂપ એ ભાગવત ગંગાતટ પર અનશનવ્રત લઇને વિરાજેલા ઋષિમુનિના સમુહથી વીંટળાયલા મહારાજા પરીક્ષિતને સંભળાવેલું ત્યારે મને પણ એના શ્રવણનો અલૌકિક લાભ પ્રાપ્ત થયેલો. તે તમને મારી શક્તિ તેમજ સમજને અનુસરીને સંભળાવું છું. ભગવાન કૃષ્ણના સ્વધામપ્રયાણ પછી કલિયુગનો મોહજન્ય અવિદ્યાયુક્ત ગાઢ અંધકાર દિશાપ્રદિશામાં સર્વત્ર ફરી વળ્યો. ધર્મ અને જ્ઞાનનો લોપ થયો. એ અંધકારને દૂર કરીને ધર્મ તથા જ્ઞાનની પુનઃપ્રતિષ્ઠા કરવા માટે ભાગવતરૂપી આદિત્યનો ઉદય થયો છે.

☼ ☼ ☼ ☼ ☼

## [3] મહર્ષિ વ્યાસનો અસંતોષ

ભારતીય ધર્મ, સંસ્કૃતિ તથા તત્વજ્ઞાનનું પ્રતિબિંબ પાડનારા તેમજ પ્રતિનિધિત્વ કરનારા મહાન લોકોત્તર ધર્મગ્રંથોમાં વાલ્મીકિ રામાયણનું સ્થાન ખૂબ જ મહત્વનું છે. પરંતુ એ ધર્મગ્રંથની રચનાના મૂળમાં મહર્ષિ વાલ્મીકિનો ઘેરો વિષાદ હતો. તમસા નદીના નિર્મળ તપઃપૂત તટપ્રદેશ પર નિષાદના શરથી કામમોહિત ક્રૌંચપક્ષીના યુગ્મમાંથી એક પક્ષીનું મરણ થતું જોઇને અને બીજા ક્રૌંચપક્ષીને પણ એની પાછળ મૃત્યું પામતું પેખીને મહર્ષિ વાલ્મીકિનું સુકોમળ હૃદય સંવેદનશીલ બનીને હાલી ઊઠયું, વિષાદથી ભરાઇ ગયું, અને એમાંથી કવિતાની સ્વયંભૂ પંક્તિઓ નીકળી પડી. વિષાદ અને વેદનાના એ અનોખા અનુભવ પછી એમણે રામાયણની રચના કરી. એનું મૂળભૂત કથાવસ્તુ પણ મોટે ભાગે એવું જ હતું. ત્યાં પણ જીવનના મધુમય મહોત્સવનો અનેરો લહાવો લેનારાં પારસ્પરિક પ્રેમથી પરિપ્લાવિત પ્રાણવાળા રામ અને સીતા હતાં. પ્રકૃતિની પ્રશાંત ગોદમાં એ ક્રૌંચ પક્ષીની પેઠે જ વિહાર કરી રહેલા. ત્યાં તો રાવણે નિષાદની જેમ વેરભાવથી વચ્ચે આવીને એમના વિયોગનું બાણ માર્યું. એ બાણ એ ઉભયને માટે મર્મઘાતક થઇ પડ્યું. મહર્ષિ વાલ્મીકિના સંવેદનશીલ હૃદયે એના પરથી એક અવનવું મહાકાવ્ય રચ્યું. વિષાદ એવી રીતે એકલા મહર્ષિને માટે જ નહિ પરંતુ સમસ્ત સંસારને માટે ઉપકારક ઠર્યો. એ ના હોત તો માનવજાતિ એક અદ્‌ભુત મંગલમય મહાકાવ્યથી વંચિત રહી જાત.

બીજો એવો જ આદરપાત્ર ધર્મગ્રંથ યોગવાસિષ્ઠ. વેદાંતની વિશદ વિચારધારાને સફળતાપૂર્વક વ્યક્ત કરતા એ મહાગ્રંથના મૂળમાં પણ રામનો વિષાદ રહેલો છે. રામને જો વિષાદ ના થયો હોત અને વૈરાગ્યનાં ભાવતરંગોને પરિણામે એમનું મન દુન્યવી પ્રવૃત્તિઓથી ઉપરામ ના બન્યું હોત તો મહામુનિ વસિષ્ઠ એમને આત્મજ્ઞાનનો અમૂલખ ઉપદેશ આપવા પ્રેરાત નહિ અને યોગવસિષ્ઠની રચના અશક્ય બનત.

મહાભારતના યુદ્ધના આરંભ પહેલાં કુરુક્ષેત્રના યુદ્ધમેદાનમાં ઉપદેશાયલી સર્વશાસ્ત્રમયી ભગવદ્દગીતાનું પણ એવું જ છે. એનો ઉપદેશ પણ વિષાદને લીધે જ આપવામાં આવ્યો છે. સ્વજનો, સ્નેહીઓ કે ગુરુજનોને જોઇને અર્જુનના હાથ-પગ ઢીલા થઇ ગયા અને એણે સ્વધર્મને તિલાંજલિ આપીને ક્ષેત્રસંન્યાસ લેવાનો વિચાર કર્યો અને એ વિચાર ભગવાન કૃષ્ણની પાસે પ્રકટ કર્યો ત્યારે વિષાદરત કિંકર્તવ્યવિમૂઢ અર્જુનને વિષાદમુક્ત કરવા તથા કર્તવ્યનો કલ્યાણકારક પ્રકાશ પૂરો પાડવા ગીતાનો શાશ્વત શક્તિસંચારક સદ્દુપદેશ સંભળાવવાની આવશ્યકતા ઊભી થઇ. કાદવમાંથી કમનીય કમળની સૃષ્ટિ થાય છે તેમ વિષાદમાંથી અથવા વિષાદને નિમિત્ત બનાવીને એવી રીતે અસાધારણ ધર્મગ્રંથરત્નોની રચના કરવામાં આવી છે. એ ત્રણે મહાગ્રંથો ભારતવર્ષના સાંસ્કૃતિક આકાશમંડળમાં પરમોજ્જવલ નક્ષત્રગણોની પેઠે અતીત સમયથી શોભી રહ્યા છે.

અને ભારતવર્ષના સાંસ્કૃતિક, સાધનાત્મક, તત્વજ્ઞાન વિષયક આત્માની અભિવ્યક્તિ કરનારા ચોથા મહાગ્રંથ શ્રીમદ્ ભાગવતના સંબંધમાં પણ એવું જ સમજવાનું છે. એની રચના પણ વિષાદ અથવા અસંતોષમાંથી જ થયેલી છે. તો પછી.....ભાગવતના રચયિતા તો મહર્ષિ વ્યાસ છે. એમના જીવનમાં એ

ગ્રંથરત્નની રચના પહેલાં કે રચના દરમિયાન શું કોઇ સાધારણ કે અસાધારણ અસંતોષ અથવા વિષાદ હતો ? એ અસંતોષ અથવા વિષાદથી પ્રેરાઇને જ એમણે ભાગવતનું નિર્માણ કરેલું ?

એવો પ્રશ્ન ઊઠે એ સ્વાભાવિક છે. આપણે એનો પ્રત્યુત્તર હકારમાં આપીને એના સંપૂર્ણ સ્પષ્ટીકરણને માટે શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધના ચોથા તથા પાંચમા અધ્યાયમાં પ્રવેશ કરીશું.

ચોથા અધ્યાયના આરંભમાં જ આપણને બે વિરોધાભાસી પાત્રોનો પરિચય થાય છે. એક આત્મારામ, આપ્તકામ અને આત્મતૃપ્ત છે. પરમાત્માના સતત સંકીર્તનમાં સંલગ્ન રહે છે. એ પરમાત્મપ્રેમી તથા પરમાત્માદર્શી છે અને એમની ઉપર પરમાત્માની પરિપૂર્ણ કૃપા છે. માનવજાતિના પરમ મંગલને માટે એ પૃથ્વી પર પરમાત્માના ગુણગાન કરતા અહંકાર અને આસક્તિથી રહિત બનીને વિચરણ કરે છે. એ છે પ્રાતઃસ્મરણીય સ્વનામધન્ય દેવર્ષિ નારદજી. એક પૂર્ણતાપ્રાપ્ત જીવનમુક્ત પુરુષવિશેષનું વ્યક્તિત્વ કેવું હોય તેની સમજ એમના જીવન પરથી સાંપડી શકે છે.

બીજું પાત્ર મહર્ષિ વ્યાસનું છે. એ વસે છે તો એકાંતમાં અને એમના સમયના મહાન તત્વચિંતક તથા તપસ્વી છે, તો પણ શાશ્વતી શાંતિથી અને જીવનની કૃતકૃત્યતાની અલૌકિક અનુભૂતિથી વંચિત છે. એક ધન્ય દિવસે એ બંનેનો મેળાપ થયો. એ મેળાપ મંગલકારક નીવડ્યો.

એક દિવસ સૂર્યોદય સમયે મહર્ષિ વ્યાસ પોતાના આશ્રમમાં સરસ્વતી નદીના શાંત એકાંત તટપ્રદેશ પર વિરાજેલા. એમણે લોકસંગ્રહની સર્વોત્તમ ભાવનાથી વેદોના વિભાગો કરેલા, બ્રહ્મસૂત્રની રચના કરેલી અને મહાગ્રંથ મહાભારતનું નિર્માણ કરેલું. પરંતુ એ બધું કરવા છતાં પણ એમના મનનો અસંતોષ ના મટ્યો અને એમનું જીવન ધન્યતા તથા પૂર્ણતાનું ગીત ના ગાઇ શક્યું. એના કારણની એમને સમજ ના પડી. એ વિશે વિચારો કરતા અને ઊદ્વિગ્ન બનતા એ એમના આશ્રમમાં બેઠેલા ત્યારે દેવર્ષિ નારદ એમની પાસે આવી પહોંચ્યા.

એમને જોઇને મહર્ષિ વ્યાસે ઊભા થઇને પરમ પ્રેમ અને આદરપૂર્વક એમનું સમુચિત સ્વાગત કર્યું.

એમણે અર્પેલા આસન પર વિરાજીને દેવર્ષિ નારદે એ મહામહિમામયી ભૂમિનું આનંદપૂર્વક અવલોકન કર્યું. એ ભૂમિ કેટલી બધી સુખદ, સુંદર અને શાંત હતી ! આજુબાજુના અત્યંત આકર્ષક હિમાચ્છાદિત પર્વતોની વચ્ચેથી એક બાજુથી અલકનંદા નદી વહી જતી હતી તો બીજી બાજુથી સરસ્વતીનો પ્રશાંત પ્રવાહ પસાર થતો હતો. આગળ જતાં એ બંનેનો સુભગ સંગમ થતો. એ દૃશ્ય પણ કેટલું બધું અદ્દભુત હતું ! નારદજી એને જોઇ રહ્યા ને પ્રસન્ન છતાં મંદ સુધામય સ્વરે બોલ્યા :

'વ્યાસ ! તમે પરમવિદ્વાન તથા તપસ્વી છો. તમે વિવિધ શાસ્ત્રોની રચના કરી છે, ધર્માચરણ કર્યું છે, અને આત્મા, અનાત્માની વિચારણામાં પણ પ્રવીણતા પ્રાપ્ત કરી છે. છતાં પણ તમને જીવનની કૃતાર્થતાની અનુભૂતિ થતી હોય એવું નથી લાગતું. તમારા મુખમંડળ પર વિષાદ છે. તેનું કારણ શું ? જે આત્મજ્ઞાની હોય તે તો સર્વપ્રકારના શોક, મોહ, ભય, બંધન, અહંકાર અથવા વિષાદથી પર હોય છે.'

નારદજીની વાત સાંભળીને વ્યાસ વિચારમાં પડ્યા. એમનો અંતરાત્મા ખરેખર અશાંત હતો. એ જીવનની પરમ ધન્યતાની અનુભૂતિ નહોતા કરી શક્તા. એમણે દેવર્ષિને જણાવ્યું કે તમારી વાત સાચી છે.

મેં તપશ્ચર્યાનો આધાર લીધો છે, એકાંત સેવ્યું છે, અને વેદોનો પણ સમ્યક પ્રકારે વિચાર કર્યો છે, છતાં પણ મારા જીવનમાં શાશ્વતી શાંતિનું સુંદર સ્વર્ણ પ્રભાત નથી પ્રકટ્યું. તેનું મૂળભુત કારણ તમારા સિવાય બીજું કોણ જાણી શકે ? તમે સૂર્યની પેઠે ત્રિભુવનમાં વિચરો છો, સૌના દ્રષ્ટા અને સર્વાન્તર્યામી છો તથા મનુષ્યોના પતન અને ઉત્થાનનું, હર્ષ અને શોકનું નિદાન કરવામાં કુશળ છો. માટે તમે જ મારા આંતરિક અસંતોષ અને વિષાદનું કારણ કહી બતાવો જેથી એમનાથી મુક્તિ મેળવી શકું.

પરમાત્માદર્શી કૃતકૃત્ય મહાત્મા પુરુષોની કૃપાથી શું નથી બનતું ? એ જીવનને સર્વપ્રકારે સફળ કે સાર્થક કરે છે ને ધન્યતા ધરે છે. એમનો સંસર્ગ સર્વે રીતે સુખદ ઠરે છે.

દેવર્ષિ નારદે મહર્ષિ વ્યાસના અસંતોષ અને વિષાદનું નિદાન કરી બતાવ્યું. એ નિદાનનો મુખ્ય સૂર શું હતો તે જાણો છો ? માણસ ગમે તેટલું તપ કરે, બાહ્ય જ્ઞાન મેળવે કે તીર્થાટન કરે અને શાસ્ત્રો રચે તો પણ જ્યાં સુધી એના પ્રાણમાં પરમાત્માનો પવિત્રતમ પ્રેમ ના જાગે અથવા એનું સમસ્ત જીવન પરમાત્માની સાથે સંબંધ ના સાધે ત્યાં સુધી એને સનાતન શાંતિની પ્રાપ્તિ નથી થઇ શકતી. બૌદ્ધિક જ્ઞાન એક છે અને આત્મિક અનુભૂતિ વળી જુદી જ વસ્તુ છે. બૌદ્ધિક જ્ઞાન મનુષ્યના જીવનને કૃતાર્થ નથી કરી શક્તું. જીવનની કૃતાર્થતાને માટે એણે બુદ્ધિના સ્થૂળ પ્રદેશનું અતિક્રમણ કરીને આત્માના સૂક્ષ્મતમ પ્રદેશમાં પ્રવેશવું જ પડે છે. એ સંદર્ભમાં દેવર્ષિ નારદે મહર્ષિ વ્યાસને કહ્યું કે જે જ્ઞાન અથવા સાધનાથી પરમાત્માભિમુખ ના થવાય અને પરમાત્માની પ્રસન્નતાની પ્રાપ્તિ કરીને પરમાત્મામય ના બનાય તે જ્ઞાન અથવા સાધના અપૂર્ણ છે. એવું જ્ઞાન કેવળ અલંકારનું કામ કરી શકે પરંતુ એથી જીવન સંસિદ્ધ કે કૃતાર્થ ના બને. મનની સાર્થકતા ઇશ્વરના ધ્યાનમાં ને વાણીની ધન્યતા એમના ગુણસંકીર્તનમાં જ રહેલી છે. એજ શરીર સાર્થક છે જે ઇશ્વરની સેવાપૂજામાં ને સંસારની હિતસાધનામાં કામ લાગે છે. બીજાં શરીરો તો બોજારૂપ છે. તમે શાસ્ત્રો રચ્યાં છે પરંતુ બધે તમારી બુદ્ધિ બોલે છે. ક્યાંય તમારું હૃદય નથી બોલતું ને નથી ડોલતું. હૃદયમાં પરમાત્માનો પ્રેમ પ્રકટાવીને તમે એમના નિર્મળ યશનું વર્ણન કરો. ભક્તિ વિનાનું જ્ઞાન નીરસ છે. એ જ્ઞાન બંધનમુક્ત બનાવવાનું શ્રેયસ્કર સાધન નથી થતું. જીવનનું મૂળભૂત ધ્યેય ભક્તિ દ્વારા ભગવાનમાં આસક્તિ કરીને ભગવાનની પ્રાપ્તિ કરવાનું છે. એ ભક્તિને જગાવવા માટે તમે ભગવાનની વિવિધ રસભરપુર લીલાઓનું વર્ણન કરો. એ લીલાઓના વર્ણનથી તમારી અંતઃસ્થ અશાંતિનો અંત આવશે અને તમારા અસંતોષનું શમન થશે. બીજો કોઇ ઉપાય નથી. માનવજીવનનું પરમ પ્રાપ્તવ્ય પરમાત્માં જ છે. તપનું, યજ્ઞયાગનું, શાસ્ત્રોના અધ્યયનનું, શાસ્ત્રજન્ય વિવેકનું, તીર્થસેવનનું, દાનનું અને સંતસમાગમનું સાચું ફળ પરમાત્માની પ્રીતિ તથા પ્રાપ્તિ જ છે. જગતની ઉત્પત્તિ તથા સ્થિતિ એ પરમાત્માને લીધે જ થાય છે ને પરમાત્મામાં જ તે વિલય પામે છે. એ પરમાત્મા સૌના એકમાત્ર આશ્રય તેમ જ જીવનરૂપ છે. એમનું અનુસંધાન સાધ્યા સિવાય કોઇનોય અસંતોષ નથી મટતો. તમે પોતે એ પરમાત્માના અંશ છો અને અજન્મા હોવાં છતાં વિશ્વના કલ્યાણ માટે જ પ્રાદુર્ભાવ પામ્યા છો. પરમાત્માનું તમારી દ્વારા કરાયલું ગુણસંકીર્તન તમારે માટે તો આશીર્વાદરૂપ થશે જ પરંતુ બીજાને માટે અનંતકાળ સુધી શાંતિપ્રદાયક કે પ્રેરક બનશે.

મારા પોતાના જ જીવનના ગુહ્યાતિગુહ્ય રહસ્યની વાત કરું તો આજે મારામાં જે કાંઇ છે તે ઇશ્વરના અસાધારણ અનુગ્રહનું જ પરિણામ છે. મારી ઉપર એમની પરિપૂર્ણ કૃપા છે. એમની કૃપાને લીધે મને અકુંઠિત ગતિની પ્રાપ્તિ થઇ છે. હું ત્રિલોકમાં ઇચ્છાનુસાર વિચરી શકું છું. આ વીણા મને પ્રેમમૂર્તિ પરમાત્માના પરમ પ્રસાદરૂપે જ પ્રાપ્ત થઇ છે. તેની મદદથી નિત્યનિરંતર, સર્વસ્થળે ને સમયે, એમની લીલાનું સંકીર્તન કરીને મારા જીવનને કૃતાર્થ કરું છું. તીર્થોના તીર્થરૂપ, ભક્તોના પરમપ્રિય પરમાત્માનું ગુણસંકીર્તન કરું છું ત્યારે એ પરમકૃપાળુ પરમાત્મા મને શીઘ્રાતિશીઘ્ર પ્રેમથી પ્રેરાઇને દર્શન આપે છે. એ મારાથી એક નિમીષને માટે પણ દૂર નથી રહી શકતા. મારું મન એમના અખંડ અબાધિત અનુગ્રહથી આપોઆપ વિષાદરહિત અને શાંત થયું છે. તમારું અને બીજાનું મન પણ એવી રીતે સંપૂર્ણપણે શાંત થઇ શકશે. વિષયોમાં આસક્ત બનેલા ને કામક્રોધાદિ આવેગોને આધીન થયેલા વ્યગ્ર મનના મનુષ્યોને માટે ઇશ્વરનું સ્મરણ, મનન, ગુણસંકીર્તન અને શરણ મહામૂલ્યવાન રસાયનરૂપ છે. એનો આધાર લેનારને કદી પણ નિરાશ નથી થવું પડતું.

મહર્ષિ વ્યાસને માટે દેવર્ષિ નારદના એ શબ્દો અત્યંત સુખદ તથા પ્રેરક થઇ પડ્યા. એમને એથી કામચલાઉ શાંતિ મળી.

લૌકિક તથા પારલૌકિક લાલસાથી રહિત, સ્વનામધન્ય નારદજી એ પછી મહર્ષિ વ્યાસની પાસેથી વિદાય થયા.

એમની વિદાય પછી સરસ્વતી નદીના પરમપવિત્ર પ્રશાંત તટપ્રદેશ પરના, પશ્ચિમ વિભાગના, બોરડીઓનાં વિવિધ વૃક્ષોથી અને બીજી વનરાજીથી શોભતા, શમ્યાપ્રાસ નામના પોતાના એકાંત આશ્રમમાં વિરાજીને મહર્ષિ વ્યાસે પોતાના મનને સ્થિર કર્યું. ભક્તિયોગની મદદથી નિર્મળ અને નિશ્ચલ કરેલા મનમાં એમણે પરમાત્માના પ્રબળ પ્રભાવનું તથા માયાનું દર્શન કર્યું. એમને સુચારુરુપે સમજાયું કે પરમાત્માના પ્રેમભક્તિથી તથા એમના મહિમાના અપરોક્ષ રહસ્યજ્ઞાન દ્વારા જ સર્વ પ્રકારના અનર્થો અથવા ક્લેશોમાંથી મુક્તિ મળે છે.

એ પછી એમણે શ્રીમદ્ ભાગવતની રચના કરી. એ રચના પરમાત્માના પ્રેમથી પરિપ્લાવિત હોવાથી એમને પરમશાંતિ પ્રદાન કરનારી થઇ પડી. એની રચના પૂરી થઇ ત્યારે એમનું અંતર જીવનની ધન્યતાનું મહાગીત ગાઇ ઊઠ્યું. એમને પૂર્ણ જીવનમુક્તાવસ્થાની પ્રાપ્તિ થઇ.

એ રીતે વિચારતાં, શ્રીમદ્ ભાગવતની શકવર્તી રચનાનું શ્રેય જેમ મહર્ષિ વ્યાસને તેમ દેવર્ષિ નારદને પણ ઘટે છે. મહર્ષિ વ્યાસ એ બહુમૂલ્ય રચનાના રચયિતા છે તો દેવર્ષિ નારદ એના પ્રેરક. એ બંનેના સુભગ સમાગમના પરિણામે એ મહાગ્રંથના પરમપુણ્યપ્રદ તીર્થરાજનું નિર્માણ થયું છે.

મહર્ષિ વ્યાસે એ ભાગવતનો ઉપદેશ પોતાના સંતશિરોમણિ સ્વનામધન્ય સુપુત્ર શુકદેવને આપ્યો. પિતાનું પુત્રને એથી વિશેષ પુણ્યપ્રદાયક પવિત્ર પ્રદાન બીજું કયું હોય ? પુત્રને ધન, વૈભવ, ઐશ્વર્ય, પદ અથવા સત્તાનું પ્રદાન કરનારા પિતાઓ તો અનેક મળી આવે, પરંતુ શ્રેષ્ઠતમ સંસ્કારોનું પ્રદાન કરનારા પિતા તો વ્યાસ જેવા વિરલ જ હોય. શુકદેવ કોઇ સામાન્ય પુરુષવિશેષ ન હતા. એમનું વ્યક્તિત્વ પણ

વિશ્વમાં પ્રકટેલું એક વિરલ, અતિવિરલ વ્યક્તિત્વ હતું. એવાં વ્યક્તિત્વનો ઉદય જ્યારે ત્યારે ને જ્યાં ત્યાં નથી થતો. અવનીમંડળને માટે એમનું વ્યક્તિત્વ એક અનોખા આશ્ચર્યરૂપ છે.

શુકદેવજી પરમાત્મદર્શી, પરમાત્મનિષ્ઠ, નિઃસ્પૃહ અને આત્માનંદમાં મગ્ન હતા તો પણ એમણે ભાગવતના સદ્દુપદેશને શ્રવણ કર્યો અને એમાં સિદ્ધહસ્તતા પ્રાપ્ત કરી એથી કોઇએ આશ્ચર્યચકિત નથી થવાનું કે સંશયમાં નથી પડવાનું. આત્મામાં જ અસાધારણ આનંદને અનુભવનારા મુક્ત કે પૂર્ણ મહાપુરુષો પણ પરમાત્માની પવિત્રતમ પ્રેમભક્તિથી રહિત નથી હોતા. એ પણ એમની પ્રત્યે આકર્ષાઇને એમની ભક્તિ કરે છે અને એમનું ધ્યાન ધરે છે. પરમાત્માનો પ્રભાવ જ એવો મહાન છે. અપૂર્ણ કે બદ્ધ જીવો બદ્ધાવસ્થા કે અપૂર્ણતામાંથી છૂટવા કે પાર ઉતરવા એમનો આધાર લે છે ને પૂર્ણ કે મુક્ત, પ્રશાંત ને ધન્ય આત્માઓ પોતાના સહજ સ્વભાવથી પ્રેરાઇને એમની અનેકવિધ આરાધનાનો આધાર લે છે. એથી એમની મહાનતાને કશી આંચ નથી આવતી. માણસ ગમે તેટલો મહાન કે પૂર્ણ બને તોપણ જે ઇશ્વરનું અનુસંધાન સાધીને એ એક અથવા બીજી રીતે આગળ વધ્યો હોય છે તે ઇશ્વરના સંબંધનો પરિત્યાગ નથી કરી શકતો.

દેવર્ષિ નારદ અને મહર્ષિ વ્યાસના સુખદ સમાગમના સુપરિણામે પ્રાદુર્ભાવ પામેલું ભાગવત અવનીને માટે આશીર્વાદરૂપ થઇ શક્યું. એના આશ્રયથી મહર્ષિ વ્યાસ પરમાત્મા પ્રત્યે પ્રેમ પ્રકટાવીને પરમાત્મામય બનીને પ્રશાંતિ પામી શક્યા. એમના સુખદ સમાગમની એ કથા આજે પણ એટલી જ પ્રેરક છે. આજના ને સર્વકાળના મનુષ્યોને માટે એમાં સંદેશ સમાયલો છે. આજે ભૌતિક સંપત્તિ વધતી જાય છે અને વૈજ્ઞાનિક અન્વેષણો પણ વૃદ્ધિગત થાય છે. જ્ઞાનવિજ્ઞાનની નવીનવી ક્ષિતિજો ખુલતી જાય છે અને ભોગોપભોગના અવનવાં સાધનોની શોધ સહજ બની છે. તોપણ માનવનું મન અસંતુષ્ટ છે. એમાં શાંતિ, સંવાદિતા ને સાર્થકતાના સુરીલા સ્વર નથી છૂટતા એનું કારણ ? ભાગવતની આ સુંદર સારગર્ભિત કથા કહે છે કે એનું મૂળભૂત કારણ ભૌતિક નથી પરંતુ આધ્યાત્મિક છે. માણસે જો જીવનને વિષાદરહિત, શાશ્વત શાંતિથી સંપન્ન કે કૃતાર્થ કરવું હોય તો પરમાત્મા સાથે સંબંધ બાંધ્યા સિવાય ને પરમાત્માની વધારે ને વધારે પાસે પહોંચીને પરમાત્મામય થયા સિવાય છૂટકો જ નથી. એને માટે એણે પરમાત્માની પ્રેમભક્તિનો આશ્રય લેવો જોઇએ. માણસ જેટલા પ્રમાણમાં વિષયાભિમુખ અને ઇશ્વરવિમુખ બને છે તેટલા પ્રમાણમાં અસંતુષ્ટ, અસ્વસ્થ અથવા અશાંત થાય છે. ભાગવતના એ સનાતન સંદેશને ખાસ યાદ રાખીને જીવનને વધારે ને વધારે ઇશ્વરાભિમુખ કરવાનો પ્રયાસ કરવાનો છે. એવો પ્રયાસ સર્વ પ્રકારે કલ્યાણકારક અને શાંતિદાયક થઇ પડશે. એ સંદેશને જેમ ભાગવતનો સનાતન સંદેશ કહી શકાય તેમ વેદ, ઉપનિષદ અને શ્રીમદ્દભાગવત ગીતાદિ ગ્રંથોનો તેમ જ સમસ્ત ભારતીય સંસ્કૃતિ અથવા સાધનાનો સનાતન સંદેશ કહીને ઓળખાવી શકાય.

☼ ☼ ☼ ☼ ☼

## [૪] નારદજીના પૂર્વજન્મનો વૃત્તાંત

ભાગવતના પ્રથમ સ્કંધના પાંચમાં તથા છઠ્ઠા અધ્યાયમાં દેવર્ષિ નારદના પૂર્વજન્મનો વૃત્તાંત આપવામાં આવ્યો છે. એ વૃત્તાંત ખૂબ જ પ્રેરક અને રોચક છે. એની વિશિષ્ટતા એ છે કે એનું વિવરણ દેવર્ષિ નારદે પોતે પોતાના શ્રીમુખે જ કરેલું છે. એથી એ વાસ્તવિક બની શક્યું છે અને એમાં અતિશયોક્તિનો અંશ પણ નથી દેખાતો. દેવર્ષિ નારદ શરુઆતમાં એક સામાન્ય પુરુષ હોવાં છતાં સંતોના સદ્‌ઉપદેશ તથા ઇશ્વરના અસીમ અનુગ્રહથી ઉત્તરોત્તર વિકાસ કરતાં જીવનની પરમ સાર્થકતાની ને સંસિદ્ધિની ઉચ્ચોચ્ચ ઉત્સવમય અલૌકિક અવસ્થા પર કેવી રીતે પહોંચી શક્યા એનો સંક્ષિપ્ત ઇતિહાસ એમાં સમાઇ જાય છે. એ સમગ્ર ઇતિહાસ આધ્યાત્મિક વિકાસપથના પ્રવાસીઓને માટે આશીર્વાદરૂપ હોવાથી એનું વિહંગાવલોકન કરી લઇએ.

એ ઇતિહાસ સૌથી પહેલાં તો આપણને એવો પ્રેરક શાશ્વત સંદેશ આપે છે કે આપણું વર્તમાન જીવન તો જીવનની પરંપરાગત અનંત શૃંખલાનો એક અગત્યનો તબક્કો જ છે. આપણે ન જાણે કેટલા બધા વખતથી જીવનની યાત્રા કરી રહ્યા છીએ, એ યાત્રા દરમિયાન નવા નવા રૂપરંગોને ધારણ કરીએ છીએ, અનોખા અભિનયો કરીએ છીએ, અને ન જાણે હજુ કેટલા વખત સુધી જીવનની આ મહાયાત્રા કરતા રહીશું ! વર્તમાન જીવન જ માત્ર જીવન નથી. આ જીવન ખૂબ જ મૂલ્યવાન છે પરંતુ વિરાટ જીવનનો એક નાનો સરખો ભાગ છે. એનો અર્થ એ કે ભાગવત પૂર્વજન્મમાં ને પૂનર્જન્મમાં માને છે. દેવર્ષિ નારદના પૂર્વજન્મની કથા જેવી બીજી કેટલીક કથાઓની મદદથી ભાગવત એ માન્યતાને વ્યક્ત કરે છે ને પુષ્ટિ આપે છે.

એ અદ્દભુત ઇતિહાસ એક બીજો શાશ્વત સંદેશ એ આપે છે કે મહાનતાનો, આત્મિક અભ્યુત્થાનનો, મુક્તિનો ને પૂર્ણતાનો પાવન પંથ સૌ કોઇને માટે ઉઘાડો છે. એ પંથે કોઇ પણ પ્રવાસી થઇને પ્રસ્થાન કરી શકે છે ને પ્રવાસની પૂર્ણાહુતિ દ્વારા કૃતાર્થ બને છે. પરમાત્માની પરમ કૃપાપ્રસાદીને પામવામાં જન્મ, જાતિ, કુળ, વાતાવરણ, કશું જ વચ્ચે નથી આવતું. વચ્ચે કેવળ મન આવે છે, અને એ મનને સુધારવું કે બગાડવું, ઉદાત્ત અથવા અનુદાત્ત કરવું, મિત્ર કે શત્રુ બનાવવું સૌ કોઇના હાથમાં છે. માણસ જો ધારે ને તદ્દનુસાર કોશિશ કરે તો પોતાના જીવનને સુંદર, મધુમય, મંગલ ને જ્યોતિર્મય બનાવી શકે છે.

નારદજીના એ સુંદર જીવનવૃત્તાંતનો ત્રીજો સારગર્ભિત સંદેશ એ છે કે સંતપુરુષોનો સંસર્ગ સદાયે શ્રેયસ્કર હોય છે. એનો આશ્રય જો સમજપૂર્વક લેવામાં આવે તો જીવનના પરિવર્તન કે પરિશોધનમાં, પરમાત્માની પવિત્રતમ પ્રેમભક્તિના પ્રાક્ટયમાં ને પરમાત્માના સર્વમંગલ સુખદ સાક્ષાત્કારમાં ઉપયોગી ફાળો પ્રદાન કરે છે. સંતપુરુષોનો સંસર્ગ અને અનુગ્રહ શું નથી કરતો, નથી કરી શકતો, એજ સવાલ છે. એમાં સર્વે પ્રકારની શક્યતાઓ સમાયલી છે. એ માનવને નરમાંથી નારાયણ બનાવે છે.

એ અસાધારણ ઇતિહાસનો ચોથો મહામૂલ્યવાન સંદેશ પણ સમજવા જેવો છે. સ્વનામધન્ય, પ્રાતઃસ્મરણીય, પરમાત્મદર્શી મહાપુરુષો મુક્ત કે પૂર્ણ અવસ્થાની પ્રાપ્તિ પછી પણ લોકાનુકંપાની પવિત્ર ભાવનાથી પ્રેરાઇને સંસારમાં શ્વાસ લે છે અને સંસારના ઉત્કર્ષનાં કે કલ્યાણનાં કર્મો કરે છે. ભગવાન શંકરાચાર્યના સુંદર શબ્દોમાં કહીએ તો वसंतवल्लोकहितं चरन्तः અને अहेतुनान्यानपि तारयंतः એટલે કે

વિશ્વમાં વસંતઋતુની પેઠે વિહરતા ને નવલ પ્રેરણા, શક્તિ, સ્ફુર્તિ ને જીવનનો સંચાર કરતા તથા બીજાનું કોઇ પણ પ્રકારની લૌકિક કે પારલૌકિક લાલસા કે સ્વાર્થવૃત્તિ વિના પરિત્રાણ કરતા એ જીવતા હોય છે. માનવના મનને મધુમય તથા મંગલ કરીને એના આત્માને ઉપર ઉઠાવવાનો એમનો પુરુષાર્થ એમને માટે સહેજ પણ બંધનકારક બનવાને બદલે બીજા કેટલાયને બંધનમુક્ત બનાવતો અનવરત રીતે સહેજપણે ચાલુ રહે છે. એ સંબંધમાં આપણે ત્યાં કેટલાક લોકોમાં એવા કૃતકૃત્યાવસ્થાએ પહોંચેલા મહાપુરુષો બીજાના હિતના કાર્યો નથી કરતા અને એવા કાર્યોને માયા માનીને નફરતની નજરે નિહાળે છે એવી જે ભ્રાંતિ પ્રવર્તે છે તે નિરાધાર અથવા અજ્ઞાનમૂલક અને ત્યાજ્ય છે. ભાગવતમાં આલેખાયેલો દેવર્ષિ નારદના પૂનર્જન્મનો પ્રાણવાન ઇતિહાસ એમાં સુયોગ્ય રીતે જ સૂર નથી પૂરાવતો.

નારદજી તો આત્મિક દૃષ્ટિએ ધન્ય, મુક્ત કે પરિપૂર્ણ અવસ્થાની પ્રાપ્તિ કર્યા પછી મહીમંડળના મંગલને માટે શ્વાસ લે છે ને વિહરે છે. એમના આરાધ્ય, પરમ ઉપાસ્ય કે પ્રિયતમ ભગવાન કૃષ્ણની પેઠે એ પણ લોકસંગ્રહની ભાવનાને તિલાંજલિ નથી આપતા. માટે તો એ મહર્ષિ વ્યાસ પાસે પહોંચી ગયા અને એમના પથપ્રદર્શક બન્યા. એવાં પથપ્રદર્શન એમણે કેટલાં બધાં કર્યાં એનો કડીબદ્ધ ઇતિહાસ કોણ આલેખી શકે ? એને આલેખવાની એટલી આવશ્યકતાય નથી. મહત્વની નોંધપાત્ર હકીકત તો એ છે કે એ લોકકલ્યાણમાં માને છે ને લોકકલ્યાણ કરે છે. ભાગવતમાં એટલા માટે જ એમની પ્રશસ્તિનો જે સુંદર શ્લોક લખવામાં આવ્યો છે એ સાર્થક છે એ શ્લોક કહે છે કે દેવર્ષિ નારદ ખરેખર ધન્ય છે. એમનું જીવન એક અસાધારણ આશ્ચર્ય છે. વીણાના સુમધુર સ્વરોની સાથે ભગવાનના યશનું જયગાન કરતા એ સદા મસ્ત રહે છે અને સ્વયં પ્રશાંતિની પાવન સરિતામાં સ્નાન કરતા રહીને ત્રિતાપતપ્ત સંસારને શાંતિ અર્પે છે. આ રહ્યો એ સરસ શ્લોક :

अहो देवर्षिर्धन्योऽयं सत्कीर्ति शाङ्र्गधन्वनः ।
गायन्माद्यान्निदं तन्त्र्या रमझत्यातुरं जगत् ॥
(પ્રથમ સ્કંધ, અધ્યાય, ૬ શ્લોક ૩૯)

હવે દેવર્ષિ નારદના પૂર્વજન્મના ઇતિહાસનું વિહંગાવલોકન કરી જઇએ. એ ઇતિહાસ દેવર્ષિ નારદે પોતે જ કહેલો હોવાથી વિશેષ પ્રભાવોત્પાદક અને પ્રમાણભૂત છે. એ ઇતિહાસનું વર્ણન એમણે મહર્ષિ વ્યાસના બદરીકાશ્રમ સ્થિત એકાંત આશ્રમમાં મહર્ષિ વ્યાસની સમક્ષ કરી બતાવ્યું છે.

એ વર્ણનાનુસાર નારદજી પોતાના પૂર્વજન્મમાં વેદવાદી બ્રાહ્મણોની દાસીના પુત્ર હતા. એકવાર મુનિઓ એમના પરંપરાગત નિયમ પ્રમાણે એમના સુંદર સ્થાનમાં ચાતુર્માસ કરી રહેલા. નારદજીને શૈશવાવસ્થામાંથી જ એમની સંગતિમાં રહેવાનું સૌભાગ્ય સાંપડેલું. શૈશવાસ્થામાંથી જ નારદજીનું મન ચંચળતાથી રહિત, સંસ્કારસંપન્ન તથા શાંત હતું. એમાં વળી એમને આત્મજ્ઞાની સત્પુરુષોનો સંસર્ગ સાંપડ્યો એટલે એમને માટે એ સંસર્ગે સોનામાં સુગંધનું કામ કર્યું.

શૈશવાવસ્થામાં પડેલા સંસ્કારો સુદૃઢ બની જાય છે. પેલા પ્રાતઃસ્મરણીય સંતપુરુષોની સેવા તથા સંનિધિના સુપરિણામરૂપે નારદજીનું હૃદય નિર્મળતા ધારણ કરતું ગયું. એમને ઇશ્વરના સ્મરણમનન અને આરાધનમાં અભિરુચિ પેદા થઇ.

એ અસાધારણ અવસ્થાએ આરૂઢ થયેલા સત્પુરુષો ભગવાનના ગુણાનુવાદ કરતા ને શાસ્ત્રોની સુમધુર કથાઓ સંભળાવતા. નારદજી એમનું અતિશય અનુરાગપૂર્વક એકાગ્રચિત્તે શ્રવણ કરતા ને પ્રેરણા મેળવતા. એવા અનવરત અભ્યાસથી પરમાત્માને માટેનો પ્રેમ વધતો કે પ્રબળ બનતો ગયો.

સત્સંગનો સાચો લાભ સત્ય પદાર્થમાં પ્રીતિ થાય અને અસત્યમાંથી મન ઉપરામ બને એજ છે. એ ઉભય વસ્તુઓની વચ્ચે પારસ્પરિક સંબંધ રહેલો છે. એ બંનેમાંથી એકે વસ્તુની સિદ્ધિ ના થાય તો સત્સંગ સફળ કે સાર્થક ના કહેવાય પરંતુ અધુરો મનાય. સત્સંગની અભિરુચિ અને આદતવાળા માણસોએ આ વાતને ખાસ યાદ રાખવી જોઇએ. એ વાતનું વિસ્મરણ થાય તો સત્સંગ શોખ બની જાય, રુઢિ કે પરંપરા થાય, દિલ બહેલાવવાના ને વખત વીતાવવાના સાધન તરીકે વપરાય, પરંતુ જીવનવિકાસની સુંદર સાધનાનું સ્વરૂપ ધારણ ના કરી શકે. એવો સત્સંગ જીવનને જ્યોતિર્મય ના કરે તથા જરૂરી પ્રેરણાથી ના ભરે.

પરંતુ નારદજીની વાત જુદી હતી. એમનું જીવન આરંભથી જ વિલક્ષણ હોવાથી સત્પુરુષોનો સમાગમ એમને માટે અમોઘ આશીર્વાદરૂપ થઇ પડ્યો. એમને સંસારની પરિવર્તનશીલતાનું જ્ઞાન થયું. એ જ્ઞાન ક્રમે ક્રમે વધતું ગયું, અને પરમાત્માની એમની રુચિ વધતી ગઇ.

વર્ષા તથા શરદ ઋતુઓનો સુભગ સમય એવી રીતે જ પસાર થઇ ગયો.

નારદજીના હૃદયની નિર્મળતા તથા શ્રદ્ધાભક્તિ અસાધારણ હતી. એમણે તન, મન અને ઇન્દ્રિયોનો સુખદ સંયમ પણ સાધેલો. એમની ભૂમિકા એવી રીતે વિચારતાં મોટે ભાગે તૈયાર હતી. એટલે સંતપુરુષોને એમના પ્રત્યે સવિશેષ પ્રેમ પ્રકટે અને એમને એમના અલૌકિક અનુગ્રહથી અલંકૃત કરવા એ સૌ તૈયાર થાય એ સ્વાભાવિક હતું. એ અનુગ્રહભાવથી પ્રેરાઇને એમના ચાતુર્માસની પરિસમાપ્તિ પછીના સ્થળાંતરનો સમય સમીપ આવ્યો ત્યારે એ સંતપુરુષોએ એમના પર પ્રસન્ન થઇને એમને પરમાત્માના પરમ કલ્યાણકારક ગૂઢાતિગૂઢ જ્ઞાનનો ઉપદેશ આપ્યો.

એ ઉપદેશ નારદજીને સારુ શ્રેયસ્કર થઇ પડ્યો.

પરમકલ્યાણકારક એ સદ્દુપદેશને પ્રાપ્ત કરીને નારદજીની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

એ વીતરાગ મહાત્માપુરુષોના પ્રયાણ પછી નારદજી એમણે અર્પેલા આત્મજ્ઞાનનું ચિંતન તથા મનન કરતા પોતાની માતાની સાથે એ જ શાંત સ્થળમાં રહેવા લાગ્યા.

માતાને એમની ઉપર સ્વાભાવિક રીતે જ ઘણી મમતા હતી. એ એમની સ્નેહપૂર્વક સંભાળ રાખતી. એ વખતે નારદજીની અવસ્થા કેવળ પાંચ વરસની હતી. એક દિવસ રાતના સમયે એમની માતા ઘરની બહાર ગાયને દોહવા માટે નીકળી ત્યારે એનો પગ એકાએક સાપ પર પડવાથી, સાપના કરડવાથી એનું મરણ થયું.

એ આખીયે ઘટના અતિશય કરુણ કે દુઃખદ હોવાં છતાં નારદજીએ જ્ઞાનીજનોના જ્ઞાનનો આધાર લઇને મનને સ્વસ્થ રાખ્યું. જ્ઞાનની કસોટી જેટલી અનુકૂળતામાં નથી થતી તેટલી પ્રતિકૂળતામાં થાય છે. પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ જે જ્ઞાન મનને સદ્દબુદ્ધિથી સંપન્ન, સ્વસ્થ ને શાંત રાખવામાં મદદ કરે તે જ સાચું

જ્ઞાન છે. એવું જ્ઞાન ઉપયોગી અથવા આશીર્વાદરૂપ છે. એ જ્ઞાનની મદદથી પ્રત્યેક સ્થળે અને પ્રત્યેક પરિસ્થિતિમાં જીવનના મંગલનો અનુભવ સ્વાભાવિક બની જાય છે.

નારદજીએ પણ જીવનની એ આકસ્મિક ઘટનામાં ઇશ્વરની મંગલમયતાનું દર્શન કર્યું. એથી એમને દુઃખ ના થયું. એમના જીવનમાં સ્નેહનું કે સ્નેહજન્ય મમત્વનું કોઇ બાહ્ય બંધન ના રહ્યું. માતાના એ એકમાત્ર પુત્ર હોવાતી માતાના સ્વર્ગવાસ પછી એમના સાંસારિક સંબંધનો અંત આવ્યો અને એ વેદપાઠી બ્રાહ્મણોના સ્થાનનો પરિત્યાગ કરીને પરમાત્માદર્શી ઋષિઓના સદ્દુપદેશનું સ્મરણ કરતાં કરતાં ઉત્તર દિશા તરફ ચાલી નીકળ્યા.

ઉત્તર દિશામાં નયનાભિરામ નૈસર્ગિક દૃશ્યોનું નિરીક્ષણ કરતા એ આગળ વધ્યા.

એવી રીતે એકલા જ આગળ વધતાં વધતાં આખરે એમણે એક ઘોર વનપ્રદેશમાં પ્રવેશ ક્રયો. એ વનપ્રદેશ વિભિન્ન પ્રકારનાં વૃક્ષો અને હિંસક જીવોથી વીંટળાયલો અને ભયંકર દેખાતો. એકધારા દીર્ઘકાળ પર્યંતના કષ્ટપ્રદ પ્રવાસને પરિણામે નારદજીને ખૂબ થાક લાગ્યો અને એમનો પ્રાણ ક્ષુધા તથા તૃષાથી વ્યાકુળ બની ગયો.

એ વનપ્રદેશમાં એમની દૃષ્ટિ એક સુંદર સરિતા પર પડી. એના સ્વચ્છ સલિલમાં સ્નાનાદિ કરવાથી એમનો થાક દૂર થયો. એમને નવજીવનની પ્રાપ્તિ થઇ.

સરિતાતટવર્તી શાંત પ્રદેશમાં પીપળાના એક સુંદર વૃક્ષની નીચે એ વિધિપૂર્વક આસન વાળીને બેસી ગયા, અને પ્રાતઃસ્મરણીય ઋષિવરોના પથપ્રદર્શન પ્રમાણે પરમાત્માના સ્વરૂપનું ધ્યાન કરવા લાગ્યા. ધ્યાનના એ અદ્દભુત અનુભવનું વર્ણન કરતાં નારદજી કહે છે તે ધ્યાનપૂર્વક સાંભળવા જેવું છે. એ કહે છે :

'મારું હૃદય પ્રથમથી જ પરમાત્માના પવિત્રતમ પ્રેમરંગથી રંગાયલું હોવાથી ધ્યાનમાં એકાગ્રતાની અનુભૂતિ મારે માટે સહજ થઇ પડી. ભગવાનના ચારુ ચરણકમળનું ધ્યાન કરતાં જ ભગવત્ પ્રાપ્તિની ઉત્કટ કામનાથી મારી આંખમાં અશ્રુ આવી ગયા અને મારા હૃદયપ્રદેશમાં ધીરે ધીરે ભગવાનના સુધાસભર સુખદ સ્વરૂપનું પ્રાકટ્ય થયું. વ્યાસજી ! એ સમયે પેદા થયેલા પ્રખર પ્રેમોદ્રેકને પરિણામે મારું રોમરોમ પુલકિત અથવા રાગમય બન્યું. હૃદય ખૂબ જ શીતળ ને શાંત બની ગયું. એ આનંદાતિરેકમાં હું એવો તો ડૂબી ગયો કે મને મારું કે ભગવાનનું કશું ભાન જ ના રહ્યું. એ પછી ભગવાન અદૃશ્ય થઇ ગયા.'

'ભગવાનનું એ સ્વરૂપ અનિવર્ચનીય, સમસ્ત શોકનો નાશ કરનારું અને મનને ખૂબ જ પ્રિય લાગનારું હતું. એ સ્વરૂપ એવી રીતે એકાએક દેખાતું બંધ થવાથી મારું મન વ્યાકુળ બની ગયું અને હું અન્યમનસ્ક બનીને આસનનો પરિત્યાગ કરીને ઊભો થઇ ગયો.'

ધ્યાનાવસ્થાની એવી એકાગ્રતાની અનુભૂતિ અત્યંત અસાધારણ હોય છે ને કોઇક સુસંસ્કારસંપન્ન વિરલ સાધકવિશેષને જ સાંપડી શકે છે. એમાંય વળી એવી અસાધારણ એકાગ્રતા દરમિયાન ભગવાનના સુંદર સ્વરૂપની સ્વાનુભૂતિ પરમ સુખદ હોવાં છતાં સ્વલ્પ સમય પછી એકાએક બંધ પડે એ આનંદજનક અથવા આવકારદાયક તો ના જ લાગે.

નારદજીની અવસ્થા પણ એવી જ થઇ ગઇ. એનું વર્ણન એમના પોતાના જ શબ્દોમાં સાંભળીએ :

'મનને એકાગ્ર કરીને એ સ્વરૂપના દર્શનનો પ્રયાસ વારંવાર કરવા છતાં મને એવી રીતે અતિશય આતુરતાપૂર્વક પ્રયત્નો કરતો જોઇને ભગવાને મધુર અને ગંભીર વાણીથી મારા શોકને શાંત કરતા હોય તેમ કહ્યું કે મને કહેતાં ખેદ થાય છે કે આ જન્મ દરમિયાન તમે મારું દર્શન નહિ કરી શકો. જેમની વાસનાઓ સુંપૂર્ણપણે શાંત નથી થઇ અને જેમનું હૃદય વિશુદ્ધ નથી એવા યોગીઓને મારું ધન્ય દર્શન નથી થઇ શકતું. તમે નિષ્પાપ હોવાથી તમને મેં એકવાર મારા દર્શનનો લાભ આપ્યો છે. એથી મને પ્રાપ્ત કરવાની ઇચ્છા પ્રબળ બનશે. સાધકના દિલમાં મને મેળવવાની ઇચ્છા જાગી જાય છે ત્યારે એ બીજા બધા જ વિષયોની તૃષ્ણાને તિલાંજલિ આપે છે. તમે થોડાક સમયને માટે જ સત્પુરુષોની સેવા કરી છે તો પણ એના પ્રભાવથી મને મેળવવાનો સંકલ્પ સુદૃઢ બન્યો છે.'

'હવે તમારા આ સ્થૂળ શરીરને છોડીને તમે મારા સ્વજન અથવા મારા દૈવી પાર્ષદ બનશો. મને પ્રાપ્ત કરવાનો તમારો નિશ્ચય કદી કોઇ પણ સંજોગોમાં નહિ તૂટે. સમસ્ત સૃષ્ટિનો પ્રલય થશે તો પણ તમારા આ જીવનની સ્મૃતિ મારા અનુગ્રહને લીધે ચાલુ રહેશે. એ સ્મૃતિનો લોપ નહિ થાય.'

'એટલું કહીને ભગવાનની એ અલૌકિક આકાશવાણી બંધ થઇ ગઇ. ત્યારથી હું સર્વ પ્રકારનો સંકોચ છોડીને ભગવાનનાં મંગલમય મધુર નામોનું સંકીર્તન કરતાં પૃથ્વી પર ફરવા લાગ્યો.'

'એવી રીતે ભગવાનની અહેતુકી અનંત કૃપાથી મારું હૃદય સર્વથા શુદ્ધ અને આસક્તિરહિત બની ગયું તથા હું ભગવાન શ્રીકૃષ્ણપરાયણ થઇ ગયો. થોડાક વખત પછી પંચમહાભુતાત્મક શરીરનો પરિત્યાગ કરીને મેં પાર્ષદના દૈવી દેહની પ્રાપ્તિ કરી. કલ્પ ના અંતે મેં બ્રહ્માજીના શ્વાસની સાથે એમના હૃદયમાં પ્રવેશ કર્યો. એક હજાર ચતુર્યુગ વીત્યા પછી મરીચિ જેવા મહર્ષિઓની સાથે હું પ્રકટ થયો.'

'ત્યારથી મને અકુંઠિત ગતિની પ્રાપ્તિ થઇ છે. હું સમસ્ત બ્રહ્માંડમાં કે ત્રિભુવનમાં સ્વેચ્છાનુસાર સ્વતંત્ર રીતે ગતિ કરી શકું છું. મારું ભગવદ્દભજન અખંડ રીતે ચાલ્યા કરે છે. મારી આ વીણા સ્વયં ભગવાને આપેલી છે. એ નાદબ્રહ્મથી સુશોભિત છે. એની ઉપર ભગવાનનું સુમધુર સંકીર્તન કરતાં સૃષ્ટિમાં સર્વત્ર વિચર્યા કરું છું ત્યારે જેમનાં ચરણ સમસ્ત તીર્થોના ઉદ્દગમસ્થાન તથા મને પરમ પ્રિય છે તે ભગવાન મારા હૃદયપ્રદેશમાં પ્રકટીને દર્શન આપે છે. વિષયભોગોની અશાંતિયુક્ત ક્લેશકારક કામનાથી આતુર થયેલા મનવાળા માનવોને માટે ભગવન્નનામનું સંકીર્તન સંસારસાગરથી પાર ઉતારનાર અદ્દભુત જહાજરૂપ છે એવો મારો અનુભવ છે. કામના, વાસના તથા લોભથી વારંવાર વીંધાતું હૃદય યમનિયમાદિ અષ્ટાંગયોગથી જે શાંતિની પ્રાપ્તિ નથી કરી શકતું તે શાંતિ ભગવાન કૃષ્ણની લીલાઓના શ્રવણ-સંકીર્તનથી સહેલાઇથી સાંપડી શકે છે. '

દેવર્ષિ નારદના પૂર્વજન્મનો એ અસાધારણ ઇતિહાસ સાધકોને માટે પ્રેરક છે. એમાંથી એક અગત્યની વસ્તુ એ જાણવા મળે છે ને પ્રેરક પણ ઠરે છે કે આધ્યાત્મિક વિકાસના પવિત્ર પૂર્ણતાપથ પર ભરેલું એક પણ પગલું નકામું નથી. એ અવશ્ય ફળે છે. અને પૂર્ણતા પહેલાં શરીર છૂટી જાય તો પણ શું ? સાધકનો પુરુષાર્થ નિરર્થક નથી જતો.

બીજી અગત્યની વાત એ છે કે સાધકે પોતાનું અનવરત આત્મનિરીક્ષણ કરતા રહીને ઉત્તરોત્તર અધિક ને અધિક વિકાસ કરવા તૈયાર રહેવું જોઇએ. માનવશરીરની ઇશ્વરદત્ત સરસ વીણા છે એની ઉપર ઇશ્વરના સંકીર્તનરૂપી સત્કર્મસ્વરોને જગાવવા જોઇએ. જગતમાં કામના તથા તૃષ્ણારહિત થઇને અનાસક્તિપૂર્વક જીવવું જોઇએ.

નારદજીના જન્માંતરનો એ ઇતિહાસ એક બીજી મહત્વની વસ્તુ પ્રત્યે અંગુલિનિર્દેશ કરે છે કે ઇશ્વરના એકાદ વારના એ દિવ્ય દર્શન કે સાક્ષાત્કારથી સાધકની સાધના સંપૂર્ણ નથી બનતી. એકાદ વારના એ દિવ્ય દર્શન કે સાક્ષાત્કારથી આગળ વધીને સમસ્ત જીવનને ઇશ્વરમય કરવાની આવશ્યકતા છે. ઇશ્વરનો અનુભવ પ્રત્યેક પળે ને પ્રસંગે સહજ બનવો જોઇએ. સમગ્ર વ્યક્તિત્વમાં ઇશ્વરનું વીણાવાદન  થવું જોઇએ.

ભારતીય સાધના કેવળ ઇશ્વરસાક્ષાત્કારમાં માનીને ત્યાં જ નથી અટકી જતી પરંતુ સાધકને ઇશ્વરમય અને સ્વયં ઇશ્વર બનાવે છે એની પ્રતીતિ એના પરથી થઇ રહે છે. એ પ્રતીતિ પ્રેરક અને આનંદજનક છે. એથી ભારતીય સાધનાની વિશાળતા અને ઉદાત્તતાનો પરિચય થાય છે.

☼ ☼ ☼ ☼ ☼



## [૫] ઉત્તરાના ઉદરમાં પરીક્ષિતની રક્ષા

ભાગવતમાં પ્રાચીન ભારતના રાજકુળોનો, રાજ્યોનો, સમાજજીવનનો, ભૌગોલિક પરિસ્થિતિનો, પર્વતો, નદીઓ અને નગરોનો તથા નાના મોટા સંતો અને ભક્તોનો છૂટોછવાયો ઇતિહાસ આલેખાયલો છે. એ ઇતિહાસ તત્કાલીન પરિસ્થિતિને તેમજ સભ્યતાને સમજવામાં સહાયતા પહોંચાડે છે. ભાગવત સિવાયનાં ઇતર પુરાણોના સંબંધમાં પણ એવું જ સમજવાનું છે. જે પંડિતો કે વિદ્વાનો પુરાણગ્રંથોનો વિરોધ કરે છે તે એ અગત્યની હકીકતને ભૂલી જાય છે. પુરાણગ્રંથોને પ્રાચીન ભારતીય સાહિત્યભંડારમાંથી બાદ કરવાથી દેશ પોતાના જ રહ્યાસહ્યા પૌરાણિક ઇતિહાસથી વંચિત રહી જાય તેમ છે. ભારતવર્ષનો પૌરાણિક ઇતિહાસ થોડાઘણો વેદોમાં, ઉપનિષદોમાં ને મોટા ભાગનો ઇતિહાસ રામાયણ મહાભારતાદિ વિવિધ પુરાણગ્રંથોમાં સંગ્રહાયલો છે. એના પરથી સમજાશે કે પુરાણગ્રંથો કેટલા બધા કીમતી અને ઉપયોગી છે. એટલા માટે પણ એમના અનાદરનો વિચાર આપણે ના કરી શકીએ, કોઇયે તટસ્થ વિચારશીલ વિદ્વાન ના કરી શકે.

ભારતમાં પ્રાચીન કાળમાં ઇતિહાસનું આલેખન એવી રીતે જ થયા કરતું. ઇતિહાસને કેવળ ઇતિહાસને માટે નહિ, પરંતુ ધર્મના એક અવિભાજ્ય અંગ તરીકે આલેખવામાં આવતો. એટલે એનું સ્વરૂપ પણ સર્વથા અલગ હતું. આજના ઇતિહાસનું સ્વરૂપ આજના સમયને અનુસરતું અને જુદું છે.

ભાગવતના પ્રમુખ વક્તા સંતશિરોમણિ સ્વનામધન્ય શુકદેવજીની છત્રછાયામાં બેસીને એમના શ્રીમુખથી ભાગવતનો શ્રેયસ્કર સદ્દપદેશ સાંભળીને જીવનના અંતકાળને કૃતાર્થ કરનાર પરીક્ષિતનો પ્રાદુર્ભાવ કેવી અનોખી રીતે થયો તે ખાસ જાણવા જેવું છે. ભગવાન કૃષ્ણે ઉત્તરાના ઉદરમાં એમની રક્ષા ના કરી હોત તો સૃષ્ટિમાં શ્વાસ લેવાનું સૌભાગ્ય એમને કદાચ ના સાંપડ્યું હોત. એમનું આ પાર્થિવ પૃથ્વી પરનું પ્રાક્ટય ભગવાન કૃષ્ણને આભારી હતું. પોતાની માતાના ઉદરમાં હતા ત્યારથી જ એમને ભગવાન કૃષ્ણની વિશિષ્ટ કૃપાની પ્રાપ્તિ  થયેલી. એ કેવી રીતે તે હવે જોઇએ. પ્રથમ સ્કંધના આઠમા અધ્યાયમાં એનું સવિસ્તર સુંદર વર્ણન કરવામાં આવ્યું છે.

મહાભારતના મહાભીષણ મહાયુદ્ધની પરિસમાપ્તિ થઇ ગઇ, ભગવાન કૃષ્ણની કૃપાથી પાંડવોને રાજ્યશ્રીની પ્રાપ્તિ થઇ, યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક થયો ને દ્રૌપદીની પ્રતિજ્ઞાનો સફળતાપૂર્વક અંત આવ્યો. એ પછી યુધિષ્ઠિર પાસે ત્રણ અશ્વમેધ યજ્ઞોનું અનુષ્ઠાન કરાવીને શ્રીકૃષ્ણે એમની પ્રતિષ્ઠાને દિગદિગંતમાં પ્રસારીને ત્યાંથી વિદાય થવાનો વિચાર કર્યો.

સૌએ એમનો અત્યંત સ્નેહસમેત સત્કાર કર્યો એટલે ઉદ્ધવ તથા સાત્યકિની સાથે દ્વારકા જવા માટે એ સુંદર રીતે શણગારેલા રથમાં વિરાજમાન થયા એ જ વખતે, હજુ તો રથ આગળ વધવાની તૈયારી કરી રહેલો ત્યારે, અર્જુનના સ્વર્ગવાસી વીરગતિપ્રાપ્ત પુત્ર અભિમન્યુની પત્ની ઉત્તરા ભયભીત બનીને દોડી આવી અને બોલી :

‘તમે તો મહાયોગી છો. અરે ! દેવોના પણ આરાધ્ય છો. તમે સમસ્ત સૃષ્ટિની સુરક્ષા કરનારા છો તો મારી પણ રક્ષા કરો. તમારા સિવાય બીજા કોને શરણે જાઉં ? મારી રક્ષા કરવાની શક્તિથી સંપન્ન હોય એવું મને બીજું કોઇ જ નથી દેખાતું. આ ભયંકર લોહબાણ મારી દિશામાં તીવ્ર ગતિથી દોડતું આવે છે. એ મારા

શરીરને જલાવી દે તેની હરકત નથી પરંતુ મારા ઉદરસ્થ બાળકનો નાશ ના કરે, અરે એનો વાળ પણ વાંકો ના થવા દે, એવી કૃપા કરી દો. તમે સર્વસમર્થ અને શરણાગતરક્ષક હોવાથી તમારે માટે કશું જ કઠિન નથી. મારી આટલી પ્રેમમયી પ્રાર્થના તમે અવશ્ય સાંભળો.'

ઉત્તરાની વાત સાંભળીને ભગવાન કૃષ્ણને સમજતાં સહેજ પણ વાર ના લાગી કે એ જે લોહબાણથી ભયભીત બનીને એની વિઘાતક અસરથી રક્ષા માટે પ્રાર્થી રહી છે તે લોહબાણ તો અશ્વત્થામાએ પાંડવોની કુળપરંપરાનું નિકંદન કાઢવા માટે પ્રયુક્ત કરેલું બ્રહ્માસ્ત્ર છે.

એ વખતે સર્વનાશના સફળ સંદેશાવાહક સરખાં પાંચ ભયંકર બાણ પાંડવોની દિશામાં પણ દોડવા લાગ્યાં.

ભગવાન કૃષ્ણે પોતાના સુદર્શન ચક્રનો સમુચિત સદ્દુપયોગ કરીને એ પાંચે બાણોનો નાશ કરી નાખ્યો.

એ પછી પાંડવોની વંશપરંપરાને ચાલુ રાખવા માટે એમણે ઉત્તરાના ગર્ભને પોતાની માયાના દુર્ભેદ્ય કવચથી ઢાંકી દીધો.

બ્રહ્માસ્ત્રની શક્તિ અતિશય અસાધારણ અને અમોઘ કહેવાય છે તો પણ શ્રીકૃષ્ણની સમીપે પહોંચીને એ શાંત થઇ ગયું.

શ્રીકૃષ્ણે એવી અલૌકિક રીતે સૌની રક્ષા કરી એથી સૌને આનંદ થયો. સૌ નિર્ભય બન્યાં. ઉત્તરા તથા કુંતી શ્રીકૃષ્ણની પ્રેમપૂર્વક પ્રશસ્તિ કરવા લાગ્યાં.

ભાગવત એ સારગર્ભિત કથા દ્વારા સૂચવવા માગે છે કે મનુષ્યને જે વિભિન્ન પ્રકારના ભય, શોક કે મોહ વળગ્યા છે તેમાંથી છૂટવાનું કામ કપરું હોવા છતાં પણ પરમાત્માની પરમકૃપાથી સરળ બની શકે છે. પરમાત્માની કરૂણા કે કૃપા આગળ કશું જ અશક્ય નથી રહેતું. એ કૃપાને ઓછાવત્તા અંશે મેળવીને એ બ્રહ્માસ્ત્ર જેવાં શસ્ત્રોથી મુક્તિ મેળવે જ છે પરંતુ એથી આગળ વધીને મૃત્યુંજય કે કૃતાર્થ થાય છે. પરંતુ એ બધું ક્યારે બને ? એ પોતે જ્યારે પ્રયત્નમાં લાગી જાય ત્યારે.

કૃષ્ણ ભગવાનની એ અલૌકિક રક્ષાથી પ્રભાવિત થઇને સૌના વતી કુંતીએ એમની જે પ્રેમપૂર્વક પ્રશસ્તિ કરી તેના પરથી સ્પષ્ટ સમજાય છે કે કુંતી શ્રીકૃષ્ણને કોઇ સામાન્ય પુરુષ નહોતી માનતી પરંતુ પુરુષોત્તમ સમજતી'તી.

કુંતીની એ પ્રશસ્તિમાં ભાગવતના વિપુલ સત્વશીલ શાશ્વત ભાવસાહિત્ય ભંડારના જે બે સુંદર શ્લોકો છે એમનો નિર્દેશ પણ કરી લઇએ :

विपदः सन्तु नः शश्वत्तत्र तत्र जगद्गुरो ।
भवतो दर्शनं यतेस्यादपुनर्भवदर्शनम् ॥
जन्मैश्वर्यश्रुतश्रीभिरेधमानमदः पुमान् ।
नैवार्हत्यभिधातुं वै त्वामकिंचनगोचरम् ॥
(પ્રથમ સ્કંધ, અધ્યાય ૮, શ્લોક ૨૫-૨૬)

કુંતી પોતાના મનોભાવોનો પડઘો પાડતાં કહે છે કે જીવનમાં આવેલી વિવિધ વિપત્તિઓને લીધે તો અમે તમારી વધારે ને વધારે પાસે પહોંચવાની પ્રવૃત્તિ કરીને તમને ઓળખી શક્યાં. સુખસંપત્તિ કે સાહ્યબીમાં કદાચ તમારી આટલી કૃપા ના મળત. એટલા માટે પ્રાર્થના છે કે અમારા જીવનમાં વિપત્તિઓ અથવા વિપરીતતાઓ શાશ્વત રહો. વિપત્તિઓમાં નિશ્ચિતરૂપે તમારા દર્શનનું સૌભાગ્ય સાંપડે છે અને તમારા દર્શનનું સૌભાગ્ય સાંપડવાથી જન્મ-મરણનો અંત આવે છે. તમે અનાથના આધાર છો. ઉચ્ચકુળમાં જન્મીને અને ઐશ્વર્ય, જ્ઞાન સંપત્તિને મેળવીને મિથ્યાભિમાની કે મદોન્મત્ત બનેલા માનવો તો તમને સદાને માટે સંપૂર્ણપણે ભૂલી જાય છે ને તમારું નામ પણ નથી લઇ શક્તા.

કુંતીના એ શબ્દોની સાથે સૂર પુરાવવાની તૈયારી બહુ ઓછા માણસો કરશે. પ્રાર્થના કરવાની હશે તો એવા માણસો સંપત્તિને માટે જરૂર કરશે. પરંતુ વિપત્તિને માટે પ્રાર્થવા માટે ભાગ્યે જ કોઇ તૈયાર થશે. સંપત્તિને વધાવવા તો સૌ કોઇ તૈયાર રહે પરંતુ વિપત્તિને વધાવવાની તૈયારી કોણ કરે ? છતાં પણ બીજા કેટલાક વિરલ સંતજનોની જેમ કુંતીની એવી જીવનદૃષ્ટિ છે એ દૃષ્ટિ વિશિષ્ટ અને આશ્ચર્યકારક હોવાં છતાં કુંતીને માટે સ્વાભાવિક છે. એની પાછળની જે કલ્યાણકારક ઉત્તમ ભાવના છે એને સહાનુભૂતિપૂર્વક સમજવાની આવશ્યકતા છે.

માણસ કુંતીની પેઠે ભલે વિપત્તિ તથા પ્રતિકૂળતાને માટે કામના ના કરે અને સંપત્તિ તથા સાનુકૂળતાની જ પ્રાર્થના કરે, તો પણ જીવનમાં સંપત્તિ, સાનુકૂળતા, ઐશ્વર્ય અને વિદ્યાને પ્રાપ્ત કરીને પણ અહંતા, મમતા અને આસક્તિથી અલગ રહેવાય, જીવનના મૂળભૂત ધ્યેયનું જતન કરાય તથા ઇશ્વરની શ્રદ્ધાભક્તિને ચાલુ રખાય, એવી ભાવના તો એણે સેવવી જોઇએ. કુંતીએ સંપત્તિ, સાનુકૂળતા, ઐશ્વર્ય અને વિદ્યાનો વિરોધ નથી કર્યો પરંતુ એની અસર નીચે આવવાથી થતી મદોન્મત્ત અવસ્થાનો અને પેદા થતા જીવનના મૂળભૂત ધ્યેયનો તથા ઇશ્વરના વિસ્મરણનો વિરોધ કર્યો છે એ ખાસ યાદ રાખવાનું છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૬] પરીક્ષિતનો જન્મ

ઉત્તરાના ઉદરમાં સ્થિત પરીક્ષિતની શ્રીકૃષ્ણે અશ્વત્થામાના ભયંકર બ્રહ્માસ્ત્રથી રક્ષા કરી ત્યારે પરીક્ષિતને અંગુષ્ઠમાત્ર, જ્યોતિર્મય, નિર્મળ પુરુષનું દેવદુર્લભ દર્શન થયું. એમનું શરીર અત્યંત સુંદર અને શ્યામ હતું. એમણે પીતાંબર પહેરેલું અને એમના શિર પર સોનાનો મુકુટ હતો. એ અલૌકિક પુરુષને ચાર સુંદર હાથ હતાં. હાથની ગદાને એ ચોતરફ ફેરવી રહેલા. સૂર્ય પોતાના કિરણોથી ધુમ્મસ-સમૂહને હઠાવી દે તેમ ગદાની મદદથી એ બ્રહ્માસ્ત્રના તેજને શાંત કરતા. દસ માસના ઉદરસ્થ પરીક્ષિત એ અલૌકિક પુરુષને ઓળખી ના શક્યા પરંતુ ભગવાન કૃષ્ણ એવી રીતે બ્રહ્માસ્ત્રના તેજને શાંત કરીને અદૃશ્ય થઇ ગયા.

એ પછી સર્વ પ્રકારે સાનુકૂળ શુભ સમયમાં પાંડવોના વંશજ પરીક્ષિતનો જન્મ થયો. જન્મ સમયનું એમનું સ્વરૂપ અત્યંત અદ્દભુત હતું. સૌને થયું કે પાંડુએ પુનર્જન્મ લીધો કે શું ? યુધિષ્ઠિરે ધૌમ્ય, કૃપાચાર્ય જેવા બ્રાહ્મણો દ્વારા સ્વસ્તિવાચન તથા જાતકર્મ સંસ્કાર કરાવ્યા અને અનેક પ્રકારનું દાન આપ્યું.

ભગવાન વિષ્ણુએ માતાના ઉદરમાં એની રક્ષા કરી હોવાથી બ્રાહ્મણોએ એ બાળકનું નામ વિષ્ણુરાત પાડ્યું ને કહ્યું કે બાળક ખૂબ જ યશસ્વી, ભગવાનનો પરમભક્ત ને મહાપુરુષ થશે. એ મનુપુત્ર ઇક્ષ્વાકુની પેઠે પ્રજાપાલનમાં રત રહેશે ને દશરથાનંદન રામની જેમ બ્રાહ્મણભક્ત અને સત્યપ્રતિજ્ઞ બનશે. શિબિ સમાન દાતા તેમજ શરણાગત-રક્ષક ને દુષ્યંતપુત્ર ભરત જેવો યશસ્વી થશે. અગ્નિ સમાન દુર્ધર્ષ, સમુદ્ર સમાન દુસ્તર, સિંહ જેવો પરાક્રમી, હિમાલય સરખો સેવવા યોગ્ય, પૃથ્વીની પેઠે તિતિક્ષુ ને માતાપિતા જેવો સહનશીલ બનશે. એની અંદર બ્રહ્માની સમતા, વિષ્ણુની શરણાગતવત્સલતા અને શંકરની કૃપાળુતા રહેશે. એ શ્રીકૃષ્ણ સરખો સદ્દગુણી, રંતિદેવ જેવો ઉદાર તથા યયાતિ જેવો ધાર્મિક થશે. ધૈર્યમાં બલિ જેવો ને કૃષ્ણ પ્રત્યેની નિષ્ઠામાં પ્રહલાદ જેવો બની રહેશે. જીવનની ઉત્તરાવસ્થામાં મળેલા મુનિકુમારના શાપથી તક્ષક દ્વારા પોતાના મૃત્યુની વાતને જાણીને સૌની આસક્તિ છોડીને એ ભગવાનનું શરણ લેશે. મહર્ષિ વ્યાસના સુપુત્ર શુકદેવજી પાસેથી આત્માના મૂળભૂત વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન મેળવશે, અને ગંગાના પ્રશાંત પુનિત પુણ્યતટ પર શરીરનો પરિત્યાગ કરીને અભયપદની પ્રાપ્તિ કરશે.

સંસારમાં એમની પ્રસિદ્ધિ પરીક્ષિતના નામથી થઇ તેનું કારણ ? ભાગવત તેના એક અગત્યના કારણ પ્રત્યે અંગુલિનિર્દેશ કરતાં કહે છે કે માતાના ઉદરમાં જે દિવ્ય અંગુષ્ઠમાત્ર પુરુષનું પોતાને દર્શન થયેલું તે પુરુષ ખરેખર કોણ છે ને ક્યાં છે એવી પરીક્ષણ વૃત્તિથી પ્રેરાઇને એ સંસારમાં સર્વદા શ્વાસ લેતા હોવાથી એમનું નામ પરીક્ષિત પડ્યું.

એના અનુસંધાનમાં આપણે એવું કહી શકીએ કે પરમાત્મા પ્રત્યેક જીવની માતાના ઉદરમાં અને બહાર બધે જ બધી જ પરિસ્થિતિમાં રક્ષા કરે છે. પ્રત્યેક આત્મા સ્થૂળ અથવા સૂક્ષ્મ અને સૂક્ષ્માતિસૂક્ષ્મ રીતે પરમાત્માથી અવલોકાયલો છે, માટે એ પરીક્ષિત કહેવાય છે. એ ચારે તરફ જોઇ-વિચારીને પગલાં ભરે છે માટે પણ પરીક્ષિત છે.

બ્રાહ્મણોએ પરીક્ષિતના જીવનસંબંધી કરેલી ભવિષ્યવાણીમાં થોડોક ઇતિહાસ પણ સંકળાયેલો છે. કારણ કે એમાં જે જે પરમપ્રતાપી પુરુષો ને રાજવીઓ પરીક્ષિતના જીવનકાળ પહેલાં થઇ ગયા છે એવો

નિર્દેશ આપોઆપ મળી રહે છે. એ રીતે વિચારતાં એનું મહત્વ ઓછું નથી. ભવિષ્યવાણી પરથી એ હકીકતની પણ પ્રતીતિ થાય છે કે એ સમયમાં ભવિષ્યદર્શી પુરુષોનો ને ભવિષ્યદર્શનની વિદ્યાનો અભાવ નહોતો. એ ભવિષ્યદર્શન વિદ્યા કેટલી બધી અસાધારણ અથવા વાસ્તવદર્શી હતી એની પ્રતીતિ પરીક્ષિતના અંતકાળના કરાયેલા ઉલ્લેખ પરથી સહેજે અને સંપૂર્ણપણે થઇ રહે છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૭] કલિયુગનાં ચાર આશ્રયસ્થાન

એકવાર પ્રજાહિતપરાયણ રાજર્ષિ પરીક્ષિત પૂર્વવાહિની સરસ્વતીના સુંદર પવિત્ર તટપ્રદેશ પર પહોંચી ગયા. ત્યાં પહોંચીને એમણે જોયું તો એક રાજવેશધારી શૂદ્ર હાથમાં લાકડી લઇને ગાય તથા બળદને નિર્દયતાપૂર્વક માર મારી રહેલો. દૂબળો પાતળો સફેદ રંગનો બળદ એક પગના આધારે ઊભો રહીને ધ્રૂજતો તથા ભયભીત બનીને મળમૂત્રનો ત્યાગ કરતો હતો. કામધેનુ જેવી ગાય પણ શૂદ્રના પદાઘાતથી દુઃખી હતી. એની આંખમાં અશ્રુ હતાં અને એ ક્ષુધાથી પીડિત દેખાતી હતી. એ દુઃખદ દૃશ્ય દેખીને પરીક્ષિતે એ રાજવેશધારી શૂદ્રને લલકારતાં કહેવા માંડ્યું :

'અરે, તું મારા રાજ્યમાં આ દુર્બળ પશુઓને શા માટે મારી રહ્યો છે ? વેશ તો તેં રાજા જેવો ધારણ કર્યો છે પરંતુ કર્મસંસ્કારની દૃષ્ટિએ તું શૂદ્ર છે. શ્રીકૃષ્ણે પોતાના પરમધામમાં પ્રયાણ કર્યું એટલે શું આ પૃથ્વી પર બીજું કોઇ નથી રહ્યું કે તું આવી રીતે ઉદ્દંડ બનીને નિરપરાધી અથવા નિર્બળને મારી રહ્યો છે ? તું ગમે તે હોય તો પણ તને દંડ આપવા માટે તારો વધ કરવો જ ઉચિત છે.'

એ પછી એમણે બળદને અને ગાયને આશ્વાસન આપ્યું. બળદના ત્રણ પગ કોઇએ કાપી નાખેલા એટલે એ એક જ પગે ચાલી રહેલો. એ જોઇને એમને અતિશય દુઃખ થયું. એના પગ શા માટે ને કોણે કાપી નાખ્યા એ જાણવાની એમને ઇચ્છા થઇ.

એ વખતે એમણે કહેલા કેટલાંક શબ્દો ખૂબ જ નોંધપાત્ર છે. એમની અસરકારકતા અથવા ઉપયોગિતા આટલાં બધાં વરસો પછી આજે પણ એટલી જ છે અને ભવિષ્યમાં પણ રહેશે. એ શબ્દો પરીક્ષિત જેવા આદર્શ પ્રજાપાલકની જાગૃતિ, અડગ નિષ્ઠા અને પ્રજા માટેની ઉત્તમોત્તમ લાગણી બતાવે છે. પ્રજાના નાયકો કે નેતાઓએ કેવી ઉદાત્ત સેવાભાવનાથી સંપન્ન બનવું જોઇએ એનો ખ્યાલ એ ઉદ્દગારો પરથી સહેજે ને સુચારુરૂપે આવી શકે છે. પરીક્ષિતે એ બંનેને ધીરજ, હિંમત અને આશ્વાસન આપતાં જણાવ્યું કે હવે રડશો નહિ. નિર્ભય બની જાવ. હું દુષ્ટોને દંડ દેનારો છું. તમારું કલ્યાણ થાવ. જે રાજાના રાજ્યમાં દુષ્ટોના ઉપદ્રવથી પ્રજા પીડા પામે છે એ મદોન્મત્ત, મિથ્યાચારી રાજા પોતાની કીર્તિ, જિંદગી, સંપત્તિ અને પરલોકની ગતિનો નાશ કરી નાખે છે. રાજાઓનો પરમ ધર્મ એ જ છે કે એ દુઃખીના દુઃખ દૂર કરે ને સૌને સ્થિરતા, સ્વસ્થતા, સુખાકારી તથા શાંતિ આપે. આ દુષ્ટ તમારા જેવાં નિર્દોષ પશુઓને પીડા પહોંચાડે છે માટે એનો નાશ હમણાં જ કરી નાખું છું.

(અધ્યાય ૧૭, શ્લોક ૧૦-૧૧નો ભાવાર્થ)

રાષ્ટ્રનાયકો કે નેતાઓએ પરીક્ષિતની એવી પરમપવિત્ર પરહિતકારી ભાવનામાંથી પ્રેરણા મેળવવાની છે. અંતર જ્યાં સુધી સંવેદનશીલ ના હોય અને પ્રજાનાં દુઃખદૈન્ય સ્પર્શતાં ના હોય ત્યાં સુધી કોઇ આદર્શ નેતા, નાયક કે પ્રજાપાલક ના બની શકે. નેતા, નાયક કે પ્રજાપાલકે પોતાના જીવનનો ઉપયોગ બીજાને સુખશાંતિ, સ્થિરતા ને સ્વચ્છતા પ્રદાન કરવા તથા સૌની સમુન્નતિ ને સમૃદ્ધિ માટે કરવો જોઇએ. એવી ઉદાત્ત ભાવનાને ભૂલીને નેતા કે નાયક જ્યારે સ્વાર્થી, સત્તાલોલુપ, સરમુખત્યાર, વિલાસી, પોતાની જ

સુખાકારી કે સમૃદ્ધિને મહત્વ આપનારો અને અહંકારી બની જાય છે ત્યારે પોતાને ને બીજાને હાનિ પહોંચાડે છે. એણે સદાય સેવક તરીકે જીવવાનું છે અને સ્વામી નથી બનવાનું.

* * *

બળદના રૂપમાં ધર્મ પોતે હતો. પરીક્ષિતના શબ્દો સાંભળીને એનું અંતર પ્રસન્ન થયું. એનો રહ્યોસહ્યો ભય દૂર થયો. એણે શાસ્ત્રવિદ્ અથવા પંડિતપ્રવરની પરિભાષામાં જણાવ્યું કે જીવોના ક્લેશનું મૂળ કારણ શું છે એ વિશે ધર્મશાસ્ત્રોના અભિપ્રાયો પણ જુદાંજુદાં છે. જે કોઇ પણ પ્રકારના દ્વૈતનો સ્વીકાર નથી કરતા તે પોતાને જ દુઃખ કે ક્લેશનું કારણ માને છે. કોઇ પ્રારબ્ધને કારણ માને છે, તો કોઇ કર્મને. કોઇ સ્વભાવને તો કોઇ ઇશ્વરને. કોઇ વળી એવું પણ કહે છે કે એનું કારણ તર્ક દ્વારા સમજી કે સમજાવી શકાતું નથી ને વાણી દ્વારા વર્ણવી નથી શકાતું. એ બધામાં કયો મત બરાબર છે તે તો તમે જ કહી શકો.

એ સાંભળીને પરીક્ષિતનું મન ખેદરહિત ને પ્રસન્ન બન્યું. એમણે ધર્મના વાસ્તવિક સ્વરૂપને જાણી લીધું. ધર્મના ચાર અંગ અથવા ચરણ છે : સત્ય, દયા, તપ અને પવિત્રતા. એમાંથી ત્રણ અંગોનો નાશ થવાથી ધર્મરૂપી બળદ સત્યરૂપી એક જ ચરણના આધારે ચાલતો હતો. પરીક્ષિતને એ જાણતાં વાર ના લાગી. સત્યનું એ ચોથું ચરણ પણ બરાબર સ્થિર ન હતું અને વધારે ને વધારે અસ્થિર બનતુ જતું હતું.

ગાય પૃથ્વીનું પ્રતીક હતી. કલિયુગના જુદા જુદા દોષોથી ભરેલા દુષ્ટ રાજાઓ હવે એની સારી પેઠે સંભાળ નહિ રાખે એવી આશંકાથી એ ભયભીત તથા દુઃખી થઇ રહેલી. પરીક્ષિતે એના રહસ્યને પણ જાણી લીધું.

અધર્મના આશ્રયરૂપ કલિયુગનો નાશ કરવા માટે એમણે તલવાર તાણી એટલે કલિયુગ ભયભીત થઇને એમને શરણે આવ્યો.

પરીક્ષિતે એને ક્ષમા તો પ્રદાન કરી અને જીવનદાન આપ્યું પરંતુ સાથે સાથે પોતાના ધર્મભાવનાયુક્ત રાજ્યમાંથી બહાર જવાનો આદેશ આપ્યો ત્યારે કલિયુગે પોતાના નિવાસ માટે કોઇ સ્થાનની માગણી કરી.

કલિયુગની પ્રાર્થનાને લક્ષમાં લઇને મહારાજા પરીક્ષિતે એને રહેવા માટે ચાર સ્થાનો આપ્યાં : દ્યુત, મદિરાપાન, સ્ત્રીસંગ અને હિંસા. એ ચાર સ્થાનોમાં અનુક્રમે અસત્ય, મદ, આસક્તિ અને નિર્દયતાનો નિવાસ છે.

કલિયુગે પોતાને રહેવા માટે બીજાં પણ કેટલાંક સ્થળોની માંગણી કરી ત્યારે પરીક્ષિતે એને બીજું સ્થાન આપ્યું-સુવર્ણ. એથી એને સંતોષ થયો.

પરીક્ષિતે પછી ધર્મના પ્રતિનિધિ જેવા બળદના ત્રણે ચરણો સારા કર્યા.

આ કથાનો મધ્યવર્તી વિચાર અથવા સાર શો છે ? એ જ કે કલિયુગનાં મુખ્ય આશ્રયસ્થાન પાંચ છે : દ્યુત, મદિરાપાન, શરીરની આસક્તિ, હિંસા અને ધનલાલસા. આત્મકલ્યાણની કામનાવાળા આત્માઓએ તથા બીજાના હિતચિંતકોએ, સેવકોએ, નેતાઓએ કે ગુરુજનોએ એમનાથી સદાને માટે દૂર રહેવું જોઇએ. આજના સમયનું નિરીક્ષણ કરીને આપણે એ સૂચિમાં કલિયુગના એક વધારાના છઠ્ઠા સ્થાનનો ઉમેરો કરીએ

તો એ અસ્થાને નહિ ગણાય-સત્તાની કે પદપ્રતિષ્ઠાની લોલુપતાનો. જે એ છ વસ્તુઓથી દૂર કે મુક્ત છે તે સત્યયુગમાં જીવે છે એવું કોઇ પણ પ્રકારની અતિશયોક્તિ વિના કહી શકાય.

એક બીજી વિશેષ વસ્તુ પ્રત્યે પણ અંગુલિનિર્દેશ કરી લઇએ. આ કથામાં જે બતાવવામાં આવ્યાં છે તે તો કલિયુગનાં અને એમનાં અનેકવિધ અનિષ્ટોનાં બાહ્ય આશ્રયસ્થાનો છે, પરંતુ એનું મૂળભૂત સૂક્ષ્મ આભ્યંતર આશ્રયસ્થાન તો મનુષ્યનું મન છે. સત અને અસતના શુભાશુભ સંસ્કારો, ભાવો કે વિચારો ત્યાં જ પ્રસન્નપણે પ્રકટતા, પ્રાદુર્ભાવ પામતા, અંકુરિત થતા ને નવપલ્લવિત બનતા હોય છે. એ મનને સુધારવાથી ને સાત્વિક કરવાથી સત્યુગની સૃષ્ટિ થાય છે તથા બગાડવાથી ને તમોગુણના તમિસ્ત્રે ભરવાથી કલિયુગ બને છે. માનવે પોતે જ પસંદ કરી લેવાનું છે કે એ સત્યયુગમાં શ્વાસ લેવા માગે છે કે કલિયુગ, એને સત્યયુગ જોઇએ છે કે કલિયુગ, અને એને અનુસરતી સાધનામાં લાગી જવાનું છે. પોતાના વ્યક્તિગત જીવનમાં સત્યયુગની કે કલિયુગની સૃષ્ટિ કરવા માટે એ સ્વતંત્ર છે. એને માટેના પ્રામાણિક પદ્ધતિસરના પ્રયત્નો કરવામાં તો સ્વતંત્ર છે જ. અને જે નિયમ વ્યક્તિને લાગુ પડે છે તે જ સમષ્ટિને પણ લાગુ પડે છે. પ્રત્યેક વ્યક્તિ કલિયુગની કાલિમાને દૂર કરીને સત્યયુગના સુપ્રકાશને પોતાની અંદર અને બહાર પ્રકટાવવાના ને પ્રસારવાના પ્રયત્નમાં લાગી જાય તો સમષ્ટિનું સ્વરૂપ બદલાઇ જાય અને અધિક સુંદર, સંવાદી, સત્વશીલ, સત્યપરાયણ તેમજ સુખમય થાય એમાં સંદેહ નથી.

☼ ☼ ☼ ☼ ☼

## [૮] પરીક્ષિતને શાપની પ્રાપ્તિ

કલિયુગના પ્રભાવમાંથી મુક્તિ મેળવવા માગનાર મનુષ્યે પોતાના જીવનનું પદપદ પર પરીક્ષણ કરવું પડે છે. જો સહેજ પણ પ્રમાદ અથવા ગફલત થઇ જાય તો એનું પરિણામ ખૂબ જ પ્રતિકૂળ અને ભયંકર આવે છે. ભાગવતકાર પ્રથમ સ્કંધના અઢારમાં અધ્યાયમાં એ હકીકત પ્રત્યે પણ અંગુલિનિર્દેશ કરે છે. પરીક્ષિતનું પોતાનું જીવન ખૂબ જ ધર્મમય તથા પરમાત્માપરાયણ હતું. અને એમણે કલિયુગનું દમન કરીને પોતાના સામ્રાજ્યમાં એને ફાલવાફૂલવાનો અનુકૂળ અવસર આપવાને બદલે સત્યયુગની શુભ ભાવના કે સાત્વિકતાને અખંડ રાખવાનો ને વધારવાનો ભરચક પ્રયાસ કરેલો, પરંતુ એક દિવસ એ પોતે જ ગફલતમાં પડીને, અહંકારી બનીને, કલિયુગનો શિકાર બની ગયા ને ભયંકર ભૂલ કરી બેઠા. એ ભૂલ ના થઇ હોત તો ભાગવત આપણી આગળ આજના સ્વરૂપમાં રજૂ ના થઇ શક્યું હોત.

ભાગવતકાર સ્વનામધન્ય મહર્ષિ વ્યાસ સૂચવવા માગે છે કે માનવ જ્યાં સુધી અપૂર્ણ અથવા સ્વરૂપ સાક્ષાત્કારથી વંચિત છે ત્યાં સુધી એનાથી જ્ઞાત-અજ્ઞાત અવસ્થામાં પણ ભૂલો થવાનો સંભવ છે. એની અંદર દૈવી અને આસુરી બંને પ્રકારની પ્રકૃતિના શુભાશુભ સંસ્કારો રહેતા હોય છે ને કદીક દૈવી તો કદીક આસુરી સંસ્કારો જોર પકડે છે. મનુષ્ય એ સંસ્કારોથી અભિભૂત બને છે એ એના જીવનની કરુણતા છે. માનવ બાહ્ય દૃષ્ટિએ ગમે તેટલો મોટો કે નાનો, સમૃદ્ધ કે અસમૃદ્ધ, અને સાક્ષર કે નિરક્ષર હોય તો પણ આસુરી સંપત્તિના કામક્રોધ, અસૂયા અને અહંકારાદિ કુસંસ્કાર એને બીજાના જેવી જ કક્ષામાં લાવી દે છે. એમની વચ્ચેના બધા જ ભેદો કામચલાઉ વચગાળાના વખતને માટે ભૂંસાઇ કે ગૌણ બની જાય છે.

પરીક્ષિતે સદ્દબુદ્ધિસંપન્ન, ધર્મપરાયણ અને લોકહિતમાં નિરંતર પ્રવૃત્ત હોવાં છતાં પણ એવી કયી ભૂલ કરેલી અને ક્યા સંજોગોમાં ? એના પ્રત્યુત્તર માટે આપણે આપણી કલ્પનાની પાંખ પર બેસીને વનવિહારે નીકળીએ તો સારું રહેશે.

પરીક્ષિત હસ્તિનાપુરને છોડીને વનમાં મૃગયા માટે નીકળેલા.

મૃગોની પાછળ દોડતાં દોડતાં આખરે એ થાકી ગયા ને ક્ષુધા તથા તૃષાથી બેચેન બન્યા.

એમણે કોઇક આશ્રયસ્થાનની અભિલાષાથી આજુબાજુ બધે દૃષ્ટિ દોડાવી તો થોડેક દૂર એક એકાંત આશ્રમ દેખાયો.

ભારે ધીરજ તથા ઉત્સાહ અને હિંમતપૂર્વક એ ત્યાં પહોંચી ગયા તો એમણે એ શાંત એકાંત અદ્દભુત આશ્રમમાં એક આત્મધ્યાનની સાધનામાં સંલગ્ન મહાત્માપુરુષને આંખ બંધ કરીને આસનબદ્ધ બનીને બેઠેલા જોયા. શરીર, ઇન્દ્રિયો, પ્રાણ તેમજ મનના પ્રદેશને પરિત્યાગીને તથા જાગૃતિ, સુષુપ્તિ અને સ્વપ્નાવસ્થાને છોડીને એ ઊંડી સમાધિમાં ડૂબી ગયેલા. એવી અવસ્થામાં એમને કશું બાહ્ય ભાન ના હોય એ સમજી શકાય એવું છે. યોગી જ્યારે મનને એકાગ્ર કરીને ઇશ્વરપરાયણ બનીને પોતાના આત્મિક જગતમાં અવગાહન કરે છે ત્યારે શરીરનું ને બાહ્ય જગતનું ભાન ભૂલી જાય છે. એનો બાહ્ય સંસાર સાથેનો સંબંધ સંપૂર્ણપણે છૂટી જાય છે.

ઋષિની એ અદ્ભુત અવસ્થાને પરીક્ષિત સહાનુભૂતિપૂર્વક તટસ્થ રીતે સમજી શક્યા હોત તો તો એમને એમના પ્રત્યે અસાધારણ આદરભાવ થાત, પરંતુ એને એ ના સમજી શક્યા.

કેટલાક લોકો મહાત્માઓ પાસે જાય છે ખરા પરંતુ પૂર્વગ્રહથી પ્રેરાઇને કે દેહાભિમાનને લઇને જાય છે. એ ખુલ્લા હૃદયે અને નમ્ર અથવા નિરહંકાર બનીને નથી જઇ શક્તા. ત્યાં જઇને પણ મનની ઇચ્છાઓ રાખે છે, અને એમની ઇચ્છા પ્રમાણેનું માન એમને ના મળે તો એમને જબરો આઘાત લાગે છે. એની અસર નીચે આવીને એ ક્રોધે ભરાય છે ને કેટલીક વાર ન કરવાનું કામ કરી બેસે છે. એવા લોકોએ સમજવું જોઇએ કે મહાત્માપુરુષોની પાસે પહોંચીને કોઇ વિશેષ સન્માનની આકાંક્ષા રાખવાની ના હોય. ત્યાં તો નમ્રાતિનમ્રભાવે જ્ઞાન, પથપ્રદર્શન કે શાંતિ મેળવવા માટે જ જવાનું હોય. એવા પ્રાતઃસ્મરણીય મહાપુરુષોની સંનિધિમાં સૌ સરખા છે અને કોઇ વધારે કે કોઇ ઓછા મહત્વનું નથી મનાતું.

પરીક્ષિતનો એવો વિવેક નષ્ટ થઇ ગયો. એમને કોઇએ યોગ્યતાનુસાર સત્કાર્યા નહિ અને બેસવાનું આસન સરખું ના આપ્યું; વળી એમણે મુનિ પાસે પાણી માંગ્યું તો શમીક મુનિએ-એ સમાધિમગ્ન મુનિનું નામ શમીક હતું - એમને પાણી ના આપ્યું એટલે એ ઉત્તેજીત બની ગયા ને મન પરનો કાબુ ખોઇ બેઠા.

માણસ ક્ષુધા તથા તૃષાના વેગને સહી શકે છે, શીતોષ્ણને પણ સહી શકે છે, મોટી મોટી યંત્રણાઓને અને વ્યાધિઓને પણ સહી શકે છે, પણ સાચા તો શું પરંતુ પોતાના માની લીધેલા મિથ્યા માનપાનના વેગને નથી સહી શકતો. એ એની મોટામાં મોટી પરવશતા કે કરુણતા છે.

પરીક્ષિતના સંબંધમાં પણ એવું જ બન્યું. મુનિના આશ્રમમાંથી મુનિની સંનિધિમાં પણ એ રાજા જ રહ્યા અને જિજ્ઞાસુ કે દર્શનાર્થી ના બની શક્યા. એમના નામ પ્રમાણેના ગુણ એમનામાંથી કામચલાઉ સમયને માટે જતા રહ્યા. જીવનમાં સમગ્ર રીતે સર્વાંગીય વિચાર કરીને વિવેકપૂર્વક આગળ વધવાની એમની વૃત્તિએ એમનો સંબંધવિચ્છેદ કર્યો. ઉત્તેજનામાં ને ઉત્તેજનામાં ક્રોધાતુર બનીને પોતે શું કરે છે એનું એમને ભાન જ ના રહ્યું. ત્યાંથી પાછા ફરતી વખતે એમની નજર એક મરેલા સાપ પર પડી. એ સાપને ધનુષ્યના અગ્રભાગની મદદથી ઊંચકીને એમણે શમીક મુનિના ગળાની આજુબાજુ વીંટી દીધો. એ પછી એ પોતાની રાજધાની હસ્તિનાપુરમાં પાછા ફર્યા.

એમને એ વખતે ખબર ના પડી કે એ મૃત સાપ કેવળ સાપ રહેવાને બદલે એમના અમંગલનો સંદેશવાહક થઇ પડશે. મુનિને નિહાળીને એમને લાગ્યું કે એમને શું સાચેસાચ સમાધિની પ્રાપ્તિ થઇ છે ને બાહ્ય જગતનું ભાન નથી રહ્યું કે પછી પોતાને દૂરથી દેખીને પોતાની પ્રત્યે બેપરવા બનીને કે ઉપેક્ષાભાવ કેળવીને જ એ આંખ બંધ કરીને બેસી ગયા છે ? ભાવો કે વિચારોના એવા અવિવેકયુક્ત મનોમંથનમાં એ એવું ઉતાવળિયું પગલું ભરીને કુત્સિત કર્મ કરી બેઠા.

એ કુકર્મની પ્રતિક્રિયા ઘણી ભારે થઇ. શમીક મુનિનો સુપુત્ર શ્રૃંગી બીજા ઋષિકુમારોની સાથે થોડેક દૂર ક્રીડા કરી રહેલો. એણે પોતાના પિતાની એવી ઘોર અવહેલના જોઇ ત્યારે એની પીડાનો પાર ના રહ્યો. એને માહિતી મળી કે પોતાના પિતાનું એવું અસાધારણ અપમાન કરનાર પરીક્ષિત છે ત્યારે તો એનો ક્રોધ પરાકાષ્ઠા પર પહોંચી ગયો. એણે કહ્યું કે પ્રજાના પાલક કહેવાતા પુરુષો ધર્મ ને નીતિની પ્રસ્થાપિત માન્ય

મર્યાદામાં રહીને પ્રજાનું સમ્યક્ સંરક્ષણ અને પાલન કરવા માટે છે. એમની પાસેથી એવા સંરક્ષણ અને પાલનની અપેક્ષા સેવવામાં આવે છે. એને બદલે એ મર્યાદાનો ભંગ કરીને એ પ્રજાજનોના ભક્ષણ, અહિત અથવા અપમાનનાં કર્મો કરવા માંડે એ કેટલું બધું અયોગ્ય, અમંગલ અને અનર્થકારક કહેવાય ? પ્રજા એમને લીધે શાંત, સુખી અને સુરક્ષિત કેવી રીતે રહી શકે ? સમાજમાં પોતાના જીવનનાં જઘન્ય કર્મો દ્વારા આંતક અથવા અશાંતિ ફેલાવનારા એવા પુરુષો સત્તાના ગમે તેવા શિખર પર બેઠા હોય તો પણ ખરેખર દંડનીય છે. એમને કોઇ પણ સંજોગોમાં દંડ દીધા વિના ના જવા દેવાય.

આશ્રમની સમીપમાંથી સરળતાપૂર્વક સરી જતી કૌશિકી નદીનું આચમન કરીને શ્રૃંગીએ એ પછી એની અમોઘ વાણીનો પ્રયોગ કરીને શાપ આપતાં કહ્યું કે કુલાંગાર પરીક્ષિતે ધર્મની પ્રસ્થાપિત મર્યાદાનો ભંગ કરીને મારા પિતાનું અપમાન કર્યું છે માટે આજથી સાતમે દિવસે તક્ષક નાગના કરડવાથી એમનું મૃત્યુ થાય.

બહારથી છેક સાધારણ સરખી દેખાતી ઘટનાએ એકદમ અસાધારણ રૂપ ધારણ કર્યું અને એ પણ અત્યંત અલ્પ વખતમાં. એ વખતના અપાયેલા આશીર્વાદ અને શાપ અમોઘ થઇ પડતા, એટલે એ શાપની અવશ્યંભાવિતામાં કશી શંકા ના રહી.

શાપ આપીને શ્રૃંગી આશ્રમમાં આવ્યો ત્યારે પોતાના પિતાના કંઠની આસપાસ એણે મૃત સાપને જોયો. એ પ્રત્યક્ષ દર્શનથી એના દુઃખનો પાર ના રહ્યો. એ પોક મૂકીને રડવા લાગ્યો.

એનું રુદન સાંભળીને શમીક મુનિ પોતાની સાધનામાંથી જાગ્રત થયા. ગળાની આજુબાજુથી મૃત સર્પને અતિશય આશ્ચર્યચકિત થઇને દૂર કરીને એમણે શ્રૃંગીને રુદનનું કારણ પૂછ્યું.

શ્રૃંગીએ સઘળી કથા કહી સંભળાવી. એ સાંભળીને અને ખાસ તો શાપની વાત સાંભળીને મુનિને પ્રસન્નતા ના થઇ. અને ક્યાંથી થાય ? વિવિક્તવાસી, વીતરાગ, પરમાત્મપરાયણ ઋષિઓ એમનું કોઇ અહિત કરે તો પણ બીજાનું અમંગલ કરવાની ભાવના નથી સેવતા. એ સર્વે પ્રકારના શુભાશુભ અથવા અનુકૂળ-પ્રતિકૂળ સંજોગોમાં સ્વસ્થ અને શાંત રહે છે. એમનાથી ભૂલેચૂકે પણ કોઇને હાનિ નથી પહોંચી શકતી.

અને એમાંય આ તો મહારાજા પરીક્ષિત હતા. એમનાથી કોઇક આવેશમાં જ્ઞાત અથવા અજ્ઞાત રીતે આવો અલ્પ જેટલો અપરાધ થાય એટલે શું આવો મહાભયંકર શાપ આપી દેવાય ? ભગવાનના ભક્તોમાં, યોગીઓમાં કે તપસ્વીઓમાં શાપ આપવાની કે બદલો લેવાની શક્તિ હોય છે તો ખરી પરંતુ એનો ઉપયોગ એ આટલી બધી ઉતાવળથી ને પૂરતો વિચાર કર્યા વગર નથી કરતા. કોઇ એમનું અપમાન કરે, નિંદા કરે, નુકશાન કરે, એમને ગાળ આપે, સતાવે કે મારપીટ કરે, તો પણ એ શાંત રહે છે ને બદલો લેવા માટે પ્રતિશોધભાવમાં પ્રવૃત્ત નથી થતા. મનની સ્વસ્થતાને સદા સાચવી રાખે છે. એવી સ્વસ્થતા એમને માટે સ્વાભાવિક હોય છે. નહિ તો પછી એમનામાં ને સામાન્ય માનવમાં ફેર શો ? શમીક મુનિની માન્યતા એવી અનોખી હતી અને એ માન્યતાના આધારે એમણે શ્રૃંગીને મીઠો ઠપકો આપ્યો.

શમીક મુનિ ક્ષમાવૃત્તિમાં ને શ્રૃંગી દંડનીતિમાં વિશ્વાસ રાખતા. એ માનવની દ્વિવિધ વિરોધાભાસી પ્રકૃતિના પરિચાયક છે. માનવસમાજમાં એવી વિભિન્ન પ્રકારની પ્રકૃતિ સદાયે રહેવાની. એક પ્રકારની પ્રકૃતિ કહેવાની કે માણસ માત્ર ભૂલને પાત્ર હોવાથી એણે જ્ઞાત અથવા અજ્ઞાત રીતે ગમે તેવો ને ગમે તેટલો અપરાધ કર્યો હોય તો પણ એ દંડનીય નથી.પરંતુ ક્ષમ્ય છે. બીજા પ્રકારની પ્રકૃતિ કહેવાની કે જ્ઞાત કે અજ્ઞાત ગમે તે રીતે કોઇ પણ પ્રકારનો અપરાધ કરનારને દંડ દેવો જ જોઇએ જેથી એ ફરી વાર અપરાધ ના કરે અથવા અપરાધ કરતાં પહેલાં પૂરતો વિચાર કરે. તો જ સમાજ પણ સુરક્ષિત રહી શકે. અપરાધ કરનાર કોઇ પણ હોય - એ કોણ છે એ મહત્વનું નથી; મહત્વની વસ્તુ અપરાધ છે. અપરાધનો દંડ મળવો જ જોઇએ. એક પ્રકારની પ્રકૃતિ મોટે ભાગે વિવિક્તસેવી સંતોની કે વીતરાગી મહાત્માઓની ને બીજા પ્રકારની પ્રકૃતિ મોટે ભાગે સંસારીઓની છે. ભાગવત એ બંને પ્રકારની પ્રકૃતિનો પરિચય કરાવે છે. શ્રૃંગી વિવિક્તવાસી તથા ઋષિપુત્ર હોવા છતાં એની અંદર બીજા પ્રકારની પ્રકૃતિનું પ્રાબલ્ય હતું. એનાથી કદાચ બીજું બધું જ સહન થઇ શકત પરંતુ પોતાના પિતાનું અસાધારણ અપમાન સહન ના થઇ શક્યું. એ અપમાને એના દિલને ઘાયલ કર્યું. એના અંતરને આઘાત પહોંચાડ્યો. પરિણામે એના મુખમાંથી શાપ નીકળી પડ્યો.

☼ ☼ ☼ ☼ ☼

## [૯] પરીક્ષિતનો પશ્ચાતાપ

આ જગતમાં જુદી જુદી જાતના માનવો છે. માનવોની એક શ્રેણી એવી છે કે જે ભૂલને ભૂલ તરીકે માનતી નથી. એથી આગળ વધીને ભૂલને માટે ગૌરવ પણ લેતી હોય છે. ભૂલને ભૂલ તરીકે માનવાની કે સ્વીકારવાની વૃત્તિ જ ના હોય ત્યાં ભૂલને પરિણામે જે પરિતાપ થાય છે તે પરિતાપ થવાનો સંભવ જ ક્યાં રહે છે ?

બીજા શ્રેણીના માનવો પોતાની ભૂલને પકડી પાડે છે, ભૂલ તરીકે માને છે, અને એનો અફસોસ પણ કરે છે. પ્રત્યેક ભૂલ વખતે એને માટે અફસોસ કરવાની એમને ટેવ પડી જાય છે. એ ટેવ સારી છે છતાં પણ એ એથી આગળ નથી વધી શકતા.

ત્રીજી શ્રેણીના માનવો જરાક જુદા છે. વિકાસની દૃષ્ટિએ જોતાં પ્રથમની બંને શ્રેણીના માનવો થોડાક આગળ છે. એ પણ ભૂલ તો કરે છે, ભૂલને ભૂલ તરીકે સમજે છે, એને પરિણામે એમને પરિતાપ પણ થાય છે, પરંતુ એથી આગળ વધીને એ એવો પરિતાપ પુનઃપુનઃ કરવો ના પડે એટલા માટે સતત જાગ્રત રહીને ભૂલનું પુનરાવર્તન નથી કરતા.

ચોથી શ્રેણીના માનવો આત્મવિકાસના ઉત્તરોત્તર ક્રમને પરિણામે એવી અસાધારણ અવસ્થાએ પહોંચી જાય છે કે ભૂલ ના કરવાનો એમનો સ્વભાવ જ થઇ જાય છે. એમના વિચારો, ભાવો, સંકલ્પો અને સંસ્કારો એટલા બધા પવિત્ર થાય છે અને ઉદાત્ત બની જાય છે કે એમનાથી જ્ઞાત અથવા અજ્ઞાત રીતે ભૂલ થતી જ નથી. ભૂલ જ ના થતી હોય તો એનો પશ્ચાતાપ કરવાનો પ્રસંગ ક્યાં રહે છે ? એવી અવસ્થા આ જગતમાં અતિશય અપવાદરૂપ કે વિરલ હોય છે અને એની પ્રાપ્તિ ઘણા લાંબા વખત પછી કોઇકને જ થતી હોય છે.

એટલી બધી ઊંચી અવસ્થાએ ના પહોંચી શકાય તો પણ માનવ ભૂલને ભૂલ તરીકે ઓળખીને એને માટે પશ્ચાતાપ કરે, એનું પુનરાવર્તન ના થવા દેવાનો સંકલ્પ કરે, અને એ સંકલ્પને સાચવી રાખીને એનું પુનરાવર્તન ના થવા દે તો પણ કાંઇ ઓછું નથી. એટલી સિદ્ધિ પણ જીવનવિકાસના વિશાળ ક્ષેત્રમાં કાંઇ નાનીસૂની નથી સમજવાની.

જે વારંવાર પશ્ચાતાપ કર્યા કરે ને ભૂલનું પુનરાવર્તન કરે તેને માટે તો કહેવું જ શું ? તેનો પશ્ચાતાપ પાકો ના કહેવાય. પશ્ચાતાપ કરવાની એ પ્રક્રિયા જડ કે પરંપરાગત ના બની જાય ને યાંત્રિક ના થાય તેનું તેમણે ધ્યાન રાખવાનું છે. પશ્ચાતાપની પ્રક્રિયા જો સાચી હશે, અંતરના અંતરતમની હશે તો પણ એક દિવસ એમનો અંતરાત્મા પૂરેપૂરો જાગી ઊઠશે, એમને અસાધારણ સામર્થ્યની પ્રાપ્તિ થશે, અને એ ભૂલની ગમે તે કારણે થતી પુનરાવૃત્તિમાંથી મુક્તિ મેળવશે. એમને માટે પણ આશા તો છે જ.

અને જે ભૂલને ભૂલ તરીકે નથી સમજતા કે નથી સ્વીકારતા એમને માટે પણ આશાના મંગલ મંદિરના દ્વાર કાયમને માટે બંધ થઇ ગયાં છે એવું થોડું જ છે ? ના. એ પણ માનવના જીવન વિકાસના નૈસર્ગિક નિયમ પ્રમાણે ક્રમેક્રમે આગળ વધીને એક દિવસ જાગી ઊઠશે, સદ્દબુદ્ધિથી સંપન્ન બનશે, ભૂલને ભૂલ તરીકે ઓળખશે, સુધારવાનો પ્રયત્ન કરશે, સુધારશે, અને એનું પુનરાવર્તન કદી પણ નહિ થવા દે.

એવી રીતે એમને માટે પણ આશા તો છે જ. જીવનવિકાસના ક્ષેત્રમાં એ ખૂબ ખૂબ પાછળ છે એટલું જ. પરંતુ આગળ જતાં કદી પણ આગળ નહિ થઇ જાય એવું કોઇ પણ ના કહી શકે. આજે જે એકદમ આગળ છે એ અગાઉથી જ આગળ હતા ને કોઇ પણ દિવસ પાછળ જ ન હતા--જરા પણ પાછળ ન હતા, એવું કોણ કહી શકે ? જીવન તો વિકાસના સ્વાભાવિક સુનિશ્ચિત ક્રમનું પરિણામ છે. જે પર્વત પર પહોંચેલા દેખાય છે તે એક વાર તળેટી પર હતા જ. ત્યાંથી જ એમના પ્રવાસનો પ્રારંભ થયેલો. એ પ્રમાણે તળેટીવાળા પણ જો ચાહશે અને સમુચિત સાધનોનો આધાર લઇને પ્રયત્ન કરશે તો પર્વત પર પહોંચશે જ. આજે જેમને પર્વતારોહણની ઇચ્છા નથી થતી તેમને એક નહિ તો બીજા દિવસે થશે જ.

જીવનના એ વિકાસ ક્રમમાં પરીક્ષિત ક્યાં ઊભેલા ? એ વિકાસની સર્વોચ્ચ શ્રેણી પર તો નહોતા પહોંચ્યા, તો પણ છેક જ નિમ્ન શ્રેણીએ પણ નહોતા અટક્યા. સંક્ષેપમાં કહીએ તો એ વિકાસક્રમમાં એમનું સ્થાન વચ્ચે હતું.

એક અથવા બીજા કારણે એમના સરખા સુવિચારશીલ સુસંસ્કૃત પુરુષને જરા પણ છાજે નહિ એવી ભૂલ એ કરી બેઠા તો ખરા પરંતુ હસ્તિનાપુરમાં પહોંચ્યા પછી એ ભયંકર ભૂલને એ સમજી ગયા. એ ભૂલ એમને સાલવા માંડી.

એમનું દિલ ડંખવા લાગ્યું. ઋષિ બાહ્ય સંસારના સંબંધને છોડીને પરમાત્માની અલૌકિક આરાધનામાં ઓતપ્રોત બની ગયેલા. એમનું દર્શન કેવું અદ્ભુત અને આનંદદાયક હતું ! એવું ધન્ય દર્શન કોઇક વિરલ સ્થળે જ થતું હોય છે. એમનો લાભ લેવાને બદલે પોતે એમનું અસાધારણ અપમાન કર્યું. એ અપરાધ ખરેખર અક્ષમ્ય છે.

પોતાનો વ્યવહાર એકદમ અશુભ અને અનાર્ય પુરુષોને છાજે તેવો નિંદ્ય હતો એની પરીક્ષિતને પ્રતીતિ થઇ. એમને નિશંક રીતે લાગ્યું કે એવા અશુભ વ્યવહારના પરિણામે પોતાને કોઇક ભયંકર આપત્તિ વેઠવી પડશે. એવી વિપત્તિ વેઠવી પડશે તો તે મારા હિતમાં જ હશે કારણ કે એને લીધે મારા પાપનું પ્રાયશ્ચિત થઇ જશે અને પછી ભૂલેચૂકે પણ એવા પાપકર્મમાં મારી પ્રવૃત્તિ નહિ થાય.

એમના મનમાં એવા તર્કવિતર્કો થઇ રહેલા તે જ વખતે એમને માહિતી મળી કે શમીક મુનિનાં તપસ્વી પુત્ર શ્રૃંગીએ એમને શાપ આપ્યો છે. એ માહિતી એમને એટલી બધી આનંદદાયક તો ના જ લાગી. જીવન કોને પ્રિય નથી હોતું ને મરણ કોને પસંદ પડે છે ? તો પણ એમણે એ શાપને આશીર્વાદરૂપ જ માન્યો. એમને થયું કે સંસારની રહીસહી આસક્તિનો અંત પણ હવે આપોઆપ જ આવી જશે. જીવનમાં હવે વૈરાગ્યની અખંડ જ્વાળા જાગી જશે.

પરીક્ષિતના જીવનમાં વૈરાગ્યની અખંડ જ્વાળા જાગી ગઇ. એમને તો ખબર હતી કે જીવન ફક્ત સાત દિવસમાં પૂરું થશે કે સંકેલાઇ જશે પરંતુ બીજા મનુષ્યોને એટલીયે ખબર ક્યાં છે ? એમનું જીવન કેટલા દિવસ ટકશે એની માહિતી આપતો કોઇ લેખિત દસ્તાવેજ એમની પાસે નથી. કાળ એમના મસ્તક પર પ્રત્યેક પળે ફર્યા કરે છે. એના ભોગ એમને ક્યારે ક્યાં ને કેવી રીતે બનવું પડશે એ વિશે એ ચોક્કસપણે કશું નથી કહી શકે તેમ. એમના અંતર અને એમની આંખ આગળ અજ્ઞાનનો ગાઢ પડદો પથરાયલો છે. તો પણ

એટલું તો નિર્વિવાદ છે કે સૌએ એક દિવસ જવાનું છે ને સાત દિવસમાંથી કોઇ એક જ દિવસે-ગમે તે એક દિવસે જવાનું છે. છતાં પણ જીવનમાં જાગ્રત બનીને સંસાર પ્રત્યેના વૈરાગ્યભાવને કોણ જગાવે છે અને પોતાના જીવનનું અહંતા, મમતા અને આસક્તિથી રહિત બનવાની કોશિશ કરીને શ્રેય પણ કોણ સાધે છે ? એવા શ્રેયનો સંકલ્પ પણ કોણ કરે છે ? મોટા ભાગના મનુષ્યોના જીવનની એ જ કરુણતા છે.

પરીક્ષિત સદ્દબુદ્ધિસંપન્ન હોવાથી આ લોક અને પરલોકના ભોગોની અસારતાને સારી પેઠે સમજી શકેલા. એમનામાંથી એમણે મનને ઓછેવત્તે અંશે નિવૃત્ત પણ કરેલું. એમણે જીવનના શેષ સમયને સુધારી લેવાનો સંકલ્પ કર્યો. એ સંકલ્પથી પ્રેરાઇને અંતકાળ સુધીનું અનશનવ્રત લઇને એ ગંગાતટ પર બેસી ગયા. અંતકાળે પરમાત્મા વિના બીજું શું કામ આવવાનું છે ? મનુષ્યના સાચા સખા, સુહૃદ અને સહાયક એ જ છે. એમનું સ્મરણ-મનન તથા શરણ જ સર્વપ્રકારે કલ્યાણકારક છે. પરીક્ષિતને એ વાત સુચારુરૂપે સમજાઇ ગઇ. એમણે શ્રીકૃષ્ણનું સાચા દિલથી શરણ લીધું.

☼ ☼ ☼ ☼ ☼

## [૧૦] શુકદેવજીનું શુભાગમન

પરીક્ષિતના જીવનના પ્રાકૃત પ્રવાહે આકસ્મિક રીતે કેવો પલટો લીધો ! એ પલટો શ્રેયસ્કર હતો એમાં શંકા નહિ એટલે તો પ્રવાહ પરમાત્માભિમુખ બની ગયો. શાપ સાંભળીને બીજો કોઇક સામાન્ય મનુષ્ય હોત તો એને ઊંડું દુઃખ થાત અથવા આઘાત લાગત. પરંતુ પરીક્ષિતનું વ્યક્તિત્વ અને ઘડતર જુદું હોવાથી એમણે પોતાની જાતને સંભાળી લીધી અને પોતાના ઉત્કર્ષની સુયોજિત યોજના બનાવી. પરીક્ષિતના પ્રેરક પાત્ર દ્વારા ભાગવત આપણને કહી બતાવે છે કે અંતકાળ જ્યારે સમીપ હોય ત્યારે મનુષ્યે શું કરવું જોઇએ.

ભાગવત કહેવા માગે છે કે અંતકાળે ભગવાનની ભક્તિ સિવાય બીજું કશું જ કામ નથી લાગતું. માટે બીજા બધા જ લૌકિક અને પારલૌકિક પદાર્થો કે વિષયોમાંથી મનને પાછું વાળી દેવું જોઇએ. એને પરમાત્માના પ્રેમરંગથી રંગીને તૈયાર કરવું જોઇએ. એમાં જ એની ને સમસ્ત જીવનની સાર્થકતા છે.

શમીક મુનિ અને સમ્રાટ પરીક્ષિતના પાત્રો દ્વારા ભાગવતે આરંભમાં જ એક બીજી અગત્યની હકીકત તરફ અંગુલિનિર્દેશ કર્યો છે. પરમાત્માના ધ્યાનમાં રત, સ્થિતપ્રજ્ઞ, દૈવી સંપત્તિથી સંપન્ન, મુક્ત પુરુષ કેવા સંયમી, શાંત, વીતરાગ, ઉદાર તથા નિર્વેર હોય છે. તે તેણે શમીક મુનિના મહાન પાત્ર દ્વારા બતાવ્યું છે. શમ એટલે મનનો સંયમ. જે મનના સંપૂર્ણ સંયમથી સંપન્ન છે તે શમીક. એમનું નામ પણ રહસ્યમય છે.

પરીક્ષિત અપૂર્ણ માનવના પ્રતિનિધિ છે. અપૂર્ણ માનવ સદા સંજોગોથી દોરવાઇ જાય છે, પરિસ્થિતિથી સાચી કે ખોટી રીતે પ્રભાવિત બને છે, પોતાની પ્રકૃતિથી પરવશ હોય છે, અને વિચારો, ભાવો કે સંસ્કારો પર શાસન કરવાને બદલે એમના શાસન નીચે શ્વાસ લે છે. એની પ્રજ્ઞા, વૃત્તિ તેમજ નિષ્ઠા સ્થિર નથી હોતી. એ ભૂલ કરે છે ને કોઇ વાર એને સુધારે છે પણ ખરો. સ્થિતપ્રજ્ઞ પુરુષ તો ભૂલ કરતો જ નથી પછી એને સુધારવા કે ના સુધારવાનો સવાલ જ ક્યાં રહે છે ?

શ્રૃંગીને આપણે અહંકાર કહી શકીએ. એ અહંકાર મનુષ્યને પશુની શ્રેણીમાં મૂકી દે છે અને કદી કદી આંતકરૂપ બનાવે છે.

આરંભમાં એ પાત્રો આપણને એવો સૂક્ષ્મ સંદેશ આપી જાય છે.

પરીક્ષિત જીવનના શ્રેયને માટે જાગ્રત બનીને જે ગંગાના પ્રશાંત પવિત્ર તટપ્રદેશ પર બેઠા તે ગંગા કાંઇ સામાન્ય ન હતી. એ ઋષિમુનિમંડિત અથવા સાધકોથી ને સિદ્ધોથી સેવિત હતી. એણે પ્રજાને વરસોથી પ્રેરણા પાયેલી કે પથપ્રદર્શન પહોંચાડેલું. એ કોઇ સ્થૂળ સરિતા જ ન હતી પરંતુ સાધના બનીને વહ્યા કરતી. એને પરમારાધ્ય માનીને એના તપઃપૂત તટપ્રદેશ પર જીવનનું આત્યંતિક કલ્યાણ કરવાની કામનાવાળા પ્રાતઃસ્મરણીય સંતપુરુષો નિવાસ કરતા.

એ સંતપુરુષો પરીક્ષિતની માહિતી મેળવીને એમની આગળ આવી પહોંચ્યા. ભાગવત એમના નામોનો નિર્દેશ કરતાં જણાવે છે કે અત્રિ, વસિષ્ઠ, ચ્યવન, શરદ્વાન, અરિષ્ટનેમિ, ભૃગુ, અંગિરા, પરાશર, વિશ્વામિત્ર, પરશુરામ, ઉતથ્ય, ઇન્દ્રપ્રમદ, ઇધ્મવાહ, મેધાતિથિ, દેવલ, આર્ષ્ટિષેણ, ભારદ્વાજ, ગૌતમ, પિપ્પલાદ, મૈત્રેય, ઔર્વ, કવષ, અગસ્ત્ય, વ્યાસ, નારદ અને એ ઉપરાંત અન્ય અનેક મહર્ષિ દેવર્ષિ અને રાજર્ષિ ત્યાં આવી પહોંચ્યા.

એમના મુખમંડળ સુદીર્ઘકાલીન સાધના દ્વારા સાંપડેલી શાંતિ તથા શક્તિથી સુશોભિત હતાં.

પરીક્ષિતને એમનો દર્શનલાભ અનાયાસે જ મળી ગયો.

પરીક્ષિત એ સૌના દર્શનથી આનંદ પામ્યા, ને બોલ્યા કે તમારા જેવા મહાપુરુષોએ મારી ઉપર કરેલા અનુગ્રહ માટે મારી જાતને ભાગ્યશાળી સમજું છું. તમારા સરખા પરમાત્મપરાયણ સત્પુરુષોના સમાગમનું સુખ જેને તેને નથી સાંપડતું. તેને માટે ઇશ્વરની થોડીઘણી પણ કૃપા જોઇએ. શાપ મારે માટે આશીર્વાદરૂપ બન્યો છે.

પરીક્ષિતનું કથન સાચું છે. પ્રાતઃસ્મરણીય સંતપુરુષોના દર્શનનો લાભ કાંઇ જેને તેને નથી મળતો અને જેને મળે છે એ એને મેળવીને કૃતાર્થ થાય છે. એમનો સંસર્ગ સર્વકાળે સુખદ થઇ પડે છે. એ સંસર્ગ પછી ભય ટકી શકે છે ખરો ? ના. પરીક્ષિતે કહ્યું કે મારા મનને મેં ઇશ્વરના ચરણોમાં સમર્પિત કર્યું છે. મને હવે તક્ષકના કરડવાનો ભય નથી લાગતો. તમે મારી આગળ ઇશ્વરની લીલાઓનું જયગાન કરો જેથી મારા રહ્યાસહ્યા શેષ જીવનને સફળ બનાવી શકું. તમારા શ્રીચરણોમાં પુનઃપુનઃ પ્રણામ કરીને એ જ પ્રાર્થના કરું છું કે મારાં કર્મોને અનુસરીને હું જે પણ યોનિમાં જન્મું તે યોનિમાં મારો ભગવાન કૃષ્ણને માટેનો અનુરાગ દિનપ્રતિદિન વધતો જાય, એમના અનન્ય ભક્ત જેવા મહાપુરુષોનો મને સત્સંગ થયા કરે, અને જગતના સર્વે જીવો પ્રત્યે મારો એકસરખો મૈત્રીભાવ રહે, એવો શુભાશીર્વાદ મને પ્રદાન કરો.

એ મહાપુરુષોને એવી પ્રાર્થના કરીને ગંગાના દક્ષિણ તટ પર ઉત્તરાભિમુખ બનીને બેસી ગયા.

રાજ્યની ધુરા એમણે પ્રથમથી જ પોતાના સુપુત્ર જનમેજયને સોંપી હોવાથી એની કશી ચિંતા ન હતી.

મહાપુરુષોએ એમની સદ્દવૃત્તિની પ્રશંસા કરી. પરંતુ અંતકાળ સમીપ હોય અને એની સમીપતાનું સંપૂર્ણપણે ભાન હોય ત્યારે પ્રશંસામાં મન ભાગ્યે જ લાગે. પ્રશંસાનું શ્રવણ ગમે પણ નહિ. અંતકાળ છેક જ સંનિકટ હોય ત્યારે તો જીવનની ક્ષણેક્ષણ સુધારી લેવાની અથવા એ ક્ષણનો જેટલો શક્ય હોય તેટલો સદુપયોગ કરવાની જ ભાવના થાય. વધારે સારા શબ્દોમાં કહીએ તો એને માટેની લગન લાગી જાય. પરીક્ષિતની અવસ્થા એવી જ હતી. એટલે તો એમણે દૂર દૂરથી પધારેલા જ્ઞાનની મૂર્તિમંત સ્વરૂપ સરખા સંતોને કહ્યું કે તમારા પ્રત્યેના પ્રેમ અને શ્રદ્ધાભાવથી પ્રેરાઇને હું તમને મારા કર્તવ્ય વિશે પૂછવા માગું છું. તમે બધા પરસ્પર વિચારવિનિમય દ્વારા મને સુનિશ્ચિત રીતે કહી બતાવો કે સૌ કોઇને માટે સઘળા સંજોગોમાં અને ખાસ કરીને થોડા જ વખતમાં મરવા માટે તૈયાર થયેલા પુરુષોને માટે તન, મન તેમજ અંતરથી કરવા યોગ્ય વિશુદ્ધ કર્મ કયું છે ? તમારા સૌનો એ સંબંધમાં શો અભિપ્રાય છે ?

મહાપુરુષો પરીક્ષિતના એ પ્રશ્નનો વિચાર કરવા લાગ્યા. એ પરીક્ષિતના મુખમંડળ તરફ ખૂબ જ પ્રેમપૂર્વક જોઇ રહ્યા. ત્યાં તો......પરીક્ષિતના સૌભાગ્યનો સૂર્યોદય થવાનો હોય અથવા એમની ઉપરની ઇશ્વરની અદ્દભુત અનુગ્રહની વર્ષાનો સમય છેક જ સમીપ આવ્યો હોય તેમ ત્યાં એક બીજું અનોખું અદૃષ્ટપૂર્વ દૃશ્ય ઊભું થયું. જ્ઞાન, પ્રેમ, પવિત્રતા તથા પૂર્ણતાના પરિપૂર્ણ પ્રતીક સરખા, દિશા-પ્રદિશામાં અદ્દભુત જીવનરસ રેલાવતા, જીવનમુક્તિના મૂર્તિમંત સ્વરૂપ જેવા સ્વનામધન્ય સંતશિરોમણિ મહર્ષિ

વ્યાસના સુપુત્ર સત્પુરુષશ્રેષ્ઠ શુકદેવ સર્વત્ર શાંતિ તથા સદ્દભાવનાની સૌરભ પ્રસારતા આવી પહોંચ્યા. એમનાં ચરણ ચાલતાં હોવા છતાં એ દેહભાવથી પર હતાં. એમના નેત્રો જાણે પરમાત્મા વિના કશું નિહાળતાં જ નહિ. એમના શ્રવણ ઇશ્વરનું સુધામય સંગીત સાંભળતા. એમના અણુઅણુમાં અનંત આનંદનો અર્ણવ ઊછળતો. હૃદયમાં અને રોમેરોમમાં પરમરસનો રાસ રચાતો. એમને નિહાળીને થતું કે આટલી બધી પવિત્રતા, સરળતા કે ઇશ્વરમયતા બીજા કોઇની અંદર હોઇ શકે ? એમના શરીર પર વર્ણ અથવા આશ્રમનાં કોઇ પરંપરાગત ચિન્હો નહોતા દેખાતાં. એ ચિન્હો આરંભમાં કેટલાકને માટે આવશ્યક હોય છે પરંતુ આત્મવિકાસની ઉચ્ચોચ્ચ અવસ્થાએ પહોંચ્યા પછી એમની આવશ્યકતા નથી રહેતી. એ આપોઆપ છૂટી જાય છે. હું સંન્યાસી, ત્યાગી, ભક્ત, યોગી કે જ્ઞાની છું એવો સાત્વિક સૂક્ષ્મ અહંકાર પણ એ અવસ્થામાં નથી રહેતો-નથી રહી શકતો.

સોળેક વરસના, અવધૂત વૃત્તિવાળા, સ્ત્રીઓ અને બાળકોથી ઘેરાયલા શુકદેવ પરમાત્માની નિષ્ઠામાં નિમગ્ન હતા. એ કોઇ દેવતા જેવા દિવ્ય દેખાતા. ત્યાં સંમિલિત થયેલા સંતપુરુષોએ તેમને ઓળખી લીધા. એમણે ઊભા થઇને એમનો સત્કાર કર્યો. પરમાત્માનિષ્ઠ પુરુષનો પ્રકાશ કદી છૂપો નથી રહેતો. ઓળખનારા એને ઓળખે છે અને સન્માને છે.

પરીક્ષિતે પણ એમને પ્રણામ કરીને એમની પૂજા કરી.

શુકદેવજી સૌએ સમર્પેલા સર્વોચ્ચ આસન પર વિરાજમાન થયા. એટલે પરીક્ષિતને પ્રસન્નતા થઇ. એવા આત્માનંદનિમગ્ન આત્મારામ મહાપુરુષના દેવદુર્લભ દર્શનનો લાભ કાંઇ જેને તેને ને જ્યારે ત્યારે થોડો મળી શકે છે ? મનુષ્ય એમને માટે પર્વતો, મેદાનો અને સરિતાના સુપ્રસિદ્ધ તટપ્રદેશોને ખૂંદી વળે તો પણ એમનું દર્શન ભાગ્યે જ મળી શકે. એવા મહાત્મા પુરુષો કોઇ પણ પ્રકારની આકાંક્ષા કે યોજના વગર જ્યારે સામેથી ચાલીને આવી પહોંચે અને પોતાના દર્શન, સ્પર્શન અને સંભાષણથી કૃતાર્થ કરે ત્યારે તો કહેવું જ શું ? અનંત સમયનાં સત્કર્મોનો સમુદય થયો કે થવાનો હોય ત્યારે જ એવો અનેરો અવસર સાંપડી શકે. એમને ઓળખવાનું અઘરું હોય છે અને એની શ્રદ્ધાભક્તિ સહિત સેવા કરવાનું અને એમનો લાભ લઇને અથવા અનુગ્રહ પામીને ધન્ય થવાનું અને એમના સરખા બનવાનું તો એથી પણ અધિક અઘરું.

શુકદેવજીનો સમાગમ પરીક્ષિતને માટે સુખદ થઇ પડ્યો. એમના દર્શનથી એમને પરમ સંતોષ થયો. શુકદેવજીને એમણે પૂછ્યું કે જે મૃત્યુગ્રસ્ત હોય, સર્વથા મરણાસન્ન હોય, એણે શું કરવું જોઇએ ? વળી મનુષ્યે કોનું સ્મરણ, ભજન, શ્રવણ, અનુષ્ટાન કરવું તથા કોના જપ કરવા અને કોનો ત્યાગ કરવો જોઇએ ? તમે યોગીઓના પરમગુરુ છો, તેથી તમને જીવનની સર્વોત્તમ સંસિદ્ધિના સ્વરૂપ તથા સાધન વિશે પૂછું છું. તમારું દર્શન ખૂબ જ દુર્લભ હોઇને જેને તેને, જ્યાં ત્યાં, અને જ્યારે ત્યારે નથી થતું.

अतः पृच्छामि संसिद्धि योगिनां परमं गुरुम् ।
पुरुषस्येह यत्कार्यं म्रियमाणस्य सर्वथा ॥
यच्छ्रोत्तव्यमथो जाप्यं यत्कर्तव्यं नृभिः प्रभो ।
स्मर्तव्य भजनीयं वा ब्रूहि यद्वा विपर्ययम् ॥
(અધ્યાય ૧૯, શ્લોક ૩૭-૩૮)

પરીક્ષિતે પરમ પ્રેમભક્તિથી પ્રેરાઇને એ પ્રશ્નો પૂછ્યા. એ પ્રશ્નોની પાછળ શુદ્ધતર જિજ્ઞાસાવૃત્તિ હતી. શુકદેવજીની દૈવી દૃષ્ટિથી એ વૃત્તિ તથા શ્રદ્ધાભક્તિ છૂપી ના રહી શકી. શુકદેવજી એકદમ અનાસક્ત અને નિર્મળ હતા. ગૃહસ્થીઓના ઘર પર એ ગાયને દોવાય એટલા વખત સુધી પણ ભાગ્યે જ ઊભા રહેતા. પરીક્ષિતના પ્રશ્નોને શાંતિપૂર્વક સાંભળીને એમના પ્રત્યુત્તરો આપવા તૈયાર થયા એની પાછળ એમના અનુગ્રહ સિવાય બીજું કાંઇ જ ન હતું. એ અનુગ્રહ પરીક્ષિતની સાથે સાથે સમસ્ત સંસારને માટે કલ્યાણકારક થઇ પડ્યો.

મહાત્મા પુરુષોનો અનુગ્રહ સદા કલ્યાણકારક જ હોય છે.

☼ ☼ ☼ ☼ ☼

## ----- પ્રથમ સ્કંધ સમાપ્ત -----

# * દ્વિતીય સ્કંધ *



श्रीकृष्ण गोविंद हरे मुरारि हे नाथ नारायण वासुदेव ।
श्रीकृष्ण राधावर गोकुलेश गोपाल गोवर्धननाथ विष्णो ॥

## [૧] પરીક્ષિતના પ્રશ્નો

પ્રથમ સ્કંધની પરિસમાપ્તિ સમયે પરીક્ષિતે શુકદેવજીને પૂછેલા પ્રશ્નો આમ ઉપર ઉપરથી જોતાં તો પરીક્ષિતના પોતાના જ પ્રશ્નો લાગે છે પરંતુ એ પ્રશ્નો એકલા પરીક્ષિતના નથી પણ માનવ માત્રના છે. આજે આટલાં બધાં વરસો વીત્યા પછી પણ સમજુ માણસો પોતાની જાતને એ પ્રશ્નો પૂછે છે. માનવનું આત્યંતિક કલ્યાણ શેમાં છે અને શું કરવાથી એને સનાતન સુખશાંતિની કે જીવનની ધન્યતાની પ્રાપ્તિ થાય એ સમસ્યા સુશિક્ષિત માનવના મનને આજે પણ નથી સતાવતી એવું નહિ. ભાવ અથવા અભાવ, ઉભયની વચ્ચે વસનારા માનવોમાંના કેટલાય એ પ્રશ્નો આજે પણ પૂછી રહ્યા છે કે જીવન દરમિયાન એવી કયી સાધનાનો આધાર લેવો જોઇએ જેથી જીવનને જ્યોતિર્મય, સુખશાંતિથી સંપન્ન, મુક્ત કે પૂર્ણ કરી શકાય ? આજે આજુબાજુ બધે જ વૈજ્ઞાનિક વાતાવરણનું વિસ્તરણ થઇ રહ્યું છે ત્યારે પણ માનવની એ જિજ્ઞાસા સંપૂર્ણપણે નથી શમી. ભૌતિક સંપત્તિ, સમૃદ્ધિ તથા સુખસાહ્યબી અને એને માટેની સતત સાધનાની વચ્ચે પણ માનવની એ જિજ્ઞાસા કાયમ છે. એ એક સારું, આવકારદાયક લક્ષણ છે એમ કહીએ તો ખોટું નથી કારણ કે એ દર્શાવે છે કે સંસારના બાહ્ય પદાર્થો, વિષયો, વ્યવસાયો, રૂપરંગો, રસો અને પ્રલોભનો તથા ભયસ્થાનોની વચ્ચે પણ માનવનો અંતરાત્મા નથી મર્યો. એ જાગૃત છે અને એવા પ્રશ્નોના પ્રત્યુત્તરોને શોધે છે તથા ઝંખે છે ત્યાં સુધી એના જીવનવિકાસની આશા છે. જિજ્ઞાસાવૃત્તિ જો રચનાત્મક હોય તો ઉત્કર્ષને માટે આશીર્વાદરૂપ ઠરે છે.

પરીક્ષિતના પ્રશ્નોના પ્રત્યુત્તરરૂપે શુકદેવજીએ જે કાંઇ કહ્યું છે તે પણ માનવમાત્રને માટે ઉપયોગી છે. પરીક્ષિતની સાથે સાથે માનવમાત્રને અવિદ્યામાંથી મુક્તિ આપીને તેનું કલ્યાણ કરવાની તેમાં શક્યતા રહેલી છે. એ કથન કોઇક કાળવિશેષ કે સંજોગવિશેષ પૂરતું સીમિત નથી પરંતુ સર્વ પ્રકારના સમય તથા સંજોગોને એકસરખી રીતે લાગુ પડે છે. એની પાછળ સમાયેલો સંદેશ સનાતન છે. એને લીધે જેમ પરીક્ષિતને પ્રકાશ મળ્યો ને પથપ્રદર્શન સાંપડ્યું તેમ બીજા કોઇને પણ મળી તેમ જ સાંપડી શકે છે. અને આજે જ શા માટે, ભવિષ્યમાં પણ એ સંદેશ શાશ્વત હોઇને એવો જ પ્રેરક થઇ પડશે. માનવના અશાંત, અતૃપ્ત, અવિદ્યાગ્રસ્ત અંતરાત્માની એવી જિજ્ઞાસા હંમેશા રહેવાની એટલે એના જવાબની પણ જરૂર પડવાની. જિજ્ઞાસા જ્યાં સુધી જાગૃત ને સનાતન છે ત્યાં સુધી જવાબ પણ જરૂરી, જાગૃત ને સનાતન રહેવાનો.

પરીક્ષિતને એ પ્રશ્નો સતાવી રહેલા પરંતુ શુકદેવજી એ પ્રશ્નોમાંથી પસાર થઇ ચૂકેલા અથવા એમના સમુચિત સ્વાનુભવસિદ્ધ પ્રત્યુત્તરો પામી શકેલા. છતાં પણ એમણે પરીક્ષિતના પ્રશ્નોને નિરર્થક ના માન્યા. એમને વ્યાધિ ના હોવાથી ઔષધની આવશ્યકતા નહોતી રહી, પરંતુ પરીક્ષિતનું મન વ્યાધિગ્રસ્ત હોવાથી એને ઔષધ વિના નહોતું ચાલે તેમ, એટલે એમણે એમની પ્રત્યે સ્વાભાવિક સહાનુભૂતિ રાખી અને એમને પથપ્રદર્શન કરવાની તૈયારી બતાવી.

શુકદેવજીએ પરીક્ષિતને એવા સુંદર સર્વોપયોગી પ્રશ્નો પૂછવા માટે અભિનંદન આપ્યાં. સંસારના વિષયોમાં આસક્ત બનેલા ને ભાન ભૂલેલા મનુષ્યોને એવા પ્રશ્નો ના ઊઠી શકે. એવા પ્રશ્નો પૂછવાનો વિચાર પણ ના આવી શકે. પરીક્ષિત એવા પ્રશ્નો પૂછવા પ્રેરાયા એ એમનું સદ્દભાગ્ય હતું. જે ભગવાને જન્મ પહેલાં

માતા ઉત્તરાના ઉદરમાં એમની રક્ષા કરેલી તે જ ભગવાને અંતકાળે એમનું આત્મિક કલ્યાણ કરવાની યોજના ઘડેલી. માટે જ એમને શુકદેવ સરખા સ્વાનુભવસંપન્ન સર્વોત્તમ મહાપુરુષનો મેળાપ થયો અને એમના અનુગ્રહનો લાભ મળ્યો.

જે અભય અને સર્વોત્તમ પદને પ્રાપ્ત કરવા માગે છે એણે શું કરવું જોઇએ ? સંસારની આસક્તિથી, પ્રકૃત્તિની મમતાથી અથવા પ્રેમમાર્ગની ઉપાસનાથી જીવનનું અભય અથવા સર્વોત્તમ પદ નથી મળી શકતું. કઠ ઉપનિષદમાં પ્રેય અને શ્રેય બંને માર્ગોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. પ્રેય એટલે ભૌતિક સમુન્નતિ કે સુખાકારીનું મહત્વ પણ ઓછું નથી. એના પ્રત્યે કાયમી આંખમીંચામણા નથી કરવા જેવાં. ભૌતિક રીતે પછાત તથા પામર કે પરાધીન જીવન પણ પરિપૂર્ણ, ધન્ય ને સફળ જીવન નથી કહી શકાતું. એ ઉપરાંત એક બીજી હકીકત પણ યાદ રાખવાની છે કે ભૌતિક સમુન્નતિ તથા સુખાકારીના ક્ષેત્રમાં સંતોષકારક રીતે આગળ વધવાથી અને શ્રેયની એટલે કે આત્મકલ્યાણની સાધનાનો અનાદર કરવાથી પણ સંપૂર્ણ શાંતિ નથી મળી શકતી ને જીવનની ધન્યતા પણ નથી અનુભવાતી. એની અંદર એક અથવા બીજી ત્રુટિ રહી જાય છે. એટલે ભૌતિક અને આત્મિક બંને પ્રકારની પ્રગતિની આવશ્યકતાનો સ્વીકાર કરવામાં આવે તે ઉત્તમ છે.

પરીક્ષિત ભૌતિક સમુન્નતિના તથા સુખાકારીના સર્વોચ્ચ પદ પર પહોંચી ચૂકેલા. હવે તો એમનો અંતકાળ સમીપ હતો. અને અંતકાળ જ્યારે સમીપ હોય ત્યારે પ્રકૃતિની કે પ્રેયની ઉપાસનાથી શું વળે ? એ ઉપાસના અને એના પરિણામે પ્રાપ્ત થનારા ભૌતિક વિષયો કે પદાર્થો તો અહીં ને અહીં જ પડ્યા રહેવાના છે. એ કોઇની સાથે નથી આવવાના. અંતકાળ સમીપ હોય ત્યારે તો સંસારની અસારતાનો વિચાર કરીને અને એમાંથી મનને પાછું વાળીને પરમાત્મામાં જોડવાનો પ્રયત્ન કરવામાં આવે તે જ બરાબર છે. બધી જાતની લાલસા, વાસના અથવા આસક્તિનો અંત આણીને મનને પરમાત્માપરાયણ બનાવવામાં જ જીવનની સાર્થકતા છે. અજ્ઞ કે વિષયગ્રસ્ત મનુષ્ય પણ જાણે છે કે આ શરીરમાં આવી રીતે યાવચ્ચંદ્રદિવાકરૌ નથી રહેવાનું. એક દિવસ પંચમહાભૂતના આ ભાડૂતી ઘરને ખાલી કરીને ઇચ્છાએ કે અનિચ્છાએ એકદમ અજ્ઞાત માર્ગે ચાલી નીકળવાનું છે. તો પણ એ માર્ગે ચાલવાની તૈયારી આગળથી કોણ કરે છે ?

એક શ્રીમંત પુરુષને નવાં નવાં મકાનો બાંધવાનો શોખ હતો. એની સ્ત્રી વિવેકી હોવાથી એને અવારનવાર કહ્યા કરતી કે તમે કાંઇ અમરપટો લઇને આવ્યા છો ? હવે તમને પંચોતેર વરસ થયાં. તમે બહારનાં સ્થૂલ મકાનોને બાધવા-બંધાવવામાં અત્યાર સુધી રસ લીધો છે પરંતુ જીવનના મૂલ્યવાન મકાનને તૈયાર કરવામાં જરા પણ રસ નથી લીધો એ કેટલું બધું દુઃખદ છે ? આ મકાનોને મૂકીને તો એક દિવસ ચાલી નીકળવાનું છે !

પેલા શ્રીમંતને એની શિખામણ જરા પણ સારી ન લાગતી.

એકવાર એણે એક નવું સુંદર સુવિશાળ મકાન તૈયાર કરાવ્યું. એ મકાન પોતાના વસવાટ માટે તૈયાર કરાવેલું.

એના વાસ્તુનો દિવસ નક્કી કરવામાં આવ્યો. એ દિવસે બ્રહ્મભોજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો.

શહેરમાં સરિતાના શાંત તટપ્રદેશ પર એક ભજનાનંદી સંતપુરુષ રહેતા. એમને પણ એ અવસરે જમવાનું આમંત્રણ આપવામાં આવ્યું.

આમંત્રણ મેળવીને સંત વિચિત્ર રીતે હસ્યા. શિષ્યોએ એનું કારણ પૂછયું તો એમણે જણાવ્યું કે આપણાથી જમવા માટે નહિ જઇ શકાય. બીજા પણ કોઇ નહિ જઇ શકે. વાસ્તુ બંધ રહેશે.

બંધ રહેશે ?

હા.

શિષ્યોને સંતના શબ્દોની પાછળના સાચા રહસ્યની સમજ ના પડી.

વાસ્તુના આગલા દિવસે રાતે એ સંતપુરુષે પોતાના આશ્રમમાં સમૂહ પ્રાર્થના વખતે મહાત્મા કબીરનું પેલું પ્રખ્યાત પદ ગાયું :

इस तनधनकी कौन बडाइ,<br>
देखत नैनमें मिट्टी मिलाइ.<br>
हाड जले जैसे लकडीकी मूली,<br>
बाल जले जैसे घासकी पूली.<br>
अपने खातर महल बनाया,<br>
आप हि जाकर जंगल सोया.<br>
कहत कबीर सुनो भाइ साधो,<br>
आप मुवे पिछे डूब गइ दुनिया.

બીજે દિવસે વહેલી સવારે જ એમના એ એકાંત આશ્રમમાં પેલા શેઠનો નોકર આવ્યો ને કહેવા માંડયો કે આજનું બ્રહ્મભોજન અને વાસ્તુ બંધ રહ્યું છે.

સંતપુરુષે અને એમના શિષ્યોએ એનું કારણ પૂછયું તો એણે સંક્ષેપમાં કહ્યું કે શેઠનું રાતે બાર વાગ્યા પછી મરણ થયું છે.

સંતપુરુષે ત્યારે પણ સહેજ સ્મિત કર્યું. એમના સ્મિતનું ને ગઇ કાલના મહાત્મા કબીરના એમણે સંભળાવેલા પ્રાર્થનાપદનું સાચું રહસ્ય શિષ્યોને ત્યારે જ સમજાયું.

જેણે પોતાના વસવાટને માટે મહેલ જેવું સુંદર મકાન બંધાવેલું એ એનું વાસ્તુ પણ ના કરી શક્યો. એને વાસ્તુના દિવસે કે સમયે જ સ્મશાનમાં સૂવું પડ્યું. જીવન એવું જ ચંચળ અનિત્ય છે. એની ઉપર આંખ મીંચીને ઉઘાડતામાં જ પડદો ક્યાં, ક્યારે ને કેવી રીતે પડશે એની ખબર પણ કોને પડે છે ? છતાં પણ મનુષ્યો સંસારના નાનામોટા વિષયોમાં આસક્ત બનીને પોતાના જીવનને સુધારવાનો પ્રયત્ન નથી કરતા ને જીવનના પ્રધાન પ્રયોજનને ભૂલી જાય છે એ કેટલું બધું કરૂણ અથવા આશ્ચર્યકારક છે.

સંસારમાં થોડાક વિરલા મનુષ્યો જ પોતાના જીવનની ચંચળતા અને અનિત્યતાનો વિચાર કરીને જાગૃત રહે છે ને આત્મકલ્યાણની કલ્યાણકારક પ્રવૃત્તિ કરે છે. એમને અંતકાળના એંધાણ પણ મળી જાય છે ને તદનુસાર એ મનને બાહ્ય પ્રવૃત્તિમાંથી પાછું વાળી લે છે.

મસૂરીમાં દોઢેક વરસ પહેલાં એક પ્રસંગ બનેલો. ત્યાં એક ગાંધીજી કરીને સદ્દગૃહસ્થ હતા. તેમને કોઇ વાર હાર્ટએટેક થઇ આવતો. છેલ્લી વારના હાર્ટએટેક પછી ડોકટરના કહેવાથી એમણે ઘરમાં રહીને લાંબા વખત સુધી આરામ કર્યો ત્યારે છેવટના દિવસોમાં એક વાર જણાવ્યું કે હવે મારું શરીર વધારે વખત સુધી નથી રહેવાનું. હવે એકાદ અઠવાડિયાનો જ મહેમાન છું.

એમની સૂચના પ્રમાણે દૂરના શહેરોમાં રહેતાં એમનાં સંતાનોને બોલાવવામાં આવ્યાં. એમના મૃત્યુ પછી એમની પત્નીને કશી મુશ્કેલી ના પડે એટલે એમણે પોતાનું બેન્કનું ખાતું એના નામે ફેરવવાની વ્યવસ્થા કરી. મ્યુનિસિપાલીટીના બાકી રહેલા બીલ એમના છોકરાને સઘળી સમજ પાડીને ભરાવી દીધાં. આપવા જેવી આવશ્યક સૂચનાઓ પણ આપી.

છેલ્લે દિવસે એમણે પોતાની સ્ત્રીને કોઇ પણ પ્રકારનો શોક ના કરવા અને ઇશ્વરની પ્રાર્થના કરવા જણાવ્યું. અંતકાળ પહેલાં એમણે કહ્યું કે ગીતામાં યોગીના દેહત્યાગનું વર્ણન કરવામાં આવ્યું છે તે પ્રમાણે હું પ્રણવ મંત્રના જપ કરતાં કરતાં બેસીને દેહત્યાગ કરવાની આકાંક્ષા રાખું છું. પોતાની પત્નીને એમણે બેસવા માટે મદદ કરવાની ભલામણ કરી, એની મદદ મેળવીને એ બિમાર હોવાં છતાં બેઠા થયા અને પ્રણવના ઉચ્ચાર સાથે દેહનો ત્યાગ કરીને દિવ્ય દેશની યાત્રાએ ચાલી નીકળ્યા.

એમની પરલોકયાત્રાનો એ પ્રસંગ ખરેખર અસાધારણ હતો. એવા પ્રસંગો જગતમાં ખૂબ જ ઓછા પ્રમાણમાં જોવા મળે છે. પરલોકપ્રવાસના એ પ્રસંગને એક ધન્ય પ્રસંગ કહી શકાય.

કોઇક વિરલ પુરુષવિશેષનો અંતકાળ જ એવી રીતે સાર્થક બને છે કે સુધરી શકે છે. અંતકાળ સમીપ આવ્યો છે કે નથી આવ્યો એની ખબર પણ કેટલાકને પડે છે ? એની માહિતી મળે કે ના મળે તો પણ એને સુધારવાની કોશિશ તો કરવી જ જોઇએ.

અંતકાળ સમીપ છે એવું જાણીને એને સુધારવા માટે માનવે શું કરવું જોઇએ ? તીર્થાટન ? ના. તો પછી તપ કે વ્રત ? ના. તો પછી શું યોગાભ્યાસનો આરંભ કરવો જોઇએ ? ના. શાસ્ત્રોનું અધ્યયન શરૂ કરવું જોઇએ ? સંસારની ક્ષણભંગુરતાનો સમ્યક વિચાર કરીને મનને પરમાત્મામાં પરોવી દેવું જોઇએ. સર્વ પ્રકારની લૌકિક લાલસાઓ, વાસનાઓ, કામનાઓ કે રસવૃત્તિઓનો પરિત્યાગ કરીને મનને વધારે ને વધારે નિર્મમ અને અનાસક્ત કરીને ઇશ્વરનું સ્મરણ, મનન અથવા આરાધન કરવું જોઇએ. મૃત્યુ સમયે ઇશ્વરની સ્મૃતિ ચાલુ રહે અને મન અન્ય નશ્વર પદાર્થમાં આસક્ત ના બને તેનું ધ્યાન રાખવું જોઇએ. જે અભયપદને પ્રાપ્ત કરવાની આકાંક્ષા રાખતા હોય તેમણે ભગવાનની લીલાઓનું શ્રવણ, મનન અને સંકીર્તન કરવું જોઇએ. એ જ માત્ર કલ્યાણકારક છે. શુકદેવજી પરીક્ષિતને એ જ ઉપદેશ આપે છે ને કહે છે :

तस्माद् भारत सर्वात्मा भगवान् हरिरीश्वरः ।
श्रोतव्यः कीर्तितव्यश्च स्मर्तव्यश्चेच्छताभयम् ॥
(દ્વિતીય સ્કંધ, અધ્યાય ૧, શ્લોક ૫)

જ્ઞાનનો, ભક્તિનો, તપનો, વ્રતનો તથા ધર્માનુષ્ઠાનનનો મુખ્ય લાભ એ જ છે કે જીવન ઇશ્વરપરાયણ બને. એટલા માટે જ એ સૌનો આધાર લેવામાં આવે છે. એ બધાનો આશ્રય લેવામાં આવ્યા પછી પણ માનવ સંસારના વિવિધ વિષયોમાં જ રત રહે અને ઇશ્વરનો વિશ્વાસ તથા પ્રેમ જગાવીને ઇશ્વરનો

બને, એનું મન ઇશ્વરમાં સ્થિરતા ના ધારણ કરે તો એ જ્ઞાન, ભક્તિ, તપ, વ્રત તેમજ ધર્માનુષ્ઠાનનો શો લાભ ? એનાથી શો ઉપયોગી હેતુ સરી શકે ?

☼ ☼ ☼ ☼ ☼

## [૨] જીવનની મંગલમયતા

ભગવાનના ગુણનું અથવા એમની અનંત મહિમામયી લીલાશક્તિનું ચિંતન, મનન, શ્રવણ કે સંકીર્તન સામાન્ય માનવોને માટે તો મંગલકારક છે જ પરંતુ ગુણાતીતાવસ્થા પર પહોંચેલા, ઇશ્વરના નિર્ગુણ નિરાકાર સ્વરૂપમાં સંલગ્ન, કૃતકામ ઋષિવરોને માટે પણ શાંતિકારક અને આનંદદાયક છે. એવા ધન્યાવસ્થાએ પહોંચેલા મહાપુરુષો પણ ભગવાનની લીલાઓના શ્રવણ તથા સંકીર્તનમાં રત રહે છે. માનવે પોતાના સમગ્ર જીવનકાળ દરમિયાન એવા શ્રવણ તથા સંકીર્તનમાં મગ્ન રહેવું જોઇએ.

જીવન છે જ એટલા માટે. ઇશ્વરનું અનુસંધાન સાધીને, ઇશ્વરનો વધારે ને વધારે સંબંધ બાંધીને, ઇશ્વરને ઓળખવા માટે, ઇશ્વરમય બનવા માટે અને બીજાને એક અથવા બીજી રીતે બનતા બધા જ પ્રમાણમાં ઉપયોગી થવા માટે, જે જીવન એ પ્રયોજનની પૂર્તિ માટે વપરાય છે તે જ ઉજ્જવળ, સફળ કે સાર્થક છે. બીજાં બધાં જીવન તો કેવળ મરણની નાનીમોટી આવૃત્તિ જ બની જાય છે. એમનું કોઇ વિશેષ ગૌરવ નથી ગણાતું.

શુકદેવજીનું જીવન એવું ઉજ્જવળ, સાર્થ, સર્વહિતકારી, સફળ જીવન હતું. એથી જ એ પોતાના શરણાગત પરીક્ષિત પર સહેજ અનુકંપાથી પ્રેરાઇને ધન્યતાની વૃષ્ટિ કરવા તૈયાર થયેલા.

શ્રીમદ્ ભાગવતનું શ્રવણ, મનન કે સંકીર્તન સર્વ પ્રકારે શ્રેયસ્કર છે. એ એક મહાયજ્ઞની ગરજ સારે છે. જીવંત કે જીવનના છેક જ કિનારા પર બેઠેલા મરણાસન્ન માનવોને માટે એ અમોઘ આશીર્વાદરૂપ છે. ત્રિતાપથી સંતપ્ત માનવોને એ શાશ્વત શાંતિ આપે છે. જે ભાગવતનો આધાર લે છે તેણે ભવસાગરનો સરળતાથી સુખપૂર્વક પાર કરાવી શકનારી મહાનૌકાનો આધાર લીધો એવું સમજી લેવાનું. એ એક એવી અમૃતમયી અકસીર ઔષધિ છે જે સઘળા દુઃખદર્દોનો અંત લાવે છે. પૃથ્વીના પ્રવાસમાં પિપાસાનું શમન કરનારી એ એક મહાપરબ છે. મહર્ષિ વ્યાસે માનવજાતિના મંગલને માટે એને તૈયાર કરી છે.

શ્રીમદ્ ભાગવતનું શરણ લેનાર છેવટે ભાગવતનું શરણ લેતો થઇ જાય છે ને ભગવાનનો બને છે. એના સરખું કલ્યાણકારક બીજું કશું જ નથી. એટલે તો ભક્તો, યોગીઓ, તપસ્વીઓ તથા જ્ઞાનીઓ સૌ કોઇ એનું શ્રવણ અને મનન કરવા તૈયાર રહે છે. એના સેવનથી વિવેક અને વૈરાગ્ય સહજ રીતે જ આવી મળે છે ને પરમાત્મા પ્રત્યેની શ્રદ્ધાભક્તિ સાચી ને સુદૃઢ બને છે. સંસારની ઇતર આસક્તિઓનો આપોઆપ અંત આવે છે. માયાનું શાસન હળવું બને છે, ને છેવટે પરિસમાપ્તિએ પહોંચે છે. શોક અને મોહનાં તાંડવનૃત્યો શમી જાય છે, ઇશ્વરની અનુભૂતિ સહજ બને છે, ને જીવન પ્રશાંતિ તથા મધુતાથી મઘમઘી ઊઠે છે. શુકદેવજી એનો મહિમા વર્ણવતા જણાવે છે કે આ ભાગવત વેદના જેવું જ પવિત્ર ને મંગલ છે. એનું શ્રવણ કરનાર ને શરણ લેનાર પણ જોતજોતામાં પવિત્ર ને મંગલ બની જાય છે. એની શક્તિ એવી અમોઘ અને અસાધારણ છે. એ ભગવદ્રૂપ છે.

જે એના પ્રત્યે શ્રદ્ધાભક્તિ રાખે છે તેનું મન ભગવાન કૃષ્ણનાં ચારુ ચરણોમાં તરત જ લાગી જાય છે અને અનન્ય પ્રેમથી પરિપ્લાવિત થાય છે. જેમને લૌકિક કે પારલૌકિક કોઇ પણ પ્રકારના પદાર્થની કામના હોય અથવા દુનિયાને દુઃખરૂપ માનીને જે એનાથી વિરક્ત બની ગયા હોય અને મોક્ષપદની પ્રાપ્તિની

મહત્વકાંક્ષા સેવતા હોય એવા સાધકો અથવા અસાધારણ આત્મજ્ઞાનીઓ પણ પોતાના ધ્યેયની પૂર્તિ તથા જીવનની ધન્યતાની અનુભૂતિ માટે ભગવાનનાં સુધાસભર નામોનું સંકીર્તન કરે એવો શાસ્ત્રોનો આદેશ છે. ભગવાનના નામોનું સંકીર્તન સૌને માટે સર્વ પ્રકારે શ્રેયસ્કર તથા શાંતિદાયક છે. જીવનની જે ક્ષણો એમાં વીતે છે તે સફળ થાય છે ને ધન્ય બને છે.

રાજર્ષિ ખટ્વાંગની જીવનકથા તો જાણીતી છે. એમને ખબર પડી કે પોતાના જીવનની બે ઘડી જ હવે બાકી રહી છે ત્યારે એમણે એ બે ઘડી દરમિયાન પણ સર્વ કાંઇ છોડી દીધું, આસક્તિના સમસ્ત અંકુરોને કાપી નાખ્યા, અને ભગવાનમાં મન જોડીને ભગવાનના અભય પદની પ્રાપ્તિ કરી. જીવનની બે તો શું પણ એક અથવા અડધી ઘડી પણ એવી રીતે નકામી નથી. એનો સદુપયોગ કરીને જીવનની ધન્યતાની પ્રાપ્તિ કરી શકાય છે. તમારા જીવનની શક્યતા પણ હજુ ઘણી મોટી છે. તમારી પાસે તો ઘણો સમય છે. સાત દિવસનો સમય કાંઇ નાનો સમય ના કહેવાય. એ સમયનો જો સદુપયોગ કરવામાં આવે તો એટલા સમયમાં ભગવદ્દભક્તિને વધારીને જીવનને કૃતાર્થ કરી શકાય એમાં શંકા નથી. સાત દિવસ તો શું પરંતુ સાત ઘડી હોય તો પણ જીવનના કલ્યાણને માટે પૂરતી છે.

મૃત્યુનો સમય સમીપ આવે ત્યારે અથવા એની પૂર્ણ માહિતી મળે ત્યારે બનતી શાંતિ રાખવી. એવે વખતે જરા પણ ડરવું, ગભરાવું કે બેચેન ના બનવું. વૈરાગ્યનો આશ્રય લઇને પરમાત્માના પરમપવિત્ર નામનો અથવા પ્રણવનો જપ કરવો. જપની મદદથી પરમાત્માનું ચિંતનમનન કરતાં પરમાત્માનાં સ્વરૂપમાં મનને પરોવી દેવું. ઇન્દ્રિયોને એમના વિષયોમાંથી હઠાવવાનો જપ કરવો. મન જો પૂર્વચિંતનના પરિણામે વિષયોમાં જાય તો પણ તેને પ્રયત્નપૂર્વક ત્યાંથી પાછું વાળવું ને પરમાત્મામાં જોડવું. કોઇ પણ દુન્યવી પદાર્થની આસક્તિ ના રાખવી કારણ કે આસક્તિ જ અધઃપતનનું કારણ થઇ પડે છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૩] પરમાત્માના સ્વરૂપનું ચિંતન અને ધ્યાન

પરમાત્માના પરમ ઐશ્વર્યથી અલંકૃત સ્વરૂપનું ચિંતન અને ધ્યાન પોતપોતાની પ્રકૃતિ, રુચિ અથવા પસંદગીને અનુસરીને કરી શકાય છે. એને માટે કોઇ એક જ પ્રકારનો સર્વસામાન્ય નિયમ નથી લાગુ પડતો. કોઇ પરમાત્માનું સાકાર ધ્યાન કરે છે તો કોઇ નિરાકાર. જેની જેવી અભિલાષા અને અભિરુચિ. કોઇ હૃદયપ્રદેશમાં ધ્યાન કરે છે તો કોઇ વળી ભ્રૂમધ્યમાં. કોઇ અંગુષ્ઠમાત્ર પુરુષનું હૃદયપ્રદેશમાં ધ્યાન કરે છે તો કોઇ બીજા સ્વરૂપનું. કોઇ ઇશ્વરના અવતારમાં પણ મનને કેન્દ્રિત કરીને આરાધનાનો અનેરો આનંદ અનુભવે છે. કોઇ કોઇ સાધકો ચતુર્ભુજ નારાયણના સ્વરૂપમાં પ્રાણને પરોવે છે. ભગવાનની ચાર ભુજાઓમાં શંખ, ચક્ર, ગદા તથા પદ્મને પેખે છે, ને ભાવના કરે છે કે જાણે એમનું મુખમંડળ સ્મિતથી શોભી રહ્યું છે. એમના અલૌકિક સ્વરૂપમાં અનોખી દીપ્તિ તથા શાંતિ છે.

પરમાત્માનું ધ્યાન કરતી વખતે કેટલાક સાધકો પરમાત્માનું સચ્ચિદાનંદ સ્વરૂપે ચિંતન કરે છે ને પોતાને એમના અંશ તરીકે સચ્ચિદાનંદરૂપે અનુભવે છે. પરમાત્મા સચ્ચિદાનંદ છે તો પોતે પણ સચ્ચિદાનંદરૂપ છે એમ સમજીને એવી ભાવનુભૂતિમાં ઓતપ્રોત બની જાય છે કે લીન થાય છે. એને પરિણામે પણ સ્થિરતા તથા પરમાત્મપરતાની પ્રાપ્તિ સહજ બને છે.

પરમાત્માના ચિતન, મનન ને ધ્યાનમગ્ન બનનાર તથા ભક્તિભાવથી સંપન્ન થનાર શોક, મોહ, ભય અને અશાંતિમાંથી મુક્તિ મેળવે છે. એનું જીવન સર્વે પ્રકારની કટુતામાંથી મુક્તિ મેળવીને મધુર બને છે. અંતકાળની વાત જવા દઇએ તો પણ પોતાના જીવનમાં જે આત્મવિકાસની સાધનાનો આધાર લે છે તે સાધક જેમજેમ આગળ વધે છે તેમતેમ એનું જીવન મધુમય થતું જાય છે. એનું મન મધુમય, એના ભાવો કે વિચારો મધુમય, એની વૃત્તિ. દૃષ્ટિ તથા વાણી મધુમય અને એનો વ્યવહાર પણ મધુમય. એની અંદર કોઇયે પ્રકારની કટુતા કે મલિનતા નથી રહેતી. પરમાત્મા પોતે મધુમય હોવાથી એમની પાસે પહોંચવાની પ્રવૃત્તિ કરનાર મધુમય બન્યા વિના રહી જ ના શકે. જો એ મધુમય ના બનતો હોય તો એની સાધના અધૂરી અથવા ત્રુટિપૂર્ણ છે એવું સમજી લેવું.

☼ ☼ ☼ ☼ ☼

## [૪] યોગીઓની ગતિ વિશે

ભાગવતના દ્વિતીય સ્કંધના દ્વિતીય અધ્યાયમાં યોગીઓની ગતિ તથા શક્તિ વિશે વર્ણવવામાં આવ્યું છે. એ વર્ણન પ્રમાણે યોગી પુરુષ પોતાના પાર્થિવ તનુનો પરિત્યાગ કરવાનો નિર્ણય કરે ત્યારે મનમાં દેશનો કે કાળનો વિચાર ના આવવા દે. પ્રકૃતિના બધા જ પદાર્થો અને વિષયોમાંથી મનને પાછું વાળીને કેવળ આત્મામાં જ સ્થિર કરવાનો પ્રયત્ન કરે. એ સઘળા લૌકિક સંકલ્પવિકલ્પોને શાંત કરીને આસન પર વિરાજમાન થાય તથા પ્રાણનો સંયમ સાધે. એની સાથે સાથે મન તથા બુદ્ધિને અંતરાત્મામાં લીન કરી દે. એ પછી અંતરાત્માને પરમાત્મામાં જોડી દે, અને પ્રશાંતિની પરમ પવિત્ર અવસ્થામાં સ્થિતિ કરે. યોગીની ધન્યતા એમાં જ રહેલી છે. એ અલૌકિક અવસ્થામાં તમોગુણ, રજોગુણ કે સત્વગુણ કશાનું અસ્તિત્વ નથી રહેતું. કેવળ પરમાત્મા જ શેષ રહે છે.

ચિત્તને વાસનારહિત તથા વિશુદ્ધ બનાવી ચૂકેલા, જિતેન્દ્રિય અને પરમાત્માપરાયણ યોગીએ એવી રીતે શરીરનો ત્યાગ કરવો. સૌથા પહેલાં પગની એડીથી ગુદાને દબાવીને સ્થિર થવું ને પ્રાણવાયુને ષટ્ચક્રભેદનની પદ્ધતિનો આધાર લઇને ઉપર લઇ જવો. નાભિપ્રદેશમાં આવેલા મણિપૂરકમાં રહેલા વાયુને હૃદયના અનાહતચક્રમાં, ત્યાંથી વિશુદ્ધચક્રમાં, પછી આજ્ઞાચક્રમાં ને છેવટે બ્રહ્મરંધ્રમાં સ્થાપિત કરવો. એ પછી બ્રહ્મરંધ્રનો ત્યાગ કરીને સ્થૂળ શરીરને છોડી દેવું. યોગીની ઇચ્છા બ્રહ્મલોકમાં જવાની, અષ્ટસિદ્ધિને પ્રાપ્ત કરીને સિદ્ધોની સાથે વિહરવાની, કે બ્રહ્માંડના કોઇયે પ્રદેશમાં પરિભ્રમણ કરવાની હોય તો એણે મન તથા ઇન્દ્રિયોને લઇને જ શરીરની બહાર નીકળવું. પરંતુ એવા પરિભ્રમણથી શો હેતું સરી શકે ? આદર્શ યોગી એની આકાંક્ષા નથી રાખતા.

એ ગતિ અથવા સાધના તો યોગીઓની થઇ, પરંતુ જે ચરણાનુરાગી ભક્ત છે તે જીવનના અંતકાળ વખતે શું કરે ? એમની સાધના કેવી હોય ? એમનો યોગ પવિત્ર પ્રેમભક્તિનો યોગ હોય છે. એટલે એ બીજા યોગની ચિંતા નથી કરતા. એમને ભક્તિયોગની શ્રેયસ્કર સાધના દ્વારા જરૂરી બધા જ ફળની પ્રાપ્તિ થાય છે. એ ઇશ્વરના સ્મરણ, મનન અને ધ્યાનમાં મનને એકાગ્ર કરે છે અને એ અવસ્થામાં જ શરીરને પરિત્યાગે છે. એમનું મન પહેલેથી જ ઇશ્વરપરાયણ હોવાથી એમની સદ્દગતિનો કોઇ સંશય નથી રહેતો. એમને તો પહેલેથી જ - અંતકાળ પહેલાંથી જ સદ્દગતિની પ્રાપ્તિ થઇ હોય છે. જીવનની છેલ્લી પળે એ મનને ઇશ્વરમાં જોડેલું રાખીને ઇશ્વરમાં મળી જાય છે. એવાં નિર્મળ મનના નિર્વાસનિક એકનિષ્ઠ ભક્તોને ઇશ્વર સિવાય બીજી કોઇયે વસ્તુની કામના નથી હોતી. એ ઇશ્વરને જ પોતાની એક માત્ર પરમગતિ માને છે.

શુકદેવજી પરીક્ષિતને સુંદર, સરળ, સારગર્ભિત શબ્દોમાં કહે છે કે જીવનનો મુખ્ય હેતું ભગવાન કૃષ્ણની અનન્ય પ્રેમમયી ભક્તિની પ્રાપ્તિનો છે. એના કરતાં શ્રેષ્ઠ કલ્યાણકારક સાધના બીજી કોઇ જ નથી. ધર્મનો સાર એ જ છે કે ભગવાન કૃષ્ણના ચારુ ચરણોમાં પ્રેમ થાય. જડચેતનાત્મક સમસ્ત જગતના રૂપમાં, એ જગતની અંદર અને બહાર વિરાજમાન છે. એટલા માટે મનુષ્યોએ એમનું જ સ્મરણ, મનન, સંકીર્તન તથા નિદિધ્યાસન કરવું જોઇએ.

ભગવાનની ભક્તિની પ્રાપ્તિ માટે કથાશ્રવણ તથા સંકીર્તન જેવું સુયોગ્ય સાધન બીજું કોઇ જ નથી. એ સાધનોની લ્હાણી શુકદેવજી જેવા પ્રાતઃસ્મરણીય સંતપુરુષો સદાય કરતા હોય છે. એમના અનુગ્રહથી જીવનમાં ભક્તિનો ઉદય થઇ શકે છે. કથાશ્રવણ, સંકીર્તન, સ્વાધ્યાય તથા સત્સંગથી વિષયોનો વિષમય પ્રભાવ દૂર થાય છે ને ભગવાનની સંનિધિનો સ્વાનુભવ સહજ બને છે.

ભાગવતના દ્વિતીય સ્કંધના ત્રીજા અધ્યાયની પરિસમાપ્તિ પહેલાં ભગવાનની કલ્યાણકારક કથાના શ્રવણમાં સ્વર્ગસુખથી પણ સવિશેષ સુખનો અનુભવ કરનારા સત્સંગપ્રેમી શૌનકના શબ્દો ખાસ નોંધવા જેવા છે. એ ભાગવતના સુંદર સાહિત્યભંડારના શાશ્વત શબ્દો છે. શૌનક કહે છે :

'જેનો સમય ભગવાન કૃષ્ણના ગુણગાનમાં, ગુણસંકીર્તન અને ગુણશ્રવણમાં વ્યતીત થાય છે એના સિવાય બીજા બધાનું જીવન વ્યર્થ છે. સૂર્યના ઉદય અને અસ્ત સાથે એમનું આયુષ્ય ઓછું થતું જાય છે. વૃક્ષો પણ જીવવાને ખાતર જીવે છે, લુહારની ધમણ શ્વાસ લે છે, અને જનાવરો પણ માનવની પેઠે ખાય છે, પીએ છે, ને મળમૂત્રનો ત્યાગ કરે છે. તો પછી માનવોમાં ને એમનામાં શો ફેર છે ? જેણે ભગવાન કૃષ્ણની સરસ કથાઓ કદી પણ નથી સાંભળી તેનું જીવન તદ્દન નિરર્થક છે.'

'મનુષ્યના જે કાન ભગવાન કૃષ્ણની કથાનું શ્રવણ કદી પણ નથી કરતા તે કાન દરના જેવા છે. જીભ જો ભગવાનની લીલાઓનું જયગાન ના કરતી હોય તો દેડકાની જીભ જેવી જાણી લેવી. તેવી જીભ તો ના હોય તો જ સારું. જે મસ્તક કદી ભગવાન કૃષ્ણના ચારુ ચરણોમાં નમતું કે ઢળતું નથી તે રેશમી વસ્ત્રોથી સુશોભિત અને મુકુટથી મંડિત હોય તો પણ બોજારૂપ છે એમ જ સમજી લેવું. જે હાથ ભગવાનની સેવાપૂજા નથી કરતા તે સોનાના કડાંથી શણગારેલા હોય તો પણ મડદાના હાથ બરાબર છે. જે આંખ ભગવાનની સંસ્મૃતિ કરાવનારી મૂર્તિ કે તીર્થસ્થાનનું દર્શન નથી કરતી તે આંખને મોરપંખમાં અંકિત આંખ જેવી નિરર્થક માની લેવી. જે પગ ચાલવાની શક્તિથી સંપન્ન હોવા છતાં પણ ભગવાનના લીલાસ્થોળોની કે તીર્થોની યાત્રા નથી કરતા તે સ્થાવર વૃક્ષોથી પણ નપાવટ છે,'

'ભગવાનના પરમપ્રેમી ભક્તોની કે સંતોની ચરણધુલિને જેણે પોતાના મસ્તક પર નથી ચઢાવી તે મનુષ્ય જીવંત હોવા છતાં મૃત જેવો છે. સૂતજી ! ભગવાનનાં મંગલમય નામોનું સ્મરણ, સંકીર્તન અથવા શ્રવણ કરવાથી જે પ્રેમથી પરિપ્લાવિત થઇને ભગવાન તરફ વહેવા ના માંડે તે હ્રદયને શું હ્રદયનું સુંદર અથવા સાર્થક નામ આપી શકાય ? કદી પણ નહિ. તેને હ્રદય કરતાં વજ્રના નામથી ઓળખીએ એ જ ઉચિત છે. ભગવાનના અદ્દભુત ગુણાનુવાદને લીધે હ્રદય પ્રેમથી પુલકિત તથા પરિપ્લાવિત થઇને પીગળી જાય છે. ત્યારે આંખમાંથી અશ્રુપાત થાય છે અને રોમેરોમમાં રોમાંચ. અંગ પ્રત્યંગમાં અસાધારણ આનંદનો અર્ણવ ઊછળવા લાગે છે.'

એક વાત અવશ્ય યાદ રાખવા જેવી અને સાચી છે કે સમસ્ત સંસારમાં ઇશ્વરનું દર્શન કરીને કે ઇશ્વરના મંગલ મહિમાને ભિન્નભિન્ન રીતે અનુભવીને જે પોતાના જીવનની સમગ્ર સામગ્રી તથા શક્તિ દ્વારા બીજાની સેવાનાં કે સમુન્નતિનાં સત્કર્મો કરે છે તેના પર ઇશ્વરના આશીર્વાદ ઉતરે છે. એમનું જીવન પણ સુખશાંતિથી સંપન્ન ને ધન્ય બને છે. એમના જીવનનાં એ સત્કર્મો સાધનારૂપ જ બની જાય છે. એવી સાધના

એમને અને અવરને માટે આશીર્વાદરૂપ ઠરે છે. એવી સાધનાની ઉપેક્ષા ના કરી શકાય અને એને નિરર્થક પણ ના કહેવાય.

સ્વનામધન્ય, પરમાત્મપરાયણ, પ્રાતઃસ્મરણીય, સંતશિરોમણિ શુકદેવજી સંસારનું પરમ મંગલ કરવામાં પ્રવૃત્ત હોવાથી પરીક્ષિતને નિમિત્ત બનાવીને પોતાનો સર્વહિતકર શાંતિદાયક સદ્ઉપદેશ સંભળાવી રહ્યા હતા ત્યારે ઉપદેશકનું જીવન ઉપદેશ સાથે ઓતપ્રોત હોય તો અધિક અસરકારક થઇ પડે છે. શુકદેવજી કેવળ ઉપદેશક નહોતા પરંતુ જીવન જીવનારા દૈવી જ્યોતિર્ધર હતા. ઉપદેશ તો ઇચ્છા કે અનિચ્છાએ આપવો પડે એવી અસાધારણ પરિસ્થિતિ એમને માટે આપોઆપ પેદા થયેલી. એ એને અનુકુળ થઇ રહેલા અને અનુભૂતિના આધાર પર બોલી રહેલા એટલું જ. એમના ઉદ્દગોશમાં એથી જ અસાધારણ શક્તિ પેદા થયેલી. જે કેવળ યાંત્રિક રીતે બોલવા ટેવાયેલાં હોય એમની અંદર એવી શક્તિ ના હોય. એ દૃષ્ટિએ શુકદેવજીનું સ્થાન ઘણું મહત્વનું છે. જીવનની આધ્યાત્મિક સમસ્યાઓનો સંતોષકારક ઉકેલ લાવીને એ મુક્તિ તથા પૂર્ણતાની અસાધારણ અવસ્થા પર પહોંચી ચૂક્યા હોવાથી એમની વાણી કેવળ વિદ્વાન કે પંડિતની વાણી નહોતી, જિજ્ઞાસુ કે સાધકની વાણી પણ નહોતી, પરંતુ પરમાત્માદર્શી, પરમાત્માનિષ્ઠ. સિદ્ધપુરુષની સ્વાનુભવાત્મક વાણી હતી. એ વાણી પરીક્ષિતનું કલ્યાણ કરવાની સાથે સાથે સમસ્ત માનવજાતિનું મંગલ કરવા માટે નિર્માયલી.

☼ ☼ ☼ ☼ ☼

## [૫] સૃષ્ટિ સંબંધી પ્રશ્ન

શુકદેવજીની સ્વાનુભવાત્મક સુધામયી વાણી કર્ણને પ્રિય લાગે તેવી તો હતી જ પરંતુ સાથે સાથે ગમે તેવા વિષયાસક્ત કે અજ્ઞાની પુરુષોને પણ પ્રજ્ઞાનો પવિત્રતમ પ્રકાશ પહોંચાડવાની શક્તિથી સંપન્ન હતી. એ વાણી અમોઘ હતી. પરીક્ષિતના સંસ્કારો પ્રથમથી જ સારા હોવાથી અને અણીના વખતે શુકદેવજી સરખા સંતપુરુષનો સમાગમ અને અનુગ્રહ સાંપડવાંથી એમની વૃત્તિ વિશદ બની ગઇ. એમણે ભગવાન કૃષ્ણના ચરણારવિંદમાં પોતાના મનને જોડી દીધું. મનમાં પાર્થિવ પદાર્થોની જે થોડી ઘણી મમતા હતી તે શુકદેવજીના દૈવી દર્શનથી ને અદ્દભુત વચનશ્રવણથી સ્વલ્પ સમયમાં જ અને સહજ રીતે જ દૂર થઇ ગઇ. એમને મૃત્યુના સમયનું નિશ્ચિત જ્ઞાન તો હતું જ એટલે એમનો આગળનો રસ્તો વિશેષ સરળ બની શક્યો. એમણે સઘળી લૌકિક-પારલોકિક ઇચ્છાઓનો ને વાસનાઓનો ત્યાગ કરીને પોતાની બુદ્ધિને ભગવાનમાં સ્થિર કરી. એમના જીવનની ધન્યતાનું દ્વાર એમની આગળ ખુલ્લું થયું.

ભાગવતનો મુખ્ય હેતુ અહીં પૂરો થઇ ગયો. પરીક્ષિતને પોતાના જીવનકલ્યાણ વિષયક પ્રશ્નોના પ્રત્યુત્તરો ખૂબ જ સંતોષકારક રીતે મળી ગયા. એ વિશે એમને કોઇ શંકા ના રહી. હવે ભાગવતના વિસ્તારનું કોઇ વિશિષ્ટ પ્રયોજન ના રહ્યું. પરંતુ એવું તો શ્રીમદ્દ ભગવદ્દગીતાના સંબંધમાં પણ ક્યા નહોતું ? ગીતામાં પણ બીજા અધ્યાયની સુખદ પરિસમાપ્તિ પછી અર્જુનની મૂળભૂત સમસ્યાઓનો ઉકેલ સુચારુરુપે અપાઇ ગયેલો. એ પછી એને આગળ વધારવાનું કોઇ ખાસ કારણ નહોતું રહ્યું. એની પૂર્ણાહુતિ ત્યાં જ થઇ હોત તો કશું ખોટું ન હતું. બહુ બહુ તો એને અધિક રસમય બનાવવા માટે અઢારમાં અધ્યાયના પેલા શ્લોકોને જોડી શકાત જેમાં ભગવાન અર્જુનને પૂછે છે કે હે પાર્થ, મારા શબ્દોને તેં એકાગ્રચિત્તે સાંભળ્યા કે ના સાંભળ્યા ? અને એને પરિણામે તારો અજ્ઞાનમૂલક મોહ મટ્યો કે ના મટ્યો ? અને એના અનુસંધાનમાં નીકળેલા અર્જુનના સંશય તથા મોહની નિવૃત્તિના પેલા પ્રતીતિપૂર્ણ ઉત્તમ ઉદ્દગારોને સમાવતો શ્લોક-ગીતાના અઢારમા અધ્યાયનો ૭૩મો શ્લોક. એટલામાં ગીતાનું બાહ્ય ક્લેવર પૂરું થાત. પરંતુ ત્રીજા અધ્યાયના આરંભમાં અને પછી પણ અવારનવાર અર્જુને બીજી જુદી જુદી જાતની જિજ્ઞાસા રજૂ કરી, અને એના પરિણામે ગીતાનું કદ વધતું ગયું. એ કદવિસ્તાર ખરેખર આવશ્યક હતો કે ગીતાકારે એને આવશ્યક માનીને એનો આધાર લીધો એ અલગ વાત છે, પરંતુ એવું જ ભાગવતના સંબંધમાં સમજવાનું છે. ભાગવતના દ્વિતીય સ્કંધના ચતુર્થ અધ્યાયના ચતુર્થ શ્લોક આગળ ભાગવતની કામચલાઉ પરિસમાપ્તિ કરી શકાઇ હોત પરંતુ પરીક્ષિતની જિજ્ઞાસા હજુ સંપૂર્ણપણે શાંત નહોતી થઇ. એટલે તો એમણે પ્રશ્ન પૂછવાનો પ્રારંભ કર્યો. એને લક્ષમાં લઇને સંતોષકારક પ્રત્યુત્તર આપવાનું આવશ્યક હતું. એવી જિજ્ઞાસાવૃત્તિના ફણગા એ પછી અનેકવાર અને અનેક રીતે ફૂટતા જ રહ્યા. ભાગવતનો કદવિસ્તાર એને લીધે અનિવાર્ય રીતે વધી પડ્યો.

એક બીજી હકીકત પણ એટલી જ અગત્યની છે. તે એ કે પરીક્ષિતે પોતાના મનને ઇશ્વરમાં જોડી દીધેલું હોવાં છતાં હજુ એ સંપૂર્ણ સ્થિરતાથી જોડાયલું એવું ના કહી શકાય. એમને ઇશ્વરનો સાક્ષાત્કાર નહોતો થયો અને જીવનમુક્તિનો મહામૂલ્યવાન અલૌકિક આનંદ પણ હજુ દૂર હતો. એ પૂર્ણાવસ્થામાં પ્રતિષ્ઠિત નહોતા થઇ શક્યા. સાધનાની ભૂમિકા બૌદ્ધિક રીતે બંધાઇ ચૂકેલી તો પણ એની ઉપર કૃતકૃત્યતાની અણિશુદ્ધ,

ઇમારત રચાવાની વાર હતી. એમાં મદદ મળે તે માટે ઇશ્વરના અવતારોનાં લીલાચરિત્રો અને ખાસ કરીને ભગવાન કૃષ્ણની જીવનલીલા તથા જ્ઞાન-વિજ્ઞાન-ભક્તિ તેમ જ યોગની રહસ્યમય કથાઓને કહી બતાવવાની અનિવાર્ય આવશ્યકતા હતી. એને લીધે જ ભાગવતની ભાગીરથીનો પુનિત પ્રવાહ અવનવા ઓવારા અને એમની ઉપરનાં તારક તીર્થોનું નિર્માણ કરતો આગળ ચાલ્યો. પરીક્ષિતની પેઠે સમસ્ત માનવજાતિને માટે એ મંગલમય અથવા ઉપકારક થઇ પડ્યો.

દ્વિતીય સ્કંધના આરંભમાં જ પરીક્ષિતે પૂછયું :

પરમાત્મસ્વરૂપ શુકદેવ ! તમે સર્વજ્ઞ અને પરમપવિત્ર હોવાથી તમારાં વચનો વાસ્તવિક છે. તમે જેમ જેમ ભગવાનની લીલાની કે મહિમાની કથા કહેતા જાઓ છો તેમ તેમ મારી અવિદ્યાનો અંત આવતો જાય છે. મને જાણવાની ફરી પણ ઇચ્છા થાય છે કે, પોતાની માયાના પ્રભાવથી ભગવાન આ સંસારની રચના કેવી રીતે કરે છે ? સંસારની રચના એટલી બધી તો રહસ્યમય છે કે એના સંબંધમાં બ્રહ્મા જેવા મોટા મોટા દેવતાઓ પણ ભૂલ કરી બેસે છે કે ભ્રાંતિમાં પડે છે. ભગવાન આ અનંત બ્રહ્માંડની રચના અને એનો સંહાર શી રીતે કરે છે ? એ બધું એ કયી વિશિષ્ટ શક્તિઓનો આધાર લઇને કરતા હોય છે ? એમની લીલાઓ અનંત, અચિંત્ય અને અદ્દભુત હોય છે. એમને સમજવાનું કાર્ય મોટા મોટા, વિલક્ષણ વિદ્વત્તાવાળા વિદ્વાનોને માટે મુશ્કેલ હોય છે. તમારા સરખા કોઇક સ્વાનુભૂતિસંપન્ન વિરલ પુરુષવિશેષ જ એમના ગૂઢ રહસ્યને સમજી તથા સમજાવી શકે. તમે વેદ તથા બ્રહ્મતત્વ-શાસ્ત્રાધી તથા સ્વાનુભૂતિ બંનેમાં પૂર્ણ હોવાથી મારી શંકાનું અથવા જિજ્ઞાસાવૃત્તિનું સમાધાન સારી રીતે કરી શકશો એવા અચળ વિશ્વાસથી પ્રેરાઇને આ પ્રશ્ન પૂછી રહ્યો છું.

પરીક્ષિતને જેવા પ્રશ્નો ઊઠયા તેવા પ્રશ્નો આજે પણ કેટલાયના મનમાં પેદા થાય છે. આજે પણ માનવમનને એ સમસ્યાઓ સતાવે છે. એમના સમ્યક્ સમાધાન માટે એ પ્રયત્નો આદરે છે. સૃષ્ટિના રહસ્યોનું ઉદ્દઘાટન કરવાના ક્ષેત્રમાં વિજ્ઞાન પણ પોતાની આગવી રીતે આગેકૂચ કરી રહ્યું છે. શુકદેવજીએ આપેલા પરીક્ષિતના પ્રશ્નોના પ્રત્યુત્તરો એ દિશામાં પ્રેરક છે. એ સંબંધી એમની આગવી અને મૌલિક દૃષ્ટિ છે.

સૌથી પહેલાં તો શુકદેવજીએ પરમાત્માને પ્રાર્થના કરી. એ પ્રાર્થના અત્યંત ભાવમય, રોચક અને ભક્તિરસ ભરપુર છે. એમના એ સરસ પ્રાર્થના દ્વારા પ્રાદુર્ભાવ પામેલા કેટલાક ઉદ્દગારો આ રહ્યા :

'એ પરમપુરુષ પુરુષોત્તમ તરીકે પ્રખ્યાત પરમાત્માને હું પુનઃપુનઃ પ્રણામ કરું છું જે સંસારની ઉત્પત્તિ, સ્થિતિ તથા પ્રલયની ચિત્રવિચિત્ર લીલા કરવા માટે સત્વ, રજ અને તમોગુણની ત્રિવિધ શક્તિથી બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશનું રૂપ ધારણ કરે છે, જુદાં જુદા પ્રાણીઓના ચર અને અચરના અંતરાત્મારૂપે વસે છે, તથા જેમના રહસ્યને બુદ્ધિ દ્વારા નથી જાણી શકાતું. એ સ્વયં અનંત છે અને એમનો મહિમા પણ અનંતા છે.

વળી વારંવાર પ્રેમપૂર્વક એમને પણ પ્રણામ કરું છું જે સત્પુરુષો કે શરણાગતોના સંકટોને શાંત કરીને એમની ઉપર પોતાના અલૌકિક અનુગ્રહનો વરસાદ વરસાવે છે અને દુષ્ટોનું દમન કરે છે. ચરાચર

જગત એમના મહિમાનું પ્રતીક છે. એ સૌની અંદર, સૌના રૂપમાં રહેલાં છે. પરમહંસ આશ્રમમાં રહેનારા પુરુષોને જે અભીષ્ટ વસ્તુ આપીને કૃતાર્થ કરે છે તેમને મારા પ્રણામ છે.

જેમનું સંકીર્તન, સ્મરણ, દર્શન, વંદન, શ્રવણ અને આરાધન મનુષ્યોના પાપોને ધોઇ નાખે છે ને સૌને દોષમુક્ત કરે છે, જેમનો વધારે કે ઓછો આશ્રય લેનાર કદી દોષિત કે પાપી રહી શક્તો નથી, તે મંગલમય કીર્તિવાળા ભગવાનને પ્રણામ છે.

વિવેકી કે વિચક્ષણ મહાપુરુષો જેમના ચરણકમળનું શરણ લઇને અંતરાત્મામાંથી આ લોક અને પરલોકની આસક્તિનો અંત આણે છે અને અનાયાસે બ્રહ્મપદની પ્રાપ્તિ કરે છે એ મંગલમય કીર્તિવાળા ભગવાનને પ્રેમપૂર્વક પ્રણામ છે.

તે ભગવાન જ્ઞાનીઓના આત્મા છે, ભક્તોના સ્વામી છે, વેદમય તથા ધર્મમય ને તપોમય છે. બ્રહ્મા તથા શંકર જેવા મોટા મોટા દેવતાઓ પણ એમના શુદ્ધ સ્વરૂપનું શુદ્ધ હૃદયથી ચિંતન અને નિદિધ્યાસન કરે છે તેમ જ એમને આશ્ચર્યચકિત થઇને જુએ છે. તે ભગવાન મારી ઉપર પ્રસન્ન થાવ.'

ભાગવતના વિશાળ સાહિત્ય ભંડારમાંથી પ્રાર્થનાના જે અસંખ્ય શ્લોકો જોવા મળે છે એમાં આ શ્લોકોનું પોતાનું આગવું સ્થાન છે. એની અંદર જે અસાધારણ અર્થગાંભીર્ય, અદ્દભુત પદલાલિત્ય, સરળતા, સરસતા અને સચોટતા છે એ અવર્ણનીય છે. અંતઃકરણને એ ઊંડી અને અનોખી અસર કરી જાય છે. એ શ્લોકોનું પારાયણ કરતાં દિલ ડોલી ઊઠે છે. એમની સાત્વિકતાની આપણા પર અમીટ છાપ પડે છે.

પ્રાર્થનાના એ શ્લોકોની પૂર્ણાહુતિ મહર્ષિ વ્યાસને ઉદ્દેશીને કહેવાયલા એક સુંદર શ્લોકથી થાય છે. એ શ્લોક મહર્ષિ વ્યાસે પોતે પોતાની પ્રશસ્તિરૂપે રચેલો નહિ જ હોય પરંતુ સ્વનામધન્ય શુકદેવે કહ્યો હશે એ તો સહેલાઇથી સમજી શકાય એવું છે. એ સવિશેષ ચિત્તાકર્ષક અને ઉલ્લેખનીય તો એટલા માટે છે કે પ્રાચીન સાહિત્યમાં મહર્ષિ વ્યાસની પ્રશસ્તિના જેટલા શ્લોકો છે એમાં એનાથી એકનો મહત્વનો ઉમેરો થાય છે. એ શ્લોક અત્યંત ભાવભરપુર ભાષામાં કહે છે કે મહાત્મા પુરુષો જેમના મનહર મુખારવિંદમાંથી મકરંદ સમાન ઝરતી જ્ઞાનસુધાનું નિરંતર પાન કરે છે તે પરમ તેજસ્વી ભગવાન વ્યાસના શ્રીચરણે હું પુનઃપુનઃ પ્રણામ કરું છું. એ સુંદર મૂળ શ્લોક આ રહ્યો :

नमस्तस्मै भगवते व्यासायामिततेजसे ।
पपुर्ज्ञानमयं सौभ्या यन्मुखाम्बुरुहासवम् ॥
(અધ્યાય ૪, શ્લોક ૨૪)

☼ ☼ ☼ ☼ ☼

## [૬] પ્રશ્નનો પ્રત્યુત્તર

શુકદેવજીએ પરીક્ષિતના પ્રશ્નના પ્રત્યુત્તરરૂપે જે કાંઇ કહ્યું છે તે ખૂબ જ મનનીય છે. એનો સારવિચાર આપણને જ્ઞાન તથા આનંદ બંને આપશે. એને શાંતિપૂર્વક સમજવા માટે આપણા પોતાના વ્યક્તિગત જીવનની સૃષ્ટિ કેવી રીતે થાય છે તે જાણી લઇએ તો ઘણી મદદ મળશે. નિદ્રા આપણા જીવનમાં નિત્યપ્રતિ થનારો નાનકડો છતાં નિયમિત પ્રલય છે. એમાંથી કેવી રીતે જાગૃત થવાય છે અને જે સૃષ્ટિ લગભગ વિલીન થઇ ગઇ હોય છે એનો આરંભ કેટલી બધી લાક્ષણિક રીતે થાય છે તેની કલ્પના કરવા જેવી છે. એ કલ્પના ખૂબ જ પ્રેરક થઇ પડશે.

નિદ્રામાંથી સૌથી પહેલું કોણ જાગે છે ? મન જાગે છે. પરંતુ મન પરિપૂર્ણપણે જાગે તેની પહેલાં એના આધારે રહેનારી અસ્મિતા અથવા અહંભાવના જાગે છે. એ આપણી જીવનસૃષ્ટિનો પ્રથમ પ્રાદુર્ભાવ છે. આત્માની વિરાટ ચેતનામાંથી સૌથી પહેલાં અહંવૃત્તિનું સ્ફુરણ થાય છે.

એ પછી શું થાય છે ? પછી 'મમ' વૃત્તિ જાગે છે ને જણાય છે કે આ શરીર મારું છે. એટલે કે દેહભાન પેદા થાય છે. એ પછી એ વૃત્તિ વિકસે છે અને શય્યાની, ખંડની, મકાનની અને પછી બહારની દુનિયાની માહિતી મળે છે. એવી રીતે સંસારનો અનુભવ સહજ બને છે.

નિદ્રાધીન થતી વખતે પણ એવું જ થાય છે ને ? એ વખતનો ક્રમ એથી ઉલટો હોય છે એટલું જ. સૌથી પહેલાં બાહ્ય જગતમાંથી મન ઉપરામ થાય છે. અથવા પાછું વળે છે, એ પછી શયનખંડમાં કે શય્યામાં અને પોતાના શરીરમાં કેન્દ્રિત થાય છે, અને છેવટે શરીરભાન ભૂલીને નિદ્રાવસ્થામાં ડૂબી જાય છે. એ વખતે અહંવૃત્તિનો સર્વથા લોપ થઇ જાય છે.

અહંવૃત્તિની ઉપર એવી રીતે મનુષ્યની વ્યક્તિગત દુનિયાનો ઘણો મોટો આધાર છે. જીવન અને જગતના અનુભવને માટે આત્માનું અસ્તિત્વ તો અનિવાર્ય છે જ એના વિના તો કશું કામ થઇ શકતું જ નથી, પરંતુ મનની અને એની અંદરની અહંતાની પણ આવશ્યકતા હોય છે. એ સૌના સંયુક્ત સહયોગથી જ બધું બની શકે છે. કબીર સાહેબે એ માટે જ જણાવ્યું છે કે ' કહત કબીર સુનો ભાઇ સાધો, આપ મુવે ફિર ડૂબ ગઇ દુનિયા.'

ભાગવત પણ એવી જ રીતે સમજાવતાં કહે છે કે ભગવાને એકથી અનેક થવાની ઇચ્છાથી પ્રેરાઇને પોતાના સ્વરૂપમાં સ્વયં પ્રાપ્ત કાળ, કર્મ અને સ્વભાવનો સ્વીકાર કર્યો. ભગવાનની શક્તિથી કાળે ત્રણે ગુણોમાં ક્ષોભ પેદા કર્યો, સ્વભાવે એનું રૂપાંતર કર્યું, અને કર્મે મહત્તત્વને જન્મ આપ્યો. પછી રજોગુણ તથા તમોગુણની વૃદ્ધિ થવાથી મહત્તત્વનો જે વિકાર થયો એને લીધે જ્ઞાન, ક્રિયા તથા દ્રવ્યરૂપ તમઃપ્રધાન અહંકાર બન્યો. એ અહંકાર પણ વિકારવશ થઇને ત્રણ પ્રકારનો થઇ ગયોઃ વૈકારિક, તૈજસ અને તામસ. તામસ અહંકારમાં વિકાર થવાથી એમાંથી આકાશનો આવિર્ભાવ થયો. એની તન્માત્રા અને એનો ગુણ શબ્દ છે. આકાશમાંથી વિકાર થવાથી તેમાંથી વાયુની, વાયુમાંથી તેજની, તેજમાંથી જળની ને જળમાંથી પૃથ્વીની ઉત્પત્તિ થઇ. એ ચારમાં અનુક્રમે સ્પર્શ, રૂપ, રસ તથા ગંધના ગુણો રહેલા છે. વૈકારિક અહંકારથી મનની

અને ઇન્દ્રિયોના દસ અધિષ્ઠાતા દેવતાઓની ઉત્પત્તિ થઇ. એ દેવતાઓ દિશા, વાયુ, સૂર્ય, વરુણ, અશ્વિનીકુમાર, અગ્નિ, ઇન્દ્ર, વિષ્ણુ, મિત્ર ને પ્રજાપતિ છે.

તૈજસ અહંકારના વિકારથી આંખ, કાન, નાક, જીભ અને ચામડી પાંચ જ્ઞાનેન્દ્રિયો અને વાણી, હાથ, પગ, ગુદા તથા ઉપસ્થ પાંચ કર્મેન્દ્રિયો પેદા થઇ. એ ઉપરાંત જ્ઞાનશક્તિરૂપ બુદ્ધિનો અને ક્રિયાશક્તિરૂપ પ્રાણનો પણ તૈજસ અહંકારથી આવિર્ભાવ થયો.

પંચમહાભૂત, ઇન્દ્રિયો, મન તથા સત્વાદિ ત્રણે ગુણો પરસ્પર જોડાયેલા નહોતા ત્યારે શરીરની સૃષ્ટિનો સંભવ નહોતો. ભગવાનની વિરાટ, અચિંત્ય અસાધારણ શક્તિથી પ્રેરાઇને એ તત્વો એકમેકની સાથે મળી ગયાં અને એમણે પારસ્પરિક કાર્ય કારણ ભાવનો સ્વીકાર કરીને પિંડ તથા બ્રહ્માંડની રચના કરી.

એવી રીતે સૃષ્ટિના સર્જનની પ્રક્રિયા પાછળ પરમાત્માની પરમશક્તિ જ એક અથવા બીજા રીતે કાર્ય કરી રહી છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૭] ભગવાનના લીલાવતાર

ભાગવતના દ્વિતીય સ્કંધના સાતમા અધ્યાયમાં મહીમંડળના મંગલને માટે થયેલા કેટલાક પવિત્ર ને પ્રધાન લીલાવતારોનું વર્ણન કરવામાં આવ્યું છે. એમનો ઉલ્લેખ સંક્ષેપમાં કરી લઇએ.

પ્રલયના અગાધ પાણીમાં ડૂબેલું પૃથ્વીનું પરિત્રાણ કરવા માટે ભગવાને વરાહ શરીર ધારણ કરેલું. પૃથ્વીને એ પાણીમાંથી બહાર કાઢી રહેલા ત્યારે હિરણ્યાક્ષ પાણીની અંદરથી એમની સાથે લડવા માટે આવી પહોંચ્યો. વરાહ ભગવાને પોતાની મજબુત દાઢોની મદદથી એનો નાશ કર્યો.

પછી ભગવાને રુચિ નામના પ્રજાપતિની પત્ની આકૂતિના ઉદરથી સુયજ્ઞના રૂપમાં અવતાર લીધો. એ અવતારમાં એમણે ત્રિલોકનાં દુઃખોને દૂર કર્યાં. એને લીધે એ હરિનામથી ઓળખાયા.

એ પછી કર્દમ પ્રજાપતિ તથા દેવહૂતિના પુત્ર કપિલરૂપે એમનો અવતાર થયો. એ અવતારમાં એમણે માતા દેવહૂતિને અદ્દભુત આત્મજ્ઞાનનો ઉપદેશ આપ્યો. એના પ્રભાવથી દેવહૂતિ પોતાની મમતાનો તથા આસક્તિનો અંત આણીને સચ્ચિદાનંદસ્વરૂપ પરમાત્માના વાસ્તવિક સ્વરૂપની પ્રાપ્તિ કરી શકી.

અત્રિ તથા અનસૂયાને ત્યાં પ્રાદુર્ભાવ પામેલા ભગવાન દત્તાત્રેયને કોણ નથી જાણતું ? એ પણ ભગવાનના લીલાવતાર હતા. એમની પવિત્ર પદરજને મસ્તક પર ચઢાવીને મહારાજા યદુ તથા સહસ્ત્રાર્જુન જેવા કેટલાયે ભુક્તિની તથા મુક્તિની પ્રાપ્તિ કરેલી.

જ્ઞાનના સાકાર સ્વરૂપ જેવા, વ્યાધિ વૃદ્ધાવસ્થા તથા મૃત્યુથી રહિત, અવનીના અસાધારણ આશ્ચર્યરૂપ ચાર ઋષિકુમારો-સનક, સનંદન, સનાતન તથા સનત્કુમારરૂપે એ જ ભગવાનનો અવતાર થયો. એમણે આત્મજ્ઞાનથી વંચિત બનેલા ઋષિઓને જે અદ્દભુત આત્મજ્ઞાનનો ઉપદેશ આપ્યો એથી એ પરમતત્વનો સહેલાઇથી સાક્ષાત્કાર કરી શક્યા.

ભગવાનનો બીજો અવતાર નરનારાયણરૂપે થયો. ધર્મની પત્ની દક્ષકન્યા મૂર્તિના ઉદરથી. એ અવતારમાં એમણે કરેલી તપશ્ચર્યા અત્યંત અસાધારણ હતી. એવી તપશ્ચર્યા બીજા કોઇએ નથી કરી. ઇન્દ્રે મોકલેલી કામદેવ અને અપ્સરાઓ સાથેની સમસ્ત સેના એમની આગળ નિરર્થક અથવા નિષ્પ્રભાવ બની ગઇ. મોટા મોટા મુનિઓ પણ જે કામ ક્રોધના પ્રભાવમાં પડીને ચંચળ બની જાય છે તે કામ ક્રોધમાંથી એમણે કાયમને માટે મુક્તિ મેળવેલી.

રાજા ઉત્તાનપાદને ત્યાં માતા સુનીતિના ઉદરમાંથી જન્મેલા ધ્રુવને સાવકી માતા સુરુચિએ જે કટુ વચનો કહ્યાં તેથી પ્રેરાઇને એ તપ કરવા માટે વનમાં ગયા. એમનાં તપથી પ્રસન્ન થયેલા ભગવાને એમને અચળ રાજ્યનું તથા ધ્રુવપદનું વરદાન આપ્યું. એ વખતે પણ ભગવાનનો અલૌકિક લીલાવતાર થયેલો.

ભગવાનનો બીજો વિશેષ અવતાર મહારાજા પૃથુના રૂપે થયો. એ પછી મહારાજા નાભિની પત્ની સુદેવીના ઉદરથી એમનો ભગવાન ઋષભદેવના રૂપમાં અવતાર થયો. એ અવતાર દરમિયાન એમણે સમસ્ત આસક્તિઓથી રહિત બનીને, મન તથા ઇન્દ્રિયો પર વિજય કરીને, સ્વરૂપનિષ્ઠ થઇ સમદર્શીપણાને કાયમ રાખીને સાધનાનો આધાર લીધો.

એ પછી એમનો હયગ્રીવના રૂપમાં અવતાર થયો. એ વખતે એમનું સ્વરૂપ સ્વર્ણસમાન ચળકતું તથા સુંદર હતું. ભગવાને મત્સ્યરૂપે પણ અવતાર લીધો.

એ પછી દેવો તથા દાનવો અમૃતપ્રાપ્તિની અપેક્ષાથી સમુદ્રમંથન કરી રહેલા ત્યારે એમણે કચ્છપનું રૂપ લઇને પોતાની પીઠ પર મંદરાચલને ધારણ કર્યો.

પ્રહ્લાદની રક્ષા માટે એ પછી ભગવાને નૃસિંહરૂપને ધારણ કર્યું. એ રૂપ ખૂબ જ ભયંકર હતું. એમને જોતાંવેંત જ હિરણ્યકશિપુ એમની ઉપર ગદા લઇને તૂટી પડ્યો. પરંતુ ભગવાન નૃસિંહે એનો એક ક્ષણમાં જ નાશ કર્યો.

એ પછી ભગવાનનો ગજેન્દ્રાવતાર થયો. વિશાળ સરોવરમાં મગરે ગજેન્દ્રનો પગ પકડયો. ગજેન્દ્રે ગભરાઇને ભગવાનને પોતાની મુક્તિને માટે પ્રાર્થના કરી તેને લક્ષમાં લઇને ભગવાન ગરુડ પર ચઢીને ત્યાં આવી પહોંચ્યા. એમણે ક્ષણવારમાં ગજેન્દ્રનો ઉદ્ધાર કર્યો.

વામનાવતારમાં એમણે બલિના યજ્ઞમાં ઉપસ્થિત થઇને કેવળ ત્રણ પગલાં જમીનની માગણી કરીને પોતાની અસાધારણ શક્તિથી સમસ્ત સૃષ્ટિને માપીને પોતાના લોકોત્તર પ્રભાવનો પરિચય કરાવ્યો અને બલિની શ્રદ્ધા ભક્તિને નિહાળીને એને ઉત્તમ ગતિ પ્રદાન કરી.

ભગવાનનો હંસાવતાર પણ એવો જ પ્રસિદ્ધ છે. એ અવતારમાં ભગવાને દેવર્ષિ નારદના પ્રખર પ્રેમભાવથી પ્રસન્ન થઇને એમની આગળ યોગ, જ્ઞાન અને આત્મતત્વને પ્રકટ કરવાવાળા ભાગવતધર્મના રહસ્યનું ઉદ્દઘાટન કર્યું. એ જ ભગવાને મહારાજા મનુના રૂપમાં અવતાર લઇને આદર્શ રાજ્યશાસનની મર્યાદાની પ્રસ્થાપના કરી. એ મર્યાદાના પડછંદાઓ મનુસ્મૃતિમાં પડેલા છે.

આયુર્વેદાચાર્ય ભગવાન ધન્વન્તરિના રૂપમાં પણ ભગવાનનું આ પાર્થિવ પૃથ્વી પર પ્રાકટ્ય થયું. એમની અંદર મોટા મોટા વ્યાધિઓનો નાશ કરવાની સહજ શક્તિ હતી. એમણે દેવોને અમૃતપાન કરાવીને અમર કર્યા.

ભગવાનનો બીજો અવતાર પરશુરામરૂપે થયેલો. એ ઉપરાંત એમનો રામાવતાર થયો. એ અવતારમાં એમણે ધર્મ અને નીતિની મર્યાદાની સ્થાપના કરી એટલા માટે એ મર્યાદા પુરુષોત્તમ કહેવાયા.

એ પછી ભગવાનનો કૃષ્ણાવતાર થયો. એ પૂર્ણાવતાર કહેવાય. જીવનનું કોઇ અંગ એવું નહોતું જેમાં એમણે રસ ના લીધો હોય. એમનું જીવન સર્વાંગીણ હતું. એમની શક્તિ અત્યંત અસાધારણ હતી અને એમનું જ્ઞાન અનંત હતું. પ્રેમના તો એ જાણે પરિપૂર્ણ પ્રતીક હતા. એમનું સ્થાન ભગવાન રામની જેમ જનહૃદયમાં આજે પણ કાયમ છે. એમની પ્રેરણા આજે પણ પુરાતન નથી થઇ કે પરિસમાપ્તિ પર નથી પહોંચી. જનસમાજને એ જુદી જુદી રીતે પોતાની પ્રેરણા પાયા જ કરે છે. એમણે ઉપદેશેલી ગીતા પૂર્ણ, મુક્ત કે સફળ જીવનની પ્રેરણા પાતી આજે પણ અનેક આત્માઓને એની આગવી રીતે આકર્ષે છે અને ઉપયોગી ઠરે છે. ભગવાન કૃષ્ણનું મહત્વ ભાગવતકારને મન એટલું બધું છે કે એમની જીવનકથાનું વિવરણ બનતી વિશદ રીતે ભાગવતના દસમ સ્કંધમાં કરવામાં આવ્યું છે. ભાગવતનો દસમો સ્કંધ એને માટે જ અલગ રાખવામાં આવ્યો છે.

મહર્ષિ વ્યાસના રૂપમાં પૃથ્વી પર પ્રકટ થઇને ભગવાને લોકકલ્યાણની ઉદાત્ત ભાવનાથી પ્રેરાઇને વેદના વિભાગો કર્યા ને ધર્મના, તત્વજ્ઞાનના ને જીવનવિકાસની સાધનાના સમુચિત અને સારગ્રાહી સંદેશનો પ્રતિઘોષ પાડતા મંગલમય મહાગ્રંથોનું નિર્માણ કર્યું.

ભગવાન બુદ્ધ અને કલ્કિના આવતારોનો ઉલ્લેખ પણ બીજા અવતારોની સૂચિમાં કરવામાં આવ્યો છે. એ બધા અવતારોના અથવા એમાંથી કોઇ પણ એક અથવા અધિક અવતારનો વિચાર કરીને માનવ વધારે ને વધારે વિશુધ્ધ, ઉદાત્ત અથવા ઇશ્વરપરાયણ બની શકે છે. અવતારનો વિચાર માનવના આત્માને આત્મિક વિકાસની પ્રેરણા પૂરી પાડવા માટે છે. એ ઉપરાંત એની પાછળ એક બીજું પ્રયોજન પણ રહેલું છે. એ પ્રયોજનની કલ્પના અવતાર શબ્દ પરથી સહેલાઇથી કરી શકાય છે. ઇશ્વરને અવતાર લેવાની આવશ્યકતા શા માટે પડે છે ? સંસારની સમુન્નતિ, સમૃદ્ધિ, સુરક્ષા તથા આદર્શ જીવનમૂલ્યોની માવજત તથા પ્રસ્થાપના માટે. અવતારની એ આવશ્યકતાની પાછળ સેવાનો અથવા ગીતાની પરિભાષામાં કહીએ તો લોક સંગ્રહનો સનાતન સંદેશ છૂપાયલો છે. જ્યારે ઇશ્વરના સંબંધમાં એવું છે ત્યારે એમના પ્રત્યે પ્રેમ રાખનાર અથવા શ્રદ્ધા ભક્તિ ધારણ કરનાર સામાન્ય કે અસામાન્ય મનુષ્યોના સંબંધમાં એવું હોય જ એમાં આશ્ચર્ય શું ? એટલે કે ઇશ્વરના અલૌકિક અવતાર કર્મમાંથી પ્રેરણા પ્રાપ્ત કરીને મનુષ્યે પણ લોકસંગ્રહની ભાવનાને સત્કર્મમાં સાકાર કરવાનો અને એવી રીતે બીજાને ઉપયોગી થઇને આ સૃષ્ટિને વધારે ને વધારે સુંદર, સ્વસ્થ, સમૃદ્ધ, સાત્વિક અને શાંત બનાવવાનો પ્રયત્ન કરવો જોઇએ. અન્યાય, અનૃત, અનાચાર, અનર્થ અથવા અધર્મનો અંત આણવાની પ્રવૃત્તિઓનો આધાર લઇને એમને નામશેષ કરવામાં જ જીવનનું સાર્થક્ય સમાયલું છે. અવતારોનું કેવળ સ્મરણ, મનન કે આરાધન કરીને જ નથી બેસી રહેવાનું; એમના સંકીર્તનથી જ સંતોષ નથી માનવાનો; પરંતુ એમના કર્મયોગમાંથી પ્રેરણા પામીને બીજાને ઉપયોગી થવા માટેના કર્મયોગની દીક્ષા લેવાની છે. એવી રીતે વિચારીએ તો અવતારની ભાવના કે માન્યતા વ્યક્તિગત તથા સમષ્ટિગત રીતે આશીર્વાદરૂપ થઇ શકે. અવતારની સાથે સંકળાયલા એ પાસાનો વિચાર આપણે ત્યાં જોઇતા પ્રમાણમાં ભાગ્યે જ કરવામાં આવે છે ખરું પરંતુ સંસારની સમુન્નતિ અને સુખાકારી સારુ થાય છે એ હકીકતને યાદ રાખીને એમાંથી જરૂરી પ્રેરણા ભાગ્યે જ લેવામાં આવે છે. એવી પરિસ્થિતિ ખાસ ઉત્સાહપૂર્વક, પ્રેરક અને સંતોષકારક ના કહી શકાય.

લીલાવતારોને ઇશ્વરના અલગ અલગ અવતારો તરીકે માન્ય રાખવાની સાથે સાથે ભાગવત જણાવે છે અથવા પોતાની વિશિષ્ટ રીતે પ્રતિપાદન કરે છે કે પરમાત્મા મૂળભૂત રીતે નામ અને રૂપથી રહિત છે. એ એકરસ, શાંત, અભય, જ્ઞાનસ્વરૂપ, નિર્મળ અને નિર્વિકાર છે. સત અથવા અસત ઉભયથી અતીત છે. અનિર્વચનીય અથવા અવાગ્મનસગોચર છે. એમની અંદર માયાનો લેશ પણ નથી હોતો. સત્પુરુષ એમનો સાધના દ્વારા સાક્ષાત્કાર કરે છે ને ધન્ય બને છે. પંચમહાભૂતના શરીરના નાશ પછી પણ એમનો નાશ નથી થતો. એ વ્યાધિ, વાર્ધક્ય તથા દેશકાળની મર્યાદા રહિત છે.

**------------- દ્વિતીય સ્કંધ સમાપ્ત ----------**

# * તૃતીય સ્કંધ *



जयत्ययं पूर्णकलः कविकीर्ति सुधाकरः ।
अलङ्को रसाम्भोधिमुद्धतर्यति यः सदा ॥

## [૧] ઉદ્ધવ અને વિદુરનો મેળાપ

બે સાત્વિક સ્વભાવના સત્કર્મપરાયણ સર્વહિતરત પરમાત્મપરાયણ મહાપુરુષોનો મેળાપ થાય ત્યારે કેવું મંગલમય દૈવી દૃશ્ય ઉપસ્થિત થાય ? જાણે કે ગંગા અને જમનાનો મેળાપ જ જોઇ લો. એ બંને શુચિ સરિતાઓનો સંગમ થાય છે ત્યારે એ આખુંય દૃશ્ય કેટલું બધું અદ્દભુત, અલૌકિક, રસમય અને હૃદયંગમ હોય છે. એમનો સમાગમ રણ એવો જ - બલ્કે એથીયે વધારે અદ્દભૂત. અલૌકિક, રસમય અને હૃદયંગમ હોય છે. બદરીનાથના પ્રસિદ્ધ પુણ્યપ્રદેશમાં નર અને નારાયણ પર્વતોની શોભા અને આહ્લાદકતા કેટલી બધી અનોખી હોય છે ? હિમાચ્છાદિત શિખરોવાળા એ બંને પર્વતો એકમેકને મળીને એકમેકને જોતા જોતા ચિરસમાધિમાં લીન બની ગયા છે. એમનો દેખાવ કેટલો બધો અનોખો છે ? પરમાત્માના પવિત્ર પ્રેમ તથા પ્રજ્ઞાથી પુનિત પ્રાણ તેમજ મધુતાથી મંડિત મસ્તકવાળા મહાપુરુષો પણ એવા જ મહિમાવાળા હોય છે. એમનું સંમિલન ખૂબ જ શ્રેયસ્કર અને સુખદ થઇ પડે છે. એમને પોતાને માટે તો એ આનંદકારક હોય જ છે. પરંતુ બીજાને માટે પણ પ્રેરક અને કલ્યાણકારક થઇ પડે છે. ભાગવતના તૃતીય સ્કંધના આરંભમાં જ એવા બે પ્રાતઃસ્મરણીય પરમાત્માપ્રેમી મહાપુરુષોના મંગલ મેળાપની કથા કહેવામાં આવી છે. એ બંને મહાપુરુષો છે ઉદ્ધવ અને વિદુર.

એ બંનેનો મેળાપ કેવી રીતે, ક્યાં ને કેવા સંજોગોમાં થયો તેવી જિજ્ઞાસા થાય તે સ્વાભાવિક છે. ભાગવતે એનો પ્રત્યુત્તર પૂરો પાડ્યો છે. એ પ્રત્યુતર પૂરો પાડતી વખતે એણે એવા જ એક બીજા સુભગ કે સુખદ સંમિલન પ્રત્યે અંગુલિનિર્દેશ કર્યો છે. એ સંમિલન છે વિદુર અને મહાત્મા મૈત્રેયનું. એ પણ એટલું જ અદ્દભુત, અલૌકિક અને આનંદદાયક છે. એની પૃષ્ઠભૂમિનો પરિચય પણ એણે પૂરો પાડ્યો છે. એ પરિચય પૂરો પાડતી વખતે એ આપણને મહાભારતકાળની કેટલીક ઘટનાઓનું સ્મરણ કરાવે છે. એ ઘટનાઓનું વિહંગાવલોકન અસ્થાને નહિ ગણાય.

મહાભારતના મહાયુદ્ધ પહેલાં ભગવાન કૃષ્ણે એ યુદ્ધને નિવારવા માટે કૌરવોની સભામાં જઇને દુર્યોધનને પાંડવોનો ન્યાયોચિત રાજ્યભાગ આપવા માટે યુક્તિપ્રયુક્તિપૂર્વક શાંતિથી સમજાવી જોયો. પરંતુ એ ના માન્યો. ધૃતરાષ્ટ્રે પણ એમની સલાહને અનુસરીને ચાલવાની તૈયારી ના બતાવી. એ વખતે પોતાના મોટા ભાઇ ધૃતરાષ્ટ્રના પૂછવાથી વિદુરે એમને મંત્રીશ્રેષ્ઠ તરીકે સાચી સારગર્ભિત સલાહ આપતાં જણાવ્યું કે અજાતશત્રુ મહાત્મા યુધિષ્ઠિરને એમનો ન્યાયોચિત ભાગ આપી દો. દુર્યોધન પાંડવો પ્રત્યેના અકારણ દ્વેષભાવથી પ્રેરાઇને એમની સાથે જે દુર્વ્યવહાર કરી રહ્યો છે તે ઠીક નથી. એ હાથે કરીને પોતાનો નાશ નોતરી રહ્યો છે. તમે એના કહ્યા પ્રમાણે ચાલીને શ્રીકૃષ્ણથી વિમુખ તથા શ્રીહીન બની રહ્યા છો. તમારા કુળનું કલ્યાણ ચાહતા હો તો એનો તરત જ ત્યાગ કરી દો.

વિદુરે કૌરવોના કલ્યાણને માટે સાચી સલાહ આપી હોવાં છતાં દુર્યોધન તથા ધૃતરાષ્ટ્રને તે જરા પણ ના ગમી. દુર્યોધન ક્રોધાતુર બનીને તિરસ્કારયુક્ત સ્વરે બોલી ઊઠ્યો કે આ કુટિલ દાસીપુત્રને અહીં કોણે બોલાવ્યો છે ? એ જેનું ખાય છે તેના જ શત્રુ તરીકે કામ કરે છે. આવા નિમકહરામ માણસોનો તો નાશ જ કરવો જોઇએ તો પણ એને દેહાતદંડ દેવાને બદલે નગરની બહાર કાઢી મૂકો.

એવા મર્મભેદક અપમાનજનક અવહેલનાયુક્ત શબ્દોને સાંભળીને વિદુરે નગરનો ત્યાગ કરવાનો શીઘ્ર સંકલ્પ કર્યો. ભગવાનની માયાની પ્રબળતાનો વિચાર કરતાં એ હસ્તિનાપુરથી ચાલી નીકળ્યા.

હસ્તિનાપુરથી નીકળ્યા પછી એમણે જુદાં જુદાં તીર્થસ્થાનોની યાત્રા કરી. યાત્રાનો મહિમા પ્રાચીન કાળથી જ ઘણો મોટો મનાય છે અને એ ખૂબ જ સહેતુક છે. યાત્રા દ્વારા સૌથી પહેલાં તો દેશ અને દુનિયાનું દર્શન થાય છે-કહો કે ઇશ્વરનું વિશ્વરૂપદર્શન. દેશમાં જુદા જુદા સ્થળોમાં વસતા માનવોનો પ્રત્યક્ષ પરિચય થાય છે, એમની સમસ્યાઓને અને એમનાં સુખદુઃખોને સહાનુભૂતિપૂર્વક સારી પેઠે સમજી શકાય છે, અને એવી રીતે ઉદારતા, વિશાળતા તથા આત્મીયતા વધે છે.

એવી યાત્રાઓને લીધે દેશની અખંડ અંતરંગ એકતાની અનુભૂતિ પણ સહજ બને છે. દેશમાં બહુવિધ ભાષાઓ, વેશો ને રીતિરીવાજો હોવાં છતાં પણ એનો આત્મા એક છે એની પ્રતીતિ થાય છે. એ ઉપરાંત તીર્થસ્થાનોમાં વસતા સંતોનો સમાગમનો સુઅવસર પણ સહેલાઇથી સાંપડે છે, એમના સદ્ઉપદેશનો લાભ મળે છે અને એ દ્વારા જીવનના ઉત્તરોત્તર સુધાર તથા વિકાસની પ્રેરણા પ્રાપ્ત થાય છે.

યાત્રા જીવનના નિરીક્ષણની તક પૂરી પાડે છે. ઘરથી કેટલાક કાળ સુધી દૂર રહેવાનો અવસર ઉપસ્થિત થતાં ઘર, કુટુંબ તથા બીજા લૌકિક પદાર્થોની મમતા ઘટાડવાની અનુકૂળતા થાય છે. યાત્રા દરમિયાન નવા નવા નિયમો ને વ્રતોનો આધાર લઇને જીવનને વધારે ને વધારે પવિત્ર ને ઇશ્વરપરાયણ કરી શકાય છે. એ માટેની શક્યતા તો એમાં હોય જ; પછી એનો જેવો ને જેટલો લાભ લેવાય તેટલો ઓછો છે.

માણસો યાત્રા કરે છે ખરા પરંતુ જીવનસુધારની દૃષ્ટિએ જાગૃત રહીને યાત્રા કરનાર ઓછા હોય છે. એને લીધે યાત્રાઓ જીવનમાં જરૂરી ક્રાંતિ નથી કરી શકતી ને શાંતિ પણ નથી ધરતી. યાત્રા પર યાત્રા થતી જાય છે તો પણ માણસ વરસો પછી પણ એવો ને એવો જ રહે છે. એના વિચારો, ભાવો, સંકલ્પ વિકલ્પો નથી બદલાતા. એવી યાત્રાઓ જેટલી થવી જોઇએ તેટલી ઉપયોગી ના થઇ શકે. એમાં કેટલીક વાર લેવાતા નિયમો પણ ભારે વિચિત્ર અને અનુપયોગી હોય છે.

એકવાર એક ભાઇ ચાર ધામની યાત્રા કરીને મને મળવા આવ્યાં. મેં તેમને પૂછયું કે યાત્રામાં કોઇ નિયમ લીધો ? તેમણે કહ્યું કે હા. નિયમ તો લેવો જ પડે ને ? મેં નિયમ લીધો છે.

શો નિયમ લીધો છે ?

કારેલા નહિ ખાવાનો.

એમ ? તો તો તમને કારેલાં ખૂબ જ ગમતાં હશે.

સાચું કહું ?

હા. સાચું જ કહો. હવે તો યાત્રાએ જઇ આવ્યા છો એટલું સાચું જ કહેવું જોઇએ.

સાચું કહું તો મને કારેલાં ભાવતાં જ નથી. યાત્રામાં કોઇક વસ્તુનો ત્યાગ કરવો જોઇએ એટલે મેં એનો ત્યાગ કર્યો છે.

એ ત્યાગવીરનું સ્પષ્ટીકરણ સાંભળીને મને નવાઇ લાગી. આપણે ત્યા મોટે ભાગે આવા જ ત્યાગવીરો મળતા હોય છે. મેં તેમને ત્યાગનો મહિમા સમજાવતાં કહ્યું કે ત્યાગ તો પોતાના પ્રિય પદાર્થનો થવો જોઇએ. અપ્રિય પદાર્થનો નહિ. અપ્રિય પદાર્થના ત્યાગને સાચો અથવા સંપૂર્ણ ત્યાગ ના કહી શકાય. જે પદાર્થ આપણને પ્રિય હોય તે પદાર્થના ત્યાગને જ સાચો ત્યાગ કહી શકાય. તેવો ત્યાગ જ શોભાસ્પદ ગણાય.

તીર્થોમાં જનારા મોટા ભાગના લોકોના સંબંધમાં એવું જ બને છે. કોઇક કારેલાં છોડે છે તો કોઇક શકરીયાં ને કોઇક બટાકા, અને મોટે ભાગે એ વસ્તુઓ એમને ગમતી જ નથી હોતી. તીર્થોમાં જઇને કોઇક શાક છોડે કે ખાય તેનો વાંધો નથી. પરંતુ એટલામાં જ ઇતિકર્તવ્યતા માનીને બેસી રહેવાને બદલે જીવનની વિશુદ્ધિના માર્ગે સાચી રીતે આગળ વધવું જોઇએ. એ દૃષ્ટિથી વિચારતાં વ્યસનોનો, અહંતા, મમતા અને આસક્તિનો ત્યાગ કરવો જોઇએ. દુર્ગુણોને ત્યાગવાના, વહેલા ઊઠવાના, પ્રાર્થના, જપ, ધ્યાન, સ્વાધ્યાય, સેવા કે દાનના નિયમો લેવા જોઇએ. રોજ ગીતાપાઠ કરવાનો અથવા એવા જ બીજા સ્વાધ્યાયનો સંકલ્પ કરવો જોઇએ. એ ઉપરાંત તીર્થસ્થાનના આહ્લાદક, આધ્યાત્મિક પવિત્ર પરમાણુઓથી પરિપ્લાવિત વાતાવરણમાં રહીને આત્મિક ઉત્કર્ષને માટે ઉપયોગી અભ્યાસક્રમનો ઉત્સાહપૂર્વક આધાર લેવો જોઇએ. ત્યાં પથરાયલી કુદરતી સુંદરતા, પવિત્રતા, અલૌકિકતા તથા શાંતિનો સ્વાદ લઇને અથવા એમના સાથે એકરૂપ થઇને જીવનને ઉજ્જવળ કે કૃતાર્થ કરવાના પ્રામાણિક પ્રયત્નોમાં લાગી જવું જોઇએ. તીર્થોની યાત્રા ત્યારે જ સફળ બને ને સાર્થક ઠરે.

વિદુરની યાત્રા એવી સમજપૂર્વકની ને સાર્થક હતી. એને માટે ભાગવતના તૃતીય સ્કંધના પ્રથમ અધ્યાયમાંના ઓગણીસમા શ્લોકમાં કહ્યું છે કે વિદુર અવધૂત વેશે સ્વતંત્રતાપૂર્વક પૃથ્વી પર વિચરતા જેથી આત્મીયજનો અને બીજાઓ એમને ઓળખી ના શકે. એ શરીરને સજાવતા નહિ, પવિત્ર તથા સાદુ ભોજન કરતા, વિશુદ્ધ જીવન જીવતા, તીર્થોના પવિત્ર પાણીમાં નહાતા, જમીન પર સંયમપૂર્વક સૂઇ રહેતા, ને પરમાત્માની પ્રીતિ વધારે તથા પરમાત્માને પ્રસન્ન કરવામાં મદદરૂપ બને તેવાં વ્રતોનો આધાર લેતા.

પોતાની યાત્રાને ઉત્તરોત્તર સફળ કરતા મહાત્મા વિદુર છેવટે યમુના તટ પર પહોંચ્યા ત્યારે ત્યાં એમને ભગવાનના પરમભક્ત ઉદ્ધવજીનો સમાગમ થયો. એમની પાસેથી એમણે મહાભારતના મહાસંગ્રામના તથા ભગવાન કૃષ્ણના સ્વધામગમનના સમાચાર સાંભળ્યા. એ સમાચાર અત્યંત રોમાંચક હતા. એ સમાચાર સાંભળીને એમને દુઃખ થયું પરંતુ એ દુઃખને એમણે વિવેકજન્ય જ્ઞાનની મદદથી મટાડી દીધું.

ઉદ્ધવજી બાળપણથી જ પૂર્વસંસ્કારોના પરિણામે કૃષ્ણભક્ત હતા. પાંચ વરસની ઉંમરે જ રમતાં રમતાં ભગવાન કૃષ્ણની મૂર્તિ બનાવીને એની આરાધનામાં એટલા બધા તન્મય થઇ જતા કે બીજા બાહ્ય વિષયોનું એમને ભાન પણ ના રહેતું. ત્યારથી માંડીને અત્યાર સુધી એમનો કૃષ્ણપ્રેમ કાયમ રહેલો. એક તો ભગવાનને માટે પ્રેમ પેદા થવો એ જ કઠિન છે તો પછી એ પ્રેમને કાયમ રાખવાનું ને ઉત્તરોત્તર વધારવાનું કાર્ય તો કેટલું બધું કઠિન હોય એ સહેલાઇથી સમજી શકાય તેમ છે. એ કાર્ય તો કોઇક સૌભાગ્યશાળી આત્મા જ કરી શકે. ઉદ્ધવજી એવા સૌભાગ્યથી સંપન્ન હતા. ભગવાન કૃષ્ણના કહેવાથી એ ભગવાન નર તથા

નારાયણ ઋષિની તપશ્ચર્યાથી પવિત્ર બનેલા બદરીનાથ પ્રદેશમાં જવાનો સંકલ્પ કરી ચૂકેલા. એમની જ પ્રેરણાથી વિદુરજી મહાત્મા મૈત્રેયને મળવા તૈયાર થયા.

## [૨] વિદુર અને મૈત્રેયનો મેળાપ

મહાત્મા મૈત્રેય પરમજ્ઞાની હતા અને હરિદ્વારમાં નિવાસ કરતાં. ભક્તશ્રેષ્ઠ ઉદ્ધવજીની સુચનાનુસાર વિદુર એમની પાસે જઇ પહોંચ્યા.

બે કે વધારે પરમાત્મપરાયણ સત્પુરુષો કે ભક્તો મળે ત્યારે શું કરે ? એમને કરવાનું હોય પણ શું ? સંસારી મનુષ્યો જ્યારે સંસારી મનુષ્યો સાથે મળે છે ત્યારે સંસારની વાતો વધારે કરે છે. એમને ઇશ્વરની વાતો નથી ગમતી. એમના મનમાં સંસારના વિષયોનો રસસ્વાદ જ ભરેલો હોય છે. એના સિવાય એમને ચેન જ નથી પડતું. પરંતુ પરમાત્માપરાયણ મહાપુરુષોની વાત જુદી છે. એ જીવનની સુખાકારીની, સમુન્નતિની તથા ઇશ્વરની વાતો કરતા હોય છે. એ સિવાયની વાતોમાં એમને રસ નથી પડતો અને આનંદ નથી આવતો. એમનો સ્વભાવ જ એવો ઉદાત્ત હોય છે. વિદુરે મૈત્રેયને ધર્મ, તત્વજ્ઞાન અને ઇશ્વર વિશે વિવિધ પ્રશ્નો પૂછ્યા એટલે મૈત્રેયે એમના ઉત્તરરૂપે પોતાના વિચારો રજૂ કર્યા. એ પ્રશ્નોમાં પહેલો પ્રશ્ન ખાસ અગત્યનો અને આવશ્યક હોવાથી એની અને એના ઉત્તરની ઊડતી ચર્ચા કરી લઇએ.

વિદુરે મૈત્રેયને પૂછયું : 'આ સંસારમાં લગભગ બધા જ મનુષ્યો સુખશાંતિની ઇચ્છાથી પ્રેરાઇને નિરંતર કર્મો કર્યા કરે છે. કોઇને દુઃખની અથવા અશાંતિની આકાંક્ષા નથી હોતી. છતાં પણ આશ્ચર્યજનક હોવાં છતાં વાસ્તવિક વાત એ છે કે મનુષ્યોને સનાતન સુખ અથવા શાંતિની પ્રાપ્તિ નથી થતી. એનો અંતરાત્મા અશાંત જ રહે છે. એનું કારણ શું ? આ સંસારમાં જીવનના પરમકલ્યાણને માટે મનુષ્યે શું કરવું જોઇએ અથવા કયા વિશેષ સાધનનો આધાર લેવો જોઇએ ? જે મનુષ્યો કૃષ્ણથી વિમુખ, દુઃખી અને અધર્મમાં ડૂબેલા હોય છે તેમની ઉપર પોતાની અહેતુકી અનંત કૃપાનો વરસાદ વરસાવવાને માટે જ ભગવાનના ભવ્ય વ્યક્તિત્વવાળા ભક્તો વિશ્વમાં વિચરે છે. તમારા સરખા સર્વોત્તમ સ્વભાવના શીલવાળા ભગવદ્દભક્તોનું જીવન બીજાના મંગલ માટે જ હોય છે. તો મનુષ્યે પોતાના મંગલને માટે શું કરવું જોઇએ તે તમારા અનુભવના આધાર પર કહી બતાવો.'

વિદુરનો એ પ્રશ્ન આજે પણ પુરાતન નથી થયો. આજના વૈજ્ઞાનિક સંશોધનના સમયમાં પણ એ પ્રશ્ન પેદા થાય છે ને પૂછાય છે. એની ઉપયોગિતા જરા પણ ઓછી નથી થઇ. જો જરાક ધ્યાનપૂર્વક વિચારીએ તો વિદુરનો એ પ્રશ્ન માત્ર વિદુરનો નથી પરંતુ માનવમાત્રનો પ્રશ્ન છે, અને એનો ઉત્તર પણ એની અંદર જ રહેલો છે. આજનો મનુષ્ય પણ જે જે કર્મો કરે છે તે સુખ તથા શાંતિને માટે જ કરે છે. કોઇને દુઃખની અથવા અશાંતિની આકાંક્ષા નથી હોતી. દુઃખ અખવા અશાંતિ આવી પડે તો ભલે. પરંતુ કોઇ એને સામેથી ચાલીને આમંત્રણ નથી આપતું. તો પણ જીવન સનાતન શાંતિથી સંપન્ન નથી બનતું. દેશમાં અને પરદેશમાં બધે જ મનુષ્યો અશાંતિના અર્ણવમાં અટવાયા કરે છે. ભોગ, વૈભવ, ઐશ્વર્ય, સત્તા, પદ, પ્રતિષ્ઠા, વિજ્ઞાનના અવનવા આવિષ્કાર અને અસાધારણ યૌવન પણ એની અશાંતિનો અંત આણવામાં નિષ્ફળ નીવડે છે. જીવનની ધન્યતાની વીણા કાયમને માટે નથી વાગી શક્તી. આજના મનુષ્યની એ સમસ્યા છે. આજે પણ એ જ પ્રશ્ન પુછાય છે કે અંતરના અંતરતમની અતૃપ્તિ કેવી રીતે મટે ? જેમની પાસે બાહ્ય સુખસાધનો છે તે

પણ અને જેમની પાસે બાહ્ય સાંસારિક સુખસાધનો નથી તે પણ, એટલે કે ભાવવાળા અને અભાવવાળા બંને પ્રકારના મનુષ્યો દુઃખી, અશાંત અથવા અસંતુષ્ટ દેખાય છે તેનું કારણ ?

એનાં કારણો આમ તો બીજાં કેટલાય હોઇ શકે ને હશે પરંતુ એના એક મહત્વના મૂળભૂત કારણનો નિર્દેશ વિદુરના પ્રશ્નમાંથી જ મળી રહે છે. વિદુરે કરેલા શબ્દપ્રયોગો ખાસ ઉલ્લેખનીય તથા પ્રેરક છે. એ શબ્દપ્રયોગોમાં એમના પ્રશ્નના સંભવિત પ્રત્યુત્તરોનો પ્રતિઘોષ પડે છે. જો આપણે જરાક પણ જાગ્રત હોઇએ તો એ સુંદર પ્રતિઘોષને અત્યંત અસરકારક રીતે સહેલાઇથી સાંભળી શકીએ. વિદુરના શ્રીમુખમાં કેવા સારગર્ભિત શબ્દો મૂકવામાં આવ્યા છે ? એ કહે છે કે

તમે શ્રીકૃષ્ણથી વિમુખ થયેલા, અધર્મમાં અટવાયલા અથવા અધર્મ કરવા ટેવાયલા દુઃખી મનુષ્યો પર અનુગ્રહરૂપી અમૃતવર્ષણ કરવા માટે શ્વાસ લો છો. જીવનને સમુજ્જવળ અને સાર્થક કરી ચૂકેલા બીજા સ્વનામધન્ય સત્પુરુષો પણ એ માટે જ જીવે છે ને વિચરે છે.

ભાગવતકારની લોકોત્તર અલૌકિક કળા જોઇ ? એવી અદ્દભુત કળાનું દર્શન અન્યત્ર ભાગ્યે જ કરી શકાય. વિદુરના શ્રીમુખમાં મૂકાયલા શબ્દો દ્વારા જ એ સૂચવવા માગે છે કે મનુષ્યોની આર્તિ અથવા અશાંતિનું મૂળભૂત કારણ શ્રીકૃષ્ણ પ્રત્યેની અભિમુખતાનો અભાવ અને અધર્મપરાયણતા છે. જે ભગવાનને ભૂલીને સંસારના દેહ, ગેહ, પુત્ર અને દારા જેવા વિષયોમાં પ્રીતિ અથવા આસક્તિ કરે છે અને અધર્મપરાયણ બને છે તે પોતાને માટે દુઃખ, ક્લેશ અને અશાંતિના બીજ વાવે છે. એથી આગળ વધીને એવું પણ કહી શકાય કે એ બીજાને માટે પણ દુઃખ, દર્દ અને અશાંતિની સૃષ્ટિ કરે છે. એ માનવજીવનનો સદુપયોગ કરીને જે સમાજમાં કે રાષ્ટ્રમાં રહે છે એ સમાજને કે રાષ્ટ્રને મદદરૂપ નથી થઇ શક્તા. માનવશરીર દેવોને પણ દુર્લભ અને મહામૂલ્યવાન મનાયલું છે. એની અંદર અનંત શક્તિ અને શક્યતા સમાયલી છે. એનો આશ્રય લઇને જે અંધ બને છે ને વિવેકપૂર્વક પ્રગતિના પંથ પર આગેકૂચ નથી કરતા તે મનુષ્યો પોતાના દુઃખનો દસ્તાવેજ હાથે કરીને લખાવી લે છે. જીવનના સુંદર સુરદુર્લભ ક્ષેત્રમાં ધર્મના-નીતિ, સદાચાર, દૈવી સંપત્તિ કે માનવતાના બીજને વાવવું જોઇએ. વધારે ને વધારે પ્રમાણમાં ઇશ્વરપરાયણ થવું જોઇએ. ઇશ્વરના પ્રેમી, ભક્ત, પ્રશંસક અને કૃપાપાત્ર બનવા માટે સમજપૂર્વકની સાધના કરવી જોઇએ. તો જીવનને શાંત, સુખી, સ્વસ્થ કે સાર્થક થતાં વાર ના લાગે. મોટા ભાગના મનુષ્યો એવું નથી કરતા અને આંખ મીંચીને જીવે છે કે કર્મો કરે છે. એને લીધે એમનું જીવન ઉત્સવરૂપ નથી બની શક્તું. એમને અને અન્યને માટે આશીર્વાદ બનવાને બદલે અભિશાપ થાય છે.

માનવે જીવન જીવવાની કળામાં કુશળ થવું જોઇએ. જીવન પ્રત્યેની સુંદર ઉદાત્ત દૃષ્ટિ કેળવવી જોઇએ. એવી દૃષ્ટિ કેળવાય તો જીવન ભાવ અથવા અભાવ બંનેની વચ્ચે-ગમે તેવા દેશ કે કાળમાં પણ શાંતિનો અને સનાતન સુખનો અનુભવ કરી શકે. જે જીવન ઇશ્વરનું છે તે ઇશ્વરને સમર્પિત થઇને ઇશ્વરની પ્રસન્નતાના કલ્યાણકારક કાર્યમાં લાગી જવું જોઇએ. એનો સંબંધ તન, મન, વચન, કર્મથી ઇશ્વરની સાથે થવો જોઇએ. દુઃખની નિવૃત્તિનો આત્યંતિક ઉપાય એ જ છે. ભાગવત એની આગવી રીતે વાતને સ્પષ્ટ કરે છે.

સુખ અને દુઃખને આપનારી વસ્તુ કયી છે ? માનવનાં પોતાનાં જ સત્કર્મો અથવા દુષ્ટકર્મો. એના ભાવો, વિચારો. સંકલ્પો-વિકલ્પો કે શુભાશુભ દૃષ્ટિકોણો કે વ્યવહારો. અથવા એનું પોતાનું મન. એની દૃષ્ટિ તેમજ વૃત્તિ. એ સૌને ઠીક કરવામાં આવે તો જીવન સુખ શાંતિથી સંપન્ન બની શકે છે.

મૈત્રેય મુનિ ઇશ્વરની સાથેના એવા સનાતન સુદૃઢ સંબંધને સ્થાપિત કરવામાં મદદરૂપ થનારી લીલાઓનું વર્ણન કરે છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૩] વિદુરનો બીજો પ્રશ્ન

વિદુરે મહાત્મા મૈત્રેયના એ સુખશાંતિકારક સમાગમ દરમિયાન એક બીજો મહત્વનો પ્રશ્ન પૂછ્યો છે. એ એના ઉત્તર સાથે ખાસ ઉલ્લેખનીય છે. વિદુરે પૂછ્યું કે ભગવાન તો શુદ્ધ જ્ઞાનસ્વરૂપ, નિર્વિકાર તથા નિર્ગુણ છે. એમની સાથે લીલાને માટે પણ ગુણ અને ક્રિયાનો સંબંધ કેવી રીતે થઇ શકે ? ભગવાનનો માયાની સાથે સંયોગ શી રીતે થઇ શકે ? ભગવાન સૌમાં સાક્ષીરૂપે રહેતા હોય તો એમને કર્મજન્ય ક્લેશની પ્રાપ્તિ કેવી રીતે થઇ શકે ?

વિદુરના પ્રશ્નને સાંભળીને મહાત્મા મૈત્રેયે સ્મિત કર્યુંને કહ્યું કે સૌનો સ્વામી ને સર્વથા મુક્ત આત્મા દીનતા તથા બંધનને પ્રાપ્ત થાય એ યુક્તિયુક્ત ના લાગે તો પણ એને જ ભગવાનની મહામહિમામયી માયા કહેવામાં આવે છે. સ્વપ્નમાં પોતાનું મસ્તક કપાતું હોય કે એવા બીજા અનુભવો થતા હોય તે જેવી રીતે જુઠા હોવાં છતાં પણ અજ્ઞાનને લીધે સાચા લાગે છે તેવી રીતે જીવને બંધન કે ક્લેશ ના હોવા છતાં પણ અજ્ઞાનને લીધે ભાસે છે. એવું પૂછવામાં આવે કે એમની પ્રતીતિ ઇશ્વરમાં કેમ નથી થતી તો એનો ઉત્તર એ છે કે પાણીમાં થનારી કંપાદિ ક્રિયા પાણીમાં પડનારા ચંદ્રના પ્રતિબિંબમાં ન હોવા છતાં પણ ભાસે છે-- આકાશના ચંદ્રમામાં નથી ભાસતી, એવી રીતે દેહના મિથ્યા ધર્મોની પ્રતીતિ દેહાભિમાની જીવમાં થાય છે ને પરમાત્મામાં નથી થતી.

એ પ્રતીતિને દૂર કરવાનો ઉપાય શું ? નિષ્કામભાવથી કરાતું ધર્માચરણ અને એવા ધર્માચરણના પરિણામે ભગવાનની કૃપાથી પ્રાપ્ત થનારો ભક્તિયોગ. એવા ભક્તિયોગને લીધે અવિદ્યાજનક ક્લેશની અને એની પ્રતીતિની નિવૃત્તિ થાય છે. એ ભક્તિ યોગના પ્રભાવથી ઇન્દ્રિયો પોતપોતાના વિષયોમાંથી હઠીને પરમાત્મામાં સ્થિતિ કરે છે અને રાગદ્વેષાદિ સમસ્ત ક્લેશો શાંત બને છે. એમાં મદદ મેળવવા માટે પરમાત્માના નામ તથા ગુણોનું શ્રવણ, મનન તેમજ સંકીર્તન કરવું જોઇએ. એને લીધે હૃદયમાં પરમાત્માનો પ્રેમ જાગે છે. એ પ્રેમ અત્યંત અસરકારક કે અમોઘ થઇ પડે છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૪] વરાહ અવતાર

તૃતીય સ્કંધના તેરમા અધ્યાયમાં વરાહ અવતારની કથા કહેવામાં આવી છે.

વરાહ અવતાર પૃથ્વીના પરિત્રાણ માટે થયેલો અવતાર છે. પ્રલયંકર પીડાના પારાવારમાં ડૂબેલી પૃથ્વીને અસાધારણ અનુકંપાથી પ્રેરાઇને વરાહ ભગવાને ઉગારી અને પીડામુક્ત કરી દીધી. ભગવાનમાં એવી અનુકંપા ના હોય તો એમને ભગવાન કેવી રીતે કહેવાય અને વંદનીય પણ શી રીતે મનાય ? ભગવાનનું ભગવાનપણું-એમની મહત્તા કે મહાનતા એમની સર્વજ્ઞતા, સર્વવ્યાપકતા કે સર્વશક્તિમત્તામાં એટલી બધી નથી લાગતી જેટલી એમની અહેતુકી કરૂણામાં, કૃપામાં અને એ કરૂણાકૃપાથી પ્રેરાઇને થનારી પૃથ્વીની રક્ષામાં દેખાય છે. માટે જ એમને સર્વશ્રેષ્ઠ માનવાનું મન થાય છે. એ સ્વાર્થી નથી. પોતાનો જ વિચાર કરીને કે પોતાની જ શાંતિથી સંતૃપ્ત બનીને બેસી નથી રહેતા. બીજાને મદદ કરવા માટે જીવે છે, યોજના ઘડે છે, ને પ્રયત્નો કરે છે.

સંસારમાં પણ એવાં જ મનુષ્યોને આદર્શ, આરાધ્ય અને અનુકરણીય માનવામાં આવે છે, જેમનું જીવન બીજાની સુખશાંતિ, સમૃદ્ધિ અને સમુન્નતિ માટે વપરાય છે; બીજાના મંગલના મહાયજ્ઞમાં જે અખંડ અને અમોઘ આહુતિ બને છે. તો પછી ભગવાનની પાસેથી એવી આશા રાખવામાં આવે એમાં નવાઇ જેવું છે જ શું ? એવી આશા ભગવાનના બધા જ ઐતિહાસિક અવતારોમાં મૂર્તિમંત થાય છે. વરાહ ભગવાનું જીવન પણ એ આશાના સાકાર સ્વરૂપ સરખું છે. એટલે જ એમને પરમારાધ્ય માનવામાં આવે છે.

વરાહ ભગવાન જ્યારે પૃથ્વીના પરિત્રાણના પ્રયત્નમાં લાગેલા ત્યારે હિરણ્યાક્ષ નામના અસુરે એમનો વિરોધ કરીને એમની સાથે યુદ્ધ આરંભ્યું. પરંતુ પરમપ્રતાપી વરાહ ભગવાનની આગળ એ ફાવી ના શક્યો. ભગવાને એનો જોતજોતામાં નાશ કરી નાખ્યો. સૃષ્ટિની સેવાના સત્કાર્યમાં પડેલા પુરુષોનો પંથ પણ એવી રીતે ધાર્યા જેટલો સરળ નથી હોતો. એમાં વિરોધ ને વિક્ષેપો આવે જ છે. એ વિરોધો તથા વિક્ષેપોનો શૌર્યસહિત સામનો કરીને સેવકે સદા આગળ વધવાનું છે. પોતાની અંદર અને બહાર રહેલી આસુરી વૃત્તિથી એણે ડરવાનું કે ડગવાનું નથી. વરાહ ભગવાનની પેઠે જ એણે પોતાના પસંદ કરેલા માર્ગમાં સફળતા મેળવવાની છે. વસુંધરા વીરભોગ્યા છે ને મજબુત મનોબળવાળા વીરપુરુષો એમાં ઇચ્છાનુસાર આગળ વધી શકે છે એ યાદ રાખવાનું છે.

આજે પણ આપણી પૃથ્વીની અવસ્થા એવી જ છે. એ પીડાના પારાવારમાં પડેલી છે. એને એમાંથી મુક્ત કરનારા ને ધ્રુવપદ ધરનારા વરાહોની આવશ્યકતા છે. એ એમની આશા રાખે છે. એમની સેવામાં લાગી જનારા મનીષીઓ જેટલા પ્રમાણમાં વધારે ને વધારે પેદા થાય તેટલા પ્રમાણમાં એનો આત્મા આનંદી ઊઠશે ને શાંતિ મેળવશે. વરાહ ભગવાનના અસાધારણ અવતાર કર્મમાં એવો સુંદર સંદેશ સમાયલો છે: સૃષ્ટિની સતત સેવાનો ને વિરોધોની સામે ઝઝુમવાનો.

☼ ☼ ☼ ☼ ☼

## [૫] દિતિ અને કશ્યપ

તૃતીય સ્કંધના ચૌદમા અધ્યાયમાં દિતિ અને કશ્યપની જે પ્રેરક કથા કહેવામાં આવી છે એ પણ ઉલ્લેખનીય હોવાથી એનું વિહંગાવલોકન કરી જઇએ.

દિતિ દક્ષ પ્રજાપતિની પુત્રી હતી. એણે એકવાર સંધ્યા સમયે પુત્રપ્રાપ્તિની ઇચ્છાથી કામાતુર બનીને પોતાના પતિ મરીચિનંદન કશ્યપ પાસે કામવાસનાની પૂર્તિની માગણી કરી. કશ્યપ એ વખતે એમની યજ્ઞશાળામાં શાંતચિત્તથી ધ્યાનમાં બેઠેલા.

કામવાસનાની પૂર્તિની પ્રાર્થના કરવાનું અને એ પ્રાર્થનાને માન્ય રાખવાનું ગૃહસ્થાશ્રમમાં જોડાયેલા પતિ-પત્નીને માટે અનુચિત અથવા તો આશ્ચર્યકારક ના કહેવાય. સંસારનો એવો ક્રમ છે. પરંતુ કશ્યપની જીવનદૃષ્ટિ જુદી હતી. એ દૃષ્ટિ વિલાસી માનવની નહિ પરંતુ એક ઉત્તમ આદર્શ ઋષિની દૃષ્ટિ હતી. એમણે દિતિને તરત જ જણાવ્યું કે આ સમય શરીરના કામવાસનાથી પ્રેરાઇને કરાતા સમાગમનો નથી પરંતુ ઇશ્વરના આનંદદાયક એકાગ્રતાપૂર્વક થનારા આરાધનનો છે. માટે આવી કામના ના કરવી જોઇએ. અત્યારે તું પણ ઇશ્વર આરાધનમાં લાગી જા.

એ શબ્દો ખૂબ જ મહત્વના છે. ઇન્દ્રિયલોલુપ અથવા વિવેકાંધ વિષયાસક્ત પુરુષ એવા શબ્દો ના કહી શકે. એ એવી રીતે જાગ્રત ના રહી શકે. એ તો લાગણીના આવેગમાં તણાઇ જાય, દેશકાળનો વિચાર ના કરે, વિવેકને ખોઇ બેસે, અને ના કરવાનું કામ પણ કરી બેસે. એની અંદર કશ્યપ જેવી સદ્દબુદ્ધિ ના હોય. સંસારના મોટા ભાગના માનવોનો એવો અનુભવ છે. એ ઇચ્છાનુસાર આવેગ આવે છે ત્યારે ખાય છે, પીએ છે, હરે છે, ફરે છે ને ભોગ ભોગવે છે. એ અંદરથી ઉત્પન્ન થનારા આવેગને કોઇ પણ પ્રકારના વિચાર વગર વશ થાય છે, પરંતુ પોતાની જાતને પ્રશ્ન નથી પૂછતા, ને સંયમ પણ નથી કરતા.

કશ્યપ ઋષિ હોવાથી એવી સદ્દબુદ્ધિથી સંપન્ન હતા માટે જ દિતિને એવું કહી શક્યા. બીજા વિલાસી વિષયલોલુપ મનુષ્યો તો એવું કહેવાની કલ્પના પણ ના કરી શકે.

પરંતુ દિતિમાં એવા આત્મસંયમનો અભાવ હતો. એનું મન અતિશય વિહ્વળ બની ચૂકેલું. એટલે તો એણે પહેલેથી જ કશ્યપને કહેલું કે કામદેવે પોતાના સુતીક્ષ્ણ શરથી મારા અંતરને વીંધી નાખ્યું છે. મદોન્મત્ત હાથી કેળના વૃક્ષને કચડી નાખે તેવી રીતે મને અબળાને એ પરવશ કરીને પીડા પહોંચાડે છે. તમારે માટે મારું મન કામાતુર બની ગયું છે.

કામવાસનાનો વેગ એવો અસાધારણ હોય છે. એનું પ્રાબલ્ય એવું પ્રખર હોય છે. ચોમાસાના ધોડાપુરમાં નદી જેમ મદોન્મત્ત બનીને કિનારાઓને તોડીને ચારે તરફ પ્રલયનું દૃશ્ય ઊભું કરતાં વહેવા અથવા ગાંડીતુર બનીને દોડવા માંડે છે તેમ માણસ પણ એની અસાધારણ અસર નીચે આવીને ભાન ભૂલી જાય છે. સાધારણ તો શું, અસાધારણ કહેવાતા પુરુષો-અને સ્ત્રીઓ પણ-એના પ્રભાવમાં પડીને ના કરવાનું કરી બેસે છે. એ વખતે એમનું શાસ્ત્રજ્ઞાન, બુદ્ધિબળ, શરીરબળ, જપ-તપ કે વ્રતનું સાધન કશું જ કામ નથી કરતું. એ બધું શાંત થઇ જાય છે. એનો પ્રભાવ એવો પ્રબળ હોવાથી જ સત્પુરુષોએ ને શાસ્ત્રોએ કહ્યું છે કે જેણે કામને જીત્યો એણે સમસ્ત સંસારને જીત્યો. શત્રુને જીતનારા, સાગરની પાર પહોંચનારા, પવનપ્રાશન

કરનારા, પર્વતો પર ચઢનારા તથા પૃથ્વીની પ્રદક્ષિણા કરનારા મનુષ્યો તો મળે છે પરંતુ પોતાની અંદરની દુનિયામાં ડૂબકી મારીને મન તથા ઇન્દ્રિયો પર વિજય મેળવનારા અને કામમુક્ત બનનારા મહામાનવો અત્યંત વિરલ હોય છે. એ જ્યાં ને જે રૂપમાં રહેતા હોય ત્યાં ને તે રૂપમાં સદાય પૂજ્ય ને પ્રશસ્ય છે. એમનાં જીવન બીજાને માટે પ્રેરક કે પથપ્રદર્શક થઇ પડે છે.

દિતિએ કશ્યપની વાતને ના માની. એણે પોતાની હઠને ચાલુ રાખી.

કશ્યપ એટલા બધા સાવધ અને સમજદાર હોવા છતાં પણ આખરે એની હઠને તાબે થયા, એમણે પોતાના વિરોધને પડતો મૂક્યો, એને એમની નિર્બળતા લેખવી હોય તો લેખી શકાય. પરંતુ એમનો અંતરાત્મા આરંભથી માંડીને અંત સુધી જાગ્રત હતો અને દિતિને તટસ્થ રીતે કામચલાઉ શાંતિ આપવા માટે જ એમણે એની ઇચ્છાની પૂર્તિ કરેલી એવું લાગે છે. માટે તો એ એની સાથેના સમાગમને અંતે પણ સ્વસ્થ રહી શક્યા. ભાગવતકાર કહે છે :

अर्थोपस्पृश्य सलिलं प्राणानायम्य वाग्यत ।

ध्यायज्जजाप विरजं ब्रह्म ज्योतिः सनातनम् ॥ (અધ્યાય ૧૪, શ્લોક ૩૧)

કશ્યપે દિતિની ઇચ્છાને સંતોષીને સ્નાન કર્યું, પ્રાણાયામ કર્યો, અને મૌન રહી પરમપવિત્ર પરમાત્માની સનાતન જ્યોતિનું ધ્યાન કરતાં ગાયત્રીમંત્રનો જપ કરવા માંડ્યો.

એ બધી પ્રવૃત્તિ મહર્ષિ કશ્યપની લોકોત્તરતાને પુરવાર કરે છે. એવા લોકોત્તર પુરુષ જ પોતાના મનને એવી રીતે પરમાત્મામાં જોડેલું રાખી શકે અને એવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ ધ્યાન તથા જપની સાધના કરી શકે. આ પ્રસંગમાં ભારતીય સંસ્કૃતિની લગ્નજીવન પ્રત્યેની ઉદાત્ત દૃષ્ટિનું દર્શન થાય છે. ભારતીય સંસ્કૃતિ લગ્નજીવનને કેવળ વિલાસ નથી માનતી, સ્વેચ્છાચારનું સાધન પણ નથી ગણતી, પરંતુ જીવન વિકાસની સંયમપૂર્ણ સાધના સમજે છે. એમાં ડગલે ને પગલે ભારે સાવધાનીપૂર્વક ચાલવાનું હોય છે. એ સંદેશનો પ્રતિઘોષ આ નાનકડા છતાં મહત્વના પ્રસંગમાં ઘણી સારી રીતે પડે છે.

દિતિ પણ સંસ્કારી તો હતી જ એટલે પોતાની પ્રવૃત્તિને માટે પશ્ચાતાપ કરવા લાગી. કશ્યપે એને સાફ શબ્દોમાં જણાવ્યું કે તારું મન સંધ્યા સમયે અપવિત્ર બન્યું ને તું અનુચિત કર્મને કરી બેઠી તેથી મારી દિવ્ય યોગદૃષ્ટિથી હું જોઇ શકું છું કે તને બે અમંગળ અથવા અધમ કુપુત્રોની પ્રાપ્તિ થશે. એ નિરપરાધી દીનદુઃખીઓનો નાશ કરશે, સ્ત્રીઓની પવિત્રતાનો ભંગ કરશે, ને સમસ્ત સંસારને માટે આતંકરૂપ ઠરશે. એમની ઉપર સત્પુરુષોનો કોપ થશે ત્યારે ભગવાન પોતે અવતાર લઇને એમનો જોતજોતામાં નાશ કરી નાખશે.

દિતિ એ સાંભળીને દુઃખી થઇને દિગ્મૂઢ બની ગઇ ત્યારે કશ્યપે આગળ કહ્યું કે તારો એક પૌત્ર સત્પુરુષોના શાસ્ત્રોક્ત માર્ગનું અનુસરણ કરનારો મહાન ભગવદ્દભક્ત થશે ને વિશ્વમાં અત્યંત આદરણીય ગણાઇને વખણાશે. એનો સુયશ સંસારમાં સર્વત્ર ફરી વળશે. જગતના એકમાત્ર આત્મા, સાક્ષી અથવા આધાર જેવા ભગવાન એની અખંડ શ્રદ્ધાભક્તિ તેમ જ અલૌકિક ઇશ્વરપરાયણતાથી પ્રસન્ન થઇને એને દર્શન આપશે. એ મહાન ભક્ત, મહાત્મા, મહાન પ્રભાવશાળી ને મહાપુરુષોમાં પણ મહાન બનીને દેહાભિમાનનો

પૂર્ણપણે પરિત્યાગ કરશે. એ વિષયી નહિ થાય પરંતુ સદ્દગુણી, ધૈર્યવાન, બીજાની સુખસમૃદ્ધિથી સુખી તથા બીજાના દુઃખથી દુઃખી થનારો, અજાતશત્રુ, દોષરહિત અને દર્શનમાત્રથી જ સુખ, શાંતિ અને આનંદ આપનારો થઇ પડશે. એને એના જીવનકાળ દરમિયાન શ્રીહરિના દેવદુર્લભ દર્શનનો લાભ મળશે.

પોતાનો પુત્ર નહિ તો પૌત્ર પણ ભદવદ્દભક્ત થશે ને ભગવાનના દર્શનથી પોતાના જીવનને કૃતાર્થ કરશે એ જાણીને દિતિ પ્રસન્ન થઇ.

પોતાના પુત્રો બીજાને માટે અથવા કહો કે સમસ્ત સંસારને સારું આતંકરૂપ બને એવું કયી માતા ઇચ્છે ? કોઇ પણ સદ્દગુણી, સુવિચારશીલ કે સંસ્કારી માતા તો ના જ ઇચ્છે. ના. સ્વપ્નમાં પણ નહિ. એવી માતા તો એવા કુપુત્રોની માતા બનવા કરતાં પોતાનું ચાલતું હોય તો પુત્ર સિવાય રહેવાનું જ વધારે પસંદ કરે. પોતાના પુત્રો અધર્મપરાયણ અથવા અનર્થકારક થશે એવી માહિતી મેળવીને દિતિને ખૂબ જ દુઃખ થયું. પોતે કરેલી ભયંકર ભૂલને માટે એનું હૃદય રડવા લાગ્યું. પરંતુ હવે કોઇ ઉપાય નહોતો રહ્યો.

દિતિ બીજાની સુખાકારી તથા શાંતિમાં માનનારી હોવાથી પોતાના ગર્ભને એણે સુદીર્ઘ સમય સુધી ઉદરમાં ધારણ કરી રાખ્યો. અન્યના કલ્યાણનો નાશ કરનારા એ પુત્રો મોડામાં મોડા જન્મે એવી એની આકાંક્ષા હતી. પરંતુ જે ભવિતવ્ય હોય તેને એક વ્યક્તિ કેવી રીતે ટાળી શકે ? એ પુત્રોનું પ્રાકટ્ય અવશ્યંભાવિ હતું. એમના પ્રાકટ્યની ભૂમિકા પણ તૈયાર થઇ ગયેલી. ત્રીજા સ્કંધના પંદરમાં અધ્યાયમાં એ ભૂમિકા પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. એ ભૂમિકા ખૂબ જ પ્રેરક છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૬] જય તથા વિજયને સનત્કુમારોનો શાપ

સનક, સનંદન, સનાતન અને સનત્કુમાર એ ચારે સનત્કુમારો બ્રહ્માના અલૌકિક માનસપુત્રો કહેવાય છે. એ આપણી અવનીના અસાધારણ આશ્ચર્યરૂપ છે. એમની ઉમર ખરેખર કેટલી છે તે કોણ કલ્પી કે જાણી શકે ? પરંતુ એ પાંચથી સાત વરસના નાના બાળકોનું દૈવી સુંદર સ્વરૂપ ધારણ કરીને વિશ્વના કલ્યાણાર્થે નિરંતર ઇચ્છાનુસાર વિચરણ કરે છે. સંસારના બીજા દેશોમાં એવા નાની ઉંમરના સિદ્ધ, મૃત્યુંજય મહાપુરુષોના અસ્તિત્વનો ઇતિહાસ નથી મળતો. ભારતવર્ષ એમને માટે ઉચિત રીતે ગૌરવ લઇ શકે છે અને અભિનંદનનો અધિકારી છે.

એમની અંતરંગ યોગ્યતા ઘણી મોટી હતી. એ પરમાત્મદર્શી, પરમાત્મનિષ્ઠ, પ્રશાંત તથા નિઃસ્પૃહ હતા. એ એમની અદ્દભુત શક્તિના પ્રભાવથી જ્યાં ત્યાં આકાશમાર્ગે જઇ શક્તા. એવી અકુંઠિત ગતિની મદદથી આકાશમાર્ગે વિચરતા એ એકવાર ભગવાન વિષ્ણુના વૈકુંઠલોકમાં જઇ પહોંચ્યાં.

એ વૈકુંઠમાં સૌ વિષ્ણુરૂપ બનીને ભગવાનની અખંડ આરાધના કરતાં વસે છે ને વિહરે છે. ત્યાં ભગવાન વિષ્ણુનો વાસ હોય છે. ત્યાંનાં પરમાણુઓ અત્યંત પવિત્ર હોય છે. મન અને ઇન્દ્રિયોની ગતિ જ્યાં કુંઠિત થાય છે અને આત્માનું અખંડ અવિનાશી અસ્તિત્વ શેષ રહે છે એ પરમપવિત્ર પ્રદેશ વૈકુંઠ છે. એ માનવમાત્રની અંદર રહેલું છે. એ વૈકુંઠમાં કોઇક પવિત્ર મનવાળા બડભાગી પુરુષો જ પ્રવેશી શકે છે. બહારનું વૈકુંઠ પણ એવા જ મન, વચન, કર્મથી પવિત્ર પરમાત્મપરાયણ પુરુષોને માટે શક્ય બને છે. ત્યાં સુખ જ સુખ, શાંતિ જ શાંતિ અને આનંદ જ આનંદ છે. જીવનની કૃતાર્થતાની વીણા એકસરખી ત્યાં વાગ્યા જ કરે છે.

બહારના વૈકુંઠમાં વનમાં સુંદર સ્ત્રીઓ સાથે વિચરતા ભગવાનના પાર્ષદો ભગવાનની પવિત્ર લીલાઓનું ગાન કરે છે તેમ અંદરના આત્માના વૈકુંઠમાં પણ સદવૃત્તિઓ અથવા સદભાવનાઓથી સંપન્ન મન પરમાત્માના મહિમાના મંગલ જયગાનમાં ડૂબેલું રહે છે. એ વૈકુંઠનું દર્શન પરમાત્માના પ્રખર પ્રેમની પ્રાપ્તિથી જ થઇ શકે છે. જે પરમાત્માભિમુખ બનવાને બદલે પરમાત્માથી વિમુખ બને છે અને દુન્યવી વિષયોમાં આસક્ત થઇને અનેક પ્રકારના દુર્વ્યવહાર કરે છે તે એનું દર્શન નથી કરી શક્તા. જે ઇશ્વરનું અહર્નિશ ચિંતન કરે છે, ઇશ્વરના ગુણ ગાય છે, એમનું લીલાસંકીર્તન કરવાથી અસાધારણ અનુરાગનો આવિર્ભાવ થતાં જેમની આંખમાંથી અખંડ અશ્રુધારા વહે છે, જેમના શરીરે રોમાંચ થાય છે, અને જેમનું જીવન દેવોને માટે પણ અનુકરણીય અથવા આદર્શ હોય છે તે જ વૈકુંઠમાં પ્રવેશી શકે છે.

સનત્કુમારો યોગવિદ્યાની મદદથી વૈકુંઠલોકના કિલ્લાના છ દરવાજાઓ ઓળંગીને સાતમા દરવાજા પાસે પહોંચ્યા ત્યારે ત્યાં તેમણે બે સમાન વયના દેવોને દ્વારપાલો તરીકે ઊભેલા જોયા. એમના હાથમાં ગદા હતી અને એમણે મહામૂલ્યવાન વસ્ત્રો અને ભૂષણો ધારણ કરેલાં. સનત્કુમારો એમને જોઇને એ સુવર્ણ તથા હીરાથી જડેલા સાતમા દરવાજામાં પ્રવેશવા આગળ વધ્યા. નગ્ન સ્વરૂપવાળા અથવા સર્વ પ્રકારનાં આવરણરહિત, વયોવૃદ્ધ હોવા છતાં પાંચ વરસની અવસ્થાવાળા એ ઋષિકુમારોના મહિમાને ના જાણવાથી

જય તથા વિજય નામના પેલા બે દ્વારપાલોએ એમને અપમાનજનક ભાષાનો પ્રયોગ કરીને ભારે ઉદ્ધતાઇપૂર્વક અટકાવ્યા.

એ પ્રસંગને જો જરાક જુદી રીતે, આધ્યાત્મિક સંદર્ભમાં સમજીએ તો કહી શકાય કે અંતઃકરણચતુષ્ટયનો નિરોધ કરીને માનવ દુન્યવી વિષયોનાં આવરણોથી રહિત બનીને જ્યારે આત્માના અલૌકિક વૈકુંઠમાં પ્રવેશવા તૈયાર થાય છે ત્યારે એ કેટલીકવાર છ દરવાજા જેવા છ ચક્રોનું ભેદન કરે છે ને સાતમા ચક્રમાંથી પસાર થવા પ્રવૃત્ત થાય છે ત્યારે, અથવા યોગવસિષ્ઠમાં વર્ણવેલી છ ભૂમિકાઓને પાર કરીને સાતમી ભૂમિકામાં પ્રવેશવાની તૈયારી કરે છે ત્યારે ત્યાં ઊભેલા બે એક જ જાતના રૂપરંગના દ્વારપાલો એને અટકાવવાની કોશિશ કરે છે. એ બંને દ્વારપાલો મોટા ભાગના માનવોને અધવચ્ચે અટકાવી દેનારા સર્વત્ર વિજય મેળવનારા અહં અને મમ નામના દ્વારપાલો છે. એ ખૂબ જ દુર્ધર્ષ મનાય છે. પરંતુ જે આત્મદર્શી અથવા આત્મનિષ્ઠ થવાનો સંકલ્પ કરી ચૂક્યો હોય, અને તદ્દનુસાર અનવરત અભ્યાસ કરતો હોય, તેને એ દ્વારપાલોનો લેશપણ ભય નથી લાગતો. એ એના પુણ્યપ્રવેશને નથી અટકાવી શક્તા.

સનત્કુમારોને ભગવાનના દર્શનની ઉત્કટ ઇચ્છા હતી. એમાં એ બંને દ્વારપાલો બાધક બનવાનો પ્રયત્ન કરવા માંડતાં એ ઋષિકુમારોને એમનું આચરણ આદર્શ ના લાગ્યું. એમને થયું કે વૈકુંઠ જેવા અલૌકિક લોકમાં વસવા છતાં પણ આ દ્વારપાલોનો સ્વભાવ આવો આસુરી કેમ છે ? એમનો વ્યવહાર વૈકુંઠના બીજા ઉત્તમ આત્મઓના વિશુદ્ધ વ્યવહાર સાથે જરાય બંધ બેસે તેવો કે પ્રશસ્ય નથી. વૈકુંઠમાં આવા ઉદ્ધત સ્વભાવના દ્વારપાલો વસે એ આશ્ચર્ય ગણાય. વૈકુંઠની અને એના અધીશ્વર શ્રીહરિની અસર આમની ઉપર થોડીક પણ નથી થઇ લાગતી. નહિ તો આમની વૃત્તિ ને વાણી આવી વિષમ કે વિષમય ના હોય. ભગવાન તો શાંત, નિરહંકાર, નિર્વિકાર અને કટુતા તથા કલહથી રહિત છે : તો પછી એમની સંનિધિ અને સેવામાં રહેનારા આ પુરુષો આવા કેમ છે ? આ અહીં ક્યાંથી ને કેવી રીતે આવ્યા ? આ અહીં રહેવા માટે સર્વથા અયોગ્ય છે. અહીં તો સાત્વિક સ્વભાવના, શુધ્ધ અને સુમધુર વાણી તથા વ્યવહારવાળા દેવપુરુષો જોઇએ જે વૈકુંઠના મહિમાને ઘટાડે નહિ પરંતુ વધારે.

એવા વિચારો કરીને અને એ વિચારોને વ્યક્ત કરીને એ દિવ્ય ઋષિકુમારોએ જયવિજયને સત્વર શાપ આપ્યો કે તમે આ શ્રેષ્ઠ સ્થાનને યોગ્ય ના હોવાથી કામ, ક્રોધ તથા લોભથી ભરેલા ભેદદૃષ્ટિવાળા અધમ ગણાતા બીજા લોકમાં ચાલ્યા જાવ. તમારા અસાધારણ અપરાધને માટે એ દંડ જ યોગ્ય છે.

જય ને વિજય એ શાપને સાંભળીને ભયભીત બન્યા ને ધ્રૂજવા લાગ્યા. એમને ખબર હતી કે ઋષિઓનો શાપ મિથ્યા નથી થતો. પોતે કરેલા અક્ષમ્ય અપરાધનું પણ એમને સ્મરણ હતું.

કોઇને થશે કે જયવિજયે ઋષિકુમારોને અટકાવીને પોતાના દ્વારપાલ તરીકેનાં કર્તવ્યનું જ પાલન કરેલું. એ કર્તવ્યપાલનને લીધે એમને શાપ આપીને અન્યાય કરવામાં આવ્યો એવું ના કહેવાય ? આપણે કહીશું કે ના. એવું ના કહેવાય. એમણે કર્તવ્યનું પાલન કર્યું હોત તો શાંત ને સ્વસ્થ ચિત્તે નમ્રતાપૂર્વક મીઠી વાણીથી ને સરસ વ્યવહારથી વર્તીને કર્યું હોત. પરંતુ એમની રીતભાત જુદી જ હતી. એ રીતભાત સહેજ પણ સારી નહોતી. એમણે કર્તવ્યપાલન કરવાને બદલે એ લોકોત્તર મહાત્મા પુરુષોનું અસાધારણ અપમાન

કરેલું. એમને દંડપાત્ર સમજવામાં આવ્યા. કર્તવ્યનું પાલન પણ ઉદ્દંડ બનીને ઉધ્ધતાઇપૂર્વક ના કરવાનું હોય; પ્રેમ, શાંતિ અને નમ્રતાથી કરવું ઘટે; એ સમજી લેવાની આવશ્યકતા છે.

જય અને વિજયને એ સમજતાં વાર ના લાગી. તેથી તો તેઓ એ મહાપ્રતાપી મહાપુરુષોના ચરણમાં પડયા ને કહેવા લાગ્યા કે તમે અમને જે યોગ્ય હતો તે દંડ કર્યો છે. તમને તમે આપેલા શાપને માટે સહેજ પણ અફસોસ થતો હોય તો એ અસ્થાને છે. તમે અમારી ઉપર એટલી અનુકંપા અવશ્ય કરો કે અમે જે જે યોનિમાં જન્મ લઇએ તે તે યોનિમાં ભગવાનની સુમધુર સ્મૃતિથી વંચિત ના બનીએ.

સનત્કુમારોએ એમની માગણીને માન્ય રાખી. એ મહાપુરુષોને શાપ, અને એ પણ એવો ઘોર શાપ આપવા માટે અફસોસ અવશ્ય થયો હશે. ભાગવતમાં આવતા ઉલ્લેખ પરથી એ સ્પષ્ટ થાય છે. જયવિજયે એમને અપમાનપૂર્વક અંદર જતા અટકાવ્યા ત્યારે એ પોતાનો પરિચય પૂરો પાડીને કહી શક્યા હોત કે તમારા સ્વામીને પૂછી આવો. અમે એમને મળવા માગીએ છીએ. પરંતુ એને બદલે ઘટનાએ એવી વિચિત્ર રીતે વળાંક લઇ લીધો. જે કાંઇ થવાનું હતું તે થઇ ગયું.

એ આખીય ઘટનાની માહિતી મેળવીને ભગવાન ત્યાં લક્ષ્મીની સાથે આવી પહોંચ્યા.

ઋષિઓએ એમને પરમપુજ્યભાવે પ્રેમપૂર્વક પ્રણામ કર્યા, અને એમની સ્તુતિ કરી.

ઋષિકુમારોની શ્રદ્ધાભક્તિસંયુત સ્તુતિથી ભગવાન પ્રસન્ન થયા.

સ્વામી પોતાના સેવકોનો જ સદા પક્ષ લે અને સેવકોના દોષોને ઢાંકે તો તેને આદર્શ સ્વામી ના કહી શકાય. સ્વામીની એવી વૃત્તિ કે પ્રવૃત્તિથી સેવકો સુધરે નહિ પરંતુ બગડે ને સ્વામીના નામને પણ બગાડે. ભગવાન એવા નિર્બળ સ્વામી ન હતા. એમણે સનત્કુમારોને કહ્યું કે મારા આ બંને પાર્ષદોએ તમારું જે અસાધારણ અપમાન કર્યું છે તેને માટે તમે એમને કરેલો દંડ સર્વપ્રકારે યોગ્ય જ છે. તેમની દ્વારા થયેલું અપમાન મારી દ્વારા કરાયું એવું જ માનું છું. આવા સ્વચ્છંદી સેવકો મારે ત્યાં હોય તેથી મારી કીર્તિ ઘટે છે. સેવક પોતાના ઉત્તમ વર્તનથી સ્વામીની કીર્તિને વધારી પણ શકે છે અને અધમ વર્તન કરીને ઘટાડીને નષ્ટ પણ કરી શકે છે. હવે તમે એટલી વિશેષ કૃપા અવશ્ય કરો કે પોતાને સાંપડેલા શાપને વહેલી તકે ને થોડા સમયમાં પૂરો કરીને આ બંને પાર્ષદો પવિત્ર વૃત્તિ તથા વ્યવહારવાળા થઇને પાછા અહીં આવી પહોંચે.

ભગવાનના શબ્દો સનત્કુમારોના અંતરાત્માને આનંદ આપે એ સ્વાભાવિક હતું. સારી, સારવાહી, સુધામયી વાણી સૌ કોઇને આનંદ આપે છે તો આ તો ભગવાનની અલૌકિક વાણી હતી. સનત્કુમારોનું સર્વ કાંઇ એથી સાર્થક થયું. એમણે ભગવાનને શાપમાં જે કાંઇ છુટછાટ મૂકવી હોય તે મૂકવાની પ્રાર્થના કરી ત્યારે ભગવાને જણાવ્યું કે આ બંને પાર્ષદો અસુરયોનિની પ્રાપ્તિ કરી ત્યાં ક્રોધાવેશથી વધેલી એકાગ્રતાથી દૃઢ યોગાભ્યાસની રુચિને કેળવીને ફરી પાછા આવી પહોંચશે.

ઋષિકુમારો ભગવાનને ફરીવાર વંદન કરીને વૈકુંઠના દિવ્ય દર્શનનો આનંદ અનુભવીને વિદાય થયા એટલે ભગવાને જય તથા વિજયને આશ્વાસન આપ્યું. એ પછી જય તથા વિજય નિસ્તેજ બની ગયા અને વૈકુંઠમાંથી નીચે પડ્યા.

એ બંને પાર્ષદો દિતિના ઉદરમાંથી હિરણ્યાક્ષ ને હિરણ્યકશિપુ બનીને પ્રકટ થયા. એમના જન્મની સાથે જ જગતમાં જાતજાતના અશુભ ઉત્પાતો થવા લાગ્યા. એથી પ્રજા પીડિત ને ભયભીત બની.

બ્રહ્મા પાસેથી વરદાન પ્રાપ્ત કરીને હિરણ્યકશિપુ અહંકારી બની ગયો. હિરણ્યાક્ષ નાનો હોવાં છતાં એનાથી કોઇ રીતે પાછો પડે તેવો ન હતો. એકવાર તે યુદ્ધની લાલસાથી હાથમાં ગદા લઇને સ્વર્ગલોકમાં પહોંચી ગયો. એને દેખીને દેવતાઓ ભયભીત થઇને છુપાઇ ગયા. ભાગવતમાં પ્રથમથી જ કહેવામાં આવ્યું છે કે હિરણ્યકશિપુ ને હિરણ્યાક્ષ સુવર્ણના મુકુટની અણીથી છેક આકાશને સ્પર્શ કરતા. સત્તરમા અધ્યાયના સત્તરમાં શ્લોકના આરંભમાં એવું જ કહ્યું છે કે : '**दिविस्पृशौ हेमकिरीटकोटिभिः**' એનો અર્થ શો ? અર્થ ગમે તે કરવામાં આવે પરંતુ ભાવાર્થ એજ છે કે એ બંનેને કેવળ આ પૃથ્વીની સંપત્તિમાં સંતોષ નહોતો લાગતો. એમની લાલસા, વાસના તથા તૃષ્ણા પૃથ્વીની ઉપર ઊઠીને છેક આકાશમાં પહોંચેલી ને સમસ્ત બ્રહ્માંડમાં છવાયલી. એમણે પરમાત્માના પવિત્ર પ્રેમના કે પ્રજ્ઞાના મુકુટો નહોતા પહેર્યા પરંતુ સ્થૂળ સુખ સંપત્તિ તથા સત્તાના લોભના, અનંત વિષય લાલસાના, મુકુટો પહેરેલા. એ મુકુટો એમને સાચા અર્થમાં સુશોભિત નહોતા કરતા ને શાંતિ અથવા આનંદ નહોતા આપી શક્તા.

દેવોને ભયભીત જાણીને હિરણ્યાક્ષ ત્યાંથી ગર્જના કરતાં પાછો ફર્યો. પરંતુ એને શાંતિ તો હતી જ નહિ. એટલે એણે વરસો સુધી સમુદ્રમાં ઉપદ્રવ મચાવ્યો અને પછી એ વરુણદેવની વિભાવરી નગરીમાં જઇને આતંક ફેલાવવા લાગ્યો. એણે વરુણદેવની પાસે યુદ્ધની માગણી કરી ત્યારે વરુણદેવે શાંતિથી જણાવ્યું કે તારી સાથે સારી રીતે યુદ્ધ કરવાની શક્તિ મને ભગવાન વિના બીજા કોઇનામાં નથી દેખાતી, તું તે ભગવાન પાસે જા તો તે તને અહંકાર-રહિત કરી દેશે. તે ભગવાન તારા જેવા દુષ્ટોનો નાશ કરવા ને સત્પુરુષોની સુરક્ષા કરવા જ અવતાર લે છે.

એ પછી એણે વરુણ ભગવાન સાથે યુદ્ધ કરીને પોતાનો નાશ નોતરી લીધો એ આગળપર આવી જ ગયું છે.

સંસારમાં શ્વાસ લેનારા માનવોના ત્રણ પ્રકાર છે. એક પ્રકારના માનવો બીજાના સુખ દુઃખને દેખીને તદ્દન તટસ્થ રહે છે ને બીજાને ઉપયોગી થવા કશું જ નથી કરતા. બીજા પ્રકારના માનવો બીજાને પીડા પહોંચાડે છે અને અનેક જાતના અનર્થો કરીને બીજાની સુખાકારીનો અને શાંતિનો નાશ કરે છે. એમનાં કર્મો જગતને માટે કલ્યાણકારક નથી હોતાં. ત્રીજા પ્રકારના માનવો જરાક જુદા હોય છે. એ સ્વયં દુઃખ ભોગવીને કે વિપત્તિ વેઠીને પણ બીજાને સુખ શાંતિ પહોંચાડવાના પ્રયત્નો કરે છે ને બીજાને ભૂલેચૂકે પણ હાનિ નથી પહોંચાડતા. બીજા પ્રકારના માનવો રાક્ષસ જેવા છે ને ત્રીજા છેલ્લા પ્રકારના દેવતા જેવા. એમનાથી પણ વધારે ઊંચા. એમનાં જીવન સાચા અર્થમાં સફળ છે. એ ત્રણે પ્રકારના માનવોમાં કયા પ્રકારના થવું એ માનવના હાથની વાત છે. અત્યારે પોતે એ પ્રકારોમાંથી કયા પ્રકારમાં છે ને કેવું જીવન જીવી રહ્યો છે તેનો નિર્ણય પણ એ પોતે કરી શકે છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૭] કર્દમ ઋષિનું તપ

ભાગવતના તૃતીય સ્કંધના એકવીસમા અધ્યાયમાં કર્દમ ઋષિના તપનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કર્દમ ઋષિએ સરસ્વતી નદીના તટપ્રદેશ પર સુદીર્ઘ સમય સુધી તપ કર્યું. એ તપમાં ધારણા, ધ્યાન, સમાધિ તથા ભક્તિયોગનો સુભગ સમન્વય થયેલો. એમના તપથી ભગવાને પ્રસન્ન થઇને એમને દર્શન આપ્યું ને ઇચ્છાનુસાર વરદાન માગવા જણાવ્યું.

તપ પણ બે પ્રકારના હોય છેઃ સકામ અને નિષ્કામ. નિષ્કામ તપ ઇશ્વરને માટેના પરમપવિત્ર પ્રખર પ્રેમથી પ્રેરાઇને કેવળ ઇશ્વરના દર્શન માટે જ થતું હોય છે અને સકામ તપ ઇશ્વર સિવાયની બીજી કામનાથી ભરેલું હોય છે. એમાં કોઇકવાર ઇશ્વરદર્શનની આકાંક્ષા હોય છે પણ ઘણેભાગે એ દ્વારા બીજા લૌકિક કે પારલૌકિક પદાર્થોની પ્રાપ્તિ માટેની કામના જ હોય છે. એવા સકામ તપમાં વૈરાગ્યભાવ મંદ હોય છે એવું કહી શકાય. જે જગતના પદાર્થોની પરિવર્તનશીલતાને અથવા અસારતાને સારી રીતે જાણે છે તે તો એમની અંદર આસક્ત નથી થતો અને એમની આકાંક્ષા પણ નથી રાખતો. એનું મન તો એમાંથી ઉપરામ બની જાય છે. પરંતુ જે કોઇ કારણથી નાની મોટી આકાંક્ષા રાખે છે એની આકાંક્ષા પણ ઇશ્વર એમને યોગ્ય લાગે તો પૂરી કરે છે.

કર્દમ ઋષિ ભગવાનના દિવ્ય દર્શનથી ખૂબ જ આનંદ પામ્યા ને ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. એ સ્તુતિ ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યભાવથી ભરપુર હતી. એમાં એમણે એક ઠેકાણે એવું પણ કહ્યું કે હે પ્રભુ, જેવી રીતે કરોળિયો પોતાની જ અંદરથી કોઇ પણ બાહ્ય સાધનની સહાયતા વિના જાળું બનાવે છે. વિસ્તારે છે, અને અંતે એને ગળી જાય છે તેવી રીતે તમે એક જ હોવા છતાં તમારી યોગમાયાની શક્તિથી આ સંસારને સરજો છો, પાળો છો અને સંહારો છો.

एकः स्वयं सज्जगतः सिरसृक्षया द्वितीयया ङङत्मन्ननधियोगमायया ।
सृजस्यदः पासि पुनर्ग्रसिष्यसे यर्थोर्णनाभिर्भगवन् स्वशक्तिभिः ॥
(અધ્યાય ૨૧, શ્લોક ૧૯)

એ શ્લોકને ઉપનિષદના પેલા પ્રખ્યાત 'यथोर्णनाभिः सृजते गुण्णते च' શ્લોક સાથે મેળવવા જેવો છે. ભાગવતના ભાવો તથા વિચારો કેવા વેદાનુકૂળ છે તેની પ્રતીતિ એના પરથી સહેલાઇથી થઇ શકશે.

કર્દમ ઋષિએ ભગવાનની પ્રેમપૂર્વક પ્રશસ્તિ કરીને એમની પાસે શું માગ્યું ? પોતાના શીલ, સંસ્કાર કે સ્વભાવવાળી, ગૃહસ્થાશ્રમને આદર્શ બનાવીને એમાં ધર્મ, અર્થ અને કામના ત્રિવિધ પુરુષાર્થોની પૂર્તિ કરનારી પત્ની.

આજે એવી પત્ની કોણ માગે છે ? પતિ અને પત્ની એકમેક સાથે મળીને લગ્નજીવનમાં જોડાતા પહેલાં એવા આદર્શનો ખ્યાલ ક્યાં ને કેટલોક રાખે છે ? શીલ, સંસ્કાર અને સ્વભાવની શ્રેષ્ઠતાનું કે સમાનતાનું ધ્યાન ક્યાં રાખે છે ? લગ્નજીવનમાં શરીરના આકર્ષણને, ધનને અને એવી ઇતર વસ્તુઓનું જ મહત્વ વિશેષ મનાતું હોય ને સંસ્કારો ગૌણ ગણાતા હોય તો એ લગ્નજીવન સુખી, સંવાદી ને સફળ ના બની શકે. એમાં શરીર મળે ખરાં પરંતુ મન, અંતર અને આત્મા ના મળે. એમનું લગ્ન ના બને. આપણે ત્યાં એવા

ક્લેશકારક, વિસંવાદી, નીરસ, નિષ્ફળ ગૃહસ્થાશ્રમો ઘણા દેખાય છે એનું અગત્યનું કારણ એ જ છે. ગૃહસ્થાશ્રમને તિરસ્કારવા જેવો નથી. એ બીજા આશ્રમો કરતાં જરા પણ ઉતરતો નથી. એને આદર્શ, સર્વોત્તમ, સુખમય કરનારાં સમાન મનનાં ને હૃદયના પતિ-પત્ની મળે તો એ શ્રેયસ્કર ઠરે.

કર્દમ મુનિની માગણીને એવા વિશાળ સંદર્ભમાં સમજીએ તો એમાં કશું ખોટું નહિ લાગે. આપણને એમને માટે સહાનુભૂતિ થશે.

એક બીજી વાત. કર્દમ મુનિએ ધર્મ, અર્થ, કામના ત્રિવિધ પુરુષાર્થોની પૂર્તિ કરનારી પત્ની માગી પરંતુ મોક્ષના ચોથા પુરુષાર્થનો નિર્દેશ ના કર્યો તેનું કારણ ? પુરુષાર્થ ત્રિવિધ નથી પરંતુ ચતુર્વિધ છે એ હકીકતને એ ભૂલી ગયા ? કે પછી મોક્ષનો એમણે જાણી જોઇને જ ઉલ્લેખ ના કર્યો ? સાચી વાત તો એ છે કે ધર્મના સમજપૂર્વકના સમ્યક્ અનુષ્ઠાનથી જીવનનું કલ્યાણ થતાં અને સર્વ પ્રકારની અહંતા, મમતા અને આસક્તિના અંકુરોનો અંત આવતા અવિદ્યા દૂર થાય છે ને સ્વરૂપદર્શન અથવા પરમાત્માનો સાક્ષાત્કાર સહજ બને છે. એથી મુક્તિ આપોઆપ આવી મળે છે. એમ વિશાળતાપૂર્વક વિચારતાં ધર્મના ઉલ્લેખની અંદર મોક્ષનો ઉલ્લેખ સમાઇ જાય છે. ધર્મને લોકો બાહ્ય ક્રિયાકાંડો, પંથો, મતો, સાંપ્રદાયો, ગ્રંથો, ધર્મસ્થાનો અને મંદિરો, મસ્જિદો કે ગિરજાઘરો પૂરતો જ સીમિત ના સમજે પરંતુ એમનો પોતપોતાની આવશ્યકતા પ્રમાણે આધાર લઇને એથી આગળ વધે અને પરમાત્માની પરમકૃપાથી અવિદ્યા અને એના સમસ્ત પાશમાંથી મુક્તિ મેળવે કે મુક્તિ મેળવવાનો પ્રામાણિક પ્રયત્ન કરે એટલા માટે મોક્ષનો અલગ ઉલ્લેખ આવશ્યક છે. એવો ઉલ્લેખ માનવોને ધર્મની સાચી દૃષ્ટિ પુરી પાડે છે. એને લીધે ધર્મના આદર્શને પહોંચવાની પ્રેરણા મળે છે.

ભગવાન તો કલ્પવૃક્ષ જેવા છે. એમનું સાચા હૃદયથી શરણ લેનારા ને સ્મરણ કરનારા ભક્તોના ધર્મસંગત સઘળા લાડકોડ એ પૂરા કરે છે. એમની સાથે સ્નેહસંબંધ બાંધનાર કોઇને નિરાશ નથી થવું પડતું. માનવ એમની કરુણાને અથવા અનુકંપાને ઓળખીને જો એમનું શરણ લે અને એમને ભજે તો ધન્ય થાય. એનું જીવન ઉત્સવમય બની જાય. કર્દમઋષિની ઉપર એમનો અસાધારણ અનુગ્રહ ના વરસે એવું કેવી રીતે બની શકે ? એની કલ્પના પણ કેવી રીતે કરી શકાય ? એમણે એમની માંગણીને મંજૂર રાખી ને કહ્યું કે તમારો મનોરથ પૂરો થશે. તમારા મનોરથની માહિતી મને પ્રથમથી જ મળી ગઇ છે. મારી ભક્તિ કદી પણ નિષ્ફળ નથી જતી. સ્વનામધન્ય સમ્રાટ મનુ બ્રહ્માવર્તમાં વિરાજીને સપ્તસમુદ્ર પર્યંતની પૃથ્વીનું પાલન કરે છે. તે ધર્મજ્ઞ છે. રાજર્ષિ છે. એમની મહારાણી શતરૂપા સાથે એ અહીં તમારી પાસે પરમ દિવસે આવી પહોંચશે. એમની શ્યામ લોચનવાળી, રૂપ-ગુણ-શીલ-યૌવનથી સંપન્ન સુકન્યાને એ તમને અર્પણ કરશે. એ તમારે સારું સર્વપ્રકારે સુયોગ્ય છે. એને પત્ની તરીકે પ્રાપ્ત કરીને તમે સુખી થશો. એ તમારી સમુચિત સેવા કરશે ને નવ કન્યાઓને જન્મ આપશે. એ ઉપરાંત મારા અંશરૂપે હું એને નિમિત્ત બનાવીને અવતાર લઇશ ને સનાતન બનવા સરજાયલા સાંખ્યશાસ્ત્રની રચના કરીશ. એ શાસ્ત્ર અસંખ્ય ને મોટા મોટા વિદ્વાનોને કે પંડિતોને પણ પ્રકાશ ને શાંતિ આપશે.

એવું કહીને ભગવાન સરસ્વતીના તટ પર આવેલા કર્દમ ઋષિના બિંદુ સરોવર પાસેના એકાંત આશ્રમમાંથી અદૃશ્ય થઇ ગયા.

ભગવાને જે દિવસ કહેલો તે દિવસે મનુ પોતાની પત્ની તથા પુત્રી સુવર્ણના રથમાં બેસીને ત્યાં આવી પહોંચ્યા.

કર્દમ ઋષિના આશ્રમનું સ્થાન ખૂબ જ પવિત્ર અને આહ્લાદક હતું. આજે પણ એક તીર્થ તરીકે એનો મહિમા ઘણો વખણાય છે. એ તીર્થનું નામ સિદ્ધપુર. એના નામ પ્રમાણે એ ખરેખર સિદ્ધક્ષેત્ર છે. ત્યાં રહીને એકાગ્રતાપૂર્વક સાધના કરવાથી સ્વલ્પ સમયમાં શાંતિ અને સિદ્ધિ મળે છે ને જીવન ધન્ય બને છે. સરસ્વતી નદીનો પુણ્યપ્રવાહ આજે પણ ત્યાં એવી જ ચિત્તાકર્ષક રીતે વહ્યા કરે છે. એ પ્રવાહ પોતાના અવલોકનથી આંખ અને અંતરને આનંદ આપે છે. મન ત્યાં ધાર્યા કરતાં વધારે શીઘ્ર ને સહેલાઇથી એકાગ્રતાનો અનુભવ કરે છે.

કર્દમ ઋષિ પર કૃપાની વૃષ્ટિ કરવા પધારેલા ભગવાનના નેહાળ નેત્રોમાંથી જ્યાં અશ્રુબિંદુ ટપકી પડેલાં તે સ્થાનને બિંદુ સરોવર કહેવામાં આવે છે. એ સરસ્વતી નદી સાથે સંકળાયલું હોવાથી પવિત્ર ને કલ્યાણકારક છે.

મનુ મહારાજે પોતાની સુપુત્રી દેવહુતિ સાથે કર્દમ ઋષિના દર્શન કર્યા. દીર્ઘકાલીન તપથી કૃશ થયેલા, ઊંચા, મસ્તક પર જટાવાળા કર્દમે એમનો સુયોગ્ય સત્કાર કરીને પોતે પ્રથમથી જાણતા હોવા છતાં પણ, એમના શુભાગમનનું સુમધુર સ્વરે પ્રયોજન પૂછ્યું.

સમ્રાટ મનુએ પોતાની પુત્રી દેવહુતિની ઓળખાણ આપીને જણાવ્યું કે એની ઇચ્છા વય, શીલ તથા ગુણોથી યુક્ત પતિને વરવાની છે. દેવર્ષિ નારદ પાસેથી માહિતી મેળવીને અને પ્રખ્યાતિ સાંભળીને એણે તમને પતિ તરીકે પસંદ કરવાનો નિર્ણય કર્યો છે. મેં સાંભળ્યું છે કે અત્યાર સુધી કઠોર બ્રહ્મચર્યનું પાલન કરીને હવે તમે લગ્નને માટે ઇચ્છા રાખો છો. તો આ કન્યાનો સ્વીકાર કરો.

એ શબ્દોમાં ‘કન્યા’ શબ્દનું મહત્વ ધાર્યા કરતાં ઘણું મોટું છે. મનુ મહારાજ સૂચવવા માગે છે કે દેવહૂતિ મન, વચન, શરીરથી પવિત્ર છે અને એનું કૌમાર્યવ્રત હજુ નાશ નથી પામ્યું. ભારતમાં એ હકીકત ઘણી મહત્વની મનાતી અને આજે પણ મનાય છે. પરદેશોમાં કુમારી માતાઓનો પ્રશ્ન જોર પકડી રહ્યો છે ને સમસ્યારૂપ બન્યો છે. તેને લીધે કેટલીય કન્યાઓ લગ્ન કરતાં પહેલાં જ શરીરની પવિત્રતાને નષ્ટ કરી નાખે છે ને માતા બને છે. ત્યાંનું મુક્ત જાતીય જીવન તેને માટે જવાબદાર હશે. ભારતમાં એ બદી હજુ એટલી બધી વ્યાપક નથી બની એ સારું છે. પ્રાચીન સમયથી જ અહીંનાં સ્ત્રીપુરુષોને સંયમ તથા શુદ્ધિની શિક્ષા આપવામાં આવે છે. એમને સારુ એવો સંયમ સ્વાભાવિક બને એવી અપેક્ષા રખાય છે. એટલે જ ભારતમાં અતીતકાળથી માંડીને આજ સુધીમાં કેટલાંક પરમ પ્રતાપી સ્ત્રીપુરુષો પાકી શક્યાં છે. કર્દમ અને દેવહુતિ એના સુંદર આદર્શ ઉદાહરણરૂપ કે પ્રતીકરૂપ છે.

જે લોકો એવું માને છે કે ભારતવર્ષમાં સ્ત્રીઓ પહેલાં સર્વપણે પરાધીન હતી અને પોતાના પતિની પસંદગીમાં સૂર નહોતી પુરાવી શક્તી એ ભૂલ કરે છે. ભારતીય સંસ્કૃતિ તથા પરંપરાનું એમનું અધ્યયન

અને અવલોકન અધુરું છે. ભારતમાં સ્વયંવરોની સ્ત્રીજાતિની સ્વતંત્રતાસૂચક પ્રથા પહેલેથી જ પ્રવર્તમાન હતી એ તો ખરું જ, પરંતુ દેવહુતિ જેવી કેટલીય કન્યાઓ સ્વયંવર સિવાય પણ ઇચ્છાવરને વરતી. લગ્નના પ્રકારોમાં આજના સ્નેહલગ્નના જેવા ગાંધર્વ વિવાહનો પ્રકાર પણ પ્રચલિત હતો અને એનો આધાર અવારનવાર લેવાતો. લગ્ન પછી પણ સ્ત્રીઓ આદર્શ ગૃહસ્થાશ્રમના નિર્માણમાં મદદરૂપ બનતાં ઘરની સંપૂર્ણ સ્વામિની બનતી. '**गृहिणी गृहमुच्यते ।**'ગૃહિણીથી જ ઘર બને છે, ગૃહિણીને લીધે જ ઘર ઘર કહેવાય છે, ગૃહિણી વિનાનું ઘર ઘર કેવું ? એ સારવાહી ઉક્તિ એ સંદર્ભમાં જ પ્રચલિત થયેલી.

કર્દમ ઋષિએ મનુ મહારાજના પ્રસ્તાવનો સ્વીકાર કર્યો. એમને દેવહુતિમાં પોતાના જીવનની આદર્શ ગૃહિણીનું દર્શન થયું. એમણે મનુ મહારાજને કોઇ પણ પ્રકારના સંકોચ સિવાય સ્પષ્ટતાપૂર્વક કહી દીધું કે હું ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરીશ ખરો પરંતુ મારા જીવનનું ધ્યેય ગૃહસ્થાશ્રમનાં સુખોનો આજીવન ઉપભોગ જ નથી. મને સંતાન થયા પછી ગૃહસ્થાશ્રમમાંથી મનને પાછું ખેંચી લઇને હું આત્મજ્ઞાનની મદદથી પરમહંસોના પવિત્રતમ ધર્મોનું પૂર્ણપણે પાલન કરીને જીવનનું કલ્યાણ કરીશ. મને સર્વાધાર તથા સર્વના નિયંતા પરમાત્માના શ્રદ્ધાભક્તિયુક્ત અનુસંધાનમાં જ વધારે આનંદ આવે છે.

દેવહુતિ કર્દમના વિચારોથી ખૂબ જ પ્રભાવિત થઇ. એનો અને શતરૂપાનો સર્વસંમત અભિપ્રાય જાણીને મનુ મહારાજે કર્દમ ઋષિ સાથે એનું વિધિપૂર્વક લગ્ન કર્યું. પછી કર્દમની અનુમતિ મેળવીને એ રથમાં બેસીને શતરૂપા તથા પોતાના અનુચરો સાથે ચાલી નીકળ્યા.

સરસ્વતીના તટપ્રદેશ પર એ વખતે તપઃપૂત તપોધન ઋષિમુનિઓના એકાંત આહલાદક આશ્રમો હતા. એમાંથી વેદમંત્રોના અદ્દભુત આલાપો નીકળતા. આજે એ આશ્રમ ક્યાં છે ? અતીતમાં વિલીન થઇ ગયા છે. આજે તો ત્યાં મોટું નગર બની ગયું છે. સરસ્વતીનો સુંદર પુણ્યપ્રવાહ અને બિંદુ સરોવર એમની સ્મૃતિ કરાવતાં શેષ રહ્યા છે તે જ. આજના સિધ્ધપુરમાં પ્રવેશીએ છીએ ત્યારે એ બધા કથાપ્રસંગો તાજા થાય છે. અને એવા તો કેટલાય કલ્પનાના પટ પર ક્રીડા કરવા માંડે છે.

યુવાવસ્થા તો ઉત્સાહની, સ્વપ્નોના સેવનની ને સર્જનની, થનગનાટની ને જ્યોતિર્મય રસાળ જીવનનિર્માણની અલૌકિક અવસ્થા છે. જેને તેની પ્રાપ્તિ થઇ છે તે બડભાગી છે. જે એની શક્યતાઓ ને શક્તિઓને જાણીને એનો સમુચિત સદુપયોગ કરે છે તે ધન્ય છે, કર્દમ અને દેવહુતિએ એનો સમજપૂર્વકનો આસ્વાદ લેવા માંડ્યો.

ઉત્તમ પ્રકારનો તપસ્વી કે યોગી જ્યારે લગ્નજીવનમાં પ્રવેશ કરે ત્યારે એનું લગ્નજીવન કેવું સુખી, સમૃધ્ધ અને ઇશ્વરપરાયણ તથા અનાસક્ત બને એની ઝાંખી કર્દમના લગ્નજીવન પરથી સારી રીતે થઇ રહે છે. આદર્શ પત્નીનો ધર્મ દેવહુતિના વ્યક્તિત્વમાં વણાઇ ગયેલો. એ ધર્મપ્રેમથી પ્રેરાઇને એણે કર્દમની સુચારુરૂપે સંતોષકારક રીતે સેવા કરવા માંડી. સ્નેહથી જેની સેવા કરવામાં આવે છે તેને તો સંતોષ થાય છે જ પરંતુ એથી અધિક અગત્યની વાત તો એ છે કે એથી સેવા કરનારને પોતાને સંતોષ થાય છે. એ સંતોષ પોતાના સમયનો ને પોતાની રહીસહી શક્તિના સદુપયોગનો છે. સેવા કરનાર બીજાની સુખશાંતિ, સમૃદ્ધિ કે સમુન્નતિના મહાયજ્ઞમાં પોતાના ગજા પ્રમાણે આહુતિ આપે છે એ આનંદનો અનુભવ એને માટે ઓછો નથી.

ભાગવત દેવહુતિની સેવાનો ઉલ્લેખ કરતાં કહે છે કે દેવહુતિએ છળકપટ, કામક્રોધ, દ્વેષ, દુરાચાર તથા મદનો ત્યાગ કરી જાગૃતિ તથા લાગણીપૂર્વક, વિશ્વાસ, પવિત્રતા, પૂજ્યભાવ, સંયમ, સેવા, સ્નેહ તથા સુમધુર સંપન્ન વાણીથી બનીને પરમપ્રતાપી કર્દમમુનિને સંતોષ આપ્યો. જેની અંદર એવા ગુણો હોય તે કોને સંતોષ ના આપે ને કોને વશ ના કરે ?

કર્દમ ઋષિએ એવી અસાધારણ સેવાથી સંતુષ્ટ કે પ્રસન્ન થઇને દેવહુતિ પ્રત્યે કરુણાથી તેમજ પ્રેમભાવથી પ્રેરાઇને એને અલૌકિક ભોગોનો આસ્વાદ આપવાનો સંકલ્પ કર્યો. એ સંકલ્પને અનુસરીને પોતાની દૈવી યોગશક્તિની મદદથી એમણે ભોગપદાર્થોનું ઇચ્છામાત્રથી જ નિર્માણ કર્યું.

સૌથી પહેલાં તો એમણે ઇચ્છાનુસાર વિહાર કરવાવાળા સુંદર વિમાનને તૈયાર કર્યું. એ વિમાન દિવ્ય, સર્વ રત્નોથી યુક્ત, સંપત્તિવાળું, સર્વ કામનાઓની પૂર્તિ કરનારું, મણિમંડિત સ્થંભોવાળું, સુખદ અને સારી રીતે શણગારેલું હતું. એમાં અનેક માળ હતા અને એ માળ શય્યાઓ, પલંગો, પંખાઓ અને અનેકવિધ આસનોથી અલંકૃત કરવામાં આવેલા.

દેવહુતિ કર્દમના આદેશને અનુસરીને બિંદુ સરોવરમાં સ્નાન કરીને એ દિવ્ય વિમાનમાં વિરાજી. બિંદુ સરોવરમાં સ્નાન કરવા પ્રવેશી ત્યારે એણે એક હર્મ્યમાં રહેતી હજાર કન્યાઓ જોઇ. એમણે ઉત્તમ પ્રકારનાં સુગંધિત દ્રવ્યોથી સ્નાન કરાવ્યું અને સુંદર વસ્ત્રો તથા ભૂષણો પહેરાવ્યા. એથી એ દેવકન્યા કરતાં પણ વધારે સુંદર દેખાવા લાગી.

એ વિમાનમાં દેવહુતિ સાથે વિરાજીને કર્દમે મેરુ પર્વતની પ્રશાંત ગુફાઓમાં તથા સમસ્ત ભૂમંડળમાં વિહાર કર્યો. એ વિહારથી દેવહુતિની પ્રસન્નતા, પરિતૃપ્તિ તથા ધન્યતાનો પાર ના રહ્યો.

કર્દમ ઋષિએ ભય, બંધન તથા દુઃખનો નાશ કરનારા ભગવાનના ચારુચરણનો આશ્રય લીધો હોવાથી એમને માટે કશું જ દુર્લભ નહોતું.

વખતના વીતવાની સાથે દેવહુતિને નવ પુત્રીઓ થઇ. એ પછી કર્દમ ઋષિ પોતાનો પરિત્યાગ કરીને ચાલ્યા ના જાય તે માટે એણે એમને પોતાની પાસે રહેવા માટે વિજ્ઞપ્તિ કરીને કહ્યું કે તમે મને ત્યાગીને તમારા પૂર્વસંકલ્પ પ્રમાણે ચાલ્યા જાવ ત્યારે મારા શોક તથા મોહને દૂર કરનાર બ્રહ્મજ્ઞાની પુત્ર પણ મારી પાસે હોવો જોઇએ. એવો સુપુત્ર જ મને શાંતિ આપી શકે. મારા મનમાં પરમાત્માના પરમજ્ઞાનને પ્રાપ્ત કરવાની ઇચ્છાનો ઉદય થયો છે. મારો આટલો સમય જુદા જુદા વિષયોપભોગોમાં જ વ્યતીત થવાથી હું મારા જીવનનું સાચું શ્રેય નથી સાધી શકી. તમારા સરખા સત્પુરુષનો સમાગમ થવા છતાં પણ મેં અવિદ્યાનાં બંધનોમાંથી છૂટવાની ઇચ્છા ના કરી. હવે હું એવા બ્રહ્મજ્ઞાની પુત્રની ઇચ્છા રાખું છું જે મારા બધા જ મનોરથોને પૂરા કરે. મને લાગે છે કે જીવન પરમકૃપાળુ પરમાત્માને જાણવા માટે જ છે.

માનવ જીવનભર ભાતભાતના વિષયોમાં ડૂબેલો રહે ને ભાન ભૂલે એના કરતાં વિવેક તથા વૈરાગ્યથી સંપન્ન બને ને મોહને દૂર કરીને આત્મોન્નતિને માર્ગે આગળ વધે એ સદાયે ઇચ્છવા જેવું, અભિનંદનીય અને આવકારદાયક છે. જીવનના વિકાસની એ એક સુંદર નિશાની છે.

કર્દમ તો દિવ્ય દૃષ્ટિથી સંપન્ન હતા. એમણે દેવહુતિના શબ્દો સાંભળીને તરત જ જણાવ્યું કે તારા મનમાં ઊઠેલો સંકલ્પ પરમાત્મા પ્રેરિત લાગે છે. તારો એ સંકલ્પ સફળ થશે. ભગવાન પોતે જ થોડા વખતમાં માનવ જાતિનું મંગલ કરવા માટે તારા ઉદરથી જન્મ લેશે. તે તને તારી ઇચ્છાનુસાર બ્રહ્મજ્ઞાનનો અમોઘ ઉપદેશ આપી, તારા અંતરની અવિદ્યારૂપી ગ્રંથિને શાંતિનું દાન કરશે. એમના પ્રાદુર્ભાવ પહેલાં એની પવિત્ર પૂર્વભૂમિકારૂપે ઇન્દ્રિયોના સંયમ તથા સ્વધર્મના પાલન દ્વારા ભગવાનની આરાધના કર.

દેવહુતિએ પતિની આજ્ઞાનુસાર મનને ભગવાનમાં જોડી દીધું.

સમય પર દેવહુતિને પુત્રજન્મ થયો. એ વખતે દેવતાઓ વાદ્યોને વગાડીને પ્રસન્નતા પ્રકટ કરવા લાગ્યા, ગંધર્વો ગાવા માંડ્યા, અને અપ્સરાઓ નૃત્ય કરવા માંડી. આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઇ, દિશાપ્રદિશા પ્રસન્ન બની, જળાશયો નિર્મળ બન્યાં, ને પ્રાણીમાત્રનાં મન પ્રસન્નતાનો અનુભવ કરવા લાગ્યાં.

પવિત્ર પુરુષોના પ્રાદુર્ભાવથી પૃથ્વીનાં પરમાણુઓ પવિત્ર બને ને પ્રસન્નતાને પ્રકટ કરે એ સહેજે સમજી શકાય તેવું છે. એવા પરમપવિત્ર પુરુષોના પ્રાદુર્ભાવ સમયનું શાસ્ત્રોમાં આવતું એવું વર્ણન એ અર્થમાં સૂચક છે. કેટલાકને એ અત્યુક્તિપૂર્ણ લાગે તો એના મૂળભૂત ભાવાર્થને જ લેવાની આવશ્યકતા છે. તો એના સારાંશને સારી પેઠે સમજી શકાશે.

અપવિત્ર પુરુષોના જન્મથી પૃથ્વીના પરમાણુઓ અપવિત્ર બને ને પ્રસન્નતાને પ્રકટ ના કરે એ પણ સ્વાભાવિક રીતે આપોઆપ જ ફલિત થાય છે.

બ્રહ્મા મરીચિ જેવા પ્રાતઃસ્મરણીય ઋષિવરો સાથે કર્દમ ઋષિના આશ્રમમાં આવ્યા. એમણે કહ્યું કે પરમાત્મા પોતે જ પોતાની દૈવી ગુણમયી માયાનો આશ્રય લઇ, અહીં કપિલસ્વરૂપ ધારીને જન્મ્યા છે. દેવહુતિની અવિદ્યાગ્રંથિનું ભેદન કરશે અને સાંખ્યસાસ્ત્રના આચાર્યોમાં અત્યંત આદરણીય મનાશે. એ વિશ્વમાં કપિલ નામથી વિખ્યાત બનશે.

બ્રહ્માની વિદાય પછી કર્દમે એમની આજ્ઞા પ્રમાણે નવ પુત્રીઓનાં મરીચિ જેવા પ્રજાપતિઓ સાથે લગ્ન કર્યાં. મરિચિને કલા, અત્રિને અનસૂયા, અંગિરાને શ્રધ્ધા, પુલત્સ્યને હવિર્ભૂ, પુલહને ગતિ, ક્રતુને ક્રિયા, ભૃગુને ખ્યાતિ, વસિષ્ઠને અરુંધતી અને અથર્વનને શાંતિ નામની કન્યા પ્રદાન કરી.

કર્દમ ઋષિએ કપિલના મહિમાને જાણીને એકાંતમાં એમની પ્રશસ્તિ કરી. એમણે પોતાના જીવનને સફળ અને ધન્ય માન્યું. એ પછીથી ગૃહત્યાગ કરીને અન્યત્ર જવા માટે એમની અનુમતિ માગી.

કર્દમ ઋષિ કપિલની પ્રદક્ષિણા કરીને ત્યાંથી ચાલી નીકળ્યા. એમણે વીતરાગ થઇ, અહિંસાવ્રત ધારણ કરીને એક આત્માનું શરણ લીધું. અંતરંગ સાધનાત્મક અભ્યાસક્રમ દ્વારા મનને પરમાત્મામાં જોડીને અતીન્દ્રિય અનુભૂતિની પ્રાપ્તિ કરીને ચરાચરમાં સર્વત્ર પરમાત્માદર્શન કર્યું.

કર્દમ ઋષિના અંત સમય સંબંધમાં ભાગવતકાર કહે છે :

**इच्छाद्विपविहिनेन सर्वत्र समचेतसा ।**

**भगवद्‌भक्तियुकतेन प्राप्ता भागवती गतिः ॥**

**(અધ્યાય ૨૪, શ્લોક ૪૭)**

ચિત્તને વાસના, રાગ તથા દ્વેષ વગરનું કરીને ભગવાનની દિવ્ય ભક્તિથી ભરપુર બનાવીને મહર્ષિ કર્દમે ભગવાનની પરમગતિને મેળવી લીધી. એટલે કે એ ભગવાનમાં મળી ગયા.

તટસ્થ રીતે વિચારીએ તો માનવમાત્રને માટે બે પ્રકારની ગતિ જ શેષ રહે છે. એક ગતિ વિષયાધીન બનીને રાગદ્વેષ તથા વાસનાઓથી યુક્ત થવાની અને એવી રીતે ઉત્તરોત્તર અશાંતિ ભોગવવાની કે બંધનમાં પડવાની, ને બીજી ગતિ પવિત્ર તેમજ નિર્વાસનિક બની, પરમાત્મપ્રેમને પ્રકટાવી ને પ્રબળ બનાવીને પરમાત્મમય થવાની. એક વિષયવતી કે સાંસારિક ગતિ અને બીજી ભાગવતી ગતિ. માનવે કયી ગતિ મેળવવી છે તેનો નિર્ણય કરવાનો છે ને તદનુસાર પુરુષાર્થમાં લાગી જવાનું છે. જે ઉત્તમ ગતિને મેળવવા માગે તે મેળવી શકે છે. ગતિને સદ્દગતિ કરવી કે દુર્ગતિ તે માનવના હાથમાં છે. જીવન ઝડપથી, અત્યંત ઝડપથી, વહી રહ્યું છે. એની પ્રત્યેક પળનો ઉચિત દિશામાં ઉપયોગ કરવાથી જ કાંઇક મેળવી શકાય.

☼ ☼ ☼ ☼ ☼

## [૮] માતા દેવહુતિને ઉપદેશ

હવે પછીનો સમય ભાગવતનો અત્યંત અગત્યનો અમર વિષય છે. એને લીધે ભાગવતની ગુણવત્તા, મહત્તા ને શોભા વધી જાય છે. ભાગવતના અતિશય આકર્ષક, અદ્દભુત, આહ્લાદક, સુંદર વિષયોમાંનો એ એક છે અને અગ્રસ્થાને છે. એ વિષયની સ્મૃતિ જ કેટલી બધી સુખકારક છે ? એનું શીર્ષક કેટલું બધું સારગર્ભિત તથા પ્રેરક છે ? માતા દેવહુતિને મહર્ષિ કપિલે આપેલો ઉપદેશ. માનવ સંસ્કૃતિની એ એક સાધારણ ઘટના છે એવું ના કહી શકાય. એની અસાધારણતા અનોખી છે. એમાંથી આજ સુધી અનેકને પ્રેરણા મળી છે. એ ઉપદેશ કેટલાયને માટે કલ્યાણકારક થયો છે. એને માટે મહર્ષિ કપિલનાં જેટલાં ગુણગાન ગાઇએ એટલાં ઓછા છે. એમના અસાધારણ અનુગ્રહને લીધે જ માતા દેવહુતિને તથા સમસ્ત સંસારને એ શાસ્ત્રોના સનાતન નિષ્કર્ષ જેવા સદ્દુપદેશની પ્રાપ્તિ થઇ છે. સંસાર એમનો ઋણી છે. અને એમની સાથે વિદુષી પરમાત્માપ્રેમી માતા દેવહુતિનો પણ ઋણી છે. કારણ કે એણે જિજ્ઞાસા જ ના બતાવી હોત તો મહર્ષિ કપિલની સ્વાનુભસંપન્ન જ્ઞાનગંગાને પ્રકટીને પ્રવાહિત થવાનું નિમિત્ત ભાગ્યે જ ઊભું થયું હોત. એમની પણ જેટલી પ્રશસ્તિ કરીએ એટલી ઓછી છે. માતાઓ તો જગતમાં અનેક થઇ છે, પરંતુ પોતાના પુત્રમાં પરમાત્માના પરમપાવન પ્રકાશને પેખીને, એને પરમાત્માનું પ્રતીક માનીને, એની પાસે સદ્દુપદેશ કે શાંતિની પ્રાપ્તિ કરનારી માતાઓ જવલ્લે જ જડે છે. માતા પુત્રની અંદરથી પુત્રભાવ કાઢી નાખીને પ્રશ્નો પૂછતી બેઠી હોય એ દૃશ્ય જ કેટલું બધું અદ્દભુત છે ? એવું દૃશ્ય જ્યાં ત્યાં નથી મળતું. માતા પ્રત્યે લાગણી રાખવી ને માતાની સેવા કરવી એ એક વાત છે અને માતાને આત્મિક શાંતિ આપવાનો સમજપૂર્વકનો પ્રયત્ન કરવો એ વળી જુદી જ વાત છે. મહર્ષિ કપિલે એવું અસાધારણ કર્મ કરી બતાવ્યું. ભાગવતમાં એ બંનેનાં સુંદર દૃશ્યો જોવા મળે છે. એ અદૃષ્ટપૂર્વ દૈવી દૃશ્યો આંખ અને અંતરને ઠારે અથવા અનુપ્રાણિત કરે એવાં છે. ભાગવતનું એ એક વિરલ-અતિવિરલ દૃશ્ય છે. એવું દૃશ્ય એ અદ્દભુત ગ્રંથરત્નમાં અન્યત્ર નથી મળતું.

ભાગવતના ત્રીજા સ્કંધના અધ્યાય પચીસથી તેત્રીસમાં માતા દેવહુતિને મહર્ષિ કપિલે આપેલા સદ્દુપદેશનો સમાવેશ કરવામાં આવ્યો છે. છેલ્લા તેત્રીસમા અધ્યાયમાં એ સુંદર સદ્દુપદેશની દેવહુતિ પર પડેલી પ્રતિક્રિયાને સંયમપૂર્ણ છતાં સારવાહી રીતે કહી બતાવવામાં આવી છે. એ અદ્દભુત અને આનંદદાયક છે તેની ના નહિ. એ સદ્દુપદેશનું મહત્વ આજે પણ એટલું જ મોટું છે. જીવનના આધ્યાત્મિક ઘડતરમાં એ અત્યંત અગત્યનો, આશીર્વાદરૂપ ભાગ ભજવી શકે તેમ હોવાથી એનો ઉલ્લેખ અસ્થાને તો નહિ જ ગણાય પરંતુ આવકારદાયક લેખાશે.

પચીસમા અધ્યાયના આરંભમાં જ આપણે વિષયાભિલાષી થાકેલી દેવહુતિનું દર્શન થાય છે. વિવિધ વિષયોની લાલસાઓ માનવનું આત્યંતિક કલ્યાણ નથી કરી શક્તી. એ એને શાશ્વત શાંતિ નથી આપતી. એ નિત્યનિરંતર વધતી જ જાય છે અને અંતરાત્માને અશાંત બનાવે છે. ઘીથી અગ્નિ વધે તેમ એમનો ઉપભોગ એમની અભિવૃદ્ધિનું કારણ થઇ પડે છે. દેવહુતિને એ અનુભવજ્ઞાન લાધ્યું છે. અત્યાર સુધી એણે ભાતભાતના વિષયોપભોગોનો વરસો સુધી આસ્વાદ લીધો છે. એને લીધે એ જરા વધારે વિચારશીલ બની છે. એ મોહનો

અને એના પરિણામે પેદા થનારી પ્રબળ બનનારી આસક્તિનો અનુભવ કરે છે અને એથી પ્રેરાઇને મહર્ષિ કપિલને કહે છે કે હું પુરુષ તથા પ્રકૃતિના સ્વરૂપજ્ઞાનને પ્રાપ્ત કરવાની ઇચ્છાથી તમારા શરણે આવી છું ને તમને પ્રણામ કરું છું. અહંતા અને મમતાની ગ્રંથિનું ભેદન કરનારા માનવજીવનના આત્યંતિક સર્વશ્રેષ્ઠ અમોઘ સાધન વિશે મને કહી બતાવો.

દેવહુતિનાં એ વચનો એની અંતરંગ યોગ્યતાના ને નમ્રતાના સૂચક છે. એના સિવાય એ એવા પ્રશ્ન ના પૂછી શકી હોત.

અને મહર્ષિ કપિલે એની જિજ્ઞાસાનો જવાબ આપતાં આરંભમાં જ સરસ શબ્દોમાં કહ્યું કે માતા ! માનવના આત્યંતિક કલ્યાણનું મુખ્ય સાધન અધ્યાત્મ યોગ સિવાય બીજું કોઇ જ નથી. એ સંબંધી મને લેશ પણ શંકા નથી રહી. એ અધ્યાત્મયોગથી સુખ તથા દુઃખ જેવાં દ્વન્દ્વોની સંપૂર્ણ નિવૃત્તિ થાય છે.

**योग आध्यात्मिकः पुंसा मतोनिश्चयसाय मे ।**
**अत्यन्तो परतिर्यत्र दुःखस्य च सुखस्य च ॥**
**(**અધ્યાય ૨૫, શ્લોક ૧૩)

'**दुःखस्य च सुखस्य च**' કારણ કે પ્રકાશ હોય ત્યાં અંધકારનો અને અંધકાર હોય ત્યાં પ્રકાશનો અવકાશ હોય જ છે. એવી રીતે જ્યાં સુખ હોય ત્યાં દુઃખની ને દુઃખ હોય ત્યાં સુખની શક્યતા સ્વાભાવિક રીતે જ રહે છે. આપણે ત્યાં મોટે ભાગે એવું મનાય છે કે આધ્યાત્મિકતાનો આશ્રય લઇને માણસે દુઃખમાંથી મુક્તિ મેળવીને સુખમાં પ્રતિષ્ઠિત થવું જોઇએ. એ રીતે વિચારતાં મહર્ષિ કપિલનું આ વિધાન પરંપરાગત પ્રસ્થાપિત વિચારધારાથી જરાક જુદું લાગે તેવું છે. તો પણ એ આદર્શ અને આવકારદાયક છે એની ના નહિ.

માણસે સર્વ પ્રકારનાં દુઃખોની પાર તો પહોંચવું જ જોઇએ એમાં બેમત નથી પરંતુ સાંસારિક સુખોથી ઉપર ઊઠવું જોઇએ એ પણ એટલું જ સાચું છે. સાંસારિક સુખોથી ઉપર ઊઠીને આધ્યાત્મિક સાધના દ્વારા એણે આત્મિક સુખની ઉપલબ્ધિ કરવી જોઇએ. એ સુખ કોઇ બાહ્ય પદાર્થો, ભોગો કે સાધનો પર નિર્ભર નથી પરંતુ સ્વયંભૂ છે. કામચલાઉ નથી પરંતુ શાશ્વત છે. એ આત્માના આશ્રયે જ રહેતું હોય છે.

પરંતુ અધ્યાત્મયોગની સાધનામાં એવા શાશ્વત સુખની અનુભૂતિ જ કાંઇ સર્વોત્કૃષ્ટ અવસ્થા નથી કહેવાતી. એના કરતાં પણ આગળની અવસ્થા નથી એમ નહિ. સુખને કોણ અનુભવે છે ? મન. સુખની જેમ દુઃખને પણ એ જ અનુભવે છે. સાધકે સુખ તથા દુઃખની એ સંમિશ્રિત, વિરોધાભાસી અસરથી ઉપર ઊઠીને આત્માનુભૂતિ કરીને આત્માના અક્ષય અલૌકિક પ્રદેશમાં પ્રતિષ્ઠિત થવાનું છે. આત્મસાક્ષાત્કારની એ અનેરી અવસ્થામાં મન સંપૂર્ણપણે શાંત થઇને આત્મામાં લીન બને છે. ત્યારે નથી રહેતું સુખ કે નથી રહેતું દુઃખ. સાધક સમસ્ત પ્રકારના દ્વંદ્વો તથા પ્રકૃતિજન્ય ગુણધર્મો, રસો અને સારીય પ્રકૃતિની પકડમાંથી છૂટી જાય છે. એવી વિશાળ અનુભવાત્મક દૃષ્ટિથી વિચારીએ તો મહર્ષિ કપિલનું વિધાન સંપૂર્ણ સાચું ઠરે છે અને એમના પોતાના આત્મિક ઊંડાણની પ્રતીતિ કરાવે છે.

આત્મદર્શી પુરુષ પાછો જાગૃતિમાં આવે છે ત્યારે પણ દ્વંદ્વોથી અને સુખદુઃખની સંમિશ્રિત અસરથી પર રહે છે. એ સુખનિષ્ઠ નહિ પરંતુ આત્મનિષ્ઠ બની રહે છે અને સ્વભાવિક શાંતિમાં જીવન પસાર કરે છે. સુખ

અને આનંદ તો આત્માના અલૌકિક અર્ણવનાં આવકારદાયક અને સારાં તો પણ તરંગ છે; શાંતિ એની સ્વાભાવિક ચિરસહચરી છે. એ શાંતિ એના વ્યક્તિત્વના અણુપરમાણુમાંથી પ્રકટ થાય છે.

મહર્ષિ કપિલ એવું પણ કહે છે કે અધ્યાત્મયોગનો ઉપદેશ મેં પૂર્વે શ્રવણ કરવાની ઇચ્છાવાળા ઋષિઓને કહેલો. તે જ શમદમાદિ સર્વાંગોની પૂર્ણતાવાળા યોગનો ઉપદેશ આજે તમને આપું છું.

એ શબ્દો ગીતાના ચોથા અધ્યાયના પેલા એવા જ સુંદર શબ્દોનું સ્મરણ કરાવે છે જેમાં ભગવાન કૃષ્ણ કહે છે કે આ યોગ મેં પહેલાં વિવસ્વાનને કહેલો, વિવસ્વાને મનુને, મનુએ ઇક્ષ્વાકુને; અને એવી રીતે એની પરંપરા ચાલેલી. સુદીર્ઘ સમયથી લુપ્ત થયેલા એ યોગનો સંદેશ તને મારો ભક્ત કે સખા સમજીને સંભળાવી રહ્યો છું.

ઉભયના ઉદ્દગારોમાં કેટલું બધું અદ્દભુત, આશ્ચર્યકારક અને સુખદ સામ્ય છે ? ગીતા અને ભાગવતના તુલનાત્મક અભ્યાસની દૃષ્ટિએ એનું મહત્વ ખૂબ જ વધી જાય છે.

મહર્ષિ કપિલ માતા દેવહુતિને ઉપદેશ આપતાં એના અનુસંધાનમાં જે મહત્વની વાત કહે છે તે એ છે કે માનવના બંધન અને મોક્ષનું કારણ એનું મન છે. એ મન જો પ્રકૃતિના ગુણો કે વિષયોમાં આસક્ત બની જાય છે તો બંધનનું કારણ બને છે ને પરમપુરુષ પરમાત્મામાં જોડાઇ જાય તો મોક્ષનું. બંધન અને મોક્ષ એવી રીતે મન દ્વારા અનુભવાય છે ને મનની અલગ અલગ અવસ્થાઓ છે.

અહંતા અને મમતા જેવા દોષોમાંથી મુક્તિ મેળવીને મન જ્યારે નિર્મળ, સુખદુઃખની અસરોથી રહિત અને સમદર્શી બને છે ત્યારે શુદ્ધ, પ્રકૃતિથી પર, ભેદરહિત, સ્વયંપ્રકાશ, સૂક્ષ્મ, અખંડ, અમાપ, અવ્યય, આત્માનો સાક્ષાત્કાર થાય છે.

વિષયોની ઘોર આસક્તિ માનવના જીવનને જડ કરે છે ને બરબાદ બનાવે છે પરંતુ એજ આસક્તિ જો ઇશ્વરમાં થાય તો પરમ કલ્યાણકારક ઠરે છે ને ઇશ્વરના દર્શનનો દેવદુર્લભ લહાવો ધરે છે. ભક્તિનું પ્રમુખ પ્રયોજન એજ છે. એનો આશ્રય લેનારો માનવ સંસારના પાર્થિવ પરિવર્તનશીલ પદાર્થોને ભજવાને બદલે ભગવાનને જ ભજે છે, તન મન ને વચનથી જીવનની પ્રત્યેક પળે ને હરેક સ્થળે ભગવાનને જ ભજે છે, ને સર્વ પ્રકારે ભગવાનનો થઇને રહેવામાં જ ગૌરવ ગણે છે અને આનંદ માને છે. ભક્તિ ભગવાનનાં ચરણોમાં એવું સમજપૂર્વકનું, ભાવસહિત, સર્વસમર્પણ છે. અથવા એવું કહો કે ભક્તને ભગવાન સાથે, માનવની વ્યક્તિગત આત્મિક ચેતનાને પરમાત્માની સમષ્ટિગત સર્વવ્યાપક પરમચેતના સાથે જોડનારો સેતુ છે. એક ભવપાર કરનારી અવિદ્યારૂપી અર્ણવને તરવામાં મદદરૂપ થનારી નૌકા છે. એની મદદથી પુરુષ સાચા અર્થમાં પુરુષ અને પછી પુરુષોત્તમ બની શકે છે.

ભક્તિના બે પ્રકારો છે : સકામ અને નિષ્કામ. સંસારના સઘળા પદાર્થો પરિવર્તનશીલ છે અને સાચું સુખ નથી આપી શકતા; સાચું શાશ્વત સુખ તો કેવળ ભગવાનને ભજવાથી ને ભગવાનના સાક્ષાત્કારથી જ સાંપડે છે; એવું સમજીને જે ભક્તિ કેવળ ભગવાનના દર્શનની ઇચ્છાથી, અથવા માનવસહજ સ્વધર્મ સમજીને થાય તે ભક્તિને નિષ્કામ ભક્તિનું નામ આપવામાં આવે છે, અને એ સિવાયની, ભગવાન વિનાના બીજા નાનામોટા લૌકિક કે પારલૌકિક પદાર્થોની, વિષયોપભોગોની કે સિદ્ધિઓની પ્રાપ્તિના મનોરથવાળી

ભક્તિને સકામ ભક્તિનું નામ આપવામાં આવે છે. જીવનના સાચા સાફલ્યને માટે સકામ ભક્તિના ક્ષેત્રમાંથી આગળ વધીને નિષ્કામ ભક્તિમાં પ્રવેશવાની આવશ્યકતા છે, ભક્ત નરસી મહેતાએ કહ્યું છે કે 'હરિના જન તો મુક્તિ ન માગે.' તેવી રીતે નિષ્કામ ભક્તોને મુક્તિની ઇચ્છા પણ નથી હોતી. એ તો કેવળ ઇશ્વરને જ ઇચ્છે છે. 'નિત સેવા નિત કિર્તન ઓચ્છવ, નિરખવા નંદકુમાર રે.' એવા ભક્તો ઇશ્વરના અસીમ અનુગ્રહથી જીવન મુક્તાવસ્થાનો આહલાદક અનુભવ કરતા હોય છે. એ અમૃતમય બની જાય છે. એમનું પોતાનું જીવન તો ઉત્સવરૂપ બને જ છે પરંતુ એમના સંસર્ગમાં આવનારનું જીવન પણ ઉજ્જવળ, મધુમય અને મહોત્સવરૂપ બની જાય છે.

મનુષ્યનો જીવનનો સૌથી મોટો ભાગ્યોદય કયો ? ધન, પદ, પરિવાર કે પ્રતિષ્ઠાની પ્રાપ્તિ થાય તે ? એ વિષયોપભોગોથી ઘેરાઇ જાય તે ? ના. એને એનો સર્વોત્તમ ભાગ્યોદય ના કહી શકાય. મહર્ષિ કપિલ કહે છે કે એનો સર્વોત્તમ ભાગ્યોદય તો ઉત્કટ ભક્તિની પ્રાપ્તિમાં રહેલો છે. ભગવાનની અસાધારણ અનન્ય ભક્તિની પ્રાપ્તિ થવાથી મન ભગવાનમાં જોડાઇને સ્થિર બને એના સરખું સદ્દભાગ્ય બીજું કોઇ જ નથી. સાચા સંનિષ્ઠ ભક્તો એ જ સદ્દભાગ્યની ઇચ્છા કરે છે. જેને એ સદ્દભાગ્ય સાંપડ્યું છે તેને મોટામાં મોટી પ્રાપ્તિ થઇ ગઇ એવું સમજી લેવું. માનવ પાસે બીજું બધું જ હોય પરંતુ પરમાત્માનો પ્રેમ અને પરમાત્માની સાથેનો સંબંધ ના હોય તો શું કામનું ? એનું જીવન ત્રુટિપૂર્ણ અને અતૃપ્ત જ રહેવાનું. મહર્ષિ કપિલ એ સંદેશ આપતાં એના સંદર્ભમાં જ કહે છે કે માનવ ઇશ્વરાભિમુખ થાય, ઇશ્વરનો બને, અને ઇશ્વરને ઓળખે એ જ એનો મોટામાં મોટો ભાગ્યોદય છે. આજની પ્રજા એ સુંદર સર્વોપયોગી સંદેશને સમજવાનો ને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરશે ખરી ?

☼ ☼ ☼ ☼ ☼

## [૯] સાંખ્યશાસ્ત્રની વિચારણા

તૃતીય સ્કંધમાં મહર્ષિ કપિલ સાંખ્યશાસ્ત્રની વિચારણાનો પરિચય કરાવે છે. છવ્વીસમાં અધ્યાયના આરંભમાં જ એ દેવહુતિને જણાવે છે કે પ્રકૃતિનાં તત્વોનું તથા પુરુષનું જ્ઞાન મેળવવાથી પ્રકૃતિના ગુણોમાંથી મુક્તિ મેળવીને સ્વરૂપનો સાક્ષાત્કાર કરીને કૃતાર્થ થવાય છે. એના પરથી સમજાય છે કે જ્ઞાન અથવા સાંખ્યશાસ્ત્રનો વિચાર વિદ્વાન થવા, વાદવિવાદ કરવા કે ઊંચામાં ઊંચી બૌદ્ધિક પ્રતિભાથી પુરસ્કૃત થવા માટે નથી. એનું પ્રમુખ પ્રયોજન આત્મકલ્યાણનું છે.

સાંખ્યશાસ્ત્ર પ્રમાણે અનાદિ આત્માને પુરુષ કહેવાય છે. એ આત્મા નિર્ગુણ, પ્રકૃતિથી પર, સૌના અંતઃકરણમાં રહીને જીવન પ્રદાન કરનાર, જ્ઞાનસ્વરૂપ ને સ્વયંપ્રકાશ છે. એ સમસ્ત જગતમાં પણ વ્યાપક છે. એ આત્મા સ્વેચ્છાથી સહજ રીતે જ પ્રકૃતિના અને એના વિવિધ ગુણધર્મો તથા વિષયોના સંગમાં આવે છે. એને પ્રકૃતિનો સંસર્ગ થાય છે અને એ સંસર્ગના પરિણામે આસક્તિના અંકુર પેદા થાય છે. પ્રકૃતિની એ આસક્તિને લીધે જ એ બદ્ધ બને છે, દુઃખી થાય છે, ને પોતાના મૂળભૂત સ્વરૂપને ભૂલી જાય છે. મૂળભૂત સ્વરૂપનું એવું વિસ્મરણ એને એના અસલ આનંદથી વંચિત કરે છે. એ દૃષ્ટિએ જોઇએ તો મનુષ્યમાત્રની અવસ્થા આજે કેવી છે ? પેલી અહલ્યા જેવી કરુણ, રસહીન, જડ. એ આનંદસ્વરૂપ હોવા છતાં એમના જીવનમાં આનંદ નથી. શાંતિસ્વરૂપ હોવા છતાં એને માટે શાંતિનો અનુભવ આકાશકુસુમ જેવો અશક્ય થયો છે. એ સ્વયંપ્રકાશ હોવા છતાં અહર્નિશ અંધારામાં અટવાય છે ને જ્ઞાનનો ભંડાર - અક્ષય ભંડાર હોવા છતાં અજ્ઞાનનો અથવા અલ્પ જ્ઞાનનો અનુભવ કરે છે. શુદ્ધ, બુદ્ધ, મુક્ત હોવા છતાં અશુદ્ધિ, બંધન અને અવિદ્યાથી ગ્રસ્ત છે. એનો મહિમા અનંત હોવા છતાં એ દીન, હીન ને પતિતની પેઠે ફર્યા કરે છે. એ આશીર્વાદોના આશીર્વાદ અને વરદાનોના વરદાનરૂપ હોવા છતાં શાપિતની પેઠે શ્વાસ લે છે. એ પોતાના મૂળભૂત મહિમાને ભૂલી ગયો છે માટે જ આહ્લાદરહિત છે. એનામાં સ્ફુર્તિ, તાજગી, ઉલ્લાસ, ચેતના કે જીવન નથી. એની એ ખોવાયેલી મૂડી એને ક્યારે મળે ? એનું જીવન ફરીવાર રસાળ અને ઉલ્લાસપૂર્ણ ક્યારે બને ?

પોતાના અસલ સ્વરૂપને ઓળખીને એનું અનુસંધાન સાધવું જોઇએ. પોતાના અસલ સ્વરૂપનું અનુસંધાન શક્ય બને એટલે પુરુષનો મહિમા પૂર્ણપણે જાગી ઉઠે અને પ્રકૃતિની પરવશતામાંથી કાયમને માટે મુક્તિ મળે. પછી એના અણુએ અણુમાં નવી શાંતિ, નવી સંવાદિતા, નવું જીવન, નવી ધન્યતા, નવી સંતૃપ્તિ અને નવો આહ્લાદ ફરી વળે. એની શાપિત દશા જેવી જડ દશા દૂર થાય, વિષયોની ઘોર તંદ્રા તૂટી જાય, અને એ ફરી પાછો શિલામાંથી અહલ્યા બને. પોતે તો આનંદ, શાંતિ પામે જ પરંતુ બીજાને પણ આનંદ, શાંતિ અને જીવનથી કૃતાર્થ કરે. સાંખ્યયોગ અથવા આત્મજ્ઞાનનું મહત્વનું પ્રયોજન એ જ છે. મહર્ષિ કપિલ પોતાની માતા દેવહુતિ સાથેના વાર્તાલાપ દરમિયાન એના પ્રત્યે અત્યંત અને સફળતાપૂર્વક અંગુલિનિર્દેશ કરે છે.

પુરુષના પ્રકૃતિના મોહને લીધે સ્વરૂપજ્ઞાનની જ્યોતિ જાગ્રત નથી રહી શક્તી. પ્રકૃતિના ગુણોથી કરાતાં કર્મોને પ્રકૃતિના અધ્યાસને લીધે પુરુષ પોતાની દ્વારા થતાં હોય તેમ માને છે. પુરુષ અકર્તા છે, ઇશ્વર છે, સર્વનો સાક્ષી, સુખસ્વરૂપ ને સર્વપ્રકારે સ્વતંત્ર છે તો પણ એવું કર્તૃત્વાભિમાન એને માટે દુઃખનું,

અહંકારનું આસક્તિનું, અશાંતિનું ને બંધનનું કારણ બને છે. પ્રકૃતિને લીધે જ પુરુષ શરીરભાવને ને ઇન્દ્રિયભાવને પામે છે.

મહર્ષિ કપિલ કહે છે કે વિદ્વાનો પ્રધાન નામના ત્તવને જ પ્રકૃતિ કહે છે. ત્રણે ગુણોની સામ્યાવસ્થાને લીધે એમાં વિશેષ ભેદ દેખાતા નથી. તો પણ એ પોતાના અંશકાર્ય મહત્તત્વ વિગેરેના આશ્રયરૂપ છે. એ ત્રિગુણાત્મક હોવાથી બ્રહ્મસ્વરૂપ નથી. પાંચ મહાભૂતો, પાંચ તન્માત્રાઓ, અંતઃકરણ ચતુષ્ટય તથા દસ ઇન્દ્રિયો એ ચોવીસ તત્વોનો સમૂહ વિદ્વાનોની દૃષ્ટિએ પ્રકૃતિનું કાર્ય મનાય છે. પંચ મહાભૂતો - પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ; પાંચ તન્માત્રાઓ - શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ; પાંચ ઇન્દ્રિયો ને પાંચ કર્મેન્દ્રિયો મળીને દસ ઇન્દ્રિયો. અને મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ અંતઃકરણચતુષ્ટય.

મહર્ષિ કપિલ કહે છે કે માતા ! શરીરની અંદર રહેનારો પુરુષ નિર્લેપ અથવા અસંગ છે. પાણીની અંદર પ્રતિબિંબિત થયેલો સૂર્ય પાણીના ભીનાશ જેવા ગુણધર્મોથી લેપાતો નથી તેમ જીવાત્મા જુદાં જુદાં શરીરોમાં રહેલો હોવા છતાં નિર્ગુણ, અકર્તા અને વિકારરહિત હોવાથી પ્રકૃતિના ગુણોથી પેદા થનારાં સુખદુઃખથી કે પુણ્યપાપથી લેપાતો નથી. પરંતુ એ જ્યારે પ્રકૃતિના ગુણોમાં આસક્ત થાય છે ત્યારે અહંતા-મમતાદિથી યુક્ત બનીને સ્વરૂપજ્ઞાનને ભૂલે છે ને કર્તાપણાનું અભિમાન કરે છે. એને લીધે એ મુક્તિના સર્વોત્તમ સુખથી વંચિત થઇને વિવિધ યોનિઓમાં ફરતો રહે છે. સંસારનું મુખ્ય કારણ એની વિષયાસક્તિ અને એના પરિણામે પેદા થનારી ભ્રાંતિ છે.

એ વિષયાસક્તિ અને ભ્રાંતિને દૂર કરવા માટે શું કરવું જોઇએ ? મનને ભક્તિમાં લગાડવું જોઇએ. ભક્તિના સમજપૂર્વકના સેવનથી અને વૈરાગ્યભાવથી મન ધીમે ધીમે વશ થાય છે. એ ઉપરાંત ભગવાનની કથાવાર્તાઓના શ્રવણથી પણ એ દિશામાં મદદ મળે છે. જેને યોગમાર્ગમાં રુચિ હોય તે યોગના અભ્યાસક્રમનો આધાર લઇને આગળ વધી શકે છે. જ્ઞાન, ભક્તિ કે યોગ ગમે તે સાધનવિશેષનો આધાર લેવામાં આવે તો પણ જીવનને જેટલું બને તેટલું સદ્દગુણી, શુદ્ધ અને સાત્વિક કરવાનું ધ્યાન રાખવું જોઇએ. ક્રિયાઓ છે તો સારી પરંતુ તેમની સાથે સાથે જીવનનું સ્વરૂપ પણ બદલાવું જોઇએ ને ઉત્તરોત્તર પવિત્ર થવું જોઇએ. તો જ જીવનનો વાસ્તવિક વિકાસ થઇ શકે અને અલૌકિક આનંદ મળી શકે.

આત્મસાક્ષાત્કારની ભૂમિકાના નિર્માણને માટે મહર્ષિ કપિલ આદર્શ વિશુદ્ધ જીવનવ્યવહારને ખૂબ જ મહત્વનો માને છે એ યાદ રાખવા જેવું છે. આત્મા નિર્મળ હોવાથી એને અનુભવવા માટે નિર્મળતા મેળવવી જરૂરી છે. જીવનવિકાસના સાધકે એ ખાસ સમજી લેવાનું છે.

મહર્ષિ કપિલ આત્મસાક્ષાત્કારને માટે આવશ્યક એવા વિશુદ્ધ જીવનવ્યવહારનાં કેટલાક આવશ્યક અંગો પ્રત્યે અંગુલિનિર્દેશ કરતાં કહે છે કે સાધકે સત્સંગની રુચિ કે રસવૃત્તિ રાખવી, સર્વ પ્રાણીઓ પ્રત્યે સમભાવ રાખવો, સંગદોષથી બચવું, વેરભાવ ના રાખવો, બ્રહ્મચર્ય પાળવું, મૌન સેવવું, ઇશ્વરાર્પણભાવથી સ્વધર્મનું પાલન કરવું, સંતોષી બનવું, પોતાની પરિસ્થિતિ વિશે નિરર્થક બડબડાટ કરીને દુઃખી કે બેચેન ના થવું, મિતાહાર અને એકાંતનો અનુરાગ રાખવો, મનનશીલ થવું, શાંતિ જાળવવી, સર્વ પ્રત્યે મિત્રતા ને

કરુણા રાખવી, જીતેન્દ્રિય થવાનો પ્રયત્ન કરવો, પોતાના શરીરની ને પરિવારની મમતાનો પરિત્યાગ કરવો અને પુરુષ તથા પ્રકૃતિનું જ્ઞાન મેળવવું.

એવા વિશુદ્ધ જીવનવ્યવહારથી વિચારો, ભાવો તથા સંસ્કારોની શુદ્ધિ થતાં અને ઉદાત્તતા સધાતાં આત્માનો સાક્ષાત્કાર સહજ બને છે. આત્મા સૂર્યની પેઠે પવિત્ર ને પ્રકાશમય બને છે. સૂર્યની આગળ વાદળ આવવાથી સૂર્ય થોડા વખતને માટે ઢંકાયેલો ને પ્રકાશરહિત લાગે પરંતુ વાદળના હઠવાથી એના પૂર્ણ પ્રકાશ સાથે દૃષ્ટિગોચર થાય; પાણીની ઉપર લીલ ફરી વળતાં પાણી મલિન લાગે, પરંતુ લીલ દૂર થતાં જેમ પાણી પૂર્વવત પવિત્ર દેખાય; તેમ અવિદ્યાનું - અહંતા મમતા તથા કુસંસ્કારોનું આવરણ દૂર થતાં આત્મા પોતાના અસલ અલૌકિક સ્વરૂપે પ્રકાશી ઊઠે છે. એને-આત્માના એવા અલૌકિક સ્વરૂપાનુભવને જ આત્મદર્શન તરીકે ઓળખવામાં આવે છે. આત્માનું દર્શન કરનાર પુરુષ સર્વ પ્રકારની ઉપાધિથી મુક્તિ મેળવે છે અને સર્વવ્યાપક પરબ્રહ્મને પામી લે છે. એ વખતે જીવન કૃતકૃત્ય બને છે.

આટલી વિચારણા પછી માતા દેવહુતિ એક અગત્યનો અટપટો પ્રશ્ન પૂછે છે. એ પ્રશ્નનો સાર એ છે કે પ્રકૃતિ પુરુષને કદી પણ છોડતી નથી. પ્રકૃતિ અને પુરુષ એકમેકના આશ્રયે રહે છે અને બંને નિત્ય છે. તો પછી મુક્તિ કેમ થઇ શકે ? પૃથ્વી ગંધ વિના રહે નહિ અથવા પાણી રસ વિના ને રસ પાણી વિના ટકે નહિ. તેવી રીતે પુરુષ અને પ્રકૃતિ સાથે જ રહે છે. પુરુષને પ્રકૃતિના ગુણોથી કર્મબંધન થતું હોય તો તે બંધન પ્રકૃતિના ગુણો જ્યાં સુધી હોય ત્યાં સુધી કેવી રીતે ટળી શકે અને પુરુષનો મોક્ષ પણ કેવી રીતે થઇ શકે ?

કપિલ ભગવાને એનો ઉત્તર પોતાની લાક્ષણિક રીતે આપતાં જે જણાવ્યું તે પણ એટલું જ અગત્યનું છે. પ્રકૃતિ પુરુષની સાથે ચિરસહચરી થઇને રહે છે એ સાચું છે પરંતુ એ પણ એટલું જ સાચું છે કે એનો પ્રતિકૂળ પ્રભાવ ક્રમેક્રમે ઓછો થતો જાય છે. એ પ્રતિકૂળ પ્રભાવને દૂર કરનારાં અથવા પ્રકૃતિની વિરોધી અસરનો અંત આણનારાં સાધનોમાંના કેટલાંક આ રહ્યા : નિષ્કામ કર્મનું કે સ્વધર્મનું આચરણ, નિર્મળ મન, સુદીર્ઘ સમય સુધી ભગવાનની કથાઓના શ્રવણથી પેદા થયેલી ગાઢ ભક્તિ, પુરુષ તથા પ્રકૃતિનું વિવેકજ્ઞાન, તીવ્ર વૈરાગ્ય, યમ-નિયમ તથા વિવિધ વ્રતો સાથેનો યોગાભ્યાસ અને એકધારું ધ્યાન.

કાષ્ઠમાંથી ઉત્પન્ન થયેલો અગ્નિ કાષ્ઠને પોતાને પણ બાળી નાખે છે તેમ પુરુષ અને પ્રકૃતિના વિવેકજ્ઞાનથી પ્રકૃતિનો પ્રભાવ ટળી જાય છે. પછી પ્રકૃતિનો જે શુદ્ધ ને સૂક્ષ્મ અંશ રહે છે તે પુરુષના બંધનનું કારણ નથી બની શક્તો. પરમાત્માનો સાક્ષાત્કાર કરનાર ને પરમાત્મામાં મન લગાડનાર પુરુષને માટે પ્રકૃતિ કદી અનર્થકારક નથી થઇ શક્તી. સ્વાનુભવસિદ્ધ આત્મજ્ઞાનને લીધે એના સર્વ સંશયો નાશ પામે છે અને પછી એનું વાસનામય અવિદ્યાયુક્ત કારણશરીર ના રહેતાં એ મહાપુરુષ આજ જન્મમાં કૈવલ્યપદની પ્રાપ્તિ કરે છે ને કૃતાર્થ બને છે.

આદર્શ આત્મજ્ઞાનીનું મન અણિમાદિ અષ્ટ સિદ્ધિઓમાં ને નવ નિધિઓમાં પણ આસક્ત નથી થતું. પ્રકૃતિના કોઇયે પદાર્થ, વિષય કે ભોગોપભોગ એને આકર્ષી નથી શકતા અને અંધ નથી બનાવતા. એવો પુરુષ પોતાના સ્વરૂપમાં જ સ્થિતિ કરે છે અને રમે છે. આત્માનંદનો અનુભવ કરનાર મહાપુરુષને બીજા

કોઇયે લૌકિક કે પારલૌકિક આનંદની અનુભૂતિની આકાંક્ષા નથી હોતી. એની શાંતિ અને એનું સુખ એની પોતાની અંદર જ હોય છે. એના પોતાના જ આત્મામાં.

☼ ☼ ☼ ☼ ☼

## [૧૦] અષ્ટાંગયોગનો ઉપદેશ

ભાગવતના ત્રીજા સ્કંધના અઠ્ઠાવીસમાં અધ્યાયમાં મહર્ષિ કપિલ અષ્ટાંગયોગ અથવા સબીજ યોગના વર્ણનનો આરંભ કરતાં કહે છે કે એ યોગના અનુષ્ઠાનથી મન નિર્મળ ને પ્રસન્ન બનીને સત્યના સાક્ષાત્કારને પંથે પ્રેમપૂર્વક પ્રયાણ કરે છે.

**मनो येनैव विधिना प्रसन्नं याति सत्पथम् ।**

એ પંક્તિનું મૂલ્ય ધાર્યા કરતાં ઘણું જ મોટું છે. એનું મુખ્ય કારણ એ છે કે એમાં યોગના પ્રયોજનને સંક્ષિપ્ત છતાં સુસ્પષ્ટ રીતે રજૂ કરવામાં આવ્યું છે. એ પ્રયોજન દ્વિવિધ છે. પ્રથમ પ્રયોજન તો મનને પ્રસન્ન કરવાનું છે. પરંતુ મન પ્રસન્નતાનો સહજ, અખંડ અનુભવ કેવી રીતે કરે ? જ્યાં સુધી એ મલિન હોય ત્યાં સુધી એવો અનુભવ ના કરી શકે. નિર્મળ થતા જતા કે થયેલા મન દ્વારા જ આત્મામાંથી પ્રાદુર્ભાવ પામતા અખંડ આનંદની અનુભૂતિ શક્ય બની શકે. એટલે યોગની સાધના મનને નિર્મળ કરવા માટે છે. એ નિર્મળતા જ્યારે પરાકાષ્ઠા પર પહોંચે છે ત્યારે સાધક સન્માર્ગગામી બને છે, સત્યના સાક્ષાત્કારના પંથે પ્રસ્થાન કરે છે અને એ પુણ્યપ્રસ્થાનની પુર્ણાહુતિરૂપે પરમસત્યરૂપી પરમાત્માનો સાક્ષાત્કાર કરે છે. યોગની સાધનાનું એ બીજું પ્રયોજન છે. સહેજ સૂક્ષ્મતાપૂર્વક વિચારીએ તો સમજાશે કે એ બંને પ્રયોજનો એકમેકથી સર્વથા ભિન્ન કે અલગ નથી પરંતુ એકમેકની સાથે સંકળાયેલા છે. પ્રથમ પ્રયોજન બીજા પ્રયોજનમાં મળી કે ભળી જાય છે. એ દૃષ્ટિએ યોગનું પ્રયોજન એક જ છે-આત્મસાક્ષાત્કારનું-એવું જ કહેવું જોઇએ. સાધકો એ પ્રયોજનને ના ભૂલે અને એની પૂર્તિના પ્રયત્નમાં લાગી જાય એ ખૂબ જ અગત્યનું છે.

એ પ્રયત્ન બહિરંગ અને અંતરંગ બંને પ્રકારનો હોવો જોઇએ. એટલે કે સાધકે અમુક રીતે ચોક્કસાઇથી વર્તવાનો આગ્રહ રાખવો જોઇએ અને ધ્યાન ધારણા જેવા અંતરંગ અભ્યાસક્રમના અનુરાગી બનીને એનો નિયમિત અને નિરંતર ઉત્સાહપૂર્વક આધાર લેવો જોઇએ. તો જ પ્રયત્ન સફળ બની શકે ને સાધકનું સર્વ પ્રકારે કલ્યાણ કરે.

યોગના બહિરંગ અને અંતરંગ સાધનોમાં શેનો સમાવેશ થાય છે ? મહર્ષિ કપિલ એના પ્રત્યે અંગુલિનિર્દેશ કરતાં કહે છે કે અધર્મથી દૂર રહેવું, દૈવયોગે જે કાંઇ પ્રાપ્ત થાય એમાં સંતોષ માનવો, આત્મદર્શી આત્મનિષ્ઠ પુરુષપ્રવરોનાં ચરણોનું સેવન કરવું, વિષયાસક્તિથી અને એને વધારનારા વાતાવરણથી દૂર રહેવું, જીવનમુક્તિની અનુભૂતિમાં જ આસક્તિ રાખવી, મિતાહારી થવું, અહિંસાનું પાલન કરવું, એકાંત સેવવું, સત્ય બોલવું, ચોરી ના કરવી, આવશ્યકતાઓને વધારવી નહિ, સાદું સીધું પવિત્ર ને સંયમી જીવન જીવવાનો આગ્રહ રાખવો, બહારની અને અંદરની પવિત્રતા પાળવી, સ્વાધ્યાય કરવો, મૌન રાખવું, ભગવાનની ઉપાસના કરવી ને ભગવદ્દભાવને વધારવાની સાથે સાથે સંસારના વિષયોની અસારતાનો કે વિનાશશીલતાનો વારંવાર વિચાર કરીને એમાંથી મનને પાછું વાળવું. એ મનને ભગવાનની લીલાઓના ચિંતનમનનથી, આત્મવિચારથી કે બીજા કોઇ સમુચિત સાનુકૂળ સાધનની મદદથી પરમાત્મપરાયણ કરવાનો પ્રયત્ન કરવો.

ભગવદ્દગીતાના છઠ્ઠા અધ્યાયના પેલા પ્રખ્યાત શ્લોકમાં **'शुचौ देशे प्रतिष्ठाप्य'** શબ્દોથી શરૂ થતા વર્ણનની પેઠે જ અંતરંગ સાધનાનો ઉલ્લેખ કરતાં મહર્ષિ કપિલ પણ એ જ શબ્દોનો પ્રયોગ કરે છે. એ બંને મહાગ્રંથોની શાબ્દિક સમતાનું દર્શન કરીને આપણને આશ્ચર્યમિશ્રિત આનંદ થયા વિના નથી રહેતો. મહર્ષિ કપિલ કહે છે :

**शुचौ देशे प्रतिष्ठाप्य विजितासन आसनम् ।**
**तस्मिन् स्वस्ति समासीन ऋजुकायः समभ्यसेत् ॥**
(અધ્યાય ૨૮, શ્લોક ૮)

એટલે કે હે માતા ! યોગસાધનાની રુચિવાળા સાધકે એક શુદ્ધ સ્થળે બનતી શાંતિપૂર્વક બેસીને સૌથી પહેલાં તો આસનનો જય કરવો. એ પછી પ્રાણાયામનો અભ્યાસ કરવો. પૂરક, કુંભક અને રેચકના અભ્યાસથી નાડીશુદ્ધિ કરવી. નાડીશુદ્ધિ થતાં ને પ્રાણ સ્વસ્થ બનતાં મનની મલિનતા તથા ચંચળતા મટવા માંડે છે. વાયુ અને અગ્નિમાં સંતપ્ત સુવર્ણ મળરહિત બની જાય છે તેમ પ્રાણવાયુનો વિજય કરનારા યોગીનું મન થોડા જ વખતમાં નિર્મળતા ધારણ કરે છે અને આત્માનુભવના અલૌકિક લાભને માટે તત્પર બને છે.

પ્રાણાયામના અભ્યાસથી વાત, કફ, પિત્તના ત્રિવિધ દોષોને દગ્ધ કરવામાં આવે છે, ધારણાથી મનની મલિનતાને મટાડવી, ધ્યાન દ્વારા રાગાદ્વેષાદિ અનીશ્વર ગુણોનો નાશ કરવો, અને ધારણા પહેલાંના પ્રત્યાહારના અભ્યાસથી મન તથા ઇન્દ્રિયોને વિષયોમાંથી પાછી વાળવી.

એવી રીતે મનને શુદ્ધ ને સ્થિર કરવાનો પ્રયત્ન કરીને સાધકે પોતાની રુચિ પ્રમાણે ભગવાનના સાકાર અથવા નિરાકાર રૂપનું ધ્યાન કરવું.

મહર્ષિ કપિલ ભગવાનના સાકાર સ્વરૂપના ધ્યાનની પદ્ધતિનો પરિચય કરાવે છે. એ પદ્ધતિ પરંપરાગત છે. એમણે ભગવાનના સુંદર ચતુર્ભુજ સ્વરૂપના ધ્યાનનો પ્રકાર બતાવ્યો છે. સાધકો અથવા ભક્તો એ ધ્યાનનો આશ્રય પણ લઇ શકે છે.

આપણે ત્યાં મોટા મોટા વિદ્વાનોમાં પણ એક એવી પરંપરાગત માન્યતા પ્રચલિત છે કે સાંખ્યશાસ્ત્રના પ્રણેતા મહર્ષિ કપિલ નિરીશ્વરવાદી છે. આપણે પ્રશ્ન થાય છે કે એ માન્યતા સાચી કે ખોટી ? મહર્ષિ કપિલ સાચેસાચ નિરીશ્વરવાદી છે ? અથવા એ નિરીશ્વરવાદી હતા ? ધ્યાનની એમણે વર્ણવેલી પદ્ધતિનો પરિચય પ્રાપ્ત કરનાર સહેલાઇથી એનો ઉત્તર આપતાં કહેશે કે ના. એ નિરીશ્વરવાદી નહોતા કે નથી. જો એ નિરાશ્વરવાદી હોત તો ધ્યાનની આવી સાકાર સાધના પદ્ધતિની ભલામણ ના કરી શક્ત. એ તો સ્પષ્ટ રીતે એમનો અભિપ્રાય આપત કે એવી કોઇ ઇશ્વરીય શક્તિ છે જ નહીં પછી ધ્યાનમાં એની કલ્પના કરવાનો, એના સ્વરૂપને યાદ કરવાનો અને એમાં મનને જોડીને લીન કરી દેવાનો સવાલ જ ક્યાં ઊભો થાય છે ? ઉપરાંત, એમણે પ્રકૃતિથી પર પરમ શક્તિશાળી, પુરુષત્વનો સ્વીકાર કરેલો જ છે. એ પણ શું બતાવે છે ? એ જો સૃષ્ટિમાં રહેનારી ને સમસ્ત સૃષ્ટિ પર શાસન કરનારી પરબ્રહ્મ પરમાત્માની એવી કોઇ લોકોત્તર મહાશક્તિમાં ના માનતા હોત તો પુરુષ પરબ્રહ્મના નામથી એનો ઉલ્લેખ ના કરત. આ સૃષ્ટિના એક ઠેકાણે વિરાજેલા સૃષ્ટિની ગતિવિધિને સંભાળનારા કોઇ એક અમુક ચોક્કસ રૂપ, રંગ અથવા આકારના

ઇશ્વરમાં એમણે એમનો વિશ્વાસ પરિપૂર્ણપણે પ્રદર્શિત ના કર્યો હોય એ બનવા જોગ છે, પરંતુ એટલા પરથી જ એમને નિરીશ્વરવાદી કહેવાનું ઉચિત નથી. એમણે પરમસત્તાને, એના સાક્ષાત્કારની સુંદર સાધનાને અને એની શ્રદ્ધાભક્તિને તેમજ કૃપાને તો માની જ છે. એટલે એમને નિરીશ્વરવાદી કહેવાનું કોઇ જ કારણ નથી રહેતું.

મહર્ષિ કપિલ અને એમના સાંખ્યદર્શનને નિરીશ્વરવાદી માનનારા મનુષ્યો તરફથી કેટલીકવાર કહેવામાં આવે છે કે એ ઇશ્વરમાં નથી માનતા એવી સુસ્પષ્ટ સુનિશ્ચયાત્મક જાહેરાત એમણે સાંખ્યદર્શનમાં કરેલી છે. સાંખ્યદર્શનના **इश्वरासिध्धेः** નામના સૂત્રમાં એ સૂત્રનો શબ્દાર્થ સ્પષ્ટ છે કે ઇશ્વરની સિદ્ધિ નથી થઇ શક્તી અથવા એમના અસ્તિત્વને પુરવાર નથી કરી શકાતું. એમના નિરાશ્વરવાદનો એથી વિશેષ પ્રબળ પુરાવો કયો હોય ?

પરંતુ સાંખ્યદર્શનના એ સૂત્રને આપણે જરાક જુદી રીતે સમજવાની જરૂર છે. તો જ એ મહાપુરુષને આપણે સમુચિત ન્યાય કરી શકીશું.

મહર્ષિ કપિલ સૃષ્ટિને ચલાવનારા એક વ્યક્તિગત ઇશ્વરમાં માનનારા માનવોનું મંતવ્ય તર્ક અને અનુભૂતિના આધાર પર સિધ્ધ ના થઇ શક્તું હોય એવું માને તે સમજી શકાય તેવું છે. પરંતુ એ કરતાં પણ એ સૂત્રને શાંતિથી, તટસ્થ રીતે, પૂર્વગ્રહથી મુક્ત થઇને વિચારીએ તો એનો સુચિતાર્થ જુદો જ જોવા મળે છે ને વેદાનુકૂળ જણાય છે. એ કહેવા માગે છે કે ઇશ્વરને માનવીય મન, બુદ્ધિ કે વાણીની મદદથી મૂલવવાનો, સમજવાનો કે સમજાવવાનો પ્રયત્ન કરીએ તો પણ તે પ્રયત્ન સંપૂર્ણપણે સફળ થઇ શકે નહીં. માનવની પ્રાકૃત પ્રજ્ઞા ઇશ્વરના અનંત મહિમાને પૂરેપૂરો સિધ્ધ ના કરી શકે. ઇશ્વર મન, બુદ્ધિ, તથા વાણીથી સિધ્ધ કરવાનો વિષય જ નથી. એ તો 'અવાગ્મનસગોચર' અથવા અનુભૂતિનો વિષય છે. વેદ પણ એટલા માટે જ ઇશ્વરનું સંપૂર્ણ ચિત્ર અંકિત ના કરી શકવાથી અને એમના અચિંત્ય અનિર્વચનીય અલૌકિક મહિમાને બૌધ્ધિક પ્રતિભા દ્વારા પરિપૂર્ણપણે પુરવાર કરવાના પ્રયત્નો અધુરા લાગવાથી 'નેતિ-નેતિ' જેવા નિષેધાત્મક ઉદ્દગારનો આશ્રય લે છે. મહર્ષિ કપિલ પણ એ જ વિશાળ ને સાચા સંદર્ભમાં **इश्वरासिध्धेः** સૂત્ર દ્વારા જણાવે છે કે ઇશ્વરનું અસ્તિત્વ હોવાં છતાં એ તર્કદ્વારા અ-સિધ્ધ છે અને અ-સિધ્ધ રહેશે. તર્કની મદદથી એમને મૂલવવાના બધા જ પ્રયત્નો પાંગળા રહેવાના.

મહર્ષિ કપિલ માતા દેવહુતિને કહે છે કે પરમાત્મતત્વનો સાક્ષાત્કાર કરનારા જીવનમુક્ત યોગીને અહંતા તથા દેહગેહાદિ પદાર્થોની મમતા નથી થતી. એવા યોગી પુરુષને જડચેતનાત્મક સમસ્ત સંસારમાં પરમાત્માના પરમ પવિત્ર પ્રકાશનું દર્શન થાય છે. એવો યોગી પ્રકૃતિને જીતીને તથા પ્રકૃતિથી પર થઇને આત્મસ્વરૂપમાં સ્થિતિ કરે છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૧૧] ભક્તિની મહત્તા

આત્મજ્ઞાનનું અને અષ્ટાંગયોગનું સાધન શાસ્ત્રસંમત હોવા છતાં અઘરું છે પરંતુ ભક્તિનું સાધન એમની સરખામણીમાં સહેલું છે, અને એ સાધનવિશેષથી જ્ઞાન તથા યોગના ફળની પ્રાપ્તિ આપોઆપ થઇ રહે છે, એટલે એનો આધાર લેવો આવશ્યક છે.

ભક્તિ શરૂઆતમાં ભાવ વગર થાય તો હરકત નહિ. સમજ કે ભાવ વગરની ભક્તિ પણ નકામી નહિ જાય. આરંભમાં મન એકાગ્ર નહિ થાય તો પણ હરકત નહિ. ભાવ, સમજ ને સ્થિરતા તો ધીમે ધીમે આવશે. ક્રમે ક્રમે ઇશ્વરની કૃપાનો મીઠો અનુભવ પણ થતો રહેશે. મહત્વની વાત એનો આધાર લેવાની છે. એકવાર એનો આધાર લેવામાં આવે એટલે આગળનું બીજું કામ આપોઆપ થતું રહેશે. એક જ દિવસમાં ધ્રુવ, પ્રહલાદ, મીરાં જેવા આદર્શ ભક્ત નહિ બનાય. તો પણ ભાવના હશે અને એ ભાવનાની પૂર્તિના પ્રયત્નો થશે તો ભગવાનના થઇને, ભગવાનની પરમકૃપાની પ્રાપ્તિ કરીને વહેલા કે મોડા પણ ધન્ય બની શકાશે. માટે ભગવાનનું વહેલી તકે શરણ લઇને જીવનને એમની પ્રેમભક્તિના પવિત્ર રંગે રંગવાનો પ્રયત્ન કરીએ એજ બરાબર છે.

પરમાત્માની પ્રાપ્તિ કરવાની ઇચ્છાવાળા સાધકે એક બીજી મહત્વની વસ્તુનું ખાસ ધ્યાન રાખવાનું છે. સૌ પ્રાણીઓમાં આત્મારૂપે હું જ રહેલો છું, એવું સમજીને કોઇના દિલને દુભાવવું ના જોઇએ, કોઇનો તિરસ્કાર ના કરવો જોઇએ, કોઇને હાનિ ના પહોંચાડવી જોઇએ, ને સૌની સાથે પ્રેમમય, મધુમય, પવિત્ર, સદ્દભાવનાયુક્ત વ્યવહાર કરવો જોઇએ. કેટલાક લોકો મંદિરોમાં જઇને પ્રતિમાપૂજન કરે છે પરંતુ મંદિરની બહારની જીવતી પ્રતિમાઓની અંદર ચેતનાની ઝાંખી કરીને એમની સાથે સારો વ્યવહાર નથી કરતા. પ્રતિમાઓની પ્રશસ્તિ કરે છે પરંતુ જીવંત મનુષ્યોનો ને પ્રાણીઓનો દ્વેષ કરે, એવા મનુષ્યોને પરમાત્માની પરમકૃપાનો લાભ નથી મળી શકતો. આદર્શ ઇશ્વરભક્ત કે સાધક સૌનું સારું તાકે છે, ને સૌની સાથે સારામાં સારો ઉમદા વ્યવહાર રાખે છે.

મહર્ષિ કપિલ માતા દેવહુતિને અને એમને નિમિત્ત બનાવીને સમસ્ત માનવજાતિને એક સુંદર વિચાર પૂરો પાડે છે. એ વિચાર અત્યંત આધુનિક છે અને આજના પ્રગતિશીલ જમાનાના કોઇક સ્વાનુભવસંપન્ન સત્પુરુષે વ્યક્ત કર્યો હોય એવું લાગે છે. ભાગવતના સમયમાં એવો વિચાર વ્યક્ત થઇ શક્યો એ ભાગવતકારની સ્વતંત્ર તટસ્થ વિલક્ષણ વિચારશક્તિનો ખ્યાલ આપે છે. એ વિચાર કહી બતાવે છે કે બીજાનો તિરસ્કાર અને બીજાનું અહિત કરનારો મનુષ્ય જુદી જુદી સામગ્રીથી અને જુદી જુદી વિધિથી પ્રતિમાની પૂજા કરતો હોય તો પણ તેની પૂજાથી પરમાત્મા પ્રસન્ન નથી થતા.

અને ભક્તિયોગના એ સર્વોત્તમ સદુપદેશના ઉપસંહારમાં જણાવે છે કે:

"પ્રત્યેક પ્રાણીની અંદર ઇશ્વર પોતે જ જીવરૂપે રહેલા છે એવું સમજીને સૌ પ્રાણીઓને આદર આપવો, મનોમન પ્રેમપૂર્વક પ્રણામ કરવા, અને એમની સાથે નમ્ર તથા નિષ્કપટ બનીને વ્યવહાર કરવો."

* * *

માનવદેહ દેવોને પણ દુર્લભ છે. એનો મહિમા અને એની શક્યતા અનંત છે. એને મેળવીને જીવનને જેટલું પણ બની શકે તેટલું વિશુદ્ધ કે ઉજ્જવળ બનાવવું જોઇએ, સત્કર્મોનો આધાર લેવો જોઇએ, અને પરમાત્માની પ્રેમભક્તિને વધારવી જોઇએ. જીવનનું સાચું કલ્યાણ એમાં જ રહેલું છે. સંસારના વિવિધ વિષયોની કે વાયુમંડળની વચ્ચે વસીને માણસે એમનાથી પ્રભાવિત થઇને ને વિવેકાંધ બનીને એ અગત્યની વાતને ભૂલવી ના જોઇએ. જીવનની પ્રત્યેક પળનો ને સમસ્ત સામગ્રીનો સદુપયોગ બને તેટલા વધારે ને વધારે આત્મવિકાસ માટે જ કરવો જોઇએ.

☼ ☼ ☼ ☼ ☼

## [૧૨] માતા દેવહુતિને જીવનમુક્તિપદની પ્રાપ્તિ

મહર્ષિ કપિલના સ્વાનુભવસિદ્ધ સુધાસભર સુંદર શબ્દો સાંભળીને કોઇના પણ અંતઃકરણનું અવિદ્યારૂપી આવરણ અકબંધ રહી શકે ખરું ? સૂર્યનો પરમ પવિત્ર પ્રખર પ્રકાશ પડતાં અંધકાર અદૃશ્ય થાય, અનંત ઐશ્વર્યની ઉપલબ્ધિ થતાં જન્મના દરિદ્રીની દરિદ્રતા મટી જાય, અને તૃષાર્તને સરિતાની સંનિધિ સાંપડતાં એની તૃષા ટળી જાય, તેવી રીતે એવી જ્ઞાન વિજ્ઞાનયુક્ત વાણીથી સૌ કોઇ કૃતાર્થ થાય ને મુક્ત બની જાય એ સ્વાભાવિક છે. માતા દેવહુતિનો અંતરાત્મા અસાધારણ હતો. એ ધન્ય બની ઊઠ્યો. એના અવિદ્યારૂપી આવરણનો અંત આવ્યો.

માતા દેવહુતિએ તત્વોની મીમાંસા પર આધારિત સાંખ્યશાસ્ત્રના પ્રવર્તક કપિલ ભગવાનને પ્રણામ કરીને એમની પ્રશસ્તિ કરી. એનું શ્રવણ મનન સફળ થયું કે સાર્થક ઠર્યું.

ભગવાન કપિલે કહ્યું કે માતા ! આ સદ્દુપદેશ પ્રમાણે ચાલવાથી તમે સ્વલ્પ સમયમાં જ જીવનમુક્તિની અલૌકિક અવસ્થાની અનુભૂતિ કરશો ને સાચા અર્થમા ધન્ય બનશો.

એવું કહીને માતા દેવહુતિની અનુમતિ મેળવીને મહર્ષિ કપિલ ત્યાંથી ચાલી નીકળ્યા. એમનું કાર્ય પૂરું થયું.

માતા દેવહુતિએ બિંદુ સરોવર પરના એ એકાંત આશ્રમમાં રહીને મનને પરમાત્માપરાયણ કર્યું ને પરમાત્મામાં જોડી દીધું. બાહ્ય ભોગોપભોગો કે વિષયોમાં એને જરા પણ રસ ના રહ્યો. જીવનનો બધો જ પ્રવાહ બદલાઇ ગયો. મહર્ષિ કપિલનો વિયોગ એને સાલ્યો તો ખરો જ, તો પણ એણે એના મનને સમજાવીને સાધનામાં જોડી દીધું. એ સાધનાથી પરમાત્માનો સાક્ષાત્કાર સહજ બન્યો, ક્લેશ કપાઇ ગયા, ને જીવનમુક્તિની પ્રાપ્તિ થઇ.

એ પછી એક ધન્ય દિવસે સ્થૂળ શરીર પણ છૂટી ગયું. એ પવિત્ર સ્થળ સિદ્ધપદ કહેવાયું.

સિદ્ધપુર ક્ષેત્ર, સરસ્વતી નદી અને બિંદુ સરોવર પોતાના દર્શન કે સ્મરણ માત્રથી જ ભૂતકાળની એ ભવ્ય ઘટના પરંપરાને તાજી કરે છે ને પ્રેરક ઠરે છે એનાથી અનુપ્રાણિત થયેલો આત્મા આજે પણ ઉદ્દગારો કાઢે છે :

માતા દેવહુતિની જય ! મહર્ષિ કપિલની જય ! મહામુનિ કર્દમની જય !

ભારતીય સંસ્કૃતિના ભાગીતળ ભવ્ય ભૂતકાલીન ઇતિહાસની, સિદ્ધપુર ક્ષેત્રની, ને ભારતની જય !

માનવની મનીષાની અને એના જીવનમુક્ત થઇને જંપનારા અલૌકિક આત્માની જય !

જય, જય, જય !

☼ ☼ ☼ ☼ ☼

## ---------- તૃતીય સ્કંધ સમાપ્ત ----------

# * ચતુર્થ સ્કંધ *



योन्तः प्रविश्य मम वाचमिमां प्रसुप्तां
सञ्जीवयत्यखिलशक्तिधरः स्वधाम्ना ।
अन्यांश्च हस्तचरणश्रवणत्वगादीन्
प्राणान् नमो भगवते पुरुषाय तुभ्यम् ॥

## [૧] મહાદેવ તથા દક્ષનો વિરોધ

ચતુર્થ સ્કંધના આરંભમાં જ મહાદેવ ભગવાન શંકર તથા દક્ષના વિરોધનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. એ આખાય પ્રસંગનો એના પ્રતિકૂળ પરિણામ સાથે જે પડઘો પડ્યો તે પડઘાનો સમાવેશ ચતુર્થ સ્કંધના બીજા અધ્યાયમાં મહાત્મા મૈત્રેયને પૂછાયલા વિદુરના પ્રશ્નમાં કરવામાં આવ્યો છે. વિદુર પૂછે છે :

भवे शीलवतां श्रेष्ठे दक्षो दुहितृवत्सलः ।
विद्वैषमकरोत्कस्माद नात्यात्मजां सतीम् ॥
(ચતુર્થ સ્કંધ, અધ્યાય ૨, શ્લોક ૧)

'શીલવાન સત્પુરુષોમાં શ્રેષ્ઠ મહાદેવ પર પુત્રીપ્રેમથી ભરપુર દક્ષે સતીપુત્રીનો અનાદર કરીને શા માટે દ્વેષ કર્યો ? '

એ પ્રશ્નનો શબ્દપ્રયોગ ખૂબ જ મહત્વનો છે. એ શબ્દપ્રયોગને લીધે એ પ્રશ્ન એક વિશિષ્ટ પ્રશ્ન બની જાય છે. પ્રશ્ન સૂચવે છે કે શીલવાન કે શ્રેષ્ઠ પુરુષ પર દ્વેષ કરવાનું કોને મન થાય ? એમને દ્વેષની નજરે નિહાળવાનું કારણ ભાગ્યે જ હોય. એવા કારણની કલ્પના પણ ના કરી શકાય. છતાં પણ શંકર પર દક્ષે દ્વેષભાવ રાખ્યો તો એનું કારણ દક્ષનું પોતાનું અજ્ઞાન અથવા તો કાંઇક બીજું હશે. દક્ષને પુત્રી પ્રત્યે પણ પ્રેમ હતો. જો તેવો પ્રેમ ના હોત તો એ પોતાની સુપુત્રી સતીનો અનાદર કરત. તો પછી દક્ષે પોતાની પુત્રીનો અનાદર શા માટે કર્યો ?

જેના પરિણામરૂપે સતીએ પોતાના પ્રાણનો પરિત્યાગ કર્યો તે દક્ષના દ્વેષનું કારણ શું ?

ભગવાન શંકર દેવોના દેવ મહાદેવ કહેવાય છે. એ શીલવાન સત્પુરુષોમાં સર્વોત્તમ અને કલ્યાણકારક છે. એ જ્ઞાનીઓ, યોગીઓ અને ઉપાસકોના પરમારાધ્ય છે. એમની આરાધના અતીતકાળથી માંડીને આજ સુધી ભારતમાં ઠેર ઠેર ચાલે છે. એમનું આખુંય સ્વરૂપ એક આપ્તકામ, આત્મનિષ્ઠ, પરિપૂર્ણ યોગીનું આદર્શ સ્વરૂપ છે. એમના અવલોકન માત્રથી જ આદર્શ, નિત્યમુક્ત, નિત્યશુદ્ધ, મહાયોગીનું રમણીય રેખાચિત્ર રજૂ થાય છે.

ભગવાન શંકરના સુંદર સુધામય સ્વરૂપમાં યોગની સર્વોત્તમ સાધના શી રીતે સાકાર થાય છે તે જોઇએ. એમના મસ્તક પર - લલાટમાં અર્ધચંદ્ર છે એ શું બતાવે છે ? યોગી જ્યારે યોગસાધનામાં આગળ વધે છે ત્યારે એનું આજ્ઞાચક્ર ઊઘડી જાય છે અને એને અનેકાનેક અલૌકિક અનુભવોની પ્રાપ્તિ થાય છે. ઋતંભરા પ્રજ્ઞાની પ્રાપ્તિનો અનુભવ પણ એમાંથી એક છે. મહર્ષિ પતંજલિ પોતાના યોગદર્શનમાં કહે છે કે **ऋतंभरा तत्र प्रज्ञा ।** એ પ્રજ્ઞા પરમપવિત્ર કે દિવ્ય હોય છે ને યોગીનું ત્રીજું નેત્ર કહેવાય છે. ભગવાન શંકરના લલાટનો ચારુ ચંદ્ર એ ઋતંભરા પ્રજ્ઞાનો પૂર્ણ પરિચાયક છે. જે પોતાના અસાધારણ અનુગ્રહની વર્ષા વરસાવીને અન્ય અનેકને ઋતંભરા પ્રજ્ઞાનું પ્રદાન કરે છે. એનું શરણ લેનારને એ પ્રજ્ઞાની પ્રાપ્તિ થાય છે.

ભગવાન શંકરના મસ્તક પર ગંગા છે તે સૂચવે છે કે યોગી પ્રેમ અને પવિત્રતાની પવિત્રતમ ગંગાથી વિભૂષિત હોય છે. એની અંદર બુરા વિચાર, બુરા ભાવ કે બુરા સંસ્કાર નથી પેદા થતા. એનું

અંતઃકરણ જીવમાત્ર પ્રત્યેના પ્રેમથી પરિપ્લાવિત હોય છે. આત્મજ્ઞાનથી અલંકૃત અને આલોકિત હોય છે. એ કોઇનું અમંગલ નથી ઇચ્છતો અને અમંગલ નથી કરતો.

એમના અંગ પરની ભસ્મ વૈરાગ્યભાવની સૂચક છે. જેના અંતરમાં અને અંગના અણુએ અણુમાં વૈરાગ્યભાવ ભરેલો છે એને પૃથ્વીના પાર્થિવ પ્રલોભનોની શી પરવા અને ભયસ્થાનોનો શો ભય ? પોતાના અંતરંગ વૈરાગ્યભાવને લીધે એ સદાય સુરક્ષિત રહે છે. એ સર્વત્ર રહે છે ખરો પરંતુ ક્યાંય આસક્ત નથી થતો કે ભાન નથી ભૂલતો. જીવનના મહત્વના મૂળભૂત ધ્યેયને એ હંમેશા નજર સમક્ષ રાખે છે. એ ધ્યેયની સતત સ્મૃતિ તથા પરિપૂર્તિની સમ્યક્ સાધના એને સારું સહજ બની જાય છે.

ભગવાન શંકરને સ્મરહર કહેવામાં આવે છે. આત્મજ્ઞ અથવા આત્મનિષ્ઠ પુરુષ સ્મર અથવા કામવાસનાથી મુક્ત હોય છે. ભગવાન શંકરનું એ વિશિષ્ટ વર્ણન સાધકને ને માનવમાત્રને સંયમની સાધનાનો આધાર લઇને ક્રમે ક્રમે કામવાસનાથી મુક્તિ મેળવીને પવિત્રતમ પ્રેમમાં પ્રતિષ્ઠિત થવાનો પાઠ પૂરો પાડે છે.

એમને એકાંત પ્રિય છે અને એ આત્મારામ તથા સંસારના રંગરાગથી અથવા આકર્ષણથી અલિપ્ત છે માટે તો કૈલાસ જેવા નિતાંત એકાંતમાં અને સ્મશાનમાં વસે છે એવું કહેવાય છે. જેણે પોતાની જાત પર ઓછાવત્તા પ્રમાણમાં અધિકાર કર્યો હોય એ જ એકાંતમાં રહી શકે. જેનું મન સર્વ સ્થળે ને સર્વ કાળે એકાંતમાં રહી શકતું હોય તે જ એકાંતનો સાચો સ્વાદ મેળવી શકે છે.

ભગવાન શંકરે પોતાના શરીરે સર્પ વીંટયા છે એ શું સૂચવે છે ? ભક્તો એમની પ્રેમપૂર્વક પ્રશસ્તિ કરતાં કહે છે - **सर्पैर्भूषितकंठकर्णविवरे** । બરાબર છે. એમનો કંઠ પણ સાપથી સુશોભિત, એમનું શરીર, એમનું મસ્તક અને એમના હાથ બધું જ સાપથી સુશોભિત છે. એ સાપનો વિચાર પણ કરવા જેવો છે.

યોગીની ભુજંગાકારિણી મૂલાધારશાયિની કુંડલિની શક્તિ યોગસાધનાની મદદથી મૂલાધારચક્રમાંથી જાગે છે ત્યારે સાપની જેમ ફુત્કાર કરીને ચક્રોમાંથી ક્રમશઃ પસાર થતી ઉત્તરોત્તર ઉપર ચઢે છે. ભગવાન શંકરની મૂલાધાર ચક્રમાંથી ઉપર ઊઠતી એ અસાધારણ શક્તિ હૃદય, કંઠ, કર્ણ ભ્રૂમધ્ય તથા મસ્તકના બ્રહ્મરંધ્ર ચક્રમાંથી પસાર થઇને સમસ્ત વ્યક્તિત્વને આવરી લે છે. સાપ એ અલૌકિક કુંડલિની શક્તિના સૂચક છે.

યોગીના શરીરને વીંટી વળનારી કુંડલિની શક્તિ એને કાંતિમય કરે છે અને એના સમસ્ત વ્યક્તિત્વમાં બહારથી અને અંદરથી આમૂલ, પાર વિનાનું પરિવર્તન લાવે છે. સાપને એવી સૂક્ષ્મ રીતે યૌગિક સંદર્ભમાં સમજવાની આવશ્યકતા છે. એવી રીતે સમજવાથી ઉપયોગી પ્રેરણા મળે છે.

**नेत्रोद्रथवैश्वानरे** । યોગીના નેત્રો પ્રજ્ઞા, શ્રદ્ધા, પવિત્રતા અને પરમાત્મપરતાના પાવન પ્રકાશથી પ્રદીપ્ત હોય છે. ભગવાન શંકરના નેત્રો એવાં જ પ્રદીપ્ત--જાણે કે અગ્નિથી અલંકૃત હોય એવાં લાગે છે.

પાર્વતી અથવા સતી એમની સદાય સેવા કરે છે એ શું બતાવે છે ? પ્રકૃતિ કદી પરમપુરુષથી પૃથક્ અને સર્વથા પૃથક્ રહી શકે છે ? ના કદાપિ નહિ. એમના ઉભયના સુભગ સંગમ અને સહયોગ વિના સૃષ્ટિનું સર્જન નથી થઇ શકતું અને એનો રસ અથવા આનંદ પણ નથી સંભવી શકતો. માટે જ ભગવાન શંકર

સતીની સાથે છે. છતાં પણ પુરુષ પ્રકૃતિથી અલિપ્ત છે તેમ, એ પણ શરીરના સુખોપભોગથી અલિપ્ત છે. આત્મારામ છે. આટલા બધા આત્મારામ હોવાં છતાં પણ એમણે લગ્નજીવનને ઉપેક્ષાની નજરે નથી નિહાળ્યું. એની પાછળ એમની લોકસંગ્રહની દૈવી દૃષ્ટિ જ કામ કરી રહી છે. માટે તો એમણે સતીનો સ્વીકાર કર્યો છે. લગ્નજીવન આત્મદર્શી યોગીને માટે બાધક નથી બની શકતું. સાધક બને છે, એવો એમાં સંદેશ સમાયેલો છે.

ભગવાન શંકરને નીલકંઠ કહેવામાં આવે છે. એમણે કરેલું વિષપાન એમની અસાધારણ યોગશક્તિનું અને એમની લોકકલ્યાણની સર્વોત્તમ સર્વ માંગલ્યમયી સદ્દભાવનાનું સૂચક છે.

એ પદ્માસનમાં વિરાજ્યા છે એનો અર્થ એટલો જ કે સંસારનું વિરોધાભાસી વિકૃત વાતાવરણ એમને કશી જ અસર નથી કરી શકતું. અ આત્મનિષ્ઠ હોવાથી બધાથી અલિપ્ત રહે છે - દેશ અને કાળથી પણ. જળમાં કમળની જેમ એમનો અંતરાત્મા કશાથી ખરડાતો નથી. એમનું અંતઃકરણ પદ્મની પેઠે સુવિકસિત, શુદ્ધ, સાત્વિકતાથી સુવાસિત અને પૃથ્વીની પાર્થિવતાથી ઉપર રહે છે.

એમનું સ્વરૂપ જ એવી રીતે મંગલમય છે. એનો આધાર લઇને અને એનું અનુસંધાન સાધીને જીવનને પ્રેરણાત્મક કરીને મંગલમય બનાવવાનું છે.

એવા અલૌકિક શંકર ભગવાન સાથે દક્ષનો સાંસારિક સંબંધ બંધાયો તો પણ એ એમના મૂળભૂત મહિમાને ના સમજી શક્યો અને એથી આગળ વધીને એમની સાથે કટુતા કરી બેઠો એનું કારણ એનો અહંકાર અને એનું અજ્ઞાન જ હતું. અહંકાર અનેક પ્રકારના કહેવાય છે. વિદ્યાના, તપના, બળના, રૂપના, પદના, પ્રતિષ્ઠાના, ધન-વૈભવ અથવા ઐશ્વર્યના, સિદ્ધિના, સત્તાના અને એવા કેટલીય વસ્તુઓના. કોઇને દેહાભિમાન તો કોઇને મિથ્યાભિમાન હોય છે. કોઇને ભક્તિનું, આત્મજ્ઞાનનું, સદ્દુપદેશ દેવાની શક્તિનું, કથા કરવાની કળાનું, સંન્યાસ, બ્રહ્મચર્ય કે લગ્નજીવનનું તો કોઇને યોગની સાધનાનું અભિમાન હોય છે. અભિમાનના મૂળ કારણરૂપે એમ એક અથવા અનેક વસ્તુઓ રહેતી હોય તો પણ એનો કોઇ રીતે બચાવ થઇ શકે તેમ નથી. એને ગૌરવરૂપ ગણી શકાય કે એનો આશ્રય લઇ શકાય તેમ પણ નથી. એને ગુણ નહિ પરંતુ અવગુણ જ ગણવામાં આવે છે. આત્મિક વિકાસની દૃષ્ટિએ એ બાધક છે. કોઇ માણસ આત્મવિકાસની દિશામાં કેટલો આગળ વધ્યો છે એ જાણવું હોય તો એની નમ્રતા અથવા અહંકારરહિતતા પરથી જાણી શકાય છે. આધ્યાત્મિક વિકાસમાં જ નહિ પરંતુ જીવનના માનવીય વિકાસમાં પણ સુચારુરૂપે આગળ વધેલા માનવનું જીવન વધારે ને વધારે નમ્ર, નિખાલસ અને દંભરહિત થતું જાય છે. અહંકારી માનવો કેટલીકવાર કોઇક નાનાસરખા કારણને લીધે તો કોઇકવાર દેખીતા નાના કે મોટા બાહ્ય કારણ વગર જ પોતાના મનની અવિદ્યાગ્રંથિને લીધે દુઃખી થતા હોય છે. અહંકાર માનવના ગુણોને ઢાંકી દે છે અને એનું અધઃપતન કરે છે. એની પાસે સુખકારક અથવા શાંતિદાયક બીજું બધું જ હોય તો પણ એને દુઃખી કરે છે અને બેચેન અથવા અશાંત બનાવે છે. એના જીવન વિકાસમાં અંતરાય ઊભો થાય છે. એથી બીજાને તો જે હાનિ થતી હોય તે ભલે થતી પરંતુ મોટામાં મોટી હાનિ તો એને પોતાને જ થાય છે. એવા ઉદાહરણો આ અવનીમાં અનેક છે. કેટલાંક ઉદાહરણો પ્રાચીન છે તો કેટલાક અર્વાચીન. દક્ષનું અહીં અપાયલું ઉદાહરણ પ્રાચીન હોવા છતાં પણ અર્વાચીન કાળને માટે પણ ખૂબખૂબ ઉપયોગી, પ્રેરક તથા પથપ્રદર્શક થઇ પડે એવું છે.

ભગવાન શંકરની સાથેના દક્ષના વિઘાતક વિરોધનું તથા અસાધારણ દ્વેષભાવનું કારણ આમ તો સાવ સાધારણ હતું પરંતુ એમાંથી વિશાળ વૃક્ષની રચના થઇ ગઇ. આ અવનીમાં આપણે શા માટે આવ્યા છીએ ? આપણી જાતને અને ઇશ્વરને ઓળખવા. આપણા મૂળભૂત વાસ્તવિક સ્વરૂપને તથા ઇશ્વરને ભૂલવા નહિ. બીજાને ઉપયોગી થવા; અનુપયોગી થવા નહિ. કોઇકના જીવનને બની શકે તો બનાવવા; બગાડવા માટે નહિ, હાનિ નહિ પરંતુ લાભ પહોંચાડવા. રડાવવા નહિ પરંતુ હસાવવા. શોક ફેલાવવા નહિ પણ આનંદની લહર રેલવા. ડૂબાડવા નહિ, તારવા. ધિક્કાર કે દ્વેષ રાખવા નહિ પરંતુ પ્રેમનો પ્રસાર કરવા કે પ્રેમ કરવા. વિસંવાદની નહિ, સંવાદની સૃષ્ટિ કરવા. છૂટા પડવાનું કે થવાનું નહિ, પરંતુ ભેગા મળવાનું ને રહેવાનું શીખવવા. વિષને નહિ પણ અમીને, અંધકારને નહિ પણ પ્રકાશને ને મૃત્યુને નહિ પરંતુ જીવનને શાશ્વત, સરળ કે સહજ કરવા. અવની પરના આગમનના એ હેતુને ભૂલીને જેમ તેમ જીવવામાં આવે છે ત્યારે માનવનું પોતાનું અને બહારની અવનીનું જીવન જડ બને છે, દુઃખ ભોગવે છે, અને અશાંત થાય છે. દક્ષના જીવનમાં પણ એવું જ બન્યું. એ એના નામ પ્રમાણે દક્ષ કે હોશિયાર ના રહી શક્યો પણ અવિવેકી અને ગાફેલ બન્યો. પૃથ્વી પરનો પ્રત્યેક જીવ દક્ષ છે. એ દક્ષ રહે ને દક્ષ બને એવું ઇચ્છવામાં આવે છે. છતાં પણ એ જ્યારે દક્ષતાનો ત્યાગ કરે છે ત્યારે અશાંતિમાં પડે છે.

દક્ષના જીવનમાં જરૂરી દક્ષતા ના દેખાઇ. પ્રજાપતિઓના વિશાળ યજ્ઞમાં એકવાર મોટા મોટી ઋષિમુનિઓ, તથા બીજા સુપ્રતિષ્ઠિત સત્પુરુષો પોતપોતાના પરિવાર સાથે એકઠા થયેલા. એ યજ્ઞમંડપમાં જ્યારે દક્ષે પ્રવેશ કર્યો ત્યારે એ બધા જ એની કાંતિથી આકર્ષાઇને અને એના અલૌકિક પ્રભાવથી પ્રભાવિત થઇને તરત જ ઊભા થયા. યજ્ઞના આયોજકોએ એનો વિધિપૂર્વક સારી રીતે સત્કાર કર્યો. દક્ષ બ્રહ્માને પ્રણામ કરીને મંડપમાં બેઠો તો ખરો પરંતુ એની આંખમાં ત્યાનું એક દૃશ્ય ખૂંચવા લાગ્યું. એ દૃશ્યે એના આનંદના અર્ણવમાં એકાએક ઓટ આણી દીધી. એ દૃશ્યને એ ભૂલી ના શક્યો. એ દૃશ્ય એને સહેજ પણ રુચિકર ના લાગ્યું પણ પીડા પહોંચાડવા માંડ્યું. એના સ્વાગતમાં બીજા બધા જ ઊભા થયેલા પરંતુ ભગવાન શંકર નહોતા ઊભા થયા. એ ચિત્રાંકિત આકૃતિની પેઠે સ્થિતપ્રજ્ઞ બનીને એમના આસન પર જ બેસી જ રહેલા. વાત ઘણી જ નાની હોવાં છતાં દક્ષને માટે ખૂબ જ મોટી થઇ પડી.

મોટા ભાગના માનવો માનના ભૂખ્યા હોય છે ને બીજા પોતાને માને કે માન આપે એ જોઇને આનંદ પામે છે. કેટલાક પોતે માન લેવા માટે જ જન્મ્યા છે એવું માનીને જીવતા હોય છે. બીજાની પાસેથી એ માનની ઇચ્છા રાખે છે ખરા, પરંતુ બીજાને એવું માન નથી આપી શક્તા. એ એમના જીવનની કરૂણતા જ કહી શકાય. ત્યાગી, જ્ઞાની ને સંન્યાસીઓના જીવનમાં પણ કેટલીકવાર એવી કરૂણતાનું દર્શન થાય છે. બધાનો ત્યાગ કરી ચૂકેલા વિરક્તો કેટલીકવાર માનની વૃત્તિનો પરિત્યાગ નથી કરી શકતા. લોકો એમને ઊભા થઇને સત્કારે ત્યારે એ આનંદ અવશ્ય પામે છે, એમને એ ગમે છે પણ ખરું, પરંતુ એ બીજાને એવી રીતે નથી સત્કારતા. કોઇ એમના સ્વાગતમાં ઊભું ના થાય કે આગળ ના આવે તો એમને ખરાબ લાગે છે, એમનું મોઢું બગડી જાય છે, અને એ એક અથવા બીજી રીતે નારાજી બતાવે છે. એ બધી સ્વભાવગત નિર્બળતાઓમાંથી માણસે છૂટવાનું છે. એવી નિર્બળતા માણસને દુઃખી કરે છે. આપણે ક્યાંક જઇએ ત્યારે કોઇ

ઊભા થઇને આપણને સત્કારે નહિ કે આપણે માટે આદરપૂર્ણ સ્વાગતના શબ્દો ના કહે, અરે આપણને પ્રેમ કે પૂજ્યભાવે પ્રણામ પણ ના કરે, તો તેથી શું થયું ? આપણે ખોટું શા માટે લગાડવું ને દુઃખી કે ક્રોધી શા માટે બનવું જોઇએ ?

દક્ષ એવો આત્મજ્ઞાની નહતો એટલે એના પર શંકરના વર્તનની અસર ઘણી પ્રતિકૂળ પડી. એને ખૂબ જ માઠું લાગ્યું ને ક્રોધે ભરાતાં વાર ના લાગી.

ક્રોધના આવેગમાં તણાઇને એણે શંકરને ના કહેવા જેવાં કેટલાંય અપમાનજનક અઘટિત વચનો કહી નાખ્યાં. એ વચનો સંસ્કારી માનવના મુખમાં શોભે તેવાં નહતાં. એણે શાપ પણ આપ્યો કે દેવગણોમાં અધમ મહાદેવ દેવોના યજ્ઞમાં હવેથી ઇન્દ્ર અને ઉપેન્દ્ર જેવા બીજા દેવોની સાથે યજ્ઞભાગ નહિ મેળવે.

યજ્ઞમંડપમાં બેઠેલા બીજા અનેકે અટકાવવા ને સમજાવવા છતાં પણ એણે કોઇનુંય માન્યું નહિ. શાપ આપીને એ ત્યાંથી વિદાય થયો.

આખાય યજ્ઞમંડપમાં હાહાકાર થઇ રહ્યો.

મહાદેવના અનુચરોમાં મુખ્ય મનાતા નંદીશ્વરે દક્ષને અને એના શાપનું સમર્થન કરનારા બીજા પુરુષોને સામેથી શાપ આપતાં જણાવ્યું કે શંકરનો દ્વેષ કરનાર સત્યનો સાક્ષાત્કાર નહિ કરી શકે. દક્ષ સંસારના વિનાશશીલ વિષયોમાં ડૂબીને આત્મસ્વરૂપને ભૂલી ગયો છે ને જડ બન્યો છે. એને બોકડાનું મુખ પ્રાપ્ત થશે. એનું સમર્થન કરનારા અને એને અનુસરનારા પણ શાંતિ તથા મુક્તિને મેળવવાને બદલે જન્મમૃત્યુના દુઃખદ ચક્રમાં નિરંતર ફર્યા કરશે. એ આ પૃથ્વી પર દીન, હીન કે કંગાળ થઇને, યાચક બનીને, ભટકતા રહેશે.

નંદીશ્વરનો શાપ સાંભળીને ભૃગુ ઋષિએ સામેથી શાપ આપ્યો કે શંકરની ઉપાસના કરનારા શાસ્ત્રવિરોધી તથા પાખંડી થશે, દુર્ગુણી કે દુર્વ્યસની બનશે, અને સમાજમાં પ્રતિષ્ઠા નહિ મેળવે.

શાપ આપવાની શક્તિ મોટી મનાય છે પરંતુ આશીર્વાદ કે વરદાન આપવાની શક્તિ એથીયે મોટી છે. અમંગલ કરવામાં જે શક્તિ જોઇએ છે એના કરતાં મંગલ કરવામાં સવિશેષ શક્તિની આવશ્યકતા પડે છે. કોઇનું બગાડવું સહેલું છે; બનાવવાનું અઘરું છે. માનવની મહત્તા વિનાશમાં નથી, સર્જનમાં છે. દ્વેષમાં નથી, પ્રેમમાં છે. અભિશાપરૂપ થવામાં નથી, આશીર્વાદરૂપ બનવામાં છે. ધિક્કારવામાં નથી, ચાહવામાં છે. મહાપુરુષોને માટે એવી મહત્તા સ્વાભાવિક હોય છે. મહાદેવ દેવોના દેવ હતા. એ શિવ અથવા કલ્યાણરૂપ, કલ્યાણ કરનારા કહેવાતા. એ કોઇનું અકલ્યાણ કેવી રીતે કરી શકે ? અકલ્યાણની કલ્પના પણ ક્યાંથી કરી શકે ?

દક્ષ જીવ છે. એ બીજા બધા જીવોની જેમ શુભાશુભના, માનપમાનના, સુખદુઃખોના દ્વંદ્વાત્મક ઝુલે ઝુલ્યા કરે છે. એનું જ્ઞાન અને એની શક્તિ સીમિત અથવા અલ્પ છે. એની ઉપર ભાતભાતની પાર્થિવ પ્રતિક્રિયાઓ પડ્યા કરે છે. મહાદેવ શિવ છે. સ્વસ્થ તથા શાંત છે. એ સર્વ પ્રકારની પાર્થિવ-અપાર્થિવ પ્રક્રિયાઓથી પર છે. એમના અસાધારણ અનંત મહિમામાં સ્થિત હોવાથી ચંચળતા તથા ઉત્તેજનાથી પર છે. એમની શક્તિ અનંત હોવા છતાં એ દક્ષને શાપ આપવા શા માટે તૈયાર થાય ? એ જીવનું અનુકરણ અથવા

અનુસરણ શા માટે કરે ? એમના મહિમાને જીવ જો ના જાણે અને ના જાણવાને લીધે કેટલીક વિરોધી કે વિપરીત પ્રવૃત્તિ કરી બેસે તો એ શા માટે બેચેન બને, અશાંત થાય, અકળાઇ ઊઠે, અને અનુચિત પગલું ભરે ?

શંકર એટલા માટે જ શાંત રહ્યા. દક્ષના અનુચિત અપમાનજનક અભિશાપને સાંભળીને કોઇ પણ પ્રકારનો શાપ આપવાને બદલે એ ત્યાંથી સંપૂર્ણ સ્વસ્થ ચિત્તે, વિદ્વેષ કે વિરોધના વહ્નિને વધારવાનો પ્રયત્ન કર્યા વગર, શાંતિપૂર્વક ચાલી નીકળ્યા.

દક્ષનું અજ્ઞાન અને મિથ્યાભિમાન જોઇને એમને થોડીક ખિન્નતા થઇ ખરી.

એક સાધારણ જેવી વસ્તુએ એવી રીતે અસાધારણ સ્વરૂપ ધારણ કર્યું. દક્ષની અને શિવની વચ્ચે તથા અન્ય અનેકની વચ્ચે દ્વેષભાવની સૃષ્ટિ થઇ.

☼ ☼ ☼ ☼ ☼

## [૨] દક્ષનો યજ્ઞ

વિદ્વેષની એ વિષસૃષ્ટિ દિનપ્રતિદિન વધતી જ ગઇ. મહાદેવને પોતાને માટે તો વિદ્વેષને જગાવવાનું કે વધારવાનું કશું કારણ નહતું પરંતુ દક્ષની દૃષ્ટિ વધારે ને વધારે વિકૃત થતી ગઇ. જમીનમાં પડેલું બીજ જેમ પ્રાકૃતિક પ્રક્રિયાઓથી પ્રભાવિત થઇને ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે ને પ્રબળતા ધારે છે તેમ પ્રેમનું કે દ્વેષનું બીજ પણ વૃદ્ધિગત બનતું જાય છે. માણસે એ બીજમાંથી મુક્તિ મેળવવાની છે - ખાસ કરીને દ્વેષના બીજમાંથી. પ્રેમ પણ અવિવેકી, દુન્યવી અને આસક્તિયુક્ત બનાવીને બધ્ધ કે દુઃખી ના કરે અને ભાન ના ભૂલાવે તેનું ધ્યાન રાખવાનું છે.

વખતના વીતવાની સાથે બ્રહ્માએ દક્ષનું બહુમાન કરીને એનો સઘળા પ્રજાપતિઓના અધિપતિપદે અભિષેક કર્યો.

એવા બહુમાનથી એનો ઘમંડ વધી ગયો.

પોતાના ઘમંડને પોષવા માટે એણે પ્રથમ વાજપેય યજ્ઞ કર્યો ને બ્રહ્મનિષ્ઠ પુરુષોનું અપમાન કર્યું. એ પછી એના જ અનુસંધાનમાં બૃહસ્પતિસમ નામના વિરાટ યજ્ઞનો આરંભ કર્યો.

યજ્ઞોનાં આયોજનો એ જમાનામાં અનેક રીતે ઉપયોગી અથવા આશીર્વાદરૂપ થતાં. એમાં વેદપાઠ થતાં, શાસ્ત્રોની ચર્ચા-વિચારણાની પ્રાણવાન પ્રવૃત્તિ ચાલતી, સમીપના અને દુરના સંત મહાત્માઓ એકઠા થતા, એમના દેવદુર્લભ દર્શન-સમાગમ-સદુપદેશનો લાભ આપોઆપ પ્રાપ્ત થતો, એમાં અનેકનાં સન્માન કરાતાં, અને દીનહીનને જીવનપયોગી પદાર્થોની પ્રાપ્તિ થઇ શક્તી. યજ્ઞો જ્ઞાનવિજ્ઞાનના આદાન પ્રદાનના સુંદર સંમેલનની ગરજ સારતા. લાખો લોકો એમનો લાભ લેતા.

દક્ષ પ્રજાપતિના એ વિશાળ પાયા પર યોજાયેલા યજ્ઞમાં ભાગ લેવા માટે દેવો, યક્ષો, ગંધર્વો, ઋષિમુનિઓ અને અન્ય પ્રજાપતિઓ તથા મનુષ્યો દક્ષના આમંત્રણને માન આપીને જઇ રહેલા. એમના અંતરમાં અસાધારણ આનંદ હતો. દક્ષે બધાને આમંત્રણ આપેલું પરંતુ શંકરને તથા સતીને યાદ પણ ના કરેલાં. છતાં પણ એવા શુભાવસર પર સતીને ત્યાં જવાની ઇચ્છા થઇ. એ ઇચ્છા સતીએ શંકરની આગળ પ્રગટ કરી. એમણે જણાવ્યું કે યજ્ઞમાં મારી બેનો આવશે એમને, મારી માતા ને બીજાં સ્વજનોને મળી શકાશે. વળી મારી જન્મભૂમિના દર્શનની મહેચ્છા પણ મારાં મનમાં પેદા થઇ છે. પોતાના મિત્ર, પતિ, ગુરૂ અને પિતાને ઘેર તો વગર આમંત્રણે પણ જઇ શકાય છે. માટે મારી ઇચ્છા પરિપૂર્ણ થાય એવો આશીર્વાદ આપો. તમે તો નીલકંઠ છો. બીજાના કલ્યાણને કાજે જ શ્વાસ લો છો. તો મારા સંતપ્ત અંતરને શાંતિ મળે એવું અવશ્ય કરો.

સતીના શબ્દોને સાંભળીને શંકરે સ્મિત કર્યું. એ સ્મિતમાં સુખ કે ઉલ્લાસ નહતો પરંતુ સંવેદન હતું. એમણે સતીને શાંતિપૂર્વક જણાવ્યું કે સ્વજનોને ત્યાં બોલાવ્યા વગર જઇ શકાય છે તે સાચું છે, પરંતુ ક્યારે જઇ શકાય છે ? એમને આપણા પ્રત્યે પ્રેમ અથવા આદરભાવ હોય છે ત્યારે. એમને જો આપણા પ્રત્યે દ્વેષભાવ હોય અને ઘમંડી બનીને એ આપણું અમંગલ ઇચ્છતાં હોય તો એમને ત્યાં વિના આમંત્રણ જવાનું અનુચિત કહેવાય છે. એમની પાસે જઇએ તો પણ એ આપણો સત્કાર નથી કરતા, કઠોર વચનો કહે છે, અને

આપણી સાથે દુર્વ્યવહાર કરે છે. ત્યારે જે દુઃખ થાય છે એ અસહ્ય હોય છે. એ દુઃખને લીધે શરીરને ધારવાનું એકદમ અશક્ય બની જાય છે. માટે દક્ષ પ્રજાપતિ તારા પિતા હોવાં છતાં તેમની પાસે જવાની જરૂર નથી. મારા આદેશનો અનાદર કરીને જો તું જઇશ તો તારું કલ્યાણ નહિ થાય. પ્રતિષ્ઠિત, સ્વમાનપ્રિય વ્યક્તિનું સ્વજનો તરફથી થતું અપમાન એના તત્કાળ મૃત્યુનું કારણ થઇ પડે છે.

यदि व्रजिष्यस्यतिहाय मद्‌वचो भद्रं भवत्या न ततो भविष्यति ।
संभावितस्य स्वजनात्पराभवो यदा स सद्यो मरणाय कल्पते ॥
(ચતુર્થ સ્કંધ, અધ્યાય ૩, શ્લોક ૨૫)

મહાપુરુષોની દૃષ્ટિ દૈવી હોય છે. એ આગળ, પાછળ અને આજુબાજુ બધે જ જોઇ શકે છે તથા ભૂત-ભાવિનું દર્શન કરે છે. એમની આગળ કોઇ આવરણ નથી રહેતું. માનવના ચર્મચક્ષુની અને અંતઃકરણની આગળના અવિદ્યાના ગાઢ-અતિગાઢ આવરણને ભેદીને એ દૃષ્ટિ દૂર સુદૂર સુધી ભૂત તથા ભાવિના અનંત ઊંડાણોમાં પહોંચી જાય છે. એમને સર્વજ્ઞાતૃત્વ પ્રાપ્ત થાય છે. ભગવાન શંકરના ઉદ્‌ગારો એમના સર્વજ્ઞાતૃત્વના અથવા એમની દૈવી દૃષ્ટિના પરિચાયક હતા પરંતુ એ વખતે સતીને એની ખબર ક્યાંથી હોય ? એમની પાછળની વ્યંજનાને એ શી રીતે સમજી શકે ?

શંકરના આદેશની ઉપરવટ જઇને સતી ચાલી નીકળી. એના પરિણામે શંકરના શબ્દો સાચા પડ્યા. જે બનવાનું હતું તે બની ગયું.

સતીની પાછળ શંકરના પાર્ષદો, અનુચરો, ગણો ને નંદીશ્વર પણ ચાલી નીકળ્યા.

સતી યજ્ઞમંડપમાં આવી પહોંચી ત્યારે તેની માતા તથા બેનો વિના બીજા કોઇએ એનો સત્કાર ના કર્યો. તે યજ્ઞમાં ભગવાન શંકરનું ઉચિત સ્થાન પણ ના જોઇને એની પીડાનો પાર ના રહ્યો. એનો ક્રોધ પરાકાષ્ઠા પર પહોંચી ગયો. એને એવા અતિઘોર અપમાનની વચ્ચે જીવવાનું પણ નીરસ અને નિરર્થક લાગ્યું. એ પોતાના પિતા દક્ષને ધિક્કારવા લાગી. એણે જણાવ્યું કે સંસારના સર્વશ્રેષ્ઠ કહેવાતા ને પ્રાણીમાત્રના અંતરાત્મા મનાતા શંકરનો આવો દ્વેષ તેમજ તિરસ્કાર બીજું કોણ કરે ? તમારા જેવા વેરભાવવાળા પુરુષો બીજાના ગુણોને જોવાને બદલે દોષો જ દેખે છે ને દોષોને ના હોય ત્યાંથી શોધી કાઢે છે ને એમનો પ્રચાર કરે છે. મધ્યમ શ્રેણીના પુરુષો ગુણદોષનું જેવું હોય તેવું તટસ્થ દર્શન કરે છે. ઉત્તમ પુરુષો દોષદર્શન કરવાને બદલે ગુણદર્શન જ કરતા હોય છે. અને ઉત્તમોત્તમ મનાતા ચતુર્થ શ્રેણીના મહામાનવો તો બીજાના અલ્પ જેટલા ગુણોને પણ ઘણા કરીને જુએ છે. ભગવાન શંકર મહામાનવ હોવાં છતાં તમે એમની સાથે ભયંકર દુર્વ્યવહાર કર્યો છે ને દ્વેષ રાખ્યો છે એ આશ્ચર્યકારક અને દુઃખદ છે. એથી તમારું કલ્યાણ નહિ થાય. તમે અહંકારથી ઉન્મત્ત બની ગયા છો. તમારી પુત્રી તરીકે જીવવામાં મને લેશ પણ ગૌરવ નથી લાગતું. માટે આ શરીરનો ત્યાગ કરવાનું જ મને શ્રેયસ્કર લાગે છે.

સતી યજ્ઞમંડપમાં આવવા માટે કેવા અનેરા ઉમળકાપૂર્વક નીકળેલી ને યજ્ઞમંડપમાં એમ આકસ્મિક રીતે શું થયું ? આખું દૃશ્ય જ બદલાઇ ગયું. પીળાં વસ્ત્રોને પહેરીને એ ઉત્તરાભિમુખ બનીને ત્યાં જ બેસી ગઇ. એણે આચમન કરી, આસનસિદ્ધિ સાધી, પ્રાણાપાનને એકરૂપ કરીને નાભિમાં સ્થાપ્યા. પછી ઉદાનવાયુને આજ્ઞાચક્રમાં કેન્દ્રિત કર્યો. એ પછી યોગબળની મદદથી શરીરની અંદર અગ્નિ અને વાયુની ધારણા કરી.

એના મનમાં ભગવાન શકંર વિના બીજા કોઇનો વિચાર નહોતો ઊઠતો. હૃદયમાં એકમાત્ર શંકરનો જ રાગ હતો. શંકર સિવાય એને બીજું કશું દેખાતું જ ન હતું. એની વૃત્તિ શંકરમાં અને શંકરની આજુબાજુ જ રાસ રમતી. એવી અલૌકિક અવસ્થામાં યોગબળથી પ્રાદુર્ભાવ પામેલા પાવકથી એનું અંગ બળવા લાગ્યું.

ततः स्वभतुश्चरणाम्भुजासवं जगद्दगुरोश्चिन्तयती न चापरम् ।
ददर्श देहो हतकल्मषः सती सद्य प्रज्जवाल समाधिजाग्निना ॥
(અધ્યાય ૪, શ્લોક ૨૭)

એ શ્લોકમાં સુસ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું છે કે સતીએ કોઇ સ્થૂળ અગ્નિથી નહિ પરંતુ સમાધિમાં શુદ્ધ ને સત્ય બનેલા સંકલ્પ દ્વારા ઉત્પન્ન થયેલા યોગાગ્નિથી જ શરીરને શાંત કરેલું. એ શ્લોકનો **समाधिजाग्निना** શબ્દપ્રયોગ એક મૌલિક ઐતિહાસિક દસ્તાવેજ જેવો અને અત્યંત અગત્યનો છે. એમાં ધાર્યા કરતા ઘણો ઊંડો ભાવાર્થ કે સાર સમાયેલો છે.

સતીના શરીરત્યાગનું એ દૃશ્ય સૌને માટે ખૂબ જ દુઃખદ થઇ પડ્યું. ત્યાં સમુપસ્થિત સૌ કોઇનાં અંતર સંવેદનશીલ બની ગયાં. ફક્ત દક્ષ પ્રજાપતિનું હૈયું ના હાલ્યું. એની વૃત્તિમાં કશો જ ફેર ના પડ્યો. સૌને થયું કે હવે એનું અમંગલ અવશ્યંભાવિ અને સમીપ છે.

એ દૃશ્યને જોઇને શંકરના સેવકો કે ગણો ખૂબ જ ક્રોધે ભરાયા. એમણે દક્ષનો નાશ કરવાનો ને યજ્ઞમાં ભંગ પાડવાનો નિર્ણય કર્યો. સતીના શરીરત્યાગથી યજ્ઞના ભંગ થવાની ભૂમિકાનું નિર્માણ થઇ ચૂકેલું.

શંકરના સેવકો તથા ગણો દક્ષને દંડ દેવા તૈયાર થયા પરંતુ ભૃગુએ એમને અટકાવવા માટે દક્ષિણાગ્નિમાં આહુતિ આપીને ઋભુ નામના અસંખ્ય દેવોને પેદા કર્યા. તેમણે શંકરના સેવકો તથા ગણો પર વિવિધ શસ્ત્રાસ્ત્રોથી પ્રહાર કરવા માંડ્યો. એથી એ બધા નાસી ગયા.

☼ ☼ ☼ ☼ ☼

## [3] દક્ષનો નાશ

ભગવાન શંકરે દેવર્ષિ નારદ દ્વારા સતીના શરીરત્યાગના સમાચાર સાંભળ્યા અને એ પછીની બીજી ઘટનાની માહિતી મેળવી ત્યારે એમને ખૂબ જ વ્યથા થઇ. એમણે ક્રોધાતુર બનીને દક્ષને દંડ દેવા ને યજ્ઞનો વિધ્વંસ કરવા સંકલ્પની મદદથી વીરભદ્ર નામના પ્રખર પરાક્રમી પુરુષને પેદા કર્યો.

એ પરમપ્રતાપી પુરુષ કેવો હતો ? એનું શરીર ખૂબ જ મોટું હતું. એ શરીરથી આકાશને અડવાની હરિફાઇ કરતો હોય એવું લાગતું.

ભગવાન શંકરે એને દક્ષનો અને એના યજ્ઞનો વિધ્વંશ કરવાની આજ્ઞા કરી.

એમની આજ્ઞા સાંભળીને એણે ઘોર ગર્જના કરી અને ત્રિશૂળ લઇને અન્ય પાર્ષદો સાથે દક્ષના યજ્ઞસ્થાનની દિશામાં ચાલી નીકળ્યો.

યજ્ઞસ્થાનમાં આવીને એણે બીજા પાર્ષદો સાથે યજ્ઞસ્થાનને ઘેરી લીધું અને એનો નાશ કરવાની પ્રવૃત્તિ શરૂ કરી.

વીરભદ્રે ભૃગુની દાઢી તથા મૂછ ખેંચી કાઢી, ભગદેવનાં નેત્રો ખેંચી કાઢ્યાં, તથા પૂષાદેવના દાંત તોડી નાખ્યા. શંકરના વિરોધીઓને એણે એવી રીતે દંડ દીધો. એ પછી એણે એનું સમગ્ર ધ્યાન દક્ષના તરફ કેન્દ્રિત કર્યું. દક્ષને બાથમાં લઇને પોતાના સુતીક્ષ્ણ ધારવાળા શસ્ત્રથી એણે એનું મસ્તક કાપવા માંડ્યું પરંતુ એના બધા જ પ્રયત્નો નિષ્ફળ ગયા, એટલે યજ્ઞમાં પશુઓના નાશની પ્રક્રિયાને વિચારીને બરાબર તેજ પ્રમાણે એણે એના મસ્તકને ધડથી જુદું કર્યું. એ મસ્તક અગ્નિમાં હોમી દઇ, યજ્ઞસ્થાનનો નાશ કરીને એ કૈલાસ તરફ પાછો વળ્યો.

દક્ષની આ કથા એક બીજી મહત્વની વસ્તુ પ્રત્યે પણ અંગુલિનિર્દેશ કરે છે. દક્ષના યજ્ઞમાં સર્વ પ્રકારની સંપત્તિ હોવા છતાં ભગવાન શંકરનું સ્થાન કે માન ન હતું. શંકરનો એ દક્ષે વિરોધ કરેલો અને એમની સાથે ઘોર વિદ્વેષ સેવેલો. પરિણામે એનો અને એના યજ્ઞનો નાશ થયો. એ યજ્ઞ એને માટે તારક નહિ પરંતુ મારક થઇ પડ્યો. જીવનના મંગલમય મહાયજ્ઞનું પણ એવું જ સમજવાનું છે. એમાં સંપત્તિ, સમૃદ્ધિ, સુંદરતા, સત્તા, પદ, પ્રતિષ્ઠા, યૌવન, સામર્થ્ય, બધું હોય પરંતુ શંકરનું અથવા કલ્યાણકારક ઇશ્વરનું આસન ના હોય તો શું કરવાનું ? એમાં ઇશ્વરનો સ્વીકાર, સ્નેહ અને ઇશ્વરનું સમુચિત સન્માન ના હોય તો જીવનના એ મંગલમય મહાયજ્ઞનું મૂલ્ય કેટલું ? એ યજ્ઞ સાર્થક ના થાય. તારક થવાને બદલે મારક બની જાય. સાધક નહિ પણ બાધક થાય. એ યજ્ઞ શૌભા વગરનો ગણાય. એ જીવનને જ્યાતિર્મય અથવા અલંકૃત ના કરે અને સુખશાંતિથી ના ભરે. એવો યજ્ઞ નિરર્થક બની જાય. એનો નાશ થાય.

☼ ☼ ☼ ☼ ☼

## [૪] દક્ષને પુનર્જીવનની પ્રાપ્તિ

દક્ષનો અને એના યજ્ઞનો નાશ થયેલો જાણીને બ્રહ્મા ભગવાન શંકર પાસે પહોંચ્યા. એમણે શંકરને દક્ષના અપરાધને ભૂલી જઇને એની ઉપર અનુગ્રહ કરવા માટે પ્રાર્થના કરી. શંકર તો આશુતોષ હતા. બ્રહ્માની પ્રાર્થનાને લક્ષમાં લઇને એ યજ્ઞસ્થાનમાં પહોંચ્યા ને સૌના પર અનુગ્રહ કરવા માંડ્યા.

દેવો તથા ઋષિઓએ એમના આદેશાનુસાર દક્ષના શરીર સાથે યજ્ઞપશુનું મસ્તક સાંધી દીધું.

એ પછી શકંરે એના તરફ દૃષ્ટિ કરી એટલે એને પુનર્જીવનની પ્રાપ્તિ થઇ. નિદ્રામાંથી ઊઠ્યો હોય તેમ ઊભા થઇને એણે શંકરનું દર્શન કર્યું. એના મનનો મેલ મટી ગયો. એની કાયાપલટ થઇ.

જે આપણી ઉપર દ્વેષ રાખે તેની ઉપર સામેથી દ્વેષ રાખવાથી ને તેને હાનિ પહોંચાડવાથી કશો હેતુ નથી સરતો. મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે એવું સમજીને જે ભૂલ કરે છે તેને સુધરવા માટે તક આપવી જોઇએ. જીવન કોઇનું બગાડવા માટે નથી મળ્યું. સુધારવા મળ્યું છે. લડવા માટે નહિ, પ્રેમ કરવા, મિત્રતા વધારવા; અને વિરોધ કે વિદ્વેષની દલીલો તૈયાર કરીને જુદા પડવા તથા પાડવા માટે નહિ પરંતુ સંપ અને સહયોગથી સંપન્ન બનીને એક થવા માટે મળેલું છે. કોઇના પર ઘા કરવા ને કોઇના ઘાને વધારવા નહિ પરંતુ બની શકે તો એ ઘાને રૂઝવવા માટે પ્રાપ્ત થયું છે. જીવનનું પ્રમુખ પ્રેરક બળ ધિક્કાર નથી પણ સહાનુભૂતિ તથા સદ્ભાવ છે; અને અભિશાપ નથી પરંતુ આશીર્વાદ છે. જીવનનો પ્રવાહ એવી રીતે જ સ્વસ્થતા તથા સંવાદિતાપૂર્વક ચાલ્યા કરે છે ને જીવન નામને સાર્થક ઠરે છે.

ભગવાન શંકરના ઉદાત્ત જીવનવ્યવહારમાંથી એવી પ્રેરણા મળે છે.

એક બીજી મહત્વની વાત પણ ઉલ્લેખનીય છે. પ્રાચીન ભારતમાં મૃતસંજીવનીવિદ્યાની પ્રસિદ્ધિ હતી. શુક્રાચાર્ય એમાં નિષ્ણાત મનાતા. કચ એમની પાસેથી એ વિદ્યાને શીખેલો પણ ખરો. દક્ષ પ્રજાપતિને ભગવાન શંકર દ્વારા જે પુનર્જીવન મળ્યું તેની પાછળ મૃતસંજીવની વિદ્યાનો એવો પ્રયોગ હતો કે પછી ભગવાન શંકરના સત્ય સંકલ્પે જ ભાગ ભજવેલો ? બંનેની શક્યતા ટાળી શકાય તેમ નથી. શંકર પોતાના સંકલ્પ દ્વારા ગમે તે કરી શકે. મૃતસંજીવની વિદ્યાના પ્રયોગ દ્વારા પણ એવું થઇ શકે ખરું. આજનું વિજ્ઞાન જુદાં જુદાં અંગોપાંગોને જોડવાનું ને બદલવાનું કામ કરી રહ્યું છે પરંતુ મૃતને જીવન પ્રદાન કરવાનું કાર્ય હજુ નથી કરી શક્યું. ભવિષ્યમાં એ દિશામાં એ કાંઇક નોંધપાત્ર કરશે એવી આશા અવશ્ય રાખી શકાય. હજુ તો કાળ અનંત છે અને માનવમનની અભિલાષાઓ પણ અનંત.

પુનર્જીવન પામેલા દક્ષે ભગવાન શંકરની સાચા દિલથી ક્ષમા માગી. એને એના અપરાધને માટે પશ્ચાતાપ થયો. પશ્ચાતાપની શક્તિ ઘણી મોટી છે.

પશ્ચાતાપ વારંવાર કરવામાં આવે ને ભૂલનું પુનરાવર્તન પણ થતું રહે તો તે પશ્ચાતાપ ઉત્તમ કક્ષાનો ના કહી શકાય.

જે ભૂલ પર ભૂલ, અપરાધ પર અપરાધ કર્યા કરે પરંતુ પશ્ચાતાપનું નામ જ ના લે, પશ્ચાતાપનો જેને વિચાર જ ના આવે, એની કક્ષા તદ્દન સામાન્ય જ કહેવાય. જીવનના વિકાસની દિશામાં એ ઘણો પાછળ છે, કોશો પાછળ છે, એવું માની લેવું.

પશ્ચાતાપથી માનવ પવિત્ર બને છે. જે પશ્ચાતાપ કરનાર, પોતાની ભૂલને પકડી પાડનાર ને સુધારવા પ્રવૃત્ત થનાર પ્રત્યે કરૂણા નથી રાખી શક્તો તે મહાન નથી, આદર્શ માનવ નથી, ને બીજાના જીવનવિકાસમાં મદદરૂપ નથી થઇ શક્તો. જગત એવી કરૂણા, મૈત્રી, સહાનુભૂતિ અને એથી પ્રેરાયલી પ્રવૃત્તિથી અથવા થયેલી મદદથી જ ટકે છે.

દક્ષે, સભાસદોએ, રુદ્રદેવે, ભૃગુઋષિએ, બ્રહ્માએ, ઇન્દ્રે, બ્રાહ્મણપત્નીઓએ, ઋષિઓએ, સિદ્ધો તથા લોકપાલોએ, દક્ષપત્નીએ, શબ્દબ્રહ્મે, યોગેશ્વરોએ, અગ્નિદેવે, ગંધર્વોએ, દેવતાઓએ, વિદ્યાધરોએ અને બ્રાહ્મણોએ ભગવાન શંકરની સ્તુતિ કરી.

* * *

ભગવાન શંકર તથા દક્ષપ્રજાપતિની આ કથા પવિત્ર તેમ જ કલ્યાણકારક છે. એના સારતત્વને સુચારુરૂપે સમજીને જીવનમાં ઉતારનાર યશસ્વી બને છે, જીવનને ઉજ્જવળ કરે છે, ને નિષ્પાપ થાય છે. જે એનું શ્રવણ કરે છે ને બીજાને શ્રવણ કરાવે છે તે ભક્તિભાવયુક્ત પુરુષ દોષરહિત થઇ જાય છે.

☼ ☼ ☼ ☼ ☼



## [૫] ધ્રુવચરિત્ર-૧

શ્રીમદ્દ ભાગવતના ચતુર્થ સ્કંધના આઠમા અધ્યાયથી ધ્રુવચરિત્રનો આરંભ થાય છે. એ ચરિત્ર પ્રેરક, રોચક અને મંગલમય છે. ભાગવતમાં જેટલાં પણ ભક્તોનાં આખ્યાનો અથવા ઉપાખ્યાનો છે એમાં એને પ્રથમ શ્રેણીમાં મૂકી શકાય તેમ છે. આજે પણ એ એવું જ અવનવું, અનોખું અને પ્રાચીન હોવા છતાં અર્વાચીન લાગે છે.

આખીય ભારતીય સંસ્કૃતિની, સાધનાત્મક પરંપરાની અને એમાંયે એના પ્રતિનિધિ જેવા, એના આત્માની અભિવ્યક્તિ કરનારા ગ્રંથરત્ન ભાગવતની એક અત્યંત અગત્યની, અતિવિરલ, નોંધપાત્ર વિશેષતા છે. એ વિશેષતા એમાં આવતાં નાની ઉંમરના સંતો, ભક્તો, તપસ્વીઓ અથવા જ્ઞાની પુરુષોનાં રેખાચિત્રોની છે. એવાં સુરેખ સરસ રેખાચિત્રો એટલી મોટી સંખ્યામાં બીજે ક્યાંય નથી મળતા. બીજા પંથો તથા ગ્રંથોએ મોટી ઉંમરના સંતપુરુષોના પરિચયો કરાવ્યા છે એ સાચુ પરંતુ આટલી બધી નાની ઉંમરના અને વિપુલ પ્રમાણના સંતોના વર્ણનો નથી કર્યા. ભાગવતમાં એવા સંતો, ભક્તો અને યોગીઓ અનેક છે. પ્રાતઃસ્મરણીય સ્વનામધન્ય શુકદેવજીથી માંડીને સનત્કુમારો, ગોકર્ણ, ધ્રુવ, પ્રહ્લાદ, જડભરત, દત્તાત્રેય જેવા મહાપુરુષોનું એમાં દર્શન થાય છે. ભગવાન શંકરાચાર્ય, વિવેકાનંદ, રામતીર્થ, સંત જ્ઞાનેશ્વર, એકનાથ, દયાનંદ અને રમણ મહર્ષિનું દાન કરનારી સંસ્કૃતિએ જ એમનું સર્જન કરેલું.

ભાગવત કહે છે કે નાની ઉંમરમાં જ ઇશ્વરની આરાધના કરવી જોઇએ. જીવનના શ્રેયની, સાધનાની સાચી અવસ્થા એ જ છે. જીવનની ઉચ્ચોચ્ચ વિકાસાવસ્થાએ પહોંચ્યા પછી માનવ શિશુસરખો સરળ, નિખાલસ, નિષ્કપટ ને નિષ્પાપ બને છે. એની અંદર અહંતા, મમતા, આસક્તિ અને રાગદ્વેષનો અંશ પણ નથી હોતો. એ પરમાત્મા જેવો પવિત્ર ને પૂર્ણ હોય છે. જે નાની ઉંમરમાં જાગે છે કે સદસદ્દવિવેકી બનીને ઇશ્વરનું શરણ લે છે તે સદાને સારું સુખી થાય છે. તેના જીવનની યૌવનાવસ્થા અને ઉત્તરાવસ્થા તથા બીજી બધી જ અવસ્થાઓ સુધરી જાય છે. તેનું જીવન સફળતાને વરે છે, ઉત્સવ કરે છે, ને ધન્ય બને છે.

ધ્રુવનું જીવન એવું ધન્ય જીવન છે. અને હોય જ ને ? એમાં આશ્ચર્યને માટે અવકાશ જ નથી. જગતમાં બે જાતના મનુષ્યો જોવા મળે છે : ધ્રુવ અને અધ્રુવ. અધ્રુવ મનુષ્યો જાતજાતની શંકા-કુશંકાઓ, વિરોધાભાસી વિચારસરણીઓ અને ભ્રાંતિઓથી ભરેલા હોય છે. એમને સ્વપ્ને પણ શાંતિ નથી હોતી. એ સ્થિરતાનો અનુભવ નથી કરી શક્તા. એમના કોઇ નિશ્ચિત આદર્શો કે સિદ્ધાંતો નથી હોતા. એમના વિચારો, સંકલ્પો વિકલ્પો ને ભાવો પ્રત્યેક પળે ને સ્થળે બદલાયા જ કરે છે. એ કોઇ ધ્યેયને કે ધ્યેયની નિષ્ઠાને હૃદયમાં ધારી નથી શકતા. અથવા આવશ્યકતાનુસાર એના સાથે એકરૂપ બનીને એને માટે સર્વસમર્પણ નથી કરી શકતા. એ અતિશય ચંચળ, અજ્ઞ, અશ્રદ્ધાયુક્ત તથા શંકાશીલ હોય છે. એમના જીવનમાં કશું ચોક્કસ નથી હોતું. એમની પ્રકૃતિ મોટે ભાગે અસ્થિર હોય છે. પરંતુ ધ્રુવની શ્રેણીના મનુષ્યો એક જ જાતના રૂપરંગ તથા રસવાળા, અચળ, અખંડ અથવા અનંત આત્મજ્ઞાનથી સંપન્ન. શંકારહિત, નિશ્ચિત ભાવો, વિચારો, સિદ્ધાંતો અને આદર્શોવાળા તથા સ્વસ્થ મનના હોય છે. એ સંસારના અધ્રુવ વિષયો તથા પદાર્થોને ભજવાનો ને એમની પ્રાપ્તિ કરવાનો એકધારો સતત ને પ્રખર પુરુષાર્થ કરવાને બદલે નિત્ય, સનાતન,

ધ્રુવ-સૌના મૂલાધાર જેવા પરમાત્માને જ ભજવાનો ને મેળવવાનો પ્રયાસ કરે છે. ધ્રુવમાં એના નામ પ્રમાણે જ ગુણો છે.

મહારાજા ઉત્તાનપાદનું નામ પણ કેટલું બધું સુચક, સાર્થ કે સારવાહી છે ? ઉત્તાનપાદને વિષયી, અપૂર્ણ, અવિવેકી જીવના પ્રતીક તરીકે ઓળખી અને ઓળખાવી શકાય. એ જીવ ઉત્તાનપાદ છે, જેનો પગ પૃથ્વી પર બરાબર નથી મંડાયેલો. એ સ્થિર તો નથી જ પરંતુ આગળ પાછળનો વિચાર કરીને પગલાં નથી ભરતો. પરિણામે સુખદુઃખ, લાભાલાભ અને હર્ષશોકની સંમિશ્રિત અસરોમાં અટવાયા કરે છે. એના ભાવો ને વિચારો ચોક્કસ નથી. એ છે તો સમ્રાટ, અરે ચક્રવર્તી સમ્રાટ, પરંતુ આત્મવિકાસની દૃષ્ટિએ એની દશા દયનીય છે.

એની બે પત્નીઓ સુરુચિ અને સુનીતિ. સુરુચિને ઉત્તમ નામનો સુપુત્ર થયો તે બરાબર છે. માનવની સુરુચિ નામની વૃત્તિ સઘળાં ક્ષેત્રોમાં, સર્વે કાળે તથા સ્થળે અધમને કે મધ્યમને નહિ પરંતુ ઉત્તમને જ પસંદ કરે છે. એને કશું હલકું કે સાધારણ નથી ગમતું. એમાં એવી વ્યંજના રહેલી છે. બીજી બાજુએ સુનીતિ સદા ધ્રુવની માતા થાય છે. જે ઉત્તમ પ્રકારની નિશ્ચિત નીતિને અનુસરીને ચાલે છે તેના જીવનમાં સત્યનો પ્રેમ પ્રગટે છે અને સ્થિરતા આવવા માંડે છે.

જે ઉત્તમ હોય છે તે બધું આદર્શ, અભિનંદનીય અને અનુકરણીય હોય છે એવું નથી માનવાનું.

ધ્રુવના જીવનનો પ્રવાહ પરમાત્માભિમુખ બનીને પરમાત્મા તરફ કેમ ઢળ્યો એ પણ જાણવા જેવું છે. એનું કારણ એટલું બધું મોટું નથી છતાં પણ મહત્વનું છે. ભાગવતમાં એનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એ ઉલ્લેખ પ્રમાણે એક દિવસ રાજા ઉત્તાનપાદ સુરુચિના પુત્ર ઉત્તમને ખોળામાં બેસાડીને રમાડતો હતો ત્યારે ધ્રુવને પણ એવી રીતે રમવાની ઇચ્છા થઇ આવી. એ ઇચ્છાથી પ્રેરાઇને એ પિતાના ખોળામાં બેસવાનો પ્રયત્ન કરવા લાગ્યો પરંતુ સુરુચિમાં આસક્ત થયેલા રાજાએ એના તરફ ધ્યાન ના આપ્યું. એ વખતે સુરુચિએ ધ્રુવને ઉદ્દેશીને કહ્યું કે તું મારા પુત્રરૂપે પ્રકટ નથી થયો તેથી રાજ્યાસનને યોગ્ય નથી. તને રાજ્યાસનની ઇચ્છા હોય તો તપનો આશ્રય લઇને પરમાત્માની આરાધના કરી એમના અલૌકિક અનુગ્રહની અનુભૂતિ દ્વારા મારા પુત્રરૂપે જન્મ લે.

ધ્રુવને એ શબ્દો સાંભળીને દુઃખ થયું. એના સદ્દભાગ્યે એને સુનીતિ સરખી સમજુ માતા મળેલી. જે માતા પોતાના પુત્રને આત્માભિમુખ કરે અથવા પરમાત્માની પ્રાપ્તિનો માર્ગ બતાવે-એ માર્ગે આગળ વધવાની પ્રેરણા પુરી પાડે એ જ માતાને આદર્શ માતા કહી શકાય. જે સ્વમાની થવાનું ના શીખવે, વિષયાભિમુખ બનાવે, નાહિંમત ને નામરદ કરે, એ માતાને આદર્શ ના કહી શકાય. સંસારના ઇતિહાસમાં એવી માતાઓ અનેક થઇ છે જેમણે પોતાના પુત્રોના ઘડતરમાં મહત્વનો ફાળો આપ્યો છે. મદાલસાથી માંડીને જીજીબાઇ સુધીની માતાઓ એ વાતની સાક્ષી પૂરે છે. સુનીતિ પણ એવી જ આદર્શ માતા હતી. એટલે એણે ધ્રુવને દુઃખી થઇને બેસી રહેવાને બદલે ઇશ્વરની આરાધના કરીને જીવનને સફળ કે સાર્થક કરવાનો સંદેશ આપ્યો. એના ઉદ્દગારો કેટલા બધા સુંદર, સારવાહી અને અનોખા છે ?

એણે કહ્યું : 'જેમના ચરણકમળની સેવા કરીને જગતના સર્જનાદિ માટે સત્વગુણનો સ્વીકાર કરનારા બ્રહ્મા પરમેષ્ઠીના ઉત્તમ પદને પામ્યા છે. એ પદ મન તથા પ્રાણનું નિયંત્રણ કરનારા યોગીઓને માટે પણ વંદનીય છે: વળી તારા પ્રપિતા ભગવાન મનુએ પણ સ્થિર મનથી પુષ્કળ દક્ષિણાવાળા યજ્ઞોથી જેમનું પૂજન કરીને બીજા કોઇપણ સાધનાથી પ્રાપ્ત થનારાં સંસારના, સ્વર્ગના ને મોક્ષના ત્રિવિધ સુખોને મેળવેલા: એ મુમુક્ષઓના એકમાત્ર આશ્રય અને આરાધ્ય ભક્તવત્સલ ભગવાનનો આધાર લઇને ભગવદ્દધર્મથી શુદ્ધ કરેલા અલૌકિક ભાવવાળા મનમાં એમની પ્રતિષ્ઠા કરીને એમનું સેવન કર. બીજા પુરુષો જેની ઇચ્છા રાખે છે તે લક્ષ્મી પણ કરમાં કમળ સાથે અત્યંત અનુરાગ અને આદરપૂર્વક જેમને શોધે છે તે કમળલોચન ભગવાન સિવાય તારા દુઃખને બીજું કોઇ જ નહિ મટાડી શકે.'

☼ ☼ ☼ ☼ ☼

## [૬] ધ્રુવચરિત્ર - ૨

ધ્રુવનું સદ્દભાગ્ય એટલું સારું, સાનુકૂળ અથવા સર્વોત્તમ કે એને માતા સુનીતિના શબ્દો સારા લાગ્યા. એમાંથી પ્રેરણા પામીને એ ઇશ્વરની આરાધના માટે ચાલી નીકળ્યા.

માર્ગમાં પરમાત્માના પરમ કૃપાપાત્ર ભક્તશિરોમણિ દેવર્ષિ નારદ મળ્યા. એમણે ધ્રુવની પરીક્ષા કરવા માટે કેટલાંક પ્રતિકૂળ વચનો કહ્યાં ને વૃદ્ધાવસ્થામાં ભક્તિ કરવાની સૂચના કરી, પરંતુ ધ્રુવે એમની સલાહને ના માની ને પરમાત્માની પ્રાપ્તિ માટેના ઉપદેશની પ્રાર્થના કરી ત્યારે નારદજીએ એમને ઉપદેશ આપ્યો. એમણે ભગવાનના સાકાર સ્વરૂપના ધ્યાનની વિધિ બતાવી અને સર્વસિદ્ધિપ્રદાયક શાંતિકારક મહામંત્ર 'ૐ નમો ભગવતે વાસુદેવાય' પ્રદાન કર્યો.

એવા મહામહિમ મહાપુરૂષના શુભાશીર્વાદ કાંઇ જેને તેને નથી મળતા. એમનો સમાગમ ઇશ્વરની કૃપાથી જ થઇ શકે છે. ધ્રુવ એમને પ્રણામ કરીને આગળ વધ્યો ને મધુવનમાં ગયો.

દેવર્ષિ નારદ રાજા ઉત્તાનપાદ પાસે પહોંચ્યા ત્યારે ઉત્તાનપાદે એમને ધ્રુવ સાથેના વ્યવહારની વાત વર્ણવીને શોક તથા પશ્ચાતાપ પ્રકટ કર્યો. જે ભૂલ કરીને પસ્તાય છે ને તેને સુધારવાની કોશિશ કરે છે તે સુધરી શકે છે ને શાંતિ પામે છે. એમનો આત્મવિકાસ અબાધિત રીતે ચાલુ રહે છે. દેવર્ષિ નારદ એ શોક તથા પશ્ચાતાપના પ્રદર્શનથી પ્રસન્ન થયા ને બોલ્યા કે ધ્રુવે જે પંથે પ્રયાણ કર્યું છે તે પંથ પ્રશસ્ય છે. એ પવિત્ર પંથે કોઇક પરમ ભાગ્યશાળી જીવો જ જઇ શકે છે. ધ્રુવની ચિંતા કરવાનું કશું પણ કારણ નથી. ઇશ્વર એની સર્વપ્રકારે ને સર્વસ્થળે રક્ષા કરે છે. એ ધ્રુવ તપશ્ચર્યા દ્વારા પોતાના જીવનને કૃતાર્થ કરીને યશસ્વી બનીને થોડા જ વખતમાં અહીં પાછો ફરશે.

દેવર્ષિ નારદ પોતાની દૈવી દૃષ્ટિથી એ બધું જોઇ શકતા હોવાથી એવી ભવિષ્યવાણી કહી શક્યા. પરમાત્માની પરમકૃપાને પામી ચૂકેલા પૂર્ણ કે મુક્ત મહાપુરુષોને માટે કાંઇ જ મુશ્કેલ નથી. એમના આશીર્વાદ એકદમ અમોઘ હોય છે. એ જે ધારે તે બધું જ કરી અને કરાવી શકે છે.

પરમાત્માનો સાક્ષાત્કાર કાંઇ જેને તેને ને જ્યારે ત્યારે થઇ શકે છે ? એને માટે ઉત્કટ ઇચ્છા અથવા તીવ્ર સંવેગ જોઇએ. એ સંવેગ કેવો તીવ્ર અને સતત હોય તે ધ્રુવના જીવન પરથી જાણી કે સમજી શકાય છે. ધ્રુવના અંતરમાં પરમાત્માના પરમપ્રેમનો અથવા અસાધારણ અનુરાગનો આવિર્ભાવ થયેલો. એનું રોમેરોમ પરમાત્માને માટે રડતું'તું. એમાં વેદનાની વીણા વાગી રહેલી. એ વહેલામાં વહેલી તકે પોતાના મનોરથની સિદ્ધિ કરવા માગતો હતો. એનો સંકલ્પ સુદૃઢ હતો અને એનો સમર્પણભાવ સર્વોત્તમ. એ સંકલ્પ, સ્નેહ તથા સમર્પણભાવથી પ્રેરાઇને એણે દેવર્ષિ નારદના પવિત્ર પથ પ્રદર્શન પ્રમાણે પરમાત્માના સાક્ષાત્કારની સાધના કરવા માંડી.

એ આખુંય દૃશ્ય કેટલું બધું અસાધારણ, અલૌકિક અને આશ્ચર્યકારક હતું ? એવું દૃશ્ય દુનિયાના આધ્યાત્મિક ઇતિહાસમાં એ પહેલાં ભાગ્યે જ જોવા મળ્યું હશે. એક નાનકડા સંસ્કારમૂર્તિ શિશુને ઇશ્વરદર્શનની લગની લાગે અને એ લગનીને સફળ કે સાર્થક કરવા એ એકાંત અરણ્યમાં સર્વસમર્પણ કરીને તપશ્ચર્યા કરવા બેસે એ વિચાર જ કેટલો બધો રસિક અને રોમાંચક છે ? એ વિચાર ધ્રુવના સ્વરૂપમાં સાકાર બનેલો.

ધ્રુવની તપશ્ચર્યા કેટલી બધી ઉત્કટ હતી ? મધુવનમાં પ્રવેશીને પવિત્ર યમુનામાં સ્નાન કરીને તે રાતે એણે અનશન કર્યું. પ્રથમ માસ દરમિયાન એણે ક્ષુધાના આંશિક શમન માટે ત્રણ ત્રણ દિવસને અંતરે કોઠાં ને બોર ખાઇને ઇશ્વરારાધન કર્યું. બીજા માસ દરમિયાન એ અદ્દભુત અસાધારણ સંસ્કારસંપન્ન બાળકે છ વૃક્ષો પરથી પોતાની મેળે ખરી પડેલાં પર્ણોનું પ્રાશન કરીને તપ કર્યું. ત્રીજા માસ દરમિયાન એણે નવમે નવમે દિવસે પાણી પીધું. ચોથા માસ દરમિયાન એણે પ્રત્યેક બારમે દિવસે માત્ર વાયુ ભક્ષણ કરીને ઇશ્વરની આરાધનાનો આધાર લીધો. તેવી કઠોર તપશ્ચર્યા કરવા છતાં પણ ઇશ્વરનો સાક્ષાત્કાર ના થયો એટલે પાંચમા માસ દરમિયાન એ પ્રાણવાયુનો વિજય કરીને એક પગના આધારે અચળ ઊભો રહીને પરમાત્માનું પ્રેમપૂર્ણ ધ્યાન કરવા લાગ્યો. એ ધ્યાનાવસ્થા દરમિયાન એણે મન તથા બીજી ઇન્દ્રિયોને વિભિન્ન વિષયોમાંથી નિવૃત્ત કરીને વૃત્તિને ઇશ્વરના સુધામય સ્વરૂપમાં કેન્દ્રિત કરી. એવા કેન્દ્રિકરણ વિના ઇશ્વર સાથે એકરૂપતા ના થઇ શકે, ને ઇશ્વરના દેવદુર્લભ દિવ્ય દર્શનનો લાભ પણ ના મળી શકે.

ઇશ્વરના દિવ્ય દર્શનની ઇચ્છાનો ઉદય અંતઃકરણમાં થાય, એ ઇચ્છા બળવાન બની જાય, એની પૂર્તિ માટેનો પ્રામાણિક પાર વિનાનો પ્રખર પુરુષાર્થ કરવામાં આવે, અને છતાં પણ ઇશ્વરનું દર્શન ના થાય એવું કેમ બને ? ઇશ્વર નામની કોઇ વસ્તુનું અસ્તિત્વ આ અવનીમાં હોય ને ભક્ત એના સાક્ષાત્કારને માટે તલપાપડ હોય તો કાયમને માટે એવું ના બની શકે. ધ્રુવના સંબંધમાં પણ એ હકીકત સાચી પુરવાર થઇ. ભગવાન એની અસાધારણ શ્રદ્ધાભક્તિથી અને અખંડ આરાધનાથી પ્રસન્ન થઇને એની ઉપર અનુગ્રહની વર્ષા કરવા માટે એની આગળ પ્રકટ થયા. ધ્રુવના હ્રદયપ્રદેશમાં દેખાતું એમનું સુંદર સ્વરૂપ એકાએક અદૃશ્ય થઇ ગયું. એથી આશ્ચર્યચકિત થઇને એણે આંખ ખોલીને બહાર જોયું તો એવા જ સુંદર સ્વરૂપનું દર્શન કર્યું. એથી એની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

એણે ભગવાનને પુષ્કળ પ્રેમપૂર્વક પ્રણામ કર્યા.

એમની સ્તુતિ કરવાની અભિલાષા હોવા છતાં સ્તુતિ કેવી રીતે કરવી એની સમજ એને ના પડવાથી એ મૂક ઊભો રહ્યો ત્યારે ભગવાને એની અભિલાષાને ઓળખીને એના ગાલ પર શંખ લગાડ્યો. એ અલૌકિક સંસ્પર્શથી એને નવીન શક્તિની પ્રાપ્તિ થઇ અને એથી પ્રેરાઇને એણે ભગવાનની સ્તુતિ કરી.

એ સ્તુતિ આત્મજ્ઞાનથી અલંકૃત હોવાથી ભાગવતની સુંદર સ્તુતિઓમાંની એક છે. એ આત્મજ્ઞાન ઇશ્વરના અનંત અનુગ્રહથી મળેલું છે એમાં ધ્રુવ કહે છે :

योऽन्तः प्रविश्य मम वाचमिमां प्रसुप्तां संजीवयत्यखिलशक्तिधरः स्वधाम्ना ।
अन्यांश्च हस्तचरणश्रवणत्वगादीन् प्राणान्नमो भगवते पुरुषाय तुभ्यम् ॥
(અધ્યાય ૯, શ્લોક ૬)

'મારા અંતઃકરણની અંદર પ્રવેશીને સર્વશક્તિમાન એવા તમે મારી શાંત પડેલી વાણીને સજીવન કરો છો અને મારા હાથ, પગ, શ્રવણ, ત્વચા તથા પ્રાણને જીવનનું દાન દો છો. હે ભગવાન ! હે પરમપુરુષ ! હે પુરુષોત્તમ ! હું તમને પ્રણામ કરું છું.'

'તમે એક છો છતાં પણ તમારી યથાશક્તિની મદદથી મહત્તત્વાદિ સર્વ જગતની સૃષ્ટિ કરીને તેમાં પ્રવેશો છો. લાકડામાં રહેલો અગ્નિ જેમ જુદી જુદી જાતનો દેખાય છે તેમ તમે પણ માયાશક્તિના સંસર્ગથી જુદી જુદી જાતના પ્રતીત થાવ છો.'

'હે અનંત ! નિર્મળ હૃદયના, તમારી નિરંતર ભક્તિ કરનારા મહાપુરુષોનો સમાગમ મને સદા પ્રાપ્ત થાવ જેથી એની દ્વારા તમારા સુંદર ગુણસંકીર્તનના અને તમારી કથાના અમૃતનો આસ્વાદ લઇને મત્ત બનેલો હું આ ભયંકર અને મોટા ભવસાગરને અનાયાસે જ પાર કરી શકું.'

(શ્લોક ૧૧નો ભાવાર્થ)

ધ્રુવની પ્રશસ્તિથી ભગવાન પ્રસન્ન થયા. ધ્રુવની મનોકામનાથી એ માહિતગાર હતા. એ મનોકામનાને અનુસરીને એમણે એને ધ્રુવપદ આપ્યું. એ ધ્રુવપદ અખંડ અને અવિનાશી છે તથા તારાઓ અને સપ્તર્ષિઓ એની પ્રદક્ષિણા કરે છે. ભગવાને ધ્રુવને જણાવ્યું કે તારા પિતા તને રાજ્ય આપીને વનમાં જશે તે પછી તું છત્રીસ હજાર વરસો સુધી સંપૂર્ણ સંયમ તથા જાગૃતિપૂર્વક ધર્મમય જીવન જીવતાં રાજ્ય કરીશ. તારો ભાઇ ઉત્તમ મૃગયામાં મરણ પામતાં સુરુચિ એને શોધતી શોધતી વનમાં જશે ને ત્યાં દાવાનળમાં પ્રવેશ કરશે. તે પછી તું મોટી દક્ષિણાવાળા યજ્ઞોથી મારું યજન કરશે. એમ કરતાં કરતા એક દિવસે તારા પાર્થિવ શરીરનો પરિત્યાગ કરીને સપ્તર્ષિઓની ઉપર રહેલા મારા અચળ અવિનાશી પદની પ્રાપ્તિ કરીશ. એ પદની પ્રાપ્તિ કર્યા પછી મનુષ્ય જન્મમરણથી છવાયલા ભેદભાવયુક્ત સંસારમાં નથી આવતો.

ભગવાન ત્યાંથી અદૃશ્ય થયા એટલે ધ્રુવ પોતાનો મનોરથ સફળ થયેલો સમજીને પાછો ફર્યો.

ધ્રુવની ભક્તિ સકામ હતી. એને મુક્તિની ઇચ્છા નહોતી થઇ. સુરુચિના શબ્દોથી શોક્તિ કે દુઃખી થઇને એણે અરણ્યમાં તીવ્રતમ તપશ્ચર્યાનો આધાર લીધેલો. એને રાજ્યસુખની ઇચ્છા હોવાથી ભગવાને એની એ ઇચ્છાની પૂર્તિને માટે એને વરસો સુધીના રાજ્યસુખનું વરદાન આપ્યું. ધ્રુવને પાછળથી થયું તો ખરું કે ભગવાનનું દેવદુર્લભ દર્શન કરવા છતાં મારી સુખોપભોગની ઇચ્છા શાંત ન થઇ અને એને લીધે હું એમના ધામમાં ના જઇ શક્યો. મારી મોટી ભૂલ થઇ.

પરંતુ એ ભૂલ નહોતી. ભગવાન તો શરણાગતવત્સલ અને ભક્તોના સંરક્ષક છે. એમણે એનું અમંગલ નહોતું કર્યું. સંસારના સર્વોત્તમ સુખોપભોગને પ્રદાન કરવાની સાથે સાથે એમણે એને પોતાનું પરમપદ પણ પ્રદાન કરેલું. એ પરમપદની પ્રાપ્તિને વાર હતી એટલું જ. બધા જ ભક્તો ભગવાનના સાક્ષાત્કાર પછી એમના ધામમાં જ જતા રહે તો પછી એમની વાતો કરનારું પૃથ્વી પર કોણ રહે ? એ સાક્ષાત્કારના સાધન અને સાધ્ય વિશે સંભળાવનારું પણ કોઇક જોઇએ ને ? વળી ભગવાનની કૃપાથી મુક્તિ તો મળે છે. પરંતુ ભુક્તિયે મળે છે એવું બતાવવા માટે પણ ધ્રુવને રાજ્ય આપવાની ને સંસારમાં મોકલવાની આવશ્યકતા હતી. ભગવાનની અહેતુકી અસાધારણ કૃપાથી શું નથી થઇ શક્તું ? નિરક્ષર સાક્ષર બને છે, નિર્ધન ધની થાય છે, ને કુરૂપ રૂપવાન બની જાય છે. ભગવાનની દિવ્ય કૃપાથી વ્યાધિ ને વૃદ્ધાવસ્થા ટળે છે તથા મૃત્યુ શમે છે. સિદ્ધિ, મુક્તિ ને પૂર્ણતા ભક્તની દાસી બને છે. આ લોકની કે પરલોકની કોઇ એવી વસ્તુ

નથી જે એમના અનુગ્રહથી ના સાંપડી શકે. છતાં પણ મનુષ્ય એમનું શરણ નથી લેતો, એમનું સ્મરણ નથી કરતો, અને એમને સર્વ સમર્પણપૂર્વક નથી ભજતો એથી અદિક આશ્ચર્યકારક અને દુઃખદ બીજું શું હોઇ શકે ?

ઉત્તાનપાદને ધ્રુવના પુનરાગમનની માહિતી મળી એટલે એની પ્રસન્નતાનો પાર ના રહ્યો. એણે પોતાના મંત્રીઓ, કુળના વૃદ્ધ પુરુષો તથા પોતાની બંને પત્નીઓ સાથે ધ્રુવનું સામેથી ચાલીને સ્વાગત કર્યું. એ દૃશ્ય ખૂબ જ ભાવમય હતું. પરંતુ એથીયે વધારે ભાવમય દૃશ્ય તો ત્યારે ઉપસ્થિત થયું જ્યારે ધ્રુવે સુરુચિને દંડવત પ્રણામ કર્યા અને સુરુચિએ એને આલિંગન આપીને હર્ષાશ્રુ સાથે ગદ્દગદ્દ કંઠે લાંબા વખત લગી જીવવાનો આશીર્વાદ આપ્યો.

સુનીતિને એ વખતે પરમાનંદ થાય એ સ્વાભાવિક હતું. એના જીવનની એક મોટી મહત્વની સાધના પૂરી થયેલી.

ભગવાનના સાચા કૃપાપાત્ર ભક્તો કોઇના પ્રત્યે દ્વેષભાવ નથી રાખતા. એમની પ્રત્યે કોઇ જાતનો દુર્ભાવ રાખનારને માટે પણ એ દુર્ભાવ નથી રાખી શક્તા. એમની પવિત્ર પ્રેમગંગા સદાને સારું, સર્વ સ્થળે તથા કાળે વહેતી હોય છે. એ કોઇને ધિક્કારી નથી શક્તા. ધ્રુવ અને સુરુચિના સ્નેહયુક્ત સંમિલનમાંથી એ શીખવા સમજવાનું મળે છે.

☼ ☼ ☼ ☼ ☼



## [૭] ધ્રુવચરિત્ર - ૩

ધ્રુવને પ્રૌઢાવસ્થાએ પહોંચેલો જોઇને ઉત્તાનપાદે એનો રાજ્યાભિષેક કર્યો અને પોતે વિરક્ત થઇને આત્માની ઉત્તમોત્તમ ગતિની પ્રાપ્તિ માટે વનમાં પ્રયાણ કર્યું.

ધ્રુવનું લગ્ન પ્રજાપતિ શિશુકુમારની સુપુત્રી ભ્રમિ સાથે થયેલું. એથી એને કલ્પ અને વત્સર નામના બે પુત્રો થયેલા. એનું બીજું લગ્ન વાયુપુત્રી ઇલા સાથે થયેલું. એનાથી ઉત્કલ નામે પુત્રનો અને એક કન્યાનો જન્મ થયેલો. ધ્રુવનો ભાઇ ઉત્તમ અપરિણીતાવસ્થામાં મૃગયા માટે વનમાં ગયો. ત્યાં પર્વત પર કોઇક મહાબળવાન યક્ષે એને મારી નાખ્યો. એથી સુરુચિ એની પાછળ શોક કરતાં મરણ પામી. ધ્રુવની ઉપર એ પ્રતિકૂળ પ્રસંગની પ્રતિક્રિયા ઘણી ભારે થઇ. એ ક્રોધ અને શોકને આધીન બનીને હિમાલયની અલકાપુરી નગરી તરફ ચાલી નીકળ્યો. નગરીની બહાર એનું યક્ષો સાથે મહાભયંકર યુદ્ધ થયું.

એ યુદ્ધમાં અનેક નિરપરાધીઓનો નાશ થતો નિહાળીને ધ્રુવના દાદા સ્વયંભુવ મનુ ઋષિઓ સાથે ત્યાં પ્રકટ થયા ને શાંત રહેવાની શિખામણ આપવા લાગ્યા. એમણે એને ક્રોધરહિત ને શાંત થવાનો સંદેશ આપ્યો ને કહ્યું કે તારા જેવા આદર્શ ભગવદ્દભક્તને માટે આવું સામુહિક હિંસાકર્મ જરાપણ શોભાસ્પદ અને ઉચિત નથી. યક્ષનો નાશ કરીને તેં કુબેરનો અપરાધ કર્યો છે.

ધ્રુવે હિંસાને બંધ કરી એટલે કુબેરે પણ એને ઉપદેશ આપ્યો. એ ઉપદેશ સાંભળીને ધ્રુવ એ પ્રદેશમાંથી ચાલી નીકળ્યો.

પોતાની રાજધાનીમાં પહોંચીને એણે ભગવાનની ભક્તિમાં પોતાના મનને પરોવી દીધું.

નિયત સમય સુધી રાજ્યસુખને ભોગવ્યા પછી પોતાના પુત્રને રાજ્યની ધુરા સુપ્રત કરીને બદરીકાશ્રમના પુણ્ય પ્રદેશમાં પહોંચી ગયો. ત્યાં એણે પરમાત્માના ધ્યાનમાં પોતાના અંતઃકરણને જોડીને ઉચ્ચતમ અવસ્થાની અનુભૂતિ કરી.

એને લેવા માટે ભગવાનનું દિવ્ય વિમાન આવ્યું. મૃત્યુંજય ધ્રુવ એમાં વિરાજમાન થયો ત્યારે એને એની માતા સુનીતિનું સ્મરણ થયું. ભગવાનના પાર્ષદોએ એના મનોભાવોને જાણી લઇને જણાવ્યું કે માતા સુનીતિનું વિમાન તો આપણાથી પણ આગળ જઇ રહ્યું છે. એવી માતાની કદી દુર્ગતિ નથી થઇ શકતી.

ધ્રુવ સપ્તર્ષિઓની ઉપર રહેલા વિષ્ણુના પરમપદમાં પહોંચી ગયો. જે શાંત, સમદર્શી, શુદ્ધ અંતઃકરણવાળા, પ્રાણીમાત્રને આનંદ આપનારા, પરમાત્માને જ પોતાના પરમપ્રિય, પ્રાપ્તવ્ય તથા બંધુ માનનારા હોય એ માનવો વિષ્ણુપદને કોઇપણ પ્રકારના પરિશ્રમ વિના પામી લે છે. બીજા નથી પામી શક્તા.

ધ્રુવચરિત્રના શ્રવણ તથા મનનથી ભગવાનની શ્રદ્ધાભક્તિ ઉત્તરોત્તર વધતી જાય છે, સાધનામાં પ્રીતિ થાય છે, અને એવી પ્રીતિથી ભગવાનનો સાક્ષાત્કાર સહજ બને છે. સૌ કોઇ કદાચ ધ્રુવ ના બની શકે પરંતુ પરમાત્માની પરમકૃપાની પ્રાપ્તિનો બને તેટલો વધારે ને પ્રમાણિક પ્રયત્ન તો કરી જ શકે. એવો પ્રયત્ન કરી શકાય તો પણ ઘણું છે. ધ્રુવચરિત્રનું પરિશીલન એવી પ્રેરણા પાય છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૮] પૃથુનું પૃથ્વીપાલન

રાજા વેનના પુત્ર પૃથુના ચરિત્રનું વર્ણન ભાગવતના ચતુર્થ સ્કંધના પંદરમા અધ્યાયથી માંડીને ત્રેવીસમા અધ્યાય સુધી કરવામાં આવ્યું છે. એ વર્ણન ખૂબ જ રોચક છે.

પૃથુ રાજાના સંબંધમાં એવી હકીકત પ્રચલિત છે કે એમણે ગાય બનેલી પૃથ્વીનું દોહન કરેલું. એનો અર્થ શો સમજવો ? પૃથ્વી શું ખરેખર ગાય બનેલી ને પૃથુએ એનું દોહન કરેલું ? ભાગવતની કેટલીક કથાઓની પેઠે એ કથાનો પણ શબ્દાર્થ નથી લેવાનો પરંતુ ભાવાર્થ લેવાનો છે. મહારાજા પૃથુનો રાજ્યાભિષેક થયો ત્યારે પ્રજા પીડિત, અભાવગ્રસ્ત અને દુઃખી હતી. એની અશાંતિનો પાર ન હતો. પૃથુના પિતા વેન અધર્મપરાયણ હોવાથી એમના શાસનકાળ દરમિયાન પ્રજા પોતાની શાંતિ ખોઇ બેઠેલી. ભૌતિક સમૃદ્ધિનો પણ નાશ થયેલો. પૃથુએ પ્રજાનું સમ્યક્ પ્રકારે પાલન કરવા માંડ્યું. એથી પ્રજા શાંત બની. એની પીડા ટળી ગઇ. પૃથ્વી સમૃદ્ધ બની.

મહારાજા પૃથુ એવી રીતે આદર્શ પ્રજાપાલક રાજા હતા. એમણે પૃથ્વીને સરખી કરી અને જુદે જુદે ઠેકાણે નગરો તથા ગ્રામોની રચના કરી. લોકો એમાં નિર્ભય થઇને સુખપૂર્વક રહેવા લાગ્યા. ભાગવત કહે છે કે પૃથુરાજાની પહેલા પૃથ્વી પર નગરો તથા ગ્રામોની સુવ્યવસ્થિત રચના નહોતી કરવામાં આવી. પૃથુરાજા જ એ યોજનાના પુરસ્કર્તા હતા. આધુનિક પરિભાષામાં એમને આપણને એક સર્વોચ્ચ શ્રેણીના નગર-આયોજક કહી શકીએ.

પૃથુરાજાને સનત્કુમારોના દિવ્ય દર્શનનો દેવદુર્લભ લાભ પણ ઇશ્વરકૃપાથી પ્રાપ્ત થયેલો. સનત્કુમારોએ એમને ઉપદેશ આપીને જીવનના પરમ કલ્યાણનો માર્ગ બતાવેલો. એ માર્ગે ચાલીને જીવનનું શ્રેય સાધવામાં એમને વિશેષ અભિરુચિ હતી. ઉત્તરાવસ્થામાં એ પ્રજાપાલનની જવાબદારી પોતાના સુપુત્રોને સોંપીને તપશ્ચર્યા માટે વનમાં ચાલી નીકળ્યા. વનમાં એકધારી કઠોર તપશ્ચર્યા કરીને એમણે પરમાત્માના પૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ કરીને અવિદ્યાની અંતરસ્થ ગ્રંથિને કાપી નાખી. એમને સ્વરૂપનો સાક્ષાત્કાર થયો. એમનું જીવન કૃતાર્થ બન્યું.

☼ ☼ ☼ ☼ ☼

## [૯] પુરંજનોપાખ્યાન

પુરંજનોપાખ્યાન ભાગવતનું સુપ્રસિધ્ધ ઉપાખ્યાન છે. એનો સારસંદેશ સર્વોપયોગી ને સમજવા જેવો છે. એ ઉપાખ્યાનનું વિહંગાવલોકન કરી લઇએ.

પુરંજનોપાખ્યાન દેવર્ષિ નારદે રાજા પ્રાચીન બર્હિષને સંભળાવેલું. એ આખ્યાન રાજા પ્રાચીન બર્હિષની મોહાસક્તિને, મમતાને અને એની મૂળ માતા અવિદ્યાને દૂર કરવાના આશયથી એક રૂપક તરીકે કહેવામાં આવેલું. પુરંજન એક યશસ્વી રાજા હતો. તેના એક સન્મિત્રની વૃત્તિ તથા પ્રવૃત્તિના રહસ્યને કોઇ જાણી શક્તું નહોતું. તે પુરંજન રાજા રાજ્યને માટે સાનુકૂળ ક્ષેત્રની શોધ કરતો કરતો પૃથ્વી પર પર્યટન કરવા લાગ્યો. પર્યટન કરતાં કરતાં એણે હિમાલયના દક્ષિણ તરફના શિખરોની ઉપર એક નવ દરવાજા વાળી ત્રુટિરહિત નગરીને જોઇ. એ નગરી ખૂબ જ સુશોભિત હતી.

એના ઉપવનમાં એણે એક પરમ સૌન્દર્યવતી સ્ત્રીને જોઇ. તે સ્ત્રીની સાથે દસ સેવકો હતાં. પાંચ મસ્તકવાળો સર્પ એ સ્ત્રીની રક્ષા કરતો એની પાછળ પાછળ ચાલતો હતો. એ સ્ત્રી પોતાને યોગ્ય પતિની શોધમાં સર્વત્ર ફરી રહેલી. એ સ્ત્રીના સમાગમ અને એની સાથેના સંભાષણથી પુરંજનનું મન મોહિત થઇ ગયું. એણે એ સ્ત્રીની આગળ પોતાની પત્ની બનવાનો પ્રસ્તાવ મૂક્યો. એ પ્રસ્તાવને સ્ત્રીએ સસ્મિત સ્વીકારી લીધો.

એ પછી એ સ્ત્રી-પુરુષે સુંદર પુરમાં પ્રવેશ કર્યો. એ બંને એ અલૌકિક નગરીમાં આનંદ કરવા લાગ્યા.

વખતના વીતવાની સાથે રાજા પુરંજન પોતાની પત્નીમાં આસક્ત થઇને એને પ્રસન્ન કરવાની પ્રવૃત્તિઓ કરવા લાગ્યો..

એક દિવસ એ રાજા મોટું ધનુષ્ય ધારણ કરી, સુવર્ણનું કવચ પહેરી દસ સૈનિકો અને એમના અગિયારમાં અધિનાયક સાથે સુવર્ણના સાજવાળા રથમાં બેસીને પંચપ્રસ્થ નામના વનમાં ગયો. એણે મૃગયાની લાલસાથી એ વનમાં પોતાની પત્ની વિના એકલો જ પ્રવેશ કરેલો.

વનમાં વિવિધ પશુઓનો સંહાર કરીને એ પોતાના અંતઃપુરમાં આવ્યો ત્યારે પોતાની પત્નીને ના જોવાથી એને ખૂબ જ દુઃખ થયું.

એની પત્ની પર્યંક પર સુવાને બદલે પૃથ્વી પર પથારી પણ કર્યા વગર અસ્તવ્યસ્ત વસ્ત્રો સાથે પડી હતી. તેને જોઇને એ ખૂબ જ ગભરાઇ ગયો ને ઉદ્વિગ્ન બન્યો. એ એને જેમ તેમ કરીને સમજાવવા માંડ્યો. આખરે એની પત્ની પુરંજની પ્રસન્ન થઇને એને સર્વ પ્રકારે સંતોષ આપવા તૈયાર થઇ.

એની સાથે ઇચ્છાનુસાર કામોપભોગ કરતાં પુરંજનને અનેક પુત્રો તથા પુત્રીઓની પ્રાપ્તિ થઇ. એ પુરંજનીમાં એકદમ આસક્ત થઇ ગયો.

એણે જાતજાતના હિંસક યજ્ઞો કર્યા.

એટલામાં ચંડવેગ નામનો ગંધર્વોનો અધિપતિ પોતાના ત્રણસો સાઠ ગંધર્વ સેવકો તથા પોતાની સ્ત્રીઓ સાથે એ નગરીને ઘેરી લઇને લૂંટવા તથા નષ્ટ કરવા લાગ્યો, ત્યારે તે નગરીની રક્ષા કરનારા પાંચ

માથાવાળા નાગે તેનો સામનો કર્યો. તે સૌની સાથે લડતાં લડતાં એ નાગ નબળો પડ્યો ત્યારે પુરંજન રાજા ખૂબ જ ચિંતાતુર બની ગયો.

એ જ વખતે એક બીજી આપત્તિ આવી પહોંચી. કાળની એક કન્યા પતિની શોધમાં બધે ફરતી હતી તો પણ એને કોઇ સ્વીકારતું નહોતું. એ અભાગિની કાળકન્યા-જરા-દુર્ભગાના નામથી પણ ઓળખાતી. યવનરાજ ભયે એને પોતાની બેન બનાવીને પોતાના પ્રજ્વાર નામના ભાઇનો પરિચય કરાવ્યો.

એ યવનરાજ ભયના સૈનિકોએ પ્રજ્વાર તથા કાળકન્યાની મદદથી એક દિવસ પેલી પુરંજનપુરીને ઘેરી લીધી. પ્રજ્વારે એ પુરીને આગ લગાડી દીધી. એ જોઇને પેલા વૃદ્ધ સાપની પીડાનો પાર ના રહ્યો. એ ત્યાંથી નાસવાની તૈયારી કરવા લાગ્યો પરંતુ શત્રુઓએ એને રોકી રાખ્યો.

રાજા પુરંજન અજ્ઞાન અથવા મોહને વશ થઇને પોતાના પરિવારનો શોક કરવા લાગ્યો. એ વખતે ભય નામના યવનરાજે એને પકડી લીધો, અને એને દીનહીનની પેઠે પોતાના સ્થાન તરફ લઇ જવા માંડ્યો. એના અનુચરોએ અને પેલા સર્પે પણ એનું અનુસરણ કર્યું તો પણ એણે અજ્ઞાનવશ પોતાના મિત્ર અવિજ્ઞાતનું સ્મરણ ના કર્યું.

સ્ત્રીની આસક્તિને લીધે અંત સમયે પણ સ્ત્રીનું સ્મરણ મનન ચાલુ રહેવાથી બીજા જન્મમાં એનો વિદર્ભરાજને ત્યાં સુંદરી કન્યારૂપે જન્મ થયો.

પુરંજનોપાખ્યાનનું રહસ્ય ચતુર્થ સ્કંધના ૨૮મા તથા ૨૯મા અધ્યાયોમાં કહી બતાવવામાં આવ્યું છે. એ પ્રમાણે પુરંજન જીવ છે. એ પોતાને માટે પુરનું કે નગરનું નિર્માણ કરે છે માટે પુરંજન કહેવાય છે. એ જીવનો અવિજ્ઞાત નામનો મિત્ર તે ઇશ્વર છે. એના રહસ્યનો પૂરેપૂરો ઉકેલ કોઇથી નથી કરી શકાતો એટલા માટે એ અવિજ્ઞાત કહેવાય છે. જીવ જુદા જુદા વિષયોનો ઉપભોગ કરવા ઇચ્છે છે અને અન્ય શરીરો કરતાં નવ દ્વાર, બે હાથ, બે પગવાળા માનવ શરીરને વધારે પસંદ કરે છે. પુરંજનની સ્ત્રી બુદ્ધિ અથવા અવિદ્યા છે. દસ ઇન્દ્રિયો એના મિત્રો છે અને ઇન્દ્રિયોની વૃત્તિઓ એની સખીઓ. પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન, સમાન નામનો પંચવિધ પ્રાણવાયુ નગરની રક્ષા કરનારો પાંચ ફેણવાળો સાપ છે. દસ ઇન્દ્રિયોના અધિપતિ મનને અગિયારમો મહાબળવાન યોદ્ધા કહ્યો છે. શબ્દાદિ પાંચ વિષય પાંચાલદેશ છે. એમાં નવ દ્વારવાળું નગર વસેલું છે.

સંવત્સર ચંડવેગ નામે ગંધર્વરાજ છે. ત્રણસો સાઠ દિવસો અને ત્રણસો સાઠ રાત્રીઓ ત્રણસો સાઠ ગંધર્વો તથા ગંધર્વ પત્નીઓ છે. એ ક્રમે ક્રમે જીવનનો નાશ કરે છે. કાળકન્યા જેને વરવા માટે કોઇએ તૈયાર નથી થતું તે વૃદ્ધાવસ્થા છે. મૃત્યુ યવનરાજ છે.

પુરંજનોપાખ્યાનના ઉપસંહારમાં એ મહત્વનો શ્રેયસ્કર સારસંદેશ આપવામાં આવે છે. એ સંદેશ નૂતન નથી, પ્રાચીન અથવા પરંપરાગત છે, પરંતુ જે રીતે એની રજુઆત થઇ છે, તે રીત તદ્દન નવી ને રસમયી છે.

* * *

ચતુર્થ સ્કંધની પરિસમાપ્તિ વખતે વિદુર મહાત્મા મૈત્રેયની વિદાય લઇને શાંતચિત્ત થઇ પોતાના આપ્તજનોને મળવા હસ્તિનાપુર ગયા એવો નિર્દેશ પણ કરવામાં આવ્યો છે.

☼ ☼ ☼ ☼ ☼

**--------- ચતુર્થ સ્કંધ સમાપ્ત ---------**

# * પંચમ સ્કંધ *



नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तम् ।
देवीं सरस्वतीं व्यासं ततो जयमुदीरयेत ॥

## [૧] પ્રિયવ્રત

ભાગવતની ભાગીરથીનો પુણ્યપ્રવાહ કેટલી બધી સરસ, અદ્દભુત આનંદદાયક અને આકર્ષક રીતે આગળ વધી રહ્યો છે ? એનું અવલોકન, આચમન, અને અવગાહન આશીર્વાદરૂપ ઠરે એવું છે.

પાંચમા સ્કંધના પ્રારંભમાં પ્રિયવ્રત રાજાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એના પરથી સહેજે સમજાય છે કે ભાગવતમાં જુદાજુદા રાજાઓનો ને રાજકુળોનો ઇતિહાસ આપવામાં આવ્યો છે. એ ઇતિહાસ વિસ્તૃત નથી પરંતુ સંક્ષિપ્ત છે તો પણ તત્કાલીન સામાજિક પરિસ્થિતિનો થોડોક નિર્દેશ કરી જાય છે. પાંચમા સ્કંધના પ્રારંભમાં જ પરીક્ષિત શુકદેવને પ્રિયવ્રત વિશે પ્રશ્ન પૂછે છે :

હે મહામુનિ ! રાજા પ્રિયવ્રત પરમભાગવત અને આત્મારામ હોવા છતાં ઘરમાં કેવી રીતે આસક્ત બન્યા ? ઘરની આસક્તિને લીધે જ જુદી જુદી જાતનાં કર્મબંધન થાય છે અને સ્વરૂપની વિસ્મૃતિ સહજ બની જાય છે. એમના જેવા વીતરાગ, સંગદોષથી મુક્ત મહાપુરુષો ઘરનો રાગ રાખે એ યોગ્ય નથી. હે બ્રહ્મર્ષિ ! ઉત્તમ યશવાળા ભગવાનના ચરણની શીતળ સ્નેહછાયામાં જેમના મન લીન બન્યાં હોય છે તેમને-તેવા મહાપુરુષોને કૌટુંબિક જીવનની લગીરે લાલસા નથી હોતી. પ્રિયવ્રત રાજા સ્ત્રી, ઘર, પુત્રપરિવારમાં આસક્ત જેવા હોવા છતાં ભગવાન કૃષ્ણની અવ્યભિચારિણી અખંડ ભક્તિ દ્વારા મુક્તિ મેળવી શક્યા એ વાતનું મને આશ્ચર્ય થાય છે.

એવું આશ્ચર્ય પુરાણકાળના પરીક્ષિતની પેઠે અદ્યતન કાળમાં પણ બીજા અનેકને થાય છે. આજે પણ કેટલાય લોકોનો એવો ખ્યાલ છે કે જે ભગવદ્દભક્ત હોય તે ઘરમાં રહી જ ના શકે ને દુન્યવી વ્યવહારો પણ ના કરી શકે. ઘરમાં રહીને, ગૃહસ્થાશ્રમીનું જીવન જીવતાં અને લૌકિક કર્મોનું અનુષ્ઠાન કરતાં ઇશ્વરમય જીવન જીવી શકાય જ નહિ, ઇશ્વરની વિશિષ્ટ કૃપાની પ્રાપ્તિ ના કરી શકાય, અથવા ઇશ્વરનો સાક્ષાત્કાર કરીને કૃતાર્થ ના થવાય; એવી કૃતાર્થતા માટે ઘર ત્યાગ કરી, કર્મ તથા સંગમાત્રને તિલાંજલિ આપવી જ જોઇએ; એવું માનનારા અને મનાવનારા વર્ગનો આપણે ત્યાં આજે આટલાં બધાં વરસો પછી પણ અભાવ નથી. એવા વર્ગે સમજી લેવું જોઇએ કે ઘર, કર્મ અને પારિવારિક જીવનની વચ્ચે વસીને પણ માણસ આત્મોન્નતિને માર્ગે આગળ વધીને પરમાત્માની કૃપાપ્રાપ્તિ કરી શકે છે. માનવના આત્મિક અભ્યુત્થાનની વચ્ચે એનું ઘર, કુટુંબ કે કર્મ નથી આવતું પરંતુ મન આવે છે, અને એ મનને જો નિર્મળ, મધુમય, મંગલ, ઉદાત્ત અને ઇશ્વરપરાયણ બનાવવામાં આવે તો જીવનનો નિર્ધારિત વિકાસ સાધી શકાય છે.

એવી રીતે અસંગ અને પરમાત્મપરાયણ બનવાનું કાર્ય સંતોના સતત સમાગમથી અને ભગવદ્દકથાના સ્મરણ મનનથી તથા નામસ્મરણથી શક્ય બને છે. એટલા માટે એનો વધારે ને વધારે પ્રમાણમાં આધાર લેવો જોઇએ. તો એ સંબંધમાં કોઇ પ્રકારના આશ્ચર્યને માટે અવકાશ નહિ રહે.

શુકદેવજીએ પરીક્ષિતના પ્રશ્નના પ્રત્યુત્તરમાં એ જ અગત્યની વાત કહી બતાવી. એમણે જણાવ્યું કે ભગવાનના ચારુ ચરણકમળના મકરંદરસથી રસાળ અને મુગ્ધ બનેલાં મહાપુરુષોના મન ભગવદ્દભક્તોને પ્રિય ભગવાનની કથાઓના શ્રવણમનનના મંગલ માર્ગનો પરિત્યાગ કદાપિ અને કોઇયે કારણે નથી કરી

શકતાં. રાજા પ્રિયવ્રતે પણ દેવર્ષિ નારદની સેવા તેમ જ અસાધારણ અનુકંપાથી ભગવાનની ભક્તિની પ્રાપ્તિ કરેલી. એમનું મન સંસારમાંથી ઉપરામ થઇ ગયેલું. તેથી તેમને રાજ્યાધિકારની પ્રાપ્તિમાં કશો રસ ના રહ્યો. પરંતુ બ્રહ્માના આદેશને માન્ય રાખીને એમણે રાજ્યશાસન ચલાવવાનું પસંદ કર્યું. ગંધમાદન પર્વત પરના પોતાના એકાંત તપસ્યા સ્થળનો ત્યાગ કરીને છેવટે એ ઘેર આવ્યા ને લગ્નજીવનમાં પ્રવેશ્યા.

પોતાના જીવનની ઉત્તરાવસ્થામાં સામ્રાજ્યના ભોગોપભોગનો પરિત્યાગ કરીને દેવર્ષિ નારદે ઉપદેશેલા માર્ગનું અનુસરણ કરીને એમણે શાંતિ તથા મુક્તિની પ્રાપ્તિ કરી. એમનું શરીરધારણ ધન્ય બન્યું.

☼ ☼ ☼ ☼ ☼

## [૨] ભગવાન ઋષભદેવ

**ઋષભદેવને** ભગવાનના ચોવીસ અવતારોમાંના એક માનવામાં આવે છે. તે મહારાજા નાભિના સુપુત્ર હતા. તેમણે ગુરૂકુળમાં વાસ કર્યા પછી ગુરૂના આદેશાનુસાર ગૃહસ્થાશ્રમમાં પ્રવેશવાનું પસંદ કર્યું. એમણે આદર્શ ગૃહસ્થાશ્રમનો આશ્રય લઇને ઉત્તમ પ્રકારનાં અસંખ્ય કર્મોનું અનુષ્ઠાન કર્યું. એકવાર એમણે બ્રહ્માવર્ત નામના દેશમાં મહર્ષિઓની સભામાં પોતાના સુપુત્રોને અને અન્ય અસંખ્ય મનુષ્યોને ઉપદેશ આપ્યો. એ ઉપદેશ એમની ઉદાત્ત દૃષ્ટિને સારી પેઠે રજૂ કરે છે. એ સુંદર સારગર્ભિત સદ્ઉપદેશની કેટલીક કંડિકાઓ આ રહી :

**महत्सेवां द्वारमाहुर्विमुक्तेस्तमोद्वारं योषितां संगिसंगम् ।**
**महान्तस्ते समचित्ताः प्रशान्ता विमन्यवः सुहृदः साधवो ये ॥**
**(અધ્યાય ૫, શ્લોક ૨)**

‘મહાપુરુષોની સેવા તથા સંગતિને મુક્તિનું મંગલમય દ્વાર માનવામાં આવ્યું છે અને વિષયીજનોનો સંગ અધઃપતનનું મુખ્ય કારણ છે. જે સર્વત્ર સમચિત્તવાળા, પ્રશાંત, ક્રોધરહિત, ઉત્તમ હૃદયવાળા તથા સદાચારી હોય તેમને મહાપુરુષો માની લેવાં અને એવા પવિત્ર પુરુષોનો જ સંગ કરવો. વિષયીજનોના સંસર્ગથી દૂર રહેવું.’

‘જ્યાં સુધી મારામાં અથવા વાસુદેવમાં પ્રીતિ કે શ્રદ્ધાભક્તિ નથી થતી ત્યાં સુધી દેહના સંબંધથી અથવા દેહાધ્યાસથી મુક્તિ નથી મળતી.’

‘જે મૃત્યુરૂપ સંસારચક્રમાંથી છોડાવી ના શકે કે અમૃતમય ના બનાવી શકે તે ગુરુ સાચા અર્થમાં ગુરુ નથી, તે સ્વજન સ્વજન નથી, માતા-પિતા માતાપિતા નથી, તે દેવ દેવ નથી અને તે પતિ સાચા અર્થમાં પતિ ના કહી શકાય.’

* * *

ઋષભદેવે પોતાના સૌથી મોટા સુપુત્ર ભરતનો રાજ્યાભિષેક કરીને દિગંબરરૂપે બ્રહ્માવર્ત દેશમાંથી પરમહંસ દશામાં પ્રયાણ કર્યું. એમને દિગંબર અવસ્થામાં રહેનારા પરમહંસોની પરંપરાના પુરસ્કર્તા કહી શકાય. માણસ બાહ્ય રીતે દિગંબર બને કે ના બને તોપણ એણે આત્મજ્ઞાનનો આધાર લઇને દેહાધ્યાસમાંથી મુક્તિ મેળવવી જોઇએ એ ખાસ યાદ રાખવાનું છે. જીવનનું સાચું કલ્યાણ એમાં જ રહેલું છે.

ભગવાન ઋષભદેવ અવધૂતવેશમાં વિચરતા દક્ષિણ કર્ણાટક પ્રદેશમાં પહોંચી ગયા. ત્યાં એકાએક જાગેલા દાવાનલે એમના શરીરને ભસ્મિભૂત કરી નાખ્યું.

☼ ☼ ☼ ☼ ☼

## [૩] રાજર્ષિ ભરતનું ચરિત્ર

હવે રાજર્ષિ ભરતનું જીવનચરિત્ર શરૂ થાય છે. એ ચરિત્ર આમ તો સૌ કોઇને વિદિત હોવાથી એની નાનીનાની વિગતોમાં પડવાને બદલે એનો ઊડતો ઉલ્લેખ કરીએ તો ઠીક ગણાશે.

ભારતની પૂર્વે આ ખંડ અજનાભના નામથી ઓળખાતો. ભરતના રાજ્યકાળ દરમિયાન એનું નામ ભારતવર્ષ પડ્યું.

ઉત્તરાવસ્થા સમીપે આવતાં એમણે સામ્રાજ્યશાસનનાં સૂત્રો પોતાના સુપુત્રોને સોંપીને ગંડકી નદીના તટપ્રદેશ પર આવેલા હરિક્ષેત્રમાં સ્થપાયલા પુલહ ઋષિના એકાંત આશ્રમ પ્રતિ આત્મકલ્યાણની ઇચ્છાથી પ્રયાણ કર્યું.

પુલહાશ્રમના ઉપવનમાં એમણે એકલા રહીને એમના મનને ઇશ્વરારાધનમાં પરોવી દીધું. એ ઇશ્વરારાધનના પરિણામે એમના અંતરમાં જે ઉત્કટ ભાવાદ્વેગ થઇ આવતો તેને લીધે એમની આંખમાંથી અવારનવાર પ્રેમાશ્રુના પ્રવાહો વહેવા માંડતા, એમને રોમાંચ થઇ આવતાં, અને એ જડ શૂન્યમનસ્ક કે મંત્રમુગ્ધની જેમ એમનો મોટા ભાગનો સમય પસાર કરતાં. ઇશ્વરના સ્મરણ, મનન અને નિદિધ્યાસનમાં એમને સ્વર્ગસુખનો અનુભવ થતો.

અને ત્યાં તો એમનું શેષ પ્રારબ્ધકર્મ મૃગશાવકના સ્વરૂપમાં સાકાર બનીને એમના જીવનમાં અચાનક આવી પહોંચ્યું. એક દિવસ સવારે એ સંધ્યા વંદનાદિ કર્મથી નિવૃત્ત થઇને પ્રણવમંત્રના જપ કરતા ગંડકી નદીના તપઃપૂત તટપ્રદેશ પર બેઠા હતા ત્યારે એક મૃગલી પાણી પીવાની ઇચ્છાથી ત્યાં આવી પહોંચી. એણે પાણી પીવાનો પ્રારંભ કર્યો ત્યાં જ સમીપમાં ઘુરકી રહેલા સિંહની ભયંકર ગર્જના સંભળાઇ. એ સાંભળીને મૃગલી ભયભીત બની ગઇ. એની કાયા કંપવા લાગી, અને એ એકદમ કૂદીને નદીને ઓળંગી ગઇ. એ વખતે એના ઉદરમાનું મૃગશાવક નીચે પડ્યું અને એ મૃગલી પર્વતની નજદીકની કંદરામાં દોડી જઇને ભયાકુળાવસ્થામાં જ મૃત્યુ પામી.

નદીના પાવન પ્રવાહમાં તણાતા પેલા અનાથ મૃગશાવકને દેખીને ભરતના દિલમાં દયા પેદા થઇ. એ દયાભાવથી પ્રેરાઇને એને એ પોતાના આશ્રમમાં લઇ આવ્યા.

એ અનાથ મૃગશાવકને જોઇને ભરતને એના પ્રત્યે કરૂણા કે દયા થઇ એમાં કશું ખોટું હતું ? ના. દયાને તો ધર્મનું મૂળ માનવામાં આવે છે; ધર્મના ચાર પદમાં એનો સમાવેશ કરવામાં આવ્યો છે; અને કોઇ પણ ધર્મ મનુષ્યને નિર્દય થવાનો સંદેશ નથી આપતો.

'दया धर्मका मूल है, पाप मूल अभिमान ।
तुलसी दया न छोडीए जब लग घटमें प्राण ॥'

એમ કહીને સંત તુલસીદાસે શરીરમાં પ્રાણ હોય ત્યાં સુધી દયાનો ત્યાગ ના કરવાની સ્પષ્ટ સુચના આપી છે. નદીના પ્રવાહમાં પડીને પ્રવાહિત થતા મૃગશાવકને કરૂણાથી પ્રેરાઇને બચાવવામાં કાંઇ ભરતની ભૂલ નહોતી થઇ. એને ઊંચકીને પોતાના સરિતાતટવર્તી એકાંત આશ્રમમાં લાવવામાં અથવા એને આશ્રય આપવામાં પણ એમની ભૂલ નહોતી થઇ. ના. અનાથને આશ્રય આપવો અને આંતકગ્રસ્તને આતંકમાંથી

મુક્ત કરવાનો પ્રયાસ કરવો એ તો દાનવીય નથી પરંતુ માનવીય ને ધર્મસંગત છે. આશ્રમમાં આવ્યા પછી એમણે એની સ્નેહપૂર્વક સંભાળ રાખી એમાં પણ કશું ખોટું ન હતું. એ પણ એમની ભૂલ ન હતી. શરણાગતની સર્વપ્રકારે સંભાળ રાખવી ને સેવા કરવી એ કાંઇ ભૂલ ન કહેવાય. એવી સંભાળ ના રાખવામાં આવે કે સેવા ન કરવામાં આવે તો જ ભૂલ થઇ એવું કહી શકાય તો પછી ભરતની ભૂલ ક્યાં થઇ ? વિવેકની જ્યોતિને જાગ્રત ના રાખવામાં, મૃગશાવકમાં અસાધારણ મમતા, આસક્તિ અથવા અનુરક્તિ કરવામાં અને એને પરિણામે પોતાના જીવનના ધ્યેયને, એકાંતવાસના પ્રયોજનને અને સાધનાને ભૂલી જવામાં. સાધકને માટે પ્રમાદ અને જીવનધ્યેયની વિસ્મૃતિ જેવો મહાદોષ બીજો એકે નથી. એ મહાદોષમાં પડીને સાધક પોતાનું અકલ્યાણ કરી બેસે છે.

ભરત મૃગશાવકમાં આસક્તિ કરી બેઠા એ એમની ભૂલ થઇ. અને એ આસક્તિ પણ કેવી ? સાધારણ નહિ પરંતુ એકદમ અસાધારણ. એ અસાધારણ આસક્તિમાં અટવાઇને એ એમના આત્મવિકાસના સાધનાત્મક અભ્યાસક્રમને, સંધ્યાવંદનને, સ્તોત્રપાઠને, ધ્યાનને, ઇશ્વરચિંતનને ને પ્રણવમંત્રને પણ ભૂલી ગયા. મૃગશાવકની સૃષ્ટિ જ એમની એકમાત્ર સૃષ્ટિ બની ગઇ. એ અહર્નિશ એના જ વિચારો કરવા લાગ્યા, એની સાથે બેસવા સુવા તથા ફરવા લાગ્યા, અને એના ભવિષ્યની ચિંતા કરવા માંડ્યા. એ મૃગશાવકમાં જે આસક્તિ કરી બેઠા એ આશ્ચર્યકારક નથી. ના જરા પણ નહિ. પરમાત્માની માયાને જે જરાક પણ જાણે છે તે તો સમજે છે કે એના પ્રભાવમાંથી છૂટવાનું કામ કપરું છે. એ સાધકની સુધરેલી ને સુધરતી જતી સાધનાબાજીને ક્યારે, ક્યાં ને કેવી રીતે બગાડી નાંખે એ વિશે ચોક્કસપણે કશું ના કહી શકાય. આત્મજાગૃતિ, સાધનાની નિષ્ઠા, સતત પુરુષાર્થપરતા તથા ઇશ્વરકૃપા હોય તો એ બાજી સંપૂર્ણપણે સફળ થઇ શકે.

આસક્તિ અને એના પરિણામે પ્રાપ્ત થયેલી સાધનાની વિસ્મૃતિની એવી દયનીય દશામાં ભરતનો અંતકાળ આવી પહોંચ્યો. અંતકાળ સમસ્ત જીવનનો નિર્ણાયક કાળ છે. એની ઉપર જીવનની ગતિનો આધાર છે. ભરત ધારત તો એ કાળ દરમિયાન જાગીને બગડેલી બાજીને સુધારી શકત, રંતુ એમની આસક્તિ અતિરેક પર પહોંચી હોવાથી એને માટેની શક્યતા ઘણી ઓછી હતી. અંતકાળે પરમાત્માનું ચિંતન, મનન ને નિદિધ્યાસન કરવાને બદલે એમનું મન મૃગશાવકનું જ ચિંતન, મનન ને નિદિધ્યાસન કરવા લાગ્યું. એ અવસ્થામાં એમનું શરીર છૂટી ગયું. એમનો આત્મારૂપી હંસલો શરીરના પંચમહાભૂતાત્મક પીંજરને છોડીને ઊડી ગયો. પરિમામે બીજું શું થાય ? જેવી જેની ભાવના તેવી તેની સિદ્ધિ.

એ ન્યાયને અનુસરીને અંતકાળે એમની વૃત્તિ મૃગની અંદર રહી હોવાથી એમને પુનર્જન્મ લેવો પડ્યો ને મૃગની યોનિ પ્રાપ્ત થઇ. પરંતુ એ યોનિમાં પણ એમને પૂર્વે કરેલી ઉપાસનાના પ્રભાવથી જન્માંતરની સંસ્મૃતિ કાયમ રહી. એ સંસ્મૃતિને લીધે એમના ચિત્તમાં ઉદ્વેગ થવા લાગ્યો. સમસ્ત સંગનો પરિત્યાગ કરીને એકાંત અરણ્યનો આશ્રય લઇને દિવસો સુધી એકધારી આરાધના કર્યા પછી પણ યોગભ્રષ્ટ થવું પડ્યું. એથી એમને અતિશય દુઃખ થયું.

મૃગશરીરમાં રહેલા ભરત મુનિ પૂર્વસંસ્કારોના સંતાપકારક સ્મરણથી પોતાના જન્મસ્થાન કાલંજર પર્વતમાંથી પાછા ગંડકી તટવર્તી હરિક્ષેત્રમાં પુલહ આશ્રમમાં જઇ પહોંચ્યા. હવે એ અસંગ રહેવા લાગ્યા.

છેવટે મૃત્યુનો સમય સમીપ આવતાં સરિતાના પવિત્ર પ્રવાહમાં ઊભા રહીને એમણે એ શરીરનો પરિત્યાગ કર્યો. ભાગવતના પાંચમા સ્કંધના આઠમા અધ્યાયના અંતભાગમાં કહ્યું છે--

**मृगशरीरं तीर्थोदकविन्नमुत्सर्ज ।**

ભાગવતના રચયિતા ભરતના આશ્ચર્યકારક ઉદાહરણ પરથી એ સૂચવવા માગે છે કે જીવનની પરંપરા જ્યાં સુધી એના મૂળભૂત પ્રયોજનની પૂર્તિ ના થાય ત્યાં સુધી ચાલ્યા જ કરે છે. એ પરંપરાની પાછળ વાસના તથા લાલસા અથવા અહંતા અને મમતા મોટો ભાગ ભજવે છે. એના પરિણામે પેદા થયેલા સંસ્કારો જ એનો નિશ્ચય કરે છે ને ઘાટ ઘડે છે. એ ઘાટ માનવશરીરનો પણ હોઇ શકે ને બીજા મનુષ્યેતર શરીરનો પણ હોઇ શકે. મનુષ્યયોનિની પ્રાપ્તિ થયા પછી બીજી યોનિમાં પણ મનુષ્યશરીર જ સાંપડશે એવું નિશ્ચયાત્મક રીતે ના કહી શકાય. શરીર છોડતી વખતે જે ભાવના કે વાસના હોય તે મહત્વનો ભાગ ભજવે છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૪] જડભરત અને રહૂગણ

મૃગશરીર છૂટયા પછી ભરતનો જન્મ ઉત્તમ, ધર્મપરાયણ, દૈવી સંપત્તિથી સંપન્ન બ્રાહ્મણને ત્યાં થયો. એ બ્રાહ્મણ શરીરમાં પણ પૂર્વજન્મની સ્મૃતિ કાયમ રહેવાથી એ સમસ્ત પ્રકારના બાહ્ય સંગદોષથી દૂર રહીને ઇશ્વરના સ્મરણ, મનન તથા ધ્યાનમાં મગ્ન રહેતા. એ જડની જેમ વર્તતા હોવાથી લોકો એમને જડભરત તરીકે ઓળખવા લાગ્યા.

એમને આત્મજ્ઞાન પ્રાપ્ત થયું હોવાથી દેહાભિમાન નહોતું થતું. માતાપિતાના મૃત્યુ પછી એ અવધૂત રૂપમાં પૃથ્વી પર વિચરવા માંડ્યા. એ વખતે એમના જીવનમાં એક બનાવ બન્યો. એ બનાવ ખૂબ જ કરૂણ અને આકસ્મિક હતો. કોઇક શૂદ્ર જાતિના ચોરોના સરદારે સંતાનપ્રાપ્તિની ઇચ્છાથી પ્રેરાઇને ભદ્રકાલી દેવીને પુરુષનું બલિદાન આપવાની બાધા રાખેલી. એના સેવકો એક પુરુષને પકડી લાવેલા પણ ખરા, પરંતુ તે પુરુષ બંધનમાંથી છૂટીને નાસી ગયો એટલે બલિદાન માટે એવા જ એક બીજા પુરુષની આવશ્યકતા ઊભી થઇ. બીજા સુયોગ્ય પુરુષની શોધ કરતા સેવકોની નજર જડભરત પર પડી. એમને એ બીજી બધી રીતે યોગ્ય લાગવાથી એ એમને દોરડાથી બાંધીને દેવીના મંદિરે લઇ ગયા. ત્યાં એ ચોર લોકોએ એમને વિધિપૂર્વક સ્નાન કરાવીને નવાં વસ્ત્રો, ઘરેણાં, ચંદન, પુષ્પમાળા તથા તિલકથી શણગાર્યા, જમાડ્યા, ને વિવિધ વાદ્યોના ઉલ્લાસસૂચક અવાજ સાથે દેવીની પ્રતિમાની આગળ હાજર કર્યા. એ પછી ચોરોના સરદાર પુરોહિતે એમનો શિરચ્છેદ કરવાની આશયથી એક મહાભયંકર સુતીક્ષ્ણ તલવાર લીધી. એવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ જડભરત તદ્દન નિર્વિકાર, નિર્ભય ને શાંત રહ્યા, પરંતુ એ દારુણ દુષ્કર્મનો દંડ દેવા માતા ભદ્રકાલી પોતે જ અલૌકિક બ્રહ્મતેજથી દૈદીપ્યમાન બનીને પ્રતિમામાંથી બહાર નીકળ્યા. એમણે પેલા પુરોહિતની તલવારથી બધા ચોરોનાં મસ્તક કાપી નાખ્યાં, ને જડભરતની અદ્દભુત રીતે રક્ષા કરી. દેવી અંતર્ધાન થયાં એટલે જડભરત ત્યાંથી શાંતિપૂર્વક ચાલી નીકળ્યા.

કેટલો બધો અદ્દભુત પ્રસંગ ! એ પ્રસંગ પરથી પુરવાર અથવા પ્રતીત થાય છે કે એ જમાનામાં માનવ બલિદાન દેવાની એવી અમંગલ અનિષ્ટકારક પ્રથાઓ પ્રવર્તમાન હતી. દેવીને પ્રસન્ન કરીને મનોવાંછિત પદાર્થની પ્રાપ્તિ કરવા માટે એવી પશુપ્રથાનો આધાર લેવાતો. શુભાશુભ, હિંસક-અહિંસક ઉપાસનાના પ્રકારો એ જમાનામાં પણ વિદ્યમાન હતા.

બીજી એક ઉલ્લેખનીય હકીકત એ છે કે પરિસ્થિતિ એટલી બધી પરાકાષ્ઠાએ પહોંચી અને પોતાના શિરચ્છેદનો સમય આવ્યો તોપણ જડભરત શાંત કે નિષ્ક્રિય જ રહ્યા. એમણે એનો પ્રતિકાર ના કર્યો. કારણ કે એ અસાધારણ આત્મભાવમાં સ્થિત હતા અને જાણતા હતા કે પોતે શરીર નથી. શરીરને ગમે તે થાય તેથી પોતાને શું ? એમની અવિદ્યાગ્રંથિ કાયમને માટે તૂટી ગયેલી. એવા આત્મજ્ઞાની પુરુષોનું શરીર રહે તો પણ શું અને ના રહે તો પણ શું ? એમને માટે એ વસ્તુ ગૌણ હોય છે.

કથાનો એક બીજો વિશેષ સંદેશ એ છે કે એવા આત્મતૃપ્ત, આત્મારામ જ્ઞાની, યોગી કે ભક્તની રક્ષા ભગવાન પોતે જ કરે છે, ભદ્રકાલી માતાના સ્વરૂપમાં સ્વયં ભગવાને જ જડભરતની રક્ષા કરી.

એનો અર્થ એવો નથી કે જ્ઞાની, યોગી કે ભક્ત એવા પ્રતિકૂળ પ્રસંગો ઉપસ્થિત થાય ત્યારે એમને મૂંગા મોંઢે તાબે થાય અને એમાંથી છૂટવાનો પ્રયત્ન જ ના કરે. જ્યાં સુધી એવો પ્રતિકારાત્મક પ્રયત્ન યોગ્ય લાગે છે ત્યાં સુધી એવો પ્રયત્ન કરવામાં કશું ખોટું નથી. એથી આત્મજ્ઞાનનું, યોગનું કે ભક્તિનું બળ ઓછું નથી થતું. એ બાબતે કોઇની નકલ કરવાને બદલે પોતાને સારુ જે સહજ ને સુયોગ્ય હોય એ જ કરવાની આવશ્યકતા છે. આત્મા કે પરમાત્માની નિષ્ઠાને અખંડ રાખીને પ્રત્યેકે પ્રત્યેક પરિસ્થિતિમાં પોતાની વૃત્તિ, દૃષ્ટિ કે પ્રકૃત્તિ અને પસંદગી પ્રમાણે વર્તવાની આવશ્યકતા છે. સૌ કોઇ જડભરત જેવા બનીને જડભરતની જેમ વર્તી ના શકે એ દેખાતું છે.

* * *

ભાગવતના પાંચમા સ્કંધના દસમા અધ્યાયથી પ્રારંભીને તેરમા અધ્યાયપર્યંત ચાર અધ્યાયોમાં જડભરત અને રાજા રહૂગણના પ્રસંગને અંકિત કરવામાં આવ્યો છે. એ પ્રસંગ પણ સુખ કે દુઃખ જે આવે તેને કોઇ પણ પ્રકારના પ્રતિકાર વિના ઉદાસીનતાપૂર્વક શાંતિથી સહન કરવાની જડભરતની વિશિષ્ટ દૃષ્ટિ તથા પદ્ધતિનો પરિચાયક છે. સાથે સાથે એમના અસાધારણ આત્મજ્ઞાનને પણ રજૂ કરે છે.

તત્વજ્ઞાનની જિજ્ઞાસાથી કપિલ ઋષિના આશ્રમ તરફ જઇ રહેલા સિંધુ તથા સૌવીર દેશના રાજા રહુગણની પાલખી ઉપાડવા માટે એક પુરુષની આવશ્યકતા હોવાથી ઇક્ષુમતી નદીના તટ પર પાલખી ઉપાડનારાના અધિકારીએ એવા પુરુષની શોધ કરવા માંડી. માર્ગમાં મળેલા જડભરતને સર્વ પ્રકારે સુયોગ્ય સમજીને એણે પાલખી ઉપાડવાના કામમાં લગાડ્યા. જડભરતે મૂંગામૂંગા એ કામ કરવા માંડ્યું તો ખરું પરંતુ જીવનમાં પ્રથમવાર જ એવું કામ કરતા હોવાથી એ એને ન્યાય ના કરી શક્યા. પાલખી ઘડીમાં ઊંચી તો ઘડીમાં નીચી થવા લાગી. જડભરત કોઇ જીવની હિંસા ના થાય એ માટે ખૂબ જ સંભાળપૂર્વક ચાલતા હોવાથી બીજા કરતાં પાછા પડી જતા. એ જોઇને રાજા રહુગણે એમને ક્રોધે ભરાઇને ઠપકો આપતાં કહેવા માંડ્યું કે તું જીવતાં જ મરી ગયો લાગે છે. જેમ યમદેવ મનુષ્યોને શિક્ષા કરે છે તેમ મારે પણ તારા પ્રમાદને માટે તને ભયંકર શિક્ષા કરવી પડશે. તે સિવાય તારી બુદ્ધિ ઠેકાણે નહિ આવે.

રહુગણે એવું તો કેટલુંય કહ્યું ત્યારે જડભરતે શાંતિપૂર્વક સ્મિત કરતાં એને ઉત્તર આપ્યો. એ ઉત્તર જ્ઞાનથી ભરપુર હોવાથી ખાસ ઉલ્લેખનીય છે. એનો સારાંશ સમજવા જેવો છે. જડભરતે જણાવ્યું કે તારું કથન સત્ય છે. ભાર નામે કોઇ પદાર્થ નથી. તેને દેહની સાથે સંબંધ નથી, અને દેહની સાથે મારે સંબંધ નથી. તેં કહ્યું કે 'તું પુષ્ટ નથી' એ પણ સત્ય છે, કારણ કે જ્ઞાનીઓ ચેતનને પુષ્ટ નથી માનતા. સ્થૂળતા, કૃશતા, વ્યથા, ક્ષુધા, તૃષા, ભય, કલહ, વ્યાધિ, વૃદ્ધાવસ્થા, નિદ્રા, મૈથુન, ક્રોધ, અહંકાર, મદ તથા શોક દેહની સાથે જન્મેલાને હોય છે; મને નથીઃ વિકારવાળા બધા પદાર્થો જીવતાં મરેલા જેવા જ છે. રાજા તથા સેવકના ભેદ કેવળ વ્યવહારિક છે, વાસ્તવિક નથી. તું મને શિક્ષા કરવાની વાત કહે છે પરંતુ હું તો સ્વરૂપને પામી ચૂક્યો છું. એટલે મને મુક્તને શિક્ષાની અસર શી થવાની ? કદાચ હું મુક્ત ના હોઉં ને જડ હોઉં તો પણ મને શિક્ષાદિ કરવાનું વ્યર્થ છે.

એવા જ્ઞાનયુક્ત શબ્દો સંભળાવીને જડભરત ફરી પાછા પાલખી ઉપાડવા લાગ્યાં. જીવનમુક્ત જ્ઞાની પુરુષો વ્યક્તિગત માનપાન કે સુખદુઃખથી અલિપ્ત રહે છે. એને એ એટલું બધું-અજ્ઞાની અથવા વિષયી મનુષ્યો જેવું મહત્વ નથી આપતા. એ એમની નિમ્ન પ્રકૃતિ પર વિજય મેળવી ચુક્યા હોય છે.

જડભરતના શબ્દોને શાંભળીને રહુગણના હૃદયપ્રદેશમાં પ્રકાશ થયો. એને સમજાયું કે જડભરત કોઇ સામાન્ય પુરુષ નથી. એ તરત જ પાલખી પરથી ઉતરીને જડભરતના પગમાં પડ્યો ને ક્ષમા પ્રાર્થનાપૂર્વક કહેવા માંડ્યો કે તમારા સત્ય સ્વરૂપને સમજી ના શકવાથી હું તમારો અનાદર કરી બેઠો. તમે સાચેસાચ કોણ છો ? દત્તાત્રેય જેવા કોઇક અવધૂત છો ? કોના સુપુત્ર, ક્યાંના નિવાસી છો, અને ક્યા વિશિષ્ટ હેતુથી વિચરણ કરો છો ? તમે પોતે પરમ કૃતકૃત્ય મહાજ્ઞાની કપિલ મુનિ તો નથી ? હું આત્મજ્ઞાનના અવતાર જેવા મહર્ષિ કપિલને આ સંસારમાં શું શરણ લેવા જેવું છે તે પૂછવા માટે જઇ રહ્યો છું. એ કપિલ મુનિ તમે પોતે જ હો તો તો મારું ભાગ્ય ઊઘડી ગયું એમ જ લાગે છે. મારા જેવો ગૃહાસક્ત મંદબુદ્ધિ માનવ તમારા જેવા દિવ્ય યોગીવરની ગતિને કેવી રીતે જાણી શકે ? મેં અહંકારથી ઉન્મત્ત બનીને તમારા જેવા મહાપુરુષનું અપમાન કર્યું તેનું મને દુઃખ છે. તમે સમસ્ત સંસારના મિત્ર, સમભાવથી સંપન્ન અને દેહાધ્યાસથી રહિત છો. મારી ઉપર કૃપાદૃષ્ટિ કરીને મને શાંતિ આપો.

રહુગણની પ્રાર્થનાને લક્ષમાં લઇને જડભરતે એને અનુભવપૂર્ણ આત્મજ્ઞાનનો ઉપદેશ આપ્યો. એ ઉપદેશથી એને અભિનવ જ્ઞાન પ્રકાશની પ્રાપ્તિ થઇ. જડભરતના સદ્ઉપદેશનો કેટલોક કલ્યાણકારક સારાંશ આ રહ્યો, :

'મન જો વિષયોમાં આસક્ત થાય છે તો દુઃખ આપે છે ને વિષયોમાં આસક્તિ કરતું નથી તો મુક્તિ પ્રદાન કરે છે. '

'મનુષ્ય સર્વે સંગોનો ત્યાગ કરી, ષડરિપુને જીતી, જ્ઞાનની મદદથી માયાને દૂર કરી દઇ, આત્મતત્વને નથી જાણતો ત્યાં સુધી સંસારમાં ભમ્યા કરે છે.'

'મન જ શોક, મોહ, રોગ, રાગ, લોભ તથા વેરનું કારણ છે અને મમતા પેદા કરે છે. એ મનરૂપી શત્રુને શ્રીહરિના ચરણકમળની ઉપાસનારૂપી શસ્ત્રથી છેદી નાખ.'

જડભરતનાં વચનો રહુગણને માટે અમૃતતુલ્ય થઇ પડ્યાં. એથી એના સઘળા સંશયો છેદાઇ ગયા. એને શુદ્ધતર આત્મજ્ઞાનની પ્રાપ્તિ થઇ.

જડભરતે રહુગણને બીજો આવશ્યક ઉપદેશ પણ પ્રદાન કર્યો. એ ભાગવતના અમર ઉપદેશોમાંનો એક હોવાથી એને ભાગવતની મૂળ ભાષામાં જ રજૂ કરીએ :

रहुगणैतत्तपसा न याति न चेज्यया निर्वपणाद् गृहाद्वा ।
न च्छन्दसा नैव जलाग्निसूर्यैर्विना महत्पादरजोऽभिषेकम् ॥
(સ્કંધ ૫, અધ્યાય ૧૨. શ્લોક ૧૨.)

'હે રહુગણ ! એ પરમ સત્યરૂપી પરબ્રહ્મની પ્રાપ્તિ મહાપુરુષોની ચરણરજને મસ્તક પર ચઢાવ્યા વિના કેવળ તપ કરવાથી, યજ્ઞયાગનો આશ્રય લેવાથી, અતિથિસત્કારથી, ગૃહસ્થોચિત કર્મોથી, વેદાદિ શાસ્ત્રોના સ્વાધ્યાયથી કે જળ, અગ્નિ અને સૂર્યની ઉપાસના કરવાથી પણ નથી થતી.'

'મારા પૂર્વ જન્મમાં હું ભરત નામે રાજા હતો. જોવાયલા અને સંભળાયેલા વિષયોના સંગદોષથી મુક્ત હતો. કેવળ ભગવાનની ભક્તિમાં મેં મારા મનને લગાડેલું. પરંતુ મૃગનો સંગ થવાથી મારા જીવનધ્યેયને હાનિ પહોંચી અને મારે મૃગ થવું પડ્યું. '

'એવી રીતે મૃગના શરીરની પ્રાપ્તિ થવા છતાં શ્રીકૃષ્ણ ભગવાનની સેવાથી મને પૂર્વજન્મની સ્મૃતિ રહેલી. પૂર્વજન્મની એ સ્મૃતિ આજે પણ કાયમ રહી છે. હવે હું સર્વ પ્રકારના સંગથી રહિત બનીને, ખૂબ જ સાવધાન રહીને, ગુપ્ત રીતે વિચરું છું.'

☼ ☼ ☼ ☼ ☼

## [૫] રહુગણના ઉદ્દગાર

જડભરતના સ્વાનુભવયુક્ત શબ્દોને સાંભળવાથી રહુગણનો અવિદ્યાજન્ય મોહ મટી ગયો. એને નવી દૃષ્ટિ કે સન્મતિ મળી. જડભરત જેવા લોકોત્તર મહાપુરુષના મેળાપથી કોનું શ્રેય ના સધાય ? સૂર્યનો પ્રકાશ પથરાતાં અંધકાર રહી શકે ખરો ? રહુગણનું જીવન પણ અવનવીન પ્રકાશે પુલકિત બન્યું.

સર્વ જન્મોમાં મનુષ્ય જન્મ જ શ્રેષ્ઠ છે. બીજા સ્વર્ગાદિ લોકોની પ્રાપ્તિ થાય તો પણ શું ? એમાં જડભરત જેવા સત્પુરુષોનો સમાગમ એટલા બધા પ્રમાણમાં નથી થતો. એવા સ્વનામધન્ય પ્રાતઃસ્મરણીય શ્રેષ્ઠ સત્પુરુષોની પવિત્ર પદરજથી મનુષ્યનાં પાપો નાશ પામે છે અને એને ભગવાનની અલૌકિક ભક્તિની પ્રાપ્તિ થાય છે. એવા સત્પુરુષોના સ્વર્ગસુખદ સમાગમથી શું નથી થતું ? એમના શુભાશીર્વાદ સદા સુખમય ઠરે છે.

મનુષ્ય જન્મની સાચી સફળતા સ્વનામધન્ય સાચા સત્પુરુષોના સંસર્ગમાં અને એ દ્વારા સાંપડતી ભગવાનની ભક્તિમાં રહેલી છે. જીવનમાં બીજું બધું જ હોય પરંતુ એ ના હોય તો જીવનની સફળતા, શોભા ને સંપૂર્ણતા અધુરી રહી જાય છે. રહુગણના જીવનની એ ક્ષતિની પૂર્તિ થઇ. એણે જડભરતની પ્રેમપૂર્વક પ્રશસ્તિ કરી.

જડભરત રાજા રહુગણના જીવનમાં પ્રકાશ પાથરીને શાંતિથી ચાલવા માંડ્યા.

જીવનની તે જ ક્ષણો-પાવન પળો ધન્ય છે જે સંતસમાગમમાં, સંતસેવામાં અને આત્મવિકાસની સાધનામાં પસાર થાય છે; જે જીવનને વિષયાભિમુખ બનાવવાને બદલે વધારે ને વધારે ઇશ્વરાભિમુખ બનાવે છે; અને જે જીવનને અંધકારથી પ્રકાશમાં. અશાંતિમાંથી શાંતિમાં, અસત્યમાંથી પરમસત્યમાં ને બંધનની અવસ્થામાંથી નિર્બંધાવસ્થામાં લઇ જાય છે, તે જ પળો જીવનની સાચી પળો છે. જે પળો વિવિધ વિષયોના સેવનમાં, પ્રમાદમાં અને દુષ્કર્મમાં વીતે છે તે પળો જીવનનો હ્રાસ કરે છે ને જીવનને અંધકારથી ભરે છે. જીવરૂપી પ્રવાસીએ જીવનનો પુણ્યપ્રવાસ ખૂબ જ વિવેકપૂર્વક સંભાળીને કરવો જોઇએ. તો જ તે પ્રવાસ સફળ થાય.

☼ ☼ ☼ ☼ ☼

## --- પંચમ સ્કંધ સમાપ્ત ---

# * ષષ્ઠ સ્કંધ *



श्रीकृष्ण गोविंद हरे मुरारे, हे नाथ नारायण वासुदेव ।
श्रीकृष्ण राधावर गोकुलेश गोपाल गोवर्धननाथ विष्णो ॥

## [૧] ભાગવતનો સારસંદેશ

પરમપ્રાતઃસ્મરણીય સ્વનામધન્ય સંતશિરોમણિ શુકદેવજીના સુરદુર્લભ સત્સંગનો સ્વાદ મેળવીને પરીક્ષિતની પ્રસન્નતા ઉત્તરોત્તર વધવા માંડી. એમને થયું કે પોતાને પરમાત્માની પરમકૃપાની પ્રાપ્તિથી એક સાચા સદ્દગુરુનો સમાગમ થયો છે. એ સમાગમના સુપરિણામ રૂપે જીવન જ્યોતિર્મય ને સાર્થક બનશે. એવા સર્વોત્તમ સદ્દગુરુની કૃપાદૃષ્ટિની પ્રાપ્તિ થાય પછી શું બાકી રહે ? આ લોક કે પરલોકની એવી કયી વસ્તુ છે જે ના મળે ? અવિદ્યાનાં બંધનને તોડવાનું કામ એમને માટે જરા પણ કઠિન નથી હોતું. પરીક્ષિતને એનો અનુભવ થવા માંડ્યો. એવા સુરદુર્લભ સદ્દગુરુ બ્રહ્મા બનીને નવો જન્મ આપે છે, વિષ્ણુ બનીને એના ભાવો, વિચારો અને સંસ્કારોને - કહો કે સમસ્ત જીવનને પાળે છે, પોષે છે તથા રક્ષે છે, અને શંકર અથવા મહાદેવ બનીને એની નિર્બળતાનો, અશાંતિનો અને અવિદ્યાનો નાશ કરે છે. એટલે એ અર્થમાં એમને બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશ્વર માનવામાં આવે છે એ સાચું છે.

પરીક્ષિતની જિજ્ઞાસા વધતી જતી હતી. શુકદેવનાં અત્યાર સુધીનાં વચનો એમને સારુ સુધાવર્ષણ કરનારાં થઇ પડેલાં. એથી પ્રેરાઇને એમણે પૂછ્યું કે મને કોઇક સારો ઉપાય બતાવો જેનો આધાર લેવાથી મનુષ્યોને ભિન્નભિન્ન યાતનાઓથી ભરેલા નરકલોકમાં ના જવું પડે. ભાગવતના છઠ્ઠા સ્કંધનો આરંભ જ પરીક્ષિતની એ જિજ્ઞાસાવૃત્તિથી થાય છે.

અને ભગવાનના પરમપ્રેમી ભક્તશ્રેષ્ઠ શુકદેવ પરીક્ષિતને બીજો ક્યો ઉત્તર આપે ? એમની પાસેથી બીજા ક્યા ઉત્તરની આશા રાખી શકાય ? એમણે એમના સ્વાનુભવના આધાર પર જણાવ્યું કે સર્વ પ્રકારની વાસનાઓ તથા યાતનાઓમાંથી મુક્તિ મેળવવાનો એક માત્ર અકસીર, અમોઘ, મૂળભૂત ઉપાય ભગવાનની ભક્તિ કરવાનો, એ દ્વારા ભગવાનની પાસે પહોંચવાનો ને ભગવત્સ્વરૂપના જ્ઞાનની પ્રાપ્તિનો છે.

સમસ્ત ભાગવતનો એ એક અગત્યનો સર્વોપયોગી સારસંદેશ છે. એને ભાગવતનું સુપ્રસિદ્ધ ધ્રુવપદ કહીએ તો પણ ચાલે. એનું ચિંતન, મનન અને રટણ ભાગવતમાં અવારનવાર - જ્યારે જ્યારે સાનુકૂળ હોય છે ત્યારે કરવામાં આવે છે. ભાગવત એવી રીતે સૂચવવા માગે છે કે સર્વ પ્રકારના ક્લેશોની કે દુઃખોની આત્યંતિક નિવૃત્તિનો એક માત્ર ઉપાય ભાગવત બનવાનો કે ભગવાનના થવાનો છે. જે ભગવાનના બને છે ને ભગવાનની કૃપા માટે જીવે છે, તલસે છે કે કોશિશ કરે છે, તે સુખી થાય છે. એનું જીવન ઉજ્જવળ બને છે. શુકદેવજી અહીં એ જ સર્વકલ્યાણકારક સંદેશને સંભળાવી રહ્યા છે ને જણાવે છે કે ભક્તિનો માર્ગ જ સર્વશ્રેષ્ઠ, સરળ, સલામત, ભયરહિત અને મંગલ છે. એનો આશ્રય લેનાર આ લોકની અને પરલોકની બધી જ યાતનાઓમાંથી મુક્તિ મેળવી ભગવાનની સંનિધિ પામીને ધન્ય બને છે.

નરક અને સ્વર્ગની વાતો આપણે ત્યાં કેટલીય કરવામાં આવે છે. એ સ્વર્ગ અને નરકનું દર્શન આપણને અહીં જ નથી થતું ? જ્યાં જ્યાં સુખ છે, શાંતિ છે, સંપ છે, સહયોગ છે, સદ્દભાવ અને એથી યુક્ત સત્કર્મોનું અનુષ્ઠાન છે ત્યાં ત્યાં સ્વર્ગ છવાયલું છે એવું નથી લાગતું ? એથી ઉલટું જ્યાં જ્યાં વ્યસન, અપવિત્રતા, દુઃખ, દીનતા, દુર્વિચાર, દુર્ભાવ કે દુષ્કર્મ છે ત્યાં ત્યાં નરકની નિશાની છે એવી છાપ પડ્યા

વિના નથી રહેતી. સ્વર્ગ અને નરક એવી રીતે માનવની અંદર અને બહાર રહેતાં હોય છે અને એ બંનેમાંથી ક્યાં રહેવું એ માનવે પોતે જ પસંદ કરવું પડે છે.

ભાગવત કહે છે કે પાપી અથવા દુરાચારીએ પણ નાહિંમત નથી બનવાનું કે નથી ડરવાનું. જીવનના મંગલનો માર્ગ સૌ કોઇને માટે ઊઘાડો છે. જીવનની એકે ક્ષણ એવી નથી જ્યારે માણસના વિકાસનાં બધા જ બારણા બંધ થઇ જાય. માણસ જાગ્રત બનીને ને ઇશ્વરપરાયણ થઇને ગમે ત્યારે વિકાસ સાધીને આત્મકલ્યાણ કરી શકે છે.

જીવનના ગમે તેવા ને ગમે તેટલા આત્મિક અધઃપતન પછી પણ માણસ જાગ્રત થઇ શકે છે એટલું જ નહિ પરંતુ સાચા અર્થમાં ને સંપૂર્ણપણે જાગ્રત થઇને જીવનને સુધારી અથવા જ્યોતિર્મય બનાવીને આત્મોન્નતિના સર્વોચ્ચ શિખર પર આસીન થઇ શકે છે એ હકીકતમાં મનુષ્યજાતિને માટે અને ખાસ કરીને અધઃપતનના પંથે પ્રયાણ કરી ચૂકેલા પુરુષોને માટે કેટલી બધા પ્રેરણા રહેલી છે ? માણસના જીવનમાંથી આશાનું કિરણ કદાપિ નથી ખૂટતું. ઇશ્વરના મંગલ મંદિરમાં એનું સદાયે, સ્નેહપૂર્વકનું સ્વાગત થાય છે. માયાળુ માતાની પેઠે ઇશ્વર એને બે હાથ ફેલાવીને અપનાવવા અને ભેટવા સદા તૈયાર રહે છે હકીકત જ કેટલી બધી રોમાંચક છે ? ઇશ્વરનો મહિમા એવો અવર્ણનીય અને અનંત છે. માણસ એ મહિમાને સમજી લે એટલી જ વાર છે. અધઃપતનની ગર્તામાં પડેલો ગમે તેવો માણસ પણ પોતાના અધઃપતનને સમજી લે, એને માટે પશ્ચાતાપ કરે, એમાંથી બહાર નીકળવાનો નિર્ણય ને પ્રયત્ન કરે, પોતાની ભૂલોનું પુનરાવર્તન ના કરે અને ઇશ્વરનું સાચા દિલથી શરણ લે તો પોતાની કાયાપલટ કરી શકે છે. જીવનના પરિશોધન અને પરિત્રાણને માટે કદી પણ મોડું નથી થતું. એવું પરિશોધન અને પરિત્રાણ ગમે તે પળથી પ્રારંભી શકાય છે. એને પરિપૂર્ણ પણ કરી શકાય છે. ભાગવતનો એ સુંદર, સર્વોપયોગી, સનાતન સંદેશ છે અને એનો પ્રતિઘોષ છઠ્ઠા સ્કંધમાં કહેવામાં આવેલા અજામિલના જીવનના ઇતિહાસમાં પાડવામાં આવ્યો છે. એ પ્રતિઘોષ ખૂબ જ કલ્યાણકારક હોવાથી એને સાંભળવાનું આવશ્યક છે.

આપણે ત્યાં અજામિલની જીવનકથાના સંબંધમાં શિક્ષિત અને અશિક્ષિત લોકોમાંના કેટલાંકમાં કેટલીક ગેરસમજ પ્રવર્તે છે. એ ગેરસમજને દૂર કરવાની આવશ્યકતા છે. એવી ગેરસમજથી પ્રેરાઇને કેટલાય લોકો કહે છે કે અજામિલ ખૂબ જ પાપી હતો. એણે સદધર્મને અને સત્કર્મને તિલાંજલિ આપેલી. ઇશ્વરને અને ઇશ્વરની ભક્તિને તો એ તદ્દન ભૂલી ગયેલો. તો પણ એનો ઉદ્ધાર થયો, એને ભગવદ્દધામની પ્રાપ્તિ થઇ, અને એ એટલા માટે કે એણે પોતાના નાના પુત્ર નારાયણનું નામ લીધું. કેટલાક લોકો એમ પણ કહે છે કે એવી રીતે જીવનભર આપણે ગમે તેવા કુકર્મો કરીશું અથવા ઇશ્વરને ભૂલીને વિપથગામી બનીશું તો પણ અંતકાળે નારાયણ જેવું ભગવાનનું નામ લઇશું એટલે ભગવદ્દધામની પ્રાપ્તિ થશે કે મોક્ષ મળી જશે. આવો સીધો, સહેલો ને સચોટ રસ્તો છોડીને જીવનભર ધર્મપાલન કરવાની કડાકૂટમાં શા માટે પડવું ? એવા લોકો ભાગવતના મર્મને અને અજામિલના જીવનના રહસ્યને સંપૂર્ણપણે સમજ્યા નથી એમ જ કહેવું જોઇએ. એમણે ભાગવતમાં વર્ણવાયલા અજામિલના જીવનવૃતાંતને સારી પેઠે વાંચવો-વિચારવો જોઇએ. તો એમની એ ભ્રાંતિ દૂર થશે ને સમજાશે કે અજામિલને મળેલી સદ્દગતિ કે મુક્તિ કેવળ એના પુત્રના

નામસ્મરણને આભારી નહોતી પરંતુ એની પાપકર્મનિવૃત્તિ, ભગવદ્દભક્તિ તથા ઇશ્વરપરાયણતાને આભારી હતી. અવનીના આધ્યાત્મિક ઇતિહાસમાં એવું એક પણ ઉદાહરણ નથી મળતું જેમાં એવું બતાવવામાં આવ્યું હોય કે માણસ છેવટ સુધી કુકર્મ કરતો હોય, જીવનની છેલ્લી ક્ષણ સુધી વિષયાભિમુખ અને ઇશ્વરવિમુખ હોય તો પણ એને જીવનની જરૂરી વિશુદ્ધિ વિના ભગવાનની કૃપાની પ્રાપ્તિ થઇ હોય. માણસે પરમાત્માની કૃપાપ્રાપ્તિ કે પ્રસન્નતા માટે પોતાના જીવનના પ્રવાહને પલટાવીને પવિત્ર તથા પરમાત્મપરાયણ કરવો જ પડ્યો છે. અજામિલના જીવનનો ઇતિહાસ પણ એમાં અપવાદરૂપ કેવી રીતે હોઇ શકે ? અજામિલ કુમાર્ગગામી બન્યો હતો એ સાચું પરંતુ એણે પવિત્રતાના પંથ પર પ્રયાણ કરીને ભગવાનની એકનિષ્ઠ ભક્તિ કરી ત્યારે જ એનું આત્મકલ્યાણ થઇ શક્યું. એ હકીકતની પ્રતીતિ ભાગવતને ધ્યાનપૂર્વક વાંચવા-વિચારવાથી સહેલાઇથી થઇ રહેશે. ભાગવતના આધાર પર જ એ વાતનું વિહંગાવલોકન કરી લઇએ.

☼ ☼ ☼ ☼ ☼

## [૨] અજામિલની જીવનકથા

ભાગવતના છઠ્ઠા સ્કંધના પ્રથમ બે અધ્યાયોમાં અજામિલના ચિત્રવિચિત્ર જીવનનો સંક્ષિપ્ત છતાં સરસ અને સારગર્ભિત ઇતિહાસ આપવામાં આવ્યો છે. એ ઇતિહાસ ખૂબ જ રોચક તથા પ્રેરક છે. એ ઇતિહાસને મેં ચિત્રવિચિત્ર જીવનનો ઇતિહાસ એટલા માટે કહ્યો કે એ જીવને જુદે જુદે વખતે જુદા જુદા પલટા ખાધા છે.

ભાગવતના છઠ્ઠા સ્કંધના પ્રથમ અધ્યાયના એકવીસમા શ્લોકમાં સ્વનામધન્ય મહાત્મા શુકદેવજી પરીક્ષિતને કહે છે :

कान्यकुब्जे द्विजः कश्चिद् दासीपतिरजामिलः।
नाम्ना नष्टसदाचारो दास्या संसर्गदूषितः ॥

એ શબ્દોમાં અજામિલનું કેવું સુંદર રેખાચિત્ર દોરવામાં આવ્યું છે ? એથી અધિક સુંદર, અજામિલના વ્યક્તિત્વને સુચારૂરૂપે રજુ કરનારું સુયોગ્ય રેખાચિત્ર બીજું કોઇ ભાગ્યે જ દોરી શકાયું હોત. અનુષ્ટુપ છંદના એ એક શ્લોકમાં અજામિલ વિશે ટુંકમાં જાણવા જેવું ઘણું ઘણું કહેવામાં આવ્યું છે. કાન્યકુબ્જ નગરમાં અજામિલ નામનો એક દાસીપતિ બ્રાહ્મણ રહેતો. એ દાસીના કુસંગથી દૂષિત થઇને સદાચારના પથ પરથી ચ્યુત થઇ ગયેલો.

ખરેખર ? હા. સંગદોષમાં એવી અસાધારણ શક્તિ છે. એને લીધે સારા સારા સંસ્કારી પુરુષો પણ જીવનના મહામૂલા સંસ્કારધનને ખોઇ બેસે છે, ચંચળ બને છે, ને બુરા માર્ગે વળે છે. સત્સંગ જેમ માનવનું કલ્યાણ કરે છે તેમ કુસંગ એનું અકલ્યાણ અથવા અધઃપતન નોતરે છે. અજામિલ આમ તો બ્રાહ્મણ પુત્ર હતો પરંતુ એને વેશ્યાનો સંગ થવાથી એની બુદ્ધિ બગડી ગઇ. એની નિષ્ઠાના બધા જ પાયા હાલી ઊઠ્યા. એ કર્મધર્મને તિલાંજલિ આપીને ના કરવાનાં કુત્સિત કામ કરવા લાગ્યો. એ કોઇવાર વટેમાર્ગુઓને બળજબરી કરીને પકડતો, બાંધતો ને લૂંટી લેતો, છળકપટ કરીને લોકોની સાથે જુગારમાં જીતી જતો, તો કોઇવાર બીજાનું ધન યુક્તિ-પ્રયુક્તિથી પડાવી લેતો કે ચોરી જતો. એવી રીતે નીતિના બધા જ નિયમોને નેવે મૂકીને એ પોતાના કુટુંબનું પાલનપોષણ કરતો ને સમાજને માટે આંતકરૂપ બનતો. એના જીવનનો અઠ્યાસી વરસ જેટલો બહુમૂલ્ય વખત એવી રીતે જ વીતી ગયો.

એના જીવનના એવા અધઃપતનનું કારણ પણ જાણવા જેવું છે. ભાગવતમાં કરવામાં આવેલા વર્ણન પ્રમાણે એ શીલ, સદાચાર તથા સદ્દગુણોનો ભંડાર અને શાસ્ત્રજ્ઞ હતો. એનામાં બ્રહ્મચર્ય, વિનય, જિતેન્દ્રિયતા, સત્યનિષ્ઠા, પવિત્રતા અને મંત્રશક્તિનો સુભગ સમન્વય થયેલો. એ સૌની સેવા કરતો ને સૌનું કલ્યાણ કરવા તૈયાર રહેતો. એકવાર પોતાના પિતાના આદેશને અનુસરીને એ વનમાંથી ફળફૂલ, સમિધા તથા કુશ લઇને ઘર તરફ આવી રહેલો ત્યારે રસ્તામાં એની નજરે એક દૃશ્ય પડ્યું. શરાબના નશામાં મત્ત બનીને તથા ભાન ભૂલીને એક કામી શૂદ્ર કોઇક વેશ્યાની સાથે વિહાર કરી રહેલો. એ વેશ્યા પણ શરાબના નશામાં મતવાલી બનેલી. શૂદ્ર એને ભાતભાતના અભિનયો કરીને પ્રસન્ન કરવાની કોશિશ કરતો. એ દૃશ્યનો પ્રભાવ અજામિલના કોમળ માનસ પર ખૂબ જ પ્રતિકૂળ પડ્યો. એનું મન કામાતુર બની ગયું. નીતિ, સદાચાર અને

શાસ્ત્રજ્ઞાનની બધી જ વાતો એક તરફ રહી ગઇ. એણે પોતાના મનને સંયમમાં રાખવાનો ઘણોય પ્રયાસ કરી જોયો પરંતુ એ પ્રયાસ નકામો ગયો.

અજામિલની સમજ અને સંયમશક્તિ બળવાન હોત તો એની ઉપર એ દૃશ્યનો એવો પ્રતિકૂળ પ્રભાવ ના પડત. વિષયો પોતાના ભોગોપભોગથી તો માણસને માટે અધઃપતનનું કારણ બને જ છે પરંતુ શ્રવણ, મનન, ચિંતન તથા દર્શનથી પણ વિઘાતક ઠરે છે. માટે એમનાથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે બને તેટલા દૂર રહેવું જોઇએ. આજના સિનેમાયુગમાં ભાતભાતનાં ભદ્દાં દૃશ્યો ને ગીતો યુવક યુવતીઓનાં કુમળા માનસ પર કેવી ચિરસ્થાયી, વિપરીત અસર પહોંચાડે છે અને અનેકનાં જીવનમાં કેવી રીતે નૈતિક અધઃપતન નોતરે છે એ સહેજે સમજી શકાય તેવું છે. કેટલાક સ્ત્રીપુરુષો પોતાનાં બાળકોને પણ સિનેમામાં સાથે લઇ જાય છે. એવી રીતે એમની કેટલી બધી કુસેવા કરવામાં આવે છે એનો ખ્યાલ એમને નથી લાગતો. અજામિલ જેવા શાસ્ત્રજ્ઞ ને સદાચારી પુરુષ પર પણ બહારનાં કુત્સિત દૃશ્યોનો પ્રભાવ પડ્યો તો જે સદાચારનિષ્ઠ ને શાસ્ત્રજ્ઞ નથી એમના પર તો એમનો પ્રતિકૂળ પ્રભાવ પડે જ એમાં કહેવા જેવું શું છે ?

બસ ત્યારે. અજામિલનું અંતર એવી રીતે એકાએક વિદ્રોહ કરી ઊઠ્યું. એને સમજાવવાનું કામ ક્લેશકારક કે કઠિન થઇ પડ્યું. એ મનોમન ખૂબ જ રસપૂર્વક એ વેશ્યાનું ચિંતનમનન કરવા લાગ્યો. પોતાની પ્રેમમયી કુલીન પત્નીનો પણ એ વેશ્યાને પ્રસન્ન કરવા માટે એણે પરિત્યાગ કરી દીધો. વેશ્યાના કુટુંબનું પાલનપોષણ કરવામાં ને વેશ્યાને વિવિધ રીતે રીઝવવામાં એ પોતાના સમયને નિર્ગમન કરવા લાગ્યો. જીવનની શુદ્ધિના સુમેરૂ શિખર પરથી એકાએક નીચે પડીને એ એવી રીતે પતનની ગર્તામાં પડી ગયો.

એના બધા મળીને દસ પુત્રો હતા. એમાંથી સૌથી નાનાનું નામ નારાયણ હતું. અજામિલને એનો મોહ સૌથી વધારે હતો. એ એને જોઇને ખૂબ જ રાજી થતો અને એની સાથે જુદી જુદી રમતો રમતો.

એકવાર એનું મૃત્યુ નજીક આવી પહોંચ્યું ત્યારે એણે જોયું કે એને લઇ જવા માટે ત્રણ ભયંકર યમદૂતો આવ્યા. એમને દેખીને, ભયભીત બનીને એણે થોડેક દૂર રમતા પોતાના પુત્ર નારાયણનું નામ લીધું. એ સાંભળીને ભગવાનના પાર્ષદો એ ભગવાનનું પરમ મંગલ નામ લે છે એવું સમજીને એની પાસે આવી પહોંચ્યા. યમદૂતો અજામિલના સૂક્ષ્મ શરીરને બહાર કાઢવાની તૈયારી કરતા હતા. એમને એમણે એમ કરતાં અટકાવ્યા. એટલે એમની વચ્ચે સ્વાભાવિક રીતે જ વાદવિવાદ થયો.

અજામિલ તો કુકર્મપરાયણ હતો. એણે અંતકાળે પોતાના પુત્ર નારાયણનું નામ લીધું એટલે એ યમની યાતનામાંથી શી રીતે છૂટી શકે ? યમદૂતોની એ મુખ્ય શંકા હતી. ભગવાનના પાર્ષદોએ શંકાના સમાધાનરૂપે કહ્યું કે અજામિલે અંતકાળ વખતે ગમે તેમ તો પણ ભગવાનનું નામ લીધું હોવાથી એને યમલોકમાં ના લઇ જવાય. એણે જાણ્યે કે અજાણ્યે ભગવાનનું નામ લીધું હોવાથી એ પોતાનું કલ્યાણકર્મ કરશે જ. ભગવાનનું નામસ્મરણ કદાપિ નિષ્ફળ નથી જતું. એ એનો આશ્રય લેનારને પાપમુક્ત કરે છે ને તારે છે. નામસ્મરણમાં એટલી બધી શક્તિ છે. એ શક્તિ બીજાં નાના મોટાં તપો, વ્રતો, અધ્યયનો, તીર્થાટનો તથા દાનોની શક્તિ કરતાં ચઢી જાય છે. જે મને કે કમને, રસપૂર્વક કે રસ વગર, સમજીને કે સમજ્યા

સિવાય નામસ્મરણ કે નામસંકીર્તન કરે છે તેનું જીવન પવિત્ર ને ઉજ્જવળ બને છે. નામસ્મરણની મદદથી લેવામાં આવતું ઇશ્વરનું શરણ સર્વપ્રકારે સુખદ અને શ્રેયસ્કર ઠરે છે.

ભગવાનના પાર્ષદોનું એવું સ્પષ્ટીકરણ સાંભળીને યમદૂતોને સંતોષ થયો. એમણે અજામિલના સૂક્ષ્મ શરીરને પોતાની સાથે લઇને જવાનો આગ્રહ છોડી દીધો. એમણે યમદેવની પાસે પહોંચીને સઘળી હકીકત કહી સંભળાવી.

અજામિલે ભગવાનના પાર્ષદો અને યમદૂતોનો વાર્તાલાપ સાંભળ્યો. એથી એને આનંદ થયો. એણે પાર્ષદોને પ્રણામ કર્યા. એ જ વખતે પાર્ષદો અંતર્ધાન થઇ ગયા.

એ અલૌકિક અનુભવ સ્વપ્નાવસ્થામાં થયો કે જાગૃતિમાં તેની સમજ અજામિલને ના પડી. એ વખતે એની બાહ્ય ચેતના લુપ્તપ્રાય થઇ હોવાથી એને પોતાના શરીરનું તથા બાહ્ય સંસારનું સ્મરણ નહોતું રહ્યું. પરંતુ એ અદ્દભુત અનુભવે એની કાયાપલટ કરી દીધી. એ આખોય અનુભવ એને માટે અનોખા આશીર્વાદરૂપ થઇ પડ્યો. એને પોતાનાં કુકર્મોને માટે ખૂબ જ દુઃખ થયું. એ કુકર્મોને માટે એને પાર વિનાનો પશ્ચાતાપ થવા લાગ્યો. એને થયું કે મેં કામવાસનાથી અંધ બનીને મારા આજ સુધીના જીવનને બરબાદ કરી દીધું. ઇશ્વરની સાથે સંબંધ બાંધીને ઇશ્વરની ભક્તિ કરવાને બદલે વિષયોનું જ સેવન કર્યું.

અજામિલ એવી રીતે પશ્ચાતાપ કરવા લાગ્યો. ભગવાનના પાર્ષદોનો થોડોક સમયનો સત્સંગ એને માટે ખૂબ જ કલ્યાણકારક થઇ પડ્યો. સત્સંગમાં એવી અસાધારણ શક્તિ છે. એ જેને પણ સાંપડે છે તેનું જીવન બદલાઇ જાય છે ને સાર્થક થાય છે.

પશ્ચાતાપ કરીને બેસી રહેવું એક વાત છે ને પવિત્ર તથા ઉત્તમ જીવન માટે સંકલ્પ કરીને એવા જીવનમાં પ્રવૃત્ત થવું એ બીજી જ વાત છે. અજામિલ પશ્ચાતાપ કરીને બેસી ના રહ્યો પરંતુ એણે વિશુદ્ધ પરમાત્મપરાયણ જીવન જીવવાનો નિર્ણય કર્યો. પરમાત્માપરાયણ જીવન જીવવા માગનારને માટે કદી મોડું નથી થતું. ભૂતકાળના કટુ અનુભવોમાંથી એ પદાર્થપાઠ શીખી શકે છે. વિષયોની અસારતાને અથવા વિઘાતકતાને વિચારીને વધારે સારી રીતે-વિવેક, વૈરાગ્ય તેમ જ ભગવદ્દભક્તિના પીઠબળથી આગળ વધવાની સોનેરી શક્યતા એને માટે રહેતી હોય છે. જાગ્યા ત્યાંથી સવાર સમજીને જાગેલા જ રહેવાનો અણમોલ અવસર એના જીવનમાં આવે છે. એણે એનો લાભ લેવાનો હોય છે.

અજામિલે ઉત્તમ, પવિત્ર, પરમાત્મપરાયણ જીવન જીવવાનો સંકલ્પ કર્યો, એવા જીવનની યોજના પણ બનાવી દીધી. એના અંતરમાં તીવ્ર વૈરાગ્યનો આવિર્ભાવ થયો. એથી પ્રેરાઇને સઘળા સંબંધોનો વિચ્છેદ કરીને ને મોહમુક્ત બનીને એ હરિદ્વાર તીર્થમાં ચાલ્યો ગયો.

गंगाद्वारमुपेयाय मुक्तसर्वानुबंधनः ।

(અધ્યાય ૨, શ્લોક ૩૯ નો ઉત્તરાર્ધ)

અને ગંગાના પ્રસન્ન પ્રવાહથી પરમપવિત્ર બનેલા હરિદ્વારના એ ઋષિમુનિસેવિત પુણ્યપ્રદેશમાં પ્રવેશીને એણે શું કર્યું તે જાણો છો ? એને બીજું શું કરવાનું હતું ? જીવનને વધારે ને વધારે પરમાત્માપરાયણ બનાવીને પરમાત્માના સુખદ સાક્ષાત્કારને માટેનો પુરુષાર્થ જ કરવાનો હતો. એ

પુરુષાર્થની સિદ્ધિના પ્રયત્નમાં એણે પોતાના મનને પરોવી દીધું, ભાગવતના છઠ્ઠા સ્કંધના બીજા અધ્યાયના ૪૦ મા અને ૪૧ મા શ્લોકોમાં એ પુરુષાર્થનો આછોપાતળો પરિચય કરાવતા કહેવામાં આવ્યું છે :

'એ દેવસ્થાનમાં જઇને એણે યોગમાર્ગનું આલંબન લઇને આસન વાળ્યું અને ઇન્દ્રિયોને વિષયોમાંથી હઠાવીને મનને આત્મામાં જોડી દીધું. પછી આત્માને પણ ધ્યાનના અભ્યાસ દ્વારા ત્રિગુણાત્મિકા પ્રકૃતિના રહ્યા સહ્યા પ્રભાવમાંથી મુક્ત કરીને પરમાત્માના પવિત્રતમ સ્વરૂપમાં જોડી દીધો.' એ વખતે એને પેલા પાર્ષદોનું ફરી પાછું દર્શન થયું. એણે એમને પ્રણામ કર્યા.

એ અદ્દભુત આત્માનુભવથી એનું જીવન ધન્ય બન્યું. અને કેમ ના બને ? જીવન એવા ઉચ્ચતમ આત્મિક અનુભવને માટે જ છે. એથી જ સાચા અર્થમાં સંપૂર્ણપણે ધન્ય બની શકે છે.

એ પછી એક દિવસ એણે પોતાના પાર્થિવ પંચમહાભૂતાત્મક તનુનો પરિત્યાગ કરી દીધો. એણે ભગવાનના પાર્ષદનું સ્વરૂપ પ્રાપ્ત કર્યું. સ્વર્ણમય વિમાન પર આરૂઢ થઇને ભગવાનના પાર્ષદો સાથે એણે વૈકુંઠ પ્રતિ પ્રયાણ કર્યું. એની ભાગવતોક્ત જીવનકથા એવી રીતે પૂરી થઇ. એ કથાના ઉત્તરાર્ધ પરથી પ્રતીતિ થાય છે કે અજામિલનો ઉધ્ધાર કેવળ એના પુત્ર નારાયણનું નામ લેવાથી નથી થયો પરંતુ સમસ્ત જીવનને પલટાવી, પવિત્ર ને પરમાત્માપરાયણ બનાવી, હરિદ્વારમાં વસીને શ્રદ્ધાભક્તિપૂર્વક સાધના કરવાથી અને એ સાધનાની સિદ્ધિપ્રાપ્તિથી થયો છે. એ હકીકતને જેટલી પણ યાદ રાખવામાં આવે એટલી લાભકારક છે. એ પ્રત્યે સૌનું વધારે ને વધારે ધ્યાન ખેંચવાની આવશ્યકતા છે.

☼ ☼ ☼ ☼ ☼

## [3] અજામિલની જીવનકથાનો સાર

એ જીવનકથાનો સાર સમજવાની આવશ્યકતા કાંઇ ઓછી નથી. ભાગવતની બધી જ કથા-ઉપકથાઓમાં એક અથવા બીજી જાતનો જીવનોપયોગી સાર ભરેલો છે. એને આપણે હસ્તગત કરવાનો છે. અજામિલનું આરંભનું જીવન મોટા ભાગના માનવોની જીવનચર્યાનો પડઘો પાડે છે. મોટા ભાગના માનવોની દશા પણ એવી જ દુઃખદ નથી ? એ પણ ધર્મ ને નીતિની પ્રસ્થાપિત પરંપરાથી ડગી ને પડી ગયા છે. એમના સંસ્કાર લુપ્ત બન્યા છે. પોતાના દેવદુર્લભ જીવનના મહિમાને સુચારુરૂપે ના સમજવાથી એ એનો જેવો જોઇએ તેવો તથા તેટલો સદુપયોગ નથી કરી શકતા. એ અનેક પ્રકારના વ્યસનોના ને બુરાઇઓના દાસ બન્યા છે. એમનું પરિત્રાણ કેવી રીતે થઇ શકે અને એમને શાશ્વત સુખ પણ શી રીતે મળી શકે ? એમણે સત્સંગનો આશ્રય લેવાની આવશ્યકતા છે. એ દ્વારા એમની સદ્દબુદ્ધિ જાગ્રત થશે અને એમને વધારે સારૂં, ઉત્તમ અથવા આદર્શ જીવન જીવવાની પ્રેરણા મળશે.

અજા એટલે બકરી. બકરી જેવા વિષયી, દુર્બુદ્ધિ, દેહબુદ્ધિવાળા, આત્મા કે પરમાત્માને ભૂલેલા જીવોને અજામિલ કહી શકાય. એવા જીવો અજામિલની પેઠે બુદ્ધિની વિષયવતી વૃત્તિરૂપી વેશ્યાના સંગમાં પડેલા છે, અને દસ ઇન્દ્રિયોના દસ પુત્રોમાં મમતાવાળા છે. એવા જીવો ઇન્દ્રિયોની મમતાને છોડી, વિષવયતી વૃત્તિને તિલાંજલિ આપીને ઇશ્વરાભિમુખ ના બને ત્યાં સુધી જીવનનું કલ્યાણ કરીને આદર્શ જીવનના આનંદનો આસ્વાદ કેવી રીતે મેળવી શકે ?

ભાગવતના પાંચમાં સ્કંધમાં ભરત ઋષિની જે કથા કહેવામાં આવી ને છઠ્ઠા સ્કંધમાં જે અજામિલની જીવનકથાનું આલેખન કરવામાં આવ્યું એમાં થોડોક મહત્વનો નોંધપાત્ર વિરોધાભાસ છે. એ વિરોધાભાસ પ્રત્યે અંગુલિનિર્દેશ કરીએ તો એ અસ્થાને નહિ લેખાય. ભરતજીનું સમગ્ર જીવન ઘણું સારૂં હતું, પરંતુ મૃગશાવકમાં આસક્તિ થવાથી અને એ આસક્તિને પરિણામે સાધનામાં પ્રમાદ થવાથી એમનો અંતકાળ બગડ્યો અને એમની સદ્દગતિ ના થઇ. અજામિલનું યુવાવસ્થાથી શરૂ થયેલું વૃદ્ધાવસ્થા સુધીનું સમગ્ર જીવન વિષયગામી બનીને બગડી ગયેલું, પરંતુ એના જીવનનો શેષ સમય અને એનો અંતકાળ સુધરી ગયો એથી એને સદ્દગતિની ને શાંતિની પ્રાપ્તિ થઇ. એ બંને વિરોધાભાસી વ્યક્તિત્વનાં રેખાચિત્રોમાંથી જરૂરી સારને ગ્રહણ કરવાનો છે.

અજામિલની એ રસમય જીવનકથાની ફળશ્રુતિ સંભળાવતાં સ્વનામધન્ય શુકદેવે પરીક્ષિતને જે કહ્યું છે તે પણ જાણવા જેવું છે. એમણે કહ્યું છે કે અજામિલના જીવનનો ઇતિહાસ રહસ્યમય અને પાપનાશક છે. એનું શ્રદ્ધાભક્તિપૂર્વક શ્રવણ, મનન ને સંકીર્તન કરનારને કદી નરકમાં નથી જવું પડતું. યમના દૂતો એના તરફ જોઇ પણ નથી શકતા. એ ફળશ્રુતિ સાચી છે. એના અનુસંધાનમાં આપણે કહીશું કે આ કથામાંથી પ્રેરણા મેળવીને માણસ કુકર્મમાંથી મુક્તિ મેળવે, સત્કર્મપરાયણ બને, ઇશ્વરની શ્રદ્ધાભક્તિથી સંપન્ન થાય. અને ઇશ્વરના સાક્ષાત્કારથી જીવનને ઉજ્જવળ, સફળ, મુક્ત ને ધન્ય કરે એ જ એની સાચી ફળશ્રુતિ છે. કથાશ્રવણ કાનને પવિત્ર કરીને બેસી રહેવા માટે નથી; અંતરને, અણુઅણુને, સમસ્ત જીવનને પવિત્ર અને ઉત્તમ કરવા માટે છે. એનો ખ્યાલ રાખીએ. તો જ કથાનું શ્રવણ, મનન તથા પારાયણ સાર્થક થાય. જીવનનું

નિરીક્ષણ કરીને દિનપ્રતિદિન તપાસવું જોઇએ કે જીવન અજામિલની જેમ અધઃપતનના માર્ગે તો નથી જતું. જો જતું હોય તો એને એમાંથી ઉગારીને ઉન્નત કરવાની કોશિશ કરવી જોઇએ, જેથી જે ઇશ્વરે આપ્યું છે તે ઇશ્વરને માટે વપરાઇને ઇશ્વરનું બની શકે.

☼ ☼ ☼ ☼ ☼

## [૪] દધીચિ ઋષિની હિતભાવના

ભારતવર્ષના આધ્યાત્મિક ઇતિહાસમાં અમર થવા કાજે સરજાયલાં જે જ્વાજ્વલ્યમાન, પરમ જ્વાજ્વલ્યમાન નક્ષત્રો છે તેમાં મહર્ષિ દધીચિ પોતાનું આગવું સ્થાન ધરાવે છે. એ સ્થાન એમની મુક્તિ, પૂર્ણતા, પરમાત્માના સાક્ષાત્કારની સાધના કે સિદ્ધિની વ્યક્તિગત પ્રાપ્તિને માટે નથી મળ્યું પરંતુ એમણે સેવેલી બીજાના હિતની ભાવના તથા એ ભાવનાને અનુસરીને એમણે આપેલા અસાધારણ આત્મબલિદાનને લીધે પ્રાપ્ત થયેલું છે. ભારતીય સંસ્કૃતિ કેવળ પોતાને માટે જ જીવવામાં નહોતી માનતી. પરંતુ બીજાના સુખ, ઉત્કર્ષ કે કલ્યાણને માટે જીવવામાં ગૌરવ ગણતી હતી. એ વિધાનનો આદર્શ અથવા પરિપૂર્ણ પડઘો મહર્ષિ દધીચિના જીવનમાં પડેલો જોઇ શકાય છે. સમાજસેવાની સર્વોપયોગી ભાવના ભારતને પશ્ચિમની સંસ્કૃતિ પાસેથી સાંપડી છે એવું સમજનારા ને સમજાવનારા શિક્ષિત કહેવાતા સુધારકવર્ગને માટે મહર્ષિ દધીચિની હિતભાવનાનો પ્રસંગ નૂતન પ્રકાશ પુરો પાડનારો થઇ પડશે. એ પ્રસંગનો પરિચય કરવા જેવો છે.

પ્રાચીન કાળમાં દેવાસુર સંગ્રામ થયા કરતા. એવા એક સંગ્રામ દરમિયાન વિશ્વરૂપના મૃત્યુ પછી એના પિતા ત્વષ્ટાએ ઇન્દ્રનો નાશ કરવાના આશયથી પ્રેરાઇને યજ્ઞાનુષ્ઠાન દ્વારા વૃત્રાસુરને ઉત્પન્ન કર્યો. એ વૃત્રાસુર પ્રલય કરવા માટે પ્રવૃત્ત થયેલા કાળ જેવો મહાભયંકર દેખાતો. એને જોઇને એવું લાગતું કે એ ત્રણે લોકોનો નાશ કરી નાખશે. એણે પ્રકટ થતાં વેંત જ સમસ્ત સંસારને ઘેરી લીધો. એટલે જ એનું નામ વૃત્રાસુર પડ્યું. દેવતાઓ એમના સૈનિકો સાથે જુદી જુદી જાતનાં શસ્ત્રો લઇને એની ઉપર તૂટી પડ્યા અને એના પ્રહારો કરવા લાગ્યા તો પણ વૃત્રાસુર વશ ના થઇ શક્યો. એ એમના નાનાં મોટાં સઘળાં શસ્ત્રાસ્ત્રોને ગળી ગયો. એ દેખીને દેવતાઓ આશ્ચર્યચકિત, દુઃખી ને બેચેન બન્યા. એ ચિત્તને એકાગ્ર કરીને પોતાના ને સૌના હૃદયપ્રદેશમાં રમનારા આદિપુરુષ નારાયણને શરણે ગયા.

એમની શરણાગતિ, સ્તુતિ તથા ભક્તિથી પ્રસન્ન થઇને ભગવાન નારાયણે એમને વૃત્રાસુરના સંહારનો ઉપાય બતાવતાં કહ્યું કે મારું શરણ તથા સ્તવન કદાપિ મિથ્યા નથી થતું. એ ફળે જ છે. તમારું સૌનું કલ્યાણ થાવ. હવે તમે લેશ પણ વિલંબ કરવાને બદલે મહર્ષિ દધીચિની પાસે પહોંચી જાવ અને એમના વ્રત, તપ તથા ઉપાસનાથી સુપવિત્ર ને સુદૃઢ થયેલા શરીરની માગણી કરો. એ પરમ બ્રહ્મજ્ઞાની તથા ધર્મના અસાધારણ મમર્જ્ઞ છે. એ તમારા વૈદ્ય અશ્વિનીકુમારની માગણીને માન આપીને શરીરને સમર્પિત કરી દેશે. એમના એ અર્પણ કરેલા અંગમાંથી તમે વિશ્વકર્માની મદદથી એક આયુધ તૈયાર કરાવી લેજો. મારા શુભાશીર્વાદથી સાંપડેલી મારી અસીમ શક્તિથી સંપન્ન થઇને ઇન્દ્ર એ અમોઘ અને સર્વોત્તમ શસ્ત્રથી વૃત્રાસુરના શીશને છેદી નાંખશે. એ બધું નિશ્ચિત જ છે. વૃત્રાસુરના નાશ પછી તમને ફરી પાછી સમૃદ્ધિની, સંપત્તિની ને શાંતિની પ્રાપ્તિ થશે.

ઇશ્વરની શરણાગતિ કદી પણ નિષ્ફળ નથી જતી એ એક અનુભવસિદ્ધ હકીકત છે. પરંતુ એમાં વિશ્વાસ રાખીને માણસ ઇશ્વરનું સાચા દિલથી શરણ લે ત્યારે ને ? ઇશ્વરનું શરણ ના લેવાથી જ જીવન દુઃખરૂપ છે. ઇશ્વરનું શરણ લેવાથી એ સુખરૂપ બની જાય છે.

ભગવાન નારાયણની વાત સાંભળીને દેવતાઓ આનંદ પામ્યા. દધીચિ ઋષિની પાસે પહોંચીને એમણે ભગવાનના આદેશાનુસાર યાચના કરી. એ યાચનાથી ઋષિ આનંદની અભિવ્યક્તિ કરતાં કહેવા માંડ્યા કે જીવન અને એને ધારણ કરનારા શરીર સમાન પ્રિય આ સંસારમાં બીજું કશું જ નથી. એ શરીરને છોડતી વખતે મનુષ્યોને કેટલું બધું કષ્ટ થાય છે તે તમે જાણો છો. એ કષ્ટ અસહ્ય હોય છે. એ કષ્ટને વેઠવા તેમજ પ્રિયમાં પ્રિય શરીરનો પરિત્યાગ કરવા સાક્ષાત ઇશ્વર આવીને માગણી કરે તો પણ કોઇ ભાગ્યે જ તૈયાર થાય. તો પણ તમારા સૌના શ્રેયને માટે મારા પાર્થિવ શરીરનો પરિત્યાગ કરવામાં મને અભૂતપૂર્વ આનંદ થશે. હું સ્વાર્થમાં નહિ પરમાર્થમાં માનું છું. શરીર દ્વારા બીજાનું કલ્યાણ થાય એથી બીજો વધારે સારો સદ્ઉપયોગ એનો ભાગ્યે જ હોઇ શકે. મરણધર્મી મનુષ્ય એનો સર્વનાશ થાય તે પહેલાં એની દ્વારા બીજાનું હિતસાધન કરી લે એ જ સારું છે.

દધીચિ જેવા વિરલ-અતિવિરલ મહાપુરુષ જ એવી સુંદર વાણી વદી શકે. વાણી વદવી એ એક વાત છે અને એ પ્રમાણે ચાલવું એ જુદી જ વાત છે. દધિચી વાણીને અનુસરનારા હતા એટલે એ પ્રમાણે તરત જ આસન વાળીને પોતાના પાર્થિવ શરીરનો પરિત્યાગ કર્યો. ધન્ય દધીચિ ! તમારા જેવો ઉત્તમ ત્યાગ, સમાધિ દ્વારા શરીરત્યાગ બીજો કોણ કરી શકે અને એ પણ બીજાના કલ્યાણ માટે ? શરીરને જ પ્રિય માનનારા અને શરીરના લાલનપાલનમાં રત રહેનારા સામાન્ય માનવીનું એમાં ગજું નહિ.

દધિચી ઋષિ પરમાત્મનિષ્ઠ અને જીવનમુક્ત હોવાથી કોઇ પણ પ્રકારના કષ્ટ વગર સહેલાઇથી શરીર છોડી શક્યા. જીવનમુક્ત મહાપુરુષોની અવસ્થા એવી જ અલૌકિક હોય છે. એ દેહાધ્યાસથી તદ્દન મુક્ત હોઇને સ્મિતપૂર્વક શરીરને છોડી શકે છે.

વિશ્વકર્માએ દધીચિ ઋષિના શરીરનાં હાડકાંમાંથી વજ્ર બનાવીને ઇન્દ્રને આપ્યું ત્યારે દેવતાઓની ને ઇન્દ્રની પ્રસન્નતાનો પાર ના રહ્યો. ઇન્દ્ર ઐરાવત હાથી પર સવાર થઇને વૃત્રાસુરનો નાશ કરવા માટે આગળ વધ્યો. વૃત્રાસુર પણ દૈત્ય સેનાપતિઓની વિશાળ સેના સાથે યુદ્ધ કરવા તૈયાર હતો. નર્મદા તટ પર એ ભયંકર સંહારાત્મક યુદ્ધનો આરંભ થયો.

દેવોની સેના અસુરોની સેનાને માટે અજેય હતી. અસુરો એની આગળ ના ફાવી શક્યા. એ ઉત્સાહરહિત બનીને વૃત્રાસુરને યુદ્ધભૂમિમાં છોડીને નાસી ગયા. એ જોઇને વૃત્રાસુર ખૂબ જ ગમગીન બની ગયો ને ક્રોધે ભરાયો. એ દેવતાઓને લલકારવા લાગ્યો. એના ભયંકર સિંહનાદથી લગભગ બધા જ દેવો બેહોશ બની ગયા. એ જોઇને ઇન્દ્રે વૃત્રાસુર પર ગદા ફેંકી. વૃત્રાસુરે એને રમતાં રમતાં પકડી લીધી, અને એ જ ગદાથી ઇન્દ્રના હાથી ઐરાવતના મસ્તક પર પ્રહાર કર્યો. એની ગદાના આઘાતથી ઐરાવત હાથી મસ્તક ફાટી જવાથી અતિશય વ્યાકુળ બની ગયો અને ઇન્દ્રને લઇને અઠ્ઠાવીસ હાથ પાછો હઠી ગયો. ઐરાવતના મૂર્છિત થવાથી ઇન્દ્રના વિષાદનો પાર ના રહ્યો. એ જોઇને યુદ્ધના મર્મજ્ઞ વૃત્રાસુરે એના પર ફરીથી ગદા ના ચલાવી. ત્યાં સુધી ઇન્દ્રે અમૃતમય હાથના સ્પર્શથી ઐરાવતની વેદનાને શાંત કરી, વૃત્રાસુર ઇન્દ્રને હાથમાં વજ્ર સાથે યુદ્ધ કરવા ફરીવાર તૈયાર થયેલો જોઇને સમજી ગયો કે હવે મારાથી નહિ બચી શકાય. એ

ભગવાનનો ભક્ત હોવાથી મૃત્યુથી ડરતો નહતો. પોતાના મૃત્યુને તદ્દન સમીપ જોઇને એણે ભગવાનની પ્રેમપૂર્વક પ્રાર્થના કરી.

☼ ☼ ☼ ☼ ☼

## [૫] વૃત્રાસુરની પ્રાર્થના

માણસનો અંતકાળ એકદમ સંનિકટ હોય અને એને એનું એક અથવા બીજી રીતે જ્ઞાન થયું હોય ત્યારે એણે શું કરવું જોઇએ ? એનું મુખ્ય કર્તવ્ય શું હોવું જોઇએ ? ઇશ્વરના સુખમય સ્મરણમનનનું અને ઇશ્વરમાં મન પરોવવાનું. બીજા બધા જ વિષયોમાંથી મનને પાછું વાળીને એણે ઇશ્વરમાં જ જોડી દેવું જોઇએ. વૃત્રાસુર એ વાતને સારી પેઠે સમજતો હતો એટલે એણે ઇશ્વરની પ્રાર્થનાનો આધાર લીધો. એ પ્રાર્થનાનો ભાગવતની અમર પ્રાર્થનાઓમાં સમાવેશ કરી શકાય તેમ છે. ભાગવતની જ નહિ પરંતુ સંસારની સુંદર પ્રાર્થનાઓમાં એની ગણના સહેલાઇથી થઇ શકે તેમ છે. ભાષા, ભાવ, પદલાલિત્ય, માધુર્ય, અર્થગૌરવ તથા સરસતા અને સરળતાની દૃષ્ટિએ એનું સ્થાન આગળ પડતું અથવા અજોડ છે. ચાર શ્લોકની એ સુંદર, અદ્દભુત, પ્રેમરસ ભરપુર પ્રાર્થનામાં ભક્તિભાવનું સરસ, પરિપૂર્ણ પ્રતિબિંબ પડે છે. એ પ્રાર્થના આ રહી :

अहं हरे तव पादैकमूलदासानुदासो भवितास्मि भूयः ।
मनः स्मरेतासुपतेर्गुणांस्तेगृणीत वाक् कर्म करोतु कायः ॥
न नाकपृष्ठं न च पारमेष्ठयं न सार्वभौमं न रसाधिपत्यम् ।
न योगसुद्धिरपु नर्भव वा समग्जस त्वा विरहय्य कांक्षे ॥
अजातपक्षा इव मातरं खगा स्तन्यं यथा वत्सराः क्षुधार्ताः ।
प्रियं प्रियेव व्युषितं विषण्णा मनोङरविन्दाक्ष दिद्दक्षते त्वाम् ।
ममोत्तमश्लोकजनेषु सरव्यं संसारचक्रे भ्रमतः स्वकर्मभिः ।
त्वन्माययाङङत्मात्मजदारगेहेष्वासक्तचित्तस्य न नाथ भूयात् ॥
(સ્કંધ  ૬ અધ્યાય ૧૧ શ્લોક ૨૪થી ૨૭)

‘હે પ્રભુ ! તમારા ચરણકમળનો આશ્રય લેનારા એકનિષ્ઠ અનન્ય ભાવભક્તિવાળા ભક્તોના દાસ બનવાનું અને એમની સેવા કરવાનું સદ્દભાગ્ય મને મારા બીજા જન્મમાં સાંપડે એવી કૃપા કરો. મારું મન તમારા મંગલમય મધુર ગુણોનું સ્મરણ કરે, મારી વાણી એમનું સંકીર્તન કરે, ને હે પ્રાણાધાર ! મારું શરીર સદા તમારી સેવામાં જ સંલગ્ન રહે એવો અમૂલખ આશીર્વાદ આપી દો.’

‘હે સર્વસૌભાગ્ય ભંડાર પ્રભુ ! તમને છોડીને હું સ્વર્ગ, બ્રહ્મપદ, અખિલ બ્રહ્માંડનું સામ્રાજ્ય, રસાતલનું એકછત્ર રાજ્ય, યોગની અણિમાદિ સિદ્ધિ અને મોક્ષ પણ નથી માગતો. ’

‘પક્ષીઓનાં પાંખ ફુટ્યા વિનાનાં બચ્ચાં વનમાં ગયેલી પોતાની માતાની રાહ જુએ છે. એમના પ્રાણમાં જેવો પ્રેમ હોય છે; માતાનું દૂધ પીવા માટે ક્ષુધાર્ત વાછરડાંના અંતરમાં જેવી આતુરતા હોય છે; અને વિયોગિની પ્રેમાળ પત્ની પોતાના પરદેશ ગયેલા પ્રીતમને મળવા માટે વ્યાકુળ હોય છે; એવી જ, અરે એથી યે વધારે વ્યાકુળતા, આતુરતા તથા પ્રીતિને લઇને હે કમળનયન ! મારું મન તમારા દેવદુર્લભ દર્શન માટે તૈયાર રહે એવું ઇચ્છું છું.’

‘પ્રભુ ! મારી આરાધના એવી અસાધારણ નથી કે મને મુક્તિ મળી શકે. હું મુક્તિની ઇચ્છા પણ નથી રાખતો. મારે જન્મ ભલે લેવો પડે. પરંતુ એ જન્મ દરમિયાન ભગવાનના-તમારા-પ્રેમી પવિત્ર ભક્તજનોનો

કે સંતોનો પ્રેમ મને પ્રાપ્ત થાય, અને આ સંસારચક્રમાં વિહાર કરતાં તમારી અઘટિત ઘટનાપટીયસી મહામહિમામયી માયાના પ્રભાવથી જુદા જુદા જીવો દેહ, ગેહ, સ્ત્રી, પુત્ર, પરિવારાદિમાં જે ઘોર આસક્તિ કરે છે એ આસક્તિ મને કદાપિ ના થાય એવું માગી લઉં છું. એ આસક્તિને લીધે જીવ તમને ભૂલી જાય છે ને દુઃખી, બદ્ધ અને અશાંત થાય છે. એ આસક્તિનો મારામાં લવલેશ પણ ના હો.'

આત્મિક વિકાસના સાધકોને માટે આ પ્રાર્થના પરમકલ્યાણકારક છે. એ કોઇ એકાંતવાસી, સર્વસંબંધ પરિત્યાગી, સરિતાતટ કે ગિરિગહ્વર નિવાસી ભક્તના મુખમાંથી નથી નીકળી પરંતુ યુદ્ધના કોલાહલયુક્ત વિષમ વાતાવરણની વચ્ચે વસીને પણ મનને સ્વસ્થ ને પરમાત્મપરાયણ રાખવાનો પ્રયત્ન કરનારા એક પ્રવૃત્તિરત ભક્તના અંતઃકરણમાંથી પ્રાદુર્ભાવ પામી છે. એ દૃષ્ટિએ એની મહત્તા સવિશેષ છે. એ પ્રવૃત્તિરત પુરુષોને પણ પ્રેરણા પુરી પાડે છે ને પ્રવૃત્તિમાં નિવૃત્ત રહીને ઇશ્વરાનુસંધાન સાધવાની કળા શીખવે છે. ભાગવતમાં વર્ણવાયલા ભક્તોમાં વૃત્રાસુરનું વ્યક્તિત્વ એ એક પ્રખર પ્રવૃત્તિપરાયણ પાત્ર હોવાથી જુદું જ તરી આવે છે. માણસ બાહ્ય દૃષ્ટિએ ગમે તેવું કર્મ કરતો હોય તો પણ એનો અંતરાત્મા કેટલો બધો ઇશ્વરપરાયણ ને ઊંચો રહી શકે છે એનું આદર્શ ઉદાહરણ એના પરથી મળી રહે છે.

પોતાની પ્રાર્થનાને પૂરી કરીને વૃત્રાસુર યુદ્ધ કરવા પ્રવૃત્ત થયો. એણે ઇન્દ્રની ઉપર ભયંકર સુતીક્ષ્ણ ત્રિશૂળ ફેંક્યું.

પરંતુ ઇન્દ્રે લેશ પણ વિચલિત થયા વિના એ ત્રિશૂળને તથા વૃત્રાસુરની વિશાળ ભુજાને વજ્રની મદદથી કાપી નાખીને સંતોષ માન્યો.

તો પણ વૃત્રાસુર નાસીપાસ થવાને બદલે ક્રોધે ભરાઇને ફરી લડવા લાગ્યો. એણે પરિઘના પ્રહારથી ઇન્દ્રના વજ્રને નીચે પાડી નાખ્યું.

એ પછી એ ઇન્દ્રને ઐરાવત હાથી સાથે એની માયાથી ગળી ગયો. એ જોઇને લાગતાવળગતા સૌ દુઃખી થયા. પરંતુ ઇન્દ્ર યોગમાયાથી સંપન્ન તથા નારાયણ કવચમાં નિષ્ણાત હોવાથી એના પેટમાં પહોંચીને પણ મર્યો નહિ. એણે પોતાના વજ્રથી એના પેટને ચીરી નાખ્યું ને બહાર આવીને એના મસ્તકને ધડથી અલગ કર્યું. એ વખતે એના શરીરમાંથી બહાર નીકળેલી આત્મજ્યોતિ ભગવાનના સુધામય સ્વરૂપમાં ભળી ગઇ.

વૃત્રાસુરના જીવન પર પડદો પડી ગયો.

☼ ☼ ☼ ☼ ☼

## [૬] વૃત્રાસુરનું પૂર્વચરિત્ર-૧

સ્વનામધન્ય સંતશિરોમણિ શુકદેવજીના શ્રીમુખથી વૃત્રાસુરના વ્યક્તિત્વનું વર્ણન સાંભળ્યા પછી પરીક્ષિતને સ્વભાવિક રીતે જ થોડી શંકા થઇ. એને શંકાને બદલે જિજ્ઞાસાનું નામ આપીએ તો તે વધારે યોગ્ય લેખાશે. એવી જિજ્ઞાસા આટલાં વરસો પછી બીજાને પણ થવાનો સંભવ છે. પરીક્ષિતે એનો પડઘો પાડતાં શુકદેવજીને પૂછયું કે વૃત્રાસુર પાપી તથા લોકોને ત્રાસ આપનારો હોવાં છતાં યુદ્ધભૂમિમાં પોતાના મનને ભગવાનના સ્વરૂપમાં લગાવી શક્યો તેનું કારણ ? એવી રીતે મનને ઇશ્વરપરાયણ કરવાનું કામ મોટા મોટા મુનિઓને માટે પણ મુશ્કેલ છે.

પરીક્ષિતની જિજ્ઞાસાના જવાબમાં શુકદેવે એમને વૃત્રાસુરના પૂર્વજન્મની કથા કહી. એ કથા એમણે મહર્ષિ વ્યાસ, મહર્ષિ દેવલ તથા દેવર્ષિ નારદ પાસેથી સાંભળેલી.

સ્વનામધન્ય શુકદેવે સંભળાવેલી વૃત્રાસુરની પૂર્વજન્મની કથાનો સંક્ષિપ્ત સારભાગ આ રહ્યોઃ પ્રાચીનકાળમાં શૂરસેન દેશમાં ચક્રવર્તી સમ્રાટ મહારાજા ચિત્રકેતુ રાજ્ય કરતો. એને અનેક સ્ત્રીઓ હોવાં છતાં કોઇ સંતાન નહોતું. એથી એ થોડોક ઉદાસ રહેતો.

એક દિવસ શાપ તેમ જ વરદાન દેવામાં સમર્થ અંગિરા ઋષિ વિભિન્ન પ્રદેશોમાં વિચરણ કરતા એના રાજપ્રાસાદમાં પહોંચી ગયા. ચિત્રકેતુએ એમનું સમુચિત સન્માનપૂર્વક સ્વાગત કર્યું. મહર્ષિ અંગિરાએ એના મુખમંડળ પરની ચિંતા તથા વેદનાનું કારણ પૂછયું તો એણે કોઇ પણ પ્રકારના સંકોચ સિવાય એ કારણ કહી બતાવ્યું, અને એમના માર્ગદર્શનની માગણી કરી. મહર્ષિએ ત્વષ્ટા દેવતાને યોગ્ય ચરુનું નિર્માણ કરીને અર્પણ કરી એમનું પૂજન કર્યું અને યજ્ઞનો પ્રસાદ ચિત્રકેતુની સૌથી મોટી સદ્દગુણી સ્ત્રી મહારાણી કૃતદ્યુતિને અર્પણ કર્યો. ચિત્રકેતુને એમણે જણાવ્યું કે આ સ્ત્રીથી તને જે પુત્ર થશે તે હર્ષ તથા શોક બંને પ્રદાન કરશે.

એ પછી મહર્ષિ અંગિરા ત્યાંથી વિદાય થયા.

સુયોગ્ય સમય પર મહારાણી કૃતદ્યુતિએ એક સુંદર પુત્રને જન્મ આપ્યો. સમ્રાટ ચિત્રકેતુને અને સમસ્ત પ્રજાને એથી આનંદ થયો. તપઃપૂત મહાપુરુષના આશીર્વાદ કાંઇ નકામા જાય છે ? કદાપિ નહિ.

ચિત્રકેતુ કૃતદ્યુતિ પ્રત્યે ખૂબ જ પ્રેમ રાખવા લાગ્યો ને બીજી બધી જ સ્ત્રીઓ પ્રત્યે ઉદાસીનતા. એને લીધે બીજી સ્ત્રીઓ કૃતદ્યુતિને દ્વેષની નજરે જોવા લાગી. એમણે કૃતદ્યુતિના પુત્રને ઝેર આપ્યું. એના પ્રભાવથી એનું મરણ થયું.

એના મરણના સમાચાર ચિત્રકેતુ તથા કૃતદ્યુતિ બંનેને માટે ભયંકર શોકજનક અને આઘાતકારક થઇ પડ્યા. સુખને ઠેકાણે દુઃખના દાવાનળ સળગી રહ્યા.

મમતા અથવા આસક્તિ જ માણસને દુઃખી કરે છે, બેચેન બનાવે છે, ને રડાવે છે. જો દુન્યવી વિષયોમાં કે પદાર્થોમાં  મમત્વ, રાગ કે આસક્તિ ના હોય તો જીવને માટે દુઃખી થવાનું, બેચેન મનવાનું કે રડવાનું કોઇ કારણ જ નથી રહેતું. મમત્વ, રાગ અથવા આસક્તિના બંધનને તોડવા માટે આત્મજ્ઞાનનો તેમ જ ભગવદ્દભક્તિનો આધાર લેવાની જરૂર છે. એની દ્વારા ઇશ્વરના અસાધારણ અનુગ્રહનો લાભ મળવાથી એ

બંધન કાયમને કાજે કપાઇ જાય છે ને જીવન સદાને સારુ શાંત, પ્રસન્ન, મુક્ત તથા ધન્ય બને છે. બંધનને તોડીને જીવનને કૃતાર્થ કરવાની એ પ્રક્રિયામાં સંતસમાગમ પણ અમોઘ આશીર્વાદરૂપ ઠરે છે. એ સંતસમાગમ જેને સાંપડી જાય છે એના સૌભાગ્યનો સૂર્યોદય સોળે કળાએ ખીલી ઊઠે છે. એ પણ કોઇકને જ અને ઇશ્વરની કૃપાથી જ સાંપડી શકે છે. મહારાજા ચિત્રકેતુને સંતસમાગમનો એ દેવદુર્લભ લાભ મળવાનો હોવાથી એની શોકગ્રસ્ત દશાને દેખીને એની પાસે એક નહિ પણ બે સંત આવી પહોંચ્યા - દેવર્ષિ નારદ અને મહર્ષિ અંગિરા.

સંતપુરુષોનાં જીવન સૌનું અકારણ હિત કરવા માટે જ હોય છે. સૌનું મન, વચન, કર્મથી પરમકલ્યાણ કરતા એ જગતમાં જીવતા હોય છે. એમનું શરીરધારણ બીજાને પ્રેરણા તથા પ્રકાશ પૂરો પાડવા ને શાંતિ આપવા માટે હોય છે. એમના વિના જગત જીવવા જેવું ભાગ્યે જ રહ્યું હોત. જગતની સમુન્નતિ, સુખાકારી ને શાંતિમાં એમનો ફાળો ઘણો મોટો છે.

એક જ સંત શાંતિ આપી શકે ને જીવનનું કલ્યાણ કરી શકે તો આ તો બે સંત ભેગા થયા, અને એ બંને એ જમાનાના મહાન, સર્વોત્તમ સંત. પછી શું બાકી રહે ? એમણે ચિત્રકેતુને જુદી જુદી રીતે આશ્વાસન આપ્યું. પાણીના પ્રબળ પ્રવાહમાં જેવી રીતે રેતીના કણ પરસ્પર ભેગા મળે છે ને જુદા પડે છે તેવી રીતે જગતમાં જુદા જુદા જીવો મળે છે ને છૂટા પડે છે. એમનો હર્ષ-શોક કેવો ? એમની મમતા કરીને દુઃખી શા માટે થવું જોઇએ ? મમતા એક ઇશ્વરની જ રાખવી, બીજા કોઇની નહિ. ઇશ્વરની મમતા તારક બને છે ને બીજી મમતાઓ મારક.

બે દિવસ પહેલાં મારી પાસે અહીં મસૂરીમાં એક ધનવાન પતિપત્ની આવ્યાં. એ લુધિયાણાનાં નિવાસી હતાં. પુરુષને મેં કુશળસમાચાર પૂછ્યા તો એ તરત જ મોટેથી રડવા માંડ્યા. એમની પત્ની પણ રડવા લાગી. સાથે આવેલી એમની એક સંબંધી સન્નારીએ એના રહસ્યનું ઉદ્દઘાટન કરતાં કહ્યું કે એકાદ મહિના પહેલાં એમના યુવાન પુત્રનું મૃત્યુ થયું છે માટે એ દુઃખી છે. એમનું દિલ ક્યાંય નથી લાગતું.

‘એમને બીજા છોકરા છે ? ’ મેં પૂછયું.

‘છે.’

‘કેટલા છે ?’

‘બીજા બે છોકરા છે.’

‘મોટા છે કે નાના ?’

‘એક મોટો છે ને બીજો થોડોક નાનો. બંને પરણેલ છે.’

‘શું કરે છે ?‘

‘ધંધો.’

‘શાનો ?’

‘ઘરેણાંનો.’

'તો પછી એ દુઃખી શા માટે થાય છે ? એમણે તો સુખ માનવું જોઇએ. જે ગયો છે એ છોકરો તો પાછો આવવાનો નથી. એ પોતે પણ ક્યાં અમર છે ? એમને પણ એક દિવસ જવાનું છે. કાળ કોઇને પણ પોતાના પાશમાંથી મુક્તિ નથી આપતો. એ સૌની ઘડીઓ ગણે છે.'

'પરંતુ એને પરણ્યે ત્રણ મહિના જ થયેલા.' પેલા પુરુષે કહ્યું.

'એ બરાબર છે. એ વાતનું દુઃખ થતું હોય તો તો એની યુવાન સ્ત્રીને માટે દુઃખ લગાડો. તમે તો એને માટે એક અક્ષર પણ નથી ઉચ્ચારતા અને તિલમાત્ર દુઃખ નથી પ્રકટ કરતા. એની અવસ્થા કેટલી બધી કરુણ હશે તેનો વિચાર તો કરી જુઓ.'

એ સદ્દગૃહસ્થ થોડાક સમયને સારુ શાંત રહ્યા ને પછી બોલ્યા :

'તો પછી મારું દુઃખ દૂર કેવી રીતે થાય ?'

'જે તમારાથી વધારે દુઃખી હોય તેવા લોકોનો વિચાર કરવાથી, આત્મવિચારનો આધાર લેવાથી, પ્રાર્થનાથી અને ઇશ્વરના નામસ્મરણથી. સંસારનું સ્વરૂપ જ એવું અનિત્ય ને પરિવર્તનશીલ છે. એને વિવેકનો આશ્રય લઇને સારી પેઠે સમજી લો એટલે તમારું દુઃખ હળવું થશે. બીજો કોઇ જ રસ્તો નથી. તમને એ છોકરો એટલો બધો પ્રિય છે તો તમારા મરવાથી એ જીવતો થઇ શકતો હોય તો એને બદલે તમે મૃત્યુના મહેમાન થવા તૈયાર છો ?'

એ સદ્દગૃહસ્થ વાતે એવી રીતે વળાંક લીધો એથી જરાક વિચારમાં પડ્યા. એવા પ્રશ્ન કે પ્રસ્તાવની એમને કલ્પના જ નહોતી.

'કેમ કશું બોલતા નથી ?' મેં પૂછ્યું; 'તમારા મરવાથી તમારા પુત્રને નવજીવન મળતું હોય તો તમે મરવા તૈયાર છો ? તમે તો હવે વૃદ્ધાવસ્થાએ પહોંચ્યા છો.'

'વૃદ્ધાવસ્થા પર પહોંચ્યો હોઉં તેથી શું થયું ? જીવન કોને પ્રિય નથી ? એનો પોતાની મેળે ત્યાગ કરવા કોઇ તૈયાર થાય છે ખરું ? મને તો લાગે છે કે મારા એ છોકરાની સ્ત્રી પણ એવી રીતે એના બદલામાં મરવા તૈયાર નહિ થાય. એણે સ્નેહ લગ્ન કરેલું તો પણ.'

'એની વાત જવા દો. પહેલાં તમારી વાત કરી લો. તમે જવા માટે તૈયાર છો ?'

'કદાપિ નહિ.'

'તો પછી તમે તૈયાર છો ?' મેં એમની પત્નીને પૂછ્યું; 'પુત્રની લાગણી તો તમને પણ થતી હશે.'

'લાગણી તો માતા છું એટલે શા માટે ના થાય ?' એ સ્પષ્ટીકરણ કરતાં કહેવા માંડ્યું; 'પરંતુ એ લાગણી એવી નથી કે હું એને માટે મરવા તૈયાર થઉં. એનું તો મરણ થયું પરંતુ મારે એની પાછળ શા માટે મરવું પડે ? મને મારા પતિને માટે પણ લાગણી છે. એમની સેવા કરવા માટે પણ મારે જીવતા રહેવું જોઇએ.'

'તો પછી શું થાય ?'

'અમે સૌ સાથે જીવતાં રહી શકીએ તો ઘણું સારું.' પેલા સદ્દગૃહસ્થે જણાવ્યું; 'એવો કોઇ ઉપાય હોય તો જરૂર કરો.'

'એવો ઉપાય તો કોઇ જ નથી દેખાતો.'

'નથી દેખાતો ?'

'ના'

'મને એક ઉપાય યાદ આવે છે તમને હરકત ના હોય તો કહી બતાવું.'

'કહી બતાવો.'

'તમારા શરીરત્યાગથી એ છોકરાને નવજીવન મળતું હોય તો એને એવું જીવન જરૂર આપો.'

'મારા શરીરત્યાગથી ?'

'હા. અમે તમારા જીવનભર આભારી રહીશું. સંતો અહેતુકી કૃપાથી ભરેલા ને હંમેશા બીજાને માટે જીવતા ને મરતા હોય છે. તમે આટલો પરોપકાર કરશો તો તેમાં કશું અનુચિત નહિ લેખાય.'

એમની સ્ત્રીએ પણ એમાં સૂર પૂરાવ્યો. મને એમની અવનવીન કલ્પનાશક્તિ અને હિંમત જોઇને આશ્ચર્ય થયું. એમનો પ્રસ્તાવ ખૂબ જ વિનોદપૂર્ણ હતો. મેં એમને કહ્યું :

'છોકરો તમારો છે; તમને એના પર પ્રેમ, રાગ કે મમતા છે; તો પણ તમે એને સારું શરીર ત્યાગ કરવા તૈયાર નથી થતાં તો મેં તો એને જોયો પણ નથી, મને એને માટે રાગ કે મમતા પણ નથી, તો હું કેવી રીતે તૈયાર થઇ શકું ? જે શરીર મળ્યું છે એનો સમ્યક્ સદ્દુપયોગ કરીને મારે તો પ્રભુપ્રીત્યર્થે કર્મો કરવાનાં છે. એ શરીરનો ઉત્સર્ગ હું ઇશ્વર વિના બીજા કોઇને ય માટે ના કરી શકું.'

'પરંતુ અમારો છોકરો ઇશ્વરરૂપ છે. '

'ભલે હોય.'

'તમારી વાત સાંભળીને અમને તો નવી આશા પેદા થયેલી. એ આશા નિરાશામાં પલટાઇ ગઇ.'

'નિરાશામાં શા માટે પલટાઇ જાય ? મારો પ્રસ્તાવ હજુ ઊભો જ છે. તમે તમારા પુત્રને માટે શરીરત્યાગ કરી શકો છો. '

'એ તો નહિ થઇ શકે.'

'બસ ત્યારે. '

'પણ અમારે બદલે તમે શરીર ત્યાગ ના કરી શકો ?'

'ના '

'તો પછી ? '

'તો પછી શું કરવું જોઇએ તે મેં કહેલું જ છે. એ જ માર્ગ છે. સંસારના પદાર્થોની પરિવર્તનશીલતાનો વિચાર કરી, ઇશ્વરના વિધાનમાં સંતુષ્ટ રહી, એને માથે ચઢાવીને અહંતા, મમતા અને આસક્તિની ગ્રંથિને હળવી કરવાનો તથા તોડી નાખવાનો પ્રયત્ન કરતા રહીને ઇશ્વરને માટે જીવન જીવો એ જ વિકલ્પ છે. એ સિવાય જીવન દુઃખમય બની જશે અને અંતર અશાંતિનો અનુભવ કર્યા કરશે.'

'સાચેસાચ ?'

'હા. જે આપણું હોય જ નહિ એની મમતા અથવા આસક્તિ કરીએ તો બીજું શું પરિણામ આવી શકે ? દુનિયાનાં મોટા ભાગનાં દુઃખોનું કારણ એ જ છે - મમતા અથવા આસક્તિ. એને તિલાંજલિ આપે છે તે જ સુખી થાય છે ને શાંતિ મેળવે છે.'

મારા ઉદ્દગારો એમને ગળે ઉતર્યા કે નહિ તે તો કોણ જાણે પરંતુ થોડોક વખત પછી એ મારી રજા લઇને વિદાય થયા.

રાજા ચિત્રકેતુની ઉપર ઇશ્વરની કૃપા થવાથી એને સંતપુરુષોનો સમાગમ થયો. સંતો સિવાય સંતપ્ત અંતરને શાંતિ કોણ આપી શકે ? એ શાંતિની સુધાવર્ષા કરે તો પણ જીવનું સૌભાગ્ય હોય તો જ તેને ઝીલીને ધન્ય બની શકે. દેવર્ષિ નારદ તથા મહર્ષિ અંગિરાનો સદ્દપદેશ સાંભળીને ચિત્રકેતુને પ્રકાશ મળ્યો. એનો શોક થોડોક હળવો બન્યો.

☼ ☼ ☼ ☼ ☼

## [૭] વૃત્રાસુરનું પૂર્વચરિત્ર-૨

પરંતુ દેવર્ષિ નારદ ચિત્રકેતુના ને સૌના મનનું સંપૂર્ણ સમાધાન કરવાની ઇચ્છા રાખતા હોવાથી એમણે એમની સવિશેષ શક્તિના ઉપયોગથી એક અદ્દભુત ચમત્કાર કર્યો. એ ચમત્કાર એમને સારું સહજ હતો. એમણે ચિત્રકેતુના મૃત પુત્રના જીવાત્માને શોકાકુલ સ્વજનોની આગળ પ્રત્યક્ષ બોલાવ્યો. ભાગવતની એ ઘટના આપણને અત્યંત સુસ્પષ્ટ રીતે સૂચવી જાય છે કે પ્રાચીન ભારતમાં મૃતાવાહનવિદ્યાનું પ્રચલન હતું, એ વિદ્યાના ઇચ્છા પ્રમાણે આવશ્યકતાનુસાર સફળ પ્રયોગો થતા, અને દેવર્ષિ નારદ એ વિદ્યામાં પણ પારંગત હતા. ઉપનિષદમાં સનત્કુમાર અને નારદના વાર્તાલાપનો જે નોંધપાત્ર પ્રસંગ આવે છે એમાં નારદજીએ સનત્કુમારને પોતે જેમાં નિષ્ણાત હતા એવી કેટલીય વિદ્યાઓનું વર્ણન કરી બતાવ્યું છે. એટલે અધ્યાત્મવિદ્યા સિવાયની બીજી વિદ્યાઓમાં પણ એમનો અધિકારપૂર્ણ પ્રવેશ હતો જ. આપણે ત્યાં ને પશ્ચિમમાં પણ મૃતવાહનવિદ્યાના સફળ પ્રયોગો થવા માંડ્યા છે. લોકો એમાં રસ પણ લે છે. છતાં પણ એમાં ગળાબૂડ ડૂબીને, એને જ સર્વ કાંઇ સમજીને, ઇશ્વરના સાક્ષાત્કારની મહત્વની સાધનાથી દૂર રહેવાથી જીવનનું શ્રેય નહિ સાધી શકાય ને શાશ્વતી શાંતિ પણ નહિ મેળવી શકાય. જીવનના મૂળભૂત અને આત્યંતિક કાયમી કલ્યાણને માટે ઇશ્વરાભિમુખ થવું જ પડશે.

દેવર્ષિ નારદે પેલા મૃત રાજપુત્રના આત્માને બોલાવીને એની સાથે વાર્તાલાપ કરતાં કહ્યું કે તારાં માતાપિતા ને સગાસંબંધી તારા વિયોગથી વ્યાકુળ થયા છે માટે તું ફરીથી શરીરમાં પ્રવેશ કરીને એમને આનંદ આપ અને રાજ્યસુખનો ઉપભોગ કર. પરંતુ જીવાત્માએ પાછા આવવાની ને શરીરને ધારણ કરવાની ના પાડી. એણે કહ્યું કે મને હવે આ શરીરની અને સ્વજનોની મમતા નથી રહી. જે વસ્તુનો જ્યાં સુધી સંબંધ હોય છે તે વસ્તુની ત્યાં સુધી મમતા રહેતી હોય છે. મેં મારા કર્મોને અનુસરીને અત્યાર સુધી આવાં અસંખ્ય શરીરોને બદલી નાખ્યાં. એ શરીરોમાં મને કોઇ પ્રકારની આસક્તિ નથી થઇ તો આ શરીરમાં આસક્તિ શા માટે થાય ? જીવાત્મા તો અવિનાશી, નિત્ય, સૂક્ષ્માતિસૂક્ષ્મ, સૌના આશ્રયરૂપ અને સ્વયંપ્રકાશ છે. એમાં જન્મ ને મરણ જેવું કશું જ નથી. એને કોઇ પ્રિય-અપ્રિય, પોતાનું-પારકું નથી.

એવું કહીને એ જીવાત્મા ત્યાંથી જતો રહ્યો. એનાં સ્વજનોને અને રાજા ચિત્રકેતુને એની વાત સાંભળીને અતિશય આશ્ચર્ય થયું. એમને નવી દૃષ્ટિ મળી અને એને લીધે એમનો શોક તથા મોહ દૂર થયો. એના શરીરનો વિધિપૂર્વક અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. જે સ્ત્રીઓએ રાજકુમારને ઝેર આપીને એનું મૃત્યુ નીપજાવેલું તેમણે તેને માટે પશ્ચાતાપ કર્યો.

ચિત્રકેતુને વિવેક તેમ જ વૈરાગ્યભાવની પ્રાપ્તિ થઇ. એણે દેવર્ષિ નારદનાં ને મહર્ષિ અંગિરાના ચરણોમાં પ્રણામ કર્યા. દેવર્ષિ નારદે એની અસાધારણ શ્રદ્ધાભક્તિથી પ્રસન્ન થઇને એને અલૌકિક વિદ્યાનો ઉપદેશ આપ્યો. બંને મહાપુરુષો એ પછી ત્યાંથી ચાલી નીકળ્યા.

એ વિદ્યાના પ્રભાવથી ચિત્રકેતુને વિદ્યાધરોનું અખંડ આધિપત્ય મળ્યું. થોડાક વખત પછી મનની શુદ્ધિની પણ પ્રાપ્તિ થઇ. અને છેવટે એને ભગવાન શેષની સુખદ સંનિધિનો લાભ મળ્યો. ભગવાન શેષના દર્શનાનંદને પ્રકટ કરવા માટે એણે અતિશય ભાવવિભોર બનીને એમની સ્તુતિ કરી.

શેષ ભગવાન એની આગળથી અદૃશ્ય થયા પછી વિદ્યાધર ચિત્રકેતુ એમને પૂજ્યભાવે પ્રણામ કરીને આકાશમાર્ગે વિવિધ દિશાપ્રદિશામાં સ્વૈરવિહાર કરવા લાગ્યો.

એકવાર ચિત્રકેતુ ભગવાનના આપેલા અલૌકિક વિમાનમાં વિરાજીને વિહાર કરતો હતો. એ વખતે એણે એકાએક એક અદૃષ્ટપૂર્વ દૃશ્ય જોયું. મુનિઓની સભામાં સિદ્ધો અને ચારણોની વચ્ચે ભગવાન શંકર પાર્વતીને ગળે હાથ વીંટીને એને આલિંગન આપતાં બેઠેલા. એ દૃશ્ય જોઇને એને કાંઇનું કાંઇ થઇ ગયું. એ વિમાનની સાથે જ એમની પાસે પહોંચી ગયો ને પાર્વતીના સાંભળતાં જ હસવા ને મનમાં આવે તેમ બોલવા લાગ્યો. એણે કહ્યું કે આ સમસ્ત સંસારના ગુરુ અને ધર્માચાર્યની દશા તો જુઓ. એ સંસારમાં સર્વશ્રેષ્ઠ મનાતા ને પરમપૂજ્ય તરીકે પૂજાતા હોવા છતાં ભરી સભામાં સ્ત્રીને સાધારણ પુરુષની પેઠે નિર્લજ્જતાપૂર્વક આલિંગન આપીને બેસી રહ્યા છે. પામર વિષયી પુરુષો પણ મોટે ભાગે એકાંતમાં જ આવો વ્યવહાર કરતા હોય છે એટલે આમને તો એવા પુરુષોની સાથે પણ નથી સરખાવી શકાય તેમ.

ભગવાન શંકર તો એના એ અવિનયયુક્ત અપમાનજનક શબ્દો સાંભળીને શાંતિથી બેસી રહ્યા, પરંતુ પાર્વતીથી એવી રીતે શાંતિપૂર્વક ના બેસી રહેવાયું. એમણે ચિત્રકેતુની આસુરી વૃત્તિ જોઇને સત્વર શાપ આપ્યો કે તને પાપમય અસુરોની યોનિની પ્રાપ્તિ થાવ. એજ દંડ તારે માટે ઉચિત છે. એવા દંડને લીધે તું ફરીવાર કોઇ બીજા મહાપુરુષનું અપમાન કરવા નહિ પ્રેરાય.

પાર્વતીના શાપને સાંભળીને ચિત્રકેતુ વિમાનમાંથી ઉતરીને એમને પ્રણિપાત કરીને કહેવા લાગ્યો કે બે હાથ જોડીને તમારા શાપમાંથી મુક્ત થવાની કે એ શાપને હળવો કરવાની ઇચ્છા હું નથી રાખતો. ના, સ્વપ્ને પણ નહિ. હું તો મારી જે વાત તમને અનુચિત લાગી હોય તેને માટે મને સાચા દિલથી ક્ષમા કરો એટલી જ પ્રાર્થના કરું છું.

ચિત્રકેતુ એટલું બોલીને વિમાનમાં બેસીને વિદાય થયો. એને શાપ મળવા છતાં એણે સાચવેલી શાંતિ અજબ હતી. શંકર ભગવાને એને માટે એની પ્રશંસા કરી.

આદર્શ ભગવદ્દભક્તનું એ એક મોટું લક્ષણ છે. જીવનમાં સુખ આવે કે દુઃખ, સંપત્તિની વચ્ચે શ્વાસ લેવો પડે કે વિપત્તિની વચમાં, જય મળે કે પરાજય, અનુકૂળતામાં વસવું પડે કે પ્રતિકૂળતામાં, અને આશીર્વાદ મળે કે અભિશાપ, તો પણ સર્વે સ્થળે ને કાળે એ સ્વસ્થ ને શાંત રહેતો હોય છે. પ્રત્યેક પરિસ્થિતિને એ પરમાત્માના પ્રસાદરૂપે સ્વીકારીને એમાં આનંદાનુભવ કરતો હોય છે.

ચિત્રકેતુ ધારત તો પાર્વતીને સામો શાપ આપી શક્ત પરંતુ એણે એવું કરવાને બદલે શાંતિ રાખીને એની ઉદાત્તતાને બતાવી આપી. જો કે ભરી સભામાં એણે શંકર ભગવાનને માટે જે શબ્દો કહ્યા એ એની ઉદાત્તતાના પરિચાયક ન હતા, તો પણ પાછળથી એણે એમને માટે ક્ષમાયાચના કરી એટલું સારું હતું. જે ભૂલ નથી કરતો તે તો મહાન છે જ પરંતુ ભૂલ કરીને જે ભૂલને પકડી પાડે છે, સુધારે છે, ને ભૂલનું પુનરાવર્તન નથી કરતો તે પણ ઓછો મહાન નથી જ.

ચિત્રકેતુ જ એવી રીતે એના બીજા જન્મમાં વૃત્રાસુર થયો. દૈત્ય યોનિમાં જન્મ થવા છતાં પણ એને ઇશ્વરવિષયક જ્ઞાન તથા ભક્તિ વારસામાં મળ્યાં. એને લીધે જ અંતકાળ વખતે એ પોતાના મનને ઇશ્વરમાં જોડી શક્યો.

સમાજમાં વૃત્રાસુરની કમી નથી. દીનતા, કંગાલિયત, અનર્થ અને આતંક બધે જ ફેલાયલાં છે. એનો અંત આણીને સમાજને સ્વસ્થ, સમૃદ્ધ, સમુન્નત, સુખી અને શાંત કરવા માટે સૌએ દધીચિ બનવાની અથવા સમર્પણ કરવાની આવશ્યકતા છે. આવશ્યકતાનુસાર સર્વસમર્પણ કરવા પણ તૈયાર રહેવાનું છે. સમાજને પોતાની સાર્વત્રિક સુખાકારીને માટે એવા દધીચિઓની આવશ્યકતા છે જે એને માટે જરૂર પડ્યે પોતાના પ્રિયમાં પ્રિય પદાર્થનો ત્યાગ કરતાં પણ ના અચકાય.

☼ ☼ ☼ ☼ ☼

## ------ ષષ્ઠ સ્કંધ સમાપ્ત ------

# * સાતમો સ્કંધ *



प्रपन्य परिजाताय तोत्रवेत्रेक पाणये ।
ज्ञान मुद्राय कृष्णाय गीतामृत दुहे नमः ॥

## [૧] હિરણ્યકશિપુની તપશ્ચર્યા અને વરપ્રાપ્તિ

પ્રાચીન કાળમાં દૈત્યો અથવા અસુરો પણ પોતાના મનને જુદી જુદી જાતની તપશ્ચર્યામાં પરોવતા તથા ઇપ્સિત સિદ્ધિની પ્રાપ્તિ કરતા. એમની તપશ્ચર્યાનું સ્વરૂપ અને સાધ્ય સ્વાભાવિક જ એમની પ્રકૃતિ અથવા અભિરુચિને અનુસરીને જુદું જુદું રહેતું, પરંતુ એ તપશ્ચર્યા કરતા તો ખરા જ.

હિરણ્યકશિપુની તપશ્ચર્યાનું પ્રયોજન જુદું જ હતું. એ અજર, અમર અને સંસારનો એકછત્ર સર્વોપરી સમ્રાટ બનવાની ઇચ્છા રાખતો હતો. યુદ્ધમાં એનો કોઇ સફળતાપૂર્વક સામનો તો ના કરી શકે પણ એથી આગળ વધીને એની આગળ હિંમતપૂર્વક ઊભા રહેવાનું સાહસ પણ ના કરી શકે એવી અસીમ શક્તિની પ્રાપ્તિ કરવાની એની અભિલાષા હતી. એવી અસાધારણ અભિલાષાથી પ્રેરાઇને એણે તપ કરવાનો નિર્ણય કર્યો.

મંદરાચલ પર્વતની તળેટીના કોલાહલરહિત, ઋષિમુનિસેવિત, પ્રશાંત, પવિત્ર પ્રદેશમાં પહોંચીને એણે તપનો પ્રારંભ કર્યો. એ તપ પણ કેવું ? સાધારણ નહિ પરંતુ અતિશય કઠોર તપનું વર્ણન કરતાં કહેવામાં આવ્યું છે --

स तेपे मन्दरद्रोण्यां तपः परमदारुणम् ।
उर्ध्वबाहुर्नभोदृष्टिः पादांगुष्ठाश्रितावनिः ॥
(સ્કંધ ૭, અધ્યાય ૩, શ્લોક ૨)

‘મંદરાચલ પર્વતના પ્રદેશમાં પહોંચીને પોતાનો હાથ ઉપર ઉઠાવીને આકાશ તરફ દૃષ્ટિ રાખીને, પગના અંગુઠાના આધારે ધરતી પર ઊભો રહીને ખૂબ જ ભયંકર તપ કરવા લાગ્યો.’

પગના અંગુઠાના આધાર પર એવી રીતે હાથ ઉપર ઉઠાવીને દૃષ્ટિને આકાશ તરફ કેન્દ્રિત કરીને ઊભા રહેવાનું કાર્ય ધાર્યા જેટલું સહેલું નથી. એને માટે અસાધારણ તિતિક્ષાની આવશ્યકતા પડે છે. સાધારણ વ્યક્તિગતપ્રયોગ કરવાથી એ વાત સહેલાઇથી સમજી શકાશે. અલબત્ત, ખોટી રીતે હાસ્યાસ્પદ ના બનાય તેને માટે એવો પ્રયોગ જાહેરમાં કરવાને બદલે ખાનગીમાં કરાય તે વધારે સારું થશે. હિરણ્યકશિપુ સુદૃઢ શરીરથી સંપન્ન તથા અસાધારણ મનોબળથી મંડિત હતો. એને સાધનાના અનુષ્ઠાનની ને સિદ્ધિની પ્રાપ્તિની લગની લાગેલી. એથી જ એ એવું ઘોર-અતિઘોર તપ કરી શક્યો. માણસના દિલમાં લગન પેદા થાય છે તો તેને કોઇ પણ પ્રકારનો ભોગ કે ત્યાગ મોટો નથી લાગતો. પછી એ ભોગ લૌકિક પદાર્થો માટે આપવો પડે કે પારલૌકિક પદાર્થોને માટે; એ હકીકત એની આગળ ગૌણ બની જાય છે.

ભારતમાં કોઇક ઠેકાણે એવા સાધુ સંતો કે તપસ્વીઓ જોવા મળે છે જે વરસો સુધી પોતાના હાથને ઊંચો રાખે છે, એવા પુરુષોની સંખ્યા ખૂબ જ વિરલ હોય છે. એમને જોઇને આપણને આશ્ચર્ય પણ થઇ આવે છે. હાથને ઉપર રાખવાની વરસોની પદ્ધતિને લીધે એમનો હાથ તદ્દન પાતળો પડી જાય છે, એનું લોહી નીચે ઉતરી આવે છે, અને એ ઝાડની રસકસ વગરની કોઇક સૂકી ડાળીની સ્મૃતિ કરાવે છે. હાથને ઉપર રાખવાની ને તપ કરવાની એ પદ્ધતિની પ્રેરણા હિરણ્યકશિપુના તપના પ્રસંગ પરથી પ્રાપ્ત થઇ હોય તો નવાઇ નહિ.

મંદરાચલ પર્વતમાં તપ કરતા હિરણ્યકશિપુની જટા પ્રલયકાળના સૂર્યનાં કિરણોની પેઠે ચમકવા લાગી. દીર્ઘકાળના તપના પ્રભાવથી એના તપનો અગ્નિ મસ્તકમાંથી ધુમાડા સાથે નીકળવા લાગ્યો. એ અગ્નિ બધાને બાળવા માંડ્યો. એની જ્વાળાથી સરિતા ને સમુદ્ર ઉકળવા માંડ્યાં, પર્વતો હાલવા માંડ્યા ને ધરતી ધ્રુજવા લાગી. ગ્રહો, નક્ષત્રો તથા તારાઓ તૂટવા લાગ્યા.

દેવતાઓ એ ભયંકર તપથી ડરીને બ્રહ્માને પ્રાર્થવા લાગ્યા. બ્રહ્માએ એમને આશ્વાસન આપ્યું.

આસુરી વૃત્તિ, દૃષ્ટિ ને બુદ્ધિવાળા માનવના હાથમાં અનંત શક્તિ, શ્રી અને વિભૂતિ ચાલી જાય તો એથી કેટલો મોટો અનર્થ થાય એવી કલ્પનાથી દેવતાઓ ડરતા હતા. એમને થતું હતું કે હિરણ્યકશિપુનું ભયંકર તપ ફળશે અને એની મનોકામના પૂરી થશે ખરી ? એનું તપ ઇશ્વરદર્શન કે આત્મશાંતિ, મુક્તિ કે પૂર્ણતાને માટે નહોતું થઇ રહ્યું. એની પાછળ આત્મકલ્યાણની ભાવના કે દૃષ્ટિ જ ન હતી. એ તો કેવળ બળપ્રાપ્તિ માટે, કેવળ પોતાની મહત્તા સાચવવા અને વધારવા માટે થઇ રહેલું. એટલા માટે એ આદર્શ તપ નહોતું. તો પણ એ તપ તો હતું જ.

એ તપને લક્ષમાં લઇને બ્રહ્મા ભૃગુ તથા દક્ષ જેવા પ્રજાપતિઓની સાથે હિરણ્યકશિપુની પાસે પહોંચ્યા.

હિરણ્યકશિપુનું શરીર ઉધઇ, ઘાસ, માટી અને વાંસના વિશાળ વનથી ઢંકાઇ ગયેલું હોવાથી સહેલાઇથી જોઇ ના શકાયું. એ શરીર તદ્દન શુષ્ક ને દુર્બળ બની ગયેલું. બ્રહ્મા એને જોઇને સહેજ આશ્ચર્યચકિત બન્યા ને બોલ્યા:

'હિરણ્યકશિપુ ! તારું કલ્યાણ થાવ. તારું તપ હવે સફળ થયું છે. હું તને વરદાન આપવા કે સફળ મનોરથ કરવા આવી પહોંચ્યો છું. તારી જે ઇચ્છા હોય તે માગી લે. તારા અદ્દભુત આત્મબળને જોઇ લીધું. ડાંસોએ તારા શરીરને ચટકા ભર્યા છે તો પણ તું તારા તપમાંથી ચલાયમાન નથી થયો. કેવું અદ્દભુત પરાક્રમ ! તારો પ્રાણ ફક્ત હાડપીંજરના આધારે ટકી રહ્યો છે. આવું તપ ભૂતકાળમાં કોઇએ કર્યું નથી ને ભવિષ્યકાળમાં કોઇયે કરી શકશે પણ નહિ. દેવતાંઓના સો વરસો સુધી તેં પાણીનો પણ પરિત્યાગ કરીને તપ કર્યું છે. એથી પ્રસન્ન થઇને હું તારી પાસે આવી પહોંચ્યો છું. મારા દર્શનથી કૃતાર્થ થા. મારું દર્શન દુર્લભ હોવાં છતાં નિષ્ફળ જતું નથી. હું તારી પાસે આવ્યો જ છું તો જે માગવું હોય તે માગી લે. '

બ્રહ્માએ એટલું બોલીને એના સૂકાયલા શરીર પર પોતાના કમંડલનું દિવ્ય પરમપવિત્ર પાણી છાંટયું. એના સુધામય સંસ્પર્શથી એને જાણે કે નવજીવનની પ્રાપ્તિ થઇ. એનું શરીર નવયૌવનથી સંપન્ન, સુંદર ને સુદૃઢ બની ગયું. ઇન્દ્રિયોમાં નવી શક્તિ અને ચિત્તમાં અવનવી ચેતના છવાઇ ગઇ. એ તરત જ ઊભો થયો. બ્રહ્માના દૈવી દર્શનથી એને અદ્દભુત આનંદ થયો. એણે એમને મસ્તકને પૃથ્વી પર લગાડીને પ્રણામ કર્યા. એના જીવનની, સમસ્ત સાધનાની એ ધન્ય ઘડી છે એવું એને લાગવા માંડ્યું. અને શા માટે ના લાગે ? પ્રત્યેક સાધકને એવો દર્શનાનુભવ મળતાં એવું લાગે જ.

હિરણ્યાકશિપુએ બ્રહ્માની ગદ્દગદ સ્વરે સ્તુતિ કરી. એનું શરીર એ વખતે રોમાંચિત બન્યું અને એનાં લોચનો છલકાઇ ઊઠ્યાં. દૈત્ય હોવાં છતાં એને દિલ તો હતું જ. એ દિલમાં સ્પંદનો કે સંવેદનો પણ હતાં. એનું મન મહોત્સવ કરવા માંડ્યું.

બ્રહ્માની ગદ્દગદ સ્વરે પરમ પ્રેમપૂર્વક પ્રશસ્તિ કર્યા પછી એણે પોતાના મનોવાંછિત વરદાનની માગણી કરતાં કહ્યું: પ્રભુ ! તમે સમસ્ત વરદાતાઓમાં શ્રેષ્ઠ છો. મારી ઉપર કૃપા કરીને મને એવું વરદાન આપો કે મનુષ્ય અથવા પશુ, પ્રાણી અથવા અપ્રાણી, દેવતા, દૈત્ય કે નાગાદિ તમારા પેદા કરેલા કોઇપણ પ્રાણીથી, મારું મૃત્યુ ઘરમાં કે ઘરની બહાર ના થાય, પૃથ્વી પર અથવા આકાશમાં ના થાય, અસ્ત્રથી ના થાય; શસ્ત્રથી ના થાય, તમારા પેદા કરેલા કોઇ જીવથી ને બીજાથી પણ ના થાય. હું સમસ્ત સંસારનો એકછત્ર સમ્રાટ બની જાઉં. સંગ્રામમાં કોઇ મારો સામનો ના કરી શકે. તમારા જેવો જ મહિમા મને પ્રાપ્ત થાય. એ ઉપરાંત તપસ્વીઓ તથા યોગીઓને પ્રાપ્ત થનારા અવિનાશી અનંત ઐશ્વર્યનું મને દાન કરો.

હિરણ્યકશિપુએ માગેલાં વરદાન સાધારણ અથવા અસાધારણ નહોતાં પરંતુ એકદમ અસાધારણ હતાં, તો પણ બ્રહ્માએ એને એ વરદાન આપી દીધાં. એથી હિરણ્યકશિપુની પ્રસન્નતાનો પાર ના રહ્યો. એણે એમની પૂજા કરી.

હિરણ્યકશિપુનું શરીર સુવર્ણસમાન કાંતિવાળું ને સુંદર થઇ ગયું. એ છતાં એના આસુરી પ્રકૃતિવાળા, રાગદ્વેષથી ભરેલા મનમાં કશું પરિવર્તન ના થયું. પોતાના ભાઇ હિરણ્યાક્ષના મૃત્યુની સ્મૃતિ કરીને એ ભગવાન પ્રત્યે દ્વેષ કરવા લાગ્યો. ઉપાસના, તપશ્ચર્યા કે સાધના સર્વપ્રકારે કલ્યાણકારક છે. એનો આધાર આવશ્યક છે. પરંતુ એ દ્વિવિધ હોય છે. પહેલાં પ્રકારની ઉપાસના, તપશ્ચર્યા કે સાધના શરીરને સૂકવી નાખે છે ને વિભિન્ન વ્રતોનો કે નિયમોનો આધાર લે છે પરંતુ એમાં મનની વિશુદ્ધિ નથી થતી. મનના ભાવો, વિચારો, પૂર્વગ્રહો અને રાગદ્વેષો એવા ને એવા જ અકબંધ રહે છે. બીજા પ્રકારની ઉપાસના, તપશ્ચર્યા કે સાધના મનની શુદ્ધિ સાધવામાં અને ઉદાત્તતાની અભિવૃદ્ધિ કરવામાં ઉપયોગી થાય છે. એનો આશ્રય લેવાથી સાધકનું શરીર જ બદલાય છે એમ નહિ, મન પણ પલટાય છે. આત્મવિકાસની દૃષ્ટિએ એ અધિક કલ્યાણકારક થઇ પડે છે. એવી સાધના શાંતિ આપે છે ને જીવનને સર્વપ્રકારે પવિત્ર, પ્રેમમય, પ્રકાશથી પરિપ્લાવિત અને ઉજ્જવળ બનાવે છે. હિરણ્યકશિપુની તપશ્ચર્યા એવી જીવનને ઉજ્જવળ કરનારી તપશ્ચર્યા ના હોવાથી એના મનમાં જરૂરી ક્રાંતિ ના થઇ. એનું મન એવું જ મલિન રહ્યું.

એણે બ્રહ્માના વરદાન દ્વારા મેળવેલા અસાધારણ સામર્થ્યનો ઉપયોગ કરીને દિશા-પ્રદિશાઓને જીતી લીધી, અને લોકપાલોનાં સ્થાનોને પણ લઇ લીધાં. હવે એ નંદનવન જેવાં અલૌકિક ઉપવનોથી યુક્ત સ્વર્ગમાં જ વસવા લાગ્યો. ઇન્દ્રનું અલૌકિક સૌન્દર્યભવન એનું આવાસસ્થાન બની ગયું. એ સમસ્ત સંસારનો એકછત્ર સમ્રાટ બની ગયો. એનાથી ભયભીત બનેલા દેવદાનવો એને વંદન કરતા ને રાજી રાખતા. એ અહંકારથી ઉન્મત્ત ને મદિરાપાનથી મત્ત રહેતો.

યજ્ઞોની આહુતિને છીનવી લેવામાં એને આનંદ આવતો. એ જે ઇચ્છતો એને અંતરીક્ષમાંથી મેળવી શક્તો. એ વખતે પૃથ્વીમાંથી ખેડ્યા કે વાવ્યા વિના જ અન્ન પેદા થતું. સમુદ્રો એને રત્નોના ભંડારો આપતા. વિભિન્ન પ્રકારના ભોગોપભોગથી પણ એના અંતરાત્માને તૃપ્તિ નહોતી થતી. એ મનનો અને ઇન્દ્રિયોનો દાસ હોવાથી અહર્નિશ અસ્વસ્થ અને અશાંત રહેતો.

લોકપાલો તથા લોકો એના કઠોર શાસનથી ડરી ગયા ને દુઃખી થયા. એમણે બેચેન બનીને ભગવાનનું શરણ લીધું ત્યારે આકાશવાણી થઇ કે દેવતાઓ ! ડરો નહિ. એ દૈત્યની દુષ્ટતાની મને ખબર છે.

હું એનો નાશ કરીશ. એને માટે તમારે થોડીક પ્રતીક્ષા કરવી પડશે. એ દૈત્ય પોતાના શાંત, નિર્દોષ, વેરભાવ વિનાના મહાત્મા પુત્ર પ્રહ્લાદનો દ્વેષ કરશે અને એનું અનિષ્ટ કરવા તૈયાર થશે ત્યારે વરદાનને લીધે ગમે તેટલો શક્તિશાળી થયો હશે તો પણ હું એનો નિમીષમાત્રમાં જ રમતાં રમતાં નાશ કરી નાખીશ.

એ આકાશવાણી સાંભળીને સૌ સ્વાભાવિક રીતે જ પ્રસન્ન થયા. સૌને સાંત્વન મળ્યું.

☼ ☼ ☼ ☼ ☼

## [૨] પ્રહ્લાદનો વિરોધ-૧

કહેવાય છે કે કુદરત જ્યાં વ્યાધિ પેદા કરે છે ત્યાં કૃપા કરીને એની અમોઘ ઔષધિને પણ ઉત્પન્ન કરે છે. હિરણ્યકશિપુના સંબંધમાં એ વિધાન સાચું ઠર્યું. એ પોતે સમસ્ત સમાજને માટે મહાભયંકર મર્મઘાતક વ્યાધિરૂપ હતો એવું કહીએ તો એની સાથે સાથે એવું પણ કહેવું જોઇએ કે એ વ્યાધિને દૂર કરવાની અકસીર અમૂલખ ઔષધિનું સર્જન સંસારના સર્વસૂત્રધારે એના ઘરમાં જ કર્યું - એના જ પરમધર્માત્મા પુત્ર પ્રહ્લાદના રૂપમાં.

પરમધર્માત્મા પુત્ર પ્રહ્લાદની સાથે જ એનો વિરોધ થયો અને એ વિરોધ વખતના વીતવાની સાથે દિનપ્રતિદિન એવો તો વધતો ગયો કે છેવટે એનો સર્વનાશ કરનારો સાબિત થયો. એણે અમર બનવાનું વરદાન તો માંગેલું, પરંતુ આ અવનીમાં કોઇ અમર થઇ શક્યું છે કે એ થાય ? યોગીઓએ મૃત્યુંજય બનવાના પ્રયોગો કર્યા છે ખરા. એમના સાધનાત્મક પ્રયોગોની સફળતાની આકાંક્ષા રાખવામાં પણ કશી હરકત નથી દેખાતી. એમનાં જીવન અવનીને માટે અમૂલખ આશીર્વાદરૂપ હોય છે અને અનંતકાળ કે વધારેમાં વધારે સમય સુધી ટકે તો બીજાને લાભ થાય, પરંતુ હિરણ્યકશિપુ જેવા આસુરી પ્રકૃતિના પુરુષોનાં શરીર તો વહેલી તકે સમાપ્ત થાય એને માટે લોકો ઇચ્છે ને પ્રાર્થે. એવા અવનીમાં આતંક ફેલાવનારા પુરુષો યાવચ્ચંદ્રદિવાકરૌ અમર બનીને સંસારમાં શ્વાસ લે તો સંસારની દશા કેટલી બધી કરૂણ, ક્લેશકારક કે કફોડી થાય તેની કલ્પના સહેજે કરી શકાય તેમ છે. એવા પૃથ્વીને પીડા પહોંચાડનારા પુરુષોની અમર બનવાની મહત્વકાંક્ષા અધુરી રહે એ જ બરાબર છે જેથી સંતપ્ત સંસાર થોડોક રાહતનો દમ ખેંચી શકે.

કુદરતે અથવા એના અધીશ્વરે હિરણ્યકશિપુના સર્વનાશનો શિલાન્યાસ કેવી રીતે કર્યો અને એની ઉપર ચણતરકામ કેવી રીતે પ્રારંભ્યું ને પૂરું કર્યું એનો ઇતિહાસ ખૂબ જ રોચક છે. એ ઇતિહાસનું અવલોકન ક્રમેક્રમે કરીશું. હાલ તો ભાગવતકારે કરાવેલો પ્રહ્લાદનો સંક્ષિપ્ત પરિચય જોઇ જઇએ. એ પરિચય પણ એટલો જ રસિક તથા પ્રેરક છે. ભાગવતકાર એકીસાથે પિતા ને પુત્રના બે વિરોધાભાસી વ્યક્તિત્વને રજૂ કરે છે. સરોવરમાં કાદવ પણ હોય છે ને કમળ પણ પ્રકટે છે. સમુદ્રમાંથી વિષ અને અમૃત બંનેની સૃષ્ટિ થઇ છે. ચંદ્રમાં ચારુતા પણ છે ને શ્યામતા પણ સમાયલી છે. એવી રીતે એક જ ઘરમાં વિરોધી વ્યક્તિત્વવાળા પિતાપુત્રનું એ દર્શન કરાવે છે. પ્રકૃતિની એ વિશેષતા ને વિલક્ષણતા છે - પ્રહ્લાદ અને હિરણ્યકશિપુ. એક પવિત્ર ને બીજા મલિન. એક ઇશ્વરપ્રેમી ને બીજો ઇશ્વર વિરોધી. એક સૌનું હિત ચાહનાર ને બીજો અહિત કરનાર. એક દૈવી સંપત્તિનો સંપુટ ને બીજો આસુરી સંપત્તિનો અવતાર. એક પ્રકાશ તો બીજો અંધકાર. એક આશીર્વાદ તો બીજો અભિશાપ. પ્રકૃતિની લીલા કેવી વિચિત્ર છે ? જ્યાં ગુલાબ થાય છે ત્યાં જ કાંટા પણ થતા હોય છે. એકનો ઉદ્ધાર થયો ને બીજાનો સર્વનાશ. એકને શાંતિ મળી ને બીજાને અશાંતિ. એક પરમ પુરુષનો ઉપાસક હતો તો બીજો એની દાસી જેવી પ્રકૃતિનો પામર પરિચારક. માનવજીવનના જુદા જુદા વિકાસપથ પર પ્રયાણ કરનારા એ પ્રવાસી હતા. માનવની વિવિધ પ્રગતિના પ્રતિનિધિ કે પ્રતીક. માનવે એમનાં વિરોધાભાસી રેખાચિત્રોનું તટસ્થ અવલોકન કરીને પોતે શું બનવું છે - પ્રહ્લાદ કે હિરણ્યકશિપુ અને

એ બંનેમાંથી કોના જીવનનું અનુસરણ કરવું છે તે નક્કી કરવાનું છે. એ રેખાચિત્રો મુખ્યત્વે એટલા માટે જ છે.

* * *

પ્રહ્લાદનો પરિચય કરાવતાં ભાગવતકાર કહે છે કે પ્રહ્લાદ હિરણ્યકશિપુના ચાર પુત્રોમાં સૌથી નાનો હતો. નાનો હોવા છતાં સદ્દગુણોની ને બીજી યોગ્યતાની દૃષ્ટિએ મોટો હતો. સંતો પ્રત્યે એને પ્રથમથી જ પ્રીતિ હતી તેમ જ સંતસમાગમની પ્રબળ રુચિ. મોટા પુરુષોને પુજ્ય ભાવથી પેખવાની વૃત્તિ એને જાણે કે વારસામાં મળેલી. એ નમ્રતાની મૂર્તિ હતો. લોક અને પરલોકના પદાર્થોને એ પરિવર્તનશીલ અને અસાર સમજતો હોવાથી કોઇ પણ પદાર્થની લાલસા એના મનમાં નહોતી પેદા થતી. તન, મન અને ઇન્દ્રિયો પર એનો અધિકાર હતો. અસુરને ત્યાં જન્મ મળ્યો હોવા છતાં એનામાં આસુરી સંપત્તિનો છાંટો પણ ન હતો. એની સૌથી મહાન વિશેષતા એ હતી કે એના પ્રાણમાં ભગવાનનાં ચારુ ચરણોનો જન્મજાત સ્વાભાવિક પ્રેમ પ્રકટ થયેલો.

**वासुदेवे भगवति यस्य नैसर्गिकी रतिः ।** (સ્કંધ ૭, અધ્યાય ૪, શ્લોક ૩૬ ઉત્તરાર્ધ)

**कृष्णग्रहगृहीतात्मा न वेद जगदीश्वरम् ।** (સ્કંધ ૭, અધ્યાય ૪, શ્લોક ૩૭ ઉત્તરાર્ધ)

ભગવાન કૃષ્ણના અનુરાગરૂપી ગ્રહે એના અંતરને એવું તો વશ કરેલું કે એને સંસારનું ભાન જ ના રહેતું. બાલ્યાવસ્થામાં બહારની રમતગમતને છોડી દઇને એનું મન ભગવાનના ધ્યાનમાં ડૂબી જતું અને ચિંતનમનનમાં મશગુલ થતું. એને ભગવાનની સંનિધિનો સતત અનુભવ થયા કરતો.

ભક્તિમાર્ગના અનુભવસિદ્ધ આચાર્યોએ ભક્તોના જીવનમાં સમય સમય પર જોવા મળતા અષ્ટ મહાભાવોનું વર્ણન કર્યું છે. એ વર્ણન પ્રમાણે જેના અંતરમાં ભગવદ્દભક્તિનો ઉદ્રેક પેદા થાય છે તે ભક્ત ભગવાનનું સ્મરણ, મનન કે સંકીર્તન કરતાં કદી કદી ભાવવિભોર બનીને હસે છે, રડે છે, તો કદીક નૃત્ય કરવા માંડે છે. કોઇકવાર ગાવા માંડે છે તો કોઇકવાર શૂન્યમનસ્કની જેમ જડ બનીને બેસી રહે છે. કોઇકવાર એને રોમાંચ થાય છે, કોઇકવાર એ સ્તબ્ધાવસ્થાનો અનુભવ કરે છે, તો કોઇવાર ભગવાનની સાથે સંભાષણ કરવા લાગે છે ને બેહોશ બની કે સૂધબૂધ ભૂલી જાય છે. એવા મહાભાવોનું અને એમની જનની જેવી ભગવાનની ભક્તિનું પ્રાક્ટય ભગવદ્દભક્તિથી ભરેલા ભગવદ્દભક્તોના શુભાશીર્વાદ અને સુરદુર્લભ શાંતિપ્રદાયક સમાગમ સિવાય નથી થતું. કોઇ કોઇ અતિવિરલ પુરુષવિશેષના જીવનમાં જન્માંતર સંસ્કારોના સુ-પરિણામરૂપે જન્મની સાથે જ એનું દર્શન થાય છે. વિષયીજનોના જીવનમાં એવા ભાવો વિષયોના સ્મરણમનનથી પ્રાદુર્ભાવ પામે છે ને ભગવદ્દભક્તોના જીવનમાં ભગવાનના સ્મરણમનનથી. વિષયી જનોને માટે એ ભાવો ક્લેશકારક અથવા અશાંતિદાયક થઇ પડે છે અને ભગવદ્દભક્તોને માટે શાંતિદાયક અને કલ્યાણકારક.

પ્રહ્લાદના જીવનમાં એ મહાભાવોનું દર્શન શરૂઆતથી જ થયા કરતું. એનું હૃદય સાત્વિક, શુદ્ધ, નિર્વિકાર અને ભાવમય હતું. તો પણ હિરણ્યકશિપુએ એનો વિરોધ કર્યો એટલું જ નહિ પરંતુ એની ઉપર વેરવૃત્તિ રાખીને એને જુદી જુદી રીતે પીડા પહોંચાડવાના પ્રયત્નો કર્યા એનું કારણ ? કોઇ બીજો પિતા હોત તો પોતાની કુળપરંપરામાં એવો અસાધારણ ભગવદ્દભક્ત પાક્યો એને માટે ગૌરવ ગણત અને એનું દર્શન

કરીને ધન્ય બનત. પોતાના શરીરધારણને સફળ અથવા સાર્થક સમજત. એને સર્વ પ્રકારની સાનુકૂળતા કરી આપત. પોતે પણ ભગવદ્દભક્તિની એ ભાગીરથીમાં સ્નાન કરવાનું સૌભાગ્ય મેળવીને કૃતાર્થ થાત. પરંતુ એને બદલે હિરણ્યકશિપુએ એની સાથે વિરોધી વ્યવહાર કર્યો તેનું કારણ ?

ભાગવતના સાતમા સ્કંધના પાંચમા અધ્યાયમાં એના કારણનો નિર્દેશ કરવામાં આવ્યો છે. એનો મુખ્ય સાર એ છે કે પ્રહલાદને જે ભગવાન પ્રત્યે અલૌકિક અનુરાગ હતો એ ભગવાનને હિરણ્યકશિપુ જરા પણ પ્રિય નહોતો માનતો. ભગવાનને એ શત્રુ સમજતો હોવાથી પ્રહલાદને પણ પોતાનો શત્રુ સમજવા લાગ્યો. અને એટલે જ, એનો સમુચિત સત્કાર કરવાને બદલે અને એને અસાધારણ આદરભાવથી જોવાને બદલે એનો ઉપહાસ અને એની અવજ્ઞા કરવા માંડ્યો.

☼ ☼ ☼ ☼ ☼

## [૩] પ્રહલાદનો વિરોધ - ૨

દૈત્યોના પુરોહિત શુક્રાચાર્યના શંડ અને અમર્ક નામના પુત્રો હિરણ્યકશિપુના આદેશાનુસાર પ્રહ્લાદને અને બીજા દૈત્યબાળકોને વિદ્યાભ્યાસ કરાવવાનું કામ કરતા.

એક દિવસ હિરણ્યકશિપુએ પ્રહ્લાદને પૂછ્યું કે તને કયી વાત સૌથી વધારે સારી લાગે છે ?

પ્રહ્લાદે કહ્યું કે અહંતા, મમતા, આસક્તિ અને રાગ-દ્વેષની ભયંકર વિષવરાળમાં અટવાઇને સંસારના મોટા ભાગના મનુષ્યો દિનરાત દુઃખી થાય છે એ જોઇને મને કાંઇનું કાંઇ થઇ જાય છે. આવા દુઃખમય અને શોકસંતપ્ત સંસારમાં મને અવિદ્યારૂપી અંધકારથી ભરેલા ઘરરૂપી કૂવામાંથી બહાર નીકળીને વનમાં જવાનું ને ભગવાનનું શરણ લેવાનું જ શ્રેયસ્કર અને સારૂં લાગે છે.

પ્રહ્લાદનો પ્રત્યુત્તર સાંભળીને હિરણ્યકશિપુ હસ્યો. એને એ પ્રત્યુત્તર જરા પણ સારો ના લાગ્યો. એને થયું કે પ્રહ્લાદની બુદ્ધિ બગડી હોવાથી જ એ પોતાના વેરી ભગવાન વિષ્ણુનું શરણ લેવાની વાત કરે છે. બુદ્ધિ પ્રહ્લાદની નહોતી બગડી, એની પોતાની જ બગડેલી; છતાં પણ એ અજ્ઞાનને લીધે એવું સમજી બેઠો. બુદ્ધિ બગડે છે ત્યારે કુવિચારો પેદા થાય છે, મનુષ્ય વ્યસનો તથા વિકારોનો દાસ બને છે, ને કુમાર્ગે વળે છે. એ અહંતા ને મમતામાં કેદ બને છે ને વિષયોમાં આસક્તિ કરીને બેસી જાય છે. વિષયી જીવન જીવે છે ને ભગવાનને ભૂલી જાય છે. એ આત્માનો નહિ, અનાત્માનો આરાધક બને છે. એથી ઉલટું, બુદ્ધિ સુધરે છે કે સુધરવા માંડે છે ત્યારે મનુષ્ય સદ્દવિચાર, સદ્દભાવ, સુસંસ્કાર અને સત્કર્મથી સંપન્ન બને છે, અહંતા-મમતા તથા વિષયાસક્તિને દૂર કરે છે, અનાત્મબુદ્ધિમાંથી મુક્તિ મેળવીને આત્માનો આરાધક બને છે, ને ભગવાનનો થઇને અહર્નિશ ભગવાનમાં જ જીવે છે, રહે છે ને રમે છે. એવા સુધરેલી બુદ્ધિવાળા માનવો-કહો કે માનવરત્નો અવનીમાં બહુ ઓછા મળે છે અને બગડેલી બુદ્ધિવાળા ઢગલાબંધ જડે છે. તો પણ એમની એ કમનસીબી છે કે એ સુધરેલી બુદ્ધિવાળા સમજે છે એ રીતે એ એમનો લાભ નથી ઊઠાવી શક્તા. એ તો ઠીક પરંતુ એથી આગળ વધીને એમના માર્ગમાં અંતરાયો નાખે છે અને એમને હેરાન કરે છે. દુનિયાની દૃષ્ટિમાં ડાહ્યા દેખાતા કેટલાય વાસ્તવિક રીતે જોતાં દિવાના દેખાશે ને દિવાના દેખાતા કેટલાક તટસ્થ રીતે વિચારતાં કે ચકાસતાં ડાહ્યા લાગશે.

પ્રહ્લાદ ડહાપણનો દરિયો હોવાથી એને બીજું કશું ભણવામાં સાર જ નહોતો દેખાતો. સાચું છે. માનવજીવનમાં વિકાસની એવી એક ઉચ્ચ ભૂમિકા અવશ્ય આવે છે જ્યારે ભગવાનની સંનિધિ સિવાય બીજું કશું જ નથી ગમતું. ભગવાન જ એના જીવનમાં એકમાત્ર આશ્રય, આરાધ્ય અથવા આદર્શ બની રહે છે. એને થાય છે કે હવે બહારનું બીજું કશું જ શીખવાની કે સમજવાની જરૂર નથી રહી. કેવળ ઇશ્વરને જ જાણવાની જરૂર છે. એ અલૌકિક અવસ્થાએ આસીન ક્યારે થઇ શકાશે એ વિશે ચોક્કસપણે કશું જ ના કહી શકાય. એવી અવસ્થા એકાદ જન્મમાં પણ મળે અને એને માટે જન્મજન્માંતરો પણ વીતી જાય. પરંતુ પ્રત્યેક માનવ વહેલો કે મોડો એ અવસ્થાએ પહોંચશે એ ચોક્કસ છે.

પ્રહ્લાદ એ અલૌકિક અવસ્થાની પાસે પહોંચ્યો હોવાથી જ એવો ઉત્તર આપી શક્યો. આત્મવિકાસની અસાધારણ અવસ્થાએ પહોંચ્યા પછી બીજો કોઇ ઉત્તર આપવાનું શક્ય જ ના બને.

પ્રહલાદના વિદ્યાગુરુઓએ એને એવો ઉત્તર આપવા માટે ધમકાવ્યો તેમ જ એની બુદ્ધિ ઠેકાણે લાવવાનો પ્રયાસ કર્યો પરંતુ એ પ્રયાસ વ્યર્થ ગયો. પ્રહલાદ ભગવાનનો પરમ ભક્ત હતો, ભક્તિના સંસ્કારોને લઇને આવેલો, ને ભગવદ્દભક્ત થવા સરજાયેલો. એણે પોતાના વિદ્યાગુરુઓને પણ જણાવ્યું કે અહંતા તથા મમતાનો પરિત્યાગ કરીને ભગવાનની ભક્તિની મદદથી ભગવાનની પાસે પહોંચીને ભગવાનનો સાક્ષાત્કાર કરવાથી જ જીવનનું સાચું શ્રેય સાધી શકાય છે. એ સિવાય બીજો કોઇ માર્ગ નથી. તમે પણ એ માર્ગે વળો, આગળ વધો ને જીવનનું કલ્યાણ કરો.

વિદ્યાગુરુઓને એની એ વાત જરા પણ ના રુચી. એમને થયું કે દૈત્યોના કુળમાં આ કુળાંગાર ક્યાંથી પાક્યો ? ચંદનના સુંદર સુવિકસિત વનમાં આ બાવળીયો કેવી રીતે પેદા થયો ? એ એને ના સમજી શક્યા. ને ક્યાંથી સમજી શકે ! એમની બુદ્ધિ વિષયી અને અલ્પ હતી. ભગવદ્દભક્ત બનવું તો કઠિન છે જ પરંતુ ભગવદ્દભક્તને ઓળખવાનું અથવા સહાનુભૂતિથી સમજવાનું કામ પણ એટલું જ કઠિન છે. એનો આધાર પણ મોટેભાગે માણસના પોતાના સંસ્કાર પર ને ભગવદ્દભક્તોની અહેતુકી કલ્યાણકારિણી કૃપા પર રહેતો હોય છે. એમની કૃપા વિના એમને પરિપૂર્ણપણે કોણ જાણી શકે ? માનવની મર્યાદિત બુદ્ધિ એમને સહાનુભૂતિથી સમજે કે સમજવાનો પ્રયત્ન કરે અને એ પ્રયત્નમાં ઓછેવત્તે અંશે સફળ બને એટલું જ.

* * *

હિરણ્યકશિપુએ પ્રહલાદે પ્રાપ્ત કરેલી વિદ્યા જાણવા માટે પ્રહલાદને કેટલાક વખત પછી એકવાર ફરી પ્રશ્ન પૂછયો ત્યારે પ્રહલાદે પોતાના ઉદાત્ત ભક્તિભાવનો ને સર્વોચ્ચ સંસ્કારોનો પરિચય કરાવતાં કહ્યું :

श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् ।
अर्चमं वंदनं दास्यं सख्यमात्मानिवेदनम् ॥
(સ્કંધ ૭, અધ્યાય ૫, શ્લોક ૨૩)

'વિષ્ણુ ભગવાનની ભક્તિ મુખ્યત્વે નવ પ્રકારની કહેવાય છે. એ નવ પ્રકાર અનુક્રમે આ પ્રમાણે છે - ભગવાનના મહિમા તથા ભગવાનની લીલા, કથા તથા ભગવાનના નામનું શ્રવણ તથા સંકીર્તન, ભગવાનનું શ્રદ્ધાભક્તિ સહિતનું સતત સ્મરણ, એમના ચરણોનું પૂજન તેમજ સેવન, એમની અનુરાગપૂર્વકની અનેકવિધ આરાધના, વંદન, સખ્ય, દાસ્ય અને આત્મનિવેદન. ભગવાનના ચરણોમાં સર્વસમર્પણભાવ. એ નવ પ્રકારની ભક્તિ કરવામાં આવે તો એના જેવું ઉત્તમ અધ્યયન બીજું કોઇ જ નથી. એ અધ્યયનની અથવા અધ્યાત્મવિદ્યાની પ્રાપ્તિ મેં કયારનીય કરી લીધી છે.'

ભક્તિના નવ પ્રકારનું એ વર્ણન ભાગવતનું વિશિષ્ટ વર્ણન છે. દેવર્ષિ નારદે પોતાના ભક્તિદર્શનમાં ભક્તિના અપરા અને પરા એવા બે પ્રકારો બતાવ્યા છે. એમને ગૌણી તથા મુખ્યા ભક્તિના નામથી પણ કહી બતાવ્યા છે. મુખ્યા ભક્તિને એમણે રાગાત્મિકા ભક્તિનું બીજું નામ પણ આપેલું છે. એ જ આત્મનિવેદન ભક્તિ છે. એનો આવિર્ભાવ થતાં ભક્ત પોતાનું જીવનસર્વસ્વ ઇશ્વરનાં ચરણોમાં ને ઇશ્વરને માટે સમર્પિત કરે છે અને ઇશ્વરના દૈવી દર્શનને માટે બેચેન બને છે. આત્મનિવેદન ભક્તિને ભક્તિનું સારતત્વ કહી શકાય. એની સંપ્રાપ્તિ થતાં ભક્તનું જીવન કૃતાર્થ થાય છે ને આરંભની બીજી બધી જ ભક્તિસાધના સફળ બને છે. ભક્તિની સઘળીયે પ્રારંભિક સાધના છેવટે તો હૃદયને નિર્મળ, નિર્વાસનિક અને રાગમય કરીને ઇશ્વરદર્શનની

લગનીને પેદા કરવા તથા પ્રબળ બનાવવા માટે છે. એવી આતુરતાયુક્ત અવસ્થાની પ્રાપ્તિ થતાં ઇશ્વરદર્શન દૂર નથી રહી શક્તું. જેમને પણ ઇશ્વરદર્શનનો અદ્દભુત લાભ મળ્યો છે તેમણે જીવનમાં એવી અભૂતપૂર્વ લગનીને પેદા કરી છે.

પ્રહ્લાદનો પ્રત્યુત્તર સાચો અને આનંદદાયક હતો તો પણ તેના પિતા હિરણ્યકશિપુને તે આનંદ ના આપી શક્યો. એને સાંભળીને એ ખૂબ જ ક્રોધે ભરાયો. એટલું એનું દુર્ભાગ્ય હતું. એ શુક્રાચાર્યના પુત્ર પર પ્રહ્લાદને એવી અનર્થકારક  વિદ્યા શીખવવા માટે રોષે ભરાયો અને ઠપકો આપવા લાગ્યો ત્યારે ગુરુપુત્રે જણાવ્યું કે એ વિદ્યા અમારી કોઇની આપેલી નથી પરંતુ એને જન્માંતર સંસ્કારના કે પૂર્વપ્રજ્ઞાના પરિણામરૂપે વારસામાં મળેલી છે.

પ્રહ્લાદે કહ્યું કે પરમાત્માની પવિત્રતમ પ્રેમભક્તિના પ્રભાવથી જીવનમાં સર્વે પ્રકારના સદ્દગુણોનો, સાત્વિકતાનો તથા સદ્દવૃત્તિનો ને સદ્દબુદ્ધિનો ઉદય થાય છે. પરમાત્મા પરમજ્ઞાનસ્વરૂપ હોવાથી એમના શરણાગતને જ્ઞાનની પ્રાપ્તિ આપોઆપ થાય છે. એથી એની ઇન્દ્રિયલોલુપતાનો, દુન્યવી વિષયોની આકર્ષણવૃત્તિનો અને અવિદ્યાનો અંત આવે છે. એનો અહંકાર પણ ઓગળી જાય છે. જેની બુદ્ધિ તેમજ ચિત્તવૃત્તિ ભગવાનના ચારુ ચરણકમળનો સ્પર્શ કરે છે એના જન્મમરણરૂપ અનર્થનું સદાને સારુ શમન થઇ જાય છે.

પ્રહ્લાદના શબ્દો સાંભળીને હિરણ્યકશિપુ એકદમ ઉત્તેજીત થઇ ગયો. એણે ક્રોધમાં ને ક્રોધમાં પ્રહ્લાદને પૃથ્વી પર પછાડીને દૈત્યોને આદેશ આપ્યો કે આનો અત્યારે ને અત્યારે જ નાશ કરી નાખો. એને જીવતો નથી રાખવા જેવો. જે વિષ્ણુએ મારા ભાઇ હિરણ્યાક્ષને મારી નાખ્યો તેજ છળકપટયુક્ત વિષ્ણુની એ પ્રશસ્તિ ને પૂજા કરે છે. મને તો લાગે છે કે ભાઇનો નાશ કરનારો વિષ્ણુ જ આના રૂપમાં આવી પહોંચ્યો છે. આનો જરા પણ વિશ્વાસ નથી કરવા જેવો. શરીરનો એકાદ અવયવ જો સમસ્ત શરીરને હાનિ પહોંચાડતો હોય તો એનો નાશ કરી નાખવો જોઇએ. એ જ શ્રેયસ્કર છે. એનો નાશ કરી નાંખવામાં આવે તો શેષ શરીર સારી રીતે રહી શકે છે.

હિરણ્યકશિપુના આદેશને સાંભળીને દૈત્યો હાથમાં સુતીક્ષ્ણ ત્રિશૂળો સાથે 'મારો, કાપો' કરતા પોકારો પાડવા લાગ્યા. એ પ્રહ્લાદ પર પ્રહારો કરવા માંડ્યા તો પણ પ્રહ્લાદ પરમશાંતિની મૂર્તિ બનીને બેસી રહ્યો. એનું મન પરમાત્મામાં જ લાગેલું રહ્યું. પરમાત્માએ એની પરિપૂર્ણપણે રક્ષા કરી હોય તેમ એને કોઇ પણ પ્રકારની ઇજા ના થઇ. પરમાત્મા પોતાના પ્રેમી શરણાગત ભક્તની સર્વ પ્રકારે રક્ષા કરે છે અને એનો વાળ પણ વાંકો નથી થવા દેતા. પેલા સ્વાનુભવસંપન્ન ભક્ત કવિએ સાચું જ કહ્યું છે કે જેને રામ રાખે તેને કોણ મારી શકે ? પ્રત્યેક માનવ એ વિધાનનો અથવા રહસ્યવાક્યનો અનુભવ પોતાના જીવનમાં કરી શકે છે. જે આ પાર્થિવ પૃથ્વીના પુણ્ય પ્રવાસમાં પરમાત્માનું સાચા દિલથી શરણ લે છે ને સ્મરણ કરે છે તથા જે અસાધારણ અનુરાગપૂર્વક અનન્ય ભાવે પરમાત્માને ભજે છે એને પરમાત્માની વિશિષ્ટ કૃપાવૃષ્ટિનો લાભ મળે છે. એને કોઇ આપત્તિ, ચિંતા કે ભીતિ નથી રહેતી. પરમાત્મા પોતે જ એના પ્રેરક કે પથપ્રદર્શક બનીને એને દોરે છે, સુખપૂર્વક આગળ વધારે છે, અને આખરે સંપૂર્ણ સલામતીપૂર્વક ગંતવ્યસ્થાને કે પોતાની પાસે પહોંચાડી દે છે.

પ્રહ્લાદનો પ્રાણ તો પરમાત્માના પવિત્રતમ પ્રેમથી જ ટકી રહેલો એટલે એના જીવનની એ રસપૂર્વક રક્ષા કરે એમાં કશુ આશ્ચર્યકારક કે વધારે પડતું નહતું. એમના પોતાના ભક્તરક્ષાના સુવિખ્યાત વ્રતને એ અનુરૂપ હતું.

પ્રહ્લાદ પર ત્રિશૂળોના પ્રખર પ્રહારોનો પ્રભાવ ના પડ્યો એ જોઇને હિરણ્યકશિપુને અસાધારણ આશ્ચર્ય થયું. એવું આશ્ચર્ય એને સારુ સ્વાભાવિક હતું કારણ કે એને પરમાત્મામાં, પરમાત્માની અસીમ શક્તિમાં અને એમની અમોઘ કૃપાવૃષ્ટિમાં વિશ્વાસ નહતો. એ અદ્દભુત રક્ષાપ્રસંગ એના હૃદયના, એની દૃષ્ટિ તથા વૃત્તિના પરિવર્તન માટે પૂરતો હતો. એનો વિચાર કરીને એ પોતાની બુદ્ધિને બદલાવી, સુધારી, પરમાત્માના મંગલમય મહિમાને સમજીને, પરમાત્માની શ્રદ્ધાભક્તિને જગાવી ને વધારી શક્યો હોત. પરંતુ એના જીવનનું એ સદ્દભાગ્ય હજુ દૂર હતું - કોસો દૂર હતું; એટલે તો એ પ્રહ્લાદને માટે જાતજાતની શંકાકુશંકાઓ કરીને એના પર અત્યાચારો કરવા તૈયાર થયો.

અને એ અત્યાચાર પણ કેવા ? આજના ભક્તો કે સાધકો કોઇ સાધારણ દુઃખ આવતાં, કષ્ટ પડતાં, હાનિ પહોંચતાં કે પ્રતિકૂળતા પેદા થતાં ગભરાઇ જાય છે, રડી પડે છે, પોકારે છે, ફરિયાદ કરે છે, ને ઇશ્વરને તેમ જ ઇશ્વરભક્તિને છોડી દેવા તૈયાર થાય છે. એ એમની ઉપર દુઃખના ડુંગર પડ્યા હોય એવું માની બેસે છે ને મનાવે છે. એમની ઉપર ભક્તશિરોમણિ પ્રહ્લાદ જેવાં કષ્ટો પડે તો ? એમને સીતા, મીરાં ને નરસી જેવા આદર્શ આત્માઓના જેવી અગ્નિપરીક્ષામાંથી પસાર થવું પડે તો ? તો એ ભક્તિસાધના કરીને આગળ વધીને ઇશ્વરને વળગી રહી શકે ખરા ? સુખ ને દુઃખની, સંપત્તિની ને વિપત્તિની, અભ્યુત્થાનની અને અધઃપતનની બધીયે અવસ્થાઓમાં ઇશ્વરને શ્રદ્ધાભક્તિપૂર્વક વળગી રહેવું જોઇએ. સાચી શરણાગતિનું તથા ભક્તિનું લક્ષણ એ જ છે. એમાં કોઇ લૌકિક કે પારલૌકિક ફરિયાદ નથી હોતી, હતાશા નથી હોતી, ચિંતા અથવા અશ્રદ્ધા નથી હોતી. પ્રહ્લાદનું જીવન એવી રીતે આજના ને સર્વકાળના સાધકો તથા ભક્તોને માટે પ્રેરણારૂપ છે. એ જીવનમાં આપણે ધારીએ છીએ એના કરતાં ઘણો મોટો ને મહત્વનો પદાર્થપાઠ સમાયલો છે.

હિરણ્યકશિપુએ પ્રહ્લાદ પર જે અત્યાચારો કર્યા ને વિપત્તિની વર્ષા વરસાવી એનું વર્ણન કરતાં ભાગવતકાર કહે છે કે એણે પ્રહ્લાદને મોટા મોટા, મહાભયંકર, મદવાળા હાથીઓના પગ નીચે કચડાવવાની કોશિશ કરી, વિષધર સાપોના ડંખ મરાવ્યા, પુરોહિતોની મદદથી કૃત્યા રાક્ષસી પેદા કરાવી, પર્વતો પરથી એને નીચે ગબડાવ્યો, શંખરાસુરની મદદ લઇને ભાતભાતના માયાપ્રયોગો કરાવ્યા, અંધારા ઓરડાઓમાં એને કેદ કર્યો, ઝેર આપ્યું ને ભૂખે રાખ્યો. બરફવાળા સ્થાનમાં, આગમાં અને સમુદ્રમાં નંખાવ્યો, આંધીમાં છોડી દીધો, ને પથ્થરોની નીચે પીલાવ્યો.

એ વર્ણન જ કેટલું બધું વિચિત્ર ને વ્યથાજનક છે ! એનો સારસંદેશ એજ છે કે પ્રહ્લાદને હેરાન કરવાનો, પીડા પહોંચાડવાનો ને મારી નાખવાનો એક પણ નાનો કે મોટો પ્રયત્ન હિરણ્યકશિપુએ બાકી નહોતો રાખ્યો. અને તો પણ પ્રહ્લાદને, એ આદર્શ ભગવદ્દભક્તને ભગવાનની કૃપાથી કોઇ પણ પ્રકારની સહેજપણ હાનિ ના થઇ. ભગવાને એની રક્ષા કરી. એણે ભગવાનનો ને ભગવાનની ભક્તિનો પરિત્યાગ ના કર્યો.

કયું બળ વધારે બળવાન, વધારે ચિરસ્થાયી ને સનાતન છે, દૈવી સંપત્તિનું કે આસુરી સંપત્તિનું ? અજ્ઞાની લોકો ભલે કહે કે આસુરી સંપત્તિનું પરંતુ સ્વાનુભવસંપન્ન જ્ઞાની પુરુષો કહે છે કે દૈવી સંપત્તિનું બળ વધારે શક્તિશાળી અને સર્વોપરી છે. આખરે એ જ વિજયી થાય છે. વિજય ન્યાયનો, નીતિનો, માનવતાનો, સત્યનો, સમર્પણનો ને સહનશક્તિનો થાય છે; અન્યાયનો, અનીતિનો, દાનવતાનો, અસત્યનો, સ્વાર્થવૃત્તિનો અથવા અત્યાચારનો નથી થતો. થોડાક વખતને માટે કદાચ આસુરી સંપત્તિ શક્તિશાળી બનીને સફળતાને વરતી લાગે તે ભલે પરંતુ આખરે એનો મૃત્યુઘંટ વાગે છે એ ચોક્કસ છે. પરંતુ મનુષ્ય હજુ પણ એ સત્યને ક્યાં સમજ્યો છે ? એને અનુસરવા ક્યાં આગળ આવ્યો છે ? હિરણ્યકશિપુની પહેલાંના અને એના વખતના જમાનાથી માંડીને છેક આજ પર્યંત એણે આસુરી સંપત્તિનો આધાર લઇને દૈવી સંપત્તિને દબાવવાનો, નમાવવાનો, પરાસ્ત કરવાનો ને વિનષ્ટ કરવાનો પ્રયાસ કર્યો છે. પરંતુ અંતે એને પોતાને જ દબાવું, નમવું, પરાસ્ત થવું ને નષ્ટ બનવું પડ્યું છે. માનવના અલૌકિક અંતરાત્માને કદી પણ કાયમને માટે દબાવી, ડરાવી, ડગાવી કે મારી નથી શકાયો. અત્યાચારો નિરર્થક થયા છે, પીડાઓ પાંગળી પુરવાર થઇ છે, ને સત્ય સત્ય જ રહીને સોળે કળાએ શોભી ઊઠ્યું છે. सत्यमेव जयते नानृतम् । 'સત્ય જ વિજયી થાય છે, અસત્ય નહિ'નો ધ્વનિ ચારે તરફ, દિશા અને પ્રદિશામાં, ગાજી રહ્યો છે.

હિરણ્યકશિપુના અનેકવિધ અત્યાચારોનો અંત પણ એવો જ કરુણ આવ્યો. એ અત્યાચારોની અસર પ્રહલાદ પર જરા પણ ના થઇ. ભાગવત કહે છે કે એથી એની ચિંતાનો ને પીડાનો પાર ના રહ્યો.

છતાં પણ એનું હૃદયપરિવર્તન ના થયું અને એના પ્રહલાદ પ્રત્યેના દુર્વ્યવહારમાં કશો ફેર ના પડ્યો. પ્રહલાદની પવિત્રતાની, પરમાત્માપરાયણતાની અને ઉદાત્તતાની કદર કરવાની વૃત્તિ એને ના થઇ. એના આદેશથી વિદ્યાગુરુઓ પોતાની પાઠશાળામાં લઇ જઇને એને પ્રસન્ન કરવા માટે પ્રહલાદને ધર્મ, અર્થ અને કામના ત્રિવિધ પુરુષાર્થના પાઠ શીખવવા લાગ્યા. પરંતુ પ્રહલાદ તો પરમાત્માની પવિત્રતમ પ્રેમભક્તિનો પરમકલ્યાણકારક પાઠ ભણી ચૂકેલો. એનું મન એમાં ના લાગ્યું. માનસરોવરનાં મોતીનો ચારો ચરનારા રાજહંસનું મન બીજા સામાન્ય ખાદ્યપદાર્થમાં શી રીતે લાગે ?

પાઠશાળામાં ગુરૂની ગેરહાજરીમાં એક દિવસ પ્રહલાદે પોતાના સમવયસ્ક સહપાઠી બાળકોને જીવનોપયોગી ઉપદેશ આપતાં કહ્યું કે 'મનુષ્યજન્મ મહાદુર્લભ છે. એની દ્વારા પરમાત્માની પ્રાપ્તિ થઇ શકે છે. પરંતુ એના પર ક્યારે કેવી રીતે પડદો પડી જાય તે વિશે કશું ચોક્કસ નથી કહી શકાતું. એટલા માટે બુદ્ધિમાન મનુષ્યે યુવાની કે વૃદ્ધાવસ્થાના વિશ્વાસે રહેવાને બદલે શૈશવાવસ્થામાં જ પરમાત્માની પ્રાપ્તિ કરાવનારી સાધનાનો આશ્રય લેવો જોઇએ.'

कौमार आचरेत् प्राज्ञो धर्मान् भागवतानहि ।
दुर्लभं मानुषं जन्म तदप्यध्रुवमर्थदम् ॥
(સ્કંધ ૭, અધ્યાય ૬, શ્લોક ૧)

'મનુષ્યજન્મની એકમાત્ર સફળતા ભગવાનનાં શ્રીચરણોનું શરણ લેવામાં ને શ્રદ્ધાભક્તિપૂર્વક ભગવાનની ભક્તિ કરવામાં છે.'

'જીવન ચિંતા, વિષાદ, વ્યાધિ તથા ભીતિથી ભરેલું છે. જ્યાં સુધી એ સ્વસ્થ ને સલામત છે ત્યાં સુધી એનો સદુપયોગ કરીને ભગવત્પ્રાપ્તિને માટે પ્રામાણિક અને પ્રખર પ્રયત્ન કરવો જોઇએ.'

'ભગવાન સૌના આત્મારૂપ અને સ્વતઃસિધ્ધ હોવાથી એમને પ્રસન્ન કરવામાં કોઇ વિશેષ પરિશ્રમ નથી પડતો. બ્રહ્માથી માંડીને તણખલા સુધીનાં નાનાં મોટાં બધાં જ પ્રાણીઓમાં, પંચભૂતોના પદાર્થોમાં, મહત્તત્વમાં, સૂક્ષ્મ તન્માત્રાઓમાં, ગુણોમાં ને ગુણોની સામ્યાવસ્થા પ્રકૃતિમાં એક જ અવિનાશી પરમાત્મા રહેલા છે. એ સૌન્દર્ય, માધુર્ય અને ઐશ્વર્યના ભંડારરૂપ છે. દૃષ્ટા અને દૃશ્ય જગત પણ એ જ છે.'

'એટલા માટે તમે તમારા દૈત્યપણાનો અથવા આસુરી સંપત્તિનો સત્વર ત્યાગ કરીને જીવમાત્ર પર પ્રેમ તથા દયા કરો. એથી ભગવાનની પ્રસન્નતા થાય છે. ભગવાનની પ્રસન્નતા થવાથી કયી વસ્તુ નથી મળતી ?'

'મિત્રો, તમારા હૃદયમાં વિરાજેલા હૃદયેશ્વર ભગવાનનું ભજન કરો. એમના ભજનમાં શો શ્રમ પડે છે ?'

☼ ☼ ☼ ☼ ☼

## [૪] નૃસિંહ ભગવાનનું દર્શન

દૈત્ય બાળકો નિર્દોષ હોવાથી પ્રહ્લાદના સદ્ઉપદેશનો પ્રભાવ એમની ઉપર પડ્યા વિના રહ્યો નહિ. એ બધા પ્રહ્લાદના પવિત્ર પ્રેમપથનું અનુકરણ કરવા તૈયાર થયા. એમના સંસ્કારો એટલા સારા કહેવાય. તો જ એ પ્રહ્લાદની વાતને સારવાત સમજીને જલદી ગ્રહણ કરી શક્યા.

હિરણ્યકશિપુને એ હકીકતની માહિતી મળી ત્યારે એને ખૂબ જ ક્રોધ થયો. એનું શરીર ધ્રુજવા લાગ્યું. એણે પ્રહ્લાદને મારી નાખવાનો નિર્ણય કર્યો, ને ના કહેવાનાં વચનો કહ્યાં. તો પણ પ્રહ્લાદે લેશ પણ અસ્વસ્થ, ઉત્તેજીત કે ચિંતાતુર બન્યા વિના ઊંડી શાંતિ રાખી ને કહ્યું કે બ્રહ્માથી માંડીને નાના તણખલા સુધીના બધા જ પદાર્થોના સ્વામી માત્ર ભગવાન છે, એ સૌથી વધારે શક્તિશાળી, પ્રકૃતિના પતિ અને બ્રહ્માંડના સર્જક, પાલક તથા સંહારક છે. એટલા માટે એમની અંદર શ્રદ્ધાભક્તિને ધારણ કરીને આસુરી ભાવને તિલાંજલિ આપીને સૌની પ્રત્યે સમભાવ ધારણ કરો. ભગવાનની સૌથી મોટી પૂજા એ જ છે. સંસારમાં સૌથી મોટો કોઇ શત્રુ હોય તો તે વિપથગામી, પોતાના વશમાં ના રહેનારૂં મન છે. પોતાના મન તથા પોતાની ઇન્દ્રિયો પર વિજય પ્રાપ્ત ના કરવા છતાં જે પોતાને વિશ્વવિજયી માને છે તે ખરેખર ભૂલ કરે છે.

હિરણ્યકશિપુને પ્રહ્લાદના એ શબ્દો જરા પણ ના ગમ્યા. એણે ક્રોધે ભરાઇને પૂછ્યું કે તારો એ સ્વામી, તું જેને જગદીશ્વર કહે છે તે ક્યાં છે ? એ સર્વવ્યાપક હોય તો શું આ થાંભલામાં પણ છે ? તને એનામાં એટલો બધો વિશ્વાસ છે તો જોઉં છું કે એ તારી રક્ષા કેવી રીતે કરે છે ! તારા મસ્તકને ધડથી હમણાં જ અલગ કરી દઉં છું.

એવું બોલીને એ સિંહાસન પરથી ઊભો થયો અને એણે થાંભલાને જોરથી મુક્કો માર્યો. એ જ વખતે થાંભલાની અંદરથી એક મહાભયંકર શબ્દ થયો. એ પ્રલયંકર શબ્દને સાંભળીને દૈત્યસેનાપતિઓ ભયભીત બની ગયા. ને હિરણ્યકશિપુ પોતે પણ આશ્ચર્યચકિત થઇને પાછો હઠી ગયો. એ શબ્દની સૃષ્ટિ કરનાર કોણ છે એની એને સમજ ના પડી. એ ચારે તરફ કુતૂહલપૂર્વક જોવા લાગ્યો પરંતુ કશુંયે ના દેખાયું.

એ જ વખતે પોતાના પરમપવિત્ર ભક્ત પ્રહ્લાદની રક્ષા કરવા અને એણે કહેલા શબ્દોને સત્ય કરવા ભક્તવત્સલ, કરુણાસાગર, સર્વવ્યાપક, સર્વશક્તિમાન ભગવાન એ થાંભલામાંથી સૌના આશ્ચર્ય વચ્ચે સૌના દેખતાં પ્રકટ થઇને બહાર નીકળ્યા. એમનું રૂપ અત્યંત વિચિત્ર હતું. એ પૂરૂં મનુષ્યનું પણ નહિ ને પૂરૂં સિંહનું પણ નહિ એવું નૃસિંહ-રૂપ હતું. એ રૂપ અતિશય ભયંકર લાગ્યું.

હિરણ્યકશિપુ જો ધારત તો એ અલૌકિક આશ્ચર્યકારક રૂપધારી ભગવાનને જોઇને પોતાના જીવનને સુધારી શક્ત ને એમના શ્રીચરણોમાં પડીને એમની શરણાગતિને સ્વીકારી, એમની પ્રેમપૂર્ણ પ્રશસ્તિ કરીને ધન્ય બનત, પરંતુ એનું અંતર અવિદ્યારૂપી અંધકારથી આવૃત્ત હોવાથી એવું શક્ય ના બની શક્યું. એણે અનુમાન કરી લીધું કે મહામાયાવી વિષ્ણુએ જ મને મારી નાખવા માટે આવો વેશ લીધો છે. તો પણ એ નિર્ભય બનીને, હાથમાં ગદા લઇને, નૃસિંહ ભગવાન પર તૂટી પડ્યો. પરંતુ પતંગિયું જેવી રીતે

અગ્નિજ્વાળામાં પડીને અદૃશ્ય થઇ જાય તેવી રીતે એ પણ ભગવાનના પ્રખર પ્રકાશપૂંજમાં સમાઇ ગયો. સર્વ શક્તિમાન ભગવાનને માટે એવું કૌતુક કરવાનું અશક્ય નહોતું. અઘરું પણ નહોતું.

હિરણ્યકશિપુએ અહંકારમાં અંધ બનીને ગદાની મદદથી પ્રહ્લાદ પર ફરી પાછો પ્રહાર કર્યો. ભગવાને ગરૂડ સાપને પકડી લે એવી સરળતાથી એને એ જ વખતે પકડી લીધો. ભગવાનના હાથમાંથી છટકવાના પ્રયત્નમાં એ સફળ થયો ને તલવાર લઇને ભગવાન પર તૂટી પડ્યો. એ દ્વંદ્વયુદ્ધમાં આખરે એ નિષ્ફળ ગયો ને પરાજીત બન્યો. ભગવાને એને સભાગૃહના દ્વાર પાસે લઇ જઇને પોતાના સાથળ પર સુવાડીને સુતીક્ષ્ણ નખની મદદથી, બીજા કોઇ પણ શસ્ત્ર કે અસ્ત્રના ઉપયોગ વિના, એના હૃદયપ્રદેશને ચીરી નાખ્યો. હિરણ્યકશિપુના જડ જીવન પર પડદો પડી ગયો. એનો અને એના અનેકવિધ અત્યાચારોનો એવી રીતે અંત આવવાથી પીડિત પૃથ્વી પ્રસન્ન થઇ અને દુઃખના દાવાગ્નિમાં ડૂબેલા દેવતાઓએ ઉત્સવ કર્યો. જે બીજાને પીડા પહોંચાડે છે તેનું મૃત્યુ સમાજને સારું શોકકારક નથી બનતું. બીજાને ઉપયોગી થનારનું ને બીજાનું મંગલ કરનારનું મૃત્યુ જ દુઃખદ બને છે.

ભગવાનનું એ વખતું સ્વરૂપ એટલું બધું ભયંકર હતું કે એના દર્શનથી સૌ કોઇ ભયભીત બની ગયા. એમની પાસે પહોંચવાની કોઇની હિંમત ન ચાલી.

હિરણ્યકશિપુનો એવી નિર્દય રીતે જોતજોતામાં નાશ થયેલો જોઇને બીજા હજારો દૈત્યો કે દાનવો શસ્ત્રોને લઇને નૃસિંહ ભગવાન પર પ્રહાર કરવા માટે પહોંચ્યા તો ખરા, પરંતુ ભગવાને એ સૌનો પણ નાશ કરી નાખ્યો. હિરણ્યકશિપુની સભામાં જઇને એ રાજસિંહાસન પર બેસી ગયા. એમની પાસે પહોંચવાનું સાહસ કોઇ પણ ના કરી શક્યું ત્યારે એમના દૈવી દર્શનાનંદનું પાન કરનારો પ્રહ્લાદ એમની પાસે પહોંચી ગયો. એણે એમના ચરણોમાં પ્રેમપૂર્વક પ્રણામ કર્યા. ભગવાનનું હૃદય પ્રેમથી ભરાઇ ગયું. હિરણ્યકશિપુના મૃત્યુ પછી સ્વર્ગની દેવદેવીઓએ પ્રસન્નચિત્ત બનીને એ પ્રસન્નતા પ્રકટ કરવા માટે એમના પર પુષ્પવૃષ્ટિ કરી, આકાશમાં વિમાનોમાં વિરાજેલા દેવતાઓએ ઢોલનગારાં વગાડીને ઉત્સવ કરતાં એમની પ્રશસ્તિ કરવા માંડી, ગંધર્વો ગાવા માંડ્યા, અપ્સરાઓ નાચવા લાગી, અને દેવો, સિદ્ધો, વિદ્યાધરો, કિન્નરો, નાગો તથા પાર્ષદો એમની પાસે આવ્યા અને એમની સ્તુતિ કરવા માંડ્યા ત્યારે પણ એમને જેટલો અસાધારણ આહ્લાદ નહોતો થયો એટલો આહ્લાદ એ વખતે થવા લાગ્યો. પ્રહ્લાદ હતો જ પરમ આહ્લાદ સ્વરૂપ. પરમાત્માના પવિત્રતમ પરમપ્રેમનું ને પ્રશાંતિનું પ્રતીક. એને અવલોકીને આહ્લાદનો અનુભવ કોણ ના કરે ? કોઇક અજ્ઞાની જ. એનું નામ ને કામ જ કહી બતાવે છે કે માણસે પ્રહ્લાદ અથવા પરમપવિત્ર અવિનાશી આહ્લાદથી અંતરને અને અણુઅણુને આપ્લાવિત કરવા માટે એના જેવા પવિત્ર પ્રેમભક્તિથી સંપન્ન બનીને પરમાત્માની સાથે સંબંધ બાંધતા શીખવું જોઇએ. જે એવી રીતે પરમાત્મપ્રેમની પ્રતિમા પ્રહ્લાદ બને છે તે તરે છે ને એથી ઉલટું, જે અહંતા, મમતા, રાગદ્વેષ, આસક્તિ અને આસુરી સંપત્તિના અવતાર જેવા પરમાત્માવિમુખ વિષયાભિમુખ જીવનવાળા હિરણ્યકશિપુ બને છે તે નાશ પામે છે ને ડગલે ને પગલે મરે છે.

નૃસિંહ ભગવાન પ્રહ્લાદને જોઇને પ્રસન્નતા કેમ ના પામે ? બીજા ભક્તો તો જીવનમાં અનુકુળતા હોય ત્યારે જ ભગવાનને ભજે છે ને પકડી રાખે છે ત્યારે એણે તો ભગવાનને પ્રતિકૂળતામાં પકડી રાખેલા ને ભજેલા. અને એ પ્રતિકૂળતા પણ કેવી ? કોઇ સામાન્ય પ્રકારની નહિ પરંતુ એકદમ અસામાન્ય પ્રકારની.

ભલભલા ભક્તોના મન ભયભીત બની જાય, ડગી જાય, વિદ્રોહ કરી ઊઠે, ને ભક્તિના મંગલ માર્ગને મૂકી દે ત્યારે પણ એનું અંતર અચળ રહ્યું, ઇશ્વરને આરાધતું રહ્યું, એ એની વિલક્ષણતા બતાવે છે ને સૂચવે છે કે એ કોઇ સામાન્ય માટીનો નહોતો બનેલો. એના પરમાણુઓ પાર્થિવ નહિ પણ અપાર્થિવ હતાં. ભગવાન એવા લોકોત્તર આદર્શ ભક્ત પ્રત્યે પોતાનો પ્રેમ, પોતાની અનુકંપા અને પોતાની કૃતજ્ઞતા કેમ ના બતાવે ? એમણે પ્રહ્લાદના શિર પર હેતાળ હાથ મૂક્યો. એથી પ્રહ્લાદનું જીવન ઝંકૃત બની ગયું ને કૃતાર્થ થયું. એ સંજીવન સ્પર્શ એને માટે અભિનવ અવતાર આપનારો થઇ પડ્યો. એને અલૌકિક દૃષ્ટિ તથા વૃત્તિની પ્રાપ્તિ થઇ. એના હૃદયના તેમજ રોમરોમના સઘળા તારો સ્નેહનું સનાતન સુધામય શુચિ મહોત્સવ કરવા લાગ્યું. પ્રેમપંથનો પ્રત્યેક પ્રવાસી, પરમાત્માના સુખદ સાક્ષાત્કારનો પ્રત્યેક સાચો સાધક, એ સુધાસભર સંજીવનપ્રદાયક સ્પર્શની ઇચ્છા રાખે છે. એ દિવ્ય સંસ્પર્શનો સ્વાદ લેવાનો અને એ સંસ્પર્શના સ્વામીનો સાક્ષાત્કાર કરવાનો એનો મનોરથ હોય છે. એ મનોરથ પૂરો થાય છે ત્યારે એની કૃતકૃત્યતાનો અંત નથી હોતો. એના સરખું સફળ, સાર્થક, સુખી બીજું કોઇ જ નથી હોતું. જીવનનું પ્રમુખ પ્રયોજન ત્યારે પૂરું થાય છે. એ ક્ષણ એકદમ અદ્દભુત અને અવર્ણનીય હોય છે. એને ઓછાવત્તા પ્રમાણમાં પામે છે ને અનુભવે છે એ જ એને અને એના અમૃતમય આસ્વાદને આંશિક રીતે સમજી અને સમજાવી શકે છે. આંશિક રીતે એટલા માટે કે એની પાસેનું અભિવ્યક્તિનું સાધન અત્યંત અલ્પ હોય છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૫] સ્તુતિ અને વરદાન

નૃસિંહ ભગવાનના દર્શનથી પ્રહ્લાદને આનંદાનુભવ થાય એ સાવ સ્વાભાવિક હતું. એનું રોમરોમ રસથી રંગાઇ ગયું. ભગવાનનું સ્વરૂપ બહારથી જોતાં જો કે ભયંકર દેખાતું પરંતુ કોને માટે ભયંકર હતું ? જે ભક્ત ના હોય તેને માટે. ભક્તહૃદયને માટે તો એ ભગવાનનું હોઇને આવકારદાયક, આનંદકારક અને મંગલ હતું. એના દર્શનથી પ્રહ્લાદને ભાવસમાધિ થઇ આવી. એણે ભાવવિભોર બનીને એમની સ્તુતિ કરી.

'ધન, કુલીનતા, રૂપ, તપ, વિદ્યા, ઓજ, તેજ, પ્રભાવ, બળ, પૌરુષ, બુદ્ધિ તથા યોગ, બધાયે ગુણો ભગવાનને પ્રસન્ન કરવામાં સમર્થ નથી થઇ શક્તા. પરંતુ ભક્તિભાવને લીધે તો ભગવાન ગજેન્દ્ર પર પણ પ્રસન્ન થઇ ગયેલા. એવી મારી માન્યતા છે.'

'મારી તુચ્છ બુદ્ધિ પ્રમાણે, સર્વગુણ સંપન્ન બ્રાહ્મણ પણ ભગવાનના ચરણકમળથી વિમુખ હોય તો એના કરતાં જેણે પોતાના મન, વચન, કર્મ, ધન તથા પ્રાણને ભગવાનનાં ચારુ ચરણોમાં સમર્પિત કર્યાં હોય તે ચાંડાલ શ્રેષ્ઠ છે. કારણ કે એ ચાંડાલને લીધે તો એનું સમસ્ત કુળ પવિત્ર થઇ જાય છે અને પેલો બ્રાહ્મણ તો પોતાને પણ પવિત્ર નથી કરી શક્તો.'

'પ્રભુ ! ક્યાં આ ઘોર તમોગુણી અવિદ્યાયુક્ત અસુરકુળમાં ઉત્પન્ન થયેલો એવો હું અને ક્યાં આપની અહેતુકી અનંત અનુગ્રહવર્ષા ? આપના જે કોમળ કમનીય કરકમળને આપે બ્રહ્મા, શંકર અને લક્ષ્મીના મસ્તક પર મૂકવાની કદી તૈયારી નથી બતાવી કે કરકમળને મારા મસ્તક પર મુકીને મને ધન્ય કર્યો છે તેને માટે તમને ધન્યવાદ આપું છું. એ સર્વ સંતાપશામક કરકમળ આપના પરમ પ્રસાદરૂપ છે.'

'મારા સ્વામી ! મોટા મોટા ઋષિમુનિ તો મોટે ભાગે પોતાની વ્યક્તિગત મુક્તિ માટે વિજન વનમાં જઇને મૌનવ્રત ધારણ કરીને બેસી જાય છે. બીજાના હિતને માટે કોઇ વિશેષ પ્રયત્ન એ કરતા નથી દેખાતા. પરંતુ મારી વાત તો જરા જુદી છે. આ માર્ગ ભૂલેલા અજ્ઞ, અસહાય દીનજનોને મૂકીને હું એકલો જ મુક્ત થવાની ઇચ્છા નથી રાખતો. અને એવા પ્રાણીઓને માટે તમારા સિવાય બીજો કોઇ આધાર પણ નથી દેખાતો.'

પ્રહ્લાદની પ્રાર્થના કે પ્રશસ્તિમાં આ ભાવ નવી જ ભાત પાડે છે. એ ભાવ પ્રહ્લાદની અન્યને માટેની નિઃસ્વાર્થ સેવાભાવનાનો અને અનુકંપાનો સૂચક છે. ભક્તનું હૃદય કેટલું બધું ઉદાર, વિશાળ, પરહિતકારક અને પવિત્ર પ્રેમથી પરિપ્લાવિત હોય છે તેની પ્રતીતિ એના પરથી સહેલાઇથી થઇ રહે છે.

પ્રાર્થનાની પરિસમાપ્તિ પછી પ્રહ્લાદે શાંતિ ધારણ કરી એટલે ભગવાને જણાવ્યું કે પ્રહ્લાદ, તારું પરમ કલ્યાણ થાવ. હું તારા પર પરિપૂર્ણપણે પ્રસન્ન છું. તારે જે માગવું હોય તે માગી લે. મારી પ્રસન્નતા વિના મારું દર્શન થયા પછી કોઇ જાતની કમી અથવા અશાંતિ નથી રહી શક્તી.

પ્રહ્લાદના પ્રાણમાં પરમાત્માની પવિત્રતમ પ્રેમભક્તિનું પ્રાકટ્ય થયું હોવાથી અને એ પ્રેમભક્તિ પરાકાષ્ઠા પર પહોંચેલી હોવાથી એને લૌકિક કે પારલૌકિક કોઇયે પ્રકારના પદાર્થની ઇચ્છા ન હતી. એથી એને કશું માગવાનું મન ના થયું. ભગવાનનું દેવદુર્લભ દૈવી દર્શન થયા પછી આદર્શ ભક્ત એમની પીસે બીજું શું માગે ? એ તો ભોગમાત્રને અસાર અથવા વિનાશી સમજે છે. જેના મનમાં લૌકિક કે પારલૌકિક

ભોગપભોગની ભાવના કે વાસના રહી હોય એને આદર્શ જ્ઞાની કે ભક્ત ના કહી શકાય. એનું અંતર નિર્મળ છે એવું યે ના માની શકાય. આદર્શ ભક્ત તો ભગવાનની ઇચ્છા રાખે છે અને એમની અહેતુકી કૃપાની અધિકાધિક માગણી કરે છે. એ સિવાય એમને બીજી કોઇ પણ લાલસા કે વાસના નથી હોતી.

પ્રહ્લાદે એટલા માટે જ ભગવાનને કહ્યું કે પ્રભુ ! હું તો જન્મથી જ વિષયોના ઉપભોગમાં આસક્ત છું. મને એ વિષયોના પ્રલોભનોમાં કૃપા કરીને ના ફસાવો. એમાંથી છૂટવા માટે જ તમારા શરણે આવ્યો છું. મારામાં સાચા ભક્તનાં લક્ષણો છે કે નહિ તેનો નિર્ણય કરવા માટે કદાચ મને વરદાન માગવા પ્રેરિત કરતા હશો. પરંતુ હું તો નિર્બળ મનનો હોવાથી મારી એવી કસોટી કરવી ઠીક નથી. ભોગો તો અંતરની અવિદ્યાગ્રંથિને વધારે ને વધારે મજબૂત કરે છે ને જન્મમૃત્યુના ચક્રમાં ફરવા માટે બાધ્ય બનાવે છે. મને એમની આકાંક્ષા જરા પણ નથી રહી. હું તો તમારો નિષ્કામ સેવક છું અને તમે મારા નિરપેક્ષ સ્વામી છો. મને જો વરદાન આપવા ઇચ્છતા જ હો તો એવું વરદાન આપો કે મારા અંતરમાં કોઇ દિવસ કોઇ કામના પેદા જ ના થાય.

પ્રહ્લાદે ભગવાનને પ્રણામ કર્યા એટલે એમણે પ્રસન્ન થઇને એને અભિનંદન આપીને કહ્યું કે પ્રહ્લાદ ! તારા જેવા પ્રેમી ભક્તો આ લોકના કે પરલોકના કોઇયે પદાર્થની સ્પૃહા નથી રાખતા. તારી ભાવના જોઇને ને તારા શબ્દોને સાંભળીને હું ખૂબ જ પ્રસન્ન થયો છું. તારે કશું નથી જોઇતું તે સાચું છે પરંતુ હું પોતે જ તને કાંઇક આપવા માગું છું. તેનો સ્વીકાર તારે કરવો જ પડશે. મારી ઇચ્છાને માન આપીને ફક્ત એક મન્વંતર સુધી આ લોકમાં તું દૈત્યોના અધિપતિના સમસ્ત સુખોપભોગોનો સ્વીકાર કર. પ્રાણીમાત્રના હૃદયમાં મારો વાસ છે. તું એમની સેવા કરતાં કરતાં મારી કથાવાર્તાના શ્રવણમનનમાં ને મારી આરાધનામાં મગ્ન રહીશ અને એવી રીતે પ્રારબ્ધનો ક્ષય કરી શકીશ. પછી સમુચિત સમય આવતાં મારી પાસે આવી પહોંચીશ. તારા જીવનનું સંકીર્તન તથા શ્રવણ અનંત મનુષ્યો માટે અનંત કાળ સુધી કલ્યાણકારક થઇ પડશે.

ભગવાનની એ ભવિષ્યવાણી સંપૂર્ણ સાચી પડી છે એ વીતેલાં વરસોએ બતાવી આપ્યું છે. પ્રહ્લાદના પ્રેમભક્તિયુક્ત જીવનનું જયગાન જિજ્ઞાસુઓ, ભક્તો તથા ભાવિકો આજે પણ એટલી જ શ્રદ્ધાભક્તિથી પ્રેરાઇને કર્યા કરે છે અને એમાંથી અસાધારણ પ્રેરણા તથા પ્રકાશ મેળવે છે. ધ્રુવ અને પ્રહ્લાદ જેવા પ્રાતઃસ્મરણીય ભક્તપ્રવરોએ પ્રજાના હૃદયમાં અક્ષય સ્થાન મેળવ્યું છે. પ્રજા એમને હોંશેહોંશે પરમપૂજ્યભાવથી યાદ કરે છે. એમની એ સુધામયી સંસ્મૃતિ શાશ્વત સમય સુધી સજીવ રહીને પ્રજાને માટે પ્રેરક ઠરશે અને અનેકના જીવનઇતિહાસનું ઘડતર કરશે એમાં શંકા નથી.

☼ ☼ ☼ ☼ ☼

## [૬] પ્રહલાદે માગેલું વરદાન

પ્રહલાદે કશી માગણી ના કરી તો પણ ભગવાને એને દૈત્યાધિપતિ બનીને પ્રજાનું પાલન કરવાનો આદેશ આપ્યો. તેની પાછળ ભગવાનનો કદાચ એવું બતાવવાનો સંકેત હોય કે ભક્તની ઇચ્છા ના હોય તો પણ ભગવાન ધારે તો એને લૌકિક પદ, પ્રતિષ્ઠા તથા સુખોપભોગો આપી શકે છે. તેવા ભગવત્કૃપાપ્રાપ્ત ભક્તો પદ, પ્રતિષ્ઠા, સંપત્તિ કે સુખોપભોગ સાંપડવા છતાં પણ છકી નથી જતા કે વિપથગામી પણ નથી બનતા. પ્રહલાદને દૈત્યાધિપતિ બનાવીને ભગવાને એમનો આદર્શ ભક્ત કેવો આદર્શ ગૃહસ્થાશ્રમી બની શકે છે અને ગૃહસ્થાશ્રમના વિવિધરંગી વિરોધાભાસી વાતાવરણમાં પણ કેવો અસંગ અથવા અલિપ્ત રહી શકે છે તે બતાવવાની ઇચ્છા પણ રાખી હોય. અથવા તો પ્રહલાદના પ્રારબ્ધ કર્મના અનુસંધાનમાં પણ એમણે એને એવો આદેશ સહજ રીતે જ આપ્યો હોય. ગમે તેમ પણ એમનો એ આદેશ પ્રહલાદે આજ્ઞાંકિત સેવકની પેઠે માથે ચઢાવ્યો ને સમસ્ત પ્રજાને માટે અસાધારણ આશીર્વાદરૂપ થઇ પડ્યો.

* * *

ભક્ત પોતાને માટે કશી લૌકિક કે પારલૌકિક માગણી કે પ્રાર્થના ના કરે તો તેની હરકત નહિ પરંતુ બીજાની સુખશાંતિ, સમુન્નતિ તથા સદ્દગતિ ને મુક્તિને માટે માગણી કે પ્રાર્થના કરે અથવા આશીર્વાદ કે વરદાન માગે તો તેમાં કશું જ ખોટું નથી. તે તો ઊલટું આવકારદાયક અને સારું મનાય છે ને દૂષણ નહિ પણ ભૂષણ ગણાય છે. ભક્તોએ બીજાના કલ્યાણની એવી પ્રાર્થનાઓ કરેલી છે. વેદ અને ઉપનિષદાદિ ધર્મગ્રંથોમાં એના પ્રતિઘોષ પડેલા છે. પ્રહલાદના સંબંધમાં પણ એ હકીકત સાચી ઠરી. એણે પોતાને માટે તો કાંઇ પણ ના માગ્યું પરંતુ પાછળથી એને પોતાના પિતાની સ્મૃતિ થઇ આવી. એના દિલમાં કરુણા પેદા થઇ. એને થયું કે મારા પિતાનું શું ? એમનો સર્વનાશ થઇ ગયો. ભગવાનના મહિમાને જો સુચારુરૂપે જાણ્યો હોત તો એમની આવી અવદશા થાત ખરી ? એમણે જે કાંઇ કર્યું છે એ ઘોર અજ્ઞાનને લીધે જ કર્યું છે. એની આંખ ભરાઇ આવી. એણે એમનું કલ્યાણ થાય, એ સર્વ પ્રકારે શુદ્ધ બને અને એમને સદ્દગતિ સાંપડે એવું વરદાન માગ્યું.

એવું વરદાન બીજું કોણ માગી શકે ? જે પવિત્ર, પરગજુ ને નિષ્કપટ તથા પરમાત્મપ્રેમી હોય તે જ. માણસો મોટે ભાગે ભક્તિ કરે છે ખરા પરંતુ હાલતાં ચાલતાં નાની-નાની વાતોમાં મન ઊંચા થતાં અબોલા લે છે. એમના એ અબોલા દિવસો, મહિના તથા વરસો સુધી તો કોઇવાર જીવનપર્યંત ચાલે છે. એ માર્ગે મળતાં મોં મચકોડે છે, ફેરવે છે, તેમજ બીજાનું અહિત તાકે છે, અહિત કરવા તૈયાર રહે છે ને કરે છે. ‘તારું સત્યાનાશ જાય, ને તને કોગળિયું આવે’ એવું એવું બોલતાં એમને સહેજ પણ સંકોચ નથી થતો. એમના હાથમાં સંસારનું સૂત્ર નથી એ સારું છે નહિ તો એ પોતાના પ્રતિસ્પર્ધીને કે વિરોધીને એક ક્ષણને માટે પણ જીવતા ના રાખત અથવા શાંતિનો શ્વાસ ના લેવા દેત. એમને એમના પ્રતિસ્પર્ધી કે વિરોધીને માટે પ્રાર્થના કરવાનું કહેવામાં આવે તો એ ભૂલેચૂકે પણ પ્રાર્થના કરી શકે ખરા કે ? હા. કોઇએ એવી પ્રાર્થના કરી હોય તો એ ફળે નહિ એવી પ્રાર્થના એ કદાચ કરી શકે. એમાંય જો પ્રહલાદ પર અત્યાચારો કરવામાં આવ્યા એવા અત્યાચારો કોઇએ કર્યા હોય તો ? તો એ એને માટે પ્રહલાદે કરી એવી માગણી કરી શકે ? એ સંદર્ભમાં

પ્રહ્લાદની પ્રાર્થના ખૂબ જ પ્રાણવાન અને એની સાચી શક્તિનો પરિચય કરાવનારી છે. એનું મહત્વ ઘણું વધી જાય છે.

નાટકમાં બધું અનુકૂળતાનુસાર નથી ચાલતું. એમાં વિરોધી પાત્રો કે ખલનાયકો પણ આવે છે અને એમને લીધે એનો રસ વધી જાય છે. જીવનના મહાન નાટકનું પણ એવું જ છે. એમાં એકલી અનુકૂળતાઓ જ નથી આવતી, પ્રતિકૂળતાઓ પણ આવી પડે છે. ભક્તો કે સાધકોના જીવનમાં આવતી પ્રતિકૂળતાઓ એમને પીડા પહોંચાડતી અને બેચેન બનાવતી લાગે તો પણ એમની સત્વશીલતાને વધારે છે અને એમને અધિકાધિક પરમાત્માભિમુખ કરે છે. પ્રતિકૂળતાને પણ એ પરમાત્માનો પ્રસાદ સમજે છે. 'અમૃત માની મીરાં પી ગયાં જેને સહાય ત્રિભોવનનાથ' ની કવિતાપંક્તિ એ જ સ્વાનુભવથી પ્રેરાઇને લખાયલી છે.

હિરણ્યકશિપુના વિરોધ કે વિદ્વેષે પ્રહ્લાદની પ્રેમભક્તિને વધારે ને વધારે વિશુદ્ધ ને બળવાન બનાવી. એ હિરણ્યકશિપુના અનેકવિધ અત્યાચારોના પરિણામે પણ એનો વિરોધી કે વેરી ના બની શક્યો. એનું નામ જ આદર્શ ભક્તિભાવ. આપણા બધામાં એવો આદર્શ ભક્તિભાવ આવે તો આપણું અને અન્યનું કેટલું બધું કલ્યાણ થાય ? પ્રહ્લાદના જ્યોતિર્મય જીવનમાંથી એ પાઠ શીખવાનો છે.

પ્રહ્લાદની ભક્તિભાવનાથી ભગવાન પ્રસન્ન થયા ને બોલ્યા કે પ્રહ્લાદ, તારી ભાવનાની ઉદાત્તતાનું દર્શન મને આનંદ આપે છે. તને તારા પિતાની હિતકામના થઇ આવે એ સાવ સ્વાભાવિક છે. પરંતુ તારા જેવા પરમ પવિત્ર ભક્તપુરુષના પ્રાદુર્ભાવથી તારા પિતાનો તો ક્યારનોય ઉધ્ધાર થઇ ગયો છે. તેને સદ્દગતિની પ્રાપ્તિ થઇ છે. મારા શાંત, સમદર્શી, સદાચારી સત્પુરુષોનો જ્યાં જન્મ થાય છે તેના માતાપિતા તથા પ્રદેશ પણ પવિત્ર થઇ જાય છે. તારા પિતાની દુર્ગતિની ચિંતા ના કરતો. એ ચિંતા અસ્થાને છે. મારા શરીરના સંસ્પર્શથી એની અપવિત્રતા દૂર થઇ છે. તું હવે એની વિધિપૂર્વક અંત્યેષ્ટિક્રિયા કરી લે, અને સિંહાસન પર વિરાજીને પવિત્ર ઋષિમુનિઓના આદેશાનુસાર મારી ને લોકોની સેવાના કર્મોનો આરંભ કર. તારું મન સંસારમાં લેશ પણ આસક્ત નહિ થાય અને અહર્નિશ મારામાં જ લાગેલું રહેશે.

ભગવાને પોતે જ આવી બાંયધરી આપી પછી શું બાકી રહે ? પ્રહ્લાદની કૃતકૃત્યતાનો પાર ના રહ્યો.

ભગવાનના આદેશાનુસાર પ્રહ્લાદે પોતાના પિતાની અંત્યેષ્ટિક્રિયા કરાવી. એ પછી એનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો.

બ્રહ્માએ નૃસિંહ ભગવાનની પ્રેમપૂર્વક પ્રશસ્તિ કરી એટલે નૃસિંહ ભગવાન સૌના દેખતાં ત્યાંથી અદૃશ્ય થઇ ગયાં. બ્રહ્માએ પ્રહ્લાદને સમસ્ત દાનવોનો તથા દૈત્યોનો અધીશ્વર બનાવી દીધો.

☼ ☼ ☼ ☼ ☼

## [૭] દેવર્ષિ નારદનો સમાગમ

પ્રહ્લાદની પરમપવિત્ર જીવનકથામાં બીજી એક હકીકતનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એના પ્રત્યે અંગુલિનિર્દેશ કર્યા વિના એ જીવનકથા અધુરી રહેશે. પોતાના સહપાઠી દૈત્યબાળકોને પ્રહ્લાદે પોતાને મળેલું જ્ઞાન દેવર્ષિ નારદ દ્વારા મળેલું છે એવું કહ્યું ત્યારે એમને ખૂબ જ આશ્ચર્ય થયું. એ આશ્ચર્યની અભિવ્યક્તિ કરતાં એ બાળકોએ એને પૂછ્યું કે આપણા વિદ્યાગુરુ સિવાય બીજા કોઇ ગુરુને તો આપણે ઓળખતાં જ નથી. તારી ઉંમર નાની છે ને તું જન્મથી જ રાજપ્રાસાદમાં તારી માતાની પાસે રહે છે. એ સંજોગોમાં દેવર્ષિ નારદનો સમાગમ તને ક્યારે થયો અને એમની દ્વારા જ્ઞાનની પ્રાપ્તિ કેવી રીતે થઇ ?

દૈત્યબાળકોની એ જિજ્ઞાસાના જવાબમાં પ્રહ્લાદે એમને એક સુંદર ઇતિહાસ કહ્યો. એને ઇતિહાસ કહીએ કે જીવનવૃતાંતનું નામ આપીએ બધું સરખું છે. એ ઇતિહાસનો સંક્ષિપ્ત સારભાગ આ રહ્યો : હિરણ્યકશિપુ મંદરાચલ પર્વતના પ્રશાંત પ્રદેશમાં તપ કરવા ગયો ત્યારે દાનવો પ્રત્યેના પુરાતન પ્રતિશોધભાવથી પ્રેરાઇને દેવોએ એમની સાથે યુદ્ધ કરવાની તૈયારી કરી. એ યુદ્ધના સમાચાર સાંભળીને દાનવો ચિંતાતુર બન્યા ને ડરી ગયા. પોતાના પ્રાણની રક્ષા માટે એ નાસવા લાગ્યા. દેવોએ રાજમહેલને વિજયના ઉન્માદમાં આવીને લૂંટવા માંડ્યો અને એજ અરસામાં ઇન્દ્રે હિરણ્યકશિપુની પત્ની કયાધૂને કેદ કરી.

ઇન્દ્ર કલ્પાંત કરતી દુઃખી બનતી કયાધૂને લઇ જતો હતો એ જ વખતે એને માર્ગમાં દેવર્ષિ નારદનો મેળાપ થયો. નારદજીએ એને એના અનીતિપૂર્ણ અનુચિત કર્મને માટે ઠપકો આપ્યો ને કયાધૂ જેવી સતીસાધ્વી પરનારીનો તત્કાળ ત્યાગ કરવાનો આદેશ આપ્યો.

ઇન્દ્રે કહ્યું, મને આ સ્ત્રીનો મોહ નથી. સ્વર્ગમાં તો એકેકથી ચઢિયાતી અદ્દભુત લાવણ્યમયી અસંખ્ય અપ્સરાઓ છે. કયાધૂને કેદ કરીને લઇ જવા પાછળ મારો ભય કામ કરી રહ્યો છે. એના ઉદરમાં હિરણ્યકશિપુનો ભાવિ પુત્ર છે. એ પુત્રનો જન્મ થશે એટલે એનો નાશ કરીને હું આ સ્ત્રીને છોડી દઇશ.

નારદજીએ પોતાની દિવ્ય દૃષ્ટિથી કહી બતાવ્યું કે કયાધૂના ઉદરમાં જે પુત્ર છે તે કોઇ સાધારણ પુત્ર નથી પરંતુ ભગવાનનો પરમ પવિત્ર પ્રેમી અસાધારણ શક્તિશાળી ભક્ત છે. એનો નાશ કરવાની તારામાં શક્તિ નથી. એ ભગવદ્દભક્ત હોવાથી તારે કે બીજા કોઇએ એનો લેશ પણ ભય નથી રાખવા જેવો. ભગવદ્દભક્તોનું જીવન બીજાને ભયભીત કરવા માટે નથી હોતું, ભયમુક્ત કરવા માટે હોય છે.

દેવર્ષિ નારદની વાણીમાં વિશ્વાસ રાખી, એથી નિર્ભય ને નિશ્ચિંત બનીને, ઇન્દ્રે હિરણ્યકશિપુની પત્ની કયાધૂને છોડી દીધી. દેવર્ષિએ હિરણ્યકશિપુ તપ કરીને પાછો આવે ત્યાં સુધી કયાધૂને પોતાના આહ્લાદક આશ્રમમાં રહેવાની ભલામણ કરી. કયાધૂએ એમની ભલામણનો સહર્ષ સ્વિકાર કર્યો.

દેવર્ષિના આશ્રમમાં રહીને કયાધૂ ગર્ભસ્થ શિશુ પ્રહ્લાદની કલ્યાણકામનાથી પ્રેરાઇને શ્રદ્ધાભક્તિથી સંપન્ન બનીને એમની સેવા કરવા માંડી. દેવર્ષિએ એની ઉપર અસાધારણ અનુકંપા કરીને એને ભાગવતધર્મનો ઉપદેશ આપ્યો. ઉપદેશ આપતી વખતે એમને પ્રહ્લાદનું ધ્યાન હતું. આશ્રમનું વાતાવરણ શાંત, સદ્દભાવપ્રેરક અને સાત્વિક હતું. એ ઉપરાંત ત્યાં રહેનારા અને ઇશ્વરેચ્છાથી પ્રેરાઇને અવારનવાર આવનારા સત્પુરુષોનો સુખદ સમાગમલાભ પણ સહજ રીતે જ થયો. પરંતુ સાથે સાથે એના ઉદરમાં રહેલા

પ્રહલાદને પણ અમૂલખ લાભ થયો. પ્રહલાદના પૂર્વસંસ્કારો અત્યંત અસાધારણ અથવા પ્રબળ હોવાથી એને એ ઘટનાની ને જ્ઞાનની સ્મૃતિ રહી અને એ અલૌકિક જ્ઞાનનો સમગ્ર યશ એણે દેવર્ષિ નારદને આપ્યો. પ્રહલાદ એમની અંદર ગુરુભાવ રાખે અને એમને પરમ કૃતજ્ઞતાપૂર્વક યાદ કરે એ સુયોગ્ય ને સહેજે સમજી શકાય તેવું જ છે.

પ્રહલાદને સાંપડેલા દેવર્ષિ નારદના એવા સુસૂક્ષ્મ સમાગમની સુંદર કથા સાંભળી દૈત્યબાળકોને સંતોષ થયો. એમના મનનું સંપૂર્ણ સમાધાન થયું.

પ્રહલાદે પોતાના શ્રીમુખે વર્ણવેલો આ વૃતાંત આપણને કેટલીક મહત્વની વાતો કહી બતાવે છે. જીવનમાં જ્ઞાનપ્રાપ્તિની કે શુભાશુભ સંસ્કારોના સંચયની શરૂઆત ક્યારથી થાય છે ? માણસ સમજદાર થાય છે ત્યારથી ? ના. તો શું વિદ્યાલયમાં અભ્યાસ કરવા જાય છે ત્યારથી ? ના. ત્યારથી પણ નહિ. તો પછી માતા-પિતા, સ્વજનો કે ગુરુજનો એને કાંઇક જ્ઞાન કે સંસ્કાર જેવું આપવા માંડે છે ત્યારથી ? ના. ત્યારથી પણ નહિ. તો પછી એ જન્મે છે, જુવે છે, જુએ છે, ને વિચાર કરતાં કે બોલતાં શીખે છે ત્યારથી ? ના. એની જ્ઞાનપ્રાપ્તિ કે સંસ્કારવૃદ્ધિની શરૂઆત તો એના બાહ્ય જન્મની પણ પહેલાં--ઘણાં લાંબા વખત પહેલાં, એની માતાના ઉદરમાં, એ ઉદરમાં પ્રવેશ કરતાં પહેલાં અને એથીયે પહેલાં પૂર્વજન્મોની પરંપરાના અનુસંધાનરૂપે થતી હોય છે. બાહ્ય જન્મની પ્રાપ્તિ પછી માણસ ઘણું ઘણું શીખે છે ને મહત્વનું શીખે છે તેની ના નથી, પરંતુ તેવા જન્મ પહેલાં પણ સૂક્ષ્મ સ્વરૂપે રહીને એ ઘણું ઘણું મેળવતો હોય છે. પ્રહલાદના જીવનવૃતાંતને રજૂ કરીને ભાગવત એમાં  સૂર પુરાવે છે. પોતાના ઉદરમાં બાળક હોય ત્યારથી જ સ્ત્રીઓએ ખૂબ જ સાવધાન રહેવાની અને એની ઉપર પ્રતિકૂળ પ્રભાવ ના પડે એવી દિનચર્યાનો, વિચારધારાનો ને ભાવનાનો આધાર લેવાની અનિવાર્ય આવશ્યકતા છે. જીવનનો શિક્ષણક્રમ જન્મ જન્માંતરથી એકધારો અબાધિત રીતે ચાલ્યા જ કરે છે અને એનો કોઇયે કારણે, કોઇયે સંજોગોમાં અંત નથી આવતો. બાળકને સાત્વિક અને સુવિચારશીલ બનાવવા માટે એના જન્મ પહેલાં ને પછી માતાપિતાએ - ખાસ કરીને માતાએ ખૂબ જ ધ્યાન રાખવાનું છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૮] માયાસુરની કથા

ભગવાન કૃષ્ણની વિશેષ અનુગ્રહશક્તિથી સંપન્ન થઇને એકવાર દેવતાઓએ યુદ્ધમાં અસુરો પર વિજય મેળવ્યો. એને લીધે હતપ્રભ તેમ જ દુઃખી થયેલા અસુરો મયદાનવના શરણમાં ગયા. મયદાનવ ખૂબ જ માયાવી ને માયાવી માનવો કે દાનવોનો ગુરુ હતો. એણે એમને માટે સોના, ચાંદી તથા લોઢાનાં ત્રણ વિમાનો તૈયાર કર્યા. એ ત્રણે વિમાનો ત્રણ નગર જેટલાં વિશાળ ને વિલક્ષણ હતાં. એમના આવાગમનની ખબર કોઇને પણ ના પડી શક્તી અને એમાં સુખોપભોગની અસીમ સામગ્રી ભરેલી.

અસુરોની પાસે એ વિલક્ષણ વિમાનો આવ્યાં એટલે એમનાં અહંકારનો અને આનંદનો પાર ના રહ્યો. તેઓ દેવતાઓ પ્રત્યેના પ્રતિશોધભાવથી પ્રેરાઇને ત્રણે વિમાનોમાં છુપાઇને એમનો જુદી જુદી યુક્તિપ્રયુક્તિ દ્વારા નાશ કરવા લાગ્યા.

ભયભીત બનેલા દુઃખી દેવતાઓએ ભગવાન શંકરના શરણમાં જઇને આતુર અંતરે પ્રાર્થના કરીને એમની મદદ માગી. એથી પ્રેરાઇને ભગવાન શંકરે એ ત્રણે નગરોનો નાશ કરવા માટે બાણ માર્યું. એમના એ એક બાણમાંથી સૂર્યમંડળમાંથી છૂટનારાં કિરણોની પેઠે બીજા અનેક બાણો નીકળવા માંડ્યા. એમાંથી જાણે ભયંકર અગ્નિજ્વાળા પ્રકટી. એને લીધે એ વિમાનો કે નગરો નિહાળી પણ ના શકાયા. એમની અંદર રહેલા સૌ કોઇ નિર્જીવ બનીને નીચે ઢળી પડ્યા. ભગવાન શંકરનો પુરુષાર્થ એવી રીતે સફળ થયો ખરો પરંતુ મયદાનવ અતિશય માયાવી હોવાથી એ પુરુષાર્થને નિષ્ફળ બનાવવા માટે તૈયાર થયો. દાનવોને ઉપાડી લાવીને એણે એના તૈયાર કરેલા અમૃતકૂપમાં નાખી દીધા. એના પરિણામે એ અલૌકિક અમૃતરસનો સ્પર્શ થવાથી એમનાં મૃત શરીરો પુનર્જીવન પામીને ખૂબ જ તેજસ્વી અને વજ્રસમાન સુદૃઢ બની ગયાં. એ યુદ્ધ કરવાના ને બદલો લેવાના ઉત્સાહ સાથે ફરી પાછા ઊભા થયા.

આજની સભ્યતા ખૂબ જ આગળ વધી છે, વધતી જાય છે, ને વિજ્ઞાન પણ નવા નવા વિક્રમોની પરંપરા સર્જતું જાય છે એમ કહેવામાં આવે છે, અને એવું પણ કહેવાય છે કે આવાં અને આટલાં બધા સંશોધનો કદાપિ નહોતાં થયાં, પરંતુ ભાગવતની આ કથા પરથી પ્રતીત થાય છે કે સભ્યતા, સુધારણા કે સંશોધનના ક્ષેત્રમાં હજુ આપણે ખૂબ જ પાછળ ને પંગુ છીએ. જે કાંઇક કરી શક્યા છીએ એને માટે આપણે ગૌરવ અવશ્ય લઇ શકીએ. એવું ગૌરવ લેવાનો અધિકાર આપણને જરૂર છેઃ તો પણ એ ગૌરવ આપણને વિવેકાંધ ને જડ ના બનાવી દે એ પણ એટલું જ આવશ્યક છે. મયદાનવ જે પુનર્જીવનવિદ્યામાં કુશળ હતો તે પુનર્જીવનવિદ્યા આપણા વૈજ્ઞાનિકો કે રસાયણશાસ્ત્રીઓ ક્યાં પામી શક્યા છે ? હજુ તો એમણે નમ્રાતિનમ્ર બનીને જીવન તથા મરણના ભેદ ઉકેલવા અને પ્રકૃતિનાં રહસ્યોની માહિતી મેળવવાનો પ્રયાસ કરવાનો છે. ઘણું થયું છે તો પણ ઘણું ઘણું કરવાનું શેષ રહે છે.

અને એ બધું કર્યા પછી પણ શું ? માનવ પોતે જ જો આગળ નહિ વધે તો ? ભૌતિક પ્રગતિની સાથે આત્મિક વિકાસ નહિ કરે તો ? એ સાચો આદર્શ માનવ બનવાની કોશિશ કરતાં સૌની સાથે સ્નેહ, સંપ, સેવાભાવ, સહકાર ને શાંતિથી શ્વાસ લેતાં નહિ શીખે તો ? એ જો અસુર જ રહેશે ને આસુરીવૃત્તિ તથા પ્રવૃત્તિનો અંત આણીને દૈવી વૃત્તિ તથા પ્રવૃત્તિની પ્રસ્થાપના નહિ કરે તો ? તો એ સંપૂર્ણ સુખી થઇને

બીજાને સુખી બનાવી શકશે ? ના. સવાલ વધારે ને વધારે શક્તિ પેદા કરવાનો જ નથી, જે થોડી ઘણી શક્તિ-સામગ્રી છે તેનો સંચય ને સદ્દુપયોગ કરવાનો ને મધુમય માનવ તરીકે જીવતાં શીખવાનો છે. શક્તિ, સંપત્તિ, સત્તા ને સભ્યતાવાળો પુરુષ દાનવ ના હોય પણ માનવ હોય તે જરૂરી છે. ભાગવતની મયદાનવની આ નાનકડી કથા એવી રીતે જીવનોપયોગી મોટા સંદેશથી ભરેલી છે.

હવે એ કથા આગળ ચાલે છે. મયદાનવની માયાવી પ્રવૃત્તિની આગળ સફળ ના થઇ શકવાથી ભગવાન શંકર કાંઇક ખિન્ન બની ગયા એટલે ભગવાન કૃષ્ણે એમની સહાયતા કરવાનો સંકલ્પ કર્યો. એમણે એક ગાયનું રૂપ લીધું ને બ્રહ્માએ વાછરડાનું. બપોરના વખતે એ બંનેએ પેલાં નગરોમાં જઇને અમૃતકૂપનું પાન કરી લીધું. એથી સઘળું અમૃત સમાપ્ત થઇ ગયું. દાનવરક્ષકો એમને જોવા છતાં એમની માયાથી પ્રભાવિત કે મોહિત થઇને એમને એમ કરતાં અટકાવી ના શક્યાં.

મયદાનવને એની ખબર પડી ત્યારે એણે બીજાને આશ્વાસન આપતાં જણાવ્યું કે પ્રારબ્ધના વિધાનને કોઇ પણ નથી પલટાવી શકતું. માટે જે કાંઇ થાય છે ને થવાનું છે એનો શોક કરવો મિથ્યા છે.

ભગવાન કૃષ્ણની દૈવી મદદ મેળવીને ભગવાન શંકરે બાણના પ્રયોગથી એ ત્રણે દુર્ભેદ્ય વિમાનોનો નાશ કરી નાખ્યો. વિમાનો ભસ્મીભૂત થયાં એટલે એમના પર અલૌકિક પુષ્પવૃષ્ટિ થઇ. સર્વત્ર આનંદ આનંદ છવાઇ ગયો.

ભગવાન શંકર ત્યારથી પુરારિ કે ત્રિપુરારિ કહેવાયા.

એ કથાને આધ્યાત્મિક રીતે વિચારીએ તો સમજાશે કે દૈવી અને આસુરી સંપત્તિનો સંઘર્ષ માનવજીવનમાં અને એના અંતરતમમાં અહર્નિશ અખંડ રીતે ચાલ્યા કરે છે. કદીક દૈવી સંપત્તિ વિજયી બને છે તો કદીક આસુરી. મયદાનવ અવિદ્યારૂપી માયાનું પ્રતીક છે. એણે ત્રણ ગુણોનાં ત્રણ વિમાન અથવા પુર બનાવ્યા છે. એ ગુણોની પાર પહોંચવા માટે માનવની દૈવીવૃત્તિ સદ્દવિચારરૂપી શંકરનું શરણ લે છે પરંતુ સદ્દવિચારની સહાયતા શક્તિશાળી હોવાં છતાં પણ પૂરતી નથી થતી. આસુરીવૃત્તિઓ વિષયોના આકર્ષણ કે મોહકૂપમાં પડીને ફરી પાછી શક્તિશાળી બની જાય છે. એ મોહકૂપને સૂકવવા કે સમાપ્ત કરવા પવિત્રતમ પ્રજ્ઞાપૂર્વકની આત્મિક સાધનારૂપી ગાયની ને સંયમ અથવા શીલરૂપી વાછરડાની જરૂર પડે છે. એમની મદદથી વિષયની રસવૃત્તિ સંપૂર્ણપણે શાંત થતાં આસુરી સંપત્તિને નવું પોષણ મળતું બંધ થાય છે ને કલ્યાણકારક આત્માનુભવ દ્વારા માનવ ત્રિગુણાત્મિકા પ્રકૃતિની પાર પહોંચીને જીવનને કૃતાર્થ કરે છે. એ સર્વ પ્રકારે વિજયી બને છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૯] ધર્મનું રહસ્ય

ભાગવતના સાતમા સ્કંધના અગિયારમા અધ્યાયમાં મનુષ્યોના સનાતન ધર્મનું વિશદ રીતે વર્ણન કરવામાં આવ્યું છે. એ વર્ણન આજે આટલાં બધાં વરસો વીતી ગયા પછી પણ એટલું જ ઉપયોગી છે. ધર્મની સાચી સમજ ના હોવાથી ધર્મના નામે નાના-મોટા અનેક વિષાદો તથા સંઘર્ષો ચાલે છે, કટુતા ફેલાય છે, ને કેટલીકવાર અધર્મને ધર્મના નામે તથા ધર્મને અધર્મના નામે ઓળખવામાં અને એમાં ગૌરવ ગણવામાં આવે છે. માણસો મોટે ભાગે ધર્મના નામે કોઇક પરંપરાગત પ્રણાલિકાનું પાલન કરે છે અને એમાં વિશ્વાસ રાખે છે. એમને પૂછીએ તો ઉત્તર પણ આપે છે કે અમે હિંદુ ધર્મમાં માનીએ છીએ, ઇસ્લામમાં વિશ્વાસ રાખીએ છીએ, ખ્રિસ્તી ધર્મના અનુયાયી છીએ, ને પારસી, યહુદી, બૌદ્ધ કે જૈન અથવા શીખધર્મમાં દીક્ષિત થયા છીએ. એ પ્રકારના પરિચયો કાંઇ તદ્દન ખોટા કે નકામા નથી તો પણ એ પરિચયોના પડદા પાછળ ઘણીવાર ભૂલાઇ જાય છે કે માણસ સૌથી પહેલાં મૂળભૂત રીતે, ને સૌથી છેલ્લે માણસ છે, ને હિંદુ, પારસી, ખ્રિસ્તી, મુસલમાન, શીખ, બૌદ્ધ, જૈન, યહુદી કે એવું કશુંક પણ બનવા ને કહેવડાવવા છતાં પણ માણસ નથી મટી શકવાનો. એનો માનવ તરીકેનો પણ ધર્મ છે અને એ ધર્મ સૌથી વધારે મહત્વનો છે. બીજા કોઇ ધર્મને અપનાવે કે પાળે અને બીજા કોઇ ધર્મમાં માને તો પણ એ માનવધર્મ તો સદા માટે રહેવાનો જ છે. એ ધર્મનો સંબંધવિચ્છેદ કરીને માનવ માનવ નથી રહી શકવાનો. એ ધર્મનો વિચાર કોણ કરે છે અને એને માટે ગૌરવ કોણ ગણે છે ? સંસારનો પ્રત્યેક પદાર્થ પોતાનો મૂળભૂત ગુણધર્મ ધરાવે છે. એના વિના એ પદાર્થ ટકી નથી શક્તો. સૂર્યનો ધર્મ પ્રકાશ છે. પ્રકાશ વિના એ બની જ ના શકે. પ્રકાશ વિનાના સૂર્યની આપણે કલ્પના જ ના કરી શકીએ. ફૂલનો ધર્મ ફોરમ છે, સરિતાનો ધર્મ સલિલ અને સલિલથી સંપન્ન થઇને અભિસરણ કરવું તે તથા દીપકનો ધર્મ પ્રકાશવાનો ને પવનનો ધર્મ પ્રસરણનો છે. માનવ પણ એવી રીતે પોતાનો ધર્મ ધરાવે છે. એ ધર્મ એના નામ પ્રમાણે એને ધારણ કરે છે. એનો એ અસલ, અવિભાજ્ય ધર્મ કયો છે ?

માનવ મૂળભૂત રીતે સત્યની શોધમાં, સત્યમાં પ્રતિષ્ઠિત થવાના પ્રયત્નમાં છે. સત્યના સાક્ષાત્કારની એની આકાંક્ષા છે. એ મૃત્યુ નથી માગતો. સનાતન ને નિત્ય રહેવાની ઇચ્છા રાખે છે. કારણ કે એ પોતે મૃત્યુંજય, અમૃતમય અથવા અવિનાશી છે. શાસ્ત્રો તથા સંતો એને સત્યસ્વરૂપ કહે છે. એની નાની મોટી બધી જ પ્રવૃત્તિઓ સુખ, શાંતિ અથવા આનંદની પ્રાપ્તિ માટે થતી હોય છે. એ પ્રવૃત્તિઓ સાચી દિશામાં થાય છે કે ખોટી દિશામાં અને એથી એને સુખશાંતિ અથવા આનંદની પ્રાપ્તિ થાય છે કે નથી થતી એ જુદી વાત છે, પરંતુ એ વધારે ને વધારે સુખશાંતિ અને આનંદને ઇચ્છે છે તો ખરો જ. શા માટે ? કારણ કે સુખશાંતિ અને આનંદ એનું વાસ્તવિક સ્વરૂપ, એનો મૂળભૂત ધર્મ છે. ઉત્તરોત્તર વધારે ને વધારે સુખશાંતિ અને આનંદની અનુભૂતિ કરતાં એક દિવસ એ સનાતન સુખમાં, શાશ્વત શાંતિમાં અને અખંડ અનંત આત્માનંદમાં પ્રતિષ્ઠા પામશે જ.

એ ઉપરાંત એ પરમપવિત્ર છે, પ્રેમસ્વરૂપ છે, નિર્ભય, નિરંજન અને જ્ઞાનસ્વરૂપ છે. એ એનો સ્વભાવગત સહજ ગુણધર્મ છે. માટે તો એ અધિકાધિક જ્ઞાનની પ્રાપ્તિ માટેના પ્રયત્નો કરે છે, પવિત્રતાને ને

નિર્ભયતાને ઇચ્છે છે, ને પોતાને કોઇ વેરભાવે ના જુએ પરંતુ પ્રેમભાવે જુએ તેમજ પોતે પણ સૌને પ્રેમની નજરે નિહાળે એવી આશા રાખે છે. એ શિવસ્વરૂપ છે. કલ્યાણ એનો મૂળભૂત સ્વભાવ છે. એટલા માટે એ શુદ્ધિનો, ઉદાત્તતાનો ને મંગલમયતાનો આગ્રહ રાખે છે. એ મૂળભૂત રીતે સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા છે. એ સચ્ચિદાનંદ આત્મસ્વરૂપની અનુભૂતિ-અંદર બહાર બધે જ અનુભૂતિ અને એમાં પ્રતિષ્ઠા એનો અસલ ધર્મ છે. માનવ ધર્મ. માનવ તરીકેનો ધર્મ. માનવ બનીને ને માનવરૂપે શ્વાસ લઇને પાળી બતાવવાનો ધર્મ. ભાગવત માનવના એ સનાતન, સ્વાભાવિક, સહજ, વારસાગત ધર્મ તરફ અંગુલિનિર્દેશ કરે છે ને કહે છે કે માણસે સચ્ચિદાનંદ સ્વરૂપ પરમાત્માના સાક્ષાત્કાર માટે સાધના કરવી જોઇએ, એને માટે પરમાત્માદર્શી ઋષિમુનિઓની સ્મૃતિનું તથા સંનિધિનું સેવન જોઇએ અને પોતાની તેમજ બીજાની પ્રસન્નતા તથા પ્રગતિમાં મદદરૂપ થાય તેવાં સત્કર્મોનું અનુષ્ઠાન કરવું જોઇએ.

સચ્ચિદાનંદના સાક્ષાત્કાર કે સ્વાનુભવના એ મહાન ધર્મનું પાલન કાંઇ સહેલું નથી. એની સિધ્ધિ કાંઇ એક બે દિવસમાં ના થઇ શકે. એને માટે એની પૂર્વભૂમિકારૂપ એના પૂરક પીઠબળ તરીકે સુનિશ્ચિત, સુયોજીત કાર્યક્રમ જોઇએ. એને જીવન સુધારણાનો કે જીવન વિકાસનો કાર્યક્રમ કહી શકાય, અથવા પેટાધર્મનું બીજું નામ આપી શકાય. એ પેટાધર્મના પરિપાલન વિના માનવ પોતાના મૂળભૂત સચ્ચિદાનંદ સ્વરૂપનો સાક્ષાત્કાર કરીને કૃતાર્થ ના બની શકે. એ ધર્મના ત્રીસ લક્ષણો કહી બતાવ્યાં છે - સત્ય, દયા, તપ, શૌચ, તિતિક્ષા, સદ્દવિવેક, મનનો સંયમ, ઇન્દ્રિયોનો સંયમ, અહિંસા, બ્રહ્મચર્ય, ત્યાગ, સ્વાધ્યાય, સરળતા, સંતોષ, સંતસમાગમ, દુન્યવી વિષયોમાંથી ઉપરામતા, નમ્રતા, મૌન, આત્મચિંતન, સેવા, સૌમાં પરમાત્મદર્શન, ભગવાનની કથાઓનું શ્રવણ, કીર્તન, સ્મરણ, ભગવાનની સેવા, પૂજા તથા પ્રશસ્તિ અને દાસ્ય, સખ્ય કે આત્મસમર્પણભાવે એમની આરાધના.

* * *

બ્રહ્મચર્યાશ્રમમાં મુખ્ય ધર્મ અથવા કર્તવ્ય વિદ્યાપ્રાપ્તિ તથા સંયમ છે. સંયમની સર્વાંગીણ સફળ સાધના માટે વિચારો, ભાવો, વ્યવહાર, વાતાવરણ અને વાણીની પંચવિધ પવિત્રતાની આવશ્યકતા છે. બ્રહ્મચારીએ એનું ખાસ ધ્યાન રાખવું જોઇએ ને સાદું, સ્વચ્છ, સ્વાશ્રયી, સ્વાધ્યાયપરાયણ જીવન જીવવું જોઇએ.

ગૃહસ્થાશ્રમ ધર્મયુક્ત ધનોપાર્જન માટે ને બીજાની સેવા માટે છે.

વાનપ્રસ્થાશ્રમ બાહ્ય પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ લઇને આત્મસાક્ષાત્કારની સાધના કરવા માટે અને સંન્યાસાશ્રમ એ સાધનાની સિદ્ધિ દ્વારા જીવનમુક્તિને મેળવવા ને બીજાને મદદરૂપ થવા માટે છે. બીજાને ઉપયોગી થવાની ભાવના તો આશીર્વાદરૂપ હોવાથી સદાને માટે સાચવી રાખવાની અને આચારમાં ઉતારવાની છે. એ સદ્દભાવનાથી પ્રેરાઇને જ સ્વનામધન્ય સંતશિરોમણિ શુકદેવજી પરીક્ષિતને સદુપદેશ દ્વારા શાંતિ અને મુક્તિ આપવા બેઠા છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૧૦] દત્તાત્રેય અને પ્રહ્લાદ

આદર્શ સંન્યાસી કોને કહેવાય છે ? અનાત્મ પદાર્થોની પ્રીતિનો તથા દેહાધ્યાસનો ત્યાગ કરીને જે આત્માનુસંધાનમાં અથવા આત્માનુભવમાં મગ્ન રહે છે તેને. તેની પાસે કોઇ બાહ્ય આશ્રમચિહ્ન હોય કે ના પણ હોય પરંતુ પરમાત્મનિષ્ઠા તો હોવી જોઇએ. એ સૌ પ્રાણીઓ પ્રત્યે પ્રેમ તથા હિતભાવના રાખે છે, શાંતિની મૂર્તિ હોય છે, અને આત્મારામ બનીને જીવે છે. જગતમાં પરમાત્મદર્શન કરે છે. એ મૃત્યુનો ભય કે જીવનનો મોહ નથી રાખતો. કોઇ પ્રત્યે વિદ્વેષ નથી રાખતો. પ્રતિષ્ઠાના, ધનના, બાહ્ય સુખોપભોગના અને શરીરાદિના મોહથી મુક્ત થઇને પરમાત્માની જ પ્રીતિ કરે છે. બીજાની પાસેથી ઓછામાં ઓછું લઇને બીજાને વધારેમાં વધારે આપે છે. એનું સમસ્ત જીવન બીજાને માટે હોય છે.

એવા વીતરાગ પરમાત્મપરાયણ મહામાનવને સર્જનની શોભા કહી શકાય. સંસારને એની દ્વારા અસાધારણ લાભ થાય છે. એવા એક મહામાનવનું રમણીય રસભરપુર રેખાચિત્ર ભાગવતના સાતમા સ્કંધના તેરમા અધ્યાયમાં રજૂ કરવામાં આવ્યું છે. એ રેખાચિત્ર અત્યંત આકર્ષક અને આનંદપ્રદ છે. એ રેખાચિત્ર ભગવાન દત્તાત્રેયનું છે. ભાગવતકાર એમના અને ભક્તપ્રવર પ્રહ્લાદના સમાગમનું સુખદ વર્ણન કરે છે. એ વર્ણન પર વિહંગદૃષ્ટિ નાખી જઇએ.

પોતાની પ્રજાનાં સુખદુઃખોથી સુપરિચિત થવાની ઇચ્છાથી પ્રેરાઇને પોતાના પ્રધાનોની સાથે પ્રવાસે નીકળેલા પ્રહ્લાદને સહ્યાદ્રિ પર્વતની તળેટીના પ્રશાંત પ્રદેશમાં કાવેરી નદીના તપઃપૂત તટ પર જીવનમાં પહેલી જ વાર એક મુનિનું દર્શન થયું. એ મુનિ મહામુનિવર અવધૂતશિરોમણિ ભગવાન દત્તાત્રેય હતા. એમનું શરીર ધૂલિધુસરિત હોવાં છતાં એમની મુખમુદ્રાની અને આંખની અલૌકિકતા પરથી એ કોઇ અસાધારણ મહાપુરુષ છે એવું એમને જોતાંવેંત જ જણાયા વિના ના રહ્યું. 'आकृतिर्गुणान् कथयति' એ ન્યાયે એમની અદ્દભુત આહલાદક આકૃતિએ એમના અસાધારણ અંતરંગ ગુણોનો પરિચય કરાવ્યો. એમણે કોઇ વર્ણ કે આશ્રમનું ચિહ્ન નહોતું ધારણ કર્યું તો પણ એમની લોકોત્તરતા છૂપી નહોતી રહી શક્તી. પ્રહ્લાદે એમને પૂજ્યભાવે પ્રણામ કરીને પૂછયું કે તમે કોઇ પ્રકારનો પરિશ્રમ કરતા નથી દેખાતા તો પણ ભોગપરાયણ પુરુષની પેઠે હૃષ્ટપુષ્ટ શરીરવાળા તથા સુખી છો, અને સમતાથી સંપન્ન થઇને શાંતિથી પડી રહ્યા છો, તેનું કારણ ?

પ્રહ્લાદના પ્રશ્નના પ્રત્યુત્તરમાં ભગવાન દત્તાત્રેયે જણાવ્યું કે હું સદા તૃષ્ણારહિત થઇને વિચરું છું. એને લીધે જ મારે દુઃખ, ક્લેશ કે અશાંતિનો અનુભવ નથી કરવો પડતો. મનુષ્ય જુદી જુદી જાતની તૃષ્ણાઓના કે વાસનાઓના શિકાર બન્યા હોવાથી જ દુઃખી, સંતપ્ત અથવા અશાંત બને છે. કામનાઓ એમને સંપૂર્ણ સુખી નથી થવા દેતી. ઇચ્છા પ્રમાણેના સુખોપભોગોની પ્રાપ્તિ થાય તો પણ કામના, વાસના કે તૃષ્ણાની તૃપ્તિ નથી થઇ શક્તી. એ તૃષ્ણાદિને લીધે જ જન્મમરણના ચક્રમાં ફરવું પડે છે. હું પણ મારા પૂર્વજન્મોમાં એને લીધે જુદી જુદી યોનિઓમાં ફર્યો અને સુખદુઃખના સંમિશ્રિત અનુભવો કરતો રહ્યો. છેવટે આ સર્વોત્તમ મનુષ્યશરીરની પ્રાપ્તિ કરીને, એનો મંગલ મહિમા સમજીને હું સર્વપ્રકારની લૌકિક પારલૌકિક કામનાઓમાંથી તથા એમનાથી પ્રેરાયલી પ્રવૃત્તિઓમાંથી ઉપરામ બન્યો છું.

ભગવાન દત્તાત્રેયે એ પ્રમાણે માનવશરીરની મહત્તા કહી બતાવી ને સૂચવ્યું કે એની પ્રાપ્તિ જેને તેને નથી થઇ શક્તી. એની પ્રાપ્તિ એક સર્વોત્તમ સદ્દભાગ્ય છે. સંસારના મોટા ભાગના માનવો સદ્દભાગ્યને નથી સમજી શક્તા અને એટલા માટે જ એનો જેટલો જોઇએ તેટલો અને જેવો જોઇએ તેવો લાભ નથી ઉઠાવી શક્તા. માનવશરીરની શક્યતા ધાર્યા કરતા ઘણી મોટી છે. એને સુચારુરૂપે સમજવાની ને સાકાર કરવાનો પ્રયત્ન કરવાની આવશ્યકતા છે.

મોટા ભાગના મનુષ્યો જીવવું પડે છે માટે બીજાને દોષ દેતાં, બડબડાટ કરતાં, કદીક હસતાં તો કદીક રડતાં ના છૂટકે જીવે છે. એ જીવનને પ્રેમ નથી કરતાં, નથી કરી શક્તાં. જીવન જીવવા જેવું નથી માનતા. એ જીવે છે પરંતુ કોઇ પણ પ્રકારના અનોખા આનંદ વિના, વિલક્ષણ આદર્શ વિના, રગશિયા ગાડાની પેઠે, મૃતપ્રાય બનીને જીવે છે. એ સાચા સુખથી ને સંપૂર્ણ શાંતિથી વંચિત રહે છે. એનું કારણ ?

એનું એકમાત્ર મૂળ કારણ અજ્ઞાન અને એથી પ્રેરાઇને થતી પ્રવૃત્તિ છે.

ભગવાન દત્તાત્રેય પ્રહલાદને એ જ સંદર્ભમાં પોતાની વિશિષ્ટ રીતે સમજાવતાં ખૂબ જ સારવાહી સ્વાનુભવપ્રધાન સરસ શબ્દોમાં કહે છે કે સુખ તો આત્માનું સ્વરૂપ છે. એને શોધવા સારું બીજું કશું નથી કરવાનું પરંતુ આત્માનુભૂતિથી અલંકૃત બનવાનું છે; આત્મદર્શી અને આત્મનિષ્ઠ થવાનું છે. સર્વ પ્રકારની બાહ્ય પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થવાથી જ એનો અનુભવ થાય છે. એટલા માટે ભોગમાત્રને મિથ્યા માનીને પ્રારબ્ધનો ઉપભોગ કરતાં હું શાંતિથી જીવ્યા કરું છું.

सुखमस्यात्मनो रुपम्

(સ્કંધ ૭, અધ્યાય ૧૩, શ્લોક ૨૯ પૂર્વાર્ધ)

ભગવાન દત્તાત્રેય એમના સૌથી મોટા મહત્વના બે ગુરુઓની ઓળખાણ આપતાં કહે છે :

'આ જગતમાં મારા સૌથી મોટા બે ગુરુ મધમાખી અને અજગર છે. એમની પાસેથી મને વૈરાગ્યની ને સંતોષની પ્રાપ્તિ થઇ છે. મધમાખી ભારે મહેનતપૂર્વક મધ એકઠું કરે છે પરંતુ એ મધ એને ક્યાં મળે છે ? એવી રીતે લોકો પ્રખર પરિશ્રમપૂર્વક ધનસંચય કરે છે તો પણ કેટલીક વાર એ ધનસંગ્રહ કોઇ બીજાને જ મળી જાય છે. કોઇવાર કોઇ ધનને એના માલિકને મારી કે લૂંટીને લઇ લે છે. એટલે મેં વિષયોમાંથી વિરક્ત થવાનો સંદેશ ગ્રહણ કર્યો છે.'

'અજગરની પાસેથી મને દૈવવશ જે કાંઇ મળે એમાં સંતુષ્ટ રહેવાની શિક્ષા સાંપડી છે. હું શાંતિથી, સમભાવથી સંપન્ન થઇને શ્વાસ લઉં છું. જે મળે તે પહેરું છું ને જે મળે તે, જ્યારે મળે ત્યારે ને જ્યાં મળે ત્યાં આરોગું છું. કોઇવાર પલંગ પર તો કોઇવાર જમીન પર સૂઇ રહું છું. કોઇની સ્તુતિનિંદા નથી કરતો, ને સૌનું સર્વ પ્રકારે કલ્યાણ ઇચ્છું છું. '

(અધ્યાય ૧૩, શ્લોક ૩૪-૩૫નો ભાવાર્થ)

એ સારવાહી શ્રેયસ્કર સંદેશ સાંભળીને પ્રહલાદને પ્રસન્નતા થઇ.

## [૧૧] સંસારમાં રહીને પરમાત્મપ્રાપ્તિ

ભગવાન દત્તાત્રેય જેવા સર્વસંગ પરિત્યાગી, વીતરાગ, વિરક્ત પરમાત્મપ્રાપ્ત મહાપુરુષો તો જવલ્લે જ જડે કે વિરલ મળે. એમના દર્શન, સંસર્ગ કે સમાગમને સુદુર્લભ કહી શકાય. એમની જેમ સૌ કોઇ સર્વસંબંધવિચ્છેદ ના કરી શકે અને સૌ કોઇને એવા સર્વસંબંધવિચ્છેદની આવશ્યકતા પણ ના હોય. સંસારમાં ભૌતિક અને આધ્યાત્મિક બંને પ્રકારનાં વિકાસક્ષેત્રો રહેવાનાં, અને રહે તેમાં કશું ખોટું નથી. મોટા ભાગના માનવો જંગલોમાં નહિ પરંતુ વસતિની વચ્ચે રહેવાના: નિવૃત્તિપરાયણ થઇને નહિ પરંતુ પ્રવૃતિપરાયણ બનીને શ્વાસ લેવાના: એમને માટે આત્મકલ્યાણનો, આત્મિક અભ્યુત્થાનનો કે પરમાત્મપ્રાપ્તિનો કોઇ સરળ, સીધો, સચોટ અને સલામત માર્ગ ખરો કે નહિ ? ભાગવત એનો જવાબ હકારમાં આપે છે અને એવા સાંસારિક જીવનમાં રત રહેતા માનવોને માટે પણ મંગલનો માર્ગ બતાવે છે.

માનવ સંસારમાં તો રહેશે જ. એ સંસારમાં રહે એમાં કશી હરકત નથી. હરકત તો સંસાર એની અંદર રહે એમાં છે. એના મનમાં સંસારની મમતા, આસક્તિ અને અહંતા ના રહે એટલે થયું. એના મનમાં જ જો સંસાર હશે તો એ ગમે ત્યાં જશે ને રહેશે તો પણ એ સંસારરહિત નહિ બની શકે ને શાંતિ પણ નહિ મેળવી શકે. એ મનમાં સંકલ્પવિકલ્પ, વાસના, વિકાર તથા તૃષ્ણાના તરંગો પેદા થયા જ કરશે. એથી ઉલટું, એ તરંગોથી મુક્ત થઇને કે મુક્ત થવાનો પ્રામાણિક પ્રયત્ન કરીને સંસારની વચ્ચે વસીને પણ માનવ જો સંસારને પોતાની અંદર નહિ રાખે, હૃદયમાં ઇશ્વરને જ રાખશે ને પોતે ઇશ્વરમય જીવન જીવતો હશે, તો જીવનમુક્તિનો, શાંતિનો ને ઇશ્વરની કૃપાનો અનુભવ કરશે. એટલે ક્યાંય જતા રહેવાની, ભયભીત થઇને નાસી જવાની, કોઇનો તિરસ્કાર કરવાની કે કોઇને નિરર્થક દોષ દેવાની અને અવરોધક અથવા અંતરાયરૂપ માનવાની જરૂર નથી. અવરોધક અથવા અંતરાયરૂપ માનવનું પોતાનું મન છે અને એને જ ઠીક કરવાનું કે ઉદાત્ત બનાવવાનું છે. એ જો ઉદાત્ત કે મંગલ નહિ હોય તો બધે જ બાધક બનશે અને સમસ્યાઓ પેદા કરશે. એ જો ઉદાત્ત કે મંગલ હશે ને બનશે તો સુખશાંતિ કે મુક્તિ ધરશે.

એટલે સંસારમાં રહીને સંસાર પ્રત્યે સૂગ કેળવવા કરતાં મનને મંગલ અથવા ઉદાત્ત બનાવવાની સાધના કરવી જોઇએ. એ સાધનાના સુપરિણામરૂપે મનની વૃત્તિ, વિકાર તથા વાસનારહિત, પવિત્ર ને પરમાત્મમયી બનશે; એને લીધે રાગદ્વેષ, અહંતા-મમતા, ભીતિ ને ભેદભાવ વગરની પવિત્ર દૃષ્ટિ પ્રકટશે એટલે સંસારમાં વિલસતી પરમાત્માની પરાત્પર જ્યોતિની ઝાંખી સ્વાભાવિક બનશે. એની સાથે સાથે પરમાત્માની પવિત્રતમ પ્રીતિ કે એકનિષ્ઠ ભક્તિનો ઉદય થશે, અને એ બધું થતાં પરમાત્માના પરમ અનુગ્રહના પરિણામે સાચી શાંતિ તથા શક્તિ સાંપડશે. વૃત્તિ, દૃષ્ટિ, ભક્તિ ને શક્તિની પ્રાપ્તિ એવી રીતે સુલભ બનશે. સંસારમાં જ્યાં છીએ ત્યાં રહીને એ સુંદર સાધનાનું અનુષ્ઠાન કરવા માંડીએ તો આપણા આત્મિક અસંતોષનો આપોઆપ અંત આવે.

☼ ☼ ☼ ☼ ☼

## [૧૨] દેવર્ષિ નારદનો પૂર્વજન્મ

ભાગવતના આરંભમાં જ દેવર્ષિ નારદના પૂર્વજન્મની કથા કહેવાઇ ગઇ છે. તો પણ એનો જે અંશ શેષ રહ્યો છે તે સાતમા સ્કંધની સમાપ્તિ વખતે રજૂ કરવામાં આવ્યો છે. એ અંશ દેવર્ષિ નારદે પોતે યુધિષ્ઠિરને રહેલો છે. એનો સાર આ રહ્યો:

પૂર્વજન્મમાં પહેલાંના મહાકલ્પમાં દેવર્ષિ નારદ ગંધર્વ હતા. એમનું નામ ઉપબર્હણ હતું. એમનું સૌન્દર્ય ને માધુર્ય અપૂર્વ હતું. એમના શરીરમાંથી સુવાસ નીકળતી અને સ્ત્રીઓ એમના પ્રત્યે આકર્ષાતી. એ ખૂબ જ વિલાસી હતા. એકવાર દેવોના જ્ઞાનયજ્ઞમાં દેવોએ ભગવાનની લીલાઓના જયગાન માટે ગંધર્વોને અને અપ્સરાઓને આમંત્રણ આપ્યું. એમને એ સ્થાનવિશેષના મહિમાની માહિતી હોવા છતાં એમણે ત્યાં ઉન્મત્તની જેમ લૌકિક ગીતોને લલકારતાં પ્રવેશ કર્યો. એમની સાથે વિલાસિની સ્ત્રીઓ પણ હતી. એવી રીતે દેવોનો અનાદર થવાથી એમણે એમને સત્વર શાપ આપ્યો કે તમે અમારી અવજ્ઞા કરી હોવાથી તમારી સઘળી સુંદરતા અત્યારે ને અત્યારે જ નષ્ટ થઇ જાવ ને તમે શૂદ્રનું શરીર પ્રાપ્ત કરો.

એ શાપના પરિણામે દેવર્ષિ નારદ-એ વખતના ઉપબર્હણ નામના ગંધર્વ - બીજા જન્મમાં દાસીપુત્ર બન્યા. એ જન્મમાં મળેલા સંતાનુગ્રહને લીધે એમની જ્ઞાનદૃષ્ટિ ઊઘડી ગઇ, એમને અલૌકિક અમોઘ ભગવદ્દભક્તિની પ્રાપ્તિ થઇ અને એમનું જીવન પરમમંગલમયી ભગવત્કૃપાથી કૃતાર્થ બન્યું. એનું વિસ્તૃત વર્ણન એમણે પ્રથમ સ્કંધના પાંચમા તથા છઠ્ઠા અધ્યાયમાં હૃદયંગમ રીતે કરેલું છે.

દેવર્ષિ નારદના પૂર્વજન્મનો એ પ્રસંગ મહાપુરુષોની અવજ્ઞાના દુષ્પરિણામ પ્રત્યે અંગુલિનિર્દેશ કરવાની સાથે સાથે ભાગવતના જન્માંતર વિષયક સરસ સાહિત્યમાં નોંધપાત્ર ઉમેરો કરે છે ને કહે છે કે માણસે સઘળા સંજોગોમાં શુભાશુભ-વિચારથી સંપન્ન તથા સદાચારી બનવું જોઇએ. જીવન સ્વચ્છંદ તથા વિલાસ માટે નથી પરંતુ સંયમ માટે છે ને સંયમની સાધનાથી સુશોભિત થવું જોઇએ. આજના યુવાનોએ એ પ્રસંગમાંથી પ્રેરણા લેવાની છે.

☼ ☼ ☼ ☼ ☼

## ------- સપ્તમ સ્કંધ સમાપ્ત -------

# * અષ્ટમ્ સ્કંધ *



सर्वोपनिषदो गावो दोग्धा गोपालनंदनः ।
पार्थोवत्सः सुधी र्भोक्ता दुग्धं गीतामृतंमहत ॥

## [૧] ગજેન્દ્રની કથા

ભાગવતના આઠમા સ્કંધના બીજા, ત્રીજા ને ચોથા અધ્યાયમાં ગજેન્દ્રની કલ્યાણકારક કથા કહેવામાં આવી છે. એ કથા પ્રમાણે ક્ષીરસાગરમાં ત્રિકૂટ નામનો એક સુંદર પર્વત હતો. એ વિવિધ વૃક્ષો, પુષ્પો, લતાઓ, વેલો, વનરાજિ તથા વિહંગોથી ભરપુર હતો. સમુદ્રનાં ઉત્તુંગ તરંગો એ પર્વતને સ્પર્શ કરતાં ને સુમધુર સંગીતસ્વર સંભળાવતાં અહર્નિશ રમતાં રહેતાં. પર્વતમાં અસંખ્ય ઝરણાં વહ્યા કરતાં. એને લીધે એની આકર્ષકતા અને આહ્લાદકતા વધી જતી. એની એકાંત કમનીય કંદરાઓમાં મહાન ઋષિમુનિ, યોગી, સિદ્ધપુરુષ તથા સાધકોનો વાસ હતો. ત્યાં વિહાર કરવા આવનારા ગંધર્વો, કિન્નરો અને અપ્સરાસમૂહોના સુમધુર સંગીતધ્વનિ પર્વત સાથે અથડાઇને એમાં પ્રતિઘોષ પામતા ત્યારે એમને કોઇક બીજા સિંહનો અવાજ માનીને પર્વતપ્રદેશમાં રહેતા સિંહો એને દબાવી દેવા માટે સામેથી શુરવીરતાપૂર્વક ગર્જના કરતા.

એ પર્વતની તળેટીમાં જાતજાતનાં જંગલી પ્રાણીઓ વિહરતાં રહેતાં. પક્ષીઓ પોતાના સુધામય સ્વરથી એને ભરી દેતાં. એમાં સરિતા તથા સરોવરો હતાં. એમના નિર્મળ નીરમાં દેવાંગનાઓ સ્નાન કરતી ત્યારે એ નીર ખૂબ જ સુવાસિત અને સ્વાદુ બની જતું. એની સુવાસને વાયુની લલિત લહરીઓ દિશાપ્રદિશામાં ફેલાવતી રહેતી.

એ સુંદર ચિત્તાકર્ષક ત્રિકૂટ પર્વતની તળેટીના પ્રશાંત પ્રદેશમાં ભગવાન વરુણનું ઉત્તમ ઉદ્યાન હતું. એનું નામ ઋતુમાન હતું. એમાં દેવાંગનાઓ ક્રીડા કરતી. એ ઉદ્યાનનું સરોવર સ્વર્ણ કમળથી સુશોભિત દેખાતું. એમાં બીજાં પણ કમળો ખીલતાં રહેતાં. એના સુંદર વિશાળ શાંત તટ પરના અસંખ્ય વિવિધ વૃક્ષો એ સરોવરની શોભામાં વૃદ્ધિ કરતાં.

એ ત્રિકૂટ પર્વતના ઘોર જંગલમાં એક ગજેન્દ્ર એની સ્ત્રીઓ સાથે નિવાસ કરતો. એ પર્વતમાં રહેતા હાથીઓનો સરદાર હતો. એક દિવસ એ મદઝરતો ગજેન્દ્ર મધ્યાહ્ન સમયે હાથીઓ તથા હાથીની સ્ત્રીઓ સાથે એ પર્વતપ્રદેશમાં વિહરી રહેલો. એ તાપથી સંતપ્ત તથા આકુળવ્યાકુળ બની ગયેલો અને તૃષાર્ત બનેલો. કમળની સુંદર સુખકારક સુવાસથી સુવાસિત સમીરલહરીની સુંગધનો સ્વાદ લેતાં થોડા જ વખતમાં એ પેલા સુવિશાળ સરોવર પાસે પહોંચી ગયો. એ સુંદર, અતિશય નિર્મળ, સુધાસમાન સ્વાદવાળા સરોવરમાં પ્રેમપૂર્વક પ્રવેશીને એણે સૌથી પહેલાં તો એનું પાણી પીધું અને પછી એમાં સ્નાન કરીને થાક મટાડ્યો. એણે પોતાની સાથેની હાથિણીઓ પર અને સંતાનો પર સરોવરનું પાણી છાંટવા માંડ્યું અને એ પાણી બીજાને પીવડાવવાનો પ્રારંભ કર્યો. એ અત્યંત મોહાસક્ત ને વિલાસી બનીને ભાન ભૂલી ગયો. પોતાના પરિવાર અને સરોવર સિવાય બીજી કોઇ દુનિયાનું અસ્તિત્વ જ ના હોય એવું એને લાગવા માંડ્યું.

ગજેન્દ્ર સરોવરમાં ભાતભાતની ક્રીડા કરતાં કરતાં એમાં ડૂબીને પોતાની જાતનું જાણે કે ભાન જ ભૂલી ગયો. એને આગળનો કે પાછળનો કશો ખ્યાલ જ ના રહ્યો. એ જ વખતે એક કરુણાતિકરુણ અચિંત્ય ઘટના બની. સરોવરમાં રહેતા કોઇક મગરે એકાએક એનો પગ પકડી લીધો. એ જોઇને ગજેન્દ્ર સ્વાભાવિક રીતે જ ઘણો ગભરાઇ ગયો. એણે પોતાની જાતને મગરના મજબુત પાશમાંથી છોડાવવાની બનતી બધી જ કોશિશ કરી જોઇ પરંતુ એ કોશિશ નિષ્ફળ ગઇ. એ પરમ પરાક્રમી હોવાં છતાં મગરની આગળ ના ફાવી

શક્યો ને લાચાર બની ગયો. એની સ્ત્રીઓએ અને એના પરિવારે એની દયનીય દુર્દશાને દેખીને દુઃખી થઇને ભયંકર પોકારો પાડવા માંડ્યા. એમનામાંના કેટલાક એને મદદરૂપ થવા માટે પણ પ્રવૃત્ત થયા પરંતુ એમની એ પ્રવૃત્તિ નિરર્થક થઇ.

ગજેન્દ્ર તથા મગર વચ્ચે પોતપોતાની વિશિષ્ટ શક્તિની જાણે કે સ્પર્ધા ચાલી. ગજેન્દ્ર મગરના મજબૂત મુખના બંધનમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કરતો તો મગર એના પગને વધારે ને વધારે શક્તિપૂર્વક પકડી રાખતો. બંને પોતાની સમગ્ર શક્તિને કામે લગાડતા. એક છૂટવા માટે તો બીજો છૂટવા ના દેવા માટે. અનાદિકાળના, પરાપૂર્વના બે શત્રુ જાણે કે એકાએક ભેગા ના થયા હોય ! કોઇકવાર ગજેન્દ્ર મગરને પાણીની બહાર ખેંચી લાવતો તો કોઇકવાર, અને વધારે વાર, મગર ગજેન્દ્રને સરોવરના સુવિશાળ સુદુસ્તર સલિલમાં ઘસડી જતો. એવી રીતે એમનો એ સંઘર્ષ સુદીર્ઘ સમય સુધી ચાલતો રહ્યો. એમને અવલોકનારાના આશ્ચર્યની સીમા ના રહી.

* * *

યૌવનના સુંદર સુધામય સરોવરમાં પ્રમત્ત બનીને બેહોશની પેઠે મહાલવા પડેલા માનવને - જડ જીવને પણ એવી રીતે એકાએક મગરના મુખમાં સપડાવું પડે છે. જીવનને પોતાના પ્રબળતમ પાશમાં જકડનારો એ મગર કયો છે ? એને આપણે મૃત્યુરૂપી મગર કહીશું ? કે પછી અવિદ્યાજન્ય ઘોર વિષયાસક્તિના પરિણામે પેદા થનારી પરવશતાનો અથવા અસાધારણ અમંગલનો મગર માનીશું ? કે પછી વૃદ્ધાવસ્થાનો મગર સમજીશું ? માનવ એ મહાભયંકર મગર આગળ એકદમ અસહાય બની જાય છે. એના પ્રબળતમ પ્રતિકૂળ પીડાજનક પાશમાંથી છૂટવાના બનતા બધા જ પ્રયત્નો એ કરી છૂટે છે તો પણ એ પ્રયત્નો નિષ્ફળ નીવડે છે. ભોગની પાછળ રોગ અને સુખની પાછળ દુઃખ હોય જ છે. કોઇ પણ જીવન મૃત્યુ વિનાનું નથી હોતું, અને ઘોર વિષયાસક્તિની પાછળ પરવશતા અથવા અમંગલ આવે જ છે. માણસે ઇચ્છાએ કે અનિચ્છાએ, હસતાં કે રડતાં, એનો ભોગ બનવું જ પડે છે.

જીવનમાં આવનારા એ અમંગલમાંથી, પરવશતામાંથી કે મૃત્યુના પ્રખર પાશમાંથી માનવ શી રીતે છૂટી શકે ? પોતાના પાર વિનાના પ્રયત્નોથી ? ના. માનવ ગમે તેવા ને ગમે તેટલા પ્રખર પ્રયત્નો કરે તો પણ એ સદા અધુરા રહેવાના. એ પ્રયત્નોનું ધાર્યું પરિણામ કદાપિ નહિ આવવાનું. તો પછી એણે શું કરવું ? શું પ્રયત્નો કરવા જ નહિ ? ઇચ્છા અનુસાર પોતાની બુદ્ધિ તથા શક્તિ પ્રમાણેના પ્રયત્નો એણે અવશ્ય કરવા. એ પ્રયત્નો કરે છે ને કરશે. પરંતુ છેવટે એને સમજાશે કે એના પ્રયત્નોથી વિશેષ કશું નહિ વળે. અમંગલ સામે સફળતાપૂર્વક લડવા અને મૃત્યુંજય થવા માટે એણે સર્વાન્તર્યામી પરમાત્માનું શરણ લઇને એમના અલૌકિક અનુગ્રહની યાચના કરવી જ પડશે. ત્યારે જ એની પૂરેપૂરી રક્ષા થઇ શકશે. એને માટે નમ્રતા, નિષ્કપટતા, સરળતા, સમર્પણ ભાવના અને શ્રદ્ધાની આવશ્યકતા પડશે. એના વિના કશું જ નહિ થઇ શકે. જીવનના પ્રત્યેક સાધકે એ યાદ રાખવાનું છે.

સુરદાસ પોતાના પદમાં કહે છે :

'जब लग गज बल अपनो बरत्यो नेक सर्यो नही काम ।

निर्बल हवै बल राम पुकार्यो आये आधे नाम ।

**सुने री मैंने निर्बलके बल राम ।**

ગ્રાહના મુખમાં સપડાયેલા ગજેન્દ્રના સંબંધમાં આખરે એવું જ થયું. ઉપરાઉપરી અને સુદીર્ઘ સમય સુધી કોશિશ કરવા છતાં પણ એ ગ્રાહના મુખમાંથી મુક્તિ ના મેળવી શક્યો. એનું શરીર એકદમ શિથિલ પડી ગયું. એ તદ્દન અશક્ત અને ઉત્સાહરહિત બની ગયો. મગર એને વધારે ને વધારે શક્તિથી સરોવરમાં ખેંચવા લાગ્યો. પરંતુ ગજેન્દ્રનું સદ્દભાગ્ય હજું શેષ હતું. એને લીધે કોઇક પવિત્ર પૂર્વસંસ્કારથી પ્રેરાઇને એને પરમકૃપાળુ પ્રેમમૂર્તિ પરમાત્માનું શરણ લેવાનું સૂઝ્યું. એ મહાભયંકર દુઃખમાંથી મુક્તિ મેળવવા માટે એણે પરમાત્માની પ્રાર્થના કરી.

☼ ☼ ☼ ☼ ☼

## [૨] ગજેન્દ્રની પ્રાર્થના

ગજેન્દ્રની પ્રાર્થના કોઇ રૂઢ પરંપરાથી કરવામાં આવેલી, શોખની કે દિલને બહેલાવવા માટે થયેલી પ્રાર્થના ન હતી, પરંતુ એના ઝંઝાવાતમાં પડેલા જીવનની અનિવાર્ય આવશ્યકતા હતી. એને એની ભૂખ લાગેલી. પ્રતિકૂળ પરિસ્થિતિમાં પડેલા પીડિત પ્રાણમાંથી એ પેદા થઇને બહાર પડેલી. એટલે એમાં સહજતા, સ્વાભાવિકતા ને સરળતા હતી. એનાથી એ પ્રાર્થનાને કર્યા સિવાય રહેવાયું જ નહિ. એને લીધે એ પ્રાર્થના ખૂબ જ હૃદયસ્પર્શી, ઉત્કટ, વેદનામય કે માર્મિક બની. ભાગવત કહે છે કે એ પ્રાર્થનાનો મોટો ભાગ એણે પોતાના પૂર્વજન્મમાં મોઢે કરેલા સ્તોત્રનો બનેલો.

જીવનમાં જ્યારે મદદને માટેનાં બધાં જ બારીબારણાં બંધ થઇ ગયાં હોય, આશાનું આછુપાતળું એકે કિરણ ના દેખાતું હોય, અંધકારના ઓળાઓ ઉતરી પડ્યા હોય, પ્રતિકૂળતાના પ્રબળ પ્રલયંકર પવન વાતા હોય, વિપત્તિના વાદળાં વ્યાપ્યાં હોય ને ચિંતાની ચપલા ચમકતી હોય, જીવનની જટિલ યાત્રામાં કોઇ સાથીનો સાથ ના રહ્યો હોય ત્યારે નિરાશ, નાહિંમત કે નાસીપાસ બનવાને બદલે પ્રાર્થનાનો આધાર લેવામાં આવે તો ઇશ્વરની મદદ મળી રહે છે. માણસને કદી નિરાશ નથી થવું પડતું. એટલા માટે પોતાની વેદનાને જ્યાં જ્યાં ને જેની તેની પાસે ઠાલવવાને બદલે ઇશ્વરની પાસે જ ઠાલવતાં શીખવું જોઇએ. પોતાના દુઃખના ગીતને જ્યાં ત્યાં ગાવાને બદલે પ્રાર્થનાની મદદથી ઇશ્વરની આગળ આત્મનિવેદન કરવું જોઇએ. એમ કરવાથી એને નવી શક્તિ સાંપડશે અને સમજાશે કે જીવનની જટિલ યાત્રામાં પોતે એકલો નથી. ઇશ્વર સદાય એની સાથે છે ને સાથે રહેશે. એ એને સર્વ પ્રકારે સહાય કરવા, એનાં અશ્રુ લુછવા અને શાંતિ આપવા અહર્નિશ તૈયાર છે. એણે એ સર્વાન્તર્યામીનું સાચા દિલથી શરણ નહોતું લીધું ને સ્મરણ નહોતું કર્યું એટલું જ.

જીવનવિકાસના સાધકને માટે પ્રાર્થનાનું મહત્વ ઘણું મોટું છે. એને માટે એક અમૂલખ અક્સીર ઔષધ છે. પ્રાર્થના પોતે જ એક સરસ સંપૂર્ણ સાધના છે. જીવનમાં પીડા, પ્રતિકૂળતા, અમંગલ અથવા મૃત્યુથી ઘેરાયેલો સાધક એમાંથી શી રીતે છૂટી શકે ? પ્રાર્થના દ્વારા પરમકૃપાળુ પરમાત્માનો આધાર લેવાથી, પરમાત્માનું સર્વભાવે શરણ સ્વીકારવાથી, એના પરિણામે પ્રાપ્ત થયેલા પરમાત્માના અસીમ અલૌકિક અનુગ્રહથી.

* * *

ગજેન્દ્રનો પ્રસંગ એ મહત્વની પ્રેરણા પ્રદાન કરે છે. ગજેન્દ્રે ભગવાનની પ્રેમપૂર્ણ પ્રાર્થના કરી એ નકામી કેવી રીતે જાય ?

ગજેન્દ્રે સાચા દિલથી સર્વેશ્વર પરમાત્માનું શરણ લઇને પરમાત્માની મદદ માટે પોકાર પાડ્યો તો પરમાત્મા એને બંધનમુક્ત કરવા તથા શાંતિ આપવા તૈયાર થયા. એમણે સત્વર પ્રકટ થઇને એને મગરના મુખમાંથી મુક્તિ આપી. ભગવાનને થોડેક દૂરથી પોતાની દિશામાં આવતા દેખીને ગજેન્દ્રે એક સુંદર સુવાસિત કમળપુષ્પથી એમનું સ્વાગત કરીને એમને પ્રણામ કર્યા.

ભગવાને ગજેન્દ્રની વ્યાકુળતાને વિલોકીને એને મગરની સાથે સરોવરમાંથી બહાર કાઢ્યો. એ પછી એમણે પોતાના ચક્રથી મગરના મુખને ફાડીને ગજેન્દ્રને મુક્ત કર્યો.

ચક્ર પરમાત્માની સનાતન શક્તિ, એમની પરમ અનુકંપા અને એની દ્વારા મળેલી પરમાત્મનિષ્ઠા છે. આધ્યાત્મિક દૃષ્ટિએ વિચારીએ તો અમંગલ, મોહ મૃત્યુરૂપી મગરનો નાશ એને લીધે જ થઇ શકે.

☼ ☼ ☼ ☼ ☼

## [3] ગ્રાહ અને ગજેન્દ્રનું પૂર્વજીવન

મૃત્યુ વખતે મગરનું આખું રૂપ બદલાઇ ગયું. એણે આશ્ચર્યકારક અલૌકિક શરીર ધારણ કર્યું. એનું કારણ બતાવતાં ભાગવતકાર કહે છે કે મગર એના પૂર્વજન્મમાં હૂહૂ નામે ગંધર્વ હતો. દેવલના શાપથી એને મગરની યોનિની પ્રાપ્તિ થયેલી. હવે એને મુક્તિ મળી. એણે ભગવાનને પ્રણામ કરીને એના દિવ્ય લોક પ્રતિ પ્રયાણ કર્યું.

ગજેન્દ્રના પૂર્વજન્મનો પરિચય કરાવતાં ભાગવતકાર કહે છે કે ગજેન્દ્ર પોતાના પૂર્વજન્મમાં દ્રવિડ દેશનો પાંડ્યવંશી રાજા હતો. એનું નામ ઇન્દ્રદ્યુમ્ન હતું. એને ભગવાનની ઉપાસના પ્રત્યે પ્રેમ હતો. એકવાર એણે એકાંતમાં ઇશ્વરોપાસના કરવાના પ્રયોજનથી પ્રેરાઇને રાજ્યનો પરિત્યાગ કરીને મલય પર્વત પર રહેવા માંડ્યું. એણે તપસ્વીનો વૈરાગ્યપ્રધાન વેશ ધારણ કર્યો. એક વાર સ્નાનાદિથી નિવૃત થઇને એ મનને સ્થિર કરીને ઇશ્વરની વિધિપૂર્વકની આરાધના કરી રહેલો તે વખતે મહામુનિ અગસ્ત્ય ત્યાં શિષ્યો સાથે આવી પહોંચ્યા. એમણે એને પ્રજાપાલન અને અતિથિસત્કાર જેવાં ઉત્તમ કર્મોમાંથી ચ્યુત થયેલો જાણીને એકાએક શાપ આપ્યો કે આ રાજાએ સદ્દગુરુઓ પાસેથી જ્ઞાન નથી મેળવ્યું અને એટલા માટે પરહિતની પ્રવૃત્તિનો પરિત્યાગ કરીને સ્વેચ્છાનુસાર જીવી રહ્યો છે. એની બુદ્ધિ હાથીના જેવી જડ હોવાથી એને હાથીની યોનિની પ્રાપ્તિ થાવ.

રાજા ઇન્દ્રદ્યુમ્ન એકાંતવાસ દરમિયાન ઇશ્વરની આરાધનામાં મગ્ન હોવા છતાં એની એ પ્રવૃત્તિને આદર્શ અથવા અભિનંદનીય ના માનીને મહામુનિ અગસ્ત્યે એને શાપ આપ્યો એ હકીકત ઘણાને એટલી બધી સારી કે પ્રશંસનીય નહિ લાગે. મુનિએ એને સહાનુભૂતિથી સમજીને એની સાથે થોડોક વધારે મૃદુલ વ્યવહાર કરવો જોઇતો હતો એવું પણ એમને જણાયા વિના નહિ રહે. એમના એ અભિપ્રાયના ગુણદોષની ચર્ચાવિચારણામાં ઉતરવાનું આ સ્થાન નથી. મહત્વની મૂળભૂત હકીકત એ છે કે રાજાને શાપ મળી ચૂક્યો.

અગસ્ત્ય મુનિ શાપ આપીને વિદાય થયા. ઇન્દ્રદ્યુમ્ને પોતાનું પ્રારબ્ધ સમજીને એ શાપનો કોઇ પણ પ્રકારના વિરોધ, ક્લેશ કે બડબડાટ વગર શાંતિથી સ્વીકાર કર્યો. વખતના વીતવાની સાથે એને હાથીની યોનિની પ્રાપ્તિ તો થઇ પરંતુ ઇશ્વરોપાસનાના સુસૂક્ષ્મ સંસ્કારોના પ્રભાવથી સુયોગ્ય સમયે એને ઇશ્વરની સ્મૃતિ થઇ.

ગજેન્દ્ર ભગવાનના અલૌકિક અનુગ્રહથી રહ્યાસહ્યા અજ્ઞાનથી મુક્તિ પામ્યો, અને ભગવદ્દસ્વરૂપ બની ગયો.

સાચું છે. આધ્યાત્મિક રીતે વિચારતાં એ સંપૂર્ણ સાચું લાગે છે. પરમાત્માનો સાક્ષાત્કાર થયા પછી માનવ મૃત્યુંજય બને છે, પોતાના અવિનાશી આત્મસ્વરૂપને ઓળખે છે, અને વિષયોની રહીસહી રસવૃત્તિમાંથી સદાને માટે સંપૂર્ણ મુક્તિ મેળવે છે. જે ભગવાને ઓળખે છે તે ભગવાનથી અલગ નથી રહી શક્તો.

*         *         *

મહામુનિ અગસ્ત્યે રાજા ઇન્દ્રદ્યુમ્નને ગજયોનિમાં જવાનો શાપ આપ્યો એનો અર્થ એવો પણ કરી શકાય કે એ વખતે માનવોની કોઇક ગજ નામની વિશિષ્ટ જાતિ હશે અને ઇન્દ્રદ્યુમ્નનો જન્મ એમાં થયો હશે. એ જાતિ જડબુદ્ધિની હશે. ઇન્દ્રદ્યુમ્નનો જન્મ ખરેખર હાથીની જ યોનિમાં થયેલો માનીએ તો પણ કશી હરકત નથી. ભરત મુનિના જીવનમાં એમને મૃગની યોનિમાં પુનર્જન્મ લેવો પડ્યો એ વાત આવે જ છે. એનો ઉલ્લેખ આપણે કરી જ ગયા છીએ. એક અસાધારણ અપવાદ તરીકે રાજા ઇન્દ્રદ્યુમ્ને શાપ દ્વારા પ્રાપ્ત થયેલા ગજેન્દ્રના શરીરમાં પૂર્વસંસ્કારના પરિણામે સાત્વિકી બુદ્ધિ કે વૃત્તિ મેળવી એવું માનવું વધારે પડતું નથી. જુદી જુદી મનુષ્યેત્તર યોનિઓના જીવોને પૂર્વસંસ્કારોના પરિણામે કેટલીક નોંધપાત્ર વિલક્ષણતાઓ આવી મળતી હોય છે. એ સ્વાભાવિક રીતે આશ્ચર્યકારક લાગે તો પણ અશક્ય તો નથી જ.

ગજેન્દ્રનો પ્રસંગ અહીં પૂરો થાય છે. એનો મુખ્ય ઉદ્દેશ્ય સર્વ પ્રકારના પ્રમાદ, મોહ તથા મમત્વમાંથી મુક્તિ મેળવીને માનવને પરમાત્માભિમુખ કરવાનો છે. કથાશ્રવણની સાચી સફળતા એમાં જ છે. શાસ્ત્રોનું અધ્યયન-અધ્યાપન અથવા ચિંતનમનન કે પારાયણ પણ એટલા માટે જ છે કે ગજેન્દ્ર જેવો સંસારાસક્ત જડ જીવ પરમાત્માના પરમપવિત્ર પ્રેમથી પરિપ્લાવિત બનીને પરમાત્માનો થઇ જાય. સૌ કોઇએ એ જ મહત્વનું મહામૂલ્યવાન મંગલ મહાકાર્ય કરી લેવાનું છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૪] સમુદ્રમંથન

દેવોએ અને દાનવોએ પરમાત્માની પ્રેરણાથી પ્રેરાઇને એમના પથપ્રદર્શન પ્રમાણે અમૃતપ્રાપ્તિની અભિલાષાથી સમુદ્રમંથનની પ્રવૃત્તિનો પ્રારંભ કર્યો. ભાગવતના આઠમા સ્કંધમાં હવે એ કથા શરૂ થાય છે, દેવો તથા દાનવો સાપ તથા નોળિયાની પેઠે પહેલેથી જ પરસ્પર લડતા રહેતા તો પણ અમૃત જેવા અમૂલખ પદાર્થને પામીને અમૃતમય બનવાની ઉત્તમ ભાવનાથી કામચલાઉ સમયને સારુ પરસ્પર સંધિ કરીને એકઠા થયાં. એમણે નાગરાજ વાસુકિને અમૃતનો ભાગ આપવાની બાંયધરી આપીને પોતાના પક્ષમાં લીધો. ક્ષીરસાગરમાં મંદરાચલ પર્વતને મૂકીને વાસુકિ નાગનું નેતરું કરીને એમણે અમૃતપ્રાપ્તિને માટે મંથનની શરૂઆત કરી.

સમુદ્રમંથન શરૂ તો થયું પરંતુ ભારની અતિશયતાને લીધે મંદરાચલ પર્વત સ્થિર ના રહી શક્યો. એની નીચે કોઇ આધાર ના હોવાથી એ સમુદ્રમાં ડૂબવા લાગ્યો. એ દેખીને દેવો તથા દાનવો ઉદાસ બની ગયા. એમને હિંમત અથવા ઉત્સાહ આપવા માટે ભગવાને અત્યંત વિશાળ અને વિચિત્ર કાચબાનું રૂપ ધારણ કરી, પાણીમાં પ્રવેશ કરીને, મંદરાચલ પર્વતને પોતાની પીઠ પર ઉપાડી લીધો કે સ્થિર કર્યો. સર્વસમર્થ ભગવાનને માટે એ કામ લેશ પણ કઠિન ન હતું.

મંદરાચલને સમુદ્રમાં સ્થિર થયેલો જોઇને દેવો ને દાનવો ફરી પાછા ઉત્સાહિત બન્યા. એમની હિંમત વધી ગઇ અને મૃતઃપ્રાય બનેલી આશા પુનર્જીવિત થઇ. ભગવાને દેવ તથા દાનવોની અંદર પોતાની વિશિષ્ટ શક્તિનો સંચાર કર્યો. એને લીધે સૌ અવનવા અનેકગણા ઉત્સાહથી સંપન્ન બની ગયા. એમની શક્તિ સાધારણ ને સીમિત મટીને અસાધારણ અને અસીમ બની. એ અતિશય વેગથી પૂરી શક્તિને લગાડીને સમુદ્રમંથન કરવા લાગ્યા. એને લીધે સમુદ્ર અને એની અંદરના જીવો ખળભળી ઊઠ્યા તેમજ ડરી ગયા. વાસુકિના મુખમાંથી, નેત્રમાંથી, શ્વાસ-પ્રશ્વાસમાંથી તથા અંગપ્રત્યંગમાંથી વિષની વરાળો નીકળવા લાગી. દેવોનું ને દાનવોનું તેજ તેથી લુપ્ત થવા માંડ્યું પરંતુ ભગવાનની કૃપાથી એ વખતે વરસાદ શરૂ થયો અને પવન સમુદ્રનો સ્પર્શ કરીને શીતળતા અને સુવાસ સાથે વહેવા લાગ્યો એથી એમને રાહત મળી.

દેવો ને દાનવો સમુદ્રમંથનના મહાકાર્યમાં લાગી તો ગયા પણ એમને અમૃત ના મળ્યું ત્યારે ભગવાન પોતે એમને મદદ કરવા તૈયાર થયા. સમુદ્રમંથનમાં એમનો અદ્દભુત સહયોગ સાંપડવાથી એ કાર્યમાં ખૂબ જ વેગ પેદા થયો. જલચરો ભયભીત બનીને આમતેમ ભાગવા તેમ જ ઉપર આવવા લાગ્યાં. સમુદ્રનું તળિયું ખળભળી ઊઠયું. દેવો તથા દાનવો પોતાનો પરિશ્રમ ફળશે અને અમૃત મળશે એવું માનીને ખૂબ ખૂબ આનંદ પામ્યાં. પરંતુ એમનો આનંદ લાંબા સમય સુધી ટકી શક્યો નહિ. એમને આશા તો અમૃતની હતી પરંતુ સમુદ્રમાંથી નીકળ્યું હલાહલ વિષ. ભગવાને એમને સૂચના આપી જ રાખેલી કે સમુદ્રમંથનના પરિણામે સમુદ્રમાંથી સૌથી પહેલાં કાલકુટ નામનું વિષ નીકળશે, તો પણ વિષને જ્યારે એમણે પોતાની આગળ પ્રત્યક્ષ રીતે જોયું ત્યારે એ સ્વાભાવિક રીતે જ ગભરાઇ ગયા. એ વિષમાં સમસ્ત વિશ્વનો વિનાશ કરી નાખવાની શક્તિ હતી.

પરંતુ એનાથી પોતાની ને બીજાની રક્ષા કેવી રીતે કરવી તેની સમજ કોઇને ના પડી. આખરે સૌ અતિશય ચિંતાતુર અને ભયભીત બનીને કૈલાસવાસી ભગવાન શંકરની પાસે પહોંચી ગયા. પ્રજાપતિઓએ એમણે પ્રસન્ન કરવા માટે એમની પ્રેમપૂર્વક સ્તુતિ કરી.

ભાગવતમાં સ્તુતિઓનો પાર નથી. એ સઘળી સ્તુતિઓ અદ્દભુત, આકર્ષક અને સુંદર છે. પરંતુ એ સ્તુતિઓમાં ભગવાન શંકરની સ્વતંત્ર પ્રાર્થના કે સ્તુતિ ક્વલ્લે જ જડે છે. એ દૃષ્ટિએ વિચારતાં પ્રજાપતિઓએ કરેલી ભગવાન શંકરની એ સ્તુતિ સવિશેષ મહત્વ ધરાવે છે.

* * *

શંકર ભગવાન તો કરુણાથી ભરેલા હૃદયવાળા અને પરહિતની ઉદાત્ત ભાવનાથી સંપન્ન હતા. પ્રજાની અને પ્રજાપતિઓની પીડાને પેખીને એમનું અંતર દ્રવી ઊઠ્યું.

મહાપુરુષોના જીવન પોતાના આમોદપ્રમોદને માટે નથી હોતાં, બીજાના ઉત્કર્ષ તથા મંગલને માટે હોય છે. પોતાની સુખાકારી કે શાંતિને મહત્વ આપવાને બદલે એ બીજાની સુખાકારી કે શાંતિને મહત્વ આપે છે, એને માટે પ્રયત્ન કરે છે, અને એ પ્રયત્ન કરતાં કરતાં પોતાના વ્યક્તિગત સુખનો ભોગ આપવો પડે તો પણ એવો ભોગ આપવા હસતે મોઢે તૈયાર રહે છે. એવા પરહિતનિરત કૃતકામ મંગલમના મહામાનવોને લીધે જ આ પૃથ્વી ટકી રહી છે. ને જીવવા જેવી થઇ છે. એને માટે એમને જેટલાં પણ અભિનંદન આપીએ અને એમનાં જેટલાં પણ ગુણગાન ગાઇએ એટલાં ઓછાં છે. ભગવાન શંકર તો મહાપુરુષોના આરાધ્યદેવ હતા. એ પ્રજાના પ્રતિનિધિઓએ પ્રાર્થના કરવા છતાં પ્રજાના દુઃખને કેવી રીતે દેખી શકે ? એવી પરિસ્થિતિમાં નિષ્ક્રિય કેવી રીતે રહી શકે ? સતીની સંમતિ મેળવીને એ સૌની સાથે ચાલી નીકળ્યા. સમુદ્રમંથનના સ્થળ પર આવીને પોતાની અસાધારણ યોગશક્તિની મદદથી એમણે કાલકુટ વિષનું પ્રસન્નતાપૂર્વક પાન કરી લીધું. સ્વનામધન્ય સંતશિરોમણિ શુકદેવ એ પ્રસંગને વર્ણવતાં કહે છે કે સંસારના સ્વામી મહાદેવે કૃપાપૂર્વક એ વિષને હથેળીમાં લીધું અને એનું પાન કર્યું.

ततः करतलीकृत्य व्यापि हालाहलं विषम् ।

अभक्षयन्महादेवः कृपया भूतभावनः ॥ (અધ્યાય ૭, શ્લોક ૪૨)

* * *

ભગવાન શંકરના એ લોકોત્તર સેવાકર્મને જોઇને સૌ સ્તબ્ધ બની ગયાં. એમને માટે સૌનો આદરભાવ વધી ગયો. અને કેમ ના વધે ? એ ના હોત તો વિશ્વનો વિનાશ થઇ જાત. એમણે પીડિત પ્રજાની અને સમસ્ત પૃથ્વીની રક્ષા કરી. એમનું જેટલું પણ બહુમાન કરવામાં આવે તેટલું ઓછું હતું.

એ તો યોગીઓના અધીશ્વર હતા એટલે વિષ એમને લેશ પણ હાનિ ના પહોંચાડી શક્યું. પરંતુ એને લીધે એમનો કંઠ નીલ રંગનો બની ગયો. ત્યારથી એ નીલકંઠ કહેવાયા. એ શંકર અથવા કલ્યાણકારક હોવાથી વિષ પણ એમને માટે મંગલમય બન્યું અને એમનો વાળ પણ વાંકો ના કરી શક્યું તો પણ એ નીલ ડાઘ એમણે સૃષ્ટિને એ પ્રસંગની સ્મૃતિ કરાવવા ને સેવાધર્મની પ્રેરણા પાવા જાણે કે સ્વેચ્છાએ જ ધારણ કર્યો. સૃષ્ટિએ એમાંથી કેટલીક પ્રેરણા પીધી તે તો તે જ જાણે. એ ડાઘ એમને માટે ભૂષણ બન્યો.

☼ ☼ ☼ ☼ ☼

## [૫] અમૃતનો આવિર્ભાવ

ભગવાન શંકરનું વિષપાન સમસ્ત સંસારને સારું શુભાશીર્વાદસમું પ્રસન્નતાદાયક પુરવાર થયું. દેવો અને દાનવો એથી નિર્ભય ને નિશ્ચિંત બન્યા. એમણે અવનવા ઉત્સાહપૂર્વક સમુદ્રમંથનનો આરંભ કર્યો. એ મંથનના પરિણામે સમુદ્રમાંથી કામધેનુ ગાય નીકળી. એ પછી ઉચ્ચૈઃશ્રવા અશ્વ, ઐરાવત હાથી, કૌસ્તુભ મણિ, કલ્પવૃક્ષ, અપ્સરાઓ, લક્ષ્મીદેવી, વારુણીદેવી અને ધન્વંતરિનો આવિર્ભાવ થયો. ધન્વંતરિ વિષ્ણુ ભગવાનના અંશાવતાર, આયુર્વેદના પ્રવર્તક તથા યજ્ઞભોક્તા તરીકે પાછળથી પ્રસિદ્ધિ પામ્યા. એમના હાથમાં અમૃતથી ભરેલો કળશ હતો. એ કળશ પર દાનવોની દૃષ્ટિ પડતાં વેંત જ એને એમણે પડાવી લીધો.

અમૃતની આકાંક્ષા તો દેવોને પણ હતી જ પરંતુ અમૃતના એ અદ્દભુત કળશને દાનવોએ લઇ લીધો એથી એમના શોકનો પાર ના રહ્યો. એ ભગવાનને શરણે ગયા. ભગવાને એમને આશ્વાસન આપ્યું. એમની જ પ્રેરણાથી દાનવો અંદરઅંદર લડવા લાગ્યા. એમને અમૃતની પ્રાપ્તિ તો થઇ ગઇ પરંતુ એ અલૌકિક અમૃતપાનનો આસ્વાદ સૌથી પહેલાં કોણ કરે એને માટેનો વાદવિવાદ એમની અંદર શરૂ થયો. એમનામાંના કેટલાકે દેવોએ સમુદ્રમંથનના મહાકાર્યમાં સહયોગ પ્રદાન કર્યો હોવાથી એમને પણ અમૃતનો ભાગ આપવાની ભલામણ કરી તો બીજા કેટલાકે એ ભલામણનો વિરોધ કર્યો. એમની અંદર એવી રીતે ભાવો, વિચારો અને શબ્દોનો ગજગ્રાહ શરૂ થયો. એ જ વખતે એમના મનને વિમોહિત ને ભ્રમિત કરીને દેવોના કામને સિદ્ધ કરવા માટે ભગવાને અત્યંત આકર્ષક, અલૌકિક, અવર્ણનીય મોહિની સ્ત્રીનું રૂપ ધારણ કર્યું.

એમણે કામમોહિત બનીને એને બધી વાત કરી અને નિષ્પક્ષભાવે મંથન દ્વારા પ્રાપ્ત થયેલું અમૃત સૌને વહેંચી આપવા મદદ કરવા કહ્યું. એ સુંદરી સ્ત્રીએ એમની ભલામણ, વિજ્ઞપ્તિ અથવા પ્રાર્થનાનો એ શરતે સહર્ષ સ્વીકાર કર્યો કે પોતે ઉચિત અથવા અનુચિત જે કાંઇ કરે તેને એમણે કોઇ પણ પ્રકારના બડબડાટ કે વિક્ષેપ અથવા વિરોધ વગર ચલાવી લેવું. એ સૌ એની સાથે સંમત થયા એટલે એણે અમૃતને વહેંચી આપવાની તૈયારી બતાવી. દેવો અને દાનવો એની સૂચનાનુસાર જુદી જુદી પંક્તિમાં ભારે ઉત્સાહપૂર્વક છતાં શિસ્તબદ્ધ રીતે બેસી ગયા.

મોહિની હાથમાં અમૃતનો કળશ લઇને પોતાના વિશ્વવિમોહન ત્રિભુવનસુંદર સ્વરૂપ સાથે સૌનાં મનને વિમોહિત કરતી અને સૌના અંતરમાં ભારે ઉત્સુકતા ભરતી સભામંડપમાં આવી પહોંચી. એણે વિચાર્યું કે જન્મથી જ દૂષિત સ્વભાવવાળા દાનવોને અમૃતપાન કરાવીને યાવચ્ચંદ્રદિવાકરૌ અમર બનાવવાનું કાર્ય લેશ પણ અભિનંદનીય નહિ મનાય. દાનવો જો ભૂલેચૂકે પણ અમર બનશે તો અવનીને માટે અત્યારે છે એનાં કરતાં પણ વધારે અને કાયમને માટે ખૂબ જ આતંકરૂપ થઇ પડશે. આ જગત પછીથી જરા પણ જીવવા જેવું નહિ રહે. એથી ઉલટું દેવો જો અમૃતનું પાન કરીને અમૃતમય બનશે તો અવનીને માટે એટલા આંતકરૂપ નહિ થઇ શકે. એમને લીધે એક અથવા બીજી રીતે સૌને મદદ જ મળી રહેશે. એવા વિચારથી પ્રેરાઇને એણે દાનવોને કેવળ હાવભાવથી જ ખુશ કર્યા અને અમૃતપાનથી વંચિત રાખીને એ અમૃત એના અધિકારી દેવોને પાઇ દીધું. વૃદ્ધાવસ્થા, વ્યાધિ તથા મૃત્યુનો નાશ કરનારા એ અમૃતનું પાન કરીને દેવોની

પ્રસન્નતાનો તથા કૃતકૃત્યતાનો પાર ના રહ્યો. એમની મનોકામના પરમાત્માની પરમકૃપાથી એવી રીતે પૂરી થઇ.

દાનવોએ જોયું કે એ સુંદરી એમને અમૃતથી વંચિત કરી રહી છે તો પણ પ્રથમથી જ વચનબદ્ધ હોવાથી એ શિસ્તને ખાતર શાંત રહ્યા. એ સુંદરી પ્રત્યે પાર વિનાનો પ્રેમ હોવાથી એના વિરોધમાં એમણે એક અક્ષર પણ ના ઉચ્ચાર્યો કે એને અપ્રિય લાગે એવી કોઇ વાત પણ ના કહી.

ભગવાન મોહિની સ્વરૂપમાં દાનવોને મોહિત કરીને દેવોને અમૃતપાન કરાવી રહેલા ત્યારે એક અમંગલ પ્રસંગ બન્યો. એ વખતે રાહુ નામનો દાનવ અમૃતપાનની આકાંક્ષાથી દેવોનો વેશ ધારણ કરીને દેવોની વચ્ચે બેસી ગયો. દેવોની સાથે એણે પણ અમૃતપાન કરી લીધું. પરંતુ એ અમૃતપાન એને ભારે પડ્યું. સૂર્યે તથા ચંદ્રે એના ગુપ્ત રહસ્યને સૌની આગળ જાહેર કરી દીધું. પછી તો બાકી શું રહે ? એનું જે પરિણામ આવવું જોઇતું હતું તે તરત જ આવી ગયું. ભગવાને સુદર્શનચક્રની સુતીક્ષ્ણ ધારની મદદથી એના મસ્તકને ધડથી અલગ કરી દીધું. એનું ધડ અમૃતનો સંસ્પર્શ ના કરી શક્યું હોવાથી નીચે પડ્યું પરંતુ મસ્તક અમર બન્યું. પાછળથી એને ગ્રહ બનાવવામાં આવ્યો.

દેવોનું અમૃતપાન પૂરું થયું એટલે ભગવાને મોહિની સ્વરૂપનો પરિત્યાગ કર્યો.

દેવોએ અને દાનવોએ અમૃતને માટે સંયુક્ત રીતે પુરુષાર્થ કર્યો તો પણ દેવોને એની પ્રાપ્તિ થઇ અને દાનવોને ના થઇ એનું કારણ ? સંતશિરોમણિ શુકદેવે એના કારણનો નિર્દેશ કરતાં કહ્યું કે દેવો ભગવાન પ્રત્યે પ્રેમવાળા હતા ને દાનવો ભગવાનથી વિમુખ. દેવોએ શ્રદ્ધાભક્તિથી સંપન્ન બનીને ભગવાનનો સાથ શોધેલો અને એમનું શરણ લીધેલું. એને લીધે જ એ સર્વપ્રકારની સફળતા મેળવીને જીવનને સફળમનોરથ કરી શક્યા. શુકદેવજીના એ શબ્દોનો સાર એ છે કે પરમાત્માની સાથે સંબંધ બાંધવાથી ને એમનું શ્રદ્ધાભક્તિપૂર્વક શરણ લેવાથી જ માનવ સફળમનોરથ થઇ શકે છે. એમનું શરણ લેનાર અમૃતમય બને છે. એ શરણ સર્વ પ્રકારની સુખાકારી, શાંતિ, સમુન્નતિ અને મુક્તિ, પૂર્ણતા તથા કૃતકૃત્યતાનું મૂળ છે.

દેવોને અમૃતપાન કરાવીને ભગવાન સમુદ્રમંથનના સ્થળ પરથી વિદાય તો થયા પરંતુ દાનવો એવી રીતે દેવોને થયેલા અસાધારણ લાભને જોઇ ના શક્યા એટલે પોતાના શસ્ત્રાસ્ત્રો સાથે દેવો પર તૂટી પડ્યા. એમને પોતાની ઉપર તૂટી પડેલા જોઇને દેવોએ પણ નાછૂટકે એમનો સશસ્ત્ર સામનો કર્યો. એ રીતે દેવાસુર સંગ્રામનો અચાનક આરંભ થયો. એમાં ભારે હાનિ થઇ. છેવટે દેવર્ષિ નારદે દેવોને યુક્તિપ્રયુક્તિપૂર્વક સમજાવીને એ ઘોર સંગ્રામને શાંત કર્યો.

☼ ☼ ☼ ☼ ☼

## [૬] આધ્યાત્મિક સંદર્ભ

સમુદ્રમંથનની એ કથા શ્રીમદ્ ભાગવતમાં ખૂબ જ રસમય રીતે વિસ્તારપૂર્વક વર્ણવેલી છે તથા જનતામાં જાણીતી પણ થયેલી છે. પરંતુ એના આધ્યાત્મિક સંદર્ભનો વિચાર પણ આવશ્યક છે અને એવો વિચાર કરનારા માનવો-પંડિતો, વિદ્વાનો, કથાકારો કે કથારસિક શ્રોતાઓ બહુ ઓછા મળે છે. એવી પરિસ્થિતિ કોઇક વિરલ અપવાદને બાદ કરતા લગભગ સર્વત્ર દેખાય છે. એ આશીર્વાદરૂપ અથવા અભિનંદનીય નથી. કથાઓમાંથી જીવનોપયોગી સારસંદેશને ઝીલવાની કે ગ્રહણ કરવાની આવશ્યકતા સૌથી મોટી છે. એને સમજીને એનો લાભ લેવાની પદ્ધતિ આવકારદાયક અને આદર્શ લેખાશે.

એ દૃષ્ટિએ સમુદ્રમંથનની કથાને આધ્યાત્મિક સંદર્ભમાં સમજીએ એમાં કશું ખોટું નથી. ક્ષીરસાગર મંગલમય, મહામહિમાસભર, મૂલ્યવાન માનવજીવન છે. માનવની બે પ્રકારની ભાવનાઓ અથવા વૃત્તિઓ છેઃ દૈવી અને આસુરી. ગીતામાં એમને દૈવાસુર સંપત્તિ કહી છે. પ્રત્યેક માનવ પોતાના જીવનમાં પરમસુખની, પરમાનંદની, સનાતન શાંતિની અને મુક્તિ, પૂર્ણતા અથવા અમૃતમયતાની પ્રાપ્તિની ઇચ્છા રાખે છે અને એ મહેચ્છાની પરિપૂર્તિ માટે પોતાની દૈવાસુર સંપત્તિના સંમિશ્રણવાળી વૃત્તિથી પુરુષાર્થ કે મંથન કરે છે. અમૃતની અભિલાષાથી પ્રેરાઇને થનારા જીવનના એ મંગલમય મહામંથનમાં મનરૂપી મંદરાચલ પર્વતની અને નિષ્ઠારૂપી-શ્રદ્ધાભક્તિ યુક્ત ઉત્સાહરૂપી વાસુકિ નાગની આવશ્યકતા પડે છે. એમની મદદથી માનવ-ખાસ કરીને સદ્દસદ્દબુદ્ધિથી સંપન્ન સુવિચારી સુધાભિલાષી જીવનની સાધનાનો સાધક માનવ નિત્યનિરંતર પુરુષાર્થ કરે છે. એ પુરુષાર્થમાં, અમૃતની ઉપલબ્ધિ માટેના સમુદ્રમંથનના એ મહાયજ્ઞમાં માનવની શુભ દૈવી વૃત્તિ સદાને સારુ પરમાત્મામાં જોડાઇને પરમાત્માના પડખે રહે છે.

પરંતુ માનવ પોતાના જીવનમાં અમૃતની આકાંક્ષાથી પ્રેરાઇને સતત પુરુષાર્થ કરે છે તો પણ એના એ પુરુષાર્થના પરિણામે એને સહેલાઇથી અમૃત મળે છે ખરું ? ના. જીવનના મહામંથનમાં પણ પેલા સમુદ્રમંથનની પેઠે સૌથી પહેલાં અમૃત નથી નીકળતું પણ વિષ નીકળે છે અને એનું પાન કરવા તૈયાર રહેવું પડે છે. સાત્વિક સુખનું વર્ણન કરતાં ગીતામાં કહેલું જ છે કે એ પહેલાં વિષમય હોય છે અને આખરે અમૃતમય.

એ વિષ એટલે શું ? વિરોધ, વિઘ્નો, વિપત્તિઓ, પ્રતિકૂળતાઓ અને પીડાઓ. સાધકના જીવનમાં એ તો આવે જ છે. તો પણ આદર્શ સાધકે એથી ડરી નથી જવાનું. એનાથી ગભરાઇને, હતોત્સાહ કે નાહિંમત બનીને પોતાના સાધનાત્મક પુરુષાર્થને મૂકી નથી દેવાનો. કોઇ પ્રકારનો પ્રમાદ પણ નથી સેવવાનો. પોતાની અંદર પડેલી પવિત્રતમ પ્રજ્ઞાને પ્રકટાવી તથા પ્રબળ બનાવીને એણે એ વિષનું ભગવાન શંકરની પેઠે કલ્યાણકારક દેવ બનીને પાન કરવાનું છે. પોતાની અંદરની દિવ્યતાને જગાડીને એની મદદથી ઉત્તરોત્તર આગળ વધનારો સાધક જીવનમાં જુદાં જુદાં મહામૂલ્યવાન રત્નોની પ્રાપ્તિ કરે છે અને આખરે જીવનની પરમસંસિદ્ધિના પરિણામરૂપે આત્મદર્શનના, શાશ્વત શાંતિના, સનાતન સુખના અથવા જીવનની ધન્યતાના અલૌકિક અમૃતની પ્રાપ્તિ કરે છે.

જીવનનું એ અલૌકિક અમૃત પરમાત્માની કૃપાથી જ મળતું હોય છે. એને માટે પરમાત્માનું સર્વભાવે સાચા દિલથી શરણ લેવાની અને પરમાત્માનો અખંડ સતત સંપર્ક સાધવાની આવશ્યકતા છે. એની પાછળ પરમાત્માનો અખંડ અનુગ્રહ જ કામ કરે છે. એ અલૌકિક અમૃતપાન જીવનને બધી રીતે કૃતાર્થ કરે છે. એ જીવનને અખંડ યૌવનમય-સ્ફુર્તિ, તાજગી તથા ચેતનાથી ભરપુર બનાવે છે ને સર્વે દોષોને દૂર કરીને પવિત્રતાની પરાકાષ્ઠાએ પહોંચાડી દે છે.

મોહિનીના પ્રસંગ દ્વારા ભાગવત એક બીજી મહત્વની વસ્તુ પ્રત્યે પણ અંગુલિનિર્દેશ કરે છે. દૈત્યો મોહિનીના સાચા સ્વરૂપને ના સમજવાથી એનાથી મોહાયા અને એની આગળ ભાન ભૂલી ગયા એ શું બતાવે છે ? એ જ કે પરમાત્માના સાચા સ્વરૂપને ના જાણવાથી જ માનવ બાહ્ય પદાર્થોને મહત્વના માને છે. એમનાથી મોહાય છે, અને એમની અંદર આસક્ત બનીને કેટલીક વાર વિપથગામી તેમ જ બરબાદ પણ બની જાય છે. માનવ જો સર્વત્ર ને સર્વકાળે પરમાત્માની ઝાંખી કરવાની ને સંસારને પરમાત્માના પ્રતીકરૂપે પેખવાની ટેવ પાડે તો નિર્ભય તથા નિર્મોહ બની જાય. એને સંસારનો કોઇ પણ પદાર્થ કે વિષય મંત્રમુગ્ધ ના કરે કે ભ્રાંત ના બનાવી શકે. સંસારમાં સૌથી વિશેષ મોહિની શરીરની મનાય છે. કોઇ એમાં મગ્ન છે, કોઇ પ્રતિષ્ઠામાં આસક્ત છે, તો કોઇક યુવાનીમાં તથા લક્ષ્મીમાં. એ સર્વે પ્રકારની મોહિનીમાંથી જે છૂટે છે એ જ અમૃતપાનનો આનંદ મેળવે છે.

અમૃતપાનનો આનંદ એટલો બધો અદ્દભુત અથવા અનોખો હોવાં છતાં એવા બધા વિચારોથી નાહિંમત બનીને, નિરાશ થઇને, બેસી નથી રહેવાનું પરંતુ એની અનુભૂતિ માટે અહર્નિશ પ્રયત્નશીલ રહેવાનું ને ક્રમેક્રમે આગળ વધવાનું છે. જીવનવિકાસનો સાધક ડરપોક ના હોવો જોઇએ. એ ખૂબ જ મહત્વકાંક્ષી હોવાની સાથે સાથે અખંડ આત્મશ્રદ્ધાથી, ધીરજથી, હિંમતથી, તરવરાટથી તથા ઉત્સાહથી અલંકૃત હોવો જોઇએ. એવો આદર્શ સાધક જ સફળ થઇ શકે. એ જ જીવનની પરમ સંસિદ્ધિના અલૌકિક અમૃતપાનથી ધન્ય બની શકે.

☼ ☼ ☼ ☼ ☼

## [૭] મહાદેવજીનો મોહ

ભાગવતના આઠમા સ્કંધના બારમા અધ્યાયમાં ભગવાન વિષ્ણુના મોહિનીરૂપને નિહાળીને થયેલા ભગવાન શંકરના અથવા મહાદેવજીના મોહનું વર્ણન છે. એ વર્ણનને વાંચીને કોઇને શંકા થવાનો સંભવ છે કે એ વર્ણન ભગવાન વિષ્ણુ કરતાં ભગવાન શંકર ઓછા શક્તિશાળી અથવા ઉતરતા છે એવું બતાવવા માટે તો નથી કરવામાં આવ્યું ? ભગવાન શંકર તો દેવોના દેવ તથા યોગીઓના યોગી હતા. ભાગવતમાં જ અને આજ સ્કંધમાં અન્યત્ર એમની પરમાત્મા તરીકે પ્રશસ્તિ કરવામાં આવી છે. એવા પરબ્રહ્મ સ્વરૂપ ભગવાન શંકર પેલા સમુદ્રમંથન વખતે એકઠા થયેલા જડ આસુરીસંપત્તિપ્રધાન દૈત્યોની જેમ મોહિનીથી મોહાય અને સાનભાન ભૂલી જાય એ શું માનવા જેવું છે ? એમાં શું ભગવાન શંકરનું અપમાન નથી લાગતું ? ભગવાન શંકર એવા વિષયાસક્ત ને નિર્બળ હતા ? એમણે તો કામદેવને ભસ્મીભૂત કરેલો. એ એવા કમજોર કે કામી કેવી રીતે હોઇ શકે ? કે પછી ભાગવતના ભગવાન શંકરના સંમોહના એ પ્રસંગને ક્ષેપક કે પાછળથી ઉમેરાયેલો માનીને મહત્વ ના આપવું ? શાસ્ત્રોમાં વખતના વીતવા સાથે એવા કેટલાય પ્રસંગો પાછળથી પેસી ગયા કે ઉમેરવામાં આવ્યા હોય એ બનવાજોગ છે. એમનો વિચાર તટસ્થ રીતે નીરક્ષીર બુદ્ધિથી કરવો જોઇએ અને જે સમુચિત ના હોય તેનો ત્યાગ કરતાં અચકાવું ના જોઇએ. પરંપરા, રૂઢિ કે શાસ્ત્રોની પવિત્રતાના નામે તેને પોષવાની પ્રવૃત્તિ બરાબર નથી. તે પદ્ધતિને તિલાંજલિ આપવી જોઇએ. એવા પ્રસંગો ભક્તોએ પોતાના આરાધ્યદેવને શ્રેષ્ઠ અને બીજાને કનિષ્ઠ બતાવવા ચીતર્યા હોય એ સમજી શકાય તેવું છે. પરંતુ તેથી બીજા ભક્તોની ભક્તિભાવના ઘવાય છે ને જે દેવો કે ભગવત્સ્વરૂપોને અત્યંત આદરભાવે અવલોકવામાં આવતા હોય તે દેવો કે ભગવત્સ્વરૂપોને હલકા પાડવાનો પ્રયાસ થાય છે. એ પ્રયાસ પ્રશંસનીય તો નથી જ પરંતુ વખોડવા લાયક છે. તેથી ધર્મની સેવા નથી થતી કિન્તુ કુસેવા થાય છે.

એવા વર્ગની વિચારધારા અને એમાંથી થયેલી શંકા સાવ વજુદ વગરની તો નથી જ.

એની સામે એક બીજો વર્ગ અને વિરલ વર્ગ પોતાની વિરોધી વિચારધારાને રજુ કરતાં કહે છે કે મોહિનીના મોહ કે સંમોહના એ પ્રસંગમાં ભગવાન શંકરને ઉતારી પાડવાનો કે કનિષ્ઠ કહી બતાવવાનો આશય નથી સમાયેલો. એ આખોય પ્રસંગ ભાગવતનો છે, મૂળ છે ને સાચો છે. એ પ્રસંગ ભગવાનની મહાદુર્ઘર્ષ માયાની પ્રબળતાનો પરિચય કરાવવા માટે જ આલેખવામાં આવ્યો છે. ભગવાનની માયા અને સ્ત્રીરૂપી માયા કેટલી બધી પ્રબળ છે તેનો તેથી ખ્યાલ આવે છે. મોટા મોટા મુનિવરો, યોગીઓ, જ્ઞાનીઓ અને દેવો પણ એ માયાની આગળ ભાન ભૂલી જાય છે. એમાં ભગવાન શંકર પણ અપવાદરૂપ નથી. કથા કેવળ એટલું બતાવે છે અને સાધકને નમ્રાતિનમ્ર, નિરાભિમાની ને સાવધ બનવાનું સુચવે છે.

પરંતુ શંકા કરનાર પહેલો વર્ગ કહે છે કે ભગવાનની માયાની પ્રબળતાને બતાવવા માટે પણ ભગવાન શંકરને મોહિનીથી સંમોહિત થતા બતાવ્યા એને બદલે કોઇક બીજા દેવ કે યોગીને બતાવ્યા હોત તો શંકરનો મહિમા જળવાત અને શંકરનું સન્માન સાચી રીતે સુયોગ્ય રીતે જ સચવાત એવું નથી લાગતું ? ભગવાન શંકરના નામને કથામાંથી એટલા પૂરતું બાકાત ના રાખી શકાત ?

રાખી શકાત; પરંતુ માયાની મહાપ્રબળતાનું અનુમાન એમના નામને લીધે વધારે સારી રીતે કરી શકાય છે. બીજો વર્ગ એવી દલીલ કરે છે તો પણ એ દલીલ પહેલા વર્ગને ગળે નથી ઉતરતી.

હવે ભગવાન શંકરના સંમોહનો પ્રતિઘોષ પાડતી ભાગવતની એ કથાને જોઇએ.

* * *

ભગવાન વિષ્ણુએ મનહર મોહિનીરૂપ ધારણ કરીને અમૃતપાનની આકાંક્ષાવાળા અસુરોને મોહિત કરીને દેવોને અમૃતપાનનો આસ્વાદ કરાવ્યો એ જાણીને ભગવાન શંકર પાર્વતી તથા પોતાના ગણોની સાથે ભગવાન વિષ્ણુ પાસે જઇ પહોંચ્યા. ભગવાને એમનો સમુચિત સત્કાર કર્યો એટલે શંકરે એમની પ્રેમપૂર્વક પૂજ્યભાવે પ્રશસ્તિ કરીને કહ્યું કે જુદા જુદા ગુણધર્મોને ધારીને તમે લીલા કરવા માટે અનેકવિધ અવતારોને ગ્રહણ કરો છો ત્યારે એમના અવલોકનથી હું કૃતાર્થ થઉં છું. તમે સુંદરી સ્ત્રીનું સ્વરૂપ લઇને દાનવોને મોહિત કરીને દેવોને અમૃતપાન કરાવ્યું એ સુપ્રસિદ્ધ છે. તો તમારા એ સુંદર સ્ત્રીસ્વરૂપને નિહાળવાની મારી ઉત્કટ ઇચ્છા છે.

ભગવાન વિષ્ણુએ જણાવ્યું કે એ રૂપ તો કામોત્તેજક હોઇને કામીઓને માટે જ માનનીય છે. તો પણ શંકર ભગવાન એને જોવા માટે કૃતસંકલ્પ હોવાથી એમની ઇચ્છાને સંતોષવા માટે ભગવાન ત્યાંથી થોડા જ વખતમાં અદૃશ્ય થઇ ગયા.

ભગવાન શંકરે સામે એક સુંદર સુવાસિત ઉપવન જોયું. એ સુમનસુશોભિત નયનમનોહર ઉપવનમાં એક અતિશય સૌંદર્યવતી સુકુમારી દડા સાથે ક્રીડા કરી રહેલી. એણે આકર્ષક સાડી પહેરેલી, દડા સાથે રમતી હોવાથી એ સુકુમારીનું વસ્ત્ર મર્યાદામાં નહોતું રહી શક્તું. એણે શંકર તરફ દૃષ્ટિપાત કરતાં વેંત જ એમનું મન કાબુમાં ના રહ્યું. એ પાર્વતી તથા ગણોને પણ ભૂલી ગયા. એટલામાં એ સુકુમારીનું વસ્ત્ર પવનની લલિત લહરીએ ઉડાડી દેવાથી એના અંગપ્રત્યંગો ખુલ્લાં પડી ગયાં. એના હાવભાવથી એને પોતાના પ્રત્યે આકર્ષાયલી જોઇને શંકર પણ એના પ્રત્યે આકર્ષાયા વિના ના રહી શક્યા. અને એની પાસે પહોંચવા માટે બીજું બધું જ ભૂલીને મંત્રમુગ્ધ બનીને ચાલી નીકળ્યા.

એ સુકુમારી શંકરને પોતાની તરફ આવતા જોઇને સંકોચવશ જુદાં જુદાં વૃક્ષોની પાછળ છૂપાઇને હસવા લાગી. ભગવાન શંકરનું મન જરા પણ વશમાં ના રહ્યું. એ કામથી મોહિત, વિમોહિત અને સંમોહિત બની ગયા. એ સુકુમારી એમના સુદૃઢ બાહુપાશમાંથી છૂટવાનો પ્રયાસ કરવા લાગી. ભગવાનની માયા હોવાથી આખરે એ એમના બાહુપાશમાંથી મુક્તિ મેળવીને દોડવા માંડી. શંકર પરવશની પેઠે એની પાછળ દોડવા માંડ્યા. એ એમના અમોઘ આત્મસંયમને ખોઇ બેઠા.

એ પછી થોડા જ સમયમાં એમનો સંમોહ મટી ગયો અને એમને ભાન આવ્યું. એમને ભગવાનની અત્યંત ગહન મહામહિમામયી મોટા મોટા મુનિઓના મનમાં ભ્રાંતિ પેદા કરનારી માયાનો ખ્યાલ આવ્યો. એમના ખેદનો અને પશ્ચાતાપનો પાર ના રહ્યો. ભગવાનની અનંત શક્તિનો પાર કોણ પામી શકે અને એ શક્તિનો પૂરેપૂરો જય પણ કોણ કરી શકે ?

ભગવાન શંકર પોતાની સ્વરૂપનિષ્ઠામાં પુનઃ ને પોતાની મેળે જ પ્રતિષ્ઠિત થઇ શક્યા અને સ્વસ્થ થયા એ જોઇને મોહિનીસ્વરૂપને છોડીને સ્વ-સ્વરૂપને ધારણ કરી ચૂકેલા વિષ્ણુ ભગવાન પ્રસન્ન થયા. એમણે

એમને અભિનંદન આપીને કહ્યું કે તમારા સિવાય મારી માયામાંથી પોતાની મેળે અને આટલી સહેલાઇથી કોણ છૂટી શકે ? જિતેન્દ્રિય પુરુષો એમાંથી નથી છૂટી શક્તા; પરંતુ તમારા પર એ કોઇ પણ પ્રકારનો પ્રતિકૂળ પ્રભાવ નહિ પાડી શકે.

ભગવાન શંકર પછી કૈલાસ ગયા. પાછળથી એકવાર પાર્વતીને વાત નીકળતા કહેલું કે એ સનાતન પરમપુરુષ જ મારા એકમાત્ર આરાધ્યદેવ છે. વેદ એમને વર્ણવી નથી શક્તા. કાળ પોતાની સીમામાં બાંધી નથી શક્તો. હું એમની ઉપાસના કરું છું. એ અનંત અને અનિર્વચનીય છે.

* * *

ભગવાન શંકર કૈલાસમાં ગયા એ શું સૂચવે છે ? એ જ કે પરમપ્રબળ પરમાત્માની એવી જ મહાબળવાન મહામોહમયી માયાના શિકાર ના બનાય એટલા માટે સાધકે સદાય નિર્વિકલ્પ સમાધિમાં અને એના પરિણામે પમાતી સહજ સમાધિમાં તથા પરમાત્માનિષ્ઠાના પરમપવિત્ર ઉચ્ચતમ અનુભવ પ્રદેશમાં જ રહેવું જોઇએ. જે સાધક એ અનુભવ પ્રદેશથી નીચે આવે છે અથવા આત્માની અમૂલખ નિષ્ઠામાંથી વંચિત થાય છે તે મોહિત થાય છે ને માયાના અનેકવિધ ગુણધર્મોમાં તેમ જ બંધોમાં બંધાય છે. સદા સ્વરૂપમાં રહેવું એ કૈલાસમાં રહેવું છે. આપણે જીવનની જ્યોતિર્મયતા તથા કૃતકૃત્યતાકાજે એ કલ્યાણકારક કૈલાસમાં શ્વાસ લેતાં શીખવાનું છે. પછી પરમાત્મા સિવાયનું બધું જ લાસ અથવા ખલાસ થઇ જશે.

સમુદ્રમંથન પ્રત્યેકના જીવનમાં નિત્યનિરંતર ચાલ્યા જ કરે છે. જીવનના સુદુર્લભ શક્તિશાળી સમુદ્રમંથનમાંથી શું મેળવીશું ? મેળવવાનો આગ્રહ રાખીશું ? એમાંથી સત્સંગ, સ્વાધ્યાય, સંતસમાગમ, સત્કર્મ, સદ્દવિચાર, સદ્દભાવ અને પરમાત્માની શ્રદ્ધાભક્તિ, શરણાગતિ તથા કૃપાનાં મહારત્નો મેળવવાનાં છે. એ મહામૂલ્યવાન મહારત્નો જ આપમા જીવનને જ્યોતિર્મય કરી શકશે અને આખરે જીવનના આ મહામંથનમાંથી પરમાત્મારૂપી પરમામૃત પણ મેળવી લેવાનું છે. એનો આસ્વાદ માણ્યા પછી મેળવવા તથા માણવા જેવું બીજું બાકી નહિ રહે.

☼ ☼ ☼ ☼ ☼

## [૮] બલિનો સ્વર્ગ પર વિજય

વેરભાવ કદી પ્રેમને પ્રકટાવી શકે ? ના. સંસારનો આજ સુધીનો પ્રાચીન-અર્વાચીન ઇતિહાસ તો એવું નથી કહેતો. એ તો એનાથી ઉલટી જ વાત કહી સંભળાવે છે કે ચિનગારી જેમ અગ્નિની બીજી ચિનગારીને પેદા કરે છે ને બળવાન બનાવે છે તેમ વેરભાવ તથા હિંસા વેરભાવની ને હિંસાની વૃદ્ધિ કરે છે, નવી સૃષ્ટિ સર્જે છે, ને શાંતિની શક્યતાનો અંત આણીને અધિકાધિક અશાંતિ, અસ્વસ્થતા અને અવ્યવસ્થાને જન્માવે છે. પ્રેમ કેવળ પ્રેમથી જ પ્રકટીને બળવાન બની શકે છે એ હકીકતને યાદ રાખીને એને અનુસરીને ચાલવામાં આવે તો સંસારની મોટા ભાગની શાંતિસમસ્યાઓ સહેલાઇથી ઉકલી કે સુધરી જાય. ભાગવતમાં કહેવાયેલી રાજા બલિની અને સ્વર્ગના અધિપતિ ઇન્દ્રની પૌરાણિક કથા પરથી એવો બોધપાઠ સહેજે તારવી શકાય છે.

અમરાપુરીના અધીશ્વર ઇન્દ્રે રાજા બલિ પર આક્રમણ કર્યું. એ અણધાર્યા ભીષણ આક્રમણની પાછળ ઇન્દ્રની વેરભાવના અથવા ભીતિ જ કામ કરી રહેલી. માનવ પોતાની શાંતિને ને સ્વતંત્રતાને જેવી રીતે અગત્ય આપે, તેવી જ રીતે બીજાની શાંતિ તથા સ્વતંત્રતાને પણ અગત્ય આપે, પ્રાદેશિક લાલસા કે લોભવૃત્તિનો ત્યાગ કરે, વિસ્તારવાદની નીતિને ના અનુસરે, 'જીવો ને જીવવા દો'ની ભાવનાને અપનાવે, 'વસુધૈવ કુટુંબકમ્'ના મહામંત્રની દીક્ષા લે અને વેરભાવને તિલાંજલિ આપે તો મોટા ભાગના યુદ્ધો, ઘર્ષણો અને આક્રમણોને માટે કોઇ કારણ જ ના રહે. પરંતુ માનવે હજુ એટલા સુસંસ્કૃત થવાનું બાકી છે. ભૂતકાળમાં પણ બાકી હતું. એટલા માટે તો ઇન્દ્રે બલિ પર આક્રમણ કર્યું.

એ આક્રમણનું પરિણામ બલિને માટે ખૂબ જ ખરાબ આવ્યું. ઇન્દ્રે એની સઘળી સંપત્તિ લઇ લીધી અને એથી આગળ વધીને એના જીવનનો પણ અંત આણ્યો.

અસુરોને માટે એ પરિસ્થિતિ અતિશય અમંગલ હતી. બલિના જીવનનો અંત આવવાથી તેઓ છેક જ નિરાશ અને ચિંતાતુર બની ગયા. પરંતુ બલિનું જીવન હજુ શેષ હોવાથી એને શુક્રાચાર્યની મદદ મળી ગઇ. શુક્રાચાર્ય અસુરોના ગુરુ તો હતા જ પરંતુ સાથે સાથે મૃતસંજીવની વિદ્યામાં પણ નિષ્ણાત હતા. એ જમાનામાં એ વિદ્યાને લીધે એમનું નામ અને કામ ખૂબ જ વિખ્યાત બની ગયેલું. એમણે એ અદ્દભુત સંજીવની વિદ્યાના પ્રભાવથી બલિના મૃત શરીરમાં પ્રાણ પ્રકટાવીને એને પુનર્જીવન પ્રદાન કર્યું.

બલિએ એમના ચરણમાં અસાધારણ શ્રદ્ધાભક્તિથી સંપન્ન થઇને પોતાનું સર્વસમર્પણ કરી દીધું. એ એમની અને અન્ય ભૃગુવંશી બ્રાહ્મણોની તન-મન-ધનથી સેવા કરવા લાગ્યો. એ સેવાથી શુક્રાચાર્ય અને બ્રાહ્મણો એના પર પ્રસન્ન થયા.

બલિ ઇન્દ્રના આકસ્મિક ઘોર આક્રમણને, એના પરિણામે થયેલા વિનાશને ને પોતાના પ્રખર પરાજયને નહોતો ભૂલ્યો. એને પોતાના મરણની પણ સ્મૃતિ હતી. પ્રત્યેક પરાજય નવા પ્રતિશોધભાવને પેદા કરે છે અને શાંતિનો કાયમી ઉકેલ નથી આણતો એ ન્યાયે પોતાના પરાજયનો દારુણ ડંખ બલિના દિલમાં એની સ્મૃતિથી તાજો ને બળવાન બનતો ગયો. ઇન્દ્રે કરેલા અસાધારણ અક્ષમ્ય અપરાધનો બદલો લેવાની એની આકાંક્ષા હતી. એણે ઇન્દ્રને હરાવીને સ્વર્ગ પર શાસન કરવાની ઇચ્છા કરી. એની એ ઇચ્છાને

અનુલક્ષીને બ્રાહ્મણોએ એનો મહાભિષેકની વિધિથી અભિષેક કરીને એની પાસે વિશ્વજીત નામનો યજ્ઞ કરાવ્યો.

એ વખતના યજ્ઞો કેટલા બધા અલૌકિક રીતે અથવા આશ્ચર્યકારક પદ્ધતિપૂર્વક કરાતા તેનો ખ્યાલ ભાગવતમાં કરાયેલા એ વિશ્વજીત યજ્ઞના વર્ણન પરથી સહેજે આવી શકે છે. ભાગવત કહે છે કે એ યજ્ઞની વિધિથી હવિષ્યોની મદદથી અગ્નિદેવતાની પૂજા કરવામાં આવી ત્યારે યજ્ઞકુંડમાંથી સોનાથી મઢેલો ને અત્યંત આકર્ષક સુંદર રથ નીકળ્યો. પછી સૌ કોઇના આશ્ચર્ય અને આનંદ વચ્ચે સોનાથી મઢેલું દિવ્ય ધનુષ્ય, કોઇ દિવસ પણ ખાલી ના પડનારાં બે સુંદર ભાથાં અને કવચ પ્રગટ થયાં. બલિના દાદા ભક્તપ્રવર પ્રહ્‌લાદે એને કદી પણ ના કરમાનારી કુસુમમાળાની ને ગુરુ શુક્રાચાર્યે શંખની ભેટ આપી. એ સઘળી સામગ્રીથી સંપન્ન થયેલા બલિએ પૂજ્ય પુરુષોને પ્રેમપૂર્વક પ્રણામ કરીને એમના શુભાશીર્વાદ મેળવ્યા. એમના શુભાશીર્વાદથી સંતોષ પામીને એણે અમરાપુરી પર આક્રમણ કરીને ઇન્દ્રને યોગ્ય પદાર્થપાઠ પુરો પાડવાની તૈયારી કરી. એના આદેશથી દૈત્ય સેનાપતિઓ પણ પોતપોતાની પરમશક્તિશાળી સેનાને લઇને તૈયાર થયા.

રાજા બલિએ એ વિરાટકાય આસુરી સેનાનું સંગ્રામની દૃષ્ટિએ સફળતાપૂર્વક સંચાલન કરીને આકાશને અને દિશાપ્રદિશાને કંપાવતા સકળ ઐશ્વર્યથી ભરપુર ઇન્દ્રપુરી અમરાપુરી પર ચઢાઇ કરી. એણે એ સેનાની મદદથી ઇન્દ્રની નગરીને ચારે તરફથી ઘેરી લીધી અને શુક્રાચાર્યે આપેલા શંખનો મહાભયંકર ધ્વનિ કર્યો.

એ ધ્વનિને સાંભળીને સ્વર્ગના નિવાસીઓ ગભરાઇ ગયા. ઇન્દ્રને પણ બલિની યુદ્ધ તૈયારીની માહિતી મળતાં ભય લાગ્યો. એણે દેવતાઓના ગુરુ બૃહસ્પતિ પાસે પહોંચીને બધી કથા કહી બતાવીને સમુચિત ઉપાય પૂછ્યો એટલે બૃહસ્પતિએ જણાવ્યું કે અત્યારે કાળ પ્રતિકૂળ છે. ભૃગુવંશી બ્રાહ્મણોના ને ગુરુ શુક્રાચાર્યના શુભાશીર્વાદથી બલિ અસાધારણ શક્તિથી સંપન્ન બનીને યુદ્ધેચ્છાથી પ્રેરાઇને આટલે દૂર આવી પહોંચ્યો છે. કાળ એને બીજી બધી રીતે અનુકૂળ હોવાથી અત્યારે એક ઇશ્વર સિવાય એનો સફળતાપૂર્વકનો સામનો બીજું કોઇયે કરી શકે તેમ નથી. એટલા માટે તમારા જીવનની રક્ષા માટે તમે સૌ સ્વર્ગને છોડીને કોઇક સુરક્ષિત સ્થળે જતા રહો ને તમારા શત્રુ બલિનું ભાગ્ય બદલાય નહિ ત્યાં સુધી બનતી ધીરજ, હિંમત ને શાંતિથી પ્રતીક્ષા કરો. એ વિના બીજો કોઇયે વિકલ્પ નથી દેખાતો. બલિનું ઐશ્વર્ય અને સામર્થ્ય ઉત્તરોત્તર વધી રહ્યું છે, તોપણ જ્યારે ભૃગુવંશી બ્રાહ્મણોનો એ તિરસ્કાર કરશે ત્યારે એના પરિવાર તથા પરિચારકોની સાથે એનું અધઃપતન થશે એ નિશ્ચિત છે. એટલા માટે તમારા જીવનના આ પ્રતિકૂળ સમયને બીજા વિશેષ શુભ અને અનુકૂળ સમયની પ્રતીક્ષા કરતાં પસાર કરો.

બૃહસ્પતિનો એ સદ્ઉપદેશ મનુષ્યમાત્રને લાગુ પડે છે. એના સારભાગને મનુષ્યમાત્રે યાદ રાખવાનો છે ને પ્રતિકૂળ પરિસ્થિતિમાં નાહિંમત કે નિરાશ નથી થવાનું. વિપરિત વાતાવરણમાં વિષાદગ્રસ્થ નથી બનવાનું. 'આ પરિસ્થિતિ પણ પૂરી થશે, આ વિપરીત વિષમ વેદનામય વાતાવરણનો પણ અંત આવશે જ, અને વધારે સાનુકૂળ, સુંદર, સુખદ પરિસ્થિતિની પ્રાપ્તિ થશે. સઘળા સંજોગો સુધરશે.' એ મંગલ મહામંત્રને નિરંતર જપતા રહેવાનું છે. એના વિના જીવનમાં બીજો વિકલ્પ જ નથી. પ્રતિકૂળતાને પણ હિંમતપૂર્વક શૌર્ય

સાથે સહન કરવી અને એનાથી ભાંગી કે તૂટી ના પડવું એમાં જ બહાદુરી છે, મનુષ્યતા છે. જે નિષ્ફળતાથી નાહિંમત બનતા કે ડરતા નથી એ જ આગળ વધે છે અને અંતે વિજય મેળવે છે.

બૃહસ્પતિના સદ્દુપદેશનો દેવતાઓએ સ્વીકાર કર્યો. એમને માટે બીજો કોઇ વિકલ્પ જ નહોતો રહ્યો. એ બધા સ્વર્ગને છોડીને ચાલ્યા ગયા. એમના ચાલ્યા ગયા પછી વિરોચનનંદન બલિએ સ્વર્ગ પર અધિકાર કરી લીધો અને ત્રિલોક પર વિજય મેળવ્યો. એવી રીતે વિશ્વવિજયી બનેલા બલિ પાસે ભૃગુવંશી બ્રાહ્મણોએ સો અશ્વમેધ યજ્ઞો કરાવ્યા. એ યજ્ઞોએ બલિની કીર્તિ અનેકગણી વધારી દીધી.

☼ ☼ ☼ ☼ ☼

## [૯] પયોવ્રત

બલિના અસાધારણ સામર્થ્યથી દેવોની થયેલી ભયંકર દુર્દશાના સમાચાર સાંભળીને દેવમાતા અદિતિને ખૂબ જ દુઃખ થયું. એની ચિંતાનો પાર ના રહ્યો. દીર્ઘકાળની સમાધિ પછી જાગેલા અને પોતાની પાસે આવેલા પોતાના પ્રિય પતિ કશ્યપ મુનિને એણે એની વેદના તથા ચિંતાનું કારણ કહી બતાવ્યું. એની ઇચ્છા સ્વાભાવિક રીતે જ દેવોને ફરીવાર ધન, યશ, પદ તથા રાજ્યસુખની ને સમૃદ્ધિની પ્રાપ્તિ થાય એવી હતી. એણે એને માટેનો ઉપાય પૂછ્યો ત્યારે કશ્યપ મુનિએ એને સૌના હૃદયમાં વિરાજમાન, સર્વવ્યાપક, સર્વેશ્વર ભગવાનની ઉપાસના કરવાનો આદેશ આપીને જણાવ્યું કે ભગવાનની ભક્તિ કદીપણ નિષ્ફળ નથી જતી. એમના અનુગ્રહથી તારી સમસ્ત કામનાઓની પૂર્તિ થશે.

પરંતુ ભગવાનની ભક્તિ કરવી કેવી રીતે ? ભગવાન શીઘ્રાતિશીઘ્ર પ્રસન્ન થઇને બધી જાતનાં નાનાં મોટાં દુઃખોને દૂર કરે એને માટે કયી અમોઘ આરાધનાનો આધાર લેવો ? અદિતિને એ પ્રશ્નોનો ઉકેલ ના મળવાથી એણે કશ્યપને એ બાબત પૂછવા માંડ્યું ત્યારે કશ્યપ મુનિએ જણાવ્યું કે ભગવાનની અમોઘ આરાધનાને માટે મને બ્રહ્માએ ભગવાનને પ્રસન્ન કરનારા વ્રતનો ઉપદેશ આપેલો. એ અદ્દભુત વ્રતની રૂપરેખા તારી આગળ રજૂ કરું છું. એની રૂપરેખાને હું હજુ પણ નથી ભૂલ્યો.

એટલા ઉપોદ્દઘાત પછી કશ્યપે અદિતિને ભગવાનના અલૌકિક અનુગ્રહની અનુભૂતિ કરાવનારું વ્રત કહી બતાવ્યું. એનું નામ પયોવ્રત. ભાગવતમાં પ્રસંગોપાત જે જુદાં જુદાં જીવનોપયોગી વ્રતોનું વર્ણન કરવામાં આવ્યું છે તેમાં પયોવ્રત પોતાનું મહત્વનું સ્થાન ધરાવે છે. એ વ્રતની ભાગવતોક્ત સંક્ષિપ્ત સમજ આ રહી.

પયોવ્રતનું અનુષ્ઠાન પરમાત્માની પરમકૃપાની પ્રાપ્તિ માટે ફાગણ માસમાં કરવું પડે છે. એ વ્રતના આશ્રય દરમિયાન કેવળ દૂધ પર રહેવાનું હોય છે. ફાગણ મહિનાના શુક્લ પક્ષમાં વ્રતનો આધાર લેનાર બાર દિવસ દૂધ પર રહીને ભગવાનની ભક્તિ કરે. અમાસના દિવસે જો શક્ય હોય તો ભુંડની ખોદેલી માટી શરીરે લગાડીને સરિતાના નિર્મળ સલિલમાં સ્નાન કરે. એ વખતે આ બોલે-

त्वं देव्यादिवराहेण रसायाः स्थानमिच्छता ।
उद्धृतासि नमस्तुभ्यं पाप्मानं मे प्रणाशय ॥
(સ્કંધ ૮,અધ્યાય ૧૬, શ્લોક ૨૭)

'હે દેવી ! તમને ફરીથી તમારું મૂળ સ્થાન આપવા માટે વરાહ ભગવાનને રસાતલમાંથી તમારો ઉદ્ધાર કરેલો. તમને પ્રણામ કરું છું. તમે મને પૂર્ણપણે પાપમુક્ત કરી દો.'

એ પછી નિત્ય નિયમોને પૂરા કરીને મૂર્તિ, વેદી, સૂર્ય, પાણી, પાવક અને ગુરુદેવના રૂપમાં રહેલા પરમાત્માની પૂજા કરે અને એમની સ્તુતિ કરે. એ સ્તુતિ ભાગવતના આઠમા સ્કંધના સોળમા અધ્યાયના ૨૯ થી ૩૭મા શ્લોક સુધી આપવામાં આવી છે. જેમને રુચિ હોય એ એની ઉપલબ્ધિ કરી શકે છે.

* * *

પછી પયોવ્રતને ધારણ કરનાર દ્વાદશાક્ષર મંત્રથી ભગવાનની પૂજા કરે ને ખીરનું નૈવેદ્ય અર્પણ કરીને એનો દ્વાદશાક્ષર મંત્રથી હવન કરે. એ નૈવેદ્યને ભગવદ્દભક્તોને વહેંચી દે અથવા પોતે ખાઇ લે. છેવટે દ્વાદશાક્ષર મંત્રની એક માળા ફેરવે, સ્તુતિ બોલે, ને ભગવાનને પ્રદક્ષિણા સહિત પ્રણામ કરે. બ્રાહ્મણોને ભોજન તથા દક્ષિણાદિથી સત્કારે. પયોવ્રતના દિવસો દરમિયાન પ્રતિદિન હવન તથા બ્રહ્મભોજન કરાવે. ફાગણ સુદ એકમથી આરંભીને તેરસ સુધી બ્રહ્મચર્ય પાળે, પૃથ્વી પર શયન કરે તથા ત્રિકાળસ્નાનનો આધાર લે.

એ વ્રત દરમિયાન વ્યવહારની બીજી વિશુદ્ધિ સાચવવાની સુચના કરતાં કશ્યપમુનિ અદિતિને કહે છે કે વ્રતનો આધાર લેનાર અસત્ય ના બોલે, પાપીઓ કે દુર્જનો સાથે સંબંધ ના રાખે, પાપમાં કે કુકર્મમાં ભૂલેચૂકે પણ પ્રવૃત્તિ ના કરે, ભોગોને ત્યાગી દે, કોઇને પણ પીડા ના પહોંચાડે, ને ભગવાનની અખંડ આરાધનામાં મનને જોડી દે. તેરસના દિવસે વિધિવિધાનમાં નિષ્ણાત બ્રાહ્મણો કે પંડિતો પાસે વિષ્ણુ ભગવાનને પંચામૃતથી સ્નાન કરાવે, અને યોગ્ય રીતે જે પાત્ર હોય તેમને દક્ષિણાદિથી સંતોષે. વ્રતના તેર દિવસો દરમિયાન પ્રતિદિન કથા-કીર્તનાદિ કરાવીને મહોત્સવ મનાવે.

એ વ્રત ભગવાનની પરમકૃપાની પ્રાપ્તિ કરાવી આપનારું હોવાથી સર્વયજ્ઞ અથવા સર્વવ્રત પણ કહેવાય છે.

કશ્યપે અદિતિને કહ્યું કે એ વ્રતના અનુષ્ઠાનથી ભગવાન તારા પર વહેલી તકે પ્રસન્ન થશે ને તારી સઘળી મનોકામના પૂરી કરશે.

☼ ☼ ☼ ☼ ☼

## [૧૦] ભગવાનનું પ્રાકટ્ય ને કર્મ

અને ખરેખર થયું પણ એવું જ. કશ્યપ મુનિની અનુભવપૂર્ણ વિશ્વસનીય વાણી સાચી ઠરી. એમના પથપ્રદર્શન પ્રમાણે અદિતિએ શ્રદ્ધા, ભક્તિ તથા સંયમશુદ્ધિથી સંપન્ન બનીને એ વ્રતનો આધાર લીધો. એણે પોતાની મનોવૃત્તિને ભગવાનના સ્વરૂપમાં ભારે ભક્તિપૂર્વક લગાડી દીધી. એના પરિણામે વ્રતની પરિસમાપ્તિ થતાં ભગવાન એની આગળ એમના અલૌકિક સુધામય સ્વરૂપ સાથે પ્રકટ થયા. પીતાંબર ધારેલા શંખ, ચક્ર, ગદા તથા પદ્મવાળા વિષ્ણુ ભગવાનના ચારુ ચતુર્ભુજ રૂપને નિહાળીને અદિતિ અતિશય આનંદ પામી. એનું શરીર પુલકિત બન્યું અને એની આંખ અશ્રુથી છલકાઇ ઊઠી. એણે એમની સ્તુતિ કરવાનો અથવા એમનો આભાર માનવાનો પ્રયાસ કરી જોયો પણ તે નિરર્થક નીવડ્યો. એનાથી સ્તુતિ થઇ જ ના શકી. કંઠ ગદ્દગદ્દ બની ગયો અને અંતર અત્યંત ભાવવિભોર થઇ રહ્યું.

થોડાક વખત સુધી એવી મંત્રમુગ્ધ દશામાં રહ્યા પછી છેવટે એની બાહ્ય ચેતના કામે લાગી અને એણે સ્તુતિ કરી. દર્શનનો અનુભવ સાધક સાધિકાના જીવનનો પરમધન્ય અલૌકિક અનુભવ હોય છે. એની ધન્યતા કે અલૌકિકતાને સામાન્ય વાણી કેવી રીતે વર્ણવી શકે ? જેને એ અદ્દભુત આનંદદાયક અનુભવનો આસ્વાદ મળે છે એ જ એને ઓછાવત્તા પ્રમાણમાં માણી શકે છે ને કૃતકૃત્ય બને છે. બીજાએ તો એવી કૃતકૃત્યતા માટે પ્રેમપૂર્વક પ્રાર્થના કરવાની જ રહે છે કે હે પ્રભુ, અમારા જીવનને પણ તમારી કૃપાથી કૃતાર્થ બનાવો. તમારા દૈવી દર્શનનો અમૂલખ લાભ અમને ક્યારે મળશે ? તમારા દૈવી દર્શનાનંદથી આંખ અને અંતર આનંદમગ્ન ક્યારે બનશે ? શ્રવણ તમારા સ્વર્ગીય સંગીતશ્રવણથી અને શરીર દિવ્ય સંસ્પર્શથી ક્યારે પુલકિત થશે ? મારામાં વ્રત કે તપની તાકાત નથી. તમારી અહેતુકી કૃપાનો જ મારે આધાર છે. તો એ કૃપા વહેલી તકે કરી દો. હવે વાર ના લગાડો.

અદિતિની પ્રાર્થનાથી ભગવાને પ્રસન્ન થઇને એને આશ્વાસન આપતાં જણાવ્યું કે તારા પયોવ્રતથી હું પ્રસન્ન બનીને તારી આગળ પ્રકટ થયો છું. તારી મનોકામનાને હું જાણી ચૂક્યો છું. તારા પુત્રો મિથ્યાભિમાની મદોન્મત અસુરોને સંગ્રામમાં હરાવીને રાજ્યશ્રીની પ્રાપ્તિ કરે એવી તારી આકાંક્ષા છે. એમના સ્વર્ગાધિકારને, ઐશ્વર્યને, સુખને અને ઉજ્જવળ યશને જોવાની કામનાથી પ્રેરાઇને જ તે વ્રત કર્યું છે. પરંતુ તારે ને તારા પુત્રોએ હજુ થોડી પ્રતીક્ષા કરવી પડશે. એ પછી જ તારી મનોકામના પૂરી થશે. હું સુયોગ્ય સમય પર તારા પુત્રરૂપે પ્રકટ થઇને તારી સઘળી ઇચ્છા પૂરી કરીશ.

એટલું કહીને ભગવાન અદૃશ્ય થઇ ગયા. અદિતિ એ અલૌકિક અનુગ્રહપ્રધાન અનુભવથી ધન્ય બની. ભગવાનના સૂચવ્યા પ્રમાણે એ કશ્યપની સંપૂર્ણ નિષ્ઠા તથા શ્રદ્ધાપૂર્વક સેવા કરવા લાગી.

સુયોગ્ય સમય આવી પહોંચતાં ભગવાન અદિતિની આગળ ચતુર્ભુજ સ્વરૂપે પ્રકટ થયા. એમણે શંખ, ચક્ર, ગદા તથા પદ્મને ધારણ કરેલાં તેમ જ પીતાંબર પહેરેલું. એમના કંઠમાં કૌસ્તુભમણિ અને વરમાળા શોભી રહેલી. એમની આજુબાજુ બધે જ પ્રસરી રહેલી શરીર કાંતિથી કશ્યપના આવાસનો અંધકાર દૂર થઇ ગયો. ચારેકોર પ્રકાશ પથરાઇ રહ્યો. એ વખતે ભાદ્રપદ શુકલ દ્વાદશીનો પવિત્ર દિવસ હતો. અભિજિત મુહૂર્ત હતું, અને શ્રવણ નક્ષત્ર. જન્મ સમયે સૂર્ય આકાશના મધ્યભાગમાં હતો.

ભગવાનના એ અલૌકિક સ્વરૂપને નિહાળીને અદિતિ અને કશ્યપ બંને આશ્ચર્યચકિત અને આનંદમગ્ન બની ગયાં. ભગવાને એ બંનેના દેખતાં દેખતાં જ પોતાની વિરાટ યોગશક્તિના પ્રભાવથી સ્વલ્પ સમયમાં જ વામનરૂપ ધારણ કરી લીધું. એમને જીવન દરમિયાન લોકોત્તર લીલા કરવાની હતી એ લીલા દિવ્ય ચતુર્ભુજ સ્વરૂપથી થાય તેમ ના હોવાથી વામનરૂપને ધારણ કર્યા સિવાય છુટકો જ નહોતો. પોતાની ઇચ્છાનુસાર શરીર ધારવાની શક્તિ તો એમનામાં હતી જ. એ તો સર્વસમર્થ અને સત્ય સંકલ્પ હતા. એક પ્રકૃતિનો અધીશ્વર સિધ્ધ યોગી પણ પોતાની સ્વતંત્ર ઇચ્છા પ્રમાણે શરીરને ધારે છે તેમજ ત્યાગે છે તો એ તો યોગીઓના યોગી સાક્ષાત્ ભગવાન હતા. એમને માટે શું મુશ્કેલ હોય ? કશું જ નહિ.

વખતના વીતવા સાથે ભગવાનનો ઉપનયન સંસ્કાર કરવામાં આવ્યો. એ પછી એમણે જોયું કે ભૃગુવંશી બ્રાહ્મણોના આદેશાનુસાર મહારાજા બલિ અશ્વમેધ યજ્ઞો કરે છે એટલે એ યજ્ઞસ્થાનની દિશામાં એમણે ચાલવા માંડ્યું. થોડી વારમાં તો એ યજ્ઞના અનુષ્ઠાનસ્થાનમાં-નર્મદા નદીના ઉત્તર તટ પરના ભૃગુકચ્છ નામક સુંદર સ્થાનમાં આવી પહોંચ્યા. હાથમાં છત્ર, દંડ તથા કમંડલ લઇને એમણે યજ્ઞમંડપમાં પ્રવેશ કર્યો. બ્રાહ્મણો એ જટાધારી નવાગંતુકને નિહાળીને ખૂબ જ પ્રભાવિત અને સ્તબ્ધ બની ગયા. એ બધા એમના સ્વાગતમાં ઊભા થયા. મહારાજા બલિએ પોતે પણ એમનો શ્રેષ્ઠ આસન આપીને સત્કાર કર્યો, એમનું પાદપ્રક્ષાલન કર્યું અને એમની પૂજા કરી. એ પછી એણે પ્રેમ, પૂજ્યભાવ તથા વિનયયુક્ત વાણીમાં જે કાંઇ માગવું હોય તે માગી લેવાની પ્રાર્થના કરી.

વામન ભગવાનના વાસ્તવિક સ્વરૂપની બલિને માહિતી ન હતી. એને કલ્પના પણ નહોતી કે એ વામન નથી પરંતુ વિરાટ છે. એટલે જ એણે એવી પ્રાર્થના કરી. વિકાસની સર્વ સામાન્ય ક્ષુલ્લક ભૂમિકા પર ઊભેલો જીવ શક્તિમાન શિવને ક્યાંથી ઓળખી શકે ? એની પાસેથી એવી વધારે પડતી આશા પણ કેવી રીતે રાખી શકાય ? વામન ભગવાને એના પ્રાર્થનાના પ્રત્યુત્તરરૂપે એની પાસે કેવળ ત્રણ પગલાં જેટલી જમીન માગીને કહ્યું કે વિદ્વાને વિશેષ પરિગ્રહ કરવાને બદલે આવશ્યક પદાર્થનો જ સ્વીકાર કરવો જોઇએ. એ એના જીવનનું ભૂષણ મનાય છે.

બલિએ બીજી કોઇ વિશેષ યાચના કરવાની પ્રાર્થના કરી તો પણ વામન ભગવાને એ પ્રાર્થનાનો સહર્ષ અસ્વીકાર કર્યો ને કહ્યું કે મારે માટે ત્રણ પગલાં જેટલી જમીન પૂરતી છે. માણસ જો સંતોષી હોય તો સંસારના સમસ્ત વિષયો પણ એની કામનાઓને સંતોષી નથી શક્તા.

બલિ એ સાંભળીને હસવા માંડ્યો. એણે ત્રણ પગલાં જેટલી જમીનનો સંકલ્પ કરવા માટે જલપાત્ર લીધું. એ બધું જોઇ રહેલા ગુરુ શુક્રાચાર્ય સઘળું જાણતા હોવાથી બલિને દાનનો સંકલ્પ ના કરવા માટે સમજાવવા લાગ્યા. એમણે બલિને જણાવ્યું કે આ કોઇ સામાન્ય વામન નથી પરંતુ ભગવાન વિષ્ણુ પોતે છે. કશ્યપની પત્ની અદિતિના ઉદરથી એ દેવોના કાર્યની સિદ્ધિ સારું પ્રકટ થયા છે. તું એમના દાનના સંકલ્પને પૂરો નહિ કરી શકે. એના પરિણામે એ તારું સર્વ કાંઇ પડાવી લઇને ઇન્દ્રને આપી દેશે ને તારું અધઃપતન થશે. એ પોતાના એક પગલાથી પૃથ્વીને અને બીજા પગલાથી સ્વર્ગને માપી લેશે. પછી એમના ત્રીજા પગલાને ક્યાં મૂકાવશે ?

પરંતુ બલિએ શુક્રાચાર્યની વાતને ના માની. એ પોતાના વચનપાલનમાં દૃઢ રહ્યો. એકવાર દાન માગવાની પ્રાર્થના કર્યા પછી એને એમાંથી પાછા હઠવાનું ઉચિત ના લાગ્યું. પોતાનું અધઃપતન થાય તો ભલે પરંતુ પોતાની અપકીર્તિ ના થવી જોઇએ એવું એનું મંતવ્ય હતું.

શુક્રાચાર્યે એને શાપ આપ્યો કે તું મારામાં અશ્રદ્ધા રાખીને મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે માટે તારી સંપત્તિને શીઘ્ર ખોઇ બેસીશ.

શાપથી સહેજપણ દુઃખી અને વિચલિત થયા વિના બલિએ વામન ભગવાનની વિધિપૂર્વક પૂજા કરીને ત્રણ પગલાં જેટલી જમીન આપવાનો સંકલ્પ કર્યો. એની પત્ની વિંધ્યાવલીએ પાદપ્રક્ષાલન માટે સુવર્ણકળશ લાવી આપ્યો.

એ પછી યજ્ઞમંડપમાં એક અદ્દભુત ઘટના બની. વામન ભગવાનનું સ્વરૂપ એકાએક વધવા માંડ્યું. એ સ્વરૂપે ચરાચર સમસ્ત જગતને ઘેરી લીધું અથવા એમ કહો કે એની અંદર સમસ્ત જગત  સમાઇ ગયું. બલિએ એ અત્યંત આશ્ચર્યકારક વિશ્વરૂપનું દર્શન કર્યું.

અસુરો એ વિલક્ષણ વિશ્વરૂપને વિલોકીને ભયભીત બની ગયા.

ભગવાનની પાસે ચક્ર, ધનુષ્ય, ગદા, તલવાર, અક્ષય બાણોથી ભરેલાં બે ભાથાં તથા શંખ આપોઆપ આવી પહોંચ્યાં. એમની શોભા અલૌકિક બની ગઇ. એમના એક પગલામાં એમણે આખીયે પૃથ્વીને માપી લીધી અને બીજા પગલામાં સ્વર્ગને માપી લીધું. શુક્રાચાર્યની ભવિષ્યવાણી સંપૂર્ણ સાચી ઠરી. ત્રીજા પગલાને મૂકવા માટે બલિની જરા પણ જમીન બાકી ના રહી. ભગવાનું બીજું પગલું ઉપરથી આગળ વધતું મહર્લોક, જનલોક અને તપલોકથી ઉપર સત્યલોક સુધી પહોંચી ગયું.

બલિ એ અદૃષ્ટપૂર્વ દેખીને શાંત રહ્યો પરંતુ દૈત્યો લેશ પણ શાંત ના રહી શક્યા. એમને થયું કે આ બ્રાહ્મણ નથી પરંતુ દેવોની કાર્યસિધ્ધિ સારુ યજ્ઞમંડપમાં આવેલો મહામાયાવી સ્વાર્થી વિષ્ણુ છે. એનો નાશ કરીને મહારાજા બલિને બનતી બધી રીતે મદદ કરવી જોઇએ. દુર્ભાવથી પ્રેરાયલા દૈત્યો વામન ભગવાનને મારવા માટે તૂટી પડ્યા. ભગવાનના પાર્ષદોએ એમનો સામનો કરવાની તૈયારી કરી. બંને વચ્ચે સંઘર્ષની શક્યતા જોઇને શુક્રાચાર્યના શાપનું સ્મરણ કરીને બલિએ એમને યુદ્ધ કરતાં અટકાવી દીધા. એણે જાણી લીધું કે કાળ અત્યારે અનુકૂળ નથી રહ્યો.

બલિના અભિપ્રાયને સમજી લઇને ભગવાનના પાર્ષદોથી હારેલા દૈત્યો તથા દૈત્યસેનાપતિઓ રસાતલમાં ચાલ્યા ગયા. એ પછી ભગવાનની સુચનાનુસાર ગરુડે બલિને વરૂણના પાશથી બાંધી દીધો. ભગવાને બલિને ત્રીજા પગલા જેટલી બાકી રહેલી જમીન આપવા કહ્યું પરંતુ એની પાસે હવે એનું કહેવાય એવું હતું જ શું ? ભગવાને એની સઘળી સંપત્તિ લઇ લીધેલી. એને માટે અસત્યભાષીને મળનારું નરક જ બાકી રહેલું. તો પણ એ સહેજ પણ અસ્વસ્થ ના બન્યો. આખરે એ ભક્તરાજ પ્રહ્લાદનો સુસંસ્કારી પૌત્ર હતો ને ? એણે ભગવાનની આગળ પોતાના મસ્તકને ધરીને એમને એની ઉપર પગલું ભરવા કહ્યું. એને બંધનનો, નરકનો, સંપત્તિના નાશનો, મરણનો કે બીજા કશાનો ભય નહોતો લાગતો; કેવળ અપયશનો ભય લાગતો હતો. એણે ભગવાનને જણાવ્યું કે અમે જ્યારે સંપત્તિ, શક્તિ અથવા સત્તાના નશાથી અંધ અથવા ઉન્મત્ત બની જઇએ છીએ ત્યારે અમને દંડ દઇને તમે અમારી બુદ્ધિને ઠેકાણે લાવો છો. તમારા એ દંડને હું

આશીર્વાદરૂપ સમજું છું. તમારા એ ઉપકારને હું નથી ભૂલી શકતો ને નહિ ભૂલી શકું. સંપત્તિ તથા સુખોપભોગને લીધે જીવ જડ બની જાય છે. તમે તેને તમારી કૃપાસુધાથી સદા જાગ્રત કે સજીવન કરો છો.

* * *

ભગવાને બલિને એનાં સ્વજનો સાથે સુતલલોકમાં જવાનો આદેશ આપ્યો ને જણાવ્યું કે ત્યાં હું હંમેશા તારી પાસે રહીને તારી ને તારાં સ્વજનોની રક્ષા કરીશ. એ લોકમાં રહેનારાને મારી અસાધારણ અનુકંપાનો અનુભવ થાય છે અને શારીરિક કે માનસિક રોગનો, થાકનો, જડતાનો, અંદર તથા બહારના શત્રુઓથી પરાજયનો અને કોઇ જાતનાં નાનાં મોટાં વિઘ્નોનો સામનો નથી કરવો પડતો.

ભગવાનની કૃપાથી બલિને વરુણના પાશમાંથી મુક્તિ મળી. એ અન્ય અસુરો સાથે સુતલલોકની દિશામાં ચાલી નીકળ્યો. ભગવાનના આદેશને અનુસરીને ભક્તપ્રવર પ્રહ્લાદે પણ સુતલલોકમાં જવાની તૈયારી કરી.

એ પછી ભગવાનની આજ્ઞાથી શુક્રાચાર્યે બલિના યજ્ઞની ક્ષતિને દૂર કરીને યજ્ઞની સુખદ શાંતિપૂર્ણ પૂર્ણાહુતિ કરી.

ઇન્દ્રને સ્વર્ગના ને બીજા રાજ્યની પ્રાપ્તિ થઇ. એણે વામન ભગવાનને ઉપેન્દ્રનું પદ પ્રદાન કર્યું. એ રીતે એને બેવડો લાભ થયો - રાજ્ય પણ મળી ગયું ને ભગવાનની સર્વશક્તિશાળી છાયા પણ સાંપડી રહી. જેના પર ભગવાનની કૃપા થાય તેને કયી વસ્તુની કમી રહી શકે ?

☼ ☼ ☼ ☼ ☼

## [૧૧] કથાવિચાર

બલિરાજાની કથાની અહીં સમાપ્તિ થાય છે. કથાનો મુખ્ય સંદેશ ભગવદ્દભક્તિની પ્રાપ્તિનો, ભગવાનની શરણાગતિનો ને નિર્ભયતાપૂર્વકના વચનપાલનનો છે. જીવનની સુખાકારી, શાંતિ તેમ જ સમુન્નતિ માટે એની અનિવાર્યરૂપે આવશ્યકતા છે.

*

ભગવાને દેવોને દાનવોની વિરુદ્ધ મદદ કરીને વિજય શા માટે અપાવ્યો ? સ્વર્ગનું ને ત્રિભુવનનું આધિપત્ય જો ઇન્દ્રને બદલે બલિની અને અસુરોની પાસે રહેત તો કાંઇ ખોટું હતું ? ભગવાને એવો પક્ષપાત ભરેલો વ્યવહાર શા માટે કર્યો ? એવા પ્રશ્નો પેદા થાય એ પણ સ્વાભાવિક છે. પરંતુ એનો પ્રત્યુત્તર પણ એટલો જ સ્વાભાવિક છે. વિશ્વના મંગલને માટે વિશ્વમાં આસુરી સંપત્તિના અનિષ્ટકારક પરિબળો પોષાય નહિ ને પ્રબળ ના બને અને દૈવી સંપત્તિને મદદ મળે એવી ભગવાનની આકાંક્ષા હતી. એટલે જ એમણે દેવોને મદદ કરી. દેવો પણ સો ટચના સોના જેવા શુદ્ધ તો નહોતા જ પરંતુ દાનવો કે દૈત્યોની સરખામણીમાં સારા અને ઉપદ્રવરહિત હતા. તેથી ભગવાને એમનો સર્વ પ્રકારે ઉત્કર્ષ કર્યો. એ એમનો પક્ષપાત નહોતો પણ વિવેક હતો. બલિને ને બીજા દાનવોને પણ એમણે યોગ્ય પદ આપ્યું જ. એમનું નિકંદન ના કાઢ્યું. એ એમની ઉદારતા, વિશાળતા, અદ્દભુત ગુણગ્રાહકતા કે શરણાગત પ્રતિપાલકતા. માતા અદિતિને આપેલું વરદાન એમણે એવી રીતે પૂરું કરી બતાવ્યું.

* * *

વામન ભગવાનની કથામાં એક બીજો મહત્વનો વિચાર સમાયેલો છે. માનવજીવનમાં શુભાશુભ સંસ્કારો, ભાવો, વૃત્તિઓ, વિચારો તથા વ્યવહારોનો સંઘર્ષ ચાલે છે. એમાં કોઇકવાર દૈવી શુભ પક્ષનું પ્રભુત્વ સ્થપાય છે તો કોઇવાર આસુરી અશુભ પક્ષનું. જીવનમાં જ્યારે અવિદ્યાજનક અહંકાર અથવા દેહાધ્યાસરૂપી મહાબળવાન બલિ સુખશાંતિથી છવાયેલા આત્મોન્નતિના સ્વર્ગ પર વિજય મેળવીને ચિંતા, યાતના ને ક્લેશ પેદા કરે છે ત્યારે જીવની દશા ઇન્દ્રની પેઠે ખૂબ જ કફોડી થઇ પડે છે. એ દુઃખી થાય છે. એને એ દુઃખમાંથી અથવા અવદશામાંથી છોડાવવા માટે માનવની અંદર રહેલી અદિતિ અથવા આત્મિક ચેતના સાધના કરે છે. એ સાધનાના સુપરિણામરૂપે પરમાત્માનો પરમ અનુગ્રહ અને સંસ્પર્શ સાંપડે છે. સાધકના અંતરાત્મામાં પરમાત્માની પરાત્પર ચેતના પ્રકટે છે. એને લીધે એની વૃત્તિ વિશદ, સૂક્ષ્મ અને એનું વ્યક્તિત્વ નમ્રાતિનમ્ર, વિશુદ્ધ, વામન જેવું થઇ રહે છે.

વામન ભગવાને બે પગલામાં પૃથ્વી, અંતરીક્ષ અને સ્વર્ગાદિને માપી લીધાં તેમ માનવની સાધનાના પરિપાકરૂપે પ્રાપ્ત થયેલી શુદ્ધ સુસૂક્ષ્મ આત્મિક ચેતના કે પ્રજ્ઞા વિરાટ બનીને તન ને મનના પ્રદેશની પાર પહોંચી જાય છે.

ભાગવતના આઠમા સ્કંધની પરિસમાપ્તિ પહેલાંના છેલ્લા ચોવીસમા અધ્યાયમાં મત્યસ્યાવતારનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ભગવાનનો એ અવતાર પણ લોકહિતની ઉદાત્ત ભાવનાથી પ્રેરાઇને જ થયેલો.

હયગ્રીવ નામના દૈત્યે બ્રહ્માની પાસેથી જે પરમ જ્ઞાનના પ્રતીક જેવા વેદોનું હરણ કરેલું તે વેદોને વિશ્વના હિતને માટે પાછા લાવવાની આવશ્યકતા હોવાથી એ અવતારનો આશ્રય લેવામાં આવ્યો.

☼ ☼ ☼ ☼ ☼

**------ અષ્ટમ સ્કંધ સમાપ્ત -----**

# * નવમ સ્કંધ *



भीष्म द्रोण तटा जयद्रथ जला गांधारनीलोपला ।
शल्य ग्राह्वती कृपेणवह्नी कर्णन वेलाकुला ॥
अश्वत्थाम विकर्ण घोरमकरा दुर्योधनावर्तिनी ।
सोतीर्णा खलु पांडवैरणनदी कैवर्तकःकेशव ॥

## [૧] એક સ્વાભાવિક પ્રશ્ન

ભાગવતનું આટલું અધ્યયન અને એની પછીનું અધ્યયન કરનારને એવો પ્રશ્ન ઊઠવાનો સંભવ છે કે આ મહાપુરાણમાં મોટે ભાગે રાજા-મહારાજાઓ અને રાજકુળોની જ કથાઓ આવે છે. મોટા મોટા ભક્તો પણ મોટે ભાગે રાજકુળોમાં જ થયા હોય એવો આભાસ ઊઠે છે. એવા રાજકુળોના ભક્તો, ત્યાગીઓ અને જ્ઞાનીઓના જ ઇતિહાસો કે જીવનવૃતાંતો આ મહાગ્રંથમાં છે. મહારાજા પરીક્ષિતથી પ્રારંભીને દ્રવીડદેશના રાજા સત્યકેતુ સુધીના અને એ પછીના બીજા જીવનવૃત્તાંતો તો એ સત્યની સાક્ષી પૂરે છે. તો શું ભાગવત રાજકુળોનો ઇતિહાસ જ છે ? એમાં સામાન્ય માનવો, ભક્તો, તપસ્વીઓ કે જ્ઞાનીઓનાં જીવનચરિત્રોને સ્થાન નથી ?

આપણે કહીશું કે એવો પ્રશ્ન થાય એ સ્વાભાવિક હોવાં છતાં ઝીણવટથી જોતાં જણાશે કે ભાગવતમાં રાજકુળો સિવાયના બીજા ઇતિહાસો પણ ઘણા છે. સામાન્ય જનતામાંથી થયેલા ભક્તો ને તપસ્વીઓના વિસ્તૃત વૃત્તાંતો પણ એમાં નથી એવું કોણ કહી શકે એમ છે ? શમીક મુનિ અને શુકદેવથી માંડીને આત્મદેવ, ગોકર્ણ, સૂત, શૌનક, દેવર્ષિ નારદ, કર્દમ, કપિલ, અજામિલ, વૃત્રાસુર, દધીચિ ઋષિ, ગજેન્દ્ર, ભગવાન દત્તાત્રેય અને જડભરતનાં ઉદાહરણો એનું સમર્થન કરે છે. રાજકુળો પણ એ જમાનામાં પોતાનું આગવું મહત્વ ધરાવતાં હોવાથી એમની અંદરના અસામાન્ય આત્માઓની ઉપેક્ષા નહોતી કરી શકાય તેમ. એમનો પરિચય કરાવવાનું સ્તુત્ય કાર્ય પણ ભાગવતે કર્યું છે અને એ ઉપરાંત અન્ય અનેક સામાન્ય માનવોમાંથી થયેલા ભક્તોને પણ વર્ણવ્યા છે. એનો એક લાભ એ થયો છે કે એ વખતનાં રાજકુળોમાં પણ કેવા અલૌકિક આત્માઓનો આવિર્ભાવ થતો અને રાજાઓ કે રાજપુત્રો કેવા પવિત્ર ને ઉદાત્ત ભાવનાવાળા, ઉજ્જવળ જીવનવ્યવહારવાળા હતા એનો સુસ્પષ્ટ ખ્યાલ આવે છે. સત્તાનાં સૂત્રો જેમના હાથમાં છે તે કેવા નીતિમાન, સદાચારી, સદ્દબુદ્ધિસંપન્ન, પ્રજાહિતપરાયણ અને આદર્શ હોવા જોઇએ એનું અનુમાન એના પરથી સહેલાઇથી થઇ શકે છે. આપણા રાષ્ટ્રનાયકોએ કે નેતાઓએ એ સમજી લેવાનું છે. એમના જીવનનો. ચિંતનનો ને વ્યવહારનો પ્રભાવ જનસાધારણ પર, સમગ્ર રાષ્ટ્ર કે સમાજ પર પડે છે. એટલે એમણે એ હકીકતને યાદ રાખીને, પોતાની નૈતિક જવાબદારી સમજીને, પોતાના વ્યક્તિગત જીવનને પવિત્ર ને ઉદાત્ત બનાવવાની આવશ્યકતા છે. જેથી એ આદર્શ ઉદાહરણરૂપ બની શકે. પ્રજાની ઉપર એનો પ્રભાવ સામાન્ય રીતે ઘણો સારો પડશે.

☼ ☼ ☼ ☼ ☼

## [૨] સુકન્યાનું ચરિત્ર

ભાગવતના નવમા સ્કંધના ત્રીજા અધ્યાયમાં સુકન્યાનું સરસ ચરિત્ર વર્ણવવામાં આવ્યું છે. એ ચરિત્ર ખૂબ જ પ્રેરણાત્મક છે.

સુકન્યા એના નામ પ્રમાણે જ ગુણવાળી અથવા ઉત્તમ સંસ્કારોથી સંપન્ન હતી. એના ચરિત્રનો તટસ્થ રીતે વિચાર કરવાથી આપણને એના પ્રત્યે માન પેદા થાય છે. એનું ચરિત્ર નિષ્કામ નિર્ભેળ સેવાભાવનાના ઉત્તમોત્તમ પ્રતીક જેવું છે. એ એટલાં બધાં વરસો વીત્યા પછી આજે પણ એવું જ રસમય તથા પથપ્રદર્શક લાગે છે.

સુકન્યાની જીવનકથાથી મોટા ભાગના પુરુષો પરિચિત છે. મોટાભાગની સ્ત્રીઓ પણ એથી સુપરિચિત છે એવું નિસ્સંકોચ રીતે કહી શકાય. તો પણ એનું વિહંગાવલોકન કરી લઇએ.

સુકન્યા મનુપુત્ર રાજા શર્યાતિની સુપુત્રી હતી. શર્યાતિ એક શ્રેષ્ઠ પ્રજાહિતપરાયણ રાજા હોવા ઉપરાંત વેદોના નિષ્ઠાવાન વિદ્વાન તેમ જ વિચારક તરીકે પ્રસિદ્ધ હતો. એકવાર એ સુકન્યા સાથે વનમાં પરિભ્રમણ કરતો દૈવયોગે ચ્યવન ઋષિના એકાંત, આકર્ષક, આહ્લાદક આશ્રમમાં આવી પહોંચ્યો. આશ્રમના કોલાહલરહિત વિમળ વાતાવરણને વિલોકીને એને ખૂબ જ શાંતિ મળી. સુકન્યા પણ એ અવનવા વાતાવરણમાં પ્રવેશીને ભારે ભાવવિભોર બની ગઇ. આશ્રમના એ આહ્લાદક વિશુદ્ધ વાયુમંડળમાં એ આજુબાજુ બધે જ સ્વેચ્છાનુસાર વિહરવા લાગી. એવી રીતે આનંદપૂર્વક વિહાર કરતાં કરતાં એણે એક અનોખું અદૃષ્ટપૂર્વ અકલ્પનીય દૃશ્ય જોયું. એ દૃશ્યની વાસ્તવિકતાને કે વિલક્ષણતાને એ અથવા એની સાથેની સખીઓ સમજી ના શકી. મહર્ષિ ચ્યવન ન જાણે કેટલા બધા સુદીર્ઘ સમયથી ત્યાં ધ્યાનમગ્ન બનીને બેઠા હતા. ધ્યાનાવસ્થામાં એ એટલા બધા એકાગ્ર અને તલ્લીન બની ગયેલા કે એમને આજુબાજુના વાતાવરણનું અને એમના શરીરનું ભાન પણ નહોતું રહ્યું. એ દેહાધ્યાસથી ઉપર ઊઠીને અતીન્દ્રિય અવસ્થામાં આત્માના અલૌકિક પ્રદેશમાં પહોંચી ગયેલા. સુદીર્ઘ સમયની સાધનાને લીધે એમના અંગની આજુબાજુ ઉધઇ ફરી વળેલી. એમનું આખુંય અંગ એનાથી આચ્છાદિત થઇ ગયેલું. ફક્ત એમની આંખની જ્યોતિ એની વચ્ચેથી દેખાયા કરતી. એને જોઇને એવું લાગતું કે બે આગિયાઓ જાણે કે અખંડ રીતે ચમકી રહ્યા છે.

પહેલાંના ઋષિઓ કેવી કઠોર તપશ્ચર્યા કરતા અને આત્માનાં કેવા અતલ ઊંડાણોમાં ડૂબી જતા એની કલ્પના એ પ્રસંગ પરથી સહેલાઇથી કરી શકાય છે. તપને જ જીવનનું એકમાત્ર ધન માનનારા એ ઋષિમુનિઓ ભારતીય સાધના તેમજ સંસ્કૃતિના ભૂષણરૂપ હતા. એમણે જીવન વિકાસની સાધનાને ને સંસ્કૃતિને નવો વેગ આપેલો. આત્મિક સાધનામાં આગળ વધીને એવી એકાગ્રતાની અને આત્મલીન અવસ્થાની અનુભૂતિ કરવી એ કાંઇ સામાન્ય વાત નથી ગણાતી. એવી અવસ્થા અતિશય દુર્લભ હોય છે ને કરોડોમાંથી કોઇકને જ મળી શકે છે. એને પ્રાપ્ત કરવાની ઇચ્છા પણ કોણ કરે છે અને એ ઇચ્છાની પૂર્તિના પ્રામાણિક પ્રયત્નો પણ કોણ કરે છે ? માનવજાતિની વિશાળ, અતિવિશાળ સંખ્યાની સરખામણીમાં ઘણા થોડા જ. અલ્પ નહિ પરંતુ સ્વલ્પ.

સુકન્યાને કલ્પના પણ ના થઇ શકી કે જે અદ્દભુત આહ્લાદક એકાંત આશ્રમના વાયુમંડળમાં પોતે ફરે છે એ આશ્રમના અધિષ્ઠાતા ઋષિ પોતે જ ત્યાં તપ કરતા બેઠા છે. એની બુદ્ધિ એટલું વિચારી જ ના શકી. એની સખીઓને પણ એની સમજ ના પડી. એમની ઉંમર અને અપરિપક્વ અનુભૂતિની અવસ્થા જોતાં એમાં કશું આશ્ચર્ય પણ નહોતું. એમણે એ વિચિત્ર આશ્ચર્યકારક દૃશ્યના સંબંધમાં કોઇને કશું પૂછ્યું પણ નહિ. કદાચ એ વખતે ત્યાં કોઇ પૂછવા યોગ્ય હશે પણ નહિ. કૌમાર્યસહજ કુતૂહલથી પ્રેરાઇને સુકન્યાએ એક કાંટાની મદદથી એ બંને જ્યોતિઓને વીંધી નાખી. એના પરિણામે એમાંથી રક્તની ધારાઓ વહેવા લાગી. એ દેખીને સુકન્યા અને એની સખીઓ ગભરાઇ ગઇ. સુકન્યા સુચારુરૂપે કશું સમજી તો ના શકી પરંતુ એને થયું કે એનાથી અજ્ઞાત રીતે કશોક અપરાધ અવશ્ય થયો છે.

એ જ વખતે એક બીજી અતિવિચિત્ર આશ્ચર્યકારક ઘટના બની. રાજા શર્યાતિના સૈનિકોનાં મળમૂત્ર તદ્દન બંધ થઇ ગયાં. એ જાણીને રાજા શર્યાતિએ અનુમાન કર્યું કે મહર્ષિ ચ્યવનનો જાણ્યે અથવા અજાણ્યે કશોક અપરાધ થઇ ગયો છે. એણે સૌને પૂછવા માંડ્યું ત્યારે સુકન્યાએ ખૂબ જ સંકોચ તથા ભયપૂર્વક જણાવ્યું કે મેં અજ્ઞાત રીતે બે જ્યોતિઓને કાંટાની મદદથી ભેદી નાખી છે. મારાથી એ અપરાધ અવશ્ય થયો છે પરંતુ એ જ્યોતિઓના રહસ્યની ખબર મને હજુ પણ નથી પડી.

શર્યાતિની ચિંતા તથા ઉદ્વિગ્નતાનો પાર ના રહ્યો. એણે પોતાના પરિપક્વ બુદ્ધિની મદદથી બધું અનુમાન કરી લીધું ને ઊધઇની પાસે પહોંચીને ધીમે ધીમે છતાં પણ પ્રેમપૂર્વક પ્રશસ્તિ કરીને ત્યાં બેઠેલા ચ્યવન ઋષિને પ્રસન્ન કર્યા. ચ્યવન ઋષિ પ્રસન્ન તો થયા પરંતુ શર્યાતિને એમની પ્રસન્નતાનું ઘણું મોટું ઋણ ચુકાવવું પડ્યું. ઋષિનો અભિપ્રાય જાણીને એણે પોતાની પુત્રી સુકન્યા એમની સેવામાં સમર્પિત કરી. એ પછી એમની અનુમતિ મેળવીને એ પોતાની રાજધાની તરફ ચાલી નીકળ્યો. થોડાક સમયમાં તો જેની સ્વપ્ને પણ કલ્પના નહોતી એવો અનોખો ઇતિહાસ રચાઇ ગયો. એનું નામ જ વિધિની વિચિત્રતા કે ભવિતવ્યતા. એ ક્યારે, ક્યાં, કયી રીતે, શું કરવા માંગે છે તેની ખબર કોઇક ઇશ્વરી કૃપાપાત્ર પૂર્ણ ભક્ત કે સિદ્ધ મહાયોગી સિવાય કોઇને નથી પડતી. માણસે અજ્ઞાત પ્રદેશમાં પગલાં ભરીને એને અનુકૂળ થવાનું કે એનો વિરોધ અને વસવસો કરવાનું જ શેષ રહે છે. સુકન્યાને વનમાં વિહાર કરવા નીકળતી વખતે કલ્પના પણ ક્યાં હતી કે પોતાને એક ઋષિપત્ની તરીકે અરણ્યના એકાંત આશ્રમમાં જ રહેવું પડશે ?

* * *

કોઇકને શંકા થવાનો સંભવ છે કે તપશ્ચર્યા અથવા આત્મિક સાધનાની આટલી બધી અસાધારણ અવસ્થા પર પહોંચ્યા પછી પણ ચ્યવન ઋષિ સુકન્યાનો સ્વીકાર કરીને, અને રાજા શર્યાતિને સુકન્યાનું સમર્પણ કરવા પ્રેરિત કરીને, લગ્નજીવનમાં શા માટે પ્રવૃત્ત થયા ? એનો અર્થ એવો નથી કે એમના સાધનામાર્ગમાંથી એ ચલિત થયા અથવા પ્રલોભનવશ બન્યા ? એમના અંગની આજુબાજુ ઊધઇ ફરી વળી તો પણ એમનું મન કોરું, સાધનાના પ્રભાવવિહોણું અથવા વાસનાયુક્ત જ રહ્યું હશે. નહિ તો અજાણ્યે અપરાધ કરી બેઠેલી સુકન્યાને એ એવી રીતે પ્રતિકૂળ કે કરુણ પરિસ્થિતિમાં મુકવાને બદલે માફ કરી દેત ને ઘેર જવા દેત.

એ શંકા ઉપર ઉપરથી જોતાં નોંધપાત્ર લાગતી હોવાં છતાં પણ અંદરખાનેથી વિચારતાં ખાસ વજુદવાળી નથી લાગતી. સૌથી પહેલી વાત તો એ છે કે ચ્યવન ઋષિ આત્મિક સાધનાની ઉચ્ચોચ્ચ અવસ્થાએ પહોંચ્યા પછી એમાંથી ચલિત નથી થયા. એમની આત્મિકવિકાસની સાધના અબાધિત રીતે ચાલુ જ રહી છે. એમના જીવનના આગળના વૃતાંત પરથી એ હકીકત સહેલાઇથી સમજી શકાય છે. લગ્નજીવનમાં પ્રવેશવાથી સાધનામાંથી ચ્યુત થવાય છે એવું નથી સમજવાનું. લગ્નજીવનના સ્વીકાર કે પ્રવેશ પછી પણ સાધનાનો પ્રવાહ ચાલુ રહી શકે છે. લગ્નજીવન પણ એક પ્રકારની સાધના જ છે એ ખાસ યાદ રાખવાનું છે. ભારતના ઋષિવરો લગ્નજીવનને સાધનાનું અંગ સમજીને જ સ્વીકારતા અને એમાં આસક્ત થયા વિના જાગ્રત તથા સંયમી બનીને આગળ વધતા. એ લગ્નજીવનનો તિરસ્કાર ના કરતા. લગ્નજીવન એમની દૃષ્ટિએ ખરાબ નહોતું મનાતું.

બીજી વાત એ છે કે પ્રાચીનકાળમાં રાજકન્યાઓનાં ઋષિઓ સાથે લગ્નો થતાં. મહારાજા મનુએ પોતાની પુત્રીનું લગ્ન કર્દમ મુનિ સાથે કરેલું એ કથાનું આલેખન ભાગવતના ત્રીજા સ્કંધમાં કરવામાં આવેલું જ છે. એવાં લગ્નો ઋષિમુનિઓ કેવળ દેહલાલસાને લીધે જ નહોતા કરતા. એમની પાછળ કર્તવ્યભાવના પણ કામ કરતી. સેવા અથવા સંતાનપ્રાપ્તિ માટે પણ એવાં લગ્નોનો આધાર લેવાતો. ચ્યવન ઋષિએ પણ સેવાની કે સ્વધર્મ પાલનની એવી જ કોઇક અનેરી સદ્દભાવનાથી પ્રેરાઇને સુકન્યાનો સ્વીકાર નહિ કર્યો હોય એવું કેવી રીતે કહી શકાય ?

ત્રીજી વાત એ છે કે ચ્યવન ઋષિ પોતાના ભાવિ જીવનના સાધનાપ્રવાહથી પ્રથમથી જ પરિચિત હશે. ભાવિનું એમને અગાઉથી જ જ્ઞાન હશે. એને લીધે જ એમણે એ જ્ઞાનના અનુસંધાનમાં જ, એને અનુકૂળ થઇને, તદ્દન તટસ્થ રીતે જ, સુકન્યાનો સ્વીકાર કર્યો. આટલી બધી અસાધારણ આત્મિક સાધના પછી એ દિવ્ય ઋષિની દૈવી દૃષ્ટિ ઊઘડી ગઇ હોય એમાં ના માનવા જેવું કશું જ નથી.

ચોથી નોંધપાત્ર હકીકત એ છે કે સુકન્યાનું સમર્પણ સમજપૂર્વક, રાજા શર્યાતિની તૈયારીથી ને સુકન્યાની પોતાની સંમતિથી થયેલું છે. એની પાછળ લાચારી, દબાણ કે આવેલા અવસરનો લાભ લેવાની વૃત્તિનું દર્શન નથી થતું. રાજાએ કે રાજકન્યાએ ઋષિના વિચારનો વિરોધ નથી કર્યો. વિરોધની કલ્પના પણ એમને નથી ઊઠી. ઋષિના થઇ ગયેલા અજ્ઞાત અપરાધના સ્વૈચ્છિક પ્રાયશ્ચિતરૂપે સુકન્યાનું સમર્પણ કરીને રાજાએ શાંતિનો અથવા નિશ્ચિંતતાનો અનુભવ કર્યો છે એ સવિશેષ મહત્વનું છે.

એટલે ચ્યવન ઋષિની સાધના સંબંધી શંકા કરવાનું અથવા એમના ચારિત્ર્ય પર દોષારોપણ કરવાનું વલણ વ્યાજબી નથી લાગતું. શંકાની કે દોષારોપણની એવી વૃત્તિ તથા પ્રવૃત્તિ નિરાધાર છે.

* * *

સુકન્યા ચ્યવન ઋષિના આશ્રમમાં રહીને એમની તનમનથી સેવા કરવા લાગી. ચ્યવન મુનિનો સ્વભાવ થોડોક ક્રોધી હતો. એ ઉપરાંત અરણ્યમાં વસેલા એકાંત આશ્રમનું વાતાવરણ પણ એને માટે એકદમ નવું હતું. ક્યાં રમણીય રસાળ રાજભવન અને ક્યાં એકાંત આરાધનાને માટે અનુકૂળ એવો આશ્રમ ! તો પણ સુકન્યાએ એમાં પોતાના મનને પરોવવા માંડ્યું. એના ભોગપરાયણ વૈભવવાળા વાતાવરણમાં

ઉછરેલા જીવનની એ કાંઇ સાધારણ જેવી અગ્નિપરીક્ષા ન હતી. એમાંથી એ સસ્મિત પસાર થવા માંડી. પતિને પ્રસન્ન કરવાની સાધનાનું અનુષ્ઠાન એણે આનંદપૂર્વક ચાલુ રાખ્યું.

એની એ સાધના સાચા દિલની ને સમજપૂર્વકની હોવાથી એને ફળતાં વાર ના લાગી. એકવાર આશ્રમમાં દેવોના આયુર્વેદાચાર્ય અશ્વિનીકુમારો આવી પહોંચ્યા. ચ્યવન ઋષિએ એમને સમુચિત રીતે સત્કારીને પોતાની વૃદ્ધાવસ્થાને દૂર કરીને યૌવનાવસ્થા પ્રદાન કરવાની પ્રાર્થના કરી. એમની પ્રાર્થનાને લક્ષમાં લઇને અશ્વિનીકુમારોએ એમને યુવાન બનાવવાની તૈયારી બતાવી. એમણે સિદ્ધો દ્વારા તૈયાર થયેલા કુંડમાં ઋષિને સ્નાન કરવાનો આદેશ આપ્યો. બંને અશ્વિનીકુમારો અને ચ્યવન ઋષિ એ કુંડમાં સ્નાન કરવા પ્રવેશ્યા. કુંડમાંથી સ્નાન કર્યા પછી ત્રણ પુરુષો બહાર નીકળ્યા. ત્રણેએ એકસરખા સુંદર વસ્ત્રો, કુંડળો તથા માળામાં પરોવાયેલાં પુષ્પો ધારણ કરેલાં. એ ત્રણે પરમ તેજસ્વી પુરુષોમાંથી પોતાના પતિને ના ઓળખી શકવાથી સુકન્યા વિચારમાં પડી ને અશ્વિનીકુમારોને પ્રાર્થવા લાગી. અશ્વિનીકુમારો એની પતિ પ્રત્યેની પ્રીતિને ને નિષ્ઠાને નિહાળીને પ્રસન્ન થયા. એમના અનુગ્રહથી એમના નિર્દેશ પ્રમાણે સુકન્યા પોતાના પતિને તરત જ ઓળખી શકી. એ પછી અશ્વિનીકુમારો ત્યાંથી વિદાય થયા.

વૃદ્ધાવસ્થાથી ઘેરાયલા ચ્યવન ઋષિને અશ્વિનીકુમારોના અનુગ્રહથી નવયૌવનની પ્રાપ્તિ થવાથી ઋષિને ને સુકન્યાને ખૂબ જ સંતોષ થયો. એમનો વખત શાંતિપૂર્વક આનંદમાં વ્યતીત થવા લાગ્યો.

કેટલાક કાળ પછી રાજા શર્યાતિ ચ્યવન ઋષિના આશ્રમમાં યજ્ઞ કરવાની આકાંક્ષાથી આવી પહોંચ્યો. એણે સુકન્યાને કોઇક પરપુરુષ પાસે બેઠેલી જોઇને દુઃખ વ્યક્ત કર્યું. એને ચ્યવન ઋષિને મળેલા નવયૌવનની માહિતી નહિ હોવાથી એણે સુકન્યાને ઋષિનો ત્યાગ કરીને વિપથગામિની થવા માટે ઠપકો આપ્યો. એણે સુકન્યાને કહ્યું કે તેં તારા પતિનો વૃદ્ધ જાણીને ત્યાગ કરીને તારા સમસ્ત કુળને કલંકિત કર્યું છે. મેં તારી પાસેથી આવી આશા સ્વપ્ને પણ નહોતી રાખી.

રાજાના શબ્દો એના ઉચ્ચતમ સંસ્કારોને અનુરૂપ હતા. સામાન્ય વિલાસપ્રિય સ્વચ્છંદી પિતા પોતાના સંતાનને એવા શબ્દો ના કહી શકે. નિતનવી ફેશનમાં, મુક્ત સહચારમાં ને નવા નવા સંપર્કોમાં માનનારાં સંતાનો સુકન્યા જેવો સદાચારયુક્ત, નિષ્ઠાપૂર્ણ, વિશદ વ્યવહાર પણ ના કરી શકે. એ તો વિલાસને જ જીવન માને ને જેમ તેમ કરીને શરીરની વાસનાને સંતોષવામાં ને પશુ કરતાંય બદતર જીવન જીવવામાં જ ગૌરવ ગણે. એ રાજાના તથા રાજપુત્રીના ભાવોને નહિ સમજી શકે. એ ભાવો એમને કદાચ પ્રત્યાઘાતી કે પછાત લાગશે.

સુકન્યાએ એના પિતાને અશ્વિનીકુમારના અનુગ્રહની સઘળી કથા કહી બતાવી ત્યારે રાજાને આશ્ચર્ય અને આનંદ બંને થયાં. એણે એને આત્મિક અભિનંદન આપ્યાં. એની ચિંતાનો અથવા અસ્વસ્થતાનો કાયમને માટે અંત આવ્યો. ધન્ય શર્યાતિ ! ધન્ય સુકન્યા ! ધન્ય અશ્વિનીકુમાર અને ધન્ય ચ્યવન ! એ સૌ આપણા આદરભાવનાં અધિકારી છે.

☼ ☼ ☼ ☼ ☼

## [3] અંબરીષ અને દુર્વાસા - ૧

ભાગવતના નવમા સ્કંધના ચોથા તથા પાંચમા અધ્યાયમાં અંબરીષ અને દુર્વાસાનો પ્રસંગ આપવામાં આવ્યો છે. એ પ્રસંગ ખૂબ જ પ્રેરણાત્મક તથા રોચક છે. અંબરીષ અને દુર્વાસા બંનેના આત્માઓ અલૌકિક હતા. એમાંથી અંબરીષે ભગવાનની ભક્તિનો માર્ગ ગ્રહણ કરેલો અને દુર્વાસાએ યોગનો. દુર્વાસાની શક્તિ અંબરીષની ભક્તિ પાસે કામ ના લાગી કે સફળ ના થઇ એટલે યોગની સૂકી સાધના કે તપશ્ચર્યા કરતાં ભગવાનની એકનિષ્ઠ ભક્તિ કે શરણાગતિ વિશેષ શક્તિશાળી, શ્રેષ્ઠ કે કલ્યાણકારક છે એવું સ્પષ્ટ થઇ ગયું. એ સ્પષ્ટીકરણની સફળ સિદ્ધિ માટે જ એ પ્રસંગનું આલેખન કરવામાં આવ્યું છે.

એ પ્રસંગમાં એક અન્ય સર્વોપયોગી સંકેત પણ સમાયેલો છે અને તે એ કે ભગવાનનો ભક્ત અનુકૂળ-પ્રતિકૂળ સર્વ પ્રકારની પરિસ્થિતિમાં કદી પણ ઉત્તેજિત અથવા ઉદ્વિગ્ન નથી થતો ને સદા શાંત કે સ્વસ્થ રહે છે. એનું કારણ ભક્તિ દ્વારા એના જીવનનું શુદ્ધિકરણ થાય છે તે છે. એવા શુદ્ધિકરણને લીધે એના ભાવો, વિચારો તથા સંસ્કારો ઉત્તમ બને છે. એની અંદર અહંતાનો અંશ પણ નથી રહેતો. કામક્રોધાદિ આવેગો એને નથી સતાવી શક્તા. વળી એ સમજે છે ને શ્રદ્ધા રાખે છે કે ઇશ્વરની અસીમ કૃપા એની ઉપર નિત્યનિરંતર વરસી રહી છે, ઇશ્વરની સનાતન છત્રછાયા એને પ્રાપ્ત થઇ છે, અને એ એમાં નિર્ભય તથા નચિંત છે. ઇશ્વર જે કરે છે એ એના કલ્યાણને કાજે જ કરે છે તથા પ્રત્યેક પળે ને સ્થળે એને રક્ષે છે, એવી અચળ શાશ્વત સજીવ સ્વાનુભવપૂર્ણ શ્રદ્ધા એના જીવનમાં વણાઇ ગઇ હોય છે. પરંતુ તપસ્વી કે યોગી અથવા જ્ઞાનીને માટે હંમેશા એવું નથી હોતું. એ પ્રસંગોપાત આવેગોને અધીન બની જાય, ભાન ભૂલી જાય, અહંતા-મમતાથી અભિભૂત થાય, અને પરિસ્થિતિના પ્રભાવમાં પડી જાય, એવું પણ બને. એ રીતે વિચારતાં ભક્તની સાધના થોડીક વધારે સીધી, સચોટ અને સલામત લાગે છે. એ લાગણીની અભિવ્યક્તિ અંબરીષ તથા દુર્વાસાના પ્રસંગો દ્વારા અત્યંત આકર્ષક રીતે સફળતાપૂર્વક કરવામાં આવી છે.

અંબરીષ અને દુર્વાસાનાં વ્યક્તિત્વો પરસ્પર વિરોધી રેખાચિત્રોને રજૂ કરે છે. અંબરીષ પોતાના નામ પ્રમાણે જે શરીરરૂપી વસ્ત્રને ધાર્યું છે તે શરીરના તથા મન-ઇન્દ્રિયોના સંયમથી કે સ્વામિત્વથી સ્વાભાવિક રીતે જ સંપન્ન છે. દુર્વાસા એમના નામ પ્રમાણે સરળ વ્યક્તિત્વવાળા, સીધા સ્વભાવના નથી દેખાતા. એમની અંદર દેહવાસના અથવા અહંકારવૃત્તિ ઘર કરીને બેઠી હોય એવું લાગે છે. એના સ્વાભાવિક પરિણામરૂપે એમની ઉપર માનાપમાનની, સત્કાર-અસત્કારની અને શુભાશુભની અસર જલ્દી પડે છે. એને લીધે એમને બેચેન પણ બનવું પડે છે. એમની દશા દુઃખી અને દયનીય બને છે. બંનેમાં વિજય - જો એને નૈતિક કે સાધનાત્મક વિજય કહીએ તો - અંબરીષનો જ થાય છે. જીવનમાં સરળતા, નમ્રતા, મધુરતા, પવિત્રતા, સેવા તથા ઇશ્વરપરાયણતા જ વિજયી બને છે, સુખ પહોંચાડે છે ને શાંતિ આપે છે. અહંતા, આસક્તિ અને અશુદ્ધિ અશાંત અને નાસીપાસ કરે છે. એ વિરોધાભાસી વ્યક્તિત્વો એ પદાર્થપાઠ પૂરો પાડે છે.

*            *            *

અંબરીષની ઓળખાણ આપતાં સ્વનામધન્ય સંતશિરોમણિ શુકદેવ પરીક્ષિતને કહે છે કે અંબરીષ ખૂબ જ ભાગ્યશાળી હતો. એનું સદ્દભાગ્ય દ્વિવિધ હતું. એક તો એ સમ્રાટ હોવાથી અનંત ઐશ્વર્ય, સંપત્તિ તથા સુખોપભોગનો સ્વામી હતો અને બીજું એ કે એને ભગવાનની ભક્તિની પ્રાપ્તિ થયેલી. જીવનું સાચું સદ્દભાગ્ય ભગવાનની ભક્તિની પ્રાપ્તિ થવી અને એના ફળરૂપે ભગવાનના અસીમ અનુગ્રહથી સદ્દબુદ્ધિ સાંપડવી તે છે. એ સદ્દબુદ્ધિને લીધે એ ભગવાનને જ ભજવા યોગ્ય સમજતો, ભજતો, અને સંસારના સમસ્ત પદાર્થો તથા વિષયોને પરિવર્તનશીલ, વિનાશી, ચાર દિવસની ચાંદરણી જેવા માનતો. એને લીધે એનું મન લૌકિક પદાર્થોમાં આસક્ત ના થતું. આસક્તિ એને કેવળ સંતપુરુષોના સમાગમમાં ને પોતાના પરમપ્રેમાસ્પદ પરમારાધ્ય ભગવાન શ્રીકૃષ્ણમાં જ હતી. એ અનોખી આદર્શ આસક્તિ સૌ કોઇએ, ખાસ કરીને જીવનનું આત્યંતિક કલ્યાણ કરવા માગનારા ભગવદ્ દર્શનાભિલાષી ભક્તોએ, અનિવાર્ય રીતે અવશ્ય કરવા જેવી છે. એનો આછો-પાતળો ચિતાર આપતાં ભાગવત કહે છે :

'અંબરીષે પોતાના મનને ભગવાન કૃષ્ણનાં ચારુ ચરણકમળમાં, પોતાની વાણીને ભગવાનના ગુણોના તથા મહિમાના વર્ણનમાં, પોતાના હાથને હરિમંદિરને સ્વચ્છ કરવામાં અને કાનને ભગવાન અચ્યુતની સુધાસભર કથાવાર્તા તથા સંકીર્તન સુરાવલિના શ્રવણમાં જોડીને જીવનને કૃતાર્થ કરેલું.'

'એણે લોચનને મુકુંદ ભગવાનની આકૃતિના કે સ્વરૂપના દર્શનમાં લગાડેલાં, ભગવદ્દભક્તોના શરીરની સંનિધિમાં શરીરને સુખ અનુભવતું કરેલું, નાસિકાને ભગવાનનાં ચરણકમળ પર ચઢેલી તુલસીની સુંદર સુગંધ માણવામાં મગ્ન બનાવેલી, અને જીભને ભગવાનના નૈવેદ્ય કે પ્રસાદથી પવિત્ર કરેલી.'

'એના પગ ભગવાનના ધામ અથવા તીર્થની યાત્રા કરતા. એનું મસ્તક ભગવાનના ચરણકમળમાં અહર્નિશ વંદન કરતું. કોઇ લૌકિક લાલસાને લીધે નહિ કિન્તુ પવિત્ર યશવાળા ભગવાનના ભક્તોના હૃદયમાં રહેનારી વિશુદ્ધ ભગવદ્દભક્તિની પ્રાપ્તિની ઇચ્છાથી એણે એવી રીતે પોતાનું સમસ્ત જીવન ભગવાનને સમર્પિત કરેલું.'

(સ્કંધ ૯, અધ્યાય ૪, શ્લોક ૧૮ થી ૨૦)

ભગવાનનાં ચારુ ચરણોમાં સર્વસમર્પણ કરી ચૂકેલા, ભગવાનના જ બની ગયેલા, ભગવદ્દભક્તનું જીવન એવું જ આદર્શ હોય છે. એનું મન હંમેશા ભગવાનમાં જ રમ્યા કરે છે.

* * *

અંબરીષ એવી જ આત્માનુભૂતિને આત્મસાત કરવાના પ્રયાસ કરતો. એક રાજા તરીકે એને પ્રજાહિતની જે જુદી જુદી જવાબદારીઓ સંભાળવાની હતી તેમાં એ કામ ધાર્યા જેટલું સરળ ન હતું તો પણ એને સારુ સહેલું થયેલું. નાની નાની દુન્યવી ઉપાધિઓ કે મુસીબતોને જોઇને માણસો કેટલીયવાર ગભરાઇ જાય છે, નાસીપાસ થાય છે, ને બોલી ઊઠે છે કે આવા વાતાવરણમાં રહીને સાધના કે ભક્તિ કેવી રીતે થાય ! એવા માણસોને માટે અંબરીષનું જીવન ઉજ્જવળ ઉદાહરણરૂપ છે. એ જો અંબરીષની જેમ ભોગ સામગ્રીથી ભરેલા અનેકવિધ ઉપાધિઓવાળા રાજભવનના રાજસી કે તામસી વાયુમંડળમાં વસતા હોત તો સાધના કે ભક્તિ કરી શક્ત ખરા ? અંબરીષનું ઉદાહરણ બતાવે છે કે માણસની તૈયારી હોય અને એ પોતે સદ્દવિચાર, સદ્દભાવ તેમજ સુસંસ્કારોથી સંપન્ન હોય તો વાતાવરણ એને માટે બાધક નથી બનતું. ગમે તેવા

વાતાવરણમાં વસીને પણ એ આગળ વધે છે અથવા ઇશ્વરપરાયણ બને છે. વાતાવરણ એના પર પોતાનો પ્રભાવ નથી પાડતું. એ વાતાવરણને પ્રભાવિત કરે છે, એવું કહેવામાં કશી અતિશયોક્તિ નથી થતી. ગમે તેવાં વાતાવરણમાં વસીને પણ આત્મવિકાસના મંગલ માર્ગે મહાપ્રસ્થાન કરવાની શક્તિ માણસે મેળવવી જ પડશે. કાયમ માટે દીન, હીન, લાચાર કે અપંગ બન્યે નહિ ચાલે.

☼ ☼ ☼ ☼ ☼

## [૪] અંબરીષ અને દુર્વાસા - ૨

રાજા અંબરીષની પત્ની પણ એના જેવી જ વિરક્ત, ધર્મપરાયણ, સાત્વિક અને ભક્તિમતી હતી. એવી અનુકૂળ સ્ત્રીની પ્રાપ્તિ થવી એ પણ જીવનનું એક મહાન સદ્દભાગ્ય હોય છે. એને ઇશ્વરની કૃપા કહી શકાય. અંબરીષે એ ધર્મપરાયણ સ્ત્રીની સાથે એકવાર એક વર્ષ સુધીનું દ્વાદશીપ્રધાન એકાદશી વ્રત શરૂ કર્યું.

એકાદશી વ્રત ઘણું પવિત્ર તથા ઉપયોગી મનાય છે ને ઠેરઠેર એનો આધાર લેવાય છે તે સારું છે. એ આરોગ્યની દૃષ્ટિએ તો લાભકારક છે જ પરંતુ ભારેખમ જાતજાતનાં ફરાળો કરવાથી આરોગ્યનો હેતુ માર્યો જાય છે. ઉલટું શરીર બગડે છે. એટલે ફરાળ સહિત એકાદશીવ્રત કરનારે ખૂબ જ સાદું, સૂક્ષ્મ ફરાળ અને એ પણ એક વાર કરવું જોઇએ. કેવળ ફરાળ ખાઇને કે દૂધ જેવા પ્રવાહી પદાર્થ પર રહીને વ્રત થઇ શકે તો વધારે સારું. પરંતુ તે સંબંધમાં પોતાની શક્તિની મર્યાદાનું માપ કાઢીને ઉચિત નિર્ણય કરી લેવો જોઇએ.

એકાદશીને દિવસે રોજ કરતાં વધારે જપ કે ધ્યાન તથા સ્વાધ્યાય કરવાનો નિયમ રાખવો જોઇએ. ઇન્દ્રિયોનાં ને મનનાં એકાદશ બારણાંને બંધ કરી, શાંતિપૂર્વક બેસીને પરમાત્માનો પરિચય પામવાનો વધારે પ્રયત્ન કરવો જોઇએ. ખોટા અથવા અકારણ ઉજાગરા કરવાને બદલે જરૂર જેટલી નિદ્રા લઇને શેષ સમય આત્મસાક્ષાત્કારની અમૂલખ સાધનામાં ગાળવો જોઇએ. એ દિવસે અસત્યભાષણ ના કરવું જોઇએ, કામ-ક્રોધના આવેગોને અધીન ના બનવું તથા કોઇ પણ પ્રકારનું કુકર્મ ના કરવું જોઇએ. તો જ તેનો જરૂરી લાભ થાય ને તેની મદદથી તન, મન, અંતરની નિર્મળતા, ઉદાત્તતા અને પરમાત્મપરાયણતારૂપી વૈકુંઠ મળી શકે. શ્રદ્ધા, ભક્તિ તેમજ ભજનની અભિવૃદ્ધિ થતાં ભગવદ્દર્શનનો લાભ પણ થઇ શકે. ઇશ્વરની કૃપાનો અનુભવ, ઇશ્વરદર્શન, નિર્વાસનિક અવસ્થા અને આત્મશાંતિ એ જ વૈકુંઠ. એની આગળ બીજા વૈકુંઠની શી વિસાત ?

* * *

એકાદશી વ્રતની પરિસમાપ્તિ થયે કારતક મહિનામાં રાજા અંબરીષે ત્રણ રાતના ઉપવાસ કર્યાં અને એક દિવસ યમુનામાં સ્નાન કરીને મધુવનમાં ભગવાન કૃષ્ણની આરાધના કરી. પછી બ્રાહ્મણોની પૂજા કરીને એમનો દાનાદિથી સમુચિત સત્કાર કર્યો. ભાગવત તો કહે છે કે એમને ઘેર રાજાએ સાઠ કરોડ ગાયોને શણગારીને મોકલી દીધી. એમનાં શીંગડાં સુવર્ણથી મઢેલાં અને એમની ખરીઓએ ચાંદી જડેલી. એમને સુંદર વસ્ત્રોથી સુશોભિત કરેલી. એ બધી ગાયો નાની અવસ્થાની, આકર્ષક, વાછરડાંવાળી અને પુષ્કળ દૂધ આપનારી હતી. ભાગવતના એ વર્ણન પરથી ભારતનું ગોધન કેટલું બધું વિપુલ હતું એનું અનુમાન સહેલાઇથી કરી શકાય છે. દેશ પશુપાલનની દૃષ્ટિએ કેટલો બધો સમૃદ્ધ હશે તેની કલ્પના કરવા માટે એ હકીકત પૂરતી છે.

દાનાદિ સેવાકર્મોમાંથી નિવૃત્ત થઇને રાજા અંબરીષે એકાદશી વ્રતનું પારણું કરવાની તૈયારી કરી. પરંતુ એ પારણું કરે તે પહેલાં જ શાપ અને વરદાન દેવામાં સમર્થ દુર્વાસા મુનિ એની આગળ અતિથિના રૂપમાં આવી પહોંચ્યા.

અંબરીષે એમનો સમુચિત સત્કાર કરીને એમને ભોજન માટે પ્રાર્થના કરી. દુર્વાસા મુનિએ એની પ્રાર્થનાનો સત્વર સ્વીકાર કરીને જરૂરી નિત્યકર્મોથી નિવૃત્ત થવા માટે સરિતાતટ તરફ પ્રયાણ કર્યું.

દુર્વાસાને સરિતા તટ પર બ્રહ્મધ્યાનાદિ કરતાં ધાર્યા કરતાં ઘણો વધારે વખત વીતી ગયો. તે દરમિયાન અંબરીષને થયું કે દ્વાદશી એક ઘડી જેટલી જ બાકી રહી હોવાથી પારણું નહિ કરવામાં આવે તો દોષ ગણાશે, બીજી બાજુએ દુર્વાસા મુનિને જમાડ્યા વિના જમી લેવું પણ દોષરૂપ હતું. એટલે પંડિતો સાથે પરામર્શ કરીને એણે નક્કી કર્યું કે પાણી પીવાનું કાર્ય ભોજન કરવામાં ને ના કરવામાં બંનેમાં ગણાતું હોવાથી પાણી પીને પારણું કરવાનું જ બરાબર છે. એ નિર્ણયને અનુસરીને એણે પાણી પીને પારણું કરી લીધું.

દુર્વાસા મુનિ નિત્ય કર્મમાંથી નિવૃત્ત થઇને અંબરીષ પાસે પાછા આવ્યા ત્યારે રાજાએ પારણું કરી લીધું છે એવું જાણીને ખૂબ જ ક્રોધે ભરાયા ને જેમ ફાવે તેમ બોલીને રાજાને ઠપકો દેવા માંડ્યા. રાજાને પોતાની પ્રખર શક્તિનો પરચો બતાવવા માટે જટાના વાળને ઉખાડીને એમણે એનો અંત આણવાના આશયથી એક ભયંકર કૃત્યાને ઉત્પન્ન કરી. એ પ્રલયાગ્નિ જેવી પ્રજવલિત કૃત્યા હાથમાં તલવાર લઇને રાજા અંબરીષ પર તૂટી પડી. પરંતુ એવી અકલ્પ્ય પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ અંબરીષે સહેજ પણ ગભરાયા કે ડર્યા વિના સંપૂર્ણ શાંતિ રાખી. એ જ્યાં ઊભેલો ત્યાં જ ઊભો રહ્યો.

ભગવાને અંબરીષની રક્ષા માટે પહેલેથી જ સુદર્શન ચક્રને તૈયાર રાખેલું. એ ચક્રે દુર્વાસા મુનિએ પેદા કરેલી કૃત્યાને બાળીને તરત જ ભસ્મીભૂત કરી દીધી.

કૃત્યાને ભસ્મીભૂત કરીને સુદર્શન ચક્ર દુર્વાસા તરફ ચાલ્યું એટલે દુર્વાસા એથી ભયભીત બનીને પોતાના પ્રાણની રક્ષા માટે દોડવા લાગ્યા.

ચક્ર પણ એમની પાછળ પડ્યું ત્યારે એ સુમેરુ પર્વતની ગુફામાં પ્રવેશવા માટે એ પર્વતની દિશામાં ચાલી નીકળ્યા.

એ રીતે ભિન્નભિન્ન દિશામાં જવાની સાથે સાથે એ સ્વર્ગલોકમાં જઇ પહોંચ્યા, બ્રહ્મા પાસે તથા શંકર પાસે પણ પહોંચી ગયા, પરંતુ બ્રહ્મા તથા શંકર પણ એમની સુદર્શન ચક્રથી રક્ષા ના કરી શક્યા. છેવટે એ ભગવાનના પરમધામ વૈકુંઠમાં ગયા ને ભગવાનના પગમાં પડ્યા. એમણે ગદ્દગદ્દ કંઠે પ્રાર્થના કરતાં કહ્યું કે હે અચ્યુત, અવિનાશી, સમસ્ત સૃષ્ટિના જીવનદાતા ! હું અપરાધી છું. તમારો પ્રભાવ ના જાણવાને લીધે જ મેં તમારા ભક્તનો અક્ષમ્ય અપરાધ કર્યો છે. તમે મને એ ઘોર અપરાધમાંથી ઉગારો. તમે તો પરમકૃપાળુ છો. તમારી કૃપાની ભિક્ષા માગું છું.

ભગવાને પોતાના ભક્તોનો મહિમા બતાવતાં જણાવ્યું કે ‘દુર્વાસા ! હું તો ભક્તોને અધીન છું. મારી સ્વતંત્રતા ભક્તિની દૃષ્ટિએ જરા પણ નથી. મારા સીધા સાદા એકનિષ્ઠ ભાવપ્રધાન ભક્તોએ મારા હૃદયને જીતી લીધું છે. એ મને ભજે છે અને હું એમને ભજું છું.’

अहं भक्तपराधीनो ह्यस्वतंत्र इव द्विज ।
साधुभिर्ग्रस्ताहृदयो भक्तैर्भक्तजनप्रियः ॥
(સ્કંધ ૯, અધ્યાય ૪, શ્લોક ૬૩)

એટલું કહીને ભગવાને દુર્વાસાને અખંડ એકનિષ્ઠ ભક્તિવાળા અંબરીષના શરણમાં જવાનો આદેશ આપ્યો ને જણાવ્યું કે જેનું અનિષ્ટ કરવાથી તમારે આવા ઘોર કષ્ટમાં પડવાનું થયું છે તેની પાસે પહોંચીને ક્ષમાયાચના કરવાથી જ તમને કષ્ટમાંથી મુક્તિ મળશે. તમારે માટે શાંતિની અનુભૂતિનો હવે બીજો કોઇ જ માર્ગ નથી રહ્યો. જે ભક્તોનું અથવા સંતોનું અમંગલ કરે છે અથવા કરવાનો પ્રયાસ કરે છે તેને પોતાને જ અમંગલનો, અશાંતિનો કે ક્લેશનો શિકાર બનવું પડે છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૫] દુર્વાસાની દુઃખનિવૃત્તિ

દુર્વાસાને માટે હવે બીજો કોઇયે ઉપાય શેષ ના રહ્યો. એમને સુદર્શન ચક્રની જ્વાળા જલાવી રહેલી. એમની આત્મિક અશાંતિ ઉત્તરોત્તર વધતી જતી હતી. એનો અંત આણવાના સઘળા પ્રયત્નો વ્યર્થ ગયેલા. એટલે ભગવાનના આદેશનું અનુસરણ કરીને એ અંબરીષ પાસે પહોંચીને ક્ષમાયાચના કરતાં એના પગમાં પડ્યા. એ જોઇને અંબરીષને ખૂબ જ સંકોચ થયો અને એ દુઃખી બનીને પાછો હઠી ગયો. એ પછી એણે સુદર્શન ચક્રની શાંતિ માટે સ્તુતિ કરી.

'જો જીવનમાં મેં નિષ્કામભાવે જરા જેટલું પણ દાન કર્યું હોય, યજ્ઞ કર્યા હોય કે સ્વધર્મનું સ્વલ્પ પણ પરિપાલન કર્યું હોય, અને અમારા કુળમાં જો બ્રાહ્મણોને જ આરાધ્યદેવ માનવામાં આવ્યા હોય તો દુર્વાસા મુનિની બળતરા મટી જાય અને એમને સહજ શાંતિ થાય.'

'સર્વ સદ્દગુણોના સમુચ્ચય સરખા, પ્રકૃતિના અધીશ્વર ભગવાનનું દર્શન જો મેં સર્વ પ્રાણીઓના અંતરાત્મારૂપે કર્યું હોય અને એ પરમકૃપાળુ ભગવાન મારા પર પ્રસન્ન હોય તો દુર્વાસા મુનિની બળતરા મટી જાય અને એમને સંપૂર્ણ શાંતિ થાય.'

* * *

અંબરીષની પ્રેમપૂર્ણ પ્રાર્થના તરત જ સફળ થઇ. એ પ્રાર્થનાના પરિણામે સુદર્શન ચક્ર સંપૂર્ણ શાંત પડ્યું. દુર્વાસા મુનિ ભયમુક્ત તથા સ્વસ્થ બન્યા. એમનો રહ્યોસહ્યો અહંકાર એકદમ ઓગળી ગયો. એમને દિવ્યદૃષ્ટિની પ્રાપ્તિ થઇ. એ દિવ્યદૃષ્ટિના પાવન પ્રકાશથી એ અંબરીષના મહિમાને સારી રીતે સમજી શક્યા.

આધ્યાત્મિક વિકાસના મંગલમય માર્ગમાં અહંકાર જેવો સાધારણ અંતરાય બીજો કોઇ જ નથી. એને લીધે સાધક સંપૂર્ણ સિદ્ધિ અથવા શાંતિનો સ્વામી નથી બની શક્તો. જીવનનો ઉત્સવ પણ નથી કરી શક્તો. દુર્વાસા ઇશ્વરના અનંત અનુગ્રહથી એમાંથી મુક્તિ મેળવી શક્યા અને અંબરીષનો અંતઃકરણપૂર્વક આભાર માનીને એને અભિનંદન આપવા માંડ્યા. ભક્તોના મહિમાને અનુભવીને એમણે ઉદ્દગારો કાઢ્યા કે 'આજે મેં ભગવાનના પ્રેમી ભક્તોના મહિમાનું દર્શન કરી લીધું. મેં તમારો અક્ષમ્ય અપરાધ કર્યો તો પણ તમે મારા કલ્યાણની કામના જ કર્યા કરો છો. ભક્તાધીન ભગવાનના ચરણકમળને પ્રખર પ્રેમભાવથી પકડનારા ભક્તોને કે સંતોને માટે શું અશક્ય છે ? ઉદાર કે વિશાળ, વિશુદ્ધ હૃદયના મહાત્માપુરુષો કયી વસ્તુનો ત્યાગ નથી કરી શક્તા ? એમની અંદર રાગ કે દ્વેષનો છાંટો પણ હોતો નથી. મહારાજા અંબરીષ ! તમારું અંતર પ્રેમ તેમજ કરુણાથી ભરપુર છે. તમે મારા પર મોટો અનુગ્રહ કર્યો. મારા અપરાધને લેશ પણ લક્ષમાં લીધા વિના તમે મારા જીવનની રક્ષા કરી. એને માટે તમારો જેટલો આભાર માનું એટલો ઓછો છે.'

* * *

એ પ્રસંગ સૂચવે છે કે ક્રોધનો જવાબ ક્રોધથી, અશુભનો અશુભથી અને દ્વેષનો દ્વેષથી ના આપો પરંતુ શાંતિથી, શુભથી ને પ્રેમથી આપો. સમજપૂર્વકની સુધરેલી સુશિક્ષિત પદ્ધતિ એ જ પદ્ધતિ વધારે

લાભદાયક, સુખશાંતિકારક ને વિજયી ઠરે છે. વ્યક્તિ તથા સમષ્ટિને માટે એ પધ્ધતિ ઉપયોગી અને આશીર્વાદરૂપ છે.

* * *

અંબરીષે અત્યાર સુધી ભોજન નહોતું કર્યું. દુર્વાસાને પણ ભોજનનો વખત ક્યાં મળેલો ? એણે દુર્વાસાને વિવિધ પ્રકારે પ્રસન્ન કરીને ભોજન કરાવ્યું અને એ પછી પોતે પણ ભોજન કરી લીધું. એ પછી દુર્વાસા અંબરીષની પ્રશંસા કરીને વિદાય થયા. એમની અસાધારણ શક્તિ પ્રત્યે અંગુલિનિર્દેશ કરતાં શુકદેવજી કહે છે કે એમણે આકાશ માર્ગથી બ્રહ્મલોક તરફ પ્રયાણ કર્યું. એ કથનમાં 'આકાશગમન દ્વારા અથવા આકાશ માર્ગથી'નો નિર્દેશ ખાસ ધ્યાન ખેંચે તેવો છે તે એટલા માટે કે એવી સવિશિષ્ટ શક્તિની પ્રાપ્તિ પછી પણ દુર્વાસા જરૂરી માહિતી મેળવ્યા વિના અકારણ ક્રોધ કરી બેઠા. એમણે શાંતિપૂર્વક સહાનુભૂતિથી વિચાર્યું હોત તો સમજી લીધું હોત કે અંબરીષે તો કેવળ પાણી પીને જ પોતાના વ્રતના પરિપાલન માટે પારણું કરેલું. એમાં શાસ્ત્રની દૃષ્ટિએ કશો દોષ નહોતો થયો. એટલે એટલો બધો ક્રોધ કરવાની આવશ્યકતા હતી જ નહિ. પરંતુ ભાગવત એ ક્રોધના દૃષ્ટાંત દ્વારા બતાવવા માગે છે કે આકાશગમન જેવી સિદ્ધિઓવાળા મહામુનિ ને યોગી પણ મન પર સિદ્ધિ ના સાંપડી હોય તો નાની કે મોટી વાતમાં ક્રોધ કરી બેસે છે. સૌથી મોટી સિદ્ધિ આત્મસિદ્ધિ છે. અને એ ઇશ્વરની પ્રેમભક્તિના પરિણામે ઇશ્વરની કૃપાથી સાંપડી શકે છે. અંબરીષ એ સિદ્ધિથી સંપન્ન હોવાથી છેવટ સુધી શાંત રહ્યો.

માનવે મન અને ઇન્દ્રિયોનો કાબુ કરીને એવી સિદ્ધિ તથા શાંતિથી સંપન્ન બનવાનું છે. એને માટે ભગવાનની ભક્તિના મંગલ માર્ગનો આધાર લઇને ભગવત્કૃપાનો અનુભવ કરવાનો છે. અંબરીષનો પ્રસંગ એ ઉપયોગી પ્રેરણા પૂરી પાડે છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૬] સૌભરિ ઋષિનો સંમોહ

આધ્યાત્મિક વિકાસના ક્ષેત્રમાં આધ્યાત્મિક અભિરુચિથી પ્રેરાઇને કેટલાક લોકો આગળ વધે છે અને બાહ્ય ત્યાગનો આધાર લઇને ભાતભાતની તપશ્ચર્યા કરે છે. એમનામાંના કેટલાક લોકોમાં એક અથવા બીજી જાતની લૌકિક પારલૌકિક લાલસા કે વાસના રહી જતી હોવાથી અનુકૂળ સંજોગો મળતાં એ લાલસા કે વાસના વધે છે, બળવાન બને છે, ને જો ગાફેલ હોય છે તો એમને એના વિપરીત વિઘાતક વમળમાં ઘસડી જાય છે. એટલા માટે જ સાધકે મનને બને તેટલું નિર્મળ કરવાની અને એમાં રહેલી વિષયોની રસવૃત્તિને દૂર કરવાની આવશ્યકતા છે. વિષયોની સ્થૂળ કે સૂક્ષ્મ રસવૃત્તિ જ સંગપ્રસંગે પાંગરે છે ને ત્યાગની સંયમી સરિતાના સઘળા તટને તોડી નાંખે છે. પછી સાધના પણ સુચારુરૂપે નથી થઇ શક્તી. સંગદોષમાં પડીને સાધક પોતાના અમૂલખ આત્મિક ધનને ખોઇ નાખે છે.

છતાં પણ મોટા ભાગના સાધકો એવી પરિસ્થિતિમાં શ્વાસ લે છે. પ્રાચીન કાળમાં પણ એવા સાધકો નહોતા એવું નથી સમજવાનું. પ્રાચીન કે અર્વાચીન કાળમાં માનવીની માનસિક સમસ્યાઓ તો લગભગ સરખી જ છે, એમાં બહુ ફેર નથી પડ્યો. ભાગવત સૌભરિ ઋષિના જીવનકથાનક દ્વારા માનવમનની એવી સનાતન સમસ્યાને રજૂ કરે છે. એ જીવનકથાનક રસપ્રદ તથા પ્રેરણાત્મક છે.

સૌભરિ પરમતપસ્વી ને ત્યાગી હતા. એ યમુનાના નિર્મળ નીરમાં પોતાની વિશિષ્ટ રીતે તપ કરી રહેલા. એમણે નદીમાં માછલીઓને ક્રીડા કરતી જોઇ. એક તપસ્વી માટે એવું ક્રીડાદૃશ્ય કાંઇ મહત્વનું ના મનાય અને એને અવલોકીને એને વિકાર તો શું, વિકારનો વિચાર સરખો ના થાય, પરંતુ સૌભરિના મન પર એની અસર ઘણી પ્રબળ પડી. કોના ચિત્તતંત્ર પર કયા દૃશ્યની અસર કેવી પડશે તે તો કેવી રીતે કહી શકાય ? એકને એક દૃશ્ય નિર્દોષ લાગે ને બીજાને દોષયુક્ત. એકને શાંતિદાયક તો બીજાને અશાંતિકારક. એકને નિર્વિકાર તો બીજાને વિકારવાળું. માછલીઓની ક્રીડાનું દૃશ્ય એકદમ નગણ્ય ને નાનું હોવાં છતાં એને દેખીને સૌભરિને સંમોહ થયો. એમની સુષુપ્ત ભોગભાવના જાગી ઊઠી અને એમને બેચેન બનાવવા લાગી. એમને લગ્નજીવનનો આનંદ અનુભવવાની ઇચ્છા થઇ.

એ ઇચ્છાથી પ્રેરાઇને એ તો પહોંચ્યા મહારાજા માંધાતા પાસે. ત્યાં પહોંચીને એમણે એમની પચાસ કન્યાઓમાંથી એક કન્યાની માગણી કરી. માંધાતાએ જણાવ્યું કે મારી કોઇ કન્યા તમને સ્વયંવરમાં પસંદ કરે તો તેની સાથે તમે લગ્નજીવન જીવી શકો છો.

સૌભરિ ઋષિ રાજાના વ્યંગને સમજી ગયા. એ વૃદ્ધાવસ્થાએ પહોંચી ચુકેલા. એમનું યૌવન નષ્ટ થયેલું. શરીર ગળી ગયેલું, વાળ સફેદ થયેલા, દાંત તૂટી પડેલા અને અંગો તદ્દન શિથિલ થઇ ગયેલાં. એમને થયું કે મારા જેવા વૃદ્ધને કોણ પસંદ કરે ? છતાં પણ એ હિંમત હાર્યા વિના પોતાના સંકલ્પને વળગી રહ્યા. એમણે એમના સમસ્ત શરીરને તપોબળથી નવયૌવનવાળું બનાવી દીધું.

માનવ શરીરને નવયૌવનવાળું બનાવી શકે છે પરંતુ એટલી સહેલાઇથી, એટલા તપોબળ પછી પણ મનને વિકારરહિત કે નિર્મળ નથી કરી શક્તો એ કેટલું બધું કરુણ તથા દુઃખદ છે ? એવી તપશ્ચર્યા, સાધના

અથવા આરાધના કલ્યાણકારક ક્યાંથી થાય ? મુખ્ય મહત્વની વસ્તુ મનને બદલવાની છે. એના સિવાય શાંતિ નથી સાંપડી શક્તી.

સૌભરિના સુંદર સ્વરૂપને નિહાળીને મહારાજા માંધાતાની બધી જ કન્યાઓ એમના પર મોહાઇ ગઇ. સૌએ એમને પતિ તરીકે પસંદ કર્યા. એમણે એ કન્યાઓ સાથે લગ્ન કર્યું.

પછી તો એ એમની અંદર એટલા બધા આસક્ત થઇ ગયા ને ભાન ભૂલી ગયા કે વાત નહિ. તપશ્ચર્યાની વાત તો તદ્દન વિસરાઇ જ ગઇ. વિષયોના ઘોડાપુરમાં એ સંપૂર્ણ સંમોહિત બનીને તણાવા લાગ્યા. ભોગવિલાસની વિવિધ સામગ્રીમાં સ્વર્ગસુખ સમજતા એ પોતાના જીવનના બહુમૂલ્ય દેવદુર્લભ દિવસોને પાણીના રેલાની પેઠે પસાર કરવા લાગ્યા. પરંતુ વરસો સુધી વિષયોનું સેવન કરવાથી પણ એમને સંતોષ ના થયો ત્યારે એક ધન્ય દિવસે એમને એમની ભૂલ સમજાઇ ગઇ. એમને થયું કે હું મહાન તપસ્વી તથા બ્રહ્મતેજથી સંપન્ન હોવાં છતાં જલમાં ક્રીડા કરતી માછલીઓને નિહાળીને મોહિત બન્યો ને ભાન ભૂલ્યો એ કેટલું બધું દુઃખદ છે ! જે મોક્ષ મેળવવાનો મનોરથ કરતો હોય તેવા માનવે ભોગાસક્ત જીવોનો સંગ છોડી દેવો, ઇન્દ્રિયોને તેમ જ મનને એક પળ માટે પણ બહિર્મુખ ના થવા દેવું, ચિત્તને એકાંતમાં રહીને અનંત ઇશ્વરમાં જ જોડી દેવું, અને સંગ કરવો જ હોય તો પ્રસંગોપાત સત્પુરુષોનો કે ભક્તોનો જ કરવાનું ધ્યાન રાખવું.

* * *

સૌભરિનું સદ્દભાગ્ય ઊઘડી ગયું. એમને દૈવી દૃષ્ટિની પ્રાપ્તિ થઇ. એમને વિષયોમાંથી વિરક્તિ થવાથી એ ફરી પાછા વનમાં ગયા. સ્ત્રીઓ પણ એમની સાથે ચાલી નીકળી. ત્યાં સૌભરિએ ઘોર તપશ્ચર્યા કરીને છેવટે પરમાત્મામાં વિલીન થઇને પરમગતિની પ્રાપ્તિ કરી. સ્ત્રીઓ એમની પાછળ સતી બની.

એ અંતિમ ઉલ્લેખ પરથી પુરવાર થાય છે કે એ જમાનામાં સતીની પ્રથા પ્રચલિત હતી. હવે તો સ્ત્રીઓમાં જુદી જ જાતની જાગૃતિ આવી છે અને એ પ્રથા બંધ થઇ છે. સ્ત્રીઓ સમજે છે કે મૃત્યુ નિશ્ચિત છે અને એના સંબંધમાં કોઇનું અનુસરણ કરવાનું કલ્યાણકારક નથી. પ્રેમ મરવામાં નથી પરંતુ પતિની પાછળ જીવિત રહીને પતિપ્રેમને અક્ષય રાખવામાં ને પતિની ઇચ્છા પ્રમાણે ચાલવામાં છે. એમાં ઓછું મનોબળ નથી જોઇતું. એ મનોબળ સ્તુત્ય અથવા આવકારદાયક અને અનુકરણીય છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૭] ગંગાવતરણ

સ્વનામધન્ય પરમાત્મપરાયણ પરમાત્મદર્શી પરમાત્માના કૃપાપાત્ર સંતપુરુષોની અવજ્ઞાનું પરિણામ કેટલું બધું અશુભ, પીડાજનક, ક્લેશકારક અને વિનાશક આવે છે એનું વર્ણન ભાગવતમાં અવારનવાર કરવામાં આવ્યું છે.

નવમા સ્કંધના આઠમા અધ્યાયમાં પણ એવા અમંગલ પરિણામનો નિર્દેશ કરીને ભાગવત સૂચવે છે કે સંતોનું સદાય સન્માન કરવું, બને તો એમની સંગતિ તેમજ સેવા કરવી, અને એમને સન્માની ના શકાય અથવા એમની સંગતિ કે સેવા ના થાય તો એમની ઉપેક્ષા કે નિંદા તો કદી પણ ના કરવી અને એમની સાથે કોઇ પ્રકારનો દુર્વ્યવહાર પણ ના કરવો. જ્યારે જ્યારે એ અગત્યના આદેશને ભૂલી જવામાં આવે છે ત્યારે ત્યારે વ્યક્તિની તથા સમગ્ર સૃષ્ટિની દશા ખૂબ જ દયનીય ને દુઃખી થઇ જાય છે. મહારાજા સગરના પુત્રોના સંબંધમાં પણ એવું જ બન્યું.

મહારાજા સગરે ઔર્વ ઋષિના આદેશાનુસાર અશ્વમેઘ યજ્ઞનું અનુષ્ઠાન કર્યું. એ વખતે છોડવામાં આવેલો યજ્ઞનો ઘોડો ઇન્દ્રે ચોરી લીધો. સગરના પુત્રોએ એ ઘોડાની શોધ કરવા માંડી. છેવટે એ ઘોડો એમને મહર્ષિ કપિલની પાસે બાંધેલો દેખાયો. કપિલ મુનિ એ વખતે આત્મલીન અવસ્થામાં ધ્યાનસ્થ બનીને બેઠેલા હોવા છતાં એમને ચોર માનીને એ બધાએ ના કહેવા જેવાં વચનો કહ્યાં અને મારવાની તૈયારી કરી.

સાંખ્યશાસ્ત્ર પ્રણેતા મહર્ષિ કપિલે શાંતિથી આંખ ઉઘાડી. એમને તો માનપમાન જેવું કશું હતું જ નહિ. એ ત્રિગુણાત્મિકા પ્રકૃતિના પાશમાંથી મુક્ત, પૂર્ણ, નિર્વિકાર અને પ્રશાંત હતા. પરંતુ એમનો તિરસ્કાર કરવાથી શસ્ત્રો સાથે મહર્ષિને મારવા માટે તૈયાર થયેલા સગરના પુત્રોના-ભાગવત એમની સંખ્યા સાઠ હજારની કહી બતાવે છે-શરીરમાં અગ્નિની ઘોર જ્વાળા સળગી ઊઠી અને એની અસર નીચે આવીને જોતજોતામાં તો સૌ ભસ્મિભૂત બની ગયા. એમના એ કર્મની પ્રતિક્રિયા એવી પ્રબળ અને પ્રતિકૂળ પડી. એ પ્રતિક્રિયા સહજ હતી.

મહારાજા સગરની બીજી પત્ની કેશિનીનો અસમંજસ નામે પુત્ર હતો અને એનો પુત્ર અંશુમાન, સગરની સૂચનાનુસાર એ યજ્ઞના ઘોડાને શોધવા નીકળ્યો અને આખરે મહર્ષિ કપિલની પાસે આવી પહોંચ્યો. અંશુમાને મહર્ષિ કપિલને પ્રસન્ન કરવાના શુભ હેતુથી પ્રેરાઇને એમની સ્તુતિ કરી એટલે એથી પ્રસન્ન થઇને એમણે યજ્ઞના ઘોડાને લઇ જવાનો આદેશ આપ્યો ને જણાવ્યું કે તારા ભસ્મિભૂત બનેલા પિતૃઓનું પરિત્રાણ ગંગાજળના સુધામય સ્પર્શ સિવાયના બીજા એકે ઉપાયથી નહિ થઇ શકે.

અંશુમાન એમની પરિક્રમા કરીને એ ઘોડાને લઇને ચાલી નીકળ્યો. ઘોડો આવી ગયો એટલે સગર રાજાએ શેષ રહેલી યજ્ઞક્રિયાને પૂરી કરી. એ પછી અંશુમાનને રાજ્યની ધુરા સુપ્રત કરીને એણે નિવૃત્ત પરમાત્માપરાયણ જીવન જીવવા માંડ્યું.

એવી રીતે સૌથી પ્રથમ ગંગાવતરણનું બીજ નંખાયું.

* * *

અંશુમાને ગંગાને લાવવાની કામનાથી વરસો સુધી એકધારી ઘોર તપશ્ચર્યા કરી તો પણ એને ધારેલી સફળતા ના મળી. એના પુત્ર દિલીપે પણ એવી જ તપશ્ચર્યા કરી પરંતુ એ પણ નિષ્ફળ ગઇ. એ પછી દિલીપના પરમપ્રતાપી પુત્ર ભગીરથનો વારો આવ્યો. એની તીવ્ર તાલાવેલીપૂર્વકની તપશ્ચર્યાથી પ્રસન્ન થઇને કહે છે કે ગંગાએ એને દર્શન આપ્યું ને વરદાન માગવા કહ્યું ત્યારે ભગીરથે એને મૃત્યુલોકમાં પ્રવેશવાની પ્રાર્થના કરી. ગંગાએ એની પ્રાર્થનાનો સ્વીકાર કરતાં બે મહત્વની મુશ્કેલીઓનો નિર્દેશ કર્યો. પહેલી મુશ્કેલી તો એ કે સ્વર્ગલોકમાંથી પૃથ્વીલોક પર ભયંકર વેગથી પડનારી ગંગાના પ્રવાહને ઝીલે કોણ ?

જો એની ધારાને કોઇ ઝીલે જ નહિ તો પૃથ્વીતલને તોડીને એ રસાતલમાં ચાલી જાય. બીજી મુશ્કેલ જરાક જુદી ને પૃથ્વી પર પ્રવેશ્યા પછીની હતી. પૃથ્વી પર પ્રવેશ્યા પછી પાપી લોકો ગંગામાં પોતાના પાપનું પરિમાર્જન કરે તો ગંગા એ બધા પાપ ભંડારને ક્યાં ધોવે ?

ભગીરથે એ બંને પ્રકારની મુશ્કેલીઓનો માર્ગ શોધી કાઢ્યો. એણે જણાવ્યું કે તારા પ્રબળ પ્રવાહના ભયંકર વેગને ભગવાન શંકર જરૂર ઝીલી લેશે. એમનું તો સમસ્ત જીવન લોકહિતની ઉદાત્ત ભાવનાથી ભરેલું છે. એ આપણા અલૌકિક કલ્યાણકાર્યમાં જરૂર સહયોગ આપશે. અને તું તો સ્વભાવથી જ શુદ્ધ હોવાથી ગમે તેટલા પાપીઓ તારા પવિત્ર પ્રવાહમાં સ્નાન કરશે તો પણ તને સહેજ પણ અશુદ્ધ નહિ બનાવી શકે. એમની ઉપર તારો પ્રભાવ પડશે ખરો પરંતુ તારા પર એમનો પ્રભાવ લેશ પણ નહિ પડે. અગ્નિને કદી ઊધઇ લાગે છે ? સૂર્યને અંધકાર સતાવે છે ? અમૃતને વિષની વિપરીત અસર પહોંચવાની આશંકા છે ? અને મહામણિને મેલ લાગી શકે છે ખરો ? છતાં પણ માનવાને માટે માની લઇએ કે તારા પવિત્ર પુણ્ય પ્રવાહ પર પાપીઓના સ્નાનનો પ્રભાવ પડશે તો શું મન-વચન-કર્મથી પવિત્ર, વીતરાગ, પરમાત્મપરાયણ, સંતપુરુષોના સ્નાનનો સુપ્રભાવ પણ નહિ પડે ? એમનો પ્રભાવ પેલા પાપીના પ્રતિકૂળ પ્રભાવ કરતાં અનેક ઘણો અસાધારણ અને ઉત્તમ હશે. એટલે સરવાળે કશું નુકશાન નહિ થાય.

ભગીરથે તપશ્ચર્યા દ્વારા ભગવાન શંકરને પ્રસન્ન કર્યા. લોકાનુરાગી લોકહિતૈષી ભગવાન શંકર સહેલાઇથી સ્મિતપૂર્વક કલ્યાણકાર્યને માટે તૈયાર થયા. એમણે ગંગાના પ્રબળ વેગયુક્ત પ્રવાહને પોતાની જટાની મદદથી ઝીલી લીધો. એ પછી ભગીરથ ગંગાના પુણ્યપ્રવાહને ભસ્મિભૂત થયેલા પિતૃઓના અવશેષો પાસે લઇ ગયો. એ સ્થળ સુપ્રસિદ્ધ ગંગાસાગરનું સ્થળ હતું. સગરના પુત્રોની એવી રીતે સદ્દગતિ થઇ એ તો સાચું પરંતુ સંસારને - આ પાર્થિવ પૃથ્વીને એક સર્વોત્તમ જળપ્રવાહની ભેટ મળી. એ મહામૂલ્યવાન ભેટથી જનતાનું કેટલું બધું અને કેટલી બધી રીતે કલ્યાણ થયું ? એના દર્શન, આચમન, સ્નાન અને એના તપઃપૂત પ્રશાંત પવિત્ર તટપ્રદેશ પરના નિવાસથી અથવા એના પર બંધ બાંધીને કરવામાં આવેલા એના સુસ્વાદુ સલિલના સદુપયોગથી કેટલાને સદ્દગતિ, શાંતિ તથા સમૃદ્ધિ સાંપડી એનો હિસાબ કોણ કાઢી શકે તેમ છે ? એનું તો માત્ર અનુમાન કરવાનું જ શેષ રહે છે. તો પણ એનો પ્રવાહ વિવિધ રીતે ઉપયોગી અને આશીર્વાદરૂપ થયો છે ને થઇ રહ્યો છે એમાં શંકા નથી. એનો સમજપૂર્વક સદુપયોગ કરવામાં આવે તો એ વ્યક્તિગત તથા સમષ્ટિગત રીતે સદ્દગતિ પ્રદાન કરે એ નિર્વિવાદ છે.

* * *

ભગીરથે કરેલા ગંગાવતરણની એ કથા ખરેખર રોચક છે. એ કથા ઠેરઠેર કહેવાય છે, ગવાય છે, અને આબાલવૃદ્ધ સૌ કોઇ એમાં પોતપોતાની રીતે રુચિ રાખે છે. એ કથાનો ભાવાર્થ દ્વિવિધ છે. જેમને દેવતાઓમાં શ્રદ્ધા છે તે તો ભગીરથે શ્રદ્ધા-ભક્તિયુક્ત તપશ્ચર્યા દ્વારા ગંગાને પ્રસન્ન કરીને પૃથ્વી પર પધારવા પ્રેરિત કરી એવું જ માને છે ને માનશે. એમને માટે એ ભાવાર્થ સ્પષ્ટ છે. પરંતુ એક બીજો વર્ગ અને શ્રદ્ધા-ભક્તિયુક્ત ભક્તોનો કે વિદ્વાનોનો વર્ગ પણ છે જે એ કથાનો જરાક જુદો ભાવાર્થ તારવી બતાવે છે. એમનો એ ભાવાર્થ ઉપેક્ષા કરવા જેવો નથી લાગતો. એ વર્ગ કહે છે કે રાજા સગરના પુત્ર અંશુમાનના સમયથી સ્વર્ગમાં વહેતા ગંગાના પવિત્રતમ પ્રવાહને મૃત્યુલોકમાં કે પાર્થિવ પૃથ્વીમાં લાવવાનો જે મહાપ્રયત્ન થયેલો તે મહાપ્રયત્નની પાછળ ભારતની તત્કાલીન ઇજનેરી વિદ્યા જ કામ કરી રહેલી. અંશુમાન અને દિલીપને એ વિદ્યાપ્રયોગમાં સફળતા ના મળી પરંતુ ભગીરથ નિશ્ચયવાળો ભગીરથ એમાં સંપૂર્ણપણે સફળ થયો. ભગીરથ એ જમાનાનો એક અસાધારણ યોગ્યતાસંપન્ન ઇજનેર હતો. એણે ઇજનેરી વિદ્યાના સફળ પ્રયોગથી સ્વર્ગમાં વહેનારી સુરગંગાના પુનિત પ્રવાહ પર ભારે કુશળતાપૂર્વક બંધ બાંધ્યો. હિમાલયની કુદરતે કરેલી ઉત્તુંગ પર્વતમાળાઓને લીધે સુરસરીના એ પુણ્યપ્રવાહને પલટાવીને પાર્થિવ પૃથ્વી પર પહોંચવાનું કાર્ય સહેજ સરળ હતું તો પણ એમાં એક મોટી મુશ્કેલી હતી અને એ ભગવાન શંકરને પ્રસન્ન કરવાની. સ્વર્ગની સુરમ્ય પ્રદેશમાંથી ગંગાના પવિત્ર પ્રવાહને નીચે લાવવો હોય તો એ પ્રવાહ કૈલાસની પાસેના પ્રદેશમાંથી પસાર થાય એટલે એવા ઇજનેરી મહાકાર્યને માટે એ પ્રદેશના અધીશ્વર ભગવાન શંકરની સંમતિ પણ મેળવી લીધી એટલે એનું કાર્ય સહેલું થયું. લોકકલ્યાણની ઉદાત્ત ભાવનાવાળા શંકરે એવી સંમતિ આપી દીધી. બીજી મુશ્કેલી કાંઇ બહુ મોટી ન હતી. કેટલાક લોકો પ્રવાહને દૂષિત કરે તો કેટલાક વિભૂષિત પણ કરે. સંસારમાં એવો ક્રમ તો ચાલ્યા જ કરવાનો.

☼ ☼ ☼ ☼ ☼

## [૮] રામાવતાર

ભાગવતમાં જુદા જુદા સમયે વિશ્વના સાર્વત્રિક હિતને માટે થયેલા ભગવાનના લીલાવતારોનું જે ક્રમિક વર્ણન આવે છે તેમાં રામાવતારના વર્ણનથી એકનો ચિરસ્મરણીય નોંધપાત્ર ઉમેરો થાય છે. ભગવાનના અનેકવિધ અવતારોમાં રામ અને કૃષ્ણ પોતાનું મહત્વનું સ્થાન ધરાવે છે. એમની અલૌકિક જીવનલીલા જનસમાજને સૌથી વધારે સ્પર્શી છે, પ્રિય લાગી છે, અને જનસમાજે એમાંથી વધારે ને વધારે પ્રેરણાની પ્રાપ્તિ કરી છે. એ બંને અસાધારણ અવતારોને માટે જનતાના અંતરમાં અસાધારણ આદરભાવ રહ્યો છે. એ અનંત આદરભાવની અનુરાગપૂર્ણ અભિવ્યક્તિ કરતાં માનવે એમને માટે સુંદર સુસમૃદ્ધ સાહિત્યનું સર્જન કર્યું છે, ચિત્રો તૈયાર કર્યા છે, શિલ્પકળામાં એમના જીવન પ્રસંગોને અમર બનાવ્યા છે, અને એથી યે આગળ વધીને મંદિરોનું પણ નિર્માણ કર્યું છે. રામ તથા કૃષ્ણ જનતાના જીવન સાથે જડાઇ ગયા છે અને જનતાએ એમના પ્રત્યે સૌથી વધારે પૂજ્યભાવ દર્શાવ્યો છે એવું કહેવામાં કશું ખોટું નથી અથવા કશી અતિશયોક્તિ પણ નથી થતી.

રામના જીવનમાંથી જેટલો પણ જીવનોપયોગી સંદેશ ગ્રહણ કરી શકાય તેટલો લાભકારક છે. એને જેટલા પ્રમાણમાં જીવન સુગ્રંથિત કરી કે ઉતારી શકાય તેટલા પ્રમાણમાં જીવન જ્યોતિર્મય બને તેમ છે. એમના જીવનનો વિચાર એ દૃષ્ટિએ કરવાનો છે - જીવનને આદર્શ જીવન બનાવવાની દૃષ્ટિએ. એ દૃષ્ટિ આપણે ત્યાં મોટે ભાગે ભુલાઇ ગઇ છે. એ હકીકતનો સ્વીકાર સખેદ કરવો પડે છે.

રામના જીવનની અપનાવવા યોગ્ય કેટલીક મહત્વની વિશેષતાઓમાં સૌથી પહેલી ઉલ્લેખનીય વિશેષતા એમની સત્ય પ્રત્યેની પ્રીતિ તથા નિષ્ઠાને કહી શકાય. મહર્ષિ પતંજલિ પોતાના પ્રસિદ્ધ યોગદર્શનમાં કહે છે તેમ સત્યનું પાલન એ કોઇ પણ પ્રકારની બાંધછોડ વિના, સર્વ સ્થળે અને સઘળા સંજોગોમાં એક મહાવ્રત તરીકે કરતા. '**रघुकुळरीति सदा चली आइ, प्रान जाइ अरु बचन न जाइ**'ની ઉક્તિ એમના જીવનમાં સાકાર બની ગયેલી. એટલા માટે એ સત્યપાલનના પ્રયોજનથી પ્રેરાઇને વનમાં જવા તૈયાર થયા. ઇતિહાસે પિતાને કેદ કરી, કારાવાસમાં ધકેલી કે મારી નાખીને રાજસિંહાસન પર બેસનારા ને સત્તાના સૂત્રોને હસ્તગત કરનારા સત્તાલોલુપ સ્વાર્થી રાજપુત્રોને જોયા છે. પરંતુ રામ જેવાં નિઃસ્વાર્થ લાલસારહિત પુરુષોનું વર્ણન જવલ્લે જ કર્યું છે. એ સત્યનિષ્ઠા તથા સત્યપાલન પાછળ રામનો માતાપિતા પ્રત્યેનો પ્રખર પ્રેમ તો હતો જ પરંતુ એની સાથે સાથે સમસ્ત પરિવાર પ્રત્યેનો પ્રેમ હતો. એ પ્રેમને લીધે જ એ એટલો ત્યાગ કરી શક્યા. સીતા તથા લક્ષ્મણે પ્રત્યક્ષ રીતે અને કૌશલ્યા, સુમિત્રા તથા ઉર્મિલાએ પડદા પાછળ રહીને પરોક્ષ રીતે એમાં સહયોગ કર્યો.

રામ વનમાં ગયા એની સાથે પ્રજાના પ્રાણ પણ જાણે કે ચાલી નીકળ્યા. ભાવભક્તિથી પ્રેરાઇને એ રામને પાછા લાવવા સૌની સાથે ચિત્રકૂટ ગયા અને એ છતાં પણ રામ પાછા ના આવ્યા ત્યારે નંદીગ્રામમાં તપશ્ચર્યા કરતાં રહેવા લાગ્યા.

રામની બીજી વિશેષતા એમની સમાજસેવાની ભાવના અને સમાજના સાધારણ સ્તરના કહેવાતા જીવો પ્રત્યેની સ્નેહવૃત્તિ હતી. એથી પ્રેરાઇને એમણે નાની ઉંમરમાં જ વિશ્વામિત્ર મુનિના યજ્ઞની રાક્ષસોથી

રક્ષા કરી અને જીવનપર્યંત અનીતિ, અધર્મ, અન્યાય અથવા અનાચારની સેનાવાળી આસુરી સંપત્તિ સામે મોરચા માંડ્યા. એમનું સમગ્ર જીવન એવા મજબુત મનોબળ સાથેના મોરચાઓનું જ જીવન છે. એમાં એમણે સંપૂર્ણ સફળતા મેળવી. એમની એ સમાજ સેવાભાવના તત્કાલીન સમાજને માટે અમૂલખ આશીર્વાદરૂપ અને અવનવીન ઇતિહાસનું સર્જન કરનારી થઇ પડી. એમની સર્વવ્યાપક સ્નેહવૃત્તિએ નિષાદરાજની, વાનરોની, સુગ્રીવ તથા હનુમાનની અને અંગદ તેમજ વિભીષણ જેવાની મૈત્રી બાંધી અને એમના સંયુક્ત સહકારથી રાવણનો નાશ કરીને સીતાને પાછી મેળવી. સત્તાલાલસાનો અંશ પણ એમનામાં ના હોવાથી એમણે લંકાના સર્વસત્તાધીશ બનવાને બદલે લંકાનું શાસન ભક્ત વિભીષણને સોંપ્યું. એ પહેલાં વાલિનો નાશ કરીને કિષ્કિંધાનું સુસમૃદ્ધ સામ્રાજ્ય પણ પોતે ભોગવવાને બદલે સુગ્રીવને સોંપેલું.

ભગવાન રામની જન્મજાત, સ્વભાવગત પવિત્રતા તથા ઋષિમુનિની પૂજ્યભાવના વિશે તો કહેવાનું જ શું હોય ? એ પવિત્રતા એમના જીવનમાં કાયમને માટે જડાઇ ગયેલી. એને લીધે એ ભાતભાતનાં પ્રલોભનોના ને ભયસ્થાનોની વચ્ચે પણ અડગ અને અલિપ્ત રહી શક્યા. પંચવટીમાં આવેલી શૂર્પણખાની સંમોહિનીની અસર પણ એમની ઉપર ના થઇ. અને એમના ઋષિમુનિના સત્સંગ પ્રસંગો તો રામાયણમાં ઠેરઠેર જોવા મળે છે. એ જમાનાના સર્વશ્રેષ્ઠ સુપ્રસિદ્ધ સંતોનો સંપર્ક સાધીને એમના સ્વાનુભવસિદ્ધ સદ્ુપદેશને સાંભળીને એમણે સામાન્ય જનસમૂહની આગળ એક આદર્શ, અસાધારણ અનુકરણીય ઉદાહરણ પૂરું પાડ્યું છે. વિભિન્ન પ્રકારનાં કર્મોમાં રત રહેવા છતાં પણ એમનો અલૌકિક અંતરાત્મા એવી પવિત્ર પ્રવૃત્તિના ને બીજી સાધનાના પ્રભાવથી સંસારની કાલિમાથી સદા મુક્ત રહ્યો ને ક્યાંય કોઇયે કારણે આસક્ત ના થઇ શક્યો.

રામ સર્વે સદ્દગુણોના સમુચ્ચય, નીતિની મર્યાદામાં રહેનારા ને મધુરતાની મૂર્તિ હતા. વર્તમાનકાળની પ્રજાએ એવી રીતે એમના જીવનમાંથી ઘણું ઘણું શીખવા અને ગ્રહણ કરવા જેવું છે. એ એક આદર્શ એકપત્નીવ્રતધારી સ્વામી, આદર્શ સખા, રામરાજ્યના વિધાયક આદર્શ રાજા, આદર્શ પુત્ર, ભ્રાતા અને આદર્શ લોકસેવક હતા. એમના જીવનમાં નીતિના પાલનનો પરિપૂર્ણ પ્રામાણિક પ્રતિઘોષ પડેલો. કેટલાક માણસો માને છે કે એમણે આ પાર્થિવ પૃથ્વી પર પ્રકટીને મોટે ભાગે દુઃખ જ દુઃખ ભોગવ્યું ને પ્રતિકૂળ પરિસ્થિતિમાં શ્વાસ લઇને જુદાં જુદાં કષ્ટો સહન કર્યા એટલે એમનું જીવન પરિતાપ, પીડા, ક્લેશ, અસ્વસ્થતા અને અશાંતિનું જીવન હતું. એમને સુખ ના મળ્યું અને મળ્યું તો પ્રમાણમાં અત્યંત ઓછું. એવાં માણસો ભૂલી જાય છે કે એમણે ક્યાંય બહારથી સુખ નહોતું મેળવવાનું. એ સ્વયં સુખસ્વરૂપ હતા. સુખનો આસ્વાદ એમને એમની અંદરથી જ મળ્યા કરતો. એમનું જીવન પરિતાપ, પીડા, ક્લેશ, અસ્વસ્થતા અને અશાંતિનું જીવન હતું એવું માનવું ને મનાવવું તદ્દન ખોટું છે. પ્રતિકૂળ પરિસ્થિતિમાં ને બાહ્ય દુઃખની ક્ષણોમાં પણ એ સદા શાંત, સ્વસ્થ, સંયમી તથા સુખી રહ્યા છે ને પ્રસન્નતાપૂર્વક, જરા પણ ડર્યા, ડગ્યા કે ગભરાયા વગર આગળ વધ્યા છે. પ્રતિકૂળતાઓ અને આપત્તિઓમાંથી પણ સંપૂર્ણ સ્વસ્થ રહીને કેમ આગળ વધવું એ એમના જીવનમાંથી શીખવા મળે છે. એમનું આખુંય જીવન ધર્માચરણ અને સત્યપાલનની પ્રીતિથી પ્રેરાઇને જીવાયેલું આદર્શ જીવન હોવાથી અને એની આગળ નિશ્ચિત આદર્શ હોવાથી એ દ્વારા એમને અસાધારણ આત્મિક અનુભવ થયા કરતો.

* * *

રામના જીવનમાં અહલ્યાના ઉદ્ધારની કથા આલેખાયેલી છે. એ કથા ખૂબ જ રોચક તેમજ પ્રેરક છે. કહે છે કે શિલા બનેલી અહલ્યા પર ભગવાન રામનાં ચરણ પડ્યાં. એ ચારુ ચરણનો સુધામય સ્પર્શ થવાથી શિલા પાછી અહલ્યામાં પલટાઇ ગઇ. કથાનો સારસંદેશ સ્પષ્ટ છે. પ્રત્યેક આત્મા એમ મૂળભુત રીતે અલૌકિક, સચ્ચિદાનંદ સ્વરૂપ અથવા અદ્દભુત આહ્લાદથી અલંકૃત હોવા છતાં કોઇક કારણે શિલાસમાન જડ, નિશ્ચેતન અને આહ્લાદરહિત બની ગયો છે. એણે પોતાની સ્વાભાવિક શાંતિ ને સહજ સુખાનુભૂતિને ખોઇ નાખી છે. એ પોતાના મૂળભુત સચ્ચિદાનંદ સ્વરૂપને ભૂલી ગયો હોવાથી એના જીવનમાં વિષાદ છે. એ વિષાદ, જડતા, નિશ્ચેતનતા અથવા આહ્લાદરહિત અવસ્થાનો અંત કેવી રીતે આવે અને જીવન શી રીતે મહોત્સવમય બની શકે ? આત્માને પરમાત્માના પરમ પવિત્ર સંસ્પર્શનો લાભ મળવાથી. જીવન જો પરમાત્માના પ્રેમભાવથી ઝંકૃત બની જાય અને પરમાત્માના અનુગ્રહરૂપી અમૃતથી અભિષિક્ત થાય તો એની કાયમી કાયાપલટ થઇ જાય. શિલા જેવું જડ જીવન અહલ્યામાં-અલૌકિક આહ્લાદમાં પરિવર્તન પામીને અવનવું બની જાય.

સીતાનું વ્યક્તિત્વ પણ એવો જ સંદેશ પ્રદાન કરે છે. સીતાને રામને માટે કેટલો બધો પાર વિનાનો પ્રેમ હતો ! જીવને શિવને માટે એવો જ પ્રબળ પ્રેમ જોઇએ. સીતા પરા પ્રકૃતિ અથવા જીવ છે અને રામ પરમ પુરુષ, પરમાત્મા કે શિવનું પ્રતીક છે. એ બંને સદાને માટે અલગ નથી રહી શક્તા. જીવને શિવ માટે સીતાના પ્રેમ જેવો જ પ્રેમ જોઇએ. એવો પ્રેમ પ્રકટે તો રામ દૂર ના રહી શકે. જીવને શિવનો સાક્ષાત્કાર, શિવનો સુખશાંતિપ્રદાયક સમાગમ જરૂર થાય.

* * *

રામચરિત્રમાં એક અન્ય અગત્યનો સંદેશ પણ સમાયલો છે. એ સંદેશ ભૌતિક છે. રામે સમુદ્રને પાર કરવા માટે નલ ને નીલની મદદથી એની ઉપર સુદૃઢ સેતુ બનાવ્યો એ શું સૂચવે છે ? રામનો કાળ કૃષ્ણના કાળ કરતાં જૂનો છે. એ કાળમાં ભારતની પ્રજા સેતુ નિર્માણ જેવાં કાર્યોને સફળતાપૂર્વક કરી શકતી એનો પુરાવો એ સુંદર પ્રસંગ પરથી સહેજે મળી રહે છે. એ વખતની ભૌતિક સમૃદ્ધિ કે જાહોજલાલી જેવી જાહોજલાલી તો અત્યારે પણ એટલા બધા પ્રમાણમાં જોવા નહિ મળે. એના એક નાના સરખા નમૂનારૂપે ભાગવતના નવમા સ્કંધના અગિયારમાં અધ્યાયના એકત્રીસથી ચોત્રીસમા શ્લોક સુધી કરાયેલું રામના રાજપ્રસાદોનું વર્ણન જોઇએ. આ રહ્યો એ શ્લોકોનો ભાવાર્થ :

'રામના રાજપ્રાસાદો પૂર્વવર્તી રાજાઓ દ્વારા સેવાયલા ને અતિશય સુંદર હતા. એમાં કદી પણ ખૂટે નહિ એવા ખજાના કે ધનભંડાર ભરેલા. એ બીજી પણ બહુમુલ્ય સામગ્રીથી સંપન્ન હતા. એમનાં દ્વાર મૂંગાનાં બનેલાં ને એમના થાંભલા વૈદૂર્યમણિના બનાવેલા. એમાં મરકતમણિની આકર્ષક ઓસરી અને સ્ફટિકમણિની દીવાલો હતી. એ રાજપ્રાસાદો રંગબેરંગી માળાઓ, ધજાઓ, મણિની જ્યોતિઓ, મોતીઓ, સુંદર સુખોપભોગની સર્વોત્તમ સામગ્રીઓ અને અલંકારોથી અલંકૃત કરવામાં આવેલા. દેવતા સમાન, ભૂષણોને પણ ભૂષિત કરનારાં સ્ત્રી-પુરુષો ત્યાં રહીને સેવા કરતાં.'

☼ ☼ ☼ ☼ ☼

## [૯] યયાતિના ઉદ્દગારો

રામચરિત્રના વર્ણન પછી ભાગવતમાં ઇક્ષ્વાકુ વંશના બીજા રાજાઓનું, રાજા નિમિના વંશનું, ચંદ્રવંશનું અને એમાં ખાસ કરીને રાજા પુરૂરવાનું અને ઉર્વશીનું વર્ણન શરૂ થાય છે. વિષયાસક્ત પુરુષો કેવા પરાધીન અથવા પામર અને વિષયાસક્ત બને છે ને પીડા પામે છે તેનું ભાન એ વર્ણન પરથી સહેલાઇથી થઇ રહે છે. એ પછી રાજા યયાતિના જીવનપ્રસંગનું વર્ણન આવે છે. એ વર્ણન પણ અનેક રીતે રોચક અને બોધક છે. રાજા યયાતિએ વૃદ્ધાવસ્થાની પ્રાપ્તિ પછી પણ દીર્ઘકાળથી ભોગવેલા વિષયભોગોમાંથી મનને પાછું વાળવાને બદલે ભોગવાસનાથી પ્રેરાઇને પોતાના પુત્ર પૂરૂનું યૌવન લીધું અને એને પોતાની વૃદ્ધાવસ્થા અર્પણ કરી. દેવયાનીની સાથે એ પછી પાછા અનેકવિધ ભોગોને ભોગવ્યા પછી પણ એને તૃપ્તિ ના થઇ ત્યારે વિષયો પરથી વૈરાગ્ય થયો.

यत् पृथिव्यां व्रीहियवं हिरण्यं पशवः स्त्रियः।
न दुह्यंति मनःप्रीतिं पुंसः कामहतस्य ते ॥
न जातु कामः कामानामुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते ॥

'આ પૃથ્વીમાં જેટલું પણ ધાન્ય, સુવર્ણ તથા પશુધન ને સ્ત્રીધન છે એ બધું એકઠું થઇને પણ કામનાઓથી મરાયેલા માનવના મનને સંપૂર્ણ સંતોષ નથી આપી શક્તું.'

'કામવાસનાની શાંતિ વિષયોના સેવનથી કદી પણ નથી થઇ શક્તી. કામવાસના ઘીની આહુતિ આપવાથી અગ્નિની જ્વાળા વધારે બળવાન બને છે તેમ ભોગથી વધારે બળવાન બને છે.'

'માનવ જ્યારે કોઇની પ્રત્યે અશુભ ભાવના નથી રાખતો અને રાગદ્વેષથી મુક્તિ મેળવીને સમદર્શી બની જાય છે ત્યારે એને માટે સઘળી દિશાઓ, સમસ્ત સંસાર સુખમય બને છે કે કલ્યાણકારક થાય છે.'

યયાતિએ એવું સમજીને પૂરૂનું યૌવન એને પાછું આપ્યું. એને આપેલી પોતાની વૃદ્ધાવસ્થા પાછી લઇ લીધી. એના મનમાંથી વિષયવાસનાનો સંપૂર્ણપણે નાશ થયો. એને પૂરૂને સર્વ પ્રકારે સુયોગ્ય સમજીને સમૃદ્ધ સામ્રાજ્યનો સ્વામી બનાવ્યો ને પોતે વનાગમન કર્યું. વનમાં વસીને એણે નાની મોટી બધી જ મમતાઓ અને આસક્તિઓને તિલાંજલિ આપી. આત્મસાક્ષાત્કારના પરિણામે એનું ત્રિગુણાત્મક લિંગશરીર નાશ પામ્યું. મોટા મોટા પરમાત્મપ્રેમી ભક્તો તથા સંતોને સાંપડનારી પરમભાગવતી ગતિની એણે માયાની મલિનતાથી રહિત ભગવાન વાસુદેવમાં મળીને પ્રાપ્તિ કરી.

* * *

દેવયાની પણ આત્મોન્નતિની દિશામાં કાંઇ પાછળ પડે તેવી ન હતી. એણે પણ ભગવાનનું શરણ લઇને ભોગમાત્રમાંથી મનને પાછું વાળીને જીવનને સાર્થક કર્યું. શુકદેવજી એની સાર્થકતાને વર્ણવતાં કહી બતાવે છે :

'દેવયાનીએ પણ ભોગમાત્રને સ્વપ્ન સમાન મિથ્યા માનીને ભગવાન કૃષ્ણમાં મનને પ્રવિષ્ટ તથા લીન કરીને લિંગ શરીરનો ત્યાગ કરીને પરમાત્માની પ્રાપ્તિ કરી.'

ભોગાસક્ત જીવોએ યયાતિના જીવનમાંથી પદાર્થપાઠ શીખવાનો છે ને સમજવાનું છે કે ભોગોની શાંતિ નથી મળી શક્તી. એ ઉપરાંત એ પણ યાદ રાખવાનું છે કે ભોગોની અસારતાને સમજવાથી જ કાંઇ જીવન સફળ નહિ થઇ શકે. સમજનારા તો ઘણા છે છતાં પણ એમને શાંતિ તથા સંતુષ્ટિ નથી થતી. ભોગોની અસારતાને સમજવાની સાથે સાથે એમાંથી મનને પાછું વાળી લેવાનું છે ને ભોગોનો ત્યાગ કરતાં શીખવાનું છે. યયાતિને થયે વરસો વીતી ગયાં છે તો પણ માનવજાતિએ મોટા ભાગે એના સ્વાનુભવપૂર્ણ સંદેશને ઝીલ્યો હોય તેવું નથી લાગતું.

☼ ☼ ☼ ☼ ☼

## [૧૦] દુષ્યંતનો પ્રસંગ

નવમા સ્કંધના વીસમા અધ્યાયમાં દુષ્યંત અને શકુંતલાના પ્રસંગને વર્ણવવામાં આવ્યો છે. એ પ્રસંગ જનતામાં સુપ્રસિદ્ધ હોવાથી એનું વિસ્તૃત વર્ણન ઉચિત નથી લાગતું. એ પ્રસંગના બે-ત્રણ મહત્વના મુદ્દાઓ પ્રત્યે અંગુલિનિર્દેશ કરીને જ આપણે સંતોષ માનીશું. પ્રથમ મુદ્દો તો એ છે કે કણ્વ મુનિના આશ્રમમાં સૌન્દર્યવતી શકુંતલાને જોઇને એના પ્રત્યે આકર્ષાવા છતાં પણ દુષ્યંતે એની સાથે કોઇ પ્રકારની શરીર છૂટ ત્યાં સુધી નથી લીધી જ્યાં સુધી એણે શકુંતલાની સંમતિથી એની સાથે ગાંધર્વવિધિને અનુસરીને લગ્ન નથી કર્યું. લગ્ન પહેલાં જ ભિન્નભિન્ન શારીરિક છૂટછાટો લેનારાં, પતિપત્ની બની જનારાં, અને કોઇક કારણે એટલા બધા ગાઢ સંબંધ પછી કશું જ ના બન્યું હોય એમ સદાને માટે છૂટાં પડી જનારાં, બીજી વ્યક્તિઓની સાથે પ્રેમ, અંતરના અવાજ અથવા મુક્ત જીવન, સુધારણા તથા સંસ્કારિતાના નામે ફરી પાછા એવા જ સંબંધ બાંધનારા, પ્રયોગો કરનારાં ને કેટલીક વાર વિધિપૂર્વકના વિવાહ પછી પણ એની પવિત્રતાને કે ગંભીરતાને સમજ્યા સિવાય બીજાની સાથેના જાતીય સંબંધોને ચાલુ રાખનારાં સ્ત્રીપુરુષોએ એ હકીકતને ખાસ યાદ રાખવાની છે. એવા જાતીય સંબંધો ચંચળ, અનૈતિક, પ્રેમ નહિ પરંતુ વિલાસિતાના નમૂનારૂપ, અસભ્ય, પશુવૃત્તિના પરિચાયક, તન ને મનની શક્તિઓનો નાશ કરનારા અને સામાજિક સલામતી તથા હિતને માટે હાનિકારક છે. એમને આપણે અનુમોદન ના આપી શકીએ. માનવની વાસનાવૃત્તિએ એકદમ અમર્યાદ અને અંકુશરહિત બનવાને બદલે પોતાના ને સમાજના હિતને માટે, સામાજિક સુખાકારી તથા સલામતી માટે કેટલાંક સર્વસંમત સ્વૈચ્છિક નિયમનોને તો સ્વીકારવા જ જોઇએ. માનવની ને માનવસમાજની શિક્ષા, શીલવૃત્તિ, સંસ્કારિતા, સભ્યતા તેમ જ સુધારણાની શોભા એમાં જ છે. નહિ તો પછી સભ્ય ને અસભ્ય માનવમાં, માનવમાં ને માનવરૂપ પશુમાં ફેર શો ?

બીજો મુદ્દો જરા જુદો છે અને તે એ કે દુષ્યંત અને શકુંતલાનો વિવાહ એમની પારસ્પરિક પ્રીતિ તથા સંમતિથી થયો છે. એ હકીકત સૂચવે છે કે એ જમાનામાં કન્યાઓ પોતાના પતિની પસંદગી માટે સ્વતંત્ર હતી. સ્વયંવરની પ્રથા પણ એ જ સ્વતંત્રતાનો પડઘો પાડતી.

ત્રીજો મુદ્દો પણ વિચારવા જેવો છે. દુષ્યંતે શકુંતલાની સાથે ગાંધર્વવિવાહ કર્યો એ વાતનો વિરોધ મહર્ષિ કણ્વે કે કોઇયે નથી કર્યો. પાછળથી પણ કોઇએ એમની આલોચના કે નિંદા નથી કરી. એ તત્કાલીન સમાજની લગ્નવિષયક વિશાળતા બતાવે છે. બીજો કોઇ સામાન્ય પાલક પિતા હોત તો શકુંતલાને એટલી બધી સ્વતંત્ર રીતે વર્તવા માટે ઠપકો આપત અથવા દંડ કરત. પરંતુ કણ્વ ઋષિ સાચેસાચ ઋષિ હતા એવું એમના વ્યક્તિત્વ પરથી સાબિત થાય છે.

દુષ્યંતના પરમપ્રતાપી પુત્ર ભરતના શૈશવાવસ્થાના પ્રતાપનો પરિચય કરાવતાં ભાગવતકાર કહે છે કે : **बद्दध्वा मृगेन्द्रांस्तरसा क्रीडित स्म स बालकः ।** (અધ્યાય ૨૦, શ્લોક ૧૮ ઉત્તરાર્ધ) અર્થાત્ એ બાળક બાલ્યાવસ્થામાં જ એટલો બધો બળવાન અને ભયરહિત હતો કે શક્તિશાળી સિંહોને બાંધીને એમની સાથે જુદી જુદી ક્રીડાઓ કરતો રહતો. એ ભગવાનનો અંશાવતાર હોય એમ અસીમ શક્તિથી સંપન્ન હતો.

☼ ☼ ☼ ☼ ☼

## [૧૧] રાજા રંતિદેવની ભાવના

નવમા સ્કંધના એકવીસમા અધ્યાયમાં રાજા રંતિદેવના પરદુઃખભંજન પરહિતપ્રેરક જીવનનો એક નાનો સરખો પ્રસંગ આપવામાં આવ્યો છે. એ પુણ્યપ્રસંગ પ્રમાણમાં ઘણો નાનો હોવાં છતાં મહત્વની દૃષ્ટિએ ઘણો મોટો છે. આજે પણ એ એટલો જ આહ્લાદક, આદર્શ અને પ્રેરક છે.

એ પ્રસંગ દીન, દુઃખી, અશાંત અને અભાવગ્રસ્ત મનુષ્યો પ્રત્યે સહાનુભૂતિ ને સંવેદના જગાવીને એમને માટે કાંઇક કરી છૂટવાનો સંદેશ પૂરો પાડે છે. એવી રીતે વ્યક્તિગત હોવાં છતાં સામાજિક મહત્વ ધરાવે છે. એ પુણ્યપ્રસંગની ભાગવતમાં વર્ણવેલી વિગત આ રહી : સંસ્કૃતિના સુપુત્ર રંતિદેવ પવિત્ર જીવન જીવવાવાળા સાત્વિક સ્વભાવના સત્પુરુષ હતા. પ્રજા પ્રત્યે એમને અપાર પ્રેમ હોવાથી એ પ્રજાના હિતના કાર્યોનું અખંડ અનુષ્ઠાન કરતા રહેતા. રાજ્યના ખજાનાને રાજ્યનો સમજીને એનો વ્યક્તિગત સુખોપભોગને માટે ઉપયોગ કરવાને બદલે દૈવવશ જે મળે તેના પર પોતાનો ને પોતાના પરિવારનો નિર્વાહ કરતા. એમની અપરિગ્રહવૃત્તિ અને એ વૃત્તિની સાધના અસાધારણ હતી. નિર્મમતા, નિરાભિમાનીતા, નિઃસ્વાર્થતા ને નિર્મળતાનો તો એ અવતાર જ હતા. એમના અંતરમાં આસક્તિનો અંકુર ઉત્પન્ન જ થતો નહોતો, પછી એનો અંત આણવાનો પ્રશ્ન જ ક્યાંથી પેદા થાય ? એમના નિયમોને લીધે કેટલાકવાર એમને પ્રતિકૂળતા અથવા પીડાનો સામનો કરવો પડતો તો પણ એવો સામનો સ્મિતપૂર્વક કરવાની અસાધારણ આત્મશક્તિથી એ સંપન્ન હતા. એમની લોકોત્તર યોગ્યતાને જોઇને લોકો આશ્ચર્યમાં પડતા, અને એમના પ્રત્યે અનેરો આદરભાવ ધરાવતા.

એકવાર રાજ્યમાં દુષ્કાળ જેવી પરિસ્થિતિ પેદા થવાથી એમને અડતાલીસ દિવસનું અનશન કરવું પડ્યું. ઓગણચાલીસમા દિવસે એમને ખીર, ઘી, શીરા તથા પાણીની પ્રાપ્તિ થઇ. એથી પ્રસન્ન થઇને પોતાના ક્ષુધાર્ત પરિવાર સાથે એમણે ભોજનની તૈયારી કરી ત્યાં જ એક બ્રાહ્મણ-અતિથિએ આવીને ભોજનની યાચના કરી. સૌની અંદર પરમકૃપાળુ પરમાત્માનું દર્શન કરવા ટેવાયેલા રંતિદેવે એ અતિથિને પરમાત્મસ્વરૂપ સમજીને ખૂબ જ પ્રેમથી ભોજન કરાવ્યું. બાકીના ભોજનને અંદર અંદર વહેંચીને એમણે ભોજનની તૈયારી કરી ત્યાં તો બીજો શુદ્ર-અતિથિ આવી પહોંચ્યો. રંતિદેવે એને પણ ભોજન કરાવીને પ્રસન્ન કર્યો. એ પછી કુતરાઓને લઇને ત્રીજો અતિથિ આવ્યો. એમની અંદર પણ પરમાત્માનું દર્શન કરીને બાકીનું બધું જ ભોજન એમણે એની માગણીથી એને આપી દીધું. એ પછી કેવળ પાણી શેષ રહ્યું. એ પણ એક જણને પીવા જેટલું શેષ રહેલું. એને પીને એ પરિવાર સાથે તૃષાને છીપાવે તે પહેલાં તો ત્યાં એક ચાંડાલ આવી પહોંચ્યો ને પાણી માંગવા માંડ્યો. રંતિદેવે એની અંદર ભગવાનના સ્વરૂપની ઝાંખી કરીને એને પાણી આપી દીધું. એવી રીતે બીજાને અન્ન ને જળ આપવાનું કાર્ય કાંઇ સહેલું નહોતું, ખાસ કરીને એ પરિસ્થિતિમાં જ્યારે એમને ખાવા પીવા જેટલું માંડ મળેલું અને એ પણ અનેક દિવસોના અનશન પછી. માણસોની પાસે જરૂર કરતાં વધારે ભરચક ભોજન હોય છે તો પણ એમાંથી એક અલ્પ જેટલો અંશ પણ બીજાને નથી આપી શક્તા. ભોગવતા નથી ને ભોગવવા દેતા પણ નથી. તો પછી એવી અછતની પરિસ્થિતિમાં તો એ બીજાને મદદરૂપ થવાનો વિચાર જ કેવી રીતે કરી શકે ? રંતિદેવની દૃષ્ટિ દૈવી હતી. આજની પ્રચલિત ભાષામાં

કહેવું હોય તો કહી શકાય કે એ સમાજવાદની સાચી ભાવનાથી ભરપુર હતા. એમને સાચા અર્થમાં ન્યાય કરવા માટે ભારતની પ્રાચીન, વધારે ઊંચી ભાષામાં કહી શકાય કે એ આત્મભાવથી અલંકૃત હતા. સમાજવાદની ભાવના કરતાં આત્મભાવનું સ્થાન આગળ પડતું છે.

રાજા રંતિદેવના જીવનમાં જાણે કે એને પ્રતિઘોષ પાડેલો.

કોઇને એવો સવાલ થવાનો સંભવ છે કે રંતિદેવે અતિથિઓને આત્મભાવથી પ્રેરાઇને પોતાનો ભોજનભાગ પણ આપી દીધો એ તો સમજાય એવું છે પરંતુ એથી આગળ વધીને બીજા બધાનો ભોજન ભાગ પણ એમને વારાફરતી આપી દીધો. એ શું ઉચિત હતું ? એમાં ક્રૂરતા અથવા અવ્યવહારિકતા નથી લાગતી ? આપણે કહીશું કે ના. અતિથિ સેવાનું મહત્વ રંતિદેવની જેમ એનાં સ્વજનો પણ સમજેલા. એ પણ અતિથિ માટે સસ્મિત સમર્પણ કરવામાં માનતા હતાં. એટલે તો એમણે કોઇ જાતનો વિરોધ ના કર્યો ને રંતિદેવને સર્વ પ્રકારે સહયોગ આપ્યો.

* * *

રંતિદેવની પાસે આવેલા અતિથિ ભગવાનની માયાનાં જુદા જુદાં રૂપો જેવા હતા. એમની સેવાભાવનાની પરીક્ષા પૂરી થઇ એટલે એમની આગળ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ પ્રકટ થયા. રંતિદેવે એમને પ્રણામ કર્યા. એમણે એમનાં સ્વજનો સાથે મનને પૂર્ણપણે માયારહિત કરીને પરમાત્મામાં જોડી દીધું.

રંતિદેવની કથા પરાર્થે પોતાને ઘસી નાખવાની, સર્વસમર્પણ કરવાની કથા-કલ્યાણ કથા છે. એટલુ બધું સર્વસમર્પણ સામાન્ય માનવથી ના થાય તો પણ એમાંથી પ્રેરણા મેળવીને માણસે બીજાને માટે જીવતાં, મરતાં ને બીજાની સેવા કરતાં શીખવાનું છે. પોતાને માટે તો પશુ પણ જીવે છે. એ પણ પોતાને માટે જ જીવે તો એનામાં ને પશુમાં ફેર શો ? બીજાને બનતી બધી રીતે મદદ કરવાનું એનું કર્તવ્ય છે. એ કર્તવ્યના પાલનમાં જ એની મનુષ્યતા ને મહત્તા છે.

નાનામોટા, દીનદુઃખી, ગરીબ અને અમીર, શિક્ષિત અને અશિક્ષિત સૌમાં પરમાત્માંના પવિત્રતમ પ્રકાશને પેખવાનો પ્રયાસ કરીને બને તેટલાને બનતા પ્રમાણમાં ઉપયોગી થવાની આવશ્યકતા છે. કોઇના દુઃખને દૂર ના કરી શકીએ તો વધારીએ કે જગાવીએ તો નહિ જ. કોઇનાં અશ્રુને લુછી ના શકીએ તો વહાવવાના કારણ તો ના જ બનીએ. કોઇની પીડાને શમાવી ના શકીએ તો પેદા તો ના જ કરીએ. કોઇને આપી ના શકીએ, આગળ ના વધારીએ તો કોઇનું પડાવી ના લઇએ કે કોઇને પાછા તો ના જ પાડીએ. કોઇના જીવનબાગને બનાવી ના શકીએ, મધુમય કે મઘમઘતો ના કરી શકીએ તો બગાડવામાં, કટુ ક્લેશકારક કે દુર્ગંધયુક્ત બનાવવામાં નિમિત્ત તો ના જ બનીએ. ના, કદી પણ નહિ. કોઇને જીવન ના આપી શકીએ તો કોઇના મૃત્યુના કારણ તો ના જ બનીએ. બને તો બીજાનો અભ્યુદય કરીએ પરંતુ ના બને તો કોઇનું અધઃપતન ના આદરીએ. એવી રીતે જીવીએ તો જગત આજે છે એનાથી વધારે સુખી, શાંત અને જીવવા જેવું થાય, આદર્શ બની જાય.

☼ ☼ ☼ ☼ ☼

## -------- નવમ સ્કંધ સમાપ્ત -------

# દશમ સ્કંધ(પૂર્વાર્ધ)



समानी वः आकुतिः समाना हृदयानि बः ।
समानमस्तु वो मनः यथा वः सुसहासति ॥

## [૧] ભગવાન કૃષ્ણ વિશે

ભાગવતનો દસમો સ્કંધ ભગવાન શ્રીકૃષ્ણની અલૌકિક કલ્યાણકારક જીવનલીલાનો સ્કંધ છે એમ કહીએ તો ચાલે. એમાં આરંભથી માંડીને અંત સુધી સર્વત્ર ભગવાન કૃષ્ણનું જ દર્શન થાય છે. એના આરાધ્યદેવ, સેવ્ય, આત્મા સર્વ કાંઇ એ જ છે. એમાં એમનું જ જીવનપ્રેરક, જીવનોપયોગી, જ્વલંત જયગાન જોવા મળે છે. ભાગવતકારે એમને પરમપૂજ્ય અને ઉપાસ્ય માનીને એમાં પોતાનું હૃદય ખોલી દીધું છે અને અંતરના અપાર અનુરાગની અભિવ્યક્તિ કરી છે. એ અભિવ્યક્તિ આપણને પણ એવો જ અસાધારણ આહ્લાદ અર્પે છે. આપણા આત્માને અનુપ્રાણિત કરી, ભાવમયતાથી ભરી, શ્રદ્ધાભક્તિથી સંપન્ન બનાવી, ઉદાત્ત અને અલૌકિક કરે છે. એનો એ પ્રભાવ કાંઇ નાનો સૂનો નથી સમજવા જેવો.

આ મધુમય મહામહિમાન્વિત મહીમંડળમાં મહાપુરુષો, જ્યોતિર્ધરો, સર્વોત્કૃષ્ટ સત્પુરુષો અને અવતારો તો અનેક થયા છે એની ના નથી પરંતુ એ પણ એટલું જ શંકારહિત, નિર્વિવાદ ને ચોક્કસ છે કે ભગવાન કૃષ્ણનું આસન એમનામાં સૌથી અગ્રગણ્ય છે. એમનું વ્યક્તિત્વ સર્વ કરતાં વિશિષ્ટ છે અને એમને સહેલાઇથી સર્વશ્રેષ્ઠ સાબિત કરે છે. એ વ્યક્તિત્વને વિચારતાં લાગે છે કે એ સર્વપ્રકારે અદ્દભુત અને અપ્રતિમ છે. એ વ્યક્તિત્વ સમસ્ત સંસારના ઇતિહાસમાં અજોડ અથવા અનુપમ છે. આજે આટલા બધા વખત પછી પણ એની સર્વોપરિતા સહેજ પણ ઓછી નથી થઇ. ભવિષ્યમાં પણ થશે કે કેમ એ શંકાસ્પદ છે.

એમણે જીવનને આંશિક રીતે જોવાને બદલે સમગ્ર રીતે જોયું, મૂલવ્યું, જીવી બતાવ્યું, ને જીવવાની, મૂલવવાની, જોવાની કે ન્યાય કરવાની પ્રેરણા પૂરી પાડી. જીવન આધ્યાત્મિક બનવું જોઇએ એ બરાબર છે પરંતુ જીવનમાં ને જગતમાં એકલી આધ્યાત્મિકતા જ નથી. એના સિવાય બીજી સમસ્યાઓ ને બીજા વિષયો પણ છે. સમાજશાસ્ત્ર, કૃષિ, પશુસંવર્ધન, શિક્ષણ, કળા, સાહિત્ય, અર્થ, ભૌતિક વિકાસ, વિજ્ઞાન, લગ્નજીવન, ધર્મ અને એવી કેટલીય વસ્તુઓનું પણ મહત્વ છે. ભગવાન કૃષ્ણે એ બધાં અંગોને ન્યાય કર્યો. એમાંથી કોઇની ઉપેક્ષા ના કરી. જીવનની, જગતની, શરીરની, લૌકિક પ્રવૃત્તિની, કશાની નહિ. એમની દૃષ્ટિ એકાંગી નહોતી. સર્વાંગીણ હતી. એમની અલૌકિક અદ્દભુત જીવનલીલામાં એ વિશાળ, ઉદાત્ત જીવનદૃષ્ટિનો પડઘો પડે છે. સઘળાં અંગોનું મહત્વ એમને મન એકસરખું હતું. એમાં ધર્મનો સમાવેશ પણ થઇ જતો અને રાજકારણનો પણ. જે વખતે એમણે જે ક્ષેત્રવિશેષમાં રહીને લીલા કરી એ ક્ષેત્રવિશેષમાં મનને લગાડી દીધું અને એને પૂરેપૂરો ન્યાય કર્યો. એ ક્ષેત્ર એમના પારસ સ્પર્શથી શોભી ઊઠયું, સજીવ બની ગયું અને અવનવું થયું.

એ એક આદર્શ લોકસેવક, આદર્શ સખા, સુહૃદ, સ્વામી તથા સદ્દગુરુ હતા. જે દૃષ્ટિથી પણ એમનું અવલોકન કરવામાં આવે છે તે દૃષ્ટિથી એ સર્વોત્તમ દેખાઇ આવે છે. પ્રેમના રહસ્યને જાણવામાં પણ પારંગત અને યુદ્ધકળામાં પણ એટલા જ કુળશ કે સિદ્ધહસ્ત. વાંસળી વગાડવામાં ને રાસલીલા રમવામાં વિલક્ષણ પ્રતિભાવાળા તો ચક્ર ચલાવવામાં ને વિનાશની ભયંકર પ્રવૃત્તિમાં પણ એવા જ પટુતાવાળા. હસી પણ શકનાર, રડી શકનાર ને સમય પર રણમાંથી નાસી પણ શકનાર. જીવનમાં જરૂર પ્રમાણે બધી જાતની લીલા કરનાર. છતાં પણ આસક્તિ, અહં કે મમત્વથી ક્યાંય પણ ના બંધાનાર. સૌમાં રહેવા અને સર્વ કાંઇ

કરવા છતાં પણ કશામાં નહિ અને સૌથી પર અથવા અલિપ્ત. એ એમના વિરાટ વ્યક્તિત્વની વિશેષતા હતી, અને એવી વિશેષતા સમસ્ત માનવજાતિના ઇતિહાસમાં એટલી બધી વિલક્ષણ ને વિસ્તૃત રીતે ભાગ્યે જ જોવા મળે છે. ટૂંકમાં કહીએ તો ભગવાન કૃષ્ણ દરેક રીતે આદર્શ, એમના વિષયમાં કે ક્ષેત્રમાં એક્કા, ઓતપ્રોત છતાં પણ એકદમ અલિપ્ત હતાં.

ભગવાન કૃષ્ણનું જીવન કોઇ સર્વસંગપરિત્યાગી વિવિક્તસેવી ત્યાગીનું કે વિરક્તનું જીવન નથી. રાગીનું કે ભોગીનુંય નથી. એ તો જીવનની વાસ્તવિકતાઓની વચ્ચે વસનારા, એમાંથી માર્ગ કરનારા અને એમને ઉત્તમોત્તમ આદર્શ આકાર આપવા મથનારા એક વાસ્તવદર્શી આદર્શવાદી આદર્શપરાયણ મહાપુરુષનું જીવન છે. એ દૃષ્ટિએ એની મહત્તા મોટી છે. સામાન્ય માનવને એમાંથી ઘણી ઉપયોગી પ્રેરણા મળે તેમ છે. એમની અંદર સર્વજ્ઞતા, સર્વસમર્થતા ને સર્વવ્યાપકતાનું દર્શન થાય છે. એમના જીવનના જુદા જુદા પાર વિનાના પ્રસંગો દ્વારા એ હકીકતને પુષ્ટિ મળે છે. એમનું જીવન એક જન્મથી જ મુક્ત ને પૂર્ણ જીવન તથા એમનું વ્યક્તિત્વ પૂર્ણ વ્યક્તિત્વ હતું.

માધુર્ય, સૌન્દર્ય, શૌર્ય, પ્રેમ, ક્ષમા, દયા, સેવાભાવના, શુદ્ધિ જેવા માનવોચિત સઘળા ગુણો એમની અંદર સંપૂર્ણપણે સુવિકસિત થઇને પરાકાષ્ઠાએ પહોંચેલા હતા.

* * *

ભગવાન કૃષ્ણનું સ્વરૂપ કેટલું બધું સુંદર, અદ્દભુત, આદર્શ અને આકર્ષક છે ! એ સ્વરૂપ શું સૂચવે છે ? એમના હાથમાં વાંસળી છે. વાંસળી વગાડવામાં એ એટલા બધા કુશળ હતા કે વાત નહિ ? કહે છે કે એમની વાંસળીના સુમધુર સ્વરનો પ્રભાવ જડચેતનાત્મક સમસ્ત સૃષ્ટિ પર પડતો. ગોપીઓનાં મન એથી મંત્રમુગ્ધ બનતાં ને જમનાનાં જળ થંભી જતા. એમની સિદ્ધહસ્તતા માત્ર વાંસળીને વગાડવામાં જ નહતી, જીવનને જીવવામાં પણ હતી. વાંસળી એમના દિવ્ય જીવનનું પ્રતીક હતી. એ જીવન સુંદર, સુરીલું, શાંત, સુમધુર, સુખદ તેમજ સાર્થક હતું. જીવનની વાંસળીમાંથી ક્યાં ક્યારે કેવો સ્વર છેડવો તેની કળામાં એ કુશળ હતા. પ્રત્યેક માનવ પાસે જીવનની એવી સુંદર વાંસળી છે. એમાંથી સમય સમય પર સુયોગ્ય સ્વર છૂટતા રહે, એની સઘળી ક્રિયાઓ કે પ્રવૃત્તિઓ વિસંવાદી નહિ પરંતુ સુસંવાદી બને અને પોતાની સાથે બીજાને પણ સુખશાંતિ આપે એનું એણે ધ્યાન રાખવાનું છે. જીવનમાં ક્યાંય કટુતા, વિસંવાદિતા, ક્લેશ, અવ્યવસ્થા અથવા અશાંતિ ના હોય એવી રીતે જીવનની વાંસળીને વગાડવાની કળા સાધી લેવાની છે. એવી કળામાં કુશળ બનાય તો જીવન દ્વારા જડચેતનાત્મક સમસ્ત જગત પર પ્રભાવ પાડી શકાય. જગતને સુખશાંતિ તથા સંવાદિતા સંપન્ન કરી શકાય.

પીતાંબર પરમ પવિત્ર પ્રેમનું અથવા પ્રજ્ઞાનું પ્રતીક છે. ભગવાન કૃષ્ણે ધારણ કરેલા એ પીતાંબરથી સૌ કોઇને અસાધારણ આકર્ષણનો અનુભવ થતો. માનવ પણ એવી રીતે પવિત્ર પ્રેમનું અથવા પ્રજ્ઞાનું પીતાંબર પહેરે એ આવશ્યક છે. એવું પવિત્ર પીતાંબર એને માટે ખૂબ ખૂબ ઉપયોગી થઇ પડશે.

પૂર્ણેન્દુ સમાન સુંદર મુખમંડળ, લાલ હોઠ, કમળ જેવી આંખ બધું જ સર્વોત્તમ સ્વાસ્થ્યનું સૂચક છે. એ ઉપરાંત ભગવાન કૃષ્ણનું સમસ્ત વ્યક્તિત્વ ને સર્વ કાંઇ વિશદ્ અને મધુર હતું. **मधुराधिपतेरखिलं मधुरम् ।** 'મધુરતાના અધિશ્વરનું સર્વ કંઇ મધુર છે' એ શ્રી વલ્લભાચાર્યની ઉક્તિ પ્રમાણે એમની અંદર કટુતાનો

અંશ પણ ન હતો. માનવનું જીવન પણ એવી જ રીતે સુંદર ને સુમધુર બની જવું જોઇએ. એના વ્યક્તિત્વના પ્રત્યેક પાસામાંથી પ્રેમ તથા મધુરતા ટપકતાં રહેવા જોઇએ.

માધુર્યમૂર્તિ સૌન્દર્યના સમુચ્ચય સરખા ભગવાન કૃષ્ણ કદંબના વૃક્ષ પાસે ત્રિભંગ કરીને ઊભા છે એવું પણ વર્ણન કરવામાં આવે છે. એ શું સૂચવે છે ? એમનો એક પગ પૃથ્વી પર અને બીજો પગ થોડોક ઊંચો છે એ શું બતાવે છે ? વેદ કહે છે કે આ મૃત્યુલોકમાં કે પાર્થિવ પૃથ્વીમાં એમનો એક જ પાદ, એમની શક્તિનો એક જ અંશ છે અને એમના ત્રણ પાદ, એમની વિરાટ શક્તિના બીજા ત્રણ અંશ સ્વર્ગાદિ દિવ્ય લોકોમાં રહેલા છે. **पादोस्य विश्वाभूतानि त्रिपादस्यामृतं दिवि ।** એ કથનને જરા જુદા સાર ગર્ભિત સ્વરૂપે સમજીએ તો કહી શકાય કે ભગવાન કૃષ્ણ પોતાના એક જ પગને આ પૃથ્વી પર રાખતા ને બીજા પગને ઊંચો રાખતા, એટલે કે જે જગતમાં જીવતા, હરતા-ફરતા કે પ્રવૃત્તિ કરતા તેમાં લેશમાત્ર પણ લિપ્ત ન થતા. એમનો અંતરાત્મા અહર્નિશ અનાસક્ત રહેતો. સંસારના વિરોધાભાસી વાતાવરણમાં શ્વાસ લેવા છતાં પણ એ સંસારના થઇને ન રહેતા. એમના સમગ્ર જીવન પરથી એ જોઇ શકાય છે. એમની અસાધારણ વિશેષતા હતી-અનાસક્તિ. એમાંથી સારસંદેશ ગ્રહીને માનવે એવી અદ્દભુત અનાસક્તિથી અલંકૃત થવાનું અથવા વીતરાગ બનવાનું છે. પોતાના એક પગને જમીનથી અધ્ધર રાખવાનો છે, એટલે કે પોતાના અંતરાત્માને અલિપ્ત રાખવાનો છે. તો જ એ જીવનનો સાચો આસ્વાદ મેળવી શકશે. ભગવાન કૃષ્ણ નટવર પણ કહેવાતા કારણ કે તે નર્તનમાં તો કુળશ હતા પરંતુ જીવનને જીવવાની વિદ્યામાં પણ નિપુણ હતા. આ જીવનના ચિત્રવિચિત્ર રમણીય રંગમંચ પર માનવે પણ એવી રીતે નટની પેઠે અથવા એક આદર્શ અભિનેતાની જેમ નર્તનનો ને બીજો આવશ્યક અભિનય કરતાં શીખી લેવાનું છે. કયે વખતે, ક્યાં, કેટલા પ્રમાણમાં, કયા પ્રકારનો અભિનય કરવો છે તે શાંતિથી સમજપૂર્વક નક્કી કરવાનું છે. તો જ જીવનને ઉજ્જવળ કરી અને પૂરતો ન્યાય આપી શકાશે. વર્તમાન જીવનનો અભિનય પૂરો કરીને સ્થૂલ શરીરના રસમય રમ્ય રંગમંચ પરથી વિદાય થવાનો વખત આવે ત્યારે એ અભિનયને પણ એ મહાનટવરની પેઠે બને તેટલી આદર્શ રીતે પૂરો કરવાનો આગ્રહ રાખવો જોઇએ. એને માટેની જરૂરી તૈયારી અત્યારથી જ કરી લેવી જોઇએ.

એ મહાનટવરનું આરંભથી અંત સુધીનું સમસ્ત જીવન આશીર્વાદરૂપ હતું. એ જીવન સતત પ્રવૃત્તિપરાયણ રહેલું. એમાં પ્રમાદને માટે અવકાશ જ ન હતો. એના પ્રાક્ટય પાછળ બીજાના પરિત્રાણનું પ્રયોજન હતું. એ પ્રયોજનથી પ્રેરાઇને એમણે જીવનભર અધર્મ, અન્યાય, અત્યાચાર, અનાચાર અને શોષણનો સામનો કર્યો ને દાનવતાને દફનાવી દઇને માનવતાની માવજતનો સફળ પ્રયત્ન આદર્યો. માનવે એવા નમ્ર પ્રામાણિક પ્રયત્નને આદરવાની અનિવાર્ય આવશ્યકતા છે. આજના જમાનાના પ્રશ્નો પહેલાં કરતાં બદલાયા છે એ સાચું, પરંતુ દાનવતાનું દમન કરવાની અને અધર્મ, અન્યાય, અત્યાચાર, અનાચાર અને શોષણનો અંત આણવાની સમસ્યા તો આજે પણ કાયમ છે. એ સમસ્યાના સુખદ ઉકેલ માટે વ્યક્તિગત તથા સમષ્ટિગત પ્રયત્નોની આવશ્યકતા છે અને એ પણ તદ્દન નિઃસ્વાર્થ રીતે, કોઇ પણ પ્રકારની લૌકિક લાલસાથી પ્રેરાયા વિના. એ મહાનટવરનું સમસ્ત જીવન લૌકિક-પાકલૌકિક લાલસા કે સ્વાર્થવૃત્તિથી રહિત હતું. એમણે જે કર્મ કર્યા તે સ્વધર્મની ભાવનાથી પ્રેરાઇને જ કર્યા. એ સદા સમાજના સ્વયંસેવક જ રહ્યા.

એને લીધે એમણે ધન તથા ઐશ્વર્યની એષણા ન રાખી, પ્રતિષ્ઠાની પરવા ન કરી, સુખ દુઃખાદિ દ્વંદ્વોમાં સ્થિરતા રાખી, ને પદ કે સત્તાની સહેજ પણ ઇચ્છા ના રાખી. એ કોઇને હઠાવી કે મારી-મરાવીને ક્યાંય ગાદીપતિ ના બન્યા. એમની અભિલાષા સત્તાને હસ્તગત કરવાની નહોતી; માનવનું મંગલ કરવાની હતી. એમની જીવનસાધના એ જ દિશામાં દિનપ્રતિદિન સફળતાપૂર્વક આગળ વધેલી. એમના જીવનમાંથી એ સારવાતને જીવનમાં વણી લેવામાં આવે તો વ્યક્તિનું તથા સમષ્ટિનું જીવન ઉજ્જવળ બને. એને માટે એમના આશીર્વાદ આપણી ઉપર ઉતરે એવી કામના કે પ્રાર્થના કરીએ.

એમનું જીવન વિકાસની દૃષ્ટિએ પૂર્ણ જીવન હતું. માનવ તન, મન, અંતર અને આત્મા ધરાવે છે. એ ચારેનો સમ્યક્ વિકાસ કોઇ એક વ્યક્તિવિશેષમાં જવલ્લે જ જડે છે. ભગવાન કૃષ્ણ એમાં અપવાદરૂપ હતા. એમનું શરીર સ્વસ્થ, સુંદર, સુદૃઢ તથા વૃદ્ધાવસ્થાથી ને વ્યાધિથી રહિત, એમનું મન સાત્વિકતાથી, દૈવી સંપત્તિથી તથા પરમપ્રજ્ઞાથી સંપન્ન અને એમનું અંતર ઉદાર, વિશાળ, પવિત્ર પ્રેમથી પરિપ્લાવિત, સંવેદનશીલ, સહાનુભૂતિભર્યું અને અલૌકિક હતું. એમનો આત્મા પણ અવિદ્યારૂપી અંધકારથી રહિત, મુક્ત ને પૂર્ણ હતો. એમની અંદર એવી રીતે તન, મન, અંતર અને આત્માના ચતુર્વિધ વિકાસનો, એ વિકાસની સંપૂર્ણતાનો સુભગ સમન્વય થયેલો.

☼ ☼ ☼ ☼ ☼



## [૨] કારાવાસમાં

ભગવાન કૃષ્ણના જન્મનો, પ્રાકટ્યનો કે પ્રાદુર્ભાવનો ઇતિહાસ એક જુદી જ, થોડીક વિચિત્ર લાગે તેવી હકીકતનો ઉમેરો કરે છે. એ હકીકત કાંઇક અંશે વિચિત્ર અને આશ્ચર્યકારક લાગે તેવી હોવા છતાં પણ સાચી છે. ભગવાન કૃષ્ણનો જન્મ કોઇક અમીરના આલિશાન ઐશ્વર્યપ્રધાન રાજભવનમાં નથી થયો, ગરીબના અભાવગ્રસ્ત આવાસમાં પણ નથી થયો, પરંતુ કંસના કારાવાસમાં થયો છે. એ હકીકત હવે તો સર્વવિદિત હોવાથી એટલી બધી આશ્ચર્યકારક નહિ લાગે તો પણ કૃષ્ણની જીવનકથાથી અપરિચિત પુરુષોને એમાં આશ્ચર્યનું તત્વ જરૂર જણાશે. એમનો જન્મ કંસના કારાવાસમાં કેમ થયો અને એમનાં પરમાત્મપરાયણ પવિત્ર માતાપિતા દેવકી અને વસુદેવને કારાવાસમાં કેમ રહેવું પડ્યું, ખાસ તો દેવકી કંસની બેન થતી હતી ત્યારે, એમના જીવનમાં એવી તે કેવીક પ્રતિકૂળ પરિસ્થિતિ પેદા થઇ, તેનું સ્પષ્ટીકરણ ભાગવતના દસમા સ્કંધના આરંભના અધ્યાયોમાં સરસ રીતે કરવામાં આવ્યું છે. એનું વિહંગાવલોકન એ વખતના ઘટના ક્રમને સમજવા માટે કરી લઇએ.

દસમા સ્કંધના પૂર્વાર્ધના પહેલા અધ્યાયમાં જ ભાગવતકારે એક સુંદર આહ્લાદક પ્રસંગનું વર્ણન કર્યું છે. એ પ્રસંગ ખૂબ જ રસમય છે. પ્રાચીન સમયમાં શૂરસેન નામના યદુવંશી રાજા મથુરાનગરીમાં રહીને માથુરમંડળ તથા શૂરસેનમંડળ પર શાસન કરતા. એમના પુત્રનું નામ વસુદેવ હતું. એમણે દેવકી સાથે લગ્ન કરીને રથમાં બેસીને ઘેર જવાની તૈયારી કરી. દેવકીના પિતા દેવકે એને વિદાય કરતી વખતે સોનાના સુંદર હારથી શણગારેલા ચારસો હાથી, પંદર હજાર ઘોડા, અઢારસો રથ તથા સર્વશ્રેષ્ઠ વસ્ત્રાભૂષણોથી વિભૂષિત બસો દાસીઓની ભેટ આપી. ઉગ્રસેનના પુત્ર કંસે પોતાની કાકાની દીકરી બેનને પ્રસન્ન કરવા માટે એના પ્રત્યેના પ્રખર પ્રેમથી પ્રેરાઇને રથના ઘોડાઓને પોતાના હાથે જ હાંકવાનું શરૂ કર્યું. એ આખોય પ્રસંગ પરમ આનંદનો હોવાથી સૌ કોઇની સાથે કંસ પણ અસાધારણ આનંદમાં મગ્ન બનેલો, પરંતુ થોડાક વખત પછી એના આનંદનો અંત આણનારી એક અવનવીન અકલ્પ્ય ઘટના બની ગઇ. એ ઘટનાએ એને એકદમ ઉત્સાહરહિત કરી દીધો. રથને આગળ વધારતાં ચિત્રવિચિત્ર કલ્પનાજગતમાં રાચતાં એ રસ્તાને કાપી રહેલો ત્યાં જ એકાએક આકાશવાણી થઇ કે મૂર્ખ ! જેને રથમાં બેસાડીને આટલા બધા ઉલ્લાસથી લઇ જાય છે તેના આઠમા સંતાનથી જ તારો નાશ થશે.

એ આકાશવાણીના શ્રવણથી કંસને કાંઇનું કાંઇ થઇ ગયું. એના રંગમાં ભંગ પડ્યો. એનું મગજ જુદી જ દિશામાં કામ કરવા લાગ્યું. એનું જીવન આસુરી સંપત્તિના પ્રતીક જેવું નિર્દય ને દુરાચારથી ભરેલું હતું. એણે ઉશ્કેરાટમાં આવી જઇને તલવાર તાણીને દેવકીના કેશને પકડીને એને મારી નાખવાની તૈયારી કરી. જોતજોતામાં, ઘડીના છઠ્ઠા ભાગમાં તો આખું દૃશ્ય બદલાઇ ગયું. ઉલ્લાસને ઠેકાણે અસાધારણ અવસાદ, સંતોષના સ્થળ પર અસંતોષ ફરી વળ્યો. માનવ ગમે તેવો દેખાતો હોય તો પણ પરિસ્થિતિથી કેટલો બધો પ્રભાવિત થાય છે ? સંજોગો એને હસાવે છે ને રડાવે છે, શાંત અથવા અશાંત કરે છે. કારણ કે એ પોતાની પ્રકૃતિનો, પોતાના મનનો અને પોતાની ઇન્દ્રિયોનો દાસ છે. એણે એ દાસત્વમાંથી છૂટીને પોતાની જાતના સ્વામી બનવાનું છે. એ પછી પરિસ્થિતિ એના પર પ્રભાવ પાડી અથવા એને ચળાવી નહિ શકે. ભાગવતે

આરંભથી માંડીને અંત સુધી પરિસ્થિતિથી પ્રભાવિત થનારા દાસત્વવાળાં ને પરિસ્થિતિથી લેશ પણ પ્રભાવિત ના થનારાં, સંજોગોના શિકાર ના બનનારાં, પોતાની જાત પરના સ્વામિત્વવાળાં એવાં બંને પ્રકારનાં વિરોધાભાસી વ્યક્તિત્વોને રજૂ કર્યા છે. ધુંધુકારી ને ગોકર્ણ, શ્રૃંગી ને શમીકમુનિ, મહારાજા પરીક્ષિત અને શમીક મુનિ તથા સંતશિરોમણિ શુકદેવ, દેવહુતિ તથા કર્દમ ને મહર્ષિ કપિલ, દક્ષ પ્રજાપતિ ને શંકર, ધ્રુવ અને રહૂગણ તથા જડભરત, હિરણ્યકશિપુ ને પ્રહલાદ તથા મહામુનિ દુર્વાસા ને અંબરીષ એ બધાં એનાં જ ઉદાહરણો છે. એ બધાં ઉદાહરણો કહી બતાવે છે કે જે પોતાની જાતનો દાસ છે તેને પરિસ્થિતિ નચાવ્યા કરે છે, ને માણસ ધારે તો પોતાના એ દાસત્વમાંથી મુક્તિ મેળવીને પોતાની જાતનો સ્વામી બનીને સર્વ સ્થળે કે કાળે સ્થિરતાનો કે શાંતિનો સ્વાદ મેળવી શકે છે.

કંસની અવસ્થા પ્રમાણે એની પાસેથી એટલી બધી સ્થિરતા, શાંતિ કે સ્થિતપ્રજ્ઞતાની આશા રાખી શકાય તેવું હતું જ નહિ. એ એની પ્રકૃતિ, પશુવૃત્તિ તથા પરવશતાથી લાચાર હતો. એટલે જ એ એટલો જલ્દી ઉત્તેજીત બની ગયો.

એને એવી રીતે ઉત્તેજીત થયેલો જોઇને દેવકી અને વસુદેવ બંને હેબતાઇ ગયાં. કંસ અચાનક આવી આકાશવાણી થવાથી આવું ભયંકર વર્તન કરવા પ્રેરાશે એની એમને કલ્પના સરખી નહોતી. કંસને પોતાને પણ એવી કલ્પના ક્યાં હતી ? જે બનવા માંડ્યું તે બધું કલ્પનાતીત બની રહેલું. પરંતુ એનો કઇ રસ્તો તો કાઢવો જોઇએ ને ? એમાં એક વિપળનો પણ વિલંબ થવાથી દેવકીનું જીવન સલામત રહી શકે તેમ ન હતું.

વસુદેવ પરિસ્થિતિની ગંભીરતાને સહેલાઇથી સમજી ગયા. એ તરત જ વચ્ચે પડીને કંસને પોતાની વિશિષ્ટ રીતે સમજાવવા લાગ્યા. એમણે એની સંજોગોને અનુસરીને પ્રશસ્તિ કરીને જણાવ્યું કે આકાશવાણીને સાચી માની લઇએ તો પણ દેવકીનો નાશ કરવાનું કાર્ય લેશ પણ ઉચિત નથી લાગતું. આકાશવાણી પ્રમાણે ભય દેવકીનો નથી, દેવકીનાં સંતાનોનો છે, તો એનાં સઘળાં સંતાન હું તમને સોંપી દઇશ. પછી તમારી રક્ષા માટે તમારે જે કરવું હશે તે કરવા તમે સ્વતંત્ર રહેશો.

કંસને વસુદેવનાં વચનમાં વિશ્વાસ હોવાથી એણે દેવકીને મારવાનો સંકલ્પ છોડી દીધો. દેવકી તથા વસુદેવ એથી સંતોષ પામીને એમના આવાસ તરફ ચાલી નીકળ્યાં.

સમય પર દેવકી પુત્રવતી થઇ. એના પહેલા પુત્ર કીર્તિમાનને લઇને વસુદેવ પોતાના વચનપાલન માટે કંસની આગળ આવી પહોંચ્યા ત્યારે કંસે એને પાછા લઇ જવાનો આદેશ આપીને જણાવ્યું કે મારું મૃત્યુ દેવકીના આઠમા સંતાનથી થવાનું છે, એટલા માટે મને બીજાં બાળકોનો ભય નથી લાગતો.

વસુદેવ પુત્રને લઇને પ્રસન્નતાપૂર્વક પાછા આવ્યા તો પણ પૂરેપૂરા નિશ્ચિંત તો ના જ બની શક્યા. કારણ કે ચંચળ, ક્રૂર, મલિન મનનો કંસ કયે વખતે શું કરે તે વિશે કશું જ ચોક્કસ નહોતું કહી શકાય તેમ. ક્ષણે ક્ષણે જાગ્રત રહેવાનું જરૂરી હતું. નહિ તો અમંગલની આશંકા તો હજુ પણ હતી જ. અને એમની શંકા સ્વલ્પ સમયમાં જ સાચી ઠરી. બન્યું એવું કે એક દિવસે દેવર્ષિ નારદે કંસ પાસે પહોંચીને કહ્યું કે વ્રજમાં વસનારાં ગોપગોપીઓ દેવતાઓનાં અવતાર છે. દૈત્યોને લીધે ધરતીનો ભાર વધી ગયો હોવાથી દેવતાઓએ એ ભાર હળવો કરવા માટે એમના નાશની યોજના ઘડી છે. દેવર્ષિ નારદના કથનથી કંસે નિર્ણય કરી લીધો કે યદુવંશીઓ દેવો છે અને દેવકીના ઉદરમાંથી સ્વયં વિષ્ણુ ભગવાન જ મારા નાશ માટે

જન્મવાના છે. પછી તો બાકી રહ્યું જ શું ? જે સ્વાભાવિક હતું તે જ થવા માંડ્યું. એની આસુરી વૃત્તિ પ્રબળ બનવાથી એણે વસુદેવ તેમ જ દેવકીને બેડી પહેરાવીને કારાવાસમાં કેદ કરી દીધાં અને એમના જે જે સંતાનો થયાં તેમને મારવા માંડ્યાં. કંસના કુકર્મનો ભાર એથી વધતો ગયો. એણે યદુ, ભોજ અને અંધક વંશના અધિનાયક એના પિતા ઉગ્રસેનને પણ કેદ કર્યા ને શૂરસેન દેશનું રાજ્ય લઇ લીધું.

એ ઘટનાચક્ર દ્વારા ભાગવત કંસના પામર અને પાશવી પ્રકૃતિનો પરિચય કરાવે છે, એની દુષ્ટતા બતાવે છે, અને ભગવાન કૃષ્ણના પ્રાકટ્ય પહેલાંની પૂર્વભૂમિકા પ્રત્યે અંગુલિનિર્દેશ કરે છે.

પોતાના પિતા ઉગ્રસેનને વસુદેવ તથા દેવકીની જેમ કારાવાસમાં કેદ કરીને કંસ અહંકારથી ઉન્મત્ત બનીને રાજ્ય કરવા લાગ્યો. એ બળવાન તો હતો જ; તે ઉપરાંત એને મગધનરેશ જરાસંધની સહાયતા સાંપડેલી. વળી પ્રલંબાસુર, બકાસુર, ચાણૂર, તૃણાવર્ત, અઘાસુર, મુષ્ટિક, અરિષ્ટાસુર, દ્વિવિદ, પૂતના, કેશી તથા ધેનુક જેવાનો સાથ હતો. બાણાસુર તથા ભૌમાસુર સરખા રાજાઓની એની સાથે સહાનુભૂતિ હતી. એટલે એણે યદુવંશીઓના નાશનો પ્રયત્ન આરંભી દીધો.

દેવકીના છ સંતાનોને એણે ભારે નિર્દયતાપૂર્વક કોઇ પણ પ્રકારના સંકોચ કે ક્ષોભ સિવાય મારી નાંખ્યાં. એ પછી એના ઉદરમાં એના સાતમા સંતાન તરીકે ભગવાનના અંશસ્વરૂપ અનંત અથવા શેષ પ્રવેશ્યા. એથી એની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

ભગવાને યદુવંશીઓને કંસ દ્વારા પુષ્કળ પીડા પહોંચાડાતી જોઇને પોતાની યોગમાયાને વ્રજમાં જવાનો આદેશ આપ્યો ને જણાવ્યું કે ત્યાં નંદના ગોકુળમાં વસુદેવની બીજી પત્ની રોહિણી રહે છે. એના ઉદરમાં રહેલા મારા અલૌકિક અંશને સફળતાપૂર્વક સ્થાપી દે. હું મારા પરિપૂર્ણ જ્ઞાન તથા સામર્થ્યાદિ સાથે દેવકીનો પુત્ર બનીશ ને તું નંદની પત્ની યશોદા દ્વારા પ્રકટ થા. તું મનુષ્યોને ઇચ્છાનુસાર વરદાન આપવાની શક્તિ ધરાવીશ. દેવકીના ઉદરમાંથી ખેંચાવાને લીધે શેષને સંકર્ષણ નામથી ઓળખવામાં આવશે, લોકરંજન કરવાની યોગ્યતાને લીધે રામ કહેશે ને બળવાન હોવાથી લોકો બળભદ્રના નામથી બોલાવશે.

યોગમાયાએ ભગવાનના આદેશાનુસાર સઘળું કામ સફળતાપૂર્વક સમાપ્ત કર્યું. એની ખબર બીજા કોઇને પણ ના પડી. એ રહસ્ય  રહસ્ય જ રહી ગયું. સૌ કોઇ એમ જ સમજ્યાં કે દેવકીને કસુવાવડ થઇ અથવા એનો ગર્ભ નષ્ટ થઇ ગયો.

☼ ☼ ☼ ☼ ☼

## [3] ભગવાન કૃષ્ણનું પ્રાક્ટય-૧

એ પછી ભગવાને સુયોગ્ય સમય પર પોતાની અલૌકિક લીલા માટે આ પાર્થિવ પૃથ્વી પર પ્રકટવાનો વિચાર કર્યો. એમનો જ્યોતિર્મય અદ્દભુત શક્તિશાળી દિવ્ય અંશ જ્યારે દેવકીના શરીરમાં દાખલ થયો ત્યારે દેવકીની આકૃતિ અતિશય આકર્ષક બની. એનું સ્વરૂપ બદલાવા લાગ્યું. એને જોઇને કંસને શંકા થઇ કે એના અંગમાં કોઇક અલૌકિક તત્વ પ્રવેશ્યું છે અથવા દેવર્ષિ નારદની સુચનાનુસાર ભગવાન વિષ્ણુ પ્રાદુર્ભાવ પામ્યા છે. તો પણ એણે એને મારવાનો વિચાર ના કર્યો. એના પુત્રનો જન્મ થયા પછી એનો નાશ કરવાનું કામ જરા પણ કઠિન નથી એવું સમજીને એણે ધીરજ રાખી.

ભગવાનને દેવકીના ઉદરમાં અવતીર્ણ થયેલા જોઇને ભગવાન શંકર તથા બ્રહ્મા કંસના કેદખાનામાં આવ્યા. એમની સાથે નારદ જેવા બીજા ઋષિઓ ને દેવો હતા. એ ભગવાનની ભાવપૂર્વક સ્તુતિ કરવા લાગ્યા. એ સ્તુતિ ખૂબ જ સુંદર છે :

‘પ્રભુ ! તમે સત્ય સંકલ્પ છો. તમારા સાક્ષાત્કારનું સચોટ સર્વોત્તમ સાધન પણ સત્ય જ છે. સૃષ્ટિ પહેલાં, સૃષ્ટિની સ્થિતિ સમયે અને સૃષ્ટિના અંત વખતે પણ તમે પરમસત્યસ્વરૂપે શેષ રહો છો. સત્યમય દેખાતી સૃષ્ટિના એકમાત્ર કારણ પણ તમે જ છો. દશ્યમાન જગતમાં તમે પરમાર્થસ્વરૂપ છો. ઋત છો. સત્ય દૃષ્ટિ અને સર્વોત્તમ દર્શન છો. તમે સત્ય સ્વરૂપ છો. અમે અસત્યમાંથી મુક્તિ મેળવીને સત્યમાં સ્થિતિ કરવા માટે તમારે શરણે આવ્યા છીએ. ’

‘આ વિશ્વ એક આદિ, સનાતન વૃક્ષ છે. પ્રકૃતિ એ વૃક્ષનો એકમાત્ર આશ્રય છે. સુખ તથા દુઃખ એનાં બે ફળ છે. સત્વ, રજ ને તમ ત્રણ ગુણો એ વિશાળ વૃક્ષનાં ત્રણ મૂળ છે. ધર્મ, અર્થ, કામ ને મોક્ષ ચાર રસ છે. આંખ, કાન, નાક, જીભ, ત્વચા પાંચ ઇન્દ્રિયોથી એને આસ્વાદી શકાય છે. એના છ સ્વભાવ છે - જન્મવું, વધવું, વિકારવશ થવું, ક્ષીણ બનવું ને નાશ પામવું. રસ, રક્ત, માંસ, મેદ, મજ્જા, અસ્થિ અને શુક્ર - સાત ધાતુ એની છાલ છે. પંચમહાભૂત, મન, બુદ્ધિ અને અહંકાર એ આઠ એની શાખાઓ છે. આંખ, કાન, મુખ, જેવાં નવ દ્વાર એનાં છિદ્રો છે; પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન, સમાન તથા નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત ને ધનંજય એ દસ પ્રાણ એનાં દસ પાંદડાં છે. એ વિશ્વરૂપી વૃક્ષ પર જીવ તથા શિવ નામના બે વિહંગો વસે છે.’

(અધ્યાય ૨, શ્લોક ૨૬,૨૭નો ભાવાર્થ.)

☼ ☼ ☼ ☼ ☼

## [૪] ભગવાન કૃષ્ણનું પ્રાક્ટય-૨

ભગવાન કૃષ્ણના પરમપવિત્ર પ્રાકટ્યનો સુંદર સ્વર્ણ સમય એવી રીતે સંનિકટ આવી પહોંચ્યો. એ સમય તો સર્વપ્રકારે સુંદર હતો જ પરંતુ એથી પણ સુંદર અને પવિત્ર હતી એમના પ્રાદુર્ભાવની પ્રક્રિયા. એને લીધે એ સમયનું મહત્વ અનંત રીતે વધી ગયું. એમના પ્રાદુર્ભાવને લીધે કાળને વધારે મહિમા પ્રાપ્ત થયો. એવું કહેવું વધારે ઉચિત લાગે છે. એમનો પ્રાદુર્ભાવ જ સૌથી વધારે મહત્વનો ને મંગલ હતો. એ પ્રાદુર્ભાવ ગમે તે સમયે થયો હોત તો પણ એ સમય ચિરસ્મરણીય બની જાત. સમય એમના મહિમાને નથી વધારતો, એ જ સમયના મહિમાને વધારે છે, એ ખાસ યાદ રાખવાનું છે.

સમસ્ત શુભ લક્ષણોથી સંપન્ન સુંદર સાનુકૂળ સમય આવ્યો. એ સમયે રોહિણી નક્ષત્ર હતું. આકાશમાં ગ્રહો, નક્ષત્રો, તારાઓ શાંત હતા. દિશાપ્રદિશા નિર્મળ ને પ્રસન્ન હતી. રાત્રી અજ્ઞાત છતાં ચોક્કસ ગતિથી આગળ વધતી જતી હતી. પૃથ્વી જાણે ગંભીરતા તથા ઉલ્લાસપૂર્વક ભગવાન શ્રીકૃષ્ણના પવિત્રતમ પ્રાકટ્યની પ્રતીક્ષા કરી રહેલી. એ વખતે કારાવાસના વિચિત્ર વાતાવરણમાં કલ્યાણનાં કિરણો રેલતાં ભગવાન કૃષ્ણ પ્રકટ થયાં.

એમનું પ્રાકટ્ય ભાગવતના નિર્દેશ પ્રમાણે બે તબક્કામાં, બે પ્રકારનું થયું. એક તો અલૌકિક ચતુર્ભુજ સ્વરૂપે અને એ પછી થોડાક વખત પછી સામાન્ય માનવ સ્વરૂપે. સૌથી પહેલાં એમના દિવ્ય અસામાન્ય અલૌકિક સ્વરૂપનો આવિર્ભાવ થયો. એ આવિર્ભાવ કેટલો બધો અનેરો હતો ? વસુદેવ અને દેવકી બંને એને અવલોકીને એના આસ્વાદથી આનંદમગ્ન બની ગયાં. એમણે પોતાની આગળ એક અદ્દભુત બાળક જોયું. એનાં નેત્ર કમળ સમાન કોમળ, વિશાળ, વિમળ તેમજ તેજસ્વી હતાં. એણે શંખ, ચક્ર, ગદા તથા પદ્મ ધારણ કરેલાં. એના વક્ષસ્થલ પર શ્રીવત્સનું સુંદર ચિત્તાકર્ષક ચિહ્ન હતું. કંઠમાં કૌસ્તુભમણિ ને વર્ષાઋતુના મેઘમંડળ સમાન પરમસુંદર શ્યામ શરીર પર પીતાંબરની શોભા હતી. કિરીટ તથા કુંડલ સૂર્યકિરણોની જેમ અત્યંત આકર્ષક અને કળાત્મક રીતે ચમકી રહેલાં. એનાં અંગપ્રત્યંગમાંથી અનોખી આભા પ્રસરી રહેલી.

એ દિવ્ય દર્શનથી વસુદેવ ને દેવકી ધન્ય બન્યાં. એમને કોઇ પ્રકારની શંકા ના રહી કે એમના પુત્રરૂપે ભગવાન પોતે જ પ્રાદુર્ભાવ પામ્યા છે. વસુદેવે તો પોતાની જાતને પરમસૌભાગ્યશાળી સમજીને આનંદના અતિરેકમાં એ જ વખતે બ્રાહ્મણોને દસ હજાર ગાયો અર્પણ કરવાનો સંકલ્પ કર્યો. ભગવાનનો મહિમા જાણીને એ ભયમુક્ત અને નિશ્ચિંત બની ગયા. એમણે એમના પદમાં મસ્તક મૂકીને પ્રણામ કર્યા અને એમના અસાધારણ અનુગ્રહની આભારસૂચક અભિવ્યક્તિરૂપે એમની ભાવવિભોર બનીને સ્તુતિ કરી.

એ પછી દેવકીએ પણ પોતાના પ્રસુપ્ત મનોભાવોને પ્રકટ કરતાં એમની પરમપૂજ્યભાવે પ્રશસ્તિ કરી. કંસના કારાવાસનું વાતાવરણ એવી રીતે ખૂબ જ વિશુદ્ધ બની ગયું. કારાવાસ કલ્યાણકારક થઇ ગયો. ભગવાનના અમૃતમય આવિર્ભાવથી એનો મહિમા વધી ગયો.

* * *

કોઇ પણ કાર્યની પાછળ કારણ તો હોય છે જ. એ કારણ જ્ઞાત હોય અથવા અજ્ઞાત અને સામાન્ય હોય અથવા અસામાન્ય તો પણ હોય છે તો ખરું જ. ભગવાને દેવકી ને વસુદેવને પોતાનાં પૂજ્ય માતા-

પિતા તરીકે પસંદ કર્યા તેની પાછળ પણ કારણ હતું. એમ કહો કે કર્મોનો અફર નિશ્ચિત નિયમ કામ કરી રહેલો. એની પાછળ જન્માંતર સંસ્કારોનો સુંદર સમુચ્ચય હતો.

ભગવાને કરેલા એના અદ્દભુત રહસ્યોદ્દઘાટન પ્રમાણે સ્વાયંભુવ મન્વંતરમાં દેવકીનું નામ પૃશ્નિ અને વસુદેવનું નામ પ્રજાપતિ સુતપા હતું. એ જન્મમાં એ બંનેનાં હૃદય અત્યંત વિશુદ્ધ હતાં. એ વખતે બ્રહ્માએ એમને સંતાનપ્રાપ્તિને માટે આદેશ આપ્યો એટલે એ આદેશને અનુસરીને એમણે તન, મન તેમ જ ઇન્દ્રિયોનો નિગ્રહ કરતાં તીવ્ર તપશ્ચર્યા કરી. શીતોષ્ણને સમાન માનીને પ્રાણાયામની સાધનાથી મનને નિર્મળ બનાવ્યું. તપશ્ચર્યાના કઠોર કાળ દરમિયાન કોઇવાર પાંદડાં ખાઇને તો કોઇવાર પવન પ્રાશન કરીને એ રહેવા માંડ્યાં. એ તપથી પ્રસન્ન થઇને ભગવાન એમની આગળ ચતુર્ભુજ સ્વરૂપે પ્રકટ થયાં ને ઇચ્છાનુસાર વરદાન માગવા માટે કહેવા લાગ્યા. વસુદેવે ને દેવકીએ એમના દેવદુર્લભ દર્શનથી આનંદ પામીને એમના જેવા પુત્રની માગણી કરી. ભગવાન એમની માગણીને માન્ય રાખીને એમની આગળથી અદૃશ્ય થયા. મનોકામનાની સિદ્ધિ થવાથી દેવકી અને વસુદેવના તપનો અંત આવ્યો.

ભગવાને દેવકી તથા વસુદેવને વરદાન તો આપ્યું પરંતુ એમના જેવો પુત્ર સંસારમાં બીજો કોણ મળે ? એ પોતે તો અનુપમ અને અનન્ય છે. એટલે પોતાના એ વરદાનના અનુસંધાનમાં એ એમના પુત્ર રૂપે અવતર્યા ને પૃશ્નિગર્ભના નામથી ઓળખાયા.

બીજા જન્મમાં દેવકી અદિતિ બની ને વસુદેવ કશ્યપ થયા. એ જન્મમાં ભગવાને પોતાના વરદાનને અનુલક્ષીને એમને ત્યાં ફરીવાર જન્મ લીધો. એ વખતે એમનું નામ ઉપેન્દ્ર પડ્યું. એમનું શરીર નાનું હોવાથી એ વામન તરીકે પણ ઓળખાયા.

એ પછીનો આ એમનો ત્રીજો જન્મ હતો. એમણે એમને એમના ચતુર્ભુજ દિવ્ય સ્વરૂપનું દર્શન આપ્યું તે એમના મૂળભૂત સ્વરૂપનું અને અગાઉના અવતારોનું સ્મરણ કરાવવા માટે. પરંતુ એ સ્વરૂપમાં કાંઇ આ પૃથ્વીપટ પર કાયમને માટે રહી શકાય ? જે જાતની વિશિષ્ટ જીવનલીલા કરવાની એમની ઇચ્છા હતી એ જીવનલીલા એવા અદ્દભુત અલૌકિક રૂપમાં રહીને ભાગ્યે જ થાય. એવા દૈવી રૂપમાં રહેવાથી બીજી ભાતભાતની સમસ્યાઓ ઊભી થાય. પૃથ્વી પર પ્રત્યક્ષ થવાનું હોય ત્યારે તો પૃથ્વીના અન્ય પુરુષોની પેઠે જ પ્રત્યક્ષ થવાનું ઉચિત લેખાય. બીજા પુરુષો કરતાં શારીરિક, માનસિક અને આત્મિક રીતે કેટલીક વિલક્ષણતાઓ હોય એ બરાબર છે પરંતુ બાહ્ય આકૃતિ તો સામાન્ય રીતે જેવી જોવા મળે છે અથવા સર્વસાધારણ લાગે છે તેવી જ હોવી જોઇએ. ભગવાનને એની માહિતી હોવાથી જ એમણે એમના એ અલૌકિક સ્વરૂપને સંકેલી લીધું ને સામાન્ય શિશુનું સ્વરૂપ ધારણ કર્યું. એમને પોતાની સમગ્ર જીવનલીલા બહારથી એક સાધારણ માનવ તરીકે રહીને અજ્ઞાત અથવા ગુપ્ત રીતે કરવાની હોવાથી એવો અભિનય આવશ્યક હતો. સામાન્ય શિશુના સ્વરૂપે પ્રકટવાને બદલે એ ચતુર્ભુજ રૂપે રહેવાનું પસંદ કરત તો કંસ તથા બીજા બધા એમને તરત જ જાણી લેત, અને એક માનવ તરીકે માનવીય અભિનયનો આધાર લેવાનું એમને માટે એકદમ અશક્ય બનત.

વસુદેવ તથા દેવકીને કંસનો ભય તો હતો જ પરંતુ ભગવાને આપેલા અકલ્પ્ય, અવર્ણનીય અનુભવથી એ ભય મોટે ભાગે હળવો બન્યો. એ પછીથી જે કાંઇ બન્યું તેમાં વસુદેવ કેવળ નિમિત્ત બની

રહ્યા. એમની સમગ્ર બુદ્ધિ તથા શક્તિને, એમના તનમન અને અંતરને, સમસ્ત ઘટનાચક્રને ભગવાન જ પ્રેરી રહ્યા. ભગવાનની અચિંત્ય મહિમામયી વિશ્વવ્યાપિકા સર્વાન્તર્યામીની હૃદયનિવાસિની શક્તિએ જાણે કે એમનામાં પ્રવેશી, પ્રકટીને એમનો પૂરેપૂરો કબજો લીધો. એ કેવળ હથિયાર અથવા માધ્યમ બની રહ્યા. સમસ્ત વાયુમંડળ એમના પ્રભાવથી ભરાઇ ગયું.

વસુદેવની બેડી નીકળી ગઇ. એ નવજાત બાળકને લઇને બહાર નીકળવા તૈયાર થયા.

એ જ વખતે, લગભગ મધ્યરાત્રીના શાંત સમયે યશોદાના ઉદરથી યોગમાયાનો જન્મ થયો.

વસુદેવ તથા દેવકીના પુત્ર તરીકે ભગવાનનો પ્રાદુર્ભાવ થયો એ શું બતાવે છે ? વસુદેવ એટલે સમસ્ત પ્રકારની સંપત્તિના સ્વામી. જીવ વસુદેવ છે, પરંતુ પોતાની સ્વાભાવિક સંપત્તિને-પોતાના મૂળભૂત સચ્ચિદાનંદ સ્વરૂપને ભૂલ્યો છે. એટલા માટે સંસારના ક્લેશકારક કઠોર કારાવાસમાં કેદ છે. એની સ્વતંત્રતા, સુખ તેમ જ શાંતિનો નાશ થયો છે. દેવકીની પણ એવી જ દયનીય દશા અથવા દુર્દશા છે. દેવકી બુદ્ધિ અથવા ચિત્તની વૃત્તિ છે. એ વિષયવતી છે. એને લીધે દુઃખ ને દૈન્યનો અનુભવ કરે છે. વસુદેવ અથવા જીવ પોતાના અસલ સ્વરૂપને ઓળખવા તૈયાર થાય, સમસ્ત પ્રકારની દૈવી સંપત્તિનો, સદ્દગુણોનો ને સાત્વિકતાનો સ્વામી બને, તથા બુદ્ધિ અથવા ચિત્તની ચંચલ વૃત્તિ પણ વિષયવતીને બદલે પરમાત્મમયી, દૈવી અથવા દેવોના દેવ પરમાત્માની બનવા તૈયાર થાય તો જીવનમાં ભગવાનના અલૌકિક અનુગ્રહનો અને એની સાથે સાથે ભગવાનનો અવતાર થતાં વાર ના લાગે. એ જીવનમાં ભગવાનનું પ્રાકટ્ય જરૂર થાય. સમસ્ત સંસારને પોતાની તરફ આકર્ષનારા, સૌને જીવન દેનારા ભગવાન કૃષ્ણ એને જરૂર કૃતાર્થ કરે. એ જીવન સફળ મનોરથ, શાંત, પ્રસન્ન ને ધન્ય બને. સંસારના કઠોર ક્લેશકારક કારાવાસનો એ પછી અંત આવે. જીવની ને બુદ્ધિની બધી જ બંધનબેડીઓ તૂટી જાય ને જીવ પૂર્ણ તથા મુક્ત થાય. વસુદેવ તથા દેવકીના નામમાંથી એ સુંદર, સારગર્ભિત, શાશ્વત ધ્વનિ ઊઠે છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૬] યોગમાયાની વાણી

ભગવાનનું સાધારણ શિશુ તરીકેનું સ્વરૂપ પણ એટલું જ અસાધારણ અને આકર્ષક હતું. વસુદેવ અને દેવકી એ સ્વરૂપને ખૂબ જ સંતોષ અને સુખપૂર્વક નિહાળી રહ્યાં. એટલામાં વસુદેવના મનમાં ભગવાને પ્રેરણા કરવાથી એમને કારાવાસમાંથી બહાર નીકળવાની ઇચ્છા થઇ. એ જ વખતે ભગવાનની અચિંત્ય મહામહિમામયી શક્તિના પ્રભાવથી વસુદેવ બંધનમુક્ત બની ગયા, દ્વારપાલો તથા નગરનિવાસીઓની ચેતના લુપ્ત થઇ અને એ બધા અચેત બન્યા. પોતાના સદ્યજાત શિશુને લઇને બહાર નીકળવા લાગ્યા ત્યારે એમણે આશ્ચર્યચકિત આંખે જોયું કે કારાવાસના બધા જ દરવાજા ખુલ્લા છે અને એમની ઉપરનાં તાળાં ઊઘડી ગયાં છે.

વસુદેવ આશ્ચર્ય અને આનંદનો સંમિશ્રિત અનુભવ કરતા બહાર નીકળ્યા. એમના જીવનની એ પ્રત્યેક પળ મૂલ્યવાન હોવાથી એને વ્યર્થ વ્યતીત કરવાનું ફાવે તેમ નહોતું. એમને થયું કે અસાધારણ શક્તિથી સમલંકૃત ભગવાનને માટે કશું જ કઠિન અથવા અશક્ય નથી. એ શું ના કરી શકે એ જ સવાલ છે. એમની પ્રેરણાશક્તિથી આ બધી જ અનુકૂળતાઓ થઇ રહી છે અને આગળ પર પણ થયા કરશે. એવા વિચારથી એ નિશ્ચિંત બની ગયા. માનવને ચિંતા, ભીતિ કે વિષાદ ક્યાં સુધી રહે છે ? જ્યાં સુધી એની અંદર અહંતા અથવા મમતાનું આધિપત્ય હોય છે ત્યાં સુધી. એ જ્યારે પરમાત્માની મંગલમયતામાં વિશ્વાસ રાખીને પરમાત્માની પરમપાવની પ્રેરણા તથા યોજના પ્રમાણે ચાલે છે ત્યારે નિર્ભય, નિશ્ચિંત ને નિર્વિષાદ બની જાય છે.

આકાશ અક્ષમંડળની ગર્જનાથી ઘેરાયલું હતું. વરસાદની મંદમંદ ધારા પણ ધરતી પર ઢળતી હતી. શેષ ભગવાન એનાથી રક્ષા કરવા માટે ભગવાનની પાછળ પાછળ ચાલવા લાગ્યાં. યમુનાનું પાણી પ્રચંડ વેગથી પ્રમત્ત બનીને વહી રહેલું. વસુદેવને યમુના માર્ગમાં જ મળી, પરંતુ એની અંદર પણ એકાએક ક્રાંતિ થઇ. એણે ભગવાનના મહિમાને સમજીને એમને તરત જ શાંત થઇને માર્ગ કરી આપ્યો.

ભગવાનના અદ્દભુત મહિમાનો વિચાર કરીને વસુદેવ ભાવવિભોર અને ગદ્દગદ્દ બની ગયા. પોતાના શરીરધારણને સફળ તથા સાર્થક સમજીને એ ધીમે ધીમે આગળ વધ્યા. ભગવાનને યમુનાએ માર્ગ કરી આપ્યો એ વાતનું આશ્ચર્ય અનેકને થશે પરંતુ એમાં આશ્ચર્ય પામવા જેવું કે ના માનવા જેવું કશું જ નથી.

એ તો પ્રકૃતિના પ્રભુ હતા અને પ્રકૃતિના ઇશ્વર પોતાની ઇચ્છા પ્રમાણે ગમે તે કરી શકે. એ તો સર્વશક્તિમાન છે.

વસુદેવ યમુનાને પ્રસન્નતાપૂર્વક પાર કરીને ગોકુલમાં આવી પહોંચ્યા. ગોકુલ આખું એ વખતે ભગવાનની યોગમાયાના પ્રભાવથી ઘોર ઊંઘમાં ઘોરી રહેલું. સૌ કોઇ ક્યારનાંય અચેત હતાં. ભગવાનની શક્તિથી નંદ તથા યશોદા પણ એકદમ અચેતાવસ્થામાં હતા. વસુદેવે અંતઃપ્રેરણાને અનુસરીને ભગવાન કૃષ્ણને યશોદાની પાસે સુવાડી દીધા ને એની નવજાત કન્યાને લઇને જેવી રીતે ગયા હતા તેવી જ સલામત રીતે કંસના કારાવાસમાં પાછા ફર્યા. કારાવાસમાં પાછા ફર્યા પછી એમની બેડીઓ પહેલાંની પેઠે જ પહેરાઇ ગઇ. નગરના અને કારાવાસના દરવાજા પણ આપોઆપ જ બંધ થઇ ગયા.

એ બધી વિધિ પૂરી થઇ ગયા પછી એ નવજાત છતાં જન્મમરણ રહિત લોકોત્તર શિશુએ સામાન્ય શિશુની પેઠે ક્રંદન શરૂ કર્યું. એને સાંભળીને દ્વારપાલો જાગી ગયા. એમની દ્વારા કંસને સંતાનના જન્મની માહિતી મળી એટલે એ તલવાર લઇને કારાવાસની દિશામાં દોડવા માંડ્યો.

એને કારાવાસમાં આવેલો જોઇને દેવકીએ કન્યાની રક્ષા માટે ભારે કાકલૂદીભરી પ્રાર્થના કરી. પરંતુ કંસ તો કૃતનિશ્ચય હતો. એના પર એ ઉત્કટ પ્રેમપૂર્ણ પ્રાર્થનાની કશી અસર ના થઇ. એના મનમાં પેલા આકાશવાણીના શબ્દો ફરી રહેલા. દેવકીના આઠમા સંતાનથી પોતાનું મૃત્યુ થવાનું છે એ વાતનું વિસ્મરણ એને નહોતું થયું. પછી તે સંતાન પુત્ર હોય કે પુત્રી એની સાથે એને સંબંધ નહોતો. મૃત્યુનું કારણ તો કોઇ પણ થઇ શકે. એટલે એ સંબંધમાં એ કોઇ છૂટછાટ મૂકવા કે ઢીલી નીતિ અપનાવવા અને એવી રીતે પોતાના જ પગ પર કુહાડી મારવા નહોતો માગતો.

વસુદેવ તથા દેવકીની સઘળી પ્રાર્થના વ્યર્થ ગઇ. કંસે એ નવજાત કોમળ કન્યાને ખેંચી લઇ, એના પગને પકડીને એક મોટી શિલા પર પોતાની પૂરેપૂરી શક્તિથી પછાડીને ભયંકર સફળતાપૂર્વક અટ્ટહાસ્ય કર્યું. પરંતુ એનું એ અટ્ટહાસ્ય થોડા જ વખતમાં બંધ થઇ ગયું. કન્યાને પથ્થર પર પછાડતાં વેંત જ એક અદ્દભુત ચમત્કાર બન્યો. એ કન્યા અષ્ટભુજા દેવીના રૂપમાં ઉપર ચઢીને આકાશમાં દેખાઇ. એના હાથમાં હથિયાર હતાં અને એ દિવ્ય માળા, વસ્ત્ર, ચંદન તથા અસંખ્ય આભૂષણોથી અલંકૃત હતી. એણે કંસને કહ્યું કે મૂર્ખ ! મને મારીને શું મેળવીશ ? તને મારવા માટે તો તારા પૂર્વજન્મનો શત્રુ એક બીજી જ જગ્યાએ જન્મી ચૂક્યો છે. હવે નિર્દોષ બાળકોનો નિરર્થક નાશ ના કર.

એટલું કહીને એ દેવી અદૃશ્ય થઇ ગઇ. એના શબ્દો સાંભળીને કંસને આશ્ચર્ય થયું. આકાશવાણીમાં વિશ્વાસ રાખીને એણે દેવકી તથા વસુદેવ પ્રત્યે જે દુર્વ્યવહાર કરેલો તેને યાદ કરીને એના દુઃખનો પાર ના રહ્યો. એમની સાથે ભયંકર દુર્વ્યવહાર કરવા ઉપરાંત એણે એમના કુસુમકોમળ બાળકોને પણ રહેંસી નાંખેલાં. એમ કરતાં એના અંતરમાંથી સહેજ પણ અરેરાટી નહોતી છૂટી. એ બધાને માટે હવે એને પશ્ચાતાપ થવા માંડ્યો.

મૃત્યુનો ભય માનવની કેવી દુર્દશા કરે છે તે જોવું હોય તો કંસના જીવન પરથી જોઇ શકાય છે. એ ભયને લીધે એની ચિંતા વધી ગઇ, ઊંઘ ટળી ગઇ, અને અશાંતિનો પાર ના રહ્યો. એ ભયે એને કુકર્મ પ્રત્યે પ્રેરિત કર્યો ને માનવરૂપે રાક્ષસ બનાવી દીધો એમ કહીએ તો ચાલે. આગળ પર એમાંથી જ એના વિનાશનું બી વવાયું. ભાગવત એનાથી ઉલટું એક બીજું ઉદાહરણ પણ રજુ કરે છે -પરીક્ષિતનું. એને પણ મૃત્યુની માહિતી તો મળી છે પરંતુ એ માહિતીએ એને ભયભીત કે ચિંતીત નથી બનાવ્યો. એથી પ્રેરાઇને એણે કોઇ કુકર્મનો આધાર પણ નથી લીધો. એણે સદ્દબુદ્ધિથી સંપન્ન થઇને જીવનના પરમકલ્યાણને માટે શુકદેવ જેવા સમર્થ સત્પુરુષના સત્સંગનો આધાર લીધો અને એને પરિણામે પોતાનો ઉદ્ધાર કર્યો. માનવની પાસે બંને પ્રકારની શક્યતાઓ પડેલી છે : કંસ બનવાની અને હંસ બનવાની : કુમાર્ગગામી બનીને પોતાને ને બીજાને માટે નૃશંસ થવાની કે સદ્દબુદ્ધિથી સંપન્ન બનીને જીવનના પરમમંગલ માટે પરમહંસ થવાની. બંનેમાંથી કોઇ પણ એક પંથની પસંદગી કરવાની એને સંપૂર્ણ સ્વતંત્રતા છે. માનવે પોતાનો સર્વનાશ નોતરવો છે કે સર્વોત્કર્ષ કરવો છે તેનો વિચાર શાંતિપૂર્વક કરી લેવાનો છે.

કંસે પોતાનાં કુકર્મો માટે દેવકી અને વસુદેવની પાસે પશ્ચાતાપ કરીને એ બંનેને કારાવાસમાંથી મુક્ત કર્યા. દેવકી અને વસુદેવના જીવનમાં એવી રીતે એક બીજા નવીન અધ્યાયનો આરંભ થયો.

* * *

પરંતુ કંસની એ સદ્દબુદ્ધિ લાંબા સમય સુધી ના ટકી. એણે બીજે જ દિવસે એના મંત્રીઓને બોલાવીને યોગમાયાની આકાશવાણીની વાત કહી બતાવી.

મંત્રીઓ પણ એને એટલા બધા ઉત્તમ કોટિના ને નીતિનિપુણ નહોતા મળ્યા. એ સ્વભાવથી જ દેવોના દુશ્મન હતા. એટલે કંસને કહેવા લાગ્યા કે યોગમાયાની અમંગલ આકાશવાણીને અનુસરીને આજથી જ નગરોમાં, ગામોમાં, અહીરોના પ્રદેશોમાં અને અન્ય સ્થળોમાં છેલ્લા દસ દિવસમાં અને તે પહેલાં જન્મેલાં બધાં જ બાળકોને મારી નાખવા જોઇએ. એવું કરવાથી આકાશવાણી નિરર્થક થશે ને મરણનો લેશપણ ભય નહિ રહે. દેવતાઓ આપણને શું કરવાના છે ? તમારાં કરતાં એમની શક્તિ અત્યંત ઓછી છે. એમનો નાશ કરવા આપણે બનતું બધું જ કરી છૂટીએ. દેવોના આશ્રયદાતા ભગવાન વિષ્ણુ છે અને વિષ્ણુનો વાસ સનાતન ધર્મમાં છે. એ સનાતન ધર્મ વેદ, બ્રાહ્મણ, ગાય, તપ તથા યજ્ઞને લીધે ટકે છે. એટલે એ બધાનો વિરોધ કરીએ, ઋષિઓને હેરાન કરીએ ને મારી નાખીએ તો દેવતાઓનો કે વિષ્ણુનો કોઇ પણ પ્રકારનો ભય ના રહે.

કંસને એમની સલાહ ગમી ગઇ. એણે એમને એવું જ કરવાની સલાહ આપી. સંતપુરુષોનો નાશ કરવાનો હિંસાપ્રેમી અસુરોને આદેશ આપ્યો એ અસુરો અસામાન્ય સામર્થ્યથી સંપન્ન હતા. એ ઇચ્છાનુસાર રૂપ ધારી શક્તા પરંતુ દૈવી સંપત્તિથી સંપન્ન બનવાને બદલે ઘોર તમોગુણની મૂર્તિ જેવા હતા. એમના અંતરમાં અવિદ્યારૂપી અંધકાર ફરી વળેલો. એમનું એ અસાધારણ સામર્થ્ય એમને અને અન્યને માટે આશીર્વાદરૂપ ક્યાંથી હોય ? જે સામર્થ્ય - પછી તે શારીરિક હોય, માનસિક હોય અથવા આત્મિક હોય - માનવને અહંકારી, ઉદ્દંડ, વિપથગામી અને વિષયાભિમુખ બનાવે છે અને માનવના અંતરને ઉદાત્ત કે પરમાત્માભિમુખ નથી કરતું તે સામર્થ્ય એનું અભ્યુત્થાન નથી કરતું, અધઃપતન નોતરે છે. કંસના સાથી અસુરોએ સંતોનો દ્વેષ કરીને પોતાના નાશને નોતરી લીધો.

☼ ☼ ☼ ☼ ☼

## [૬] વસુદેવ અને નંદ

નંદ અને યશોદા પુત્રજન્મના સુખદ સમાચારથી પ્રસન્નતા પામ્યાં. એ સમાચાર લાગતા વળગતા સૌ કોઇને માટે પ્રસન્નતા પ્રદાયક થઇ પડ્યા.

એ સર્વોત્તમ સમાચારથી ભારે આનંદમગ્ન બનીને ગોકુલમાં ગોપગોપીઓએ ઉત્સવ કર્યો.

ઉત્સવ કરતાં પહેલાં એ સૌન્દર્યમૂર્તિ શિશુને નિહાળવા સૌ નંદને ઘેર એકઠા થયા.

એમના એ દર્શનાનંદનું પૂરેપૂરું વર્ણન કોણ કરી શકે ? પરંતુ એ આનંદ અનંત અથવા અલૌકિક હતો એમાં શંકા નહિ. એમના મુખમંડળ પરથી એની પૂરેપૂરી પ્રતીતિ થતી.

નંદે પ્રસન્નતાથી પ્રેરાઇને દાન દેવામાં બાકી ના રાખ્યું. એના જીવનની એ ધન્ય ઘડી હતી.

યશોદાનું અંતર પણ ઉલ્લાસથી ઊછળી રહ્યું. એવા સર્વાંગસુંદર શિશુને એણે કે બીજા કોઇએ આજ સુધી નહોતું જોયું. એ પુત્ર કેટલો બધો અદ્દભુત હતો ? એનું લાવણ્ય અસીમ હતું.

નંદને અને યશોદાને ખરેખર લાગ્યું કે આટલા વરસે કોઇ પૂર્વપુણ્યના પરિપાકરૂપે દૈવે એમની ઉપર અનહદ કૃપા કરી.

થોડાક દિવસ એવી રીતે ઉલ્લાસપૂર્ણ વિશુદ્ધ વાતાવરણમાં વીતાવ્યા પછી ગોકુળની રક્ષાનું કાર્ય બીજા ગોપોને સોંપીને નંદ મથુરાપુરીમાં પહોંચ્યા. એમના એ પ્રવાસનું પ્રયોજન કંસને નિશ્ચિત કરેલો વાર્ષિક વેરો ચુકવવાનું હતું. એ અવસરનો લાભ ઉઠાવીને વસુદેવ એમને મળવા ગયા. એમને મળીને નંદ ખૂબ જ પ્રસન્ન થયા. એમના શરીરમાં નવીન ચેતના પ્રકટ થઇ. એમણે એમનો સ્નેહસહિત સત્કાર કરીને એમને પોતાની પાસે બેસાડ્યા.

વસુદેવની કરુણાતિકરુણ દશાની કલ્પના એ પ્રસંગ પરથી સહેલાઇથી કરી શકાય છે. પુત્ર પોતાનો હોવા છતાં નંદનો છે અને નંદને ત્યાં છે એવી વિચિત્ર પરિસ્થિતિ ને પ્રસિદ્ધિ વચ્ચે પણ એમણે સ્વસ્થ, બહારથી લાગણીરહિત તેમજ શાંત રહેવાનું હતું. પોતે પ્રામાણિક પિતા હોવા છતાં એ પિતૃપ્રેમને, પિતા તરીકેના અધિકારને અને પિતા તરીકેના જ્ઞાનને બહાર નહોતું પડવા દેવાનું. ના. ભૂલેચૂકે પણ નહિ. એ કસોટી કેટલી બધી આકરી અને અભૂતપૂર્વ હતી ? એને કાંઇ સામાન્ય કસોટી ના કહી શકાય. પોતાના અનુરાગપૂર્ણ સંવેદનશીલ અંતરને જેમ તેમ કરીને સંભાળપૂર્વક શાંત રાખીને, પોતાના સઘળા સ્વાનુભવના મંદિરદ્વારને પોતાના હાથે બંધ કરીને, એમણે જીવવાનું હતું. ન જાણે એવી રીતે ક્યાં સુધી શ્વાસ લેવો પડવાનો છે ? વસુદેવના વ્યક્તિત્વને એવી રીતે વિલાકીએ તો એ ઘણું વેધક અથવા મર્મભેદક લાગે છે. તો પણ હૃદય પર જાણે પથ્થર મૂકીને વસુદેવ તથા દેવકી બને તેટલી શાંતિ સાથે શ્વાસ લેતાં. કારણ કે એ સમજતાં કે એમાં એમનું, એ પુત્રનું ને સમસ્ત સમાજનું હિત સમાયલું છે. એમણે પરમકૃપાળુ પરમાત્માની ઇચ્છાને ને યોજનાને આનંદપૂર્વક શ્રદ્ધાભક્તિથી સંપન્ન બનીને અનુસરવાનું હતું. એ કાર્ય એ સંપૂર્ણ સફળતાપૂર્વક કરી રહેલાં.

વસુદેવે કહ્યું કે તમારી ઉપર તો ઇશ્વરની કૃપા છે. તમારી પાછલી અવસ્થામાં સંતાન થવાની કોઇ આશા નહોતી ત્યારે તમને સુંદર પુત્રરત્નની પ્રાપ્તિ થઇ. આપણને આજે મળી શક્યા એ પણ ઓછા

આનંદની વાત નથી લાગતી. સૌનું પ્રારબ્ધ અલગ અલગ હોવાથી સૌ સદાને સારું એક સાથે નથી રહી શકતાં. પ્રારબ્ધનો યોગ અનુકૂળ થતાં સૌ ભેગા મળે છે ને પ્રતિકૂળ થતાં છૂટા પડે છે.

**नैकत्र प्रियसंवासः सुहृदां चित्रकर्मणाम ।**

**ओघेन व्यूहयमानानां प्लावानां स्त्रोतसो यथा ॥**

(અધ્યાય ૫, શ્લોક ૨૫)

'સ્વજનોનો ને સ્નેહીજનોનો સમાગમ સદાયે સારો અને સુખકારક લાગે છે તો પણ સર્વસ્થળને માટે નથી રહી શક્તો. સરિતાના પ્રબળ વેગે વહેતા પ્રવાહમાં વહેનારાં તણખલાં તથા નાવડાં જેવી રીતે સદાને સારું સાથે નથી રહી શક્તાં તેમ.'

પરસ્પર કુશળ સમાચાર પૂછીને અને એવી જ બીજી અનુભવાત્મક વાતો કરીને બંને છૂટા પડ્યા. છૂટા પડવાનો વખત આવ્યો ત્યારે વસુદેવે નંદને જણાવ્યું કે તમારું કાર્ય પૂરું થયું હોવાથી તમારે અહીં વધારે ના રોકાવું જોઇએ. ગોકુળમાં ભયંકર ઉત્પાત થઇ રહ્યા છે માટે વહેલી તકે ત્યાં જઇને સૌની સુરક્ષાના સમ્યક્ ઉપાય કરો એ વિશેષ હિતાવહ છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૭] પૂતનાનો પ્રસંગ

વસુદેવના શબ્દો સહેતુક અને સાચા હતા એની પ્રતીતિ થોડા જ વખતમાં થયા વિના ના રહી. વધારે વખત વીતે તે પહેલાં જ ગોકુળમાં પૂતનાનો પ્રસંગ ઊભો થયો. નંદને એવા કોઇક પ્રતિકૂળ પ્રસંગની આશંકા તો હતી જ.

પૂતના કંસની પરિચારિકા રાક્ષસી હતી. કંસના આદેશાનુસાર એ ઠેકઠેકાણે ફરીને નાનાં બાળકોનો નાશ કરતી. એમ કરવામાં એને અભૂતપૂર્વ અસાધારણ આનંદ આવતો. એમ કરતાં એને સહેજ પણ સંકોચ ના થતો. એનું રુંવાડુયે હાલતું નહિ. એ એની અદ્દભુત આસુરી શક્તિથી આકાશમાર્ગે ચાલી શક્તી અને ઇચ્છાનુસાર રૂપ ધારી શક્તી. એની અંદર એવી બીજી અનેકાનેક શક્તિઓ હતી પરંતુ એની વૃત્તિ આસુરી હોવાથી એ શક્તિઓનો સદ્ઉપયોગ નહોતો થઇ શક્તો. એ શક્તિઓ બીજાને હેરાન કરવા ને બીજાનો નાશ કરવા માટે જ વપરાતી. એને લીધે એ રાક્ષસી આશીર્વાદરૂપ બનવાને બદલે અભિશાપરૂપ બની ગયેલી. એ મન, વચન, શરીર તથા વર્તનથી પવિત્ર નહોતી રહી શકી. પૂત નહોતી, પૂત-ના એટલે બધી રીતે અપવિત્ર, અમંગલ, પાપિણી હતી.

ગોકુળની પાસે પહેંચીને એણે એની વિશિષ્ટ શક્તિથી સુંદર યુવતીનું સ્વરૂપ ધારણ કર્યું. એ સ્વરૂપને લીધે એ અત્યંત આકર્ષક દેખાવા લાગી. એણે એ અવનવીન સ્વરૂપ સાથે ગોકુળમાં પ્રવેશ કર્યો ત્યારે આબાલવૃદ્ધ સૌ કોઇ એને જોઇને મોહિત થઇ ગયાં. એને હાથમાં સુંદર કમળ સાથે આવતી જોઇને ગોપીઓને પોતાના સ્વામી વિષ્ણુ ભગવાનના દર્શનથી કૃતકૃત્ય બનવા નીકળેલી લક્ષ્મીની સ્મૃતિ થઇ આવી. કેટલાકને અમરાપુરીની એકાદ અપ્સરા દિવસના સમયે છતાં અજ્ઞાત રીતે અભિસારે નીકળી હોય એવું લાગવા માંડ્યું. કોઇ એની માયાને લીધે એના વાસ્તવિક સ્વરૂપને ન ઓળખી શક્યું.

બાળકોની નિર્દોષ હત્યા કરવામાં ગૌરવ ગણનારી અને આનંદ માનનારી પૂતના સંજોગોને સાનુકૂળ જોઇને નંદયશોદાના ઘરમાં પેસી ગઇ, ત્યાં એણે સમસ્ત સૃષ્ટિના સ્વામી, દુષ્ટોના કાળ જેવા ભગવાન કૃષ્ણને સુંદર શય્યા પર સુતેલા જોયા. એ એમને ઓળખી તો ના શકી પરંતુ એમની અસાધારણ સર્વોત્તમ સુંદરતાનો પ્રભાવ એના પર પડ્યા વિના ના રહ્યો. ભગવાન કૃષ્ણે એને જોતાંવેંત જ એના વાસ્તવિક સ્વરૂપને સમજી લીધું, એના અમંગલ આશયને પણ સમજી લીધો, ને શાંતિથી આંખ મીંચી દીધી. એ જાણતા હતા કે પૂતના એમની પાસે પહોંચીને ક્રમેક્રમે કાળના મુખમાં પ્રવેશવાની તૈયારી કરી રહી છે. એ સઘળું વિધિની પૂર્વયોજિત નિશ્ચિત યોજનાનુસાર સહજ રીતે, અનાયાસે અથવા આપોઆપ જ થવાનું હતું. પછી એ શા માટે સહેજ પણ અસ્વસ્થ બને ?

પૂતનાએ પોતાના વિનાશનું પ્રથમ પગલું--નંદના ઘરમાં પ્રવેશવાનું તો ક્યારનું ભરી દીધેલું. હવે એ દિશામાં બીજું મહત્વનું પગલું ભર્યું. કૃષ્ણને પોતાના ખોળામાં લેવાનું. એનું કાળજુ કુટિલ ને ક્રુર હોવા છતાં એનું બાહ્ય સ્વરૂપ એક આદર્શ સુંદરીનું હોવાથી ત્યાં ઊભેલી યશોદા તથા રોહિણી જેવી બીજી સ્ત્રીઓએ એના અમંગલ આશયને ના સમજવાથી એને એમ કરતાં ના અટકાવી એટલે પોતાના નિર્ધારિત કાર્યમાં સંપૂર્ણ સફળતા સાંપડવાની આશાથી એ અતિશય આનંદમગ્ન બની ગઇ. એને ખબર નહોતી કે એ આનંદ

ક્ષણિક હતો. આજ સુધી એ કેટલાંય બાળકોને મારી ચૂકેલી. એની બાળકોનો નાશ કરવાની પદ્ધતિ ખૂબ જ સહેલી ને ઝડપી હતી. સ્તન પર વિષનું લેપન કરીને એ એમને પયપાન કરાવતી એના પરિણામે બાળકો તરત જ ક્ષણમાત્રમાં યમસદનમાં પહોંચી જતાં. યશોદાના એ અપ્રતિમ સૌન્દર્યસંપન્ન શિશુને માટે પણ એ જ પદ્ધતિ અજમાવવાનો નિર્ણય કરીને એ આવી પહોંચેલી. પરંતુ એને એ શિશુની સર્વોત્તમ શક્તિની માહિતી ક્યાં હતી ? એનો પૂરેપૂરો પરચો તો હજુ હવે જ મળવાનો હતો. જેના અનુગ્રહથી વિષ અમૃતમય બની જાય છે અને જેની અવકૃપાથી અમૃત વિષમય થાય છે તે પરમાત્માની પરાત્પર શક્તિ જ એ શિશુના સ્વરૂપમાં સાકાર બનેલી એની એને જાણ ન હતી. એનો વિષપ્રયોગ એ શિશુની આગળ સફળ ક્યાંથી થઇ શકે ?

છતાં પણ આસુરી પ્રકૃતિની અજ્ઞાની પૂતનાએ પતન અથવા વિનાશનું ત્રીજું પગલું ભર્યું. એણે ભગવાન કૃષ્ણને પયપાન કરાવવાનું શરૂ કર્યું. એ પયપાન કરાવવાનું કર્મ એને માટે ખૂબ જ ક્લેશકારક થઇ પડ્યું. કૃષ્ણે બંને હાથે સ્તનને દબાવીને ભારે ક્રોધપૂર્વક પયપાન કરવા માંડ્યું. પૂતનાથી એ સહન ન થઇ શક્યું. એને માટે એ અનુભવ એકદમ નવો ને નિરાળો હતો. એની છાતી ખેંચાવા લાગી અને એનું મર્મસ્થાન તૂટવા માંડ્યું. કેવો અસહ્ય, અશુભ અનુભવ ? એ અત્યંત આર્ત બનીને એના હાથમાંથી છૂટવા માટેના પોકારો પાડવા લાગી. એ શિશુએ બતાવેલા ચમત્કાર જેવો ચમત્કાર તો એણે ક્યાંય નહોતો જોયો. એને થયું કે પોતે અમંગલ ગ્રહનક્ષત્રમાં અશુભ સમયે આવી પહોંચી છે. એનાં પાપનો પુંજ એકઠો થવાથી જ એને એનો દંડ દેવા માટે જ એ શિશુનો સમાગમ થયેલો. એનું પરિણામ હવે નિશ્ચિત હતું. શિશુ એના પ્રાણને ચૂસી રહેલું. એ એના હાથ-પગને જોરથી પછાડીને રોવા લાગી. પરંતુ હવે રોવાથી શું વળે ? 'બદલો ભલાબુરાનો અહીંનો અહીં મળે છે, જેવી કરે જે કરણી તેવી તરત ફળે છે'નો તાદ્દશ ચિતાર ત્યાં ખડો થયો. એના પેટમાં જે પાપ હતું એ જ એને પ્રબળ બનીને ખાવા લાગ્યું. હજુ એ એના અપરાધને માટે પશ્ચાતાપ કરીને માફી માગી શકી હોત. તો કદાચ એ અલૌકિક શિશુ એને છોડી દેત. પરંતુ એને માટે પણ ભાગ્ય જોઇએને ? એની તમોગુણપ્રધાન અજ્ઞાનાંધકારથી આવૃત્ત મનોવૃત્તિમાં પ્રજ્ઞાનો એવો પવિત્રતમ પ્રકાશ ક્યાંથી પડી શકે ? એનું સમસ્ત શરીર પરસેવાથી ભરાઇ ગયું. એના પ્રબળ પોકારોને સાંભળીને સૌ નંદના ઘરમાં ને ઘરના પ્રાંગણમાં ભેગાં થયાં. એની આંખ ફાટવા માંડી. એના મર્મસ્થાનમાં એવી તો ભયંકર પીડા થવા લાગી કે પોતાની જાતને વધારે વખત સુધી છૂપાવી ના શકી ને રાક્ષસીના મૂળ સ્વરૂપમાં પ્રકટ થઇ. એનું મુખ ફાટી ગયું, એનું શરીર શિથિલ બન્યું, અને શરીરને છોડીને એના પ્રાણ બહાર નીકળી જવાથી એ રાક્ષસીના જીવન પર પડદો ફરી વળ્યો. એનું મૃત શરીર બહાર આવીને પડી રહ્યું. એ શરીર અત્યંત ભયંકર, બેડોળ તથા બદબૂથી ભરેલું હતું. એ શરીરને દેખીને ગોપ-ગોપીઓ ભયભીત બની ગયાં. એમની બુદ્ધિ કામ કરવા ન લાગી. સ્વલ્પ સમયમાં એકાએક આ બધું શું બન્યું તેને સમજવાનું એમને માટે અશક્ય થઇ પડ્યું. યશોદા તથા રોહિણીને માટે પણ. એ ભગવાન કૃષ્ણની રક્ષા માટે જુદા જુદા પ્રચલિત પ્રયોગો કરવા ને પ્રાર્થના કરવા લાગી. ભગવાન કૃષ્ણની અનંત શક્તિનું અનુમાન કરવાનું એમને માટે એકદમ અશક્ય હતું.

ભગવાન કૃષ્ણ તો પોતાના લોકોપયોગી કલ્યાણ કર્મને પૂરું કરીને શાંતિથી જાણે કે કાંઇ જ ના બન્યું હોય કે પોતે કશું જ ના જાણતા હોય તેમ સંપૂર્ણ સ્વસ્થતાપૂર્વક સૂઇ રહ્યા. એમનો પાર્થિવ પૃથ્વી પરનો પ્રાદુર્ભાવ સમસ્ત સમાજના કલ્યાણને માટે, સમાજને દાનવોની તથા દાનવીય વૃત્તિ ને પ્રવૃત્તિની પકડમાંથી

મુક્ત કરીને સુખશાંતિથી સંપન્ન કરવા માટે જ થયેલો. એ રીતે એ એક આદર્શ સમાજસેવક હતા. એમની એ સમાજસેવાનો આરંભ એમના આવિર્ભાવ સાથે જ થયેલો કારણ કે એ આવિર્ભાવ એમના બદ્ધ માતાપિતાને કંસના કારાવાસમાંથી પરોક્ષ રીતે છોડાવનારો થઇ પડ્યો. હવે પૂતનાના નાશથી એ સેવાકાર્યમાં એ પ્રત્યક્ષ ને સક્રિય રીતે આગળ વધ્યા. એ સેવાકાર્ય બીજાની દૃષ્ટિએ અજ્ઞાત હોવા છતાં શકવર્તી, મૂલ્યવાન અથવા મહત્વનું હતું.

સમાજમાં પૂતનાઓનો પૂરેપૂરો નાશ થયો છે ખરો ? ના, ભગવાન કૃષ્ણે તો એક પૂતનાને મારી પરંતુ આજે એવી અસંખ્ય પૂતનાઓ-આસુરી વૃત્તિઓ સમાજની સત્વશીલતાને, ચેતનાને ને રસકસ કે પ્રાણને ચૂસવાના આશયથી વિષમય બનીને ફરે છે. એમનો અંત જેટલો બને તેટલો જલદી આણવો જ રહ્યો. આસુરી વૃત્તિઓ કે સંપત્તિઓની એ પૂતનાઓને નષ્ટ કરવા આત્મશક્તિને જગાડવાની ને વધારવાની આવશ્યકતા છે.

પૂતનાનો નાશ થયા પછી નંદ એમના સાથીઓ સાથે મથુરાથી ગોકુળ પહોંચ્યા. પૂતનાના મહાભયંકર મૃતશરીરને નિહાળીને એ આશ્ચર્યચકિત બની ગયા. એમણે પરસ્પર કહેવા માંડ્યું કે વસુદેવે ગોકુળમાં ઉત્પાત થવાની જે વાત કરેલી તે સાચી પડી એટલે વસુદેવ ખરેખર દૈવી શક્તિથી સંપન્ન છે. એમના રૂપમાં કોઇક વિશુદ્ધ હૃદયના ઋષિએ જ જન્મ લીધો લાગે છે.

વ્રજવાસીઓએ એ પછી એકઠા થઇને કુહાડીથી પૂતનાની કાયાના ટુકડે ટુકડા કરી નાખ્યા અને એ ટુકડાઓને ગોકુળથી થોડેક દૂર લઇ જઇને લાંકડાં પર મૂકીને બાળી નાખ્યા.

☼ ☼ ☼ ☼ ☼

## [૮] તૃણાવર્તનો ઉદ્ધાર

ભગવાન કૃષ્ણ જન્મની સાથે જ કેટલીક સવિશેષ શક્તિઓને લઇને આવેલા. જે વિશિષ્ટ વિરાટ વિભૂતિઓની કે શક્તિઓની પ્રાપ્તિ પ્રાતઃસ્મરણીય યોગીપુરુષોને સુદીર્ઘ સમયની કઠોર તપશ્ચર્યા કે સાધનાના પરિણામે થાય છે તે શક્તિઓ એમની સહચરી બનીને આવેલી. યશોદાને એવી શક્તિઓનો અનુભવ અજ્ઞાત રીતે કદી કદી થયા કરતો, પરંતુ ભગવાન કૃષ્ણના મંગલમય મહિમાને અલ્પ અથવા અધિક પ્રમાણમાં સમજવાનું મહાકાર્ય એને માટે મુશ્કેલ હોવાથી એ અનુભવને એ વાસ્તવિક રીતે પ્રમાણીને ભગવાન કૃષ્ણને માટેની શ્રદ્ધાભક્તિ માટે મદદરૂપ નહોતી કરી શક્તી.

એક વાર એ કૃષ્ણને ખોળામાં બેસાડીને રમાડી રહેલી ત્યારે કૃષ્ણનું શરીર એકાએક ખૂબ જ ભારે થઇ ગયું. કૃષ્ણ જાણે કે પર્વત જેવા પ્રબળ બની ગયા. એથી એમના ભારને સહન કરવાનું એને માટે અશક્ય થઇ પડ્યું. એણે એમના ભારથી પીડિત થઇને એમને જમીન પર બેસાડી દીધા. એ એના રહસ્યને ના સમજી શકી. ભગવાનનું સ્મરણ કરીને એણે મનને જેમતેમ કરીને શાંત કર્યું ને પછી ઘરકામમાં પરોવ્યું.

એક બીજે દિવસે એ કૃષ્ણને પયપાન કરાવી રહેલી. કૃષ્ણે પયપાન કરવાનું પૂરું કર્યું તે પછી બગાસાં ખાવાનું શરુ કર્યું. એ વખતે એણે જોયું કે એમના મુખમાં આકાશ, અંતરીક્ષ, જ્યોતિમંડળ, દિશાઓ, સૂર્ય, ચંદ્રમા, અગ્નિ, વાયુ, સમુદ્ર, દ્વીપ, પર્વત, નદી, વન અને સમસ્ત ચરાચર પ્રાણીઓ સ્થિત છે. એ અદ્દભુત દર્શનથી યશોદાનું અંતર એકદમ ધ્રુજી ઊઠયું. એના કાયા કંપવા લાગી.

એ અદૃષ્ટપૂર્વ પ્રસંગ પણ યશોદાની અંતરદૃષ્ટિને ના ઊઘાડી શક્યો. એ ભગવાન કૃષ્ણના મહિમાને ના સમજી શકી.

થોડાક દિવસો પછી તૃણાવર્તનો પ્રસંગ ઊભો થયો. તૃણાવર્ત દૈત્ય કંસનો પરિચારક હતો. એક દિવસ એ વંટોળના રૂપમાં ગોકુળમાં પ્રવેશીને કૃષ્ણને એકાએક કોઇને પણ ખબર ના પડે એવી રીતે ઉપાડીને આકાશમાં લઇ ગયો. એ કંસના આદેશથી જ ગોકુળમાં આવેલો. એણે સમસ્ત ગોકુળને ધૂળથી ઢાંકી દીધું. એના ભયંકર શબ્દથી દિશાપ્રદિશાઓ કંપી ઊઠી. કોઇને કશું દેખાયું જ નહિ.

યશોદાએ જોયું તો કૃષ્ણ ઘરમાં ના દેખાયા. એથી એ ખૂબ જ ચિંતાતુર બની ગઇ, ને રડવા લાગી.

વંટોળ શાંત થયા પછી યશોદાનો વિલાપસ્વર સાંભળીને ગોપીઓ એની પાસે પહોંચી. એ પણ કૃષ્ણને ના જોઇને રડવા તથા શોક કરવા લાગી. જીવનમાં બીજું બધું જ હોય પરંતુ ભગવાન કૃષ્ણની ઉપસ્થિતિ ના હોય તો શું કામનું ? એ જીવનમાં રસ શો અને એનું મહત્વ પણ શું ? એવું જીવન તો મરણની આવૃત્તિ જેવું જ નીરસ ને જડ બની જાય. ભગવાન કૃષ્ણને લીધે જ જીવન જીવવા જેવું બને છે અને આનંદ આપે છે.

તૃણાવર્ત વંટોળનું વિકરાળ રૂપ લઇને કૃષ્ણને આકાશમાં ઉપાડી ગયો તો ખરો પરંતુ કૃષ્ણના ભારને સહી ના શક્યો. કૃષ્ણની અસીમ શક્તિને લીધે એને માટે આગળ વધવાનું અશક્ય બની ગયું. એનો સંવેગ શાંત થઇ ગયો. એનાથી વધારે ના ચાલી શકાયું. કૃષ્ણે એના ગળાને એવું તો જોરથી નાગચૂડની પેઠે પકડી રાખ્યું કે એમાંથી છૂટવાનું એને માટે એકદમ કઠિન થઇ પડ્યું. એ અસુર આખરે અશક્ત અને અસહાય બની

ગયો. એની આંખ બહાર નીકળી પડી. એનું શરીર નિર્જીવ બની ગયું અને એ કૃષ્ણની સાથે ગોકુળના પુણ્ય પ્રદેશમાં પડ્યો. ગોપીઓએ એને એવી રીતે નીચે પડેલો જોઇને અને કૃષ્ણને એની સાથે જોઇને અસાધારણ આશ્ચર્યનો અનુભવ કર્યો. એમણે કૃષ્ણને તેડી લીધા અને યશોદા પાસે પહોંચાડ્યાં. યશોદા એમના જીવનની રક્ષા થઇ શકી એ જાણીને આનંદ પામી. એને માટે ભગવાનનો આભાર માન્યો. બીજી ગોપીઓને કૃષ્ણની અનંત શક્તિની કલ્પના નહોતી. એ તો એમનો સામાન્ય શિશુ જેવા જ સમજતી અને એમની સાથે એવી જ ભાવનાથી વ્યવહાર કરતી.

એ જમાનાના એક-બીજા મહાભયંકર મહાશક્તિશાળી અસુર તૃણાવર્તના જીવનનો એવી રીતે અંત આવ્યો ને સમાજ નિર્ભય બન્યો. એ અસુરના સંબંધમાં એવી કથા પ્રચલિત છે કે એ એના પૂર્વજન્મમાં સહસ્ત્રાક્ષ નામે રાજા હતો. એકવાર એ નર્મદાતટ પર પોતાની પત્નીઓની સાથે વિહાર કરી રહેલો ત્યારે દુર્વાસા ઋષિ નીકળ્યા. એ કામમોહિત અવસ્થામાં હોવાથી એણે દુર્વાસા ઋષિને પૂજ્યભાવે મને કે કમને પણ પ્રણામ ન કર્યાં. એ જોઇને દુર્વાસાએ એને સત્વર શાપ આપ્યો કે તારી વૃત્તિ તથા પ્રવૃત્તિ રાક્ષસ જેવી હોવાથી તું અત્યારે ને અત્યારે જ રાક્ષસ થઇ જા. એ શાપ સાંભળીને રાજા સહસ્ત્રાક્ષને દુઃખ થયું. દુર્વાસા ઋષિના પગમાં પડીને એણે ક્ષમાયાચના કરી એટલે એમણે જણાવ્યું કે મારો શાપ પોતાનું ધારેલું કાર્ય કરશે જ. છતાં પણ એ આસુરી યોનિમાં ભગવાન કૃષ્ણના કલ્યાણકારક સ્વરૂપનો સ્પર્શ પામીને તું એમાંથી મુક્તિ મેળવીશ.

એવી રીતે શાપિત થયેલા સહસ્ત્રાક્ષ રાજાને તૃણાવર્તનું શરીર પ્રાપ્ત થયું અને એ શાપના અનુસંધાનમાં તૃણાવર્તે ભગવાન કૃષ્ણનો સુધાસભર શક્તિસંચારક સંસ્પર્શ મેળવીને એ આસુરી અમંગલ યોનિમાંથી મુક્તિ મેળવી.

☼ ☼ ☼ ☼ ☼

## [૯] નામકરણસંસ્કાર અને બીજી લીલા

યદુવંશીઓના કુલગુરુ ગર્ગાચાર્ય વસુદેવની પ્રેરણાથી એકવાર ગોકુળમાં આવી પહોંચ્યા. નંદે એમના દર્શનથી કૃતકત્ય બનીને એમનો શ્રદ્ધાભક્તિયુક્ત સમુચિત સત્કાર કર્યો. અને કૃષ્ણ તથા બલરામના નામકરણ માટે પ્રેમપૂર્વક પ્રાર્થના કરી.

ગર્ગાચાર્યે જણાવ્યું કે બંને બાળકોના નામકરણાદિ વિવિધ સંસ્કાર જો મારી દ્વારા થશે તો લોકો તમારા પુત્રને વસુદેવનો પુત્ર સમજશે. કંસ પણ યોગમાયાની દિવ્ય વાણીને લક્ષમાં લઇને એને મારનારા બાળકની શોધમાં હોવાથી તમારા પુત્ર પર વહેમાશે અને એવી રીતે નકામી અશાંતિ ઊભી થશે.

ગર્ગાચાર્યની વિચારસરણી સુસ્પષ્ટ હોવાથી નંદ એને સહેલાઇથી સમજી શક્યા. એ કોઇ પ્રકારની અનાવશ્યક અશાંતિ ઊભી કરવાની ઇચ્છા નહોતા રાખતા. એટલે એમણે એ બાળકોના કેવળ નામકરણસંસ્કાર અને એ પણ ખૂબ જ ગુપ્તતાપૂર્વક કરવાની પ્રાર્થના કરી. એ પ્રાર્થનાને અનુલક્ષીને ગર્ગાચાર્યે એ બંને બાળકોના ગુપ્ત અથવા બનતા ગુપ્ત નામકરણસંસ્કાર કરવાની તૈયારી દર્શાવી.

ગર્ગાચાર્યે નામકરણસંસ્કારની શરૂઆત કરતાં કહ્યું કે આ રોહિણીનો પુત્ર હોવાથી રૌહિણેય કહેવાશે. એ પોતાના મિત્રો તથા સ્વજનોને પોતાના સર્વોત્તમ સદ્દગુણોથી આનંદ આપશે માટે રામ પણ કહેવાશે. એની શક્તિ અસીમ હોવાથી બલરામથી પણ ઓળખાશે. યાદવોમાં તથા તમારામાં કશો ભેદભાવ રાખ્યા સિવાય સમય પર સંપ કરાવવાની પ્રવૃત્તિ કરાવશે એને લીધે એ સંકર્ષણ નામથી પણ પ્રસિદ્ધિ પામશે. આ બીજો શ્યામ શરીરધારી છે તે પ્રત્યેક યુગમાં સ્વેચ્છાથી શરીર ધારણ કરે છે. એનું નામ કૃષ્ણ પડશે. તમારો આ પુત્ર વસુદેવને ત્યાં પ્રાદુર્ભાવ પામેલો હોવાથી એ રહસ્યને જાણનારા એને શ્રીમાન વાસુદેવ પણ કહેશે. એનાં બીજાં પણ અનેક નામ તથા રૂપ થશે. આ બાળક તમારું ને સમસ્ત સંસારનું શ્રેય કરશે. સૌને નૂતન પ્રેરણા, પ્રકાશ, શક્તિ અને આનંદ આપશે. એની મહામૂલ્યવાન મદદ મેળવીને તમે મોટી મોટી મુસીબતોને પણ શાંતિપૂર્વક સ્મિત સહિત પાર કરી શકશો. એ તમારી સૌની સર્વ રીતે રક્ષા કરશે. એની સાથે સ્નેહસંબંધ રાખનારા ખૂબ જ ભાગ્યશાળી હશે. આ બાળક સદ્દગુણ, સંપત્તિ, સૌન્દર્ય, સામર્થ્ય, યશ, પ્રભાવ તથા જ્ઞાન ગમે તે દૃષ્ટિથી જોતાં એક, અજોડ અથવા અનન્ય થશે ને ભગવાન નારાયણના જેવો હશે. તમે બધા એને તમારી અને સમસ્ત સમાજની મહામૂલ્યવાન મહત્વની થાપણ માનીને એની બનતી બધી જ રીતે રક્ષા કરજો.

નંદને ક્યાં ખબર હતી કે એ બધા એક સાથે એકઠા મળીને પણ ભગવાન કૃષ્ણની રક્ષા કરી શકે તેમ હતા જ નહિ ! ભગવાન કૃષ્ણ પોતાની શક્તિથી પોતાની મેળે જ સુરક્ષિત હતા અને સમસ્ત સમાજને સુરક્ષિત કરવા આવેલા. એમની રક્ષા બીજું કોણ કરી શકે તેમ હતું ? ગર્ગાચાર્યે જે કાંઇ કહેલું તે તો લૌકિક રીતે જ કહી બતાવેલું. ભગવાન કૃષ્ણના જીવનની મહત્તા અથવા ઉપયોગિતા બતાવવા માટે. નંદ એ કથનને સારી પેઠે સમજી શક્યા.

વખતને વીતતાં કાંઇ વાર લાગે છે ? દિવસ પછી રાત અને રાત પછી દિવસ, કાળચક્ર પાણીના રેલાની પેઠે ઝડપથી પસાર થતું જાય છે. જીવન સદાને સારું એકસરખા સ્વરૂપમાં નથી રહી શક્તું. કુદરતનું

પોતાનું કાર્ય કોઇપણ પ્રકારના વ્યર્થ વિલંબ, વાદવિવાદ કે પ્રમાદ વિના ચોક્કસ, નિયમિત ને વ્યવસ્થિત રીતે ચાલ્યા જ કરે છે. કાળની એ કૂચની સાથે બલરામ તથા કૃષ્ણ મોટા થતા ગયા ને પોતાની મેળે જ ચાલવા લાગ્યા. પોતાના પગ પર પગલાં માંડીને ચાલવાનો અનુભવ જીવનનો સૌથી પ્રથમ વિલક્ષણ અનુભવ હોય છે. એ અનુભવ અત્યંત આશ્ચર્યકારક અને આનંદદાયક થઇ પડે છે. એ વિલક્ષણ, અતિવિલક્ષણ અનુભવમાંથી એ પસાર થયા. માતાઓ એ અવલોકીને આનંદાનુભવ કરવા લાગી.

કૃષ્ણ ને બળદેવ વ્રજમંડળમાં ઇચ્છાનુસાર બધે જ ફરવા ને ગોપબાળકોની સાથે રમવા માંડ્યા. એમની રસમય રમતો ગોપગોપીઓને ખૂબ જ પ્રિય અને આહ્લાદક લાગતી. એમના દર્શનને સૌ પોતાનું પરમ સૌભાગ્ય સમજતાં. ગોપીઓ કૃષ્ણના તોફાનોથી ત્રસ્ત બનીને કોઇ કોઇ વાર યશોદાને ફરિયાદ કરવા પણ પહોંચી જતી.

એકવાર બલરામ અને બીજા બાળકો કૃષ્ણ સાથે ક્રીડા કરી રહેલા. એમણે યશોદા પાસે પહોંચીને ફરિયાદ કરતાં કહેવાં માંડ્યું કે કનૈયાએ માટી ખાધી છે. યશોદાએ કનૈયાનો હાથ પકડીને એને ધમકાવતી હોય તેમ પૂછ્યું કે તેં માટી કેમ ખાધી ? તારા મિત્રો શું કહી રહ્યા છે ? તારા મોટા ભાઇ બળદેવ પણ એમની ફરિયાદમાં સૂર પુરાવી રહ્યા છે.

કૃષ્ણે પોતે માટી ખાધી હોવાનો ઇન્કાર કર્યો ને સમજુ પુરુષને છાજે એવી રીતે કહ્યું કે મેં માટી ખાધી હશે તો મારા મુખમાં એની નિશાની તો હશે ને ? હું તારી આગળ જ ઊભો છું. તું મારા મુખને જોઇને તટસ્થ રીતે એની ખાતરી કરી શકે છે. બાળકો તો બધા જુઠું બોલે છે.

યશોદાની આજ્ઞાથી કૃષ્ણે પોતાનું મુખ ખોલ્યું.

યશોદા એ મુખમાં દૃષ્ટિપાત કરીને મંત્રમુગ્ધ બની ગઇ. એ મુખ બહારથી જોતાં તદ્દન સામાન્ય મુખ હોવાં છતાં અંદરથી અત્યંત અસામાન્ય દેખાયું. યશોદા સમજી ના શકી કે આ બધું શું છે ? એણે આંખ ચોળીને ફરીવાર જોયું પરંતુ એથી કાંઇ વાસ્તવિક દર્શનમાં ફેર પડી શકે ? એ એકદમ આશ્ચર્યચકિત બની ગઇ. એ મુખમાં એણે સંપૂર્ણ સૃષ્ટિનું દર્શન કર્યું. અનંત આકાશ, પર્વત, દ્વીપ, સમુદ્ર, પૃથ્વી, દિશાપ્રદિશા, સૂર્ય, ચંદ્ર, ગ્રહનક્ષત્ર, તારા, વિદ્યુત, દેવતાઓ સાથેના સમસ્ત સર્જનને, વ્રજમંડળને અને એને પોતાને પણ એણે એ મુખમંડળમાં જોયું. એને ભાતભાતની શંકાઓ થવા માંડી. એણે સાચા દિલથી ભગવાનની પ્રાર્થના કરી. એ કૃષ્ણના દિવ્ય મહિમાને સમજી ગઇ. પરંતુ ભગવાન કૃષ્ણે પોતાની માયાના પ્રભાવથી એની એ તત્વબુદ્ધિને ઘેરી લીધી. એથી યશોદાને એ અલૌકિક અનુભૂતિનું વિસ્મરણ થયું.

* * *

ભગવાન કૃષ્ણનું પ્રાકટ્ય થયું મથુરાના કંસના કારાવાસમાં પરંતુ એમના લાલનપાલનનો, માતા-પિતા તરીકેના એમના ઉછેરનો અને એમની બાલજીવનની જુદી જુદી લીલાઓના નિરીક્ષણનો જે દેવદુર્લભ લાભ દેવકી તથા વસુદેવને ના મળ્યો તે યશોદા અને નંદને અનાયાસે આપોઆપ પ્રાપ્ત થયો એ આશ્ચર્યકારક નથી લાગતું ? એની પાછળ કોઇ કારણ હતું ખરું કે એ એક અકસ્માત હતો ? નંદ-યશોદાનું ભાગ્ય તો વસુદેવ-દેવકીના ભાગ્ય કરતાં પણ વધારે સારું કહી શકાય. એવા વિચારો સામાન્ય રીતે પેદા થવાની શક્યતા છે. એવા જિજ્ઞાસામૂલક વિચારો પરીક્ષિતને પણ પેદા થયા અને એ વિચારો એણે શુકદેવની

આગળ રજુ કર્યા. એ વિચારોના સ્પષ્ટીકરણરૂપે શુકદેવે જે કહ્યું તે ખૂબ જ મનનીય છે. એ બતાવે છે કે જગતમાં કશું જ અકસ્માતરૂપે નથી થતું. જે અકસ્માતરૂપે થતું લાગે છે એની પાછળ પણ કાર્યકારણભાવની નિશ્ચિત નિયમાવલિ કામ કરતી હોય છે. પછી માનવને એની માહિતી હોય કે ના હોય. નંદ અને યશોદાને ભગવાન કૃષ્ણનાં પાલક માતા-પિતા તરીકે શ્વાસ લેવાનું સુરદુર્લભ સૌભાગ્ય સાંપડ્યું તેની પાછળ પણ કાર્યકારણભાવની નિશ્ચિત શૃંખલા જ કાર્ય કરી રહેલી. એ શૃંખલા સામાન્ય રીતે અજ્ઞાત હોવા છતાં પણ કેટલી બધી અદ્દભુત રહસ્યમયી અને ચોક્કસ અથવા સુવ્યવસ્થિત હતી એનો ખ્યાલ આપણને શુકદેવે આપેલા ઉત્તર પરથી સહેજે ને સારી પેઠે આવી શકે છે. એ ઉત્તરનો સાર એ છે કે નંદ તથા યશોદાને એમના જન્માંતર સંસ્કારના અનુસંધાનરૂપે જ ભગવાન કૃષ્ણના સંસર્ગ તેમજ સ્નેહની પ્રાપ્તિ થયેલી. નંદ પોતાના પૂર્વજન્મમાં દ્રોણ નામના વસુ હતા. યશોદા એ જન્મમાં એમની પત્ની ધરા હતી. એમણે બ્રહ્માના આદેશનું અનુસરણ કરવાના આશયથી એમને જણાવ્યું કે અમે પૃથ્વી પર જન્મ લઇએ ત્યારે જગદીશ્વર ભગવાન શ્રીકૃષ્ણમાં અમારી અનન્ય પ્રેમભક્તિ થાય. એવી ભક્તિની મદદથી મનુષ્યો દુનિયાની જુદી જુદી દુર્ગતિ કે પીડાઓને સહેલાઇથી પાર કરી જાય છે.

બ્રહ્માએ એમની માગણીનો સ્વીકાર કર્યો.

એ જ દ્રોણ વખતના વીતવાની સાથે વ્રજની પવિત્ર ભૂમિમાં નંદરૂપે પ્રકટ થયા. ધરા યશોદા બની. એમની આકાંક્ષાનુસાર ભગવાન કૃષ્ણે એમને પોતાના સમાગમનું સ્વર્ગીય સુખ પ્રદાન કરીને પોતાની પરમપવિત્ર પ્રેમભક્તિથી કૃતાર્થ કર્યા. વ્રજમંડળમાં વસીને એમણે ગોપ-ગોપીઓને તો એમના સંસર્ગનું સર્વોત્તમ સુખ આપ્યું જ પરંતુ નંદ-યશોદાને સાંપડેલું સૌભાગ્ય ખરેખર અનુપમ અને અનેરું હતું. એની સરખામણી બીજા ક્યા સૌભાગ્ય સાથે કરી શકાય ?

☼ ☼ ☼ ☼ ☼

## [૧૦] યમલાર્જુનનો ઉદ્ધાર

ભગવાન કૃષ્ણની બાળલીલાના પ્રસંગોમાં યમલાર્જુનના ઉદ્ધારનો પ્રસંગ પણ આવી જાય છે.

યશોદાએ એકવાર વલોણું કરવાનું શરૂ કર્યું. વલોણું કરતી વખતે એણે કૃષ્ણની જીવનલીલાઓનું ચિંતનમનન અને જયગાન કરવા માંડ્યું. એ વખતે કૃષ્ણ એની પાસે પયપાનની આકાંક્ષાથી આવી પહોંચ્યા અને એને વળગી પડ્યા. યશોદા એમને પયપાન કરાવતાં એમના સુંદર મુખમંડળને જોવા લાગી. એટલામાં તો પાસેની સગડી પર રાખેલા દૂધમાં ઊભરો આવવાથી યશોદા એ દૂધને જોવા માટે કૃષ્ણને અતૃપ્ત રાખીને જ ત્યાં ચાલી ગઇ. એની એ પ્રવૃત્તિ એમને સારી ના લાગી. એમણે રોષે ભરાઇને બાજુમાં પડેલી દહીંની મટકીને ફોડી નાખી, આંખમાં કુત્રિમ આંસુ પેદા કર્યાં, અને બીજા ખંડમાં જઇને વાસી માખણ ખાવાનો આરંભ કર્યો.

એ પોતે તો એક ઊંધા પાડેલા ખાણિયા પર ચઢીને માખણ ખાઇ રહેલા પરંતુ સાથે સાથે છીંકા પરનું માખણ લઇને વાંદરાને ખવડાવતા હતાં. વાંદરા ઉજાણી કરી રહેલાં. એ જોઇને યશોદા લાકડી લઇને આવી પહોંચી એટલે એમણે એના હાથમાં ના આવવા માટે દોટ મૂકી.

યશોદાએ એમની પાછળ દોડીને એમને પકડી પાડ્યા. કૃષ્ણને ભયભીત બનેલા જોઇને એણે લાકડીને ફેંકી દીધી પરંતુ એમને દંડ દેવાનો વિચાર ના છોડ્યો. એણે એમને દોરીથી બાંધવાનો નિર્ણય કર્યો. એણે દોરીથી બાંધવાનો પ્રયાસ કર્યો પણ દોરી બે આંગળ ટૂંકી પડી. એ એમને એની મદદથી ખાણીયા સાથે બાંધવા માંગતી હતી. પરંતુ જેમણે જગતના જુદા જુદા બધા જ જીવોને વિવિધ કર્મબંધનોથી બાંધ્યા છે તેમને તેમની તૈયારી ના હોય તો સામાન્ય દોરીથી કોણ બાંધી શકે ? એવી અસાધારણ શક્તિ કોનામાં છે ?

યશોદાએ વારાફરતી ઘરની બધી જ દોરીઓ ભેગી કરીને જોડી જોઇ પરંતુ તે છતાં પણ દોરી બે આંગળ ટૂંકી પડતી ગઇ. કૃષ્ણને બાંધવાનું કામ અશક્ય થઇ પડ્યું. એ જોઇને ત્યાં ઊભેલી ગોપીઓ હસવા લાગી ને યશોદા પોતે પણ આશ્ચર્યચકિત બની ગઇ. એને પરસેવાથી લથપથ થયેલી, હારેલી ને થોકેલી જોઇને ભગવાન કૃષ્ણ પોતાની મેળે જ બંધનમાં બંધાઇ ગયા. શુકદેવજી એ પ્રસંગનું વર્ણન કરતાં કહે છે કે ભગવાન કૃષ્ણ સર્વોપરી ને સ્વતંત્ર છે. બ્રહ્મા તથા ઇન્દ્રાદિ દેવોની સાથે સંપૂર્ણ જગત પર એમનો અધિકાર છે. એમને પ્રેમી ભક્તો પોતાની પ્રેમદોરીથી બાંધી શકે છે. કહો કે એ પોતે જ એમની અલૌકિક પ્રેમદોરીથી સદાને માટે બંધાઇ જાય છે. એ બતાવવા માટે જ એ યશોદાની સ્થૂળ દોરીથી બંધાઇ ગયા.

* * *

યશોદા ઘરકામમાં પ્રવૃત્ત થઇ એટલે ખાણીયા સાથે બંધાયેલા કૃષ્ણે એમને છાજે એવું એક અદ્દભુત પરાક્રમ કરી બતાવ્યું. ખાણીયા સાથે ધીરે ધીરે ઘરની બહારનાં યમલાર્જુન વૃક્ષોની પાસે પહોંચી ગયા. વૃક્ષોની વચ્ચેથી ચાલીને એ તો બહાર નીકળી ગયા પરંતુ ખાણીયો ના નીકળી શક્યો. પોતાની કમરે બાંધેલી દોરીની મદદથી એમણે એને ખેંચતાવેંત જ એના આઘાતથી એ બંને વૃક્ષો પૃથ્વી પર પડી ગયાં. પરંતુ વિશેષ આશ્ચર્યકારક દૃશ્ય તો એ જોવા મળ્યું કે એ બંને વૃક્ષોમાંથી અગ્નિપુંજ જેવા પરમપ્રકાશ સંપન્ન

બે સિદ્ધ પુરુષો બહાર આવ્યા. એમના અસાધારણ સૌન્દર્યથી દિશાપ્રદિશાઓ શોભી ઊઠી. એમણે ભગવાન કૃષ્ણને પ્રણામ કરીને એમની સ્તુતિ કરી.

એ પરમ તેજસ્વી સિદ્ધપુરુષો કોણ હતા ને વૃક્ષોમાંથી કેવી રીતે પ્રકટ્યા ? એ નલકૂબર તથા મણિગ્રીવ નામના કુબેર પુત્રો હતા. કુબેરના ધની પુત્રો હોવાથી ને શંકર ભગવાનના સેવક બનવાથી એ ખૂબ જ ઘમંડી બની ગયેલા. એકવાર એ બંને મંદાકિનીના તટપ્રદેશ પરના કૈલાસના ઉપવનમાં મદિરાપાનથી મદોન્મત્ત બનીને વિહરી રહેલા. સ્ત્રીઓ સાથે કામક્રીડા કરતાં એ સરિતામાં પ્રવેશીને જાતજાતની કામક્રીડાઓ કરવા લાગ્યા.

કામ માણસને મોહિત કરે છે અને અંધ બનાવે છે. એ પણ વિવેકાંધ બની ગયા. એટલામાં ત્યાંથી દેવર્ષિ નારદ નીકળ્યા. એમને જોઇને અપ્સરાઓ શરમાઇ ગઇ ને કપડાં પહેરવા લાગી પણ એ યક્ષોએ કપડાં ના પહેર્યા એટલે એમની બુદ્ધિને ઠેકાણે લાવવા માટે દેવર્ષિ નારદે એમને શાપ આપ્યો કે તમને બંનેને વૃક્ષયોનિની પ્રાપ્તિ થાવ. વૃક્ષયોનિની પ્રાપ્તિ થયા પછી પણ તમને ભગવાનની સ્મૃતિ ચાલુ રહેશે ને છેવટે ભગવાન કૃષ્ણનું સાનિધ્ય સાંપડશે. ભગવાનનાં ચરણોમાં પ્રેમ પ્રાપ્ત કરીને અંતે તમે તમારા લોકમાં આવી જશો.

એવું કહીને નારદજી ભગવાન નરનારાયણના આશ્રમ તરફ ચાલી નીકળ્યા.

એ શાપને લીધે એ બંને યક્ષપુત્રો યમલાર્જુન નામનાં વૃક્ષો બની ગયાં.

નંદે એ નષ્ટમૂલ વૃક્ષો પાસે ખાણિયા સાથે દોરીથી બાંધવામાં આવેલા અને સ્વેચ્છાથી બંધાયલા કૃષ્ણને જોયા. એમણે પુત્ર પ્રત્યેના સ્વાભાવિક પ્રેમથી પ્રેરાઇને એમને વહેલી તકે બંધનમુક્ત કરી દીધા.

☼ ☼ ☼ ☼ ☼

## [૧૧] બકાસુર અને અઘાસુર

એ દિવસો દરમિયાન એક બીજો મહત્વનો નોંધપાત્ર બનાવ બની ગયો. ગોકુળના પ્રદેશમાં ઉપરાઉપરી અમંગલ ઉત્પાતો થતા જોઇને નંદે તથા બીજા વયોવૃદ્ધ ગોપોએ એ પ્રદેશનો પરિત્યાગ કરીને બીજે સ્થળે વસવાનો વિચાર કર્યો અને થોડા વખતમાં એ વિચારને અમલમાં પણ મૂકી દીધો. એમણે ગોકુળને બદલે વૃંદાવનમાં વસવાનું શરૂ કર્યું. ભગવાન કૃષ્ણની લોકોત્તર જીવનલીલા ત્યાં આગળ વધી. એમના જીવનનું જન્મ પછીનું એ બીજું સ્થળાંતર હતું. એમને જે અનેક સ્થળાંતરો કરવાના હતાં તેમનો તે દ્વારા માત્ર આરંભ જ થયેલો. એ સ્થળાંતરો એમના લોકકલ્યાણના મહાન પ્રયોજનની પૂર્તિ માટે આવશ્યક હતા.

વૃંદાવનની ભૂમિ ખૂબ જ સુંદર, પવિત્ર અને સસ્યશ્યામલા હોવાથી સૌ કોઇને ગમી ગઇ તો ખરી પરંતુ ત્યાં પણ જુદા જુદા ઉત્પાતો તો થતા જ રહ્યા. એ દૃષ્ટિએ જોતાં એ ભૂમિ શુકનવંતી ના નીવડી. કૃષ્ણ તથા બલરામ બીજા ગોપબાળોની સાથે એકવાર ત્યાં યમુનાતટ પર વાછરડા ચરાવી રહેલા ત્યારે એમનો નાશ કરવાની કુટિલ કામનાથી પ્રેરાઇને એક અસુર આવ્યો ને વાછરડાનું રૂપ લઇને વાછરડાંના ટોળામાં પેસી ગયો. કૃષ્ણ એની કુટિલતાને જાણીને બલરામ સાથે એની સુંદરતાથી મુગ્ધ થયા હોય અને એના વિશે કશું જ જાણતા ના હોય તેમ એની પાસે પહોંચ્યા. એમણે એના બંને પગને પૂંછડા સહિત પકડીને એને આજુબાજુ બધે ફેરવીને એક વૃક્ષ પર જોરથી પછાડ્યો. એવી રીતે એનો નાશ કર્યો. એ જોઇને બીજા ગોપબાલોની પ્રસન્નતાનો પાર ના રહ્યો. એ કૃષ્ણની પ્રેમપૂર્વક પ્રશસ્તિ કરીને પોતાની કૃતજ્ઞતા બતાવવા લાગ્યા.

એ પછી અઘાસુર નાશનો બનાવ બન્યો.

એક દિવસ ભગવાન કૃષ્ણ ગોપબાલોની સાથે વહેલી સવારે વનમાં વિહાર કરવા નીકળી પડ્યા.

વનમાં એ ગોપબાલોની સાથે મળીને નિર્દોષભાવે એક સામાન્ય બાળકની જેમ જુદી જુદી ક્રીડાઓ કરવા લાગ્યા. એમની એવી કલ્યાણકારક ક્રીડાઓને વ્રજવાસીઓએ ન જાણે કેટકેટલા જન્મોના પુણ્યોદયના પરિણામે પ્રાપ્ત કરેલી. વ્રજવાસીઓનું એ સર્વોત્તમ સૌભાગ્ય હતું કે એ એમની વચ્ચે વસવા આવેલા અને એમના જીવનને જુદી જુદી રીતે જ્યોતિર્મય તથા રસમય અને સુખશાંતિથી સભર કરવાની પ્રવૃત્તિ કરી રહેલાં.

વનમાં ભગવાન કૃષ્ણ ગોપબાળોની સાથે ક્રીડા કરી રહેલા ત્યારે ત્યાં અઘાસુર નામનો એક અસુર આવી પહોંચ્યો. એ કૃષ્ણની ગોપબાળકો સાથેની ક્રીડાને જોઇને જલવા માંડ્યો. બીજાના સુખને ને બીજાની શાંતિ કે સંપત્તિને જોઇને જે આનંદી ના શકે પરંતુ જલવા માંડે એ અસુર છે એવું સમજી લેવું. એવી વૃત્તિ દૈવી નથી પરંતુ આસુરી છે અને જે આસુરી વૃત્તિથી કે સંપત્તિથી સંપન્ન છે એ જ અસુર છે. એવા અમંગલ વૃત્તિ તથા પ્રકૃતિવાળા અસુરો સંસારમાં આજે પણ જોવા મળે છે. અન્યના સુખને અને અન્યની શાંતિ, સંપત્તિ તથા સમુન્નતિને જે જોઇ ના શકે, જોઇને આનંદી ના શકે પરંતુ જલવા લાગે, અને એથી પણ આગળ વધીને જે એના નાશને માટેનાં અનર્થકારક અમંગલ કર્મો કરે એ બધા અસુરોના અધીશ્વર છે, અઘાસુરના

વંશજો છે એવું સમજી લેવું. એમના મન મલિન, કર્મો મલિન અને એમની વાણી પણ વિષમય હોય છે. એ બીજાની મહેનત પર જીવવા માગે છે, પરિગ્રહી હોય છે. પ્રમાદી બનીને જીવે છે, અને અજગરની જેમ બીજાની સુખાકારી કે સંપત્તિને હડપવાની જ વિઘાતક પ્રવૃત્તિ કર્યા કરે છે. અજગર જેવા એદી, કુટિલ ચાલના એવા અઘાસુરો સમાજને માટે હાનિકારક અથવા અભિશાપરૂપ છે. સમાજની સુખાકારીને માટે સૌએ સંયુક્ત રીતે ભગવાન કૃષ્ણની જેમ એવા અસુરોનો સામનો કરવા તૈયાર રહેવું જોઇએ.

ભાગવતકાર કહે છે કે અઘાસુર બકાસુરનો નાનો ભાઇ હતો. પૂતના એની બેન હતી. સાચું છે. અઘાસુર અને બકાસુર બંનેની બેન અપવિત્ર પૂતના અથવા અવિદ્યારૂપી માયા છે. અઘાસુર અને બકાસુર સાથે સાથે જ રહેતા હોય છે. બકાસુર બગલાની પેઠે દંભ કરે છે. એને દંભ વિના બીજું કશું ગમતું જ નથી. એવા બકાસુરો--દાંભિક લોકો પણ ભૂમિને માટે ભારરૂપ અને ભયજનક છે. એમના મનમાં એક વસ્તુ, વચનમાં બીજી વસ્તુ અને વર્તનમાં વળી ત્રીજી જ વસ્તુ રહેતી હોય છે. એ ત્રણેની એકવાક્યતા એમના જીવનમાં નથી દેખાતી.

પહેલાં આપણે બકાસુરની વાત કરી લઇએ. તે પછી એના ભાઇ અઘાસુરની વાત કરીશું.

બકાસુર બગલાનું રૂપ ધારણ કરીને એક સુંદર જલાશયના શાંત તટ પર બેઠેલો. એના વિશાળ ભયંકર રૂપને જોઇને ગોપ બાળકો ગભરાઇ તથા ડરી ગયાં. એની ચાંચ ખૂબ જ તીક્ષ્ણ હતી અને એની શક્તિનો અંત ન હતો. એણે ભગવાન કૃષ્ણને નષ્ટ કરવાની ઇચ્છાથી પ્રેરાઇને એમને પોતાની ચાંચથી પકડીને મોંમાં મૂક્યા અને એમને જોતજોતામાં ગળી ગયો. એ દેખીને બલરામ અને ગોપબાળકો ખૂબ જ દુઃખી થઇ ગયા. એમને શું કરવું તે ના સમજાયું.

કૃષ્ણને ગળીને બકાસુર ખૂબ જ આનંદ પામ્યો. એને થયું કે એણે એક મહાન કાર્ય કરી લીધું. કૃષ્ણે તો બકાસુરના નાશની પોતાની નિશ્ચિત યોજનાનુસાર કેવળ લીલા કરેલી. બકાસુરે બગલાનું રૂપ ધારેલું એની એમને માહિતી હતી. એ પૂર્વમાહિતીના અનુસંધાનમાં જ એ એમની સઘળી પ્રવૃત્તિ કરી રહેલા. બગલાના મુખમાં તાલુપ્રદેશની નીચે પહોંચીને એમણે એના તાલુપ્રદેશને બાળવા માંડ્યું એટલે એણે એમને ગભરાઇને બહાર કાઢ્યા, અને પોતાની સુતીક્ષ્ણ ચાંચની મદદથી એમના પર પ્રહાર કરવાનો આરંભ કર્યો. પરંતુ એ પ્રહાર કરે એ પહેલાં જ કૃષ્ણે એના મુખને પકડીને ચીરી નાખ્યું. એ દેખીને દેવો આનંદ પામ્યા અને ગોપબાલો આશ્ચર્યચકિત બની ગયા. બલરામ કૃષ્ણની રક્ષા થયેલી જોઇને એમને પ્રેમપૂર્વક ભેટીને અભિનંદન આપવા લાગ્યા. ગોપીઓ પણ એમના એ પરમ અદ્દભુત પરાક્રમની વાત સાંભળીને આશ્ચર્યચકિત બની ગઇ.

* * *

બકાસુરના નાશ પછી કંસની આજ્ઞાને અનુસરીને એનો ભાઇ અઘાસુર કૃષ્ણ તથા બીજા ગોપબાલોના નાશ માટે અજગરનું ભયંકર રૂપ લઇને આવી પહોંચ્યો. માર્ગમાં એ પોતાનું મોંઢું ફાડીને સૌને સ્વાહા કરવાના આશયથી બેસી ગયો. ગોપબાલો એ વિચિત્ર પ્રાણીને નિહાળીને પરમ આશ્ચર્ય પામ્યાં. આશ્ચર્યમાં એ સૌ વાછરડાંઓની સાથે એના મુખમાં પેસી ગયા. પરંતુ કૃષ્ણની પ્રતીક્ષા કરનારા અઘાસુરે એ બધાને

ગળવાને બદલે મોંમાં જ રાખી મૂક્યા. એ બધાને બચાવવા માટે અઘાસુરના અસલ સ્વરૂપને ઓળખીને ભગવાન કૃષ્ણ પણ એમનું અનુકરણ કરતાં એના મુખમાં પેસી ગયા.

એ જોઇને અઘાસુરને અત્યંત આનંદ થયો. પરંતુ એ આનંદ ક્ષણજીવી નીવડ્યો. થોડા વખતમાં જ કૃષ્ણે એમના અસીમ યોગૈશ્વર્યની મદદથી શરીરને ખૂબ જ મોટું કરવા માંડ્યું. એને લીધે અઘાસુરનું ગળું રુંધાવા લાગ્યું. એની આંખે અંધારા આવ્યાં. એ ગભરાઇ ગયો. એનો પ્રાણ અટકી પડ્યો અને આખરે શરીર છોડીને બહાર નીકળ્યો. એ નિર્જીવ બની ગયો. ભગવાન કૃષ્ણે એમની અન્ય અલૌકિક અસાધારણ શક્તિની મદદથી એના મુખમાં પડેલા બધા જ ગોપોને વાછરડાં સાથે જીવતા કર્યા અને બહાર કાઢ્યા એ પછી એ પોતે પણ બહાર આવ્યા એટલે અજગરના શરીરમાંથી એક જ્યોતિ નીકળીને એમના શરીરમાં સમાઇ ગઇ.

એ વખતે ભગવાન કૃષ્ણની અવસ્થા કેવળ પાંચ વરસની હતી. એટલી નાની અવસ્થામાં જ એમણે એવી અલૌકિક અસામાન્ય શક્તિનું દર્શન કરાવ્યું એ હકીકત એમની લોકોત્તરતા પ્રત્યે અંગુલિનિર્દેશ કરવા માટે પૂરતી છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૧૨] બ્રહ્માને બોધપાઠ

અઘાસુરના નાશ પછી યમુનાના સુંદર સ્વચ્છ શીતળ તટપ્રદેશ પર સૌની સાથે બેસીને ભગવાન કૃષ્ણે ભોજન કરવા માંડ્યું. એ વખતની એમની શોભા અનેરી અને અભૂતપૂર્વ હતી. વિવિધ વાર્તાલાપો કરીને એ આનંદને અનુભવતાં ભોજન કરવા માંડ્યા તે દરમિયાન સૌનાં વાછરડાં દૂર નીકળી ગયાં. ગોપબાલો એમનો વિચાર કરીને ચિંતા કરવા લાગ્યા એટલે ભગવાન કૃષ્ણ એ વાછરડાંને શોધવા માટે વનમાં નીકળી પડ્યાં.

બ્રહ્માજી ભગવાન કૃષ્ણની બીજી વિશિષ્ટ શક્તિઓનું દર્શન કરવાની ઇચ્છા રાખતાં હોવાથી વાછરડાંઓને લઇ ગયેલા અને કૃષ્ણને વનમાં વિહરતાં જોઇને ગોપબાલોને પણ પોતાની વિશેષ શક્તિથી ક્યાંક બીજે લઇ જઇને કોઇને ખબર ના પડે એવી રીતે અદૃશ્ય શઇ ગયા.

વનમાં કોઇ પણ ઠેકાણે વાછરડાંનો પત્તો ના લાગવાથી કૃષ્ણ છેવટે યમુના તટ પર પાછા ફર્યા તો ત્યાં ગોપબાલોને પણ ના જોયા. વનમાં વારંવાર શોધવા છતાં પણ જ્યારે કોઇનો પત્તો ના લાગ્યો ત્યારે એ એમની દિવ્ય દૃષ્ટિ દ્વારા બ્રહ્માના એ ગુપ્ત કર્મને સમજી ગયા. એ ગોપબાલોને તથા વાછરડાંને પાછા લાવવાની શક્તિથી સંપન્ન હતા પરંતુ એ શક્તિના પ્રયોગથી બ્રહ્માનો મોહ ના મટત અને એમને આવશ્યક બોધપાઠ ના મળત એટલે એમણે પોતે જ ગોપબાલોનું ને વાછરડાંનું સ્વરૂપ ધારણ કર્યું. એવી રીતે એ વ્રજમાં પ્રવેશ્યા.

એ વાછરડાં, ગાયો તથા ગોપબાલો સાથે એ રોજ સવારે વનમાં જતા અને સંધ્યા સમયે પાછા ફરતા. સિદ્ધ યોગી પોતાની ઇચ્છાનુસાર એક અથવા અનેક રૂપ ધારી શકે છે એ પાતંજલ યોગદર્શનની ઉક્તિ એમના સંબંધમાં સંપૂર્ણ સાચી ઠરી. એવી રીતે લીલા કરતા એક વરસમાં પાંચ છ દિવસ જ શેષ રહ્યા ત્યારે એ બલરામ સાથે ગોધન લઇ વનમાં ગયા. ત્યાં ગાયો ગોવર્ધન પર્વત પર ઘાસ ચરવા લાગી. ત્યાંથી એમણે દૂર, વૃંદાવનની પાસે ઘાસ ચરતાં પોતાનાં વાછરડાંને જોયાં. એમને જોઇને એમના અંતરનો અનુરાગ ઉભરાઇ આવવાથી એમને ભેટવાની ભાવનાથી એ દિશા તરફ દોડવા માંડી. વાછરડાંની પાસે પહોંચીને એ એમને ચાટવા લાગી. ધીમે ધીમે આગળ વધીને ગોવાળો પણ એમની પાસે પહોંચી ગયા. ત્યાં ગોપબાલોને પેખીને એમની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

બલરામની જિજ્ઞાસાના જવાબમાં ભગવાન કૃષ્ણે બ્રહ્માનો આખોય પ્રસંગ વર્ણવી બતાવ્યો.

એ દરમિયાન બ્રહ્મા વૃંદાવનમાં આવીને એ દૃશ્યને દેખીને વિચારમાં પડ્યાં. એમણે બધાં વાછરડાંને અદૃશ્ય કરી દીધાં હોવા છતાં ભગવાન કૃષ્ણની ક્રીડા પૂર્વવત્ ચાલુ જ હતી. એમાં પહેલાંના ને પછીના ગોપો તથા વાછરડાં કયા છે એનો નિર્ણય એ સહેલાઇથી ના કરી શક્યા. એ ગંભીરતાપૂર્વક વિચારી રહેલા ત્યાં જ એ સૌ એમને કૃષ્ણના સ્વરૂપમાં દેખાયા. એમણે એ પણ વિચારી જોયું કે એમના જેવા બીજા બ્રહ્માથી માંડીને તૃણ સુધીના સમસ્ત ચરાચર જીવો વિવિધ પૂજા સામગ્રીથી ભગવાનનાં એ બધા રૂપોની ઉપાસના કરે છે. ભગવાનની સત્તા તથા મહત્તા આગળ એમની સત્તા તથા મહત્તા ગૌણ બની ગયેલી. એ જોઇને એમના

આશ્ચર્યનો પાર ના રહ્યો. એ ભગવાન કૃષ્ણની શક્તિને સહેજ પણ સમજી ના શક્યા. પોતાની અસમર્થતાને લીધે એમણે આંખ મીંચી દીધી.

એમની મોહવૃત્તિ અને અસમર્થતાને જોઇને ભગવાન કૃષ્ણે પોતાની માયાના પડદાને હઠાવી દીધો. એના પરિણામે બ્રહ્માને બાહ્યજ્ઞાનની પ્રાપ્તિ થઇ. એમને ભગવાન કૃષ્ણના વાસ્તવિક સ્વરૂપનું ભાન થયું. એ કૃષ્ણ સર્વ કાંઇ જાણવા-સમજવા છતાં ગોપબાલોને ને વાછરડાંને શોધી રહ્યા છે એવું દેખાયું. એમણે એમને પૂજ્યભાવે પ્રણામ કર્યા. એમનુનં શરીર રોમાંચિત બની ગયું. એ ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. સ્તુતિ કરતાં પહેલાં જ એમણે ગોપબાલોને ને વાછરડાંને એમના પહેલાંના સ્થળે મૂકી દીધેલા. ભગવાન કૃષ્ણની સ્તુતિ કરીને એમણે વિદાય લીધી તે પછી ભગવાન એમની પાસે પહોંચી ગયા. એમના બાળજીવનની એક વિશેષ લીલા એવી રીતે પૂરી થઇ.

ગોપબાલોએ વ્રજમાં આવીને ભગવાનના પાંચમા વરસની એ લીલા છઠ્ઠા વરસે વર્ણવી બતાવી.

☼ ☼ ☼ ☼ ☼

## [૧૩] ધેનુકાસુર અને કાલિયનાગ

કૃષ્ણ તથા બલરામના જીવનના છઠ્ઠા વરસનો હવે આરંભ થયો. એ વરસ દરમિયાન એ બીજા ગોપબાળોની સાથે વનમાં ગાયો ચરાવવા જવા લાગ્યાં. ગોપબાળો એમના સંસર્ગમાં સ્વર્ગસુખનો અનુભવ કરતાં.

એકવાર એ એમના રોજના નિયમાનુસાર વનમાં ગાયો ચરાવવા ગયા. ત્યારે શ્રીદામા તથા બીજા ગોપબાળોએ એમને એક નવી જ માહિતી પૂરી પાડી. થોડેક દૂર એક સુંદર વિશાળ વન હતું. એમાં અસંખ્ય તાડના વૃક્ષો હતાં. એ વૃક્ષોનાં ફળો મોટી સંખ્યામાં નીચે પડતાં રહેતાં. એ ફળોના ઉપભોગની ઇચ્છાથી ત્યાં કેટલાક મનુષ્યો જતા પણ ખરા પરંતુ એમની ફળોપભોગની ઇચ્છા પૂરી ના થઇ શકતી. એ વનમાં વસનારો ધેનુક નામનો અહંકારી, અતિશય શક્તિશાળી અસુર એ ફળોનો કોઇને સ્પર્શ પણ નહોતો કરવા દેતો અને કોઇ એમનો ઉપભોગ કરવાનો પ્રયત્ન કરતું તો એને મારી નાખતો. એ ત્યાં ગધેડાના રૂપમાં વાસ કરતો. એની સાથે એના સરખા જ શક્તિશાળી બીજા અસુરો પણ રહેતા. એ બધા એવા જ અમંગલ અને ક્રુર હતા. એમણે અત્યાર સુધીમાં અનેક મનુષ્યોનો નાશ કરી નાખેલો. એ ભયંકર અસુરના ભયથી મનુષ્યો તો શું પરંતુ પશુપક્ષીઓ પણ એ સુંદર વનમાં નહોતાં પ્રવેશી શકતાં. શ્રીદામા જેવા બીજા ગોપબાળોને એ સુમધુર ફળોનો ઉપભોગ કેવી રીતે કરવો એ ના સમજાયું. એમણે એમની સમસ્યા કૃષ્ણ તથા બલરામની આગળ રજૂ કરી.

કૃષ્ણ તથા બલરામ તો એવા અવસરોને શોધ્યા જ કરતા. અસુરોના કષ્ટ, અન્યાય અને અત્યાચારમાંથી સમાજને-મનુષ્યોને ને મનુષ્યેતર પ્રાણીઓને મુક્ત કરવા માટે તો એમનો અવતાર થયેલો. અધર્મને શાંતિપૂર્વક સહી લેવાનું એમના સ્વભાવમાં હતું જ નહિ. ગોપબાળોની સાથે એ બંનેએ તાલવનમાં પહોંચીને ફળોના ઉપભોગનો આનંદ આપવાનો નિર્ણય કર્યો. બલરામે તાડવૃક્ષોને હલાવ્યાં એટલે ધરતી પર ફળોનો ઢગલો થવા લાગ્યો. ગધેડાના રૂપમાં રહેનારો ધેનુકાસુર ફળોના પડવાનો અવાજ સાંભળીને એ દિશામાં દોડી આવ્યો ને બલરામની છાતીમાં પોતાના પાછલા પગથી જોરથી લાત મારીને ભૂંકતો ભૂંકતો પાછો ખસી ગયો. એવી જ રીતે થોડાક વખત પછી એ બલરામને બીજી વાર લાત મારવા આવી પહોંચ્યો પરંતુ એ પોતાનું ધારેલું કામ પૂરું કરે તે પહેલાં તો બલરામે એના બંને પગને એક જ હાથે પકડીને એને ચારે તરફ ફેરવીને એક તાડવૃક્ષ પર પછાડ્યો. એને પછાડતાં પહેલાં જ એનો પ્રાણ જતો રહ્યો. એના પછાડવાથી એ વિશાળ તાડવૃક્ષ તૂટી પડ્યું. એને લીધે બીજું તાડવૃક્ષ, બીજાને લીધે ત્રીજું, ત્રીજાને લીધે ચોથું અને એમ ઉપરાઉપરી અનેક તાડવૃક્ષો તૂટી પડ્યા.

ધેનકાસુરના સર્વનાશના સમાચાર સાંભળીને એના સ્વજનો ક્રોધે ભરાઇને બલરામ તથા કૃષ્ણ પર તૂટી પડ્યા. બલરામ તથા કૃષ્ણે એ સર્વેનો એમના પાછલા પગ પકડી એમને તાડવૃક્ષો પર પછાડીને નાશ કર્યો. એ બધી ધરતી તાડવૃક્ષો, ફળો તથા અસુરોનાં નિર્જીવ અંગોથી ભરાઇ ગઇ.

ઘેનુકાસુર અને અન્ય અસુરોના નાશથી વન નિર્ભય બન્યું. પશુપંખી અને મનુષ્યો એમાં કોઇ પણ પ્રકારની આશંકા, ચિંતા કે ભીતિ વિના પ્રવેશીને એનાં ફળોનો ઉપભોગ કરવા લાગ્યાં. એના સ્વાદિષ્ટ પાણીનો તથા ઘાસનો લાભ પણ લેવા માંડ્યા.

ઘેનુકાસુરે ગધેડાનું રૂપ લીધેલું. એના પરથી ભાગવત એ સૂચવવા માગે છે કે આસુરી વૃત્તિવાળો મનુષ્ય સદબુદ્ધિને ખોઇ બેસે છે ને ગર્દભ જેવો જડ તેમજ દુર્બુદ્ધિવાળો બની જાય છે. આપણા સમાજમાં એવા ઘેનકાસુરો અને એમના સાથી કે સ્વજનો અનેક છે. એ અહંકારી, આડંબરી ને પરિગ્રહી હોય છે. જે સંપત્તિ એક ઇશ્વરની જ છે એને પોતાની માનીને, એની ઉપર માલિકીપણાની મહોર મારીને એનો ઉપયોગ એ બીજાને માટે નથી કરતા. બીજાને એનો સ્પર્શ પણ નથી કરવા દેતા. એમની અંદર સમાજ કલ્યાણની ભાવનાનો નિતાંત અભાવ હોવાથી એ એકલપેટા થઇને ફરે છે ને કોઇને પણ કામ નથી લાગી શકતા. અન્યને માટે અમંગલ, અનર્થકારક અને આતંકરૂપ બને છે અને ચિંતા, ભય તેમ જ સર્વનાશ ફેલાવે છે. એવા ઘેનુકાસુરો સમાજને માટે હાનિકારક છે. એમની સંપત્તિ કે સુખસાહ્યબીની સામગ્રી કોઇને કામ નથી લાગી શકતી. ઘેનુકાસુર સમસ્ત વનને પોતાનું માનીને જમીન પર પડેલાં ફળોનો પણ ઉપભોગ નહોતો કરવા દેતો. સંપત્તિમાત્ર ઇશ્વરની હોવાથી એને ત્યાગભાવે, બીજાની સેવા માટે કામે લગાડીને પછી જ પ્રસાદના શેષ ભાગરૂપે ભોગવવી જોઇએ એ ઇશાવાસ્ય ઉપનિષદની ઉક્તિને એ નહોતો અનુસરતો. એટલા માટે એનો નાશ કરવો પડ્યો. ભાગવતની એ કથા આજના ને સર્વ કાળના માનવને માટે ઉપકારક થઇ પડે તેવી છે. માનવ ઘેનુકાસુર ના બને, અપરિગ્રહી થાય અને પોતાનું અન્યને માટે, અધિકાધિક જીવોના હિત કે સુખ અથવા અભ્યુદયને માટે વાપરતો થાય એ ઇચ્છવા જેવું છે.

* * *

ઘેનુકાસુરનો નાશ થયા પછી કૃષ્ણ તથા બલરામ બીજા ગોપબાળોની સાથે વૃંદાવનમાં પાછા ફર્યા.

એ પછી કૃષ્ણના જીવનમાં એક બીજો પ્રસંગ બની ગયો - કાલિય નાગ પરની એમની અલૌકિક કૃપાનો.

એ પ્રસંગની પૂર્વભૂમિકા તરીકે ભાગવતમાં એક નાના છતાં પણ મહત્વના પ્રસંગનું આલેખન કરવામાં આવ્યું છે. એ પ્રસંગ પ્રમાણે ભગવાન કૃષ્ણ એક વાર ગોપબાળકો સાથે યમુનાતટ પર જઇ પહોંચ્યા. એ વખતે જેઠ માસ ચાલતો હોવાથી ગાયો તથા ગોપબાળકો તાપથી સંતપ્ત બનીને અકળાઇ ઊઠ્યાં. એમને ખૂબ જ તરસ લાગવાથી એમણે યમુનાના વિષમય પાણીને પી લીધું. એવું પાણી પીતાવેંત એ બધા બેહોશ બનીને ધરતી પર ઢળી પડ્યાં કે મરી ગયાં. એમને એવી દયનીય દશામાં દેખીને ભગવાન કૃષ્ણે એમને પોતાની અમૃતમયી અલૌકિક દૃષ્ટિથી જીવતાં કર્યાં. એવી રીતે એમને શ્રીકૃષ્ણ કૃપાથી ફરીવાર ચેતનાની પ્રાપ્તિ થઇ.

પરંતુ એ પ્રસંગે ગોપબાળકોને ખાસ કરીને ભગવાન કૃષ્ણને વિચાર કરતા કરી મૂક્યા. એમને ખબર પડી કે કાલિય નાગે યમુનાના પાણીને વિષમય કરીને આખી યમુનાને બગાડી નાખી છે. કાલિય નાગે યમુનાના કુંડ પર અધિકાર કરેલો. એને લીધે યમુનાનું પાણી દૂષિત બનેલું. એ પાણીના ઉપભોગથી મનુષ્યો, પશુઓ તથા પંખીઓ પણ મૃત્યુ પામતાં. ભગવાન કૃષ્ણ એ માહિતી મેળવીને બેસી રહે તો

ભગવાન કૃષ્ણ કેવી રીતે કહેવાય ? એ તો એક આદર્શ સમાજસેવક હતા. સમાજને બનતી બધી જ રીતે, પોતાના જાનને જોખમાં મૂકીને પણ ઉપયોગી થવાની એમની વૃત્તિ તથા પ્રવૃત્તિ હતી. એમનું સમગ્ર જીવન એમના માટે નહોતું, બીજાને માટે હતું. મહાત્માઓ બીજાને માટે જ જીવતા હોય છે અને અલ્પાત્માઓ પોતાને માટે. મહાત્માઓ બીજાને માટે મહેનત કરે છે, વેઠે છે, ને સહે છે અને અલ્પાત્માઓ બીજાને મહેનત કરવા, વેઠવા તથા સહેવા બાધ્ય બનાવે છે. મહાત્માઓ જરૂર પડ્યે બીજાને માટે ફના થઇ જાય છે અને અલ્પાત્માઓ બીજાને પોતાને માટે ફના કરે છે. બંનેની વચ્ચે એવો આભજમીનનો તફાવત છે. કૃષ્ણ વૃંદાવનની ભૂમિ સાથે ભળી ગયા હોવાથી એ ભૂમિનાં સુખદુઃખને પોતાનાં સમજતા અને એને મદદરૂપ થવા તૈયાર રહેતા.

એ કાલિય નાગના વિષમય પ્રભાવમાંથી યમુનાને મુક્ત કરવાનો સુદૃઢ સંકલ્પ કરીને કદંબ વૃક્ષ પર ચઢી ગયા અને ત્યાંથી યમુનાના વિષમય પાણીમાં કૂદી પડ્યા. યમુના કુંડમાં પડીને પાણીને ઉછાળવા લાગ્યા. એનો અવાજ સાંભળીને કાલિય નાગ બહાર નીકળીને કૃષ્ણની પાસે આવી પહોંચ્યો. કૃષ્ણને એનો લેશ પણ ભય ના લાગ્યો એટલે એણે ક્રોધે ભરાઇને એમને ડંખ મારીને શરીરના બંધનમાં બાંધી દીધા. નાગના એ પ્રખર પાશને લીધે કૃષ્ણ તદ્દન નિષ્ચેટ બની ગયા. એ દેખીને કાલિય નાગને આનંદ થયો ને ગોપબાળકો તથા બીજા દર્શનાર્થીઓ દુઃખમાં ડૂબી ગયા. એમને ખબર નહોતી કે ભગવાન કૃષ્ણ નાગપાશમાં બંધાઇને સ્વેચ્છાથી સામાન્ય મનુષ્ય જેવી લીલા જ કરી રહ્યા છે.

સઘળા સમાચાર સાંભળીને નંદ, યશોદા તથા બલરામ યમુનાતટ પર પહોંચી ગયાં. એ સૌને જોઇને ભગવાન કૃષ્ણે પોતાના શરીરને મોટું કરી દીધું. એથી કાલિય નાગ બંધન છોડીને દૂર જતો રહ્યો. પરંતુ ભગવાન સાનુકૂળ સમય જોઇને એના મસ્તક પર ચઢી ગયા, અને નૃત્ય કરવા લાગ્યા. વચ્ચે વચ્ચે પોતાના પાદપ્રહારથી કાલિય નાગની શક્તિનો નાશ પણ કરવા માંડ્યા. નાગના મસ્તકમાંથી લોહી નીકળવા લાગ્યું. એના અંગોપાંગો તૂટીને નબળાં પડ્યાં. એ લોહીની ઊલટી કરવા માંડ્યો અને આખરે પરમાત્માનું સ્મરણ કરીને એમને શરણે ગયો. એની એવી દયનીય દશાને દેખીને એની સ્ત્રીઓ ભગવાન કૃષ્ણને શરણે આવી ને પ્રણામ કરીને, એના જીવનની રક્ષાને માટે પ્રેમપૂર્વક પ્રાર્થના કરવા લાગી.

* * *

ભગવાનને કરાયલી કાલિય નાગની પત્નીઓની પ્રાર્થના નિષ્ફળ ના ગઇ. એને લક્ષમાં લઇને ભગવાન કૃષ્ણે કાલિય નાગને છોડી દીધો. નાગને નવીન ચેતનાની પ્રાપ્તિ થઇ. એણે પણ ભગવાનની પ્રેમપૂર્વક પ્રાર્થના કરી એટલે ભગવાન કૃષ્ણે એને એના જાતિબંધુઓ, પુત્રો અને એની સ્ત્રીઓ સાથે યમુનાને છોડીને સમુદ્રમાં જવાનો આદેશ આપ્યો ને જણાવ્યું કે તું ગરુડના ભયથી રમણક દ્વીપને ત્યાગીને આ સ્થળમાં રહેવા આવેલો તેની મને માહિતી છે, પરંતુ તારું શરીર હવે મારા ચરણસ્પર્શથી વિશુદ્ધ બન્યું હોવાથી ગરુડ તારો નાશ નહિ કરી શકે.

કાલિય નાગે પોતાની પત્નીઓની સાથે ભગવાન કૃષ્ણની દિવ્ય વસ્ત્ર, માળા, મણિ, આભૂષણ, દિવ્ય ગંધ, ચંદન અને કમળોથી પૂજા કરી ને એમને પ્રસન્ન કર્યા. પછી એમને પ્રણામ કરીને રમણક દ્વીપ તરફ

પ્રયાણ કર્યું. એ દિવસથી યમુનાનું પાણી અમૃતમય બની ગયું ને સૌ કોઇ એનો નિશ્ચિંત અથવા નિર્ભય બનીને લાભ ઉઠાવવા લાગ્યા.

કાલિય નાગે નાગોના નિવાસસ્થાન રમણક દ્વીપનો ત્યાગ કરેલો એની પાછળ એક કારણ હતું. નાગોએ પ્રત્યેક માસમાં એકવાર ગરુડને એક નાગની ભેટ આપવાનો નિર્ણય કરેલો. એ નાગોમાં કદ્રુના પુત્ર કાલિય નાગે એ પ્રથાનો વિરોધ કરીને ગરુડને ભેટ આપવામાં આવતા નાગોનું ભક્ષણ કરવાનું શરુ કર્યું. એથી ક્રોધે ભરાયલા ગરુડે એના પર આક્રમણ કરવાથી એ બંને વચ્ચે ભીષણ યુદ્ધ થયું. એમાં ઘાયલ થયેલા કાલિય નાગે એથી જ એ સુંદર રમણક દ્વીપને છોડીને યમુનાના સુંદર પવિત્ર પ્રદેશમાં આશ્રય લીધો. મહર્ષિ સૌભરિના શાપને લીધે ગરુડ એ સ્થળમાં નહોતો આવી શક્તો. એ શાપની પૂરેપૂરી માહિતી હોવાથી જ કાલિય નાગ ત્યાં નિર્ભયતાથી નિવાસ કરતો.

* * *

ભગવાન કૃષ્ણ કાલિય નાગને નાથે છે એવાં અસંખ્ય ચિત્રો ઠેકઠેકાણે જોવા મળે છે. કવિઓએ એ પ્રસંગમાંથી પ્રેરણા પામીને કવિતાઓ પણ કરી છે. એ ચિત્રો તથા કવિતાઓ ખૂબ જ લોકપ્રિય છે. એમાં કાલિય નાગને સ્થૂળ નાગ કે સાપ તરીકે વર્ણવવામાં આવ્યો છે. એને એવી રીતે વર્ણવવામાં કશો દોષ નથી. એ વર્ણન રોમાંચક અને રોચક લાગે છે. ભગવાન કૃષ્ણની લીલા અચિંત્ય હોવાથી એમને માટે કોઇ પણ કાર્ય કઠિન નથી. તો પણ ભાગવતને તટસ્થ રીતે વાંચવા વિચારવાથી લાગે છે કે કાલિય નાગ વિશેની આપણી પરંપરાગત માન્યતામાં થોડોક ફેરફાર કરવો જોઇશે. કાલિય નાગ મોટા ભાગના માણસો માને છે તેમ સાપ નહોતો પરંતુ મનુષ્ય હતો. મનુષ્યોની આજની પેઠે એ વખતે પણ એક નાગ નામની જાતિ થતી હતી. અને કાલિય નાગ એનો પ્રતિનિધિ હતો. આ માન્યતા અત્યાર સુધી પ્રવર્તી રહેલી બીજી માન્યતા કરતાં જુદી હોવા છતાં વાસ્તવિક છે. એમાં સંદેહ નથી. કાલિય નાગ યમુના તટ પર રહેવા આવેલો અને એ ખૂબ જ તમોગુણી તથા આસુરી પ્રકૃતિનો હોવાથી એને લીધે યમુના દૂષિત બનેલી. એણે એના અમૃતમય કુંડને વિષમય કરેલો. ભગવાન કૃષ્ણે એનો શૌર્યપૂર્વક સફળતાસહિત સામનો કરીને એને એના અસલ આવાસસ્થાનમાં મોકલી દીધો. ભાગવતનું કેટલુંક વર્ણન એ નાગ અથવા સર્પ જાતિનો મનુષ્ય હતો એ હકીકતનું સમર્થન કરે છે. એ વર્ણન આ રહ્યું :

कृष्णस्य गर्भजगतोऽतिभरावसन्नं पार्ष्णिप्रहारपरिरुग्णफणातपत्रम् ।
दृष्टवाहिमाद्यमुपसेदुरमुष्य पत्न्य आर्ताः श्लथद्वसनभूषणकेशबंधाः ॥
तास्तं सुव्गिनमनसोऽथ पुरस्कृतार्भाः कायं निधाय भुवि भूतपतिं प्रणेभुः ।
साध्व्यः कृतांजलिपुटाः शमलस्य भर्तुरमोक्षेप्सवः शरणदं शरणं प्रपन्नाः ॥
(દશમ સ્કંધ પૂર્વાર્ધ, અધ્યાય ૧૬, શ્લોક ૩૧, ૩૨)

'જેમના ઉદરમાં સમસ્ત વિશ્વ છે એવા ભગવાન કૃષ્ણના ભારથી કાલિય નાગના શરીરની એકેક ગાંઠ ઢીલી પડી ગઇ. એમના પાદપ્રહારથી એનું મસ્તક છિન્નભિન્ન થઇ ગયું. એની એવી દયનીય દશાને દેખીને એની પત્નીઓ અતિશય આતુર બનીને ભગવાનને શરણે આવી. ભયને લીધે એમનાં વસ્ત્રો, ભૂષણો અને એમના અંબોડા ઢીલા પડી ગયેલા.'

'એ સાધ્વી નાગપત્નીઓ ખૂબ જ ગભરાઇ ગયેલી. પોતાનાં બાળકોને આગળ કરીને ધરતી પર આડી પડીને એમણે સંસારના એકમાત્ર સ્વામી ભગવાનને બે હાથ જોડીને પ્રણામ કર્યા. શરણાગતવત્સલ ભગવાનનું એમણે એમના પતિની મુક્તિ માટે શરણ લીધું.'

એ શ્લોકાર્થને વિચારનાર કોઇપણ સહેલાઇથી નિસ્સંકોચ રીતે કહી શકશે કે એ વર્ણન સર્પિણીઓનું કે નાગણોનું નથી પણ મનુષ્યોનું, માનવસ્ત્રીઓનું છે. એ સ્ત્રીઓના વસ્ત્રો, આભૂષણો અને એમના અંબોડા ઢીલા પડી ગયા છે. સ્થૂળ નાગણોને વસ્ત્રો, આભૂષણો કે અંબોડા ના હોય. એમને માટે સાધ્વી શબ્દ પણ ના વપરાય, બાળકોને આગળ કરીને ક્ષમાયાચના માટે એ ધરતી પર આડી ના પડી શકે, અને બે હાથ જોડીને પ્રણામ પણ ના કરી શકે. એ બધી જ ચેષ્ટાઓ માનવસ્ત્રીઓની જ છે.

એની સાથે એક બીજું વર્ણન જોઇ જઇએ :

दिव्याम्बरस्त्रङमणिभिः परार्घैरपि भूषणैः ।
दिव्यगंधानुलेपैश्व महत्योत्पलमालया ॥
पूजयित्वा जगन्नाथं प्रसाद्य गरुडध्वजम् ।
ततः प्रीतोऽभ्यनुज्ञातः परिक्रम्याभिवंद्यतम् ॥
(શ્લોક ૬૫-૬૬)

'કાલિય નાગે સંસારના સ્વામી ગરુડધ્વજ ભગવાન કૃષ્ણની દિવ્ય વસ્ત્રો, પુષ્પમાળા, મણિ, અમૂલખ આભૂષણ, દિવ્ય ગંધ, ચંદન અને ઉત્તમોત્તમ કમનીય કમળોની માળાથી પૂજા કરીને એમને પ્રસન્ન કર્યા. પછી ખૂબ જ પ્રેમ તથા પ્રસન્નતાપૂર્વક એમની પરિક્રમા કરી, એમને વંદીને એમની અનુમતિ મેળવીને રમણીક દ્વીપ તરફ પ્રયાણ કર્યું.'

એ વર્ણનમાં આલેખાયેલી અનેકવિધ સામગ્રીઓના પૂજનપદ્ધતિ તથા પરિક્રમાની ને વંદનની પ્રવૃત્તિ નાગજાતિના પુરુષની અને એની સ્ત્રીઓની છે એ સ્પષ્ટ છે.

એટલે કાલિય નાગ મનુષ્ય હતો એ પુરવાર થાય છે. આપણી પ્રાચીન પરંપરાગત વિચારસરણીમાં આ વિચાર નવો, આશ્ચર્યકારક અને આંચકો આપનારો લાગે એવો હોવાં છતાં મહત્વનો, આવકારદાયક, શાસ્ત્રસંગત તથા સાચો છે એવું સમજતાં વાર નહિ લાગે.

* * *

એ રાતે વ્રજવાસીઓએ અને ગાયોએ વ્રજમાં જવાને બદલે ત્યાં જ યમુનાતટ પર વિશ્રામ કર્યો. ઉનાળાની એ રાતે સૂકાયેલા વનમાં મધરાત સમયે એકાએક આગ લાગી. એ આગે સુતેલા વ્રજવાસીઓને ઘેરી લીધા. એ બધા એના તાપથી તપીને જાગી ઊઠ્યા. એમના ભયનો પાર ના રહેવાથી એમણે ભગવાન કૃષ્ણના શરણે જઇને પોતાની રક્ષા માટે પ્રાર્થના કરી. એ પ્રાર્થનાના પરિણામરૂપે એમને એમની એક બીજી વિશિષ્ટ શક્તિનું દર્શન થયું. જે ભગવાન પોતાની અલૌકિક યોગશક્તિથી ભયંકર ભવાગ્નિને પણ શાંત કરી શકે છે તેમને માટે સામાન્ય અથવા અસામાન્ય દાવાગ્નિને શાંત કરવાનું કાર્ય કઠિન ક્યાંથી હોઇ શકે ? સૌને આકુળવ્યાકુળ જોઇને એમણે એ અસહ્ય આગને શાંત કરી. એ એમની અસીમ શક્તિથી એનું પાન કરી ગયા.

☼ ☼ ☼ ☼ ☼

## [૧૪] પ્રલંબાસુર તથા દાવાનલથી રક્ષા

એક દિવસ કૃષ્ણ બલરામ તથા બીજા ગોપબાળકો સાથે વનમાં ગાયો ચરાવી રહેલા ત્યારે કૃષ્ણ તથા બલરામનું હરણ કરવાની ઇચ્છાથી ત્યાં પ્રલંબ નામનો અસુર આવી પહેંચ્યો. એણે ગોવાળનો કપટવેશ ધારણ કરેલો. કૃષ્ણે એને જોતાવેંત જ ઓળખી લીધો તો પણ એની મરજીથી એની સાથે મિત્રતા કરીને એના નાશનો ઉપાય વિચારવા લાગ્યા. પ્રલંબાસુરને એની ખબર ના પડી શકી.

ભગવાન કૃષ્ણે ગોપબાળોને બે વિભાગોમાં વહેંચીને એક વિભાગની સરદારી બલરામને સોંપી ને બીજા વિભાગની સરદારી પોતે લીધી. એ પછી એમણે સૌની સાથે એક વિશિષ્ટ રમત રમવા માંડી. એ રમતના નિયમ પ્રમાણે હારેલો પક્ષ જીતેલા પક્ષને પોતાની પીઠ પર બેસાડતો. બલરામના પક્ષનો જય થયો એટલે એમના પક્ષના બાળકો કૃષ્ણના પક્ષના બાળકોની પીઠ પર બેસી ગયા. પ્રલંબાસુર બલરામને પોતાની પીઠ પર બેસાડીને નાસવા લાગ્યો. એની દાનત સાફ નહોતી. એ બલરામને લઇને નીચે ઉતારવાના નિયત સ્થાન કરતાં ઘણે દૂર નીકળી ગયો. પરંતુ બલરામનો બોજો વધારે લાગવાથી એને આગળ વધવાનું મુશ્કેલ લાગવાથી પોતાનું મૂળ આસુરી રૂપ ધારણ કરી લીધું. એને જોઇને પહેલાં તો બલરામ થોડાક ગભરાઇને વિચારમાં પડી ગયા પરંતુ પાછળથી પોતાના સામર્થ્યનું સ્મરણ કરીને નિર્ભય તથા નિશ્ચિંત થયા. એમણે એ અમંગલ બુદ્ધિ, વૃત્તિ તથા પ્રવૃત્તિવાળા અસુરના મસ્તક પર જોરથી મુક્કો માર્યો. એથી એનું મસ્તક ફાટી ગયું, એ લોહીની ઉલટી કરવા લાગ્યો, એની ચેતના ચાલી ગઇ, અને એ જોરથી બૂમ પાડીને ધરતી પર ઢળી પડ્યો. એના જીવન પર પડદો પડી ગયો.

એ જ દિવસે વનમાં ભયંકર આગ ફાટી નીકળી. તોફાની પ્રલયના પાર્ષદ જેવા પવને એમાં મદદ કરી. ગાયોને તથા ગોપબાળોને એ ભયંકર આગને અવલોકીને ભય લાગ્યો. એમણે ભગવાન કૃષ્ણને અને બલરામને મદદ માટે પ્રાર્થના કરી. ભગવાન કૃષ્ણે એમને નિર્ભય બનીને આંખ બંધ કરવાનો આદેશ આપ્યો. એ આદેશને અનુસરીને એમણે આંખ બંધ કરી એટલે ભગવાને એ આગને એમની અસાધારણ શક્તિથી શાંત કરી દીધી. સૌએ આંખ ઉઘાડીને જોયું તો પોતાને એક વિશાળ વટવૃક્ષની પાસે ઊભેલાં જોયાં. એમને ભગવાન કૃષ્ણની મહાન યોગશક્તિનો ખ્યાલ આવ્યો. એમને થયું કે કૃષ્ણ કોઇ સામાન્ય માનવ નથી પરંતુ દેવતા છે. એમણે એમનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો.

* * *

ભગવાન કૃષ્ણ એવી રીતે વૃંદાવનના સમસ્ત જીવન સાથે સંમિશ્રિત થઇ ગયેલા. એમનું વ્યક્તિત્વ ત્યાંની ધરતી સાથે તાણા ને વાણાની પેઠે વણાઇ ગયેલું. વૃંદાવનની સમસ્ત ભૂમિ એમની લીલાભૂમિ બની ગયેલી એવું કહીએ તો ચાલે. એ ભૂમિમાંથી એમને ભૂલેચૂકે પણ બાદ ના કરી શકાય અને જો બાદ કરીએ તો એનો મહિમા જ મરી જાય એવી પરિસ્થિતિ હતી. એ પરિસ્થિતિ એમણે કરેલાં લોકકલ્યાણના કાર્યોને લીધે જ પેદા થયેલી. એમના અંતરમાં લોકકલ્યાણની ભાવના આરંભથી જ ઉછાળા મારી રહેલી. એ દૃષ્ટિએ એમના જીવનને વિચારીએ તો ઘણો લાભ થાય તેમ છે.

એમના જીવનના બાળપણના દહીં કે માખણ ખાવાના પ્રસંગોનો જ વિચાર કરીએ. એ વખતે ગોકુળ તથા વૃંદાવનમાં દૂધ, દહીં તથા માખણનો તોટો ન હતો. અનેક ઘરોમાં એની પ્રચુરતા હતી. પરંતુ કેટલાંક ઘરોમાં એની અછત પણ હતી. સમાજમાં એવી જીવનોપયોગી સાધનસંપત્તિ અમુક ઠેકાણે મોટા પ્રમાણમાં એકઠી થાય અને બીજાને એમાંનું કશું જ ના મળે એ કેમ ચાલે ? ભગવાન કૃષ્ણ જેવા આદર્શ લોકહિતૈષી લોકસેવકથી એ કેવી રીતે સહન થાય ? એમણે એવી સાધનસંપત્તિ વિનાના ગોપબાળકોને સંતોષવાનો વિચાર કર્યો અને એ પ્રયોગનો પ્રારંભ પોતાના ઘરથી કરવા માંડ્યો. પોતાના ઘરમાં દૂધ, દહીં, માખણ જેવા ખાદ્યપદાર્થો પૂરતા પ્રમાણમાં હોવાથી એમણે બીજા ગોપબાળકોની સાથે એમાં પ્રવેશીને એમને એનો સ્વાદ ચખાડીને એમને સંતોષવાનો ને યશોદાને પરિગ્રહવૃત્તિનો પરિત્યાગ કરીને વિશાળહૃદયી બનવાનો એવો દ્વિવિધ પ્રયાસ કરી બતાવ્યો. એ પ્રસંગને એ રીતે વિચારીએ તો એમાં કશું ખોટું નહિ લાગે.

ભગવાન કૃષ્ણને માખણ ખૂબ જ પ્રિય હતું. ગોપીઓ એમને માખણ ખવડાવતી પણ ખરી. એનો આધ્યાત્મિક સંદર્ભ સમજવા જેવો છે. માખણ માનવજીવનમાં પ્રકટનારા પવિત્રતમ પ્રભુમય પ્રેમનું પ્રતીક છે. જીવનમાં ઇન્દ્રિયોના સંયમની સિદ્ધિ થતાં તથા દૈવી સંપત્તિની સ્થાપના સહજ બનતાં પરમાત્માના પવિત્ર પ્રેમનો પ્રાદુર્ભાવ થતાં વાર નથી લાગતી અને એવા પવિત્ર પ્રેમનો પ્રાદુર્ભાવ થયા પછી ભગવાન દૂર નથી રહી શક્તા. એ પ્રેમના આસ્વાદને માટે એ આવે જ છે. એ પ્રેમને પેખીને એ પ્રસન્ન થાય છે અને પ્રેમીને સર્વપ્રકારે કૃતાર્થ કરવા આવી પહોંચે છે.

ભગવાન કૃષ્ણના જીવનમાં વેણુવાદનનું મહત્ત્વ ઘણું મોટું હતું. વેણુ જાણે કે એમના સુસંવાદી, સુધાસભર, સુરીલા જીવનની સૂચક હતી. એના સરસ સ્વરો દ્વારા એ જીવનને સંવાદી તથા સુધાસભર બનાવવાનો અને સતત જાગૃતિપૂર્વક આદર્શ રીતે જીવવાનો સંદેશ આપતા.

એ વેણુવાદન સૌને માટે ખૂબ ખૂબ આશીર્વાદરૂપ થઇ પડતું. જડ તેમજ ચેતન સૌના પર એની અસાધારણ અસર થતી. એ અસરોનું વર્ણન ભાગવતના એકવીસમા અધ્યાયમાં વિસ્તારપૂર્વક કરવામાં આવેલું છે. એ વર્ણન પ્રમાણે શ્રીકૃષ્ણ પોતાની મુનિજનમનમોહિની મોરલી વગાડતા ત્યારે મત્ત બનેલા મયુરો થનગની ઊઠતા તથા નાચવા માંડતા. મૃગલીઓ મૃગોની સાથે એમની પાસે મંત્રમુગ્ધ થઇને પહોંચી જતી અને એમને જોવામાં લીન બનતી. સ્વર્ગલોકની સુંદરીઓ અનુપમ આકર્ષણયુક્ત કૃષ્ણને દેખીને અને એમના સુમધુર સંગીતસ્વરને સાંભળીને ભાન ભૂલી જતી. ગાયો પોતાના કાનને ઊંચા કરીને એ અલૌકિક અમૃતરસનો આસ્વાદ લેતાં મંત્રમુગ્ધ ને આનંદમગ્ન બનીને ઊભી રહેતી. દૂધ પીનારાં વાછરડાં બંસીના સ્વર સાંભળતાં દૂધ ના પી શક્તાં, ને જડની જેમ જોયા કરતાં. વૃંદાવનનાં વૃક્ષો પરનાં વિહંગો એ વિશ્વમોહન સ્વરોને સાંભળ્યા જ કરતાં. એમને એમનું સર્વકાંઇ કૃતાર્થ લાગતું.

નદીઓ, પાણીપ્રવાહો, વ્યોમ અને વ્યોમનાં વાદળો સૌની ઉપર એમની મોરલીની મોહિની ફરી વળતી. મોરલીના મનહર સ્વરને સાંભળીને વરસાદી વાદળ જાણે કે ખૂબ ખૂબ પ્રસન્ન બનતાં અને મંદમંદ વરસીને ભગવાન કૃષ્ણ પર ભાવભીનો અભિષેક કરતાં. વૃંદાવનની ભીલડીઓના અંતરમાં પણ ભગવાન કૃષ્ણના દેવદુર્લભ દર્શનથી અને સંગીતસ્વરોના શ્રવણથી પુષ્કળ પ્રેમ થઇ આવતો. વાસંળીના સુધામય

સ્વરોને સાંભળીને મનુષ્યોને તો શું પશુપક્ષીને, નદીને ને વૃક્ષોને પણ આનંદ થતો. વાંસળીના સરસ સ્વર સૌના જીવનને રસમય કરતા અને સર્વત્ર જાદુ ભરતા.

ગોપગોપીઓને ગિરિરાજ ગોવર્ધન પર પણ પુષ્કળ પ્રેમ હતો. એની અંદર અનેક ઝરણાં, વૃક્ષો, ફળો તથા ફુલો હતાં. એની ઉપર ઉગેલા સરસ ઘાસને ગાયો ચરતી રહેતી. થાકેલા માનવો ને પશુઓ એની શીતળ છાયામાં વિશ્રામ કરતાં. ગિરિરાજ ગોવર્ધનનું સ્થાન એવી રીતે ખૂબ જ નોંધપાત્ર હતું. ભગવાન કૃષ્ણની વાંસળીના ધ્વનિથી એનું વાતાવરણ પણ મધુમય બની જતું. ગિરિરાજનું હૃદય અને રોમરોમ એ વંશીધ્વનિથી કૃતાર્થ બનતું.

ભગવાન કૃષ્ણ વૃંદાવનમાં એવી રીતે મૂર્તિમંત મહારસ બનીને વાસ કરતાં. એમને લીધે વૃંદાવનનો મહિમા ખૂબ જ વધી ગયેલો. એ વૃંદાવનની સર્વોત્તમ શોભારૂપ, એના જીવન હતા. સૌ કોઇને એમની સંનિધિમાં અસીમ આનંદનો અનુભવ થતો. સૌને જીવનની ધન્યતા લાગતી.

☼ ☼ ☼ ☼ ☼

## [૧૫] ચીરહરણ

ભાગવતમાં હવે ચીરહરણના પ્રસંગનો પ્રારંભ થાય છે. એ પ્રસંગ જનસમાજમાં સારી પેઠે જાણીતો છે.

એ પ્રસંગ હેમંત ઋતુમાં બનેલો. એની પહેલાંના માગશર મહિનામાં વૃંદાવનની કુમારિકાઓએ કાત્યાયની દેવીનું પૂજન તથા વ્રત કર્યું. વ્રતના દિવસો દરમિયાન એ કુમારિકાઓ કેવળ હવિષ્યાન્ન ખાતી, ઉષઃકાળ પહેલાં જ યમુનાના પવિત્ર પાણીમાં સ્નાન કરતી, તથા યમુનાના સુંદર તટપ્રદેશ પર દેવીની મંગલ મૂર્તિ બનાવીને એનું વિધિપૂર્વક પૂજન કરીને કૃષ્ણને પતિ તરીકે પ્રાપ્ત કરવાની મનોકામનાને પ્રગટ કરતી. રોજ સવારે યમુનાજળમાં સ્નાન કરતાં પહેલાં ભગવાન કૃષ્ણની લોકહિતકારિણી લીલાઓના સુમધુર સંકીર્તનથી સંતોષ મેળવતી.

એક દિવસ પોતાના નિત્ય નિયમ પ્રમાણે યમુનાના સુંદર શાંત તટપ્રદેશ પર વસ્ત્રો ઉતારીને કૃષ્ણનું ગુણસંકીર્તન કરતી એ સઘળી કુમારિકાઓ સ્નાન કરવા માંડી. ભગવાન કૃષ્ણને એમની મનોકામનાની માહિતી હોવાથી એમની આરાધનાને સફળ કરવાની સદ્દભાવનાથી પ્રેરાઇને એ યમુનાતટ પર જઇ પહોંચ્યા. એમની સાથે બીજા ગોપબાળો પણ હતા. કૃષ્ણે એ કન્યાઓનાં વસ્ત્રો લઇ લીધાં. એ વસ્ત્રો સાથે એ કિનારાના કદંબના વૃક્ષ પર ચઢી ગયા.

ગોપીઓ પોતાનાં વસ્ત્રોને કિનારા પર ના જોઇને ખૂબ જ સંકોચ પામી. એમને હવે શું કરવું તે ના સમજાયું. કૃષ્ણે એમને હસતાં હસતાં જણાવ્યું કે તમારી ઇચ્છા હોય તો તમે મારી પાસે આવીને તમારાં વસ્ત્રોને લઇ જાવ. હું તમને સાચી વાત કહી રહ્યો છું.

એ સાંભળીને ગોપબાલો હસવા લાગ્યા.

ભગવાન કૃષ્ણે ગોપીઓને એમનાં વસ્ત્રો એક પછી એક આવીને અથવા એક સાથે આવીને લઇ જવાની સુચના કરી એથી ગોપીઓ સ્વાભાવિક રીતે જ સંકોચમાં પડીને એકમેકના તરફ જોઇને હસવા લાગી. એ યમુનાના પવિત્ર પ્રવાહમાંથી બહાર ના નીકળી, અને કૃષ્ણને પોતાનાં વસ્ત્રો પાછાં આપવા માટે જુદી જુદી રીતે પ્રેમપૂર્વક પ્રાર્થના કરવી લાગી. એમણે એવું પણ કહ્યું કે અમે તમારી દાસી છીએ તમારી ઇચ્છા પ્રમાણે કરવા તૈયાર છીએ ત્યારે કૃષ્ણે એમને પોતાની પાસે આવીને પોતપોતાનાં વસ્ત્રોને લઇ જવાનો આદેશ આપ્યો.

ગોપીઓ હવે લાચાર બની. એમની આગળ કોઇ બીજો વિકલ્પ ના રહ્યો, વસ્ત્રો વિના એમને ચાલે તેમ ના હોવાથી બંને હાથે પોતાના ગુહ્યભાગોને ઢાંકીને એ યમુનાની બહાર નીકળી. ઠંડીથી કંપતી કુસુમકોમળ કમનીય કાયાવાળી એ કન્યાઓની પવિત્રતાને તથા નિર્દોષતાને જોઇને ભગવાન કૃષ્ણે પ્રસન્નતાપૂર્વક જણાવ્યું કે તમે તમારા વ્રતને સારી રીતે પ્રસન્નતાપૂર્વક પૂરું કર્યું છે તે જાણીને મને ખરેખર આનંદ થાય છે પરંતુ એમાં એક ત્રુટિ રહી ગઇ છે. તમે સૌએ કપડાં કાઢીને યમુનાના પાણીમાં સ્નાન કર્યું તે સારું નથી થયું. એથી પાણીના અધિષ્ઠાતા વરુણદેવનો અને યમુનાનો અપરાધ થયો છે. એ અપરાધના

પ્રાયશ્ચિતરૂપે બંને હાથને મસ્તક પર લગાડીને નીચે નમીને નમન કરો. તે પછી જ તમને તમારાં વસ્ત્રોની પ્રાપ્તિ થશે.

ગોપીઓને થયું કે એમનાથી ખરેખર અને મોટો, અક્ષમ્ય અપરાધ થયો છે. કૃષ્ણની વાત એમને સાચી લાગવાથી એમણે એમની સુચનાનુસાર એમને પ્રણામ કર્યા. ભગવાન કૃષ્ણે એમની નિર્ભેળ, નિષ્ઠા, સરળતા, શુચિતા અને સહજતાને નિહાળીને એમને અભિનંદન આપીને એમના વસ્ત્રો પ્રેમપૂર્વક પાછાં આપી દીધાં.

ગોપીઓએ પોતાના વસ્ત્રો પહેરી લીધાં.

ભગવાન કૃષ્ણે એમને આશ્વાસન આપતાં જણાવ્યું કે તમારો સંકલ્પ મારી પૂજા કરવાનો છે તેની મને માહિતી છે. તમારો એ શુદ્ધ સંકલ્પ સાચો થશે ને તમે મારી પૂજા કરી શક્શો. તમે હવે તમારા ઘર તરફ પ્રયાણ કરો. તમારી સાધના સફળતા પર પહોંચી ચૂકી છે. હવે પછી આવનારી શરદ ઋતુની રસીલી રાત્રી દરમિયાન તમે મારી સાથે રાસક્રીડા કરશો ને પરમસુખ તથા શાંતિ મેળવશો. તમે જે વ્રત કર્યું છે તેનું પ્રયોજન એ જ હતું તે જાણું છું.

એ પછી ગોપીઓ પ્રસન્નહૃદય સાથે ત્યાંથી ચાલી નીકળી.

ભાગવતની એ કથા સ્પષ્ટ રીતે અસંદિગ્ધપણે કહી બતાવે છે કે ભગવાન કૃષ્ણને ગોપીઓની વસ્ત્રોને ઉતારીને સ્નાન કરવાની પદ્ધતિ જરાપણ પસંદ નહોતી પડી. યમુનાનો તટપ્રદેશ એક સાર્વજનિક જાહેર પ્રદેશ હતો. યમુના પણ જાહેર સાર્વજનિક નદી હતી. તેમાં એવી રીતે સ્નાન કરવાની ગોપીઓને અત્યારથી જ ટેવ પડી જાય તો તે ભવિષ્યમાં એમને અને સમસ્ત સમાજને માટે હાનિકારક થાય. એમની અભિલાષા વૃંદાવનના સમગ્ર વાતાવરણને બને તેટલું વધારે ને વધારે વિશુદ્ધ કરવાની હતી. એ અભિલાષાથી પ્રેરાઇને જ એમણે એમને આવશ્યક પદાર્થપાઠ આપવાને માટે એ પ્રસંગનો એવી રીતે આધાર લીધો. એને માટેની એમની પદ્ધતિ જરાક જુદી ને વિલક્ષણ હતી એ સાચું હોવા છતાં એ પદ્ધતિ નિર્દોષ હતી એ નિર્વિવાદ છે. એમની અંદર વિકારનો લેશ પણ અંશ ન હતો. એટલું જ નહિ, ગોપીઓની પ્રકૃતિ પણ પૂર્ણ પવિત્ર હતી. એ ગોપીઓને વિકારરહિત પવિત્ર પ્રેમની જ પ્રેરણા આપવાની ઇચ્છા રાખતા હતા. આગામી શરદ ઋતુની રાત્રી દરમ્યાન રમાનારી રાસલીલામાં પણ એ જ પવિત્રતાનું પૂર્ણ પ્રાધાન્ય રહેવાનું હતું. એનો સંકેત એમણે વસ્ત્રોને પાછાં આપ્યા પછી ગોપીઓને સંભળાવેલા શબ્દો પરથી સંપૂર્ણપણે ને સહેલાઇથી મળી રહે છે. આ રહ્યા એમના એ સુંદર સારવાહી શબ્દો :

'જેમણે મારી અંદર મન, બુદ્ધિ તથા પ્રાણને પ્રવેશ કરાવીને મારું શ્રદ્ધાભક્તિપૂર્વક શરણ લીધું છે તેમની અંદર સાંસારિક કામનાઓ નથી પેદા થઇ શક્તી. એ કામનાઓ કાયમને કાજે પવિત્ર અને પરમાત્માભિમુખ કરનારી તેમ જ પરમાત્માની પાસે પહોંચાડનારી હોય છે.'

એના પરથી એ પ્રસંગની પાછળની ને ભગવાન કૃષ્ણના ગોપીઓ સાથેના પવિત્ર સ્નેહસંબંધની પાછળની પવિત્રતાની પ્રતીતિ થશે. એ પ્રસંગમાં અને સંબંધમાં મલિનતાનું દર્શન કરનારા ભયંકર ભૂલ કરે છે ને પોતાની જ મલિનતાનો પડઘો પાડે છે.

ભગવાન કૃષ્ણ ગોપીઓના સ્ત્રીસહજ સંકોચને દૂર કરવા અને પોતાની અંદર ભગવદ્દભાવની પૂરેપૂરી પ્રતિષ્ઠા કરાવવા માગતા હતા. ગોપીઓ એમને સામાન્ય અથવા અસામાન્ય સાંસારિક પુરુષ તરીકે માનીને એમનો સંકોચ અનુભવે એ એમને પસંદ નહોતું. એ દેહભાવથી ઉપર ઊઠીને અલૌકિક આત્મભાવમાં પ્રતિષ્ઠા પામે એવી એમની ઇચ્છા હતી. એથી જ એની પૂર્વભૂમિકારૂપે એમણે એમને વસ્ત્રવિહીન અવસ્થામાં અને એમને દેહાધ્યાસથી પરિપૂર્ણપણે મુક્ત કરવા માટે પાછળથી બે હાથ જોડી નમન કરીને વસ્ત્રોને લઇ જવાનો આદેશ આપ્યો અને ગોપીઓએ દેહાધ્યાસથી મુક્તિ મેળવીને તેમજ ભગવદ્દભાવમાં પૂર્વજન્મના પવિત્રતમ સંસ્કારોના સુપરિણામે સહેલાઇથી સ્થિતિ કરીને એ આદેશનું અનાયાસે સફળતાપૂર્વક અનુસરણ કર્યું.

એ પ્રસંગ સૂચવે છે કે ભગવાનની પરમકૃપાની પ્રાપ્તિ દ્વારા કૃતકૃત્ય બનવા માગનારા સાધકે અહંકાર અથવા દેહાભિમાનમાંથી મુક્તિ મેળવવાની અને બનતા પ્રમાણમાં નિર્દોષ થઇને ભગવાનનું શરણ લેવાની આવશ્યકતા છે. ગોપી જીવ છે અને ભગવાન કૃષ્ણ શિવ. જીવ શિવના આકર્ષણ અથવા અનુરાગનો અનુભવ કર્યા વિના રહી જ ના શકે. એ આકર્ષણ અનાદિ અને અમર છે. એને લીધે જ જીવન શક્ય બને છે ને સંસારનું ચક્ર ચાલી શકે છે. ગોપીને મનની વૃત્તિ કહીએ તો પણ એ આત્મા અથવા પરમાત્માની સાથે રાસ રમ્યા વિના ભાગ્યે જ રહી શકે. એ રાસ જ એને રસમય કે કૃતાર્થ કરે. એને માટે એણે પરમ પવિત્ર બનીને પરમાત્માના પ્રેમથી પરિપ્લાવિત થયા વિના છૂટકો જ નથી.

પ્રત્યેક જીવે ગોપીઓની પેઠે છેવટે તો સાધનાપરાયણ બનીને દેહાધ્યાસમાંથી અને આસક્તિમાંથી છૂટવાનું છે. એની સાથે સાથે ઇશ્વરનું શરણ લઇને એમને સમર્પણ અને અંતે સર્વસમર્પણ કરવાનું છે. પછી જીવનમાં રસનો રાસ જ બાકી રહેશે. પરમાત્માની પૂર્ણ કૃપાની પ્રાપ્તિ થતાં એમની સાથેની અંતરંગ એકતાનો, જીવનની ધન્યતા, પૂર્ણતા ને મુક્તિનો રાસ શરૂ થશે. સાધારણ રાસ નહિ પરંતુ મહારાસ. પછી પરમાત્મા સાથેના અભેદભાવની અનુભૂતિ થતાં બીજું કશું જ બાકી નહિ રહે.

આપણે ત્યાં સાર્વજનિક સ્નાનાગારો તથા સરિતાતટો છે. સ્નાન કરનારે આ પ્રસંગ પરથી પાઠ લેવાનો છે. એમને માથે મોટી જવાબદારી છે. એનું એમણે પાલન કરવાનું છે. એનું પાલન બધે ઠેકાણે નથી થતું એ આશ્ચર્યકારક અને દુઃખદ છતાં સાચું છે. સાર્વજનિક સ્નાનગારો તથા સરિતાતટોનો ઉપયોગ સૌ કોઇએ સંયમપૂર્વક, સારા નાગરિક તરીકેની જવાબદારીના પૂરતા ભાન સાથે કરવાનો છે. એમના પોતાના વર્તનથી અશ્લિલ ના બનાવી દેવાય તેનું ધ્યાન રાખવાનું છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૧૯] ગોવર્ધનધારણ

ગોવર્ધનધારણની લીલા ભગવાન કૃષ્ણના જીવનની મહત્વની સમાજોપયોગી લીલા છે. એ લીલાનું સ્મરણ કરાવતાં ચિત્રો પણ આપણે કેટલેક ઠેકાણે જોઇએ છીએ જેમાં એમણે ગોવર્ધનગિરિને પોતાની ટચલી આંગળીના આધારે ઉપાડ્યો છે. ભાગવતના દસમા સ્કંધની એ નોંધપાત્ર ઘટના છે. દસમા સ્કંધના ચોવીસથી સત્તાવીસમા અધ્યાય સુધીના અધ્યાયોમાં એનું વર્ણન ખુબ જ વિશદ રીતે કરવામાં આવ્યું છે.

એ વર્ણન પરથી લાગે છે કે ભગવાન કૃષ્ણ પોતાના જમાનાના મહાન ક્રાંતિકારી હતા. એમણે એમના જમાનાની જડ પ્રથાઓનો વિચારપૂર્વકનો મીઠો વિરોધ કર્યો અને તત્કાલીન તથા સર્વકાલીન સમાજને નવી દૃષ્ટિનું દાન કર્યું. એમણે આવશ્યકતાનુસાર પ્રાચીન પરંપરાઓનો એમની ગુણવત્તાને ઓળખીને પુરસ્કાર કર્યો અને જ્યાં જ્યાં એની જરૂર જણાઇ ત્યાં ત્યાં નીરક્ષીર વિવેકથી પ્રેરાઇને એમની સામે અભિનવ વિચારસરણીની રજૂઆત કરી. એમના જીવનના ગોવર્ધનધારણના પ્રસંગ પરથી એ વિચારસરણીનો સારી પેઠે પરિચય થાય છે અને આપણને એમની જીવનોપયોગી દૃષ્ટિનો લાભ લેવાનો અવસર મળે છે.

એમના જીવનકાળ દરમિયાન એક વાર નંદે તથા બીજા ગોપોએ એક મહાન યજ્ઞ કરવાની તૈયારી કરી. એ યજ્ઞ લગભગ પ્રત્યેક વરસે કરવામાં આવતો ઇન્દ્રયજ્ઞ હતો. એ ઇન્દ્રની પ્રસન્નતા માટે નિયમિત રીતે કરવામાં આવતો. ભગવાન કૃષ્ણને એ યજ્ઞની અને યજ્ઞના પ્રયોજનની માહિતી હોવા છતાં એમણે નંદને તથા બીજા ગોપોને એના વિશે પૂછી જોયું તો એમણે કહ્યું કે ઇન્દ્ર વૃષ્ટિ કરનારા વાદળનો સ્વામી છે. એ વાદળ એક રીતે એના જ સ્વરૂપ જેવાં છે. એ સઘળાં પ્રાણીઓને તૃપ્ત કરનારું ને જીવનદાન આપનારું પાણી વરસાવે છે. એ દૃષ્ટિએ જોતાં એનો ઉપકાર ઘણો જ મોટો છે. એટલે અમે એની યજ્ઞની મદદથી પૂજા કરીએ છીએ ને બીજા પણ પૂજા કરે છે. એ યજ્ઞના અનુષ્ઠાન પછી જે કાંઇ બચે છે તેનો અમે ઉપભોગ કરીએ છીએ. ઇન્દ્ર જ ખેતી, ગોપાલન જેવા વ્યવસાયોના ફળને પ્રદાન કરે છે. એની પ્રસન્નતાથી જ સૌના જીવન સુખી અને સમુદ્ધ બને છે. એટલા માટે એને સારુ યજ્ઞ કરવાનું સર્વપ્રકારે શ્રેયસ્કર છે. એ યજ્ઞની પ્રથાનો પરિત્યાગ કરવાથી અમંગલ થવાની આશંકા છે.

ભગવાન કૃષ્ણે નંદ તથા બીજા ગોપોની વિચારસરણીની પાછળ રહેલી આશંકા અને ભીતિને સમજી લીધી. એ આશંકા અને ભીતિ એમને આધાર વિનાની અને અસ્થાને લાગી. એમણે એનો અંત આણવાનો નિર્ણય કર્યો. એમણે એમની અભિનવ વિચારસરણીને વ્યક્ત કરતાં કહ્યું કે પ્રાણીઓનાં સુખદુઃખનો આધાર ઇન્દ્ર પર કે એવા બીજા કોઇક નાના મોટા દેવ પર નહિ પરંતુ પોતાના કરાયેલાં સારાંનરસાં કર્મો પર છે. પ્રાણી કર્મને અનુસરીને જ જન્મે છે તથા કર્મને લીધે જ મરે છે. ઇશ્વરમાં વિશ્વાસ રાખીએ તો પણ એ ઇશ્વર કર્મને લક્ષમાં લઇને જ ફળ આપે છે. એટલે ઇન્દ્રથી ગભરાવાનું કે ડરવાનું કોઇ જ કારણ નથી. મનુષ્યનું જીવન એના કર્મના સંસ્કારોનો અનુસરીને ચાલ્યા કરે છે. આપણા સાચા અને પ્રત્યક્ષ દેવો તો એ છે જેમને લીધે આપણું વ્યક્તિગત અને સમષ્ટિગત જીવન સુખશાંતિ તથા સમૃદ્ધિથી સંપન્ન બને છે અને જે આપણા જીવનના અવિભાજ્ય અંગ જેવાં બની ગયાં છે. એમની અંદરની દિવ્યતાનું દર્શન કરી, એમની ઉપયોગિતાને તેમ જ ઉપકારકતાને ઓળખીને, એમનું સમુચિત સન્માન અને પૂજન કરીએ. પરોક્ષને બદલે પ્રત્યક્ષને

સેવતાં શીખીએ. આપણા પ્રત્યક્ષ દેવો કોણ છે ? ગાયો, બ્રાહ્મણો તથા સમાજના બીજા દીનદુઃખી અભાવગ્રસ્ત અથવા સુખી સમૃદ્ધ માનવો અને ગિરિરાજ ગોવર્ધન. એ ગિરિરાજની છત્રછાયામાં આપણે સુખી છીએ. એમાંથી નીકળતાં ઝરણાં આપણને અને આપણા પશુધનને આનંદ આપે છે, એનાં વિવિધ વિશાળ વૃક્ષો આપણને બનતી બધી જ રીતે મદદરૂપ બને છે, અને એનું ઘાસ આપણા પશુઓને માટે આશીર્વાદરૂપ ઠરે છે. ગાયોને તો આપણા વ્યક્તિગત તથા સમષ્ટિગત જીવનમાંથી બાદ કરી શકાય તેમ જ નથી. એ તો આપણા જીવનમાં તાણા ને વાણાની પેઠે મળી ગઇ છે. એમના વિના આપણે માટે જીવન જીવવાનું મુશ્કેલ થઇ પડે તેમ છે. એ બધી દેવીઓ છે. આપણને શિક્ષણ તથા સંસ્કાર આપનારા, શાસ્ત્રોને સુરક્ષિત કે સજીવ રાખનારા ને સદાચારનાં મૂલ્યોને ટકાવવામાં કે વધારવામાં મદદરૂપ થનારા બ્રાહ્મણો પણ દેવો જ છે. એ ઉપરાંત હજારો દીન, દુઃખી, પતિત કે પદદલિતોના રૂપમાં એ દેવતા જ રમી રહ્યા છે. જેમની પાસે ખાવાપીવાના પૂરતા પદાર્થો નથી, પહેરવા માટેનાં પર્યાપ્ત વસ્ત્રો નથી, ઘર નથી, સંસ્કાર કે શિક્ષણ અને જીવનોપયોગી સંપત્તિ કે સામગ્રી નથી, તે દેવો જ છે. એમનામાં શું દેવત્વ નથી દેખાતું ? એમનામાં દિવ્યતાનું દર્શન કરીને એમની સેવા-પૂજા કરીએ અને એમને બનતી બધી રીતે મદદરૂપ બનીએ એથી વિશેષ યજ્ઞાનુષ્ઠાન બીજું કયું હોઇ શકે ? આપણે ઇન્દ્રના પેલા પરંપરાગત યજ્ઞને મૂકીને આવો નૂતન છતાં વધારે કલ્યાણકારક યજ્ઞ શરૂ કરીએ.

કૃષ્ણના વિચારો વર્તમાનકાળના કોઇક સમાજવાદી વિચારકે રજૂ કર્યા હોય એવા આધુનિક છે તો પણ એ વિચારો એમણે આજથી હજારો વરસો પહેલાં પ્રકટ કર્યા છે એના પરથી સહેલાઇથી સમજી શકાય છે કે એમના વિચારો કેટલા બધા મૌલિક, સ્વતંત્ર અને એમના જમાના કરતાં કેટલા બધા આગળ હતા. એથી વધારે સુંદર, સર્વોત્તમ અને આદર્શ વિચારધારા--સમાજવાદી વિચારધારા બીજી કઇ હોઇ શકે ? ભગવાન કૃષ્ણે સમાજવાદની નાની કે મોટી છાપ લગાડવાને બદલે એ વિચારો તદ્દન સહજ રીતે જ વ્યક્ત કરેલા. એ વિચારો એ જમાનાને માટે નવા હોવા છતાં સૌને ગમી ગયા એટલું જ નહિ પરંતુ આદર્શ અને અનુકરણીય લાગ્યા. એમણે કહ્યું કે ઇન્દ્રયજ્ઞને માટે જે સામગ્રી એકઠી થઇ છે એ સામગ્રીથી સમાજસેવાનો યજ્ઞ કરીએ, ભાતભાતનાં ભોજન બનાવીએ, હવન કરીએ અને દાન તથા દક્ષિણા આપીએ.

એ ઉપરાંત ચાંડાલ, પતિત તથા કુતરાઓને પણ જરૂરી વસ્તુઓ આપીને, ગાયોને ઘાસ તથા બીજા પદાર્થો ખવડાવીને, ગિરિરાજ ગોવર્ધનને ભોગ ધરાવીએ.

ભગવાન કૃષ્ણના એ છેલ્લા શબ્દો કેટલા બધા સુંદર છે ? એમની દિવ્ય દૃષ્ટિ અથવા વિશાળ સેવાભાવના ચાંડાલ, પતિત, કુતરા, ગાયો અને ગોવર્ધન પર વસતા બીજા નાનામોટા જીવોને પણ ઘેરી વળે છે. એ એમનો વિચાર કર્યા વિના નથી રહી શક્તી. એ ભાવના ખરેખર સ્તુત્ય છે. સમાજસેવકના કે રાષ્ટ્રનાયકના જીવનમાં એવી નિઃસ્વાર્થ સર્વવ્યાપક સેવાભાવના ફરી વળે તો સૌને માટે હિતકારક ઠરે એમાં સંદેહ નથી.

* * *

નંદ તથા બીજા ગોપોએ એ ભાવનાને સમજીને સ્વીકારી લીધી. એમણે કૃષ્ણના કહ્યા પ્રમાણેનો સેવાયજ્ઞ શરૂ કર્યો. એ એક રીતે મહાન, મંગલ, સાચો સેવાયજ્ઞ હતો. એથી સમાજના સર્વ પ્રકારના જીવોને

મદદ મળી. સૌના જીવનમાં સુખશાંતિ, સમૃદ્ધિ, સદ્દભાવના તથા પ્રસન્નતા ફરી વળી. ભગવાન કૃષ્ણની કૃપાથી સૌ એકમેકને ઓળખતાં શીખ્યા, એકમેકની પાસે પહોંચ્યા, અને પરસ્પર પ્રેમભાવ પ્રકટાવીને આત્મીયતાને અનુભવવા લાગ્યાં. એ સુંદર, શ્રેષ્ઠ, સર્વહિતકારક સેવાયજ્ઞની પુર્ણાહુતિ પ્રસંગે ભગવાન કૃષ્ણ ગિરિરાજ ગોવર્ધન પર એક બીજું વિશાળ શરીર ધારણ કરીને પ્રકટ થયા ને ગિરિરાજને સમર્પેલી સામગ્રીનો સૌના આશ્ચર્ય અને આનંદ વચ્ચે ઉપભોગ કરવા લાગ્યા. સમાજની વ્યાપક સેવાનો એ યજ્ઞ એવી રીતે સફળતાપૂર્વક પૂરો થયો. કૃષ્ણે એ દ્વારા સમસ્ત સમાજને યજ્ઞની એક નવી દૃષ્ટિ પૂરી પાડી.

પરંતુ ઇન્દ્ર પોતાનો યજ્ઞ બંધ થયાના સમાચાર સાંભળીને એ બધા ગોપો, નંદ તથા કૃષ્ણ પર અતિશય ક્રોધે ભરાયો. એણે એ બધાને દંડ દેવાનો નિશ્ચય કર્યો. સંસારમાં નવી ને પુરાણી બંને પ્રકારની દૃષ્ટિવાળા માનવો મળે છે. એક નવાનું સ્વાગત કરે છે તો બીજા એનો વિરોધ. સારીનરસી વૃત્તિ તથા પ્રવૃત્તિવાળા પુરુષો પણ મળે છે. એક રચનાત્મક કાર્યો કરે છે તો બીજા ભંજનાત્મક. ઇન્દ્ર બીજી શ્રેણીનો હોવાથી સૌનો વિનાશ કરવા તૈયાર થયો.

એના આદેશને અનુસરીને પ્રલયના ભયંકર મેઘ વ્રજની ભૂમિ પર તૂટી પડ્યા. ચપલાઓના ચમકાર તથા વાદળોના ઘોર ગગડાટ સાથે વરસાદની ધારાઓ ધરતી પર ઢળવા લાગી. તોફાની પ્રબળ પવને એમને મદદ કરી. સર્વત્ર પાણી ભરાઇ ગયું ને હાહાકાર થઇ ગયો એટલે સૌ કૃષ્ણને શરણે ગયાં. કૃષ્ણ બધું સમજી ગયા. અત્યાર સુધીની પરંપરાગત યજ્ઞપૂજાનો ઇન્દ્રે આવી રીતે જાણે કે બદલો આપવા માંડ્યો. એમણે એના ઘમંડને દૂર કરવાનો ને વ્રજની રક્ષા કરી બતાવવાનો સંકલ્પ કર્યો. એ સંકલ્પથી પ્રેરાઇને એમણે ગોવર્ધનને પોતાના હાથની મદદથી ઉપાડી લીધો. એ પછી વ્રજવાસીઓને એમની ગાયો તથા બીજી સામગ્રી સાથે એની નીચે આવીને આશ્રય લેવાનો આદેશ આપ્યો.

સૌએ એમના આદેશનું પાલન કર્યું.

એવી રીતે એમણે ગિરિરાજ ગોવર્ધનને એમના અનંત યોગબળથી સતત સાત દિવસ સુધી ઉપાડેલો રાખીને સૌની રક્ષા કરી. એમની અનિર્વચનીય અચિંત્ય યોગશક્તિનો એવો અસાધારણ ચમત્કૃતિપૂર્ણ પ્રભાવ જોઇને ઇન્દ્રને આશ્ચર્ય થયું. એની યોજના પૂરી ના થવાથી એનો ઘમંડ ઓગળી ગયો. એણે મેઘોને વરસાદ ના વરસાવવાની આજ્ઞા કરી. વરસાદ બંધ થયો એટલે વ્રજવાસીઓ પોતાની ચરાચર સામગ્રી સાથે પોતપોતાનાં સ્થાનો પર કૃષ્ણની સુચનાનુસાર પાછા ફર્યા. એ પછી એમણે ગિરિરાજને જોતજોતામાં એના મૂળ સ્થાને મૂકી દીધો.

વ્રજવાસીઓના જીવનમાં એ પ્રસંગ ચિરસ્મરણીય બની રહ્યો. એને કેમે કરીને ક્યારેય ભૂલી શકાય તેમ ન હતું.

* * *

ભગવાન કૃષ્ણના એવા અલૌકિક પ્રભાવોત્પાદક સામર્થ્યને પેખીને વ્રજવાસીઓને આશ્ચર્ય થાય એ સાવ સ્વાભાવિક હતું. એ આશ્ચર્યની અભિવ્યક્તિ એમણે કરી બતાવી પણ ખરી. કૃષ્ણના આજ સુધીના અનેક અસામાન્ય અસુરનાશના ને બીજા જીવનપ્રસંગોનાં એ સાક્ષી હતાં. એ પ્રસંગો એમને અત્યંત આશ્ચર્યકારક લાગવા માંડેલા. એમાં આ અદ્દભુત પ્રસંગથી એકનો વધારો થયો.

એમના આશ્ચર્યને શમાવવાનો પ્રયાસ કરતાં નંદે મહર્ષિ ગર્ગનું કથન કહી બતાવ્યું. મહર્ષિ ગર્ગે એમને એમની અલૌકિક દૃષ્ટિ તથા શક્તિથી કહેલું કે તમારો આ બાળક-કૃષ્ણ પ્રત્યેક યુગમાં શરીર ધારણ કરે છે. એ તમારું પરમ કલ્યાણ કરશે. એની મદદથી તમે બધાં મોટી મોટી વિપત્તિઓને પાર કરી જશો. ગુણ, ઐશ્વર્ય, સૌન્દર્ય, કીર્તિ તથા પ્રભાવ ગમે તે દૃષ્ટિએ જોતાં કૃષ્ણ ભગવાન નારાયણ જેવો છે.

નંદના એ શબ્દોને સાંભળીને વ્રજવાસીઓનો વિસ્મય મટી ગયો. એમની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

ભગવાન કૃષ્ણના અસાધારણ સામર્થ્યને નિહાળીને ઇન્દ્રનો ઘમંડ ઓગળી ગયો. એણે ભગવાન કૃષ્ણની પાસે પહોંચીને એમની ક્ષમાયાચના કરતાં પ્રેમપૂર્વક પ્રશસ્તિ કરી. ભગવાને એને ક્ષમા આપીને કહ્યું કે તારા ઐશ્વર્ય અને અધિકારને લીધે પેદા થયેલા મદને દૂર કરવા માટે જ મેં તારે માટેના યજ્ઞને બંધ કરાવેલો. હું જેના પર પણ કૃપા કરું છું તેના મિથ્યાભિમાનનો નાશ કરી નાખું છું.

☼ ☼ ☼ ☼ ☼

## [૧૭] રાસલીલા

ગોપીઓ પૂર્વજન્મના મહાન સંસ્કારોને લઇને આ પાર્થિવ પૃથ્વી પર વ્રજની પવિત્ર ભૂમિમાં પ્રકટ થયેલી. એ સર્વોત્તમ સંસ્કારોને લીધે જ એ ભગવાન કૃષ્ણના સંપર્કમાં આવેલી, એમના પ્રત્યે અભૂતપૂર્વ આકર્ષણ અનુભવતી થયેલી, અને એમને માટેના અસાધારણ અનુરાગમાં અભિવૃદ્ધિ કરતાં શ્વાસ લેતી. ભગવાન કૃષ્ણ પણ એમના પ્રત્યે, એ પૂર્વજન્મની કોઇ મહાન સંસ્કારસંપન્ન શીલવતી સાધિકાઓ હોય અને એમને સિધ્ધાવસ્થાનો સ્વાનુભવ કરાવીને સફળ કરવાનો સ્વર્ણ સમય સંનિકટ આવી પહોંચ્યો હોય એમ, એમની ઉપર વિશેષ પ્રેમ રાખતા. એમના અંતર અનુરાગપૂર્ણ અને પવિત્ર હતાં. એમનો સ્વભાવ નિષ્કપટ અને સરળ હતો. એને લીધે જ ભગવાન કૃષ્ણની કૃપા એમની ઉપર ઉત્તરોત્તર, દિનપ્રતિદિન વધારે ને વધારે વરસતી રહી. અને આખરે ગોપીઓ એ અલૌકિક અનુગ્રહને અનુભવીને ધન્ય બની. ગોપીઓના ભગવાન કૃષ્ણ સાથેના એ લીલા પ્રસંગો આપણને સૂચવે છે કે જીવનની આ જટિલ યાત્રામાં, વિશ્વના વિશાળ વૃંદાવનમાં,  જે જીવો ગોપીઓની પેઠે નિર્મળ, નિખાલસ, કોમળ, સરળ અને ભગવાનના સાચા શરણાગત બને છે તે ભગવાનની પાસે પહોંચે છે, ભગવાનના પ્રેમની પ્રાપ્તિ કરે છે અને એમના અનુગ્રહને અનુભવીને ધન્ય બને છે. એટલે જીવનની જટિલ યાત્રાને સુખી, શાંતિમય, સફળ તેમજ સાર્થક કરવા માટે જીવે શિવનું શરણ લેવું જોઇએ. ને શિવની સાથે સંપર્ક સ્થાપવો જોઇએ. ગોપીઓ મન, વચન, કર્મથી ભગવાન કૃષ્ણની સાથે તલ્લીન બનીને એમની પ્રસન્નતાને માટેના કર્મો કરતી. એમનું સમસ્ત જીવન કૃષ્ણમય થઇ ગયેલું એમ કહીએ તો ચાલે. માટે જ ભગવાને રાસલીલા દ્વારા એમની ઉપર વિશેષ અનુગ્રહ કરવાનો નિર્ણય કર્યો. જીવનમાં ભગવાનની શરણાગતિ અને તે દ્વારા થનારી ભગવાનની કૃપા પછી આનંદ, સુખ, શાંતિ, સાર્થક્ય અને રસનો રાસ જ શેષ રહે છે.

ભગવાને ગોપીઓને એવો રાસ રમાડવાનો સંકલ્પ કર્યો. એ રાસ સંકેત કરે છે કે ભક્તના મનની બધી જ વૃત્તિઓ અને ભક્તની ઇન્દ્રિયો ભગવાનના સ્મરણ, મનન અને નિદિધ્યાસનમાં લાગી જાય છે. એના સમસ્ત જીવન દ્વારા ભગવાનની જ સેવા, પૂજા અથવા આરાધના થતી હોય છે. એનું એકમાત્ર કર્તવ્ય અને ધ્યેય ભગવાનની પાસે પહોંચવાનું, ભગવાનના પ્રેમભાજન કે કૃપાપાત્ર થવાનું અને ભગવાનનો સાક્ષાત્કાર કરીને ભગવાનની સતત શાશ્વત સંનિધિને અનુભવવાનું હોય છે. ગોપીઓની જીવનદૃષ્ટિ એવી જ આદર્શ અને અલૌકિક હોવાથી એમની એ દૃષ્ટિ અને સદ્દભાવનાને ઓળખીને એમને જીવનની ધન્યતાનો આનંદ આપવા માટે ભગવાને એમને આપેલા કોલ પ્રમાણે રાસલીલાનું આયોજન કર્યું. એ હતી એમની ગોપીઓ સાથેની રાસલીલાની પૂર્વભૂમિકા.

એ પૂર્વભૂમિકાને પાકવાનો સાનુકૂળ સમય આવી પહોંચ્યો. એ સમય સુંદર શરદઋતુનો હતો. અને એમાં પણ શરદપૂનમની રમણીય રસમથી રાતનો. પ્રકૃતિ ચારે તરફ પોતાના અમૂલખ અલૌકિક સૌન્દર્ય વૈભવને વિખેરીને ભગવાન કૃષ્ણનું દર્શન કરતી એમની રાસલીલાની પ્રતીક્ષામાં બેસી રહેલી. એની શોભા ખરેખર અનુપમ, અનોખી, અવર્ણનીય હતી.

આકાશમાં આહ્લાદકતાના આગાર જેવા ચંદ્રનો ઉદય થયો. વિશ્વની સમગ્ર ચારુતા જાણે કે એક સુંદર થાળમાં એકઠી થઇને બહાર નીકળી. અખિલ અવનીનું અમૃત એક ઠેકાણે એકઠું થયું.

ચંદ્રના પ્રાકટ્યની સાથે જ સૃષ્ટિમાં સુખની લલિત લહરી ફરી વળી. સૃષ્ટિએ સુધાકરનું શાંત સ્વાગત કર્યું. એ જ વખતે ભગવાન કૃષ્ણે વાંસળી વગાડી. એના સુધાસભર સ્વર સઘળે ફરી વળ્યાં. એ સ્વરો કેવળ સ્વરો ન હતાં, ગોપીઓના મન અંતરનું વશીકરણ અથવા અનંત આકર્ષણ હતું. અંતરના અનુરાગનું અલૌકિક સંગીત હતું. ગોપીઓને એ આકર્ષ્યા વિના ના રહી શક્યું.

સાધકના જીવનમાં સાધનામાં આગળ વધતાં જુદાજુદા નાદ સંભળાય છે એમાં એક વાંસળીનો નાદ પણ હોય છે. એ સાંભળતાં સાધકની સઘળી વૃત્તિઓ હિલોળે ચઢે છે ને તલ્લીન બને છે. એ પોતપોતાની પ્રવૃત્તિનો પરિત્યાગ કરીને એ ધ્વનિના શ્રવણમાં મશગુલ થઇને અદમ્ય આકર્ષણને અનુભવતાં આત્મલીન બની જાય છે.

ગોપીઓ વંશીનાદ સાંભળી પોતપોતાની પ્રવૃત્તિને પરિત્યાગીને કૃષ્ણની પાસે પહોંચ્યા વિના રહી શકી જ નહિ. એમનું આકર્ષણ એટલું બધું અદમ્ય હતું કે વાત નહિ.

ભગવાન કૃષ્ણે ગોપીઓને પોતાની આગળ આવેલી જોઇને એમનું સ્મિતપૂર્વક સ્વાગત કર્યું. એ સ્મિત અતિશય ચિત્તાકર્ષક હતું. એથી ગોપીઓ મંત્રમુગ્ધ બનીને ભગવાનને જોવા માંડી. ભગવાનનું સ્વરૂપ કેટલું બધું સુંદર અને સુધામય હતું ? ગોપીઓ એને અનુરાગપૂર્ણ આંખે અવલોકવા લાગી. એને અવલોકીને એ થાકતી, કંટાળતી કે ધરાતી નહોતી. એક ચંદ્ર જાણે કે આકાશમાં હતો અને એક ધરતી પર. હા. કૃષ્ણ ચંદ્રની પેઠે જ ચારુ હતા. એ બંનેમાં કયા ચંદ્રની ચારુતા વધારે હતી ? ગોપીઓને કૃષ્ણચંદ્રની ચારુતા વિશેષ લાગી. કોનું આકર્ષણ અધિક હતું ? કૃષ્ણચંદ્રનું આકર્ષણ એમને અધિક લાગ્યું. બંનેમાં કોણ અધિક આહ્લાદક અને અમૃતમય હતા ? આકાશનો ચંદ્ર હાલતો ચાલતો હસતો ને બોલતો ન હતો. ધરતી પરનો આ ચંદ્ર તો એવું બધું જ કરતો. એ દૂર હતો તો આ સમીપ. ભગવાન શ્રીકૃષ્ણચંદ્રે ગોપીઓ તરફ પ્રેમપૂર્વક દૃષ્ટિપાત કરતા કહ્યું કે ગોપીઓ ! તમારું ભાગ્ય ઘણું મોટું છે. તમારું સ્વાગત કરું છું. તમારે અત્યારે આવી રાતને વખતે શા માટે આવવું પડ્યું ? તમે કુલીન તથા સતી સ્ત્રીઓ હોવાથી તમારે ઘેર પાછી ફરો એ જ બરાબર છે. મારા પ્રેમથી પ્રેરાઇને તમે મારી પાસે આવી હો તો એમાં કોઇ અનુચિત કામ નથી થયું. કારણ કે મનુષ્યો તો શું પરંતુ પશુપંખી પણ મને પ્રેમ કરે છે. છતાં પણ મારી લીલા અથવા ગુણોના સંકીર્તન અને શ્રવણથી, મારા સ્વરૂપના સાક્ષાત્કારથી અથવા ધ્યાનથી મારે માટે જેવી અનન્ય પ્રબળ પ્રેમની પ્રાપ્તિ થાય છે એવી મારી પાસે કે સાથે રહેવાથી નથી થતી. માટે તમે તમારે ઘેર જાવ એ વધારે સારું છે.

ભગવાનના શબ્દો સાંભળીને ગોપીઓ થોડીક ઉદાસ થઇ ગઇ. એમની આંખ અશ્રુથી ભરાઇ ગઇ. એમણે કહ્યું કે અમે તમને પુરુષ નહિ પરંતુ પુરુષોત્તમ અને જીવ નહિ પરંતુ શિવ માનીએ છીએ. જીવ શિવની પાસે ના જાય તો બીજે ક્યાં જાય ? એનું કલ્યાણ શિવની પાસે પહોંચવામાં કે શિવ સ્વરૂપ થવામાં છે. એ દૃષ્ટિએ અમારું તમારી પાસે આવવાનું શાસ્ત્રસંગત છે. આદિ પુરુષ ભગવાન નારાયણ જેવી રીતે મુમુક્ષુજનો અથવા ભક્તો પર પ્રેમ કરે છે તેવી રીતે અમારી ઉપર કૃપા કરો અને અમારો ત્યાગ ના કરો. તમે ધર્મના મર્મને ક્યાં નથી જાણતાં ? એને અનુસરીને પણ સૌએ તમારી જ સેવા કરવી જોઇએ. અમે

તમને સાક્ષાત પરબ્રહ્મ પરમાત્મા જ માનીએ છીએ. તમે સંસારને સુખ તથા શાંતિ પ્રદાન કરવા જ પ્રકટ થયા છો તો અમને પણ શાંતિ આપો. કૃપા કરીને અમારો પરિત્યાગ ના કરો.

ગોપીઓને ક્યાં ખબર હતી કે ભગવાન તો એમના પવિત્ર પ્રેમની અને ઉંડા વિવેકની પરીક્ષા કરી રહ્યા છે ! એ રીતે એ એમના પ્રખર પ્રેમનું, પાવિત્ર્યનું અને જ્ઞાનનું દર્શન કરાવી રહેલા. એ દુનિયાને પરોક્ષ રીતે દર્શાવવા માંગતા હતાં કે ગોપીઓ કોઇ સામાન્ય સ્ત્રીઓ નહોતી, એમની આધ્યાત્મિક ભૂમિકા ઘણી ઊંચી હતી, અને એમની અંદર વિકાર કે વાસનાનો લેશ પણ નહોતો રહ્યો. ગોપીઓના જીવન બતાવે છે કે પરમાત્માની પરમકૃપાની પ્રાપ્તિ ઘરમાં રહીને કર્તવ્ય કે સ્વધર્મનું પાલન કરતાં કરતાં પણ થઇ શકે. એને માટે કોઇનો બાહ્ય ત્યાગ કે તિરસ્કાર કરવાનું અનિવાર્ય નથી પરંતુ નમ્ર, પવિત્ર અને પરમાત્મપરાયણ થવાનું છે. ભગવાન ગોપીઓની મનોકામના અને યોગ્યતાને પહેલેથી જ જાણતાં હતાં. એટલે તો એમને રાસલીલા દ્વારા સુખશાંતિ અથવા આનંદ આપવા કે કૃતાર્થ કરવા તૈયાર થયેલા. દસમા સ્કંધના ઓગણત્રીસમાં અધ્યાયના આરંભમાં સૌથી પ્રથમ શ્લોકમાં જ સંત શિરોમણિ શુકદેવે પરીક્ષિતને કહ્યું છે :

**भगवानपि ता रात्रीः शरदोत्फुल्लमल्लिकाः ।**
**वीक्ष्य रंतुं मनश्चक्रे योगमायामुपाश्रितः ॥**

'ભગવાને વિવિધ પ્રકારના શરદઋતુના ફુલોની ફોરમવાળી એ રાતને જોઇને પોતાની અદ્દભુત યોગમાયાનો આશ્રય લઇને રાસક્રીડા કરવાનો વિચાર કર્યો.'

એ શ્લોક સામાન્ય રીતે ધારવામાં ને માનવામાં આવે એના કરતાં ઘણી મોટી વાત કહી જાય છે. એમાં મહર્ષિ વ્યાસની સુંદર શબ્દકળાનું દર્શન થાય છે. ખાસ કરીને 'ભગવાન' અને 'યોગમાયામુપાશ્રિતઃ' એ બંને સારગર્ભિત શબ્દપ્રયોગમાં જેમને રાસલીલા માટે સહેજ પણ શંકા થવાનો સંભવ હોય તેમને એ શબ્દો સાંકેતિક ભાષામાં અત્યંત અદ્દભુત અને સરસ રીતે સફળતાપૂર્વક સૂચવે છે કે એ રાસલીલાનું આયોજન કરનાર કૃષ્ણ કોઇ સામાન્ય વ્યકિત ન હતી પરંતુ ભગવાન પોતે હતાં. એમનામાં અપવિત્રતા કે કામવાસનાની કલ્પના કરી શકાય જ કેવી રીતે ? એવી કલ્પના એકદમ અસ્થાને છે. શ્લોક પૂરો કરતી વખતે પણ 'યોગમાયામુપાશ્રિતઃ' શબ્દોનો સુયોગ્ય પ્રયોગ કરીને એ જણાવે છે કે ભગવાન કૃષ્ણની એ રાસલીલા સામાન્ય માનવીય શક્તિ દ્વારા નહોતી થવાની પરંતુ તેમની અલૌકિક યોગશક્તિની સહાયતાથી કરાવાની હતી એટલે એને સર્વમાન્ય દુન્યવી રાસલીલા તરીકે માનવા મનાવાનું ઉચિત નહિ લેખાય. જે લોકો એને સામાન્ય વિકારયુક્ત દુન્યવી દૃષ્ટિથી જુએ કે મૂલવે છે તે ભયંકર ભૂલ કરે છે ને પોતાની જ ભાવના કે વાસનાનું પ્રતિબિંબ પાડે છે. ભગવાન કૃષ્ણની સ્થૂળ ઉંમર એ વખતે કેવળ સાત વરસની હતી. એ ઉંમરે સામાન્ય રીતે કોઇ વાસના હોય પણ ના શકે. એમણે યોગ શક્તિનો આધાર લઇને પોતાના સામર્થ્યનો પરિચય કરાવતાં ગોપીઓના સંતોષને માટે રાસલીલાનો નિર્ણય કરેલો. ગોપીઓ પોતે પણ કેટલી બધી પ્રજ્ઞાપૂત અને પવિત્ર હતી તેની પ્રતીતિ તેમના ભગવાન કૃષ્ણ સાથેના વાર્તાલાપ પરથી સહેજે થઇ આવે છે. તેમનો મેળાપ થયો એટલે જાણે કે સુવર્ણમાં સુંગંધ ભળી કે સમુદ્રને સરિતા મળી. તેમનો રાસ કેટલો બધો નિર્મળ, રસમય અને અલૌકિક હોઇ શકે ? રાસલીલાનો વિચાર એવી અનોખી રીતે કરવાથી જ એને ન્યાય કરી શકાશે. એમાં કોઇ પ્રકારની ક્ષુલ્લક લૌકિક લાલસા કે વાસનાનું આરોપણ નથી કરવાનું.

એ જમાનામાં વ્રજમંડળમાં ગોપ-ગોપીઓમાં રાસ રમવાની પ્રથા પ્રવર્તમાન હશે અને એથી જ કૃષ્ણે રાસલીલાની તૈયારી કરી હશે એવું અનુમાન કરવાનું અસ્થાને નહિ ગણાય. ગુજરાતમાં લાંબા વખતથી રાસ કે ગરબા રમાય છે ને પંજાબમાં ભાંગરા નૃત્ય કરાય છે તેવી રીતે વ્રજમંડળની પ્રજા રાસપ્રિય હશે ખરી.

ગોપીઓના સાચા સ્નેહ, જ્ઞાન તથા શ્રદ્ધાભાવને લક્ષમાં લઇને ભગવાને એમને આનંદ અને આત્મસંતોષ આપવાનો વિચાર કર્યો. સુંદર, શાંત, શીતળ યમુનાતટ પર પદાર્પણ કરીને એમણે એમની સાથે નિર્દોષ વિનોદ કરવા માંડ્યો. પરંતુ એની અસર એમના પર જરાક જુદી થઇ. એમને ગર્વપૂર્વક લાગવા માંડ્યું કે સંસારની સઘળી સ્ત્રીઓમાં આપણા જેવું સર્વોત્તમ સૌભાગ્યથી સંપન્ન બીજું કોઇ જ નથી. ભગવાનથી એ હકીકત છૂપી ના રહી એટલે એમના એવા સૂક્ષ્મ અહંકારને ઓગાળી નાખવા માટે એ એમની વચ્ચેથી એકાએક અદૃશ્ય થઇ ગયા.

એ પ્રસંગ સૂચવે છે કે સાધકે પોતાના જીવનમાં સાધનાનો, સિદ્ધિનો, ઇશ્વરની કૃપાનો કે કોઇ પ્રકારનો સૂક્ષ્માતિસૂક્ષ્મ અહંકાર પણ ના રાખવો જોઇએ. અલ્પ જેટલો અહંકાર પણ સાધના, સિદ્ધિ, ઇશ્વરના અનુગ્રહ અને ઇશ્વરની બાહ્યાભ્યંતર એકતાની અનુભૂતિમાં અંતરાયરૂપ બને છે માટે સાધકે એમાંથી મુક્તિ મેળવવી જોઇએ.

ભગવાન ગોપીઓના મંગલ માટે જ અદૃશ્ય થયા. એથી એમની વ્યાકુળતા વધી ગઇ. એમનું અંતર અતિશય આર્ત બની ગયું. એ ભગવાન કૃષ્ણને એમની લોકોત્તર લીલાઓનું સ્મરણમનન કરતી વનમાં શોધવા લાગી.

એવો પ્રેમ અને એવી લગન કોઇક પરમાત્માના પરમકૃપાપાત્ર વિરલ સાધકોમાં જ જોવા મળે છે. ગોપીઓની પ્રીતિ અને લગન એવી ઉત્કટ બની ગઇ. ભગવાન કૃષ્ણના દૈવી દર્શનને માટે એમનું હૃદય રડવા લાગ્યું. પાણીમાંથી બહાર કાઢવામાં આવેલી માછલીની પેઠે એ મૃતપ્રાય બનીને છટપટાવા લાગી. વનમાં એમણે સર્વત્ર ભગવાનની, પોતાના પ્રેમાસ્પદની શોધ કરી. વૃક્ષો, લતાઓ, પુષ્પો તથા પંખીઓને પણ પૂછી જોયું. એ અવસ્થામાં એમનો અહંકાર તો રહે જ ક્યાંથી ? એમનું મન કૃષ્ણમય બની ગયું. રોમરોમ એમના જ રાગથી રંગાઇ રહ્યું. કૃષ્ણ સિવાય બીજા કશાનું એમને સ્મરણ જ ના રહ્યું. એ અવસ્થામાં એ બધી ગોપિકાઓ યમુનાતટવર્તી રમણ રેતીમાં પાછી ફરી ને ભગવાન કૃષ્ણની સંયુક્ત પ્રાર્થના કરવા માંડી.

ભાગવતના દસમા સ્કંધના એકત્રીસમાં અધ્યાયમાં આવતું ગોપીગીત ભગવાનની ભાવપૂર્ણ પ્રેમરસભરપુર પ્રાર્થના જ છે. એ અત્યંત હૃદયંગમ, સંવેદનશીલ અને સારવાહી છે. એ હૃદયને સીધું જ સ્પર્શ કરીને એના સઘળા તારોને ઝંકૃત કરે છે. ભાષા, ભાવ, અર્થ અને રસની દૃષ્ટિએ એ સર્વોત્તમ સાહિત્યમાં સહેલાઇથી અને આગળ પડતું સ્થાન પ્રાપ્ત કરી શકે તેમ છે. લલિત છંદમાં લિપિબદ્ધ બનેલા એ સુંદર ગૌરવપૂર્ણ ગોપીગીતનો સંક્ષિપ્ત પરિચય આ રહ્યો :

जयति तेऽधिकं जन्मना व्रजः श्रयत इन्दिरा शश्वदत्र हि ।
दयति दृश्यतां दिक्षु तावकास्त्वयि धृतासवस्त्वां विचिन्वते ॥ (શ્લોક ૧)

'તમારા પુણ્યપ્રદાયક પવિત્રતમ પ્રાકટ્યને લીધે ઓ પ્રિયતમ, વ્રજનો મહિમા વૈકુંઠ જેવા લોકોથી પણ વધી ગયો છે. એટલા માટે તો લક્ષ્મી પોતે પણ વૈકુંઠનો ત્યાગ કરીને અહીં સદાને સારું રહેવા આવી છે.

અમે તમારું જ ચિંતનમનન કરીએ છીએ અને પ્રાણને તમારા પ્રેમથી તમારે લીધે તમારી આશામાં જ ટકાવીએ છીએ. તમને જ શોધીએ ને મળવા માગીએ છીએ. હે પ્રેમાસ્પદ ! પ્રેમાવતાર ! તમે અમને દર્શન આપો. અમારી ઉપર કૃપા કરો.'

न खलु गोपिकानंदनो भवानिखिलदेहिनामन्तरात्मदक ।

विखनसार्थितो विश्वगुप्तेये सख उदेयिवान् सात्वंतां कुले ॥ (શ્લોક ૪)

'તમે કેવળ નંદયશોદાના પુત્ર નથી કિન્તુ સમસ્ત શરીરધારીઓના અંતરાત્મા, દૃષ્ટા અથવા અંતર્યામી છો. હે સખે, તમે બ્રહ્માની પ્રેમપૂર્વકની પ્રાર્થનાને લક્ષમાં લઇને વિશ્વની રક્ષા માટે યદુકુળમાં પ્રાદુર્ભાવ પામ્યા છો એટલું જ. જે તમને સામાન્ય મનુષ્ય માને છે તે ભૂલ કરે છે. અમારી પ્રેમપૂર્ણ પ્રાર્થનાને પણ એવી જ રીતે લક્ષમાં લઇને પ્રાદુર્ભાવ પામો.'

એ શ્લોક ખૂબ જ અગત્યનો છે. ગોપીઓ કૃષ્ણને માટે શું માનતી અને એમને કેવી દૈવી દૃષ્ટિથી જોતી તેની પરિપૂર્ણ પ્રતીતિ કરાવનારો એ શ્લોક ગોપીઓના ભાવનો એક મહાન દસ્તાવેજી પુરાવો છે. એ શ્લોક બતાવે છે કે ગોપીઓની દૃષ્ટિ લૌકિક નહોતી, અલૌકિક હતી. એ કૃષ્ણને પરબ્રહ્મ પરમાત્માના પૃથ્વીના પરિત્રાણ માટે પ્રકટેલા મહાન અવતાર માનતી. એવું માન્યા પછી એ એમના અનુગ્રહના આસ્વાદ વિના કેવી રીતે રહી શકે ? એ ભાવના અનુસંધાનમાં એ કહે છે :

तव कथामृतं तृप्तजीवनं कविभिरीडितं कल्मषापहम् ।

श्रवणमंगलं श्रीमदाततं भुवि गृणन्ति त् भूरिदा जनाः ॥ (શ્લોક ૯)

'તમારી જીવનકથા કલ્યાણકારક અમૃતસ્વરૂપ છે. સંતપ્ત માનવોને માટે સંજીવનરૂપ છે. જ્ઞાનીઓએ, ભક્તોએ ને કવિઓએ એનું જયગાન કર્યું છે. એ માનવને સર્વ પ્રકારના પાપ તથા સંતાપમાંથી મુક્ત કરે છે, શ્રવણથી કલ્યાણ કરે છે ને શાંતિ આપે છે. પરમ સુંદર, સુમધુર અને વિશાળ છે. જે એનું જયગાન કરે છે તે મહાન ઉપકાર કરે છે. એમના જેવા દાનેશ્વરી દુનિયામાં બીજા કોઇ જ નથી.'

'તમારો આ પ્રાદુર્ભાવ વ્રજમંડળમાં વસનારા જીવોના દુઃખદર્દને કાયમને માટે દૂર કરવા ને વિશ્વના મંગલને માટે થયેલો છે એની અમને માહિતી છે. અમારું અંતર તમને મળવાની આકાંક્ષાથી ભરપુર છે. એના વિરહવેદનાના વ્યાધિને દૂર કરનારી ઔષધિ તમારા વિના બીજા કોઇની પાસે નથી. એ અમોઘ ઔષધિને લઇને અમારી પાસે આવી પહોંચો. કૃપા કરીને અમારો પરિત્યાગ ના કરો.' (શ્લોક ૧૮)

ગોપીઓની પ્રાર્થના ભગવાનને ના પહોંચે એવું કેમ બને ? પ્રેમાવતાર ભગવાન, જો એ ખરેખર પ્રેમાવતાર હોય તો, એમની પ્રેમપૂર્વકની પ્રાર્થનાને સાંભળીને પ્રકટ કેમ ના થાય ? ગોપીઓની સાચા દિલની પ્રાર્થના ફળી. ભગવાન કૃષ્ણની વિરહવેદનાથી વ્યથિત થઇને એમણે હૈયું હાથમાં ના રહેતા આક્રંદ કરવા માંડ્યું. એમના અલૌકિક આત્મિક અનુરાગની અગ્નિપરીક્ષા એવી રીતે પૂરી થઇ ગઇ એટલે ભગવાન કૃષ્ણ એમની આગળ પ્રકટ થઇ ગયા. એમના દર્શનથી ગોપીઓ આનંદ પામી. એમને જાણે કે નવજીવનની પ્રાપ્તિ થઇ. એ ભાવવિભોર બનીને સિદ્ધિપ્રાપ્ત સાધકની જેમ પ્રસન્નતાના પારાવારમાં ડુબી ગઇ. એમની સ્નેહસાધનાની સર્વોત્તમ સાફલ્ય ઘડી સમીપ આવી પહોંચી.

* * *

ભગવાન કૃષ્ણ યમુનાતટવર્તી રમણરેતી પર ગોપીઓની વચ્ચે તારિકાઓની વચ્ચે ચંદ્ર જેવા બેસી ગયા. ગોપીકાઓએ એમને પૂછયું કે તમારી ગણના કેવા માણસોમાં કરવી જોઇએ ? કેટલાક લોકો જે પોતાને પ્રેમ કરે છે તેમને પ્રેમ કરે છે, અને બીજા કેટલાક પ્રેમ ના કરે તેમને પણ પ્રેમ કરે છે. પરંતુ ત્રીજા પ્રકારના પુરુષો તો પોતાને પ્રેમ કરે કે પ્રેમ ના કરે તોપણ કોઇને પણ પ્રેમ નથી કરતા. એમને મન પ્રેમનું કશું મહત્વ જ નથી હોતું. એ ત્રણે પ્રકારના પુરુષોમાં તમને ક્યા પુરુષો સારા લાગે છે ?

ગોપિકાઓનો પ્રશ્ન સાંભળીને ભગવાન કૃષ્ણે સુમધુર સ્મિતપૂર્વક કહેવા માંડ્યું કે જે પ્રેમ કરનારને જ પ્રેમ કરે છે તે તો વ્યાપારી વૃત્તિવાળા કે બદલાની ભાવનાથી ભરેલા છે. એ કોઇ પરાક્રમ નથી કરતા. એ મોટે ભાગે સ્વાર્થી હોય છે ને સ્વાર્થ સચવાય ત્યાં સુધી પ્રેમ કરે છે. જે પ્રેમ ના કરનારને પણ પ્રેમ કરે છે તે સ્વભાવથી જ કરુણાર્દ્ર અને નિઃસ્વાર્થ પ્રેમપ્રધાન હૃદયના હોય છે. માતાપિતા, સદ્ગુરુ, સંતો તેમજ સજ્જનો એ શ્રેણીમાં આવી જાય છે. એ સ્નેહ અથવા સેવાના બદલામાં કશી લાલસા નથી રાખતા. જે પ્રેમ કરનારાને કે ના કરનારાને કોઇને પણ પ્રેમ નથી કરતા એવા પુરુષોના ચાર પ્રકાર કહી શકાય. એક પ્રકાર તો પોતાના સ્વરૂપમાં મસ્ત રહેનારા આત્મારામ પુરુષોનો છે. એમને દ્વૈત જેવું, પ્રેમ કરવા કે ના કરવા જેવું કશું હોતું જ નથી એટલે એમને માટે એ સમસ્યા જ નથી પેદા થતી. બીજો પ્રકાર દ્વૈતને અનુભવનારા છતાં જીવનમુક્ત બની ચુકેલા મહાપુરુષોનો છે. એમને પણ કોઇને વિશેષ પ્રેમ કરવામાં કશો રસ નથી હોતો. ત્રીજો પ્રકાર એવા પુરુષોનો છે જે પોતાને પ્રેમ કરનારને જાણતા જ નથી હોતા, અને ચોથો પ્રકાર એવા લોકોનો છે જે પોતાનું કલ્યાણ કરનારા સ્વજનોનો ને ગુરુજનોને સતાવે છે, નીંદે છે, અને એમનો દ્રોહ કરે છે. રહી મારી વાત. તો મને પ્રેમ કરનારાની સાથે પણ જો હું જેવો કરવો જોઇએ તેવો વ્યવહાર ના કરતો હોઉં તો એનું એકમાત્ર કારણ એ જ છે કે એમની ચિત્તવૃત્તિ મારામાં વધારે ને વધારે પ્રમાણમાં લાગેલી રહે એવી મારી ઇચ્છા હોય છે. તમારા પ્રેમને પ્રબળ બનાવવા માટે જ હું તમારી આગળથી અદૃશ્ય થયેલો. બાકી મને તમારે માટે પ્રેમ છે જ. મને સમજવામાં ભૂલ ના કરશો. તમારા પ્રેમને જાણું છું. તમે મને પ્રિય છો. તેથી તો તમારી પાસે પ્રકટ થયો છું. આપણો સ્નેહસંબંધ સંપૂર્ણ નિર્મળ છે. હું અમર શરીરથી અમર જીવન દ્વારા અનંત કાળ સુધી તમારા પ્રેમ, ત્યાગ તેમજ સેવાભાવનાનો બદલો આપવા માગું તો પણ નથી આપી શકું તેમ. હું તમારો જન્મજન્માંતરનો ઋણી છું.

એ છેલ્લા શબ્દો ખૂબ જ ભાવભરપુર અને મર્મભેદક હતા. એમને સાંભળીને ગોપીઓ વધારે ભાવવિભોર બની ગઇ. એમની વિરહવેદના સ્વતઃ શાંત થઇ ગઇ.

હવે એમના જીવનની ધન્યતા માટે બાકી શું રહ્યું ? કેવળ રાસ અથવા મહારાસ જ. ભગવાન કૃષ્ણે એમની મનોકામનાની સિદ્ધિનો સંકલ્પ કર્યો જ હતો. એમણે એમને રાસ રમાડવાની તૈયારી કરી. એ એકેક ગોપીની આગળ પ્રકટ થયા. બે બે ગોપીની વચ્ચે એકેક કૃષ્ણ એવો ક્રમ તૈયાર થયો. સર્વૈશ્વર્ય સંપન્ન કૃષ્ણે પોતાના અસાધારણ યોગસામર્થ્યથી એવી રીતે અનેક સ્વરૂપોને ધારણ કર્યાં. મહારાસ શરૂ થયો. ગોપીઓ ભગવાન કૃષ્ણની સાથે નૃત્ય કરવા લાગી. એ રાસ દેહાધ્યાસથી ઉપર ઉઠાવનારો અને આત્મલીન બનાવનારો હતો. એની પવિત્રતા, ઉદાત્તતા તથા ઉત્તમતાનો પરિચય કરાવતાં સ્વનામધન્ય શુકદેવજી પરિક્ષિતને કહે છે -

**रेमे रमेशो व्रजसुंदरीभिर्यथार्भकः स्वप्रतिबिंबविभ्रमः ।** (અધ્યાય ૩૩, શ્લોક ૧૭ ઉત્તરાર્ધ)

'રમાપતિ ભગવાન કૃષ્ણે વ્રજની સુંદરીઓ સાથે બાળક પોતાનાં પ્રતિબિંબ સાથે ખેલ કરે તેમ તદ્દન નિર્દોષ રીતે સ્વરૂપોની સાથે કરતા હોય એમ આત્મનિષ્ઠાપૂર્વક આત્મભાવમાં સ્થિત રહીને ક્રીડા કરી.'

રાસલીલાના રહસ્યોદ્દઘાટનમાં એ પંક્તિની મદદ ઘણી મહત્વની છે. એ પંક્તિમાં મહર્ષિ વ્યાસની લોકોત્તર શબ્દકળાનું, શબ્દ અને અર્થનો સુભગ સમન્વય સાધનારી અસાધારણ શબ્દકળાનું દર્શન થાય છે. એ 'રમેશ' શબ્દપ્રયોગ કરીને સૂચવવા માગે છે કે ભગવાન કૃષ્ણ કોઇ સામાન્ય વ્યક્તિ નથી પરંતુ વિભૂતિ, સૌન્દર્યની મહાદેવી લક્ષ્મીના સ્વામી છે. એટલે સ્ત્રીઓ પ્રત્યેના આકર્ષણને લીધે રાસ નથી રમતા. સ્ત્રીઓ પણ વ્રજની સર્વશ્રેષ્ઠ સુંદરીઓ છે. તો પણ એમના મનમાં મલિનતા, ચંચળતા કે ક્ષોભ નથી પેદા કરી શકી. એમની અવસ્થા બાળક જેવી જ સરળ ને નિર્દોષ રહી છે. એમની પ્રવૃત્તિને વિપરીત રીતે વિચારીને કોઇ બીજી ભળતી શંકા કરવી નકામી છે.

રાસલીલાના રહસ્યના પારખુ થવા માગનારે એ પંક્તિને લક્ષમાં લેવાની છે. એના એકેક શબ્દને સમજવાનો છે. એ ધાર્યા કરતાં ઘણો મહાન સંદેશ પૂરો પાડે છે એવું લાગ્યા વિના નહિ રહે.

* * *

પરંતુ બધા મનુષ્યોના મન એકસરખા ક્યાંથી હોય ? 'તુંડે તુંડે મતિર્ભિન્ના' એ ઉક્તિ પ્રમાણે મનુષ્યોના વિચારો અને અભિપ્રાયો જુદા પડે છે. વર્તમાનકાળની જેમ ભૂતકાળને માટે પણ એ હકીકત સાચી છે. પરીક્ષિતે એનો પુરાવો પૂરો પાડ્યો છે. રાસલીલાની અત્યાર સુધીની વાત શાંતિથી સાંભળ્યા પછી એણે એક શંકા કરી. એ શંકા ભગવાન કૃષ્ણની પવિત્રતા વિશે ન હતી; એમના ગોપિકાઓ સાથેના સ્નેહસંબંધની પણ ન હતી; એનું ક્ષેત્ર જરાક જુદું હતું. એને રજૂ કરતાં પરીક્ષિતે જણાવ્યું કે ભગવાન કૃષ્ણે બલરામ સાથે ધર્મની રક્ષા, સ્થાપના અને અધર્મના નાશ માટે અવતાર લીધેલો, તે છતાં ધર્મની મર્યાદાની વિરુદ્ધ પરસ્ત્રીનો સ્પર્શ શા માટે કર્યો ? એમણે પોતે પૂર્ણકામ હોવા છતાં લોકવિરુદ્ધ કર્મ શા માટે કર્યું ?

પરીક્ષિતની શંકાનો ઉત્તર ભગવાન કૃષ્ણની આજ સુધીની જીવનકથા પરથી સહેજે મળી રહે છે. કૃષ્ણે ગોપિકાઓને આપેલા વચનને લક્ષમાં લઇને જ એમની સાથે નિર્દોષ રાસલીલા કરેલી. એ વખતની એમની ઉદાત્ત આત્મનિષ્ઠાનું વર્ણન આગળ પર આવી ગયું છે. એના પરથી સ્પષ્ટ પ્રતીતિ થાય છે કે એ કોઇ કુકર્મ નહોતું. ધર્મની મર્યાદાની વિરુધ્ધનું કર્મ પણ નહોતું. છતાં પણ પરીક્ષિતની શંકાનું સમાધાન શુકદેવે જરાક જુદી રીતે કરવાનો પ્રયાસ કર્યો છે. સંત તુલસીદાસે રામાયણમાં કહ્યું છે કે 'સમરથકો નહિ દોષ ગોસાંઇ'. જે સમર્થ હોય છે તેને કશો દોષ નથી હોતો. શુકદેવજીએ જણાવ્યું કે અગ્નિ સર્વભક્ષી હોવા છતાં પદાર્થોના દોષોથી અલિપ્ત રહે છે. એ વાત સૂર્યને પણ લાગુ પડે છે. એ સૌને પ્રકાશ પહોંચાડે છે તે છતાં સૌની અસરથી પર રહે છે. ભગવાન શંકરે વિષપાન કરવા છતાં એની અસરથી મુક્તિ મેળવી. પરંતુ બીજું કોઇ એમનું અનુકરણ કરવા જાય તો નાશ નોતરે. ભગવાનની લીલાઓને સ્થૂળ દૃષ્ટિથી, ઉપર ઉપરથી નથી જોવાની પરંતુ એમના હાર્દને ઓળખીને એમાંથી જરૂરી પ્રેરણા મેળવીને જીવનને વધારે ને વધારે ભગવદ્દાભિમુખ બનાવવાનું છે. એમનો સાચો અને મુખ્ય લાભ એ જ છે.

કેટલેક ઠેકાણે ભગવાન કૃષ્ણની રાસલીલાની નકલ કરવામાં આવે છે. એમાંથી કેટલીક વાર ભ્રષ્ટાચાર પણ પોષાય છે. ભગવાનની લીલાઓની એવી નકલ હાનિકારક હોવાથી એને આવકારદાયક ના કહી શકાય. લીલાની નકલ કરવી જ હોય તો પછી આંશિક લીલાની શા માટે કરવી, પૂરી લીલાની શા માટે ના કરવી ? ભગવાને તો કાલિયમર્દન, ગોવર્ધનધારણ અને અસુરોના નાશની બીજી લીલાઓ પણ કરેલી. એ કરવાની શક્તિ કોનામાં છે ? માટે સગવડિયા લીલાઓ કરવાનું બંધ કરીને એ લીલાઓને એમની લીલાઓ માનીને, એમાંથી જીવનોપયોગી સાર ગ્રહીને, એમના આદેશને જ અનુસરવું જોઇએ. એ જ પધ્ધતિ કલ્યાણકારક થઇ પડશે.

રાસલીલાનું ચિંતનમનન તથા શ્રવણ શરીરવાસના તથા કામુકતામાંથી મુક્તિ મેળવીને, પવિત્રતામાં પ્રતિષ્ઠિત થઇને, ભગવાનની ભક્તિને જગાવવા તથા વધારવા માટે છે. માટે તો એનો ઉપસંહાર કરતાં શુકદેવે કહ્યું છે :

विक्रीडितं व्रजवधुभिरिदं च विष्णोः श्रद्दान्वितोऽनुश्रृणुयाद्‌थ वर्णयेद् यः ।
भक्तिं परां भगवति प्रतिलभ्य कामं हृद्रोगमाश्वपहिनोत्यचिरेण धीरः ॥
(અધ્યાય ૩૩, શ્લોક ૪૦)

'પરીક્ષિત ! જે પુરુષ વ્રજસુંદરીઓ સાથેની ભગવાન કૃષ્ણની આ અલૌકિક રસમય રાસક્રીડાને શ્રદ્ધાભક્તિપૂર્વક સાંભળે છે તથા વર્ણવે છે તે ભગવાનની ઉત્તમોત્તમ ભક્તિને પ્રાપ્ત કરે છે અને એના પ્રભાવથી કામવાસનારૂપી હૃદયરોગમાંથી વધારે વખત વીતે તે પહેલાં જ છૂટી જાય છે. એ ધીર ને વીર પુરુષ પવિત્રતામાં પ્રતિષ્ઠિત થાય છે.'

એ શ્લોકમાં કૃષ્ણને માટે વિષ્ણોઃ શબ્દનો પ્રયોગ કરીને એ ભગવાન છે ને સ્વભાવથી જ પવિત્ર છે એ ભાવોનું સૂચન કરવામાં આવ્યું છે. એ સૂચન ખાસ યાદ રાખવાનું છે.

* * *

જેના પવિત્ર પ્રેરક પતિતપાવન નામની સાથે કૃષ્ણજીવનની આટલી બધી કથાવાર્તાઓ સંકળાયેલી છે અને એના પરથી લેખકો, કવિઓ, ચિત્રકારો, શિલ્પીઓ, ભક્તો તથા કથાકારોને આટલી બધી પ્રેરણા સામગ્રી સાંપડી છે તે રાધાના નામનો ઉલ્લેખ અત્યાર સુધીના કૃષ્ણજીવનમાં કે ભાગવતમાં ક્યાંય કરવામાં આવ્યો છે ખરો ? તટસ્થ રીતે કહેવું હોય તો કહી શકાય કે ના. છતાં પણ એનો ઉલ્લેખ પ્રત્યક્ષ નહિ તો પરોક્ષ રીતે પણ કરાયો છે એવું કેટલાક ભક્તો, આચાર્યો અને અભ્યાસીઓ માને છે. એમની માન્યતા નિરાધાર નથી. એ માન્યતા પાછળ ભાગવતનો આધાર છે. રાસલીલા પહેલાં ભગવાન કૃષ્ણ અદૃશ્ય થાય છે ને ગોપીઓ એમને શોધવા નીકળે છે ત્યારે એમનાં ચરણચિહ્નો સાથે જમીન પર કોઇક વ્રજયુવતીનાં ચરણચિહ્નોને નિહાળે છે. એ નિહાળીને અનુમાન કરે છે કે 'આપણને છોડીને જે બડભાગિની સ્ત્રીની સાથે કૃષ્ણ એકાંત વનમાં ગયા છે તે સ્ત્રી એમની આરાધિકા હશે.' એ કહે છે :

अनयाऽऽराधितो नूनः भगवान हरिरीश्वरः ।
यन्नो विहाय गोविंदः प्रीतो यामनयद् रहः ॥ (અધ્યાય ૩૦, શ્લોક ૨૮)

ભગવાન ગોપીઓની આગળ પુનઃ પ્રકટ થાય છે ત્યારે એ સ્ત્રીને લગભગ ભૂલી જવાઇ છે. એ વખતે એનો ઉલ્લેખ કે નામનિર્દેશ કરવામાં આવ્યો હોય તો કશું ખોટું ના થાત. બલકે યુક્તિસંગત, યોગ્ય કે કળાત્મક કહેવાત. કદાચ એ મુદ્દો ભગવાન કૃષ્ણના ભક્તિભાવમાં ડૂબેલા ભાગવતકારના ધ્યાનમાં નહિ રહ્યો હોય. પરંતુ ભાગવત રસિકોએ એટલા ઉલ્લેખ પરથી એ સ્ત્રીને રાધિકા કે રાધા કહી છે. એણે ભગવાન કૃષ્ણને આરાધેલા એથી એ રાધા.

* * *

ગોપીઓના પ્રખર પુણ્યોદયના પરિણામે ભગવાન કૃષ્ણે એમની સાથે રસરાસ રમીને એમને અનંત આનંદ આપ્યો. એ પછી એમની સાથે યમુનામાં સ્નાન કરીને વિહાર કર્યો. ભગવાનનો સાક્ષાત્કાર અથવા અનુગ્રહ થયા પછી સાધક એવી રીતે શાશ્વત શાંતિની સરિતામાં સ્નાન કરે છે. એનું જીવન જ્યોતિર્મય ને શરીરધારણ સાર્થક અને ધન્ય બને છે. ગોપીઓ કૃષ્ણ કૃપાથી જીવનની ધન્યતાનો અનુભવ કરવા લાગી. એમની મનોકામના પૂરી થઇ. ધન્ય એ વ્રજ, ધન્ય એ કૃષ્ણ, ને ધન્ય એ ગોપી ! ભગવાન કૃષ્ણ તો દસમા સ્કંધના બત્રીસમા અધ્યાયના બીજા શ્લોકના ઉત્તરાર્ધમાં કહ્યું છે તેમ 'સાક્ષાત્ મન્મથમન્મથઃ' હતા. કરોડો કામદેવો પણ એમને કશું કરી શકે તેમ ન હતા. પરંતુ ગોપીઓ પણ પરમ પવિત્ર પ્રેમની પ્રતિમાઓ હતી. એમની અંદર કામવાસનાનો લેશ પણ નહોતો. જગતને એમણે એમના જીવન દ્વારા પવિત્ર પ્રેમનો ને ભગવાનની સમજપૂર્વકની સુદૃઢ શ્રદ્ધાભક્તિનો પાઠ પૂરો પાડ્યો. એમની જેમ જે ભગવાનને માટેના સર્વસમર્પણભાવથી સંપન્ન બને છે તે જીવનને ધન્ય કે કૃતકૃત્ય કરે છે. '**सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज**' ગીતાના અઢારમા અધ્યાયના છાસઠમાં શ્લોકની એ પંક્તિનો પ્રતિધ્વનિ એ ગોપીઓની પ્રવૃત્તિમાં પડે છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૧૮] મથુરાગમન

એ ઘટના પછી દેવર્ષિ નારદે કંસની પાસે પહોંચીને જણાવ્યું કે જે કન્યાએ તારા હાથમાંથી મુક્તિ મેળવી આકાશવાણી કરેલી તે તો યશોદાની પુત્રી હતી, ને વ્રજના કૃષ્ણ દેવકીના ને બલરામ રોહિણીના પુત્ર છે. વસુદેવે ભયને લીધે એમને ત્યાં રાખ્યા છે. તારા મોકલેલા અસુરોનો નાશ કરનાર એ જ છે.

એ સાંભળીને કંસના ક્રોધનો પાર ના રહ્યો. એણે વસુદેવને મારવા માટે તલવાર તાણી પરંતુ દેવર્ષિ નારદે એને એમ કરતાં અટકાવ્યો ત્યારે એણે વસુદેવ તથા દેવકી બંનેને બેડી પહેરાવીને કારાવાસમાં કેદ કર્યાં અને નારદજી ગયા પછી કેશી દૈત્યને બોલાવીને કૃષ્ણ તથા બલરામને ગમે તેમ કરીને મારી નાખવાનો આદેશ આપ્યો. એ પછી બીજા અસુરોને અને મંત્રીઓને બોલાવીને બીજી યોજનાઓ પણ ઘડી કાઢી. એ ઉપરાંત શ્રેષ્ઠ યદુવંશી મિત્ર અક્રૂરને બોલાવીને વ્રજમાં જઇને કૃષ્ણ, બલરામ, નંદ તથા બીજા ગોપોને મથુરા જોવા તથા ભવિષ્યમાં થનારા ધનુષ્યયજ્ઞમાં ભાગ લેવા માટે વહેલી તકે લઇ આવવાની સુચના કરી.

કંસે મોકલેલો કેશી નામનો દૈત્ય ભયંકર ઘોડાનું રૂપ લઇને વાયુથી પણ વધારે વેગથી દોડતો વ્રજમાં જઇ પહોંચ્યો તો ખરો, પરંતુ ભગવાન કૃષ્ણની આગળ એ ના ફાવી શક્યો. કૃષ્ણે એનો સામનો કરીને એના ગળામાં હાથ નાખીને એ હાથને એટલો બધો મોટો કર્યો કે એ ગૂંગળાઇ ગયો. તપેલા લોઢા જેવા એ હાથથી છેવટે એનો નાશ થયો. એવી રીતે વ્રજમંડળને એક બીજા દૈત્યના ભયમાંથી પણ મુક્તિ મળી. સૌએ ભગવાન કૃષ્ણને અંતઃકરણપૂર્વક અભિનંદન આપ્યાં.

* * *

કંસને મળીને દેવર્ષિ નારદે ભગવાન કૃષ્ણની પાસે પહોંચીને એમની પ્રેમપૂર્વક પરમપુજ્યભાવે પ્રશસ્તિ કરીને એમની આગળ કંસના નાશથી માંડીને ભવિષ્યમાં બનનારી એમના જીવનની છેવટ સુધીની મહત્વની ઘટનાઓનું શબ્દચિત્ર દોરી બતાવ્યું. એ પછી એમના આશીર્વાદ મેળવીને એ ત્યાંથી વિદાય થયા.

દેવર્ષિની વિદાય પછી કૃષ્ણે વ્યોમાસુર નામના બીજા અસુરનો નાશ કર્યો. એ અસુર ગોપબાળ બનીને આવેલો. એ રમત રમતાં ચોર બનીને ઘેટાં બનેલા ગોપબાળકોને ચોરીને પર્વતની ગુફામાં સંતાડી દેતો. કૃષ્ણે એનો નાશ કરીને એ બાળકોને મુક્તિ આપી.

* * *

અક્રુરજીને કંસના આદેશનું પાલન કર્યા સિવાય છૂટકો નહોતો. એ રથને લઇને મથુરાથી ચાલી તો નીકળ્યા પરંતુ માર્ગમાં એમનું અંતર ભક્તિભાવથી ભરાઇ ગયું અને એ વિચારવા લાગ્યા કે મારાથી મારા પૂર્વજન્મમાં કોણ જાણે કેવું તપ કે સત્કર્મ થયું છે કે એના ફળરૂપે આજે મને ભગવાન કૃષ્ણનું દેવદુર્લભ દર્શન થશે. હું વિષયી હોવા છતાં મારી ઉપર એમની કૃપા થશે એ કલ્પના જ કેટલી બધી કલ્યાણકારક અને આનંદમય છે ? આજે મારા સઘળા અશુભનો નાશ થયો ને મારો જન્મ સફળ બન્યો. આજે હું યોગીઓ જેમનું ધ્યાન કરે છે તે ભગવાનનાં ચારુ ચરણોમાં પ્રેમપૂર્વક પ્રણામ કરીશ. ભગવાન વિષ્ણુ જ લીલા કરવા માટે કૃષ્ણ બનીને પૃથ્વી પર પ્રકટ થયા છે.

એવા અનેકવિધ ભાવોને અનુભવતા અક્રૂર વ્રજમાં પહોંચી ગયા. એમણે કૃષ્ણ તથા બલરામને ગાયો દોહવાના સ્થાનમાં બેઠેલા જોયા. કૃષ્ણે પીતાંબર પહેરેલું ને બલરામે નીલાંબર. એ બંને સૌન્દર્યના સાકાર સ્વરૂપ જેવા અત્યંત સુંદર દેખાતા. એમને જોતાવેંત જ અક્રૂરનું હૈયું હાથમાં ના રહ્યું. એ ખૂબ જ ભાવવિભોર બનીને રથમાંથી ઉતરીને કૃષ્ણ તથા બલરામના પગમાં પડ્યા. એમની પ્રસન્નતા ને કૃતકૃત્યતાનો પાર ના રહ્યો. એમને જાણે કે જીવનના પરમધનની પ્રાપ્તિ થઇ. એમને રોમાંચ થયાં અને એમની આંખમાંથી આંસુ ટપકવા લાગ્યાં.

ભગવાન કૃષ્ણ એમના મનોભાવ જાણી ગયા. એમણે એમને ભેટીને કુશળ સમાચાર પૂછ્યા. બલરામ પણ એમને પ્રેમથી ભેટી પડ્યા. એ પછી એ બંને એમને પોતાને ઘેર લઇ ગયા. ત્યાં એમનું પરમપ્રેમથી સ્વાગત કરીને એમને ભોજન કરાવ્યું. એ વખતે એમને નંદનો પણ મેળાપ થયો.

ભગવાનના આદર્શ ભક્તના મનોભાવો કેટલા બધા પવિત્ર, પ્રેમમય અને ભક્તિરસ ભરપુર હોય છે તેનો ખ્યાલ અક્રૂરના ભાવો પરથી સહેલાઇથી આવી શકે છે. સૌથી પ્રથમ મહત્વની વાત તો એ છે કે ભક્તે અ-ક્રૂર બનવું જોઇએ. મન, વચન, કર્મથી એ કોઇ પ્રકારની ક્રૂરતા ના કરે, કોઇને હાનિ ના પહોંચાડે, પરંતુ મધુમય, પવિત્ર, પ્રેમપૂર્ણ ને પરોપકારી બને એ આવશ્યક છે. બીજી વાત એ છે કે એના હૃદયમાં ને રોમેરોમમાં પરમાત્માનો પ્રેમ જોઇએ. ત્રીજી વાત પરમાત્માના સ્મરણમનનમાં મશગુલ થઇ જવાની ને પરમાત્માના સાક્ષાત્કારને માટેની ઉત્કટ ભાવના કે લાગણીની છે. આદર્શ ભક્તમાં એની પણ આવશ્યકતા છે. ભક્તનું જીવન એ આવશ્યકતાઓની પૂર્તિથી જ આદર્શ અને કૃતકૃત્ય બની શકે.

અક્રૂરના પૂર્વજન્મના કોઇ પવિત્ર પ્રબળ પુણ્યસંસ્કારો હશે તેથી જ એમને ભગવાન કૃષ્ણને માટે એટલો બધો પ્રેમ થયો. એમનું નામ તો અક્રૂર હતું પરંતુ ક્રૂર કંસના આદેશનો અનાદર ના કરી શકવાથી એમને બાહ્ય રીતે કઠોર લાગતા કર્મમાં પ્રવૃત્ત થવું પડ્યું. એ માટે એ લાચાર હોવા છતાં નિશ્ચિંત હતા કારણ કે કૃષ્ણની લોકોત્તરતાની એમને ખબર હોવાથી એમને વિશ્વાસ હતો કે કંસ ગમે તેવી યોજના ઘડશે તો પણ એમનો વાળ પણ વાંકો નહિ કરી શકે અને આખરે એના જ ખોદેલા ખાડામાં પડીને પાયમાલ થશે.

અક્રૂરની પાસેથી વસુદેવ તથા દેવકીને કંસે ફરીવાર કારાવાસમાં પૂર્યાં એ હકીકત સાંભળીને નંદ, યશોદા, રોહિણી, બલરામ, કૃષ્ણ તથા બીજા બધાની પીડાનો પાર ના રહ્યો. નંદે તો અક્રૂરને કહ્યું પણ ખરું કે આવા ક્રૂર કંસની પાસે તમે કેવી રીતે રહી અને એના આવા અનેક અત્યાચારોને સહી શકે છો ? તમે સૌ મથુરામાં સુખી હશો એવું નથી લાગતું.

મથુરાપુરીમાં કંસ અને અક્રૂર બંને હતા. એક કૃષ્ણનો કટ્ટર વિરોધી ને બીજા એમના પ્રેમી. એક નિર્દય ને બીજા દયાળુ. એક કુમાર્ગગામી ને બીજા સત્કર્મપરાયણ. જગતમાં એવા બંને પ્રકારના વિરોધાભાસી જીવો જોવા મળે છે અને જગતમાં જ શા માટે, માનવના મનમાં, મનની મથુરાપુરીમાં પણ કંસ અને અક્રૂર બંને જોવા મળે છે. એમાં અશુભ અને શુભ, અધમ અને ઉત્તમ, મારક તથા તારક અને વિધ્વંસાત્મક કે રચનાત્મક આસુરી અને દૈવી વૃત્તિઓ અથવા ભાવનાઓ આટાપાટાની રમત રમ્યા કરે છે. માણસ ક્રૂર કંસ બને કે અક્રૂર બને તે માટે સ્વતંત્ર છે. એક એને અને અન્યને માટે અભિશાપરૂપ થાય છે તો બીજો અમૂલખ આશીર્વાદરૂપ. એક અશાંતિ ઊભી કરે છે તો બીજો શાંતિનું દાન દે છે.

* * *

ભગવાન કૃષ્ણની જિજ્ઞાસાના જવાબમાં અક્રૂરે એમના આગમનનું કારણ કહી બતાવ્યું. એ સાંભળીને ભગવાન પોતાની વિચક્ષણ દૃષ્ટિથી સઘળી પરિસ્થિતિ સમજી ગયા. એમણે બીજે દિવસે વહેલી સવારે જ કંસના આમંત્રણને માન આપીને પોતાના જીવનકાર્યને સુચારુરૂપે આગળ વધારવા માટે મથુરા જવાની ઇચ્છા પ્રદર્શિત કરી. નંદે એ ઇચ્છાને માન્ય રાખીને જરૂરી બધી જ તૈયારીઓ કરવાનો આદેશ આપ્યો.

ગોપિકાઓએ અક્રૂરના આગમનની અને એમણે સંભળાવેલા કંસના સંદેશની માહિતી મેળવી ત્યારે એમની ઉપર એની કેવી કરુણ પ્રતિક્રિયા થઇ એની કલ્પના સહેલાઇથી કરી શકાશે. એ ખૂબ જ દુઃખી થઇ ગઇ. જન્મના કોઇક દરિદ્રીને અચાનક અઢળક સંપત્તિ સાંપડે અને એનો ઉપભોગ ના કરે ત્યાં તો એની પાસેથી ખૂંચવી લેવાની કોશિશ કરવામાં આવે અને એનું અંતર જેવું આર્ત બને એથીય અધિક આર્ત એ બની ગઇ. એ કહેવા લાગી કે વિધાતાને પણ ધન્યવાદ ઘટે છે. એમના હૃદયમાં દયાનો લેશ પણ નથી લાગતો. પહેલાં તો એ જગતના જુદા જુદા જીવોને ભેગા કરે છે, એમની અંદર પારસ્પરિક પ્રેમ પેદા કરે છે, અને એમની આકાંક્ષાઓ પૂરી થાય તે પહેલાં જ વિયોગની વેદનાજનક વીણાને વગાડવા માંડે છે. અક્રૂરના રૂપમાં ક્રૂર બનીને એ વિધાતા જ અમારી આગળથી કૃષ્ણને લઇ જવા માટે આવી પહોંચ્યા છે. દોષ અક્રૂરનો નથી, વિધાતાનો છે.

એમને થયું કે મથુરાના ભાગ્યોદયનો સમય હવે સમીપ આવી પહોંચ્યો છે. એથી કૃષ્ણે ત્યાં જવાની તૈયારી કરી છે.

કોઇ કોઇ ગોપીઓ અક્રૂરને દોષ દેતાં કહેવા લાગી કે એમનું નામ ભૂલમાં અક્રૂર પડ્યું છે પરંતુ એ સાચેસાચ ક્રૂર છે; ખૂબ જ ક્રૂર. ક્રૂર ના હોત તો કૃષ્ણને લઇ જવા માટે આવત જ શા માટે ?

કૃષ્ણ ભગવાનના ભાવિ વિરહની કલ્પના ગોપીઓને ખૂબ જ કઠોર લાગી. એમણે આખી રાત રુદનમાં વીતાવી. એ વિરહની વેદના વેઠવાનું કાર્ય એમને માટે કપરું હતું.

બીજે દિવસે સૂર્યોદય સમયે અક્રૂરજી નિત્યકર્મથી નિવૃત્ત થઇને રથ ચલાવવા લાગ્યા. નંદ તથા બીજા ગોપો પણ એમની પાછળ પોતાનાં વાહનોમાં વિરાજીને ચાલી નીકળ્યા. ગોપિકાઓ કૃષ્ણની પાસે સંદેશ મેળવવાની ઇચ્છાથી આવી પહોંચી એટલે એમની વેદનાને શાંત કરવાનો પ્રયાસ કરતાં એમણે આશ્વાસન આપ્યું કે હું આવીશ. એમનો રથ જ્યાં સુધી દેખાયો ત્યાં સુધી ગોપિકાઓ શૂન્યમનસ્ક જેવી એને અવલોકતાં ઊભી રહી. એમણે એમના માર્ગમાં અવરોધ ઊભો કરવાનો સહેજ પણ પ્રયાસ ના કર્યો.

ભગવાન કૃષ્ણ તો પ્રેમની મૂર્તિ હતા. એ ગોપીઓના પરમ પવિત્ર પ્રેમભાવને ભૂલી શકે તેમ ન હતા પરંતુ સાથે સાથે એમને માટે એમની પાસે સ્થૂળ રીતે સદાને સારુ બેસી રહેવાનું પણ શક્ય નહોતું. એમનો આવિર્ભાવ જે વિશિષ્ટ કર્તવ્યને કાજે થયેલો એનો એમને ખ્યાલ હોવાથી એમને મથુરા જવાનું આવશ્યક લાગ્યું. એક બાજુ પ્રેમ હતો ને બીજી બાજુ કર્તવ્ય. એમાંથી એમણે કર્તવ્યનો પંથ પસંદ કર્યો એ એમની અનાસક્તિ ને નિર્મોહવૃત્તિનું દર્શન કરાવે છે. એમનામાં જો ગાપીઓને માટેની આસક્તિ અથવા મોહવૃત્તિ હોત તો એટલી સરળતાથી એમનો ત્યાગ ના કરી શકત. ત્યાગ કર્યા પછી પણ મથુરાથી વ્રજમાં એમને મળવા માટે અવારનવાર આવ્યા કરત. પરંતુ એમનો પ્રેમ પરમ પવિત્ર, નિઃસ્વાર્થ, નિર્વાસનિક અને આત્મિક

હોવાથી એમને માટે એવો કોઇ પ્રશ્ન જ નહોતો પેદા થતો. જે કૃષ્ણના ગોપિકાઓ સાથેના સંબંધને ને કૃષ્ણના જીવનને સહાનુભૂતિપૂર્વક તટસ્થ રીતે વિચારવા માગે છે એમણે એ હકીકત ખાસ યાદ રાખવાની છે. તો જ એમના જીવનને ન્યાય કરી શકાશે.

* * *

યમુનાતટ પર પહોંચ્યા પછી રથને ઊભો રાખીને અક્રૂરે કૃષ્ણ તથા બળદેવની અનુમતિથી યમુનાકુંડમાં સ્નાન કરીને ગાયત્રીના જપ કરવા માંડ્યા. એ વખતે એમણે યમુનાજળમાં કૃષ્ણ તથા બલરામને બેઠેલા જોયા. આશ્ચર્યચકિત બનીને એમણે બહાર જોયું તો કૃષ્ણ ને બલરામ રથમાં પણ બેઠેલા. એમણે પાણીમાં ફરીવાર ડૂબકી મારી તો એ વખતે એક બીજું દર્શન થયું. એમણે ભગવાન શેષને જોયા. સિદ્ધો, ચારણો અને ગંધર્વો એમની સ્તુતિ કરી રહેલા. એમણે નીલાંબર ધારણ કરેલું. એમની ગોદમાં રેશમી પીતાંબર પહેરીને ઘનશ્યામ વિરાજેલા. એમના હાથમાં શંખ, ચક્ર, ગદા ને પદ્મ હતાં. એ દર્શનથી એ અત્યંત આનંદવિભોર બની ગયા. એમણે ભગવાનના ચારુ ચરણે મસ્તક નમાવીને એમની સ્તુતિ કરી.

* * *

સાંજ પડતાં પહેલાં તો કૃષ્ણ તથા બલરામ સાથે અક્રૂર મથુરાપુરીમાં પહોંચી ગયા. નંદ તથા બીજા ગોપો તો ત્યાં પહેલેથી જ પહોંચી ગયેલા ને મથુરાપુરીની બહારના સુંદર આહલાદક ઉપવનમાં રોકાઇને એમની પ્રતીક્ષા કરી રહેલા. ભગવાન કૃષ્ણને અક્રૂરે સૌની સાથે પોતાને ઘેર આવવાનું આમંત્રણ આપ્યું પરંતુ ભગવાને એમને પાછળથી આવવાનું વચન આપીને સમજાવીને શાંત કર્યા એટલે અક્રૂર એકલા જ ચાલી નીકળ્યા. એમણે કંસને કૃષ્ણ તથા બલરામના શુભાગમનના સુખકારક સમાચાર પહોંચાડ્યા. કંસને પોતાની યોજનાની સફળતાની સંભાવનાના વિચારથી આનંદ થયો.

બીજા દિવસે ભગવાન કૃષ્ણ બલરામ સાથે મથુરાપુરીને જોવા ચાલી નીકળ્યા. એ પુરીમાં જ એમનો અલૌકિક આવિર્ભાવ થયેલો. એ પછી તો અનેક અગત્યની ઘટનાઓ બની ગયેલી અને હજુ પણ અનેકાનેક ઘટનાઓ બનવાની હતી.

ભગવાન કૃષ્ણ નગરના મુખ્ય માર્ગ પરથી આગળ વધ્યા ત્યારે નગરજનો એમના અનંત આકર્ષણનો અનુભવ કરતાં એમને જોવા માટે ખૂબ જ આતુર બન્યા.

☼ ☼ ☼ ☼ ☼

## [૧૯] કંસનો નાશ

માર્ગમાં ભગવાન કૃષ્ણને એક ધોબી મળ્યો. ભગવાને એની પાસે ધોયેલાં કપડાં માગ્યાં. ધોબી કંસનો સેવક હતો. એણે અહંકારથી ઉન્મત્ત બનીને કૃષ્ણને અનુચિત વચનો કહીને એમનું અપમાન કર્યું. કૃષ્ણે એને તમાચો માર્યો કે તરત જ એનું મસ્તક ધડથી અલગ થઇ ગયું. કૃષ્ણે, બલરામે ને બીજા ગોપોએ એનાં વસ્ત્રોમાંથી જરૂરી વસ્ત્રો લઇને બીજાં વધારાનાં વસ્ત્રોને ત્યાં જ છોડીને આગળ પ્રયાણ કર્યું.

થોડેક દૂર ગયા પછી એક દરજી મળ્યો. એણે કૃષ્ણ, બલરામ તથા બીજાનાં વસ્ત્રોને બંધબેસતાં કરી આપ્યાં. એથી પ્રસન્ન થઇને ભગવાને એને આશીર્વાદ આપ્યો.

એ પછી સુદામા નામના માળીને ઘેર જઇ પહોંચ્યા. માળીએ એમના દર્શનથી આનંદ પામીને એમનું સ્નેહપૂર્વક સ્વાગત કર્યું. કૃષ્ણે એને વરદાન માગવાનું કહ્યું તો એણે અવિચળ ભક્તિ, ભક્તોની કૃપા તથા સંગતિ અને જીવમાત્ર પ્રત્યે કરુણાની માગણી કરી. ભગવાને એને એ વરદાન તો આપ્યાં જ પરંતુ સાથે સાથે અનંત લક્ષ્મીનો, બળનો, આયુનો ને યશનો પણ આશીર્વાદ આપ્યો.

*　　　　*　　　　*

રાજમાર્ગ પરથી આગળ વધતાં ભગવાન કૃષ્ણે એક યુવતીને જોઇ. એનું મુખમંડળ ખૂબ જ સુંદર હતું પરંતુ શરીર વાંકુ વળી ગયેલું. એથી એનું નામ કુબ્જા પડેલું. એ હાથમાં ચંદનપાત્રને લઇને પસાર થઇ રહેલી ત્યારે ભગવાને એનો પરિચય પૂછીને એની પાસે ચંદનની અને અન્ય અંગરાગની માગણી કરી.

કુબ્જાએ કહ્યું કે મારું નામ ત્રિવક્રા છે ને હું મહારાજા કંસની પ્રિય દાસી છું. એ મારા પ્રત્યે પુષ્કળ પ્રેમ રાખે છે ને મારાં તૈયાર કરેલાં સૌન્દર્યસાધનો વાપરે છે. પરંતુ એ અંગરાગ તમને બંનેને અર્પણ કરીશ કારણ કે તમારાથી વધારે યોગ્ય વ્યક્તિ બીજી કોઇ જ નહિ મળે.

કુબ્જાએ કૃષ્ણને ચંદનાદિ અર્પણ કર્યા એટલે એમણે અને બલરામે એ સાધનોનો ઉપયોગ કર્યો. એમની શોભા અનેકગણી વધી ગઇ. કુબ્જા એ શોભાને મંત્રમુગ્ધ બનીને જોતી રહી.

ભગવાન કૃષ્ણે એના પર અદ્દભુત અનુગ્રહ કરવા માટે એના પગને પોતાના પગથી દબાવીને એની હડપચીને હાથથી ઊંચી કરી. એ જ વખતે એક અલૌકિક ચમત્કાર બન્યો. શરીરથી વાંકી વળી ગયેલી કુબ્જા એમના એ દિવ્ય શક્તિસંચારક સ્પર્શથી સીધી, સર્વાંગસુંદરી બની ગઇ. એણે આનંદાર્ણવમાં અવગાહન કરતાં ભગવાન કૃષ્ણને પોતાને ત્યાં આવવાનું આમંત્રણ આપ્યું. ભગવાને એના આમંત્રણને માન આપીને એને ત્યાં ભવિષ્યમાં જવાની બાંયધરી આપી.

કુબ્જાની એ મહત્વની કથાનો મર્મ જાણવા જેવો છે. જીવ પણ કુબ્જાની પેઠે જ કુરૂપ છે. એ મૂળભૂત રીતે સુંદર છે એ સાચું પરંતુ ત્રિગુણાત્મિકા પ્રકૃતિના પાશમાં પડીને પોતાના સ્વાભાવિક સૌંન્દર્યને ખોઇ બેઠો છે. એ ભગવાન કૃષ્ણની સેવા, પૂજા ને પ્રસન્નતાને માટે પોતાની સાધન-સામગ્રીનો સદ્ઉપયોગ કરવાને બદલે એને કંસ અથવા સંસારને માટે ખરચે છે. એ જીવ ભગવાનથી મોહાઇને, એમના અલ્પ મહિમાને પણ જાણીને, ભગવાનને પોતાની સાધનસામગ્રી સમર્પિત કરે છે ત્યારે એમના અસાધારણ અનુગ્રહથી ધન્ય બને છે, ને પોતાનું સ્વાભાવિક સૌંન્દર્ય પ્રાપ્ત કરે છે. એ કથામાંથી એવો ધ્વનિ ઊઠે છે.

એક બીજી વાત પણ વિચારવા જેવી છે. કુબ્જાએ ભગવાન કૃષ્ણથી મોહાઇને એમને આમંત્રણ આપ્યું તો પણ એમણે એનો સત્વર સ્વીકાર કરીને એના ઘર તરફ પ્રયાણ ના કર્યું એ શું સૂચવે છે ? એ જ કે એ સંપૂર્ણ શુદ્ધ ને સંયમી હોવાથી સુંદરી સ્ત્રીઓના આકર્ષણથી પણ આકર્ષાઇ શકે તેમ ન હતા. એમની જગ્યાએ કોઇક બીજો ભોગાસક્ત વિષયપરાયણ પુરુષ હોત તો વિપળનાય વિલંબ વિના એ આમંત્રણને સ્વીકારીને કુબ્જા સાથે ચાલી નીકળત. પરંતુ એમની વાત જુદી હતી. એમને કર્તવ્યની સ્મૃતિ હતી. એ કર્તવ્યના પાલન માટે એ જાગ્રત હતા. એમને નાનું મોટું કોઇ પણ પ્રલોભન પ્રભાવિત કરીને વિપથગામી કરી શકે તેમ નહોતું. એ એમની વિશેષતા હતી.

* * *

ભગવાન કૃષ્ણે યજ્ઞના સુનિશ્ચિત સ્થળની શોધ કરતાં રંગશાળામાં પ્રવેશીને ઇન્દ્રધનુના જેવા અદ્દભુત ધનુષ્યને અવલોક્યું. રક્ષકોએ રોકવા છતાં એમણે એને ઉપાડીને એના મધ્યભાગમાંથી બે ટૂકડા કરી નાખ્યા. એના તૂટવાથી જે ભયંકર અવાજ થયો એને સાંભળીને કંસ પણ ભયભીત બની ગયો. રક્ષકો કૃષ્ણને કેદ કરવા તૈયાર થયા પરંતુ કૃષ્ણે ધનુષ્યના ટૂકડાના પ્રહારથી એમનો અને એમની મદદ માટે આવેલી કંસની સેનાનો નાશ કરી નાખ્યો. એ પછી એ બહાર નીકળી ગયા.

* * *

કંસને એ રાતે ભય, વેદના તથા ચિંતાને લીધે ઊંઘ ના આવી. બીજે દિવસે સૂર્યોદય થતાં જ એણે મલ્લક્રીડાના મહોત્સવનો આરંભ કરાવ્યો. પહેલવાનો પોતાના સાથીદારોની સાથે અખાડામાં આવી પહોંચ્યા. નંદ તથા બીજા ગોપો પણ કંસના આમંત્રણને માન આપીને પોતપોતાના સ્થાને બેસી ગયા. કૃષ્ણ તથા બલરામ રંગભૂમિને નિહાળવા ચાલી નીકળ્યા. રંગભૂમિના દરવાજા પાસે એમણે કુવલયાપીડ હાથીને જોયો. કૃષ્ણે મહાવતને માર્ગ કરવા કહ્યું પરંતુ મહાવતે માન્યું નહિ. એણે કંસની પૂર્વપ્રેરણા પ્રમાણે ક્રોધે ભરાઇને હાથીને કૃષ્ણની દિશામાં આગળ ધપાવ્યો. હાથીએ કૃષ્ણને સૂંઢમાં લપેટી લીધા પણ કૃષ્ણ કૌશલપૂર્વક બહાર નીકળી એને મુક્કો મારીને એના પગ વચ્ચે જતા રહ્યા. એમણે એના પૂંછડાને પકડીને એને ખેંચવા માંડ્યો. એ ક્રોધે ભરાઇને એમના પર તૂટી પડ્યો તો ખરો પરંતુ એમણે એની સૂંઢને પકડીને પૃથ્વી પર પછાડ્યો અને એના દાંતને ઉખાડીને એનો ને મહાવતનો નાશ કર્યો. એ દાંતને હાથમાં લઇને જ એમણે રંગભૂમિમાં પ્રવેશ કર્યો. એમની સાથે બલરામ તથા બીજા ગોપબાળો હતા. એમણે એમની સાથે રંગભૂમિમાં પ્રવેશ કર્યો ત્યારે એની થયેલી પ્રતિક્રિયા શ્રીમદ્દ ભાગવતના શબ્દોમાં આ રહી :

मल्लानामशनिर्नृणां नरवरः स्त्रीणां स्मरो मूर्तिमान्
गोपानां स्वजनोऽसतां क्षितिभुजां शास्ता स्वपित्रोः शिशुः ।
मृत्युर्भोजपतेर्विराडविदुषां तत्वं परं योगिनां
वृष्णीनां परदेवतेति विदितो रंग गतः साग्रजः ॥
(અધ્યાય ૪૩, શ્લોક ૧૭)

‘પહેલવાનોને એ વજ્રકઠોર શરીરવાળા દેખાયા, સામાન્ય જનતાને નરરત્ન જેવા, સ્ત્રીઓને સાક્ષાત કામદેવ સમાન, ગોપોને સ્વજન, દુષ્ટ રાજાઓને શિક્ષા કરનારા શાસકના રૂપમાં ને માતાપિતા તુલ્ય

વડીલોને શિશુ જેવા લાગવા માંડ્યા. કંસને મૃત્યુ કે કાળ જણાયા, અજ્ઞાનીઓને વિરાટ જેવા, યોગીઓને પરમતત્વ બરાબર અને વૃષ્ણિવંશીને ઇષ્ટદેવ તુલ્ય દેખાયા.'

રંગભૂમિમાં બલરામ સાથે પહોંચેલા કૃષ્ણના દર્શનના પ્રત્યાઘાતો એવા વિવિધ પડ્યા. સંત તુલસીદાસે રામને રામાયણમાં કહ્યું છે તેમ 'જાકી રહી ભાવના જૈસી તિન પ્રભુમૂરતિ દેખી તેસી.' પોતાની દૃષ્ટિ, વૃત્તિ, ભૂમિકા તથા ભાવના પ્રમાણે સૌએ ભગવાનના સ્વરૂપનું દર્શન કર્યું. ભગવાનનો પ્રભાવ એવો અનેકવિધ હતો.

દર્શકો એમને દેખીને જુદી જુદી ચર્ચાઓ કરવા લાગ્યા. એ વખતે વાગતાં વિભિન્ન વાજીંત્રોની વચ્ચે ચાણૂરે એમને કુસ્તી કરવાનું આહ્વાન કર્યું. એને અનુસરીને કૃષ્ણ ચાણૂર સાથે અને બલરામ મુષ્ટિક સાથે કુસ્તી કરવા લાગ્યા. ભગવાનનું શરીર વજ્રથી પણ વધારે સુદૃઢ હતું. ચાણૂરનું એમની આગળ કશું ના ચાલ્યું. એમણે એના બંને હાથ પકડી, એને ઉપાડીને પૃથ્વી પર પછાડ્યો એથી એનો નાશ થયો. બલરામે મુષ્ટિકને મુક્કો માર્યો એટલે એ લોહીની ઉલટી કરી, કંપીને ધરતી પર નિર્જીવ બનીને ઢળી પડ્યો. એ પછી એમણે કૂટને ને કૃષ્ણે શલ ને તોશલને મુક્કા ને લાત મારીને મારી નાખ્યા. બીજા પહેલવાનો એમના એ પરાક્રમને પેખીને નાસી ગયા.

કૃષ્ણ તથા બલરામને મારી નાખવાની પોતાની યોજનાનો એવો કરુણ અંત આવેલો જોઇને કંસે વાજીંત્રોને બંધ કરાવી દીધા ને સેવકોને આદેશ આપ્યો કે વસુદેવના આ દુરાચારી પુત્રોને નગરની બહાર કાઢી મૂકો, ગોપોની સંપત્તિને લૂંટી લો, ને નંદને કેદ કરી દો, વસુદેવનો મારી નાખો. મારા પિતા ઉગ્રસેને પણ શત્રુઓની મિત્રતા કરી છે માટે એમનો પણ વધ કરો.

પરંતુ એને ક્યાં ખબર હતી કે એની પોતાની જ ઘડીઓ ગણાઇ રહી છે ? કૃષ્ણ એના ઊંચા મંચ પર ચઢીને એની આગળ એકાએક ઊભા રહ્યા ત્યારે એ ઢાલ તલવાર લઇને સિંહાસન પરથી ઊભો થયો ને લડવાની તૈયારી કરવા લાગ્યો. પરંતુ ભગવાને એના કેશ પકડીને એને મંચ પરથી રંગભૂમિમાં નાખી દીધો. એ પછી પોતે પણ એની ઉપર કૂદી પડ્યા એટલે કંસનું મૃત્યુ થયું. રંગભૂમિમાં સર્વત્ર સન્નાટો છવાઇ ગયો.

કંસના મૃત્યુ પછી એના કંક અને ન્યગ્રોધ જેવા આઠ નાના ભાઇઓ ભગવાન કૃષ્ણ તથા બલરામ પર તૂટી પડ્યા. બલરામે પોતાના પરિઘની મદદથી એમનો રમત માત્રમાં નાશ કર્યો. એ પછી કૃષ્ણ ને બલરામે કંસના કારાવાસમાં જઇને વસુદેવને ને દેવકીને મુક્તિ આપી અને એમને પ્રણામ કરીને વિનયયુક્ત વાણી દ્વારા શાંતિ પ્રદાન કરી.

કૃષ્ણે ઉગ્રસેનને બંધનમુક્ત કરીને યદુવંશીઓના રાજા બનાવ્યા ને પોતે એમના સેવક તરીકે રહીને સેવા કરવાની ઇચ્છા બતાવી. એમની એ કાર્ય દ્વારા વ્યક્ત થતી ઉદાત્તતાને સારી પેઠે સમજવા જેવી છે. એ ધારત તો કંસની જગ્યાએ મથુરાના ને યદુવંશીઓના રાજા થઇને રાજ્યસિંહાસન પર બેસી શક્ત. પ્રજા એમનું એ માટે સમર્થન પણ કરત કારણ કે એ એમને ચાહતી ને પોતાના તારક માનતી હતી. પરંતુ એમને સ્થૂળ સિંહાસન પર બેસવા કરતાં પ્રજાના હૃદયસિંહાસન પર બેસવાનું વધારે પસંદ હતું. એ સમ્રાટ બનવાને બદલે સેવક થવાની ઇચ્છા રાખતા હતા. એટલે સત્તાનાં સૂત્રોને ધારણ કરવાનો વિચાર જ એમને ના આવ્યો. એમની અંદર સત્તાની લાલસાનો લેશ પણ ન હતો.

ઉગ્રસેનના રાજ્યાભિષેક પછી કૃષ્ણે તથા બલરામે નંદને સઘળી પરિસ્થિતિથી વાકેફ કરીને પોતાના પાલન માટે એમનો આભાર માન્યો અને એમનો અને અન્ય ગોપોનો સારી પેઠે સત્કાર કર્યો. એ પછી નંદ બીજા ગોપોને સાથે લઇ વૃંદાવનમાં જવા તૈયાર થયા.

વસુદેવે કૃષ્ણ-બલરામનો ઉપનયનસંસ્કાર કરાવ્યો. બંનેએ વિધિપૂર્વક યજ્ઞોપવીત ધારણ કર્યા.

☼ ☼ ☼ ☼ ☼

## [૨૦] ગુરૂકુળમાં

યજ્ઞોપવીત સંસ્કારની સુખદ સમાપ્તિ પછી એ બંનેએ અવંતીપુર અથવા ઉજ્જૈનમાં આવેલા સાંદીપનિ મુનિના ગુરૂકુળમાં પ્રવેશ કર્યો. ક્ષિપ્રા નદીના સુંદર શાંત તટ પર આવેલું સાંદીપનિ મુનિના ગુરૂકુળનું એ ઐતિહાસિક સ્થળ આજે પણ મોજુદ છે પરંતુ કરુણ અથવા ઉપેક્ષિત અવસ્થામાં છે. એનો જોઇએ તેવો ને તેટલો વિકાસ નથી થયો ને જરૂરી લાભ પણ નથી લેવાતો. તો પણ એ એક મહાન પ્રેરણાસ્થાન છે એમાં શંકા નથી.

ભગવાન કૃષ્ણે બલરામની સાથે ત્યાં વસીને ગુરુને સેવા દ્વારા પ્રસન્ન કરવાની સાથે સાથે અંગો અને ઉપનિષદો સાથે વેદોનું શિક્ષણ પ્રાપ્ત કર્યું. એ ઉપરાંત મંત્ર ને દેવતાઓના જ્ઞાનની સાથે ધનુર્વેદ, મનુસ્મતિ જેવાં ધર્મશાસ્ત્ર, મીમાંસા, વેદોના રહસ્યોનું દિગ્દર્શન કરાવનારાં શાસ્ત્ર, તર્કવિદ્યા તેમજ રાજનીતિનું જ્ઞાન પણ મેળવી લીધું. ચોસઠ દિવસમાં એમણે ગુરૂકૃપાથી ચોસઠ કળાઓમાં નિપુણતાની પ્રાપ્તિ કરી. પ્રાચીન ભારતમાં ગુરૂકુળો કેવી શિક્ષા પૂરી પાડતાં તેનો સમ્યક્ ખ્યાલ મેળવવા માટે એમાંની કેટલીક કળાઓનો ઉલ્લેખ અસ્થાને નહિ લેખાય. આ રહી એ કળાઓ : સંગીત, વાદ્યવિદ્યા, નૃત્ય, નાટ્ય, ચિત્રકળા, પુષ્પોની શય્યા બનાવવી, દાંત, વસ્ત્ર અને અંગો રંગવાની વિદ્યા, મણિજડિત જમીન કરવી, બંધ બાંધવા, સિદ્ધિઓ બતાવવી, વસ્ત્રો તથા ઘરેણાં તૈયાર કરવાં, અત્તર તથા તેલ બનાવવું, જાદુવિદ્યા, ઇચ્છાનુસાર વેશ ધારણ કરવો, ખાવાપીવાના પદાર્થો કરવા, સીવવાની વિદ્યા, શિલ્પકળા, કૂટનીતિ, ગ્રંથોને સમજાવવાની કળા, નાટક તથા આખ્યાયિકા રચવાની શક્તિ, બાણ તથા ગાલીચા અને જાજમ બનાવવી, ગૃહનિર્માણ, રત્નો ને સુવર્ણાદિ ધાતુની પરીક્ષા, સુવર્ણ તથા ચાંદી બનાવવાની પટુતા, વૃક્ષોની ચિકિત્સા, પોપટ-મેનાદિની ભાષા બોલવી, મુઠ્ઠીની કે મનની વાત કહી દેવી, બીજી ભાષાની કવિતાને સમજવાની શક્તિ, જુદા જુદા દેશોની ભાષાઓનું જ્ઞાન, પ્રશ્ન પરથી શુભાશુભ બતાવવું, શુકન-અપશુકનની સમજ, રત્નોને કાપવાની કળા, સાંકેતિક ભાષાનું જ્ઞાન, દ્યુતવિદ્યા, દૂરની વ્યકિત કે વસ્તુનું આકર્ષણ કરવું, મંત્રવિદ્યા, વિજયી થવાની વિદ્યા, વેતાલાદિને વશ કરવાની વિદ્યા.

આજની પ્રચલિત શિક્ષણ પદ્ધતિની સાથે એ વખતની શિક્ષણ પદ્ધતિની તુલના કરવા જેવી છે. એ તુલના ખૂબ જ રસપ્રદ અને પ્રેરક થઇ પડશે. ભારતના એ ભવ્ય ભાતીગળ ભૂતકાળમાં વિદ્યાર્થી કેવી કેવી વિદ્યાઓથી વિભૂષિત થઇને વિદ્યાલયોમાંથી બહાર નીકળતો તે સારી પેઠે સમજી શકાશે.

ગુરૂકુળનું શિક્ષણ પૂરું થયા પછી કૃષ્ણે ને બલરામે સાંદીપનિ મુનિને ઇચ્છાનુસાર ગુરુદક્ષિણા આપીને સંતુષ્ટ કર્યા. મુનિએ એમને અંતઃકરણપૂર્વક આશીર્વાદ આપ્યા. બંને ભાઇઓ એમની અનુમતિ મેળવીને મથુરાપુરીમાં પહોંચી ગયા.

☼ ☼ ☼ ☼ ☼

## [૨૧] ઉદ્ધવની વ્રજયાત્રા

કૃષ્ણ તથા બલરામને મથુરાપુરીમાં સફળ મનોરથ લઇને પાછા આવેલા જોઇને મથુરાની પ્રજા પ્રસન્ન થઇ. કૃષ્ણે મથુરામાં પાછા ફરીને સૌથી પ્રથમ કાર્ય પોતાના પ્રિય મિત્ર તથા મંત્રી, બૃહસ્પતિ શિષ્ય પરમપ્રાજ્ઞ ઉદ્ધવને પોતાના પ્રતિનિધિ અથવા સંદેશાવાહક તરીકે વ્રજની પવિત્ર ભૂમિમાં નંદ, યશોદા તથા ગોપીઓને મળવા માટે મોકલવાનું કર્યું. એ એક પુણ્ય કાર્ય, કલ્યાણ કાર્ય હતું. એ કાર્યના અને એના પરિણામના પડછંદા સાહિત્યની સનાતન સૃષ્ટિમાં સારી પેઠે પડ્યા છે. ભગવાન કૃષ્ણનું એ કલ્યાણ કાર્ય કહી બતાવે છે કે એમનું હૃદય પ્રેમમય હોવાથી એ પોતાનાં પ્રિયજનોને નહોતા ભૂલી શક્યા ને ભૂલવા માગતા પણ નહોતા.

ગોપીઓ વ્રજમાં રહીને ભગવાન કૃષ્ણને ભૂલી શક્તી ન હતી. એ એમનું સતત સ્મરણ મનન-નિદિધ્યાસન કરતી અને પોતાના પ્રિયતમ અથવા પ્રાણ સમજતી. એ એમની વિરહવ્યથાને અનુભવતી ને કૃષ્ણના પુનરાગમનની પ્રતીક્ષા કરતી. ભગવાનને એની માહિતી હોવાથી જ એમણે ઉદ્ધવને એમની પાસે જવાની સૂચના કરી. ઉદ્ધવે એ સુચનાનુસાર વૃંદાવન તરફ પ્રયાણ કર્યું. સૂર્યાસ્ત સમયે એમણે વૃંદાવનની પવિત્ર ભૂમિમાં પ્રવેશ કર્યો.

નંદે એમનું સમયોચિત સ્નેહપૂર્વક સ્વાગત કર્યું, ને પૂછયું કે કૃષ્ણ અમને, ગોપગોપીઓને, ગાયોને અને એમની આ પ્રિય લીલાભૂમિને કદી યાદ કરે છે ખરા ? એ અમને ને સૌને મળવા માટે કોઇક વાર આવશે કે નહિ આવે ? એમણે અમારી અનેકવાર રક્ષા કરી છે. અમે એમને એક ક્ષણને માટે પણ નથી ભૂલી શક્તાં. વૃંદાવનની ભૂમિ એની એ જ છે, યમુના ને ગિરિરાજ ગોવર્ધન પણ એ જ છે, પરંતુ કૃષ્ણ નથી એટલે અમને સૂનું, જીવનમાં કશુંક મહત્વનું ખૂટતું લાગે છે. એમના દિવ્ય દર્શનનો દેવદુર્લભ લાભ હવે અમને મળશે ખરો ?

નંદની વાત મર્મભેદક હતી. એને રજૂ કરતાં એમની આંખ ભીની થઇને ટપકવા લાગી, એમનો કંઠ રુંધાઇ ગયો, અને એમનું અંતર અતિશય ભાવવિભોર બની ગયું. ઉદ્ધવ એમના કૃષ્ણ તથા બલરામ પ્રત્યેના પવિત્ર પ્રેમને પેખીને પ્રસન્ન થયા અને એમને અભિનંદન, આશ્વાસન તેમ જ જ્ઞાન આપવા લાગ્યા. એ જ્ઞાનનો સાર એ હતો કે ભગવાન કૃષ્ણ સચ્ચિદાનંદ ઘન પરબ્રહ્મ પરમાત્મા છે અને એમના સિવાય બીજો કોઇ પણ પદાર્થ છે જ નહિ. સર્વરૂપે, સર્વત્ર ને સર્વ સમયે એ જ છે. એવી પ્રેમપૂર્ણ જ્ઞાનમિશ્રિત વાતચીત કરતાં આખી રાત્રી ક્યાં પસાર થઇ ગઇ એની એ બંનેમાંથી કોઇને ખબર જ ના પડી.

સવારે ગોપીકાઓએ નંદના નિવાસસ્થાનની બહાર ઉદ્ધવના સુંદર રથને નિહાળીને અક્રૂરના પુનરાગમનનું અનુમાન કર્યું; પરંતુ એટલામાં તે ઉદ્ધવનો અને એમનો મેળાપ થયો. એ મેળાપ મધુમય હતો કે કરુણરસથી ભરપુર એ તો કોઇ સિદ્ધહસ્ત કવિ અથવા અનુભવી જ કહી શકે પરંતુ એ શકવર્તી હતો એમાં સંદેહ નહિ. ઉદ્ધવે ગોપિકાઓના પ્રખર કૃષ્ણપ્રેમને નિહાળીને એમને અભિનંદન આપતાં જણાવ્યું કે તમારું જીવન અથવા શરીરધારણ સફળ છે. તમે સમસ્ત સૃષ્ટિને માટે પુજ્ય છો કારણ કે તમારું મન, હૃદય અથવા જીવન સર્વસ્વ કૃષ્ણને સમર્પિત થયેલું છે. મોટા મોટા મુનિઓને પણ દુર્લભ એવી ભગવદ્દભક્તિની તમને

પ્રાપ્તિ થઇ છે. ભગવાન કૃષ્ણે મારી દ્વારા તમને સંદેશ મોકલ્યો છે કે ગોપિકાઓ, હું સૌનું ઉપાદાનકારણ હોવાથી સૌનો આત્મા છું. અને સૌમાં વ્યાપક છું એટલે આપણો વિયોગ કદાપિ થઇ શકે તેમ જ નથી. સમસ્ત સૃષ્ટિ મારામાં છે, હું એનામાં છું, અને એની દ્વારા એના રૂપમાં પ્રકટ થઉં છું. મારા સિવાય સંસારમાં બીજું કશું જ નથી. સરિતાઓ જેવી રીતે સમુદ્રમાં મળી જાય છે તેવી રીતે યોગાભ્યાસ, વેદપાઠ, આત્મજ્ઞાન, તપશ્ચર્યા, ત્યાગ, ઇન્દ્રિય સંયમ અને સત્યાદિ ધર્માચરણ છેવટે મારી પ્રાપ્તિ કરાવી દે છે. એમનું અંતિમ ફળ મારો સાક્ષાત્કાર છે. ગોપિકાઓ, હું તમારા જીવનનું સારસર્વસ્વ હોવા છતાં પણ તમારાથી દૂર રહું છું એનું કારણ એટલું જ છે કે તમે શરીરથી દૂર રહેવાં છતાં પણ મનથી મારા સાનિધ્યનો અનુભવ કરો અથવા મનને મારી પાસે રાખો. મનને મારામાં જોડીને મારું સતત સ્મરણ કરવાથી તમને મારી પ્રાપ્તિ થશે એમાં શંકા નથી. હું સદાને માટે તમારી પાસે છું ને તમને છોડીને ક્યાંય નથી જઇ શકવાનો.

ગોપીઓને એ સંદેશ સાંભળીને શાંતિ મળી. એમની પ્રસન્નતાનો પાર ના રહ્યો. એમણે પોતાના ભાવોને જુદી જુદી રીતે પ્રકટ કર્યા. એ ભાવો ખૂબ જ પ્રેમમય હતા. એમનું સમસ્ત જીવન કૃષ્ણમય બની ગયેલું. કૃષ્ણના જ ચિંતન, મનન, નિદિધ્યાસન તથા ભાવજગતના દૈવી દર્શનથી છવાઇ ગયેલું. કૃષ્ણ વિના એમના જીવનમાં કોઇ રસ નહોતો, સાર નહોતો, આનંદ નહોતો. એ કૃષ્ણમય બનીને શ્વાસ લેતી. વિશ્વના વિશાળ વૃંદાવનમાં વસીને પ્રત્યેક જીવે પરમાત્માના પવિત્ર પ્રેમની પ્રતિમા બનીને કેવી રીતે જીવવાનું છે એ એમના જીવન પરથી સહેલાઇથી ને સ્પષ્ટ રીતે જણાતું. એ ગોપીઓને ધન્યવાદ ઘટે છે. ઉદ્ધવને એમના પવિત્ર પ્રેમપૂર્ણ આદર્શ જ્યોતિર્મય જીવનમાંથી ઘણું ઘણું જાણવાનું મળ્યું. એ આવેલા એમને આત્મજ્ઞાનનો અમૂલખ સંદેશ આપવા પરંતુ એમના ભક્ત કે પ્રશંસક બની ગયા. એમને અંતઃકરણપૂર્વક ધન્યવાદ આપવા લાગ્યા. ગોપીઓને ભગવાનના સ્વરૂપનું કે રહસ્યનું પૂરેપૂરું જ્ઞાન ના હોવા છતાં ભગવાનને ભજવાથી ધન્યતાની પ્રાપ્તિ થઇ એ બતાવે છે કે ભગવાનની કૃપાને મેળવવા માટે મૂળભૂત આવશ્યકતા એમને માટેના પવિત્રતમ પ્રેમની છે. અમૃતનો જ્ઞાત અથવા અજ્ઞાત અવસ્થામાં આસ્વાદ પામનાર અમર બને છે તેમ ભગવાનનું શરણ સદા સુખશાંતિ આપે છે અને આશીર્વાદરૂપ ઠરે છે. ઉદ્ધવને થયું કે હું વૃંદાવનમાં વૃક્ષ લતા અથવા ઔષધિ કે વનરાજિ બની જઉં તો ગોપિકાઓની ચરણરજ મેળવી શકું. એથી અધિક સુંદર સૌભાગ્ય બીજું કયું હોઇ શકે ? એમની પવિત્ર પદરજને પુનઃપુનઃ પ્રણામ કરું છું - મસ્તક પર ચઢાવું છું.

* * *

ઉદ્ધવે વૃંદાવનની ભક્તિરસભરપુર પવિત્ર ભૂમિમાં ભક્તિભાવમાં ડુબીને મહિનાઓ સુધી વાસ કર્યો ને પછી એ પુણ્યપ્રદેશની વિદાય લીધી. એ વખતે નંદાદિ ગોપીઓએ એમને ભેટની સામગ્રી સમર્પીને આંખમાં અશ્રુ સાથે કહ્યું કે ‘અમારી આકાંક્ષા એટલી જ છે કે અમારા મનની વૃત્તિ અને અમારો પ્રત્યેક વિચાર કૃષ્ણના ચારુ ચરણકમળનું અનુસંધાન સાધ્યા કરે. એમની દ્વારા એમની જ સેવા થયા કરે. અમારી વાણી સદા એમના જ મધુમય મંગલ નામોને ઉચ્ચારતી રહે અને કાયા એમને જ પ્રણામ, એમનું જ આજ્ઞાપાલન અને એમની જ સેવા કર્યા કરે. અમે મોક્ષ નથી ઇચ્છતા. અમારાં કર્મોને અનુસરીને જે યોનિમાં પણ જન્મીએ તે યોનિમાં વિશુદ્ધ જીવન જીવીએ, દાન કરીએ, અને એના ફળરૂપે ભગવાન કૃષ્ણ પ્રત્યેની પ્રીતિને વધારતા રહીએ.’

* * *

ભગવાન કૃષ્ણે પોતાના વચનાનુસાર કુબ્જાની અને અક્રૂરની સેવા સ્વીકારીને એમને શાંતિ આપી. એ પછી એમણે પાંડવોની સાચી પરિસ્થિતિથી પરિચિત થવા માટે અક્રૂરને હસ્તિનાપુર મોકલ્યા.

અક્રૂરે હસ્તિનાપુરમાં પહોંચીને સૌને મળીને સઘળી પરિસ્થિતિને જાણી લીધી. ત્યાં કૃષ્ણને ઇશ્વરતુલ્ય માનનારી કુંતીનો પણ મેળાપ થયો. કુંતીએ કૃષ્ણને ક્રંદન કરીને પ્રાર્થતાં દુઃખની સમસ્ત કથની કહી બતાવીને કૃષ્ણની મદદની માગણી કરી. એ કરુણાતિકરુણ પીડાજનક પ્રસંગથી અક્રૂરનું દિલ દ્રવી ગયું. એમણે અને વિદુરે એને આશ્વાસન આપ્યું.

અક્રૂરે હસ્તિનાપુરને છોડતાં પહેલાં ધૃતરાષ્ટ્રને પણ ધર્મપૂર્વક રાજ્ય ચલાવવાનો ને પાંડવોની સાથે ન્યાયોચિત વ્યવહાર કરવાનો સંદેશ આપ્યો, પરંતુ પુત્રોને માટેની મમતા તથા સ્વાર્થબુદ્ધિને લીધે એમને એ સંદેશ અનુકરણીય ના લાગ્યો. એમણે પોતે કબુલ કર્યું ને કહ્યું કે સ્ફટિક પર્વતના શિખર પર ચપલા ચમકે ને તરત જ અદૃશ્ય થઇ જાય એવી જ સ્થિતિ તમારા ઉપદેશોની છે. એનું કશું પરિણામ નહિ આવે.

અક્રૂરે મથુરાપુરીમાં પહોંચીને એ બધા સમાચાર કૃષ્ણને કહી સંભળાવ્યા.

☼ ☼ ☼ ☼ ☼

## ------ દશમ સ્કંધ પૂર્વાર્ધ સમાપ્ત------

# દશમ સ્કંધ (ઉત્તરાર્ધ)



यः स्मरेत्तु सदामंत्रं श्रीकृष्णः शरणं ममः ।
अष्टाक्षरं जपेन्नित्य यमो दृष्टवा हि शंकते ॥

## [૧] દ્વારકાપુરીની રચના

ભાગવતના દસમા સ્કંધના ઉત્તરાર્ધમાં ભગવાન કૃષ્ણના જીવનની બીજી આગળની લીલાઓનો સમાવેશ થાય છે. એ લીલાઓ એમના રાજનીતિજ્ઞ તરીકેના સ્વરૂપને રજૂ કરે છે. એ વખતના કેટલાક રાજાઓના સ્વભાવો કેવા વિકૃત હતા અને એ સમાજને માટે કેવા આતંકરૂપ હતા એનો ખ્યાલ એના પરથી સહેજે આવી રહે છે. એમના આતંક અથવા અત્યાચારમાંથી તત્કાલીન સમાજને છોડાવવા અને શાંતિ આપવા માટે એમણે એમનાથી બનતા બધા જ પ્રયત્નો કરી જોયા. એ પ્રયત્નોનો ઉજ્જવળ ઇતિહાસ આ સ્કંધના ઉત્તરાર્ધમાં શરૂ થાય છે. એ ઇતિહાસ ધાર્યા કરતાં ઘણો પ્રેરક અને રોચક છે.

ભગવાન કૃષ્ણે કંસનો નાશ કર્યો પરંતુ એના નાશથી દુઃખી થયેલી એની બે સ્ત્રીઓ અસ્તિ અને પ્રાપ્તિ પોતાના પિતા મગધરાજ જરાસંધની પાસે જઇ પહોંચી. એમણે જરાસંધને સઘળી હકીકત કહી સંભળાવી. એ સાંભળીને જરાસંઘને શોક તો થયો જ પરંતુ સાથે સાથે એનો ક્રોધ ભભૂકી ઊઠ્યો. એણે પૃથ્વી પરથી સઘળા યદુવંશીયોનો નાશ કરવા માટે નિશ્ચય કરીને યુદ્ધની તૈયારી કરી, અને પોતાની વિશાળ સેના સાથે મથુરાનગરીને ઘેરી લીધી. મથુરાના પ્રજાજનો એથી ખૂબ જ ભયભીત બની ગયા.

ભગવાન કૃષ્ણ સમસ્ત પરિસ્થિતિને સમજી ગયા. એમણે વિચાર્યું કે જરાસંધ જો જીવતો રહેશે તો આવી રીતે જુદા જુદા રાજાઓની વિશાળ સેનાને એકઠી કરીને લડવા આવશે અને એવી રીતે એ સેનાનો સંહાર કરવાનો અવસર ઊભો થશે. એટલા માટે એમણે એને થોડાક સમય સુધી જીવતો રાખવાનો નિર્ણય કર્યો.

જરાસંઘનો સામનો કરવા માટે કૃષ્ણ તથા બળરામ બંને પોતપોતાનાં શસ્ત્રાસ્ત્રો સાથે રથમાં વિરાજીને સાધારણ સેના સાથે ચાલી નીકળ્યા. કૃષ્ણે પોતાનો પાંચજન્ય શંખ વગાડ્યો. એનો ભયંકર અવાજ સાંભળીને શત્રુસેના ભયભીત બની ગઇ. છતાં પણ એના સૈનિકોએ યુદ્ધ કરવાનો આરંભ કર્યો. કૃષ્ણ ને બળરામના સૈનિકો પણ એમને વળતો જવાબ આપવા લાગ્યા.

જરાસંઘની બળવાન, વિશાળ, શસ્ત્રસજ્જ સેનાનો કૃષ્ણ તથા બળરામે થોડા જ વખતમાં નાશ કરી નાખ્યો. જરાસંઘનો રથ પણ તૂટી ગયો. એના શરીરમાં કેવળ પ્રાણ બાકી રહ્યો. એ વખતે બળરામે એને પકડી લીધો. જરાસંઘની દશા ખૂબ જ કરુણ અથવા દયાજનક બની ગઇ. એનું જીવન હવે ભગવાન કૃષ્ણના ને બળરામના હાથમાં હતું. કૃષ્ણે બળરામને કહીને એને એટલા માટે મુક્ત કરાવ્યો કે મુક્ત થઇને એ વળી પાછો વધારે ને વધારે સેના લાવે અને એ સેનાનો નાશ કરવાનો અવસર આપે.

જરાસંધ એવી રીતે મુક્તિ મેળવીને ખૂબ જ દુઃખી થયો. એણે યુદ્ધને માટે શક્તિ મેળવવા તપશ્ચર્યા કરવાનો નિર્ણય કર્યો, પરંતુ એના સાથી રાજાઓએ એને તપશ્ચર્યા કરતાં રોકીને યુદ્ધ કરવાની પુનઃ પ્રેરણા પૂરી પાડી. એ ઉદાસ ચિત્તે મગધ જવા ચાલી નીકળ્યો. એની સેનાનો સંહાર થવાથી મથુરાવાસીઓ અતિશય આનંદમાં આવી ગયા. એમણે ચિંતા તથા ભયરહિત બનીને ભગવાન કૃષ્ણ તેમ જ બળરામનું સ્નેહપૂર્વક સ્વાગત કર્યું. રણભૂમિમાંથી સાંપડેલી સંપત્તિ તથા બીજી સામગ્રી ભગવાન કૃષ્ણે મહારાજા ઉગ્રસેનને અર્પણ કરી.

જરાસંધના હૃદયમાં રહેલો વિદ્વેષનો વહ્નિ પરાજયની પ્રાપ્તિ છતાં સહેજ પણ ના શમ્યો. વખતના વીતવા સાથે એ વધતો જ ગયો. એથી પ્રેરાઇને એણે મથુરા પર એવી જ બીજી વિશાળ સાગર સમાન સેના લઇને સત્તરવાર આક્રમણ કર્યું. એ સઘળીવાર ભગવાન કૃષ્ણ તથા બળરામની કૃપાથી યાદવોએ એની સેનાનો સંહાર કરીને એને અવજ્ઞાપૂર્વક જવા દીધો. હાથમાં સપડાયેલા શત્રુને એવી રીતે સહીસલામત જવા દેવાનું કાર્ય કેટલીકવાર સાપને દૂધ પાવા બરાબર હાનિકારક થઇ પડે છે. જરાસંધના સંબંધમાં પણ એવું જ થયું. એણે મથુરાપુરી પર અઢારમીવાર આક્રમણ કરવાની તૈયારી કરી. એ જ વખતે કાળયવન પણ પોતાની વિરાટ સેના સાથે મથુરાપુરી પર ચઢી આવ્યો. કાળયવન સાથે લડવાનું સહેલું ન હતું. એના જેવો મહાબળવાન યોદ્ધા જગતમાં બીજો મળવો મુશ્કેલ હતો. એના આકસ્મિક આક્રમણનો ને જરાસંધના સમીપવર્તી સંગ્રામની શક્યતાનો વિચાર કરીને કૃષ્ણે બળરામની સંમતિથી એક યોજના ઘડી કાઢી. એમણે યાદવોની કાયમી સલામતી અથવા સુરક્ષા માટે એક કિલ્લો તૈયાર કરાવ્યો અને એની સાથે સાથે સમુદ્રના અંતર્ભાગમાં એક સુંદર નગરનું નિર્માણ કરાવ્યું. એ નગર અતિશય આકર્ષક, આહ્લાદક અને અદ્દભૂત હતું. એનું નામ દ્વારકા પાડવામાં આવ્યું. શિલ્પકળાની દૃષ્ટિએ એ સર્વશ્રેષ્ઠ હતું. એના મહેલો સોનાના અને એમની ઉપરના કળશો પણ સોનાના હતા. કૃષ્ણે પોતાની પ્રબળ યોગશક્તિ દ્વારા સ્વજનોને ને સ્નેહીજનોને ત્યાં પહોંચાડી દીધાં અને મથુરાવાસીઓની રક્ષાનો ભાર બળરામને સોંપીને એમની અનુમતિથી કંઠમાં કમળમાળા ધારીને શસ્ત્રાસ્ત્ર સિવાય જ મથુરાપુરીના મુખ્ય પ્રવેશદ્વારથી બહાર નીકળ્યા.

એવી રીતે એકદમ અજ્ઞાત રીતે બહાર નીકળવા પાછળ એમની સુનિશ્ચિત યોજના જ કામ કરી રહેલી. એમના સાધારણ અથવા અસાધારણ પ્રત્યેક કાર્યની પાછળ સુવ્યવસ્થિત યોજના રહેતી. મથુરાની બહાર નીકળવાનું એ કાર્ય પણ રહસ્યમય હોવા છતાં વિવેકયુક્ત હતું. મથુરાની પ્રજાના વિશાળ હિતને લક્ષમાં લઇને જ એમણે એવું કાર્ય કરી બતાવેલું. એ ખરેખર એક મહાન નટવર હતા.

કાળયવને એમનાં સુંદર સ્વરૂપ પરથી નિશ્ચય કર્યો કે આ કૃષ્ણ જ છે. એમને નિઃશસ્ત્ર જોઇને એણે એમની સાથે શસ્ત્રાસ્ત્ર વિના જ લડવાનો નિર્ણય કર્યો. એ એમની દિશામાં દોડવા લાગ્યો.

☼ ☼ ☼ ☼ ☼

## [૨] કાળયવનનો નાશ

એને પોતાની તરફ દોડતો દેખીને ભગવાન કૃષ્ણ પણ યુદ્ધભૂમિને છોડીને બીજી દિશામાં દોડવા માંડ્યા. એ દૃશ્ય કેટલું બધું અવનવું અને અદ્દભુત હતું ? ભગવાને બતાવી આપ્યું કે પોતે રણમાં લડવામાં તો કુશળ છે જ પરંતુ રણને છોડીને નાસવામાં પણ ઓછી કુશળતા નથી ધરાવતા. એમનું નાસવાનું પણ સહેતુક અને કલ્યાણકારક હોય છે. આવશ્યકતાને અનુસરીને એ જેવી કરવી હોય તેવી બધી જ લીલા કરી શકે છે.

ભગવાન કૃષ્ણે પોતાની સુનિશ્ચિત લીલા કરતાં દોડી રહેલા અને એમને વહેલામાં વહેલી તકે પકડવાની આશામાં એમની પાછળ કાળયવન દોડી રહેલો. એ વચ્ચે વચ્ચે બોલતો હતો કે યદુવંશમાં ઉત્પન્ન થયેલાએ આવી રીતે કાયરની જેમ ભાગવું ના જોઇએ. પરંતુ કૃષ્ણ તો એને કોઇ પણ પ્રકારનો પ્રત્યુત્તર આપ્યા વિના દોડ્યે જ જતા હતા. એવી રીતે દોડતાં દોડતાં આખરે એ માર્ગમાં આવેલી પર્વતની ગુફામાં બેસી ગયા. કાળયવન પણ અનેક પ્રકારના આક્ષેપો કરતો એમની પાછળ થોડાક વખત પછી ગુફામાં પ્રવેશ્યો. ત્યાં એણે એક સુતેલા પુરુષને કૃષ્ણ માનીને ક્રોધમાં લાત મારી એટલે એ પુરુષે આંખ ખોલી. એમની રોષ ભરેલી દૃષ્ટિ પડતાં જ કાળયવનના સમસ્ત શરીરમાં અગ્નિની જ્વાળા જાગી અને જોતજોતામાં તો એ બળીને ભસ્મ થઇ ગયો.

એ આખીય ઘટના અણધારી રીતે બની ગઇ. કાળયવનનું એવી રીતે મૃત્યુ થવાનું હતું અને એ એનો ભોગ બન્યો. ગુફામાં સુતેલા અને ગાઢ નિદ્રામાંથી જાગેલા એ પુરુષ ઇક્ષ્વાકુવંશી મહારાજા માંધાતાના પુત્ર રાજા મૂચુકુંદ હતા. એમની ઘોર નિદ્રાની પાછળ એક કારણ હતું. એકવાર અસુરોથી ભયભીત થયેલા ઇન્દ્રાદિ દેવોએ પોતાની રક્ષા માટે એમની મદદ માગી. એથી પ્રેરાઇને એમણે પોતાના પ્રખર પરાક્રમથી એમની રક્ષા કરી. દેવોને જ્યારે સેનાપતિના રૂપમાં કાર્તિકેય મળી ગયા ત્યારે એમને એમણે મોક્ષ સિવાય બીજા કોઇ પણ પદાર્થનું વરદાન માગવા કહ્યું. દેવોની માગણીને માન આપીને એમણે નિદ્રાનું વરદાન માગી લીધું. દેવોએ એ વરદાન આપીને જણાવ્યું કે જે મૂર્ખ તને નિદ્રામાંથી જગાડશે તે તમારી દૃષ્ટિ પડતાંવેંત એ જ ક્ષણે ભસ્મિભૂત થઇ જશે.

કાળયવનના ભસ્મિભૂત થયા પછી ભગવાન કૃષ્ણે રાજા મુચુકુંદને દર્શન આપ્યું. એમને નિહાળીને મુચુકુંદની પ્રસન્નતાનો પાર ના રહ્યો. એમણે સહેજ સાશંક બનીને એમનો પરિચય પૂછ્યો તો એમણે જણાવ્યું કે મારા જન્મ, મારાં કર્મ ને નામ અનંત છે. ધરતીના રજકણોને ગણવાનું કામ કદાચ સહેલું હોય તો પણ એ બધાને ગણવાનું કામ અતિશય અઘરું છે. બ્રહ્માએ અવનીને માટે આંતકરૂપ બનેલા અસુરોનો અંત આણવા મને કરેલી પ્રેમપૂર્ણ પ્રાર્થનાના અનુસંધાનમાં મેં યદુવંશમાં વસુદેવને ત્યાં જન્મ લીધો છે. એટલા માટે વાસુદેવના નામથી પણ ઓળખાઉં છું. અત્યાર સુધી મેં કંસનો અને અન્ય અનેક અસુરોનો અંત આણ્યો છે. મારી પ્રેરણાથી તમારા કેવળ દૃષ્ટિપાતથી થોડાક વખત પહેલાં કાળયવન પણ ભસ્મિભૂત થઇ ગયો. તમે પહેલાં મારી અનુરાગપૂર્ણ આરાધના કરી હોવાથી હું ગુફામાં સ્વેચ્છાથી તમારા પર કૃપા કરવા માટે આવ્યો છું. તમારે જે પણ માગવું હોય તે મારી પાસેથી માગી લો. હું તમને બધી રીતે કૃતાર્થ કરીશ.

ભગવાન કૃષ્ણના શબ્દો સાંભળીને રાજા મૂચુકુંદને ગર્ગાચાર્યે એમના સંબંધમાં કરેલી ભવિષ્યવાણીની સ્મૃતિ થઇ. એમણે ભાવવિભોર બનીને ભગવાન કૃષ્ણને પ્રણામ કરીને સ્તુતિ કરવા માંડી :

विमोहितोङ्य जन इशमायया त्वदीयया त्वां न भयत्यनर्थद्दक् ।

सुखाय दुःखप्रभवेषु सज्जते गृहेषु योषित् पुरुषश्च वंचित ॥

(સ્કંધ ૧૦ ઉત્તરાર્ધ અધ્યાય ૫૧, શ્લોક ૪૬)

'પૃથ્વીનાં સઘળાં પ્રાણીઓ ઇશ્વરની અથવા તમારી માયાથી મોહિત બનીને તમારાથી વિમુખ થઇને અનર્થોમાં સપડાઇને તમારું શરણ લઇને તમને નથી ભજતાં. એ સેવે છે તો સનાતન સુખની ઇચ્છાને પરંતુ દુઃખના મૂળ કારણરૂપ દેહ તથા ગેહની મમતામાં પડે છે. સ્ત્રી અને પુરુષ એવી રીતે સાચા સુખથી વંચિત બનીને ભૂલાવામાં પડ્યાં છે.'

'અજન્મા અને પરમપવિત્ર પ્રભુ ! આ કલ્યાણકારક કર્મભૂમિમાં દેવોને પણ દુર્લભ એવો મનુષ્યજન્મ મેળવીને તમારી ભક્તિનો આધાર લઇ શકાય છે. એ છતાં પણ જે સદ્દબુદ્ધિથી વંચિત થઇને તમારા ચારુ ચરણકમળમાં મનને નથી જોડતાં અને ગૃહાદિમાં આસક્તિ કરે છે તે તૃણના લોભથી અંધારા કૂવામાં પડનારા પશુ જેવા છે.'

* * *

भवापवर्गो भ्रमतो यदा भवेज जनस्य तर्ह्यच्युत सत्समागमः ।

सत्संगमो यर्हि तदैव सद्दगतौ परावरेशे त्वयि जायते मतिः ॥ (શ્લોક ૫૪)

'સ્વરૂપમાં સદાને સારુ સ્થિતિ કરનારા ભગવાન ! અનાદિકાળના જન્મમૃત્યુરૂપ સંસારચક્રમાં ભટકનારો જીવ જ્યારે એમાંથી મુક્તિ મેળવવાનો અવસર આવે છે ત્યારે સત્સંગની પ્રાપ્તિ કરે છે. અને એ પણ એટલું જ સાચું છે કે જે ક્ષણે સત્સંગ સાંપડે છે તે ક્ષણે સંતોના આશ્રય અને કાર્ય કારણરૂપ સંસારના એકમાત્ર સ્વામી તમારી અંદર એની બુદ્ધિ દૃઢતાપૂર્વક લાગી જાય છે.'

રાજા મૂચુકુંદ ભગવાનની પરિકમ્મા કરી, એમને વંદીને ગુફાની બહાર નીકળ્યા અને ઉત્તર દિશા તરફ ચાલી નીકળ્યા. ભગવાન નરનારાયણના નિત્ય નિવાસસ્થાન બદરીકાશ્રમમાં જઇને ભગવાનમાં મન લગાડીને એમણે તપશ્ચર્યા કરવા માંડી.

* * *

કાળયવનના નાશ પછી ભગવાન કૃષ્ણે મથુરાનગરીમાં આવીને એને ઘેરીને પડેલી સેનાનો સંહાર કર્યો. એમના આદેશાનુસાર એ સેનાની સાંપડેલી સંપત્તિ કે સામગ્રી દ્વારકા તરફ લઇ જવામાં આવતી હતી ત્યારે મગધરાજ જરાસંઘે પોતાની વિશાળ સેના સાથે મથુરા પર અઢારમી વાર આક્રમણ કર્યું. એ જોઇને કૃષ્ણ ને બળરામ સામાન્ય માનવોના જેવી લીલા કરતાં નાસી છૂટયા. જરાસંઘે અહંકારથી ઉન્મત્ત બનીને પોતાની સેના સાથે એમનો પીછો કર્યો. લાંબા સમય સુધી દોડીને થાકી જવાથી કૃષ્ણ ને બળરામ માર્ગમાં આવતા પ્રવર્ષણ પર્વત પર ચઢી ગયા. જરાસંઘે પર્વત પર ઘણીયે તપાસ કરી તો પણ એમનો પત્તો ના લાગ્યો ત્યારે એણે એ પર્વતને ચારે તરફથી સળગાવી મૂક્યો. પરંતુ કૃષ્ણ બળરામ સાથે એ પર્વત પરથી કૂદીને કોઇને પણ ખબર ના પડે તેવી રીતે નીચે આવ્યા અને સુરક્ષિત રીતે દ્વારકાપુરીમાં પહોંચી ગયા.

જરાસંઘ એ બંનેને પર્વતની ભીષણ જ્વાળામાં જલેલા સમજી સેના સાથે સર્વોત્તમ સફળતાના ઉલ્લાસ સાથે મગધ દેશમાં પાછો ફર્યો. એને કૃષ્ણના કૌશલની કલ્પના પણ ના આવી.

☼ ☼ ☼ ☼ ☼

## [3] લગ્ન

બળરામનું લગ્ન આનર્ત દેશના રાજા રૈવતની કન્યા રેવતી સાથે થયેલું એ હકીકતનો ઉલ્લેખ ભાગવતના નવમા સ્કંધમાં કરાયો છે. આ દસમા સ્કંધમાં કૃષ્ણના લગ્નનો નિર્દેશ કરવામાં આવ્યો છે. ભગવાન કૃષ્ણે જીવનને સમગ્ર રીતે અને અનાસક્તિપૂર્વક જીવવાનો આગ્રહ રાખ્યો છે. ધર્મ, તત્વજ્ઞાન, સાધના, મુક્તિ અથવા પૂર્ણતાના નામે કેટલાક પુરુષોએ લગ્નજીવન તથા લૌકિક જીવનને તિરસ્કારની નજરે જોવાનું શીખવીને એના પ્રત્યે ભારે અણગમો દર્શાવ્યો છે. એને જીવનના આત્મિક વિકાસના માર્ગમાં અંતરાયરૂપ પણ કહી બતાવ્યું છે. પરંતુ ભગવાન કૃષ્ણના સંબંધમાં એવું નહોતું. એમની દૃષ્ટિ અત્યંત ઉદાર, વિશાળ, સૂક્ષ્મદર્શી તથા સાચી હતી. એ લગ્નજીવનને કે લૌકિક જીવનને જીવનવિકાસમાં અંતરાયરૂપ માનીને એના સંબંધવિચ્છેદનો સંદેશ નહોતા શીખવતા. એમનો મુખ્ય સંદેશ મનને શુદ્ધ કરવાનો, અલિપ્ત રીતે જીવવાનો ને સ્વધર્મનું પાલન કે કર્તવ્યનું અનુષ્ઠાન કરી છૂટવાનો હતો. એ સંદેશ એમણે જીવનમાં જીવી ને સંમિશ્રિત કરી બતાવ્યો. એમની એ વિશેષતા હતી. એ વિશેષતાનુસાર એમણે પોતે લગ્નજીવનમાં પ્રવેશીને સૂચવ્યું કે લગ્નજીવન ખરાબ નથી. માણસ એને ખરાબ બનાવી દે છે, બાકી એને સમજપૂર્વક જાગ્રત બનીને જીવવામાં આવે તો એ જીવનવિકાસનું સુંદર સહાયક સાધન બનીને જીવનને સુખશાંતિથી સંપન્ન, મુક્ત ને પૂર્ણ કરવામાં મદદરૂપ થાય છે. ભારતીય સંસ્કૃતિએ લગ્નજીવનના કે ગૃહસ્થ ધર્મના મહિમાનું જયગાન એ દૃષ્ટિએ જ કરેલું છે ને ભગવાન કૃષ્ણે એમાં પોતાનો વ્યક્તિગત શકવર્તી સૂર પુરાવ્યો છે. એમના લગ્નજીવનને એવી વિશાળ અથવા સારગર્ભિત ભવ્ય ભૂમિકા પરથી જોવાનું છે; કોઇ ક્ષુલ્લક વિષયલાલસાયુક્ત માનવની દૃષ્ટિથી નથી જોવાનું.

રુક્મિણીના સંસ્કાર પણ એટલા બધા સર્વોત્તમ, એનો પ્રેમ એવો પરાકાષ્ઠા પર પહોંચેલો અને એની લગની એટલી બધી ઉત્કટ હતી કે એ એમની પત્ની બની શકી, એ સૌભાગ્ય કાંઇ જેવું તેવું ન હતું. એની કથા ઘણી રોચક અને આકર્ષક છે.

રુક્મિણી વિદર્ભ દેશના અધીશ્વર મહારાજા ભીષ્મકની પુત્રી હતી. એણે રાજપ્રાસાદમાં આવનારા અતિથિઓ અથવા સત્પુરુષો દ્વારા ભગવાન કૃષ્ણના સૌન્દર્ય, સદ્દગુણ, સામર્થ્ય તથા અનંત ઐશ્વર્યની વાત સાંભળીને એમના પ્રત્યે કુદરતી રીતે જ અનંત આકર્ષણનો અનુભવ કરીને પતિરૂપે મનોમન પસંદ કર્યા. ભગવાન કૃષ્ણને પણ રુક્મિણીની લોકોત્તર યોગ્યતાની માહિતી હોવાથી એમની દૃષ્ટિ એના પર ઠરેલી અને એમણે એને અપનાવવાનો વિચાર કરી રાખેલો.

એ હકીકતને ઇતિહાસની સાથે સાથે આધ્યાત્મિક સંદર્ભમાં પણ સમજીએ તો સમજાય છે કે રુક્મિણી પરા પ્રકૃતિ અથવા જીવનું પ્રતીક છે અને ભગવાન કૃષ્ણ સૃષ્ટિકર્તા, ધરતા કે ભર્તા અને હર્તા શિવ છે. જીવ કાયમ માટે કદી શિવથી અલગ રહી શકે છે ? ના. એ રુક્મિણીની પેઠે અચિંત્ય રીતે નૈસર્ગિકરૂપે જ શિવના અલૌકિક અખૂટ આકર્ષણને અનુભવે છે. એ આકર્ષણ કદી કોઇયે કારણે નથી ઓસરતું. પંચમહાભૂતના પાર્થિવ રાજપ્રાસાદમાં રહેતો જીવ સંતો, સત્પુરુષો કે શાસ્ત્રો દ્વારા ભગવાનના મહિમાની કલ્યાણકારક કથાઓને સાંભળીને એમના પ્રત્યે આકર્ષાય છે અને એમને મનોમન વરીને એમની પ્રાપ્તિનો સંકલ્પ કરે છે.

એ સંકલ્પ સહજ અને સુદૃઢ હોય છે. ભગવાન તો એને અપનાવવા માટે હંમેશાં તૈયાર જ હોય છે. એમની એને માટેની પ્રીતિ તથા કરુણા કદી પણ નથી ખૂટતી. ફક્ત એ વિષયાભિમુખ મટીને એમના તરફ અભિમુખ થાય એટલી જ વાર છે.

પરંતુ એ સાધનામાં વિઘ્નો તો આવવાનાં જ. એ વિષયાભિમુખ મટીને પરમાત્માભિમુખ થવાનો પ્રયાસ કરે એટલે એનો સાધનાપંથ સંપૂર્ણ સરળ ને નિષ્કંટક થઇ જાય એવું કશું જ નથી. એની અવનવી અગ્નિપરીક્ષાઓ પણ થતી રહેવાની. રુક્મિણીના સંબંધમાં પણ એવું જ બન્યું. એની પ્રીતિ, ભાવના, સંકલ્પશક્તિ અને શ્રદ્ધાભક્તિને કસોટીની એરણ પર ચઢાવતા પ્રસંગો એના જીવનમાં બનતા રહ્યા. એ પ્રતિકૂળ પ્રસંગો એને જાણે કે કહી રહેલા કે અંતિમ અમૃતપાન પહેલાં જીવનમાં કેટલીકવાર વિષ પણ આવે છે, શીતળ છાયા સાંપડતાં પહેલાં તીવ્ર તાપ પણ મળે છે, અને એનાથી ગભરાઇ કે ડરી જનારને ઇપ્સિત પદાર્થની પ્રાપ્તિ નથી થઇ શક્તી. રુક્મિણીના ભાઇ રુકમીએ જ એનો વિરોધ કર્યો. એને કૃષ્ણને માટે જરા પણ પ્રેમ ન હતો. એણે કૃષ્ણને નાપસંદ કરીને રુક્મિણીનું લગ્ન શિશુપાલ સાથે થાય એવી રુક્મિણીના વિરોધ છતાં પણ યોજના કરી. રુક્મિણી એથી દેખીતી રીતે જ દુઃખી બની ગઇ. એ કૃષ્ણ વિના બીજા કોઇનેય વરવા નહોતી માગતી.

* * *

ભારતવર્ષમાં સ્ત્રીઓ અધિકારવિહોણી, લાચાર કે પછાત હતી ? ના. દેશના પ્રાચીન ઇતિહાસનું અધ્યયન કરનાર એવા ભ્રાંત વિચારો નહિ સેવે. રુક્મિણી નીડર તથા વિવેકી હતી. એણે કૃષ્ણની પાસે એક વિશ્વાસપાત્ર બ્રાહ્મણને સંદેશવાહક તરીકે મોકલ્યો. એ બ્રાહ્મણ એનો સ્નેહપૂર્ણ સંદેશો લઇને દ્વારકામાં ભગવાન કૃષ્ણ પાસે પહોંચી ગયો. જીવ શિવના પવિત્ર પ્રેમથી પ્રેરાઇને સાધનાના મંગલમય માર્ગે આગળ વધે અને એ માર્ગે મુસીબતો કે અંતરાયો આવે ત્યારે સદ્દગુરુ વિના બીજા કોનું શરણ લે ? એ સદ્દગુરુ એમની અહેતુકી અનુકંપાથી પ્રેરાઇને ઇશ્વરને પ્રાર્થના કરે છે કે જેથી એ જીવનો સ્વીકાર કરે.

બ્રાહ્મણે ભગવાન કૃષ્ણના પૂછવાથી એમને સઘળી હકીકત કહી સંભળાવી. એમને રુક્મિણીનો સ્નેહપૂર્ણ સંદેશ પણ સંભળાવ્યો. એ સરસ સંવેદનશીલ સંદેશમાં કહેવામાં આવેલું કે હે ત્રિભુવનસુંદર, હે અવિનાશી ! તમારા સદ્દગુણોના શ્રવણમનનથી મારું મન મંત્રમુગ્ધ બનીને તમારી સાથે જોડાઇ ગયું છે તે કેમે કરીને છૂટું નથી પડે તેમ. કુળ, શીલ, સ્વભાવ, સૌન્દર્ય, વિદ્યા, અવસ્થા, ઐશ્વર્ય, ગમે તે દૃષ્ટિએ જોતાં તમે અદ્વિતીય છો. તમને જોઇને સૌનું મન શાંતિ અને આનંદનો અનુભવ કરે છે. મેં તમને મારા પતિના રૂપમાં પસંદ કર્યા છે. તમને સર્વસમર્પણ કર્યું છે. તમે અંતર્યામી હોવાથી મારા હૃદયને જાણો છો. અહીં પધારીને મારો પત્ની તરીકે સ્વીકાર કરો. શિશુપાલ કે બીજા કોઇયે પુરુષને સ્પર્શવાની મારી લેશ પણ ઇચ્છા નથી. તમે સંનિષ્ઠ સમાજસેવક છો ને સૌને સુખશાંતિ આપવા અવતાર લઇને આવ્યા છો તો મારી રક્ષા કરવા ને મને સુખશાંતિ આપવા આવી પહોંચો. મારા લગ્નના આગલા દિવસે આવીને જરૂર પડે તો શિશુપાલ તથા જરાસંઘનો સામનો કરીને મારું પાણિગ્રહણ કરો. અમારા કુળની પરંપરાગત પ્રથા પ્રમાણે લગ્નના આગલા દિવસે હું સૌની સાથે નગરની બહાર આવેલા ભવાની માતાના મંદિરમાં દર્શન કરવા

જઇશ. તે દિવસે ત્યાં તમારી પ્રેમપૂર્ણ પ્રતીક્ષા કરીશ. જો તમે મારી રક્ષા કરવા નહિ આવો તો વ્રત દ્વારા શરીરને સૂકવીને પ્રાણનો ત્યાગ કરીશ.

*   *   *

રુક્મિણીનો એ સંવેદનપૂર્ણ સંદેશ પરમાત્માનો સાક્ષાત્કાર કરીને કૃતાર્થ થવા માગનારા સાધકનો સંકલ્પ કેવો સુદૃઢ, પ્રેમ કેવો પ્રબળ અને સમર્પણભાવ કેટલે બધો ઉત્કટ જોઇએ તે સૂચવે છે. એવી અસાધારણ યોગ્યતા હોય તો પરમાત્માની અનુકંપા થયા વિના રહે જ નહિ. એના પ્રત્યુત્તરરૂપે પરમાત્માની પ્રસન્નતા કે કૃપાની પ્રાપ્તિ જ થાય.

ભગવાનને જે ચાહે છે તેને ભગવાન પણ ચાહે છે. એમની પાસે જે પહોંચવા માગે છે તેની પાસે એ પણ પહોંચી જાય છે. એમને જે પ્રેમપૂર્વક યાદ કરે છે એને એ પણ નથી ભૂલી શક્તા. એને અપનાવવા એ સદાય તૈયાર રહે છે. એ વિશાળ આધ્યાત્મિક સંદર્ભ પ્રત્યે અંગુલિનિર્દેશ કરતા હોય તેમ ભગવાન કૃષ્ણે પ્રેમપૂર્ણ પરિભાષામાં જણાવ્યું કે :

**तथाहमपि तच्चित्तो निद्रां च न लभे निशि ।**

(અધ્યાય ૫૩, શ્લોક ૨ પૂર્વાર્ધ.)

'બ્રાહ્મણ દેવતા ! રુક્મિણી જેવી રીતે મારામાં મન પરોવીને બેઠી છે તેવી રીતે મારું મન પણ એનામાં લાગેલું છે. મને કોઇ કોઇ વાર એના વિચારથી રાતે ઊંઘ પણ નથી આવતી.'

કેટલા બધા લાગણી ભરેલા, સ્નેહપૂર્ણ, સહાનુભૂતિ છલેલા શબ્દો છે ? એ શબ્દોમાં પત્રોના પત્રો, સંદેશાઓના સંદેશા સમાઇ જાય છે. જાણે કે ગાગરમાં સાગર. જીવ શિવની ઝંખના કરતાં જાગે ને શિવ એના એવા અચળ અનુરાગની અવજ્ઞા કરીને લાગણીરહિત બનીને ઊંઘે એવું કદી બની શકે ખરું ? કદાપિ ના બની શકે.

ભગવાન કૃષ્ણે એ સંવેદનશીલ સંદેશના ઉત્તરમાં, એના અનુસંધાનમાં આગળ કહ્યું કે રુકમી મારો વિરોધ કરે છે તે હું જાણું છું, પરંતુ સંગ્રામમાં એને અને એના સાથીઓને પરાજીત કરીને હું એ પરમસુંદરી રાજકુમારી રુક્મિણીની રક્ષા કરીશ.

*   *   *

ભીષ્મક રાજાએ પોતાના મોટા પુત્ર રુકમીના સ્નેહને લીધે રુક્મિણીનું લગ્ન શિશુપાલ સાથે કરવાની તૈયારી કરી. રુક્મિણીને સમય પર શણગારવામાં આવી, ગ્રહશાંતિને માટે હવન કરાવવામાં આવ્યો, ને દાનની પ્રવૃત્તિ પણ સારી પેઠે પૂરી થઇ. કુંડિનપુરની પ્રજા પણ પ્રસન્નતાને પ્રકટ કરતી મહોત્સવ મનાવવા લાગી. શિશુપાલ, જરાસંધ, દંતવક્ત્ર, વિદૂરથ તથા પોંડ્રક જેવા રાજાઓ ને શિશુપાલના સાથીદારો પણ સેનાઓ સાથે લગ્નની સઘળી તૈયારી કરીને આવી પહોંચેલા. બળરામને એની અને કૃષ્ણના પ્રયાણની માહિતી મળવાથી એ પણ કૃષ્ણ પ્રત્યેના પ્રેમથી પ્રેરાઇને ભાવિ શક્યાશક્યતાનો વિચાર કરીને સેના સાથે કુંડિનપુરની દિશામાં ચાલી નીકળ્યા.

*   *   *

ભક્ત ભગવાનને મળવાનો મનોરથ સેવે તો પણ ભગવાન કાંઇ સહેલાઇથી મળી જાય છે ? રુક્મિણીના સંબંધમાં પણ એવું જ બન્યું. લગ્નની વચ્ચે એક જ દિવસ શેષ રહ્યો તો પણ ભગવાન કૃષ્ણ તો ના પધાર્યા પરંતુ બ્રાહ્મણદેવતા પણ ના આવ્યા એથી એ દુઃખમાં ડૂબીને ભાતભાતના તર્કવિતર્કો કરવા લાગી. એટલામાં તો એણે મોકલેલા બ્રાહ્મણદેવતા આવી પહોંચ્યા. એમણે ભગવાન કૃષ્ણનો સંદેશો કહ્યો અને એમના શુભાગમનના સમાચાર પહોંચાડ્યા. એથી એની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

સાધકની મનોકામના પૂરી ના થાય તો પણ એણે નિરાશ ના થવું અને સાધનાની, પોતાની અંદરની, સદ્દગુરુની ને સિદ્ધિ અથવા ઇશ્વરની શ્રદ્ધાભક્તિનો ત્યાગ ના કરવો. સાધનાની સિદ્ધિનો સ્વર્ણસમય ક્યારે આવી પહોંચે તે વિશે કશું જ ના કહી શકાય. એની પ્રતીક્ષા ધીરજ, હિંમત અને ઉત્સાહપૂર્વક સદાય કરવી પડે છે.

* * *

ભગવાન કૃષ્ણ તથા બળરામ રુક્મિણીના લગ્નપ્રસંગ પર પધાર્યા છે એ જાણીને મહારાજા ભીષ્મકે એમનું સાદર સમુચિત સ્વાગત કર્યું. નગરજનો પણ એમના શુભાગમનના સમાચાર સાંભળીને પ્રસન્ન થયા. સુનિશ્ચિત સમય પર રુક્મિણી સૈનિકોની સુરક્ષા વચ્ચે સખીઓથી ઘેરાઇને માતાના મંદિરમાં દર્શન કરવા માટે નીકળી. એનું સૌન્દર્ય અનુપમ હતું. જાણે લક્ષ્મીદેવી પોતે જ પૃથ્વી પર પ્રકટી હોય એવું લાગતું હતું. મંદિરમાં પ્રવેશીને એણે દેવીના દિવ્ય દર્શનનો લાભ લઇને પૂજા તથા પ્રાર્થના કરી અને સખીઓ સાથે આજુબાજુ બધે દૃષ્ટિપાત કરીને ભગવાન કૃષ્ણના શુભાગમનની પ્રતીક્ષા કરતી બહાર નીકળી. એણે ધીમી ગતિથી આગળ વધીને રથ પર ચઢવાની તૈયારી કરી તે જ વખતે ભગવાન કૃષ્ણે એકાએક આગળ આવીને એને ઉપાડીને પોતાના રથમાં બેસાડી દીધી અને સૌની વચ્ચેથી વિપળનાય વિલંબ વિના રથને દોડાવી મૂક્યો.

એ એકાએક પેદા થયેલી પરિસ્થિતિથી સૌ કોઇ આશ્ચર્યચકિત બની ગયા. બળરામ તથા બીજા યદુવંશી ભગવાન કૃષ્ણની સાથે ચાલી નીકળ્યા. જરાસંધ જેવા રાજાઓ પોતાનો તિરસ્કાર થયેલો જાણીને પોતાની સાથે સાથે કૃષ્ણને પકડવા કે યુદ્ધ કરવા ચાલ્યા. એમની ને કૃષ્ણની સેના વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું. એના પરિણામે જરાસંધ અને બીજા રાજાઓને પોતાના પ્રાણ બચાવવા માટે યુદ્ધમાંથી નાસી જવું પડ્યું.

શિશુપાલ તો રુક્મિણીના જવાથી નાસીપાસ અથવા નિરાશ થઇ ગયો. એની મહત્વકાંક્ષા પર પાણી ફરી વળ્યું. જરાસંઘે એને બને તેટલી સાંત્વના તથા હિંમત આપી. એ પછી ચેદિરાજ શિશુપાલ તથા બીજા રાજાઓ એમની શેષ સેના સાથે એમનાં નગરો તરફ પાછા વળ્યાં. પરંતુ રુક્મિણીના ભાઇ રુકમીએ પોતાની સશક્ત સેના સાથે કૃષ્ણનો પીછો કર્યો. એણે સેના સાથે નીકળતાં પહેલાં જ સૌની આગળ પ્રતિજ્ઞા કરી કે યુદ્ધમાં કૃષ્ણનો નાશ કરીને રુક્મિણીને પાછી ના લાવું તો કુંડિનપુરમાં પ્રવેશ નહિ કરું. યુદ્ધમાં કૃષ્ણને મારવા માટે આખરે રથ પરથી નીચે ઉતરીને એ એમની દિશામાં દોડવા લાગ્યો ત્યારે ભગવાને એની ઢાલ તથા તલવારને તોડી નાખીને એના નાશ માટે તલવાર લીધી. એ વખતે રુક્મિણીએ વચ્ચે પડીને એનો નાશ ના કરવાની પ્રાર્થના કરી. એની પ્રાર્થનાને લક્ષમાં લઇને ભગવાને એને એના ઉપવસ્ત્રથી બાંધી દીધો ને દાઢી, મુંછ તથા મસ્તકનું વચ્ચે વચ્ચેથી મુંડન કરીને કુરૂપ બનાવ્યો. બળરામને એ વાત ના ગમી. કૃષ્ણે રુકમીને

બંધનમુક્ત કર્યો એટલે એ પોતાની પ્રતિજ્ઞાને અનુસરીને કુંડિનપુરમાં જવાને બદલે ભોજકટ નામની નવી નગરી વસાવીને રહેવા લાગ્યો. એની સેનાનો તો પહેલેથી જ નાશ થઇ ચૂકેલો.

* * *

જીવ જ્યારે શિવને સમર્પણ કરે છે ને શિવ એને આંશિક રીતે અપનાવીને એના પર કૃપા કરે છે ત્યારે કેટલીકવાર પુરાણી વાસનાઓ ને વિક્ષેપો વચ્ચે આવે છે. ભગવાનની કૃપાથી એ અંતરાયોનું કશું જ નથી ચાલતું. આખરે અંતિમ અંતરાય જીવના જયેષ્ઠ બંધુ જેવા અહંકારનો રહે છે. નિર્વિકલ્પ સમાધિમાં પ્રવેશીને પરમાત્માની અભિન્ન અંતરંગ એકતાને અનુભવવા માગનાર યોગીના ને ભગવાનની પૂર્ણ કૃપાની કામના કરનારા ભક્તના જીવનમાં એ સૂક્ષ્મતમ અહંભાવથી ઉપર અથવા દેહાધ્યાસને જીતવાનું કે શાંત કરવાનું કાર્ય શેષ રહે છે. એ અહંભાવથી ઉપર ઊઠવાનો અવસર આવે છે ત્યારે કેટલીકવાર એ અનુભવ એકદમ નવો હોવાથી જીવ ગભરાઇ જાય છે. છેવટે એ અહંકાર ઓગળી અથવા નામશેષ બની જાય છે ને પોતાના મૂળ-પહેલાંના સ્થાનમાં નથી જઇ શકતો. રુકમી એ અહંકારનું પ્રતીક છે.

એ અહંકારનો અને બીજા બધા જ અંતરાયોનો અંત આવે પછી બાકી શું રહે ? જીવ તથા શિવનું સુભગ સુખદ સંમિલન પછી સહજ બને છે. સાધકની શરણાગતિપૂર્ણ સાધના સફળ થાય છે. ભક્તની ચિરકાલીન ભાવના ફળે છે. જીવન ઉત્સવમય બને છે. એને એના પ્રિયતમ પરમાત્મા મળે છે. ભાગવત કહે છે કે રુક્મિણીનું કૃષ્ણ સાથેનું લગ્ન એવી રીતે સરળ બન્યું. દ્વારકાપુરીમાં પહોંચીને ભગવાન કૃષ્ણે એની સાથે એની સંમતિથી વિધિપૂર્વક લગ્ન કર્યું. ચિરકાળથી છૂટી પડેલી ચેતનાઓ જીવનની લીલા માટે પાછી ભેગી થઇ.

* * *

આપણે ત્યાં એવા શબ્દપ્રયોગો પ્રચલિત છે તે કૃષ્ણે રુક્મિણીનું હરણ કર્યું. મોટા મોટા પંડિતો કે કથાકારો પણ એવું કહી સંભળાવે છે. પરંતુ મને પોતાને એવું કથન આદર્શ, ન્યાયસંગત અને ઉત્તમ નથી લાગતું. એવા શબ્દપ્રયોગો કૃષ્ણ તથા રુક્મિણી બંનેને અન્યાય કરનારા છે. કૃષ્ણે રુક્મિણીની ઇચ્છા વગર કોઇક ધાડપાડુની પેઠે એને પ્રાપ્ત કરી એવો સામાન્ય નિકૃષ્ટ ધ્વનિ એમાંથી પેદા થાય છે, અને એમના મહિમાને ઓછો કરે છે. રુક્મિણીને કૃષ્ણ પ્રત્યે પ્રેમ હોવાથી પોતાના જીવનની રક્ષા કરીને પોતાને પત્ની તરીકે અપનાવવા માટે એણે એમને આમંત્રણ મોકલેલું. એથી પ્રેરાઇને એના પવિત્ર પ્રેમને માન આપીને એમણે એની રક્ષા કરી. એ કૃત્યને હરણ કહેવું બરાબર નથી. કૃષ્ણે રુક્મિણીનું હરણ નહોતું કર્યું, એની રક્ષા કરેલી અથવા વધારે સારા સુયોગ્ય શબ્દોમાં કહીએ તો એનો ઉદ્ધાર કરેલો એવું કહેવું વધારે ઉચિત મનાશે. કૃષ્ણને માટેનો એવો ઉલ્લેખ આદરપાત્ર અને વાસ્તવદર્શી રહેવાશે. એની દ્વારા અવનવી ઉદાત્ત દૃષ્ટિની પ્રાપ્તિ થશે.

* * *

રુક્મિણીને કૃષ્ણ દ્વારા પ્રદ્યુમ્ન નામના કામદેવના અંશ જેવા સર્વાંગસુંદર સુપુત્રની પ્રાપ્તિ થઇ.

☼ ☼ ☼ ☼ ☼

## [૪] સ્યમંતક મણિ

ભગવાન કૃષ્ણની દૃષ્ટિ કેટલી બધી સ્વાર્થરહિત, પવિત્ર, વિશાળ અને પરહિતપરાયણ હતી. એની ઝાંખી કરવા માટે સ્યમંતક મણિની કથાની માહિતી મેળવવી આવશ્યક છે. એ માહિતી ખૂબ જ રસમય થઇ પડે તેવી છે. સ્યમંતક મણિની વિશિષ્ટતા જાણવા જેવી છે. એ મણિ દ્વારા પ્રતિદિન આઠ ભાર સુવર્ણની પ્રાપ્તિ થતી એટલે એથી મનુષ્યની સમૃદ્ધિ તો વધતી જ પરંતુ સાથે એની અન્ય વિશેષતાઓ પણ જાણવા જેવી છે. જ્યાં એને રાખીને એની પૂજા કરવામાં આવતી ત્યા અકાળ, ગ્રહપીડા, સર્પભય, શારીરિક કે માનસિક વ્યથા તથા માયાવી મલિન આત્માઓનો ઉપદ્રવ, એમાંથી કશાનું અસ્તિત્વ ના રહેતું. ત્યાં કશા અશુભની સંભાવના જ ના રહેતી.

એ મણિની પ્રાપ્તિ સૌથી પહેલાં સત્રાજિતને કેવી રીતે થઇ તે પણ જાણવા જેવું છે. સત્રાજિત સૂર્યનારાયણનો ભક્ત હતો. એની એકનિષ્ઠ આરાધનાથી પ્રસન્ન થઇને સૂર્યનારાયણે એને એ મણિ પ્રદાન કરેલો. એ એને ગળામાં લટકાવીને ફર્યા કરતો. એથી એ ખૂબ જ તેજસ્વી દેખાતો. એ દ્વારકામાં આવ્યો ત્યારે એના અલૌકિક પ્રકાશને પેખીને લોકો એને સૂર્યનારાયણ સમજી બેઠા. એણે સ્યમંતક મણિને એક મંદિરમાં સ્થાપિત કરાવ્યો.

ભગવાન કૃષ્ણ તો પ્રજાની વિશાળ હિતભાવનાને વિચારનારા હતા. એમને થયું કે આ મણિ એક માણસની વ્યક્તિગત મિલકત બને ને દેવમંદિરની શોભા થાય એના કરતાં રાજા ઉગ્રસેન પાસે પહોંચે તો એના દ્વારા સમાજની કેટલી મોટી સેવા થાય ? એ દીનતા ને દુઃખને દૂર કરવાના કેટલા બધા કામમાં આવી શકે ? એમણે સત્રાજિતને એ મણિ ઉગ્રસેનને આપી દેવાની સમાજોપયોગી સલાહ આપી પરંતુ એણે એ સલાહને ના સ્વીકારી. એની સંકુચિત સ્વાર્થબુદ્ધિએ એને પ્રજાના વિશાળ હિતમાં ના વિચારવા દીધો.

ત્યારે પરિસ્થિતિ એવી પેદા થઇ કે એ મણિ એની પાસે રહ્યો જ નહિ. એના ભાઇ પ્રસેને એ મણિને ગળામાં પહેરીને એક દિવસ વનમાં મૃગયા માટે પ્રયાણ કર્યું. ત્યાં દૈવયોગે એક સિંહે પ્રસેનને એના અશ્વ સાથે મારી નાખ્યો ને મણિ હસ્તગત કર્યો. મણિને લઇને ગિરિની ગુફામાં પ્રવેશવા જતો હતો ત્યાં જ ઋક્ષરાજ જાંબવાને એનો નાશ કરીને એ મણિને પોતાના નિવાસસ્થાનમાં લઇ જઇને પુત્રને રમવા માટે આપ્યો.

પરંતુ એની પ્રતિક્રિયા જુદી જ પડી. પ્રસેન વનમાંથી પાછો ના આવ્યો એટલે સત્રાજિતે દુઃખી થઇને કહેવા માંડ્યું કે કૃષ્ણની નજર સ્યમંતક મણિ પર હોવાથી સંભવ છે કે એમણે જ મારા ભાઇ પ્રસેનને મારી નાખ્યો હશે. એ વાત કૃષ્ણના સાંભળવામાં આવવાથી પોતાની ઉપર લગાવવામાં આવતા ખોટા કલંકને દૂર કરવા કેટલાક નાગરિકો સાથે એ પ્રસેનને શોધવા માટે વનમાં જઇ પહોંચ્યા. વનમાં એમણે જાણ્યું કે પ્રસેનને એના ઘોડા સાથે સિંહે મારી નાખ્યો છે. સિંહના પદચિહ્નોના આધારે એ આગળ ચાલ્યા તો પર્વત પર સિંહને પણ મરેલો જોયો. ભગવાન કૃષ્ણે સૌને બહાર બેસાડીને ઋક્ષરાજની વિશાળ ગુફામાં પ્રવેશ કર્યો. એ ગુફામાં બાળકો મણિ સાથે રમી રહેલા. એમને જોઇને બાળકોની માતાએ બૂમ પાડી એટલે ઋક્ષરાજ જાંબવાન દોડી આવ્યો ને એમની સાથે લડવા લાગ્યો. એમની વચ્ચે ભયંકર યુદ્ધ ફાટી નીકળ્યું. અસ્ત્ર, શસ્ત્ર, શિલાઓ અને વૃક્ષોથી લડ્યા પછી તેઓ દ્વંદ્વયુદ્ધ કરવા લાગ્યા. એવી રીતે યુદ્ધ કરતાં અઠ્ઠાવીસ દિવસ થઇ ગયા ત્યારે

જાંબવાનનું શરીર ઢીલું પડી ગયું. એનામાં સામનો કરવાની શક્તિ ના રહી એટલે એને સમજાયું કે ભગવાન પોતે જ આ સ્વરૂપમાં આવી પહોંચ્યા છે. પૂર્વે જે રામ હતા એ જ આ કૃષ્ણ થયા છે. એણે એમની સ્તુતિ કરી એમને સ્યમંતક મણિ તો આપ્યો જ પરંતુ પોતાની પુત્રી જાંબવતી પણ અર્પણ કરી.

* * *

ભગવાન કૃષ્ણની સાથે ગયેલા નાગરિકોએ બાર દિવસ ગુફાની બહાર એમની પ્રતીક્ષા કરીને દુઃખી થઇને દ્વારકા પ્રતિ પ્રયાણ કર્યું. દ્વારકાવાસીઓ ને કૃષ્ણના કુટુંબીજનો કૃષ્ણને પાછા ના આવેલા જોઇને દુઃખી થતા હતા ત્યાં જ કૃષ્ણ આવી પહોંચ્યા. એમણે સત્રાજિતને મહારાજા ઉગ્રસેનની સભામાં બોલાવીને સઘળી કથા કહી બતાવીને સ્યમંતક મણિ સુપ્રત કર્યો.

સત્રાજિતના શોક તથા પશ્ચાતાપનો પાર ના રહ્યો. એને ભય પણ લાગવા માંડ્યો. એ બધામાંથી મુક્તિ મેળવવા એણે એની કન્યા સત્યભામા અને સ્યમંતક મણિ બંને કૃષ્ણને અર્પણ કર્યા. કૃષ્ણે સત્યભામાનો સ્વીકાર તો કરી લીધો પરંતુ મણિને લેવાની ના પાડીને જણાવ્યું કે મારે મણિ નથી જોઇતો. મણિ તમારી પાસે જ ભલે રહે. મારો અધિકાર તો એના ફળ અથવા સુવર્ણ પર રહેશે. તમે મને તે પહોંચાડતા રહેજો. એનો ઉપયોગ પ્રજાના કલ્યાણકાજે કરવામાં આવશે.

સ્યમંતક મણિની એ કથા પરથી ભગવાન કૃષ્ણની દૃષ્ટિની ઉદાત્તા ને વિશાળતાનો ખ્યાલ આવે છે. જે લોકો ઋક્ષરાજ જાંબવાનને રીંછ માને છે તેમને પણ આ કથા પુનર્વિચાર કરવાની તક પૂરી પાડે છે ને સૂચવે છે કે જાંબવાન મનુષ્ય હતો એટલે તો એની પુત્રી જાંબવતીનો ભગવાન કૃષ્ણે પોતાની પત્ની તરીકે સ્વીકાર કર્યો. રીંછ કન્યાની કે રીંછણીની સાથે લગ્ન કરવાનો કોઇ વિચાર પણ ના કરી શકે એ સહેજે સમજી શકાય તેવું છે.

સ્યમંતક મણિની અસાધારણ શક્તિનો વિચાર કરીને આપણને થાય છે કે આપણી કે દેશની પાસે એવો મણિ હોય તો સમાજની દીનતાદિને દૂર કરવા માટે એ કેટલો બધો ઉપયોગી થઇ શકે ? એવા મણિની પ્રાપ્તિ તો લગભગ અશક્ય જેવી છે પરંતુ આપણી પાસે એનાથી જરાય ઉતરતો નહિ પરંતુ ચઢિયાતો એવો માનવશરીરરૂપી સ્યમંતક મણિ છે જ. એના પ્રભાવથી ભગવાનની ભક્તિ, પારસ્પરિક પ્રીતિ, સામૂહિક સદ્દભાવના જગાવીએ ને સદ્દબુદ્ધિના સુવર્ણને મેળવીએ તો પણ ઘણું મહત્વનું મૂલ્યવાન કાર્ય કરી શકીએ. એ મણિ તો સૌની પાસે છે. ફક્ત એનો લાભ લેતાં આવડવું જોઇએ. તો વ્યક્તિ તેમજ સમષ્ટિની કાયાપલટ થઇ જાય.

* * *

સ્યમંતક મણિના એ પ્રસંગ પછી ભગવાન કૃષ્ણ લાક્ષાગૃહમાં પાંડવોના બળવાના સમાચાર સાંભળીને સર્વ કાંઇ જાણતા હોવા છતાં બલરામ સાથે હસ્તિનાપુર ગયા. એ અવસરનો લાભ ઉઠાવીને અક્રૂર તથા કૃતવર્માએ સત્રાજિતના નાશની યોજના ઘડી ને શતધન્વાને ઉશ્કેરીને એનો નાશ કરાવ્યો. ભગવાન કૃષ્ણે પાછા ફરીને શતધન્વાનો નાશ કર્યો. પરંતુ એની પાસેથી સ્યમંતક મણિ ના મળ્યો. એ મણિ તો અક્રૂર પાસે હતો. ભગવાન કૃષ્ણે અક્રૂરને બોલાવીને યુક્તિપ્રયુક્તિથી એની માહિતી મેળવી. અક્રૂરે એ મણિ પાછો

આપ્યો તો પણ કૃષ્ણે એ અક્રૂરને જ પ્રદાન કર્યો -અલબત્ત, એનું ફળ સામાજિક સમુન્નતિની સેવા સારુ સમર્પિત થાય એવી આજ્ઞા સાથે. એમની સામાજિકતાનો એના પરથી ખ્યાલ આવે છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૫] ભૌમાસુર

ભગવાન કૃષ્ણનું સમસ્ત જીવન સામાજિક સેવાનું સક્રિય જીવન છે. એ જીવન દ્વારા એમણે લોકહિતના અનેક અવનવીન કાર્યોનો આધાર લીધો છે. સમાજમાં એમને જ્યાં પણ દુઃખ દેખાયું, યંત્રણા દેખાઇ, અને અધર્મ, અન્યાય અને અત્યાચારનો અંત આણવાની આવશ્યકતા પ્રતીત થઇ ત્યાં ત્યાં સમાજના એક સાચા સેવાભાવી સ્વયંસેવક તરીકે પહોંચીને એમણે એમની સમયોચિત સેવા સમર્પિત કરી. એમણે એના બદલામાં કશુંયે ના ઇચ્છયું કે ના માગ્યું. એ રીતે વિચારતાં એમનું જીવન નિષ્કામ કર્મયોગના પૂર્ણતમ પ્રતીકરૂપ છે. બીજાને બંધનમુક્ત કરવામાં, શાંતિ આપવામાં ને બીજાનાં અશ્રુને લુછવામાં એમને અલૌકિક આનંદ આવતો, એ એમનો સ્વભાવ હતો, એવું ચોક્કસપણે લાગે છે. એ પવિત્ર પ્રેમના, અહેતુકી કરુણાના અને સ્વાર્થરહિત સેવાભાવનાના અવતાર હતા અને સમાજથી અલગ રહેવાને બદલે સમાજ સાથે ભળીને એકરૂપ બની ગયેલા એમાં શંકા નથી. એ એમની વિશેષતા હતી. એ વિશેષતા સૌના માટે પદાર્થપાઠરૂપ ને પ્રેરક છે.

* * *

ભૌમાસુરે વરુણનું છત્ર, અદિતિનાં કુંડલ અને મેરુપર્વત પર રહેનારા દેવતાઓનું મણિપર્વત નામે સ્થાન એ બધું પોતાના પરાક્રમથી પડાવી લીધેલું. એથી દુઃખી થઇને ઇન્દ્રે દ્વારકામાં આવીને ભગવાન કૃષ્ણની મદદ માગી તેથી કૃષ્ણ સત્યભામા સાથે ભૌમાસુરની રાજધાની પ્રાગ્જ્યોતિષપુરમાં પહોંચી ગયા.

પ્રાગ્જ્યોતિષપુરનો પ્રવેશ ધાર્યા જેટલો સહેલો ન હતો. એની આજુબાજુ પર્વતોની કુદરતી કિલ્લેબંધી હતી. એની અંદર શસ્ત્રોનો ભંડાર હતો. પછી પાણીથી ભરેલી ખાઇ, એ પછી અગ્નિ અથવા વિજળીની દુર્ભેદ્ય દાહક દિવાલ હતી અને એની અંદર ગેસ કે વાયુ રાખેલો. એની પાછળ મુર દૈત્યે શહેરની ચારે તરફ દસ હજાર ભયંકર જાળ બિછાવેલી. પરંતુ ભગવાન કૃષ્ણની શક્તિ આગળ એ બધી માયાનું શું ચાલે ? એમણે પોતાની ગદાથી પર્વતોને ભેદી નાખ્યા અને શરવર્ષા કરીને શસ્ત્રોને નિષ્ક્રિય કરી દીધાં. પછી ચક્રની મદદથી પવન, પાણી અને અગ્નિની દુર્ભેદ્ય દિવાલને તોડીને મુર દૈત્યની માયાજાળનો તલવારથી નાશ કર્યો. યંત્રોને શંખનાદથી નિરર્થક કરી નગરના દરવાજાને તોડી નાખ્યો.

શંખનાદ સાંભળીને મુર દૈત્ય જાગીને બહાર આવ્યો. એના પાંચ મસ્તક હતાં અને એ પાણીમાં સુતેલો. એ ત્રિશૂળ લઇને લડવા લાગ્યો પરંતુ કૃષ્ણે એને ત્રિશૂળરહિત કરીને એનાં મસ્તકને ચક્રની મદદથી કાપી નાખ્યાં. એ પછી ભૌમાસુરના સેનાપતિઓને પણ યમસદનમાં પહોંચાડ્યા એટલે હાથીઓની સેના લઇને ભૌમાસુર પોતે આવી પહોંચ્યો.

છેવટે ચક્રના પ્રહારથી કૃષ્ણે ભૌમાસુરના મસ્તકને કાપીને એના જીવન પર પડદો પાડી દીધો. પૃથ્વી એના અત્યાચારમાંથી મુક્તિ પામી.

ભૌમાસુરે એના રાજપ્રાસાદમાં સોળ હજાર જેટલી કુમારિકાઓને બળજબરીથી હરીને રાખેલી. એના પરથી એની દુર્બુદ્ધિનો અને એના ભયંકર અનાચારનો ખ્યાલ આવે છે. એનું જીવન સમાજને માટે કેટલું બધું આતંકરૂપ હતું તે સમજાય છે. એના રાજપ્રાસાદમાં પ્રવેશીને ભગવાન કૃષ્ણે એ કન્યાઓને મુક્તિ આપી.

કન્યાઓ એમને જોઇને અદમ્ય આકર્ષણને અનુભવતાં એમને જ વરવાની ઇચ્છા કરતાં ઊભી રહી. એમણે પોતાને ઘેર જવાની ના પાડી. કૃષ્ણે એમની ભાવનાનો તથા સુરક્ષાનો વિચાર કરીને એમને સુંદર વસ્ત્રાભૂષણો પહેરાવી પાલખીઓમાં બેસાડીને ખૂબ જ સન્માનપૂર્વક દ્વારકા તરફ વિદાય કરી. એમની સાથે અઢળક ધનસંપત્તિ, રથ તથા ઘોડા પણ મોકલી આપ્યા.

દ્વારકામાં પાછા ફરીને ભગવાન કૃષ્ણે ભૌમાસુરના રાજપ્રાસાદમાંથી મુક્ત કરાયલી સોળ હજાર જેટલી કુમારિકાઓને એમના અનુરાગપૂર્ણ આગ્રહને લક્ષમાં લઇને અપનાવી લીધી.

* * *

ભૌમાસુરની એ કથાને જરાક જુદી રીતે, આધ્યાત્મિક સંદર્ભમાં વિચારી જોઇએ. ભૌમાસુર મિથ્યા દેહાધ્યાસ અથવા અવિદ્યાયુક્ત અહંકાર છે. એ પ્રાગ્જ્યોતિષપુરનો-માનવશરીરનો સર્વસત્તાધીશ બની ગયો છે અને એની ઉપર એકછત્ર શાસન ચલાવે છે. શાસ્ત્રો તથા સત્પુરુષો કહે છે કે મનુષ્ય ચોવીસ કલાકમાં ચોવીસ હજાર છસો જેટલા શ્વાસ લે છે. એ સઘળા શ્વાસપ્રશ્વાસ અને મનની વૃત્તિઓ પર અહંકારે કાબુ કર્યો છે.

એ દેહાધ્યાસ અથવા અહંકારનું નિવાસસ્થાન બહારથી દેખાય નહિ એવું અથવા સૂક્ષ્મ છે. એની આજુબાજુ સ્થૂળ શરીરની મજબૂત કિલ્લેબંધી છે. એની અંદર જીવનશક્તિ સમાયેલી છે તથા મનોમય અને પ્રાણમય કોશની દુર્ભેદ્ય દિવાલ પથરાયેલી છે. એની પાછળ વિજ્ઞાનમય કોશરૂપી મુર દૈત્યે બુદ્ધિની મદદથી આનંદમય જાળ ફેલાવી છે. એ જાળને, દુર્ભેદ્ય દિવાલને, વિષયવતી વૃત્તિને તથા સ્થૂળ શરીરની આસક્તિની કઠોર કિલ્લેબંધીને કોણ તોડી શકે ? જીવનો એ દિશાનો પુરુષાર્થ કામ લાગે ખરો પરંતુ એ પુરુષાર્થ પૂરતો નહિ થાય. એ પુરુષાર્થને પરિપૂર્ણ અથવા સફળ કરવા એણે શિવનું શરણ લીધા સિવાય છૂટકો નથી. એની પ્રેમપૂર્ણ પ્રાર્થનાથી અને એના અનુરાગયુક્ત અદ્દભુત આત્મનિવેદનથી પ્રસન્ન થઇને ભગવાનની અસીમ શક્તિ એને મદદ કરવા તૈયાર થાય છે. એથી એનો માર્ગ સરળ બને છે. ભગવાનના અસાધારણ અનુગ્રહની આગળ સર્વ પ્રકારના અંતરાયો દૂર થાય છે, પાંચે કોશોનાં બંધન તૂટી જાય છે, ને અહંકાર અથવા દેહાધ્યાસરૂપી ભૌમાસુરનો અંત આવે છે. જીવનની ચેતના તથા વૃત્તિઓ પરનો એનો અંકુશ દૂર થાય છે. એ ચેતના તથા વૃત્તિઓ એના બંધનમાંથી મુક્તિ મેળવીને ભગવાનની થઇ જાય છે કે ભગવાનમાં મળી જાય છે. ભગવાનના અલૌકિક અનુગ્રહથી ઉદાત્તતા ધારણ કરીને ધન્ય થાય છે.

એ ભૌમાસુરનું સામ્રાજ્ય સંસારમાં સર્વત્ર પથરાયેલું છે અને એમાંથી મુક્તિ મેળવવા ભગવાનની શ્રદ્ધાભક્તિને કે શરણાગતિને સ્વીકાર્યા સિવાય છૂટકો નથી. ભગવાનનું સ્નેહપૂર્ણ સ્મરણ કરવામાં આવે તો માયા, દેહાધ્યાસ કે કાળ કશું જ ના કરી શકે. ભગવાનના શરણ તથા સ્નેહપૂર્ણ સ્મરણમાં એટલી બધી શક્તિ છે. એ શક્તિનો સ્વાદ તો જેને સાંપડ્યો હોય તે જ જાણી શકે છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૬] ઉષા અને અનિરુદ્ધનો મેળાપ

ઉષા અને અનિરુદ્ધના મેળાપની કથા ભાગવતના દસમા સ્કંધના ૬૨મા તથા ૬૩માં અધ્યાયોમાં કહેવામાં આવી છે. એ કથા અનેક રીતે આહ્લાદક તથા પ્રેરક છે.

ઉષા મહારાજા બલિના પુત્ર બાણાસુરની પુત્રી હતી. એને અનિરુદ્ધને પ્રત્યક્ષ રીતે જોયા વિના જ અનિરુદ્ધને માટે અનુરાગ થયેલો. એ અનુરાગના આવિર્ભાવ પાછળ અદ્દભુત ઇતિહાસ હતો. એ ઇતિહાસ પ્રમાણે એણે રાતે સ્વપ્નાવસ્થામાં અનિરુદ્ધના સમાગમનો અવર્ણનીય આનંદ અનુભવ્યો. એના દર્શન કે શ્રવણનો અવસર એના જીવનમાં એ પહેલાં કદાપિ નહોતો આવ્યો તો પણ એ સ્વપ્નાનુભવના અદ્દભુત આનંદથી એનું અંતર અત્યંત અનુરાગપૂર્ણ થઇને એના તરફ આકર્ષાયું. સ્વપ્ન પૂરૂં થયા પછી તો એ સ્વપ્નના એ પ્રેમવર્ષણ કરનારા યુવકને મેળવવા એકદમ અધીરી બની ગઇ. પરંતુ એને કેવી રીતે ને ક્યાં મળવું એ એને ના સમજાયું. કારણ કે એનાથી એ એકદમ અજ્ઞાત હતી.

એની એક પ્રાણપ્રિયા સખી હતીઃ મહારાજા બાણાસુરના મંત્રી કુંભાંડની કન્યા ચિત્રલેખા. એ એના નામ પ્રમાણે ચિત્રલેખનની કળામાં અતિશય કુશળ હતી. એનામાં એ કુદરતી બક્ષિસ હતી એમ કહીએ તો ચાલે. એણે ઉષાના હાવભાવ તથા વર્ણન પરથી સ્વપ્નામાં દેખાયેલા એ સુંદર યુવકની વાત જાણી લીધી. ઉષાએ એને જણાવ્યું કે એ યુવક સુંદરતાના સદન જેવો, શ્યામ શરીરનો ને કમળદલ જેવાં કમનીય નેત્રોવાળો હતો. એણે પીતાંબર પહેરેલું, એના હાથ લાંબા હતા, અને એની આકર્ષકતા અને આહ્લાદકતા અસીમ હતી. એના પુનર્મિલન માટે મારું મન તલસી રહ્યું છે. એનો સુખદ સમાગમ નહિ થાય ત્યાં સુધી મને શાંતિની પ્રાપ્તિ નહિ થઇ શકે.

ઉષાની અનુભવપૂર્ણ પ્રેમ વાત સાંભળીને અને પ્રેમની મીઠી પીડાને પેખીને ચિત્રલેખાને એને માટે ઊંડી સહાનુભૂતિ થઇ. એણે પોતાની સવિશેષ શક્તિનો સદુપયોગ કરીને બનતી બધી રીતે મદદ કરવાનું આશ્વાસન અને વચન આપ્યું.

એ પછી એણે પોતાની ચિત્રાલેખનની વિશિષ્ટ શક્તિથી જુદા જુદા પુરુષોનાં ચિત્રો તૈયાર કરવા માંડ્યા. એ ચિત્રોને તૈયાર કરવાનું પ્રમુખ પ્રયોજન એ હતું કે ઉષા એમનું અવલોકન કરીને પોતાના પ્રેમાસ્પદ પ્રિય યુવકને ઓળખી લે. એણે એની અનુપમ કળાશક્તિથી કેટલાય દેવો, સિદ્ધો, ગંધર્વો, ચારણો, પન્નગો, વિદ્યાધરો, દૈત્યો, યક્ષો અને મનુષ્યોના ચિત્રો તૈયાર કર્યા. વસુદેવના પિતા શૂરનું, વસુદેવનું, ભગવાન કૃષ્ણનું, બલરામનું ને કૃષ્ણપુત્ર પ્રદ્યુમ્નનું પણ ચિત્રાલેખન કરી બતાવ્યું. પરંતુ ઉષાએ એમાંથી કોઇ પણ પુરુષને પોતાના પ્રિય સ્વપ્નપુરુષ તરીકે ના ઓળખી બતાવ્યો ત્યારે અંતે એણે પ્રદ્યુમ્નના પુત્ર અનિરુદ્ધનું ચિત્ર દોરી બતાવ્યું. એ ચિત્રને જોતાંવેંત જ ઉષા પ્રસન્નતાપૂર્વક બોલી ઊઠી કે એ સ્વપ્નપુરુષ આજ હતો, આજ મારો પ્રિયતમ, પ્રાણવલ્લભ.

ચિત્રલેખાને એ સાંભળીને સંતોષ થયો. એની મહેનત આખરે ફળી, એની ચિત્રાલેખનની શક્તિ કેવી સર્વોત્તમ અને સચોટ હશે એની કલ્પના સહેલાઇથી કરી શકાય છે. એ કલ્પના આપણા અંતરમાં એને માટે અસાધારણ આદરભાવ જગાવે છે ને દર્શાવે છે કે પ્રાચીન ભારતમાં સ્ત્રીઓ પછાત નહોતી. વિદ્યાનાં બીજાં

બધાં ક્ષેત્રોની જેમ ચિત્રકળાના ક્ષેત્રમાં પણ એ આગળ વધેલી. કોઇની પાસેથી માત્ર ઉપલક વર્ણન સાંભળીને તે વ્યક્તિના આબેહુબ ચિત્રને અંકિત કરવાની ચિત્રલેખાની કળા જેવી કળા આજના સર્વોત્તમ કહેવાતા કળાકારો પણ કદાચ નહિ સાધી શક્યા હોય. એની કળા એવી અનોખી હતી.

અને એથી ય અધિક યોગ્ય એની સાધના હતી. એ ક્ષેત્રમાં પણ પોતાની અંગત અભિરુચીથી આગળ વધીને સિધ્ધિનાં સોનેરી શિખરોને સર કરીને એક મહાન યોગિની બનેલી. સ્ત્રીને માટે વિકાસનું એ ક્ષેત્ર પણ ખુલ્લું છે અને એમાં એ પુરુષની પેઠે જ અને ઇચ્છા હોય તો એનાથી પણ વધારે આગળ વધી શકે છે એવું એણે પોતાના જીવન પરથી પુરવાર કરેલું. પોતાની અસાધારણ યોગશક્તિથી અનિરુદ્ધ દ્વારકામાં છે એવી માહિતી મેળવીને એ આકાશગમનની સર્વોત્તમ યોગીઓને પણ સુદુર્લભ સિધ્ધિ દ્વારા રાત્રીના શાંત સમયે દ્વારકાપુરીમાં પહોંચી ને ત્યાં સુંદર પ્રાસાદમાં પર્યંક પર સુતેલા અનિરુદ્ધને ઉપાડીને યોગશક્તિ દ્વારા શોણિતપુરમાં ઉષાના મહેલમાં લઇ આવી. ઉષા એથી આનંદ પામી. પોતાના પ્રેમપાત્રને પેખીને એનું વદનકમળ પૂર્ણ ચંદ્રના દર્શનથી ખીલે તેમ ખીલી ઊઠ્યું. ચિત્રલેખાની શક્તિ જોઇને એ વિસ્મય પામી.

* * *

શોણિતપુર શોણિતથી ભરેલું શરીર છે. એમાં જીવાત્મા અથવા ચિતશક્તિ ઉષા છે. એની સખી સદ્દબુદ્ધિ અથવા ઋતંભરા પ્રજ્ઞા છે. અનિરુદ્ધ અલૌકિક આનંદ છે. ચિત્રલેખા ચિંતનમનન-નિદિધ્યાસન દ્વારા એને મેળવવામાં મદદ કરે છે. પરંતુ અહંકારરૂપી બાણાસુર એમના મધુમય મિલનને જોઇ નથી શક્તો. એનું કાયમ માટે કશું ચાલતું તો નથી તો પણ એ મિલનમાં ભંગ પાડવા અને એને કાયમી બનતું અટકાવવા એ બને તેટલા અંતરાયો ઊભા કરે છે અને એનો સામનો કરે છે.

* * *

ઉષા અનિરુદ્ધની સાથે રાજમહેલમાં મન મૂકીને વિહાર કરવા લાગી. એને એના જીવનનું સર્વ કાંઇ મળી ગયું. અનિરુદ્ધ પ્રત્યેનો એનો પ્રેમ દિનપ્રતિદિન વધવા લાગ્યો. અનિરુદ્ધ પણ એના સ્વર્ગસુખદ સંસર્ગમાં બીજું બધું જ ભૂલી ગયો અને એના પ્રેમથી પ્રભાવિત થઇને એને જ જીવનનું સર્વસ્વ સમજવા માંડ્યો.

ઉષાની પ્રસન્નતાનો પાર ના રહ્યો. અનિરુદ્ધના સુખદ સમાગમથી એના શરીરમાં ફેરફાર થયો. એના હાવભાવ અથવા વર્તન પરથી એના રાજભવનના સંરક્ષકોએ સમજી લીધું કે કોઇક પુરુષ સાથે એનો સંબંધ અવશ્ય થયો હોવો જોઇએ. એમણે બાણાસુરની આગળ એમની આશંકા પ્રકટ કરી. બાણાસુરને એ સાંભળી દુઃખ થયું. એણે ઉષાના ભવનમાં પ્રવેશીને એના અસાધારણ વિસ્મય વચ્ચે જોયું તો ત્યાં અનિરુદ્ધ બેઠેલો. ઉષાની આગળ બેસીને એ એની સાથે દ્યુત રમી રહેલો.

બાણાસુરને શસ્ત્રાસ્ત્રોથી સુસજ્જ આક્રમણકારી સૈનિકો સાથે આવેલો જોઇને સઘળી પરિસ્થિતિને પામી જઇને અનિરુદ્ધે લોઢાના ભયંકર પરિધ વડે એનો સામનો કરવાનો સંકલ્પ કર્યો. બાણાસુરના સૈનિકો એને પકડવાનો સશસ્ત્ર પ્રયાસ કરવા લાગ્યા પરંતુ એણે એમને મારવા માંડ્યા. એ દેખીને ક્રોધે ભરાયલા બાણાસુરે એને નાગપાશથી બાંધી દીધો. એને બંધાયેલો જોઇને ઉષા શોકિત તથા દુઃખી બનીને રડવા લાગી. એના જીવનમાં જાણે કે ઘોર અંધકાર ફળી વળ્યો.

* * *

આ બાજુ દ્વારકાના પ્રજાજનો અને અનિરુદ્ધના કુટુંબીઓ એના એકાએક અદૃશ્ય થવાથી ખૂબ જ ચિંતાતુર બની ગયા. ચોમાસાના ચાર મહિના પસાર થઇ ગયા તો પણ એના સમાચાર ના મળવાથી એમને શું કરવું તેની કશી સમજ ના પડી. એ દરમિયાન દેવર્ષિ નારદે આવીને અથથી ઇતિ સુધી સઘળા સમાચાર કહી સંભળાવ્યા. એ સાંભળીને યદુવંશીઓએ શોણિતપુર પર આક્રમણ કર્યું. કૃષ્ણ તથા બળરામે પણ એમાં ભાગ લીધો. વિરોધી સેનાઓ વચ્ચે ભયંકર યુદ્ધ ફાટી નીકળ્યું. એ યુદ્ધ મહાબલી બાણાસુરને માટે ખૂબ જ હાનિકારક સાબિત થયું. ભગવાન કૃષ્ણે ચક્રની મદદથી એની ભુજાઓને કાપવા માંડી ત્યારે એના પક્ષે લડતા ભગવાન શંકર કૃષ્ણની પાસે પહોંચીને પ્રેમપૂર્વક પ્રાર્થના કરવા લાગ્યા.

* * *

ભગવાન શંકરે બાણાસુર પર પ્રહ્લાદની પેઠે જ કૃપા કરવાની પ્રાર્થના કરી. ભગવાન કૃષ્ણે એ પ્રાર્થનાને માન્ય રાખીને બાણાસુરના નાશનો વિચાર પડતો મૂક્યો. એ પછી બાણાસુરે કૃષ્ણને પ્રણામ કર્યા અને અનિરુદ્ધને ઉષા સાથે રથમાં બેસાડીને એમની પાસે પહોંચાડી દીધો. કૃષ્ણે શંકરની સંમતિ મેળવીને વસ્ત્રાલંકારભૂષિત ઉષા તથા અનિરુદ્ધ સાથે દ્વારકા તરફ પ્રયાણ કર્યું. એ આખાય પ્રકરણનો એવી રીતે સુખદ અંત આવ્યો એથી દ્વારકાવાસીઓની પ્રસન્નતાનો પાર ના રહ્યો. ચિતશક્તિનું અને પરમાનંદનું સદાને સારુ શાશ્વત સંમિલન થયું.

દસમા સ્કંધના ઉત્તરાર્ધમાં બળરામની વ્રજયાત્રાને પણ વર્ણવવામાં આવી છે. વ્રજની પૂર્વપરિચિત પુણ્યભૂમિમાં પુનઃ પ્રવેશીને બળરામ, નંદ, યશોદા તથા ગોપગોપીઓને મળ્યા એ અવસર લાગતાવળગતા સૌ કોઇને માટે અતિશય આનંદદાયક હતો. ગોપીઓના કૃષ્ણપ્રેમને પેખીને એ ખૂબ જ પ્રસન્ન થયા. ગોપીઓ પણ કૃષ્ણના સઘળા સમાચાર સાંભળીને સંતોષ પામી.

☼ ☼ ☼ ☼ ☼

## [૭] પૌંડ્રક તથા કાશિરાજ

સંસારમાં એકલો સત્વગુણ નથી હોતો, રજોગુણ તથા તમોગુણ પણ જોવા મળે છે. દૈવી સંપત્તિની સાથે આસુરી સંપત્તિનું પણ આધિપત્ય છે. શુભ તેમજ અશુભ પ્રવાહોનું સંમિશ્રણ દેખાય છે. એક પ્રવાહ સમાજને માટે અમૂલખ આશીર્વાદરૂપ ઠરે છે તો બીજો અભિશાપરૂપ. સત્પુરુષો સમાજનું શ્રેય સાધવાના પ્રયત્નો કરે છે તો દુષ્ટો એમાં અંતરાયો ઊભા કરવાના, વિક્ષેપો નાખવાના, એમને નીંદવાના ને પજવવાના કે પીડા પહોંચાડવાના પુરુષાર્થો આદરે છે. સંસારમાં સુખ, શાંતિ, સ્થિરતા, સમુન્નતિ ને સંવાદિતાની સૃષ્ટિ એટલી જલદી નથી થતી એનું એક કારણ એ પણ છે.

ભગવાન કૃષ્ણના સમયમાં પણ એવા વિપરિત વૃત્તિવાળા પુરુષો કેટલાય હતા. એ એમનો અકારણ વિરોધ કરતા. પૌંડ્રક એમાંનો એક હતો. બળરામ વ્રજની યાત્રાએ ગયેલા ત્યારે એણે ભગવાન કૃષ્ણની પાસે દૂત મોકલ્યો. એ કરૂષ દેશનો રાજા હોવા છતાં કેટલો બધો દુર્બુદ્ધિવાન હતો એનું અનુમાન એણે દૂત દ્વારા મોકલેલા સંદેશ પરથી સહેલાઇથી કરી શકાય છે. દૂતે એના તરફથી કહ્યું કે રાજા પૌંડ્રકે જણાવ્યું છે કે એક માત્ર હું જ વાસુદેવ છું. મારા સિવાય બીજું કોઇ જ નથી. જીવો પર કૃપા કરવા માટે મેં જ અવતાર ધારણ કર્યો છે. તમે ખોટી રીતે જે વાસુદેવના નામને ધારણ કર્યું છે તેનો ત્યાગ કરી દો. યદુવંશી ! તમે મારા ચિહ્નોને મૂર્ખતાને લીધે ધારણ કર્યા છે એમને છોડી દઇને મારા શરણમાં આવી જાવ અને મારી વાતને સ્વીકારવાની ના હોય તો મારી સાથે યુદ્ધ કરવાની તૈયારી કરો.

પૌંડ્રકે દૂત દ્વારા મોકલેલો એ સંદેશ સાંભળીને સભાસદો હસવા લાગ્યા. ભગવાન કૃષ્ણે દૂતને જણાવ્યું કે પૌંડ્રકને કહેજે કે મૂઢ ! હું મારાં ચક્રાદિ ચિહ્નોને એમનેમ નહિ છોડું. એમને તો તારા પર અને તારા સાથીઓ પર છોડીશ. તું મારો શરણદાતા બનવાને બદલે મૃત્યુને શરણે પહોંચી જઇશ. તારો કાળ હવે પાસે આવ્યો છે.

દૂતે એ સંદેશ પૌંડ્રકને સંભળાવ્યો. એ સંદેશને સાંભળ્યા છતાં પૌંડ્રકની બુદ્ધિમાં કશો ફેર ના પડ્યો. એનો દ્વેષ જરા પણ ના મટ્યો.

ભગવાન કૃષ્ણે રથ પર વિરાજીને કાશી પર ચઢાઇ કરી. એ દિવસોમાં પૌંડ્રક એના મિત્ર કાશીરાજને ત્યાં રહેતો હતો. ભગવાન કૃષ્ણનો સફળતાપૂર્વક સામનો કરવા માટે એ કાશીરાજની સાથે સેના લઇને બહાર નીકળ્યો. કૃષ્ણની સાથે વિદ્વેષપૂર્ણ વ્યવહાર કરવામાં એને કાશીરાજનો પૂરેપૂરો ટેકો હતો.

પૌંડ્રકે ભગવાન કૃષ્ણ જેવું જ સ્વરૂપ ધારણ કરેલું. એની પાસે પણ શંખ, ચક્ર, ગદા, તલવાર, ધનુષ્ય તથા શસ્ત્રો હતા. એણે શ્રીવત્સચિહ્ન ધારણ કરેલું, રેશમી પીળાં વસ્ત્રો પહેરેલાં ને માથા પર મુગટ રાખેલો. એના કંઠમાં કૌસ્તુભમણિ તથા વનમાળા ને કાનમાં મકરાકૃત કુંડળ હતાં. એણે એ કુત્રિમ વેશ ભગવાનની બરાબરી કરવા માટે ધારણ કરેલો. પરંતુ કાગડો કાળો હોવાથી કોયલની ને બગલો સફેદ હોવાથી હંસની બરાબરી કરી શકે છે ? દુર્જન સજ્જનના સરખો પોશાક પહેરે એટલે કાંઇ સજ્જન નથી બની જતો. એની વૃત્તિ, પ્રવૃત્તિ તથા પ્રકૃત્તિ જ્યાં સુધી સજ્જનના જેવી ના બને ત્યાં સુધી એને સજ્જન કેવી રીતે કહી શકાય અને બહારના દેખાવને જોઇને જ અચંબામાં કે ભ્રાંતિમાં શી રીતે પડાય ?

પૌંડ્રક તથા કાશીરાજની ને ભગવાન કૃષ્ણની સેના વચ્ચે ભીષણ યુદ્ધ ફાટી નીકળ્યું. કૃષ્ણે કોઇ પણ પ્રકારના વિશેષ પરિશ્રમ વગર રમતાં રમતાં પૌંડ્રકનું મસ્તક ચક્રની મદદથી કાપી લીધું ને બાણના પ્રહારથી કાશીનરેશના મસ્તકને પણ છેદી નાખ્યું.

અધર્મ અને અધર્મ કરનાર કદી અમર રહી શકે છે ? ના. એમની દશા પૌંડ્રક તથા કાશીરાજ જેવી જ દયનીય બની જાય છે. એમાંય જે ભગવાનની સાથે વિરોધ કરે છે એનું જીવન દુઃખી અને બેચેન બને છે. એની અશાંતિનો પાર નથી રહેતો. પૌંડ્રકનો પ્રસંગ એ મહામૂલ્યવાન પ્રેરણા પૂરી પાડે છે.

* * *

દ્વારકામાં પોતાની સ્ત્રીઓ સાથે રહીને ભગવાન કૃષ્ણ સમાજની આગળ ગૃહસ્થાશ્રમના મહિમાને રજૂ કરવા આદર્શ ગૃહસ્થાશ્રમી તરીકેનું જીવન વીતાવી રહેલા. દેવર્ષિ નારદે એમને એક જ સમયે એમની પ્રત્યેક પત્નીની પાસે લીલા કરતાં જોઇને એમના અનંત યૌગેશ્વર્યની કલ્પના કરીને એમની સ્તુતિ કરી. જીવનના ત્રણ મહત્વના પુરુષાર્થોમાં-ધર્મ, અર્થ અને કામમાં એમની શ્રદ્ધા હોવાથી એમણે પોતે એમને પૂરેપૂરો ન્યાય આપ્યો અને બીજાને માટે ઉત્તમ ને સફળ જીવનનો પદાર્થપાઠ રજૂ કર્યો એ હકીકત કાંઇ નાનીસૂની ન હતી. દેવર્ષિ નારદ એ દેખીને આનંદ પામ્યા. એમનો એમને માટેનો આદરભાવ વધી ગયો.



☼ ☼ ☼ ☼ ☼

## [૮] ભગવાન કૃષ્ણની નિત્યચર્યા

સામાન્ય માનવને ભગવાન કૃષ્ણની નિત્યચર્યાને જાણવાનું મન જરૂર થાય. એવા લોકોત્તર અવતારી મહાપુરુષ કેવી જાતનું દૈનિક જીવન જીવતા હશે, એમની પ્રવૃત્તિ કે સાધના કેવી હશે, અને એ દિનચર્યા, પ્રવૃત્તિ કે સાધના નિયમિત તેમ જ વ્યવસ્થિત હશે કે અનિયમિત અને અવ્યવસ્થિત એવી જિજ્ઞાસા સાધારણ રીતે જાગે એ સ્વાભાવિક છે. એ જિજ્ઞાસાનો જવાબ દસમા સ્કંધના સિત્તેરમા અધ્યાયમાં આપવામાં આવ્યો છે. એમાંથી ઘણું ઘણું જાણવાનું મળી શકે તેમ છે.

ભગવાન કૃષ્ણને કોઇ દિનચર્યાની આવશ્યકતા ખરી ? એ પોતે પૂર્ણ, મુક્ત ને પ્રશાંત હતા. એટલે એમની પૂર્ણતા, પ્રશાંતિ કે મુક્તિ માટે એમને કશું યે કરવાની આવશ્યકતા ન હતી. કોઇયે સાધનાનો અભ્યાસક્રમ એમને માટે અનિવાર્ય ન હતો. છતાં પણ એમણે મનુષ્યશરીર ધારણ કરેલું અથવા એમનું આ પાર્થિવ પૃથ્વી પર અવતરણ થયેલું એટલે એમણે દિનચર્યાનો આશ્રય લીધા સિવાય છૂટકો ન હતો. એ દિનચર્યા, પ્રવૃત્તિ કે સાધના બીજાને જીવનોપયોગી પ્રેરણા પાવા ને બીજાનું કલ્યાણ કરવા માટે હતી. મહાપુરુષોની જીવનચર્યા એવી આદર્શ ને સહજ હોય છે કે બીજા એમાંથી પ્રેરણા મેળવે છે. વર્ણન રસિક છે. એ વર્ણન અથવા વિવરણ પ્રમાણે ભગવાન કૃષ્ણ પ્રતિદિન બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી જતા. ઊઠીને તરત જ પોતાના માયાતીત આત્મસ્વરૂપનું ધ્યાન કરતા. એ તો આપ્તકામ ને પૂર્ણ હતા. એમને બીજા કોનું ધ્યાન ધરવાનું હોય ? ધ્યાનમાંથી નિવૃત્ત થયા પછી સ્નાનાદિ કરતા. એ પછી સંધ્યા-વંદનાદિ નિત્યકર્મ કરીને હવન તેમજ ગાયત્રીજપનો આશ્રય લેતા. પછી સૂર્યોપાસના તથા દેવતા, ઋષિ અને પિતૃનું તર્પણ કરતા. એ પછી વૃદ્ધો, વડીલો ને બ્રાહ્મણોને પગે લાગતા એ વખતે સુંદર વસ્ત્રો, મોતીની માળા, સોને મઢેલાં શીંગડા ને ચાંદીથી જડેલી ખરીવાળી દૂઝણી ગાયોનું દાન દેતા. ભાગવત તો કહે છે કે એ રોજ ૧૩૦૮૪ ગાયોનું દાન દેતા. એ પછી સરસ વસ્ત્રાભૂષણો પહેરીને દેવીની પ્રતિમાઓનો દર્શન લાભ લેતા.

દ્વારકાની રાજસભાનું નામ સુધર્માસભા હતું. એ નામ કેટલું બધું સુયોગ્ય, સાર્થક તથા વ્યંજનાથી ભરપુર છે. આપણે ત્યાં ધારાસભા, રાજ્યસભા, પાર્લામેન્ટ જેવાં નામો છે ખરાં પરંતુ એમાંથી સુધર્માસભામાંથી નીકળે છે તેવો ધ્વનિ નથી નીકળતો. સુધર્માસભા નામ ખૂબ જ સુંદર છે. એ સૂચવે છે કે એ સભા ધર્મની મર્યાદામાં રહીને ચાલનારી, ધર્મના મર્મને જાણનારી, સુયોગ્ય વ્યક્તિઓની સભા છે. એમાં સંમિલિત થનારા કે સાથ આપનારા સદસ્યો ધર્મપરાયણ તથા નીતિમાન છે અને અધર્મયુક્ત વ્યવહાર નથી કરી શકે તેમ. ભગવાન કૃષ્ણ સુધર્માસભામાં પ્રવેશતા ત્યારે એની શોભામાં અનેકગણી અભિવૃદ્ધિ થતી. એમને લીધે એનો મહિમા વધી જતો.

એક દિવસ એ સભામાં એક પરિચિત પુરુષ આવી પહોંચ્યો. એણે ભગવાન કૃષ્ણને પ્રેમપૂર્વક પ્રણામ કરીને મગધરાજ જરાસંઘે કેદ કરેલા દુઃખી અને અસહાય રાજાઓનો સંદેશો સંભળાવ્યો. એ રાજાઓની સંખ્યા વીસ હજારની હતી. એના પરથી સમજાય છે કે જરાસંઘ કેટલો બધો અહંકારી, અધર્મી, અત્યાચારી અને ઉદ્દંડ હતો. એનું બળ બીજાને મદદરૂપ થવાને બદલે બીજાને દબાવવા, હેરાન કરવા કે ગુલામ

બનાવવા માટે વપરાતું અને આશીર્વાદરૂપ બનવાને બદલે અભિશાપરૂપ થઇ પડતું. એ કોઇને શાંતિ ના આપી શકતું પરંતુ સર્વત્ર અશાંતિ પેદા કરતું.

એ આસુરી બળથી દુઃખી થયેલા ને જરાસંધના કારાવાસમાં કેદ બનેલા રાજાઓએ પોતાની મુક્તિ માટે ભગવાન કૃષ્ણની મદદ માગેલી. એ મદદની માગણી સાથે કૃષ્ણને ભગવાન જાણીને પૂજ્યભાવે પ્રાર્થના પણ કરેલી.

દૂતનો સંદેશો સાંભળીને ભગવાન કૃષ્ણને એ રાજાઓને માટે ઊંડી સહાનુભૂતિ થઇ. એમણે એ દુઃખી શરણાગત રાજાઓને દુઃખમુક્ત કરવાનો સંકલ્પ કર્યો. એ સંકલ્પ એમના જીવનના આદર્શને અનુરૂપ હતો. એ પ્રયોજનની પૂર્તિ માટે જ એ એમના જીવનનાં નાનાં મોટાં સઘળાં કાર્યો કરી રહેલા.

એ જ વખતે દેવર્ષિ નારદ પણ ત્યાં આવી પહોંચ્યા. એમણે ભગવાન કૃષ્ણની સ્તુતિ કરીને યુધિષ્ઠિર દ્વારા થનારા રાજસૂય યજ્ઞના સમાચાર પૂરા પાડ્યા. એ યજ્ઞમાં પધારીને યુધિષ્ઠિરને, પાંડવોને તથા ત્યાં એકઠા થનારા બીજા પુરુષોને કૃતાર્થ કરવાની પ્રાર્થના કરી. એ પ્રાર્થનાનો એમણે સઘળા સભાસદોની ને હિતૈષીઓની સંમતિથી સ્વીકાર કર્યો.

☼ ☼ ☼ ☼ ☼



## [૯] રાજસૂય યજ્ઞમાં

જરાસંધના કેદી રાજાઓના દૂતને એમની મુક્તિ માટે શક્ય તેટલું સઘળું કરી છૂટવાની ખાતરી આપી વિદાય કરીને ભગવાન કૃષ્ણ પોતાના વિશાળ પરિવાર તથા સેના સાથે યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં ભાગ લેવા માટે જુદા જુદા દેશોમાંથી પસાર થતા છેવટે ઇન્દ્રપ્રસ્થમાં આવી પહોંચ્યા ત્યારે યુધિષ્ઠિરે અને અન્ય સૌએ હરખઘેલા બનીને એમનું અસાધારણ સ્વાગત કર્યું.

યુધિષ્ઠિરાદિ પાંડવોના, કુંતી, દ્રૌપદી, સુભદ્રા જેવી સ્ત્રીઓના અને અન્ય પ્રેમી પ્રજાજનોના પ્રેમાગ્રહને માન આપીને ભગવાન કૃષ્ણે એ આનંદદાયક ઉત્તમ અવસર પર ઇન્દ્રપ્રસ્થમાં થોડાક મહિનાઓ સુધી વાસ કર્યો અને એ દરમિયાન કેટલીય લીલાઓ કરી. યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞ દ્વારા એમની અને અન્ય દેવતાઓની પૂજા કરવાનો પ્રસ્તાવ રજુ કર્યો ત્યારે એમણે એને કોઇ પણ પ્રકારના સંકોચ સિવાય સત્વર સ્વીકારી લીધો અને બનતી બધી જ મદદ કરવાની ખાતરી આપી. એથી પાંડવોની પ્રસન્નતાનો પાર ના રહ્યો. એમની હિંમત વધી ગઇ.

રાજસૂય યજ્ઞના અનુષ્ઠાન પહેલાં દિગ્વિજય કરવાનું આવશ્યક મનાતું હોવાથી યુધિષ્ઠિરે પોતાના ભાઇઓનો એને માટે આદેશ આપ્યો. એને અનુસરીને સહદેવ દક્ષિણ દિશામાં, નકુલ પશ્ચિમમાં, અર્જુન ઉત્તરમાં અને ભીમ પૂર્વ દિશામાં દિગ્વિજય કરવા માટે ચાલી નીકળ્યા. એમની સાથે વિશાળ, શક્તિશાળી સેના પણ વિદાય થઇ. એમણે ચારે તરફથી જુદા જુદા રાજાઓને જીતીને અઢળક ધન પ્રાપ્ત કરીને યુધિષ્ઠિરને અર્પણ કર્યું. એ દિગ્વિજયમાં કેવળ જરાસંધ બાકી રહ્યો. એના પર વિજય ના સાંપડી શકે ત્યાં સુધી દિગ્વિજયની પરિપૂર્ણતા ના થઇ શકે અને રાજસૂય યજ્ઞ પણ ના આરંભી શકાય.

યુધિષ્ઠિરની એ ચિંતાને સમજી જઇને એને દૂર કરવા માટે ભગવાન કૃષ્ણે ઉધ્ધવને પહેલાં કહી બતાવેલો ઉપાય બતાવ્યો. એ ઉપાય યુધિષ્ઠિરને પસંદ પડ્યો. એને અનુસરીને ભગવાન કૃષ્ણ, અર્જુન અને ભીમ બ્રાહ્મણનો વેશ ધારણ કરીને ગિરિવ્રજ ગયા. ગિરિવ્રજમાં જરાસંધની રાજધાની હતી. એમણે અતિથિ સત્કારમાં અગ્રગણ્ય ગણાતા જરાસંધની પ્રશસ્તિ કરી, અતિથિસત્કારનો મહિમા સમજાવી, ઇચ્છાનુસાર પદાર્થ આપવા જણાવ્યું.

જરાસંધને થયું તો ખરું કે આ ત્રણેને ક્યાંક જોયા છે અને ત્રણે બ્રાહ્મણના વેશમાં ક્ષત્રિય લાગે છે. છતાં પણ માગીમાગીને એ બીજું શું માગવાના છે એવું વિચારીને એ એમની યોજનાને કલ્પ્યા વિના એમને એમની ઇચ્છાનુસાર દાન આપવા તૈયાર થયો. એણે એમને જે ઇચ્છા હોય તે માગવા કહ્યું ને જણાવ્યું કે તમે માગશો તો તમને બીજું બધું તો ઠીક પણ મારું મસ્તક પણ આપી શકીશ. ત્યારે ભગવાન કૃષ્ણે પોતાની, ભીમની અને અર્જુનની ઓળખાણ આપીને દ્વંદ્વયુદ્ધની માગણી કરી.

એમની ડરપોક માગણીને સ્વીકારીને જરાસંધે જણાવ્યું કે કૃષ્ણ, તું તો ખૂબ જ ડરપોક છે. યુદ્ધ વખતે મારા ભયથી મથુરાનગરીને છોડીને તું નાસી ગયેલો અને સમુદ્રતટે વાસ કરે છે. તારી સાથે લડવાનું બરાબર નથી. અર્જુન પણ યુદ્ધકળામાં કુશળ કે બળવાન નથી. એની સાથે પણ નહિ લડું. ભીમ મારા જેવો બળવાન ને બરાબરિયો હોવાથી એની સાથે જ લડી શકીશ.

જરાસંઘે ભીમને ગદા આપીને પોતે બીજી ગદા લઇને દ્વંદ્વયુદ્ધ માટે તૈયારી કરી. બંને એકમેકની સાથે ભારે બહાદુરીપૂર્વક લડવા લાગ્યા. એવી રીતે લડતાં લડતાં સત્તાવીસ દિવસ થઇ ગયા તો પણ કોઇનો પરાજય ના થયો ત્યારે અઠ્ઠાવીસમાં દિવસે ભીમે ભગવાન કૃષ્ણને જણાવ્યું કે યુદ્ધમાં જરાસંઘને જીતવાનું કાર્ય કઠિન છે. ભગવાન કૃષ્ણને જરાસંઘના જન્મમરણના રહસ્યની ને જરા નામની રાક્ષસીએ એના શરીરના બે ખંડને જોડીને એને જીવનદાન આપ્યાની માહિતી હોવાથી, ભીમમાં શક્તિસંચાર કરીને એક વૃક્ષની ડાળીને વચ્ચેથી ચીરીને એને એમ કરવાનો સંકેત કર્યો. એ સંકેતને સમજી જઇને એનું અનુસરણ કરતાં એણે જરાસંઘના એક પગને પગની નીચે દબાવીને બીજા પગને પકડીને એના શરીરને સત્વર ચીરી નાખ્યું. જરાસંઘનો નાશ થવાથી સૌ વિસ્મય પામ્યા. કૃષ્ણે અને અર્જુને ભીમને એના એ અદ્દભુત શકવર્તી વિજયને માટે અંતઃકરણપૂર્વક અભિનંદન આપ્યાં. ભગવાન કૃષ્ણની પરમકૃપાથી જ એ વિજય સાંપડી શકેલો તેની ભીમને ખબર હોવાથી તેને કશો અહંકાર ના થયો. એ વિજય વાસ્તવિક રીતે કૃષ્ણનો જ વિજય હતો,

જરાસંઘના નાશ પછી ભગવાન કૃષ્ણે એની ગાદી પર એના સુપુત્ર સહદેવને બેસાડ્યો અને જરાસંઘે કેદ કરેલા રાજાઓને કારાવાસમાંથી મુક્તિ આપી.

કારાવાસમાંથી મુક્તિ મેળવી ચુકેલા વીસ હજાર રાજાઓને નવજીવનની પ્રાપ્તિ થઇ. એ ખૂબ જ દુઃખી હતા અને ચેતનહીન બની ગયેલા. એમને દિવસોથી પૂરેપૂરું ભોજન નહોતું મળ્યું અને અપમાનિત દશામાં જીવવું પડેલું. એમની મુખાકૃતિ સૂકાઇ ગયેલી. ભગવાન કૃષ્ણનો પરિચય પામી ને એમના દર્શનથી એ કૃતાર્થ બન્યા. એમની પ્રસન્નતાનો પાર ના રહ્યો. એમનું સઘળું દુઃખ શાંત થયું.

કારાવાસનું જીવન એ રાજાઓને માટે છૂપા, મહામૂલા, અમોઘ આશીર્વાદરૂપ થઇ પડેલું. એ જીવન દરમિયાન એમની બુદ્ધિ વધારે ને વધારે નિર્મળ બનેલી અને એમને પરમાત્મપરાયણ થવાની તક મળેલી. પ્રતિકૂળતા, પીડા ને કષ્ટ કોઇવાર માનવના મિથ્યાભિમાન, મમત્વ ને મનોમાલિન્યનો અંત આણીને એને કંચન જેવો વિશુદ્ધ તથા કાંતિમય કરી દે છે, એ સાચું છે.

ભગવાન કૃષ્ણે પ્રસન્ન થઇને એમને આશીર્વાદ આપ્યા. એ પછી જરાસંઘના પુત્ર સહદેવ દ્વારા એમનું સન્માન કરાવ્યું, એમને સ્નાન, પાન ને ભોજનથી સંતુષ્ટ કરીને વસ્ત્રો અને આભૂષણો પ્રદાન કર્યા, અને સરસ મણિભૂષિત સ્વર્ણરથમાં બેસાડીને એમનાં પહેલાંના પ્રદેશોમાં રવાના કર્યા. ભગવાન કૃષ્ણ પણ પછી અર્જુન તથા ભીમ સાથે ઇન્દ્રપ્રસ્થમાં આવી પહોંચ્યા. એમણે સેવેલું સ્વપ્ન સાચું પડ્યું. સમુદ્ર પર્યંતના સઘળા રાજાઓને યુધિષ્ઠિરની આણ નીચે લાવીને એમણે અખિલ રાષ્ટ્રને અખંડ અથવા એક કર્યું. '**આસમુદ્રપર્યંત એકરાષ્ટ્ર**' ની, સમુદ્ર સુધી સર્વત્ર એક જ સર્વોપરી સર્વનિયંતા શાસકની વૈદિક ભાવનાને ચરિતાર્થ કરીને ભારતને સુદૃઢ, સમૃદ્ધ ને સુખી કરવાનો રસ્તો ખુલ્લો કર્યો.

ભગવાન કૃષ્ણના આદેશથી યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞની તૈયારી કરી. એ યજ્ઞમાં પ્રાચીનકાળના વરુણદેવના યજ્ઞની પેઠે સઘળાં યજ્ઞપાત્રો સોનાનાં હતાં. એમાં બ્રહ્મા, શંકર તથા ઇન્દ્ર જેવા દેવતાઓ પણ પધારેલા.

યાજકોએ યુધિષ્ઠિર પાસે વિધિપૂર્વક રાજસૂય યજ્ઞ કરાવ્યો તે પછી સભાસદો વિચારવા લાગ્યા કે સૌથી પ્રથમ પૂજા અથવા અગ્રપૂજા કોની કરવી. એ સમયના સર્વગુણસંપન્ન સર્વોત્તમ મહાપુરુષની પૂજા જ

સૌથી પહેલાં કરવાની હોય. જરાસંધનો કૃષ્ણે નાશ કરાવેલો તો પણ એનો સુપુત્ર સહદેવ એમનો વિરોધી નહોતો થયો એ એમનો મહાન વિજય હતો. એ વિજયના અનુસંધાનમાં એણે ભગવાન કૃષ્ણની અગ્રપૂજાનો પ્રસ્તાવ મૂક્યો. સૌએ એનું પરમ ઉલ્લાસપૂર્વક સમર્થન કર્યું. એ જોઇને યુધિષ્ઠિરે ભગવાન કૃષ્ણની પૂજા કરી. એમના ચરણ પ્રક્ષાલન પછી એમને રેશમી વસ્ત્રો અને આભૂષણો આપ્યાં. સભાજનોએ એમનો જયજયકાર કર્યો પરંતુ એમને એનું લેશ પણ અભિમાન ન હતું. એ તો નમ્રતાની ને સરળતાની મૂર્તિ જેવા જ દેખાતા. મહાપુરુષોને પોતાના સન્માનની ઇચ્છા નથી હોતી. એમનું સન્માન કરીને પ્રજા પોતાની ગુણદર્શીતાને દર્શાવતી હોય છે. ભગવાન કૃષ્ણે કરેલી સેવા કાંઇ સન્માન, પુરસ્કાર કે અગ્રપૂજાને માટે ન હતી. એને એવી સ્થૂળ રીતે મૂલવી પણ ના શકાય. આ તો એમની પ્રત્યેના પવિત્ર પ્રબળ પ્રજાપ્રેમનો પડઘો હતો. એ પડઘો સૌને માટે અતિશય આદરણીય અને આનંદદાયક થઇ પડ્યો. આકાશમાંથી એ વખતે પુષ્પવર્ષા થવા લાગી.

પરંતુ શિશુપાલથી એ બધું સહન ના થયું. રુક્મિણીની ઘટનાને એ હજુ નહોતો ભૂલી શક્યો અને બીજા કેટલાક ઘા પણ એના અંતરમાં હજુ તાજા હતા. એ અત્યંત ઉત્તેજીત બનીને સારાસારનું ભાન ભૂલીને જેમ ફાવે તેમ બોલવા લાગ્યો. ભગવાન તો એ સઘળું સાંભળવા છતાં શાંત રહ્યા પરંતુ સભાસદો એમની નિંદાને ના સાંભળી શક્યા. નિંદા કરવી એ તો અપરાધ કે પાપ છે જ પરંતુ એને સાંભળવી અને એનું સમર્થન કરવું એ પણ પાપ અથવા અપરાધ છે. નિંદાથી અને નિંદકથી દૂર રહેવું જ સારું છે.

સભામંડપમાં બેઠેલા રાજાઓ શિશુપાલનો નાશ કરવા શસ્ત્રો સાથે તૈયાર થયા. શિશુપાલ પણ એમને ઢાલ તલવાર લઇને લલકારવા લાગ્યો. એમને લડતા-ઝગડતાં જોઇને કૃષ્ણે ઊભા થઇને પોતાના પક્ષના રાજાઓને શાંત કર્યા અને પોતાને મારવા આવતા શિશુપાલના શીશને ચક્રની મદદથી કાપી નાખ્યું.

સભામંડપમાં કોલાહલ મચી ગયો. શિશુપાલનો નાશ થયો એટલે એના પક્ષના બીજા રાજાઓ પણ ભયભીત બનીને પોતાના પ્રાણને બચાવવા માટે ચાલી નીકળ્યા.

ધર્મરાજ યુધિષ્ઠિરે એ પછી સદસ્યોને તથા યજ્ઞના આચાર્યોને દક્ષિણા આપી અને સૌનો સુયોગ્ય સત્કાર કરીને વિધિપૂર્વક યજ્ઞાન્તસ્નાન કર્યું. ભગવાન કૃષ્ણની એ જમાનાના સર્વશ્રેષ્ઠ મહાપુરુષ તરીકે અગ્રપૂજા કરવામાં આવી તો પણ એમને કોઇ પ્રકારનું અભિમાન ન હતું. એ તો નમ્રતાપૂર્વક એ યજ્ઞમાં આવનારા પુરુષોનું સ્વાગત કરતા અને યજ્ઞમંડપને સ્વચ્છ રાખવાનું ધ્યાન રાખતા.

યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં દુર્યોધન કોષાધ્યક્ષ તરીકે કામ કરતો. પાંડવોની સમૃદ્ધિ, તથા સંપત્તિને જોઇને એને ઇર્ષ્યા થવા લાગી. બીજાની સંપત્તિ, સમૃદ્ધિ તથા સમુન્નતિને જોઇને જે પ્રસન્ન થાય છે તે ઉત્તમ પુરુષ છે ને જે જલે છે તે અધમ પુરુષ છે.

એકવાર દુર્યોધન મયદાનવે બનાવેલી યુધિષ્ઠિરની સભામાં દુઃશાસનાદિ બંધુઓ સાથે આવી પહોંચ્યો. એના મસ્તક પર મુકુટ, હાથમાં તલવાર અને ગળામાં માળા હતી. એ સભામાં મયદાનવે એવી કુશળ કારીગરી કરેલી કે ભલભલા માનવો પણ એથી મોહિત થઇને ભાન ભૂલી જાય. દુર્યોધન પણ એથી મોહિત થઇ ગયો. એક સ્થળેથી પસાર થતાં એણે સ્થળને જળ સમજીને પોતાના વસ્ત્રોને સંકેલી લીધાં અને બીજે સ્થળે જળ હોવા છતાં સ્થળની ભ્રાંતિ થવાથી એ એમાં પડી ગયો. એને એવી રીતે પડતો જોઇને ભીમે, બીજા રાજાઓએ અને રાણીઓએ હસવા માંડ્યું. એથી દુર્યોધન શરમાયો ને ક્રોધે ભરાયો. એ મોંને નીચું

કરીને હસ્તિનાપુર તરફ ચાલી નીકળ્યો. એ ઘટનાથી યુધિષ્ઠિરનું મન ખિન્ન બની ગયું. દુર્યોધનનો દ્વેષભાવ એ ઘટના પછી વધવા માંડ્યો.

એ પછી કેટલાય દિવસે બલરામે સાંભળ્યું કે કૌરવો તથા પાંડવોની વચ્ચેનું વૈમનસ્ય વધી જવાથી એમની વચ્ચે ભયંકર યુદ્ધ થવાનો સમય સંનિકટ આવી પહોંચ્યો છે. એમને કોઇના પક્ષમાં રહીને લડવાનું પસંદ ના હોવાથી એ તીર્થયાત્રા માટે દ્વારકાથી નીકળી પડ્યા ને જુદાં જુદાં પવિત્ર સ્થાનોમાં વિચરવા લાગ્યા.

જે દિવસે ભીમ અને દુર્યોધન કુરુક્ષેત્રના યુદ્ધમેદાનમાં ગદાયુદ્ધ કરી રહેલા તે દિવસે બલરામે ત્યાં પહોંચીને એમને રોકવાનો પ્રામાણિક પ્રયાસ કરી જોયો પરંતુ એ પ્રયાસ વ્યર્થ ગયો એટલે એ પાછા યાત્રાએ નીકળી પડ્યા.

☼ ☼ ☼ ☼ ☼

## [૧૦] કૃષ્ણ અને સુદામા

કૃષ્ણ અને સુદામાની કથા ભાગવતના દસમા સ્કંધના ૮૦ તથા ૮૧મા અધ્યાયોમાં કહેવામાં આવી છે. એ કથા સુપ્રસિધ્ધ અને લોકપ્રિય છે.

એની સાથે સંકળાયેલો ઇતિહાસ તો આનંદદાયક છે જ પરંતુ એની પાછળનું તત્વજ્ઞાન પણ એટલું જ આનંદકારક અને આવકારદાયક છે. એનો વિચાર કરવાથી અવનવી પ્રેરણાની પ્રાપ્તિ થાય છે. કૃષ્ણ અને સુદામા બંને ઉજ્જયિની નગરીમાં આવેલા સાંદીપનિ મુનિના ક્ષિપ્રાતટવર્તી ગુરુકુળમાં સહાધ્યાયી હતા. એમની વચ્ચે અતૂટ મિત્રતા હતી. કાળક્રમે, કર્મ સંસ્કારાનુસાર બંને ગુરુકુળમાંથી પાછા ફરીને બીજી પ્રવૃત્તિમાં પડ્યા. કૃષ્ણ સમૃદ્ધિ, સંપત્તિ તથા યશના સર્વોત્તમ શિખર પર પહોંચ્યા ને સુદામા દીન, દુઃખી, દરિદ્ર બન્યા. બંનેએ લગ્નજીવનમાં પ્રવેશ કર્યો, પરંતુ બંનેના જીવનપંથ જુદા પડયા.

સુદામા પોતાની પત્નીની સલાહથી છેવટે કૃષ્ણને મળવા નીકળ્યા ત્યારે સાથે પત્નીએ પડોશમાંથી લાવી આપેલા પૌંઆને એક ફાટેલા મેલા કપડામાં બાંધીને સાથે લઇ ગયા. દિવસો પછી એ દ્વારકા પહોંચ્યા ત્યારે કૃષ્ણે એમનું એવા જ પ્રખર પવિત્ર પ્રેમથી સ્વાગત કર્યું. સુદામા કૃષ્ણનો વૈભવ વિલોકીને ચકિત બની ગયા. કૃષ્ણે એમના પૌંઆ ખૂબ જ પ્રેમથી ખાધા, દિવસો સુધી એમને અતિથિ તરીકે રાખ્યા, અને સ્થૂળ કે પ્રત્યક્ષ રીતે કશું પણ આપ્યા વિના વિદાય કર્યા. સુદામાએ સાંત્વન મેળવ્યું કે કૃષ્ણે મને એટલા માટે અલ્પ પણ ધન નહિ આપ્યું હોય કે ધન મેળવીને મદોન્મત્ત બનીને હું એમને ભૂલી ના જઉં.

ઘેર આવ્યા પછી જ સુદામાને કૃષ્ણના અલૌકિક અનંત અનુગ્રહની માહિતી મળી. કૃષ્ણકૃપાથી એમનું સમસ્ત ઘર, વાતાવરણ તથા જીવન બદલાઇ ગયેલું. દેવાંગના સરખી સુંદર બનેલી પત્નીએ એમનું સખીઓ ને સેવિકાઓ સાથે સ્વાગત કર્યું. એ ઐશ્વર્ય જોઇને એમને કૃષ્ણકૃપાનો થોડો ઘણો ખ્યાલ આવ્યો.

ભગવાન કૃષ્ણે સુદામા પોતાને માટે કાંઇ લાવ્યા હોય તો તેની માગણી કરતા જે શબ્દો કહ્યા તે શબ્દો ગીતામાં કહેવાયેલા શબ્દોને અક્ષરશઃ મળતા આવે છે. બંને ઠેકાણે, ગીતા તથા ભાગવતમાં એક જ શ્લોકનો પ્રયોગ થયો છે. એ પ્રયોગ સૌથી પહેલા કયા ગ્રંથમાં થયો તેનો નિર્ણય કરવાનું કામ વિદ્વાનોનું છે.

એ શબ્દોમાં સુદામાના પરમ પવિત્ર ચરિત્રના શ્રવણમનનની ફળશ્રુતિ કહી બતાવવામાં આવી છે. માનવે પણ જીવનમાં એવી રીતે પરમાત્માની પરમકૃપાનો વિચાર અને અનુભવ કરીને વાસનારહિત, વિમળ અને પરમાત્મપરાયણ થવાનું છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૧૧] કુરુક્ષેત્રમાં

ભગવાન કૃષ્ણ તથા બળરામ એક વાર સર્વગ્રાસ સૂર્યગ્રહણના સર્વોત્તમ શુભ અવસર પર કુરુક્ષેત્રમાં ગયા ત્યારે ભારતવર્ષના વિભિન્ન વિભાગોની જનતા ત્યાં એકઠી થયેલી. નંદે, વસુદેવે તથા ગોપગોપીઓએ પણ એ આનંદકારક અવસર પર કુરુક્ષેત્રની યાત્રા કરેલી. ગોપીઓ વરસો પછી ભગવાન કૃષ્ણના દેવદુર્લભ દર્શનનો લાભ મેળવી શકી. એમના દર્શનથી એમને અસાધારણ આનંદાનુભવ થાય એ સ્વાભાવિક હતું. ભગવાન ગોપીઓના પવિત્ર પ્રેમભાવને ભૂલી શક્યા ન હતા. એમણે ગોપીઓને પ્રેમપૂર્વક મળીને એમને અધ્યાત્મજ્ઞાનનો સંદેશ સંભળાવીને બનતી શાંતિ આપી.

દિવસો પછી નંદ તથા યશોદા પણ કૃષ્ણ, બળરામ તથા વસુદેવને મળીને આનંદ પામ્યા. કાળની કળા ઘણી અજબ છે. જુદાજુદા જીવોને એ કર્મના સંસ્કારોને અનુસરીને ભેગા કરે છે ને છૂટા પાડે છે. સુખ પ્રદાન કરે છે ને દુઃખ પણ પૂરું પાડે છે. શાંતિ સમર્પે છે અને અશાંતિ જન્માવે છે. આનંદ આપે છે ને વ્યથા પ્રગટાવે છે. કાળની એ અચિંત્ય કળાને જે જાણે છે તે તટસ્થ અથવા અનાસક્ત બની જાય છે અને કાળના સ્વામી પરમાત્માનું શરણ લઇને પરમાત્માને ભજે છે ને ધન્ય બને છે, એની સંસારની મિથ્યા મમતા છૂટી જાય છે.

કૃષ્ણ તથા બળરામના દૈવી દર્શન માટે એ અવસર પર આપ્તકામ આત્મદર્શી મહાન ઋષિમુનિઓ પણ આવી પહોંચ્યા. એમાં શ્રીકૃષ્ણ દ્વૈપાયન વ્યાસ, દેવર્ષિ નારદ, ચ્યવન, વિશ્વામિત્ર, શતાનંદ, ભરદ્વાજ, ગૌતમ, વસિષ્ઠ, સનત્કુમાર, અગસ્ત્ય, યાજ્ઞવલ્ક્ય તથા વામદેવ મુખ્ય હતા. પ્રાતઃસ્મરણીય મહાન સંતપુરુષોનું દર્શન સદા દુર્લભ હોય છે. એમનો સમાગમ સદા સુખમય હોય છે. ભગવાન કૃષ્ણે એ લોકોત્તર ઋષિમુનિઓના દર્શનથી પ્રસન્ન બનીને એમની પ્રશસ્તિ કરી.

☼ ☼ ☼ ☼ ☼

## [૧૨] સુભદ્રાહરણ

ભાગવતના દસમા સ્કંધના ૮૬મા અધ્યાયમાં સુભદ્રાહરણનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સુભદ્રા કૃષ્ણની બેન હતી. બળરામની ઇચ્છા એનું લગ્ન દુર્યોધન સાથે કરવાની હતી પરંતુ વસુદેવ તથા કૃષ્ણ એમની સાથે સંમત ન હતા. અર્જુન તીર્થાટન કરતાં પ્રભાસતીર્થમાં પહોંચ્યો ત્યારે એને એ પરિસ્થિતિની માહિતી મળવાથી સુભદ્રાને મેળવવાની ઇચ્છા થઇ. એ ત્રિદંડી વૈષ્ણવનો વેશ લઇને દ્વારકા પહોંચ્યો ને ચાતુર્માસના ચાર મહિના ત્યાં જ રહ્યો.

એક દિવસે એને બલરામે ભોજનનું આમંત્રણ આપ્યું ત્યારે એણે ત્યાં સૌન્દર્યમૂર્તિ સુભદ્રાને જોઇ. બલરામ અર્જુનને ના ઓળખી શક્યા. અર્જુન અને સુભદ્રાને પૂર્વસંસ્કારોના પરિણામે પરસ્પર પ્રેમભાવ થયો.

એકવાર સુભદ્રા દેવદર્શન માટે રથમાં બેસીને દ્વારકાના દુર્ગની બહાર નીકળી ત્યારે અર્જુને દેવકી, વસુદેવ ને કૃષ્ણની અનુમતિથી એનું હરણ કર્યું. સુભદ્રા એને માટે તૈયાર જ બેઠેલી. બલરામ એ સમાચાર સાંભળીને ક્રોધે ભરાયા પરંતુ કૃષ્ણે તથા બીજા સ્વજનોએ અર્જુનની ઓળખાણ આપીને એમને શાંત કર્યા. પછી તો એ પણ અનુકૂળ બની ગયા.

☼ ☼ ☼ ☼ ☼

## [૧૩] વૃકાસુરનો નાશ

વૃકાસુર દેવર્ષિ નારદની સલાહ પ્રમાણે ભગવાન શંકર જલદી પ્રસન્ન થાય છે એવું માનીને એમની પ્રસન્નતા માટે કેદારક્ષેત્રમાં જઇને કઠોર તપ કરવા લાગ્યો. એ શકુનિનો પુત્ર હતો. એની વૃત્તિ, દૃષ્ટિ ને બુદ્ધિ આસુરી હતી. એ શરીરના માંસને અગ્નિમાં નાખીને હવન કરવા લાગ્યો. તેમ છતાં શંકરનું દર્શન ના થવાથી સાતમને દિવસે એણે પોતાના મસ્તકને કુહાડીથી કાપવાનો નિર્ણય કરીને એનો અમલ આરંભવાની શરૂઆત કરી ત્યાં જ શંકરે અગ્નિકુંડમાંથી પ્રકટીને એના હાથ પકડી લીધા. એમના અલૌકિક સ્પર્શથી વૃકાસુર પૂર્વવત્ સર્વાંગ સુંદર થઇ ગયો. એણે વરદાન માગ્યું કે હું જેના શિર પર હાથ રાખું તે ભસ્મ બની જાય.

દુર્બુદ્ધિયુક્ત મનુષ્યને સંપત્તિ, સત્તા કે વરદાન મળે તો એ એનો સદ્ઉપયોગ કેવી રીતે કરી શકે ? એ તો એને મેળવીને મદોન્મત્ત બનીને એનો દુરુપયોગ જ કરે. વૃકાસુરને ભગવાન શંકરે વરદાન આપ્યું એટલે એણે પાર્વતીનું હરણ કરવાનું વિચારીને એમના જ શિર પર હાથ મૂકવાનો પ્રયત્ન કર્યો. શંકરે એની દુર્બુદ્ધિને સમજીને દોડવા માંડ્યું એટલે એ પણ એમની પાછળ દોડયો.

જુદા જુદા લોકોમાંથી દોડતા શંકર છેવટે વૈકુંઠલોકમાં ગયા. ત્યાં ભગવાન નારાયણે એમની મુસીબતને સમજી જઇને એમની મદદ માટે પોતાની યોગમાયાથી બ્રહ્મચારીનું રૂપ ધારણ કરીને વૃકાસુરની દિશામાં ચાલવા માંડ્યું. વૃકાસુરને જોઇને નમ્રતાપૂર્વક પ્રણામ કરીને એમણે એને આરામ કરવાનું ને પોતાને યોગ્ય કોઇ કામ બતાવવાનું કહ્યું. વૃકાસુરે એના તપની, વરદાન-પ્રાપ્તિની ને શંકરની પાછળ દોડવાની કથા કહી સંભળાવી એટલે ભગવાને જણાવ્યું કે શંકરની વાતમાં વિશ્વાસ શો ? એમણે એને પોતાના જ શિર પર હાથ મૂકી જોવાનું ને શંકરની વાત ખોટી સાબિત થાય તો એમનો નાશ કરવાનું સૂચન કર્યું. વૃત્રાસુરે એ સૂચનને અનુસરીને પોતાના મસ્તક પર હાથ મૂક્યો કે તરત જ એનું મસ્તક ફાટી ગયું અને એ નિર્જીવ બનીને ધરતી પર ઢળી પડ્યો.

ભગવાને શંકરને જણાવ્યું કે વૃકાસુર એના પોતાના જ કુકર્મને લીધે મરી ગયો. મહાપુરુષોના અપરાધથી કોઇનું પણ કલ્યાણ નથી થઇ શકતું.

વૃકાસુરની કથા કહી બતાવે છે કે દુર્બુદ્ધિયુક્ત માનવ આસુરી વૃત્તિ, વિચાર ને વર્તનવાળો બનીને પોતાની દુર્બુદ્ધિથી જ પોતાનો નાશ કરી નાખે છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૧૪] વિષ્ણુ ભગવાનની શાંતિ

જે શાંતિથી, સદ્દબુદ્ધિથી, સહનશક્તિથી ને સ્વાત્મસંયમથી સંપન્ન છે, તે જ શ્રેષ્ઠ છે. ભાગવતના દસમા સ્કંધના ૮૯માં અધ્યાયમાં એ સનાતન સર્વોત્તમ પરમ સત્યનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. અને એ પણ કથાના આકર્ષક રોચક રૂપમાં. એ કથાનું વિહંગાવલોકન કરી લઇએ. સરસ્વતી નદીના પ્રશાંત પાવન તટપ્રદેશમાં એકવાર કેટલાક ઋષિઓ યજ્ઞાનુષ્ઠાન માટે ભેગા મળ્યા. એમની અંદર ચર્ચા ચાલી કે બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશમાં મહાન કોણ ? એમણે એ ત્રણેની પરીક્ષા કરીને એ સંબંધી નિર્ણય કરવા માટે બ્રહ્માપુત્ર ભૃગુની નિયુક્તિ કરી.

મહર્ષિ ભૃગુએ સૌથી પહેલાં બ્રહ્માની સભામાં જઇને એમને પ્રણામ ના કર્યા અને એમની સ્તુતિ પણ ના કરી તેથી બ્રહ્મા ક્રોધે ભરાયા, પરંતુ ભૃગુને પોતાના પુત્ર જાણીને એમણે ક્રોધને શાંત કર્યો.

ત્યાંથી ભૃગુ કૈલાસમાં પ્રવેશ્યા. શંકર એમને ભેટવા માટે તૈયાર થયા ત્યારે એમણે જણાવ્યું કે તમે તો વેદની ને વ્યવહારની મર્યાદાનું ઉલ્લંઘન કરો છો તેથી તમને નહિ ભેટી શકાય. એ સાંભળીને શંકર ક્રોધે ભરાઇને ત્રિશૂળ લઇને મારવા તૈયાર થયા, પરંતુ પાર્વતીએ એમને જેમ તેમ કરીને શાંત પાડ્યા.

વૈકુંઠમાં વિષ્ણુ ભગવાન લક્ષ્મીના ખોળામાં મસ્તક રાખીને સુતેલા. ત્યાં જઇને ભૃગુએ એમની છાતીમાં લાત મારી. ભગવાન વિષ્ણુએ ઊભા થઇને પ્રણામપૂર્વક એમનું સ્વાગત કરીને આસન પર બેસવાનું કહીને જણાવ્યું કે મને પ્રથમથી માહિતી ના હોવાથી હું તમારો સુયોગ્ય સત્કાર ના કરી શક્યો તેને માટે ક્ષમા કરો. તમારાં ચરણ ખૂબ જ કોમળ છે. એના સ્પર્શથી હું પાવન થયો. એના સ્પર્શને લીધે હવે લક્ષ્મી મારા હૃદયમાં સદાને માટે વાસ કરશે. તમારા કોમળ ચરણને મારા કઠોર કાયાના સ્પર્શથી વાગ્યું તો નથી ?

ભગવાન એમના પગને પંપાળવા લાગ્યા. ભૃગુની શંકાનું સુખદ સમાધાન થયું. એમણે ઋષિઓની પાસે પહોંચીને એમનો અનુભવ વર્ણવી બતાવ્યો.

અનુભવની દુનિયામાં આગળ વધવાથી સમજાય છે કે બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશ જુદા નથી, પરંતુ મૂળભૂત રીતે એક છે. એમનામાં શ્રેષ્ઠ કોણ છે એ પ્રશ્ન જ નથી પેદા થતો. ત્રણે એક જ વિરાટ પરમાત્મ તત્વનાં પ્રતીક છે. એમનામાં ભેદભાવ જગાવવાની જરૂર નથી.

* * *

દસમો સ્કંધ હવે પૂર્ણાહુતિ પર પહોંચે છે. ભગવાન કૃષ્ણનો એ લીલા સ્કંધ છે. ભગવાન કૃષ્ણની લીલાનો પાર કોણ પામી શકે તેમ છે ?

આપણે તો એનું અમૃતપાન અથવા આચમન જ કરી બતાવ્યું છે. એ સર્વપ્રકારે સુખ શાંતિદાયક તથા શ્રેયસ્કર છે. ભગવાનની કમનીય કીર્તિકથા સંસારના ભય તથા ક્લેશને કાપનારી છે. વ્યાસનંદન શુકદેવના શ્રીમુખમાંથી સરેલી સુધાસરિતા છે. સંસારના પુણ્ય પ્રવાસે નીકળેલો પાંથ એનું શ્રવણ કરીને કલાંતિ મટાડે છે ને કૃતાર્થ બને છે. એનું પ્રધાન પ્રયોજન પરમાત્માભિમુખ બનીને પરમાત્માની પ્રીતિ પ્રકટાવવાનું ને પ્રકટેલી પ્રીતિ ઉત્તરોત્તર પ્રબળ બનાવવાનું છે. સ્વનામધન્ય શુકદેવ પરીક્ષિતને અને એની દ્વારા સમસ્ત સંસારને સૂચવે છે કે જે મનુષ્ય ભગવાન કૃષ્ણની મનમોહિની લલિત લીલાકથાનું શ્રવણ, મનન

ને સંકીર્તન કરે છે તેને ભગવાનની પ્રેમભક્તિની પ્રાપ્તિ થતાં ને ભગવાનનો સાક્ષાત્કાર કરતાં વાર નથી લાગતી.

એ સ્વાનુભૂતિપૂર્ણ સુંદર શબ્દોમાં આપણે પણ આપણો સૂર પૂરાવીશું.

☼ ☼ ☼ ☼ ☼

## ----- દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) સમાપ્ત -----

# * એકાદશ સ્કંધ *



श्रीकृष्ण कृष्ण कृष्णेति कृष्णनाम सदा जपेत् ।
परमानंदो वैकुण्ठं तस्य निश्चितम् ॥

## [૧] જીવનનું પરમકલ્યાણ

ભાગવતની ભાગીરથીનો અમૃતમય આસ્વાદ લેતા આપણે ઉત્તરોત્તર આગળ વધીને એકાદશ સ્કંધ સુધી આવી પહોંચ્યા છીએ. એકાદશ સ્કંધ દશમ સ્કંધ કરતાં કદમાં નાનો હોવા છતાં આત્મજ્ઞાનની દૃષ્ટિએ ખૂબ જ મહત્વનો આકર્ષક, આનંદદાયક અને અદ્દભુત છે. એથી આકર્ષાઇને કોઇ કોઇ રસિકો કે જિજ્ઞાસુઓ એનો પાઠ પણ કરે છે. મહાત્મા એકનાથે એની વિવેચના કરતાં એની ઉપર એકનાથી ભાગવતની રચના કરી છે જે વિદ્વાનોમાં ને ભાગવતપ્રેમીઓમાં અત્યંત આદરણીય મનાય છે. દશમ સ્કંધ ભાગવતના મંગલ મંદિરની મૂર્તિ છે તો એકાદશ સ્કંધ એ મંદિરના સુંદર શિખરનો સુવર્ણ કળશ અને દ્વાદશ સ્કંધ એની ઉપરની યશપતાકા છે. એકાદશ સ્કંધ આત્મજ્ઞાનના અલૌકિક અર્ક જેવો હોવાથી એનું અધ્યયન આવશ્યક મનાય છે.

એકાદશ સ્કંધના આરંભમાં જ કહેવામાં આવ્યુ છે કે ભગવાન કૃષ્ણની સંનિધિમાં રહેવાની ઇચ્છાથી પ્રેરાઇને દેવર્ષિ નારદ દ્વારકામાં અવારનવાર રહેવા માટે આવ્યા કરતા. એક વાર એ વસુદેવની પાસે આવી પહોંચ્યા ત્યારે વસુદેવે એમનું સમુચિત સ્વાગત તથા પૂજન કરીને એમને કહ્યું કે કૃપા કરીને તમે મને એ ધર્મો કે સાધનોના સંબંધમાં જણાવો કે જેમના વિશે જાણવાથી મનુષ્ય સંસારમાંથી મુક્તિ મેળવે છે. આ સંસારમાંથી મુક્તિ મેળવવાની ઇચ્છા હોવાથી તમારી પાસે જ્ઞાનોપદેશની માગણી કરું છું તો મને એવો કલ્યાણકારક ભવતારક ઉપદેશ આપીને કૃતાર્થ કરો.

દેવર્ષિ નારદે વસુદેવને સંભળાવેલો મહારાજા નિમિનો નવ શ્રેષ્ઠ યોગીશ્વરો સાથેનો સંવાદ ચિરસ્મરણીય હોવાથી વારંવાર વિચારવા જેવો છે. એનું અધ્યયન અત્યંત પ્રેરક થઇ પડશે. મહારાજા નિમિ સંતસમાગમની પ્રીતિવાળા હતા. સંતોના મહિમાને એ એમની શક્તિ પ્રમાણે સુચારુરૂપે સમજી શક્તા હોવાથી એ નવ યોગીશ્વરોના દેવદુર્લભ દર્શનથી ધન્ય બનીને એમણે એમની પ્રશસ્તિ કરતાં સુંદર શબ્દોમાં કહ્યું :

दुर्लभो मानुषो देहो देहिनां क्षणभंगुरः ।
तत्रापि दुर्लभं मन्ये वैकुंठप्रियदर्शनम् ॥

'જીવોને માટે ક્ષણભંગુર કહેવાતા મનુષ્યશરીરની પ્રાપ્તિ ખરેખર દુર્લભ છે અને એવા શરીરની પ્રાપ્તિ પછી પણ ભગવાનના પ્રિય ભક્તોનું કે સંતપુરુષોનું દર્શન એથી પણ દુર્લભ છે. ભગવદ્દર્શનની દુર્લભતાનું તો કહેવું જ શું ?'

'એટલા માટે હે પરમપવિત્ર સત્પુરુષો, તમારા દર્શન સમાગમનું સૌભાગ્ય સાંપડ્યું જ છે તો મને જણાવો કે પરમકલ્યાણનું સ્વરૂપ અને સાધન શું છે.'

'મને શ્રવણનો અધિકારી માનતા હો તો ભાગવતધર્મોનો ઉપદેશ આપો. એમનાથી પ્રસન્ન થઇને અજન્મા ભગવાન શરણાગત ભક્તને પોતાની જાતનું પણ દાન કરી દે છે.'

(શ્લોક ૩૦, ૩૧, નો ભાવાર્થ)

એટલું કહીને મહારાજા નિમિ શાંત થયા એટલે કવિ નામના યોગીશ્વરે એમને ઉપદેશ આપ્યો. એમણે એમની વિલક્ષણ પદ્ધતિ પ્રમાણે જણાવ્યું કે ભગવાનની નિત્યનિરંતર અખંડ આરાધના અથવા ભક્તિ જ

પરમકલ્યાણનું સાધન છે. એની મદદથી ભાગવતધર્મને જીવનમાં ઉતારવાથી આત્યંતિક શ્રેય સાધી શકાય છે.

આ અલૌકિક અવનીમાં અનેક પ્રકારનાં આશ્ચર્ય છે. આખી અવની અસાધારણ આશ્ચર્યોથી ને ચમત્કારોથી ભરેલી છે. સૂર્ય, ચંદ્ર, પાણી, પવન, પૃથ્વી, આકાશ સઘળું સર્જન એક અદ્દભુત આશ્ચર્યરૂપ છે. એમાં માનવશરીર જેવુ મહાન આશ્ચર્ય બીજું કોઇ જ નથી. એની પ્રાપ્તિ અને એને ધારણ કરવાનું સૌભાગ્ય કાંઇ જેવી તેવી ઘટના નથી. એમાં રહેવાનો સમય સર્વાધિક મહત્વનો ને મહામૂલ્યવાન છે. એ શરીરની શક્યતા ઘણી મોટી છે. એ દ્વારા ભગવાનની ભક્તિ કરવાની આવશ્યકતા પ્રત્યે કવિ નામના યોગીશ્વરે અંગુલિનિર્દેશ કર્યો છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૨] ભગવદ્દભક્તનાં લક્ષણ

મહારાજા નિમિએ એ સુખદ સદ્દુપદેશથી સંતોષાઇને બીજો પ્રશ્ન પૂછયો :

'એવા ભાગવતધર્મને વરેલા ભગવદ્દભક્તનાં લક્ષણો કહી બતાવો તો સારૂં. એના સ્વભાવ અને એનો ધર્મ કેવો હોય છે ? એ કેવી રીતે વ્યવહાર કરે છે ને બોલે છે તથા કયાં વિશિષ્ટ લક્ષણોને લીધે પરમાત્માનો પ્યારો કે કૃપાપાત્ર બને છે ?'

નિમિના એ પ્રશ્નની સાથે ગીતાના બીજા અધ્યાયમાં અર્જુને ભગવાન કૃષ્ણને પૂછેલા સ્થિતપ્રજ્ઞ પુરુષના લક્ષણો વિશેનો પ્રશ્ન સરખાવવા જેવો છે. એમની ભાષામાં થોડું ઘણું છતાં અદ્દભુત સામ્ય દેખાશે. ગીતાના બારમા અધ્યાયમાં આવતું ભક્તોનાં લક્ષણોનું વર્ણન પણ ભાગવતના ભક્તવર્ણન સાથે સરખાવી શકાય.

એ પ્રશ્નનો પ્રત્યુત્તર પ્રદાન કરતાં હરિ નામના બીજા યોગીશ્વરે જે કાંઇ જણાવ્યું તે પણ સ્વાનુભવપૂર્ણ ને પ્રેરક હતું. ભગવદ્દભક્તોના ત્રણ પ્રકારો પાડી બતાવતાં એમણે કહ્યું :

'સંસારના સમસ્ત ભૂતોમાં આત્મારૂપે રહેલા પરમાત્માનું જે દર્શન કરે છે અને સઘળાં ભૂતોને પરમાત્મામાં જુએ છે તે ભક્તોમાં સૌથી ઉત્તમ મનાય છે.'

'જે ઇશ્વર પ્રત્યે પરમપ્રેમ રાખે છે, એમના શરણાગત શ્રદ્ધાભક્તિ-ભરપુર એકનિષ્ઠ ભક્તો પ્રત્યે મિત્રતા, દુઃખી અને અજ્ઞાનીઓ પર કૃપા રાખે છે, તથા ઇશ્વરનો અને ઇશ્વરભક્તોનો દ્વેષ કરનારની ઉપેક્ષા કરે છે તે ભક્ત મધ્યમ કોટિનો કહેવાય છે.'

'ભગવાનના શ્રીવિગ્રહની સેવાપૂજાનો આધાર શ્રદ્ધાભક્તિપૂર્વક લેવા છતાં પણ જે ભગવાનના ભક્તોની અને બીજાની સેવા સહાયતા નથી કરતો તે ભક્ત તદ્દન સામાન્ય શ્રેણીનો કહેવાય છે.'

(અધ્યાય ૨, શ્લોક ૪૫ થી ૪૭)

* * *

ભગવાનની ભક્તિ મૂળભૂત રીતે એક અંતરંગ વસ્તુ છે એ ખાસ યાદ રાખવાવાનું છે. બહાર તો એનો પ્રકાશ પડે છે એટલું જ. એની દ્વારા માનવની અંતરંગ વિશુદ્ધિની અને એના અંતરંગ વિકાસની સિદ્ધિ થવી જોઇએ. એથી અલંકૃત આદર્શ ભક્તના જીવનમાં સરળતા, સરસતા, પવિત્રતા ને પરમાત્માની પ્રીતિનું દર્શન થવું જોઇએ. એ એના મહત્વના મુખ્ય ગુણો હોય છે. પવિત્રતા હોય ત્યાં અનાસક્તિ આપોઆપ આવે જ. અને પરમાત્માની પ્રીતિ કે શ્રદ્ધાભક્તિનો ઉદય થાય ત્યાં સેવાભાવના પણ પ્રકટે જ. પરમાત્માની પ્રીતિથી પરિપ્લાવિત પ્રાણવાળો ભક્ત ચરાચરમાં પરમાત્માના સુધાસભર સ્વરૂપનું દર્શન કરીને અખિલ અવનીની સાથે આત્મીયતાનો અનુભવ કરે છે અને એને પરિણામે બીજાને ઉપયોગી થવા ને સુખશાંતિ પહોંચાડવાની પ્રવૃત્તિ કરે છે. એવી પ્રવત્તિ એને માટે સહજ બની જાય છે. ભક્તની સૌથી મોટી મહામૂલ્યવાન સેવા જગતના જીવોને આત્મોન્નતિની વાટે વાળવાની અને એમની સુષુપ્ત આત્મશક્તિને જગાડીને પરિપુષ્ટ અથવા પ્રબળ બનાવવાની છે. એ સેવા દ્વારા એ જીવનનું સાર્થક્ય કરવાનું અને મનુષ્યને આદર્શ મનુષ્ય બનાવવાનું શીખવે છે. એ માનવના સંતપ્ત અંતરાત્માને શાંતિ આપે છે ને પ્રેરણા પાય છે.

ભક્ત બોલે છે તો ખરો પરંતુ જ્યારે ને જેટલા પ્રમાણમાં બોલવાની આવશ્યકતા હોય છે ત્યારે ને તેટલા પ્રમાણમાં જ સત્યપૂત સુમધુર વાણી બોલતો હોય છે. એ ચાલે છે તો ખરો જ, બેસી નથી રહેતો, પરંતુ ન્યાય, નેકી, સત્ય ને સદાચારને માર્ગે ચાલે છે, જોઇ વિચારીને પગલાં ભરે છે, અને અનૃત અથવા અનર્થને માર્ગે કદી પણ આગળ નથી વધતો. નથી વધી શક્તો. એના જીવનની પ્રત્યેક પ્રવૃત્તિ પાછળ ઊંડો વિવેક હોય છે. એ વિવેકથી પ્રેરાઇને એ પોતાના નાનાંમોટાં સઘળાં કાર્યો કરે છે. સંસારની ચંચળતાને કે વિનાશશીલતાને સારી રીતે સમજતો હોવાથી સંસારમાં આસક્ત નથી થતો, અહંભાવથી સર્વથા મુક્ત, નિર્ભય ને નિર્મોહ રહે છે અને પ્રાપ્તિ-અપ્રાપ્તિમાં, શુભાશુભમાં તેમ જ સંપત્તિ ને વિપત્તિમાં મન તથા બુદ્ધિને શાંત, સ્વસ્થ કે સ્થિર રાખે છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૩] માયામાંથી મુક્તિ

એ પછી મહારાજા નિમિએ માયામાંથી મુક્તિ મેળવવાનો માર્ગ પૂછતાં કહ્યું કે 'જે લોકો પોતાના મનને વશમાં નથી કરતા તે માયાને નથી તરી શક્તા. તો પછી મોટા ભાગના મનુષ્યો તો જડ તથા દેહબુદ્ધિવાળા ને દુન્યવી દૃષ્ટિવાળા છે. તે તેને કેવી રીતે તરી શકે તે કહો તો સારૂં.'

(અધ્યાય ૩, શ્લોક ૧૭ નો ભાવાર્થ)

એ જિજ્ઞાસાનો જવાબ યોગીશ્વર પ્રબુદ્ધે આપ્યો.

તટસ્થ રીતે વિચારીએ તો જણાય છે કે એ પ્રશ્ન સર્જનજૂનો અથવા પરંપરાગત છે. માનવ જ્યારથી સુશિક્ષિત અને સુવિચારશીલ થયો છે ત્યારથી માયાને તરવાનો કે માયામાંથી મુક્તિ મેળવવાનો એ પ્રશ્ન એણે પોતાની જાતને ને બીજાને પૂછવા માંડ્યો છે. એ પ્રશ્ન સર્વવ્યાપક જેવો થઇ પડ્યો છે ને સર્વ સ્થળે જિજ્ઞાસુઓ તરફથી પૂછવામાં આવે છે. આજે પણ એ પુરાતન નથી થયો. જુદા જુદા પ્રદેશોના લોકો પૂછે છે પણ ખરા કે ચારે તરફ ઘેરીને બેઠેલી માયાને કેવી રીતે પાર કરી શકાય ? હજુ તો ગઇ કાલે જ અમૃતસરથી આવેલી એક જિજ્ઞાસુ બેને મને એ પ્રશ્ન પૂછેલો ને કહેલું કે સંસાર અગ્નિની જ્વાળા જેવો છે. તે ઓછા કે વત્તા પ્રમાણમાં દઝાડે જ છે. તેમાં રહીને ના દઝાવાય તે માટે શું કરવું ?

સાચું છે. એ બેનની પેઠે બીજા ઘણાને સંસાર અગ્નિની જ્વાળા જેવો લાગે છે. એનાથી પોતાની રક્ષા કરવાનું કામ કપરૂં લાગે છે. પરંતુ એને માટે શાસ્ત્રોએ અને સંતોએ સરળ માર્ગ બતાવ્યો છે. એ માર્ગ ભગવાનની ને ભગવાનના ભક્તોની શરણાગતિનો છે. બાળક અગ્નિની પાસે જાય છે ત્યારે માતા એની રક્ષા કરવાના વિચારથી એને તરત પકડી લે છે. બાળક માતાનું હોવાથી માતા એની સુરક્ષાની સઘળી જવાબદારી સ્મિતપૂર્વક અદા કરે છે અને એને ડગલે ને પગલે સંભાળે છે તથા ભયસ્થાનોમાંથી ઉગારે છે. એવી રીતે જે ભગવાનનું સાચા દિલથી શરણ લઇને ભગવાનને પોતાના જીવનના કુલમુખત્યાર કે સર્વસૂત્રધાર બનાવી દે છે તેની સંભાળ ભગવાન રાખે છે. એમને રક્ષવાનો અને સહીસલામત રીતે ગંતવ્યસ્થાનમાં પહોંચાડવાનો સમસ્ત કાર્યભાર પોતે જ ઉપાડી દે છે. પછી એમને સંસારનો ભય નથી રહેતો.

* * *

એટલે ભગવાનનો શરણાગત ભક્ત સદાને સારુ સુરક્ષિત છે. ચારે તરફથી આંધી આવતી હોય, તોફાની પ્રલંયકર પ્રતિકૂળ પવનો ફુંકાતા હોય, વાદળના ગગડાટ ને ચપલાના ચમકાર થતા હોય તથા વિપત્તિની ભયંકર અનવરત વૃષ્ટિ થતી હોય તો પણ ભગવાન ભક્તને ખૂબ જ સંભાળપૂર્વક આગળ લઇ જાય છે. ભક્તે પોતાના જીવનરથના સારથિ તરીકે ભગવાનને પસંદ કર્યા હોવાથી જીવનના જટિલ માર્ગ પરથી ભગવાન એને આનંદપૂર્વક આગળ લઇ જાય છે. એને માટે કોઇ પ્રકારની ભીતિ કે ચિંતા નથી રહેતી. ભગવાનની કૃપાથી એનું સઘળું કાર્ય સરળ તથા નિષ્કંટક થઇ જાય છે.

જે વાત ભગવાનની અસાધારણ કૃપાના સંબંધમાં લાગુ પડે છે તે જ ભગવાનના પરમ કૃપાપાત્ર સંતપુરુષોના સંબંધમાં પણ સાચી ઠરે છે. એવા સંતપુરુષોની પરમ કલ્યાણમયી કૃપાથી પણ સંસારનાં

પ્રલોભનો તથા ભયસ્થાનોમાંથી મુક્તિ મળે છે. એવાં સંતપુરુષોનો સમાગમ સર્વપ્રકારે સુખદ, શુભાશીર્વાદરૂપ ને પ્રેરક થાય છે. એટલા માટે એનો અહર્નિશ આધાર લેવો જોઇએ.

* * *

માયાની શક્તિ મોટી છે એ સાચું છે પરંતુ માયાપતિની શક્તિ એથી અનેકગણી મોટી છે એ યાદ રાખીને માયાના પતિ પરમાત્માની વધારે ને વધારે પાસે પહોંચવાની આવશ્યકતા છે. એથી માયાનું જોર આપોઆપ ઓછું થશે અને સંસારમાં કમળના દલની પેઠે અલિપ્ત રીતે રહી શકાશે.

યોગીશ્વર પ્રબુદ્ધે રાજા નિમિને માયામાંથી મુક્તિ મેળવવાના સરળ તથા સચોટ સાધન પ્રત્યે અંગુલિનિર્દેશ કરતાં જણાવ્યું :

तस्माद् गुरुं प्रपद्यते जिज्ञासु श्रेय उत्तमम् ।
शाब्दे परे च निष्णातं ब्रह्मण्युपशमाश्रयम् ॥
तत्र भागवतान् धर्मान् शिक्षेद् गुर्वात्मदैवत ।
अमाययानुवृत्या यैस्तुष्येदात्माङ्ङत्मदो हरिः ॥
(સ્કંધ ૧૧, અધ્યાય ૩, શ્લોક ૨૧, ૨૨)

'પોતાના આત્મકલ્યાણની ઇચ્છાવાળા જિજ્ઞાસુએ ગુરુદેવનું શરણ લેવું. એ ગુરુદેવ વેદાદિ શાસ્ત્રોના વિદ્વાન અથવા ચિંતનમનનની પ્રક્રિયામાં પારંગત હોવાની સાથે સાથે પરમાત્મનિષ્ઠ, સ્વાનુભવસંપન્ન ને શાંત હોવા જોઇએ. એમની ઉપર પરમાત્માની પરિપૂર્ણ કૃપા જોઇએ.'

'એવા સદ્દગુરુની પાસે પહોંચીને એમની નિષ્કપટભાવે પરમ શ્રદ્ધાભક્તિ સહિત સેવા કરવી અને ભાગવત ધર્મોનો સદુપદેશ પ્રાપ્ત કરવો. એ ભાગવત ધર્મ અથવા ભક્તિસાધનાથી પરિપૂર્ણ કૃપા કરનારા અને પોતાનું દર્શન આપનારા ભગવાન પ્રસન્ન થાય છે.'

માયામાંથી મુક્તિ મેળવીને પરમાત્માની પરમકૃપા મેળવવા માગનારા માનવે દેહગેહાદિની મમતાને ઘટાડવાનો ને સદ્દગુણોનો સંગ્રહ કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. એ ઉપરાંત ભગવાનના નામસ્મરણ, કથાશ્રવણ, સંકીર્તન અને ભગવાનની પ્રાર્થનાનો આધાર લેવો જોઇએ. એથી ભગવાનની શ્રદ્ધાભક્તિ વધે છે, એમની સાથે સૂક્ષ્મ આત્મિક સંબંધ બંધાય છે, અને એમના અલૌકિક અનુગ્રહનો અથવા સુખદ સાક્ષાત્કારનો માર્ગ મોકળો બને છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૫] નારાયણનું સ્વરૂપ

મહારાજા નિમિએ આગળ પૂછ્યું :

'તમે બધા બ્રહ્મવેત્તાઓ છો. તો તમે તમારા અનુભવના આધાર પર જણાવો કે નારાયણરૂપે વર્ણવાયેલા પરબ્રહ્મ પરમાત્માનું સ્વરૂપ શું છે. '

એ પ્રશ્નોના પ્રત્યુત્તર પ્રદાન કરવાનું કાર્ય પાંચમા યોગીશ્વર મહાત્મા પિપ્પલાયને કર્યું.

નારાયણ પરમ સત્યસ્વરૂપ પરબ્રહ્મ પરમાત્મા છે. નર જીવ છે અને નારાયણ શિવ. એ મુક્ત ને પૂર્ણ છે. એ જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા પ્રશાંતિના નિમિત્ત અને ઉપાદાન કારણ છે છતાં કારણરહિત, અજન્મા કે સ્વયંભુ છે. એ સ્વપ્ન, જાગૃતિ તથા સુષુપ્તિ અવસ્થામાં એમના દૃષ્ટા કે સાક્ષી તરીકે રહે છે અને સિદ્ધ યોગીઓની સમાધિમાં પણ વસે છે. શરીર, મન, ઇન્દ્રિયો ને પ્રાણને એમની દ્વારા જ શક્તિ મળે છે. એમને લીધે જ એ પોતપોતાના ગુણધર્મો કે વિષયોમાં પ્રવૃત્ત બને છે.

એમનું પૂરેપૂરું વર્ણન કોણ ને કેવી રીતે કરી શકે ? એમને અનુભવીને એમને વર્ણવવાના પ્રયત્નો થયા છે ખરા પરંતુ એ પ્રયત્નો મર્યાદિત અથવા અધુરા છે. એટલા માટે તો છેવટે એ વર્ણનાત્મક પ્રયત્નની 'નેતિ નેતિ' શબ્દો દ્વારા પરિસમાપ્તિ કરવામાં આવી છે. એ બતાવે છે કે પરમાત્મા અથવા નારાયણ વર્ણનાતીત છે. જે એમને પરિપૂર્ણપણે અનુભવવાનો કે વર્ણવવાનો દાવો કરે છે તે ભૂલ કરે છે. એવો દાવો તદ્દન નિરાધાર છે. જે એમને ઓછાવત્તા પ્રમાણમાં અનુભવે છે અને એમની પાસે પહોંચે છે તે તો નમ્ર બને છે. નમ્રાતિનમ્ર.

પરમાત્મોનો સાક્ષાત્કાર કરવાની ઇચ્છાવાળો અંતરંગ સાધનાનો આધાર લઇને પરમાત્માની પરમ ચેતનાનો સંસ્પર્શ અથવા સાક્ષાત્કાર કરે છે ત્યાં જ એની અસ્મિતા ઓગળી જાય છે. એ એમાં વિલિન થાય છે અથવા એની સાથે એક બની જાય છે. તો પણ એટલો સંસ્પર્શ કે સાક્ષાત્કાર પણ એના જીવનની શાંતિ, પ્રસન્નતા તથા કૃતકૃત્યતાને માટે પૂરતો થઇ પડે છે. તૃષાતુર માણસ સરિતા પાસે પહોંચે એટલે આખી સરિતાને માપવાની, સ્પર્શવાની કે પીવાની જરૂર નથી પડતી. તૃષાની તૃપ્તિ કરે એટલું પાણી જ એને માટે પૂરતું થઇ પડે છે. ક્ષુધાર્તને સમસ્ત સંસારનાં ભોજનો એકઠાં કરવાની આવશ્યકતા નથી હોતી. એની ક્ષુધાની શાંતિ થાય એટલું ભોજન એને મળી રહે એટલે થયું. તાપતપ્ત પ્રવાસીને એના પ્રવાસપંથમાં આવતા એકાદ વૃક્ષની શીળી છાયા મળી જાય એટલે થયું. એને સમસ્ત સંસારના વૃક્ષોની છાયાની આવશ્યકતા નથી હોતી. પરમાત્માનો સાક્ષાત્કાર કરનારા સાધકના સંબંધમાં પણ એવું જ સમજી લેવાનું છે.

નારાયણના થવા ને નરમાંથી નારાયણ બનવા માટે માનવજીવન મળેલું છે. એ પ્રયોજનની પૂર્તિ માટેની સમુચિત સુવ્યવસ્થિત સાધનાના અનુષ્ઠાનમાં જ જીવનની સફળતા સમાયેલી છે. સાધનસામગ્રીનો તથા શક્તિનો સદ્‌ઉપયોગ પણ એમાં જ છે. નારાયણ સર્વજ્ઞ, સર્વસમર્થ ને સર્વવ્યાપક છે. આ બધું એ જ છે. એનો અર્થ એ કે એ મારા વિચારોને, ભાવોને ને કર્મોને જાણે છે. એ સર્વસમર્થ હોવાથી એમનો આશ્રય લેનાર નિશ્ચિંત ને નિર્ભય થઇ જાય છે. એ એની સર્વપ્રકારે ને સર્વસ્થળે રક્ષા કરે છે. એમની સર્વવ્યાપકતાનો અનુભવ સાધકે સર્વત્ર કરતાં શીખવું જોઇએ. નાના ને મોટા, સુંદર અને અસુંદર, આકર્ષક અને અનાકર્ષક

પદાર્થોની અંદર અને એ પદાર્થોના રૂપમાં એમનો વાસ છે એવો સ્વાનુભવ સાધકે સદાને સારું કરવો જોઇએ. જે છે તે સઘળું નારાયણરૂપ જ છે એવો સ્વાનુભવ સહજ થવાથી જીવન શાંતિમય, સંવાદી, સમુજ્જવલ, સફળ, સાર્થક તથા ધન્ય બને છે.

જીવન આખુંય નારાયણમય બની જાય તો કેટલો આનંદ આવે ? એ જીવન કેટલું બધું મંગલ મહોત્સવરૂપ થઇ જાય ? આજે માનવ નારાયણને ભૂલીને દુનિયાના વિષયોમાં ડૂબ્યો છે માટે જ દુઃખી છે, બેચેન છે, બંધનગ્રસ્ત છે, અથવા અશાંત છે. કેવળ ભૌતિક સુખસંપત્તિ અને ઇન્દ્રિયોના વિષયો જ એને શાશ્વત સુખશાંતિથી સંપન્ન નહિ કરી શકે. એણે નારાયણ સાથે સ્નેહસંબંધ બાંધીને નારાયણપરાયણ બનવું પડશે.

☼ ☼ ☼ ☼ ☼

## [૬] અવતાર વિશે

યોગીશ્વર આવિર્હોત્રના સદુપદેશશ્રવણ પછી રાજા નિમિએ બીજી જાતની જિજ્ઞાસાવૃત્તિથી પ્રેરાઇને જણાવ્યું :

'ભગવાન સ્વેચ્છાથી સંપૂર્ણ સ્વતંત્રતાપૂર્વક જે જે જન્મો અથવા અવતારો ધારણ કરે છે ને લીલાઓ કરે છે તેમની માહિતી મેળવવાની મારી ઇચ્છા છે. તો કૃપા કરીને મને કહી બતાવો.'

સાતમા યોગીશ્વર દ્રુમિલે એ જિજ્ઞાસાને શાંત કરવાની કોશિશ કરતાં સુંદર સ્વાનુભવસંપન્ન શબ્દોમાં કહ્યું :

'ભગવાન તો અનંત છે. એમના ગુણો પણ અનંત છે. જે એવું સમજે છે કે એ ગુણોને ગણી શકાશે તેની બુદ્ધિ બાળકની બુદ્ધિ જેવી કાચી છે એમ માની લેવું. ધરતીના પટ પર પથરાયેલી રજનાં કણોને કદાચ કોઇ મનુષ્ય કોઇ રીતે ગણી લે તો પણ અનંત શક્તિસ્વરૂપ, સર્વશક્તિમાન ભગવાનના ગુણોનો પાર ના પામી શકાય.'

મહિમ્નસ્તોત્રમાં પુષ્પદંતે એટલા માટે જ જણાવ્યું કે કાજળકાળા પર્વતની શાહી ને સિંધુનો ખડિયો હોય, કલ્પવૃક્ષની ડાળીની કલમ અને પૃથ્વીનો કાગળ હોય, અને એમની મદદથી વાણીની અધિષ્ઠાત્રી પરમ પ્રજ્ઞામયી દેવી સરસ્વતી પોતે નિત્યનિરંતર લખ્યા કરે તો પણ તમારા ગુણોનો પાર ના પામી શકાય.

ભગવાને પંચ મહાભૂતોની સૃષ્ટિ કરી છે. બ્રહ્માંડનું પોતાની મેળે નિર્માણ કરીને એમાં એ અંતર્યામીરૂપે પ્રવેશે છે ત્યારે એમને પુરુષ તરીકે ઓળખવામાં આવે છે. એ એમનો પ્રથમ આવિર્ભાવ અથવા અવતાર છે. એમને લીધે જ સંસારમાં શક્તિનો સંચાર થાય છે. એ આદિપુરૂષ નારાયણ જ જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા જગતના વિલયને માટે બ્રહ્મા, વિષ્ણુ તથા શંકર બને છે.

દક્ષ પ્રજાપતિની કન્યા મૂર્તિ ધર્મની પત્ની હતી. એને માતા તરીકે પસંદ કરીને ભગવાને નર અને નારાયણ ઋષિના રૂપમાં અવતાર લીધો. એમણે આત્મતત્વનો અનુભવ કરાવનારા ભગવદારાધનરૂપ ઉત્તમ કર્મનો સંદેશ આપ્યો. એ પોતે એ સંદેશના સાકાર સ્વરૂપ હતા. સંદેશ કેવળ શબ્દો દ્વારા પ્રકટ થતો હોય ત્યારે એટલે બધો અસરકારક નથી થતો; જીવનના વ્યવહાર દ્વારા વ્યક્ત થાય છે ત્યારે અધિક અસરકારક, અમોઘ ને શક્તિશાળી બને છે. ભગવાન નરનારાયણનું જીવન એવું અદ્દભુત હતું. એ જીવન સાથે એક સરસ કથા સંકળાયલી છે.

ભગવાન નરનારાયણ પોતાના બદરીકાશ્રમના પુણ્યપ્રદેશમાં આવેલા એકાંત આહલાદક અદ્દભુત આશ્રમમાં તપશ્ચર્યામાં રત હતા ત્યારે ઇન્દ્રને શંકા થઇ કે એ તપ દ્વારા મારા અલૌકિક પદની પ્રાપ્તિ કરવા માગે છે. એટલે એણે એમના તપનો ભંગ કરવાનો સંકલ્પ કર્યો. એણે કામદેવને એમના તપમાં વિક્ષેપ પાડવાનો આદેશ આપ્યો. કામદેવ એ આદેશને શિરોધાર્ય કરીને અપ્સરાદિ સાથે ભગવાન નરનારાયણના આશ્રમમાં પ્રવેશીને એમને ચળાવવાની કોશિશ કરવા લાગ્યો. કામદેવની કામનાને જાણી લઇને ભગવાન નારાયણે એનું ને સર્વનું સ્મિતપૂર્વક શાંતિ સાથે સ્વાગત કર્યું. કામદેવને એ જોઇને ખૂબ જ સંકોચ થયો. એણે એમની પ્રેમપૂર્વક પ્રશસ્તિ કરી. એ પ્રશસ્તિમાં એક સુંદર વાત કહી તે ખાસ યાદ રાખવા જેવી છે. એનો સાર

એ છે કે ક્ષુધા તથા તૃષા પર વિજય મેળવનારા પુરુષો અતિવિરલ હોવા છતાં પણ જોવા મળે છે ખરા. ધરતી ઉપર ઊઠવાનું અને આકાશગમન કરવાનું કાર્ય કપરું હોવા છતાં તેની સિદ્ધિ પણ થઇ શકે છે. ટાઢતાપ તેમ જ ઇન્દ્રિયોના બીજા વેગો પર પણ વિજય મેળવી શકાય છે. પરંતુ એવા વિજયી સિદ્ધ પુરુષો પણ ક્રોધ પર વિજય નથી મેળવી શક્તા. જે ક્રોધ પર વિજય મેળવે છે તે ખરેખર મહાન છે. એ જ પોતાની સાધના આરાધના કે તપશ્ચર્યાને સફળ કરી શકે છે.

ભગવાન નરનારાયણે પોતાના અસીમ યોગૈશ્વર્યથી એ પછી કેટલીક સુંદરીઓ પ્રગટ કરી. એ અનેરા રૂપલાવણ્યથી સંપન્ન, વિચિત્ર વસ્ત્રાલંકારથી વિભૂષિત તથા દિવ્ય સુવાસિત શરીરોવાળી હતી. એમને અવલોકીને સૌને આશ્ચર્ય થયું. સ્વર્ગની અદ્દભુત આકર્ષણયુક્ત અપ્સરાઓ તો એમની આગળ કશી જ વિસાતમાં નહોતી એવું કહીએ તો ચાલે. નરનારાયણે એમાંથી કોઇ પણ એક સ્ત્રીને સ્વર્ગની શોભા વધારવા માટે સ્વર્ગમાં લઇ જવા માટે સૂચવ્યું. એટલે એમના સૂચનને માન્ય રાખીને એ ઉર્વશીને એમની સાથે લઇ ગયા.

સ્વર્ગમાં પહોંચીને ઇન્દ્રના અનુચરોએ ભગવાન નરનારાયણના તપ, અક્રોધ અને નિષ્કામભાવની કથા ઇન્દ્રને કહી સંભળાવી ત્યારે એના આશ્ચર્યનો પાર ના રહ્યો.

ભગવાન નરનારાયણનો પ્રભાવ એવો અદ્દભુત હતો.

* * *

ભગવાન નરનારાયણની એ કથા શું સૂચવે છે ? સાધકે એવી રીતે અક્રોધ અથવા શાંત તો બનવાનું જ છે પરંતુ સાથે સાથે નિર્વિકાર થઇને સંસારનાં અનેકવિધ પ્રલોભનોની વચ્ચે આત્મામાં નિષ્ઠા કરીને પરમાત્માની પ્રીતિપૂર્વક શ્વાસ લેવાનો છે. આપણા સંસારમાં આજે પણ પ્રલોભનોનો પાર નથી. વિરોધી વાતાવરણ પણ ડગલે ને પગલે આવ્યા કરે છે. એથી ડર્યા ને પોતાની નિષ્ઠામાંથી ડગ્યા વિના મક્કમ રીતે આદર્શની સિદ્ધિની દિશામાં આગળ વધવાનું છે. પ્રલોભનો ગમે તેટલાં પ્રબળ હોય તો પણ પરમાત્માની કૃપા વધારે પ્રબળ છે. એ કૃપાને મેળવવાનો પ્રામાણિકપણે પ્રયત્ન કરવાથી પ્રલોભનોની વચ્ચે પણ સ્વસ્થ ને શાંત અથવા નિર્વિકાર રહેવાની શક્તિ સાંપડશે ને પરમાત્મા સર્વ સ્થળે ને સમયે સર્વપ્રકારે રક્ષા કરશે. એમની કૃપાથી પ્રાપ્ત થયેલું આત્મબળ અસાધારણ અને અમોઘ ઠરશે.

* * *

યોગીશ્વર કુમિલે રાજા નિમિને ભગવાનના સમય સમય પર થનારા અવતારોનો ઉલ્લેખ કરી બતાવ્યો. એ અવતારોના ઉલ્લેખનો મુખ્ય હેતુ પ્રેમ પ્રકટાવવાનો ને પ્રકટ થયેલા પ્રેમને પ્રબળ બનાવવાનો હતો. અવતારોનું સ્મરણમનન એટલા માટે જ કરવામાં આવે છે.

માનવના દુઃખ, અસંતોષ અને અશાંત જીવનનું એક કારણ એની વિષયવતી વૃત્તિ અથવા ઇન્દ્રિયલોલુપતા પણ છે. એને લીધે એ આત્માને અથવા પરમાત્માને ભૂલી બાહ્ય પદાર્થો કે વિષયોમાં આસક્તિ કરી બેઠો છે ને પરાધીન બન્યો છે. ને 'પરાધીન સપનેહુ સુખ નાહીં' એ રામાયણના વચન પ્રમાણે પરાધીનને સ્વપ્ને પણ સુખ ક્યાંથી હોય ?

☼ ☼ ☼ ☼ ☼

## [૭] ભગવાનની ઉપાસના

મહારાજા નિમિનો છેલ્લો પ્રશ્ન જરા જુદો હતો.

'કૃપા કરીને મને કહી બતાવો કે ભગવાન કયે વખતે કયા રંગના કયા આકારને સ્વીકારે છે અને મનુષ્ય કયાં નામો તથા કઈ વિધિથી એમની ઉપાસના કરે છે !'

એ જિજ્ઞાસાનો જવાબ છેલ્લા અને નવમા યોગીશ્વર કરભાજને આપ્યો.

સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ તથા કલિયુગમાં ભગવાનનાં નામ, રંગ અને આકાર અનેકવિધ હોય છે. અને એમની ઉપાસના પણ જુદી જુદી રીતે કરવામાં આવે છે. સત્યયુગમાં એમનો રંગ શ્વેત હોય છે. એ યુગમાં મનુષ્યો મોટે ભાગે મલિનતાથી મુક્ત, શાંત, વેરરહિત, સમદર્શી ને સૌના હિતની ભાવનાવાળા હોય છે. એ દરમિયાન મન તથા ઇન્દ્રિયોનો સંયમ સાધીને ધ્યાનયોગ દ્વારા પરમાત્માના સાક્ષાત્કારની સાધના કરવામાં આવે છે. ત્રેતાયુગમાં ભગવાનના શ્રીવિગ્રહનો રંગ લાલ હોય છે. એ યુગના મનુષ્યો ધર્મમાં નિષ્ઠાવાળા અને વેદોના પઠનપાઠનમાં પારંગત હોય છે. એ વેદો દ્વારા ભગવાન હરિની આરાધના કરે છે. દ્વાપરમાં ભગવાનના શ્રીવિગ્રહનો રંગ શ્યામ હોય છે. એ દરમિયાન ભગવાનની વૈદિક તથા તાંત્રિક વિધિથી આરાધના થાય છે. કલિયુગમાં ભગવાનના શ્રીવિગ્રહનો વર્ણ કાળો હોય છે. એમાં નામજપ અથવા કીર્તનરૂપી યજ્ઞ દ્વારા ભગવાનની ઉપાસના કરવામાં આવે છે. નામસ્મરણમાં સઘળાં સાધનો સમાઇ જાય છે. એથી ભગવાનનો સાક્ષાત્કાર થાય છે.

કલિયુગમાં ભગવાનની પ્રેમપૂર્વકની પ્રાર્થનાનો કે સ્તુતિનો મહિમા પણ ઘણો મોટો માનવામાં આવ્યો છે. એની મદદથી માણસ પરમાત્માની પાસે પહોંચીને પરમાત્માની પરમકૃપાને મેળવી શકે છે.

કલિયુગ ગમે તેટલો કાળો, કૂડો કે ક્લેશયુક્ત હોય તો પણ એનો આધાર લઇને માનવ ઇશ્વરનું શરણ ગ્રહીને સહેલાઇથી તરી શકે છે ને સુખશાંતિ મેળવે છે. આ યુગમાં ઇશ્વરનું શરણ લઇને એવી રીતે ધન્ય થઇ ચૂકેલા સજ્જનો, સમાજસેવકો, સંતો ને ભક્તો કેટલાય થયા છે. આપણે પણ એમનામાંના એક બની શકીએ. નર જો કરણી કરે તો કશું જ અશક્ય નથી. એ નારાયણ ના બને તો પણ નારાયણમય તો થઇ જ શકે.

પરમકૃપાળુ પરમાત્માનું સાચા દિલથી શરણ લેનાર ને સ્મરણમનન કરનાર ભક્ત કદી પાપકર્મમાં પ્રવૃત્ત થઇ શકે ખરો ? ના. પાપકર્મમાં એની પ્રવૃત્તિ ભૂલેચૂકે પણ નથી થઇ શક્તી. પૂર્વના કોઇક કુસંસ્કાર કે આ જન્મની કોઇક દુર્વાસનાને લીધે કદાચ એ પાપકર્મમાં કોઇવાર પ્રવૃત્ત થતો દેખાય તો પણ ભગવાનની ભક્તિ ને શરણાગતિના સુપરિણામરૂપે એ કુસંસ્કાર કે દુર્વાસના દૂર થાય છે, એને સદ્દબુદ્ધિ તથા શક્તિ સાંપડે છે. એના હૃદયમાં વિરાજેલા ભગવાન હૃદયને સંપૂર્ણપણે વિશુદ્ધ બનાવી દે છે. એટલે દુરાચારી કે કુકર્મપરાયણ પુરુષ પણ ભગવાનનું શરણ લઇને ભગવાનની ભક્તિના પ્રભાવથી સદાચારી તથા સત્કર્મપરાયણ બની જાય છે. મનથી, વચનથી ને વર્તનથી વિમળ થાય છે.

* * *

યોગીશ્વરોના સદ્ઉપદેશના શ્રવણથી મિથિલાનરેશ મહારાજા નિમિની પ્રસન્નતાનો પાર ના રહ્યો. એમની જિજ્ઞાસાવૃત્તિ શાંત ને સાર્થક થઇ. એમણે એ દિવ્ય યોગીશ્વરોની પૂજા કરી એટલે એ યોગીશ્વરો સૌના દેખતાં અદૃશ્ય થઇ ગયા. ભાગવતમાં એની સ્પષ્ટતા કરતાં સારવાહી શબ્દોમાં કહ્યું છે કે :

**ततोऽन्तर्दाघरे सिद्धाः सर्वलोकस्य पश्यतः ।**

(સ્કંધ ૧૧, અધ્યાય ૫, શ્લોક ૪૪ પૂર્વાર્ધ)

એ વર્ણન પરથી પ્રતીતિ થાય છે કે એ સર્વે યોગીશ્વરો કેવળ આત્મજ્ઞાની નહોતા પરંતુ અસાધારણ યોગશક્તિથી સંપન્ન અથવા સાચા અર્થમાં સિદ્ધ હતા. એમને ઇચ્છાનુસાર અદૃશ્ય થવાની ને પ્રકટ બનવાની શક્તિ પ્રાપ્ત હતી.

રાજા નિમિએ એમના સદ્ઉપદેશના શ્રવણમાં જ સંતોષ માનીને બેસી રહેવાને બદલે એ સદ્ઉપદેશના સારતત્વને જીવનમાં ઉતારીને જીવનને ઉજ્જવળ ને સફળ કર્યું. સદ્ઉપદેશ ગમે તેટલો સુંદર, સારગર્ભિત ને શ્રેષ્ઠ હોય તો પણ જીવનમાં ઉતારવામાં ના આવે ત્યાં સુધી સફળ કે સાર્થક નથી થતો. અધુરો રહે છે.

દેવર્ષિ નારદના શ્રીમુખથી યોગીશ્વરોની એ કથા સાંભળીને વસુદેવ તથા દેવકીને ખૂબ જ પ્રેરણા મળી. એમના જીવનમાં રહેલા રહ્યાસહ્યા મોહાંકુરો અવિદ્યાના સૂક્ષ્માતિસૂક્ષ્મ બીજ સાથે દૂર થયા.

* * *

દેવર્ષિ નારદની વિદાય પછી બ્રહ્મા, શંકર તથા ઇન્દ્રાદિ સાથે ભગવાન કૃષ્ણના દર્શન માટે દ્વારકાપુરીમાં પહોંચ્યા. એમણે ભગવાન કૃષ્ણના દૈવી દર્શનનો લાભ લીધો. એમના મૂળ સ્વરૂપને જાણતા હોવાથી એમને અસાધારણ આનંદ થયો.

દેવોએ ભગવાન કૃષ્ણની પ્રેમપૂર્ણ પ્રશસ્તિ કરીને કહ્યું કે તમને અવતાર લીધે એકસો પચીસ વરસ થયા છે. તો ઉચિત લાગે તો તમારા પરમધામમાં પધારવાની કૃપા કરો.

ભગવાને જણાવ્યું કે મારા જીવનનું કાર્ય હજુ શેષ છે. તેને પૂરું કરીને હું પરમધામમાં પ્રવેશ કરીશ. યાદવો ધનવૈભવ, સુખસંપત્તિ ને ભૌતિક બળથી અહંકારી ને ઉન્મત્ત બની ગયા છે. એ સમસ્ત સંસાર પર શાસન કરવાનાં સ્વપ્નાં સેવે છે. એમનો અંત આણવાની આવશ્યકતા છે. એ પછી જ પરમધામમાં પ્રવેશી શકીશ.

☼ ☼ ☼ ☼ ☼

## [૮] દત્તાત્રેયના ચોવીસ ગુરુ - ૧

ભાગવતના એકાદશ સ્કંધના સાતમાથી નવમા અધ્યાય સુધી ભગવાન દત્તાત્રેયની જીવનકથાનો સંક્ષિપ્ત પરિચય કરાવવામાં આવ્યો છે. એ પરિચય ભગવાન કૃષ્ણે ઉદ્ધવને કરાવ્યો છે. દત્તાત્રેયની એ જીવનકથા ખૂબ જ પ્રેરક છે. એ સૂચવે છે કે માનવની પાસે જો ગુણગ્રાહી દૃષ્ટિ ને વિવેકશક્તિ હોય તો એ પ્રત્યેક સ્થળે ને પળે, સમસ્ત સંસાર પાસેથી ઘણું ઘણું શીખી શકે છે. એને સારુ સમસ્ત સંસાર વિશાળ વિશ્વવિદ્યાલય જેવો બની જાય છે. એવો એક પણ પ્રસંગ કે પદાર્થ નથી હોતો જે એને પ્રકારાંતરે પોતાની રીતે એક અથવા બીજી જાતની શિક્ષાદીક્ષા ના પૂરી પાડતો હોય. પ્રકૃતિ અને જગતના જીવોનું પાર્થિવ જીવન એને માટે પ્રેરણાની અવનવી અદ્યતન સામગ્રી પૂરી પાડનાર થઇ પડે છે. ભગવાન દત્તાત્રેયે એવી અસાધારણ સામગ્રીની પ્રાપ્તિ કરીને ચોવીસ ગુરુ કરીને જીવનવિકાસમાં મદદ મેળવેલી. એ ગુરુઓ કોઇ મોટા મહંતો, મહામંડલેશ્વરો, પરમહંસો, પરિવ્રાજકાચાર્યો, પંડિતો, શાસ્ત્રજ્ઞો કે વિશ્વવિદ્યાલયોના વિખ્યાત ડીગ્રીધરો નહોતા. એમાં પંચ મહાભૂતો, કેટલાંક પક્ષીઓ, સામાન્ય મનુષ્યો અને એક વેશ્યા પણ હતી એ જાણીને આપણામાંના અનેકને આશ્ચર્ય થશે તો પણ એ સાચું હતું અને એમની પાસેથી એમને જીવનોપયોગી પ્રેરણા મળેલી એ પણ એટલું જ સાચું હતું. માનવની વિવેકરૂપી આંખ ઊઘાડી હોય તો એને વહેતાં ઝરણાંમાં, સરિતામાં ને સિંધુના તરંગોમાં શાસ્ત્રો દેખાય છે ને પ્રત્યેક પરમાણુમાં સદ્ઉપદેશ. જીવન એને સારુ સંહિતા બને છે અને એને શિક્ષા ધરે છે.

ઉપનિષદ કહે છે કે 'आत्मा वै गुरुः' એ કથન પ્રમાણે જીવન નિર્મળ ને સાત્વિક બને છે એટલે માનવને પોતાની અંદરથી જ પ્રેરણા તથા પ્રકાશ મળે છે. એનો આત્મા જ એનો માર્ગદર્શક ગુરુ થાય છે. ભગવાન દત્તાત્રેયની અવસ્થા એવી અસાધારણ હતી. ભાગવત એની સાક્ષી પૂરે છે. એ લોકગુરુના પરમપવિત્ર પદ પર પહોંચી ચૂકેલાં ને ધન્ય બનેલા. એમના જેવા પવિત્ર ને ગુણદર્શી ધન્ય પુરુષો અવનીમાં બહુ ઓછા મળે. બીજાના ગુરુ થવા તૈયાર થનારા ને બીજાને ઉપદેશ આપવા અધીરા બનનારા માનવો તો મોટી સંખ્યામાં મળી આવે પરંતુ બીજાને ગુરુભાવે જોનારા ને જીવનોપયોગી ઉપદેશને ગ્રહણ કરનારા તો કોઇક વિરલ જ હોય. ભગવાન દત્તાત્રેય એવા એક વિરલ પુરુષવિશેષ હતા. એવા વિરલ પુરુષવિશેષના સમાગમનું સદ્દભાગ્ય પણ જવલ્લે જ મળે છે. એને માટે ઇશ્વરની કૃપા જોઇએ. રાજા યદુની ઉપર એવી કૃપા થવાથી એમને એમનો સમાગમ થયો.

ધર્મના પરમ મર્મજ્ઞ રાજા યદુએ એકવાર એક ત્રિકાળજ્ઞ તરુણ અવધુત બ્રહ્મર્ષિને નિર્ભયતાપૂર્વક વિચરતા જોઇને પૂછયું કે તમે કોઇ કર્મ કરતા નથી દેખાતા ને શિશુની પેઠે સરળ, નિષ્કપટ, નિષ્પાપ ભાવે વિચરો છો તે છતાં પણ તમને અસાધારણ બૌદ્ધિક પ્રતિભાની પ્રાપ્તિ કેવી રીતે થઇ ? તમે પરમ પ્રાજ્ઞ છો અને તમારી વાણીમાંથી અમૃત ટપકે છે, તો પણ જડ, ઉન્મત્ત કે પિશાચની જેમ રહો છો. તમે મુક્ત જેવા દેખાવ છો. આખી દુનિયા કામના, વાસના અને દુઃખના દાવાગ્નિમાં જલી રહી છે ત્યારે તમે આવી અસીમ શાંતિનો અને આવા અનિવર્ચનીય અખંડ આનંદનો અનુભવ કેવી રીતે કરી રહ્યા છો ? તમારી આ કૃતકૃત્ય આત્મતૃપ્ત અવસ્થાનું રહસ્ય શું છે ?

મહારાજા યદુના વિશુદ્ધ ભક્તિભાવને વિલોકીને દત્તાત્રેયે પ્રસન્નતાપૂર્વક એમના જીવનની ધન્યતાનું રહસ્યોદ્દઘાટન કરતાં જણાવ્યું કે મને કેટલાય ગુરુઓનો આશ્રય મળવાથી જ હું મુક્તાવસ્થાની અનુભૂતિ કરી શક્યો છું. મારા એ ગુરુઓના નામ આ રહ્યા : પૃથ્વી, વાયુ, આકાશ, પાણી, અગ્નિ, ચંદ્ર, સૂર્ય, કબુતર, અજગર, સમુદ્ર, પતંગિયું, ભ્રમર અથવા મધમાખી, હાથી, મધ કાઢનાર, મૃગ, માછલી, પિંગલા વેશ્યા, સમડી, શિશુ, કુમારી, બાણ બનાવનાર, સાપ, કરોળિયો અને કીડો.

એમની દ્વારા સાંપડેલી શિક્ષાને કહી બતાવું.

ભગવાન દત્તાત્રેયે પોતાના અનુભવના આધાર પર આગળ કહેવા માંડ્યું કે પૃથ્વીની પાસેથી મને ધૈર્યની ને ક્ષમાની શિક્ષાની પ્રાપ્તિ થઇ છે. પૃથ્વી પર લોકો ચાલે છે, ભારેખમ વજનો મૂકે છે, અનેક પ્રકારના આઘાત અને ઉત્પાત કરે છે, તો પણ તે ડરતી નથી, પોકારો નથી પાડતી, ફરિયાદ નથી કરતી, વિરોધનો અવાજ નથી નોંધાવતી, ને શાંત રહે છે. એ સહનશીલતાની મૂર્તિ છે. માનવે પણ એવી જ રીતે સહનશીલતા, ક્ષમા, ધૈર્ય ને શાંતિની મૂર્તિ બનીને બનતી સ્થિરતાપૂર્વક સંસારમાં શ્વાસ લેવો જોઇએ. પોતાની નિષ્ઠાને એણે કદાપિ, કોઇયે કારણે ને કોઇયે સંજોગોમાં ના છોડવી જોઇએ.

પર્વત ને વૃક્ષ પૃથ્વીના વિકારો છે. એમનો આવિર્ભાવ બીજાના હિતને માટે છે. એવી રીતે મનુષ્યનું જીવન એની સમગ્ર શક્તિ તેમ જ સંપત્તિ સાથે બીજાના હિતને માટે જ હોવું જોઇએ. પોતાના જીવનમાં એ કોઇને છાયા આપે, પ્રસન્નતા પૂરી પાડે ને નવજીવન બક્ષે એ જરૂરી છે.

ભગવાન દત્તાત્રેયે વૃક્ષો ને પર્વતો પાસેથી સંદેશ પ્રાપ્ત કર્યો.

એ પછીના એમના સંદેશપ્રદાયક સદ્દગુરુ પ્રાણવાયુએ પણ એમને જીવનોપયોગી દૈવી દૃષ્ટિ પુરી પાડી. પ્રાણવાયુ પાસેથી એ શું શીખ્યા ? પ્રાણવાયુ માત્ર આહારની અપેક્ષા રાખે છે અને એની પ્રાપ્તિથી સંતોષાય છે તેમ સાધકે પણ જીવનનિર્વાહ જેટલું જ ભોજન કરવું. ઇન્દ્રિયોના આનંદ માટે વધારે ભોગોપભોગની ઇચ્છા ના રાખવી. શરીરની બહારનો વાયુ વિભિન્ન સ્થાનોમાં વસવા તથા વિહરવા છતાં ક્યાંય આસક્તિ નથી કરતો ને કોઇની અસર નીચે નથી આવતો તેવી રીતે સાધક પણ આવશ્યકતાનુસાર જુદા જુદા ગુણધર્મવાળા વિષયો અથવા વાતાવરણની વચ્ચે વસવા કે વિચરવા છતાં પણ કશામાં આસક્તિ કર્યા વગર પોતાની નિષ્ઠામાં સ્થિર રહે ને પોતાના ધ્યેયનું વિસ્મરણ ના કરે. કોઇનો રાગ ના કરે કે કોઇની સાથે દ્વેષભાવ પણ ના રાખે. ગંધ વાયુનો ગુણ નથી, પૃથ્વીનો ગુણ છે તો પણ વાયુને ગંધનું વહન કરવું પડે છે. તે છતાં પણ વાયુની વિમળતામાં કશો ફેર નથી પડતો. સાધકનો સંબંધ પણ જ્યાં સુધી આ પાર્થિવ સ્થૂળ શરીર સાથે હોય છે ત્યાં સુધી એને ક્ષુધાતૃષા તથા વ્યાધિ ને વૃદ્ધાવસ્થાનું વહન કરવું પડે છે. પરંતુ એ સમજે છે કે પોતે અંગ નથી પરંતુ આત્મા છે. એવી સુદૃઢ સમજને લીધે અંગનો અને એના ગુણધર્મોનો આશ્રય હોવા છતાં એ એમનાથી અલિપ્ત રહે છે.

* * *

ઘટ, મઠ જેવાં જુદા જુદા પદાર્થો ચલ હોય કે અચલ તો પણ એમને આશ્રય આપનારું આકાશ એક અને અખંડ જ હોય છે. એવી રીતે જડચેતન સ્થૂળસૂક્ષ્મ શરીરોમાં આત્મરૂપે વિરાજમાન બ્રહ્મ છે જ. સાધકે એ અવિનાશી સર્વવ્યાપક આત્માનું અખંડ રીતે દર્શન કરવું. આગ લાગે, વૃષ્ટિ વરસે, અનાજ ઉત્પન્ન થાય ને

નષ્ટ બને, વાદળ આવે ને પસાર થઇ જાય, તો પણ આકાશ એ બધાથી અલિપ્ત રહે છે. એને કશાની અસર નથી થતી. એવી રીતે જુદાં જુદાં નામરૂપ સર્જાય છે ને પ્રલય પામે છે તો પણ આત્માની ઉપર એનો કશો પણ પ્રભાવ નથી પડતો. એ સદા અલિપ્ત અને અસ્પર્શ્ય રહે છે.

* * *

ભગવાન દત્તાત્રેયે પાણી તથા પાવક પાસેથી કયો સંદેશ ગ્રહણ કર્યો ?

'પાણી સ્વભાવથી જ પવિત્ર, રસમય, કોમળ, મધુર તથા પવિત્રતાને પ્રદાન કરનારું હોય છે. તેવી રીતે આત્મવિકાસના મંગલ માર્ગે મહાપ્રસ્થાન કરનારા મનનશીલ માનવે પણ પવિત્ર, રસમય, કોમળ, મધુર ને બીજાનો પાન કરનારા થવું જોઇએ. પાણીની પાસેથી પદાર્થપાઠ લેનારો માનવ પોતાના દર્શન, સ્પર્શન, સ્મરણ તથા સંકીર્તનથી સંસારને પવિત્ર કરી દે છે.'

અગ્નિ પરમ પ્રકાશમય, તેજસ્વી કે ગૌરવશાળી હોય છે, એને કોઇ પોતાના તેજથી દબાવી કે ડારી નથી શક્તું, એની પાસે પરિગ્રહનું કોઇ પણ પાત્ર નથી હોતું, બધું પોતાની અંદર સમાવી લે છે, અને સર્વભક્ષી હોવા છતાં પણ સૌની અસરથી અલિપ્ત રહે છે, તેવી રીતે સાધકે પણ પરમ તેજસ્વી, તપઃપૂત, ઇન્દ્રિયોથી અપરાજિત, અપરિગ્રહી અને અલિપ્ત થવું જોઇએ. એ મન તથા ઇન્દ્રિયોને વશમાં રાખે અને અન્યના સંગદોષથી મુક્ત રહે. અગ્નિની પેઠે એ પણ ક્યાંક પ્રકટ રહે તો ક્યાંક અપ્રકટ. કોઇવાર એવા સ્વરૂપે પ્રકટ થાય કે કલ્યાણની કામનાવાળા પુરુષો એની આરાધના કરીને લાભ ઉઠાવી શકે. અગ્નિને વાસ્તવિક રીતે એક અથવા બીજી જાતનો આકાર ના હોવા છતાં એ જુદાં જુદાં કાષ્ઠોમાંથી જુદાં જુદાં રૂપ સાથે પ્રકટતો દેખાય છે તેવી રીતે આત્મા પણ સર્વ વ્યાપક અને આકારરહિત હોવા છતાં જગતના પદાર્થોના સંપર્કમાં આવવાથી જુદી જુદી રીતે પ્રતીત થાય છે. એ એની માયાશક્તિનું પરિણામ છે.

ચંદ્રે તથા સૂર્યે પણ ભગવાન દત્તાત્રેયને જીવનોપયોગી સનાતન સંદેશ પુરો પાડ્યો. ચંદ્રની કળાઓ કાળની અકળ ગહન ગતિને લીધે ઘટે છે ને વધે છે તો પણ ચંદ્ર તો ચંદ્ર જ રહે છે. એની અંદર વધારો કે ઘટાડો નથી થતો. તેવી રીતે જન્મથી મૃત્યુ સુધીની અવસ્થાઓ શરીરની હોવાથી આત્મા એમનાથી અલિપ્ત છે. આત્માને એ અવસ્થાની અસર નથી થતી.

સૂર્ય પોતાનાં કિરણોથી પૃથ્વી પરના પાણીને શોષે છે ને સમય પર પાછું વરસાવે છે તેવી રીતે યોગી ઇન્દ્રિયોના વિષયોને ગ્રહણ કરીને ઇચ્છાનુસાર ત્યાગી દે છે. એને કોઇ પણ પદાર્થમાં કે વિષયમાં અહંતા, મમતા અથવા આસક્તિ નથી હોતી. પાણીના જુદાં જુદાં પાત્રોમાં પ્રતિબિંબ પામેલો સૂર્ય ભિન્ન ભિન્ન દેખાતો હોવા છતાં વસ્તુતઃ ભિન્ન ભિન્ન નથી હોતો પરંતુ એક જ હોય છે તેવી રીતે ઉપાધિભેદને લીધે પ્રત્યેક વ્યક્તિમાં આત્મા અલગ અલગ લાગતો હોવા છતાં અલગ અથવા અનેકવિધ નથી પરંતુ સ્વરૂપતઃ એક જ છે.

* * *

કબૂતર પાસેથી પણ દત્તાત્રેયને પ્રેરણાની પ્રાપ્તિ થઇ. એક અરણ્યમાં રહેનારા કબૂતરે એક સુંદર વિશાળ વૃક્ષ પર માળો કરેલો. એ માળામાં એણે વરસો સુધી કબૂતરી સાથે વાસ કર્યો. એ બંનેની પારસ્પરિક પ્રીતિનો પાર ન હતો. આસક્તિની મજબૂત ગ્રંથિથી એ બંનેના અંતરાત્મા બંધાઇ ગયેલા. કબૂતર કબૂતરીની

ઇચ્છાનુસાર કરવા સદા તૈયાર રહેતું અને કબૂતરી પણ એની કામના પૂરી કરતી. વખતના વીતવાની સાથે એમને સંતાન થયાં. પોતાનાં સુકોમળ સુંદર બચ્ચાંને દેખીને બંને આનંદમગ્ન બની ગયાં અને આસક્તિ કરી બેઠાં. એમને જીવન સ્વર્ગસુખદ અને ધન્ય લાગવા માંડ્યું.

એક વાર એ બચ્ચાંને માટે જંગલમાં ખાવાનું લેવા ગયેલાં ત્યારે કોઇક શિકારીએ જાળ ફેલાવીને એ બચ્ચાંને પકડી લીધાં. બચ્ચાં જાળમાંથી છૂટવા માટે કલ્પાંત કરવા લાગ્યાં. કબૂતર તથા કબૂતરી પાછાં આવીને એમને એ દશામાં દેખીને ખૂબ જ દુઃખી થયાં. કબૂતરી એમને બચાવવા માટે દોડી ને જાળમાં ફસાઇ ગઇ. કબૂતરના દુઃખનો પાર ના રહ્યો. એને જીવન અને જગત નીરસ લાગ્યું. આસક્તિથી અંધ બનીને એ પણ જાળમાં પડ્યું. શિકારી એ સૌને લઇને ચાલી નીકળ્યો.

ભગવાન દત્તાત્રેયને એ ઘટનામાંથી સરસ શિક્ષા સાંપડી :

नातिस्नेहः प्रसंगो वा कर्तव्यः ववापि केनचित् ।

कुर्वन् विंदेत संतापं कपोत इव दीनधीः ॥

(અધ્યાય ૭, શ્લોક પર)

'કોઇની સાથે અતિશય સ્નેહ ના કરવો અને કોઇની કદી વધારે પડતી આસક્તિ પણ ના રાખવી કારણ કે એને લીધે બુદ્ધિ પરાધીન ને દીન બનશે ને કબૂતરની પેઠે પીડા કે ક્લેશ ભોગવવો પડશે.'

* * *

'મનુષ્યશરીર મુક્તિનું મંગલમય દ્વાર છે. એને મેળવીને જે કબૂતરની જેમ ગૃહાદિમાં આસક્તિ કરીને અંધ બને છે તે આરૂઢચ્યુત કહેવાય છે. સુંદર દેવદુર્લભ માનવજીવનને મેળવીને એ આત્મમોન્નતિની દિશામાં આગળ વધવાને બદલે પાછળ પડે છે અથવા બરબાદ બને છે.'

* * *

અજગરે એમને પ્રારબ્ધના ઉપભોગમાં પ્રસન્ન ને શાંત રહેવાનો સંદેશ આપ્યો. જીવોને એમની ઇચ્છા વગર, વિના પ્રયત્ને, રોકવાનો પ્રયત્ન કરવા છતાં પણ, પૂર્વકર્માનુસાર દુઃખ આવી મળે છે તેવી રીતે સુખની પ્રાપ્તિ પણ થયા કરે છે. એટલા માટે સુખ તથા દુઃખના રહસ્યને જાણનારા બુદ્ધિશાળી પુરુષે એને માટે કશો પ્રયત્ન ના કરવો. વગર માગે, ઇચ્છા કર્યા વગર જે પણ મળે તેમાં પ્રસન્ન રહેવું.

આપણે ત્યાં કહેવાય છે પણ ખરું કે :

'અજગર કરે ન ચાકરી, પંછી કરે ન કામ;

દાસ મલૂકા યોં કહે સબકા દાતા રામ.'

મલૂકદાસની એ ઉક્તિ અને ભાગવતનો પેલો સંદેશ ત્યાગી કે વિરક્તોને માટે કદાચ આદર્શ અને અનુકરણીય હોઇ શકે પરંતુ જીવનનું ઘડતર તથા જીવનનો વિકાસ કરવા માગતા વ્યવહારપરાયણ પુરુષો તો બે હાથ જોડીને બેસી ના રહી શકે. એમણે પુરુષાર્થ કરવો જ જોઇએ. ત્યાગીઓ ને વિરક્તો પણ પુરુષાર્થ કરે છે તો એ પુરુષાર્થ સાથે છૂટાછેડા ના જ લઇ શકે. પોતાના જીવનને દુઃખરહિત, સુખમય, સમૃદ્ધ ને સમુન્નત કરવાનો શક્ય પ્રયત્ન સૌ કોઇએ કરવો જ રહ્યો. પરંતુ એ પુરુષાર્થ ફળે ત્યારે અહંકારી કે ઉન્મત્ત ના થવું, ભાન ના ભૂલી જવું, ને પુરુષાર્થ ના ફળે ત્યારે નાસીપાસ કે નિરાશ ના બનવું ને જીવનમાંથી શ્રદ્ધાને

ખોવી નહિ. એવે વખતે માનવું કે પ્રારબ્ધનો કોઇક એવો અદૃષ્ટ યોગ પુરુષાર્થને નથી ફળવા દેતો. શુભ અને અશુભ, અનુકૂળ અને પ્રતિકૂળ બંને પ્રકારની પરિસ્થિતિમાં બને તેટલા સ્વસ્થ, શાંત ને પ્રસન્ન તો રહેવું જ. ભાગવતના સંદેશનું એ સારતત્વ પાંતજલ યોગદર્શન પણ **'हेयंदुःखमनागतम्'** કહીને જે દુઃખ આવ્યું નથી પરંતુ આવવાનો સંભવ છે તેને દૂર કરવા કે તેની શક્યતાને ટાળવા અત્યારથી જ સત્કર્મોનું અનુષ્ઠાન કરવાની પ્રેરણા પૂરી પાડે છે. એ પ્રેરણાને અનુસરીને તો ભગવાને જગતના પરિત્રાણ માટે પ્રયત્નો કરતા અવતારો લીધા છે. એમના અનેકવિધ અવતારોનું પ્રયોજન પરહિતનું જ છે. એટલે ભારતીય શાસ્ત્રોનો ને સંતોનો સંદેશ અકર્મનો નથી પરંતુ કર્મનો છે, ને ભાગવત તથા એના સંતો પણ એમાં અપવાદરૂપ નથી જ. માટે ભગવાન દત્તાત્રેય રાજા યદુની જિજ્ઞાસાને સંતોષવા આ સુંદર સદ્ઉપદેશ આપી રહ્યા છે. એ કોઇ પણ પ્રકારના પ્રયત્નમાં માનતા હોત તો પોતાનું શ્રીમુખ ખોલતાં જ શા માટે ?

☼ ☼ ☼ ☼ ☼

## [૯] દત્તાત્રેયના ચોવીસ ગુરુ - ૨

ભગવાન દત્તાત્રેય પોતાના સ્વાનુભવના આધાર પર કહે છે કે સમુદ્રે પણ મને શાશ્વત સંદેશ પૂરો પાડ્યો છે. સાધકે સમુદ્રની પેઠે સદાય પ્રસન્ન ને ગંભીર રહેવું જોઇએ. એનો ભાવ ઊંડો, અનંત અને અલૌકિક હોવો જોઇએ. એ કદી ક્ષુબ્ધ ના થાય કે બેચેન ના બને, વરસાદના દિવસોમાં સરિતાઓના પૂરને લીધે સમુદ્ર વધતો નથી ને ઉનાળામાં ઘટતો નથી તેવી રીતે સાધકે પણ સઘળાં સંજોગોમાં શાંત રહેવું. દુન્યવી પદાર્થોની પ્રાપ્તિથી વધારે પડતાં પ્રફુલ્લિત બનીને અને એમની અપ્રાપ્તિથી ઉદાસ કે દુઃખી થઇને ભાન ના ભૂલવું.

દત્તાત્રેયે પતંગિયાને પણ ગુરુ કર્યું છે. પતંગિયું શું કરે છે ? રૂપથી આકર્ષાઇ, મોહિત થઇ, અંજાઇને અગ્નિમાં પડે છે ને બળી મરે છે. ઇન્દ્રિયોને ને મનને સંયમમાં ના રાખનારી વ્યક્તિ પણ શરીરના સૌન્દર્યમાં ને હાવભાવમાં આસક્તિ કરીને ભાન ભૂલે છે ને પતનની ગર્તામાં પડે છે. જે અજ્ઞાનને લીધે બાહ્ય પદાર્થોની મમતા કરે છે ને સ્ત્રી કે પુરુષમાં ફસાય છે તે દુઃખી થાય છે, અશાંત બની જાય છે, અને આત્મકલ્યાણથી વંચિત બને છે. માટે સાધકે સદ્દબુદ્ધિસંપન્ન, સાવધાન ને સદાચારી રહેવું. ભૂલેચૂકે પણ વિવેકભ્રષ્ટ તથા વિષયાધીન ના બનવું.

ભાગવત સ્ત્રીને દેવમાયા કહે છે. એ ઇશ્વરની માયા છે એ સાચું પરંતુ એનો ભય કોને છે ? વિકારી વૃત્તિ કે મલિન દુર્વાસનાપૂર્ણ દૃષ્ટિવાળાને. એને માટે એ મહામાયા બને છે ને મારક ઠરે છે. પરંતુ જેની વૃત્તિ તથા દૃષ્ટિ નિર્મળ છે તેને માટે તો તે તારક થાય છે. સ્ત્રીને નિહાળીને પરમાત્માની મહાન શક્તિનો કે જગદંબાનો વિચાર કરવો જોઇએ. એવા વિચાર સાથે એનું દર્શન કરવાથી મનમાં મલિન ભાવો કે વિચારો નહિ ઊઠે. એની સાથેનો વ્યવહાર વિશદ બનશે.

ભ્રમર જુદાં જુદાં પુષ્પોનો સાર ગ્રહણ કરે છે અને ક્યાંય પણ આસક્તિ નથી કરતો. તેવી રીતે ત્યાગી, તપસ્વી, વિરક્ત કે સંન્યાસી પુરુષે સંસારીઓ સાથે જરૂર જેટલો જ સંબંધ રાખવો. કોઇ ઠેકાણે મમતા અથવા આસક્તિ ના કરવી, બધેથી સાર ગ્રહણ કરવો, અને સમાજ પાસેથી પોતાના જીવનનિર્વાહ પૂરતું ઓછામાં ઓછું લઇને પવિત્ર તથા તપપરાયણ જીવન નિર્ગમન કરવું ને સમાજને સેવારૂપે પોતાની બુદ્ધિ, શક્તિ અને અનુભૂતિની મદદથી બને તેટલું વધારે અર્પણ કરવા તૈયાર રહેવું. જુદાંજુદાં ધર્મગ્રંથોમાંથી એણે જીવનોપયોગી પ્રેરણાની પ્રાપ્તિ કરવી. ધન, સંપત્તિ તથા બીજી ભૌતિક સામગ્રીનો સંગ્રહ ના કરવો.

* * *

હાથીને પકડવા માગનારા કેવી કરામત કરે છે તે સર્વવિદિત છે. એ લોકો ઊંડો ખાડો ખોદીને એને ઘાસથી ઢાંકી દે છે અને એની ઉપર કાગળની હાથિણીને ઊભી રાખે છે. એને દેખીને હાથી ત્યાં મદોન્મત્ત બનીને દોડી આવે છે અને ખાડામાં પડીને ફસાઇ જાય છે. હાથીને પકડનારા માણસોનું કામ એવી યુક્તિપ્રયુક્તિથી સહેલું બને છે. ત્યાગી, સંન્યાસી કે વિવેકી પુરુષે એ વાતને યાદ રાખીને લાકડાની કે કાગળની સ્ત્રીનો પણ સ્પર્શ ના કરવો. નહિ તો એ આસક્ત થઇને બરબાદ બની જશે.

* * *

મધમાખીને પણ દત્તાત્રેય ભગવાને ગુરુપદે સ્થાપી છે. મધમાખી કેટલો બધો પરિશ્રમ કરીને મધપુડાને તૈયાર કરે છે ? છતાં પણ એમના નસીબમાં એ મધપુડાના મધનો ઉપભોગ કરવાનું નથી હોતું. મધ કાઢનારો માણસ મધપુડાને લઇ જાય છે. માખીઓ એનો બનતી બધી જ રીતે વિરોધ કરે છે તો પણ એમનું કશું જ નથી વળતું. લોભીના ચિરકાલીન પરિશ્રમથી સંચિત કરેલા ધનની પણ એવી જ દશા થાય છે. એ ધનને એ સ્વયં નથી ભોગવતો ને બીજાના હિતને માટે પણ નથી વાપરતો. એનો ઉપભોગ કોઇ બીજાના ભાગ્યમાં જ લખાયેલો હોય છે. જે સંપત્તિનો ઉપભોગ પોતાની સુખાકારી માટે ને બીજાના કલ્યાણ કાજે થાય તે જ સંપત્તિ કામની અને બીજાને માટે આશીર્વાદરૂપ છે. એવી સંપત્તિનો સંગ્રહ સફળ છે. સંપત્તિનો તિરસ્કાર કરવાને બદલે સદુપયોગ કરવા તરફ વધારે ને વધારે ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ.

* * *

શિકારીના સમધુર સંગીતથી સંમોહિત બનીને હરણ એના હાથમાં ફસાઇ જાય છે. એના પરથી પદાર્થપાઠ લઇને આત્મોન્નતિ કરવાની ઇચ્છાવાળા સાધકે કે તપસ્વીએ વૃત્તિઓને ઉશ્કેરનારાં કામોત્તેજક ગીતોને ના સાંભળવાં જોઇએ. આજે તો રેડિયોનો શોખ વધ્યો છે અને એના પરથી જુદાં જુદાં કેટલીય જાતનાં ગીતો પ્રવાહિત થાય છે. એમની અસર માનવના મન પર ઘણી મોટી થાય છે. આજના યુવકવર્ગે પણ એમના શ્રવણની પસંદગીમાં પૂરતો વિવેક જાળવવો જોઇશે. એવા વિવેક વગર જીવનના વિકાસમાં હાનિ પહોંચશે. જે નિયમ શ્રવણને તે જ દર્શનને પણ લાગુ પડે છે. જુદાં જુદાં દૃશ્યોને જોવામાં પણ વિવેકી બનવું જોઇએ.

* * *

માછલીના સંબંધમાં શું બને છે ? એને પકડનારા હરિદ્વાર, ઋષિકેશના પવિત્ર ગંગાતટ પર પણ પહોંચી જાય છે. ત્યાંના લોકો એમને માછલી પકડતાં અટકાવે તો પણ એમનું માન્યા વગર એ એમના કામમાં મશગુલ રહે છે. એ કેટલીકવાર માછલીને કળાપૂર્વક પકડતાં હોય છે. કાંટામાં લગાડેલા માંસ પીંડથી આકર્ષાઇને માછલી એને ખાવાનો પ્રયાસ કરીને નાશ પામે છે તેવી રીતે જીભના આસ્વાદમાં આસક્ત બનનારો મનુષ્ય પણ આખરે અશાંત અને બરબાદ બને છે. સાધકે સ્વાદજયની સાધનામાં સફળ બનવું જોઇએ. કેટલાક લોકો પોતાના પ્રિય ખાદ્યપદાર્થને દિવસો સુધી નથી ખાતા અને એક દિવસ એની ઉપર અકરાંતિયાની જેમ તૂટી પડે છે તેથી સ્વાદજય નથી થતો. કેટલાક સાધુઓ પદાર્થોને ભેગા કરીને ખાવાની ટેવ પાડે છે પરંતુ એને લીધે પણ એક પ્રકારનો નવો સ્વાદ પેદા થાય છે. એટલે એ સંબંધમાં ખૂબ જ સાવધાન રહીને જીભને વશ કરવી જોઇએ. ભગવાન દત્તાત્રેય તો ત્યાં સુધી કહે છે કે 'બીજી બધી જ ઇન્દ્રિયો પર વિજય મેળવવા છતાં પણ માનવ જ્યાં સુધી રસનેન્દ્રિયને વશ નથી કરતો ત્યાં સુધી જીતેન્દ્રિય નથી બની શકતો. રસનેન્દ્રિયને વશ કરવાથી બીજી બધી જ ઇન્દ્રિયો વશ થઇ જાય છે.'

* * *

પોતાના એ અદ્દભુત અનુભવના અનુસંધાનમાં ભગવાન દત્તાત્રેય આગળ કહે છે :

पिंगला नाम वेश्याङ्ङसीद् विदेहनगरे पुरा ।
तस्या मे शिक्षितं किचिन्निबोध नृपनंदन ॥

(અધ્યાય ૮, શ્લોક ૨૨)

'નૃપનંદન ! કેટલાક કાળ પહેલાં વિદેહનગરી મિથિલામાં પિંગલા નામની એક વેશ્યા રહેતી હતી. એની પાસેથી મને જે કાંઇક શીખવાનું મળ્યું છે તે જણાવું. તમે તેને ધ્યાનપૂર્વક સાંભળો :

પિંગલાની એ કથા જાણવા જેવી તથા પ્રેરક છે. પિંગલા અતિશય રૂપવતી, સ્વેચ્છાચારિણી તથા ધનવૈભવની લોભી હતી. એને પોતાના અસાધારણ સૌન્દર્યનું ગુમાન તો હતું જ, સાથે સાથે એની વિષયવાસનાનો પણ અંત ન હતો. એને લીધે એ અહર્નિશ અશાંત અને અતૃપ્ત રહેતી. વિષયોપભોગ એના અંતરાત્માને શાંતિ નહોતો આપી શક્તો.

એક વાર રાત્રીનો રમણીય શાંત સરસ સમય હતો. એ સર્વોત્તમ શૃંગાર તથા વસ્ત્રાભૂષણથી આભૂષિત બનીને કોઇક પુરુષને આકર્ષવાની અને પોતાના આવાસમાં લાવવાની આકાંક્ષાથી ઘરના બહારના દ્વાર પર અત્યંત આતુરતાપૂર્વક ઊભી રહી. એના અંતરમાં ધનની લાલસા ઉછાળા મારી રહેલી. એને એક વિપળનો પણ વિશ્રામ ન હતો, રસ્તા પરથી પસાર થતા પુરુષોને જોઇને એને લાગતું કે આ પુરુષો મારાથી મોહિત થઇને મારી પાસે જ આવી રહ્યા છે પરંતુ એની ભાવનાનુસાર કશું ના થતાં એ દુઃખી થતી. કોઇવાર એ એના એ આકર્ષક આવાસની અંદર જતી તો કોઇવાર બહાર નીકળતી. એવી રીતે પરપુરુષની પ્રતીક્ષા કરતાં મધ્યરાત્રીનો વખત વીતી ગયો ત્યારે એના મનમાં એકાએક વૈરાગ્યનો ઉદય થયો. વૈરાગ્ય સદાને સારુ સુખકારક અને શાંતિદાયક છે. એ વૈરાગ્યની અસર નીચે આવીને પિંગલાને થયું કે મોહાધીન તેમજ વિષયાંધ બનીને હું મારા જીવનના બહુમૂલ્ય સમયને બરબાદ કરી રહી છું. એ કેટલા બધા દુઃખની વાત છે ? મારા અંતરના અંતરતમમાં મારા સાચા સ્વામી પરબ્રહ્મ પરમાત્મા વિરાજમાન હોવા છતાં એમને છોડીને હું તુચ્છ દુન્યવી પુરુષોનું સેવન કરું છું એ મારી મૂર્ખતા નથી તો બીજું શું છે ? વેશ્યાવૃત્તિનો આશ્રય લઇને મેં મારા જીવનને બરબાદ કરી નાખ્યું, અનિત્ય સુખોપભોગની પાછળ આંધળી દોટ મૂકી, એ કેટલું બધું દુઃખદ છે ?

सुहृत् प्रेष्ठतमो नाथ आत्मा चायं शरीरिणाम् ।
तम विक्रीयात्मनैवाहं रमेङ्नेन यथा रमा ॥
(અધ્યાય ૮, શ્લોક ૩૫)

'મારા હૃદયમાં વિરાજમાન પ્રભુ સમસ્ત પ્રાણીઓના હિતૈષી, સુહૃદ, પ્રિયતમ, સ્વામી અને આત્મા છે. હવે એમને સમર્પિત થઇ, મારા કરીને એમની સાથે લક્ષ્મીની પેઠે વિહાર કરીશ.'

नूनं मे भगवान् प्रीतो विष्णुः केनापि कर्मणा ।
निर्वेदोङयं दुराशया यन्मे जातः सुखावहः ॥ (શ્લોક ૩૭)

'ખરેખર, મારા કોઇક સુંદર શ્રેષ્ઠ શુભ કર્મને લીધે ભગવાન વિષ્ણુ મારા પર પ્રસન્ન થયા છે એટલે તો મારી આશા ના ફળવાથી મને આવો વૈરાગ્ય થયો છે. મારો આ વૈરાગ્ય સુખદાયક થઇ પડશે.'

ભગવાનના અસાધારણ અનુગ્રહને યાદ કરીને એમના ચરણમાં મસ્તક નમાવું છું અને એમનું શરણ લઉં છું.

જીવ જગતના કૂપમાં પડેલો છે. વિષયોએ એને આંધળો બનાવી દીધો છે. કાળરૂપી અજગરે એને મોંમા દબાવી રાખ્યો છે. ભગવાન સિવાય એની રક્ષા બીજું કોણ કરી શકે તેમ છે ?

અને એ પછી આવે છે પિંગલાના સંબંધમાં નીકળેલા એ મહાન ઉદ્દગારો :

**आशा हि परमं दुःखं नैराश्य परमं सुखम् ।**

**यथा संछिद्य कान्ताशां सुखं सुष्वाप पिंगला ॥** (શ્લોક ૪૪)

'ખરેખર આશા જ સૌથી મોટું દુઃખ છે અને લૌકિક પદાર્થોની કે વિષયોની લાલસા કે આશા ના રાખવી એ સૌથી મોટું સુખ છે. પિંગલા પરપુરુષની ઇચ્છાનો પરિત્યાગ કરીને જ સુખપૂર્વક સુઇ શકી.'

☼ ☼ ☼ ☼ ☼

## [૧૦] દત્તાત્રેયના ચોવીસ ગુરુ - ૩

ભગવાન દત્તાત્રેયે એકવાર પોતાના પ્રવાસ દરમિયાન એક સમડીને જોઇ. એના મુખમાં માંસનો ટૂકડો હતો. એને જોઇને માંસની લાલસાથી પ્રેરાઇને બીજાં બળવાન પક્ષીઓ એની પાછળ પડ્યાં. એને ઘેરી લઇને એ બધાં ચાંચ મારવા માંડ્યા. સમડીએ છેવટે મોંમાંથી માંસનો ટુકડો નાખી દીધો ત્યારે જ બીજાં પક્ષીઓએ એનો ત્યાગ કર્યો અને એને શાંતિ મળી. એ દેખીને દત્તાત્રેય ભગવાને મનોમન પ્રેરણા પ્રાપ્ત કરતાં કહ્યું કે 'મનુષ્યો પોતાને પ્રિય લાગતા પદાર્થોમાં પ્રીતિ અથવા આસક્તિ કરીને એમનો સંગ્રહ કરે છે. એથી બેચેન બને છે, અશાંતિ અનુભવે છે ને દુઃખી થાય છે. એવું સમજીને જે સ્થૂળ તથા સૂક્ષ્મ સર્વપ્રકારના પરિગ્રહનો પરિત્યાગ કરે છે અથવા અકિંચનભાવે રહે છે તે સનાતન સુખસ્વરૂપ પરમાત્માની પ્રાપ્તિ કરી લઇને કૃતાર્થ બને છે.' આ રહ્યો એ ભાવોની અભિવ્યક્તિ કરતો અમર સરસ શ્લોકઃ

परिग्रहो हे दुःखाय यद्द यत् प्रियतमं नृणाम् ।
अनंत सुखमाप्नोति तद्द विद्वान् यस्त्वकिंचनः ॥ (અધ્યાય ૯, શ્લોક ૧)

* * *

ભગવાન દત્તાત્રેય રાજા યદુને જણાવે છે કે બાળક પાસેથી મને સરળ, નિર્દોષ, નિષ્કપટ થવાનો સંદેશ સાંપડ્યો છે. સંસારમાં ચિંતા તથા શોકને છોડીને આનંદપૂર્વક કોણ રહી શકે ? એક તો બાળક અને બીજો સ્થિતપ્રજ્ઞ પરમ પવિત્ર ગુણાતીત પુરુષ. મને માનાપમાનનું ધ્યાન નથી ને પારિવારિક જીવનવાળાને થતી ચિંતામાંથી પણ સર્વપ્રકારે મુક્તિ મળી છે. હું આત્મક્રીડ બનીને આત્મામાંથી જ આનંદ મેળવું છું.

* * *

એક કુમારી કન્યાને પણ દત્તાત્રેયે ગુરુ માની છે. એની વાત કરતાં એ કહે છે કે એ કુમારીને ત્યાં એને જોવા ને પસંદ કરવા કેટલાક લોકો આવેલા. ઘરના માણસો એ દિવસે ક્યાંક બહાર ગયેલા. એટલે એણે પોતે જ એમનો સત્કાર કર્યો. એમના ભોજનની પૂર્વ તૈયારીરૂપે એ ઘરમાં એકાંતમાં ચોખા ખાંડવા લાગી. એ વખતે એના હાથની બંગડીઓનો અવાજ આવવા માંડ્યો. એથી પોતાની ને પોતાના ઘરની દીનતા દેખાઇ આવશે એવું સમજીને એણે બધી બંગડીઓ કાઢી નાખીને બે જ બંગડીઓ રહેવા દીધી. પરંતુ તો પણ અવાજ થવા માંડ્યો એટલે એણે એકેક બંગડી જ રહેવા દીધી. એ દૃશ્યને જોઇને એણે વિચાર્યું કે ઘણા લોકો એક સાથે રહે છે ત્યારે ક્લેહ થાય છે ને બે જણા સાથે રહે છે ત્યારે પણ વાતચીત જેવી પ્રવૃત્તિ થતી રહે છે માટે આત્મવિકાસની સાધનાની અભિરુચિવાળા પુરુષે સદા એકલા જ રહેવું જોઇએ.

वासे बहूनां कलहो भवेद्द वार्ता द्वयोरपि ।
एक एव चरेत् तस्मात् कुमार्या इव कंकणः ॥ (શ્લોક ૧૦)

* * *

એક બાણ બનાવનારો માણસ બાણ બનાવવામાં એટલે બધો તન્મય થઇ ગયેલો કે એની પાસેથી વાજતેગાજતે કોઇક રાજાની સવારી નીકળી તો પણ એને એની ખબર ના રહી. દત્તાત્રેયની સૂક્ષ્માતિસૂક્ષ્મ દૃષ્ટિ એનું દર્શન કરવાનું અને એમાંથી સંદેશ ગ્રહણ કરવાનું કેવી રીતે ચૂકે ? એમણે સંદેશ ગ્રહણ કર્યો કે

સાધના આવી જ એકાગ્રતાપૂર્વક કરવી જોઇએ. આસન અને પ્રાણાયામને સિદ્ધ કરીને અભ્યાસ તેમજ વૈરાગ્ય દ્વારા મનનો સંયમ સાધીને ખૂબ જ સાવધાનીપૂર્વક લક્ષ્યમાં લગાડી દેવું જોઇએ. એ અવસ્થામાં બહારનું કશું ચિંતન ના કરવું. પરમાનંદસ્વરૂપ પરમાત્મામાં મન સ્થિર થઇ જતાં છેવટે શાંત થઇ જાય છે. સાધના એવી રીતે સફળ થાય છે.

* * *

ભગવાન દત્તાત્રેય સાપનું સ્મરણ કરતાં જણાવે છે કે ત્યાગીએ કે સંન્યાસીએ સાપની પેઠે એકલા જ વિચરવું, મંડળીમાં ના રહેવું કે મઠાદિ ના બનાવવાં. એક નિશ્ચિત સ્થળે રહેવાને બદલે વિચરતાં રહેવું, પ્રમાદી ના બનવું, ગુફામાં પડ્યા રહેવું, કોઇની મદદ ના માગવી, અને આવશ્યકતાનુસાર ઓછામાં ઓછું બોલવાનો આગ્રહ રાખવો, સાપ બીજાએ બનાવેલા સ્થાનમાં સમયને સુખપૂર્વક પસાર કરે છે એવી રીતે એણે પણ બીજાએ તૈયાર કરેલા સ્થળોનો લાભ લઇને સમય પસાર કરવો.

* * *

કરોળિયાએ એમને શો સંદેશ પૂરો પાડ્યો ? કરોળિયો જેવી રીતે પોતાના અંતરમાંથી મુખ દ્વારા જાળું બનાવે છે, બહાર કાઢે છે, એમાં ક્રીડા કરે છે, અને અંતે એને પોતાની અંદર વિલીન કરે છે કે સમાવી લે છે તેવી રીતે પરમેશ્વર પણ જગતને પોતાની અંદરથી સ્વતંત્ર રીતે પેદા કરે છે, એમાં જીવરૂપે વિહરે છે, અને એને પોતાની અંદર સમાવી દે છે.

* * *

ભ્રમર કીડાને પકડીને પોતાના રહેવાના સ્થાનમાં કેદ કરે છે એટલે કીડો ભયને લીધે એનું ચિંતન કરતાં કરતાં શરીરને છોડ્યા વગર શરીરથી તદ્રૂપ થઇ જાય છે. એના પરથી જાણવાનું મળે છે કે પ્રેમથી, દ્વેષથી કે ભયથી પણ જેની અંદર ચિત્તને લગાડી દેવામાં આવે છે તેના સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. વિષયોનું ચિંતનમનન માનવને વિષયી બનાવે છે તેવી રીતે પરમાત્માનું સ્મરણ કરવાથી પરમાત્મામય થવાય છે એટલા માટે આત્મકલ્યાણની કામનાવાળાએ પરમાત્માનું જ ચિંતન કરતા રહેવું.

* * *

ભગવાન દત્તાત્રેય શરીરને પણ ગુરુ તરીકે ઓળખાવે છે. આ શરીરનો મહિમા ઘણો મોટો છે. એને સાધનધામ તથા મુક્તિનું મંગલમય દ્વાર કહેવામાં આવ્યું છે. એના સ્વરૂપનો વિચાર કરવાથી વૈરાગ્ય થાય છે. એની મદદથી તત્વદર્શનની સાધનામાં સહાયતા મળે છે અને બીજાના કલ્યાણના કાર્યો પણ કરી શકાય છે. એની અંદર પરમાત્માનો વાસ હોવાથી એનો મહિમા દેવમંદિરથી પણ વધારે છે. એને બનતું શુદ્ધ ને શક્તિશાળી બનાવીને એની દ્વારા સત્કર્મોનું અનુષ્ઠાન કરવાનું ધ્યાન રાખવું જોઇએ.

મનુષ્યશરીરની રચના કોઇ સાધારણ વસ્તુ નથી. એ સર્જનની એક સુંદરમાં સુંદર સર્વોત્તમ સિદ્ધિ છે. ભાગવતમાં એ સંબંધી સરસ શ્લોકો રજૂ કરવામાં આવ્યા છે :

'ભગવાને પોતાની અચિંત્ય માયાશક્તિની મદદથી વૃક્ષ, જંતુ, પશુ, પક્ષી, ડાંસ તથા માછલીની જુદી જુદી કેટલીય યોનિઓની રચના કરવા છતાં પણ સંતોષ ના અનુભવ્યો ત્યારે મનુષ્યશરીરની રચના કરી. એ

પરમાત્માનો સાક્ષાત્કાર કરી આપનારી સદ્દબુદ્ધિથી સંપન્ન છે. એના નિર્માણથી એમને ખૂબ જ સંતોષ અને આનંદ થયો.'

'આ મનુષ્યશરીર અનિત્ય છે, કાળનો કોળિયો થનારૂં છે. એની મદદથી પરમ કલ્યાણની પ્રાપ્તિ કરી શકાય છે. અનેક જન્મોના અંતે સાંપડનારા આ અત્યંત દુર્લભ શરીરને મેળવીને બુદ્ધિશાળી પુરુષ દુઃખ તથા અશાંતિનો અનુભવ કરાવનારા વિષયોની પાછળ પડવાને બદલે મૃત્યુની પહેલાં શીઘ્રાતિશીઘ્ર પરમાત્માને ઓળખીને બંધનમુક્ત થવાનો પ્રયાસ કરવો જોઇએ. ભોગો તો બધી યોનિઓમાં પ્રાપ્ત થાય છે. એમની પાછળ જીવનને બરબાદ ના બનાવવું જોઇએ.'

(અધ્યાય ૯, શ્લોક ૨૮, ૨૯નો ભાવાર્થ)

દત્તાત્રેય ભગવાન ઉપસંહાર કરતાં કહે છે કે એ બધું જોઇ-વિચારીને મને વૈરાગ્ય થયો છે. મારા અંતરમાં જ્ઞાનવિજ્ઞાનની જ્યોતિ સદાને સારું જલ્યા કરે છે. માણસે ગુરુ પાસેથી જ્ઞાન લઇને બેસી રહેવાને બદલે પોતાની બુદ્ધિનો ઉપયોગ કરવો જોઇએ. જ્ઞાનને જીવનમાં સંમિશ્રિત કરી દેવું જોઇએ. તો જ તેને સારો લાભ મળી શકે.

દત્તાત્રેયના ચોવીસ ગુરુની કથા અહીં સમાપ્તિ પર પહોંચે છે. એ કથા માનવમનની ગુણગ્રાહકતા, જિજ્ઞાસા, ઉદારતા તથા શ્રેષ્ઠતાની કથા છે. એક અતિ કીમતી કલ્યાણકથા. એ આપણને બતાવે છે કે સમસ્ત સંસાર એક વિશાળ જ્ઞાનાલય છે અને એની પ્રત્યેક ઘટના, વસ્તુ, પળ તેમ જ પ્રવૃત્તિ એક અથવા બીજા પ્રકારનો પદાર્થપાઠ પૂરો પાડે છે. માણસે આંખ ઉઘાડી રાખી, કાનને ખુલ્લા કરી, મનને મનનશીલ રાખીને જીવવાનું છે. તો એને સમજાશે કે જગતમાં ઉપદેશોની ને ઉપદેશકોની કમી નથી. અને સૌથી શ્રેયસ્કર ઉપદેશક એની અંદર, એના પોતાના પ્રાણની પાસે વિરાજે છે એ પણ સમજી શકાશે.

* * *

ભગવાન કૃષ્ણે ઉદ્ધવને એ કથા સંભળાવીને કહ્યું કે રાજા યદુએ ભગવાન દત્તાત્રેયની પૂજા કરી અને એમના સદ્દુપદેશને અનુસરીને આસક્તિને ત્યાગીને સમદર્શી બનીને કૃતકૃત્યતા મેળવી.

☼ ☼ ☼ ☼ ☼

## [૧૧] સત્સંગનો મહિમા

શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધના બારમાં અધ્યાયમાં ભગવાન કૃષ્ણે ઉદ્ધવને સત્સંગનો મહિમા સમજાવ્યો છે. એ મહિમા અજ્ઞાત તો નથી જ પરંતુ સાથે સાથે સુપરિચિત છે. સત્સંગ સાચી રીતે વિચારતાં સત્યસ્વરૂપ પરમાત્માનો સંગ અથવા સંપર્ક છે. જે સાધન દ્વારા એવો સંગ અથવા સંપર્ક સધાય તે સંગ અથવા સંપર્કને પણ સત્સંગ કહેવામાં આવે છે. પરમાત્માનો સંગ અથવા સંપર્ક સાધી ચૂકેલા અથવા સાધવાનો પ્રયત્ન કરનારા પ્રાતઃસ્મરણીય સંતપુરુષોના સમાગમને પણ સત્સંગ કહેવાય છે. એવો સત્સંગ પ્રત્યક્ષ તથા પરોક્ષ બંને પ્રકારનો કહી શકાય. પરોક્ષ સત્સંગ એવા સંતોના વ્યક્તિગત સ્થાનોનો અથવા સદ્દગ્રંથોનો સંપર્ક છે. એ સર્વે પ્રકારોમાંથી સત્સંગ ગમે તે પ્રકારનો હોય તો પણ ઉત્તમ, પ્રેરક, પ્રશસ્ય અને આશીર્વાદરૂપ છે. એની ઉપયોગિતા ઘણી મોટી છે. એની મદદથી માનવ પોતાના જીવનને સુધારી અને ઉદાત્ત બનાવી શકે છે. ત્યાગી તથા સંસારી, એકાંતવાસી કે વ્યવહારમાં વસનારા સૌ કોઇને માટે એ આવશ્યક છે. સંસારના વિરોધાભાસી વાતાવરણમાં, વિભિન્ન પ્રકારનાં પ્રલોભનો તથા ભયસ્થાનોની વચ્ચે વસનારા માનવોને માટે સત્સંગ એક સર્વોત્તમ રસાયન છે. એ એમને સદાને માટે જાગ્રત રાખે છે ને જીવનના સર્વોચ્ચ ધ્યેયનું સ્મરણ કરાવે છે.

* * *

ભાગવતમાં પોતાની અનોખી રીતે કહેવામાં આવે છે કે 'આ અવનીની સઘળી આસક્તિઓનો સત્સંગ દ્વારા અંત આવી જાય છે. એને લીધે જેવી રીતે ભગવાન વશ થાય છે તેવી રીતે, એટલી બધી અસરકારક રીતે અને સહેલાઇથી યોગ, જ્ઞાન, ધર્મપાલન, સ્વાધ્યાય, તપ, ત્યાગ, યજ્ઞ તેમજ દાનથી પણ વશ નથી થતા. વધારે શું કહું, પરંતુ વ્રત, કર્મ, વેદ, તીર્થ અને યમનિયમ પણ એમને સત્સંગની પેઠે વશ અથવા પ્રસન્ન નથી કરી શક્તાં.'

न रोधयति मां योगो न सांख्यं धर्म एव च ।
न स्वाध्यायस्तपस्त्यागो नेष्टापूर्तं न दक्षिणा ॥
व्रतानि यज्ञश्छंदांसि तीर्थानि नियमा यमाः ।
यथावरुंधे सत्संगः सर्वसंगापहो हि माम् ॥ (સ્કંધ ૧૧, અધ્યાય ૧૨, શ્લોક ૧-૨.)

અને સત્સંગના એ સુ-પરિણામમાં કોઇ ભેદભાવ થોડો છે ? એના પ્રભાવથી કોઇ પણ સુધરી તથા તરી શકે છે. એને જાતિ, વય, વિદ્યા, રૂપ, પદ, અવસ્થા અથવા બીજા કશાનું બંધન નથી નડતું. એના પવિત્રતમ પ્રભાવથી જેના પણ પ્રાણમાં પરમાત્માનો પાવન પ્રેમ પ્રકટે છે તે ધન્ય બની જાય છે. ભગવાન કૃષ્ણ એ સંબંધમાં ઉદ્ધવની આગળ ગોપીઓનું પરમ પ્રેમપૂર્વક સંવેદનસભર સ્મરણ કરે છે. ગોપીઓ કયા ધર્મશાસ્ત્રમાં પ્રવીણ હતી ? કોઇમાં પણ નહિ. તો પણ ભગવાન કૃષ્ણ પ્રત્યેના અપાર અનુરાગને લીધે સર્વત્ર સહજ બ્રહ્મભાવના કે કૃષ્ણભાવના કરીને કૃતાર્થ થઇ. એટલે સત્સંગ દ્વારા ભગવાનનું શરણ લઇને ભગવાનની ભક્તિ દ્વારા ભગવદ્દબુદ્ધિ તથા ભગવદ્દવૃત્તિને જગાવનાર ધન્ય બને છે ને જીવનને સફળ કરે છે.

સંસારમાં રહીને માણસે સ્વધર્મનું પાલન કરવું જોઇએ કે સર્વ કાંઇ છોડીને પરમાત્માનું શરણ લેવું જોઇએ ? ઉદ્ધવે ભગવાનને પૂછેલો એ પ્રશ્ન પુરાતન હોવા છતાં સનાતન છે અને આજે પણ અધ્યાત્મપથના અસંખ્ય પ્રવાસીઓ તરફથી પૂછવામાં આવે છે. એનો ઉત્તર આજના સંદર્ભમાં સમજવા જેવો છે. સર્વ કાંઇ છોડીને પરમાત્માનું શરણ લેવાનું કામ સૌ કોઇને સારું ધાર્યા જેટલું સહેલું નથી. એવું શરણ કોઇક વિશેષ સર્વોત્તમ સંસ્કારસંપન્ન વ્યક્તિ દ્વારા જ લઇ શકાય. એવી રીતે શરણ લેવામાં પણ માનવજીવનનો સર્વોચ્ચ સ્વધર્મ સમાયેલો છે. છતાં પણ જે સંસારના વ્યવહારોમાં રત છે એમને માટે તો મનથી બને તેટલું પરમાત્માનું શરણ લઇને, બુદ્ધિને પરમાત્મામાં જોડવાનો પ્રયત્ન કરીને, પરમાત્માના અધિકાધિક અનુગ્રહને અનુભવવાની સાધના કરતાં કરતાં સ્વધર્મનું પાલન કરવાનું જ બરાબર છે. સ્વધર્મના સમ્યક્ પાલનનો અને પરમાત્માના શરણનો સમન્વય કરી શકાય તો સોનામાં સુગંધ જેવું સુંદર કહેવાશે. એમ ના થઇ શકે ને પરમાત્માની પ્રીતિ ના હોય કે ઓછી હોય તો પણ સ્વધર્મના પાલનમાં પ્રમાદી ના જ થવું જોઇએ. વ્યક્તિને પોતાની તથા સમષ્ટિની સુખાકારી ને સમુન્નતિ માટે સ્વધર્મના પરિપાલનની અનિવાર્ય આવશ્યકતા છે.

* * *

સંસારના સ્વરૂપ સંબંધમાં એ વિષયના અનુસંધાનમાં વ્યક્ત કરાયેલા વિચારો ઘણા સુંદર છે. એ વિચારોનો સાર એટલો જ છે કે સંસારના રૂપમાં પરમાત્મા પોતે જ મૂર્તિમંત અથવા વ્યક્ત થયેલા છે. એને સમજાવવા માટે બે સચોટ ઉદાહરણો આપવામાં આવે છે. એક ઉદાહરણ બીજનું ને બીજું સૂતરનું છે. ફળદ્રુપ ખેતરમાં નાખવામાં આવેલું બીજ જેવી રીતે થડ, ડાળી, પત્ર, પુષ્પ તથા ફળનું રૂપ ધારણ કરી લે છે તેવી રીતે કાલગતિથી પોતાની સ્વાભાવિક વિશિષ્ટ શક્તિનો આધાર લઇને પરમાત્મા જ જુદાં જુદાં સૃષ્ટિરૂપોમાં પ્રતીત થાય છે. અથવા તો સૂતરના તાણાવાણામાં વસ્ત્ર ઓતપ્રોત રહે છે તેવી રીતે આ સમસ્ત સંસાર પરમાત્મામાં ઓતપ્રોત છે. સૂતર વગર વસ્ત્રનું અસ્તિત્વ નથી હોતું પરંતુ સૂતર તો વસ્ત્ર વિના પણ રહી શકે છે, તેવી રીતે પરમાત્મા સંસાર સિવાય પણ રહી શકે છે પરંતુ પરમાત્મા સિવાય સંસારનું સર્જન અને અસ્તિત્વ નથી સંભવી શકતું. આ સંસાર પરમાત્મારૂપ જ છે.

વાસના તથા કામનાથી પ્રેરાઇને કુકર્મો કરનારા માણસો બંધનમાં પડીને દુઃખી થાય છે ને વિષયોથી વિરક્ત, સદ્દસદ્દવિવેકી, સત્કર્મપરાયણ માણસો સુખી. ગુરુની કૃપાથી પરમ જ્ઞાનની પ્રાપ્તિ થતાં સમસ્ત સંસાર પરમાત્માના પ્રતિરૂપ જેવો અનુભવાય છે. એવી દિવ્ય દૃષ્ટિના પ્રદાનમાં અને એ દ્વારા જીવનના સાફલ્યમાં સદ્દગુરુનો ફાળો મોટો છે. ભાગવત એવા જીવનમુક્ત સત્યદર્શી સત્યનિષ્ઠ સદ્દગુરુનું સાદર સ્મરણ કરીને એમનું શરણ લઇને, એમની શ્રદ્ધાભક્તિપૂર્વકની ઉપાસના દ્વારા પરમ જ્ઞાનને મેળવીને જીવનનું સાર્થક્ય સાધવાની પ્રેરણા પૂરી પાડે છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૧૨] સરળ સાધના માર્ગ

ગીતાના છઠ્ઠા અધ્યાયમાં યોગસાધનાના મર્મને સમજ્યા પછી અર્જુન એ યોગસાધના ખૂબ જ કઠિન હોવાથી કેવી રીતે સિદ્ધ કરવા એવો ભગવાન કૃષ્ણને માર્મિક પ્રશ્ન પૂછે છે. તેવી જ રીતે ઉદ્ધવે ભાગવતના એકાદશ સ્કંધના ૨૯મા અધ્યાયના આરંભમાં જ ભગવાનને જણાવ્યું કે તમે બતાવેલી આ યોગસાધના મને ખૂબ જ કઠિન લાગે છે. એટલા માટે એવું કોઇ સરળ ને સુગમ સાધન બતાવો કે જેથી સહેલાઇથી પરમપદની પ્રાપ્તિ કરી શકાય.

એના ઉત્તરમાં ભગવાન કૃષ્ણે ભાગવતધર્મોના પાલનના સરળ સાધનામાર્ગનો ઉપદેશ આપ્યો. એ ભાગવતધર્મોનું સ્પષ્ટીકરણ આગળ પર પણ કરવામાં આવ્યું છે. એનો સારસંદેશ સંભળાવતાં ભગવાને જણાવ્યું કે માનવે ઘર, કુટુંબ કે કર્તવ્યનો ત્યાગ નથી કરવાનો. એવો બાહ્ય ત્યાગ સૌને માટે આવશ્યક નથી. જે નિતાંત આવશ્યક છે એ તો અંદરનો ત્યાગ છે. સર્વ કાંઇ છોડીને કર્તવ્યવિમુખ બનીને બેસી રહેવાને બદલે માનવે કર્તવ્યપરાયણ બનવું જોઇએ. કર્મો કરતાં કરતાં પણ મન તથા બુદ્ધિને મારી અંદર જોડવાનો ને મારું સ્મરણ કરવાનો પ્રયત્ન કરીને જીવનની શુદ્ધિ સાધવી જોઇએ. એ ઉપરાંત સત્સંગની અભિરુચિને વધારવી જોઇએ અને પવિત્ર પ્રદેશોમાં વસવું તથા વિચરવું જોઇએ. જેમના પણ સંસર્ગમાં આવવાનું બને એમને મારાં પ્રતીક સમજીને એમની અંદર મારું દર્શન કરવાની અને એમની સાથે ઉત્તમ વ્યવહાર કરવાની ટેવ પાડવી જોઇએ. એવી ટેવથી સૌ પ્રત્યે પવિત્ર પ્રેમ પેદા થશે, નિર્ભય તથા નિર્મમ બનાશે, સૌની પ્રત્યે ઊંડી સહાનુભૂતિ જાગશે, અને સૌને મદદરૂપ થવા માટે બનતી બધી જ રીતે તત્પર બનાશે.

ભાગવતધર્મ એવી રીતે જીવનને નિષ્કપટ, નિર્મળ, સેવાસભર, સુધાસભર તથા ભગવાનમય કરી દેશે. એવું જીવન મંગલ મહોત્સવરૂપ બની રહેશે. એવા જીવનથી ભગવાન સાથે સંબંધ બંધાશે એ સંબંધ જીવનને ઉજ્જવળ, સુખદ, સફળ તથા મુક્ત ને કૃતકૃત્ય કરી દેશે.

ભગવાનના સદ્‌ઉપદેશને સાંભળીને ઉદ્ધવને ધન્યતાનો અનુભવ થયો. એમની આંખમાંથી આનંદાશ્રુ ટપકવા લાગ્યાં. સંશયો છેદાઇ ગયા, મોહ મટી ગયો અને અજ્ઞાનનું રહ્યુસહ્યું આવરણ પણ દૂર થયું. એ ભગવાનની પ્રશસ્તિ ના કરે તો બીજું કરે પણ શું ? પ્રશસ્તિ પૂરી કરીને ઉદ્ધવે ભગવાન પાસે પરમ પૂજ્યભાવે પ્રણામ કરતાં અનન્ય ભક્તિભાવની માગણી કરી એટલે ભગવાન કૃષ્ણે કહ્યું કે મારા આદેશ પ્રમાણે તમે બદરીનાથની પુણ્યભૂમિમાં પહોંચી જાવ. ત્યાંના વિશુદ્ધ વાયુમંડળનો ને ત્યાં વરસોથી વહેતી અલકનંદા નદીનો લાભ લઇને તમે વધારે પવિત્ર તથા પરમાત્મપરાયણ બની રહેશો. ત્યાં સમતાપૂર્વકની સમ્યક્ સાધના દ્વારા જીવન કૃતાર્થ બનશે.

ભગવાનના આદેશને અનુસરીને ઉદ્ધવે એમની પરિકમ્મા કરીને બદરીનાથની પુણ્યભૂમિ પ્રતિ પ્રયાણ કર્યું. ત્યાં પહોંચીને તપોમય જીવનચર્યા દ્વારા પરમગતિની પ્રાપ્તિ કરી.

☼ ☼ ☼ ☼ ☼

## [૧૩] ભગવાન કૃષ્ણનું સ્વધામગમન

ઉદ્ધવે બદરીનાથની દિશામાં પ્રયાણ કર્યા પછીની ભગવાન કૃષ્ણની જીવનલીલા સ્વલ્પ સમયની છતાં પણ અવનવી અને અલૌકિક હતી. એ લીલાની પૂર્વભૂમિકા ખૂબ જ જાણીતી હોવા છતાં એનું વિહંગાવલોકન કરી જઇએ. એકાદશ સ્કંધના આરંભમાં જ યદુવંશને મળેલા ઋષિઓના શાપનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એ ઘટના સૂચવે છે કે પરમાત્મનિષ્ઠ સંતો કે ઋષિઓનું અપમાન અત્યંત અનર્થકારક થઇ પડે છે. સમાજનો મોટો અને મહત્વનો આધાર એના યુવાનો પર રહેતો હોય છે. યુવાનો એના વર્તમાનના ને ભવિષ્યના ઘડવૈયા હોય છે. સમાજને એમની ઘણી મોટી આશા હોય છે. એ યુવાનો જો વ્યસની, વિલાસી, અનુશાસનહીન, અવિવેકી અને બીજાની અવહેલના કરનારા થાય તો એ હકીકત કોઇપણ સમાજને માટે સારી, આવકારદાયક અને આદર્શ ના કહેવાય. યદુકુળમાં એ વખતે સડો કેટલે ઊંડે સુધી પહોંચ્યો હતો તેની કલ્પના એ કથાનક પરથી સહેલાઇથી કરી શકાય છે કે દ્વારકા પાસેના પિંડારક ક્ષેત્રમાં વસતા વિશ્વામિત્ર, અસિત, કણ્વ, દુર્વાસા, ભૃગુ, અંગિરા, કશ્યપ, વામદેવ, અત્રિ, વસિષ્ઠ તથા નારદ જેવા પ્રાતઃસ્મરણીય સ્વનામધન્ય સંતપુરુષો પાસે જઇને મશ્કરી કરનારા યુવાનોમાં એક ભગવાન કૃષ્ણનો પુત્ર જાંબવતીનંદન સાંબ હતો. એણે જ સ્ત્રીનો વેશ ધારણ કરેલો. એ બતાવે છે કે ભગવાન કૃષ્ણના ઘર સુધી અશુદ્ધિ પહોંચી ચૂકેલી. એ દશા ખરેખર દયનીય કહેવાય. ભાગવતના રચયિતા કુશળ કલાકાર મહર્ષિ વ્યાસ સાંબનું નામ આપીને કહેવા માગે છે કે એ વખતના સમાજમાં યુવકોનાં જીવન કેટલા બધાં કથળેલા હશે અને બીજાની દશા પણ કેવી હશે એનું અનુમાન કરી લો. ચારિત્ર્યની શિથિલતા અથવા અનુશાસનહીનતા ઠેઠ ભગવાન કૃષ્ણના પોતાના પરિવાર સુધી પહોંચેલી.

યદુકુળના ઉદ્દંડ કુમારો જાંબવતીનંદન સાંબને ઋષિઓ પાસે સ્ત્રીનો પોશાક પહેરાવીને લઇ ગયા અને કહેવા લાગ્યા કે આ ગર્ભવતી સુંદરીને તમને પૂછતા સંકોચ થાય છે પરંતુ એના વતી અમે તમને પૂછવા માગીએ છીએ કે એને પુત્ર થશે કે પુત્રી ? તમે સૌ સર્વજ્ઞ હોવાથી જ આટલું પૂછી રહ્યા છીએ.

ઋષિઓ એમની દાનતને સમજી ગયા ને બોલ્યા કે એ તમારા કુળનો સર્વનાશ કરનાર મૂશળને પેદા કરશે.

એમના શબ્દો સાંભળીને યુવકો ડઘાઇ ને ગભરાઇ ગયા. એમની ચિંતાનો પાર ના રહ્યો.

સાંબના પેટને ખોલીને જોયું તો ખરેખર મૂશળ નીકળ્યું.

રાજા ઉગ્રસેનની પાસે પહોંચીને એમણે યાદવોની સભામાં સઘળી હકીકત કહી સંભળાવી. યાદવો પણ ભયભીત બની ગયા. રાજા ઉગ્રસેને એ મૂશળના ચૂરા કરાવીને એને અને લોઢાના શેષ રહેલા ટૂકડાને સમુદ્રમાં ફેંકાવી દીધા. એ સંબંધી ભગવાન કૃષ્ણની સલાહ પણ ના લીધી.

પરંતુ વિધિની વિચિત્રતા તો જુઓ. એ લોઢાના ટૂકડાને એક માછલી ગળી ગઇ. માછીમારોએ એને પકડીને એ ટૂકડો બહાર કાઢ્યો. જરા નામના પારધિએ એને પોતાના બાણના અગ્રભાગ પર લગાડી દીધો. મૂશળના ચૂરામાંથી થોડોક વખતમાં એરક નામનું ઘાસ ઊગી નીકળ્યું. ઋષિઓનો શાપ અમોઘ હતો અને સાચો થવા સરજાયેલો. એની જ એ બધી તૈયારી હતી.

દ્વારકામાં અનિષ્ટકારક અમંગલ ઉત્પાતો થવા લાગ્યા. એટલે ભગવાન કૃષ્ણના આદેશાનુસાર બાળકો, સ્ત્રીઓ ને કેટલાક વૃદ્ધોએ શંખોદ્ધાર ક્ષેત્રમાં જવાની ને બીજા યાદવોએ પ્રભાસક્ષેત્રમાં પહોંચવાની તૈયારી કરી. પ્રભાસ તીર્થમાં પહોંચીને કેટલાંક મંગલ ધર્મકર્મો કર્યા પછી એ બુદ્ધિને ભ્રષ્ટ કરનારી સર્વનાશક મદિરાને પીવા લાગ્યા. એ મદિરાપાનથી ઉન્મત્ત બની, ભાન ભૂલીને સૌ પરસ્પર લડવા લાગ્યા. સંઘર્ષમાં એમણે શસ્ત્રોનો પ્રયોગ કર્યો અને શસ્ત્રોનો નાશ થયો એટલે એરકા નામના ઘાસનો ઉપયોગ કરવા માંડ્યો. એમના હાથમાં એ ઘાસ વજ્ર સમાન વિનાશક મજબૂત મૂશળના રૂપમાં પલટાઇ ગયું. યાદવોમાં કેટલાક મોહાંધ બનીને કૃષ્ણને તેમજ બળરામને પણ મારવા માંડ્યા. માનવની મોહવૃત્તિ તથા દુર્બુદ્ધિ શું નથી કરતી ?

યાદવોનો નાશ થયો જોઇને બળરામે સમુદ્રતટ પર વિરાજીને અલૌકિક આત્મસ્વરૂપમાં આત્માને જોડીને શરીરનો પરિત્યાગ કરી દીધો.

ભગવાન કૃષ્ણના લીલાસંવરણનો સમય સમીપ આવી પહોંચ્યો. એમને એની માહિતી હતી જ. એ એક પીપળાના વૃક્ષની નીચે વિરાજ્યા. એમણે એમના જમણા સાથળ પર ડાબો પગ રાખેલો. જરા નામનાં વ્યાધે એ જ વખતે એને હરણનું મુખ માનીને દૂરથી બાણ માર્યું. એ બાણ પેલા સમુદ્રમાં નાખી દીધેલા માછલીના પેટમાંથી નીકળેલા લોઢાના શેષ ટૂકડાનું હતું.

જરાએ ભગવાન કૃષ્ણની પાસે પહોંચીને અજાણ્યે થયેલા અપરાધને માટે માફી માગી. ભગવાને એને અભયદાન આપીને જણાવ્યું કે જે કાંઇ થયું છે તે મારી લીલાનુસાર જ થયું છે. તેનો શોક કરવાની કે તેને માટે કોઇ પ્રકારનો ભય રાખવાની જરૂર નથી.

મહાપુરુષો એમનો અપરાધ કરનારને પણ ક્ષમા કરે છે.

જરા વ્યાધે ભગવાનને બાણ માર્યું એનો આધ્યાત્મિક અર્થ એવો પણ કરી શકાય કે ભગવાનની પાસે વૃદ્ધાવસ્થા-જરાવસ્થા આવી પહોંચી પરંતુ એમના પર એની અસર ના થઇ. એ વખતે એમની ઉંમર સવા સો વરસ જેટલી હતી.

ભગવાન કૃષ્ણનો સારથિ દારુક એમણે ધારણ કરેલી તુલસીની માળાની સુગંધના આધારે એમની પાસે પહોંચ્યો. ભગવાનને જોઇને પ્રેમપુલકિત પીડિત પ્રાણે અશ્રુભીની આંખે એ એમના ચરણમાં પડ્યો. એના દેખતાં દેખતાં જ ભગવાન કૃષ્ણનો ગરુડધ્વજ રથ પતાકા અને અશ્વો સાથે આકાશમાં અદૃશ્ય થયો. એમનાં અલૌકિક આયુધો પણ એ જ રીતે ચાલ્યાં ગયાં.

ભગવાને દારૂકને દ્વારકા જઇને સઘળા સમાચાર કહેવાની ને ત્યાંની જનતાને અર્જુનના સંરક્ષણમાં ઇન્દ્રપ્રસ્થ જવાની સૂચના આપવાનો આદેશ આપ્યો ને જણાવ્યું કે મારા લીલાસંવરણ પછી તરત જ સમુદ્ર દ્વારકાને પોતાના ઉદરમાં સમાવી લેશે. જીવનની છેલ્લી ક્ષણ સુધી એવી રીતે એમણે પરહિતનો જ વિચાર કરીને પરહિત માટે જ જીવી બતાવ્યું. એનાથી અધિક આશીર્વાદરૂપ, સફળ, પ્રેરક, ધન્ય, જ્યોતિર્મય જીવન બીજું કયું હોઇ શકે ? આ પાર્થિવ પૃથ્વી પરના પ્રાદુર્ભાવથી માંડીને તિરોધાન સુધીનું એમનું સમસ્ત જીવન બીજાની સુખાકારી, શાંતિ, સમુન્નતિ અને હિતસાધના માટે જ હતું. એની એથી વિશેષ પ્રતીતિ બીજી કયી હોઇ શકે ?

દારૂકના ગયા પછી ભગવાન કૃષ્ણે બ્રહ્માદિ દેવોની ઉપસ્થિતિમાં એમની પ્રેમપૂર્ણ પ્રશસ્તિનું શ્રવણ કરતાં, પુષ્પોના વર્ષણની વચ્ચે, સમુદ્ર તથા સરિતાના શુચિ સંગમસ્થળની સમીપે વિરાજીને સ્વરૂપમાં સ્થિતિ કરીને કમળ સમાન કોમળ કમનીય નેત્રોને બંધ કર્યા. એ નેત્રો ન હતાં, પવિત્રતા તથા પ્રેમનો, આહ્લાદકતા અને આત્મીયતાનો આગાર હતો. એવાં નેત્રો કાંઇ વારંવાર નથી પ્રકટતાં. એમને અવલોકવાનું સૌભાગ્ય જેને તેને, જ્યાં ત્યાં ને જ્યારે ત્યારે નથી સાંપડતું. અને એકલાં નેત્રોને જ શા માટે, એ હકીકત એમના સંપૂર્ણ શરીરને કે શ્રીવિગ્રહને લાગુ પડે છે. એની અંદર સમસ્ત સૃષ્ટિની સુંદરતા, શુચિતા, શક્તિ તથા સુમધુરતાનો સમુચ્ચય થયેલો. એને સંકેલવાનો સુયોગ્ય અવસર આવી પહોંચ્યો. શુકદેવજી એનું વર્ણન કરતાં કહે છે :

'બ્રહ્મા તથા શંકર સમાન દેવો એમની એ પરમ યોગગતિને પેખીને આશ્ચર્ય અનુભવતા અને એમની પ્રશંસા કરતા પોતપોતાના લોકો તરફ ચાલી નીકળ્યા.'

ભાગવતના એ વર્ણન પરથી ભગવાન કૃષ્ણના અલૌકિક લીલાસંવરણનો ખ્યાલ આવે છે. એમણે પોતાના સ્થૂળ શરીરનો પરિત્યાગ કરવાને બદલે એ શરીર સાથે જ પ્રસ્થાન કરેલું એની પુષ્ટિ એના પરથી આપોઆપ થઇ રહે છે. એમને માટે એ અશક્ય કે કઠિન નહોતું. એમની પછીના આધ્યાત્મિક ઇતિહાસમાં સંતશ્રેષ્ઠ તુકારામ, મીરાં તથા કબીર જેવા સ્વનામધન્ય સત્પુરુષોએ આ પૃથ્વી પરથી સ્થૂળ શરીર સાથે સ્થૂળ શરીરને અદૃશ્ય કરીને લીધેલી અસાધારણ વિદાયના પ્રસંગો આલેખાયેલા છે. એ પ્રસંગો ખૂબ જ સૂચક છે. ભગવાન કૃષ્ણ તો સર્વસમર્થ હતા. એમની શક્તિ તથા યોગ્યતા અત્યંત અસાધારણ હતી.

એ ધારત તો આ પાર્થિવ પૃથ્વી પર એ જ શરીરથી અનંતકાળ સુધી રહી શક્ત. પરંતુ બીજા યોગીઓ પણ એવું કરવા ના પ્રેરાય અને એમની આગળ ઉત્તમ દાખલો બેસે તે માટે પોતાના નિર્માયલા જન્મમૃત્યુના નૈસર્ગિક નિયમોને અનુલક્ષીને એવું ના કર્યું.

ભગવાનના સ્વધામગમન સમયે સ્વર્ગમાં નગારાં વાગવા લાગ્યાં અને વ્યોમમાંથી પુષ્પવૃષ્ટિ થઇ.

* * *

દારુકે દ્વારકામાં જઇને ઉગ્રસેનને, વસુદેવને તથા બીજાને બધી કથા કહી સંભળાવી. સૌ વિરહવ્યાકુળ તેમજ દુઃખી બન્યાં. દેવકી, રોહિણી અને વસુદેવે વ્યથિત થઇને તરત જ પ્રાણત્યાગ કર્યો.

અર્જુનને ભગવાન કૃષ્ણના લીલાસંવરણના સમાચાર સાંભળીને દુઃખ તો થયું પરંતુ ગીતામાતાની મદદથી એણે આશ્વાસન મેળવ્યું. ગીતા સૌ કોઇને શાંતિ આપવાની ને દુઃખમુક્ત કરવાની શક્તિ ધરાવે છે. જેમના જીવન શેષ હતાં એ અર્જુનની સાથે ઇન્દ્રપ્રસ્થ પહોંચ્યાં. એ પછી પરીક્ષિતનો રાજ્યાભિષેક કરીને પાંડવો હિમાલયની તપઃપૂત દૈવી દિશામાં ચાલી નીકળ્યા. ઇતિહાસનું એક મહામૂલ્યવાન સુવર્ણ પૃષ્ઠ પૂરું થયું.

ભગવાન કૃષ્ણના કહ્યા પ્રમાણે સમુદ્રે એમના લીલાસંવરણ પછી થોડા જ વખતમાં દ્વારકાને પોતાના વિશાળ ઉદરમાં સમાવી લીધી. કેવળ ભગવાન કૃષ્ણનું નિવાસસ્થાન શેષ રહ્યું. કાળ સૌનો નાશ કરે છે કિન્તુ સ્મૃતિઓનો સર્વનાશ નથી કરી શકતો. એ સ્મૃતિઓ પ્રેરક હોય છે. ભગવાન કૃષ્ણની જીવનસ્મૃતિઓ પણ સનાતન બનીને સૃષ્ટિને માટે પ્રેરક ઠરી છે. એ માનવપ્રાણને અનંતકાળપર્યંત પ્રેરણા પાતી રહેશે. એ છે જ એટલા માટે. એમનો લાભ લઇને જીવનને ઉત્તરોત્તર ઉદાત્ત બનાવી બીજાને માટે જીવવાનું વ્રત ધારીએ,

એમની પ્રેમભક્તિને પ્રકટાવવાની ને પ્રબળ બનાવવાની આવશ્યકતા છે. એના પ્રત્યે અંગુલિનિર્દેશ કરતાં એકાદશ સ્કંધની પરિસમાપ્તિ સમયે સંતશિરોમણિ શુકદેવ કહે છે કે 'જે માનવ આવી રીતે ભક્તભયહારી નિખિલ સૌન્દર્યમાધુર્યનિધિ ભગવાન કૃષ્ણચંદ્રના અવતારના દિવ્ય પરાક્રમકર્મનું અને એમની બાળ, કિશોર તથા બીજી લીલાઓનું ભાગવતાદિ પુરાણોના આધારે સંકીર્તન કરે છે તે માનવ પરમહંસ મુનિન્દ્રોના પરમ પ્રાપ્તવ્ય કૃષ્ણ ભગવાનની ભક્તિ મેળવે છે.'

☼ ☼ ☼ ☼ ☼

## ------ એકાદશ સ્કંધ સમાપ્ત ------

# * દ્વાદશ સ્કંધ *



सदा स्मरेत्तु यद कृष्णं यमस्तस्य करोतिकिम ।
भस्मीभवंति तस्याशु महापातक राशयः ॥

## [૧] છેલ્લી ભાગીરથીધારા

એકાદશ સ્કંધના છેલ્લા શ્લોકનો વિચાર સુચારુરૂપે કરી લીધો ? તો તો પછી આત્મનિરીક્ષણ માટેનો અવકાશ સારી રીતે અને સહેલાઇથી મળી રહેશે. ભાગવતની કલ્યાણકારક કથાઓ આજ સુધી કેટલીય વાંચી તથા વિચારી ને સાંભળી લીધી. એ કલ્યાણકારક કથાઓની અભિરુચિ છે એ સારૂં છે, આવકારદાયક છે, ભગવાનની કૃપા છે, પરંતુ એનું પરિણામ શું આવ્યું ને કેટલું આવ્યું એ પણ તપાસવા તથા વિચારવા જેવું છે. કેટલાય વાચકો કે વિચારકો એ નથી વિચારતા. ભગવાનની ભક્તિનો અંતરમાં ઉદય થયો કે ના થયો ? સ્વભાવ ઉદાત્ત બન્યો ? કુસંગને કે કુકર્મને તિલાંજલી આપી ? જીવનને આસુરી સંપત્તિની નાગચૂડમાંથી મુક્ત કરીને દૈવી સંપત્તિથી સુવાસિત કરવાનો પ્રયત્ન કર્યો કે ના કર્યો ? એ પ્રયત્નનું પરિણામ કેવુંક આવ્યું ? બીજાને સારુ શ્વાસ લેતાં ને ઇશ્વરમય જીવન જીવતાં શીખ્યા ? જીવનમાં કથાશ્રવણ, સ્વાધ્યાય તેમ જ સત્સંગનું છેવટનું પરિણામ તો એ જ છે. એ જ હોવું જોઇએ. જીવન પર એનો પવિત્ર પ્રભાવ પડવો જોઇએ. એની આહ્લાદક ઉપકારક ઉદાત્ત અસર થવી જ જોઇએ. તો જ એનું મૂલ્ય છે. એનો લાભ લઇને જીવનમાં સમુચિત ક્રાંતિ કરવાની છે. જીવનને જ્યોતિર્મય કરવાનું છે. તો જ આનંદ અનુભવાશે ને કૃતકૃત્ય બનાશે.

બારમો સ્કંધ એટલે ભાગવતની ભાગીરથીની આ છેલ્લી ધારા. એ ધારા પરનો અદ્દભુત અમૃતમય અંતિમ ઘાટ. ભાગવતની ભાગીરથીની આ છેલ્લી ધારા પણ બીજી બધી ધારાઓની જેમ આહ્લાદક અને અમૃતમય હોવાની સાથે સાથે સૌ ધારાઓના સાર કે શૃંગારરૂપ છે. એને ભાગવતના મંગલમય મંદિરનો સુંદરતમ સ્વર્ણકળશ પણ કહી શકાય. એનું કદ પ્રમાણમાં ઘણું નાનું છે પરંતુ એની ગુણવત્તા ઘણી મોટી છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૨] કલિયુગનાં લક્ષણો

સંસાર એની માતા ત્રિગુણાત્મિકા પ્રકૃતિના ગુણધર્મો પ્રમાણે એકસરખા સ્વરૂપવાળો નથી દેખાતો. એમાં વિવિધતાનો પાર નથી. એમાં ઉત્તમની સાથે અનુત્તમ, શુભની સાથે અશુભ, સુંદરની સાથે અસુંદર, પ્રકાશની સાથે અંધકાર, જ્ઞાનની સાથે અજ્ઞાન, જન્મની સાથે મરણ અને સુખની સાથે દુઃખ જોવા મળે છે. એને દ્વંદ્વાતીત ના કહી શકાય. એના આવિર્ભાવથી માંડીને આજ સુધી એની અવસ્થા એવી જ અનોખી અને અનેકવિધ રહી છે. એની રચના જ એવી અનેરી છે કે એમાં દૈવી અને આસુરી, ઉદાત્ત અને અનુદાત્ત, શુભ અને અશુભ તત્વો કે પ્રવાહો રહેવાના જ. ઉત્તમ અને અધમ બંને પ્રકારનાં પરિબળો એની અંદર કામ કરવાનાં. બીજી ભાષામાં કહીએ તો પાંડવો તથા કૌરવોના બંને પ્રકારના વિરોધાભાસી પક્ષોનું એમાં દર્શન થવાનું. કોઇ વાર સત્ય, ન્યાય, નીતિ કે માનવતાના પરિબળો પ્રબળ બનવાના તો કોઇ વાર અસત્ય, અન્યાય, અનીતિ, અપ્રામાણિકતા તથા દાનવતાના. કોઇ વાર સામુહિક રીતે જોતાં કાળ સત્યયુગ તરીકે ઓળખવાનો તો કોઇ વાર કલિયુગ તરીકે. એ યુગોમાં જુદાં જુદાં, શુભાશુભ પરિબળોની કે તત્વોની માત્રામાં તફાવત રહે એ જુદી વાત છે. પરંતુ એ તત્વો અથવા પરિબળો રહેવાનાં તો ખરાં જ. બધા યુગોમાં દૈવી અને આસુરી બંને પ્રકારના પ્રવાહો પેદા થાય છે. એ બંને પ્રવાહોનો સંઘર્ષ પણ જોવા મળે છે. આપણા સમયના કાળના વર્તમાન પ્રવાહને કલિયુગનું નામ આપવામાં આવ્યું છે પરંતુ એનો અર્થ એવો નથી સમજવાનો કે એમાં સત્યનો, શુભનો, ઉદાતત્તાનો કે માનવતાનો અંશ પણ નથી. કલિયુગ એટલે ક્લેશ, કપટ, કંકાસ, કાલિમાનો યુગ. કુળનો અથવા યંત્રોનો યુગ. આપણા જમાનામાં એ બધું દેખાય છે ખરું. અને બીજા યુગોની સરખામણીમાં કદાચ વિશેષ પ્રમાણમાં દેખાતું હશે, તો પણ એનો અર્થ એવો તો નથી જ કરવાનો કે આપણા યુગમાં કેવળ ક્લેશ કે કાલિમા જ છે અને શુભનો કે સત્યનો સ્વલ્પ કે અલ્પ પણ અંશ નથી દેખાતો. કલિયુગમાં પ્રાતઃસ્મરણીય સ્વનામધન્ય મહાન સંતો, સત્પુરુષો, ભક્તો, જ્ઞાનીઓ, લેખકો કે કવિઓ, વીરપુરુષો તથા વૈજ્ઞાનિકો, દાનીઓ તેમજ સર્વોત્તમ સેવાવીરો થયા છે. આજે પણ એવા સત્પુરુષો નથી એવું નથી સમજવાનું. કોઇપણ વ્યક્તિ જીવનનું સમુચિત ઘડતર કરીને એમાંની એક થઇને પોતાની અંદરની ને બહારની દુનિયામાં સત્યયુગનું નિર્માણ કરી શકે છે. એવી શક્યતા સૌ કોઇને સારુ છે જ.

આપણા યુગને આપણે ગમે તેવો ભયંકર કે ઘોર કલિયુગ કહેતા હોઇએ તો પણ એની કેટલીક વિશેષતાઓ કે લાક્ષણિકતાઓની ઉપેક્ષા ના કરી શકાય. આ યુગમાં માનવની પ્રગલ્ભ પ્રતિભાએ જ્ઞાનવિજ્ઞાનના ક્ષેત્રોમાં નવા નવા વિક્રમો સર્જ્યા છે ને વિકાસના નવાં નવાં શિખરો સર કર્યા છે. સંસારના જુદા જુદા દેશોની પ્રજાઓ વધારે ને વધારે સંનિકટ આવવાના આત્મીયતાપૂર્ણ સમજપૂર્વકના પ્રયત્નો કરી રહી છે એ પણ એક સારુ ચિહ્ન છે. શસ્ત્રોના વિધ્વંસકારી પ્રયોગોથી જ સઘળી સમસ્યાઓનું નિરાકરણ અથવા સમાધાન શોધવાની પદ્ધતિને પરિત્યાગીને સંસારના વિવિધ દેશો હવે પરસ્પર વાર્તાલાપ કરવાની ને શક્ય સમાધાન શોધી કાઢવાની સૌજન્યભરી વધારે સારી પદ્ધતિને અપનાવી રહ્યા છે એ હકીકત પણ ઓછી અગત્યની નથી સમજવાની. નિરક્ષરતા, દીનતા ને દુઃખો તથા વિનાશક વ્યાધિઓને દૂર કરવાના સુવ્યવસ્થિત સામુહિક પ્રયત્નો પણ થઇ રહ્યા છે. એવા પ્રયત્નો હજુ પ્રાથમિક દશામાં છે એ સાચું પરંતુ

એમની અવગણના નથી કરી શકાય તેમ. સંસારને માટે એમાં મહાન આશા રહેલી છે. એવા પ્રયત્નો તથા પ્રામાણિક પ્રવૃત્તિપ્રવાહો વિશ્વના વિપરીત, વૈમનસ્યપૂર્ણ વાતાવરણને વિશદ બનાવીને સત્યયુગના સુખશાંતિમય સમયમાં પલટાવવાની મોટી શક્યતા ધરાવે છે. તેમની પ્રત્યે આંખમીચામણાં કરવાનું ઠીક નથી. એ બધું લક્ષમાં લઇને આપણા યુગને નગણ્ય ગણવાની, હલકો સમજવાની, તિરસ્કારવાની અથવા અભિશાપરૂપ માનવાની જરૂર નથી. એમાં રહીને આપણા વ્યક્તિગત તેમ જ સમષ્ટિગત જીવનને બનતા પ્રમાણમાં શુદ્ધ, સમૃદ્ધ, સુખશાંતિમય ને સમુન્નત કરવાની કોશિશ કરી છૂટીએ એ જ શ્રેયસ્કર છે.

* * *

ભાગવતના દ્વાદશ સ્કંધના આરંભમાં કલિયુગના સંબંધમાં જે કાંઇ કહેવામાં આવ્યું છે તે સંક્ષેપમાં જોઇ જઇએ. એ સ્કંધના બીજા અધ્યાયમાં જણાવ્યું છે કે કાળની ગતિ ઘણી જ ગહન છે. જેમ જેમ ઘોર કલિયુગ આવતો જશે તેમ તેમ ધર્મનો, સત્યનો, પવિત્રતાનો, ક્ષમાનો, દયાનો, બળનો, આયુનો, મેધાનો તથા સ્મરણશક્તિનો લોપ થતો જશે. લક્ષ્મી જ કુલીનતા, સદાચાર, સદ્દગુણ તથા પ્રતિષ્ઠાનું મૂળ મનાશે. એની મદદથી માનવ ગમે તેવા અનર્થો કરી શકશે. જેની પાસે શક્તિ હશે તે ધર્મના તથા ન્યાયના માળખાને પોતાની ઇચ્છાનુસાર ઘડી ને બદલાવી, બનાવી તથા બગાડી શકશે. લગ્નને માટે સ્ત્રી-પુરુષની પારસ્પરિક રુચિ કે પ્રીતિ જ મહત્વની મનાશે, કુળની, શીલની કે બીજી યોગ્યતાનો વિચાર નહિ કરવામાં આવે. વ્યવહારમાં નીતિ ને પ્રામાણિકતાનું સ્થાન અનીતિ, છળકપટ તથા પ્રપંચ લેશે. એમાં જે કુશળ હશે તે વ્યવહારકુશળ, બુદ્ધિમાન ને માનપાત્ર મનાશે. સ્ત્રી-પુરુષો શીલ તથા સંયમને બદલે શરીરને અને શારીરિક આકર્ષણ, મોહ કે ભોગવિલાસને અગત્ય આપશે ને સર્વોપરી સમજીને એમાં જ આસક્તિ કરશે. બ્રાહ્મણની પાસે યજ્ઞોપવિત હશે પણ ગુણકર્મોનો અભાવ રહેશે. ભાગવતના એ શબ્દોના અનુસંધાનમાં એવું પણ કહી શકાય કે બ્રાહ્મણો યજ્ઞોપવિતને પણ નહિ રાખે. એને ફેશનવિરુદ્ધ સમજશે. જે રાખશે તે પણ કેવળ રાખવા પૂરતી રાખશે. એમાંથી જરૂરી જીવનોપયોગી પ્રેરણા નહિ મેળવે.

ત્યાગી કે સંન્યાસી એમના આશ્રમધર્મની મર્યાદા મુજબ નહિ ચાલે. પોતાની અંતરંગ યોગ્યતાને કે ગુણવત્તાને મહત્વની માનીને વધારવાને બદલે કેવળ બહારના વેશને જ વળગી રહેશે. પ્રજા પણ એમનો બાહ્ય દેખાવ જોઇને પ્રભાવિત થશે અને એમને આદર આપશે. ભગવદ્દભજનને અથવા આત્મોન્નતિની સાધનાને ભૂલીને એ ધનસંગ્રહમાં, પ્રતિષ્ઠા પ્રાપ્તિમાં, આશ્રમ નિર્માણમાં અને એવી બીજી લૌકિક પ્રવૃત્તિઓમાં તથા કામનાપૂર્તિમાં પોતાના વખતને વ્યતીત કરશે અને આસક્ત બનશે. એમની કુશળતા જેટલી વાણીમાં હશે તેટલી વ્યવહારમાં નહિ હોય. પંડિતો પણ મોટે ભાગે વાણીપંડિતો કે પોથીપંડિતો જ થયા કરશે. જે જેટલો વધારે દંભ કરશે તેને તેટલો જ મોટો સાધુ સમજવામાં આવશે.

સમીપનાં તીર્થોની અને તીર્થસ્વરૂપ માતાપિતાની ઉપેક્ષા કરીને દૂરનાં તીર્થો તરફ દોડવાની પ્રવૃત્તિ વધી પડશે. જનતામાં જનાર્દનને જોવાની દૈવી દૃષ્ટિનો હ્રાસ થતો જશે. પેટ ભરવાનો ને જેમતેમ કરીને ધનનો સંગ્રહ કરવાનો ધર્મ જ પ્રધાન રહેશે. બીજા ધર્મો તથા ધર્મમય જીવન ગૌણ થઇ જશે. લાંબા વાળ રાખવામાં જ સૌન્દર્ય સમજાશે. ન્યાયલયોમાં, શિક્ષણસંસ્થાઓમાં તથા બીજે બધે લાંચરુશ્વતનું જોર વધી પડશે. રાજ્યશાસકોના અસાધારણ અસહ્ય કરબોજથી પ્રજા પીસાશે ને પીડિત બનશે. શાસકો કૂડકપટથી

શાસનનાં સૂત્રોને ટકાવી રાખીને ઉદ્દંડ બનીને પ્રજાનું સર્વવિધ શોષણ કરશે. રક્ષણ કરનારા જ ભક્ષણને માર્ગે આગળ વધશે. કુદરત પણ પોતાના નિશ્ચિત નિયમાનુસાર નહિ ચાલે. દુઃખો, ક્લેશો તથા વ્યાધિઓ વધી પડશે. લોકોનું આયુષ્ય ઓછું થશે.

ભાગવતકાર કહે છે કે જગતમાં જ્યારે જ્યારે ઘોર અંધકાર છવાય છે ત્યારે ત્યારે પ્રકાશને પૂરો પાડવા માટે પરમપ્રકાશ સ્વરૂપ પરમાત્મા પૃથ્વી પર પ્રકટ થાય છે. એ ધર્મસંસ્થાપન, ધર્મપ્રસાર તથા સુખશાંતિનું વિતરણ કરે છે. એ પરંપરાગત પુરાતન કલ્યાણકારક ક્રમને અનુસરીને શંભલ ગામમાં વિષ્ણુયશ નામના બ્રાહ્મણને ત્યાં કલ્કિ ભગવાનનો અવતાર થશે. એ દેવદત્ત નામના શીઘ્રગામી ઘોડા પર સવાર થઇને એમની તલવારથી દુષ્ટોનો નાશ કરશે. એ વખતે કલિયુગનો અંત આવીને સત્યયુગનો આરંભ થઇ જશે. જ્યોતિષની દૃષ્ટિએ એ સમય કેવો હશે તેનું સ્પષ્ટીકરણ કરતાં કહેવામાં આવ્યું છે કે એ વખતે ચંદ્ર, સૂર્ય ને બૃહસ્પતિ એક જ સમયે એક સાથે પુષ્ય નક્ષત્રના પ્રથમ પલમાં પ્રવેશ કરશે અને એક રાશિ પર આવી જશે. જ્યોતિષીઓ એ કાળની ગણના શાસ્ત્રીય રીતે કરી શકે છે.

ભાગવતના એ વર્ણનને આધ્યાત્મિક રીતે મૂલવીએ તો કહી શકાય કે શીઘ્રગામી ઘોડો અલૌકિક આત્મશક્તિ છે, પરમાત્માની અલૌકિક આત્મશક્તિ એમના પવિત્રતમ પ્રતિનિધિના રૂપમાં પૃથ્વીના પરિત્રાણ માટે પ્રાદુર્ભાવ પામશે. તલવાર અદ્દભુત અનુશાસનનું પ્રતીક છે.

તટસ્થ રીતે વિવેકપૂર્વક વિચારીએ તો સમજાય છે કે સાંપ્રત સમયમાં વિભિન્ન પ્રકારની વિસંવાદિતાની વચ્ચે પણ માનવનું મન સંવાદિતાના મૂલ્યને સમજીને સંવાદિતાની સ્થાપનાના પ્રામાણિક પ્રયત્નો તરફ વાળવા માંડ્યું છે. સંપ, સહયોગ, સેવાભાવ તથા સર્વકલ્યાણની કલ્યાણકારક સદ્દભાવનાઓ વધવા લાગી છે. માનવતાની માવજત કરનારાં ઉત્તમ તત્વો વધતાં જાય છે. સંતો, સત્સંગની પ્રવૃત્તિઓ, કથા કીર્તનો તથા તીર્થયાત્રાઓ વધારે પ્રમાણમાં જોવા મળે છે. એની સાથે સાથે માનવનું મન, સમગ્ર જીવન અને કર્મ પણ જો નિર્મળ સત્વશીલ ને ઉદાત્ત બને તો કળિયુગમાં સુખ શાંતિપૂર્ણ સાત્વિક્તાયુક્ત સત્યયુગનું આવકારદાયક આશીર્વાદરૂપ અંતર આરંભાયું છે એવું ચોક્કસપણે કહી શકાય. આપણે વ્યક્તિગત તથા સમષ્ટિગત કેવી રીતે જીવીએ છીએ, આદર્શ માનવને છાજે તેવી રીતે કે પશુની પેઠે અથવા એનાથી પણ હીન કે બદતર રીતે, એના પર બધો આધાર છે.

તો પણ ભારતનું અને સમસ્ત માનવજાતિનું ભાવિ અંધકારમય અને અમંગલ નથી લાગતું. ભારતની આ ધરતી પ્રધાનરૂપે પુણ્યાત્માઓની ધરતી છે. એમાં અવનવા જ્યોતિર્ધરો, માનવતાપ્રેમી મહાપુરુષો પ્રકટયા છે તેમ ભવિષ્યમાં પણ પ્રકટશે. એ માનવ જાતિને માંગલ્યનો માર્ગ બતાવીને ઉદાત્ત જીવનને જીવવા માટે અનુપ્રાણિત કરીને સંસ્કૃતિનો ને સંસારનો સર્વનાશ નહિ થવા દે. આ ધરતી પૃથ્વીની પ્રેરણાપ્રદાત્રી ધરતી બનતી રહેશે.

માનવે કલિયુગના ક્લેશો કે દોષોમાંથી મુક્તિ મેળવવા માટે કોઇ બાહ્ય અવતારની કે સુનિશ્ચિત સમયમર્યાદાની પ્રતીક્ષા કરવાને બદલે એના અંતરના અંતરતમમાં પરમાત્માના અસાધારણ અનુરાગનું, અનુગ્રહનું ને પરમાત્માનું અવતરણ કરવા અને પોતાના જીવનને પલટાવવા કે જ્યોતિર્મય કરવા માટે પ્રયાસ કરવો પડશે. કોઇક આકાશમાંથી ઉતરી આવેલો દેવદૂત પોતાનો ઉદ્ધાર કરી જાય ત્યાં સુધી લમણે

હાથ દઇને વિષણ્ણ વદને બેસી રહ્યે નહિ ચાલે. માનવો જો ક્ષુલ્લક સ્વાર્થોને ને મતભેદોને કોરે મૂકીને સંયુક્ત રીતે સંગઠિત બનીને પુરુષાર્થ કરે તો સંપ, સહયોગ, સત્ય ને સુખશાંતિના સુસમૃદ્ધ, સમુન્નત યુગને સરજવાનું કાર્ય અશક્ય ના બને. માનવના સુવિચારશીલ સુવ્યવસ્થિત સુયોજિત પુરુષાર્થ શું ના કરી શકે ? એના પરિણામે કયી સિદ્ધિ સાકાર ના બને ? એવા પ્રામાણિક પુરુષાર્થમાં પરમાત્માના અમોઘ આશીર્વાદ અવશ્ય મળી રહે. માનવ જો એવી રીતે વિચારે અને એ વિચારણાને અમલમાં મૂકે તો પૃથ્વી પલટાઇ જાય; વધારે ને વધારે પવિત્ર, પ્રસન્ન ને જીવવાલાયક થાય. મનરૂપી ચંદ્ર, બુદ્ધિરૂપી બૃહસ્પતિ અને આત્મારૂપી સૂર્ય સમુન્નત બનતાં ને સમન્વય સાધતાં ને શરીરનો સત્કર્મો માટે સદ્ઉપયોગ થતાં કલિકાળનો અંત આવીને સત્યયુગનો સ્વાનુભવ થઇ જાય એમાં શંકા નથી. એવા સુખદ સત્યયુગનું સર્જન પોતાની અંદર અને બહાર બધે જ કરવા માટે માનવ સ્વતંત્ર છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૩] કલિયુગથી ઉગરવાનો ઉપાય

કલિયુગ ગમે તેટલો ખરાબ હોય તો પણ ભયંકરતાના વધારે ને વધારે વિપરીત શબ્દચિત્રો દોરવાથી ને બહુજનસમાજને ભયભીત કે હતાશ કરવાથી કશું નહિ વળે. એથી કશો વિશેષ ઉપયોગી હેતુ નહિ સરે. કાદવમાં કમળની સુંદર સૃષ્ટિ થાય છે અને અંધકારથી આવૃત્ત આકાશમાં તારા તથા ચંદ્ર પ્રકાશી ઊઠે છે તેમ, ક્લેશો અને દોષોથી ભરેલા કલિયુગની પણ કેટલીક લાક્ષણિકતાઓ અથવા વિશેષતાઓ છે. શાસ્ત્રોએ ને સંતોએ એમનું વિષદ વર્ણન કરેલું છે. એ વર્ણન ખૂબ જ રોચક અને વાંચવા વિચારવા જેવું છે.

કલિયુગ સાથે બીજા યુગોનું વર્ણન કરતાં ભાગવતમાં કહેવામાં આવે છે કે સત્યયુગમાં ધર્મનાં ચાર ચરણ સત્ય, દયા, તપ તથા દાનનો મહિમા સંપૂર્ણપણે સચવાય છે. એ યુગમાં મનુષ્યો શાંત, સંતોષી, સંયમી, દયાળુ અને સત્યપરાયણ હોય છે. સૌ કોઇ ધર્મપાલનમાં પ્રવૃત્ત રહે છે. મોટાભાગના માનવો સમદર્શી, આત્મારામ અને આત્મસાક્ષાત્કારની સાધનામાં રસ લે છે. ત્રેતાયુગમાં માનવો કર્મકાંડમાં તથા તપશ્ચર્યામાં નિષ્ઠા રાખે છે. ધર્મના ચાર ચરણો ઉત્તરોત્તર હ્રાસ પામે છે. દ્વાપરમાં ધર્મની દશા એથી પણ વધારે દુઃખદ થઇ જાય છે. સત્યયુગની સરખામણીમાં એનું સ્તર અત્યધિક દુષિત બને છે ને નીચે ઉતરે છે. કલિયુગમાં એની સ્થિતિ વિશેષ વિપરીત કે કફોડી બની જાય છે. અસત્ય, હિંસા, અસંતોષ અને કલહ કલિયુગમાં વધી પડે છે. કલિયુગમાં મોટાભાગના લોકો લોભી, લાલસાવાળા, દુરાચારી, કઠોર હૃદયના ભાતભાતના વ્યસનોવાળા અને અંદર અંદર લડનારા થાય છે.

સત્યયુગ સાત્વિકતાનો, જ્ઞાનનો, સંયમનો તથા તપનો યુગ છે. માનવના જીવનમાં જ્યારે એ બધાનું દર્શન થાય છે ત્યારે એ સત્યયુગમાં જીવે છે એમ સમજી લેવું. માનવનું મન લૌકિક સુખોપભોગ તરફ વધારે વળે અને રજોગુણથી રંગાઇ જાય ત્યારે એના જીવનમાં ત્રેતાયુગ શરૂ થયો છે એવું સમજવું. જીવનમાં દંભ, અસંતોષ, અહંકાર તથા લોભ દેખાય અને સકામ કર્મો વધી જાય ત્યારે દ્વાપરયુગની સત્તા સમજી લેવી અને સર્વપ્રકારના દુર્ગુણોનું અથવા આસુરી સંપત્તિનું અને અજ્ઞાનનું વર્ચસ્વ વધી જાય ત્યારે કલિયુગનું સામ્રાજ્ય છવાયું છે એવું માની લેવું. માનવના વ્યક્તિગત જીવનમાં જોઇએ તો એ ચારે યુગોનો પ્રભાવ વારાફરતી પડતો જોઇ શકાય છે.

કલિયુગના દોષો અનેક છે. એક રીતે કહીએ તો એ દોષોનું ઘર છે. છતાં પણ એમાં રહીને દોષોને દૂર કરવાનો પ્રયત્ન કરીને જીવનનો સમ્યક્ સુધાર કરી શકાય છે. એમાં જો સાચા દિલથી પ્રેરાઇને ભગવાનનું શરણ લેવાય ને ભગવાન સાથે સંબંધ બાંધીને ભગવાનના અસાધારણ અનુગ્રહને અનુભવવાનો પ્રયાસ થાય તો ક્લેશો, દુઃખો, બંધનો તેમજ અશાંતિમાંથી મુક્તિ મળી શકે છે. કલિયુગમાં બીજા યુગો જેવી કઠોર તપશ્ચર્યા નથી કરવી પડતી અને એટલી બધી કસોટી પણ નથી થતી. એમાં નામજપની સર્વોત્તમતા છે, નામજપથી તરાય છે, સર્વોચ્ચ સિદ્ધિ સાંપડે છે, અને સઘળાં હેતુઓની સિદ્ધિ થાય છે.

કલિયુગમાં ભગવન્નનામ કલ્પવૃક્ષ કે કામધેનુનું કામ કરે છે. એના સતત આશ્રયથી શાંતિ સાંપડવાની સાથે સાથે ભગવાનના સુખદ સાક્ષાત્કારનો લાભ થઇ રહે છે. ભગવાનના નામસ્મરણની શક્તિ અમોઘ છે. નામસ્મરણ સર્વપ્રકારે સુખકારક, શાંતિદાયક તથા તારક ઠરે છે. ભાગવતમાં સંતશ્રેષ્ઠ શુકદેવ

પરીક્ષિતને જણાવે છે કે બધી જાતના અનર્થોનું મૂળ અંતઃકરણમાં રહેલું છે. એ અશુદ્ધ અંતઃકરણની શુદ્ધિ ભગવાન એમાં વિરાજે છે એટલે સહેલાઇથી થઇ જાય છે.

મૃત્યુનો સમય સંનિકટ હોય ત્યારે માણસે શું કરવું જોઇએ ? જેનો અંતકાળ એકદમ નજદીક હોય એને શાસ્ત્રાધ્યયન કરવા માટે કહેવું અથવા પ્રાણાયામાદિ સાધના શીખવવી ? એ બધા બાહ્ય સાધનોથી શું વળે ? એવાં માણસે તો ભગવાનના સ્વરૂપમાં મન લાગાડીને ભગવાનનું નામ જ લેવું જોઇએ એને માટે એ જ કલ્યાણકારક કહેવાય. શુકદેવજી એટલા માટે જ પરીક્ષિતને કહેવા લાગ્યા કે મૃત્યુનો સમય છેક જ પાસે આવ્યો હોવાથી હવે સાવધાન થઇને મનને લૌકિક લાલસામાંથી પાછું વાળીને ઇશ્વરમાં એકાગ્ર કરો. હૃદયમાં કેવળ ભગવાનની જ સ્થાપના કરી દો. ભગવાનના જ જપ કરો અને ભગવાનનું ધ્યાન ધરો. એવું કરવાથી પરમગતિની પ્રાપ્તિ થશે.

શુકદેવજીના એ શબ્દો ખૂબ જ સારગર્ભિત છે. જીવનનો પ્રત્યેક કાળ અંતકાળ છે. જીવનનો શો ભરોસો ? કાળ ક્યારે આવે એ કેમ કહી શકાય ? માટે જીવનની પ્રત્યેક પળે તૈયાર રહેવું જોઇએ. લૌકિક લાલસાઓનો અંત આણીને જીવનને બનતા પ્રમાણમાં શુદ્ધ તથા સાત્વિક કરીને પરમાત્મામાં જોડવાનો સંકલ્પ અને પ્રયત્ન કરવો જોઇએ. એવા પ્રયત્નથી જીવનનનું સાર્થક્ય સાધી શકાય અને મરણ પણ મંગલમય બની જાય.

☼ ☼ ☼ ☼ ☼

## [૪] છેવટનો સંદેશ

સ્વનામધન્ય શુકદેવનો છેવટનો સંદેશ એ જ છે. માનવને મૃત્યુનો ભય શા માટે લાગે છે ? એક તો એટલા માટે કે એ પોતાને શરીર સમજે છે ને બીજું એટલા માટે કે એને દુન્યવી પદાર્થો, વિષયો તથા ભોગોની રાગાસક્તિ છે. એ આસક્તિ ના હોય તો એ શરીર છોડીને શાંતિથી જઇ શકે અને રડે કે ભયભીત ના બને. શરીરભાવનાને છોડીને આત્મભાવમાં સ્થિતિ કરવાથી પણ એ શક્ય બને છે. મરણ આત્માનું નથી થતું, શરીરનું થાય છે, અને માનવ મૂળભૂત રીતે વિચારતાં શરીર નથી પરંતુ અવિનાશી આત્મા છે. આત્માને લીધે શરીરાદિ સક્રિય બને તેનું નામ જીવન છે અને આત્માના અભાવથી શરીરાદિ અક્રિય બને તેનું નામ મરણ. જીવન અને મરણના એ અસાધારણ રહસ્યને જે જાણે છે તે તો સમજે છે કે જીવન એક શરીરના છૂટવા પછી પણ ચાલુ રહે છે. જ્યાં સુધી એ પૂર્ણ, મુક્ત અથવા વાસનારહિત ના થાય અને એની પાછળનું પ્રયોજન પૂરું ના થાય ત્યાં સુધી એનો અંત નથી આવતો. શરીરનો પરિત્યાગ કરવાની ક્રિયા તો માત્ર વચગાળાની પ્રક્રિયા છે. એ પ્રક્રિયા સુદીર્ઘ સમયથી ચાલ્યા કરે છે. એને સરળ, સાર્થક કે શાંત કરવી હોય તો આત્મવિચાર દ્વારા આત્મામાં કે પરમાત્મામાં સ્થિતિ કરવાની આવશ્યકતા છે. ભારતવાસીઓને માટે એ વિચારધારા નવી અથવા અપરિચિત નથી. એનો અમલ કેટલા પ્રમાણમાં થાય છે કે થયો છે એ વાત જુદી છે પરંતુ એ એક વાસ્તવિકતા છે. આત્માની અમરતાની શોધ કરવાનો અને એ શોધ સંસાર સમક્ષ મુકવાનો સૌથી પ્રથમ યશ ભારતને મળે છે.

શુકદેવે પરીક્ષિતને બુદ્ધિને વિશુદ્ધિ અને વિવેકવતી બનાવીને પરમાત્મભાવમાં પ્રતિષ્ઠિત થઇને પરમાત્માનો સાક્ષાત્કાર કરવાનો આદેશ આપ્યો. ને જણાવ્યું કે તક્ષકથી ડરવાનું કારણ કશું જ નથી. તમે તો કાળના પણ મહાકાળ છો. એક તક્ષક તો શું, અનેકો તક્ષકો પણ તમને કરડી કે ભસ્મીભૂત નહિ કરી શકે. તમે શરીર નથી એટલું સમજી લો એટલે થયું. 'હું બ્રહ્મ અથવા પરબ્રહ્મ છું' એવું મનન કરતાં પોતાના મૂળભૂત એકરસ અનંત અખંડ સનાતન સ્વરૂપમાં સ્થિતિ કરી લો. પછી કોઇયે પ્રકારની શંકા કે ચિંતાનું કારણ નહિ રહે.

પરીક્ષિતે શુકદેવના ચરણોમાં પ્રણામ કરીને પોતાની કૃતજ્ઞતા ને કૃતકૃત્યતાને પ્રગટ કરતાં એમની પૂજ્યભાવે પ્રેમપૂર્ણ પ્રશસ્તિ કરી. અને કેમ ના કરે ? એમના અસાધારણ અલૌકિક અનુગ્રહને લીધે તો એમના અજ્ઞાનાંધકારનો અંત આવેલો. ડૂબતા માણસને હાથ પકડીને સમુદ્રમાંથી બચાવે ને બહાર કાઢે એમ એમણે એમને બચાવીને બહાર કાઢેલા. ભગવાનના ગુણસંકીર્તનના શ્રવણથી એમની કાયાપલટ થયેલી અને એમને અભિનવ અવતાર મળેલો.

પરીક્ષિતે છેલ્લે વાણીને બંધ કરીને પરમાત્મામાં મનને વિલીન કરીને શરીરને છોડવાની અનુમતિ માગી. એ જ એક અગત્યનું કાર્ય હવે શેષ રહેલું.

એમણે શુકદેવની પૂજા કરી.

શુકદેવનું સમસ્ત કાર્ય પૂરું થયું હોવાથી એ ત્યાંથી શાંતિપૂર્વક ચાલી નીકળ્યા. પરીક્ષિતે ગંગાના પાવન તટપ્રદેશ પર કુશાસન પર વિરાજીને મનને પરમાત્મામાં જોડીને પરમાત્માના સંસ્પર્શ દ્વારા પરમાત્મ

સ્વરૂપ બનીને જીવનને કૃતાર્થ કર્યું. ભાગવતનો સદ્દુપદેશ એવી રીતે સાર્થક કે સફળ થયો. એમના અણુઅણુમાંથી શુકદેવને સંભળાવેલા શબ્દોના જાણે કે પડછંદા પડવા માંડ્યા :

'તમે પરમ કરુણાની મૂર્તિ છો. તમે મારા પર કૃપા કરીને અનાદિ, અનંત ભગવાન હરિની લીલાઓનું મારી આગળ જયગાન કર્યું છે. એને સાંભળીને હું પરમકૃપાપાત્ર ને ધન્ય બન્યો છું. સંસારના ઘોર અજ્ઞાનંધકારમાં અટવાતાં ત્રિતાપથી તપેલાં પ્રાણીઓ પર તમારા જેવા પરમાત્મામય મહાપુરુષો જે અનુગ્રહની વર્ષા વરસાવે છે એ કાંઇ આશ્ચર્યકારક નથી. એમને માટે એ એક સહજ પ્રક્રિયા હોય છે. એમનો સ્વભાવ જ એવો ઉદાત્ત અને અનુકંપાવાળો હોય છે.'

ભાગવતનું શ્રવણમનન એટલા માટે જ કરવાનું છે. અવિદ્યાની, શોકની ને વાસનાની નિવૃત્તિ તથા પરમાત્માની અલૌકિક એકતાની અનુભૂતિ માટે. માનવને કાળરૂપી તક્ષકનો ભય છે. એ ભય ક્યારે મટે ? ભગવાનની ભક્તિનો અને એના પરિણામે પ્રાપ્ત થનારા અનુભવાત્મક આત્મજ્ઞાનનો આવિર્ભાવ થાય ત્યારે. પરીક્ષિતની પેઠે ભાગવતના વક્તા તથા શ્રોતાને પણ અનુભવ થવો જોઇએ, એમ લાગવું જોઇએ કે મારું અજ્ઞાન નષ્ટ થયું છે, મને નિર્વાણ મળ્યું છે, ને પરમાત્મદર્શન થયું છે. તો જ ભાગવતના વ્યક્તવ્યની ને શ્રવણની સાર્થકતા કહેવાય. એટલું બધું કદાચ ના થઇ શકે ને પરમાત્માનો પ્રેમ પ્રકટે ને લૌકિક-પારલૌકિક લાલસાઓ મટે તો પણ એનું શ્રવણમનન સફળ છે એવું કહી શકાય. ભાગવતના ચિંતનમનન તથા શ્રવણથી એવી રીતે જીવનના સુધારમાં ને વિકાસમાં મહત્વની મદદ મળવી જોઇએ. એવી મહત્વની મદદ મેળવવાનું સૌ કોઇએ ધ્યાન રાખવું જોઇએ. ખાસ કરીને ભાગવતના પ્રેમીઓએ.

☼ ☼ ☼ ☼ ☼

## [૫] જનમેજયનો યજ્ઞ

મુનિકુમાર શ્રૃંગીના શાપને અનુસરીને તક્ષક રાજા પરીક્ષિતને કરડવા માટે ચાલી નીકળ્યો. માર્ગમાં એને કશ્યપ નામે બ્રાહ્મણનો મેળાપ થયો. એ સર્પવિષની ચિકિત્સામાં ને મૃતસંજીવનીવિદ્યામાં કુશળ હતો. તક્ષકે એને ધન આપીને વિદાય કર્યો ને બ્રાહ્મણનો વેશ ધારણ કરીને પરીક્ષિતની પાસે પહોંચીને ડંખ માર્યો. પરીક્ષિતનું શરીર ક્ષણવારમાં બળીને ભસ્મ થઇ ગયું. પરંતુ આત્મા ? એનો નાશ કોણ કરી શકે ? એ તો પહેલેથી જ પરમાત્મામાં મળી ગયેલો.

મહાભારતમાં પરીક્ષિતના અંતકાળનું વર્ણન જરાક જુદી રીતે કરાયેલું છે. એમાં એવું કહ્યું છે કે પરીક્ષિતે જલાશયથી વીંટળાયેલા કાચના મહેલમાં નિવાસ કર્યો ત્યાં સાધુઓ સાથે ગયેલા તક્ષકે ફળમાં કીડાનું રૂપ લઇને પોતાનું કાર્ય પૂરું કર્યું. આપણે તો ભાગવતની કથાની સાથે જ સવિશેષ સંબંધ હોવાથી એને અનુસરીને જ વિચારી રહ્યા છીએ.

અંત સમયે મન પરમાત્મામાં મળી જાય અને વાસનારહિત થાય તો જીવન કૃતાર્થ બની જાય. એથી વધારે કલ્યાણકારક સિદ્ધિ બીજી કયી હોઇ શકે ? આજે પણ એવી કૃતાર્થતાને અનુભવનારા કોઇ કોઇ માનવો મળી આવે છે. હમણાં અમે બદરીકેદારની યાત્રાએ જઇ આવ્યા. રસ્તામાં પાછા આવતાં થોડાક વખત દેવપ્રયાગ રોકાયા ત્યારે દેવપ્રયાગના અમારા પહેલાના નિવાસ દરમિયાન અમારી ખૂબ જ પ્રેમપૂર્વક સેવા કરનારા મગનલાલના પરિવારની અમે મુલાકાત લીધી. એની સાથે વાતચીત કરતા જણાયું કે મગનલાલને એમના અંતકાળની ખબર પહેલેથી પડી ગયેલી. છેલ્લે દિવસે એમણે મનને પરમાત્માના સ્મરણ મનનમાં પરોવી દીધું ને જણાવ્યું કે આજે સાંજે સાડાપાંચ વાગ્યા સુધી જ હું રહેવાનો છું, માટે એ વખતનું બરાબર ધ્યાન રાખજો. સાંજે સાડાપાંચ વાગ્યે એમણે કહ્યું કે હવે સમય થઇ ગયો, અને ઇશ્વરનું સ્મરણ કરતાં શરીરને છોડી દીધું. એ માહિતી મેળવીને અમને આનંદ થયો. કેટલું બધું મંગલમય મૃત્યુ ? એ મૃત્યુનું મહત્વ એટલા માટે અધિક હતું કે એ કોઇ વિરક્ત કે ત્યાગીનું મૃત્યુ નહોતું પણ પારિવારિક જીવનમાં શ્વાસ લેતા સંસારીનું મૃત્યુ હતું. બીજાને માટે મૃત્યુની એ ઘટના પ્રેરક અને આશાસ્પદ હતી એમાં શંકા નહિ. મગનલાલે કોઇ મોટું તપ નહોતું કર્યું પરંતુ એમનું જીવન નિર્મળ હતું. એ કોઇને હાનિ ના પહોંચે એનું ધ્યાન રાખતા, દાન કરતા, ને સાધુસંતોની યથાશક્તિ સેવા કરવાની સાથે સાથે બને તેટલા ઇશ્વરસ્મરણનો આધાર લેતા. એ એમની મૂડી કહી શકાય. બીજા પણ એવી મૂડી મેળવી શકે છે. જીવનના મંગલનો માર્ગ સૌ કોઇને માટે ઉઘાડો છે.

*

પોતાના પિતા પરીક્ષિતનું શરીર તક્ષક નાગના કરડવાથી બળીને ખાખ થયું એથી જનમેજયને ખૂબ જ ક્રોધ ચઢયો. એ ક્રોધથી પ્રેરાઇને પિતાના મૃત્યુનું વેર વાળવા આખી નાગજાતિનું નિકંદન કાઢવાનો એણે નિર્ણય કર્યો અને એને અમલમાં મૂકવા યજ્ઞ આરંભ્યો.

યજ્ઞકુંડમાં સર્પો ભસ્મીભૂત થવા લાગ્યા તે જોઇને તક્ષકે ભયભીત બનીને ઇન્દ્રનું શરણ લીધું. ઇન્દ્ર એની રક્ષા કરે છે તેવું જાણીને જનમેજયે બ્રાહ્મણોને તક્ષકને ઇન્દ્ર સાથે જ યજ્ઞકુંડમાં નાખવાનો આદેશ

આપ્યો. બ્રાહ્મણોએ ઇન્દ્ર સાથે તક્ષકનું આવાહ્ન કર્યું. અંગિરાનંદન બૃહસ્પતિએ ઇન્દ્રને વિમાન તથા તક્ષક સાથે અગ્નિકુંડમાં પડવાની તૈયારીમાં જોઇને કરુણાથી પ્રેરાઇને જનમેજયને જણાવ્યું કે તક્ષક અમૃતપાન દ્વારા અજરામર બન્યો હોવાથી મરી નહિ શકે. સૌ કોઇ પોતાના કર્મફળ પ્રમાણે સુખ તથા દુઃખ ભોગવે છે. એને માટે કોઇને દોષ દેવો નકામો છે. તક્ષક તો પરીક્ષિતના મૃત્યુમાં માત્ર નિમિત્ત બન્યો છે. માણસો કર્માનુસાર અનેક રીતે મૃત્યુ પામે છે.

બૃહસ્પતિના સદુપદેશને શિરોધાર્ય કરીને જનમેજયે યજ્ઞને બંધ કર્યો. એને નવી દૃષ્ટિની પ્રાપ્તિ થવાથી એનો વેરભાવ શમી ગયો. હજારો નિર્દોષ નાગોની હત્યા પછી એ હિંસક યજ્ઞનો એવી રીતે અંત આવ્યો.

☼ ☼ ☼ ☼ ☼

## [૬] માર્કંડેય મુનિની તપસ્યા તથા વરપ્રાપ્તિ

મહર્ષિ માર્કંડેયની તપસ્યાનો સંક્ષિપ્ત ઇતિહાસ નૈમિષારણ્યમાં કથાશ્રવણ સારું એકઠા થયેલા શૌનકાદિ મુનિઓને સૂત પુરાણીએ કહી બતાવ્યો છે. એ ઇતિહાસ હૃદયંગમ અથવા રોચક છે. ભાગવતના દ્વાદશ સ્કંધના આઠમા, નવમા તથા દસમા અધ્યાયમાં એનું આલેખન કરવામાં આવ્યું છે. એનું વિહંગાવલોકન કરવા જેવું છે.

મૃકંડ મુનિએ પોતાના પુત્ર માર્કંડેયના સઘળાં સંસ્કાર સમુચિત સમય પર કરાવ્યા. એમને વેદોનું અધ્યયન પણ કરાવ્યું. માર્કંડેયે આજીવન બ્રહ્મચર્ય પાલનનું વ્રત લીધેલું. બ્રહ્મચર્યનું પાલન કરતાં એ ભગવાનની અસાધારણ અનુરાગપૂર્વકની એકનિષ્ઠ આરાધના કરવા લાગ્યા. આરાધના કરીને એમણે મૃત્યુંજય પદની પ્રાપ્તિ કરી.

એમની તપશ્ચર્યાથી ઇન્દ્રને ભય લાગવાથી એણે એમની તપશ્ચર્યામાં ભંગ પાડવાનું આયોજન કર્યું. એ આયોજનને અનુસરીને એણે એમના આશ્રમમાં ગંધર્વ, અપ્સરા, કામદેવ, વસંત, મલયાનિલ, લોભ તથા મદને મોકલી આપ્યાં. માર્કંડેય મુનિનો આશ્રમ હિમાલયની ઉત્તર દિશામાં ભદ્રા નદીના તટ પર હતો. ત્યાં જઇને સૌએ પોતપોતાની વિશિષ્ટ શક્તિને અજમાવીને એમના તપમાં વિક્ષેપ પાડવાનો પ્રયાસ કર્યો. અપ્સરાઓ એમની આગળ નાચવા લાગી ને ગંધર્વો સુમધુર સ્વરવાળા વાદ્યો સાથે ગીત ગાવા લાગ્યાં. વસંતે પોતાની માયા સારી પેઠે ફેલાવી દીધી. સંધ્યાનો સુંદર સમય હતો. ચંદ્રમાનાં ચારુ કિરણો ચારે તરફ છવાઇ રહેલાં.

મહર્ષિ માર્કંડેય આંખ મીંચીને ધ્યાનાવસ્થામાં ભગવાનની ઉપાસના કરી રહેલા. એમની આગળ અપ્સરાઓએ નૃત્ય કરવા માંડ્યું ત્યારે પુંજિકસ્થલી નામની અપ્સરાએ રમવાની શરૂઆત કરી. કામદેવે પોતાનું સંમોહક અમોઘ શર છોડ્યું તોપણ માર્કંડેય પર એની કશી જ અસર ના થઇ. એ એવા જ અચળ રહ્યા. એટલું બધું અસાધારણ આત્મબળ હોવા છતાં એમને લેશ પણ અહંકાર ના થયો. એ નમ્રતાની મૂર્તિ બનીને બેસી રહ્યા.

કામદેવ પરાજીત બનીને એની સેના સાથે પાછો ફર્યો. મહર્ષિ માર્કંડેયના આત્મબળને જોઇને ઇન્દ્રને આશ્ચર્ય થયું. પરંતુ એમાં આશ્ચર્ય જેવું કશું જ નહોતું. ભગવાનના સાચા ભક્તો અથવા આરાધકો જ પૃથ્વીના પાર વિનાના પ્રખર પ્રલોભનોની વચ્ચે પણ અડગ રહે છે. એ પ્રલોભનોથી ભગવાન પોતે જ એમની રક્ષા કરે છે.

સમુચિત સમય પર મહર્ષિ માર્કંડેયને ભગવાન નર તથા નારાયણે દર્શન આપ્યું. માર્કંડેયે એમને પૂજ્યભાવે પ્રણામ કર્યા. એમની પ્રસન્નતાનો ને શાંતિનો પાર ના રહ્યો. એમને ઉત્તમ આસન પર બેસાડીને એમણે એમની સ્તુતિ કરી.

એ સ્તુતિથી પ્રસન્ન થઇને ભગવાન નરનારાયણે એમને વરદાન માગવાનું કહ્યું. ભગવાનના ભક્તને માટે જીવનનું સર્વોત્તમ વરદાન તો ભગવાનનું દર્શન હોય છે. એની આગળ બીજા વરદાનોની કશી વિસાત નથી હોતી. મહર્ષિને એ વરદાન પ્રાપ્ત થયેલું અને એના પરિણામે એમનું જીવન ધન્ય બનેલું. હવે એ બીજા

કયા વરદાનની માગણી કરે ? તો પણ ભગવાનની આજ્ઞાને માન આપીને એમણે એમની લોક-લોકપાલોને મોહિત કરનારી માયાને જોવાની ઇચ્છા કરી.

*   *   *

એમની એ ઇચ્છાને માન આપીને એ પછી એક દિવસે ભગવાને એમને પોતાની મહામહિમામયી માયાનું દર્શન કરાવ્યું. સંધ્યા સમયે એ પુષ્પભદ્રા નદીના પવિત્ર તટપ્રદેશ પર ઉપાસના કરી રહેલા ત્યારે અચાનક પવનનું તોફાન શરૂ થયું, વાદળા ગરજવા તથા વરસવા લાગ્યા, ને ચપલાઓ ચમકવા માંડી. ચારે તરફ જાણે કે પ્રલયંકર સમુદ્રના તોફાની તરંગો ઉછળવા માંડ્યા. એમની આજુબાજુ બધે જ પાણી ફરી વળ્યું. આખી દુનિયા એમાં ડૂબી ગયેલી લાગી. એ પ્રલયંકર પાણીમાંથી પોતાની જાતને બચાવવા માટે એ દોડવા માંડ્યા. પરંતુ દોડીને જાય ક્યાં ?

લાંબા વખત પછી એકવાર એમણે પાણીના એ પારાવારમાં એક નાની સરખી ટેકરી પર એક વટવૃક્ષ જોયું. એના ઇશાન ખૂણાની ડાળ પર પાંદડાનો પડિયો બની ગયેલો એમાં એક અસાધારણ સૌન્દર્યસંપન્ન, જ્યોતિર્મય, નાનો શ્યામ શરીરવાળો બાળક સૂઇ રહેલો. એ પોતાના પગના અંગૂઠાને બે હાથે પકડીને ચુસતો હતો. એની આસપાસ પ્રકાશ પથરાયેલો. માર્કંડેય મુનિ એને વિલોકીને વિસ્મય પામ્યા. મહાપુરુષે કહ્યું છે :

**वटस्य पत्रस्य पुटे शयनं बालं मुकुंदं मनसा स्मरामि ।**

'વટપત્રના પડિયા પર સુતેલા ભગવાન બાલમુકુંદનું મનોમન સ્મરણ કરું છું.'

એના દર્શનથી માર્કંડેય મુનિનો બધો થાક ઉતરી ગયો. એમનો પ્રાણ પ્રસન્નતાથી પુલકિત બન્યો. એ બાળક કોણ છે તેની ખબર એમને ના પડી. એ એની માહિતી મેળવવા એની પાસે પહોંચ્યા ત્યાં જ શ્વાસની સાથે એના શરીરમાં પહોંચી ગયા. એના ઉદરમાં એમણે સમસ્ત બ્રહ્માંડનું દર્શન કર્યું. એના પ્રશ્વાસ સાથે બહાર નીકળીને એમણે પેલા વટવૃક્ષના અલૌકિક દૃશ્યને જોવા માંડ્યું. માર્કંડેય મુનિ એની પાસે જવા માંડ્યા ત્યાં જ એ અદૃશ્ય થઇ ગયો, વટવૃક્ષ પણ અદૃશ્ય થઇ ગયું, અને મુનિએ પોતાને પહેલાંની પેઠે પોતાના એકાંત આશ્રમમાં બેઠેલા જોયા.

મુનિએ એવી રીતે ભગવાનની માયાનો અનુભવ કરીને એમાંથી મુક્તિ મેળવવા માટે ભગવાનનું શરણ જ એકમાત્ર અકસીર ઉપાય છે, એવું જાણીને મનને ભગવાનના શરણમાં લગાડી દીધું. એમણે મનોમન કહ્યું :

**प्रपन्नोऽस्म्यङ्घ्रिमूलं ते प्रपन्नाभयदं हरे ।**
**यन्माययापि विबुधा मुह्यन्ति ज्ञानकाशया ।।**

સ્કંધ ૧૨, અધ્યાય ૧૦, શ્લોક ૨.

'તમારી માયા સત્ય જ્ઞાનની પેઠે પ્રતીત થઇને મોટા મોટા મુનિઓને ને વિદ્વાનોને પણ મોહિત કરે છે. એમાંથી છુટવા માટે તમારા ચરણકમળનો આધાર લેવો જોઇએ. એ જ અભય આપે છે એવું સમજીને હે પ્રભુ ! મેં તમારું શરણ લીધું છે.'

એ શરણ કદી નકામું નથી જતું.

*　　　　*　　　　*

એ સુંદર બાળક કોણ હતો ? વેદો સત્યં, જ્ઞાનં, અનંત બ્રહ્મ કહીને જેનું વર્ણન કરે છે, બ્રહ્માદિ જેને સ્તવે છે, ને યોગીઓ જેનું દેવદુર્લભ દર્શન કરે છે : જેમાંથી જીવો જન્મે છે, જેના આધારે ટકે છે, અને જેમાં લય પામે છે, તે પરમસત્યનો, પરમતત્વનો પ્રતિનિધિ. એ સત્ય કે તત્વ જ એના સ્વરૂપે સાકાર બનેલું.

*　　　　*　　　　*

મહર્ષિ માર્કંડેય એના સ્મરણમનનમાં અને એના શરણાગતિભાવમાં મગ્ન બની ગયેલા ત્યારે ભગવાન શંકર પાર્વતી તથા બીજા ગણોની સાથે ત્યાંથી આકાશમાર્ગથી પસાર થયા. પાર્વતીના કહેવાથી ભગવાન શંકર માર્કંડેય પાસે આવી પહોંચ્યા. માર્કંડેય મુનિ ભગવદ્દભાવમાં લીન બનેલા. એમને આજુબાજુના જગતનું તો શું, પોતાના શરીરનું પણ ભાન નહોતું રહ્યું. ભગવાન શંકરે એમના હૃદયમાં પ્રવેશીને એમને દર્શન આપ્યું એથી આશ્ચર્યચકિત, આનંદમગ્ન ને ભાવવિભોર બનેલા માર્કંડેય સમાધિમાંથી જાગ્રત થયાં. એમણે ભગવાન શંકરને પ્રણામ કરીને એમની પૂજા કરી.

એ પૂજા તથા પ્રશસ્તિથી પ્રસન્ન થયેલા ભગવાન શંકરે એમને ઇચ્છાનુસાર વરદાન માગવા કહ્યું ને જણાવ્યું કે નિર્વૈરભાવવાળા, શાંત સ્વભાવના, સમદર્શી, આસક્તિરહિત, શ્રદ્ધાભક્તિસંપન્ન સંતપુરુષો સંસારની શોભારૂપ છે. એમનું હું સદાને સારું સન્માન કરું છું.

*　　　　*　　　　*

મહર્ષિ માર્કંડેય બીજું કયું વરદાન માગે ? એમને ભગવાન નરનારાયણ પાસે માંગેલા માયાદર્શનના વરદાનનું અને એની પ્રતિક્રિયાનું સ્મરણ હતું. એમણે કહ્યું કે તમે પ્રસન્ન બનીને કૃપા કરીને મને વરદાન આપવા તૈયાર થયા છો તો ભગવાનમાં, એમના શરણાગત સાચા ભક્તોમાં અને તમારામાં મારી અવિચળ અખંડ ભક્તિ સદાને માટે બની રહે એવું વરદાન પ્રદાન કરો.

ભગવાન શંકરે એમની નિર્મળ ભક્તિભાવનાથી પ્રસન્ન બનીને એમને એકસાથે અનેક વરદાન પ્રદાન કરતાં કહ્યું કે, 'મહર્ષિ, તમારી સર્વે કામનાઓ પૂર્ણ થાવ. ઇન્દ્રિયાતીત પરમાત્મામાં તમારી અનન્ય ભક્તિ સદા અચળ રહો. તમારો પવિત્ર યશ કલ્પપર્યંત ફેલાવ અને તમે અજર તેમજ અમર બનો. તમારું બ્રહ્મતેજ તો અક્ષય રહેશે જ; પરંતુ એની સાથે સાથે તમને ભૂત ભાવિ વર્તમાનના જ્ઞાનની અને વૈરાગ્યયુક્ત સ્વરૂપસ્થિતિની પ્રાપ્તિ થશે. તમે પુરાણનું આચાર્યત્વ પણ મેળવશો અથવા એક સ્વતંત્ર પુરાણની રચના કરશો.'

મહર્ષિ માર્કંડેયના જીવનને એવી રીતે કૃતાર્થ કરીને ભગવાન શંકર ત્યાંથી આગળ ચાલ્યા.

પ્રત્યેક માનવે પરમાત્માથી શ્રદ્ધાભક્તિથી સંપન્ન બનીને જીવનનું આત્યંતિક શ્રેય સાધવા ને બીજાનું શ્રેય સાધવા એવી રીતે પ્રયત્ન કરવો જોઇએ. ભાગવતનો એ મહત્વનો સંદેશ છે. એ સંદેશને જીવનમાં સાકાર કરવાનો પ્રયાસ કરી છૂટીએ તો ધન્ય બનીએ.

સૂત પુરાણી માર્કંડેય ચરિત્રનો ઉપસંહાર કરતા શૌનકને કહે છે કે 'આ માર્કંડેય ચરિત્ર ભગવાન ચક્રપાણિના પ્રભાવથી ને મહિમાથી ભરપુર છે. જે એનું શ્રવણ, મનન કે સંકીર્તન કરે છે, જે એને સાંભળે છે

ને સંભળાવે છે તે કર્મવાસનામાંથી મુક્તિ મેળવીને એમના પરિણામે પ્રાપ્ત થતાં આવાગમનચક્રથી સદાને સારું છૂટી જાય છે.'


અને એકલા માર્કંડેય ચરિત્રની જ શા માટે, સમસ્ત ભાગવતની એ ફળશ્રુતિ છે. ભાગવતની ભાગીરથીનો આ સ્વાદ લેનાર એવી રીતે જીવનમુક્ત કે ધન્ય બને છે.

☼ ☼ ☼ ☼ ☼

## ------ દ્વાદશ સ્કંધ સમાપ્ત ------

## ઇતિ મહાત્મા શ્રી યોગેશ્વરજી રચિત શ્રીમદ્ ભાગવત સમાપ્ત.

**About the Author**



(Aug 15th 1921 - Mar 18th 1984)

Author of more than hundred books, Mahatma Shri Yogeshwarji was a self-realized saint, an accomplished yogi, an excellent orator and an above par spiritual poet and writer. In a fascinating life spanning more than six decades, Shri Yogeshwarji trod the path of spiritual attainments single handedly. He dared to dream of attaining heights of spirituality without guidance of any embodied spiritual master and thus defied popular myths prevalent among the seekers of spiritual path. He blazed an illuminating path for others to follow.

Born to a poor Brahmin farmer in a small village near Ahmedabad in Gujarat, Shri Yogeshwarji lost his father at the tender age of 9. He was taken to a Hindu orphanage in Mumbai for further studies. However, God's wish was to make him pursue a different path. He left for Himalayas early in his youth at the age of 20 and thereafter made holy Himalayas his abode for penance for nearly two decades. During his stay there, he came across a number of known and unknown saints and sages. He was blessed by divine visions of many deities and highly illumined souls like Raman Maharshi and Sai Baba of Shirdi among others.

Yogeshwarji's experiences in spirituality were vivid, unusual and amazing. He succeeded in scaling the highest peak of self-realization resulting in direct communication with the Almighty. He was also blessed with extraordinary spiritual powers (siddhis) illustrated in ancient Yogic scriptures. After achieving full grace of Mother Goddess, he started to share the nectar for the benefit of mankind. He traveled to various parts of India as well as abroad on spiritual mission where he received enthusiastic welcome.

He wrote more than 100 books on various subjects and explored all form of literature. His autobiography 'Prakash Na Panthe' - much sought after by spiritual aspirants worldwide, is translated in Hindi as well as English. A large collection of his lectures in form of audio cassettes are also available.

For more than thirty years, Yogeshwarji kept his mother (Mataji Jyotirmayi) with him. Yogeshwarji was known among saints of his time as Matrubhakta Mahatma. Shri Yogeshwarji left his physical body on March 18th 1984, while delivering a lecture at Laxminarayan Temple, Kandivali in Mumbai.

Shri Yogeshwarji left behind him a spiritual legacy in the form of Maa Sarveshwari. It has been ages since we have come across a saint of Yogeshwarji's caliber and magnitude. His manifestation will continue to provide divine inspiration for the generations to come.

*

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

**આત્મકથા** પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity

**અનુવાદ** રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં ▪ હિમગીરીમાં યોગી

**અનુભવો** દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना**

**કાવ્યો** અક્ષત ▪ અનંત સૂર ▪ બિંદુ ▪ ગાંધી ગૌરવ ▪ સાંઈ સંગીત ▪ સનાતન સંગીત ▪ તર્પણ ▪ Tunes unto the infinite

**કાવ્યાનુવાદ** ચંડીપાઠ ▪ રામચરિતમાનસ ▪ રામાયણ દર્શન ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ શિવ પાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ વિષ્ણુસહસ્ત્રનામ

**ગીતો** ફૂલવાડી ▪ હિમાલય અમારો ▪ રશ્મિ ▪ સ્મૃતિ

**ચિંતન** બ્રહ્મસૂત્ર ▪ ગીતા દર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી ▪ શ્રીમદ્ ભાગવત ▪ યોગ દર્શન

**લેખ** આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Gita ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ પ્રભુ પ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ તીર્થયાત્રા ▪ યોગમિમાંસા

**ભજનો** આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ દ્યુતિ ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ

**જીવનચરિત્ર** ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય

**પ્રવચનો** અમર જીવન ▪ કર્મયોગ ▪ પાતંજલ યોગ દર્શન

**પ્રસંગો** ધૂપ સુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંત સમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ

**પત્રો** હિમાલયનાં પત્રો

**પ્રશ્નોત્તરી** અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન

**નવલકથા** આગ ▪ અગ્નિપરીક્ષા ▪ ગોપીપ્રેમ ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ કૃષ્ણ રુકમિણી ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ પરિક્ષિત ▪ પરિમલ ▪ પ્રીત પુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગોનુયોગ

**સુવાક્યો** પરબડી ▪ સર્વમંગલ

**વાર્તાઓ** રોશની

*